

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.

દ્રવ્યાનુયોગ પરામર્શ - પંન્યાસ યશોવિજય


ધન-દેહ-ઈન્દ્રિય-મન-કષાયો આદિ સહુથી ભિન્ન એવું મારું સ્વરૂપ છે.
શુદ્ધ
આત્મ
દ્રવ્ય
ધન-દેહ-ઈન્દ્રિય-મન-કષાયો આદિ સહુથી ભિન્ન એવું મારું સ્વરૂપ છે.
દેહ-ગેહ-ઇન્દ્રિય-મન-કષાય આદિ..
અનુપમ આનંદનું સંવેદન..
આ સમ્યક્ત્વ વિના બધું જ અજ્ઞાન..


સમકિત સૂધું (શુદ્ધ) રે ઇણિ પરિ આદરો,
સમકિત વિણ સવિ ધંધ (= અજ્ઞાન, ધ્યાન્ધ્ય),
સમકિત વિણ જે રે હઠમારગિ પડિઆ, તે સવિ જાતિં રે અંધ.
(રાસ : ૧૦/૨)
..સહુથી ભિન્ન આત્મદ્રવ્યનો સાક્ષાત્કાર,
..એટલે જ સમ્યક્ત્વ!
..તેના વિનાના હઠમાર્ગસ્થ સહુ જાત્યંધ!


પરમ પૂજ્ય સકલ સંઘ હિતચિંતક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા
स्वपरसमयाभ्यस्त-
विद्याभूत्या प्रभास्वरम्।
भुवनभानुसूरीशम्,
भीमे भावाब्धिजे भवे।।४।।
समर्पणम्
त्वदीयं तुभ्यं समर्पयामि

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

૪

વિકલ્પો અને વિભાવોથી બનાવે ઉદાસ
શુદ્ધ આત્મદ્રવ્યનો કરાવે પ્રતિભાસ
આનંદઘનસ્વરૂપમાં જે કરાવે નિવાસ
એવો છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

વધાર્યો વ્યર્થ વાતો ને વિકથાઓનો વ્યાસ
માટે જ લેવ્યો કર્મોનો અનહદ ત્રાસ
હવે પ્રગટી છે પરમપદની પાવન પ્યાસ
તેથી જ વાંચવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

॥ श्रीआदिनाथाय नमः ॥

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

પંન્યાસ યશોવિજય રચિત

દ્રવ્યાનુયોગપરામર્શ-દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા-કર્ણિકાસુવાસથી વિભૂષિત

મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત

સ્વોપજ્ઞટબાર્થ યુક્ત

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ભાગ-૪

• દિવ્યાશિષ •

પરમ પૂજ્ય ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

• શુભાશિષ •

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• દ્રવ્યાનુયોગપરામર્શાદિકાર + ગુર્જરવિવેચનકાર + સંપાદક •

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર
શ્રીવિશ્વકલ્યાણવિજયજી મહારાજના શિષ્યાણુ
પંન્યાસ યશોવિજય

• પ્રકાશક •

શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લાબ્રીજ, ૧૦૬, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૭૧૯૩૫૭

* ગ્રન્થનું નામ : દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

* મૂળકાર + સ્વોપજ્ઞ ટબાકાર : મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.

* દ્રવ્યાનુયોગપરામર્શ : નવનિર્મિત સંસ્કૃત પદ્યો

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા : સ્વોપજ્ઞ ટબાર્થ અનુસારી વિસ્તૃત સંસ્કૃતવ્યાખ્યા

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ / કર્ણિકાસુવાસ : ગુર્જર વિવેચન

* સંશોધક : પ.પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ

* આવૃત્તિ : પ્રથમ * કુલ ભાગ : સાત

* મૂલ્ય : સંપૂર્ણ સેટના ₹ ૫૦૦૦/-

* પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૬૯ • વી.સં.૨૫૩૯ • ઈ.સ.૨૦૧૩ *

* © સર્વ હક્ક શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન છે *

* પ્રાપ્તિ સ્થાન : (૧) પ્રકાશક

(૨) શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦.
જિ.અમદાવાદ.ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

(૩) શ્રી સતીષભાઈ બી. શાહ
૫, મૌલિક ફલેટ્સ, ઓપેરા ફલેટ્સની સામે, સુખીપુરા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. : ૯૮૨૫૪૧૨૪૦૨

(૪) ડૉ. હેમન્તભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહનગર બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૭૮૦૩૨૬૫

(૫) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો.૯૮૨૫૧૬૮૮૩૪

* મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૪૬૦૨૯૫, મો.૯૯૦૯૪૨૪૮૬૦ *

ક્યાં શું નિહાળશો ?

પૃષ્ઠ

- પ્રકાશકીય નિવેદન 6
- શ્રુત અનુમોદના 7
- પ્રસ્તાવના :
  પૂજ્ય આચાર્યદેવ શ્રીભાગ્યેશવિજયસૂરીશ્વરજી મ.સા. 8-21
- ચતુર્થ ભાગની વિષયમાર્ગદર્શિકા 22-46
- ઢાળ-૯ ..... ૧૧૦૫ - ૧૩૮૪
- ઢાળ-૧૦ ..... ૧૩૮૫ - ૧૬૪૬
- ***कालतत्त्व : प्राचीन संदर्भ*** ..... I - III

॥ ઈર્લામંડન શ્રીઆદિનાથાય નમઃ ॥

પ્રકાશકીય નિવેદન

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ વિરચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તથા તે ઉપર વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત વિસ્તૃત નૂતન રચના વગેરેને ૭ ભાગમાં પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતા અનહદ આનંદ અનુભવીએ છીએ. આ નવલા ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા શ્રીસંઘને પ્રાપ્ત થયાનો અમોને અનેરો આનંદ છે.

ભગવાનના વચનો સાંભળવા, તેના ઉપર ગહન વિચાર કરવો, નિરંતર વાગોળવા, સતત ઘૂંટવા જેથી આત્મા તદ્રૂપ બની જાય તે શુભ પ્રવૃત્તિ છે. અર્થાત્ જીવ અશુભથી દૂર થઈ શુભમાં જોડાય છે અને જીવને પુણ્ય બંધાય છે. આ પુણ્યબંધ એવા પ્રકારનો પડે છે કે જેના ફળ સ્વરૂપે જીવને મોક્ષ (=શાશ્વત સુખ) પ્રાપ્ત થાય છે. વળી, શાશ્વત સુખ પ્રાપ્ત થતાં જેટલા ભવો લાગે તે દરમ્યાન જીવને અનુકૂળ સામગ્રી અને સંયોગો પ્રાપ્ત થતા રહે છે - **આ પ્રમાણે પરમ શ્રદ્ધેય ગુરુભગવંતો પાસેથી જાણ્યું છે.**

પ્રસ્તુત ગ્રંથ જિનવચન સાપેક્ષ છે. તેમ જ આ ગ્રંથનું ઉદ્ગમ સ્થાન પણ જિનવચન જ છે. તેથી આ સંપૂર્ણ ગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે શુભ પ્રવૃત્તિ રૂપ જ છે. આ કારણે અમારા શ્રીસંઘને પ્રકાશનનો લાભ પ્રાપ્ત થયાનો વિશિષ્ટ આનંદ હોય એ સ્વાભાવિક છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ગ્રંથોના ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલ છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે તેની રચના ગુજરાતી ભાષામાં થયેલ છે અને તેના ઉપર એકથી વધુ સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલ છે. પ્રાચીન ૩૦૦ વર્ષ જૂની ભાષાના ભલે આપ જાણકાર હો, તેમ છતાં ગુરુગમ તેમ જ શાસ્ત્રના ઉચ્ચ કક્ષાના અભ્યાસ વિના, પ્રસ્તુત ગ્રંથનો સમ્યક્ બોધ થવો સરલ નથી. કેમ કે આ ગ્રંથનો વિષય દ્રવ્યાનુયોગ છે.

જૈન-જૈનેતર દર્શનના અનેક ગ્રંથોનું વિશદ વાંચન, ગહન ચિંતન અને અદ્ભુત ઉપસ્થિતિ જેઓશ્રીને પ્રાપ્ત છે એવા વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજે એક માત્ર પરમાર્થના હેતુથી, સર્વે જિજ્ઞાસુ યોગ્ય જીવોને બોધ સુગમ બની રહે તે માટે ૭ વર્ષથી અધિક સમયનો પરિશ્રમ લઈ આ પ્રમાણે ગ્રંથનું આંતરિક સ્વરૂપ ગોઠવેલ છે :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ - મૂળ ગ્રંથ. (૨) તે ઉપર સ્વોપજ્ઞ (ઉપા.કૃત) વ્યાખ્યા - ટબો. (૩) તેના ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને અનુસરતો શ્લોકબદ્ધ દ્રવ્યાનુયોગ પરામર્શ. (૪) તથા સ્વોપજ્ઞ ટબાને અનુસરતી દ્રવ્યાનુયોગ-પરામર્શકર્ણિકા નામની સંસ્કૃત વ્યાખ્યા. (૫) કર્ણિકા સુવાસ નામક ગુજરાતી વિવેચન (આધ્યાત્મિક ઉપનય વગેરે સહિત).

પ.પૂ.પંન્યાસજી મહારાજે અથાગ પ્રયત્નથી ૩૬ હસ્તપ્રતો દ્વારા મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞ ટબાનું સંશોધન કરેલ છે. જે અત્યંત સ્તુતિને પાત્ર છે. અમારો શ્રીસંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે.

પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજ, પરમારાધ્યપાદ સકલસંઘહિતચિંતક આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્યકૃપા અમારા શ્રીસંઘ ઉપર સદૈવ વરસતી રહે છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજ અમારા શ્રીસંઘનું સદૈવ યોગક્ષેમ કરી રહ્યા છે. પરમ પૂજ્ય તર્કનિપુણમતિ આચાર્યદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજનું મંગલ માર્ગદર્શન અમારા શ્રીસંઘને સતત મળતું રહે છે. પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનું પણ આ અવસરે અમે અત્યંત આદરભાવે સ્મરણ કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ-પ્રકાશન વગેરે કાર્યોમાં સાક્ષાત્ કે પરોક્ષ સહકાર આપનારા નામી-અનામી સૌનો અમારો શ્રીસંઘ આભાર માને છે.

સર્વે વાચકોને આ ગ્રંથ કલ્યાણકારી બની રહે તેવા પ્રકારની મંગલ કામના. તથા વધુને વધુ આવા અણમોલ લાભ અમારા શ્રીસંઘને મળતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

✍ **શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા-મુંબઈ**

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ભાગ - ૧ થી ૭

* સંપૂર્ણ લાભાર્થી *

શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લા, મુંબઈ

ધન્ય શ્રુતભક્તિ !

ધન્ય શ્રુતપ્રેમ !

ધન્ય શ્રુતલગની !

ભૂરિ - ભૂરિ અનુમોદના...

નોંધ :- આ સાતેય પુસ્તકો જ્ઞાનદ્રવ્યમાંથી છપાયેલ હોવાથી મૂલ્ય ચૂકવ્યા વિના ગૃહસ્થે માલિકી કરવી નહી.

॥ નમઃ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય ॥

ત્રિપદી

પૂજ્ય આચાર્યદેવ

✍..... શ્રીમદ્ ભાગ્યેશવિજયસૂરીશ્વરજી મ.સા.

જ્ઞાનસાર ગ્રંથ પૂ. **ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજની અણમોલ કૃતિ છે. સાધનાનો અદ્‌ભુત ખજાનો તેમાં છે. જ્ઞાનસાર પર અધ્યાત્મયોગી **પૂ. ઉપાધ્યાય શ્રીદેવચંદ્રજી** મહારાજે અધ્યાત્મગર્ભિત નિશ્ચયનયના પ્રતિપાદનથી યુક્ત **જ્ઞાનમંજરી વૃત્તિ** આલેખી છે. તેમાં અનુભૂતિ સુધી પહોંચવા ક્યાંથી પ્રારંભ કરવો ? તે વાત બહુ મઝાની બતાવી છે.

यथार्थपरिच्छेदनम् भेदज्ञानविभक्तस्व-परत्वेन स्वस्वरूपैकत्वानुभवः तन्मयत्वं ध्यानम्...

અનુભૂતિ સુધી તથા ધ્યાન સુધી પહોંચવા પહેલું સ્ટેપ બતાવ્યું છે - यथार्थपरिच्छेदनम्...

છ દ્રવ્યોનું યથાર્થજ્ઞાન.. યથાર્થ એટલે જે જેવું છે તેવું જ્ઞાન... ક્યાંય સ્વમતિ કલ્પના નહીં કરતાં જે દ્રવ્ય જે સ્વરૂપે છે, તે સ્વરૂપે તેનું જ્ઞાન કરવું એ જ યથાર્થ પરિચ્છેદન છે.

ત્યાર પછી એ જ્ઞાનના આધાર પર ભેદજ્ઞાન... જેમાં સ્વ અને પરનો વિભાગ કરવો. 'આ સ્વ છે, આ પર છે' - તેવી જ્ઞાનની પરિણતિ. તેવું જ્ઞાનનું પરિણમન... યથાર્થ પરિચ્છેદન થયા પછી આત્માને આવું સમ્યગ્ જ્ઞાન થાય છે કે - 'આ સ્વ છે. આ હું જ છું. આ પર જ છે. આ હું નથી જ.' સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને આત્મા યથાર્થપરિચ્છેદનથી તથા ભેદજ્ઞાનથી જાણે છે અને પરદ્રવ્ય -ગુણ-પર્યાયને પણ આત્મા યથાર્થપરિચ્છેદનથી તથા ભેદજ્ઞાનથી જાણે છે. આ જાણવાનું કાર્ય કરવું એ આત્માનું જ કાર્ય છે.

જે સ્વને નથી જાણતો તે પરને પણ પરરૂપે જાણી શકતો નથી. તથા જે સ્વને સ્વરૂપે જાણે છે તે પરને પરરૂપે પણ જાણે છે. જે એકને બરાબર જાણે છે, તે બીજાને પણ બરાબર જાણી શકે છે.

બજારમાં તુરિયાનું શાક લેવા માટે મોકલેલ વ્યક્તિ તુરિયાને બદલે ભીંડા લઈ આવે તો શું સમજાય ? આ તુરિયાને ઓળખતો નથી. તુરિયાનું તેને જ્ઞાન નથી પરંતુ આટલું જ સમજવું પૂરતું નથી. કેમ કે તેને ભીંડાનું પણ જ્ઞાન નથી કે આ ભીંડા છે. જો ભીંડાને ઓળખતો હોત તો તે ક્યારેય તુરિયાને બદલે ભીંડા તો ન જ લાવત. એટલે એક વાત નક્કી થાય કે તે વ્યક્તિ તુરિયા કે ભીંડા એકેયને જાણતો નથી. એકને પણ જાણતો હોત તો આ ગોટાળો ન થાત.

તેમ આત્મા સ્વને જાણે તો પરને જાણી શકે કે - આ 'સ્વ' સિવાયનું બાકીનું 'પર' છે.

સમસ્ત દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન એટલા માટે જરૂરી છે કે તે સ્વ-પરનું ભેદજ્ઞાન કરી શકે. આ સ્વ ને આ પર.. આ સ્વ જ, આ પર જ... અને આ ભેદજ્ઞાન થાય તો જ આત્માનો ઉપયોગ આગળ જતાં સ્વમાં એકત્વ કરે.. અને પરથી હટે.. આ રીતે નિજસ્વરૂપમાં ઉપયોગના જોડાણથી આત્માને આત્મા દ્વારા આત્મામાં આત્મજ્ઞાન થાય છે.

આ રીતે સ્વમાં ઉપયોગનું એકત્વ કરવા માટે ભેદજ્ઞાન જરૂરી છે તથા ભેદજ્ઞાન માટે યથાર્થ પરિચ્છેદન જરૂરી છે. પોતાના આનંદમહેલમાં પહોંચવા આ પ્રક્રિયા જરૂરી છે.

એ છ દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન કરાવતો શ્વેતાંબર સંપ્રદાયનો માન્ય ગ્રંથ એટલે જ **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**. જેની રચના પૂજ્ય ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, પ્રકાંડ વિદ્વાન, સમર્થ પ્રતિભાના સ્વામી, આગમપરિશીલનકાર, પરિકર્મિત પ્રજ્ઞાવાન **ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજાએ કરી છે.

એના ઉપર દાર્શનિક ચિંતક, સાધક પં. શ્રીયશોવિજયજી મહારાજે **દ્રવ્યાનુયોગ પરામર્શ કર્ણિકા** નામની સંસ્કૃત ટીકા તથા **દ્રવ્યાનુયોગ પરામર્શ કર્ણિકા સુવાસ** નામની ગુજરાતી ટીકા રચી છે.

વિશ્વની રચનાના મૂળભૂત એકમો કે જે એકમો પોતાના અસ્તિત્વ માટે અન્ય એકમ પર આધારિત નથી અને જે ક્યારેય પોતાના સ્વરૂપનો ત્યાગ નથી કરતા તે એકમ એટલે દ્રવ્ય. તથા આ દ્રવ્યના સહભાવી અને દ્રવ્યને આશ્રિત એવા ગુણોનું તથા તે દ્રવ્યના ક્રમભાવી પર્યાયોનું વર્ણન જેમાં છે તે દ્રવ્યાનુયોગ. અને તે દ્રવ્યાનુયોગથી સભર છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

ઢાળ-૧૦ માં દ્રવ્યનું સ્વરૂપ સમજાવ્યું છે. દ્રવ્યની મુખ્ય વ્યાખ્યા નીચે મુજબ છે.

- **गुण-पर्यायवद् द्रव्यम्** → જે ગુણ અને પર્યાયવાળું હોય તે દ્રવ્ય.
- **गुणाणमासओ दव्वं** → ગુણોનો આધાર તે દ્રવ્ય. (પૃ.૧૩૮૮)
- **सद् द्रव्यलक्षणम्** → જે સત્ છે, તે દ્રવ્ય છે. (પૃ.૧૩૮૮)
- **गुण-पज्जायसहावं दव्वं** → ગુણ-પર્યાયસ્વભાવયુક્ત તે દ્રવ્ય. (પૃ.૧૩૯૦)

આવી દ્રવ્યની ૩૧ વ્યાખ્યાઓ અલગ-અલગ ગ્રંથના આધારે ચિંતક પં. શ્રીયશોવિજયજી મહારાજે ૧૦ મી ઢાળના પ્રારંભમાં આપી છે.

ભિન્ન-ભિન્ન દર્શનકારો સત્ નું સ્વરૂપ ભિન્ન-ભિન્ન સ્વરૂપે રજૂ કરે છે.

- બૌદ્ધદર્શન – **यत् क्षणिकं तदेव सत्** - જે ક્ષણિક છે, તે જ સત્ છે.
- વેદાંત દર્શન – **ब्रह्म सत्यं जगन्मिथ्या** - એકાંતનિત્ય જે બ્રહ્મ છે, તે જ સત્ છે.
- ન્યાય-વૈશેષિક દર્શન - સમવાયસંબંધથી સત્તા જેમાં વર્તે છે, તે સત્ છે.

આમ ભિન્ન-ભિન્ન દર્શનોની સત્ વિષેની માન્યતાઓ છે પણ બધામાં કાંઈક ને કાંઈક દોષો છે. જ્યારે જૈનદર્શનની સત્ની વ્યાખ્યા છે - **'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'** - જે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત છે, તે સત્ છે. અર્થાત્ જેમાં ઉત્પાદાદિ ત્રણ લક્ષણો ન ઘટી શકતા હોય તે બધા જ અસત્ છે. (પૃ.૧૩૮૮)

દ્રવ્યમાં સત્ લક્ષણની અપેક્ષાથી બધા દ્રવ્યોમાં અભેદ માનવો અને વિશેષ લક્ષણોથી ભેદ માનવો એ જૈનદર્શનની અનેકાંતિક દૃષ્ટિની વિશેષતા છે.

જૈન દર્શનમાં સત્, તત્ત્વ અને દ્રવ્ય ત્રણેય શબ્દો પર્યાયવાચી માન્યા છે. છતાં તેનાં શાબ્દિક અર્થની અપેક્ષાથી કાંઈક ભિન્નતા છે.

'સત્' - સામાન્ય લક્ષણ છે, જે બધા દ્રવ્યો અને તત્ત્વોમાં મળે છે. દ્રવ્યોના ભેદમાં પણ અભેદની જ પ્રધાનતા 'સત્' બતાવે છે.

'તત્ત્વ' શબ્દ ભેદ અને અભેદ બન્ને તથા સામાન્ય અને વિશેષ બન્નેનો સ્વીકાર કરે છે. 'તત્ત્વ' શબ્દના ભેદોમાં જૈન દર્શન માત્ર જડ-ચેતન બે ભેદ કહીને અટકી ન જતાં નવ ભેદ બતાવે છે.

તત્ત્વદૃષ્ટિથી જીવમાં પણ ભેદ માન્યા છે અને અજીવમાં પણ ભેદ માન્યા છે. બીજી બાજુ આશ્રવ -બંધ આદિ તત્ત્વ દ્વારા કથંચિત્ અભેદ પણ બતાવ્યો છે. અને 'દ્રવ્ય' શબ્દ સામાન્યવાચી હોવા છતાં પણ દ્રવ્યમાં રહેલી વિશેષતાઓથી દરેક દ્રવ્યોમાં ભેદ પણ થાય છે. આથી 'સત્' શબ્દ સામાન્યાત્મક છે, 'તત્ત્વ' શબ્દ સામાન્ય-વિશેષ ઉભયવાચી છે તથા 'દ્રવ્ય' શબ્દ વિશેષવાચી છે અને આગળ વધીને જોઈએ -

'સત્' શબ્દ સંગ્રહનયનો

'તત્ત્વ' શબ્દ નૈગમનયનો

'દ્રવ્ય' શબ્દ વ્યવહાર(ભેદપરક)નયનો સૂચક છે.

પૂજ્યપાદ **ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજા પણ આ પ્રસ્તુત દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ ગ્રંથમાં નવમી-દશમી ઢાળમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રિપદીથી યુક્ત સર્વ સત્ પદાર્થોનું વર્ણન વિસ્તારથી સમજાવે છે.

આ સંસારમાં સર્વ પદાર્થો, પછી તે જીવ હોય કે અજીવ હોય, આંખે ન દેખાતાં પરમાણુ હોય કે આંખે દેખાતા ઘટ-પટ વગેરે હોય, ધર્મ-અધર્મ કે આકાશ હોય, બધામાં ત્રિપદી છે જ...

સર્વ પદાર્થો પોત-પોતાના પૂર્વ પર્યાયથી વ્યય પામે છે, નવા-નવા પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે અને સ્વભાવસ્વરૂપે સદા ધ્રુવ રહે છે. આ રીતે સર્વ પદાર્થો ત્રિપદીમય છે.

પરમકૃપાળુ પરમાત્મા ભગવાન **મહાવીરસ્વામી**ને વૈ.સુ. ૧૦ ના દિવસે ૧૨॥ વર્ષની સાધના પછી સિદ્ધિરૂપે કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થઈ. કૈવલ્યજ્ઞાનના અનંત પ્રકાશમાં પ્રભુએ અનંત દ્રવ્યોના ત્રણ કાળના અનંતાનંત પર્યાયો નિહાળ્યા. મંડાયેલા સમવસરણમાં પ્રથમ દેશના આપી. તે નિષ્ફળ ગઈ. ત્યારબાદ વૈ.સુ. ૧૧ ના દિવસે અપાપાપુરીમાં **ઈન્દ્રભૂતિ** વગેરે ૧૧ ગણધરોને પ્રતિબોધ્યા. દીક્ષા આપી. દીક્ષિત થયેલા તેઓએ પ્રભુજીને પ્રદક્ષિણા કરી પ્રશ્ન પૂછ્યો -

भयवं किं तत्तं ?

પ્રભુએ જવાબ આપ્યો.. **उप्पन्ने इ वा...** સંસારમાં જે સત્ વસ્તુ છે તે ઉત્પન્ન થાય છે.

પ્રભુના વચન સાંભળી ફરી પ્રશ્ન થયો કે જો વસ્તુ ઉત્પન્ન જ થયા કરે તો વિશ્વ ઉત્પદ્યમાન વસ્તુથી છલકાઈ જાય. તો શું સમજવું ? ફરી પ્રશ્ન પૂછ્યો પ્રભુને -

भयवं किं तत्तं ?

પ્રભુ : **विगए इ वा...** વસ્તુ ઉત્પન્ન થાય છે તેમ નાશ પણ પામે છે.

સાંભળી ફરી શંકા થઈ. જો બધી જ વસ્તુ નાશ પામે તો શૂન્યાવકાશ સર્જાય. શૂન્યતા તો દેખાતી નથી. તો શું સમજવું ? ફરી પ્રશ્ન પૂછ્યો -

भयवं किं तत्तं ?

પ્રભુ : **धुवे इ वा...**

કોઈ પણ વસ્તુ અપેક્ષાએ ઉત્પન્ન થાય છે, અપેક્ષાએ નાશ પામે છે, છતાં પણ ઉત્પત્તિ-વ્યયને સાપેક્ષ વસ્તુ પોતાના સ્વરૂપે ધ્રુવ પણ રહે છે. (પૃ.૧૧૫૬)

માટીમાંથી ઘટની ઉત્પત્તિ થઈ. ઘટપર્યાયરૂપે માટી ઉત્પન્ન થઈ. તે જ ઘટ કાલાંતરે કપાલ પર્યાયરૂપે થયો ત્યારે તે પૂર્વ ઘટપર્યાયનો વ્યય થયો. કપાલપર્યાયની ઉત્પત્તિ થઈ. પણ આ બધી અવસ્થામાં માટી તો કાયમ રહી જ. તેથી માટીરૂપે ધ્રુવતા પણ રહી. આ છે પ્રભુશાસનની ત્રિપદી...

આ ત્રિપદી (૧) સર્વત્ર વ્યાપક છે,
(૨) સમાન અધિકરણમાં છે,
(૩) સમકાલીન છે,
(૪) સર્વકાલીન છે.

(૧) સર્વત્ર વ્યાપકતા :- સર્વ પદાર્થોમાં વ્યાપક છે. આ જગતમાં વિદ્યમાન એક પણ પદાર્થ એવો નથી કે જેમાં ત્રિપદી ન હોય. પૂ. કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા **અન્યયોગ-વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા**માં શ્લોક નં. ૫ માં જણાવે છે કે -

આદીપ-વ્યોમ... પરપોટાથી માંડી પર્વત સુધી,
પરમાણુથી માંડી મહાસ્કન્ધો સુધી,
દીપકથી માંડી ઠેઠ આકાશ સુધી

બધા જ દ્રવ્યો સરખા સ્વભાવવાળા છે. અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ સ્યાદ્વાદના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો બધા પદાર્થો દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. (જુઓ - પૃ.૧૧૨ થી ૧૧૨૦)

'કેટલાક પદાર્થો નિત્ય છે અને કેટલાક પદાર્થો અનિત્ય છે' - આવી અન્ય દર્શનકારોની માન્યતાને જૈન દર્શન માન્ય નથી કરતું. તથા જૈન દર્શનની આ વાત પ્રત્યક્ષથી પણ સિદ્ધ છે. તેમ **ઉપાધ્યાયજી** મહારાજ જણાવી રહ્યા છે.

લોકયુક્તિ પણ છે. જેમ કે ઘટનો નાશ થઈ કપાલની ઉત્પત્તિ થાય છે ત્યારે ઘટાકાર સ્વરૂપે ઘટનો નાશ થયો છે અને કપાલની ઉત્પત્તિ થઈ છે તેમ પ્રત્યક્ષથી લોકોને જણાય છે તથા માટી તો બન્નેમાં ધ્રુવ સ્વરૂપે રહે જ છે. આવું પ્રત્યક્ષજ્ઞાનથી પણ સિદ્ધ જ છે. આમ આ ત્રિપદી સર્વ પદાર્થોમાં ફેલાયેલી છે. (પૃ.૧૧૧૦-૧૧૧૨)

(૨) સામાનાધિકરણ્ય :- ત્રિપદી સમાન અધિકરણમાં જ છે. અર્થાત્ જ્યાં ઉત્પાદ છે ત્યાં જ વ્યય છે અને જ્યાં ઉત્પાદ-વ્યય છે, ત્યાં જ ધ્રુવતા છે.

કોઈક જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે 'આ પરસ્પર વિરોધી દેખાતા ગુણધર્મો જ્યાં ઉત્પાદ ત્યાં જ વ્યય કેમ હોઈ શકે ? તથા જ્યાં ધ્રુવતા હોય ત્યાં ઉત્પાદ-વ્યય કેમ હોઈ શકે ? જે માતા હોય તે વન્ધ્યા કેમ હોઈ શકે ? તથા જે વન્ધ્યા હોય તે માતા કેમ હોઈ શકે ? જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ કેમ હોઈ શકે ? તથા જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર કેમ હોઈ શકે ? જ્યાં નિત્યતા હોય ત્યાં અનિત્યતા કેમ હોય તથા જ્યાં અનિત્યતા હોય ત્યાં નિત્યતા કેમ હોય ? તેથી જ પરસ્પર વિરોધી દેખાતા ઉત્પાદ-વ્યય-ધ્રુવતા એક પદાર્થમાં કેમ રહી શકે ? અને જો રહે તો શું પરસ્પરપરિહાર નામનો વિરોધ દોષ ન લાગે ?' (પૃ.૧૧૨૫)

જિજ્ઞાસુની આવી શંકાના સમાધાનમાં **પૂ. ઉપાધ્યાયજી** મહારાજ સમજાવે છે કે પરસ્પરપરિહારવિરોધ

દોષ ક્યાં લાગે ? જેમ કે પાણીમાં શીતળતા છે, અગ્નિમાં ઉષ્ણતા છે. પાણીમાં ઉષ્ણસ્પર્શ રહેતો નથી તથા અગ્નિમાં શીત સ્પર્શ રહેતો નથી. આમ એક બીજાનો પરિહાર કરીને રહેતા હોવાથી એક જ વસ્તુમાં બન્નેનો સ્વીકાર કરવામાં ઉપરોક્ત દોષ લાગે. પરંતુ પ્રસ્તુત ત્રિપદીમાં આ વિરોધ નથી. કારણ કે ત્રિપદી એક જ દ્રવ્યમાં/પદાર્થમાં પ્રત્યક્ષ પ્રમાણથી દશ્યમાન થાય છે અને એક પદાર્થની જેમ તમામ પદાર્થમાં પણ તેવી રીતે દેખાય છે. (પૃ.૧૧૨૫-૧૧૨૬)

અનેક ગ્રંથો પર અદ્‌ભુત સંસ્કૃતવૃત્તિના રચયિતા વિદ્વદ્વર્ય પં.શ્રીયશોવિજયજી મહારાજ આ જ વાતને અનેક ગ્રંથોના પ્રમાણ સાથે 'દ્રવ્યાર્નુયોગપરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં વિસ્તૃત રીતે સ્પષ્ટ કરે છે. **વિશેષાવશ્યકભાષ્ય**ના સંદર્ભના આધારે 'દ્રવ્યાનુયોગ પરામર્શકર્ણિકા' નામની ટીકામાં જણાવ્યું છે કે જુદા જુદા ગુણધર્મની અપેક્ષાએ એકીસાથે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકત્ર માનવામાં વિરોધ નથી. (પૃ.૧૧૨૬)

જે સ્વરૂપે જે વસ્તુની જ્યારે ઉત્પત્તિને માનીએ છીએ, તે જ સ્વરૂપથી તે જ વસ્તુનો નાશ કે ધ્રૌવ્ય માનતા નથી કે જેના લીધે એક જ સ્થાનમાં એકીસાથે ઉત્પાદાદિ ત્રણનો સ્વીકાર કરવામાં વિરોધ આવે. જૈન દર્શન જુદા સ્વરૂપે વસ્તુની ઉત્પત્તિ, જુદા સ્વરૂપે વસ્તુનો નાશ તથા ભિન્ન સ્વરૂપે વસ્તુના ધ્રૌવ્યને સ્વીકારે છે. જેમ કે માણસ આંગળી સીધી કરે ત્યારે આંગળી સરળતા રૂપે ઉત્પન્ન થાય છે. વક્રતા સ્વરૂપે નાશ પામે છે ને આંગળી સ્વરૂપે સ્થિર રહે છે. આ બધું એક જ સ્થાનમાં થાય છે.

સ્યાદ્વાદની સુંદર વ્યાખ્યા **ન્યાયખંડખાદ્ય** ગ્રંથને આધારે રજૂ થઈ છે - 'એક જ વસ્તુમાં અનેક વિરુદ્ધ ગુણધર્મોનું પ્રતિપાદન કરવું એ સ્યાદ્વાદ નથી પરંતુ જુદી-જુદી વિવક્ષાથી અનેકવિધ ધર્મોમાં અવિરોધને જણાવનાર 'સ્યાત્' પદથી યુક્ત વિશેષ પ્રકારનું વાક્ય એ સ્યાદ્વાદ છે.' (પૃ.૧૧૨૬)

વાર્ષ્યાયણિ મહર્ષિ એક જ વસ્તુમાં છ ભાવવિકારોને માને છે અને અન્ય ભાવવિકારોનો તે છમાં સમાવેશ કરે છે તેમ જૈનદર્શન આ છ ભાવવિકારોને પણ ઉત્પાદાદિ ત્રણમાં સમાવિષ્ટ કરે છે. (પૃ.૧૧૨૮)

આ રીતે એક જ અધિકરણમાં ઉત્પાદાદિ ત્રણેય પ્રત્યક્ષ સિદ્ધ છે. અન્ય દર્શનકારો નિત્યત્વ અને અનિત્યત્વ ભિન્ન-ભિન્ન અધિકરણમાં માને છે. જ્યારે જૈનદર્શન અપેક્ષાભેદથી નિત્યત્વ-અનિત્યત્વ બન્નેને એક જ અધિકરણમાં માને છે. આ જૈનદર્શનની અનેકાન્તદૃષ્ટિ છે. (પૃ.૧૧૨૭)

(૩) સમકાલીનત્વ :- સમકાળે ત્રિપદી એ ત્રિપદીની ત્રીજી વિશેષતા છે. એક જ દ્રવ્યમાં એક જ સમયે ઉત્પાદાદિ ત્રણેય હોય છે.

પ્રસ્તુત ગ્રંથની પંક્તિ –

"ઘટવ્યય તે ઉત્પત્તિ મુકુટની ધ્રુવતા કંચનની એક રે..."

સુવર્ણઘટનો નાશ એ જ સુવર્ણમુકુટની ઉત્પત્તિ છે. તેથી વ્યય અને ઉત્પાદ એક જ ક્ષણમાં થાય છે અને તે જ સમયે સુવર્ણદ્રવ્યની ધ્રુવતા તો છે જ. તેથી એક જ સમયમાં ઉત્પાદાદિ ત્રણેય એક જ ઉપાદાનમાં રહેલા છે. (પૃ.૧૧૩૨-૧૧૩૪)

સમકાળે એક જ ઉપાદાનમાં હોવાથી અભેદસંબંધ છે અને આવી સમકાલીન ઘટનામાં પણ કાર્ય-કારણભાવ છે. આ વાત વિદ્વદ્વર્ય સમર્થવૃત્તિકાર પં. શ્રીયશોવિજયજી મહારાજે દ્રવ્યાનુયોગ પરામર્શવૃત્તિમાં **વિશેષાવશ્યકભાષ્ય**ના સંદર્ભના આધારે અભિવ્યક્ત કરેલ છે.

(૧) આંગળીનો સંયોગ-વિયોગ.(પૃ.૧૧૪૪)

(૨) સુવર્ણઘટનાશ-સુવર્ણમુકુટની ઉત્પત્તિ. (પૃ.૧૧૪૫)

(૩) મિથ્યાત્વનો નાશ અને સમકિતની ઉત્પત્તિ. (પૃ.૧૧૪૬)

(૪) જ્ઞાનાવરણનો ક્ષય અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ. (પૃ.૧૧૪૬) આ બધું સમકાલીન છે. આમ આ બધા વચ્ચે નિમિત્ત-નૈમિત્તિકભાવસ્વરૂપે કાર્ય-કારણભાવ માન્ય છે અને સુવર્ણ તથા સુવર્ણઘટધ્વંસાદિ વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવરૂપે કાર્ય-કારણભાવ છે. (પૃ.૧૧૪૫)

મિથ્યાત્વનાશ અને સમકિતની ઉત્પત્તિ સ્થળે આત્મા અને મિથ્યાત્વનાશ કે સમકિતઉત્પત્તિ વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવરૂપ કાર્ય-કારણભાવ છે. આ સમજવા જુઓ - પૃ.૧૧૪૪ થી ૧૧૪૮.

ત્રિપદી સર્વત્ર સમાનાધિકરણમાં સમકાળે રહે છે. તેથી અભિન્ન છે. એકદ્રવ્યવ્યાપિત્વ, એકક્ષેત્રાવગાહિત્વ અને એકકાલાવસ્થિતત્વની દૃષ્ટિએ અભિન્ન છે. છતાં ઉત્પાદાદિ ત્રણે સર્વથા અભિન્ન નથી પણ ત્રણેયના કાર્ય જુદા-જુદા હોઈ ત્રણેય કથંચિદ્ ભિન્ન પણ છે.

જેમ કે સુવર્ણઘટનાશરૂપ કાર્ય ઘટની અપેક્ષાવાળાને શોક પેદા કરાવે છે તો સુવર્ણમુગુટઉત્પાદરૂપ કાર્ય મુગુટની અપેક્ષાવાળાને હર્ષ પેદા કરાવે છે. તથા જેને માત્ર સુવર્ણની અપેક્ષા છે, તેને તો બન્નેમાં - ઉત્પાદ કે વ્યયમાં મધ્યસ્થતા જ રહે છે. કારણ કે સુવર્ણ તો બન્ને અવસ્થામાં તેનું તે જ રહે છે. આ રીતે ઉત્પાદાદિ ત્રણેય જુદા-જુદા ત્રણ કાર્યના જનક હોવાથી ત્રણમાં કથંચિત્ ભેદ પણ સિદ્ધ થાય છે અને તેથી ઉત્પાદાદિમાં ભિન્નાભિન્નતા સિદ્ધ થાય છે. (પૃ.૧૧૭૧)

એક જ તરફી દૃષ્ટિકોણ તે એકાંતવાદ છે.

અનેક દૃષ્ટિકોણથી વિચારાય-સમજાય તે અનેકાન્તવાદ છે.

આ અનેકાન્તવાદને સમજવા માટે 'સ્યાત્' પદનો ઉપયોગ થાય છે. ત્રણમાંથી કોઈ એકનો વ્યવહાર કરવામાં બાકીના બે લોપાઈ ન જાય માટે સ્યાત્ પદનો ઉપયોગ થાય છે. ક્યારેક ન થયો હોય તો પણ બધે જ તે પદનો અર્થ સમજવો. તે સ્યાદ્વાદ છે અને તો જ વ્યવહાર શુદ્ધ થાય છે.

સ્નાન કરવા બેસનાર વ્યક્તિએ તથા ભોજન કરવા બેસનાર વ્યક્તિએ પાણી માંગ્યુ. ત્યાં 'પાણી આપો' એ વાક્ય સમાન જ છે. છતાં તે બન્નેના આશયો ભિન્ન છે તેમ સમજી એકને ગરમ પાણી અપાય ને એકને ઠંડુ પાણી અપાય છે. એકને ડોલમાં પાણી અપાય અને એકને ગ્લાસમાં પાણી અપાય છે. પ્રસંગાનુસાર અપેક્ષા સમજી લેવાથી વ્યવહાર શુદ્ધ થાય છે. અન્યથા વ્યવહાર અશુદ્ધ થઈ જાય. તેથી જ ઉત્પાદાદિની સાથે કથંચિત્ શબ્દ કે સ્યાત્ શબ્દ જોડ્યો હોય કે ન જોડ્યો હોય તો પણ તેનો અર્થ સ્વયં સમજી લેવો. **પૂ. ઉપાધ્યાયજી** મહારાજે પણ આ જ ગ્રંથમાં 'उप्पन्ने इ वा इत्यादौ वाशब्दो व्यवस्थायाम्। स च स्याच्छब्दसमानार्थः' - એમ કહી 'વા' શબ્દનો અર્થ 'સ્યાત્' સમાનાર્થક જ છે - તેમ જણાવી આખી ત્રિપદીને 'સ્યાત્' પદથી અલંકૃત કરેલ છે. 'સ્યાત્' પદ અપેક્ષાસૂચક છે. (પૃ.૧૧૫૫)

જેમ કે 'સર્પ કાળો છે' - આ લૌકિક વાક્યને પણ 'સ્યાત્' પદથી યુક્ત સમજવું પડે. કેમ કે 'સર્પ કાળો છે' - આ વાક્યમાં પણ સર્પ ઉપરના પીઠના ભાગમાં કાળો છે, જ્યારે નીચેના પેટના ભાગમાં સફેદ છે. તેથી 'સર્પ કાળો છે' - આ વાક્યનો અર્થ 'સ્યાત્' પદથી યુક્ત છે. વ્યક્તિપરક વિધાનની દૃષ્ટિએ આ વાત સમજ્યા. (પૃ.૧૧૫૯)

હવે જાતિપરક વિધાનની દૃષ્ટિએ સમજીએ તો પણ બધા જ સર્પો કાળા હોય છે - તેમ ન સમજવું. કારણ કે શેષનાગની સફેદ સાપ તરીકે પ્રસિદ્ધિ છે. તેથી આ વાક્યને કથંચિત્ રીતે જ સમજવું જોઈએ.

અપૂર્વ સ્મૃતિશક્તિના ધારક પં.શ્રીયશોવિજયજી મહારાજે **અભિધાન ચિંતામણિ** ગ્રંથના આધારે શેષનાગના પણ બે પ્રકાર જણાવેલ છે તથા અન્ય સર્પોના વર્ણો પણ બતાવ્યા છે.

"શેષનાગ કાળો અથવા સફેદ હોય છે. તેનું ચિહ્ન શ્વેતકમળ છે. તથા વાસુકિનાગ, જે સર્પોનો રાજા છે, તેનો વર્ણ શ્વેત છે. તેનું ચિહ્ન નીલકમલ છે. તથા તક્ષક સર્પનું શરીર લાલ છે. તેના મસ્તક પર સ્વસ્તિકનું ચિહ્ન છે. મહાપદ્મ સાપ તો અત્યંત શ્વેત વર્ણવાળો છે. તેના મસ્તક પર દશ ટપકાં છે." (જુઓ - દ્રવ્યાનુયોગ પરામર્શકર્ણિકા ટીકા - પૃ.૧૧૬૦.) લૌકિક વાક્યમાં પણ જો 'સ્યાત્' પદનો અર્થ સંભવે છે તો ત્રિપદી જેવા લોકોત્તર વિષયમાં તો 'સ્યાત્' પદનો અર્થ જરૂર સંભવે જ છે.

ત્રિપદીના વિષયમાં પૂ. **ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી** મહારાજ વધુ ઊંડાણ આપતા દ્રવ્યવાદીને અને પર્યાયવાદીને વાદી-પ્રતિવાદી બનાવી ચર્ચાને મઝાનો રંગ આપે છે.

દ્રવ્યવાદી એમ કહે છે કે એક જ અવિકારી (ધ્રુવ) દ્રવ્યના શક્તિસ્વભાવથી જ ત્રણે શોકાદિ કાર્યો થઈ જશે. પછી ઉત્પાદ અને વ્યય સ્વરૂપ પર્યાયો માનવાની જરૂર જ ક્યાં રહે છે ? માટે પર્યાયનો સ્વીકાર કાલ્પનિક છે. (પૃ.૧૧૬૩)

આના પ્રત્યુત્તરમાં **પર્યાયવાદી** કહે છે -

પર્યાય માન્યા વિના દ્રવ્યના એક શક્તિ સ્વભાવથી આ બધા કાર્યો થતાં હોય તો કાર્યવિપર્યાસ થશે. કેમ કે જે શક્તિસ્વભાવથી શોક નામનું કાર્ય ઉત્પન્ન થાય, તે જ સ્વભાવથી પ્રમોદ પણ ઉત્પન્ન થઈ શકે છે તો શોકની જગ્યાએ પ્રમોદ અને પ્રમોદની જગ્યાએ શોક - આમ વિપર્યાસ થતો કોણ અટકાવશે ? માટે એક જ શક્તિસ્વભાવની કલ્પના ન થઈ શકે. શક્તિસ્વભાવની કલ્પના પણ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ હોવી જોઈએ ને ? પ્રત્યક્ષથી ત્રણે કાર્યો ભિન્ન છે તો તે કાર્યમાં શક્તિભેદ માનવો જોઈએ અને શક્તિભેદ પણ કારણભેદથી થાય છે. માટે કારણભેદ સ્વીકારવો જ જોઈએ. આથી હર્ષ -શોક-માધ્યસ્થ્યસ્વરૂપ ત્રણ કાર્યની સંગતિ માટે મુગુટઉત્પાદ, ઘટનાશ અને સુવર્ણદ્રવ્યની ધ્રુવતા ત્રણ વિભિન્નકારણો સિદ્ધ થશે. તેથી મુગુટઉત્પાદ અને ઘટનાશ વગેરે પર્યાયો પણ કાર્યસંગતિ માટે સ્વીકારવા જરૂરી છે. આ રીતે પર્યાયો મિથ્યા નથી. ત્રિપદીનો એક અંશ ધ્રૌવ્ય જ સત્ છે અને ઉત્પાદ-વ્યય અસત્ છે - તેવું વિચારવું પણ અનર્થક છે. (પૃ.૧૧૬૫-૧૧૬૭)

હવે પર્યાયોને વાસ્તવિકતાનો દરજ્જો આપ્યો ત્યારે પર્યાયોને જ માનતા અને તે પણ ક્ષણિક જ માનતા **બૌદ્ધો** એમ કહે છે કે વસ્તુ ઉત્પાદ-વ્યય પર્યાયસ્વરૂપ છે, ક્ષણિક છે. તે વાત બરાબર છે. પણ ધ્રુવતા તો વિશ્વમાં છે જ નહીં. તો વસ્તુમાં તે ક્યાંથી આવી ? (પૃ.૧૧૬૯-૧૧૭૦)

આ બૌદ્ધના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મહાન દાર્શનિક તથા પ્રકાંડ સમાલોચક પૂ.**ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજ જણાવે છે કે હર્ષાદિ ત્રણેય કાર્યોમાં તમે તે તે વ્યક્તિના સંસ્કારોને (વાસનાને) કારણરૂપે માનો છો. પણ તે સંસ્કારોને પ્રબુદ્ધ થવા માટે તે તે નિમિત્ત તો જોઈશે ને ? નિમિત્તભેદ વિના સંસ્કારભેદ કઈ રીતે થશે ? જેમ કે ઉત્પાદના નિમિત્તે હર્ષના સંસ્કાર પ્રબુદ્ધ થશે. નાશના નિમિત્તે શોકના સંસ્કાર

પ્રબુદ્ધ થશે અને ધ્રુવતાના નિમિત્તે માધ્યસ્થ્યના સંસ્કાર પ્રબુદ્ધ થશે. આ રીતે માધ્યસ્થ્યજનક ધ્રુવત્વ બને છે. તેથી નિમિત્તભેદ તો છે જ, જે નિમિત્તભેદ સંસ્કારભેદનું કારણ બને છે. આ રીતે ધ્રુવતા પણ તમારે સ્વીકારવી રહી. ધ્રુવતાના સ્વીકારથી ત્રિપદીનો પણ સ્વીકાર થશે.

આની વિશદ ચર્ચા માટે વાંચો - પં. શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા રચિત દ્રવ્યાનુયોગ પરામર્શવૃત્તિમાં પૃ.૧૧૬૯-૧૧૮૦.

તે જ રીતે **યોગાચાર** નામના બૌદ્ધ વિદ્વાનના જ્ઞાનાદ્વૈતવાદ,માધ્યમિક નામના બૌદ્ધ વિદ્વાનના શૂન્યવાદની પણ ચર્ચા કરી છેલ્લે સ્યાદ્વાદ જ યોગ્ય છે. તે જ સ્વીકૃત છે. આ પદાર્થને વિસ્તારથી સમજવા વાંચો - પૃ.૧૧૮૧ થી ૧૧૯૭.

આ રીતે કારણભેદથી કાર્યભેદના સિદ્ધાંતથી ઉત્પાદાદિ ત્રણેયમાં પરસ્પર ભેદની સિદ્ધિ થવા છતાં એક અવિભક્ત દ્રવ્યસ્વરૂપે તો ત્રણેયમાં પરસ્પર અભેદ જ છે.

નૈયાયિકો ઉત્પાદ-વ્યયને કથંચિદ્ ભેદ કે કથંચિદ્ અભેદરૂપે નહીં સ્વીકારતા એકાંતભેદરૂપે સ્વીકારવાની જે વાત કરે છે, તેનો જવાબ આપતાં પૂ. **ઉપાધ્યાયજી યશોવિજયજી** મહારાજે એકાંતભેદ માનવામાં કારણતામાં ગૌરવ કેવી રીતે આવે છે, તેની સુંદર ચર્ચા કરી છે. વાંચો - પં. શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા રચિત દ્રવ્યાનુયોગ પરામર્શવૃત્તિ પૃ.૧૧૯૮ થી ૧૨૦૩.

ઉત્પાદાદિ ત્રિપદી સર્વત્ર, સમકાળે, સમાન અધિકરણમાં છે - તે વાત નિશ્ચયતત્ત્વચિંતક **મહોપાધ્યાયજી** પણ વ્યવહારુ દૃષ્ટાંતથી બખૂબી વર્ણવી રહ્યા છે.

એક વ્યક્તિ છે જેને માત્ર દૂધ જ જમવું તેવો નિયમ લીધો છે તો તે દહીં ખાતો નથી. બીજી વ્યક્તિ છે તેણે નિયમ લીધો કે દહીં જ જમવું તો તે દૂધ પીતો નથી. તથા ત્રીજી વ્યક્તિ છે તેણે નિયમ લીધો છે કે અગોરસ જ જમવું તો તે દૂધ ને દહીં બન્ને જમતો નથી. આ રીતે દૂધને જમવાવાળો દહીં નથી જમતો. જો દહીં દૂધનો પરિણામ હોવાથી દહીંમાં દૂધનો એકાંતે અભેદ હોય તો દહીં ખાવામાં દૂધવ્રતવાળાને ભંગ ન થાય. તેમ દહીં ખાવાના નિયમવાળાને દૂધ પીવામાં વ્રતભંગ ન થાય. પણ તેવું નથી. માટે એકાંતે અભેદ નથી માનતાં પરંતુ કથંચિદ્ ભેદ માન્ય છે. તેથી દૂધ અને દહીં બન્નેમાં પર્યાયસ્વરૂપે ભેદ તો છે જ. તથા અગોરસ જમવું તેમાં ગોરસ સ્વરૂપે દૂધ અને દહીં બન્નેનો સમાવેશ છે. દૂધ અને દહીં વચ્ચે પર્યાયસ્વરૂપે ભેદ છે છતાં ગોરસ તરીકે અભેદ છે. દૂધ અને દહીંમાં ગોરસની ધ્રુવતા છે. આ રીતે દહીંરૂપે ઉત્પાદ, દૂધ રૂપે નાશ અને ગોરસ રૂપે ધ્રુવતા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. વિસ્તાર માટે જુઓ પૃ.૧૨૦૪ થી ૧૨૦૭.

આ વિષયમાં **શ્રીવિદ્યાનંદસ્વામીજી**એ રચેલ **અષ્ટસહસ્રી**નું વિશદ વર્ણન પં. શ્રીયશોવિજયજીએ ઉતાર્યું છે. તે ત્યાંથી વાંચવું. (પૃ.૧૨૦૭ થી ૧૨૧૦)

પૂ. **ઉપાધ્યાયજી** મહારાજ ન્યાયની પરિભાષામાં વપરાતા શબ્દોથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને એક અલગ એંગલથી ઉતારે છે.

વસ્તુના બે સ્વરૂપ છે - અન્વય અને વ્યતિરેક.

વસ્તુનું અન્વયી સ્વરૂપ છે, જે દ્રવ્ય કહેવાય છે.

વસ્તુનું વ્યતિરેકી સ્વરૂપ છે, જે પર્યાય કહેવાય છે.

અન્વયી = અનુગત-સ્થાયી-ધ્રૌવ્ય સ્વરૂપ

વ્યતિરેકી = અનનુગત-અસ્થાયી-ઉત્પાદ-વ્યયાત્મક પર્યાયસ્વરૂપ.

ગોરસ - અન્વયી દ્રવ્ય છે.

દૂધ-દહીં - વ્યતિરેકી પર્યાયસ્વરૂપ છે. (પૃ.૧૨૧૨-૧૨૧૭)

આમ બધી જ વસ્તુમાં સમકાળે ત્રિપદી છે.

(૪) **સર્વકાલીનત્વ** :- ત્રિપદી સર્વકાળે હોય છે. એક ક્ષણ પણ એવી નથી કે જે ક્ષણે કોઈ પણ સત્ પદાર્થમાં કે દ્રવ્યમાં ત્રિપદી ન હોય.

જૈનદર્શનમાં નૂતન પર્યાયનો ઉત્પાદ અને પ્રાચીન (પૂર્વ) પર્યાયનો નાશ પણ સ્વઉપાદાનભૂત દ્રવ્યસ્વરૂપ જ હોય છે. પ્રથમ ક્ષણે ઉત્પાદ-વ્યય દેખાય છે. બીજી ક્ષણે પણ તે ઉત્પાદાદિ દ્રવ્યના ધ્રૌવ્યસ્વરૂપમાં જ છે. ધ્રુવદ્રવ્યમાં અનુગમશક્તિ-અન્વયશક્તિ-એકતાશક્તિથી તે રહેલ જ છે. પ્રથમ ક્ષણે ઉત્પાદાદિ આવિર્ભાવ રૂપે દેખાય છે પણ દ્વિતીયાદિક્ષણે તે તિરોભાવ સ્વરૂપે દ્રવ્યના ધ્રુવસ્વરૂપમાં રહેલાં જ છે. તેથી દરેક ક્ષણે **'घटः उत्पन्नः, घटः नष्टः'** - એવો પ્રયોગ થઈ શકે છે. આમ સદાકાળ ઉત્પાદાદિ સત્ દ્રવ્યોમાં રહેલા છે. (પૃ.૧૨૨૩-૧૨૨૫)

દ્રવ્યના આધારે ઉત્પાદ-વ્યયને બતાવીએ પણ મુખ્યતા ધ્રુવ સ્વરૂપની રાખીએ તે દ્રવ્યાર્થિકનયની વાત છે. જ્યારે ઉત્પાદ-વ્યયને વિશેષરૂપે બતાવીએ ત્યારે મુખ્યતા પર્યાયાર્થિકનયની છે.

પ્રતિસમય પ્રગટ થતા ઉત્પાદાદિ તે તે સમયે જ હોય છે - તે પર્યાયાર્થિકનયથી સમજવું. તથા પ્રતિસમયમાં સર્વ સમયોના ઉત્પાદાદિ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યમાં રહેલા જ છે.

આગમપ્રજ્ઞ પૂ. **ઉપાધ્યાયજી** મ. જે વિષયનું પ્રતિપાદન કરે તેમાં એટલા ઊંડા ઉતારી દે કે તે વિષયનું સાંગોપાંગ-સર્વાંગીણ જ્ઞાન કરાવી દે. એક જ ત્રિપદી વિષયમાં એટલા બધા ઊંડાણથી અને ચારેબાજુથી એટલે કે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ - આ બધા આયામોથી પદાર્થને સુસ્પષ્ટ કરે છે.

નિશ્ચયનય વસ્તુના ઉત્પાદની પ્રક્રિયામાં ત્રણ કાળને એક જ સમયમાં ઘટાવે છે. વસ્તુ ઉત્પન્ન થઈ ચૂકી છે, કેટલાક અંશે ઉત્પત્સ્યમાન છે, પ્રક્રિયા ચાલુ હોવાથી ઉત્પદ્યમાન પણ છે. નિશ્ચયનયથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક જ સમયમાં છે. તેથી જ **ભગવતીસૂત્ર**માં નિશ્ચયનયથી પ્રભુનું વચન 'કયમાણે કડે' - અર્થાત્ 'કરાતું કાર્ય થઈ ગયેલું છે' તેમ જાણવું. (પૃ.૧૨૨૯)

જ્યારે વ્યવહારનય ભેદપ્રધાન દૃષ્ટિવાળો હોઈ ઉત્પદ્યમાન, ઉત્પત્સ્યમાન અને ઉત્પન્ન ત્રણે કાળનો ભેદથી વ્યવહાર કરશે. આ બધું સૂક્ષ્મતાથી સમજવા જુઓ - પૃ.૧૨૨૯ થી ૧૨૩૭.

આ રીતે ત્રિપદી એક જ સમયમાં ઘટે છે. તથા તે સર્વ સમયોમાં નિરંતર ચાલુ છે. આ પદાર્થને પૂ. **ઉપાધ્યાયજી** મ. ૯/૧૨-૧૩ માં નૈયાયિકોને તથા વ્યવહારવાદીઓને સમજાવી રહ્યા છે. તથા તેનો અદ્ભુત વિસ્તાર વિસ્તારરુચિવાળા નવ્યન્યાયાભ્યાસી જીવો માટે પં. શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા કરાયેલ છે. તે દ્રવ્યાનુયોગ પરામર્શવૃત્તિમાં જોવા લાયક છે. (પૃ.૧૨૩૯ થી ૧૨૭૩).

સંમતિતર્ક ગ્રંથના આધારે 'ઉત્પાદાદિ ત્રણેય ઉત્પાદાદિમય-ત્રિપદીમય છે. અર્થાત્ ઉત્પાદમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રહેલા છે. વ્યયમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રહેલા છે અને ધ્રૌવ્યમાં પણ ઉત્પાદાદિ ત્રણેય છે' - આ વાત ખાસ વાંચવા જેવી છે. (પૃ.૧૨૬૨-૧૨૬૪)

'સર્વ પદાર્થોમાં સદાકાળે, સમકાળે ત્રિપદી રહેલી જ હોય તો આત્મા જ્યારે કેવળજ્ઞાનાદિને સાધના દ્વારા પ્રાપ્ત કરે છે ત્યાર પછી તો તે સાદિ-અનંત કાળ સુધી સાથે જ રહે છે. તેનો નાશ ક્યાં થાય છે ! તો તેમાં ત્રિપદી કઈ રીતે સંભવી શકે ?' (પૃ.૧૨૭૪)

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પૂ. **ઉપાધ્યાયજી** મ. સ્થૂલ અને સૂક્ષ્મ - આ બે રીતે સમાધાન આપે છે.

(૧) **સ્થૂલ દૃષ્ટિએ** - (૧) ભવસ્થ કેવલી અને (૨) અભવસ્થ કેવલી (સિદ્ધસ્થ કેવલી) એમ બે ભેદ કરી કેવલજ્ઞાનાદિમાં નાશાદિ જણાવે છે. (પૃ.૧૨૭૭) આ વાત **સંમતિતર્ક** આદિ ગ્રંથમાં તો છે જ. પરંતુ સૂરિમંત્રમાં પણ '**नमो भवत्थकेवलिणं नमो अभवत्थकेवलिणं**....' - આ પ્રમાણે બે ભેદો જણાવેલ છે.

(૨) **સૂક્ષ્મ દૃષ્ટિએ** :- સૂક્ષ્મઋજુસૂત્રનયના આધારે તો પૂ. **ઉપાધ્યાયજી** મ. ગા.૧૬માં કેવળજ્ઞાનમાં ત્રિપદી બતાવે છે.

'જે જ્ઞેયાકારઈ પરિણમઈ જ્ઞાનાદિક નિજપર્યાય રે...' (પૃ.૧૨૮૦)

પ્રતિસમય કેવળજ્ઞાનમાં પણ જ્ઞેયના પરિવર્તનથી જ્ઞાનાકારમાં પરિવર્તન આવે છે. તે સ્વરૂપે ત્રિપદી ઘટિત થાય છે.

વર્તમાનસમયે જે પર્યાય જે સ્વરૂપે કેવળજ્ઞાનમાં જોવાયો તે જ પર્યાય અનંતર ક્ષણે અતીતરૂપે જણાય છે. તથા જે એક સમય પહેલાં અનાગતરૂપે હતો તે વર્તમાનરૂપે જણાય છે. આ રીતે વર્તમાન-પર્યાય અતીત બને છે. અનાગતપર્યાય વર્તમાન બને છે. આટલો ફેરફાર કેવળજ્ઞાનમાં પણ પરિવર્તનસ્વરૂપે જણાય છે. તેથી તે-તે જ્ઞેયપર્યાયસ્વરૂપે કેવળજ્ઞાનનો ઉત્પાદ-વ્યય થાય છે. આ બધું જ્ઞેય સાપેક્ષ છે. દરેક ક્ષણમાં કેવળજ્ઞાન તો કેવળજ્ઞાનસ્વરૂપે ધ્રુવ જ છે. આ રીતે કેવળજ્ઞાનમાં સૂક્ષ્મ રીતે ત્રિપદી ઘટે છે. (પૃ.૧૨૮૧)

અહીં કેવળજ્ઞાનની વાત આવતાં પં. શ્રીયશોવિજયજી મહારાજે 'જ્ઞાન અનાકાર નથી, સાકાર છે, કેવળજ્ઞાન ઉપયોગરૂપે વિનાશી છે. લબ્ધિરૂપે અવિનાશી છે. તથા કેવળજ્ઞાન-કેવળદર્શનનો ઉપયોગ ક્રમશઃ હોય છે કે યુગપત્ હોય છે...' વગેરે પદાર્થો ભિન્ન-ભિન્ન ગ્રન્થોની ભિન્ન-ભિન્ન માન્યતાઓને ઉદ્ધરણો સાથે જણાવેલ છે. (જુઓ - પૃ.૧૨૮૩ થી ૧૨૯૪.)

સમ્યક્ત્વ, સિદ્ધત્વ વગેરે ભાવો નિરાકાર હોવાથી તેમાં જ્ઞેયાકારના પરિવર્તનની આધારતા હોતી નથી. માટે ત્યાં ત્રિપદી કાળસાપેક્ષ ઘટિત કરવી તેમ જણાવેલ છે. (જુઓ - પૃ.૧૨૯૫ થી ૧૩૦૦.)

૧૮ મી ગાથામાં **પૂ. ઉપાધ્યાયજી** મ. અદ્ભુત વાત જણાવે છે કે પ્રત્યેક દ્રવ્ય પ્રતિસમય અનંતધર્માત્મક છે. તથા પ્રત્યેક દ્રવ્યમાં થતા ઉત્પાદ-વ્યય કાળથી અને સંખ્યાથી સરખા છે અને જેટલા ઉત્પાદ-વ્યય છે તેટલા જ ધ્રૌવ્ય છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેય સમાનસંખ્યક છે. **સંમતિતર્ક**માં જણાવેલ આ પદાર્થને પૂ.ઉપાધ્યાયજી મહારાજે સંક્ષિપ્તમાં મૂક્યો છે. (પૃ.૧૩૦૩) તથા તે જ પદાર્થનું વિસ્તૃત વિવેચન પં. શ્રીયશોવિજયજી મ. **સ્યાદ્વાદ કલ્પલતા**ના આધારે જણાવે છે. (જુઓ-પૃ.૧૩૦૫ થી ૧૩૦૬.)

દ્રવ્યમાં ઉત્પાદ થવાના બે પ્રકાર છે. (૧) પ્રયોગજન્ય, (૨) વિસ્રસાજન્ય.

પં. શ્રીયશોવિજયજી મહારાજ **ભગવતીસૂત્ર**ના પાઠના આધારે ઉત્પાદનો ત્રીજો ભેદ પણ જણાવે છે - મિશ્ર અર્થાત્ પ્રયોગ-વિસ્રસા ઉભયજન્ય. તથા **સ્થાનાંગસૂત્ર**માં પણ પુદ્ગલની પરિણતિ ત્રણ પ્રકારે

જણાવી છે - (૧) પ્રયોગ પરિણત, (૨) મિશ્ર પરિણત, (૩) વિસ્રસા પરિણત. (પૃ.૧૩૧૧)

આ જ વિસ્રસાજન્ય ઉત્પાદને બે પ્રકારમાં વહેંચ્યો છે.-

(૧) સમુદયકૃત (૨) ઐકત્વિક... (જુઓ - ૯/૨૦-૨૧-૨૨, પૃ.૧૩૧૪ થી ૧૩૩૫)

જીવાદિ દ્રવ્યોમાં જે ઉત્પાદાદિ ત્રિપદી છે તેમાં જીવ અને પુદ્ગલની ત્રિપદી સ્વપર્યાયથી તથા પરપર્યાયથી બન્ને રીતે છે. જ્યારે ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્યમાં માત્ર પરપર્યાયનિમિત્તક ઉત્પાદાદિ થાય છે - તે વાત જણાવી છે. (પૃ.૧૩૩૭-૧૩૩૮) આ પદાર્થમાં દિગંબરમતના આચાર્ય **અકલંકસ્વામીજી**નો મત ધ્યાન ખેંચે તેવો છે. (પૃ.૧૩૩૯-૧૩૪૦) ધર્માદિ ત્રણ દ્રવ્યોમાં પણ અગુરુલઘુગુણની ષડ્ગુણ-હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ સ્વપર્યાયનિમિત્તક પણ ઉત્પાદાદિ ઘટી શકે છે. આ વિષયમાં **પૂ. દેવચંદ્રજી** મ.નો પણ મત ધ્યાનથી વાંચવા જેવો છે. (જુઓ - પૃ.૧૩૪૧)

ઉત્પાદની જેમ વ્યય અને ધ્રૌવ્યના પણ પ્રકારોનું વર્ણન ૯ મી ઢાળની અંતિમ ગાથાઓમાં છે.

૧૦મી ઢાળમાં કાળ સિવાયના પાંચેય દ્રવ્યો અસ્તિકાયસ્વરૂપે છે. અસ્તિકાય શબ્દનો અર્થ સાવયવત્વ અને બહુપ્રદેશીત્વ છે. ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ સાવયવી દ્રવ્ય છે અને બહુપ્રદેશી પણ છે.

જીવમાં તો અસંખ્યાત પ્રદેશ છે. પુદ્ગલસ્કંધ વગેરે પણ સાવયવી અને બહુપ્રદેશી પણ છે. પરમાણુ અવિભાજ્ય અંશસ્વરૂપે છે. તેમાં સાવયવત્વ સ્વયં નથી પણ પરમાણુ જ્યારે સ્કંધસ્વરૂપે બને છે ત્યારે કાયત્વની વ્યાખ્યામાં આવી જાય છે. માટે પરમાણુ પણ સાવયવી બને છે. પરમાણુ એકપ્રદેશી છે છતાં ઘણાં ભેગા થઈને તેઓ બહુપ્રદેશી બની શકે છે. તે અપેક્ષાથી તે અસ્તિકાયસ્વરૂપે મનાય છે. **દ્રવ્યાલંકાર**માં પૂ. **રામચંદ્રસૂરિજી** મ. અને પૂ. **ગુણચંદ્રસૂરિજી** મ. જણાવે છે કે સ્પર્શ-રસ-ગંધ -વર્ણ વગેરે પરમાણુના ભાવાંશો છે. તેની અપેક્ષાએ પરમાણુ કાયપણાના વ્યવહારને પ્રાપ્ત કરે છે. (જુઓ - પૃ.૧૪૦૯)

ધર્મ, અધર્મ, આકાશ જો કે અખંડ દ્રવ્ય છે. છતાં ક્ષેત્રની અપેક્ષાથી ધર્મ, અધર્મ લોકવ્યાપી છે અને આકાશ લોકાલોકવ્યાપી છે. તેથી ક્ષેત્ર અપેક્ષાથી સાવયવત્વ તથા બહુપ્રદેશીત્વ મનાશે. તેથી તેમાં પણ કાયત્વનો વ્યવહાર થશે.

માત્ર કાળમાં અસ્તિકાયત્વ નથી. **ભગવતીસૂત્ર**માં ભગવાનને પૂછાયું કે 'હે ભગવંત ! અદ્ધા સમય કેટલા અદ્ધા સમયોથી સ્પર્શાયેલ છે ? હે ગૌતમ ! એક પણ અદ્ધા સમયથી એક પણ અદ્ધાસમય સ્પર્શાયેલ નથી.' (પૃ.૧૪૦૫) તથા **પ્રજ્ઞાપનાસૂત્ર**માં પણ **મલયગિરિસૂરિજી** મહારાજ જણાવે છે કે "એક જ વર્તમાન સમય પરમાર્થસત્ છે. અતીત સમયો કે અનાગત સમયો પરમાર્થસત્ નથી. તેથી કાળદ્રવ્યમાં પ્રદેશસમૂહ ન હોવાથી અસ્તિકાયત્વ નથી." (પૃ.૧૪૦૬)

નિશ્ચયકાળ - એક સમયનો જ છે.

વ્યાવહારિક કાળ - આવલિકા, મુહૂર્ત વગેરે અનેક ભેદરૂપે છે. જે લોકવ્યવહારમાં પ્રચલિત છે.

નિશ્ચયનયથી છ એ દ્રવ્યો સક્રિય છે. જ્યારે વ્યવહારનયથી જીવ-પુદ્ગલ બે જ દ્રવ્યો સક્રિય છે. (પૃ.૧૪૦૯-૧૪૧૦)

ધર્મ, અધર્મ અને આકાશમાં પરપર્યાયનિમિત્તક ઉત્પાદાદિ ત્રણેય છે. ગતિ કરવામાં જીવને અને પુદ્ગલને ધર્મ સહકારી કારણ છે. જીવને અને પુદ્ગલને ગતિ કરવામાં સહાયક બનવા રૂપે જ ધર્માસ્તિકાયમાં આ ઉત્પાદાદિ ત્રણે ઘટે છે.

તે જ રીતે જીવ-પુદ્ગલને સ્થિતિમાં સહાયક બનવાની અપેક્ષાએ અધર્માસ્તિકાયમાં પરપર્યાયનિમિત્તક ઉત્પાદાદિ ત્રણ ઘટિત થાય છે.

આકાશ અવગાહન આપે છે. અવગાહનનો સુંદર અર્થ મધ્યમ પરિમાણ **સ્યાદ્વાદરહસ્ય**માં પૂ. **ઉપાધ્યાયજી** મહારાજે ખોલ્યો છે. (પૃ.૧૪૫૯)

અવગાહન = આધારતા. પર્યાયસ્વરૂપ અવગાહના એ આકાશનું લક્ષણ છે. તેમાં પણ જીવ, પુદ્ગલ વગેરેને આધાર આપવા સ્વરૂપે ત્રિપદી ઘટિત થાય છે.

આ ત્રણે દ્રવ્યો અંગે વિશદજ્ઞાન માટે વાંચો - પૃ.૧૪૧૧ થી ૧૪૮૨.

તત્ત્વાર્થવૃત્તિમાં **શ્રીસિદ્ધસેન** ગણિવરે પણ અલોકાકાશમાં ઉત્પાદાદિ અગુરુલઘુગુણની વૃદ્ધિ-હાનિ-સ્વરૂપે બતાવેલ છે. (જુઓ - પૃ.૧૪૮૦)

કાળદ્રવ્ય અંગે મતો :-

- એક મત છે - કાળ સ્વતંત્ર દ્રવ્ય છે.
- બીજો મત છે - કાળ પર્યાય છે, સ્વતંત્ર દ્રવ્ય નથી.

પૂ. **ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજ ૧૦ મી ઢાળની ગા.૧૦ માં કાળદ્રવ્યની ચર્ચાના પ્રારંભમાં સ્પષ્ટપણે જણાવે છે કે કાળ એક પર્યાય છે. દરેક દ્રવ્યમાં એક સમયનું પરિણમન-પરિવર્તન તે જ કાળ છે. તેથી કાળ એ સર્વ દ્રવ્યની વર્ત્તનાસ્વરૂપ પર્યાય જ છે. (પૃ.૧૪૮૩-૧૪૮૫)

પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરીને કાળને ઉપચરિત દ્રવ્ય કહેવાય પણ સ્વતંત્ર દ્રવ્ય નહીં. (પૃ.૧૪૮૬-૧૪૮૭)

તત્ત્વાર્થકારે પણ 'कालश्चेत्येके' કહી કાળને કેટલાક આચાર્ય દ્રવ્ય માને છે. તેમ કહી કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવામાં પોતાનું અસ્વારસ્ય પ્રગટ કર્યું છે. (પૃ.૧૫૮૦)

શ્રીજીવાભિગમ સૂત્રમાં પણ ભગવાનને પૂછાયું કે 'કાળ શું છે ?' ત્યારે પ્રભુએ કહ્યું - 'કાળ જીવ-અજીવમય છે.' અર્થાત્ જીવ-અજીવનો પર્યાય તે જ કાળ છે. (પૃ.૧૪૯૨)

આ કાળ અંગે દિગંબરમત - શ્વેતાંબરમતની માન્યતાઓ તથા કાળ અંગે વિશદ જ્ઞાન કરાવતી તથા 'કાળ પર્યાય છે' - એમ સિદ્ધ કરતી વિવેચના પં.શ્રીયશોવિજયજી મહારાજે ઘણાં બધા ગ્રંથોના (૩૭૦ જેટલા) ઉદ્ધરણો સાથે પૂ.ઉપાધ્યાયજી મ.ની મૂળ વાતને સામે રાખીને આપેલ છે. (જુઓ - પૃ.૧૪૮૩ થી ૧૬૩૪)

બધા જ દ્રવ્યો પોત-પોતાના વિશેષ લક્ષણો દ્વારા અન્ય દ્રવ્યોથી ભિન્ન સ્વરૂપે છે. પુદ્ગલ એ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ દ્વારા અન્ય દ્રવ્યથી ભિન્ન છે. તથા જીવદ્રવ્ય સહજ ચેતના થકી જ અન્ય દ્રવ્યથી ભિન્ન પડે છે. (પૃ.૧૬૩૬)

ઉપયોગ એ જીવનું લક્ષણ છે. ઉપયોગ જ્ઞાન-દર્શનરૂપે દ્વિવિધ છે. મોક્ષદશામાં પણ જ્ઞાન વિદ્યમાન

છે. જીવ જ્ઞાનરહિત અર્થાત્ ઉપયોગરહિત ક્યારેય પણ હોતો નથી. બાકી તો જીવ જડ બની જાય. તેથી જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ સ્વરૂપ એ જ જીવનું લક્ષણ છે. (પૃ.૧૬૩૭)

સાધક પં.શ્રીયશોવિજયજી મહારાજ ઉપયોગને વધુ સ્પષ્ટ કરતાં **ગોમ્મટસાર**ના આધારે કહે છે કે 'વસ્તુના નિમિત્તે જીવને જે ભાવ ઉત્પન્ન થાય છે તે ઉપયોગ છે.' (પૃ.૧૬૩૮) તથા પૂ. સૂરિપુરંદર આ.ભ.શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજા કહે છે કે 'જીવનું લક્ષણ સુખ-દુઃખ-જ્ઞાનોપયોગ છે.' (પૃ.૧૬૩૮) તથા **પરમાત્મપ્રકાશ**માં દિગંબર **યોગીન્દ્રદેવે** શુદ્ધ આત્માનું લક્ષણ જણાવ્યું છે - 'આત્મા મનશૂન્ય, ઈન્દ્રિયરહિત, જ્ઞાનમય, મૂર્તિવિરહિત = સ્પર્શાદિવિકલ, ચિન્માત્ર = જ્ઞાનસ્વરૂપ છે.' આવો આત્મા ઈન્દ્રિયનો વિષય બનતો નથી. (પૃ.૧૬૩૯)

સિદ્ધના એકત્રીસ ગુણો એ આત્માનું નિષેધમુખી સ્વરૂપ છે. **શ્રીશંકરાચાર્યે** પણ આત્માનું મસ્ત મઝાનું સ્વરૂપ નેગેટીવ અને પોઝીટીવ - આમ બે રીતે બતાવ્યું છે, તે અદ્‌ભુત છે.

मनोबुद्ध्यहंकार-चित्तानि नाऽहं, न च श्रोत्र-जिह्वे न च घ्राण-नेत्रे।
न च व्योम भूमिर्न तेजो न वायुश्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।१।।

न च प्राणसंज्ञो न वै पञ्चवायुः, न वा सप्तधातुर्न वा पञ्चकोशः।
न वाक् पाणि-पादौ, न चोपस्थ-पायू, चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।२।।

न मे द्वेष-रागौ न मे लोभ-मोहौ, मदो नैव मे नैव मात्सर्यभावः।
न धर्मो न चार्थो न कामो न मोक्षश्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।३।।

न पुण्यं न पापं न सौख्यं न दुःखं, न मन्त्रो न तीर्थं न वेदा न यज्ञाः।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता, चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।४।।

न मे मृत्युशंका, न मे जातिभेदः, पिता नैव मे नैव माता न जन्म।
न बन्धुः न मित्रं गुरुर्नैव शिष्यश्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।५।।

अहं निर्विकल्पो निराकाररूपो, विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणाम्।
सदा मे समत्वं न मुक्तिर्न बन्धश्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।६।।

અતિ પ્રજ્ઞાવૈભવી પૂજ્ય **ઉપાધ્યાય શ્રીયશોવિજયજી** મ. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં ૯ મી તથા ૧૦ મી ઢાળમાં દ્રવ્યોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યતાનું પ્રતિપાદન કરી આપણી જ્ઞાનદૃષ્ટિ જાગૃત કરે છે. તેના ઉપર વિદ્વદ્વર્ય, સંશોધક, ચિંતક, આલેખક પં. શ્રીયશોવિજયજી મહારાજે સંસ્કૃત તથા ગુજરાતી વૃત્તિ રચી અનન્ય ઉપકાર કર્યો છે. તે તે વિષયના અનેક ગ્રંથોના ઉદ્ધરણો સાથે પદાર્થોને સુંદર રીતે ખોલ્યા છે. અભ્યાસુવર્ગને એક જગ્યાએથી અનેક ગ્રંથોનો સાર મળી જાય તેવી રચના છે. આધ્યાત્મિક મોલ છે આ ...

પંન્યાસ શ્રીયશોવિજય મહારાજના આ જ્ઞાનયજ્ઞની ભૂરિ ભૂરિ અનુમોદના.

એમની તત્ત્વધારા અદ્‌ભુત છે. શું લખું તેમના માટે ?

કેટલું ચિંતન ! કેટલું સંશોધન ! કેટલું સ્મરણ ! દાદ માગે તેવું છે...

તથા અભિવ્યક્તિ પણ અદ્‌ભુત છે.

ખૂબ અનુમોદના કરું છું.

શાસન પ્રભાવના સાથે લેખન તથા પ્રકાશન એ તેઓશ્રીની આગવી જીવનશૈલી છે. પ્રભુને પ્રાર્થના કરું કે તેઓશ્રી હજી વધુ આવા તાત્ત્વિક ગ્રંથો પર નવીન પ્રકાશ જ્ઞાનપ્રેમી આત્માઓને આપતા રહે...

'દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ' નો જ્ઞાનાભ્યાસ આપણી શ્રદ્ધાને નિર્વિકલ્પક બનાવે, જ્ઞાનને અવિસંવાદી બનાવે.

આ ગ્રંથના અભ્યાસથી દ્રવ્યસ્વભાવને અને પર્યાયસ્વભાવને જાણી સહુ સ્વભાવનું પરિમાર્જન કરો. દ્રવ્યસ્વભાવની નિત્યતાનો બોધ અને પર્યાયસ્વભાવની ક્ષણિકતાનો બોધ નિત્યતત્ત્વની અનુભૂતિ તરફ લઈ જનાર બની રહો. તથા અનુભૂતિની મસ્તીમાં ડૂબાડનાર બની રહો.

પર્યાયસ્વભાવની ક્ષણિકતાની શ્રદ્ધા અને જ્ઞાન એ આ જગતમાં થતા પરિવર્તનોમાં તથા જીવનમાં થતા આમૂલ-ચૂલ પરિવર્તનોમાં તેમજ વ્યક્તિગત કે સમષ્ટિગત ક્ષેત્રે થતી વિલક્ષણ ઘટનાઓમાં રાગ -દ્વેષની પરિણતિ પેદા ન થવા દે. રતિ-અરતિના દ્વંદ્વથી પર બનાવે.

દ્રવ્યસ્વભાવની નિત્યતાનો બોધ 'હું આ જ છું. આ જ મારું સ્વરૂપ છે.' આમ સ્વરૂપમાં ઉપયોગને તન્મય બનાવી તેની નિર્વિકલ્પ અનુભૂતિ સુધી લઈ જાય એ જ મંગલ કામના...

પ્રાન્તે એટલું જરૂર કહીશ કે આ પ્રસ્તાવના લખવાનું આમંત્રણ પં. શ્રીયશોવિજયજીએ જ્યારે આપ્યું ત્યારે એવું લાગ્યું કે M.B.A. ના પુસ્તક પર S.S.C વાળો શું લખે ? પણ છતાં પ્રભુકૃપા/ગુરુકૃપાએ આ કાર્ય સંપન્ન થયું છે. પં. શ્રીયશોવિજયજી મ.નો ખૂબ આભાર કે આ રીતે આ ગ્રંથના સ્વાધ્યાયમાં ડૂબવાનો મને અવસર આપ્યો...

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય અથવા ગ્રંથકાર કે ટીકાકાર ભગવંતના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

સંઘએકતા શિલ્પી પ.પૂ.આ.ભ.
શ્રીઊંકારસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
તપસ્વી પ.પૂ.**ચંદ્રયશ** વિ.મ.ના શિષ્ય
આ. **ભાગ્યેશવિજયસૂરિ**

विषयमार्गदर्शिका

विषय	पृष्ठ
शाखा - ९ : उत्पादादिविचारः११०५-१३८४	
टूंकसार (शाखा - ९)	११०६
त्रिपदीतः त्रैलक्षण्यबोधः	११०७
श्रद्धानतः सदनुष्ठानसिद्धिः	११०८
बीजरुचिसमकितने तथा बीजबुद्धिने ओळखीओ	११०८
श्रद्धाव्याख्या	११०९
विशेषावश्यकवृत्तिमां बीजबुद्धि विचार	११०९
श्रद्धाना विविध लक्षणो	११०९
उत्पादादेः सर्वव्यापिता	१११०
त्रिपदी सर्वव्यापी	१११०
नित्यत्व-अनित्यत्वादि परमते असमानाधिकरण	११११०
नित्यानित्यद्रव्यवादित्वेऽपि नैयायिकादीनामेकान्तवादिता	११११
प्रत्येक पदार्थ त्रिलक्षणयुक्त	११११
त्रैलक्षण्यं प्रत्यक्षानुमानागमसिद्धम्	११११२
घटादिमां पण नित्यानित्यता	११११२
अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकासंवादः	११११३
स्याद्वादमंजरीनी सुवास	११११३
सर्व पदार्थ स्याद्वादमर्यादावर्ती	११११३
तैजसपरमाणूनां तमःपर्यायरूपेण परिणमनम्	११११४
दीवो पण नित्यानित्य	११११४
तैजसपरमाणुविचार	११११४
द्रव्यानुगमनो अपलाप अशक्य	११११४
विसदृशकार्योत्पादस्वीकारः	११११५
कारणविलक्षण कार्यनी उत्पत्ति मान्य	११११५
आकाश नित्यानित्य	११११५
भेद-भेदहेतुविचारः	११११६
कारणभेद कार्यभेदसाधक	११११६
आकाशमां उत्पाद-व्यय-ध्रौव्यनी सिद्धि	११११६
उत्पादादीनां सामानाधिकरण्यम्	११११७

विषय	पृष्ठ
अवच्छेदकभेदथी एकत्र उत्पादादिसमावेश	११११७
एकान्तवाद प्रलाप छे	११११७
पर्याय-पर्यायिणोरभेदः	११११८
द्रव्य-पर्याय अभिन्न होवाथी आकाश अनित्य पण छे	११११८
एकान्तवादमां क्रियाकारकभाव असंगत : समंतभद्रस्वामी	११११८
महोपाध्यायजीनो पत्र वांचीओ	११११८
अवयवावयव्यभेदोपदर्शनम्	११११९
समवायकल्पना अनवस्थाग्रस्त	११११९
गोपालसरस्वत्यादिपत्रसंवादः	११११२०
एकान्तवादमां संयोग-विभागमां एकतानी समस्या	११११२०
पर्याय विनाशी, पर्यायी अविनाशी	११११२०
सिद्धसुखवर्णनम्	११११२१
श्रद्धापूर्वक ऊंडो अभ्यास जरूरी	११११२१
प्रतिद्रव्यं प्रतिक्षणं त्रैलक्षण्यसिद्धिः	११११२२
षड्द्रव्यमां उत्पादादिसिद्धि	११११२२
भावस्य उत्तरपरिणामं प्रति निरपेक्षता	११११२३
निरपेक्षस्वरूप सदा सन्निहित	११११२३
उत्पन्न वस्तुमां पण पुनः उत्पत्ति आदि	११११२३
त्रिलक्षणयुते सर्वव्यवस्थासम्भवः	११११२४
प्रतिक्षण उत्पादादिना अभावमां सुख-दुःखादिनो असंभव	११११२४
आत्मानी व्याख्या	११११२४
उत्पाद-व्यययोः ध्रौव्याऽविरोधित्वम्	११११२५
उत्पादादिमां विरोध नथी	११११२५
परस्परविरोधपरिहारः	११११२६
धर्मभेदथी उत्पादादि त्रणमां अविरोध	११११२६
उत्पादादीनां स्वाभाविकं समनैयत्यम्	११११२७
दीपाकाशन्यायथी उत्पाद-व्यय-ध्रौव्यमां अविरोध	११११२७
न्यायभूषणकारमतसमीक्षा	११११२७

विषय	पृष्ठ
षड्भावविकारमीमांसा	११२८
वार्ष्यायणिमत विमर्श	११२८
छ भावविकारनो उत्पादादि पर्यायमां समावेश	११२८
षड्भावविकारान्तर्भावविमर्शः	११२९
छ भावविकार : श्रीदेवचन्द्रजीनी दृष्टिओ	११२९
श्रीदेवचन्द्रवाचकमते भावविकारविचारः	११३०
आत्मामां विशिष्ट त्रैलक्षण्यपरिणमननो उपदेश	११३०
सिद्धस्वरूपपरामर्शः	११३१
सामान्यापेक्षया एकवचननिर्देशः	११३२
એક व्यक्तिमां विलक्षण विविध ईच्छानो असंभव	११३२
घट-मौलि-सुवर्णोदाहरणप्रदर्शनम्	११३३
सुवर्णद्रव्यमां नाश-उत्पाद आदि पारमार्थिक	११३३
घट-मुगट उदाहरण विचारणा	११३३
ध्रौव्येक्षणे माध्यस्थ्यलाभः	११३४
राजकुमार-राजकुमारी-राजानी त्रिविध स्थिति	११३४
हर्ष-शोक-माध्यस्थ्योत्पत्तिबीजविचारः	११३५
उत्पादादिजन्य हर्षादि	११३५
उत्पादादि त्रणेय पर्याय छे	११३५
उत्पादादीनां स्वाश्रयाऽभिन्नत्वम्	११३६
उत्पादादिमां उत्पादादिनी सिद्धि	११३६
कलशादिध्वंसादिविचारः	११३७
स्वअभिन्नस्वरूपे स्वस्थिति	११३७
पंचाशत् वगेरे प्रकरण मुजब उत्पादादि विचार	११३७
कुमारिलभट्टनी स्याद्वादमां संमति	११३७
उत्पाद-व्यय-ध्रौव्येषु शाङ्करभाष्यसम्मतिः	११३८
એकत्र उत्पाद-व्यय-ध्रौव्य वेदांतसंमत	११३८
भेदनयथी उत्पाद-व्यय, अभेदनयथी ध्रौव्य	११३८
भेदाऽभेदनयमतद्योतनम्	११३९
उत्पादादि पर्याय पण द्रव्यात्मक	११३९
विशेषरूपे उत्पाद-व्यय, सामान्यरूपे ध्रौव्य	११३९
उत्पाद-व्ययविशिष्ट वस्तु ध्रुव	११३९
जातिरपि अनित्या	११४०
घटत्व अनित्य छे	११४०

विषय	पृष्ठ
गुरुधर्मस्यापि प्रतियोगितावच्छेदकत्वम्	११४१
प्रतीति બળવાન	११४१
गुरुधर्म पण प्रतियोगिताअवच्छेदक	११४१
पाणिनिव्याकरणमहाभाष्यसंवादः	११४२
शोकादि सहेतुक	११४२
त्रैलक्षण्यमां पतंजलिनी संमति	११४२
पर्यायदृष्टिः त्याज्या	११४३
द्रव्यदृष्टि आदरणीय	११४३
निश्चयतः समकालीनयोः कार्य-कारणभावः	११४४
समકાલીન પદાર્થમાં પણ કાર્ય-કારણભાવ માન્ય	११४४
पूर्वपर्यायध्वंसोत्तरपर्यायोत्पादयोरैक्यम्	११४५
उत्पाद-व्यय-ध्रौव्यमां अभेदसिद्धि	११४५
समકિતી समકित पामे - निश्चयनय	११४५
ऋजुसूत्रनये ध्वंसोत्पादाऽभेदविचारः	११४६
केवलज्ञानी केवलज्ञानने पामे	११४६
विसભાગપર્યાયસન્તાનની વિચારણા	११४६
ब्रह्मसूत्रश्रीभाष्यसंवादः	११४७
विलक्षणपर्यायजन्म એ જ પૂર્વપર્યાયનાશ	११४७
જૈનસિદ્ધાન્તમાં રામાનુજાચાર્યની સંમતિ	११४७
प्रतीत्यपर्यायसमुत्पादपरामर्शः	११४८
सुवर्णस्थितिस्वरूप અંગે વિચાર	११४८
अष्टसहस्रीसंवादः	११४९
समनियत પદાર્થ અભિન્ન	११४९
उत्पाद-व्यय-ध्रौव्यमां भेदसिद्धि	११४९
कारणाऽभेदे कार्यभेदाऽयोगः	११५०
कार्यशक्तिभेदथी कारणभेद	११५०
उत्पाद-व्यय-ध्रौव्यमां विरोध : शंका-समाधान	११५०
न्यायावतारवार्तिकसंवादः	११५१
सामान्यरूपे ध्रौव्य, विशेषरूपे उत्पाद-व्यय	११५१
स्यात्पदगर्भित उत्पादादिव्यवहार	११५१
स्यादर्थानुप्रवेशेन सर्वव्यवहारः	११५२
अपेक्षाविशेषथी व्यवहार માન્ય	११५२
अपेक्षाविशेषोपस्थितिविमर्शः	११५३

વિષય	પૃષ્ઠ
કોઠાસૂઝથી અપેક્ષાબોધ	૧૧૫૩
અનેકાન્તવાદપરિશીલનપ્રભાવ	૧૧૫૩
एवकारार्थविमर्शः	૧૧૫૪
'જ'કારના ત્રિવિધ પ્રયોજન	૧૧૫૪
स्यात्कारैवकारयोः सार्वत्रिकत्वम्	૧૧૫૫
ત્રિપદીઅર્થની મીમાંસા	૧૧૫૫
सम्पूर्णतत्त्वपदार्थप्रकाशनम्	૧૧૫૬
"कृष्णः सर्प" इति वाक्यविमर्शः	૧૧૫૭
ત્રિપદીગ્રહણ	૧૧૫૭
લૌકિક વાક્યપ્રયોગમાં 'स्यात्' શબ્દપ્રયોગ આવશ્યક	૧૧૫૭
कृष्णसर्पस्थलेऽयोगव्यवच्छेदमीमांसा	૧૧૫૮
અભિપ્રેત 'જ'કાર વિચાર	૧૧૫૮
અત્યંતાયોગની બાદબાકી નિરર્થક	૧૧૫૮
सर्पे सर्वात्मना कृष्णत्वं बाधितम्	૧૧૫૯
અયોગવ્યવચ્છેદ વિકલ્પદ્વયપરાહત	૧૧૫૯
સર્પત્વાવચ્છેદેન કૃષ્ણવર્ણ બાધિત	૧૧૫૯
શેષનાગના બે પ્રકાર	૧૧૫૯
एकपर्यायग्रहेऽपि सम्यग्दृशो ज्ञानम्	૧૧૬૦
અયોગવ્યવચ્છેદ વિચારણા	૧૧૬૦
ત્રિપદી स्यात्पदगर्भिता	૧૧૬૧
લૌકિક-લોકોત્તરવાક્ય 'स्यात्'પદગર્ભિત	૧૧૬૧
પ્રગટ ગુણોમાં જ પરસ્પર અભેદ	૧૧૬૧
एकोनविंशतिरूपेण सिद्धस्वरूपवर्णनम्	૧૧૬૨
અન્વય-વ્યતિરેકથી સિદ્ધસ્વરૂપને સમજીએ	૧૧૬૨
पर्यायमिथ्यात्वशङ्का	૧૧૬૩
સુવર્ણ દ્રવ્ય જ પારમાર્થિક : પૂર્વપક્ષ	૧૧૬૩
द्रव्यार्थिकनयमते कार्यभेदोच्छेदापत्तिः	૧૧૬૪
એક સ્વભાવથી અનેકકાર્યજન્મ વિચાર	૧૧૬૪
પર્યાય પણ પારમાર્થિક : ઉત્તરપક્ષ	૧૧૬૪
दृष्टानुसारेण शक्तिकल्पना	૧૧૬૫
દૃષ્ટાનુસાર કલ્પના ગ્રાહ્ય	૧૧૬૫
कार्यभेदे कारणभेदकल्पनम्	૧૧૬૬

વિષય	પૃષ્ઠ
કાર્યસ્વભાવભેદ કારણભેદનો સાધક	૧૧૬૬
પર્યાયાર્થિકનયના વિષયનું સમર્થન	૧૧૬૬
સુવર્ણદ્રવ્યમાં પૂર્વોત્તરકાલે ભેદસિદ્ધિ	૧૧૬૬
अनेककार्यजननैकशक्तिपदेन स्याद्वादसिद्धिः	૧૧૬૭
દ્રવ્યમાં સ્વતઃ પરતઃ ઉત્પાદાદિ	૧૧૬૭
सङ्क्रमकरणसिद्धान्तविचारः	૧૧૬૮
આરાધના પછી વિરાધનામાં ભળી ન જઈએ	૧૧૬૮
तुलानमनोन्नमनविमर्शः	૧૧૬૯
સંસ્કારભેદે કાર્યભેદ : બૌદ્ધ	૧૧૬૯
ननुपदार्थप्रकाशनम्	૧૧૭૦
પૂર્વપક્ષ ચાલુ	૧૧૭૦
बौद्धसम्मतवासनानिरासः	૧૧૭૧
હેતુભેદ વિના સંસ્કારભેદ અસંભવ : જૈન	૧૧૭૧
વાસના સ્વાભાવિક છે : બૌદ્ધ	૧૧૭૧
બૌદ્ધસંમત સંસ્કારકલ્પના વ્યર્થ	૧૧૭૧
बौद्धमते ध्रौव्यस्य माध्यस्थ्याऽजनकत्वम्	૧૧૭૨
વાસના મિથ્યા છે : જૈન	૧૧૭૨
કલ્પના દૃષ્ટાનુસારે થાય	૧૧૭૨
પ્રબુદ્ધસંસ્કાર માટે બાહ્યકારણ અવશ્ય સ્વીકાર્ય : જૈન	૧૧૭૨
ध्रौव्यस्वीकारस्य ध्रौव्यम्	૧૧૭૩
નિરંશ પદાર્થ ઉભયાત્મક ન સંભવે	૧૧૭૩
મનસ્કારમીમાંસા	૧૧૭૪
સંસ્કાર પ્રત્યે બાહ્ય નિમિત્ત પણ કારણ	૧૧૭૪
મનસ્કારસ્વરૂપની વિચારણા	૧૧૭૪
अनेककार्यजनकैकशक्तितः स्याद्वादसिद्धिः	૧૧૭૫
સ્યાદ્વાદની સાર્વત્રિકતા	૧૧૭૫
શોકાદિજનકસંસ્કારનિમિત્ત જુદા-જુદા	૧૧૭૫
स्याद्वादकल्पलतासंवादः	૧૧૭૬
એક નિમિત્તે અનેક કાર્યજન્મની વિચારણા	૧૧૭૬
સમનન્તરપ્રત્યયકારણતાની વિચારણા	૧૧૭૬
ઉપાદાન-નિમિત્તકારણભેદ આવશ્યક	૧૧૭૬
अनेकजननेऽनेकात्मकतासिद्धिः	૧૧૭૭

વિષય	પૃષ્ઠ
ઝેરમાં મારકશક્તિ-સંજીવનશક્તિની વિચારણા	૧૧૭૭
चित्रप्रतीतेः चित्रप्रमेयनिमित्तकत्वम्	૧૧૭૮
અનેક ઉપાદાન પ્રત્યે એકનિમિત્તકારણતા વિચાર	૧૧૭૮
એક દ્રવ્યમાં અનેકપર્યાયાત્મકતાની સિદ્ધિ	૧૧૭૮
कार्यगतं भूतिभावत्वं कृत्स्नकारणस्वभावाऽधीनम्	૧૧૭૯
વિવિધપ્રતીતિનિમિત્તતા અનેકસ્વભાવસાધક	૧૧૭૯
અનેકાન્તજયપતાકાવચનવિમર્શ	૧૧૭૯
કાર્યોત્પત્તિમાં કારણસ્વભાવનો સંપૂર્ણ વિનિયોગ	૧૧૭૯
આપણા પતનમાં આપણો વિકૃતસ્વભાવ જવાબદાર	૧૧૭૯
कटुशब्दश्रवणे क्रोधानलानुदयोपायोपदर्शनम्	૧૧૮૦
ખેલદિલીને ખીલવીએ	૧૧૮૦
योगाचारमतमीमांसा	૧૧૮૧
નિર્વિષયકજ્ઞાનસ્વીકારમાં અનેક દોષો	૧૧૮૧
अपेक्षातो भावानां कादाचित्कता	૧૧૮૨
બાહ્યપદાર્થના ઉચ્છેદની આપત્તિ	૧૧૮૨
યોગાચારમતમાં નિત્ય સંસ્કારની આપત્તિ	૧૧૮૨
प्रमाणवार्त्तिकसंवादः	૧૧૮૩
બાહ્ય-આંતરિકઆકારવાળા જ્ઞાનનો બૌદ્ધમતે અસંભવ	૧૧૮૩
બાહ્યાકાર મિથ્યા, આંતરિક આકાર સત્ય : યોગાચાર	૧૧૮૩
बाह्यान्तराकारविरोधविमर्शः	૧૧૮૪
અર્થાકાર મિથ્યા, જ્ઞાનાકાર સત્ય : યોગાચાર	૧૧૮૪
યોગાચારમતમાં ચિત્રજ્ઞાન મિથ્યા બનવાની સમસ્યા	૧૧૮૪
चित्रज्ञानवत् चित्रार्थोऽनपलपनीयः	૧૧૮૫
નીલ-પીતાકાર વચ્ચે વિરોધપરિહારનો પ્રયાસ	૧૧૮૫
પદાર્થ અનેકાન્તસ્વરૂપ : જૈન	૧૧૮૫
વિશદ કાર્યથી કારણસિદ્ધિ આવકાર્ય	૧૧૮૫
कार्यवैशद्यम् अनपलपनीयम्	૧૧૮૬
જ્ઞાનાદ્વૈત-એકાન્તવાદનું નિરાકરણ	૧૧૮૬

વિષય	પૃષ્ઠ
યોગાચારમતમાં દૃષ્ટાન્ત અસિદ્ધિગ્રસ્ત	૧૧૮૬
જ્ઞાન-સુખભેદસિદ્ધિઃ	૧૧૮૭
શ્રીવાદિદેવસૂરિમત પ્રકાશન	૧૧૮૭
જ્ઞાનાદ્વૈતવાદીને શૂન્યવાદની આપત્તિ	૧૧૮૭
योगाचारस्य शून्यवादिमतप्रवेशापत्तिः	૧૧૮૮
માધ્યમિકમતની સ્પષ્ટતા	૧૧૮૮
द्रव्यचित्रतानिरासः	૧૧૮૯
ધર્મકીર્ત્તિમત નિરૂપણ	૧૧૮૯
જ્ઞાનવૈચિત્ર્ય દ્વારા જ્ઞેયવૈચિત્ર્યનો આક્ષેપ	૧૧૮૯
જ્ઞાનગત ચિત્રતાનું નિરાકરણ	૧૧૮૯
माध्यमिकमतस्थापनम्	૧૧૯૦
મનોરથનંદી વ્યાખ્યાનો ઉપસંહાર	૧૧૯૦
દેવેન્દ્રવ્યાખ્યાનો પ્રારંભ	૧૧૯૦
દેવેન્દ્રવ્યાખ્યાની વિચારણા	૧૧૯૦
एकस्य चित्रता व्याहता	૧૧૯૧
બુદ્ધિગત એકત્વ-અનેકત્વની વિચારણા	૧૧૯૧
એક જ્ઞાનના અનેક આકારનો નિષેધ	૧૧૯૧
अतद्रूपत्वेऽपि तद्रूपेण अर्थख्यातिः	૧૧૯૨
યોગાચારનો શૂન્યવાદપ્રવેશ	૧૧૯૨
शून्यवादनिराकरणम्	૧૧૯૩
શૂન્યતા પ્રમાણશૂન્ય	૧૧૯૩
શૂન્યવાદ નિરાસ	૧૧૯૩
पञ्चदशीसंवादः	૧૧૯૪
શૂન્યવાદમાં પોતાનો પણ ઉચ્છેદ	૧૧૯૪
શૂન્યવાદમાં વક્તા-વચનાદિનો અસંભવ	૧૧૯૪
मध्यमकशास्त्रप्रत्याख्यानम्	૧૧૯૫
શૂન્યવાદમાં ઈન્દ્રભૂતિ-બૌદ્ધનો વિરોધ	૧૧૯૫
નાગાર્જુનમતનું નિરાકરણ	૧૧૯૫
'किं स्यात् सा चित्रता..' कारिकायाः मीमांसा	૧૧૯૬
'किं स्यात्...' કારિકાની સમીક્ષાનો અતિદેશ	૧૧૯૬
વિતંડાવાદને વિદાય આપીએ	૧૧૯૬
शक्तिदुर्व्ययः त्याज्यः	૧૧૯૭

વિષય	પૃષ્ઠ
ભાવનાજ્ઞાનયુક્ત સદાચારનું ફળ મેળવીએ	૧૧૯૭
ધ્વંસાઽભિન્નોત્પાદહેતુતા એકધર્માવચ્છિન્ના	૧૧૯૮
નૈયાયિકમત નિરાકરણ	૧૧૯૮
તન્તુસંયોગનાશસ્ય ખણ્ડપટજનકતા	૧૧૯૯
ખંડપટ પ્રત્યે મહાપટધ્વંસ અકારણ : અનેકાંતવાદી	૧૧૯૯
નૈયાયિકમતે બે કાર્ય-કારણભાવ	૧૧૯૯
તદ્ધેતોરસ્તુ કિં તેન ? ઇતિ ન્યાયપ્રયોગઃ	૧૨૦૦
મહાપટધ્વંસ અને ખંડપટોત્પત્તિ વચ્ચે અભેદ : જૈન	૧૨૦૦
નૈયાયિકાદિમતે ગૌરવોપદર્શનમ્	૧૨૦૧
જૈનમતમાં લાઘવ	૧૨૦૧
ઘટનાશ - મુગટઉત્પાદ વચ્ચે એકાંતભેદ અસંગત	૧૨૦૧
અભિન્નસામગ્રીજન્યત્વેનૈક્યવિચારઃ	૧૨૦૨
નશ્યદ્-નષ્ટમ્ બન્નેમાં અભેદ - નિશ્ચયનય	૧૨૦૨
ગુણ આવે દોષ જાય, દોષ જાય ગુણ આવે	૧૨૦૨
નિશ્ચય-વ્યવહારનયતઃ સદ્‌ગુણાદિસમ્ભવ-દોષાદિવિગમપ્રયાસઃ	૧૨૦૩
વ્રતત્રિતયતો લક્ષણત્રિતયસિદ્ધિઃ	૧૨૦૪
દૂધવ્રત વગેરે દૃષ્ટાંતથી ત્રૈલક્ષણ્યસિદ્ધિ	૧૨૦૪
પર્યાયાણાં મિથોઽભેદસિદ્ધિઃ	૧૨૦૫
દૂધ-છાશ વચ્ચે અભેદ છતાં ભેદ	૧૨૦૫
અગોરસવ્રતની સમજણ	૧૨૦૫
અપસિદ્ધાન્ત અપ્રસક્ત	૧૨૦૫
નાગેશમતનિરાસઃ	૧૨૦૬
દૂધ-દહીં ગોરસરૂપે અભિન્ન	૧૨૦૬
માધ્વાચાર્યની સ્યાદ્વાદમાં સંમતિ	૧૨૦૬
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાર્વત્રિક	૧૨૦૬
સકલં જગત્ ત્રિલક્ષણમ્	૧૨૦૭
આમ્રમીમાંસા સંદર્ભની વિચારણા	૧૨૦૭
દુગ્ધપાનાદિત્યાગપ્રયોજનની વિચારણા	૧૨૦૭
લોકોત્તરોદાહરણવિભાવના	૧૨૦૮
વ્રતી દ્વારા થતા વર્જનથી ત્રયાત્મકત્વસિદ્ધિ	૧૨૦૮
અષ્ટસહસ્રીસંવાદઃ	૧૨૦૯

વિષય	પૃષ્ઠ
અપસિદ્ધાન્ત દોષની શંકા	૧૨૦૯
ત્રયાત્મક વસ્તુ પણ અનન્તધર્માત્મક	૧૨૦૯
વ્યાવૃત્તિમાં તુચ્છતાનો આક્ષેપ	૧૨૦૯
નિત્યાઽનિત્યવસ્તુસાધનમ્	૧૨૧૦
પરસ્વરૂપવ્યાવૃત્તિ પણ વસ્તુસ્વભાવ	૧૨૧૦
વિભિન્ન અભિપ્રાયથી વસ્તુનું વિભિન્ન સ્વરૂપ જાણીએ	૧૨૧૦
ઉત્પાદાદ્યનુવેધઃ	૧૨૧૧
સપ્તભંગીનો અતિદેશ	૧૨૧૧
ધ્રૌવ્યમિશ્રિત સમકાલીન ઉત્પાદ-વ્યય	૧૨૧૧
ઉત્પાદ-વ્યય સમકાલીન	૧૨૧૧
અન્વયિ-વ્યતિરેકિસ્વરૂપપરામર્શઃ	૧૨૧૨
ગોરસ પણ નિત્યાનિત્ય	૧૨૧૨
જુદી પરિભાષાથી દ્રવ્ય-પર્યાયની વિચારણા	૧૨૧૨
વિશેષસ્યાઽપિ અન્વયિત્વમ્	૧૨૧૩
અન્વય-વ્યતિરેક એકાંત : નૈયાયિક	૧૨૧૩
અન્વય-વ્યતિરેક અનેકાંત : જૈન	૧૨૧૩
કેવલાન્વયિતત્ત્વવિમર્શઃ	૧૨૧૪
અનભિલાપ્યભાવવિચારણા	૧૨૧૪
અભિલાપ્યત્વ પણ કેવલાન્વયી નથી : જૈન	૧૨૧૪
પ્રમેયત્વ કેવલાન્વયી : નૈયાયિક	૧૨૧૪
પ્રમેયત્વસ્ય ન કેવલાન્વયિત્વમ્	૧૨૧૫
પ્રમેયત્વ પણ કેવલાન્વયી નથી : જૈન	૧૨૧૫
સ્વાભાવઅસામાનાધિકરણ્ય = કેવલાન્વયિત્વ	૧૨૧૫
અન્વય-વ્યતિરેકયોઃ સાર્વત્રિકતા	૧૨૧૬
જ્ઞેયત્વ પણ કેવલાન્વયી નથી : જૈન	૧૨૧૬
અન્વયિત્વ અને વ્યતિરેકિત્વ વ્યધિકરણ : એકાન્તવાદી	૧૨૧૬
અન્વયિત્વ અને વ્યતિરેકિત્વ પરસ્પર સમાનાધિકરણ : અનેકાન્તવાદી	૧૨૧૬
આત્મનોઽપિ ધ્વંસપ્રતિયોગિત્વમ્	૧૨૧૭
ઘટાદિ પણ કથંચિત્ નિત્ય : જૈન	૧૨૧૭

विषय	पृष्ठ
अन्वयित्वने अने व्यतिरेकित्वने व्यधिकरण ठरावववानो पुनः प्रयास	१२१७
सत्त्वं त्रिलक्षणस्वरूपम्	१२१८
अन्वयित्व अने व्यतिरेकित्व परस्पर समानाधिकरण	१२१८
तमाम वस्तु त्रिलक्षणात्मक	१२१८
सद्रूपता मिथोऽनुविद्धोत्पादाद्यधीना	१२१९
त्रिलक्षणमां अनुमानसहकार विचार	१२१९
उत्पाद-व्यय अने ध्रौव्य व्यधिकरण : एकान्तवादी	१२१९
प्रत्यभिज्ञाप्रमाणं बलाधिकम्	१२२०
उत्पाद-व्यय अने ध्रौव्य समानाधिकरण : एकान्तवादी	१२२०
उत्पादादिशून्य मिथ्या : चन्द्रसेनाचार्य	१२२०
सम्यग्दृष्टि सर्वदा ज्ञानी	१२२०
लोकोत्तरदृष्टान्तेन लोकोत्तरसिद्धान्तस्थापनम्	१२२१
लोकोत्तर सिद्धान्तने दृढ करीओ	१२२१
द्रव्यार्थादेशतः प्रतिक्षणम् उत्पादादिसिद्धिविचारः	१२२२
द्वितीयक्षणे पुनः उत्पत्ति अंगे विचारणा	१२२२
अनुगमशक्तित उत्पाद-व्ययौ ध्रौव्यमीलितौ	१२२३
उत्पाद-व्यय ध्रौव्यमिश्रित छे - सिद्धान्तपक्ष	१२२३
उपलक्षणीभूय सम्बन्धभानप्रतिपादनम्	१२२४
पर्यायउत्पाद-व्यय उपादानद्रव्यस्वरूप : जैन	१२२४
द्वितीयक्षणे प्रथमक्षण उपलक्षणरूपे भासे	१२२४
'इदानीं घट उत्पन्न' इति वाक्यविमर्शः	१२२५
उत्तरकाळे मृदादिस्वरूपे प्रथम क्षण सत् : जैन	१२२५
'इदानीं' शब्दप्रयोग विचार	१२२५
घटपदं मृद्द्रव्यपरम्	१२२६
'घट'पदनी माटीमां लक्षणा	१२२६
'घट'पदनी लक्षणानुं समर्थन	१२२६
'घट उत्पन्न' इति वाक्यविचारः	१२२७
प्रतियोगिता-अनुयोगितानो एकत्र भिन्नरूपे स्वीकार	१२२७
ध्रुवतामां उत्पाद-व्यय भळी जाय	१२२७
पूर्वसुकृतादीनाम् अनुगमशक्त्या सत्त्वम्	१२२८
दुष्कृतगर्हा - सुकृत अनुमोदनानुं तात्त्विक प्रयोजन	१२२८
पर्यायार्थतः प्रतिक्षणम् उत्पादादिसिद्धिविचारः	१२२९
भूतकालीन वगेरे प्रत्ययोथी गर्भित वाक्यनी प्रामाणिकता समजीओ	१२२९
'क्रियमाणं कृतं' सिद्धान्तनी विचारणा	१२२९
क्रियाकाल-निष्ठाकालयोः ऐक्यम्	१२३०
दीर्घकालीन उत्पत्ति अंगे मीमांसा	१२३०
व्यवहारतो विभक्तकालत्रयप्रयोगः	१२३१
त्रण काळभेद व्यवहारनयसापेक्ष	१२३१
'उत्पत्स्यते, उत्पद्यते, उत्पन्नः' प्रयोग विचार	१२३१
व्यवहारमां अविभक्त काळत्रयना प्रयोगनो आक्षेप	१२३१
ऋजुसूत्रानुगृहीतव्यवहारनयमतद्योतनम्	१२३२
अनेकविध उपचार व्यवहारमान्य	१२३२
विभक्तकालत्रयप्रयोग सूक्ष्मव्यवहारनयथी संभवित : समाधान	१२३२
सूयगडांगव्याख्यानी स्पष्टता	१२३२
'क्रियमाणं कृतम्' इति सिद्धान्तविमर्शः	१२३३
'क्रियमाणं कृतं' नियम अंगे नयमतभेदप्रदर्शन	१२३३
भगवतीसूत्रवृत्तिना प्रबंधनी स्पष्टता	१२३३
विभक्तकालत्रयप्रयोगसमर्थनम्	१२३४
पर्यायार्थनयनी प्रसिद्ध विभक्तप्रयोगनी संगति	१२३४
सूक्ष्मव्यवहारनयमतप्रकाशनम्	१२३५
विशेषावश्यकभाष्य मुजब विभक्त-कालत्रयप्रयोगनुं समर्थन	१२३५
वाक्यप्रयोगे उत्पादादिव्यवस्थाविद्योतनम्	१२३६
ऋजुसूत्र अने व्यवहार नयना मिलननुं प्रयोजन	१२३६
'उत्पन्नः' पण 'उत्पद्यमानः उत्पत्स्यते च'	१२३६

વિષય	પૃષ્ઠ
साकल्येन वस्तु त्रितयात्मकम्	१२३७
નિશ્ચયમાં અંશ-અંશીકલ્પના અસ્વીકારનો ફલિતાર્થ	१२३७
નિશ્ચય-વ્યવહારના સિદ્ધાન્તને જીવનમાં વણવાની કળા	१२३७
परस्मै निश्चयः स्वस्मै च व्यवहारः योज्यः	१२३८
યથાર્થ આરાધકપણાની ઓળખ	१२३८
कपालध्वंसः घटोत्पादाऽभिन्नः	१२३९
ઉત્તરોત્તરપર્યાયોત્પત્તિધારારૂપે નાશની વિચારણા	१२३९
उत्पादविशिष्टनाशव्यवहारमीमांसा	१२४०
वर्त्तमानत्वादिस्वरूपद्योतनम्	१२४१
નવ્યનૈયાયિકમત મુજબ ઉત્પત્તિવિચાર	१२४१
प्रबन्धेनोत्पद्यमाने उत्पन्नत्वाऽन्वयोऽयोग्यः	१२४२
ઉત્પદ્યમાનમાં ઉત્પન્નત્વનો અન્વય બાધિત : નવ્ય નૈયાયિક	१२४२
ઉત્પત્તિધારાસ્વરૂપ નિષ્ઠાના અન્વયની મીમાંસા	१२४२
नश्धात्वर्थविचारः	१२४३
'નશ્' ધાતુના બે અર્થની વિચારણા	१२४३
प्रागभावनाशस्य त्रैकालिको व्यवहारः	१२४४
नश्यत्समये "नष्टम्" प्रयोगविचारः	१२४५
'नश्यद् नष्टं' પ્રયોગ અમાન્ય : નવ્ય નૈયાયિક	१२४५
'नश्' ધાતુની નાશોત્પત્તિમાં લક્ષણા : શંકા	१२४५
भवानन्दाभिप्रायप्रदर्शनम्	१२४६
એકદેશ અન્વય અમાન્ય : સમાધાન	१२४६
'नश्' ધાતુ સ્થળે દીધિતિકારમતપ્રદર્શન	१२४६
ગદાધર દ્વારા દીધિતિકારમતસમર્થન	१२४६
उत्पत्तौ कालान्वयविचारः	१२४७
વ્યુત્પત્તિવાદમાં 'नश्यति' સ્થળમાં દીધિતિકારમતપ્રદર્શન	१२४७
'नश्यति' સ્થળમાં ગદાધરમતપ્રકાશન	१२४७
गदाधरमते लाघवम्	१२४८
દેશાન્વય ગદાધરમાન્ય	१२४८
'नश्यति' સ્થળમાં અન્યમત	१२४८
નવ્યનૈયાયિકમતે વિભક્ત કાલત્રયઅન્વય	१२४८
विभक्तकालत्रयप्रयोगसमर्थनम्	१२४९
વ્યવહારનયમાન્ય ઉત્પત્તિ વિમર્શ	१२४९
सूक्ष्मव्यवहारानुसरणबीजद्योतनम्	१२५०
સૂક્ષ્મ વ્યવહારનયથી 'उत्पन्नः' ઈત્યાદિ વાક્યપ્રયોગનું સમર્થન	१२५०
વિભક્તકાલપ્રયોગમાં શ્રીશાંતિસૂરિસંમતિ	१२५०
क्रियमाणं कृतम् अकृतञ्च नयमतभेदेन	१२५१
સર્વનયાત્મક જિનવચન	१२५१
પ્રમાણરાજ સ્યાદ્વાદનો સેવક વ્યવહારનય	१२५१
उपाये सति सर्वचित्तरञ्जनं कार्यम्	१२५२
નવ્યનૈયાયિકમતનિરાસ અતિદેશ	१२५२
નિશ્ચયનયના અસ્વીકારમાં તત્ત્વોચ્છેદાદિ દોષ	१२५२
प्रागभावध्वंसोत्पादे कालान्वयोऽसङ्गतः	१२५३
પ્રાગભાવના માધ્યમથી વ્યવહાર અસંગત : પૂર્વપક્ષ	१२५३
નાશવ્યવહાર અસંગત : પૂર્વપક્ષ ચાલુ	१२५३
उत्पादादिक्रियापरिणामात्मक-वर्तमानत्वादिविमर्शः	१२५४
'उत्पद्यते, नश्यति' પ્રયોગનું અન્ય રીતે સમર્થન : ઉત્તરપક્ષ	१२५४
સ્વગત વર્ત્તમાનત્વથી તાદેશ વ્યવહાર	१२५४
निष्ठापरिणामात्मकातीतत्वविचारः	१२५५
નિષ્ઠાપરિણામની અપેક્ષાએ ભૂતકાલીન પ્રયોગનું સમર્થન	१२५५
'उत्पत्स्यते' ઈત્યાદિ પ્રયોગનું સમર્થન	१२५५
भविष्यत्त्वनिर्वचनम्	१२५६
'नङ्क्ष्यति' - પ્રયોગનું સમર્થન	१२५६
'क्रियमाणं कृतमि'ति सिद्धान्तसमर्थनम्	१२५७
'उत्पद्यमानम् उत्पन्नम्' ઈત્યાદિ પ્રયોગનું સમર્થન	१२५७

विषय	पृष्ठ
सैद्धान्तिक प्रयोगनुं समर्थन	१२५७
प्रथम समये नारक व्यवहारनी विचारणा	१२५७
प्रथमक्षणेऽनुत्पन्नस्य पश्चादुत्पादाऽयोगः	१२५८
'કડેમાણે કડે' सिद्धान्त : भगवतीवृत्तिदर्पणमां	१२५८
'उत्पद्यमानम् उत्पन्नम्' नुं भगवतीसूत्रवृत्तिथी समर्थन	१२५८
उत्पद्यमानम् उत्पन्नम्	१२५९
नव्यनैयायिकमतनुं निराकरण	१२५९
उत्पत्तिकाले नाशस्वीकार सदोष : पूर्वपक्ष	१२५९
उत्पत्तिकाले नाशस्वीकार निर्दोष : उत्तरपक्ष	१२५९
नैयायिकमतसमालोचना	१२६०
એકત્ર ध्वंसनी प्रतियोगिता अने आधारता अविरुद्ध	१२६०
निश्चयमतसमर्थन	१२६०
नश्यत्समये नष्टत्वसमर्थनम्	१२६१
त्रिपदीमां त्रिकाल अन्वययोजना	१२६१
संमतितर्कसंवाद	१२६१
संमतिगाथा उपर भगवतीसूत्रव्याख्या	१२६१
सम्मतितर्कव्याख्याद्वयविमर्शः	१२६२
वादमहार्णवविवरण	१२६२
त्रिकालविषयद्रव्यस्वरूपप्रतिपादनम्	१२६३
दरेक क्रियाक्षणे विभिन्नस्वरूपे कार्योत्पत्ति	१२६३
त्रैकालिक उत्पादादि समर्थन	१२६३
स्थित्यादौ कालत्रयान्वितोत्पादादिविमर्शः	१२६४
नाशसमये उत्पादादि हाजर	१२६४
उत्पादादिशून्य वस्तुनो असंभव : कुंदकुंदाचार्य	१२६४
प्रतिवस्तु त्रैकालिकोत्पादादिसमर्थनम्	१२६५
दिगंबरमतमां उत्पादादिमां कालत्रयसंबंध	१२६५
प्रत्येक ध्रौव्यादि त्रितयात्मक	१२६५
पर्यायाणां सर्वथा नाशाऽयोगः	१२६६
स्थिति आदि पर्याय कालत्रयसापेक्ष	१२६६
वस्तुमां नवभंगीनी प्रसिद्धि	१२६६

विषय	पृष्ठ
त्रैकालिकः सल्लक्षणपरामर्शः	१२६७
द्रव्यानुयोगतर्कणामां विचारणीय मुद्दो	१२६७
मध्यस्थभावे यथोचित नय स्वीकार्य	१२६७
नयान्तरद्वेषः परिहार्यः	१२६८
કદાગ્રહમુક્તિને भेળवीએ	१२६८
उत्पन्नघटेऽनुत्पन्नसमत्वापादनम्	१२६९
द्वितीयादि क्षणे उत्पत्ति विचार	१२६९
क्षणान्तर्भावेन उत्पन्नोत्पादसाधनम्	१२७०
द्वितीयादि क्षणे उत्पत्तिनिरासनो प्रयास	१२७०
द्वितीय क्षणे नाश आपादन	१२७०
अनुत्पन्नत्वस्वरूपविमर्शः	१२७१
अनुत्पन्नत्व आपत्तिनुं निराकरण	१२७१
विशिष्य अनुत्पन्नत्वस्वरूपविमर्शः	१२७२
विशिष्टस्वરૂपे प्रतिक्षण उत्पत्ति-विनाश	१२७२
प्रतिक्षणोत्पादादिसिद्धिः	१२७३
द्रव्यानुयोगतर्कणामां विचारणीय मुद्दो	१२७३
प्रतिक्षण જાગૃતि કેળवी शुद्धस्वરૂपे परिણमीએ	१२७३
केवलज्ञानादौ उत्पाद-व्यय-ध्रौव्यसाधनम्	१२७४
गुणमां उत्पादादि त्रिलक्षणनो विचार	१२७४
केवलज्ञानादित्रैलक्षण्ये सम्मतितर्कसंवादः	१२७५
કેવલજ્ઞાનનો પણ નાશ शास्त्रमान्य !	१२७५
अवस्था-तद्वतोरभेदः	१२७६
કેવલજ્ઞાનમાં त्रैलक्षण्य	१२७६
अर्थपर्यायરૂपे કેવલજ્ઞાન अनित्य	१२७६
केवलज्ञानमपि नित्याऽनित्यम्	१२७७
त्रैलक्षण्य सर्वव्यापी	१२७७
કેવલજ્ઞાનના બે ભેદ	१२७७
केवलज्ञाननाश आगमसंमतः	१२७८
ભવસ્થ અને મુક્તિસ્થ જીવના કેવલજ્ઞાન વિભિન્ન	१२७८
सिद्धदशामां त्रैलक्षण्यसिद्धि	१२७८
જિનેશ્વરની सर्वज्ञता परमविश्वसनीय	१२७८
द्रव्य-गुण-पर्यायाणां त्रैलक्षण्यम्	१२७९
स्थूल-सूक्ष्मरूपेण केवलज्ञानादौ त्रैलक्षण्यसिद्धिः	१२८०

विषय	पृष्ठ
केवलज्ञानादिमां सूक्ष्म त्रैलक्षण्य विचारणा	१२८०
प्रतिक्षणं केवलज्ञानादिपर्यायभेदः	१२८१
केवलज्ञानादिमां प्रतिसमय उत्पादादि सिद्धि	१२८१
विज्ञानसन्तत्या आत्मा ध्रुवः	१२८२
ज्ञानपर्याय ज्ञेयसापेक्ष	१२८२
साकारज्ञानं जैनसम्मतम्	१२८३
ज्ञान अनाकार नथी : श्रीअभयदेवसूरिजी	१२८३
ज्ञान साकार छे : श्रीहेमचन्द्रसूरिजी	१२८३
ज्ञानाकारोऽर्थप्रयुक्तः	१२८४
ज्ञानत्वावच्छेदेन ज्ञानमां साकारता	१२८४
ज्ञान साकार छतां योगाचारमत अस्वीकार्य	१२८४
निराकारदर्शनेऽपि दृश्याकारः	१२८५
त्रिविध विषयितावि‌मर्श	१२८५
दर्शन दृश्यसापेक्ष	१२८५
क्रमिकत्वेऽपि केवलज्ञानादिध्रौव्यम्	१२८६
जैनमतमां अने योगाचारमतमां भिन्नता	१२८६
केवलोपयोगत्वेन ध्रौव्यम्	१२८७
केवलज्ञान उपयोगरूपे विनाशी, लब्धिरूपे अविनाशी	१२८७
केवलोपयोगत्वरूपे केवलज्ञान नित्य	१२८७
निशीथचूर्णिसंवादेन केवलज्ञानादेः यौगपद्यम्	१२८८
युगपत् केवलज्ञान-दर्शनउपयोग निशीथचूर्णिसंमत	१२८८
युगपत्केवलज्ञान-दर्शनोपयोगस्थापनम्	१२८९
निशीथचूर्णिनुं स्पष्टीकरण	१२८९
'जुगवं दो नत्थि उवओगा' - वचननुं बीजुं तात्पर्य	१२८९
सम्मतिव्याख्यापाठभेदोपदर्शनम्	१२९०
युगपत् उपयोगद्वयनिषेधनुं अन्य तात्पर्य	१२९०
पाठभेदनी विशेष स्पष्टता	१२९०
युगपन्मानसविकल्पद्वयनिषेधनम्	१२९१
युगपत् केवलज्ञान-दर्शननुं समर्थन	१२९१
देवचन्द्रवाचकमतप्रकाशनम्	१२९२
केवलज्ञानमां त्रैलक्षण्यनी विचारणा	१२९२
युगपद् उपयोगद्वयनिषेध छद्मस्थविषयक : दिगंबर	१२९२
उपयोगविषयकदिगम्बरमतम्	१२९३
केवलज्ञान-दर्शनउपयोग युगपत् : दिगंबर	१२९३
'कृतक होय ते नश्वर ज होय' तेवो नियम नथी	१२९३
ज्ञानाद्युपयोगे ज्ञेयादिभावितत्वम्	१२९४
अप्रशस्त ज्ञेय-दृश्यने छोडीओ	१२९४
सम्यक्त्वादौ त्रैलक्षण्यसिद्धिः	१२९५
क्षणसंबंध द्वारा निराकार भावमां उत्पादादिनी सिद्धि	१२९५
सम्यक्त्वे श्रद्धेयाद्याकाराऽयोगः	१२९६
निराकार भावोमां केवलनित्यतानो आक्षेप	१२९६
समकित वगेरेमां काळसापेक्ष उत्पादादि	१२९६
सिद्धो समयसामान्यसंबंधस्वरूपे ध्रुव	१२९६
समयसम्बन्धस्य स्थित्यादिसम्पादकता	१२९७
सिद्ध भगवंतमां प्रथम-अप्रथम आदि भेदथी अनित्यता	१२९७
प्रथमसमयसिद्ध करतां अप्रथमसमयसिद्ध अनंतगुण अधिक	१२९७
प्रथमाऽप्रथमसिद्धादिभेदाः तात्त्विकाः	१२९८
अद्धापर्यायनाश थवा छतां सर्वथा नाश असंभव	१२९८
सर्वथानाशे समयादिविशेषणवैयर्थ्यम्	१२९९
उत्पादादिशून्य निराकार भावो असत्	१२९९
उत्पादादेः व्ययादिरूपता	१३००
प्रतिसमय त्रैलक्षण्यना अस्वीकारमां बंध-मोक्षादि अनुपपन्न	१३००
काळ कोणियो करी जाय छे	१३००
शुद्धस्वरूपेण आत्मपरिणमनोपायोपदर्शनम्	१३०१
प्रतिद्रव्यं स्व-परपर्यायतुल्योत्पादादयः	१३०२
स्व-परपर्यायथी अनेकविध उत्पादादि	१३०२
उत्पाद-व्ययसमा ध्रौव्यभेदाः	१३०३
प्रतिसमय अनंतधर्मात्मक वस्तु	१३०३

વિષય	પૃષ્ઠ
એક કાળે એક દ્રવ્યમાં અનંત પર્યાય	૧૩૦૩
પૂર્વપર્યાયાઽનાશે ઉત્તરપર્યાયાઽયોગઃ	૧૩૦૪
ઉત્તરસમયે પૂર્વદશાનાશ માનવો જરૂરી	૧૩૦૪
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કાળ-સંખ્યાથી તુલ્ય	૧૩૦૪
नानासम्बन्धवशेनैकत्र नानाविधोत्पादादयः	૧૩૦૫
શરીરના દૃષ્ટાંતથી અનંત પર્યાયોના ઉત્પાદનું નિરૂપણ	૧૩૦૫
મન વગેરેની ઉત્પત્તિનો વિચાર	૧૩૦૫
ઉત્પદ્યમાનભેદથી ઉત્પત્તિભેદ	૧૩૦૫
प्रतिद्रव्यं प्रतिसमयमनन्तपर्यायात्मकता	૧૩૦૬
એક જ પદાર્થની વિવિધ ગ્રંથોમાં ઉપલબ્ધિ	૧૩૦૬
પ્રત્યેક દ્રવ્ય સર્વદ્રવ્યસંબદ્ધ	૧૩૦૬
सम्यग्दृशो यथावस्थितवस्तुग्रहणप्रवणत्वम्	૧૩૦૭
દરેક દ્રવ્યની તમામ દ્રવ્ય ઉપર અસર	૧૩૦૭
प्रायोगिकी उत्पत्तिः अशुद्धा	૧૩૦૮
ઉત્પત્તિના બે ભેદને સમજીએ	૧૩૦૮
પ્રાયોગિક ઉત્પત્તિ વ્યવહારસંમત	૧૩૦૮
समुदायवादनिरूपणम्	૧૩૦૯
उत्पादगताऽपरिशुद्धत्वव्याख्या	૧૩૧૦
શબ્દનિત્યતાનું નિરાકરણ	૧૩૧૦
ઉત્પત્તિની અશુદ્ધતાનું બીજ પરાધીનતા	૧૩૧૦
ઉત્પત્તિનો ત્રીજો ભેદ ઓળખીએ	૧૩૧૦
त्रिविधोत्पत्तिसमर्थनम्	૧૩૧૧
વિવક્ષાથી ત્રીજી ઉત્પત્તિ સ્વતંત્ર	૧૩૧૧
મિશ્રપરિણામી દ્રવ્યની વિચારણા	૧૩૧૧
पञ्चविधपुद्गलप्रज्ञापनम्	૧૩૧૨
ત્રિવિધ ઉત્પત્તિના ઉદાહરણો	૧૩૧૨
मुक्त्युत्पत्तेरवैस्रसिकत्वेन उद्यमापेक्षा	૧૩૧૩
મિશ્ર ઉત્પત્તિ પણ વાસ્તવિક	૧૩૧૩
અંતરંગ-બહિરંગ સત્ પુરુષાર્થ ન ચૂકીએ	૧૩૧૩
पुरुषव्यापाराऽजन्यत्वं वैस्रसिकोत्पादलक्षणम्	૧૩૧૪
વિસ્રસા ઉત્પત્તિનું લક્ષણ	૧૩૧૪
समुदयकृतवैस्रसिकोत्पादनिरूपणम्	૧૩૧૫

વિષય	પૃષ્ઠ
લાઘવસહકારથી વૈસ્રસિક ઉત્પત્તિલક્ષણનો નિર્ણય	૧૩૧૫
વિસ્રસા ઉત્પત્તિના બે પ્રકાર	૧૩૧૫
ઘટની પણ વૈસ્રસિક ઉત્પત્તિને સમજીએ	૧૩૧૫
द्विविधवैस्रसिकोत्पादप्रतिपादनम्	૧૩૧૬
સમુદયજનિત વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ	૧૩૧૬
સમ્મતિકારના મત મુજબ વૈસ્રસિક ઉત્પત્તિનો વિચાર	૧૩૧૬
वैस्रसिकोत्पादविचारेण राग-द्वेषौ परिहार्यौ	૧૩૧૭
વૈસ્રસિક ઉત્પત્તિની સમજણ કર્મબંધથી બચાવે	૧૩૧૭
परमाणूत्पादविचारः	૧૩૧૮
ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિની વ્યાખ્યા	૧૩૧૮
સંયોગથી જ દ્રવ્યોત્પત્તિ : નૈયાયિક	૧૩૧૮
विभागजन्योत्पादसमर्थनम्	૧૩૧૯
નૈયાયિકમાન્ય ઉત્પત્તિ પ્રક્રિયાનું નિરાકરણ	૧૩૧૯
પ્રતિબંધકાભાવસહિત કારણતાકલ્પના : નૈયાયિક	૧૩૧૯
संयोगविशेषस्य द्रव्यत्वावच्छिन्नहेतुत्वे व्यभिचारः	૧૩૨૦
જૈનમતમાં કારણતાઅવચ્છેદકધર્મમાં લાઘવ	૧૩૨૦
મુક્તાવલીકારમતની સમીક્ષા	૧૩૨૦
અવયવસંયોગને દ્રવ્યોત્પાદક માનવામાં વ્યભિચાર	૧૩૨૦
विभागजोत्पादे सम्मतितर्कसंवादः	૧૩૨૧
સંયોગ-વિભાગ બન્નેમાં સ્વતન્ત્ર કારણતા	૧૩૨૧
પરમાણુમાં ત્રૈલક્ષણ્યસિદ્ધિ	૧૩૨૧
વિભાગજાત ઉત્પત્તિનું સમર્થન	૧૩૨૧
परमाणूत्पादमीमांसा	૧૩૨૨
નૈયાયિક ઉત્પત્તિથી અજાણ	૧૩૨૨
નૈયાયિકમતની મીમાંસા	૧૩૨૨
परमाणुनित्यतानिरासः	૧૩૨૩
દ્વ્યણુકજનક સંયોગ વિશે પ્રશ્નો	૧૩૨૩
સમવાય નિરાસ	૧૩૨૩
परमाणुरूपत्वत्यागसमर्थनम्	૧૩૨૪
નૈયાયિકમતે સ્થૂલત્વ અનુપપન્ન	૧૩૨૪
कार्यताव्यवस्थानिबन्धनविचारः	૧૩૨૫
પરમાણુ પણ અનિત્ય છે	૧૩૨૫

વિષય	પૃષ્ઠ
વિભાગજન્ય અણુજન્મનું સમર્થન	૧૩૨૫
स्याद्वादकल्पलतादिसंवादः	૧૩૨૬
અનેકનું એકમાં વિભાજન અને એકનું અનેકમાં સંયોજન	૧૩૨૬
વિભાગજન્ય ઉત્પત્તિનું સમર્થન	૧૩૨૬
ભગવતીસૂત્રમાં પરમાણુઉત્પાદની વિચારણા	૧૩૨૬
रूक्षादिपर्यायैरपि परमाणुव्ययसाधनम्	૧૩૨૭
અણુદશામાં પણ અણુ અનિત્ય	૧૩૨૭
परमाणुस्वरूपप्रकाशनम्	૧૩૨૮
પ્રમાણનું મૂળ પરમાણુ	૧૩૨૮
દિગંબરમત મુજબ પણ પરમાણુ અનિત્ય	૧૩૨૮
સ્નિગ્ધાદિસ્વરૂપે પરમાણુના ઉત્પાદ-વ્યય	૧૩૨૮
नयद्वयेन परमाणोः नित्यानित्यत्वस्थापनम्	૧૩૨૯
પ્રતિક્ષણ પરમાણુમાં ઉત્પાદ-વ્યય સિદ્ધિ	૧૩૨૯
પરમાણુ નયભેદથી નિત્ય અને અનિત્ય	૧૩૨૯
गुणानामुत्पादादित्रितयशालित्वम्	૧૩૩૦
ગુણમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અબાધિત	૧૩૩૦
નિશ્ચય-વ્યવહાર મતભેદવિચારણા	૧૩૩૦
कर्मोपाधिविघटनकृते यतितव्यम्	૧૩૩૧
કર્મવિભાગ માટે સજ્જ થઈએ	૧૩૩૧
धर्मादौ ऐकत्विकोत्पादद्योतनम्	૧૩૩૨
ધર્માસ્તિકાય વગેરેમાં ઉત્પત્તિ આદિની વિચારણા	૧૩૩૨
वैस्रसिकैकत्विकोत्पादप्रतिपादनम्	૧૩૩૩
નિત્ય પદાર્થમાં ઉત્પાદ અંગે શંકા - શમન	૧૩૩૩
સાદિવિસ્રસાકરણ ઐકત્વિકસમુત્પાદસ્વરૂપ	૧૩૩૩
द्विविधैकत्विकोत्पादविचारः	૧૩૩૪
આકાશમાં ઐકત્વિકઉત્પત્તિવિચાર	૧૩૩૪
ઋજુસૂત્રનયથી પ્રતિક્ષણ ઐકત્વિક ઉત્પાદ	૧૩૩૪
ધર્માસ્તિકાયથી પણ ઉપદેશ લઈએ	૧૩૩૪
ज्ञानयोगपराकाष्ठोपायोपदर्शनम्	૧૩૩૫
જ્ઞાનયોગને યોગ્ય બનીએ	૧૩૩૫
उभयजनिते प्रत्येकजनितत्वद्योतनम्	૧૩૩૬
પરનિમિત્તક વસ્તુસ્વરૂપ પ્રત્યે નિશ્ચયનય ઉદાસીન	૧૩૩૬

વિષય	પૃષ્ઠ
धर्माद्युत्पत्तौ निश्चय-व्यवहारमतभेदप्रकाशनम्	૧૩૩૭
નયમતભેદથી સખંડ-અખંડસ્વરૂપગ્રહણ	૧૩૩૭
ધર્માસ્તિકાયાદિમાં ઐકત્વિક ઉત્પત્તિનું સમર્થન	૧૩૩૭
ऐकत्विकानैकत्विकोत्पादगोचरस्याद्वादः	૧૩૩૮
આકાશાદિની ઉત્પત્તિ કથંચિત્ ઐકત્વિક	૧૩૩૮
આકાશાદિની સિદ્ધિ	૧૩૩૮
उत्पादादौ तत्त्वार्थराजवार्तिककृन्मतप्रकाशनम्	૧૩૩૯
કાલાદિ પંચસમવાયકારણતાનો સિદ્ધાન્ત અબાધિત	૧૩૩૯
દિગંબરમત મુજબ ધર્માસ્તિકાય આદિમાં ઉત્પત્તિની વિચારણા	૧૩૩૯
स्व-परप्रत्ययजन्योत्पादप्ररूपणम्	૧૩૪૦
પરનિમિત્તક ઉત્પત્તિની વિચારણા	૧૩૪૦
नानामतसत्यत्वप्रतिपादनम्	૧૩૪૧
દિગંબરમતમાં અને શ્વેતાંબરમતમાં તફાવતની વિચારણા	૧૩૪૧
ધર્માદિમાં પરનિમિત્તક ઉત્પાદ-વ્યય, સ્વનિમિત્તક ધ્રૌવ્ય : શ્રીદેવચન્દ્રજી	૧૩૪૧
आध्यात्मिकोन्नतिकारकांशा ग्राह्याः	૧૩૪૨
હાનિકારક અંશને છોડીએ	૧૩૪૨
शुद्धभावस्याद्वादः ग्राह्यः	૧૩૪૩
શુદ્ધ ભાવસ્યાદ્વાદને અપનાવીએ	૧૩૪૩
वैस्रसिकविनाशविचारः	૧૩૪૪
વિનાશના બે પ્રકાર	૧૩૪૪
ધર્માસ્તિકાય વગેરેના નાશનો વિચાર	૧૩૪૪
निश्चय-व्यवहारनयाभ्यां विनाशविमर्शः	૧૩૪૫
પ્રાયોગિક-વૈસ્રસિક વિનાશ	૧૩૪૫
रूपान्तरपरिणामाऽर्थान्तरभावगमन-स्वरूपविनाशविद्योतनम्	૧૩૪૬
સમુદયવિભાગાત્મક વિનાશનો વિચાર	૧૩૪૬
અર્થાન્તરગમનરૂપ નાશની સમજ	૧૩૪૬
ઘટસ્ય મૃદ્દ્રવ્યરૂપતા	૧૩૪૭
વિનાશના વિવિધ પ્રકારોનું વ્યુત્પાદન	૧૩૪૭

विषय	पृष्ठ
विनाशगोचरः सम्मतिव्याख्याकारविचारः	१३४८
स्वाभाविक विनाश द्विविध	१३४८
मृत्पिंडना पुनरुन्मज्जननी आपत्तिनो उद्धार	१३४८
अतीतस्य वर्तमानत्वाऽयोगः	१३४९
विनाश तुच्छ नथी	१३४९
परिणामपदार्थप्ररूपणा	१३५०
परिणामव्याख्या :- द्रव्यार्थनयनी दृष्टिए	१३५०
अर्थान्तरभावगमनेऽपि ध्रौव्यमव्याहतम्	१३५१
परिणाम पण नित्य छे : द्रव्यास्तिक	१३५१
व्यवहारनयेन ध्वंसविचारः	१३५२
मृद्द्रव्य ज घटादिध्वंसात्मक	१३५२
विनाश व्याख्या : पर्यायार्थनयनी दृष्टिए	१३५२
द्रव्यार्थिक-पर्यायार्थिकनयद्वयार्पणया नाशनिरूपणम्	१३५३
रूपांतरपरिणाम द्रव्यार्थिकमान्य, अर्थान्तरगमन पर्यायार्थिकसंमत	१३५३
विविध नयनी दृष्टिए विनाशनो विचार	१३५३
द्रव्यार्थिक-पर्यायार्थिकयोः सम्यग्दृष्टित्वसाधनम्	१३५४
पर्यायार्थिकसंमत ध्वंसविशेषनुं उदाहरण	१३५४
बधा ज नय मिथ्या ज होय तेवो एकान्त अमान्य	१३५४
तद्भावः परिणामः	१३५५
नय पण सत्य संभवे छे	१३५५
परिणामनी ओळखाण	१३५५
पातञ्जलमते परिणामव्याख्या	१३५६
दिगंबरमत मुजब परिणामव्याख्या	१३५६
परिणामना त्रण भेद - विद्यानन्दस्वामी	१३५६
परिणाम : पतंजलिना दृष्टिकोणमां	१३५६
साङ्ख्यकारिकायुक्तिदीपिकासंवादः	१३५७
परिणाम : सांख्यनी नजरे	१३५७
आविर्भाव-तिरोभावनी विचारणा	१३५७
मुक्तात्मस्वरूपे आत्माने परिणमावीए	१३५७
आत्मनः संसारितया नाशः कार्यः	१३५८
रूपान्तरलक्षणः प्रकाशविनाशः तमः	१३५९

विषय	पृष्ठ
अंधकार प्रकाशपरिणामस्वरूप	१३५९
विद्युत वगेरे पण निरन्वयविनाशी नथी	१३५९
अन्धकारस्य द्रव्यात्मकता	१३६०
दर्शित संदर्भ स्मरण	१३६०
जयलतानो अतिदेश	१३६०
परमाणुनाशोऽर्थान्तरगमनलक्षणः	१३६१
अंधकार द्रव्यात्मक छे : शांतिसूरिजी	१३६१
अर्थान्तरगमनात्मक विनाशनुं उदाहरण	१३६१
असंख्यकाळचक पछी परमाणुनो अवश्य नाश	१३६१
स्याद्वादकल्पलतानुसारेण नाशनिरूपणम्	१३६२
वैस्रसिक परमाणुनाशनी विचारणा	१३६२
विनाशवैविध्यविमर्शः	१३६३
पटसमये तंतुउपलब्धिनी मीमांसा	१३६३
क्षणसंबंधनाश द्वारा विशिष्टनाशनी सिद्धि	१३६३
समुदयविभागनाशस्य प्रतियोगिप्रत्यक्षप्रतिपन्थित्वम्	१३६४
अर्थान्तरगमननाश प्रतियोगीप्रत्यक्षनो अविरोधी	१३६४
आत्मा पण अनात्मा !	१३६४
विशुद्धात्मस्वरूपपरिणमनम् आवश्यकम्	१३६५
नाशद्वयभेदद्योतनम्	१३६६
अर्थान्तरविनाश अने रूपान्तरविनाश वच्चे भेद	१३६६
स्कन्धे परमाण्वनुपलब्धिः	१३६७
मूर्त्तद्रव्यनाशनी विचारणा	१३६७
नष्टस्यापि परमाणोः अनष्टत्वम्	१३६८
परमाणुमां बन्ने प्रकारना विनाश मान्य	१३६८
बन्ने नयथी परमाणु शाश्वत पण छे	१३६८
रूपान्तरपरिणामलक्षणात्मद्रव्यनाशार्थं यतनीयम्	१३६९
कर्मविभाग ईच्छनीय अने आवश्यक	१३६९
ऋजुसूत्रसम्मतध्रौव्यप्रतिपादनम्	१३७०
स्थूल ध्रौव्यनुं निरूपण	१३७०
सङ्ग्रहसम्मतध्रौव्यप्रतिपादनम्	१३७१
ध्रौव्यनी स्थूलतानी विचारणा	१३७१

विषय	पृष्ठ
सूक्ष्म ध्रौव्यनुं निरूपण	१३७१
सूक्ष्म ध्रौव्य सर्वपदार्थव्यापी	१३७१
पर्यायोऽपि त्रिलक्षणः	१३७२
રૂપાદિ પણ નિત્ય	१३७२
પર્યાયમાં પણ ત્રૈલક્ષણ્ય	१३७२
मृदादेः भस्मीभवनेऽपि ध्रौव्यमनाविलम्	१३७३
ઘટ પણ નિત્ય : સંગ્રહનય	१३७३
પુદ્ગલત્વજાતિની અપેક્ષાએ ઘડો નિત્ય	१३७३
द्रव्यत्वसाक्षाद्व्याप्यजात्यवच्छेदेन नियतपर्यायारम्भवादः	१३७४
નિયત-અનિયતआरंभवाद જૈન સંમત	१३७४
तत्तद्द्रव्यगुणपर्यायध्रौव्यं तत्तद्द्रव्यानुगतम्	१३७५
द्रव्यत्वसाक्षाद्व्याप्यजातिअवच्छेदेन नियतपर्याय आरंभ	१३७५
જીવ-અજીવગત ધ્રૌવ્ય જુદા-જુદા	१३७५
एकपर्यायनाशे सर्वथा द्रव्योच्छेदाऽयोगः	१३७६
સર્વથા જીવનાશ આક્ષેપ-નિરાકરણ	१३७६
એકાન્તપક્ષમાં સુખ-દુઃખાદિનો અસંભવ	१३७६
केवलज्ञानत्वरूपेण ज्ञानध्रौव्यानुभूतिः कार्या	१३७७
કેવલજ્ઞાનત્વરૂપે જ્ઞાનને નિત્ય બનાવીએ	१३७७
त्रिलक्षणचर्चातिदेशः	१३७८
નયવિભાગથી ત્રિવિધ દ્રવ્યલક્ષણ	१३७८
विस्ताररुचिसम्यक्त्वस्वरूपोपदर्शनम्	१३७९
ત્રિલક્ષણ ચર્ચાનો અન્ય ગ્રંથોમાં અતિદેશ	१३७९
सूत्रधरेभ्यः अर्थधराः प्रधानाः	१३८०
વિસ્તારરુચિ સમ્યગ્દર્શન દ્રવ્યાનુયોગજન્ય	१३८०
વિસ્તારરુચિ સમકિત બળવાન	१३८०
द्रव्यानुयोगाभ्यासः अत्यावश्यकः	१३८१
માતૃકા અનુયોગને ઓળખીએ	१३८१
वस्तुस्वभावः ज्ञानादिभावनाभावनीयः	१३८२
દ્રવ્યાનુયોગી પ્રવચનપ્રભાવક	१३८२
શાખા - ૯ - અનુપ્રેક્ષા	१३८३

विषय	पृष्ठ
शाखा - १०	
द्रव्यभेदनिरूपणम्	**१३८५-१६४६**
ટૂંકસાર (શાખા - ૧૦)	१३८६
द्रव्यप्रज्ञापना	१३८७
द्रव्यादिभेदनिरूपण प्रतिज्ञा	१३८७
द्रव्यलक्षणानां प्रकाशनम्	१३८८
द्रव्यलक्षण परामर्श	१३८८
द्रव्यलक्षणानां प्रकाशनम्	१३८९
स्वतन्त्र-समानतन्त्र-परतन्त्रानुसारेण द्रव्यलक्षणद्योतनम्	१३९०
द्रव्यादिभेदप्रतिपादनप्रतिज्ञा	१३९१
प्रतिज्ञाप्रदर्शन	१३९१
स्वमतिकल्पना तजीએ	१३९१
सम्यग्ज्ञान-ग्रन्थिभेदोपायोपदर्शनम्	१३९२
द्रव्यप्रकारज्ञान सम्यक्त्वजनक	१३९२
द्रव्यानुयोगज्ञानुरागस्य सम्यक्त्वोपकारकत्वम्	१३९३
સમકિત વિના ચારિત્ર ન હોય	१३९३
द्रव्यानुयोगपरिशीलन ग्रंथिभेदजनक	१३९३
विंशिकाप्रकरणसंवादः	१३९४
સમકિતયોગ્યતાની વિચારણા	१३९४
સમકિત હોય તો જ ક્રિયા શુદ્ધ અને સફળ	१३९४
સમકિતીની દરેક ક્રિયા નિર્જરાજનક	१३९४
सर्वव्यापाराणां चित्तानुरूपं फलम्	१३९५
દર્શન યોગસાફલ્યકારક : શ્રીભદ્રબાહુસ્વામીજી	१३९५
भावसम्यक्त्वस्वरूपद्योतनम्	१३९६
ક્રિયાહઠી જન્માંધ છે	१३९६
સમકિતના ત્રણ સ્વરૂપ	१३९६
शास्त्रश्रद्धाधिकस्वकल्पनाभिनिवेशस्य त्याज्यता	१३९७
કદાગ્રહીની શાસ્ત્રબુદ્ધિ પણ મિથ્યા	१३९७
मार्गाननुसारिणी भावशुद्धिः अनुचिता	१३९८
ભાવશુદ્ધિને ઓળખીએ	१३९८
કદાગ્રહીની ભાવશુદ્ધિ પણ કદાગ્રહ સ્વરૂપ	१३९८

विषय	पृष्ठ
द्रव्यानुयोगपरिशीलनथी कदाग्रहनिवृत्ति	१३९८
हठमार्गः त्याज्यः	१३९९
क्रियाकांडी नहि, क्रियायोगी - ज्ञानयोगी बनीओ	१३९९
षड्द्रव्यात्मको लोकः	१४००
जगत षड्द्रव्यात्मक	१४००
छ द्रव्यनुं प्रतिपादन	१४००
द्रव्यनित्यताविमर्शः	१४०१
पर्यायार्थिकमते सर्व द्रव्यनी उत्पत्ति	१४०१
द्रव्यत्वस्वरूपे उत्पत्ति असंभव	१४०१
पांच अस्तिकाय	१४०१
स्वतन्त्राऽवयविनिराकरणम्	१४०२
अस्तिकायस्वरूप : श्रीमलयगिरिसूरिजीनी दृष्टिओ	१४०२
अवयवी स्वतंत्र नथी	१४०२
अस्तिनिपातस्य त्रिकालवाचित्वम्	१४०३
अस्तिकायस्वरूप : श्रीसिद्धसेनगणिवरनी दृष्टिओ	१४०३
अस्तिकायस्वरूप : श्रीअभयदेवसूरिजीनी दृष्टिओ	१४०३
दिगम्बरमतानुसारेण अस्तिकायनिरूपणम्	१४०४
भगवतीसूत्रव्याख्यामां अस्तिकायनी समजण	१४०४
अस्तिकायस्वरूप : श्रीहरिभद्रसूरिजीनो दृष्टिकोण	१४०४
अस्तिकायस्वरूप अंगे सर्वार्थसिद्धिकारनो मत	१४०४
अद्धासमयोऽद्धासमयान्तरेणाऽस्पृष्टः	१४०५
अस्तिकायप्ररूपणा : तत्त्वार्थराजवार्त्तिक-कारना अभिप्रायथी	१४०५
अस्तिकाय अंगे कुंदकुंदस्वामीनुं मंतव्य	१४०५
काळ अनस्तिकाय छे	१४०५
कालः अनस्तिकायः	१४०६
अतीतादि काळ असत्	१४०६
काळ एक छे : श्रीमलयगिरिसूरिजी	१४०६
काळ एक छे : श्रीसिद्धसेनगणिवर	१४०६
निरंशसमयेन सखण्डकालविभागोपपादनम्	१४०७
अस्तिकाय : धवलाकारनी दृष्टिमां	१४०७
दिवस, रात वगेरे व्यवहारनी संगति	१४०७

विषय	पृष्ठ
मुहूर्तादि बुद्धिकल्पित क्षणसमूहात्मक : विज्ञानभिक्षु	१४०७
कालाऽऽनन्त्यम्	१४०८
क्षणसमूह काल्पनिक : व्यास	१४०८
काळ अनंत छे : उमास्वातिजी महाराज	१४०८
परमाणु अने काल पण कथंचित् अस्तिकायस्वरूप	१४०८
कालादौ अस्तिकायसमर्थनम्	१४०९
त्रिविध कायलक्षणनी विचारणा	१४०९
सक्रियद्रव्यो निश्चयथी छ, व्यवहारथी बे	१४०९
शुद्धात्मद्रव्यदृष्टिः मोक्षप्रसाधिका	१४१०
द्रव्यस्वरूपगोचरज्ञानथी निर्भयता आवे	१४१०
धर्मद्रव्यस्य गतिपरिणतद्रव्यगतिकारणता	१४११
धर्मास्तिकायनुं निरूपण	१४११
द्विविधकारणप्रतिपादनम्	१४१२
अनुमानप्रमाणथी धर्मास्तिकाय वगेरेनी सिद्धि	१४१२
धर्मद्रव्यस्य गतिपरिणतद्रव्यगतिकारणता	१४१३
गतिनुं अपेक्षाकारण धर्मास्तिकाय : सिद्धसेनगणी	१४१३
बलात्कारेण प्रेरकत्वं धर्मादौ नास्ति	१४१४
धर्मास्तिकाय पराणे गति न करावे	१४१४
'धर्म' शब्दनो व्युत्पत्ति अर्थ	१४१४
गतिपरिणत द्रव्यनी गति संभवे	१४१४
द्विविधनिमित्तकारणनिवेदनम्	१४१५
द्विविध निमित्तकारण	१४१५
संमतितर्कवृत्ति मुजब धर्मास्तिकायादिनी सिद्धि	१४१५
धर्माऽधर्मद्रव्यसाधकानुमानोपदर्शनम्	१४१६
धर्मास्तिकाय गतिनुं निर्वर्त्तक कारण नथी	१४१६
धर्मास्तिकाय अनुमानप्रमाणसिद्ध	१४१६
धर्मास्तिकायस्य नित्यद्रव्यत्वसिद्धिः	१४१७
कारणता अवश्य सावच्छिन्न होय	१४१७
धर्मास्तिकायमां एकत्व, नित्यत्व लाघवन्यायसिद्ध	१४१७
धर्मास्तिकायमां नित्यता अबाधित	१४१७

વિષય	પૃષ્ઠ
નિરાશ્રયગુણાऽसम्भवद्योतनम्	૧૪૧૮
અન્ય અનુમાનથી ધર્માસ્તિકાયસિદ્ધિ	૧૪૧૮
ધર્માસ્તિકાયાદિમાં લાઘવસહકારથી દ્રવ્યત્વસિદ્ધિ	૧૪૧૮
લાઘવેન ધર્માદીનાં દ્રવ્યત્વમ્	૧૪૧૯
'तद्धेतोः' ન્યાયની સ્પષ્ટતા	૧૪૧૯
धर्मास्तिकायस्य स्वतन्त्रद्रव्यत्वसिद्धिः	૧૪૨૦
જીવાદિથી અતિરિક્ત ધર્માસ્તિકાયાદિની સિદ્ધિ	૧૪૨૦
ધર્માસ્તિકાય અંગે દિગંબર મત	૧૪૨૦
મત્સ્યગતિ અંગે પ્રશ્નોત્તરી	૧૪૨૦
झषगतिदृष्टान्तमीमांसा	૧૪૨૧
મીનગતિકારણ પાણી નથી : પૂર્વપક્ષ	૧૪૨૧
મીનગતિ પ્રત્યે જલ અપેક્ષાકારણ	૧૪૨૧
वायुः जलयोनिः	૧૪૨૨
પ્રાણવાયુ જ મત્સ્યજીવનનું કારણ	૧૪૨૨
मीनगतिकारणतामीमांसा	૧૪૨૩
ધર્માસ્તિકાય ગતિ પ્રત્યે અન્યથાસિદ્ધ નથી	૧૪૨૩
धर्मास्तिकाये यावच्चलभावहेतुता	૧૪૨૪
સર્વ ચલભાવો પ્રત્યે ધર્મદ્રવ્ય કારણ : ભગવતીસૂત્ર	૧૪૨૪
પાંચ પ્રકારે ધર્મદ્રવ્યની પ્રરૂપણા	૧૪૨૪
द्रव्य-क्षेत्र-कालादितो धर्मास्तिकायवर्णनम्	૧૪૨૫
ધર્માસ્તિકાયનું ઋણ સ્વીકારીએ	૧૪૨૫
स्थितिसामान्यकारणतामीमांसा	૧૪૨૬
અધર્માસ્તિકાય દ્રવ્યની પ્રરૂપણા	૧૪૨૬
अधर्मद्रव्यकार्यतावच्छेदकविमर्शः	૧૪૨૭
અનુમાન પ્રમાણથી અધર્મદ્રવ્યની સિદ્ધિ	૧૪૨૭
જન્યસ્થિતિત્વ જ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક	૧૪૨૭
कार्यतावच्छेदकगौरवप्रदर्शनम्	૧૪૨૮
અન્યતરત્વઘટિત કાર્યતા ગૌરવગ્રસ્ત	૧૪૨૮
कार्यतावच्छेदकन्यूनतापत्तिः	૧૪૨૯
ન્યૂનવૃત્તિ ગુણધર્મ અવચ્છેદક ન બને	૧૪૨૯

વિષય	પૃષ્ઠ
प्रत्येकं व्यभिचारोपदर्शनम्	૧૪૩૦
ઉભયમાં કાર્યતાઅવચ્છેદકતાની કલ્પના અસંગત	૧૪૩૦
તૃણારણિમણિન્યાયથી કારણતા અસંગત	૧૪૩૦
नयद्वयसम्मताऽधर्मकार्यतावच्छेदकविमर्शः	૧૪૩૧
જન્યસ્થિતિત્વ અધર્મકાર્યતાઅવચ્છેદક : વ્યવહારવિશેષની દૃષ્ટિએ	૧૪૩૧
સ્થિતિત્વ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક : પર્યાયાર્થિકદૃષ્ટિએ	૧૪૩૧
स्थानाङ्गसूत्रवृत्तिसंवादः	૧૪૩૨
સાન્તર-નિરન્તર સ્થિતિની વિચારણા	૧૪૩૨
અધર્મદ્રવ્ય સ્થિતિનું ઉપષ્ટંભક	૧૪૩૨
आगमप्रमाणतोऽधर्मास्तिकायसिद्धिः	૧૪૩૩
નંદીસૂત્રવૃત્તિસંવાદ	૧૪૩૩
'અધર્માસ્તિકાય' શબ્દની વ્યુત્પત્તિ	૧૪૩૩
અધર્માસ્તિકાય : દિગંબર સંપ્રદાયમાં	૧૪૩૩
अधर्मास्तिकाये चित्तैकाग्रताकारणता	૧૪૩૪
અધર્માસ્તિકાયસિદ્ધિ : શાંતિસૂરિજીના મતે	૧૪૩૪
મનની સ્થિરતામાં પણ અધર્માસ્તિકાય સહાયક : ભગવતીસૂત્ર	૧૪૩૪
અધર્માસ્તિકાયની પાંચ પ્રકારે પ્રરૂપણા	૧૪૩૪
अधर्मद्रव्यस्वरूपविमर्शः	૧૪૩૫
પાણી વગેરેમાં ધર્માસ્તિકાયલક્ષણની અતિવ્યાપ્તિનું નિરાકરણ	૧૪૩૫
क्षित्यादिकं न स्थितिकारणम्	૧૪૩૬
પૃથ્વી અધર્મદ્રવ્યાત્મક નથી	૧૪૩૬
ધર્માધર્મદ્રવ્યસાધક અન્ય અનુમાન	૧૪૩૬
स्थितेः अदृष्टहेतुकत्वमीमांसा	૧૪૩૭
'નિયમસાર' ગ્રન્થનું સ્પષ્ટીકરણ	૧૪૩૭
તમામ ગતિ-સ્થિતિ કર્મજન્ય નથી	૧૪૩૭
सिद्धगतिकारणताविचारः	૧૪૩૮
એક વસ્તુનો ગુણધર્મ અન્યત્ર કાર્યજનક	૧૪૩૮
સિદ્ધગતિ-સ્થિતિવિચાર	૧૪૩૮
સિદ્ધગતિના છ કારણો	૧૪૩૮

विषय	पृष्ठ
सर्वकर्मक्षयजन्यः ऊर्ध्वगतिपरिणामः	१४३९
કર્મક્ષયનિમિત્તે સિદ્ધમાં ઊર્ધ્વગતિપરિણામ	१४३९
સિદ્ધગતિ માટે ઉદાહરણપ્રદર્શન	१४३९
गतिशीलद्रव्यं न गत्यपेक्षाकारणम्	१४४०
ગતિના ઉપાદાનકારણનો વિચાર	१४४०
અધર્માસ્તિકાય અંગે નૈયાયિકમત નિરાસ	१४४०
स्थितिः नाऽऽकाशजन्या	१४४१
અધર્માસ્તિકાય અંગે બૌદ્ધમતનિરાસ	१४४१
उत्तराध्ययनबृहद्वृत्तिसंवादः	१४४२
દ્રવ્યાનુયોગતર્કણામાં વિચારણીયતા	१४४२
અધર્માસ્તિકાય અધ્યાત્મમાર્ગે પણ ઉપકારી	१४४२
सिद्धानामपि अधर्मास्तिकायोपकृतत्वम्	१४४३
મોક્ષમાં પણ અધર્માસ્તિકાય ઉપકારી	१४४३
सिद्धानाम् ऊर्ध्वगत्यविरामाऽऽपादनम्	१४४४
ધર્માસ્તિકાયના અસ્વીકારમાં બાધ	१४४४
लोकान्ते लक्ष्मणरेखाविरहः	१४४५
લોકાકાશ ગતિકારણ નથી	१४४५
लोकाकाशव्याख्योपदर्शनम्	१४४६
ઉપજીવ્ય-ઉપજીવકભાવની વિચારણા	१४४६
લોકાકાશત્વરૂપે ગતિકારણતાકલ્પના ગૌરવગ્રસ્ત	१४४६
ફલમુખ ગૌરવની વિચારણા	१४४६
एकविशिष्टापरत्वेन हेतुत्वापाकरणम्	१४४७
એકવિશિષ્ટઅપરત્વસ્વરૂપે કારણતાકલ્પના અસંગત	१४४७
गतौ आकाशस्य अन्यथासिद्धत्वम्	१४४८
સ્થાનાંગસૂત્રસમાધાન	१४४८
ગતિ પ્રત્યે આકાશ અન્યથાસિદ્ધ	१४४८
वादवारिधिगतकारणतावादसंवादः	१४४९
અન્યથાસિદ્ધિની સ્પષ્ટતા	१४४९
पञ्चास्तिकायसङ्ग्रहादिसंवादः	१४५०
આકાશ સ્થિતિજનક નથી - શાંતિસૂરિજી	१४५०
ધર્માસ્તિકાય વિના ગતિનો અસંભવ	१४५०
આકાશ ગતિ-સ્થિતિનું અકારણ : કુંદકુંદસ્વામી	१४५०
अलोकोच्छेदापादनम्	१४५१
ધર્મદ્રવ્ય ન હોવાથી અલોકમાં અગતિ	१४५१
સૂક્ષ્મ કૃતજ્ઞતાપરિણતિને પ્રગટાવીએ	१४५१
कृतज्ञता न मोक्तव्या	१४५२
મોક્ષસ્વરૂપની વિચારણા	१४५२
नित्यस्थित्यापादनम्	१४५३
અધર્માસ્તિકાયનો અસ્વીકાર બાધગ્રસ્ત	१४५३
अलोकाकाशे नित्यस्थित्यापत्तिः	१४५४
ગતિનો અભાવ સ્થિતિ નથી	१४५४
ગતિ-સ્થિતિ સ્વતન્ત્ર પર્યાય છે	१४५४
धर्मद्रव्याभावस्य न स्थितिहेतुता	१४५५
ધર્મ-અધર્મદ્રવ્યના પરસ્પર અપલાપની આપત્તિ	१४५५
निरन्तरस्थितिहेतुविचारः	१४५६
ગતિ-સ્થિતિમાં પ્રતિબંદિ	१४५६
સાંતર-નિરંતર સ્થિતિનું કારણ અધર્માસ્તિકાય	१४५६
असङ्कीर्णस्वभावे धर्माऽधर्मद्रव्ये	१४५७
દરેકને યોગ્ય ન્યાય આપીએ	१४५७
अवगाहनाप्रभावनिरूपणम्	१४५८
આકાશનું નિરૂપણ	१४५८
अवगाहनास्वरूपनिरूपणम्	१४५९
અવગાહના એટલે આધારતાપર્યાય	१४५९
અનુમાન પ્રમાણથી આકાશની સિદ્ધિ	१४५९
आलोकमण्डलाधारतानिराकरणम्	१४६०
પંખીનો આધાર આલોકમંડલ નહિ પણ આકાશ	१४६०
આલોકમંડલની આધારતા પ્રત્યભિજ્ઞાથી બાધિત	१४६०
आधारतावच्छेदकम् आकाशत्वम्	१४६१
આલોકત્વ આધારતાઅવચ્છેદક નથી	१४६१
લાઘવથી આકાશની સિદ્ધિ	१४६१
निबिडमूर्त्तद्रव्याभावत्वेन आधारतानिरासः	१४६२
મૂર્ત્તદ્રવ્યાભાવ પંખીનો આધાર નથી	१४६२
નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવ પણ પંખીનો આધાર નથી	१४६२
'इह पतत्री'ति व्यवहारमीमांसा	१४६३
વર્ધમાન ઉપાધ્યાયનો મત	१४६३

વિષય	પૃષ્ઠ
अतीन्द्रियस्याऽपि क्षयोपशमविशेषेण भानम्	१४६४
વર્ધમાન ઉપાધ્યાયના મતનું નિરાકરણ	१४६४
ક્ષયોપશમવિશેષથી આકાશનું પ્રત્યક્ષ	१४६४
उत्तराध्ययनबृहद्वृत्तिसंवादः	१४६५
'गगने तत्रैव पतत्री' वाक्यार्थविचार	१४६५
અવગાહના-આકાશ વચ્ચે અન્વય-વ્યતિરેક	१४६५
भित्त्याद्यभावस्य गगनात्मकताऽऽक्षेपः	१४६६
અન્વય-વ્યતિરેકસહચારદર્શન કાર્યકારણભાવગ્રાહક	१४६६
આકાશ લોકસિદ્ધ છે	१४६६
દીવાલાદિનો અભાવ = આકાશ : પૂર્વપક્ષ	१४६६
'वियति विहग' इति प्रतीत्या गगनसिद्धिः	१४६७
વિનિગમનાવિરહ	१४६७
આકાશ સ્વતંત્ર દ્રવ્ય : ઉત્તરપક્ષ	१४६७
स्याद्वादरत्नाकरानुसारेण गगनसिद्धिः	१४६८
સ્યાદ્વાદરત્નાકર મુજબ આકાશસિદ્ધિ	१४६८
વાદમહાર્ણવ મુજબ આકાશસિદ્ધિ	१४६८
आकाशव्युत्पत्तिविद्योतनम्	१४६९
આકાશ અને તેના ગુણ અંગે વિવિધ શાસ્ત્રસંદર્ભ	१४६९
સ્વભાવના અતિક્રમણ વિના અવકાશદાન	१४६९
निजस्वरूपाऽत्यागेन पदार्था गगनावगाढाः	१४७०
મર્યાદા-અભિવિધિ બન્ને અર્થ મુજબ આકાશવિચાર	१४७०
कान्तादिमतनिरासाऽतिदेशः	१७७१
આકાશ એક છતાં બે	१४७१
अलोकसाधनम्	१४७२
धर्मादिविरहेऽनुग्रहोपघाताद्यनुपपत्तिः	१४७३
ઘટાદિ અલોકપદાર્થ તરીકે અમાન્ય	१४७३
ધર્માદિદ્રવ્ય ન હોય તો સુખ-દુઃખાદિ-વ્યવહારનો ઉચ્છેદ	१४७३
गगनपर्यायनामनिर्देशः	१४७४
આકાશના પર્યાયવાચી શબ્દો	१४७४
આકાશવત્ નિર્લેપ બની નિષ્પક્ષપાતભાવે બધાને સમાવીએ	१४७४

વિષય	પૃષ્ઠ
गगनोपदेशदर्शनम्	१४७५
पञ्चास्तिकायमयो लोकः	१४७६
લોક-અલોકની સમજણ	१४७६
अलोकस्य निरवधित्वम्	१४७७
લોકવિપરીત અલોક	१४७७
અલોક અનંત	१४७७
લોક-અલોકવ્યવસ્થાનો પરિચય	१४७७
अभावेऽवधित्वाभावः	१४७८
અલોક સાંત કે અનંત ? તેની મીમાંસા	१४७८
સર્વથા અસત્ વસ્તુ અવધિ ન બને	१४७८
अलोकेऽगुरुलघुपर्याया विपरिवर्त्तन्ते	१४७९
અલોકાકાશમાં કોઈ ભાવ પદાર્થ નથી	१४७९
અલોકાકાશમાં ઉત્પાદાદિ વિચાર	१४७९
अलोकाकाशे उत्पाद-व्ययादिसिद्धिः	१४८०
પોતાના દેશ-પ્રદેશ પોતાની અવધિ ન બને	१४८०
धर्माऽधर्मयोः न विभुत्वम्	१४८१
ધર્મ-અધર્મદ્રવ્ય પરમાર્થથી વિભુ નથી	१४८१
अस्तिकायादिश्रद्धानाद् धर्मरुचिसम्यग्दर्शनलाभः	१४८२
ધર્મરુચિ સમ્યગ્દર્શનને પામીએ	१४८२
ઔપાધિકસ્વરૂપમાં અટવાઈએ નહિ	१४८२
वर्तनाव्याख्या	१४८३
કાળ તત્ત્વનું નિરૂપણ	१४८३
કાળ દ્રવ્ય નહિ, પર્યાય છે	१४८३
सामयिकोत्पत्त्यादिलक्षणा वर्तना	१४८४
વર્ત્તના અંગે દેવચન્દ્રવાચક મત	१४८४
વર્ત્તના અંગે શ્રીધર્મસૂરિમત	१४८४
स्वसत्तानुभवो वर्त्तना	१४८५
વર્તના અંગે મલધારિ હેમચંદ્રસૂરિજીનો મત	१४८५
'વર્ત્તના' પર્યાય અંગે દિગંબરમત	१४८५
कुशलशब्दार्थविचारः	१४८६
વર્ત્તનાપર્યાયમાં દ્રવ્યની નિરૂઢ લક્ષણા	१४८६
कालस्य पारमार्थिकद्रव्यत्वप्रतिक्षेपः	१४८७
નિરૂઢ લક્ષણાની સ્પષ્ટતા	१४८७

विषय	पृष्ठ
કાલ આનન્ત્યનો વિચાર	૧૪૮૭
कालः पर्यायात्मकः	૧૪૮૮
પારમાર્થિક કાળદ્રવ્ય અસ્તિકાય થવાની સમસ્યા	૧૪૮૮
કાળ આનન્ત્યનો વિચાર	૧૪૮૮
कालस्य स्वतन्त्रद्रव्यता नास्ति	૧૪૮૯
કાળ = સર્વદ્રવ્યવર્ત્તનાપર્યાય : શ્રીપાર્શ્વચન્દ્રસૂરિ	૧૪૮૯
કાળ વર્તનાપર્યાયસ્વરૂપ - શ્રીહરિભદ્રસૂરિ	૧૪૮૯
पौरुषहीनता त्याज्या	૧૪૯૦
દિગંબરસંમત છ દ્રવ્યનું પ્રમાણ	૧૪૯૦
કાળપરિપાકની રાહ ન જુઓ	૧૪૯૦
द्रव्याऽभिन्नपर्यायरूपत्वात् काले द्रव्यत्वोक्तिः	૧૪૯૧
કાળ જીવાજીવસ્વરૂપ	૧૪૯૧
जीवाजीवाभिगमादिसूत्रसंवादोपदर्शनम्	૧૪૯૨
કાલપર્યાયવાદીનો મત	૧૪૯૨
पर्यायात्मककालतत्त्वनिरूपणम्	૧૪૯૩
જીવાજીવસ્વરૂપ કાળ : શ્રીહરિભદ્રસૂરિ	૧૪૯૩
જીવ અને અજીવ એ જ કાળ : ઠાણાંગ સૂત્ર	૧૪૯૩
जीवाऽजीवस्वरूपः समयावलिकादिकालः	૧૪૯૪
કાલવાદીના મતનો વિચાર	૧૪૯૪
કાળ પર્યાયસ્વરૂપ છે : વિશેષાવશ્યકભાષ્ય	૧૪૯૪
काले स्वतन्त्रद्रव्यत्वनिषेधः	૧૪૯૫
કાળ ઔપચારિક દ્રવ્ય છે	૧૪૯૫
પાંચ અસ્તિકાયનિરૂપણમાં ન્યૂનતા આપત્તિ	૧૪૯૫
कालस्य स्वतन्त्रद्रव्यतायां षडस्तिकायापत्तिः	૧૪૯૬
પર્યાયકાલવાદીના અભિપ્રાયની સ્પષ્ટતા	૧૪૯૬
दिगम्बरमते कालः जीवादिपरिणामरूपः	૧૪૯૭
પંચકલ્પભાષ્યચૂર્ણિ-બૃહત્કલ્પભાષ્યવૃત્તિ મુજબ કાલદ્રવ્ય સ્વતંત્ર નથી	૧૪૯૭
કાળ અંગે ભર્તૃહરિમત	૧૪૯૭
અઢીદ્વીપની બહાર કાળવ્યવહાર અસંમત : દિગંબર	૧૪૯૭
सम्मतितर्कवृत्त्यनुसारेण मोक्षस्वरूपोपदर्शनम्	૧૪૯૮
સ્વકાળને સુધારીએ	૧૪૯૮

विषय	पृष्ठ
ज्योतिष्कविमानचारनिरूपणम्	૧૪૯૯
અતિરિક્તકાલદ્રવ્યવાદીનો મત	૧૪૯૯
સૂર્યાદિવિમાનની ગતિનો વિચાર	૧૪૯૯
अतिरिक्तकालद्रव्यसमर्थनम्	૧૫૦૦
જ્યોતિશ્ચક્રગતિનો પ્રભાવ	૧૫૦૦
કાળદ્રવ્યના કાર્યો	૧૫૦૦
वैशेषिकसूत्र-वाक्यपदीयादिसंवादः	૧૫૦૧
અન્ય દર્શનમાં કાલ અતિરિક્ત દ્રવ્ય	૧૫૦૧
કાળ સ્વતંત્ર કારણ નહિ, અપેક્ષા કારણ છે	૧૫૦૧
कालद्रव्यस्य सूर्यगतिव्यङ्ग्यता	૧૫૦૨
કાળ દ્રવ્ય મનુષ્યલોકમાં જ છે	૧૫૦૨
षड्द्रव्यवादसंवादः	૧૫૦૩
કાળ દ્રવ્ય છે : ભગવતીસૂત્ર	૧૫૦૩
भगवत्यां कालचतुष्कवर्णनम्	૧૫૦૪
લોક ષડ્દ્રવ્યાત્મક : શાંતસુધારસ	૧૫૦૪
છ દ્રવ્ય : શીલાંકાચાર્ય	૧૫૦૪
ચાર પ્રકારના કાળની વિચારણા	૧૫૦૪
दशविधाऽरूप्यजीवद्रव्यप्ररूपणा	૧૫૦૫
કાળ અરૂપી અજીવદ્રવ્ય છે : પ્રજ્ઞાપનાસૂત્ર	૧૫૦૫
प्रज्ञापनायां स्वतन्त्राऽद्धासमयवर्णनम्	૧૫૦૬
અદ્ધાકાલ દ્રવ્યાત્મકઃ શ્યામાચાર્યજી	૧૫૦૬
દ્રવ્યરૂપે કાળ અનંત : શ્યામાચાર્યજી	૧૫૦૬
मनुष्यलोकव्यापककालद्रव्यस्थापनम्	૧૫૦૭
કાળ અંગે અથર્વવેદનો અભિપ્રાય	૧૫૦૭
અનુમાન પ્રમાણથી કાલસિદ્ધિ	૧૫૦૭
વર્તનાપર્યાયનું અપેક્ષાકારણ કાળ : સિદ્ધસેનગણી	૧૫૦૭
अनुमानप्रमाणतः कालद्रव्यसिद्धिः	૧૫૦૮
કાળનિરપેક્ષ વર્તના	૧૫૦૮
મનુષ્યક્ષેત્રવર્તના કાળસાપેક્ષ	૧૫૦૮
देवलोकादौ कालव्यवहारविचारः	૧૫૦૯
દેવલોકાદિમાં કાલવ્યવહારની સંગતિ	૧૫૦૯
મનુષ્યલોકકાળસાપેક્ષ સ્વર્ગાદિકાળ	૧૫૦૯

વિષય	પૃષ્ઠ
કાળ દ્રવ્ય છે : શ્રીશીલાંકાચાર્ય	૧૫૦૯
कालद्रव्यस्थापनम्	૧૫૧૦
કાળને પારમાર્થિક દ્રવ્ય ન માનવામાં બાધ	૧૫૧૦
કાળદ્રવ્યપક્ષમાં અનુકૂળ તર્ક	૧૫૧૦
कालद्रव्यत्वं युक्तिग्राह्यम्	૧૫૧૧
કાળદ્રવ્ય આગમગ્રાહ્ય	૧૫૧૧
કાળદ્રવ્ય યુક્તિગ્રાહ્ય પણ છે	૧૫૧૧
કાળ દ્રવ્ય છે : દ્રવ્યાલંકારવૃત્તિ	૧૫૧૧
आधाराधेयभावप्रयुक्त्या कालद्रव्यसिद्धिः	૧૫૧૨
વર્તનાકારણ કાળ : દિગંબરમત	૧૫૧૨
યુક્તિસંશોધન કર્તવ્ય	૧૫૧૨
अनेकान्तवादे प्रकारान्तरेण परदर्शनसम्मतिः	૧૫૧૩
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યલક્ષણ કાળ - શિવાદિત્ય	૧૫૧૩
યુક્તિ પણ શ્રદ્ધાપોષક	૧૫૧૩
कालद्रव्य-पर्यायमतद्वयप्रदर्शनम्	૧૫૧૪
મતદ્વયઉત્થાનબીજનું ઉપદર્શન	૧૫૧૪
वर्तनापर्यायलक्षणकालनिरूपणम्	૧૫૧૫
ધર્મસંગ્રહણિ મુજબ કાલ અંગે મતદ્વયવિચારણા	૧૫૧૫
પર્યાયકાલવાદીનું મંતવ્ય	૧૫૧૫
पूर्वापरकालीनवस्तुव्यवहारविमर्शः	૧૫૧૬
અતિરિક્ત કાળ દ્રવ્યને સિદ્ધ કરવાનો પ્રયાસ	૧૫૧૬
અતિરિક્ત કાળદ્રવ્યનું નિરાકરણ	૧૫૧૬
विशेषणसमासतः कालानन्त्यसाधनम्	૧૫૧૭
જીવાદિ દ્રવ્યના પર્યાય એ જ કાળ	૧૫૧૭
અતિરિક્તકાળદ્રવ્યવાદીનો અભિપ્રાય	૧૫૧૭
षड्द्रव्यमतप्रतिपादनम्	૧૫૧૮
કાળ અતિરિક્ત દ્રવ્ય : આગમ દૃષ્ટિએ	૧૫૧૮
કાળમાં સદ્ દ્રવ્યલક્ષણનો સમન્વય	૧૫૧૮
षड्दर्शनसमुच्चयबृहद्वृत्तिसंवादोपदर्शनम्	૧૫૧૯
કાળ અંગે બે મત - ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ	૧૫૧૯
अनपेक्षितद्रव्यार्थिकनयतो लोकसिद्धं कालद्रव्यम्	૧૫૨૦
કાળ સ્વતંત્ર દ્રવ્ય : નિરપેક્ષ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ	૧૫૨૦

વિષય	પૃષ્ઠ
અનર્પિતદ્રવ્યાર્થિક મતની વિચારણા	૧૫૨૦
वर्तनापर्यायापेक्षाकारणतानिरपेक्षतया कालद्रव्यसिद्धिः	૧૫૨૦
ત્રિવિધ કાળદ્રવ્યનો પરામર્શ	૧૫૨૧
स्थूललोकव्यवहारतः कालसिद्धिः	૧૫૨૨
લોકવ્યવહારસિદ્ધ સ્વતંત્ર કાળદ્રવ્ય	૧૫૨૨
स्वतन्त्रदिग्द्रव्यापादनम्	૧૫૨૩
અતિરિક્ત દિશા દ્રવ્યની આપત્તિ	૧૫૨૩
લૌકિક-શાસ્ત્રીય વ્યવહારથી દિશાસિદ્ધિ	૧૫૨૩
दशविधदिग्द्रव्यनिरूपणम्	૧૫૨૪
ભગવતીસૂત્રમાં દશ દિશાનો ઉલ્લેખ	૧૫૨૪
દિશા સ્વતંત્ર દ્રવ્ય છે કે નહિ ? મીમાંસા	૧૫૨૪
दिग्द्रव्यमीमांसा	૧૫૨૫
સ્થૂલ લોકવ્યવહારથી કાળદ્રવ્યની સિદ્ધિ	૧૫૨૫
अतिरिक्तकालद्रव्यनिरासः	૧૫૨૬
કાળ બહિરંગ નહિ, અંતરંગ તત્ત્વ છે : સ્યાદ્વાદકલ્પલતા	૧૫૨૬
स्याद्वादकल्पलतायां स्वतन्त्रकालनिरासः	૧૫૨૭
कालद्रव्यता श्रीहरिभद्राचार्यानभिमता	૧૫૨૮
શબ્દમાત્ર વસ્તુસાધક નથી	૧૫૨૮
કાળ અંગે શ્રીહરિભદ્રસૂરિનો અભિપ્રાય	૧૫૨૮
कालसंस्थानम् औपचारिकम्	૧૫૨૯
કાળ અંગે જ્ઞાનસાગરસૂરિજીનો અભિપ્રાય	૧૫૨૯
कालः पञ्चास्तिकायपर्यायात्मकः	૧૫૩૦
કાળ પંચાસ્તિકાયપર્યાય : શ્રીદેવચન્દ્રજી વાચક	૧૫૩૦
શ્રીહરિભદ્રસૂરિ વગેરેના મતે કાળ પર્યાયાત્મક	૧૫૩૦
स्वतन्त्रलोकाऽनङ्गीकारः	૧૫૩૧
કાળ અને લોક જીવ-અજીવસ્વરૂપ છે	૧૫૩૧
પંચાસ્તિકાયપર્યાયસમૂહ જ્ઞેય હોવાથી કાળ દ્રવ્ય નથી	૧૫૩૧
कालः परमार्थतः पर्यायात्मकः	૧૫૩૨
અર્થાપત્તિથી સ્વતંત્ર કાળદ્રવ્યનો નિષેધ	૧૫૩૨

विषय	पृष्ठ
દિગંબરમતે (!) પણ અતિરિક્ત કાળદ્રવ્યનો નિષેધ સૂચિત	૧૫૩૨
दर्शनान्तरेषु स्वतन्त्रनित्यकालद्रव्यप्रतिक्षेपः	૧૫૩૩
અન્ય દર્શનકારોની દૃષ્ટિએ અતિરિક્ત કાળ દ્રવ્યનું નિરાકરણ	૧૫૩૩
कालतत्त्वे मैत्रायण्युपनिषदादिसंवादः	૧૫૩૪
કાળ બ્રહ્મતત્ત્વનું એક સ્વરૂપ : મૈત્રાયણી ઉપનિષદ્	૧૫૩૪
મૂર્ત્ત-અમૂર્ત્ત કાળ : મૈત્રાયણી ઉપનિષદ્	૧૫૩૪
कालतत्त्वं परदर्शनदर्पणे	૧૫૩૫
કાળ એટલે સૂર્યદેવતા : મૈત્રાયણી ઉપનિષદ્	૧૫૩૫
કાળશબ્દ પરમેશ્વરવાચક : શ્રીમદ્ ભાગવત	૧૫૩૫
કાળ અંગે વૈયાકરણમત	૧૫૩૫
साङ्ख्यमते अतिरिक्तकालद्रव्यनिरासः	૧૫૩૬
કાળ સ્વતંત્ર તત્ત્વ નથી : સાંખ્યદર્શન	૧૫૩૬
વૈશેષિકસમ્મતાऽતિરિક્તૈકનિત્યકાલ-દ્રવ્યનિરાસઃ	૧૫૩૭
કાળનો ઉપાધિમાં અંતર્ભાવ : કૃષ્ણવલ્લભાચાર્ય	૧૫૩૭
કાળ સ્વતંત્ર નથી : વાચસ્પતિમિશ્ર	૧૫૩૭
बौद्धमतेऽतिरिक्तदिक्कालाऽनङ्गीकारः	૧૫૩૮
સાંખ્યદર્શનમાં સ્વતંત્ર કાળ અમાન્ય	૧૫૩૮
કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી : વ્યાસ	૧૫૩૮
સર્વ વસ્તુ સ્વરૂપ ક્ષણ : નારાયણતીર્થ	૧૫૩૮
आधुनिकचिन्तकमते स्वतन्त्रकालद्रव्यस्य अस्वीकारः	૧૫૩૯
કાળ પરિણામસ્વરૂપ છે : ચરકસંહિતા	૧૫૩૯
કાન્ટ મતે કાળ અતિરિક્તદ્રવ્ય નથી	૧૫૩૯
અનેક શાસ્ત્રના અવગાહનથી પરમાર્થપ્રકાશ	૧૫૩૯
दिग्गगनैक्यातिदेशः	૧૫૪૦
અનુમાનથી કાળમાં પર્યાયરૂપતાની સિદ્ધિ	૧૫૪૦
તાર્કિક જૈનપરંપરા મુજબ દિશા આકાશાત્મક છે	૧૫૪૦
દિશા સ્વતંત્ર દ્રવ્ય નથી - શ્રીશીલાંકાચાર્ય	૧૫૪૦
जीवाजीवात्मिका दिक्	૧૫૪૧
આકાશ એ જ દિશા - વિજ્ઞાનભિક્ષુ	૧૫૪૧
જૈનાગમાનુસારે દિશા જીવ-અજીવાત્મક છે	૧૫૪૧

विषय	पृष्ठ
वर्त्तनादिस्वरूपविद्योतनम्	૧૫૪૨
વર્ત્તનાદિ સ્વરૂપ કાળ જીવાજીવાત્મક	૧૫૪૨
द्रव्यकालो नाऽतिरिक्तद्रव्यात्मकः	૧૫૪૩
તત્ત્વાર્થસૂત્રની સંગતિ	૧૫૪૩
સમયાદિસ્વરૂપ અદ્ધાકાળ પણ જીવાજીવસ્વરૂપ	૧૫૪૩
દ્રવ્યકાળ પણ જીવાજીવસ્વરૂપ	૧૫૪૩
श्रावकप्रज्ञप्तौ स्वतन्त्रकालद्रव्याऽनङ्गीकारः	૧૫૪૪
કાળ ઔપચારિક દ્રવ્ય છે - દેવચન્દ્રવાચક	૧૫૪૪
કાળ પર્યાયસ્વરૂપ છે - શ્રીપાર્શ્વચન્દ્રસૂરિ	૧૫૪૪
मध्यस्थतया शास्त्रमीमांसा कार्या	૧૫૪૫
તત્ત્વનિર્ણય સર્વનયવિચારણા સાપેક્ષ	૧૫૪૫
દ્રવ્યાનુયોગતર્કણામાં સ્મલના	૧૫૪૫
તત્ત્વની મીમાંસા કરો, મૂંઝવણને છોડો	૧૫૪૫
षोडशविधं मोक्षस्वरूपम्	૧૫૪૬
मन्दाणुगत्या कालाणुविमर्शः	૧૫૪૭
દિગંબર સંપ્રદાયમાં નિશ્ચય-વ્યવહાર કાળ	૧૫૪૭
लोकाकाशप्रदेशप्रमिताः कालाणवः	૧૫૪૮
દિગંબર સંપ્રદાયમાં નિશ્ચયકાળ	૧૫૪૮
અસંખ્ય કાલાણુ દ્રવ્ય : દિગંબરમત	૧૫૪૮
दिगम्बरमते द्रव्यपरिवर्तरूपो व्यवहारकालः	૧૫૪૯
કાલાણુ દ્રવ્યો રત્નોના ઢગલા સમાન	૧૫૪૯
કાળ અંગે નેમિચન્દ્રાચાર્યનું વક્તવ્ય	૧૫૪૯
दिगम्बरमते द्रव्यात्मको निश्चयकालः	૧૫૫૦
વ્યવહાર કાળ : દિગંબર મત	૧૫૫૦
નિશ્ચય કાળ : દિગંબર દૃષ્ટિએ	૧૫૫૦
दिगम्बरमते निश्चयकालपर्यायरूपो व्यवहारकालः	૧૫૫૧
દિગંબરમતે નિશ્ચયકાલનું ક્ષેત્ર અને સંખ્યા	૧૫૫૧
કાળ અંગે ગોમ્મટસાર-ત્રિલોકપ્રજ્ઞપ્તિમત	૧૫૫૧
कालाणुस्वरूपप्रकाशनम्	૧૫૫૨
કાળ અંગે ધવલાકારમતપ્રદર્શન	૧૫૫૨
કાલાણુ તદ્દ્રવ્યતિરિક્ત દ્રવ્યકાળ : ધવલા	૧૫૫૨
ગતિ પ્રત્યે અનેક સહકારીકારણ	૧૫૫૨

विषय	पृष्ठ
निश्चयकालो नित्यः, व्यवहारकालश्च नश्वरः	१५५३
कार्त्तिकेयअनुप्रेक्षा संवाद	१५५३
निश्चयकाळ द्रव्यात्मक, व्यवहारकाळ पर्यायस्वरूप : दिगंबर	१५५३
नवत्वादिपरिणामोपादानत्वं न कालद्रव्यस्य	१५५४
निश्चयकालपर्याय = व्यवहारकाळ : दिगंबर	१५५४
परमाणुमंदगति समयपरिज्ञाननो उपाय : श्रीउमास्वातिजी	१५५४
कालतत्त्वे दिक्पट-श्वेतपटमतविशेषद्योतनम्	१५५५
दिगंबर-श्वेतांबर मतमां तफावत	१५५५
समयनी ओळखाण	१५५५
योगसूत्रभाष्यनी दृष्टिए काळनो परिचय	१५५५
गोम्मटसार-त्रिलोकप्रज्ञप्तिकारमते कालस्वरूपम्	१५५६
सेकंडना माप अंगे वैज्ञानिकोनो मत	१५५६
प्रत्येक द्रव्यना योग्य परिणमनमां काळ सहकारी कारण	१५५६
समयसन्देशः	१५५७
बाह्य-आंतरहेतुथी पदार्थनुं परिणमन	१५५७
काळ तत्त्वनो उपदेश सांभळीए	१५५७
श्वेताम्बरशास्त्रे कालाणुनिर्देशः	१५५८
लोकाकाशमां असंख्य कालाणुद्रव्यो : योगशास्त्रवृत्ति	१५५८
समयावलिकादिलक्षणो व्यवहारकालः	१५५९
प्रदेशात्मक काळ अंगे अन्य बे मत	१५५९
कालगतिरोधकाद्यभावः	१५६०
अप्रमत्तताने केळवीए	१५६०
कालाणूनामूर्ध्वताप्रचयः	१५६१
कालाणु द्रव्य ऊर्ध्वताप्रचयस्वरूप : दिगंबर	१५६१
कालाणूनामप्रदेशत्वसङ्गतिः	१५६२
कालाणुमां तिर्यक्प्रचयनी विचारणा	१५६२
कालाणवः मिथोऽननुविद्धाः	१५६३
कालने स्कंध मानवानो आक्षेप	१५६३
कालाणुमां स्कंधपरिणाम नथी	१५६३
काल अनस्तिकाय : धवला	१५६३
स्निग्ध-रूक्षत्वशक्तिविरहेण कालाणूनां कायत्वाऽभावः	१५६४
कालाणुमां स्निग्धता के रूक्षता नथी	१५६४
बे शक्ति द्वारा स्कंधपरिणाम	१५६४
कालाणवः तिर्यक्प्रचयाऽयोग्याः	१५६५
कालाणुमां तिर्यक्प्रचयनी योग्यता नथी	१५६५
कालाणु उपचारथी पण अस्तिकाय नथी	१५६५
कालाणुमां मुख्य-गौण प्रदेशात्मकता नथी	१५६५
तत्त्वार्थराजवार्तिकादिसंवादः	१५६६
तिर्यक्प्रचय अने ऊर्ध्वप्रचय : दिगंबरदृष्टिए	१५६६
आशाम्बरमते समय-तदितरद्रव्योर्ध्व-प्रचयप्रज्ञापना	१५६७
ऊर्ध्व-तिर्यक् प्रचयना पर्यायशब्दोनो परिचय	१५६७
हरिचन्द्रमतप्रदर्शन	१५६७
अप्रतिबद्धत्वोपदेशः	१५६८
कालाणु अप्रतिबद्धतानो उपदेश आपे छे	१५६८
कालाणुद्रव्यमीमांसा	१५६९
प्रतिबंदीथी दिगंबरमतनुं निराकरण	१५६९
असंख्य धर्माणु द्रव्यनी आपत्ति	१५६९
साधारणगत्यादिहेतुताविचारः	१५७०
आकाशाणुनी आपत्ति	१५७०
स्वतंत्र धर्माणुद्रव्यो अंगे मीमांसा	१५७०
धर्मादिदेश-प्रदेशकल्पनामीमांसा	१५७१
स्कंध द्रव्यमां व्यवहारबळथी देश-प्रदेशकल्पना : दिगंबर	१५७१
धर्माणु वगेरेनी कल्पनानुं निराकरण	१५७१
कालद्रव्यैक्यापादनम्	१५७२
दिगंबरमतमां लोकाकाशव्यापी एक काल द्रव्यनी आपत्ति	१५७२
असंख्य कालाणुद्रव्यनी अनुमिति : दिगंबर	१५७२
असङ्ख्यधर्माणुकल्पनापत्तिः दुर्वारा	१५७३
मंदपुद्गलाणुवर्तनानो आग्रह એ दुराग्रह छे : श्वेतांबर	१५७३

विषय	पृष्ठ
दिगंबरनो हठाग्रह धर्माशुद्रव्यनो आपादक	१५७३
मन्दाणुगतेः समयज्ञानोपायता	१५७४
दिगंबर-श्वेतांबर संप्रदायनो तफावत	१५७४
समयपरिज्ञानस्य उपायान्तराऽऽवेदनम्	१५७५
कालाणुद्रव्यो ઉपचरित - श्वेतांबर	१५७५
अन्य रीते नैश्चयिक समयनी सिद्धि	१५७५
कालस्याऽपक्षपातित्वम्	१५७६
अप्रमत्त अने निष्पक्ष बनो : काल	१५७६
अप्रदेशसूत्र-पर्यायसूत्रविचारः	१५७७
अप्रदेशसूत्र विचार	१५७७
कालद्रव्यत्वोक्तिः औपचारिकी	१५७८
कालद्रव्यत्वे सर्वसम्मतत्वाऽभावः	१५७९
કાળદ્રવ્યત્વપ્રતિપાદક સૂત્રો ઔપચારિક	१५७९
મુખ્યતયા કાલ પર્યાયાત્મક છે	१५७९
वर्त्तनापर्याये कालद्रव्यत्वोक्तिः औपचारिकी	१५८०
'कालश्चेत्येके' સૂત્રથી પર્યાયાત્મક કાળની સિદ્ધિ	१५८०
મુખ્ય પર્યાય હોવાથી વર્ત્તનામાં કાલદ્રવ્યઉપચાર	१५८०
स्वतन्त्रकालद्रव्यनिरासः	१५८१
શીલાંકાચાર્યમતે કાળ સ્વતંત્રદ્રવ્ય નથી	१५८१
અરૂપી અજીવદ્રવ્ય તરીકે કાળ અસંમત	१५८१
કાળ અંતરંગ તત્ત્વ	१५८१
एकादशधा कालतत्त्वं पर्यायात्मकमेव	१५८२
ભદ્રબાહુસ્વામીને સ્વતંત્ર કાળદ્રવ્ય માન્ય નથી	१५८२
કાળના બે ભેદ : શ્રીધર્મસૂરિજી	१५८२
नैश्चयिक-व्यावहारिकौ कालौ पर्यायात्मकौ एव	१५८३
વિવેકપૂર્વક સમન્વય કરવાની ઉદારતા કેળવીએ	१५८३
पर्याये कालद्रव्यत्वोपचारः	१५८४
સંખ્યાપૂર્તિ માટે કાળની દ્રવ્ય તરીકે ગણના	१५८४
કાળદ્રવ્ય અંગે ભગવતીસૂત્રનો સંદર્ભ	१५८४
कालाऽप्रदेशत्वविचारः	१५८५
અપ્રદેશત્વદર્શક સૂત્રનો આશય	१५८५
प्रज्ञापनासूत्रतात्पर्यपरामर्शः	१५८६
કાળ અજીવદ્રવ્ય નથી : શ્યામાચાર્યનું તાત્પર્ય	१५८६

विषय	पृष्ठ
श्रीमलयगिरिसूरिજી વચનવિમર્શ	१५८६
पुद्गलेभ्यः कालाऽऽनन्त्यविमर्शः	१५८७
કાળ સંયોગાત્મક છે : મલયગિરિસૂરિજી	१५८७
કાળ સપ્રદેશ છે - ભગવતીસૂત્રવૃત્તિકાર	१५८७
भगवतीसूत्रव्याख्यामीमांसा	१५८८
ભગવતીસૂત્રવ્યાખ્યા સંદર્ભની સ્પષ્ટતા	१५८८
કાળ અંગે પ્રજ્ઞાપનાસૂત્રનું તાત્પર્ય	१५८८
वर्त्तनापरिणतधर्मादिद्रव्याणि = कालद्रव्याणि	१५८९
વર્ત્તનાપરિણત ધર્માદિપ્રદેશ = કાલપ્રદેશ	१५८९
કાળમાં દ્રવ્યરૂપતાની શંકા	१५८९
जीवाऽजीवाऽभिन्नः समयावलिकादिरूपः कालः	१५९०
જીવાજીવાભિગમસૂત્ર તાત્પર્ય પ્રદર્શન	१५९०
કાળ પરમાર્થથી જીવાજીવવર્ત્તનાપર્યાયસ્વરૂપ	१५९०
શ્યામાચાર્યમતે પણ કાળ પર્યાયસ્વરૂપ	१५९०
काले द्रव्यत्व-प्रदेशत्वव्यवहारः औपचारिकः	१५९१
પ્રાચીન હસ્તપ્રતના આધારે પણ કાલ પ્રદેશશૂન્ય છે	१५९१
પન્નવણાવૃત્તિનું સ્પષ્ટીકરણ	१५९१
निरुपचरितकालद्रव्यबाधकप्रदर्शनम्	१५९२
કાળમાં પર્યાયત્વ પારમાર્થિક, દ્રવ્યત્વ ઔપચારિક	१५९२
નિશ્ચય-વ્યવહારસંમત કાલ પરમાર્થથી પર્યાયસ્વરૂપ	१५९२
मुख्यः कालः पर्यायात्मकः	१५९३
કાલ ઉપચારથી દ્રવ્ય, પરમાર્થથી પર્યાય : શ્રીલબ્ધિસૂરિજી	१५९३
કાલમાં અપ્રદેશત્વની મીમાંસા	१५९३
कालाणुगतमुख्यकालत्वोक्तिसङ्गतिः	१५९४
અપ્રદેશત્વસંગતિ માટે કાલાણુપ્રતિપાદન	१५९४
દિગંબરમતપ્રવેશની આપત્તિ અસ્થાને	१५९४
प्रयोजनद्वयसिद्ध्या उपचारसाफल्यम्	१५९५
સર્વ પુદ્ગલાણુમાં કાલાણુત્વનો ઉપચાર	१५९५
कालद्रव्यत्वोक्तिबीजप्रकाशनम्	१५९६
કાલાણુમાં દિગંબર-શ્વેતાંબરમતભેદ	१५९६

વિષય	પૃષ્ઠ
યોગશાસ્ત્રવચનવિરોધની શંકા	૧૫૯૬
નિરૂઢલક્ષણાવિષય પણ મુખ્યાર્થ : સમાધાન	૧૫૯૬
પુદ્ગલપ્રદેશેભ્યઃ અદ્ધાસમયાનામ્ અનન્તગુણાધિક્યસઙ્ગતિઃ	૧૫૯૭
નિરૂઢ લક્ષણા મીમાંસા	૧૫૯૭
નિરૂઢ લક્ષણાનું સમર્થન	૧૫૯૭
कालादिपर्यायाणां सर्वद्रव्यान्तर्भावः	૧૫૯૮
ઉપચારમાં આગમમાન્યતા વિશે આક્ષેપ	૧૫૯૮
પુદ્ગલપરમાણુમાં કાળની નિરૂઢ લક્ષણા આગમસંમત	૧૫૯૮
एकोऽद्धासमयोऽनन्ताऽद्धासमयैः स्पृष्टः	૧૫૯૯
समयक्षेत्रव्यापिसमयसमीक्षा	૧૬૦૦
મનુષ્યલોકવિશિષ્ટ આકાશમાં કાલદ્રવ્યઉપચાર	૧૬૦૦
પ્રજ્ઞાપના-ભગવતીસૂત્રવ્યાખ્યાની સંગતિ	૧૬૦૦
अद्धाकालः सूर्यगतिव्यङ्ग्यः	૧૬૦૧
કાળ પરમાર્થથી પર્યાયાત્મક, ઉપચારથી દ્રવ્યાત્મક	૧૬૦૧
દ્રવ્યકાળ સ્વતંત્ર દ્રવ્ય નથી	૧૬૦૧
અન્યદ્રવ્યમાં કાળનો ઉપચાર આગમસંમત	૧૬૦૧
कालानुपूर्वीत्वविमर्शः	૧૬૦૨
કાલસાપેક્ષ-નિરપેક્ષ વર્તના અંગે મીમાંસા	૧૬૦૨
કાળનિરપેક્ષ વર્ત્તનાદિની મીમાંસા	૧૬૦૨
काललिङ्गमीमांसा	૧૬૦૩
परमाणुवर्त्तनामीमांसा	૧૬૦૪
પરમાણુવર્ત્તના મીમાંસા	૧૬૦૪
પરમાણુવર્ત્તના અર્ધજરતીયન્યાયગ્રસ્ત	૧૬૦૪
नृलोकव्यापिनिरंशकालद्रव्यमीमांसा	૧૬૦૫
નિરંશ એકસામાયિક પરમાણુવર્ત્તના સાપેક્ષ-નિરપેક્ષ ન બને	૧૬૦૫
મનુષ્યક્ષેત્રવ્યાપી નિરંશ એક કાલદ્રવ્યનો અસંભવ	૧૬૦૫
कालाऽऽनन्त्योपगमे उपचारः शरणम्	૧૬૦૬
કાળ અંગે ત્રણ વિકલ્પ	૧૬૦૬
પન્નવણાસૂત્રવ્યાખ્યાની સંગતિ	૧૬૦૬
કાળમાં પરાપરત્વમીમાંસા	૧૬૦૬
अतिरिक्तकाले पूर्वापरत्वबुद्धिः सङ्कटग्रस्ता	૧૬૦૭
અતિરિક્ત કાલવાદમાં અન્યોન્યાશ્રય	૧૬૦૭
ઘટાદિ પદાર્થોમાં પૂર્વાપરભેદ સ્વતઃ	૧૬૦૭
પર્યાયસ્વરૂપ કાળ : સંમતિતર્કવૃત્તિકાર	૧૬૦૭
परिणाम-वर्त्तनादयो वस्तुधर्मा एव कालः	૧૬૦૮
કાળ પર્યાયસ્વરૂપ : ભગવતીસૂત્રવ્યાખ્યા	૧૬૦૮
કાળ સમગ્રલોકવ્યાપક	૧૬૦૮
कालस्य पर्यायरूपता लोकव्यापकता च	૧૬૦૯
વર્ત્તનાકાળ લોકવ્યાપી : મલધારવૃત્તિતાત્પર્યાર્થ	૧૬૦૯
મુખ્ય કાળ સમગ્રલોકવ્યાપી	૧૬૦૯
एकक्षणेन कृत्स्नलोकवर्तनाप्रतिपादनम्	૧૬૧૦
કાળ અંગે વ્યાસમત	૧૬૧૦
ત્રણ નયથી ત્રણ પ્રકારે ધર્માસ્તિકાયાદિ વિચાર	૧૬૧૦
त्रिविधकालद्रव्यकल्पनापादनम्	૧૬૧૧
સ્કંધ-દેશ-પ્રદેશાત્મક કાલદ્રવ્યની આપત્તિ	૧૬૧૧
અરૂપી અજીવદ્રવ્યના બાર પ્રકારની આપત્તિ	૧૬૧૧
દશવિધ અરૂપી અજીવદ્રવ્યની પ્રરૂપણા	૧૬૧૧
अद्धासमये बहुत्वाऽसम्भवः	૧૬૧૨
અદ્ધાસમયમાં દેશ-પ્રદેશાદિનો અસંભવ : અનુયોગદ્વારવૃત્તિ	૧૬૧૨
बुद्धिकृतः समयसमाहारः	૧૬૧૩
અદ્ધાકાળના ભેદોને સમજીએ	૧૬૧૩
અદ્ધાકાળમાં સ્કંધાદિકલ્પના અસંગત	૧૬૧૩
આવલિકા વગેરે કાલ્પનિક સમયસમૂહાત્મક	૧૬૧૩
निश्चयनयमते आवलिकाद्यभावः	૧૬૧૪
વર્તમાનમાં અતીતાદિનો ઉપચરિત સંબંધ : મલયગિરિસૂરિ	૧૬૧૪
વર્તમાનસમય પારમાર્થિક : મલયગિરિસૂરિ	૧૬૧૪
निश्चयतोऽतीताऽनागतकालाऽसत्त्वम्	૧૬૧૫
વ્યવહારથી ત્રિવિધ કાલ, નિશ્ચયથી એકવિધ	૧૬૧૫
કાલપર્યાયપક્ષમાં હરિભદ્રસૂરિજી - અભયદેવસૂરિજીનો સ્વરસ	૧૬૧૫
अद्धासमयो जीवाजीवपर्यायात्मकः	૧૬૧૬

विषय	पृष्ठ
આગમિક ચૂર્ણિ-વ્યાખ્યાદર્પણમાં કાળ પર્યાયાત્મક	૧૬૧૬
કાળમાં પારમાર્થિક દ્રવ્યત્વ બાધિત	૧૬૧૬
स्वतन्त्रकालद्रव्यसाधकयुक्तिनिरासः	૧૬૧૭
લાંબા-ટૂંકા કાળનો વ્યવહાર સ્વતન્ત્ર-કાળદ્રવ્યસાધક નથી	૧૬૧૭
समयाऽऽवलिकादयो जीवाजीवपर्यायाः	૧૬૧૮
અદ્ધાકાલ સ્વતંત્ર દ્રવ્ય નથી : શ્રીજિનભદ્રગણીજી	૧૬૧૮
વિવિધ પ્રકારના કાળ અંગે નિષ્કર્ષસ્વરૂપ વિચારણા	૧૬૧૮
वर्त्तनास्वरूपकालस्य लोकालोकव्यापकता	૧૬૧૯
વર્ત્તનાદિપર્યાયાત્મક કાળ લોકાલોકવ્યાપક	૧૬૧૯
દ્રવ્યકાળ લોકાલોકવ્યાપક	૧૬૧૯
सूर्यक्रियाव्यङ्ग्यः अद्धाकालः	૧૬૨૦
અલોકમાં પણ અદ્ધાકાળ અનિવાર્ય	૧૬૨૦
दिगम्बरमतसमालोचना	૧૬૨૧
અલોકમાં નિશ્ચયકાળ નિરાબાધ	૧૬૨૧
દિગંબરો માટે વિચારણીય બાબત	૧૬૨૧
અદ્ધાકાળ-પ્રમાણકાળ મનુષ્યક્ષેત્રવર્તી	૧૬૨૧
दिगम्बरमते व्यवहारकालः नृक्षेत्रव्यापकः	૧૬૨૨
વ્યવહારકાળ મનુષ્યક્ષેત્રવર્તી : દિગંબર	૧૬૨૨
अलोके कालाऽस्तित्वमीमांसा	૧૬૨૩
સમયાદિ લોકાલોકવ્યાપક છતાં મનુષ્યક્ષેત્રવર્તી	૧૬૨૩
અલોકમાં અદ્ધાસમય છે અને નથી	૧૬૨૩
प्रमाणकालस्वरूपविमर्शः	૧૬૨૪
જ્યોતિષ્કરંડકમાં અદ્ધાકાલનો નિર્દેશ	૧૬૨૪
ભાવકાળ પર્યાયાત્મક	૧૬૨૪
कालपर्यायपक्षस्थापनम्	૧૬૨૫
अगुरुलघुपदार्थमीमांसा	૧૬૨૬
કાળ અગુરુલઘુ ન હોવાથી અમૂર્ત્તદ્રવ્ય નથી	૧૬૨૬
विशिष्य कालपर्यायपक्षस्थापनम्	૧૬૨૭
અગુરુલઘુપદાર્થ પર્યાયાત્મક પણ માન્ય	૧૬૨૭
વર્ત્તનાલક્ષણ કાળમાં ગુરુલઘુતાનો આક્ષેપ	૧૬૨૭

विषय	पृष्ठ
कालागुरुलघुताबीजद्योतनम्	૧૬૨૮
બાહુલ્ય દૃષ્ટિએ પર્યાયાત્મક કાળ અગુરુલઘુ	૧૬૨૮
कालिकपरत्वाऽपरत्वादयो वर्त्तनापर्यायाऽपेक्षाः	૧૬૨૯
જીવાજીવપર્યાયસ્વરૂપ કાળનો અજીવદ્રવ્યમાં સમાવેશ સહેતુક	૧૬૨૯
પર્યાયકાલથી પણ પરત્વાપરત્વાદિની સંગતિ	૧૬૨૯
वर्त्तनादौ स्वतन्त्रकालद्रव्यापेक्षाविरहः	૧૬૩૦
વર્ત્તનાદિ પર્યાયો સ્વાશ્રયજન્ય	૧૬૩૦
વર્ત્તનાબહિરંગકારણ સ્વતંત્રકાલદ્રવ્ય નથી	૧૬૩૦
त्रिलक्षणत्वेऽपि कालस्य नाऽतिरिक्तद्रव्यत्वम्	૧૬૩૧
જીવાદિગત ગુણ-પર્યાયનો કાળમાં ઉપચાર	૧૬૩૧
પર્યાયાત્મક કાળમાં ત્રૈલક્ષણ્યની સંગતિ	૧૬૩૧
पूर्वापरानुसन्धानेन विचारणीयम्	૧૬૩૨
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વતંત્રદ્રવ્યત્વના અનાપાદક	૧૬૩૨
કાળપર્યાયપક્ષમાં દશવિધ અજીવઅરૂપીદ્રવ્યપ્રરૂપણાની સંગતિ	૧૬૩૨
કાળ પર્યાય છે - ભગવતીસૂત્રવૃત્તિ	૧૬૩૨
पुनरुक्तिप्रयोजनप्रकाशनम्	૧૬૩૩
કાળવાદમાં પુનરુક્તિ સપ્રયોજન	૧૬૩૩
स्थूणानिखननन्यायोपदर्शनम्	૧૬૩૪
આપણે સંખ્યાપૂરક ન બની જઈએ	૧૬૩૪
पुद्गलद्रव्ये वर्णादिचतुष्टयविमर्शः	૧૬૩૫
પુદ્ગલાસ્તિકાયની પ્રરૂપણા	૧૬૩૫
પાંચ પ્રકારે પુદ્ગલની પ્રજ્ઞાપના	૧૬૩૫
पौद्गलिकग्रहणगुणव्याख्योपदर्शनम्	૧૬૩૬
જીવલક્ષણની વિચારણા	૧૬૩૬
उपयोगविरहे जीवत्वाऽसम्भवः	૧૬૩૭
ચેતના દ્વિવિધ : તત્ત્વાર્થવૃત્તિ	૧૬૩૭
ઉપયોગ જીવલક્ષણ	૧૬૩૭
મોક્ષમાં પણ જીવ જ્ઞાનયુક્ત	૧૬૩૭
जीवस्वरूपविद्योतनम्	૧૬૩૮
જીવલક્ષણભૂત ઉપયોગને ઓળખીએ	૧૬૩૮

વિષય	પૃષ્ઠ
જીવ વ્યવહારથી રૂપી-વેદી, નિશ્ચયથી અરૂપી-અવેદી	૧૬૩૮
निश्चयतः आत्मस्वरूपप्रकाशनम्	૧૬૩૯
નિશ્ચયથી આત્મા રૂપાદિશૂન્ય	૧૬૩૯
આત્મા નિશ્ચયથી અમૂર્ત્ત	૧૬૩૯
શુદ્ધાત્માનું લક્ષણ	૧૬૩૯
સિદ્ધના એકત્રીશ ગુણનું વર્ણન	૧૬૩૯
शुद्धात्मस्वरूपनिवेदनम्	૧૬૪૦
શુદ્ધાત્મસ્વરૂપવર્ણન	૧૬૪૦
તત્ત્વ-ભેદ-પર્યાયથી દ્રવ્યની વ્યાખ્યા	૧૬૪૦
वेदोदयपारवश्यं त्याज्यम्	૧૬૪૧
ઔપાધિક સ્વરૂપ છોડો, નિરુપાધિક સ્વરૂપ પકડો	૧૬૪૧
વાસનાના વમળમાંથી બચીએ	૧૬૪૧
मोक्षाऽऽसन्नतरतोपायत्रैविध्योपदर्शनम्	૧૬૪૨
द्रव्यप्रकारनिरूपणोपसंहारः	૧૬૪૩
વિસ્તારરુચિ સમકિતને પામીએ	૧૬૪૩
कर्तृत्वभारो मोक्तव्यः	૧૬૪૪
.... તો સાચા શાસનપ્રભાવક બનીએ	૧૬૪૪
શાખા - ૧૦ અનુપ્રેક્ષા	૧૬૪૫

उत्पादादिविचार
उत्पादादिविचार
उत्पादादिविचार
उत्पादादिविचार
उत्पादादिविचार
उत्पादादिविचार
द्रव्यानुयोगपरामर्शः शास्त्र-१
उत्पादादिविचारः

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ઢાળ-૯

द्रव्यानुयोगपरामर्शः शाखा-९

उत्पादादिविचारः

शाखा - ९ : उत्पादादिविचारः

त्रिलक्षणात्मकं वस्तु (९/१)
एकत्रैव उत्पादादित्रैविध्यस्वीकारः (९/२)
सुवर्ण(घट)दृष्टान्तेन उत्पादादित्रैविध्यम् (९/३-४)
उत्पादादौ भेदाऽभेदयोः सिद्धिः (९/४)
कार्यवैविध्ये कारणवैविध्यसिद्धिः (९/५)
प्रतिवस्तु अनेकात्मकतासिद्धिः (९/६)
ज्ञानाद्वैतवादि योगाचारमतनिरासः (९/७)
नैयायिकमतनिरासः (९/८)
त्रिव्रतद्वारेण त्रिलक्षणसिद्धिः (९/९)
त्रयात्मकवस्तुनि अनन्तधर्मात्मकतासिद्धिः (९/९)
अन्वय-प्रमेयत्व-ज्ञेयत्वादिषु नैयायिकमतनिरासः (९/९)
सर्ववस्तुषु उत्पादादित्रिलक्षणसङ्गतिः (९/९)
एकस्मिन्नेव द्रव्ये उत्पादादेः सर्वकालीनत्वस्वीकारः (९/१०)
पर्यायार्थिकनयेन उत्पादादिसिद्धिः (९/११)
'क्रियमाणं कृतं' मतस्यमर्थनम् (९/१२)
उत्पन्नपदार्थे पुनरुत्पत्तिविचारणा (९/१३)
केवलज्ञानादिगुणमाश्रित्य उत्पादादिस्यमर्थनम् (९/१४-१५)
'जुगवं दो नत्थि उवओगा' वचनभावार्थः (९/१६)
निराकारभावेषु उत्पादादिसिद्धिः (९/१७)
उत्पादादीनाम् अनेकविधत्वम् (९/१८)
सभेद-प्रतिभेदम् उत्पत्तिस्वरूपनिरूपणम् (९/१९-२०-२१-२२)
परमाणोः अनित्यतासिद्धिः (९/२२)
धर्मास्तिकायादीनाम् उत्पत्तेः समर्थनम् (९/२२)
धर्मास्तिकायोत्पत्तौ दिगम्बरमतसमीक्षा (९/२३)
विनाशप्रकारनिरूपणम् (९/२४-२५)
'परिणाम'स्वरूपदर्शनम् (९/२४)
द्विविधविनाशस्य परस्परवैलक्षण्यम् (९/२६)
नयमाश्रित्य ध्रौव्यप्रकारप्रदर्शनम् (९/२७)
त्रिविधार्थनिरूपणोपसंहारः (९/२८)

❁ ટૂંકસાર ❁

: શાખા - ૯ :

દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. સર્વ દ્રવ્યમાં પ્રતિક્ષણ ઉત્પાદાદિ તાત્ત્વિક છે. તેથી આત્મામાં દોષનાશ, ક્ષાયિકગુણની ઉત્પત્તિ અને આત્મત્વરૂપ ધ્રુવતાને કેળવવા પ્રયત્ન કરવો. (૯/૧-૨)

ઉત્પાદાદિ ત્રણે એક સાથે રહી શકે છે. સોનાનો ઘટ નાશ પામે અને તે સોનાનો હાર બને ત્યારે સુવર્ણદ્રવ્ય તો ધ્રુવ જ છે. માત્ર કાર્યની અપેક્ષાએ ઉત્પાદાદિમાં ભેદ પડે છે. (૯/૩-૪)

પરંતુ ઈષ્ટપર્યાયનાશ દુઃખનું કારણ છે. માટે 'દ્રવ્ય જ સત્ છે, ઉત્પાદ-વ્યય મિથ્યા છે' આવી દ્રવ્યવાદીની વાત સાચી નથી. (૯/૫)

બૌદ્ધમતે કાર્યભેદનું કારણ સંસ્કારભેદ છે, ઉત્પાદાદિ નહિ. અહીં તેનું ખંડન કરેલ છે. (૯/૬)

આગળ જ્ઞાનાદ્વૈતવાદની સમીક્ષા કરેલ છે. (૯/૭-૮)

ગ્રંથકાર ઉત્પાદાદિની સિદ્ધિ દૂધ-દહીં-ગોરસના દૃષ્ટાંતથી કરે છે. અન્વય, વ્યતિરેક, પ્રમેયત્વ, જ્ઞેયત્વ વગેરેમાં પણ અનેકાંત છે. તેને સમજીને દૃઢ કરવાથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે. (૯/૯)

હાજર એવા ઘટમાં પણ પ્રત્યેક સમયે ઉત્પાદાદિ ત્રણ દેખાય છે. આથી જ 'ક્રિયમાણં કૃતમ્' વાક્ય સંગત થાય છે. આ વાતને વ્યવહારનયથી અને નિશ્ચયનયથી સમજીને સામેની વ્યક્તિ જે રીતે જે નયને સ્વીકારે તે રીતે તેની સંગતિ કરવી. (૯/૧૦-૧૧-૧૨-૧૩)

કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ગુણમાં તથા સિદ્ધ ભગવંતમાં પણ પ્રતિક્ષણ ઉત્પાદાદિ ત્રણ સિદ્ધ થાય છે. આપણો પણ સતત નાશ થઈ રહેલ છે તેમ જાણી આરાધનામાં લીનતા કેળવવી. (૯/૧૪-૧૫-૧૬-૧૭)

એક વસ્તુ બીજી અનેક વસ્તુની સાથે સંકળાયેલ છે. માટે પ્રત્યેક વસ્તુમાં અનેકવિધ ઉત્પાદાદિ સંભવે છે. માટે આપણી સાથે સંલગ્ન વસ્તુને નુકસાન ન થાય તેની તકેદારી રાખવી. (૯/૧૮)

ઉત્પત્તિના (૧) પ્રયોગજન્ય, (૨) વિસ્રસાજન્ય અને (૩) ઉભયજન્ય એમ - ત્રણ પ્રકાર છે. વિસ્રસાજન્ય ઉત્પત્તિ (અ) સમુદાયજન્ય અને (બ) ઐકત્વિક છે. પરમાણુઓ ભેગા થવાથી સમુદાયજન્ય ઉત્પત્તિ થાય. દ્વયણુક તૂટે તો ઐકત્વિક રૂપે અણુની ઉત્પત્તિ થાય. ધર્માસ્તિકાય વગેરેમાં પણ જીવસંયોગાદિ દ્વારા ઐકત્વિક ઉત્પત્તિ થાય. તે પરનિમિત્તક અને સ્વનિમિત્તિક છે. આમ 'જીવમાં રહેલ કેવળજ્ઞાન પ્રયત્નથી જન્ય = પ્રાપ્ય છે' - તેમ જાણી તે વિશે પ્રયત્ન કરવો. (૯/૧૯-૨૦-૨૧-૨૨-૨૩)

વિનાશ સમુદાયજન્ય અને અર્થાન્તરપ્રાપ્તિરૂપ છે. તે વિનાશના બે પ્રકાર છે. (૧) પ્રાયોગિક અને (૨) સ્વાભાવિક. પ્રાયોગિક વિનાશ માત્ર સમુદયજનિત હોય. સ્વાભાવિક વિનાશ (અ) સમુદયજનિત અને (બ) ઐકત્વિક એમ બે પ્રકારે હોય. તે બન્નેમાં પ્રાયોગિક અને સ્વાભાવિક એવા બન્ને સમુદયજનિત વિનાશ (A) સમુદયવિભાગ અને (B) અર્થાંતરગમન - એમ બે પ્રકારે છે. અંધકાર એ પ્રકાશનો રૂપાંતર પરિણામ છે. તથા એક અણુમાં બીજા અણુનો સંબંધ એ અર્થાન્તર પરિણામ જાણવો. સંયોગથી અણુનો નાશ થાય છે. કર્મસંયોગથી અને કર્મવિભાગથી બન્ને પ્રકારે આત્માનો નાશ થઈ શકે. તેમાંથી કર્મવિભાગથી આત્માના નાશ માટે પ્રયત્ન કરવો. (૯/૨૪-૨૫-૨૬)

ધ્રૌવ્યમાં બે પ્રકાર જાણવા. ઋજુસૂત્રનય સ્થૂલ ધ્રૌવ્યને માને છે. સંગ્રહનય સૂક્ષ્મ ધ્રૌવ્યને સ્વીકારે છે. આત્મગુણો સૂક્ષ્મધ્રૌવ્યમય સ્વરૂપે અનુભવાય તે માટે પ્રયત્ન કરવો. (૯/૨૭)

આત્માનું ઉત્પાદાદિમય તાત્ત્વિક સ્વરૂપ અનુભવી સુયશને પ્રગટાવવાનો છે. (૯/૨૮)

ઢાળ - ૯

(♦મનમોહિઉં મેરે નંદના- દેશી. રાગ : સારંગ●)

એક અર્થ તિહું લક્ષણૈ, જિમ સહિત *કહઈ જિનરાજ રે;
તિમ સદ્દહણા મનિ ધારતા, સીઝઈ સઘલા શુભકાજ રે ॥૯/૧॥ (૧૩૪)
જિનવાણી પ્રાણી ! સાંભલો.

એક જ અર્થ = જીવ-પુદ્ગલાદિક, ઘટ-પટાદિક **જિમ (તિહું=)** ૩ **લક્ષણૈ** = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યઈ કરીઈ નઈ **સહિત શ્રીજિનરાજ કહઈ** છઈ. [1]"**उप्पन्ने इ वा, *विगए इ वा, धुवे इ वा**" એ ત્રિપદીઈ

• **द्रव्यानुयोगपरामर्शः** •

शाखा - ९

नयप्रकारोपनयस्वरूपगोचरविप्रतिपत्तिनिराकरणानन्तरं प्रमाणगोचरस्य वस्तुत्वावच्छिन्नस्योत्पाद -व्यय-ध्रौव्यात्मकत्वनिरूपणार्थं प्रतिजानीते – '**त्रिलक्षणे**'ति।

त्रिलक्षणत्वमेकत्र त्रिपद्याऽऽह यथा जिनः।
तथा श्रद्धानतः चित्ते सर्वं सत्कर्म सिध्यति।।९/१।।
प्राणिनः ! जिनवाणीं रे, श्रुणुताऽऽदरतो हृदि।। ध्रुवपदम्।।

• **द्रव्यानुयोगपरामर्शकर्णिका** •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एकत्र त्रिलक्षणत्वं त्रिपद्या यथा जिनः आह तथा चित्ते श्रद्धानतः सर्वं सत्कर्म सिध्यति।।९/१।। प्राणिनः ! हृदि आदरतो जिनवाणीं श्रुणुत।। ध्रुवपदम्।।

एकत्र = प्रत्येकमेव वस्तुनि जीव-पुद्गलादिके घट-पटादिके वा **यथा** = येन प्रकारेण **त्रिलक्षणत्वम्** = उत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वं **जिनः** = सर्वज्ञः तीर्थङ्करो भगवान् [1]"उप्पन्ने इ वा,

❋ **द्रव्यानुयोगपरामर्शकर्णिकासुवास** ❋

अवतरणिका :- નયના પ્રકારો વિશે તથા ઉપનયના સ્વરૂપ વિશે વિપ્રતિપત્તિ = વિવાદ દૂર કર્યા બાદ 'પ્રમાણવિષયભૂત પ્રત્યેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે' - આવું તત્ત્વનિરૂપણ કરવા માટે ગ્રંથકારશ્રી નવમી શાખાના પ્રારંભમાં પ્રતિજ્ઞા કરે છે :-

શ્લોકાર્ધ :- એક જ વસ્તુમાં ત્રણ લક્ષણને ત્રિપદી દ્વારા જે રીતે જિનેશ્વર ભગવંત જણાવે છે, તે પ્રમાણે ચિત્તમાં તેની શ્રદ્ધા કરવાથી સર્વ સત્ કાર્યો સિદ્ધ થાય છે. (૯/૧)

હે પ્રાણીઓ ! હૃદયમાં આદર રાખીને જિનવાણીને સાંભળો. (**ધ્રુવપદ**)

વ્યાખ્યાર્થ :- જીવ-પુદ્ગલ વગેરે કે ઘટ-પટ વગેરે બધી જ વસ્તુમાં, સર્વજ્ઞ તીર્થંકર ભગવંત,

♦ વીંછીયાની દેશી. મૂ૦ ઈમ ધન્નો **धण्ण. देशी. पालि०** ● આ.માં ( ) વાળો પાઠ છે. * કો.(૬)માં 'કહો' પાઠ. ✲ અનેક પ્રત-પુસ્તકોમાં **'विगमेइ वा'** પાઠ છે. તે અશુદ્ધ છે. આ.(૧)+કો.(૭+૯+૧૦)ના આધારે **'विगए इ वा'** પાઠ ગ્રહણ કરેલ છે. 1. उत्पन्न इति वा विगत इति वा ध्रुव इति वा।

કરીનઈં. **તિમ સદ્દહણા (મનિ=)** મનમાંહઈ **ધરતાં, (સઘલા =)** સર્વ **(શુભ કાજ=)** કાર્ય **સીઝઈ.**

વિગએ ઇ વા, ધુવે ઇ વા" (**स्थानाङ्ग**-માતૃકાપદ-૪/૨/૨૯૭ વૃ.પૃ.૩૭૮) ઇતિ **ત્રિપદ્યા આહ** = ઉક્તવાન્ **તથા** = તેન પ્રકારેણ **ચિત્તે** = સ્વહૃદયે **શ્રદ્ધાનતઃ** = સમ્યગ્ આસ્થાતઃ **સર્વમ્** એવ **સત્કર્મ** = સદનુષ્ઠાનં તથાશ્રદ્ધાનોપાર્જિતકુશલાનુબન્ધિપુણ્યવિપાકાદિતઃ **સિધ્યતિ** = અવિકલફલદં ભવતિ।

ઇત્થમેકપદેનાઽનેકપદાવગાહનાદ્ બીજરુચિસમ્યક્ત્વં ભાવનીયમત્ર। તદુક્તં **પ્રજ્ઞાપનાસૂત્રે, ઉત્તરાધ્યયનસૂત્રે પ્રવચનસારોદ્ધારે** ચ [1]"एगपएणाणेगाइं पदाइं जो पसरइ उ सम्मत्तं। उदए व्व तिल्लबिंदू सो बीयरुइ त्ति नायव्वो।।" (પ્ર.સૂ.૧/૩૭/૧૨૧/પૃ.૫૬ + ઉત્ત.૨૮/૨૨ + પ્રવ.સારો.૯૫૫) ઇતિ। પ્રકૃતત્રિપદીમાદરતઃ શ્રદ્ધાય અવલમ્બ્ય ચ બીજબુદ્ધિબલેન અન્તર્મુહૂર્ત્તમાત્રકાલે ગણભૃતો દ્વાદશાઙ્ગીં રચયન્તિ। તદુક્તં **પ્રજ્ઞાપનાસૂત્રવૃત્તૌ** "एकम् अर्थपदं तथाविधम् अनुसृत्य शेषम् अश्रुतम् अपि यथावस्थितं प्रभूतम् अर्थम् अवगाहते सा बीजबुद्धिः। सा च सर्वोत्तमप्रकर्षप्राप्ता भगवतां गणभृताम्। ते हि उत्पादादिपदत्रयमवधार्य सकलम् अपि द्वादशाङ्गात्मकं प्रवचनम् अभिसूत्रयन्ति" (પ્ર.સૂ.૨૧/૨૭૩/વૃ.પૃ.૪૨૪)।

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતાને ત્રિપદી દ્વારા જણાવે છે. ગણધરપદયોગ્ય તદ્ભવમોક્ષગામી આત્માર્થી જીવને દીક્ષા આપ્યા બાદ જિનેશ્વર ભગવંત 'उप्पन्ने इ वा, विगए इ वा, धुवे इ वा' આ પ્રમાણે ત્રિપદી આપે છે. ત્રિપદીના ત્રણેય પદો ક્રમશઃ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું વસ્તુમાં પ્રતિપાદન કરે છે. ત્રિપદી દ્વારા પ્રત્યેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતાનું જે પ્રકારે જિનેશ્વર ભગવંત પ્રતિપાદન કરે છે, તે પ્રકારે પોતાના હૃદયમાં સમ્યક્ શ્રદ્ધા કરવાથી બધાં જ સદ્ અનુષ્ઠાનો સિદ્ધ થાય છે. કારણ કે તથાવિધ શ્રદ્ધાથી કુશલાનુબંધી પુણ્યનું ઉપાર્જન આદિ થાય છે. તથા તેવા પુણ્યના વિપાકોદય આદિથી તે અનુષ્ઠાનો સંપૂર્ણ ફળદાયક બને છે.

ॐ બીજરુચિસમકિતને તથા બીજબુદ્ધિને ઓળખીએ ॐ

(**इत्थ.**) આ રીતે એક-એક પદ દ્વારા અનેક પદોનું અવગાહન કરવાના લીધે પ્રસ્તુતમાં બીજરુચિ સમ્યક્ત્વની ઊંડાણથી રુચિપૂર્વક ભાવના કરવી. આ અંગે **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **ઉત્તરાધ્યયનસૂત્ર**માં તથા **પ્રવચનસારોદ્ધાર**માં જણાવેલ છે કે "એક પદથી અનેક જીવાદિ પદોમાં જે ફેલાય, પાણીમાં તેલબિંદુની જેમ, તે બીજરુચિ સમ્યક્ત્વ તરીકે જાણવું." પ્રસ્તુત ત્રિપદીની આદરપૂર્વક શ્રદ્ધા કરીને, તેના આધારે બીજબુદ્ધિના બળથી ગણધર ભગવંતો માત્ર બે ઘડીની અંદર દ્વાદશાંગી રચે છે. **પ્રજ્ઞાપનાસૂત્રવ્યાખ્યા**માં **શ્રીમલયગિરિસૂરિજી**એ આ અંગે જણાવેલ છે કે "તેવા પ્રકારના એક અર્થપદને = અર્થપ્રધાનપદને અનુસરીને બાકીના ન સાંભળેલા પણ પુષ્કળ અર્થોને જે બુદ્ધિ યથાવસ્થિતસ્વરૂપે જાણે તેને બીજબુદ્ધિ સમજવી. સર્વોત્તમ પ્રકારે પ્રકર્ષને પામેલી તે બીજબુદ્ધિ તો ગણધર ભગવંતોની પાસે હોય છે. તે ગણધર ભગવંતો ઉત્પાદાદિ ત્રણ પદની ધારણા કરીને દ્વાદશાંગીસ્વરૂપ સંપૂર્ણ જિનપ્રવચનને સ્વયં સૂત્રરૂપે ગૂંથે છે." તેથી પ્રસ્તુત ત્રિપદીની શ્રેષ્ઠ શ્રદ્ધાથી સર્વ લોકોત્તર અનુષ્ઠાનો પૂર્ણફલદાયક બનવાની વાત સંગત થાય જ છે.

1. एकपदेनाऽनेकानि पदानि यः प्रसरति तु सम्यक्त्वम्। उदके इव तैलबिन्दुः स बीजरुचिरिति ज्ञातव्यः।।

प्रकृते "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद् - इत्यादिवद् अर्थप्रधानं पदम् = अर्थपदम्। तेन एकेनाऽपि बीजभूतेन अधिगतेन यः अन्यं प्रभूतम् अपि अर्थम् अनुसरति स बीजबुद्धिः" (वि.आ.भा.८०० वृ.) इति **विशेषावश्यक-भाष्यमलधारवृत्ति**वचनमनुस्मर्तव्यम्। 'उवन्ने इ वा' इत्यादिः अर्थः बीजपदरूपेण **धवलायाम्** (ध. १४/५, ११/८/८) उक्तः पूर्वञ्च (६/२) इह दर्शितोऽत्राऽनुसन्धेयः।

श्रद्धालक्षणं तु **तत्त्वार्थभाष्ये** "श्रद्धानं = प्रत्ययाऽवधारणम्" (त.सू.१/२ भा.पृ.३२) इति, **तत्त्वार्थ-भाष्यसिद्धसेनीयवृत्तौ** "आलोचनाज्ञानेन श्रुतादि आलोच्य 'एवम् एतत् तत्त्वम् अवस्थितम्' इति अवधारयति" (त.सू.१/२, भा.सि.वृ.पृ.३३) इति, **आवश्यकनिर्युक्तिहारिभद्रीवृत्तौ** "विशुद्धः चित्तपरिणामः = श्रद्धा" (आ.नि. भाग-२/द्वादशव्रत-१५६२ गाथातः उत्तरं/पृ.२३१) इति, **तत्त्वार्थसर्वार्थसिद्धौ** "तत्त्वार्थश्रद्धानं हि आत्मनः परिणामः मोक्षसाधनम्" (त.स.सि.१/२, पृ.९) इति, **तत्त्वार्थश्रुतसागरीवृत्तौ** "श्रद्धा = रुचिः" (त.श्रु.वृ.१/२) इति, **तत्त्वार्थराजवार्त्तिके** "श्रद्धानशब्दवाच्यः अर्थः करणादिव्यपदेशभाग् आत्मपरिणामः" (त.रा.वा.१/१/८

❀ विशेषावश्यकवृत्तिमां बीजबुद्धि विचार ❀

(प्रकृते.) प्रस्तुतमां **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**नी एक वात अवश्य याद करवा योग्य छे. त्यां **हेमचन्द्रसूरिजी**ओ जणावेल छे के "जे उत्पाद-व्यय-ध्रौव्ययुक्त होय ते ज सत् होय - आवो अर्थ जेमां मुख्य छे एवुं 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' - **तत्त्वार्थसूत्रवचन** अर्थपद कहेवाय. आ अर्थपद बीजतुल्य छे. एक पण अर्थपदने सारी रीते जाणीने जे बीजा घणा बधा अर्थोने अनुसरे, जाणे ते बीजबुद्धिवाळा कहेवाय." उपर संस्कृतमां बीजबुद्धि = बीजबुद्धिवाळा - आवो अहीं अर्थ करवो. 'उवन्ने इ वा' इत्यादि त्रिपदीस्वरूप अर्थ बीजपदरूपे **धवला**मां जणावेल छे. पूर्वे (६/२ पृ.६९३) आ संदर्भ आ ज ग्रंथमां जणावेल छे. तेनुं अहीं अनुसंधान करवुं.

❀ श्रद्धाना विविध लक्षणो ❀

(श्रद्धा.) श्रद्धानुं लक्षण स्व-परदर्शनना अनेक ग्रंथोमां विविध प्रकारे उपलब्ध थाय छे. तेनो आंशिक निर्देश निम्नोक्त रीते जाणवो.

(१) 'प्रत्यय = आलोचना = विचारणा द्वारा तत्त्वनुं जे अवधारण = निर्णय थाय ते श्रद्धा कहेवाय' - आ प्रमाणे **तत्त्वार्थसूत्रभाष्य**मां श्वेतांबरशिरोमणि **उमास्वातिजी** महाराजे जणावेल छे.

(२) तत्त्वार्थभाष्यदर्शित श्रद्धालक्षणनुं स्पष्टीकरण करतां **तत्त्वार्थभाष्यसिद्धसेनीय वृत्ति**मां जणावेल छे के "सांभळेला के जोयेला पदार्थनी आलोचनाज्ञानथी = विचारविमर्शथी मीमांसा करीने 'आ तत्त्व आ प्रमाणे वास्तविक रीते रहेलुं छे'-= आ प्रमाणे साधक जे अवधारण करे ते श्रद्धा कहेवाय."

(३) **आवश्यकनिर्युक्तिवृत्ति**मां **हरिभद्रसूरिजी** कहे छे - "चित्तनो विशुद्ध परिणाम = श्रद्धा."

(४) दिगंबरीय **तत्त्वार्थसर्वार्थसिद्धि** व्याख्यामां जणावेल छे के "तत्त्वार्थनी श्रद्धा खरेखर आत्मानो तेवो परिणाम छे के जे मोक्षने साधी आपे."

(५) दिगंबरीय **तत्त्वार्थश्रुतसागरीवृत्ति**मां जणावेल छे के "श्रद्धा एटले रुचि."

(६) दिगंबरीय **तत्त्वार्थराजवार्तिक**मां जणावेल छे के "अहीं 'श्रद्धा' शब्दनो वाच्यार्थ आत्मानो तेवो परिणाम छे के जे विशुद्ध अध्यवसाय आदि व्यवहारनुं भाजन बने."

એ ત્રિપદીનઈ સર્વ અર્થ વ્યાપકપણું ધારવું તે જિનશાસનાર્થ.

પણિ 'કેટલાઈક નિત્ય, કેટલાઈક અનિત્ય' ઈમ ***નૈયાયિકાદિક*** કહઈ છઈ, તે રીતિ નહીં.

पृ.૧૯) इति, **तत्त्वार्थश्लोकवार्तिके** "आत्मस्वरूपं दर्शनमोहरहितं तत्त्वार्थश्रद्धानम्" (त.श्लो.वा.૧/૨/૨૧, पृ.८७) इति, **ब्रह्मसूत्रशाङ्करभाष्ये** "आस्तिकभावः = श्रद्धानता" (ब्र.सू.भा.) इति, **निरुक्तविवृतौ** "श्रद् इति सत्यनाम पूर्वपदम्। तद् अस्यां धीयते इति श्रद्धा" (नि.वि.दैवतकाण्ड ૯/૩/૩૧/पृ.૪૨૫) इति, **तर्कसङ्ग्रहदीपिकायां** च "आस्तिक्यं = श्रद्धा" (त.स.दी.) इति व्यावर्णितमत्र यथायथमनुसर्तव्यम्।

प्रकृते उत्पाद-व्यय-ध्रौव्यप्रतिपादिकायाः त्रिपद्याः स्वनिरूपितवाच्यतासम्बन्धेन सर्वार्थव्यापकता बोध्या, अन्यथा वस्तुसत्त्वाऽयोगात्। प्रमेयत्वावच्छिन्नस्य उदय-विगम-स्थिरतात्मकत्वं जिनैकशासनोक्तम्।

यद्यपि नैयायिकादयोऽपि पार्थिवप्रभृतिपरमाणूनाम्, गगनादिद्रव्याणाम्, विभुपरिमाणादिगुणानां सामान्यादीनाञ्च नित्यत्वं घटादिकार्यात्मकपृथिव्यादीनाञ्चाऽनित्यत्वं प्रतिपादयन्ति एव ***तथापि*** नित्यत्वा-

---

(૭) દિગંબરીય **तत्त्वार्थश्लोकवार्तिक**માં જણાવેલ છે કે "દર્શનમોહનીય કર્મથી રહિત આત્માનું સ્વરૂપ એ તત્ત્વાર્થની શ્રદ્ધા છે."

(૮) **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**માં જણાવેલ છે કે "આસ્તિકપણું એટલે શ્રદ્ધા."

(૯) **નિરુક્તવિવૃત્તિ**માં જણાવેલ છે કે 'श्रद् + धा = શ્રદ્ધા. श्रद् એટલે સત્ય. આ પૂર્વપદ છે. તે જેમાં ધારણ કરાય તે શ્રદ્ધા.' મતલબ કે સત્યધારક શ્રદ્ધા છે.

(૧૦) **તર્કસંગ્રહદીપિકા** વ્યાખ્યામાં પણ આસ્તિક્યને શ્રદ્ધારૂપે જણાવેલ છે. આ રીતે વિવિધ ગ્રંથોમાં વિવિધ પ્રકારે શ્રદ્ધાનું સ્વરૂપ દર્શાવેલ છે. તેનું પ્રસ્તુતમાં યથાયોગ્ય રીતે અનુસરણ કરવું.

❋ ત્રિપદી સર્વવ્યાપી ❋

(प्रकृते.) પ્રસ્તુતમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પ્રતિપાદન કરનારી ત્રિપદી સ્વનિરૂપિતવાચ્યતા સંબંધથી તમામ પદાર્થમાં વ્યાપક છે. બાકી વસ્તુનું અસ્તિત્વ જ સંભવી ન શકે. સર્વ પ્રમેય પદાર્થ ઉત્પાદ-વ્યય-સ્થિરતા સ્વરૂપ છે. આ વાત માત્ર જિનશાસનમાં જ દર્શાવેલ છે.

સ્પષ્ટતા :- શબ્દ વાચક છે તથા અર્થ વાચ્ય છે. તેથી સ્વનિરૂપિતવાચ્યતા સંબંધથી શબ્દ અર્થમાં રહે છે. તમામ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક હોવાથી ઉત્પાદ આદિ ત્રણની પ્રતિપાદક ત્રિપદી સ્વવાચ્યતા સંબંધથી = સ્વનિરૂપિતવાચ્યતા સંબંધથી સર્વ પદાર્થમાં વ્યાપીને રહેશે. મતલબ કે એક પણ પદાર્થ એવો નથી કે જેમાં સ્વનિરૂપિતવાચ્યતા સંબંધથી ત્રિપદી રહેતી ન હોય. સર્વ પદાર્થને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપે દર્શાવવાની પદ્ધતિ કેવલ જિનશાસનની આગવી વિશેષતા છે.

❀ नित्यत्व-अनित्यत्वादि परमते असमानाधिकरण ❀

(यद्यपि.) જો કે નૈયાયિક વગેરે જૈનેતર વિદ્વાનો પણ પાર્થિવ વગેરે પરમાણુ, ગગન વગેરે દ્રવ્યો, વિભુપરિમાણ વગેરે ગુણો તથા સામાન્ય-વિશેષ આદિ પદાર્થોને નિત્યરૂપે = ધ્રુવસ્વરૂપે જણાવે જ છે. તથા ઘટાદિ પૃથ્વી, જલ વગેરે કાર્ય સ્વરૂપ દ્રવ્યોને અનિત્યરૂપે = ઉત્પાદ-વ્યયવિશિષ્ટરૂપે જણાવે જ છે. તેમ છતાં પણ તેમના મતે નિત્યત્વ અને અનિત્યત્વ એકબીજાનો પરિહાર કરીને રહેલા છે. પરમાણુ, આકાશ વગેરે

ऽनित्यत्वयोः परस्परपरिहारेण तैरभ्युपगमाद् येषां नित्यत्वं तेषां न केनाऽपि रूपेणाऽनित्यत्वं येषाञ्चाऽनित्यत्वं तेषां न केनाऽपि रूपेण नित्यत्वमिति नैकस्योत्पाद-व्यय-ध्रौव्यात्मकता मिथोऽनुविद्ध-रूपेण परमते परमार्थतः प्रसिद्धा। यथोक्तं **शिवादित्येन सप्तपदार्थ्यां** "पृथिवी नित्या अनित्या च। परमाणुलक्षणा नित्या, कार्यलक्षणा तु अनित्या।... आपोऽपि द्विविधाः, नित्याः अनित्याश्च। परमाणुलक्षणाः नित्याः, कार्यलक्षणाः तु अनित्याः...." (स.प.१०/११) इत्यादि।

एतेन पृथिव्यादिद्रव्याणां नैयायिकैरपि नित्यानित्यात्मकत्वाऽभ्युपगमान्नोत्पाद-व्यय-ध्रौव्यात्मकता जिनैकशासनोक्तेति ***प्रत्यस्तम्,***

पृथिवीत्वादिसामानाधिकरण्येन उत्पादाद्यभ्युपगमेऽपि पृथिवीत्वाद्यवच्छेदेन त्रितयात्मकत्वस्य तैः अनभ्युपगमात्। तथाहि – घटादिकार्यात्मकपृथिव्यादिद्रव्याणां तैर्नित्यत्वाऽनभ्युपगमेन परमाणु-लक्षणपृथिव्यादिद्रव्याणाञ्चाऽनित्यत्वानभ्युपगमेनैकस्मिन् परस्परानुविद्धाया उत्पाद-व्यय-ध्रौव्यात्मकताया अनुक्तत्वात्।

न चास्त्वेवमपि तन्मतस्य प्रामाण्यमिति ***वाच्यम्,***

જે દ્રવ્યમાં નિત્યત્વ નામનો ગુણધર્મ રહે છે તેમાં કોઈ પણ સ્વરૂપે અનિત્યત્વ રહેતું નથી. તથા તેમના મતે ઘટ-પટાદિ જે જે કાર્ય દ્રવ્યમાં અનિત્યત્વ રહે છે તેમાં કોઈ પણ સ્વરૂપે નિત્યત્વ રહેતું નથી. આમ નૈયાયિક આદિના મત મુજબ નિત્યત્વ અને અનિત્યત્વ પરસ્પર વ્યધિકરણ હોવાથી 'કોઈ પણ એક પદાર્થ પરસ્પર અનુવિદ્ધ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે' - તેવું જૈનેતર દર્શનમાં તાત્ત્વિક રીતે સિદ્ધ થતું નથી. જેમ કે **શિવાદિત્યમિશ્રએ સપ્તપદાર્થી** ગ્રંથમાં જણાવેલ છે કે 'પૃથ્વી નિત્ય અને અનિત્ય છે. પરમાણુસ્વરૂપ પૃથ્વી નિત્ય છે. કાર્યાત્મક પૃથ્વી અનિત્ય છે. પાણી પણ નિત્ય અને અનિત્ય - એમ બે પ્રકારે છે. પરમાણુસ્વરૂપ પાણી = જલીય પરમાણુઓ નિત્ય છે. તથા કાર્યાત્મક જલદ્રવ્ય અનિત્ય છે.'

શંકા :- (एतेन.) પૃથ્વી વગેરે દ્રવ્યોને, નૈયાયિકોએ પણ નિત્યાનિત્યસ્વરૂપ માનેલ છે. 'તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા માત્ર જિનશાસનમાં જ જણાવેલ છે' - તેવું કઈ રીતે કહી શકાય ?

ॐ प्रत्येक पदार्थ त्रिलक्षणयुक्त ॐ

નિરાકરણ :- (पृथि.) હમણાં ઉપર અમે જે વાત જણાવી ગયા તેનાથી જ તમારી શંકાનું નિરાકરણ થઈ જાય છે. કારણ કે નૈયાયિક વગેરે વિદ્વાનો पृथिवीत्वादिसामानाधिकरण्येन ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને માનવા છતાં પણ પૃથિવીત્વાદિઅવચ્છેદેન ત્રિતયાત્મકત્વ માનતાં નથી. જેમ કે ઘટાદિ કાર્યસ્વરૂપ જે પૃથ્વી વગેરે દ્રવ્યમાં અનિત્યતાનો સ્વીકાર તેઓ કરે છે તેમાં નિત્યત્વનો સ્વીકાર કરતા નથી. તથા પરમાણુ સ્વરૂપ જે પૃથ્વી આદિ દ્રવ્યમાં નૈયાયિકો નિત્યત્વનો સ્વીકાર કરે છે તેમાં અનિત્યત્વને માનતા નથી. આમ પરમતમાં જે આકાશ આદિ દ્રવ્ય નિત્ય છે તે અનિત્ય નથી તથા જે ઘટાદિ દ્રવ્ય અનિત્ય છે તે નિત્ય નથી. તેથી એક પણ પદાર્થમાં પરસ્પર અનુવિદ્ધ એવી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા પરદર્શનમાં જણાવેલ નથી. તેથી પ્રત્યેક પદાર્થને ઉત્પાદ આદિ ત્રિતયાત્મક સ્વરૂપે, કેવલ જૈનશાસનમાં જ બતાવેલ છે - તેવું સિદ્ધ થાય છે.

જિજ્ઞાસા :- (न चा.) નૈયાયિક વગેરે વિદ્વાનો આકાશ આદિને કેવલ નિત્ય માને તથા ઘટાદિ

નિત્યૈકાંત-અનિત્યૈકાંત પક્ષ[*] તુ લોકયુક્તિ પણિ વિરુદ્ધ છઈ.

તે માટઈ દીપથી માંડી આકાશ તાંઈ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ માનવું. તેહ જ પ્રમાણ.

नित्यैकान्ताऽनित्यैकान्तपक्षयोः लोकानुभव-युक्त्योरपि विरोधात्। तदुक्तं **महोपाध्याययशोविजयगणि**-वरैरेव मध्यमपरिमाणे **स्याद्वादरहस्ये** "परमाणूनामाकाशादीनां च सर्वथा नित्यत्वम्, स्थूलपृथिव्यादिचतुष्टयस्य तु सर्वथाऽनित्यत्वमिति हि परमतनिगर्वः। एतच्च प्रत्यक्षविरुद्धम्। न हि कम्बुग्रीवत्वादिनेव 'मृत्त्वेनाऽपि घटो नष्ट' इति कश्चित् प्रत्येति। प्रत्युत 'पूर्वमयमेव मृत्पिण्डः तत्कम्बुग्रीवत्वादिनाऽऽसीदि'ति सर्वोऽपि प्रत्यभिजानीते" (म.स्या.रह.का.१ पृ.९) इति। अधिकन्तु तट्टीकायां **जयलतायामस्माभिः** व्याख्यातं ततोऽवसेयम्।

तस्मादादीपमागगनमुत्पाद-व्यय-ध्रौव्यात्मकतोररीकर्तव्या, तस्या एव अबाधितानुभव-युक्त्यागमैः प्रतीयमानायाः प्रामाणिकत्वात्।

દ્રવ્યને કેવલ અનિત્ય માને તેમ છતાં નૈયાયિકના મતને તમે પ્રમાણસ્વરૂપ માનો. તેમાં શું વાંધો છે?

⚜ ઘટાદિમાં પણ નિત્યાનિત્યતા ⚜

સમાધાન :- (**નિત્યૈ.**) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે એકાંત નિત્યપક્ષમાં અને એકાંત અનિત્ય પક્ષમાં લોકઅનુભવનો અને યુક્તિનો પણ વિરોધ આવે છે. તેથી નૈયાયિકનો મત પ્રમાણભૂત બની શકે તેમ નથી. તેથી જ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે જ મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે "પરમાણુ અને આકાશ વગેરે દ્રવ્ય સર્વથા નિત્ય છે. સ્થૂલ પૃથ્વી આદિ ચાર દ્રવ્ય તો સર્વથા અનિત્ય છે - આ પ્રમાણે અન્યદર્શનીઓને પોતાના મતનો અહંકાર છે. તથા આ મત તો પ્રત્યક્ષથી વિરુદ્ધ છે. કારણ કે જેમ 'કમ્બુગ્રીવત્વ આદિ રૂપે ઘડો નાશ પામેલ છે' - આ પ્રમાણે લોકોને પ્રતીતિ થાય છે, તેમ 'માટીરૂપે પણ ઘડો નાશ પામ્યો છે' - આવી કોઈને પણ પ્રતીતિ થતી નથી. ઊલટું, બધાય લોકોને પૂર્વોત્તરકાલીન એક જ દ્રવ્યનું અનુસંધાન કરનારી પ્રત્યભિજ્ઞા થાય છે કે 'આ જ મૃત્પિંડ પૂર્વકાળમાં તે કમ્બુગ્રીવત્વાદિ રૂપે હતો.' આ પ્રત્યભિજ્ઞા દ્વારા સિદ્ધ થાય છે કે ઘડો કમ્બુગ્રીવત્વાદિ રૂપે નાશ પામવા છતાં પણ મૃદ્દ્રવ્યરૂપે = મૃત્ત્વરૂપે નાશ પામેલ નથી. આથી ઘટસ્વરૂપ કાર્ય દ્રવ્ય પણ મૃત્ત્વરૂપે નિત્ય છે અને ઘટત્વરૂપે અનિત્ય છે - તેવું સિદ્ધ થાય છે." મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથની **જયલતા** નામની વ્યાખ્યામાં અમે આ બાબતની અધિક સ્પષ્ટતા કરેલ છે. તેથી જિજ્ઞાસુઓએ જયલતા વ્યાખ્યામાંથી અધિક જાણકારી મેળવી લેવી.

(**તસ્મા.**) તેથી દીવાથી માંડીને આકાશ સુધીના તમામ દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે - તેવું સ્વીકારવું જરૂરી છે. કારણ કે તમામ પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતાનો જ સર્વ શિષ્ટ જનોને અબાધિત અનુભવ થાય છે. તથા યુક્તિ અને આગમ દ્વારા પણ તેની જ પ્રતીતિ થાય છે. તેથી પ્રત્યેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા પ્રામાણિક છે - તેવું સિદ્ધ થાય છે.

સ્પષ્ટતા :- જૈનદર્શન કહે છે કે લોકો જે દીવાને અનિત્ય જ માને છે, તે દીવો નિત્ય પણ

---

[*] પુસ્તકોમાં 'પક્ષમાં' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

उक्तं च ▸*श्रीहेमाचार्यैः*◂ –

आदीपमाव्योम समस्वभावं स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु।
'तन्नित्यमेवैकमनित्यमन्यदि'ति त्वदाज्ञाद्विषतां प्रलापाः।। (अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका-५)

उक्तञ्च **श्रीहेमचन्द्रसूरि**वरैः **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायाम्** "आदीपमाव्योम समस्वभावं स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु। 'तन्नित्यमेवैकमनित्यमन्यदि'ति त्वदाज्ञाद्विषतां प्रलापाः।।" (अ.व्य.द्वा.५) इति।

अत्र **श्रीमल्लिषेणसूरि**कृतायां **स्याद्वादमञ्जर्याम्** एतद्व्याख्यालेशस्त्वेवम् "आदीपं = दीपादारभ्य आव्योम = व्योम [1]मर्यादीकृत्य सर्ववस्तुपदार्थस्वरूपं समस्वभावं = समः तुल्यः स्वभावः स्वरूपं यस्य तत् तथा। समस्वभावत्वं कुतः? इति विशेषणद्वारेण हेतुमाह –

स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु। स्याद्वादः = अनेकान्तवादः = नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत्, तस्य मुद्रा = मर्यादा, तां नातिभिनत्ति = नातिक्रामतीति स्याद्वादमुद्रानतिभेदि। सर्ववस्तूनां समस्वभावत्वकथनञ्च पराऽभीष्टस्यैकं वस्तु व्योमादि नित्यमेव, अन्यच्च प्रदीपादि अनित्यमेव इति वादस्य

છે. તથા લોકો જે આકાશને નિત્ય જ માને છે, તે આકાશ અનિત્ય પણ છે. આ રીતે દીવો તથા આકાશ પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે.

❖ स्याद्वादमंजरीनी सुवास ❖

(उक्त.) કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ મહારાજે **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका**માં જણાવેલ છે કે "દીવાથી માંડીને આકાશ સુધીની તમામ વસ્તુ સમાન સ્વભાવવાળી છે. કારણ કે કોઈ પણ વસ્તુ સ્યાદ્વાદની મર્યાદાનું ઉલ્લંઘન કરતી નથી. તેથી 'આકાશ વગેરે દ્રવ્ય એકાંતે નિત્ય છે અને દીવા વગેરે કેટલાંક દ્રવ્યો સર્વથા અનિત્ય જ છે' - આવો બકવાટ હે પ્રભુ ! તારી આજ્ઞા ઉપર દ્વેષ કરનારાઓનો છે." **શ્રીમલ્લિષેણસૂરિજી** મહારાજે ઉપરોક્ત શ્લોકની **स्याद्वादमंजरी** નામની ટીકામાં જે વ્યાખ્યા જણાવેલ છે, તેનો પ્રસ્તુતમાં ઉપયોગી અમુક અંશ આ મુજબ છે.

(अत्र.) "દીવાથી માંડીને આકાશ સુધીના તમામ પદાર્થનું સ્વરૂપ સમાનસ્વભાવવાળું છે.

શંકા :- સઘળાયે પદાર્થોનું સ્વરૂપ સમાનસ્વભાવવાળું કઈ રીતે હોય ?

❖ सर्व पदार्थ स्याद्वादमर्यादावर्ती ❖

समाधान :- (स्या.) ઉપરોક્ત તમારી શંકાના નિરાકરણ માટે કલિકાલસર્વજ્ઞ ભગવંતે વસ્તુના વિશેષણ દ્વારા હેતુને જણાવેલ છે કે - દરેક વસ્તુ સ્યાદ્વાદની મર્યાદાને ઓળંગતી નથી. તેથી સર્વ વસ્તુ તુલ્ય સ્વભાવવાળી છે. સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદ. અર્થાત્ નિત્યતા, અનિત્યતા વગેરે અનેક વિરોધી ધર્મોથી વ્યાપ્ત એવી પ્રત્યેક વસ્તુનો સ્વીકાર એટલે સ્યાદ્વાદ. દરેક વસ્તુ પ્રસ્તુત સ્યાદ્વાદની મર્યાદાનું અતિક્રમણ કરતી નથી. 'સર્વ વસ્તુઓ સમાનસ્વભાવવાળી છે' - આ કથન જ 'આકાશ વગેરે અમુક વસ્તુ એકાંતે નિત્ય છે અને પ્રદીપ વગેરે અમુક વસ્તુ એકાંતે અનિત્ય છે' - આવા પ્રકારના અન્ય દર્શનના પક્ષનું ખંડન કરવામાં કારણભૂત છે. કારણ કે દરેક ભાવ = પદાર્થ દ્રવ્યાર્થિકનયની (દ્રવ્યને મુખ્ય કરનાર

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૦) + લી.(૧+૨+૩+૪) + આ.(૧)માં છે.

1. 'अवधीकृत्य' इत्यर्थः।

प्रतिक्षेपबीजम्। सर्वे हि भावा द्रव्यार्थिकनयापेक्षया नित्याः, पर्यायार्थिकनयादेशात् पुनरनित्याः।

तथाहि – प्रदीपपर्यायापन्नास्तैजसाः परमाणवः स्वरसतः तैलक्षयात्, वाताभिघाताद् वा ज्योतिष्पर्यायं परित्यज्य तमोरूपं पर्यायान्तरमाश्रयन्तोऽपि नैकान्तेनाऽनित्याः, पुद्गलद्रव्यरूपतयाऽवस्थितत्वात् तेषाम्।

न हि एतावतैवाऽनित्यत्वं यावता पूर्वपर्यायस्य विनाशः उत्तरपर्यायस्य चोत्पादः। न खलु मृद्द्रव्यं स्थास-कोश-कुशूल-शिवक-घटाद्यवस्थान्तराण्यापद्यमानमप्येकान्ततो विनष्टम्, तेषु मृद्द्रव्यानुगमस्याऽऽबाल-गोपालं प्रतीतत्वात्।.....

નયની) અપેક્ષાએ નિત્ય છે તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે.

❋ દીવો પણ નિત્યાનિત્ય ❋

(तथाहि.) તે આ રીતે - પ્રકાશસ્વરૂપે પરિણત થવાને યોગ્ય પુદ્ગલસ્કંધોને પ્રસ્તુતમાં તૈજસપરમાણુરૂપે સમજવા. આ તૈજસ પરમાણુઓ તેલ, વાટ વગેરે સામગ્રી દ્વારા પ્રદીપપર્યાયને પામે છે. તેલ વગેરે ખલાસ થઈ જવાથી દીવો જ્યારે સ્વતઃ બુઝાઈ જાય અથવા પવનના ઝપાટા વગેરેથી (=પરતઃ) દીવો બુઝાઈ જાય ત્યારે તે બધા જ તૈજસ પરમાણુઓ પ્રકાશપર્યાયનો ત્યાગ કરીને અંધકારસ્વરૂપ અન્ય પર્યાયને ધારણ કરે છે. (આમ તૈજસ પરમાણુઓનો ત્યારે પ્રકાશપર્યાયરૂપે નાશ અને અંધકારપર્યાયરૂપે ઉત્પાદ થાય છે. તેથી તે સ્વરૂપે ઉત્પાદ-વ્યય પામનારા તૈજસ પરમાણુઓ અનિત્ય છે. પરંતુ) અંધકારસ્વરૂપ અન્ય પર્યાયને ધારણ કરવા છતાં પણ તે તૈજસ પરમાણુઓ એકાંતે અનિત્ય નથી. કારણ કે પુદ્ગલ દ્રવ્યરૂપે તે તૈજસ પરમાણુઓ અવસ્થિત = ધ્રુવ = સ્થિર છે.

✡ तैजसपरमाणुविचार ✡

સ્પષ્ટતા :- પ્રસ્તુતમાં તૈજસપરમાણુત્વરૂપે નિત્યતા બતાવવાના બદલે પુદ્ગલત્વરૂપે તૈજસપરમાણુને નિત્ય દર્શાવેલ છે. આનાથી સૂચિત થાય છે કે તૈજસપરમાણુરૂપે તેના ઉત્પાદ-વ્યય થઈ શકે છે. તેથી પ્રસ્તુતમાં પ્રકાશપર્યાયયુક્ત પરમાણુને તૈજસપરમાણુ કહી શકાય. પરંતુ અંધકારપર્યાયવાળા પરમાણુને તૈજસપરમાણુ કહી ન શકાય. પ્રસ્તુતમાં 'તૈજસ' શબ્દ તેજોવર્ગણા માટે નથી. પરંતુ લોકપ્રસિદ્ધિને અનુસરીને અહીં પ્રકાશ-અગ્નિ માટે તે શબ્દ પ્રયોજાયેલ છે.

શંકા :- પ્રકાશ નાશ પામે છે અને અંધકાર ફેલાય છે. આ પ્રમાણે વ્યવહારમાં સ્પષ્ટપણે જોવા મળે છે. તેથી દીવો સર્વ લોકોને સર્વથા અનિત્યરૂપે જ જણાય છે. દીવામાં કોઈ પણ સ્વરૂપે નિત્યતાનું ભાન થતું નથી. તેથી દીવાને પુદ્ગલદ્રવ્યરૂપે નિત્ય કઈ રીતે કહી શકાય ?

❀ द्रव्यानुगमनो अपलाप अशक्य ❀

સમાધાન :- **(न हि.)** પ્રકાશસ્વરૂપ પૂર્વ પર્યાયનો નાશ અને અંધકારસ્વરૂપ ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય તેટલા માત્રથી જ તૈજસ પરમાણુઓ સર્વથા અનિત્ય છે - તેવું કહી શકાતું નથી. કેમ કે અંધકાર સ્વરૂપ અન્યપર્યાયરૂપે તે જ તૈજસ પરમાણુઓ વિદ્યમાન જ છે. માટીમાંથી ઘડો બનાવતી વખતે વચ્ચે વચ્ચે સ્થાસ, કોશ, કુશૂલ, શિવક વગેરે અનેક અવાન્તર અવસ્થા સ્વરૂપ વિભિન્ન પર્યાયો માટી દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તેમ છતાં પણ મૃદ્ દ્રવ્ય એકાંતે નાશ પામતું નથી. કારણ કે સ્થાસ, કોશ, કુશૂલ, શિવક, ઘટ વગેરે પર્યાયોમાં મૃદ્દ્રવ્યનો અનુગમ (= હાજરી = વિદ્યમાનતા

न च वाच्यं तैजसाः परमाणवः कथं तमस्त्वेन परिणमन्त इति ?

पुद्गलानां तत्तत्सामग्रीसहकृतानां विसदृशकार्योत्पादकत्वस्यापि दर्शनात्। दृष्टो ह्यार्द्रेन्धनसंयोगवशाद् भास्वररूपस्यापि वह्नेरभास्वररूपधूमरूपकार्योत्पादः इति सिद्धो नित्यानित्यः प्रदीपः। यदापि निर्वाणादर्वाग् देदीप्यमानो दीपः तदापि नव-नवपर्यायोत्पाद-विनाशभाक्त्वात् प्रदीपत्वान्वयाच्च नित्यानित्य एव।

एवं व्योमाऽपि उत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वाद् नित्यानित्यमेव। तथाहि - अवगाहकानां जीव -पुद्गलानामवगाहदानोपग्रह एव तल्लक्षणम्, "अवगाहदमाकाशम्" (**उत्तराध्ययन** २८/९ **वृत्ति**) इति वचनात्।

= અસ્તિત્વ) આબાલ-ગોપાલ પ્રસિદ્ધ છે.

પ્રશ્ન :- (**न च वाच्यं**.) તૈજસ પરમાણુઓ કઈ રીતે અંધકારસ્વરૂપે પરિણમે ? કારણ કે પ્રકાશ અને અંધકાર - આ બન્ને વિરોધી કાર્યો છે. તેથી પ્રકાશમય તૈજસ પરમાણુઓ સ્વતઃ કે પરતઃ અંધકાર પર્યાયથી પરિણત થાય તે વાત કઈ રીતે સંગત થઈ શકે ?

❀ કારણવિલક્ષણ કાર્યની ઉત્પત્તિ માન્ય ❀

સમાધાન :- (**पुद्गलानां**.) 'અંધકાર અને પ્રકાશ આ બન્ને કાર્યો પરસ્પર વિરોધી કે વિલક્ષણ છે' - આ તમારી વાત સાચી છે. તેમ છતાં પણ અલગ-અલગ સામગ્રીના સહકારથી પુદ્ગલ દ્રવ્યો પરસ્પર વિલક્ષણ કાર્યના પણ ઉત્પાદક બની શકે છે. આ વાત પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. જેમ કે ભીના લાકડા વગેરે બળતણના સંયોગના લીધે તેજસ્વી અગ્નિમાંથી પણ કાળો ધૂમાડો ઉત્પન્ન થતો દેખાય છે. અગ્નિ કારણ છે અને ધૂમાડો તેનું કાર્ય છે. તેમ છતાં અગ્નિનો વર્ણ ભાસ્વર છે, જ્યારે ધૂમાડાનો વર્ણ અભાસ્વર નીલ છે. આમ કાર્ય-કારણમાં વિલક્ષણતા પણ પ્રમાણસિદ્ધ છે. તેથી પ્રકાશમય તૈજસ પરમાણુઓ અંધકારસ્વરૂપે પરિણમે તે વાત અસિદ્ધ નથી. તેથી દીવો પુદ્ગલરૂપે નિત્ય અને પ્રકાશ આદિ પર્યાય સ્વરૂપે અનિત્ય સિદ્ધ થાય છે. વળી, જ્યારે દીપક બુઝાઈને અંધકારરૂપ પર્યાયને પામે તે પૂર્વે દીવો દેદીપ્યમાન હોય છે. ત્યારે પણ દીવામાં પ્રત્યેક સમયે જ્યોતિશિખાસ્વરૂપ નવા નવા પ્રકાશપર્યાય ઉત્પન્ન થાય છે અને પૂર્વ-પૂર્વકાલીન જ્યોતશિખા સ્વરૂપ પર્યાયોનો વિનાશ થાય છે. આમ દીવો પ્રગટેલો હોય ત્યારે પણ પ્રત્યેક સમયે ઉત્પાદ-વ્યયની પ્રક્રિયા ચાલતી હોવાથી તે તે પર્યાયસ્વરૂપે દીવો અનિત્ય છે. તથા તે દરેક ક્ષણોમાં પ્રદીપત્વનો અન્વય તો હોય જ છે. કારણ કે તે દરેક ક્ષણે પ્રદીપ તરીકેનો બોધ તો બધાને થયા જ કરે છે. તેથી તે સ્વરૂપે દીવો નિત્ય પણ છે. આમ દીપક નિત્યાનિત્ય સ્વરૂપ જ સિદ્ધ થાય છે.

❀ આકાશ નિત્યાનિત્ય ❀

(**एवं**.) આ જ પ્રમાણે આકાશ પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ હોવાથી નિત્યાનિત્ય જ છે. આકાશમાં ઉત્પાદ-વ્યય પર્યાય આ રીતે સંગત થઈ શકે છે :- જીવ અને પુદ્ગલ દ્રવ્યનો રહેવાનો (અવગાહ કરવાનો) સ્વભાવ છે. અને આકાશનો રાખવાનો (અવગાહદાન કરવાનો) સ્વભાવ છે. આમ જીવ અને પુદ્ગલ દ્રવ્યને રાખવા દ્વારા આકાશ તેઓ ઉપર ઉપકાર કરે છે. કેમ કે **ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિ**માં જણાવેલ છે કે "આકાશ અવગાહને આપે છે." જ્યારે આકાશને આશ્રયીને રહેલા જીવો પોતાના કે બીજાના વિશેષ પ્રકારના પ્રયત્નથી (= प्रयोगतः) કે સ્વભાવથી અને પુદ્ગલો જીવપ્રયોગથી અથવા

यदा चावगाहका जीव-पुद्गलाः प्रयोगतो विस्रसातो वा एकस्मान्नभःप्रदेशात् प्रदेशान्तरमुपसर्पन्ति तदा तस्य व्योम्नः तैः अवगाहकैः सममेकस्मिन् प्रदेशे विभागः उत्तरस्मिंश्च प्रदेशे संयोगः। संयोग-विभागौ च परस्परं विरुद्धौ धर्मौ, तद्भेदे चावश्यं धर्मिणो भेदः।

तथा चाहुः "अयमेव भेदो भेदहेतुर्वा यदुत विरुद्धधर्माध्यासः कारणभेदश्च" (**सम्मतितर्कवृत्ति**-१/१/पृ.३ + काण्ड-१/भा.३/गा.५/पृ.३२७) इति।

ततश्च तदाकाशं पूर्वसंयोगविनाशलक्षणपरिणामाऽऽपत्त्या विनष्टम्, उत्तरसंयोगोत्पादाख्यपरिणामा-

---

विस्रसापरिणामथी = तथास्वभावथी એક આકાશપ્રદેશમાંથી બીજા આકાશપ્રદેશમાં ગતિ કરે છે ત્યારે તેઓનો પૂર્વના આકાશપ્રદેશ સાથે વિભાગ થાય છે અને ઉત્તરના (= આગળના) આકાશપ્રદેશો સાથે સંયોગ થાય છે. સંયોગ અને વિભાગ - આ બન્ને ગુણધર્મો પરસ્પર વિરુદ્ધ છે. તેથી પૂર્વના અને ઉત્તરના આકાશપ્રદેશો એક જ આકાશના અવયવ હોવા છતાં પણ તે બન્નેમાં સંયોગ અને વિભાગ સ્વરૂપ પરસ્પરવિરુદ્ધ ગુણધર્મો રહેતા હોવાથી તે રૂપે આકાશસ્વરૂપ ધર્મીના બે ભાગ પડે છે. અર્થાત્ સંયોગ-વિભાગરૂપ ધર્મના ભેદથી તેઓના આશ્રયમાં = ધર્મીમાં પણ કથંચિત્ ભેદ અવશ્ય સ્વીકાર્ય બને છે.

સમસ્યા :- બે વિરુદ્ધ ગુણધર્મોથી યુક્ત એવી વસ્તુને એક માનવામાં શું વાંધો ?

સમાધાન :- (तथा.) તમારી શંકાનું સમાધાન કરવા માટે **સંમતિતર્ક** ગ્રન્થની વ્યાખ્યામાં **શ્રીઅભયદેવસૂરિ** મહારાજે જણાવેલ છે કે 'પદાર્થોમાં આ જ ભેદ છે અથવા ભેદનો હેતુ છે કે તે પદાર્થમાં વિરુદ્ધ ધર્મોનું સાન્નિધ્ય છે અને તેઓના કારણોમાં ભેદ રહેલો છે."

❊ કારણભેદ કાર્યભેદસાધક ❊

સ્પષ્ટતા :- સંમતિવ્યાખ્યાકારનો આશય એ છે કે પરસ્પરવિરુદ્ધ ગુણધર્મોનું સાન્નિધ્ય એ જ તેના આશ્રયમાં રહેલો ભેદ છે. તથા તેના અવયવોનો ભેદ અવયવીમાં ભેદસાધક છે. દા.ત. ઘડો જલનો આધાર બને છે તથા વસ્ત્ર શરીરઆચ્છાદક બને છે. તેથી ઘટમાં જલઆધારતા નામનો ગુણધર્મ રહેલ છે. તથા વસ્ત્રમાં શરીરઆચ્છાદકત્વ નામનો ગુણધર્મ રહેલ છે. જલઆધારતા જ્યાં રહે છે ત્યાં શરીરઆચ્છાદકતા નામનો ગુણધર્મ રહેતો નથી. તથા જ્યાં શરીરઆચ્છાદકતા નામનો ગુણધર્મ રહે છે ત્યાં જલઆધારતા નામનો ગુણધર્મ રહેતો નથી. આમ જલઆધારતા અને શરીરઆચ્છાદકત્વ નામના અથવા ઘટત્વ અને પટત્વ નામના બે ગુણધર્મો પરસ્પરવિરુદ્ધ છે - તેવું સિદ્ધ થાય છે. ઘટમાં અને પટમાં આ પરસ્પરવિરુદ્ધ ગુણધર્મોની હાજરી એ જ ઘટ અને પટ વચ્ચે રહેલો ભેદ છે. તેથી પરસ્પર વિરુદ્ધ ધર્માધ્યાસ એ જ ધર્મીમાં રહેલ ભેદ કહેવાય છે. તથા ઘટમાં અને પટમાં (પરસ્પરવિરુદ્ધ ધર્માધ્યાસ સ્વરૂપ) જે ભેદ રહેલો છે તેનો સાધક અવયવભેદ છે. તે આ રીતે - ઘટના અવયવ કપાલ કે માટી દ્રવ્ય છે. જ્યારે પટના અવયવ તંતુ છે. આમ ઘટના અને પટના અવયવોમાં = કારણોમાં જે ભેદ રહેલો છે તે જ ઘટમાં અને પટમાં ભેદનો સાધક = હેતુ છે.

❊ આકાશમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ ❊

(**ततश्च**.) જીવ કે પુદ્ગલ ગતિ કરે ત્યારે પૂર્વના આકાશપ્રદેશમાં રહેલ સંયોગ નાશ પામે છે તથા વિભાગ નામનો ગુણધર્મ ઉત્પન્ન થાય છે અને ઉત્તરના આકાશપ્રદેશમાં વિભાગ નામનો ગુણધર્મ નાશ પામીને સંયોગ ઉત્પન્ન થાય છે. સંયોગ અને વિભાગ પરસ્પરવિરુદ્ધ ગુણધર્મો છે. સંયોગ અને

ऽनुभवाच्चोत्पन्नम्, उभयत्राऽऽकाशद्रव्यस्य अनुगतत्वाच्च उत्पाद-व्ययययोः एकाधिकरणत्वम्।

एवञ्चोत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वे सर्वभावानां सिद्धेऽपि तद् वस्तु एकमाकाशादिकं नित्यमेव, अन्यच्च प्रदीप-घटादिकमनित्यमेव इति त्वदाज्ञाद्विषतां = भवत्प्रणीतशासनविरोधिनां प्रलापाः = प्रलपितानि = असम्बद्धवाक्यानीति यावद्" (अन्य.व्य.द्वा.५ स्या.म.पृ.१८) इति।

વિભાગ નામના પરસ્પરવિરુદ્ધ બે ગુણધર્મોનું સાન્નિધ્ય એ જ પૂર્વપ્રદેશાવચ્છિન્ન અને ઉત્તરપ્રદેશાવચ્છિન્ન એવા આકાશમાં રહેલો ભેદ છે. પૂર્વના આકાશપ્રદેશમાં અને ઉત્તરના આકાશપ્રદેશમાં જે ભેદ (=કારણભેદ) રહેલો છે તે આકાશમાં દર્શિત પરસ્પરવિરુદ્ધધર્માધ્યાસ સ્વરૂપ ભેદનો સાધક છે. આમ આકાશત્વરૂપે આકાશ એક હોવા છતાં પણ પૂર્વપ્રદેશઅવચ્છિન્ન આકાશ અને ઉત્તરપ્રદેશઅવચ્છિન્ન આકાશ પરસ્પર ભિન્ન સિદ્ધ થાય છે. તેથી પૂર્વસંયોગનાશસ્વરૂપ પરિણામ આવવાથી આકાશનો પણ નાશ થાય છે. તથા ઉત્તરસંયોગઉત્પત્તિ નામના પરિણામના અનુભવથી આકાશ ઉત્પન્ન થાય છે. તેમજ ઉભયત્ર આકાશ દ્રવ્ય આકાશત્વરૂપે અનુગત હોવાથી આકાશ દ્રવ્ય ધ્રુવરૂપે પણ સિદ્ધ થાય છે. આ રીતે એક જ અધિકરણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થવાથી આકાશ નિત્યાનિત્ય સિદ્ધ થાય છે.

✡ અવચ્છેદકભેદથી એકત્ર ઉત્પાદાદિસમાવેશ ✡

સ્પષ્ટતા :- (૧) સંયોગ અને વિભાગ એ પરિણામ = પર્યાય છે. પરિણામની ઉત્પત્તિ થવા દ્વારા પરિણામી = ધર્મી = ગુણી દ્રવ્યની તે સ્વરૂપે ઉત્પત્તિ થાય છે. તથા પરિણામનો નાશ થવા દ્વારા પરિણામી દ્રવ્યનો તે સ્વરૂપે નાશ થાય છે. તથા મૂળભૂત સ્વરૂપે આકાશ આદિ દ્રવ્ય ધ્રુવ = સ્થિર રહે છે. આથી આકાશમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે. (૨) સંયોગ-વિભાગ સ્વરૂપ વિરુદ્ધ ધર્મના અધ્યાસથી આકાશના જે બે ભેદ હમણાં દર્શાવેલા તેને ધ્યાનમાં લઈને એમ કહી શકાય કે પૂર્વપ્રદેશાત્મક આકાશ નાશ પામે છે, ઉત્તરપ્રદેશાત્મક આકાશ ઉત્પન્ન થાય છે અને સામાન્યસ્વરૂપે આકાશ સ્થિર રહે છે. આ રીતે પણ આકાશમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થઈ શકે છે. (૩) નવ્યન્યાયની પરિભાષામાં આકાશને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ કરવા માટે એમ કહી શકાય કે પૂર્વસંયોગ-વિશિષ્ટઆકાશત્વરૂપે નાશ, ઉત્તરસંયોગવિશિષ્ટઆકાશત્વરૂપે ઉત્પત્તિ અને આકાશત્વરૂપે ધ્રૌવ્ય આકાશમાં રહે છે. (૪) અથવા નવ્યન્યાયની પરિભાષામાં એમ પણ કહી શકાય કે આકાશ દ્રવ્યમાં ઉત્તરપ્રદેશઅવચ્છેદેન ઉત્પાદ, પૂર્વપ્રદેશઅવચ્છેદેન વ્યય તથા આકાશત્વઅવચ્છેદેન ધ્રૌવ્ય રહે છે.

✵ એકાન્તવાદ પ્રલાપ છે ✵

(**एवञ्चो.**) આ રીતે દીવાના અને આકાશના ઉદાહરણ મુજબ સર્વ ભાવો = પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે. તેમ છતાં પણ 'આકાશ વગેરે અમુક વસ્તુ નિત્ય જ છે. તથા દીવો, ઘડો વગેરે અન્ય વસ્તુઓ અનિત્ય જ છે' - આ પ્રમાણે અસંબદ્ધવાક્યપ્રયોગસ્વરૂપ પ્રલાપો (હે પ્રભુ !) આપના શાસનના વિરોધીઓનો છે" - આ પ્રમાણે **મલ્લિષેણસૂરિજી** મહારાજે **સ્યાદ્વાદમંજરી** નામની વ્યાખ્યામાં જે જણાવેલ છે, તેનો પ્રસ્તુતમાં ઉપયોગી અંશ અમે અહીં રજૂ કરેલ છે.

आकाशादीनामेकान्तनित्यत्वमपाकुर्वता **विशेषावश्यकभाष्यकारेण** [1]"न य पज्जवओ भिन्नं दव्वमिहेगंतओ जओ तेण। तन्नासम्मि कहं वा नहादओ सव्वहा निच्चा ?।।" (वि.आ.भा.२८२३) इति यदुक्तं तदत्राऽनुसन्धेयम्।

तदुक्तं **बृहत्स्वयम्भूस्तोत्रे समन्तभद्रस्वामिना** अपि "न सर्वथा नित्यमुदेत्यपैति न च क्रियाकारकमत्र युक्तम्। नैवाऽसतो जन्म सतो न नाशः दीपस्तमः पुद्गलभावतोऽस्ति।।" (बृ.स्व.स्तो.२४) इति। तदुक्तं **विशेषावश्कभाष्ये** अपि [2]"उप्पज्जइ नाऽभूयं, भूयं न य नासए वत्थुं" (वि.आ.भा.२८०८) इति।

तदुक्तं **यशोविजयवाचकैः** अपि **अष्टसहस्रीतात्पर्यविवरणे** तृतीयपरिच्छेदे **गोपालसरस्वत्यादि**पण्डितपत्रे "सर्वं खल्वादीपमाव्योमपदार्थजातं न सर्वथाऽनित्यम्, नाऽपि सर्वथा नित्यम्, प्रदीपादेरपि सर्वथाऽनित्यत्वे पुद्गलपरमाणुत्वादिनाऽपि ध्वंसप्रसङ्गात्।

❀ द्रव्य-पर्याय अभिन्न होवाथी आकाश अनित्य पण छे ❀

(आका.) आकाश वगेरे द्रव्योमां सर्वथा नित्यतानुं **विशेषावश्यकभाष्यकारे** निराकरण करेल छे. ते पण प्रस्तुतमां अनुसंधान करवा योग्य छे. त्यां जणावेल छे के 'जे कारणे पर्यायथी द्रव्य एकांते भिन्न नथी ते कारणे पर्यायनो नाश थतां आकाश वगेरे सर्वथा नित्य कई रीते संभवी शके ?' माटे आकाशमां कथंचित् अनित्यत्व नैयायिके मानवुं पडशे.

(तदुक्तं.) **बृहत्स्वयंभूस्तोत्र**मां **समन्तभद्रस्वामी**ए पण जणावेल छे के "जो वस्तुने सर्वथा नित्य मानवामां आवे तो तेनी उत्पत्ति पण थई न शके तथा तेनो नाश पण थई ना शके. तथा कोई पण क्रियाना कारकनी पण संगति थई ना शके. तथा सर्वथा असत् वस्तुनो क्यारेय जन्म थई न शके अने सत् वस्तुनो सर्वथा नाश थई न शके. तेथी दीवो अंधकाररूपे परिणमे त्यारे पण पौद्गलिकरूपे हाजर ज छे - तेवुं सिद्ध थाय छे." **विशेषावश्यकभाष्य**मां पण जणावेल छे के 'असत् वस्तु उत्पन्न नथी थती तथा सद्भूत वस्तु नाश नथी पामती.'

❯ एकान्तवादमां क्रियाकारकभाव असंगत : समंतभद्रस्वामी ❮

स्पष्टता :- कर्ता, कर्म, करण वगेरे कारको विविध प्रकारनी क्रियाने करे छे. जो वस्तु सर्वथा नित्य होय तो तेमां एक पण क्रिया उत्पन्न थई न शके. तेथी ज सर्वथा नित्य पदार्थने उद्देशीने थता कारकप्रयोगो सदंतर निष्फळ जाय. तेथी कोई पण क्रियाना कारकनी संगति थई न शके.

❀ महोपाध्यायजीनो पत्र वांचीए ❀

(तदुक्तं यशो.) **महोपाध्याय श्रीयशोविजयजी** महाराजे **गोपालसरस्वती** वगेरे पंडित उपर जे पत्र लखेलो हतो, ते पत्र तेओश्रीए **अष्टसहस्रीतात्पर्यविवरण**ना तृतीय परिच्छेदमां दर्शावेल छे. ते पत्रमां महोपाध्यायजी महाराज जणावे छे के "दीवाथी मांडीने आकाश सुधीना तमाम पदार्थोनो समूह सर्वथा अनित्य पण नथी के सर्वथा नित्य पण नथी. जो दीवा वगेरेने पण सर्वथा अनित्य मानवामां आवे तो तेनो पुद्गल परमाणुरूपे पण नाश थवानी आपत्ति आवे.

1. न च पर्यवतो भिन्नं द्रव्यमिहैकान्ततो यतस्तेन। तन्नाशे कथं वा नभआदयः सर्वथा नित्याः ?।।
2. उत्पद्यते नाऽभूतम्, भूतं न च नश्यति वस्तु।

अवयवावयविभावस्य समवायादिसम्बन्धनिबन्धनत्वे तत्रापि सम्बन्धान्तरान्वेषणेऽनवस्थानात्तादात्म्येनैव तत्त्वव्यवस्थितौ परमाणुपर्यन्तमपि कथञ्चिदवयव्यभेदसिद्धेः।

आकाशादेरपि सर्वथा नित्यत्वे संयोगादिस्वभावपरित्यागेन विभागादिस्वभावोपादानानुपपत्तेः, पूर्वरूपत्यागस्यैवानित्यत्वलक्षणत्वात्।

નૈયાયિક :- તમારી વાત વ્યાજબી નથી. કારણ કે પરમાણુ અને દીપક તો સર્વથા ભિન્ન જ છે. પરમાણુ અવયવ છે તથા દીપક અવયવી છે. અવયવ-અવયવી પરસ્પર સમવાય સંબંધથી જોડાય છે. પરંતુ તે પરસ્પર ભિન્ન જ હોય છે. તેથી દીવાને સર્વથા અનિત્ય માનવામાં પરમાણુરૂપે નાશ થવાની આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી.

❀ સમવાયકલ્પના અનવસ્થાગ્રસ્ત ❀

જૈન :- (**અવય.**) હે નૈયાયિક વિદ્વાન ! તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે અવયવ-અવયવી વગેરેને સર્વથા ભિન્ન માનીને સમવાય વગેરે સંબંધને અવયવ-અવયવીભાવનો નિયામક માનવામાં આવે તો સમવાય વગેરે સંબંધને પણ અવયવ-અવયવી સાથે સંકળાવા (= જોડાવા) માટે સમવાય વગેરે સંબંધનો પણ નવો સંબંધ શોધવો પડશે. તે નવા સંબંધને પણ સમવાય આદિ સાથે જોડાવા માટે વળી બીજો નવો સંબંધ જોઈશે. આ રીતે નવા નવા સંબંધની કલ્પના કરવાથી અનવસ્થા દોષ લાગુ પડશે. આ અનવસ્થા દોષના નિવારણ માટે તાદાત્મ્ય સંબંધને જ અવયવ-અવયવીભાવનો નિયામક માનવો જોઈએ. આમ અવયવ અને અવયવી વચ્ચે તાદાત્મ્ય સંબંધ સિદ્ધ થવાથી પરમાણુ પર્યંત અવયવો સુધી દીવા વગેરે અવયવીનો કથંચિદ્ અભેદ સિદ્ધ થશે. પરમાણુને તો તમે નિત્ય માનો જ છો. તેથી પરમાણુથી કથંચિત્ અભિન્ન દીવો પણ પરમાણુસ્વરૂપે આપોઆપ નિત્ય સિદ્ધ થાય છે. (તે જ રીતે આકાશ વગેરે દ્રવ્યને પણ જો સર્વથા નિત્ય માનવામાં આવે તો જીવ અને પુદ્ગલની ગતિ થઈ શકશે નહિ. કારણ કે જીવ વગેરે દ્રવ્ય ગતિ કરે તેનો અર્થ એવો સિદ્ધ થાય છે કે પૂર્વે જીવ વગેરેનો જે આકાશપ્રદેશની સાથે સંયોગ હતો તેનો નાશ થઈને તે આકાશપ્રદેશ સાથે જીવ વગેરેનો વિભાગ ઉત્પન્ન થયો છે. સંયોગ અને વિભાગ ઉભયનિષ્ઠ ગુણધર્મ છે. અર્થાત્ જીવ અને આકાશનો સંયોગ કે વિભાગ ફક્ત જીવમાં કે ફક્ત આકાશમાં રહેતો નથી. પરંતુ જીવ અને આકાશ ઉભયમાં રહે છે. તેથી જીવ વગેરે દ્રવ્ય ગતિ કરે ત્યારે તે આકાશપ્રદેશોમાં રહેલ સંયોગનો પણ નાશ થાય અને વિભાગ નામનો ગુણધર્મ ઉત્પન્ન થાય છે. પરંતુ આકાશ જો સંયોગાદિસ્વભાવનો ત્યાગ ન કરે અને વિભાગ આદિ સ્વભાવનો સ્વીકાર ન કરે તો પૂર્વઆકાશપ્રદેશ સાથે જીવનો જે સંયોગ હતો તેનો નાશ થઈ ન શકે. તથા તે આકાશપ્રદેશમાં જીવનો વિભાગ પણ ઉત્પન્ન થઈ ન શકે. અને જો આવું થાય તો જીવની ગતિ જ અશક્ય બની જાય. પરંતુ જીવ વગેરે દ્રવ્યો ગતિમાન છે - આ હકીકત તો પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ જ છે. તેથી જીવ વગેરે દ્રવ્યની ગતિની સંગતિ કરવા માટે આકાશમાં સંયોગ આદિ સ્વભાવનો ત્યાગ અને વિભાગ આદિ સ્વભાવનો સ્વીકાર કરવો જરૂરી બની જાય છે.)

(**આકા.**) જો આકાશ વગેરેને સર્વથા નિત્ય માનવામાં આવે તો સંયોગ આદિ સ્વભાવનો પરિત્યાગ કરીને વિભાગ આદિ સ્વભાવનો સ્વીકાર આકાશ આદિ દ્રવ્યમાં અસંગત બની જાય. કારણ કે પૂર્વના સ્વભાવનો ત્યાગ કરવો એ જ અનિત્યતાનું લક્ષણ છે. આ રીતે પૂર્વકાલીન સંયોગ આદિ સ્વભાવનો

संयोगादि-विभागादिक्रमिकनानाकार्यजननैकस्वभावमेवाकाशादिकमिति न स्वभावभेद इति चेत् ? अयमेवैकानेकस्वभावसंवलनवादः, अन्यथा येन स्वभावेन संयोगजनकमाकाशं तेनैव विभागजनकमित्यभ्युपगमे संयोग-विभागयोरेकत्वप्रसङ्गः" (अष्टसहस्रीविवरण, परि.३, श्लो.५८, पृ.२८२) इति।

प्रकृते "विद्युदाद्यपि नात्यन्तं नाशित्वेन प्रकाशते। अन्धकाराद्युपादानभावेनाऽस्यैव सम्भवाद्।।" (उ.सि.१३) इति **उत्पादादिसिद्धिप्रकरणे चन्द्रसेनाचार्योक्तिः**, "न सर्वथाऽनित्यतया प्रदीपादिकस्य नाशः परमाणुनाशात्। तद्दीपतेजःपरमाणवोऽमी आसादयन्त्येव तमोऽणुभावम्।।" (यु.प्र.२०) इति **युक्तिप्रकाशे** च **पद्मसागरगणिन** उक्तिः अत्राऽनुसन्धेया। "न च पर्यायनिवृत्तौ पर्यायिणः सर्वथा निवृत्तिः" (आ.नि.६४० वृ.) इत्यादिः

आकाश त्यागे करतुं होवाथी आकाशमां अनित्यता सिद्ध थाय छे.

शंका :- (**संयो.**) संयोग आदि अने विभाग आदि क्रमिक अनेकविध कार्योने उत्पन्न करवानो एक ज स्वभाव आकाश वगेरे द्रव्योमां रहेलो छे. आम एक ज स्वभाव द्वारा आकाश कालक्रमे संयोग अने विभाग वगेरे कार्यने उत्पन्न करी शकतुं होवाथी आकाशमां स्वभावभेदने मानवानी आवश्यकता रहेती नथी. आकाशनो स्वभाव बदलातो न होवाथी पूर्वस्वभावनो त्याग करवा स्वरूप अनित्यतानो आकाशमां स्वीकार करवानी आपत्तिने अवकाश रहेतो नथी. तेथी आकाश वगेरेने एकांते नित्य मानवामां जीव वगेरेनी गतिनी असंगतिनी पूर्वोक्त समस्या अनुत्थानपराहत बने छे.

❀ एकान्तवादमां संयोग-विभागमां एकतानी समस्या ❀

समाधान :- (**अयमे.**) वाह ! आ रीते मानीने पण तमे स्याद्वादनो स्वीकार तो करी ज लीधो. आनुं कारण एे छे के संयोग, विभाग वगेरे कार्यो विभिन्न अने परस्पर विरोधी छे. तेथी कार्यभेदे एक ज स्वभावमां अनेकता पण आवशे. आ रीते एकता अने अनेकताना मिश्रणवाळा स्वभावनो स्वीकार करवो ते ज स्याद्वाद छे. जो अनेककार्यजनक एक स्वभावमां अनेकता मानवामां न आवे तो 'जे स्वभावथी आकाश संयोगनुं जनक छे ते ज स्वभावथी आकाश विभागनुं पण जनक छे' - एवुं स्वीकारवुं पडशे. तथा तेवुं मानवामां आवे तो संयोग अने विभाग स्वरूप विभिन्न कार्य अभिन्न थवानी समस्या सर्जाशे. कारण के ते आकाशना एक स्वभावथी जन्य छे. संयोग-विभागजनक आकाशस्वभावमां सर्वथा ऐक्य होवाथी संयोग-विभागस्वरूप कार्यमां सर्वथा ऐक्य आववानी आपत्ति अपरिहार्य बने छे. तेथी आकाशने सर्वथा नित्य मानी न शकाय. परंतु आकाशने पण दीवानी जेम नित्यानित्य स्वरूप मानवुं व्याजबी छे." - आ प्रमाणे **गोपालसरस्वती** वगेरे पंडित उपर लखेला पत्रमां **महोपाध्याय श्रीयशोविजयजी** महाराजे दीवो, आकाश वगेरे तमाम पदार्थमां उत्पाद-व्यय-ध्रौव्यात्मकता सिद्ध करेल छे.

❀ पर्याय विनाशी, पर्यायी अविनाशी ❀

(**प्रकृ.**) **उत्पादादिसिद्धि** प्रकरणमां **चन्द्रसेनसूरिजी**ओ जणावेल छे के 'वीजळी वगेरे पण सर्वथा नश्वररूपे जणाती नथी. कारण के अन्धकार वगेरेना उपादानकारण स्वरूपे ते वीजळी वगेरे ज संभवे छे.' तेमज **युक्तिप्रकाश** प्रकरणमां **पद्मसागर**गणीओ कहेल छे के 'सर्वथा अनित्य होवाना लीधे परमाणुनो नाश थवा पूर्वक दीवा वगेरेनो नाश थाय छे - तेवुं नथी. परंतु ते दीवाना तेजस परमाणुओ ज अंधकारना परमाणुपणाने पामे छे.' आ वातनुं अहीं अनुसंधान करवुं. 'पर्यायनी निवृत्ति थतां पर्यायीनो

ભો ! ભવ્ય ! પ્રાણિ ! જિનવાણી સાંભલો. ॥૯/૧॥

हरिभद्रीयावश्कनिर्युक्तिवृत्तिसन्दर्भोऽपि स्मर्तव्यः। ततश्च वस्तुत्वावच्छिन्नस्य अस्तित्वम् उत्पादादित्रितय-व्याप्तमित्यङ्गीकर्तव्यम्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जमिहत्थि तदुप्पाय-व्वय-धुवधम्मं जहा कुंभो" (वि.आ.भा.२८१०) इति भावनीयम्।

रे **प्राणिनः ! हृदि** = निजचित्ते **आदरतः** = श्रद्धां कृत्वा त्रिकालाऽबाधितां **जिनवाणीं श्रुणुत**।। ***ध्रुवपदव्याख्यानम्*** ।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'भगवता यथा त्रैलक्षण्यं त्रिपद्या दर्शितं तथा चित्ते श्रद्धानात् सर्वाणि सत्कार्याणि सिध्यन्ति' इत्युक्तिः सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूपे मोक्षमार्गे नः प्रेरयति। परमेश्वरेण यथोक्तं तथा श्रद्धानाय मार्मिकाभ्यासतः तत्परिज्ञानमुपलभ्यम्। आगम-युक्ति-योगाभ्यासैः जिनोक्ततत्त्वान्वेषणमेव मार्मिकाभ्यास उच्यते। तत एव सम्यग्ज्ञानं लभ्यते। तथैव श्रद्धानात् सम्यग्दर्शनमवाप्यते। सम्यग्ज्ञान-दर्शनपूर्वं सदनुष्ठानकरणतः सम्यक्चारित्रं प्राप्यते। इत्थं तात्त्विक-रत्नत्रयलाभेन जीवो द्रुतमपवर्गमधिगच्छति। तत्र चानन्तगुणैश्वर्यान्वित आत्मा आस्ते। तदुक्तम् उद्धरणरूपेण **कुमारपालप्रबोधप्रबन्धे** "स्थितिमासाद्य सिद्धात्मा तत्र लोकाग्रमन्दिरे। आस्ते स्वभावजानन्त-गुणैश्वर्योपलक्षितः।।" (कु.पा.प्र.४३१/पृ.१६८) इति।।૯/૧।।

= દ્રવ્યનો સર્વથા નાશ થતો નથી' - ઇત્યાદિ જે બાબત શ્રીહરિભદ્રસૂરિજીએ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે તે પ્રસ્તુતમાં સ્મરણ કરવા યોગ્ય છે. તેથી તમામ વસ્તુનું અસ્તિત્વ ઉત્પાદાદિ ત્રણને વ્યાપ્ત છે - તેવું સ્વીકારવું જ જોઈએ. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'જે વસ્તુ આ જગતમાં છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યગુણધર્મયુક્ત છે. જેમ કે ઘડો.' આ રીતે અહીં વિભાવના કરવી.

(રે.) હે ભવ્યજીવો ! સ્વહૃદયમાં શ્રદ્ધા રાખીને ત્રિકાલઅબાધિત જિનવાણીને તમે સાંભળો. **(ધ્રુવપદવ્યાખ્યા)**

❀ શ્રદ્ધાપૂર્વક ઊંડો અભ્યાસ જરૂરી ❀

આધ્યાત્મિક ઉપનય :- 'ભગવાને જે રીતે ત્રૈલક્ષણ્ય ત્રિપદી દ્વારા જણાવેલ છે, તે રીતે ચિત્તમાં શ્રદ્ધા કરવાથી સર્વ સત્ કાર્યો સિદ્ધ થાય છે' - આવું કહેવા દ્વારા ગ્રંથકારશ્રી સમ્યગ્ જ્ઞાન-દર્શન -ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ ઉપર આપણને આગળ ધપાવવા માંગે છે. ભગવાને જે રીતે કહ્યું તે રીતે શ્રદ્ધા કરવા માટે ઊંડા અભ્યાસપૂર્વક તેની સાચી જાણકારી મેળવવી પડે. ઊંડો અભ્યાસ એટલે આગમ, યુક્તિ અને યોગસાધના દ્વારા જિનોક્ત તત્ત્વનું અન્વેષણ. આના માધ્યમથી સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થાય. તે સ્વરૂપે શ્રદ્ધા કરવાથી સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય. તેમજ સમ્યગ્ જ્ઞાન-દર્શનપૂર્વક સર્વ સદ્અનુષ્ઠાન કરવાથી સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થાય. આ રીતે તાત્ત્વિક રત્નત્રયની પ્રાપ્તિ દ્વારા જીવ વહેલી તકે મોક્ષે પહોંચે છે. ત્યાં અનન્ત ગુણોના ઐશ્વર્યથી યુક્ત એવો આત્મા રહે છે. આ અંગે **કુમારપાળપ્રબોધપ્રબંધ** ગ્રંથમાં ઉદ્ધૃત કરેલી કારિકામાં જણાવેલ છે કે 'તે લોકાગ્રમંદિરમાં સ્થાન મેળવીને સ્વાભાવિક અનન્ત ગુણોના ઐશ્વર્યથી યુક્ત એવા સિદ્ધાત્મા રહે છે.' આ મુજબ આધ્યાત્મિક તાત્પર્યનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું. (૯/૧)

... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૦)માં છે. 1. यदिहास्ति तदुत्पाद-व्यय-ध्रुवधर्मं यथा कुम्भः।

ꣳએહ જ ભાવ વિવરીનઈ કહઈ છઈ -

ઉત્પાદ-વ્યય-ધ્રુવપણઈ, છઈ સમય-સમય પરિણામ રે;
ષટ્દ્રવ્યતણો પ્રત્યક્ષથી, ન વિરોધતણો એ ઠામ રે ॥૯/૨॥ જિન. (૧૩૫)

ઉત્પાદ (૧) વ્યય (૨) ♦ધ્રૌવ્ય (૩) એ ત્રણ લક્ષણઈ✡ **ષટ્દ્રવ્યનો સમય સમય પરિણામ છઈ.**

एनमेव भावं विवृत्य दर्शयति - '**जन्मे**'ति।

जन्म-व्यय-ध्रुवत्वैर्हि परिणामः प्रतिक्षणम्।
मानाद् व्यलोकि षड्द्रव्ये, तत्र विरोधिता कुतः ?॥९/२॥

प्रकृते दण्डान्वयस्त्वेवम् - षड्द्रव्ये प्रतिक्षणं जन्म-व्यय-ध्रुवत्वैः हि परिणामः मानाद् व्यलोकि, तत्र विरोधिता कुतः ?॥९/२॥

षड्द्रव्ये = धर्मास्तिकायादिवक्ष्यमाणद्रव्यषट्के द्रव्यपञ्चके वा विस्रसापरिणामिनि **प्रतिक्षणं** = प्रतिसमयं **जन्म-व्यय-ध्रुवत्वैः** = उत्पत्ति-ध्वंस-स्थिरत्वैः **हिः** = यस्मात् कारणात् **परिणामः** = परिणमनं **मानात्** = केवलज्ञानलक्षणात् प्रमाणाद् जिनेश्वरैः इन्द्रियादिसापेक्षसंव्यवहारप्रत्यक्षप्रमाणाऽवधिज्ञानादिपारमार्थिकप्रत्यक्षप्रमाणाऽनुमानादिपरोक्षप्रमाण-नैगमादिनयैश्च गणधरादिभिः **व्यलोकि** = अदर्शि। तथाहि - "पर्यायार्थिकनयादेशात् प्रतिसमयमनन्तपर्यायः क्रमेणाऽविच्छिन्नान्वयसन्ततिरर्थः प्रतीयते। तस्मादयमुत्पित्सुरेव विनश्यति जीवादिः, पूर्वदुःखादिपर्यायविनाशाऽजहद्वृत्तित्वात् तदुत्तरसुखादिपर्यायोत्पादस्य।

अवतरणिका :- પ્રથમ શ્લોક દ્વારા જણાવેલ ભાવનું જ વિવરણ કરી ગ્રંથકારશ્રી ત્રૈલક્ષણ્ય દર્શાવે છે :-

❀ ષડ્દ્રવ્યમાં ઉત્પાદાદિસિદ્ધિ ❀

શ્લોકાર્થ :- ષડ્ દ્રવ્યમાં પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્વારા પરિણમન થાય છે. તેવું પ્રમાણ દ્વારા જોવાયેલ છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો એકત્ર સ્વીકાર કરવામાં વિરોધ ક્યાંથી આવે ? (૯/૨)

વ્યાખ્યાર્થ :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યનું નિરૂપણ આ જ ગ્રંથમાં આગળ દશમી શાખામાં કરવામાં આવશે. દ્રવ્ય વિસ્રસા પરિણામને ધારણ કરે છે. વિસ્રસાપરિણામવાળા છ અથવા પાંચ દ્રવ્યમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્વારા પરિણમન થતું રહે છે. આ પ્રમાણે કેવલજ્ઞાન સ્વરૂપ પ્રમાણ દ્વારા જિનેશ્વર ભગવંતોએ જોયેલું છે. તથા ઈન્દ્રિય આદિને સાપેક્ષ સાંવ્યવહારિક પ્રત્યક્ષ પ્રમાણ, અવધિજ્ઞાનાદિ સ્વરૂપ પારમાર્થિક પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાનાદિ સ્વરૂપ પરોક્ષ પ્રમાણ તેમજ નૈગમ આદિ નયો દ્વારા ગણધર ભગવંત વગેરે પૂર્વાચાર્યોએ પણ ઉપરોક્ત હકીકતનો નિશ્ચય કરેલ છે. તે આ રીતે - "પર્યાયાર્થિકનયના આદેશથી પ્રતિસમય અનંતપર્યાયાત્મક પદાર્થ કાલક્રમથી અવિચ્છિન્ન = અખંડ અન્વયસંતતિ સ્વરૂપ છે. આ પ્રમાણે પ્રતીતિ થાય છે. તેથી (૧) જીવ વગેરે પ્રસ્તુત પદાર્થ સુખી તરીકે ઉત્પન્ન થવાની તૈયારીમાં હોય ત્યારે (અર્થાત્ સુખોત્પત્તિની પૂર્વ ક્ષણે) જ નાશ પામે છે. કારણ કે ઉત્તરકાલીન સુખાદિ પર્યાયની ઉત્પત્તિ પૂર્વકાલીન દુઃખાદિ પર્યાયના નાશ વિના રહેતી નથી. તથા (૨) નાશ પામવાની તૈયારીમાં

ꣳ 'एतदेव विवर्णयति' પાઠ કો.(૧૦)માં છે. ♦ આ.(૧)માં આ પાઠ છે. ✡ મ.+શાં.માં 'લક્ષણો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

नश्वर एव तिष्ठति, कथञ्चिदस्थास्नोर्नाशाऽनुपपत्तेः, अश्वविषाणवत्। सद्-द्रव्य-चेतनत्वादिना स्थास्नुरेवोत्पद्यते, सर्वथाऽप्यस्थास्नोः कदाचिदुत्पादाऽयोगात्, तद्वत्। ततः प्रतिक्षणं त्रिलक्षणं सर्वम्" (आ.मी. परि.१/का.११/अ.स.पृ.१६४) इति **अष्टसहस्यां श्रीविद्यानन्दस्वामी**।

युक्तञ्चैतत् - ये यद्भावं प्रति पदार्थान्तराऽनपेक्षाः ते तद्भावनियताः, यथाऽन्त्या कारणसामग्री स्वकार्योत्पादने, तुल्यन्यायेन विनाशादित्रितयं प्रति अनपेक्षाश्च भावा इति विनाशादित्रितयनियतास्ते। ततश्च प्रतिक्षणमुत्पाद-व्यय-ध्रौव्यसिद्धिरनाविलैव।

इदमेवाभिप्रेत्य **यशोविजयवाचकोत्तमैरपि स्याद्वादकल्पलतायां** "भावस्योत्तरपरिणामं प्रति अनपेक्षतया

હોય ત્યારે જ (= પણ) જીવાદિ પદાર્થ ટકી રહે છે. આનું કારણ એ છે કે કોઈ પણ સ્વરૂપે જે પદાર્થ ટકતો ન હોય તેનો નાશ જ અસંગત થઈ જાય. જેમ કે ઘોડાના શીંગડા કોઈ પણ સ્વરૂપે રહેતા નથી. તેથી તેનો નાશ પણ કરી શકાતો નથી. (આનાથી એ ફલિત થાય છે કે મરી રહેલો માણસ પણ આત્મસ્વરૂપે ટકે છે. ફૂટી રહેલો ઘડો પણ માટીસ્વરૂપે ટકે જ છે.) તેમજ (૩) સત્ત્વ, દ્રવ્યત્વ, ચેતનત્વ વગેરે સ્વરૂપે સ્થિર રહેનારો જ પદાર્થ ઉત્પન્ન થાય છે. આનું કારણ એ છે કે પદાર્થ જરા પણ સ્થિર ન હોય તો ઘોડાના શીંગડાની જેમ ક્યારેય પણ તેની ઉત્પત્તિ થઈ ન શકે. તેથી 'સર્વ પદાર્થ પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રણ લક્ષણવાળા છે' - તેવું સિદ્ધ થાય છે." આમ **અષ્ટસહસ્રી**માં **વિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે.

સ્પષ્ટતા :- પર્યાયાર્થિકનય વસ્તુને મુખ્યપણે ક્ષણભંગુર જુએ છે. પર્યાયના ઉત્પાદ-વ્યયની પરંપરા નિરંતર ચાલે છે. નૂતન પર્યાયરૂપે ઉત્પદ્યમાન વસ્તુ પૂર્વપર્યાયરૂપે નાશ પામે છે. પૂર્વપર્યાયસ્વરૂપે નાશ પામતી વસ્તુ નૂતનપર્યાયસ્વરૂપે ઉત્પન્ન થાય છે. તથા સત્ત્વ, દ્રવ્યત્વ આદિ સાધારણસ્વરૂપે વસ્તુ પ્રતિક્ષણ ટકે છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી પ્રતિક્ષણ વસ્તુ પરિણમે છે. આમ **વિદ્યાનંદસ્વામી**નું તાત્પર્ય છે.

❋ નિરપેક્ષસ્વરૂપ સદા સન્નિહિત ❋

(યુક્ત.) ઉપરોક્ત વાત વ્યાજબી પણ છે. કારણ કે 'જે વસ્તુ જે સ્વરૂપ પ્રત્યે અન્ય પદાર્થથી નિરપેક્ષ હોય, તે વસ્તુ તે સ્વરૂપથી યુક્ત જ હોય છે' - આ પ્રમાણે નિયમ છે. જેમ કે કોઈક (પટાદિ) કાર્યની અંતિમ કારણસામગ્રી (= કાર્યોત્પાદઅવ્યવહિતપૂર્વક્ષણવર્તી તંતુ-વેમા-વણકરાદિ સમૂહ) તે કાર્યની ઉત્પત્તિ પ્રત્યે અન્યથી (અન્યથાસિદ્ધ વસ્તુથી) નિરપેક્ષ હોવાના લીધે તે (=પટાદિ) કાર્યની ઉત્પાદક થાય જ છે. તુલ્ય યુક્તિથી કહી શકાય છે કે વિનાશ આદિ ત્રણેય પ્રત્યે વસ્તુ અન્યનિરપેક્ષ હોય છે. તેથી જ તે નાશ-ઉત્પાદ-ધ્રૌવ્યથી યુક્ત જ હોય છે. તેથી પ્રતિક્ષણ વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ નિર્વિવાદ છે.

❋ ઉત્પન્ન વસ્તુમાં પણ પુનઃ ઉત્પત્તિ આદિ ❋

(इदमे.) આ જ અભિપ્રાયથી શ્રીહરિભદ્રસૂરિરચિત **शास्त्रवार्तासमुच्चय** ગ્રંથની **स्याद्वादकल्पलता** નામની વિસ્તૃત વ્યાખ્યામાં **महोपाध्याय श्रीयशोविजयजी** મહારાજે વસ્તુની ઉત્પાદાદિ ત્રિતયાત્મકતાના સમર્થન માટે જણાવેલ છે કે "ભાવ = વસ્તુ ઉત્તરકાલીન પરિણામ પ્રત્યે નિરપેક્ષ છે. તથા 'જે વસ્તુ જે સ્વરૂપ પ્રત્યે અન્ય પદાર્થથી નિરપેક્ષ હોય તે વસ્તુ તે સ્વરૂપથી યુક્ત જ હોય' - આવો નિયમ

तद्भावनियतत्वोपपत्तेः, पूर्वक्षणस्य स्वयमेवोत्तरीभवतोऽपराऽपेक्षाऽभावतः (काल)क्षेपाऽयोगात्, उत्पन्नस्य चोत्पत्ति-स्थिति-विनाशेषु कारणान्तराऽनपेक्षस्य पुनः पुनरुत्पत्ति-स्थिति-विनाशत्रयमवश्यम्भावि, अंशेनोत्पन्नस्यांशान्तरेण पुनः पुनरुत्पत्तिसम्भवादिति सिद्धमेकदैकत्र त्रयम्" (**शास्त्रवार्त्तासमुच्चय**-स्त.७/का.१६, स्या.क. ल.पृष्ठ.९९) इत्युक्तमिति भावनीयम्।

प्रतिसमयम् आत्मादौ उत्पादादित्रितयाऽभ्युपगमे एव सुख-दुःख-बन्ध-मोक्षादिव्यवस्था सम्भवेत्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"सव्वं चिय पइसमयं उप्पज्जइ नासए य निच्चं च। एवं चेव य सुह-दुक्ख -बंध-मोक्खाइसब्भावो।।" (वि.आ.भा.५४४ + ३४२५) इति। एतद्विस्तरस्तु तद्वृत्तितो विज्ञेयः।

एतेन "उत्पाद-व्यय-ध्रौव्यैः आ = समन्ताद् अतति = वर्तते यः स आत्मा" (बृ.द्र.स.५७ वृ.) इति **बृहद्द्रव्यसङ्ग्रहवृत्तौ ब्रह्मदेव**वचनमपि ***व्याख्यातम्,*** प्रतिसमयं ज्ञान-दर्शनाद्युत्पादादित्रितयात्मकस्य आत्मपदार्थत्वोपपत्तेः।

છે. આ નિયમ મુજબ વસ્તુએ ઉત્તરકાલીન નિયત પરિણામથી સંપન્ન થવું ન્યાયસંગત છે. કારણ કે પૂર્વક્ષણ = પૂર્વપર્યાય સ્વયં જ ઉત્તરક્ષણરૂપે = ઉત્તરપર્યાયસ્વરૂપે પરિણત થાય છે. તેથી તેને તે ઉત્તરપરિણામરૂપે પરિણત થવામાં અન્ય કોઈની અપેક્ષા ન હોવાથી તેમાં કાળક્ષેપ = વિલંબ થવો અસંભવ જ છે. આ રીતે ઉત્પન્ન વસ્તુને ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્ય પ્રત્યે અન્ય કારણની અપેક્ષા ન હોવાથી ઉત્પન્ન વસ્તુની પુનઃ પુનઃ ઉત્પત્તિ, પુનઃ પુનઃ અવસ્થાન અને પુનઃ પુનઃ વિનાશ અવશ્ય થશે. કારણ કે એક અંશે ઉત્પન્ન થયેલ વસ્તુની અન્ય અંશ રૂપે ફરી-ફરીથી ઉત્પત્તિ સંભવી શકે છે. આ રીતે એક જ સમયે એક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેયની સિદ્ધિ નિર્વિવાદરૂપે થાય છે." આ રીતે વિભાવના કરવી.

✡ प्रतिक्षण उत्पादादिना अभावमां सुख-दुःखादिनो असंभव ✡

(प्रति.) પ્રતિસમય આત્મા વગેરેમાં ઉત્પાદાદિ ત્રણ વસ્તુનો સ્વીકાર કરવામાં આવે તો જ સુખ -દુઃખ, બંધ-મોક્ષ વગેરેની વ્યવસ્થા સંભવી શકે. તેથી જ તો **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'બધી જ વસ્તુ પ્રતિસમય ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને નિત્ય રહે છે. આ રીતે માનવામાં આવે તો જ સુખ-દુઃખ, બંધ-મોક્ષ વગેરે સંભવી શકે.' આ બાબતનો વિસ્તાર તેની વ્યાખ્યામાંથી જાણી લેવો.

❖ आत्मानी व्याख्या ❖

(एतेन.) **નેમિચંદ્રાચાર્ય**રચિત **બૃહદ્દ્રવ્યસંગ્રહ** ગ્રંથની **વ્યાખ્યા**માં દિગંબર **બ્રહ્મદેવજી**એ 'આત્મા' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે જણાવેલ છે કે "ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પર્યાયથી ચોતરફ જે પદાર્થ વર્તમાન હોય તે આત્મા કહેવાય છે." સર્વાત્મના ઉત્પાદાદિ પર્યાયથી આત્મા વ્યાપ્ત હોય છે. આ પ્રમાણે બ્રહ્મદેવજી જે કહેવા માંગે છે તેની સ્પષ્ટતા પણ અમારા ઉપરોક્ત કથનથી (= પ્રતિક્ષણ ઉત્પાદાદિ ત્રિતયાત્મકત્વની સિદ્ધિના નિરૂપણથી) થઈ જાય છે. જ્ઞાન-દર્શનાદિ પર્યાય દ્વારા જે દ્રવ્ય પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતાને ધારણ કરે છે તે આત્મા છે - આવું તેનું તાત્પર્ય સમજવું. આમ પ્રતિક્ષણ ઉત્પાદાદિત્રિતયાત્મકતા આત્મામાં અબાધિત છે.

---

1. सर्वमेव प्रतिसमयमुत्पद्यते नश्यति च नित्यञ्च। एवञ्चैव च सुख-दुःख-बन्ध-मोक्षादिसद्भावः।।

કોઈ કહસ્યઈ જે "જિહાં ઉત્પાદ-વ્યય*, તિહાં ધ્રુવપણું નહીં. જિહાં ધ્રુવપણું, તિહાં ઉત્પાદ-વ્યય નહીં; એહવો વિરોધ છઈ. તો ૩ લક્ષણ એક ઠામિ કિમ હોઈ ? ▸જિમ છાયાતપ એક ઠામિં ન હોઈ◂ તિમ ૩ લક્ષણ એક ઠામિ ન હુઆં જોઈઈ."

તેહનઈં કહિઈં જે શીત-ઉષ્ણ સ્પર્શ જલ - •અનલનિ વિષઈં પરસ્પરઈં પરિહારઈં દીઠા છઈ, તેહનઈં એક ઠામઈં ઉપસંહારઈ વિરોધ કહિઈં. ઈહાં તો ૩ લક્ષણ સર્વત્ર એક ઠામ જ **પ્રત્યક્ષથી** દીસઈં છઈ.

ननु यत्रोत्पाद-व्ययौ तत्र ध्रौव्यमसम्भवि, यत्र च ध्रौव्यं तत्र तौ न सम्भवतः इति तेषां छायाऽऽतपवत् परस्परपरिहारलक्षणे विरोधे सति कथमेकत्रोत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वं सम्भवेदिति नैकत्र त्रैलक्षण्यं घटामञ्चेदिति ***चेत्*** ?

अत्रोच्यते – शीतोष्णस्पर्शौ जलानलयोः परस्परपरिहारेण वर्तिनौ दृष्टौ इति तयोरेकत्रोपसंहारे क्रियमाणे परस्परपरिहारलक्षणो विरोधः उच्यताम्। प्रकृते तूत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वलक्षणं त्रैलक्षण्यं प्रमेयत्वावच्छिन्ने प्रत्येकमेव वस्तुनि प्रत्यक्षप्रमाणादेवोपलब्धम्, न तु कुत्रापि वस्तुनि उत्पाद-व्यय

पूर्वपक्ष :- (ननु.) જ્યાં ઉત્પાદ-વ્યય હોય ત્યાં ધ્રૌવ્ય = સ્થૈર્ય સંભવી શકતું નથી. તથા જ્યાં ધ્રૌવ્ય = નિત્યત્વ હોય ત્યાં ઉત્પાદ-વ્યય સંભવતા નથી. કારણ કે ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય વચ્ચે છાયા અને તડકાની જેમ પરસ્પરપરિહાર નામનો વિરોધ છે. એકબીજાને છોડીને એકબીજા રહે છે. આમ 'પરસ્પર પરિહાર' નામનો વિરોધ ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય વચ્ચે વિદ્યમાન હોવાથી એક જ વસ્તુ કઈ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સંભવે ? વિરોધી પદાર્થ એકત્ર ન સંભવે. તેથી એક જ વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ ત્રૈલક્ષણ્ય સંગત થતું નથી.

❀ ઉત્પાદાદિમાં વિરોધ નથી ❀

ઉત્તરપક્ષ :- (अत्रोच्यते.) પરસ્પરપરિહાર નામનો વિરોધ કોને કહેવાય ? તે સૌપ્રથમ સમજી લઈએ. ત્યારબાદ એકત્ર ઉત્પાદાદિ ત્રયાત્મકતા કઈ રીતે સંગત થાય છે ? તે સરળતાથી સમજાઈ જશે. જેમ કે શીત સ્પર્શ અને ઉષ્ણ સ્પર્શ એકબીજાનો પરિહાર કરીને રહેતા હોવાથી તે બન્ને વચ્ચે પરસ્પરપરિહાર નામનો વિરોધ માની શકાય છે. પાણીમાં શીત સ્પર્શ રહે છે. અગ્નિમાં ઉષ્ણ સ્પર્શ રહે છે. પાણીમાં ઉષ્ણ સ્પર્શ રહેતો નથી કે અગ્નિમાં શીત સ્પર્શ રહેતો નથી. આમ એકબીજાનો પરિહાર કરીને શીત-ઉષ્ણ સ્પર્શ રહેતા હોવાથી એક જ વસ્તુમાં તે શીત-ઉષ્ણ સ્પર્શનો સ્વીકાર કરવામાં આવે તો પરસ્પર-પરિહાર નામનો વિરોધ દોષ કહી શકાય. પરંતુ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય અંગે પરસ્પરપરિહાર નામનો વિરોધ બતાવી શકાતો નથી. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા સ્વરૂપ ત્રૈલક્ષણ્ય તો પ્રમેયત્વવિશિષ્ટ બધી જ વસ્તુમાં પ્રત્યક્ષ પ્રમાણથી જ દેખાય છે. દા.ત. ઘડાની ઘટત્વસ્વરૂપે ઉત્પત્તિ થાય છે તથા ઘડાનો મૃત્પિંડરૂપે નાશ થાય છે તેમ જ માટીદ્રવ્યસ્વરૂપે ઘડો ધ્રુવ રહે છે. આ હકીકત પ્રત્યક્ષ પ્રમાણથી જ દેખાય છે. કોઈ પણ વસ્તુમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય વચ્ચે પરસ્પરપરિહાર નામનો વિરોધ પ્રત્યક્ષ પ્રમાણથી

* શાં.+મ.માં 'વ્યયપણું' પાઠ. અહીં આ.(૧)નો પાઠ લીધો છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ મુદ્રિત પુસ્તકમાં નથી. પા. + સિ. + લી.(૧+૩+૪) + P(૨) + આ.(૧)માં તથા કો.(૭+૯+૧૦+૧૧)માં છે. • શાં.+મ.માં 'अनलः नेई' પાઠ છે. અહીં આ.(૧)નો પાઠ લીધેલ છે.

પરસ્પરપરિહારઈ કિહાંઈ પ્રત્યક્ષસિદ્ધ નથી. તો એ વિરોધનો ઠામ કિમ હોઈ? **(એ વિરોધતણો ન ઠામ)**

-ध्रौव्याणां परस्परपरिहारविरोधः प्रत्यक्षसिद्धः। तस्माद् एकस्मिन्नधिकरणे **तत्र** = उत्पाद-व्यय-ध्रौव्येषु स्वीक्रियमाणेषु **विरोधिता** = परस्परपरिहारलक्षणविरोधः **कुतः** स्यात् ? "न हि एकत्र नानाविरुद्धधर्मप्रतिपादकः स्याद्वादः किन्तु अपेक्षाभेदेन तदविरोधद्योतकस्यात्पदसमभिव्याहृतवाक्यविशेषः" (न्या.ख.खा. पृ.४२८) इति व्यक्तं **न्यायखण्डखाद्ये**। "न हि दृष्टेऽनुपपन्नं नाम" (सि.वि.४/३/वृ.पृ.२४१) इति **सिद्धिविनिश्चयोपटीकायाम् अनन्तवीर्यः**।

न हि येनैव धर्मेण यदा उत्पादः तेनैव धर्मेण तदा व्ययादिः कक्षीक्रियते, येनैकत्र युगपत् त्रितयाऽभ्युपगमे विरोधः स्यात्। न हि ऋजुत्वेन अङ्गुल्या उत्पादे, वक्रत्वेन नाशे अङ्गुलित्वेन च स्थिरत्वे कोऽपि विरोधं मन्यते। तदुक्तं **विशेषावश्यकभाष्ये** अपि [1]"उप्पाय-व्वय-धुवया समयं धम्मंतरेण न विरुद्धा। जह रिउ-वक्कंगुलिता सुर-नर-जीवत्तणाइं वा।।" (वि.आ.भा.७५५) इति। देवत्वेनोत्पादः नरत्वेन नाशो जीवत्वेन च ध्रौव्यम् एकस्मिन्नेव आत्मनि युगपद् नैव विरुध्यन्ते।

જોવા મળતો નથી. તેથી એક જ અધિકરણમાં = આધારભૂત વસ્તુમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો સ્વીકાર કરવામાં આવે તો પરસ્પરપરિહાર નામના વિરોધને અવકાશ ક્યાંથી મળે ? સ્યાદ્વાદમાં વિરોધને કોઈ અવકાશ નથી. કારણ કે "એક જ વસ્તુમાં અનેક વિરુદ્ધ ગુણધર્મોનું પ્રતિપાદન કરવું તે સ્યાદ્વાદ નથી. પરંતુ જુદી-જુદી વિવક્ષાથી અનેકવિધ ધર્મોમાં અવિરોધને જણાવનાર 'સ્યાત્' પદથી યુક્ત વિશેષ પ્રકારનું વાક્ય એ સ્યાદ્વાદ છે" - આ પ્રમાણે **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **ન્યાયખંડખાદ્ય** ગ્રંથમાં જણાવેલ છે. **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથની ઉપટીકામાં **અનન્તવીર્ય** નામના દિગંબર વિદ્વાને પણ કહેલ છે કે 'જે હકીકત પ્રત્યક્ષસિદ્ધ હોય તેમાં અસંગતિ કઈ રીતે હોય ?' સ્યાદ્વાદવિષય પ્રત્યક્ષસિદ્ધ જ છે.

❀ ધર્મભેદથી ઉત્પાદાદિ ત્રણમાં અવિરોધ ❀

(**ન હિ.**) અમે અનેકાન્તવાદીઓ જે સ્વરૂપે જે વસ્તુની જ્યારે ઉત્પત્તિને માનીએ છીએ તે જ સ્વરૂપથી તે જ વસ્તુનો ત્યારે નાશ કે ધ્રૌવ્ય માનતા નથી, કે જેના લીધે એકત્ર યુગપદ્ ઉત્પાદાદિ ત્રણનો સ્વીકાર કરવામાં વિરોધ આવે. અમે તો જુદા સ્વરૂપે વસ્તુની ઉત્પત્તિને, અન્ય સ્વરૂપે વસ્તુના નાશને તથા અલગ સ્વરૂપે વસ્તુના ધ્રૌવ્યને માનીએ છીએ. તે રીતે માનવામાં વિરોધને અવકાશ જ ક્યાં છે ? જ્યારે કોઈ માણસ આંગળીને સીધી કરે ત્યારે આંગળી સરળતાસ્વરૂપે ઉત્પન્ન થાય છે, વક્રતાસ્વરૂપે નાશ પામે છે અને આંગળીસ્વરૂપે તે સ્થિર રહે છે. આ બધું એકીસાથે થાય છે. તેથી કોઈ પણ માણસ આ અંગે વિરોધ માનતો નથી. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "જુદા-જુદા ગુણધર્મની અપેક્ષાએ એકીસાથે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકત્ર માનવામાં કોઈ વિરોધ નથી. જેમ સરળતા, વક્રતા અને અંગુલિતા અથવા તો દેવત્વ, મનુષ્યત્વ અને જીવત્વ એકીસાથે રહી શકે છે." અથવા "સરળતા વગેરે ત્રણ ગુણધર્મોની અપેક્ષાએ અને દેવત્વ વગેરે ત્રણ ગુણધર્મોની અપેક્ષાએ ક્રમશઃ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એકીસાથે આંગળીમાં અને જીવમાં રહી શકે છે. તેમાં કોઈ વિરોધ માનતું નથી." દેવરૂપે

1. उत्पाद-व्यय-ध्रुवताः समकं धर्मान्तरेण न विरुद्धाः। यथा ऋजु-वक्राऽङ्गुलीताः सुर-नर-जीवत्वानि वा।।

અનાદિકાલીન એકાંતવાસનાઇં મોહિત જીવ ❖એહવો વિરોધ જાણઇં છઇ, પણિ પરમાર્થઇં વિચારી જોતાં વિરોધ નથી. સમનિયતતાઇં પ્રત્યય જ વિરોધભંજક છઇ. ઇતિ ગાથાર્થ. ॥૯/૨॥

केवलमनादिकालीनैकान्तगोचरवितथवासनाविमोहितो जीवो तेषां मिथो विरोधं पश्यति किन्तु परमार्थमीमांसायां नास्ति तेषां विरोधः, दीपाऽऽकाशन्यायतः समनैयत्येन तत्प्रत्यक्षस्यैव विरोध-भञ्जकत्वात्। उत्पादादीनां समनैयत्यं स्वभावत इष्टम्। इदमेवाऽभिप्रेत्य **सिद्धिविनिश्चये अकलङ्क**-स्वामिनोक्तम् "उत्पाद-स्थिति-भङ्गानां स्वभावादनुबन्धिता" (सि.वि.३/१५/भा.१/पृ.२०२) इति।

एतेन "अनित्यत्वं हि नाशित्वं प्रसिद्धम्, नित्यत्वञ्चाऽनाशित्वम्। तच्चैतदुभयं विरुद्धत्वान्नैकत्र सम्भवति। न हि नष्टमनष्टञ्चेत्येकं किञ्चित् प्रतिभाति" (न्या.भू.पृ.५५६) इति **न्यायभूषणकृतो भासर्वज्ञस्योक्तिरपि**

ઉત્પત્તિ, મનુષ્ય તરીકે નાશ અને જીવસ્વરૂપે ધ્રૌવ્ય - એક જ આત્મામાં એકીસાથે રહે તેમાં કોઈ વિરોધ નથી.

❋ दीपाकाशन्यायथी उत्पाद-व्यय-ध्रौव्यमां अविरोध ❋

(केवल.) ફક્ત અનાદિ કાળના એકાન્તવાદવિષયક ખોટા સંસ્કારથી વિશેષ પ્રકારે મૂઢ થયેલો જીવ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે વિરોધને જુએ છે. પરંતુ પારમાર્થિક હકીકતની વિચારણા કરવામાં આવે તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય - આ ત્રણેયનો એકત્ર સ્વીકાર કરવામાં કોઈ વિરોધ નથી. કારણ કે ઉત્પાદ વગેરે ત્રણેય ગુણધર્મો સમનિયત = સમવ્યાપ્ત સ્વરૂપે જણાય છે. જ્યાં જ્યાં ઉત્પાદ, વ્યય હોય છે ત્યાં ત્યાં કોઈકને કોઈક સ્વરૂપે ધ્રૌવ્ય પણ અવશ્ય હોય છે. તથા જ્યાં જ્યાં ધ્રૌવ્ય હોય છે ત્યાં ત્યાં કોઈકને કોઈક સ્વરૂપે ઉત્પાદ-વ્યય પણ અવશ્ય હોય છે. આ પ્રમાણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે સમનૈયત્ય = સમવ્યાપ્તિ પ્રત્યક્ષ પ્રમાણથી જ ઉપલબ્ધ થાય છે. દીવાના અને આકાશના દૃષ્ટાંત દ્વારા આ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચેની સમવ્યાપ્તિ આ જ શાખાના પ્રથમ શ્લોકની વ્યાખ્યામાં આપણે સારી રીતે સમજી ગયા છીએ. આમ સમવ્યાપ્તિસ્વરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું જે પ્રત્યક્ષ થાય છે તે જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે વિરોધને હટાવશે. ઉત્પાદ આદિ ત્રણેયમાં સ્વભાવથી જ સમવ્યાપ્તિ માન્ય છે. આ જ અભિપ્રાયથી **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચય**માં જણાવેલ છે કે "ઉત્પાદ, ધ્રૌવ્ય અને નાશ - આ ત્રણનો સ્વભાવ જ એવો છે કે જેના કારણે તેઓમાં પરસ્પર અવિનાભાવ = સમવ્યાપ્તિ રહેલી છે." માટે એકત્ર ઉત્પાદાદિ ત્રિતયનો સ્વીકાર પ્રામાણિક જ છે.

❀ न्यायभूषणकारमतसमीक्षा ❀

(एतेन.) **ન્યાયભૂષણ** ગ્રંથની રચના કરનાર **ભાસર્વજ્ઞ** નામના નૈયાયિકે એકાંતવાદના કુસંસ્કારથી પ્રેરાઈને તે ગ્રંથમાં જણાવેલ છે કે "અનિત્યત્વ એટલે વિનાશિત્વ - આ પ્રમાણે પ્રસિદ્ધ છે. તથા નિત્યત્વ એટલે અવિનાશિત્વ - આ મુજબ પ્રસિદ્ધ છે. વિનાશિત્વ અને અવિનાશિત્વ - આ બન્ને ગુણધર્મો તો પરસ્પર વિરુદ્ધ છે. તેથી એક વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ સંભવતા નથી. કારણ કે કોઈ પણ વસ્તુ વિનષ્ટ હોય અને અવિનષ્ટ હોય - તેવું જણાતું નથી."

❖ શાં.+મ.+ધ.માં 'એહોનો' પાઠ છે. આ.(૧)નો પાઠ અહીં લીધો છે.

निरस्ता, पर्यायस्वरूपेण विनष्टस्यापि द्रव्यरूपेणाऽविनष्टत्वस्योक्तत्वात्।

येऽपि षड् भावविकारा **वार्ष्यायणिना** दर्शिताः तेऽपि पर्यायात्मकेषु उत्पाद-व्यय-ध्रौव्येषु एव अन्तर्भावनीयाः। ***एतेन*** "षड् भावविकारा भवन्तीति वार्ष्यायणिः। जायते, अस्ति, विपरिणमते, वर्धते, अपक्षीयते, विनश्यतीति। (१) 'जायते' इति पूर्वभावस्य आदिम् आचष्टे, नाऽपरभावम् आचष्टे, न प्रतिषेधति। (२) 'अस्ति' इति उत्पन्नस्य सत्त्वस्य अवधारणम्। (३) 'विपरिणमते' इति अप्रच्यवमानस्य तत्त्वाद् विकारम्। (४) 'वर्धते' इति स्वाङ्गाऽभ्युच्चयं सांयोगिकानां वा अर्थानाम्।... (५) 'अपक्षीयते' इति अनेनैव व्याख्यातः प्रतिलोमम्। (६) 'विनश्यति' इति अपरभावस्य आदिम् आचष्टे, न पूर्वभावम् आचष्टे, न प्रतिषेधति। अतोऽन्ये भावविकारा एतेषामेव विकारा भवन्तीतिह स्माह" (नि.भा.१/१/खं-३/पृ.९-१०) इति **निरुक्ता**ऽपरनाम्नि **निघण्टुभाष्ये यास्क**वचनानि ***व्याख्यातानि,***

वार्ष्यायणिमते जनिपदार्थे आविर्भाव-निष्पत्तिप्रभृतीनाम्, अस्तिपदार्थे 'विद्यते, भवती'त्यादीनाम्,

---

उत्पाद-व्यय અને ધ્રૌવ્યની એકત્ર સિદ્ધિ થવાથી ભાસર્વજ્ઞના ઉપરોક્ત કથનનું પણ નિરાકરણ થઈ જાય છે. પર્યાયરૂપે વિનષ્ટ = વિનાશી = વિનશ્વર = અનિત્ય વસ્તુ પણ દ્રવ્યસ્વરૂપે અવિનષ્ટ = અવિનાશી = અવિનશ્વર = નિત્ય હોય છે. આ વાત હમણાં જ ઉપર જણાવી ગયા છીએ. તેથી નિત્યત્વ અને અનિત્યત્વ વચ્ચે વિરોધ નથી રહેતો - તેવું ફલિત થાય છે.

❋ वार्ष्यायणिमत विमर्श ❋

(वै.) **वार्ष्यायणि** મહર્ષિએ જે છ ભાવવિકારોને જણાવેલા છે તેનો પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રણ પર્યાયોમાં જ અંતર્ભાવ કરવો. **काश्यपप्रजापति**એ રચેલ **निघंटु** ગ્રંથ ઉપર **यास्क** મુનિએ ભાષ્ય રચેલ છે. તે **निघंटभाष्य**નું બીજું નામ **निरुक्त** અથવા **यास्कनिरुक्त** છે. તેમાં **यास्क** મુનિએ જણાવેલ છે કે "**वार्ष्यायणि** આચાર્ય કહે છે કે - ભાવવિકારો છ હોય છે. (१) જન્મ, (२) અસ્તિત્વ, (૩) વિપરિણામ, (४) વૃદ્ધિ, (५) અપક્ષય, (६) વિનાશ. આ છ ભાવવિકાર છે. (१) 'જન્મ'શબ્દ પ્રાદુર્ભાવના પ્રારંભને જણાવે છે. 'જન્મ'શબ્દ અપરભાવને = ઉત્તરકાલીન ભાવને જણાવતો નથી કે તેનો નિષેધ પણ નથી કરતો. (२) 'અસ્તિત્વ' શબ્દ ઉત્પન્ન થયેલ સત્ત્વના = પદાર્થના અવધારણમાત્રને જણાવે છે. (૩) તત્ત્વથી = મૌલિક અસ્તિત્વથી ભ્રષ્ટ ન થતા પદાર્થની વિકૃતિમાત્રને 'વિપરિણામ' શબ્દ જણાવે છે. (४) પોતાના હાથ-પગ વગેરે અવયવોના અભ્યુચ્ચયને = સંચયને અથવા ગુણસંચયને કે ધન-ધાન્યાદિ સાંયોગિક ભાવોના સંચયને 'વૃદ્ધિ'શબ્દ જણાવે છે. (५) 'અપક્ષય'શબ્દ દ્વારા વૃદ્ધિથી વિપરીત = પ્રતિલોમ = હાનિ જણાવાય છે. (६) 'વિનાશ'શબ્દ ઉત્તરકાલીન ભાવના પ્રારંભને જણાવે છે. તે અવસ્થામાં વિદ્યમાન એવા પૂર્વભાવને = અપક્ષયને 'વિનાશ'શબ્દ જણાવતો પણ નથી તથા તેનો નિષેધ પણ નથી કરતો. આ સિવાયના જે બીજા ભાવવિકારો છે તે આ છ ભાવવિકારના જ વિકાર હોય છે. અર્થાત્ અન્ય ભાવવિકારોનો પ્રસ્તુત છ ભાવવિકારમાં જ સમાવેશ થાય છે." - આ પ્રમાણે **वार्ष्यायणि** આચાર્યનો મત જાણવો.

❋ छ भावविकारनो उत्पादादि पर्यायमां समावेश ❋

(वार्ष्या.) વાર્ષ્યાયણિ આચાર્ય જેમ અન્ય ભાવવિકારોનો છ ભાવવિકારમાં સમાવેશ કરે છે તેમ

विपरिणामपदार्थे भावान्तरापत्त्यादीनाम्, वृद्धिपदार्थे 'पुष्यति, उपचीयते' एवमादीनाम्, अपक्षयपदार्थे भ्रंशादीनां विनाशपदार्थे च 'म्रियते, विलीयते' इत्यादीनाम् अन्तर्भाववत् स्याद्वादिमते प्रथमस्य उत्पादे, द्वितीयस्य ध्रौव्ये, तृतीयस्य द्रव्यार्थिकसम्मतवक्ष्यमाण(९/२४)परिणामस्थानीयस्य व्ययाऽऽलिङ्गिते ध्रौव्ये उत्पादे वा, चतुर्थस्य उत्पादान्वितध्रौव्ये, पञ्चम-षष्ठयोश्च व्ययेऽन्तर्भावस्य अप्रत्याख्येयत्वात्।

यच्च "(१) पिण्डातिरिक्तवृत्त्यन्तराऽवस्थाप्रकाशतायां तु 'जायते' इत्युच्यते। सव्यापारेयं भवनवृत्तिः। (२) 'अस्ति' इत्यनेन निर्व्यापाराऽऽत्मसत्ता आख्यायते। भवनवृत्तिः उदासीना, अस्तिशब्दस्य निपातत्वात्। (३) 'विपरिणमते' इत्यनेन तिरोभूताऽऽत्मरूपस्य अनुच्छिन्नतथावृत्तिकस्य रूपान्तरेण भवनम्, यथा

અમે સ્યાદ્વાદીઓ ઉપરોક્ત છ ભાવવિકારોનો ઉત્પાદાદિ ત્રણ પર્યાયમાં અંતર્ભાવ કરીએ છીએ. આ બાબતને થોડાક વિસ્તાર સાથે આ રીતે સમજી શકાય છે કે વૈયાકરણઆચાર્ય **વાર્ષ્યાયણિ** (૧) જન્મ પદાર્થમાં આવિર્ભાવ, નિષ્પત્તિ વગેરેનો અંતર્ભાવ કરે છે. (૨) અસ્તિત્વમાં 'વિદ્યતે, ભવતિ' વગેરે પદના અર્થનો સમાવેશ કરે છે. (૩) વિપરિણામમાં ભાવાન્તરપ્રાપ્તિ વગેરેનો પ્રવેશ કરે છે. (૪) વૃદ્ધિમાં પુષ્ટિ, ઉપચય વગેરેનો નિવેશ કરે છે. (૫) અપક્ષયમાં ભ્રંશ વગેરેની ગણતરી કરે છે. (૬) વિનાશમાં મરણ, વિલય વગેરેની ગણના કરે છે. આ જ રીતે સ્યાદ્વાદીમતે (૧) જન્મ નામના પ્રથમ ભાવવિકારનો ઉત્પાદમાં સમાવેશ થાય છે. (૨) અસ્તિત્વનો ધ્રૌવ્યમાં અંતર્ભાવ થાય છે. (૩) વાર્ષ્યાયણિસંમત વિપરિણામ નામનો પદાર્થ જૈનમતાનુસાર દ્રવ્યાસ્તિકનયસંમત પરિણામ જેવો છે. આ પરિણામની વ્યાખ્યા આ જ નવમી શાખાના ૨૪ મા શ્લોકના વિવરણમાં કરવામાં આવશે. તે મુજબ વિપરિણામ નામના ત્રીજા ભાવવિકારનો વ્યયવિશિષ્ટ ધ્રૌવ્યમાં અથવા વ્યયવિશિષ્ટ ઉત્પાદમાં પ્રવેશ થઈ શકે છે. (૪) વૃદ્ધિનો નિવેશ ઉત્પાદવિશિષ્ટ ધ્રૌવ્યમાં થાય છે. (૫) અપક્ષય અને (૬) વિનાશ - આ છેલ્લા બે ભાવવિકારોની ગણના વ્યયમાં થાય છે. આ બાબતનો કોઈ અપલાપ કરી શકે તેમ નથી. તેથી ઉત્પાદાદિ ત્રણ પર્યાયમાં જ વાર્ષ્યાયણિસંમત છ ભાવવિકારનો સમાવેશ થઈ જવાથી વસ્તુને ત્રૈલક્ષણ્યથી યુક્ત માનવી એ જ વ્યાજબી છે.

✡ છ ભાવવિકાર : શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ✡

(**यच्च.**) **નયચક્રસાર**માં છ ભાવવિકારનું નિરૂપણ કરતા ઉપાધ્યાય **દેવચન્દ્રજી**એ જણાવેલ છે કે :-

"(૧) ગુણસમુદાયથી અતિરિક્ત અન્ય વૃત્તિની = ગુણપ્રવૃત્ત્યન્તરની અવસ્થાનું પ્રકાશન થતાં 'जायते' = 'નૂતન પદાર્થ ઉત્પન્ન થાય છે' - આમ કહેવાય છે. અહીં જે ભવનવૃત્તિ જણાય છે તે સવ્યાપાર છે, નિર્વ્યાપાર નહિ.

(૨) 'अस्ति' આમ કહેવા દ્વારા નિર્વ્યાપાર આત્મસત્તા = આત્મશક્તિ કહેવાય છે. અહીં જણાતી ભવનવૃત્તિ ઉદાસીન છે. એટલે કે નૂતનપરિણમનવૃત્તિને તે ભવનવૃત્તિ ગ્રહણ કરતી નથી. અહીં 'अस्ति' શબ્દ નિપાતસ્વરૂપ છે.

(૩) 'विपरिणमते' શબ્દ દ્વારા અપ્રગટ વસ્તુસ્વરૂપમાં તદ્રૂપ બનીને વર્તાયેલી અવિનષ્ટ આત્મશક્તિનું = પદાર્થશક્તિનું બીજા સ્વરૂપે પરિણમન કહેવાય છે. જેમ કે દૂધ દહીંસ્વરૂપે પરિણમે, વિકારાન્તરરૂપે

'क्षीरं दधिभावेन परिणमते'। विकारान्तरवृत्त्या भवनवत् तिष्ठते। वृत्त्यन्तरव्यक्तिहेतुभाववृत्तिः वा विपरिणामः।

(४) 'वर्धते' इत्यनेन तूपचयरूपः प्रवर्त्तते, यथा 'अङ्कुरो वर्धते'। उपचयवत्परिणामरूपेण भवनवृत्तिः व्यज्यते।

(५) 'अपक्षीयते' इत्यनेन तु तस्यैव परिणामस्य अपचयवृत्तिः आख्यायते, दुर्बलीभवत्पुरुषवत्। अपचयरूपभवनवृत्त्यन्तरव्यक्तिः उच्यते।

(६) 'विनश्यति' इत्यनेन आविर्भूतभवनवृत्तेः तिरोभवनम् उच्यते, यथा 'विनष्टो घटः'। प्रतिविशिष्ट-समवस्थानात्मिका भवनवृत्तिः तिरोभूता, न तु अभावस्येव जाता; कपालाद्युत्तरभवनवृत्त्यन्तरक्रमाऽविच्छिन्न-रूपत्वाद्" (न.च.सा.पृ.१६७-१६८) इति **नयचक्रसारे** भावविकारषट्कनिरूपणप्रस्तावे **देवचन्द्रवाचकैः** दर्शितं तत्समवतारोऽपि निरुक्तरीत्या उत्पादादित्रितये कर्तव्य इति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — 'प्रतिवस्तु प्रतिक्षणं भव-भङ्ग-ध्रौव्यस्वरूपैः परिणमति' इति ज्ञात्वा सम्यग्दृष्टि-सर्वविरत-केवलज्ञानि-सिद्धत्वरूपेण उत्पादः मिथ्यादृष्ट्यविरताऽज्ञानि-संसारित्व-रूपेण व्ययः आत्मत्वरूपेण च ध्रौव्यं यथा स्वात्मनि शीघ्रं परिणमेत् तथा जिनाज्ञानुसारेण यतित-

---

બનીને રહે તે વિપરિણામ તરીકે ઓળખાય. તે ઉત્પત્તિશાલી ભવનધર્મતુલ્ય છે. અથવા વૃત્ત્યન્તરપ્રવર્તનમાં = અન્યસ્વરૂપઅભિવ્યક્તિમાં હેતુ બને તે રીતે ભાવનું = સ્વભાવનું જે વર્ત્તન થાય તે વિપરિણામ કહેવાય.

(૪) 'वर्धते' શબ્દથી તો ઉપચયરૂપ વૃત્તિ પ્રવર્તે છે. જેમ કે 'અંકુરો વધે છે.' અહીં ઉપચયવાળા = પુષ્ટિયુક્ત પરિણામસ્વરૂપે ભવનવૃત્તિ પ્રગટ થાય છે.

(૫) 'अपक्षीयते' શબ્દથી તો તે જ પરિણામની અપચયવૃત્તિ = હીનતા = ન્યૂનતા = ઘસારો જણાવાય છે. દુબળા થતા પુરુષની જેમ આ અપક્ષય સમજવો. પર્યાય-પ્રમાણ-શક્તિ વગેરેનો ઘટાડો થવા સ્વરૂપ અન્ય ભવનવૃત્તિની અભિવ્યક્તિને 'અપક્ષય' જણાવે છે.

(૬) 'विनश्यति' શબ્દથી પ્રગટ ભવનધર્મનો તિરોભાવ કહેવાય છે. જેમ કે 'ઘડો નાશ પામ્યો' - આવું કથન. માટીદ્રવ્ય જલધારણ આદિ કાર્યને કરવા સ્વરૂપ પૂર્વ પર્યાયનો ત્યાગ કરીને અન્યસ્વરૂપે કાર્ય કરવાની પ્રતિનિયત મર્યાદામાં રહે તેવી તિરોભૂત ભવનવૃત્તિ 'घटो नष्टः' વાક્ય વડે જણાવાય છે. પરંતુ તે તિરોભૂત ભવનવૃત્તિ અભાવની જેમ અત્યંત તુચ્છસ્વરૂપે ઉત્પન્ન થતી નથી. કારણ કે કપાલ વગેરે ઉત્તરકાલીન અન્ય ભવનવૃત્તિના અનુક્રમે નિરંતરરૂપે અનેકાકારે તે પરિણમે છે." પૂર્વે જણાવ્યા મુજબ ઉત્પાદાદિ ત્રણમાં તે છ ભાવવિકારોનો સમાવેશ કરવો. આ મુજબ અધિક ઉહાપોહ વાચકવર્ગે સ્વયં કરવો. તે માટે 'दिक्' શબ્દનો પ્રયોગ પરામર્શકર્ણિકામાં કરેલ છે.

❋ આત્મામાં વિશિષ્ટ ત્રૈલક્ષણ્યપરિણમનનો ઉપદેશ ❋

આધ્યાત્મિક ઉપનય :- 'પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપે પરિણમે છે' - આ જાણીને સમ્યગ્દર્શની-સંયમી-કેવલજ્ઞાની-સિદ્ધસ્વરૂપે ઉત્પાદ અને મિથ્યાત્વી-અસંયમી-અજ્ઞાની-સંસારીસ્વરૂપે નાશ અને આત્મત્વસ્વરૂપે ધ્રૌવ્ય આ ત્રણ સ્વરૂપે આપણો આત્મા શીઘ્રતયા પરિણમી જાય તે માટે જિનાજ્ઞા મુજબ આપણે પ્રયત્ન કરવો જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા આપણને

व्यमित्युपदेशः। ततश्च "कृत्स्नकर्मक्षयान्मोक्षो जन्म-मृत्यादिवर्जितः। सर्वबाधाविनिर्मुक्त एकान्तसुखसङ्गतः।।" (अ.प्र.३२/१) इति **अष्टकप्रकरणे श्रीहरिभद्रसूरि**दर्शितस्वरूपो मोक्षो न दुर्लभः।।९/२।।

પ્રાપ્ત થાય છે. જો તેવું કરવામાં આવે તો તેનાથી **અષ્ટકપ્રકરણ**માં વર્ણવેલ મોક્ષ દુર્લભ નથી. ત્યાં મોક્ષના સ્વરૂપને દર્શાવતા શ્રીહરિભદ્રસૂરિજીએ જણાવેલ છે કે 'જન્મ-મરણાદિશૂન્ય, સર્વપીડારહિત, એકાંતે સુખમય એવો મોક્ષ સર્વકર્મના ક્ષયથી મળે છે. (૯/૨)

લખી રાખો ડાયરીમાં.....

- ઘણી ગતિ કરવા છતાં બુદ્ધિ પ્રગતિશૂન્ય છે,
  ભમરડાની જેમ.
  શ્રદ્ધા ઊર્ધ્વગામી પ્રગતિશીલ ગતિને આત્મસાત્ કરે છે,
  દીપજ્યોતની જેમ.

- બુદ્ધિ બીજાના ગુણને છૂપાવી બીજાના દોષને જાહેર કરે છે. કારણ કે બુદ્ધિ દોષનો ઉકરડો ચૂંથવામાં ભૂંડણની પ્રતિસ્પર્ધી છે.
  શ્રદ્ધા પોતાના ગુણને છૂપાવી બીજાના ગુણને પ્રગટ કરે છે. કારણ કે ગુણાનુરાગ-ગુણાનુવાદનું શ્રદ્ધાને વ્યસન છે.

- વાસનામાં ઘણી પૂર્વશરત હોય છે.
  ઉપાસનામાં કોઈ પૂર્વશરત નથી હોતી.

- વાસના મોટા ભાગે શબ્દાક્ષરમાં અટવાય છે.
  ઉપાસના સદા આત્માક્ષરમાં મહાલે છે.

- વાસનાનો અતિરેક અહંકાર સર્જે છે;
  હાહાકાર સર્જે છે.
  ઉપાસના અહંકારનું અર્પણ કરી,
  સર્વસ્વ સમર્પણ કરી જયજયકાર સર્જે છે.

તેહ જ દેખાડઇ છઈ -

ઘટ મુકુટ સુવર્ણહ અર્થિઆ, વ્યય ઉત્પત્તિ થિતિ પેખંત રે;
નિજરૂપઈ હોવઈ હેમ તે♦, દુઃખ-હર્ષ-ઉપેક્ષાવંત રે ॥૯/૩॥ (૧૩૬) જિન.

"युक्त्या यन्न घटामुपैति तदहं दृष्ट्वाऽपि न श्रद्दधे" ( ) इति वदन्तं परं प्रति सयुक्तिकं सोदाहरणञ्च उत्पाद-व्यय-ध्रौव्याणां मिथोऽविरोधमेव दर्शयति – '**घटे**'ति।

घट-मौलि-सुवर्णार्थी व्ययोत्पादस्थितिष्वयम्।
दुःख-प्रमोद-माध्यस्थ्यं नरो याति सहेतुकम्।।९/३।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अयं नरः घट-मौलि-सुवर्णार्थी व्ययोत्पादस्थितिषु दुःख-प्रमोद-माध्यस्थ्यं याति (तत्) सहेतुकम्।।९/३।।

अयम् = अधिकृतः **नरः**, सामान्यापेक्षया एकवचनम्, न तु व्यक्त्यपेक्षया, एकस्य एकदा एकवस्तुगोचरविलक्षणत्रिविधेच्छाविरहात्, कालभेदेन तथाविधेच्छात्रितयस्य च त्रयात्मकैकनिमित्तत्वा-ऽप्रयोजकत्वादिति द्रष्टव्यम्।

અવતરણિકા :- 'જે બાબત યુક્તિથી સંગત ન થાય તેને જોવા છતાં પણ તેની શ્રદ્ધા હું નથી કરતો' - આવું બોલનારા અન્યદર્શની પ્રત્યે યુક્તિસહિત અને ઉદાહરણસહિત 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય - આ ત્રણ પરિણામ વચ્ચે પરસ્પરવિરોધ નથી આવતો' - આ હકીકતને ગ્રંથકારશ્રી ત્રીજા શ્લોક દ્વારા જણાવે છે :-

શ્લોકાર્થ :- ઘટ, મુગટ અને સુવર્ણનો અર્થી એવો પ્રસ્તુત મનુષ્ય નાશ, ઉત્પત્તિ અને સ્થિતિ થતાં શોક, આનંદ અને માધ્યસ્થ્ય પામે છે, તે સકારણ છે. (૯/૩)

❋ એક વ્યક્તિમાં વિલક્ષણ વિવિધ ઈચ્છાનો અસંભવ ❋

વ્યાખ્યાર્થ :- મૂળ શ્લોકમાં 'अयं नरः' આ પ્રમાણે એકવચનગર્ભિત પ્રથમા વિભક્તિનો પ્રયોગ 'નરત્વ' સામાન્યની અપેક્ષાએ કરવામાં આવેલ છે, વ્યક્તિની અપેક્ષાએ નહિ. કારણ કે એક વ્યક્તિને એક જ સમયે એક જ વસ્તુ વિલક્ષણ એવા ત્રણ સ્વરૂપે મેળવવાની ઈચ્છા થતી નથી હોતી. જો કે કાળભેદથી એક જ વ્યક્તિ એક જ વસ્તુને જુદા-જુદા પરસ્પર વિલક્ષણ એવા ત્રણ સ્વરૂપે મેળવવાની ઈચ્છા કરી શકે છે. પરંતુ ભિન્નકાલીન તથાવિધ ત્રિવિધ ઈચ્છાથી એક કાલમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. કારણ કે એક વસ્તુ એક સમયે ઉત્પાદાદિત્રિતયાત્મક ન હોય તો પણ કાળભેદથી ત્રિવિધ વિલક્ષણ ઈચ્છાની સંગતિ એક વ્યક્તિમાં કરી શકાય છે. તેથી 'अयं नरः' પ્રયોગમાં નરત્વ સામાન્યની અપેક્ષાએ જ એકવચનગર્ભિત પ્રથમા વિભક્તિનો પ્રયોગ માનવો જરૂરી છે. તેથી પ્રસ્તુતમાં અર્થઘટન એવું થશે કે - એક મૂલદ્રવ્યથી સુવર્ણઘટ, સુવર્ણમુગટ અને કેવલ સુવર્ણની એક કાળમાં અભિલાષા કરવાવાળા ત્રણ મનુષ્યોને એક જ કાળમાં ઘટનો નાશ, મુગટની ઉત્પત્તિ તથા સુવર્ણ દ્રવ્યની સ્થિતિ

♦ લા.(૧)+શાં.+ધ.+મ.માં 'હેમથી' પાઠ છે. કો.(૧)નો પાઠ ગ્રહણ કરેલ છે.

એક જ હેમ દ્રવ્યનઈ વિષઇ *જોડીઈ તે* ઘટાકારઇ (**વ્યય**=) નાશ, મુકટાકારઇ **ઉત્પત્તિ** અનઈ હેમાકારઇ **સ્થિતિ** એ ૩ લક્ષણ (**પેખંત**=) પ્રકટ દીસઈ છઈ. જે માટઈ હેમઘટ ભાંજી હેમમુકુટ થાઈ છઈ, તિવારઈ હેમ**ઘટાર્થી દુખવંત** થાઈ. ▶તે માટઈ ઘટાકારઇ હેમવ્યય સત્ય છઈ. જે માટઈ *હેમ**મુકુટાર્થી** હર્ષવંત થાઈ છઈ. તે માટઈ હેમ**ઉત્પત્તિ** મુકુટાકારઈ સત્ય છઈ. જે માટઈ હેમમાત્ર(= **સુવર્ણહ)અર્થી** તે કાલઇ

एकस्मिन्नेव सुवर्णाऽऽख्ये द्रव्ये घटाकारेण व्ययः मुकुटाकारेणोत्पादः हेमाकारेण च ध्रौव्यमित्येवं त्रैलक्षण्यं प्रकटमेव दृश्यते। अत एव घट-मुकुट-सुवर्णानाम् एकदा **व्ययोत्पाद-स्थितिषु** सतीषु **घट-मौलि-सुवर्णार्थी** = प्रत्येकं सौवर्णघट-मुकुट-सुवर्णानि अभिलषन् **नरः** यथाक्रमं **दुःख-प्रमोद-माध्यस्थ्यं** = शोकाऽऽनन्दौदासीन्यं **सहेतुकं** = सकारणं **याति** = गच्छति।

तथाहि — सुवर्णघटं भङ्क्त्वा सुवर्णमुकुटोत्पादे सति सुवर्णघटार्थी दुःखमापद्यते। अतो घटाकारेण हेमव्ययस्य दुःखोत्पादकत्वात् पारमार्थिकताऽवसेया। तदैव हेममुकुटार्थी हर्षमुपगच्छति। मुकुटाकारेण हेमोत्पत्तेरपि हर्षोत्पादकत्वात् सत्यता विज्ञेया। हेममात्रार्थी तदा न दुःखी भवति न

= હાજરી હોતે છતે ક્રમશઃ દુઃખ, હર્ષ તથા દુઃખ-હર્ષઉભયવિરહસ્વરૂપ માધ્યસ્થ્યની પ્રાપ્તિ થાય છે.

☼ સુવર્ણદ્રવ્યમાં નાશ-ઉત્પાદ આદિ પારમાર્થિક ☼

(**एक.**) સોનાના ઘડાને તોડીને સોની જ્યારે તેમાંથી મુગટ બનાવે ત્યારે એક જ સુવર્ણ નામના દ્રવ્યમાં ઘટાકારરૂપે = ઘટપર્યાયરૂપે વિનાશ, મુગટાકારરૂપે = મુગટપર્યાયસ્વરૂપે ઉત્પત્તિ અને સુવર્ણરૂપે ધ્રૌવ્ય - આ મુજબ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્ય પ્રગટપણે જ દેખાય છે. તેથી જ ઘટનો વ્યય જોઈને ઘટાર્થી માણસ દુઃખ-શોક પામે છે. મુગટની ઉત્પત્તિ જોઈને મુગટાર્થી વ્યક્તિ આનંદ પામે છે. તથા સુવર્ણનું ધ્રૌવ્ય જોઈને સુવર્ણાર્થી પુરુષ માધ્યસ્થ્યને પામે છે. આ શોક-આનંદ-માધ્યસ્થ્ય ત્રણેય કાર્ય છે. કાર્ય હંમેશા કારણથી ઉત્પન્ન થાય. તેથી ત્યાં તેના કારણ હોવા જરૂરી છે. તે કારણ ઘટનાશ, મુગટઉત્પાદ અને સુવર્ણધ્રૌવ્ય સિવાય બીજું કોઈ સંભવતું નથી. તેથી એક જ સુવર્ણદ્રવ્યમાં એકદા ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્ય સિદ્ધ થાય છે.

☼ ઘટ-મુગટ ઉદાહરણ વિચારણા ☼

(**तथाहि.**) અહીં કાર્યકારણભાવ આ રીતે સમજવો. સોનાના ઘડાને ભાંગીને સોનાનો મુગટ ઉત્પન્ન થાય ત્યારે જે માણસને સોનાનો ઘડો જોઈએ છે તે દુઃખને પામે છે. તેથી ઘટસ્વરૂપે સુવર્ણદ્રવ્યનો વ્યય દુઃખજનક સિદ્ધ થાય છે. ઘટાકારરૂપે સોનાનો વ્યય દુઃખજનક હોવાથી પારમાર્થિક સમજવો.

જે સમયે ઘટાકારરૂપે સુવર્ણદ્રવ્યનો નાશ થાય છે તે જ સમયે સોનાના મુગટની કામનાવાળો પુરુષ સુવર્ણમુગટને જોઈને ખુશ થાય છે. તેથી મુગટરૂપે સુવર્ણની ઉત્પત્તિ હર્ષજનક સિદ્ધ થાય છે. મુગટસ્વરૂપે સુવર્ણની ઉત્પત્તિ પણ હર્ષજનક હોવાથી સાચી = પારમાર્થિક સમજવી.

તથા જે પુરુષને માત્ર સુવર્ણની જ કામના છે તે ઉપરોક્ત બન્ને પરિસ્થિતિમાં નથી તો ઘટાર્થી પુરુષની જેમ દુઃખી થતો કે નથી તો મુગટાર્થી પુરુષની જેમ સુખી થતો. પરંતુ મધ્યસ્થસ્વરૂપે જ તે

... વચ્ચેનો પાઠ B(૨)માં છે. ▶...◀ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી. ᵠ શાં.માં 'હેમુનકુટાર્થી' અશુદ્ધ પાઠ.

(ઉપેક્ષાવંત=) ન સુખવંત, ન દુઃખવંત થાઈ છઈ.[1] નિજરૂપઈ સ્થિતપરિણામઈ (તે હેમ હોવઈ =) રહઈ છઈ. તે માટઈ હેમસામાન્યસ્થિતિ સત્ય છઈ.

वा सुखी किन्तु मध्यस्थतया तिष्ठति। तस्माद् हेमसामान्याकारेण हेमस्थितिरपि माध्यस्थ्यसम्पादकत्वात् तात्त्विकी ज्ञेया।

રહે છે. આથી સુવર્ણરૂપે સોનાનું ધ્રૌવ્ય માધ્યસ્થ્યજનક સિદ્ધ થાય છે. સુવર્ણરૂપે સુવર્ણદ્રવ્યની સ્થિતિ = ધ્રુવતા પણ માધ્યસ્થ્યસંપાદક હોવાથી તાત્ત્વિક સમજવી.

❖ રાજકુમાર-રાજકુમારી-રાજાની ત્રિવિધ સ્થિતિ ❖

સ્પષ્ટતા :- એક રાજાને એક રાજકુમારી અને એક રાજકુમાર આમ બે સંતાન હતા. રાજા પાસે સોનાનો ઘડો હતો. રાજકુમારીને સોનાનો ઘડો પીવાના કાર્યમાં ઉપયોગી હોવાથી ગમતો હતો. સુવર્ણઘટને તે કદાપિ પોતાનાથી દૂર કરતી ન હતી. પણ રાજકુમારને માથા ઉપર પહેરવા મુગટ જોઈતો હતો. તેની પાસે સુવર્ણમુગટ ન હતો. તેથી તેણે રાજકુમારીનો સોનાનો ઘડો તોડાવી સોની દ્વારા સોનાનો મુગટ બનાવ્યો. સુવર્ણ મુગટ પહેરીને તે અત્યંત ખુશખુશાલ થઈ ગયો. પણ રાજકુમારી પોતાનો સુવર્ણકુંભ નષ્ટ થવાથી રડવા માંડી. રાજકુમારીનું રુદન સાંભળીને રાજા ઝડપથી ત્યાં આવે છે. તે દીકરીને રડવાનું કારણ પૂછે છે. પછી તેને ખબર પડી કે સુવર્ણકુંભનો નાશ થવાથી રાજકુમારી રડતી હતી. ત્યારે રાજકુમાર હસતો દેખાયો. બેન રડતી હોવા છતાં રાજકુમારના મોઢા ઉપર હાસ્ય જોઈને રાજાને નવાઈ લાગી. રાજકુમારને રાજા હસવાનું કારણ પૂછે છે. પછી તેને ખબર પડી કે સુવર્ણમુગટની ઉત્પત્તિ થવાથી રાજકુમાર હસતો હતો. પણ રાજા સુખી કે દુઃખી થવાના બદલે મધ્યસ્થ રહે છે. કારણ કે રાજા સમજે છે કે 'ઘડો ભલે નાશ પામ્યો પણ સોનું કાંઈ નાશ પામી નથી ગયું. સુવર્ણ મુગટ ભલે ઉત્પન્ન થયો. પણ નવું સોનું કાંઈ ઉત્પન્ન નથી થયું. સુવર્ણ દ્રવ્ય તો સુવર્ણસ્વરૂપે અવસ્થિત જ છે.' સુવર્ણ દ્રવ્યની સુવર્ણસ્વરૂપે ધ્રુવતા રાજાની મધ્યસ્થતામાં નિમિત્ત બને છે.

રાજાને મધ્યસ્થ જોઈને રાજકુમારી પૂછે છે. 'પિતાજી ! સોનાનો ઘડો નાશ થયો તેનું તમને કાંઈ દુઃખ નથી થતું ?' રાજા કહે છે 'ઘડો ભલે નાશ પામ્યો. પણ સુવર્ણરૂપે સોનું તો હાજર જ છે ને ! મારે સોનાથી નિસ્બત છે, ઘડાથી નહીં. તેથી મારે દુઃખી થવાનું કોઈ પ્રયોજન નથી.'

રાજકુમાર પણ રાજાને પ્રશ્ન પૂછે છે 'પિતાજી ! સોનાનો મુગટ ઉત્પન્ન થયો તેની ખુશાલીના કોઈ ચિહ્ન આપના મોઢા ઉપર કેમ જોવા મળતા નથી ?' રાજા કહે છે 'બેટા ! નવું સોનું ઉત્પન્ન થયું હોત તો મને ખુશી થાત. પણ નવું સોનું તો ઉત્પન્ન નથી થયું. પૂર્વે ઘડારૂપે સોનું હતું. હવે મુગટરૂપે તે સોનું છે. ઘડાનો નાશ થવાથી સોનાનો નાશ નથી થયો કે સોનાનું વજન ઘટી નથી ગયું. મુગટ ઉત્પન્ન થવાથી સોનાનું વજન વધી નથી ગયું. તેથી મારે સુખી કે દુઃખી થવાનો કોઈ પ્રશ્ન નથી રહેતો.' આ ઉદાહરણથી ફલિત થાય છે કે એક જ સુવર્ણ દ્રવ્ય જ્યારે ઘટરૂપે નાશ પામે છે, તે જ સમયે મુગટસ્વરૂપે ઉત્પન્ન થાય છે અને તે જ સમયે સુવર્ણસ્વરૂપે ધ્રુવ રહે છે. આમ એકત્ર એકદા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા સિદ્ધ થાય છે.

---

[1]...[1] ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.

इदञ्च वस्तुनः त्रैलक्षण्यलक्षणं विना दुर्घटम्, घटनाशकाले मुकुटोत्पादानभ्युपगमे तदर्थिनः प्रमोदानुपपत्तेः, सुवर्णद्रव्यध्रौव्यानभ्युपगमे च हेमार्थिनो माध्यस्थ्यानुपपत्तेः।

प्रकृते [1]"दव्वं पज्जयविउयं दव्वविउत्ता य पज्जवा णत्थि। उप्पाय-ट्ठिइ-भंगा हंदि दवियलक्खणं एयं।।" (स.त.१/१२) इति **सम्मतितर्कगाथाऽपि** विभावनीया।

इदञ्चात्राऽवधेयम् – प्रतिद्रव्यं विद्यमानानि उत्पाद-व्यय-ध्रौव्याणि पर्यायविधया अभिमतानि। इदमेवाऽभिप्रेत्य **पञ्चाध्यायीप्रकरणे राजमल्लेन** "क्रमवर्त्तिनो ह्यनित्या अथ च व्यतिरेकिणश्च पर्यायाः। उत्पाद-व्ययरूपा अपि च ध्रौव्यात्मकाः कथञ्चित्त्व।।" (पञ्चा.१/१६५) इत्युक्तम्।

ननु सर्वस्यैवोत्पादादित्रैलक्षण्यलक्षणं न सम्भवति, उत्पादादिष्वेव तदसम्भवात्। न हि केवलस्योत्पादस्य, केवलायाः स्थितेः केवलस्य वा व्ययस्य उत्पादादित्रितयात्मकता सम्भवतीति ***चेत्*** ?

❀ उत्पादादिजन्य हर्षादि ❀

(इदञ्च.) विभिन्न व्यक्तिने जे प्रमोद, शोक अने माध्यस्थ्य थाय छे, ते एक ज सुवर्णद्रव्यमां क्रमशः उत्पाद, व्यय, ध्रौव्य स्वरूप त्रैलक्षण्यनो स्वीकार करवामां न आवे तो संभवी न शके. घटनाश थवाना अवसरे जो मुगट उत्पन्न न थाय तो ईष्ट वस्तु न मळवाथी मुगटनी कामनावाळा राजकुमारने आनंद थई न शके. तेम ज सुवर्णद्रव्य ध्रुव न होय तो घटना नाशमां सुवर्णनो पण पूर्णतया नाश थई जवाथी सुवर्णार्थी राजा मध्यस्थ रही न शके पण दुःखी थाय. तेथी माध्यस्थ्यभावनी संगति करवा माटे सुवर्णद्रव्य सुवर्णत्वरूपे ध्रुव रहे छे - तेम स्वीकारवुं जरूरी छे.

(प्रकृते.) प्रस्तुतमां **सम्मतितर्क**नी त्रैलक्षण्यसाधक गाथा विभावन करवा योग्य छे. त्यां जणावेल छे के 'पर्यायशून्य द्रव्य नथी. तथा द्रव्यवियुक्त पर्यायो नथी. खरेखर, उत्पाद-स्थिति-विनाश आ द्रव्यलक्षण छे.' मतलब के सर्व द्रव्यमां त्रैलक्षण्य छे अने ते वास्तविक छे, अर्थक्रियाकारी छे.

❀ उत्पादादि त्रणेय पर्याय छे ❀

(इद.) अहीं एक बाबत ध्यानमां राखवी के दरेक द्रव्यमां विद्यमान एवा उत्पाद, व्यय अने ध्रौव्य जैनदर्शनमां पर्याय तरीके मान्य छे. आ ज अभिप्रायथी **पंचाध्यायी प्रकरण**मां **राजमल्लजी**ए जणावेल छे के 'पर्यायो क्रमवर्ती, अनित्य अने व्यतिरेकी होय छे. पर्यायो कथंचित् उत्पाद-व्ययस्वरूप छे. तथा कथंचित् ध्रौव्यात्मक पण छे.' पर्यायने ध्रौव्यात्मक पण जणावेल छे. ते नोंधपात्र बाबत छे.

पूर्वपक्ष :- **(ननु.)** बधा ज पदार्थमां उत्पाद-व्यय-ध्रौव्यस्वरूप त्रैलक्षण्य संभवतुं **नथी**. कारण के बधा ज पदार्थमां तो उत्पाद-व्यय वगेरेनो पण समावेश थाय छे. तथा उत्पाद-व्यय वगेरेमां तो उत्पाद-व्यय वगेरे त्रैलक्षण्य संभवी शकता **नथी**. कारण के केवल उत्पादमां उत्पादादित्रितयात्मकता संभवती नथी. केवल ध्रौव्यमां के केवल व्ययमां पण उत्पादादित्रितयात्मकता संभवती नथी. उत्पत्तिनो व्यय के स्थिति = ध्रुवता = नित्यता केवी रीते संभवे ? व्ययनो उत्पाद के ध्रौव्य कई रीते संगत थाय ? ध्रौव्यनो पण उत्पाद-व्यय असंभव ज छे. ध्रौव्यनो उत्पाद-व्यय थाय तो ध्रौव्य अध्रौव्यस्वरूप

1. द्रव्यं पर्ययवियुतं द्रव्यवियुक्ताश्च पर्यवा न सन्ति। उत्पाद-स्थिति-भङ्गाः हन्त ! द्रव्यलक्षणम् एतत्।।

न, अभिप्रायाऽपरिज्ञानात्। तथाहि - "उत्पादादिषु उत्पादादिवतः सकाशात् कथञ्चिदभेदोपगमे उत्पादादीनाम् उत्पाद एव नश्यति नश्यद्द्रव्याऽभेदसामर्थ्यात् तिष्ठति च स्थास्नुद्रव्याऽभेदसामर्थ्यात्। व्यय एव तिष्ठति तिष्ठद्द्रव्याऽभेदसामर्थ्यादुत्पद्यते च उत्पद्यमानद्रव्याऽभेदसामर्थ्यात्। ध्रौव्यमेवोत्पद्यते उत्पद्यमानद्रव्याऽभेदसामर्थ्याद् विनश्यति च नश्यद्द्रव्याऽभेदसामर्थ्यादिति ज्ञायते। इत्थं त्रिलक्षणाद् हेमादिद्रव्यादभिन्नतयोत्पादादीनामपि त्रिलक्षणत्वसिद्धिः" (आ.मी.अ.स.परि.-१/का.११/पृ.१६४) इति **अष्टसहस्र्यां** व्यक्तम्।

બની જાય. તેથી ઉત્પાદાદિ ત્રણની સાર્વત્રિકતા સંભવતી નથી.

* ઉત્પાદાદિમાં ઉત્પાદાદિની સિદ્ધિ *

ઉત્તરપક્ષ :- (**न, अभि.**) ના, તમે અમારો અનેકાન્તવાદીનો અભિપ્રાય જાણતા નથી. માટે ઉપરોક્ત આક્ષેપ કરો છો. તમારા આક્ષેપનું નિરાકરણ દિગંબરાચાર્ય શ્રી**વિદ્યાનંદસ્વામી**એ **આપ્તમીમાંસા** ગ્રંથ ઉપર રચેલ **અષ્ટસહસ્રી** નામની વ્યાખ્યામાં આ પ્રમાણે કરેલ છે કે "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં ક્રમશઃ ઉત્પાદવિશિષ્ટ, વ્યયવિશિષ્ટ અને ધ્રૌવ્યવિશિષ્ટ વસ્તુથી જો કથંચિદ્ અભેદ માનવામાં આવે તો ઉત્પાદાદિ ત્રણમાં ઉત્પાદાદિ ત્રિક સંગત થઈ શકશે. તે આ પ્રમાણે (૧) ઉત્પાદ નાશ પામે છે. (અર્થાત્ ઉત્પત્તિનો નાશ થાય છે.) કારણ કે નાશ પામતા (= નાશયુક્ત) દ્રવ્યથી ઉત્પાદ કથંચિત્ અભિન્ન છે. નાશવિશિષ્ટ દ્રવ્યથી અભિન્ન હોવાના પ્રભાવથી ઉત્પાદ પણ નાશવિશિષ્ટ બને છે. અર્થાત્ ઉત્પાદ નાશને ધારણ કરે છે. (= ઉત્પાદ નાશ પામે છે. ઉત્પત્તિનો નાશ થાય છે.) તથા ઉત્પાદ ટકે છે. અર્થાત્ ઉત્પાદમાં ધ્રૌવ્ય પણ રહે છે. કારણ કે સ્થિર = સ્થૈર્યયુક્ત = ધ્રૌવ્યવિશિષ્ટ વસ્તુથી ઉત્પાદ કથંચિત્ અભિન્ન છે. ધ્રૌવ્યવિશિષ્ટ વસ્તુથી કથંચિત્ અભિન્ન હોવાના પ્રભાવે ઉત્પાદ પણ ધ્રૌવ્યયુક્ત બને છે. અર્થાત્ ઉત્પાદ ધ્રૌવ્યને ધારણ કરે છે. = ઉત્પાદ સ્થિર રહે છે. = ઉત્પાદમાં પણ ધ્રૌવ્ય રહે છે.

(૨) વ્યય = નાશ જ (= પણ) ટકે છે. અર્થાત્ નાશમાં પણ ધ્રૌવ્ય રહે છે. કારણ કે સ્થિર = ધ્રૌવ્યવિશિષ્ટ વસ્તુથી નાશ કથંચિત્ અભિન્ન છે. ધ્રૌવ્યવિશિષ્ટ વસ્તુથી કથંચિત્ અભિન્ન હોવાના પ્રભાવે નાશ પણ ધ્રૌવ્યયુક્ત બને છે. અર્થાત્ નાશ ધ્રૌવ્યને ધારણ કરે છે = નાશ સ્થિર રહે છે = નાશમાં પણ ધ્રૌવ્ય રહે છે. તથા નાશ ઉત્પન્ન થાય છે. કારણ કે ઉત્પદ્યમાન = ઉત્પન્ન થઈ રહેલા = ઉત્પાદવિશિષ્ટ દ્રવ્યથી નાશ કથંચિત્ અભિન્ન છે. ઉત્પાદવિશિષ્ટ દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોવાના લીધે નાશ પણ ઉત્પાદથી યુક્ત બને છે = નાશમાં ઉત્પાદ પણ આવે છે.

(૩) તે જ રીતે ધ્રૌવ્ય જ (= પણ) ઉત્પન્ન થાય છે. કારણ કે ઉત્પદ્યમાન = ઉત્પાદયુક્ત દ્રવ્યથી ધ્રૌવ્ય કથંચિત્ અભિન્ન છે. ઉત્પાદયુક્ત દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોવાના કારણે ધ્રૌવ્ય પણ ઉત્પાદથી યુક્ત બને છે. અર્થાત્ ધ્રૌવ્યની ઉત્પત્તિ થાય છે. તથા ધ્રૌવ્ય નાશ પામે છે. કારણ કે નાશ પામતા (= નાશવિશિષ્ટ) દ્રવ્યથી ધ્રૌવ્ય કથંચિત્ અભિન્ન છે. નાશયુક્ત દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોવાના લીધે ધ્રૌવ્ય પણ નાશવિશિષ્ટ બને છે. અર્થાત્ ધ્રૌવ્યનો નાશ થાય છે - આ પ્રમાણે જણાય છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સુવર્ણ વગેરે દ્રવ્યથી ઉત્પાદાદિ ત્રણ કથંચિત્ અભિન્ન છે. ઉત્પાદાદિવિશિષ્ટ સુવર્ણાદિ દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોવાના લીધે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે."

प्रकृते नाशविशिष्टद्रव्याभिन्नत्वाद् उत्पादोऽपि नाशविशिष्टः, ध्रौव्यविशिष्टद्रव्याभिन्नत्वाच्च स ध्रौव्यविशिष्टः। ध्रौव्यान्वितद्रव्यैक्याद् नाशोऽपि ध्रौव्यविशिष्टः, उत्पादविशिष्टद्रव्याभिन्नत्वाच्च स उत्पादविशिष्टः। उत्पादाऽन्वितद्रव्याऽभिन्नत्वाद् ध्रौव्यमपि उत्पादविशिष्टम्, नाशविशिष्टद्रव्याऽभिन्नत्वाच्च तद् नाशविशिष्टम्, 'स्वस्य यस्मादभिन्नत्वं तद् येन स्वरूपेण वर्तते तद्रूपेण स्वस्य भवनमि'ति नियमादिति **विद्यानन्दस्वामि**नोऽभिप्रायः।

एतदभिप्रायेण **वादिदेवसूरि**शिष्यैः **रत्नप्रभसूरिभिः पञ्चाशत्प्रकरणे रत्नाकरावतारिका**यां च तथा **यशस्वत्सागरेण जैनस्याद्वादमुक्तावल्यां जैनविशेषतर्के** च "प्रध्वस्ते कलशे शुशोच तनया मौलौ समुत्पादिते, पुत्रः प्रीतिमुवाह कामपि नृपः शिश्राय मध्यस्थताम्। पूर्वाकारपरिक्षयस्तदपराकारोदयस्तद्द्वयाऽऽधारश्चैक इति स्थितं त्रयमयं तत्त्वं तथाप्रत्ययाद्।।" (प.प्र.३२, रत्ना.५/८, जै.स्या.मु.१/१९, जै.वि.त.१/१८) इत्युक्तम्।

एतेन "वर्धमानकभङ्गे च रुचकः क्रियते यदा। पूर्वार्थिनः शोकः प्रीतिश्चोत्तरार्थिनः।। हेमार्थिनस्तु

❀ स्वअभिन्नस्वरूपे स्वस्थिति ❀

(प्रकृते.) प्रस्तुतमां **विद्यानंदस्वामी**नो अभिप्राय आ प्रमाणे छे के (१) नाशविशिष्ट द्रव्यथी अभिन्न होवाना लीधे उत्पाद पण नाशयुक्त बने छे. ध्रौव्यविशिष्ट द्रव्यथी अभिन्न होवाना कारणे उत्पाद ध्रौव्यविशिष्ट पण बने छे. (२) ध्रौव्यविशिष्ट द्रव्यथी अभिन्न होवाथी नाश पण ध्रौव्यविशिष्ट बने छे. उत्पादविशिष्ट द्रव्यथी अभिन्न होवाना लीधे नाश उत्पादविशिष्ट पण बने छे. (३) उत्पादविशिष्ट द्रव्यथी अभिन्न होवाथी ध्रौव्य पण उत्पादविशिष्ट बने छे. नाशविशिष्ट द्रव्यथी अभिन्न होवाना कारणे ध्रौव्य नाशविशिष्ट पण बने छे. 'पोते जेनाथी अभिन्न होय ते द्रव्य जे स्वरूपे होय ते स्वरूपे पोते बनी जाय' - आ कायदो अहीं काम करी रहेल छे.

❀ पंचाशत् वगेरे प्रकरण मुजब उत्पादादि विचार ❀

(एतद.) सुवर्ण घटनो नाश करीने मुगट बनावावामां आवे तो घटार्थीने शोक, मुगटरागीने आनंद अने कांचनरुचिवाळाने माध्यस्थ्य भाव प्रगटे छे. आ वात जणावावना अभिप्रायथी **वादिदेवसूरिजी** महाराजना शिष्यरत्न **श्रीरत्नप्रभसूरिजीए पंचाशत् प्रकरण**मां अने **रत्नाकरावतारिका**मां तथा **यशस्वत्सागरे जैनस्याद्वादमुक्तावली**मां अने **जैनविशेषतर्क प्रकरण**मां जणावेल छे के "सोनानो घडो नाश पामतां घटार्थी राजकन्याओ शोक कर्यो. तथा सुवर्ण मुगट उत्पन्न थतां मुगटार्थी राजकुमारे अवल्ल कोटिनी खुशीने धारण करी. तथा कांचनार्थी राजाओ मध्यस्थताने धारण करी. आनाथी सिद्ध थाय छे के पूर्व घटाकारनो नाश थाय छे अने तेनाथी भिन्न एवो मुगट आकार उत्पन्न थाय छे. तथा आ नाश अने उत्पाद - बन्नेनो आधार पूर्वापरकालव्यापी एक ज ध्रुव द्रव्य छे. आम तत्त्व उत्पाद-व्यय-ध्रौव्यमय सिद्ध थाय छे. कारण के सर्व लोकोने उत्पादादित्रितयात्मकस्वरूपे ज वस्तुनी प्रतीति थाय छे."

❯ कुमारिलभट्टनी स्याद्वादमां संमति ❮

(एतेन.) वस्तु उत्पादादित्रयात्मक छे - आ वात मात्र जैनदर्शनमां ज मान्य छे - एवुं नथी. जैनेतर दर्शनमां पण आ हकीकत मान्य छे. मीमांसादर्शनना पंडितमूर्धन्य **कुमारिलभट्टे मीमांसाश्लोकवार्तिक**

माध्यस्थ्यं तस्माद् वस्तु त्रयात्मकम्। नोत्पाद-स्थिति-भङ्गानामभावे स्यान्मतित्रयम्।।" (मी.श्लो.वा.वनवाद-२१-२२) **मीमांसाश्लोकवार्तिके कुमारिलभट्टवचनं *व्याख्यातम्,*** वर्धमानत्व-रुचकत्वादिना तन्नाशोत्पादयोः सतोरपि हेमत्व-पुद्गलत्व-द्रव्यत्व-वस्तुत्व-प्रमेयत्वादिना तु तद्ध्रौव्यात्। तदुक्तं **पञ्चाध्यायीप्रकरणे राजमल्लेन** "द्रव्यं ततः कथञ्चित्केनचिदुत्पद्यते हि भावेन। व्येति तदन्येन पुनर्नैतद् द्वितयं हि वस्तुतया।।" (पञ्चा.१/९१) इति।

"जन्मना लब्धसत्ताकस्य धर्मिणः स्थिति-प्रलयसम्भवाद्" (ब्र.सू.शा.भा.१/१/२) इति **ब्रह्मसूत्रशाङ्कर-भाष्य**वचनमपि प्रकारान्तरेण प्रकृतमेवाऽर्थं प्रकाशयति।

प्रकृते भेदनयत उत्पाद-व्ययौ अभेदनयतश्च ध्रौव्यमिति बोध्यम्। तदुक्तम् **अकलङ्कस्वामिना**

ગ્રંથ રચેલ છે તેમાં તેમણે જણાવેલ છે કે "સોનાનું વર્ધમાનક = કોડિયું (શકોરું) ભાંગી જાય અને તેમાંથી રુચક = સોનામહોર જ્યારે ઉત્પન્ન થઈ રહેલ હોય ત્યારે વર્ધમાનકના = કોડિયાના અર્થીને શોક થાય છે. તથા રુચકની રુચિવાળા જીવને આનંદ થાય છે. તથા સુવર્ણના અર્થી પુરુષને બન્ને અવસ્થામાં મધ્યસ્થતા રહે છે. તેથી 'વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે' - તેવું સિદ્ધ થાય છે. જો ઉત્પાદ, વ્યય અને સ્થિતિ માનવામાં ન આવે તો પ્રીતિ-વિષાદ-માધ્યસ્થ્યવિષયક વિલક્ષણ ત્રણ બુદ્ધિ સંગત થઈ ન શકે." અમે ઘટનાશ-મુગટઉત્પત્તિ-સુવર્ણસ્થિતિની જે વાત કરી હતી તેના દ્વારા કુમારિલભટ્ટના ઉપરોક્ત વચનની પણ છણાવટ થઈ જાય છે. (કેમ કે ઈષ્ટ વસ્તુનો નાશ થાય નહિ તો તેના અર્થીને શોક ન થાય. ઈષ્ટ વસ્તુની ઉત્પત્તિ ન થાય તો તેના અર્થીને આનંદ ન થાય. તથા પ્રાપ્ત ઈષ્ટ વસ્તુ યથાવસ્થિત ન રહે તો તેના અર્થીને મધ્યસ્થતા પણ ન રહે. તેથી તત્ત્વ ઉત્પાદાદિ ત્રિતયાત્મક છે - આ હકીકત અબાધિત રહે છે.) પ્રસ્તુતમાં ગર્ભિત આશય એવો રહેલો છે કે વર્ધમાનત્વરૂપે નાશ અને રુચકત્વરૂપે ઉત્પાદ થવા છતાં પણ સુવર્ણત્વ-પુદ્ગલત્વ-દ્રવ્યત્વ-વસ્તુત્વ-પ્રમેયત્વાદિસ્વરૂપે તો સુવર્ણનું ધ્રૌવ્ય અબાધિત જ રહે છે. સુવર્ણત્વાદિરૂપે તેનો નાશ કે ઉત્પાદ થતા નથી. તેથી **પંચાધ્યાયી** પ્રકરણમાં **રાજમલ્લજી**એ જણાવેલ છે કે 'દ્રવ્ય કોઈક ગુણધર્મસ્વરૂપે કથંચિત્ ઉત્પન્ન થાય છે અને તેનાથી ભિન્ન એવા કોઈક ગુણધર્મરૂપે દ્રવ્ય નાશ પામે છે. પરંતુ વસ્તુત્વસ્વરૂપે ઉત્પાદ-વ્યય કદાપિ થતા નથી.'

❀ એકત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વેદાંતસંમત ❀

("**जन्मना**.) માત્ર મીમાંસક જ નહિ, વેદાન્તી વિદ્વાનો પણ વસ્તુને ઉત્પાદાદિ ત્રયાત્મક માને છે. **શંકરાચાર્ય**ના વચન દ્વારા આ વાત સિદ્ધ થાય છે. તેમણે **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**માં જણાવેલ છે કે 'જન્મ = ઉત્પત્તિ દ્વારા પોતાનું અસ્તિત્વ ધારણ કરનાર ધર્મી = ઉત્પત્તિસ્વરૂપધર્મવિશિષ્ટ વસ્તુ કોઈક સ્વરૂપે રહે છે તથા કોઈક સ્વરૂપે લય-વિલય પામે તેવું સંભવે છે.' આ વાત જુદી શબ્દાવલી દ્વારા પ્રસ્તુત ત્રયાત્મક વસ્તુનું જ પ્રકાશન કરે છે. કારણ કે જન્મ એટલે ઉત્પાદ, સ્થિતિ એટલે ધ્રૌવ્ય અને લય એટલે ક્ષય-વ્યય. તેથી એક જ ધર્મીમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વેદાન્તદર્શનકારને પણ સંમત છે - તેવું સિદ્ધ થાય છે.

❀ ભેદનયથી ઉત્પાદ-વ્યય, અભેદનયથી ધ્રૌવ્ય ❀

(**प्रकृ.**) પ્રસ્તુતમાં વસ્તુની અંદર ઉત્પાદ-વ્યય ભેદનયથી જાણવા તથા ધ્રૌવ્ય અભેદનયથી જાણવું.

ઈમ સર્વત્ર ઉત્પાદ-વ્યય-સ્થિતિ પર્યાય દ્રવ્યરૂપઈ જાણવા.

ઈહાં ઉત્પાદ-વ્યયભાગી ભિન્નદ્રવ્ય અનઈ સ્થિતિભાગી ભિન્નદ્રવ્ય કોઇ દીસતું નથી. જે માટઈ

न्यायविनिश्चये "भेदज्ञानात् प्रतीयेते प्रादुर्भावाऽत्ययौ यदि। अभेदज्ञानतः सिद्धा स्थितिरंशेन केनचिद्।।" (न्या.वि.११४) इति।

एवं हि सर्वत्रोत्पाद-व्यय-ध्रौव्यपर्याया अपि उत्पादादित्रितयात्मकत्वाद् द्रव्यरूपेण बोद्धव्याः। इत्थमेकस्य वस्तुन एककालीनकार्यत्रितयजनकत्वात् त्रयात्मकत्वं सिध्यतीत्याशयः प्रकृतकारिकायाः अवसेयः।

यथोक्तम् **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये** "स्वहेतु-फलयोरैक्यं ततः तत्त्वं त्रयात्मकम्" (सि.वि. ६/१३/भाग-२/पृ.३९१) इति। उपादानोपादेययोः सामान्यरूपेण ऐक्याद् ध्रौव्यस्य विशेषरूपेण च भेदाद् उत्पाद-व्ययययोः सिद्ध्या वस्तु त्रयात्मकमिति निश्चीयत इत्यर्थोऽत्राऽवसेयः। अनुपदमेव (९/४) स्पष्टीभविष्यतीदमित्यवधेयम्।

इह चोत्पाद-व्ययभाजो द्रव्याद् भिन्नं स्थितिभाग् द्रव्यं न किञ्चिद् दृश्यते, घट-मौल्या-

આ અંગે **અકલંકસ્વામી**એ **ન્યાયવિનિશ્ચય** ગ્રંથમાં જણાવેલ છે કે 'જો વસ્તુમાં ભેદજ્ઞાનથી ઉત્પાદ -વ્યયની પ્રતીતિ થતી હોય તો અભેદજ્ઞાનથી કોઈક અંશે સ્થિતિ = ધ્રૌવ્ય સિદ્ધ થશે.'

❋ ઉત્પાદાદિ પર્યાય પણ દ્રવ્યાત્મક ❋

(एवं.) આ રીતે સર્વત્ર ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય પર્યાયસ્વરૂપ હોવા છતાં પણ દ્રવ્યસ્વરૂપે જાણવા. કારણ કે ઉત્પાદ વગેરેમાં પણ ઉત્પાદાદિ ત્રિતય રહે છે. આમ એક વસ્તુ એક જ સમયે હર્ષ-શોક -માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ કાર્યને ઉત્પન્ન કરવાના લીધે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિતયાત્મક છે - તે પ્રમાણે પ્રસ્તુત શાખાના ત્રીજા શ્લોકનું તાત્પર્ય જાણવું.

❋ વિશેષરૂપે ઉત્પાદ-વ્યય, સામાન્યરૂપે ધ્રૌવ્ય ❋

(**यथो.**) દિગંબરાચાર્ય **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં જણાવેલ છે કે 'પોતાના ઉપાદાનકારણ અને કાર્ય વચ્ચે અભેદ = એકરૂપતા છે. તેથી તત્ત્વ ત્રયાત્મક છે.' કહેવાનો આશય એ છે કે ઉપાદાનકારણ અને કાર્ય વચ્ચે સામાન્યરૂપે ઐક્ય હોવાથી ધ્રૌવ્યની સિદ્ધિ થશે તથા વિશેષસ્વરૂપે તે બન્ને વચ્ચે ભેદ હોવાથી ઉત્પાદ-વ્યયની સિદ્ધિ થશે. તેથી વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે - તેવું નિશ્ચિત થાય છે. આ મુજબ અહીં અર્થ જાણવો. આ વિભક્ત ચોથા શ્લોકના વિવરણમાં સ્પષ્ટ થઈ જશે તે ખ્યાલમાં રાખવું.

❯ ઉત્પાદ-વ્યયવિશિષ્ટ વસ્તુ ધ્રુવ ❮

(**इह.**) આ વિશ્વમાં જે દ્રવ્ય ઉત્પાદ-વ્યય ગુણધર્મને ધારણ કરે છે તે જ દ્રવ્ય ધ્રૌવ્ય ગુણધર્મને ધારણ કરે છે. આ પ્રમાણે જોવા મળે છે. ઉત્પાદ-વ્યય પર્યાયને ધારણ કરનાર દ્રવ્ય કરતાં ધ્રૌવ્યને ધારણ કરનાર દ્રવ્ય જુદું હોય તેવું જોવા મળતું નથી. ઉત્પાદ-વ્યયશૂન્ય કોઈ પણ દ્રવ્ય ધ્રુવ હોય તેવું ઉપલબ્ધ થતું નથી. ઘટ, મુગટ વગેરે પર્યાયોને સ્પર્શતું ન હોય તેવું કોઈ સુવર્ણ દ્રવ્ય ધ્રુવ તરીકે પ્રતીત થતું નથી. ધ્રુવ તરીકે પ્રતીયમાન સુવર્ણ દ્રવ્ય ઘટ-મુગટ વગેરે પર્યાયને ધારણ ન કરતું હોય

ઘટમુકુટાદ્યાકારાસ્પર્શી* હેમ દ્રવ્ય છઈ નહીં, જે એક ધ્રુવ હોઈ.

ધ્રુવતાની પ્રતીતિ પણિ છઇ. તે માટઈ "**तद्भावाऽव्ययं नित्यम्**" (**त.सू.**૫/૩૦) એ લક્ષણઈ પરિણામઈ ધ્રુવ અનઈ ઉત્પાદાદિ પરિણામઇ અધ્રુવ સર્વ ભાવવું.॥૯/૩॥

द्याकाराऽस्पर्शिनः सुवर्णद्रव्यस्य ध्रुवत्वेन प्रतीयमानस्याऽसत्त्वात्। तस्मात् सर्वत्रैव "तद्भावाऽव्ययं नित्यम्" (त.सू.५/३०) इति **तत्त्वार्थसूत्रदर्शितेन** ध्वंसप्रतियोगितानवच्छेदकरूपवत्त्वलक्षणेन परिणामेन ध्रौव्यं ध्वंसप्रतियोगितावच्छेदकरूपवत्त्वलक्षणेन च परिणामेनाऽध्रौव्यं वाच्यम्। तथाहि – घटस्य ध्वंसप्रतियोगितावच्छेदकीभूतेन घटत्वेन रूपेण अनित्यत्वं ध्वंसप्रतियोगितानवच्छेदकीभूतेन च मृत्त्व -पुद्गलत्वादिना रूपेण तु ध्रौव्यमिति एकस्मिन्नेव ध्रौव्याऽध्रौव्यसिद्धिः।

अथ घटत्वस्य जातित्वेन नित्यत्वात् कुतः तेन रूपेण घटस्य अनित्यत्वं सिध्येदिति ***चेत्*** ?

न, "अत्र मृत्पिण्डे घटत्वमासीद् - इति प्रतीत्या तस्य अनित्यत्वसिद्धेः" (म.प.स्या.र.का.७ पृ.२०) इति व्यक्तं मध्यमपरिमाणे **स्याद्वादरहस्ये**।

તેવું કદાપિ હોતું નથી. તેથી બધા જ પદાર્થમાં ધ્રૌવ્ય અને અધ્રૌવ્ય માનવા જરૂરી છે. ધ્રૌવ્ય એટલે નિત્યત્વ. **તત્ત્વાર્થસૂત્ર**માં નિત્યનું લક્ષણ જણાવતા કહેલ છે કે 'વસ્તુના ભાવનો ઉચ્છેદ ન થવો તે જ તેની નિત્યતા છે.' મતલબ કે ઉત્પાદ-વ્યય થવા છતાં વસ્તુનો જે ભાવ = પરિણામ ઉચ્છેદ પામતો નથી તે સ્વરૂપે વસ્તુ નિત્ય = ધ્રુવ બને છે. વસ્તુનો જે ભાવ ઉચ્છેદ નથી પામતો તે ભાવ ધ્વંસની પ્રતિયોગિતાનો નિયામક = અવચ્છેદક બનતો નથી. તેથી વસ્તુનો જે ધર્મ ધ્વંસપ્રતિયોગિતાનો અનવચ્છેદક હોય તે ધર્મરૂપે વસ્તુમાં ધ્રૌવ્ય = નિત્યતા કહેવાય. તથા વસ્તુનો જે ધર્મ ધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક = નિયામક હોય તે ધર્મરૂપે વસ્તુમાં અધ્રૌવ્ય = અનિત્યતા કહેવાય. આમ પ્રત્યેક વસ્તુમાં ધ્રૌવ્ય = નિત્યતા અને અધ્રૌવ્ય = અનિત્યતા સિદ્ધ થાય છે. તે આ રીતે - ઘટનો ઘટત્વરૂપે નાશ થાય છે પણ મૃત્ત્વરૂપે નાશ થતો નથી. તેથી ઘટત્વ ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મ બને તથા મૃત્ત્વ ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક ધર્મ બને. તેથી ઘડામાં ઘટત્વરૂપે અનિત્યતા = અધ્રુવતા આવે તથા મૃત્ત્વરૂપે નિત્યતા = ધ્રુવતા આવે. આમ, એક જ ઘડામાં ધ્રૌવ્ય અને અધ્રૌવ્ય સિદ્ધ થાય છે.

આક્ષેપ :- (**अथ.**) ઘટત્વ તો જાતિસ્વરૂપ હોવાથી નિત્ય છે. તેથી ઘટત્વરૂપે ઘડામાં અનિત્યતા કઈ રીતે સિદ્ધ થશે ? નિત્યધર્મપુરસ્કારથી તો નિત્યતા જ સિદ્ધ થાય ને ?

❋ ઘટત્વ અનિત્ય છે ❋

નિરાકરણ :- (**न.**) ના, તમારો આક્ષેપ વ્યાજબી નથી. કારણ કે 'આ મૃત્પિંડમાં ઘટત્વ હતું' - આવી પ્રતીતિ દ્વારા ઘટત્વમાં અનિત્યતા સિદ્ધ થાય છે. 'હતું' શબ્દનો અર્થ એ છે કે હાલ નથી. વર્તમાનમાં તે નથી. હાલ તે નષ્ટ થઈ ચૂકેલ છે. આ વાત મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં મહોપાધ્યાયજીએ જણાવેલ છે. તેથી ઘટત્વરૂપે ઘડામાં અનિત્યતા અબાધિત જ રહેશે.

---

* શાં.માં 'મુકુટોદ્યાકા...' અશુદ્ધ પાઠ.

न चैवं कम्बुग्रीवादिमत्त्वेन घटादेः नित्यत्वं स्यादिति *वाच्यम्,*

"गुरुधर्मस्याऽपि प्रतीतिबलादवच्छेदकत्वस्वीकारादि"ति (म.स्या.रह.का.१/पृ.२६) व्यक्तमुक्तं **यशोविजयवाचकैः** मध्यमपरिमाणे **स्याद्वादरहस्ये**। परेषामपि सम्मतमिदम्। तदुक्तम् **अवच्छेदकनिरुक्ति-दीधितौ** "गौरवप्रतिसन्धानदशायामपि 'कम्बुग्रीवादिमान् नास्ती'ति प्रतीतिबलाद् गुरुरपि धर्मः अवच्छेदकः प्रतियोगितायाः" (अव.नि.दी.पृ.११७) इति। अधिकं तु **जयलतायाम्** अवोचाम।

शंका :- (**न चैवं.**) જો ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકધર્મવત્ત્વરૂપે વસ્તુમાં નિત્યતાનો સ્વીકાર કરવામાં આવે તો ઘડો કંબુગ્રીવાદિમત્ત્વરૂપે નિત્ય બની જશે. કારણ કે ઘટધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ ઘટત્વ છે, કંબુગ્રીવાદિમત્ત્વ નથી. ઘટત્વની અપેક્ષાએ કંબુગ્રીવાદિમત્ત્વ ધર્મ ગુરુભૂત છે. લઘુ અને ગુરુ બે ધર્મ ઉપસ્થિત હોય ત્યારે ગુરુ ધર્મના બદલે લઘુ ધર્મને અવચ્છેદક માનવામાં આવે છે. તેથી કંબુગ્રીવાદિમત્ત્વ ઘટધ્વંસપ્રતિયોગિતાનો અવચ્છેદક નહિ બને, પણ તાદૃશપ્રતિયોગિતાનો અનવચ્છેદક બનશે. જો ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકધર્મરૂપે વસ્તુમાં નિત્યતા માન્ય કરવામાં આવે તો કંબુગ્રીવાદિમત્ત્વ ઘટધ્વંસપ્રતિયોગિતાનો અનવચ્છેદક હોવાથી કંબુગ્રીવાદિમત્ત્વરૂપે ઘડાને નિત્ય માનવાની આપત્તિ દુર્વાર બની જશે.

❋ प्रतीति બળવાન ❋

સમાધાન :- ("**गुरु.**) તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે "ગુરુધર્મ પણ પ્રતીતિના બળથી અવચ્છેદક બને છે. આવું અમને સ્યાદ્વાદીને માન્ય છે" - આ પ્રમાણે મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલ છે. અન્યદર્શનીઓને પણ આ વાત સંમત છે. **અવચ્છેદકનિરુક્તિદીધિતિ**માં **રઘુનાથશિરોમણિ**એ જણાવેલ છે કે "ગૌરવનું જ્ઞાન હોય તે દશામાં પણ 'कम्बुग्रीवादिमान् नास्ति' આવી પ્રતીતિ તો થાય જ છે. તેથી તે પ્રતીતિના બળથી ગુરુધર્મ પણ પ્રતિયોગિતાનો અવચ્છેદક બને છે." આ બાબતની અધિક સ્પષ્ટતા **'જયલતા'** નામની સંસ્કૃત વ્યાખ્યામાં અમે (= દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાકાર યશોવિજય ગણીએ) કરેલ છે. તેથી જિજ્ઞાસુ વાચકવર્ગે જયલતા વ્યાખ્યાનું અવલોકન કરવું.

❋ ગુરુધર્મ પણ પ્રતિયોગિતાઅવચ્છેદક ❋

સ્પષ્ટતા :- જે ધર્મસ્વરૂપે વસ્તુનો નાશ થવાની પ્રતીતિ સર્વ લોકોને અબાધિતપણે થતી હોય તે ધર્મ ધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક બને. 'ઘટત્વરૂપે ઘડો નાશ પામ્યો' - આવી પ્રતીતિ દ્વારા જેમ ઘટત્વ ધર્મ ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક સિદ્ધ થાય છે. તેમ 'કંબુગ્રીવાદિમત્ત્વરૂપે ઘડો નાશ પામ્યો' - આવી પણ પ્રતીતિ લોકોને થતી હોવાથી ઘટધ્વંસની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ કંબુગ્રીવાદિમત્ત્વ સિદ્ધ થાય છે. 'ધર્મગત લઘુપણું અવચ્છેદકતાનું સાધક છે અને ધર્મગત ગુરુત્વ અવચ્છેદકતામાં બાધક છે' - આવો કોઈ નિયમ નથી. સર્વ લોકોને અબાધિત અસ્ખલિત પ્રતીતિ જે ધર્મમાં અવચ્છેદકતાનું અવગાહન કરાવે તે ધર્મ ગુરુભૂત હોય તો પણ અવચ્છેદક બની શકે છે. ઉપરોક્ત પ્રતીતિના આધારે કંબુગ્રીવાદિમત્ત્વ ઘટધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક બનવાથી ઘટને કંબુગ્રીવાદિમત્ત્વરૂપે નિત્ય માનવાની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ રહેતો નથી. આ પ્રમાણે ગ્રંથકારના તાત્પર્યનું અહીં અનુસંધાન કરવું.

यदपि **श्रीसमन्तभद्राचार्येण आप्तमीमांसायां** तथा तदनुवादरूपेण श्रीहरिभद्रसूरिभिः **शास्त्रवार्त्तासमुच्चये राजशेखर**सूरिभिः **स्याद्वादकलिकायां यशस्वत्सागरेण** च **जैनस्याद्वादमुक्तावल्यां** "घट-मौलि-सुवर्णार्थी नाशोत्पाद -स्थितिष्वयम्। शोक-प्रमोद-माध्यस्थ्यं जनो याति सहेतुकम्।।" (आ.मी.५९, शा.वा.स.७/२, स्या.क.३२, जै.स्या.मु.१/२०) इत्युक्तं ***तदपि*** अत्र स्मर्तव्यम्। विस्तरार्थिभिः **अष्टशती-अष्टसहस्री-अष्टसहस्रीतात्पर्य-विवरण-दिक्प्रदा-स्याद्वादकल्पलता**ऽभिधानाः तद्व्याख्या विलोकनीयाः।

यदपि **पतञ्जलिना पाणिनिव्याकरणमहाभाष्ये** "कटकाकृतिम् उपमृद्य स्वस्तिकाः क्रियन्ते। पुनरावृत्तः सुवर्णपिण्डः पुनः अपरया आकृत्या युक्तः खदिराङ्गारसदृशे कुण्डले भवतः। आकृतिः अन्या च अन्या च भवति। द्रव्यं पुनः तदेव। आकृत्युपमर्देन द्रव्यमेव अवशिष्यते" (पा.महाभा.१/१/१) इत्युक्तं ***तदपि*** प्रकारान्तरेण त्रैलक्षण्यमेव साधयति, आकृतिपदेन उत्पाद-व्ययशालिपर्यायस्य द्रव्यतादवस्थ्यनिर्देशेन च ध्रौव्यस्य प्रकाशनादिति प्रमाणचक्षुषा विलोकनीयं विद्वद्भिः।

❀ शोकादि सहेतुक ❀

(**यदपि.**) **आप्तमीमांसा** ग्रंथ **समन्तभद्रस्वामीए** बनावेल छे. तेना एक श्लोकने श्वेतांबरसंप्रदायमां श्रीहरिभद्रसूरिजीए **शास्त्रवार्तासमुच्चय**मां, **राजशेखरसूरि**जीए **स्याद्वादकलिका**मां तथा **यशस्वत्सागर**जीए **जैनस्याद्वादमुक्तावली** ग्रंथमां उद्धृत करेल छे. ते श्लोकमां जणावेल छे के 'सुवर्ण घटनो नाश, सुवर्ण मुगटनी उत्पत्ति अने सुवर्णद्रव्यनुं ध्रौव्य उपस्थित थतां घटार्थी जन शोक पामे छे, मुगटार्थी माणस आनंद पामे छे. तथा केवल सुवर्णार्थी पुरुष माध्यस्थ्य धारण करे छे. ते सकारण = क्रमशः नाश -उत्पाद-ध्रौव्यनिमित्तक छे' - आ प्रमाणे त्यां तेओश्रीए जे जणावेल छे तेनुं पण प्रस्तुतमां अनुसंधान करवुं. अधिक विस्तारनी जिज्ञासावाळा वाचकवर्गे आप्तमीमांसाना उपरोक्त श्लोकनी **अष्टशती, अष्टसहस्री, अष्टसहस्रीतात्पर्यविवरण** नामनी त्रण व्याख्या तथा शास्त्रवार्तासमुच्चयनी श्रीहरिभद्रसूरिरचित **'दिक्प्रदा'** नामनी संक्षिप्त व्याख्या तथा **महोपाध्यायश्री यशोविजयजी** महाराजे बनावेली **स्याद्वादकल्पलता** नामनी विस्तृत व्याख्या जोवा द्वारा उपरोक्त श्लोकना विस्तारने जाणवो.

❀ त्रैलक्षण्यमां पतंजलिनी संमति ❀

(**यद.**) **पतंजलि** महर्षिए **पाणिनिव्याकरणमहाभाष्य**मां जणावेल छे के "सोनाना कडानी आकृतिनुं उपमर्दन (विनाश के विलय) करीने स्वस्तिक (विशेष आभूषण) करवामां आवे छे. फरीथी तेने ओगाळतां बनेलो सुवर्णपिंड फरीथी अन्य आकृतिथी युक्त बनीने खेरना अंगारा जेवा तेजस्वी बे कुंडल बने छे. आम आकृति अलग-अलग थाय छे. पण द्रव्य तो ते ज रहे छे. आकृतिनुं (पर्यायनुं) उपमर्दन करीने द्रव्य ज बाकी रहे छे." पतंजलिए उपर जे जणावेल छे, ते पण अन्य शब्दोमां द्रव्यना त्रैलक्षण्यने ज दर्शावे छे. कारण के 'आकृति' शब्द द्वारा उत्पाद-व्ययशाली पर्यायने तथा द्रव्यतादवस्थ्यनो निर्देश करवाथी ध्रौव्यने ज पतंजलिए बतावेल छे. आ प्रमाणे प्रमाणस्वरूप चक्षु वडे विद्वानोए प्रस्तुत बाबतने विचारवी.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – इष्टानिष्टपर्याययोः उत्पाद-व्ययौ रागनिमित्तं तद्विपर्यासस्तु द्वेषनिमित्तम्। अतः पर्यायदृष्टिः रागादिनिमित्ततया त्याज्या। द्रव्यदृष्टिः ध्रौव्यदर्शनाऽपराभिधाना माध्यस्थ्यनिमित्तम्। अतः तेन रूपेण सा उपादेया। माध्यस्थ्यपीठबन्धस्योपरि एव आराधनाप्रासादः प्रतिष्ठते। अतः आन्तरालिकपर्यायेषु रुचिमकृत्वा शुद्धाऽऽत्मद्रव्ये एवादरेण दृढतया निजदृष्टिं स्थापयित्वा शुद्धात्मद्रव्याविर्भावकरणमेवाऽस्मत्परमकर्तव्यमित्युपदेशः। ततश्च "सुराऽसुर-नरेन्द्राणां यत् सुखं भुवनत्रये। स स्यादनन्तभागोऽपि न मोक्षसुखसम्पदः।।" (त्रि.श.पु.४/१/१९७) इति **त्रिषष्टिशलाका-पुरुषचरित्रे** अनन्तजिनदेशनायामुक्तं मुक्तिसुखं तरसा प्रादुर्भवेत्।।९/३।।

❀ द्रव्यदृष्टि आदरणीय ❀

आध्यात्मिक उपनय :- ઈષ્ટ-અનિષ્ટ પર્યાયના ક્રમશઃ ઉત્પાદ-વ્યય રાગનિમિત્ત છે. અનિષ્ટ-ઈષ્ટ પર્યાયના ક્રમશઃ ઉત્પાદ-વ્યય દ્વેષનિમિત્ત છે. આમ રાગ-દ્વેષજનક હોવાથી પર્યાયદૃષ્ટિ ત્યાજ્ય છે. દ્રવ્યદૃષ્ટિ-ધ્રૌવ્યદૃષ્ટિ માધ્યસ્થ્યનિમિત્ત છે. તેથી માધ્યસ્થ્યજનક હોવા સ્વરૂપે દ્રવ્યદૃષ્ટિ ઉપાદેય છે. મધ્યસ્થતાના પાયા ઉપર જ સાધનામહેલ ઉભો છે. આથી પર્યાયની હારમાળા વિશે રુચિને સ્થાપિત કર્યા વિના શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ આપણી દૃષ્ટિ રુચિપૂર્વક સ્થાપિત કરી, દૃઢ કરી, શુદ્ધ આત્મદ્રવ્યને પ્રગટાવવું એ જ આપણું પરમ કર્તવ્ય છે. આત્માર્થી જીવને શુદ્ધદ્રવ્યદૃષ્ટિ સમ્યક્‌રૂપણે પકડાવવાના અભિપ્રાયથી અહીં આવો ઉપદેશ આપવામાં આવે છે. તેનાથી મોક્ષસુખ ઝડપથી પ્રગટે. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં શ્રીઅનન્તનાથ ભગવાનની દેશનામાં મોક્ષસુખને આ મુજબ જણાવેલ છે કે 'ત્રણ જગતમાં દેવેન્દ્ર-દાનવેન્દ્ર -નરેન્દ્રોને જે સુખ છે, તે મોક્ષસુખસંપદાનો અનન્તમો ભાગ પણ નથી.' (૯/૩)

લખી રાખો ડાયરીમાં.....✍

- **બુદ્ધિ હમસફર બનવામાં ઉમંગ રાખે છે.**
  કારણ તેને બીજાના સુખમાં ભાગ પડાવવો છે.

  શ્રદ્ધા હમદર્દી બતાવવા ઉલ્લસિત રહે છે.
  કારણ કે તેને બીજાના દુઃખમાં ભાગ પડાવવો રુચે છે.

- **સાધના અચરમાવર્તકાળમાં પણ થઈ શકે.**

  ઉપાસના ચરમાવર્તકાળ વિના શક્ય નથી.

- **વાસના વેદનાને ઉત્પન્ન કરે છે.**
  ઉપાસના સંવેદનાને પ્રગટાવે છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો અભેદસંબદ્ધ ભેદ દેખાડઈ છઈ -

ઘટવ્યય તે ઉત્પત્તિ મુકુટની, ધ્રુવતા કંચનની તે એક રે;
દલ એકઈ વર્તઈ એકદા, નિજકારયશક્તિં અનેક રે ॥૯/૪॥ (૧૩૭) જિન.

હેમઘટવ્યય, તેહ જ હેમમુકુટની ઉત્પત્તિ એકકારણજન્ય છઈ.

उत्पाद-व्यय-ध्रौव्याणामभेदसंवलितं भेदमुपदर्शयति – '**घटव्यय**' इति।

घटव्ययः किरीटस्य जन्मैव काञ्चनस्थितिः।
एकदैकदलस्थत्वात्, तद्भेदः कार्यशक्तितः।।९/४।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – घटव्ययः एव किरीटस्य जन्म, (तद् एव) काञ्चनस्थितिः (अपि), एकदैकदलस्थत्वात्। कार्यशक्तितः तद्भेदः।।९/४।।

घटव्यय-किरीटोत्पादौ युगपद् वर्त्तेते, अङ्गुल्यादिसंयोग-विभागवत्। तदुक्तं **विशेषावश्यकभाष्य-मलधारवृत्तौ** "अङ्गुल्यादिसंयोग-विभागक्रिययोः, सङ्घात-परिशाटक्रिययोः उत्पाद-व्ययक्रिययोश्च एकत्र समये अनेकस्थानेषु तत्राऽनुज्ञा विहिता एव" (वि.आ.भा.३७३ वृ.) इति। स च कार्य-कारणभावः निश्चयतः समकालीनत्वेनैवाऽभिमतः। इदमेवाऽभिप्रेत्य **आवश्यकनिर्युक्तौ** [1]"जुगवं पि समुप्पन्नं सम्मत्तं अहिगमं विसोहेइ" (आ.नि.११५४) इति, [2]"कारण-कज्जविभागो दीव-पगासाण जुगवं जम्मे वि त्ति" (आ.नि.११५६)

अवतरणिका :- ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમાં અભેદમિશ્રિત ભેદને ગ્રંથકારશ્રી દેખાડે છે :-

श्लोकार्थ :- ઘટનો નાશ એ જ મુગટની ઉત્પત્તિ છે અને એ જ સુવર્ણધ્રૌવ્ય છે. કારણ કે તે ત્રણેય યુગપત્ એક જ ઉપાદાનકારણમાં રહેલ છે. તથા કાર્યશક્તિની અપેક્ષાએ ઉત્પાદાદિમાં ભેદ રહેલ છે. (૯/૪)

સમકાલીન પદાર્થમાં પણ કાર્ય-કારણભાવ માન્ય

व्याख्यार्थ :- જેમ આંગળીનો અમુક ક્ષેત્ર સાથે સંયોગ થાય તે જ સમયે પૂર્વક્ષેત્ર સાથે તેનો વિભાગ ઉત્પન્ન થાય છે તેમ જ્યારે સુવર્ણઘટનો ધ્વંસ થાય છે ત્યારે જ નૂતન સુવર્ણમુગટની ઉત્પત્તિ થાય છે. મતલબ કે ઉત્પાદ-વ્યય સમકાલીન છે. તે બન્ને વચ્ચે વિરોધ નથી. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**ની **મલધારવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'આંગળીનો સંયોગ અને વિભાગ વગેરે ક્રિયા, મનુષ્યાદિની ઉત્પત્તિના પછીના સમયે સંઘાતક્રિયા અને પરિશાટ ક્રિયા તથા ઉત્પાદ અને નાશક્રિયા એકીસાથે અનેક સ્થળોમાં સંભવે છે. આ વાત અંગે તે-તે શાસ્ત્રોમાં સંમતિ દર્શાવવામાં આવેલી છે.' તથા તે કાર્ય-કારણભાવ નિશ્ચયથી સમકાલીન હોવાના લીધે જ માન્ય છે. સમકાલીન બે પદાર્થ વચ્ચે જ નૈશ્ચયિક ઉપાદાન-ઉપાદેયભાવ સંમત છે. આ જ અભિપ્રાયથી **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એકીસાથે ઉત્પન્ન થવા છતાં પણ સમ્યગ્જ્ઞાનને સમકિત નિર્મળ કરે છે.' ત્યાં જ આગળ ઉપર જણાવેલ છે કે "દીવો અને પ્રકાશ બન્નેનો એકીસાથે જન્મ થવા છતાં પણ દીવો કારણ છે.

---

1. युगपदपि समुत्पन्नं सम्यक्त्वम् अधिगमं विशोधयति। 2. कारण-कार्यविभागः दीप-प्रकाशयोः युगपत् जन्मनि अपीति।

इति चोक्तम्। यथोक्तं **स्याद्वादकल्पलता**यामपि पञ्चमस्तबके "दृश्यते हि प्रदीप-प्रकाशयोः समानकालयोः 'प्रदीपेन घटः प्रकाशितः' इत्येकसामग्र्यधीनतया व्यपदेशः" (स्या.क.ल.स्त.५/का.९/पृ.३३) इति।

समकालीनत्वेऽपि निश्चयतः घटव्ययस्य कारणत्वं किरीटोत्पादस्य च कार्यत्वमत्र सम्मतम्। तयोः निमित्त-नैमित्तिकभावलक्षणः सुवर्णद्रव्य-घटव्ययादिपर्याययोः चोपादानोपादेयभावलक्षणः कार्य-कारणभावः सम्मतः। सूक्ष्मदृष्ट्या तु व्ययोत्पादयोः ऐक्यमेवेत्याह - **घटव्ययः** = सौवर्णकुम्भध्वंस **एव किरीटस्य** = काञ्चनमुकुटस्य **जन्म** = उदयः, **एकदा** = एककाले **एकदलस्थत्वात्** = स्वनिरूपित-कारणतासम्बन्धेन युगपद् अभिन्नोपादानकारणनिष्ठत्वात्, अभिन्नोपादानकारणजन्यत्वादिति यावत्, सूक्ष्मतरनिश्चयनयेन पूर्वद्रव्यध्वंसोत्तरद्रव्योत्पादयोरभिन्नोपादानकारणयोः समकालीनयोः ऐक्याऽभ्युपगमात्।

अत एव निश्चयनयेन सम्यक्त्व-ज्ञानसहितस्य सम्यक्त्व-ज्ञाने उत्पद्येते। तदुक्तं **विशेषावश्यकभाष्ये**

અને પ્રકાશ કાર્ય છે." **शास्त्रवार्त्तासमुच्चय** ગ્રંથની **स्याद्वादकल्पलता** વ્યાખ્યામાં પાંચમા સ્તબકમાં મહોપાધ્યાયજી મહારાજે પણ જણાવેલ છે કે "દીવો અને પ્રકાશ બન્ને કોડિયું, વાટ, તેલ વગેરે સ્વરૂપ એક જ સામગ્રી દ્વારા ઉત્પન્ન થવાના લીધે સમકાલીન હોવા છતાં 'દીવા વડે ઘડાનો પ્રકાશ થયો' - આવો વ્યવહાર થાય છે." મતલબ કે સમકાલીન હોવા છતાં પણ દીપક કારણ તરીકે અને ઘટપ્રકાશ કાર્ય તરીકે નિશ્ચયથી માન્ય છે.

❋ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં અભેદસિદ્ધિ ❋

(सम.) પ્રસ્તુતમાં ઘટનાશ અને મુગટજન્મ સમકાલીન હોવા છતાં નિશ્ચયથી ઘટનાશ કારણ છે અને મુગટઉત્પાદ કાર્ય છે. તે બન્ને વચ્ચે નિમિત્ત-નૈમિત્તિકભાવસ્વરૂપે કાર્ય-કારણભાવ માન્ય છે. તથા સુવર્ણદ્રવ્ય અને ઘટવ્યયાદિ પર્યાય વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવરૂપે કાર્ય-કારણભાવ સંમત છે. સૂક્ષ્મ દૃષ્ટિથી તો 'ઉત્પાદ-વ્યય એક જ છે' - આવું જણાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે - સોનાના ઘડાનો નાશ એ જ સુવર્ણમુગટની ઉત્પત્તિ છે. કારણ કે તે બન્ને યુગપત્ = એકીસાથે એક જ ઉપાદાનકારણમાં રહેલા છે. (ઉત્પાદ-વ્યય કાર્ય છે. તેમાં કાર્યત્વ રહે છે. તેનાથી નિરૂપિત કારણતા તેના ઉપાદાનકારણમાં રહે છે. ઘટનાશના અને મુગટઉત્પાદના ઉપાદાનકારણ એક જ છે, અભિન્ન છે. કાર્ય સ્વનિરૂપિત કારણતા સંબંધથી કારણમાં રહે. તેથી) સ્વનિરૂપિતકારણતાસંબંધથી અભિન્ન = એક જ ઉપાદાન કારણમાં તે બન્ને યુગપત્ રહે છે. મતલબ કે સુવર્ણઘટધ્વંસ અને સુવર્ણમુગટઉત્પત્તિ એક જ ઉપાદાનકારણથી જન્ય છે. આથી સુવર્ણ અને ઘટધ્વંસાદિ વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવરૂપે કાર્ય-કારણભાવ છે. આ કારણસર ઘટધ્વંસ અને મુગટઉત્પત્તિ આ બન્ને એક જ છે. સૂક્ષ્મતર નિશ્ચયનયની દૃષ્ટિએ પૂર્વદ્રવ્યનો ધ્વંસ અને નૂતનદ્રવ્યની ઉત્પત્તિ એક જ ઉપાદાનકારણના કાર્ય તરીકે માન્ય છે તથા તે બન્ને કાર્ય સમકાલીન છે. તેથી નિશ્ચયદૃષ્ટિએ ઘટધ્વંસ અને મુગટઉત્પાદ એક જ છે.

❀ સમકિતી સમકિત પામે - નિશ્ચયનય ❀

(अत एव.) પૂર્વપર્યાયધ્વંસ અને ઉત્તરપર્યાયજન્મ એક જ હોવાથી નિશ્ચયનયના અભિપ્રાયથી સમ્યક્ત્વથી અને જ્ઞાનથી વિશિષ્ટ એવા જ જીવમાં સમ્યક્ત્વ તથા જ્ઞાન ઉત્પન્ન થાય છે. આથી **विशेषावश्यकभाष्य**માં

[1]"नेच्छइयनओ भासइ उप्पज्जइ तेहिं सहिअस्स" (वि.आ.भा.४१४) इति। 'तेहिं = ताभ्यां = सम्यक्त्व-ज्ञानाभ्याम्', शिष्टं स्पष्टम्। मिथ्यात्वध्वंस-सम्यक्त्वोत्पादयोः अज्ञानध्वंस-ज्ञानोत्पादयोश्च सामानाधिकरण्य-यौगपद्याभ्याम् अभिन्नत्वात् सम्यक्त्वजनक-मिथ्यात्वध्वंसक्षणावच्छेदेन कर्तरि सम्यक्त्वसाहित्याभिधानस्य ज्ञानोत्पादकाऽज्ञानध्वंसक्षणावच्छेदेन च ज्ञानान्वितत्वाभिधानस्य समीचीनत्वं निश्चयनयमते भावनीयमत्र।

प्रदीप-तमोन्यायेन केवलज्ञानोत्पाद-ज्ञानावरणध्वंसयोः सामानाधिकरण्य-यौगपद्याभ्याम् ऐक्यं ज्ञेयम्। ***एतेन*** [2]"नाणस्सावरणस्स य समयं तम्हा पगास-तमसो व्व। उप्पाय-व्वयधम्मा" (वि.आ.भा.१३४०) इति **विशेषावश्यकभाष्योक्तिरपि *व्याख्याता,*** क्षीयमाणस्य ज्ञानावरणस्य क्षीणत्वात्, तदानीमेव चोत्पद्यमानस्य केवलज्ञानस्य उत्पन्नत्वाद् 'द्वादशगुणस्थानचरमसमये एव केवलज्ञानी केवलज्ञानं लभते' इति यावत् तात्पर्यात्।

यद्यपि ऋजुसूत्रनयमतेन कारणान्तरनिरपेक्षा सभागपर्यायोत्पत्तिसन्ततिः प्रतिसमयं विपरिवर्तते

જણાવેલ છે કે "નિશ્ચયનય કહે છે કે - સમકિતથી અને જ્ઞાનથી વિશિષ્ટ એવા જીવમાં જ્ઞાન જન્મે છે." મતલબ એ છે કે મિથ્યાત્વનો ધ્વંસ અને સમકિતની ઉત્પત્તિ આ બન્ને એક છે. કારણ કે તે બન્ને એક જ આત્મામાં રહે છે તથા સમકાલીન છે. તેમજ આ જ કારણસર અજ્ઞાનનાશ અને જ્ઞાનોત્પાદ પણ અભિન્ન જ છે. આથી 'મિથ્યાત્વધ્વંસક્ષણે કર્તા = સમકિતજનક આત્મા સમકિતયુક્ત છે' - આવું પ્રતિપાદન નિશ્ચયનયના મતે સાચું છે. તે જ રીતે 'અજ્ઞાનનાશસમયે આત્મા જ્ઞાની છે.'- આવું નિરૂપણ પણ નિશ્ચયનયના અભિપ્રાયે સત્ય જ છે. મિથ્યાત્વનાશ = સમકિતજન્મ. તેથી 'સમકિતી સમકિત પામે' - આમ કહેવાય. 'મિથ્યાત્વી સમકિત પામે છે' - આ વાત નિશ્ચયનયને માન્ય નથી. કારણ કે સમકિતજનક એવી મિથ્યાત્વનાશક્ષણે તે આત્મામાં મિથ્યાત્વ હોતું જ નથી. તે જ રીતે નિશ્ચયથી 'જ્ઞાની જ્ઞાન પામે છે, અજ્ઞાની નહિ.' કેમ કે જ્ઞાનજનક એવી અજ્ઞાનનાશક્ષણે તે જીવમાં જ્ઞાન જ હોય છે, અજ્ઞાન નહિ. આ મુજબ નિશ્ચયનયમતની અહીં ભાવના કરવી.

✡ केवलज्ञानी केवलज्ञानने पामे ✡

(**प्रदी.**) દીપકની ઉત્પત્તિ વખતે જ અંધકારનો નાશ થાય છે - આ વાત હમણાં જણાવી ગયા. તે મુજબ કેવલજ્ઞાનની ઉત્પત્તિ અને જ્ઞાનાવરણનો ધ્વંસ એકીસાથે થાય છે તથા એક જ આત્મદ્રવ્યમાં થાય છે. તેથી તે બન્નેમાં અભેદ સમજવો. "જેમ પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ સમકાલીન છે તેમ જ્ઞાનની ઉત્પત્તિ અને જ્ઞાનાવરણનો ઉચ્છેદ સમકાલીન છે" - આ પ્રમાણે **વિશેષાવશ્યકભાષ્ય**માં જે જણાવેલ છે તેની પણ સ્પષ્ટતા અમારા ઉપરોક્ત કથન દ્વારા થઈ જાય છે. કેમ કે ઉપરોક્ત વિશેષાવશ્યકભાષ્યની પંક્તિનું તાત્પર્ય એવું છે કે ક્ષીયમાણ જ્ઞાનાવરણ ક્ષીણ થયેલ છે. તથા ત્યારે જ ઉત્પદ્યમાન કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ ચૂકેલ છે. આ કારણે બારમા ગુણસ્થાનકના ચરમસમયે જ કેવલજ્ઞાની કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

✡ विसभागपर्यायसन्ताननी विचारणा ✡

(**यद्यपि.**) જો કે ઋજુસૂત્રનયના મત મુજબ, અન્ય કારણથી નિરપેક્ષ એવી સભાગ = સજાતીય

---

1. नैश्चयिकनयो भाषते उत्पद्येते ताभ्यां सहितस्य। 2. ज्ञानस्याऽऽवरणस्य च समकं तस्मात् प्रकाश-तमसोरिव। उत्पाद-व्ययधर्मौ।

તે માટઈ *વિસભાગપર્યાયોત્પત્તિસંતાન છઈ. તેહથી જ ઘટનાશવ્યવહાર સંભવઈ છઈ. તે માટઈ પણિ ઉત્તરપર્યાયોત્પત્તિ તે પૂર્વપર્યાયનો નાશ જાણવો.

एव ***तथापि*** मुद्गरप्रहार-विलक्षणाग्निसंयोगादिनैव हेतुव्यापारेण विसभागसन्ततिपर्यायोत्पत्तिरुपजायत इति तत एव घटनाशव्यवहारः तन्मते सम्भवति। अतोऽपि उत्तरपर्यायोत्पत्तिरूपता पूर्वपर्यायध्वंसे विज्ञेया। अयमाशयः – यं लक्ष्यीकृत्य यस्य व्यवहारः प्रवर्तते तद् व्यवहार्यं वस्तु तत्स्वरूपमेव। यथा कम्बुग्रीवादिमत्पदार्थं लक्ष्यीकृत्य घटस्य व्यवहारो भवतीति घटः कम्बुग्रीवादिमत्स्वरूप एव तथा ऋजुसूत्रनयमतानुसारेण उत्तरकालीनविसभागसन्तानीयपर्यायोत्पत्तिं लक्ष्यीकृत्य पूर्वपर्यायनाशस्य व्यवहारो भवतीति पूर्वपर्यायनाशः उत्तरकालीनविसभागसन्तानीयपर्यायोत्पत्तिस्वरूप एव। इत्थम् ऋजुसूत्रनयानुसारेणाऽपि पूर्वपर्यायनाश उत्तरपर्यायोत्पादस्वरूप एवेति फलितम्।

एतेन "द्रव्यस्य उत्तरोत्तरसंस्थानयोगः पूर्व-पूर्वसंस्थानसंस्थितस्य विनाशः स्वावस्थस्य तूत्पत्तिः" (ब्र.सू.

પર્યાયની ઉત્પત્તિની પરંપરા (= સંતતિ) પ્રતિસમય બદલાયા જ કરે છે. તેમ છતાં હથોડાનો પ્રહાર, વિલક્ષણ અગ્નિસંયોગ વગેરે કારણવ્યાપારથી જ વિસભાગસંતતિગત = વિજાતીયસંતાનવર્તી (ઠીકરા, રાખ વગેરે) પર્યાયની ઉત્પત્તિ થાય છે. તેથી વિસભાગસન્તાનીય પર્યાયની ઉત્પત્તિના નિમિત્તે જ ઘટનાશવ્યવહાર ઋજુસૂત્રનયના મતે સંભવે છે. આ કારણસર પણ ઉત્તરકાલીન પર્યાયની ઉત્પત્તિરૂપે પૂર્વકાલીન પર્યાયનો ધ્વંસ જ્ઞાતવ્ય છે. આશય એ છે કે જે પદાર્થને લક્ષ્યમાં રાખીને જેનો વ્યવહાર થાય તે વ્યવહાર્ય વસ્તુ તે પદાર્થ સ્વરૂપ જ હોય - આવો નિયમ છે. દા.ત. કંબુગ્રીવાદિમાન પદાર્થને લક્ષ્યમાં રાખીને ઘટનો વ્યવહાર થાય છે. તેથી ઘટાત્મક વ્યવહાર્ય વસ્તુ કંબુગ્રીવાદિમાન સ્વરૂપે માનવામાં આવે છે. આ જ રીતે ઋજુસૂત્રનયના મત મુજબ ઉત્તરકાલીન વિસભાગપર્યાયઉત્પત્તિ સ્વરૂપ પદાર્થને લક્ષ્યમાં રાખીને પૂર્વપર્યાયનાશનો વ્યવહાર થાય છે. તેથી પૂર્વપર્યાયનાશ ઉત્તરવિસભાગપર્યાયઉત્પત્તિસ્વરૂપે સિદ્ધ થાય છે. આમ ઋજુસૂત્રનય મુજબ પણ પૂર્વપર્યાયનાશ ઉત્તરપર્યાયઉત્પત્તિસ્વરૂપે ફલિત થાય છે.

⁂ વિલક્ષણપર્યાયજન્મ એ જ પૂર્વપર્યાયનાશ ⁂

સ્પષ્ટતા :- ઋજુસૂત્રનયના મતે પ્રત્યેક સમયે પર્યાય નાશ પામે છે. છતાં લોકોને તેનો ખ્યાલ નથી આવતો. કારણ કે જૂનો પર્યાય નાશ પામે તે જ સમયે જે નવો પર્યાય ઉત્પન્ન થાય છે તે પૂર્વપર્યાય તુલ્ય હોય છે. ઘટસજાતીય પર્યાયની ઉત્પત્તિનો પ્રવાહ ચાલુ રહેવાથી 'ઘડો નાશ પામ્યો' તેવો વ્યવહાર ત્યારે થતો નથી, પરંતુ હથોડાનો પ્રહાર ઘડા ઉપર થવાથી ઘડાનો ભૂક્કો થાય કે તીવ્ર અગ્નિસંયોગથી ઘડો બળી જાય ત્યારે 'ઘડો નાશ પામ્યો' તેવો વ્યવહાર થાય છે. કારણ કે તે સમયે ઠીકરા વગેરે સ્વરૂપે વિસભાગ = વિજાતીય પર્યાયસંતતિ ઉત્પન્ન થયેલ છે. આમ સહેતુક વિસભાગસંતાનીય-પર્યાય-ઉત્પત્તિના લીધે ઘટનાશવ્યવહાર સંભવે છે. તેથી ઉત્તરકાલીન વિલક્ષણપર્યાયઉત્પત્તિ જ પૂર્વપર્યાયનાશ છે.

⁂ જૈનસિદ્ધાન્તમાં રામાનુજાચાર્યની સંમતિ ⁂

(एतेन.) ઉત્તરકાલીન પર્યાયની ઉત્પત્તિ પૂર્વપર્યાયનાશસ્વરૂપ છે. તે વાત માત્ર જૈનદર્શનમાં જ માન્ય

* 'વિભાગ' પાલિ૦ તર્કણા૦ માં પાઠ શાં.માં 'વિસભાવિગ...' છે.

કંચનની ધ્રુવતા પણિ (**તે એક**=) તેહ જ છઈ. જે* માટઈ પ્રતીત્ય-પર્યાયોત્પાદઈ એકસંતાનપણું તેહ જ દ્રવ્યલક્ષણ ધ્રૌવ્ય છઈ. એ ૩ લક્ષણ **એક દલઈ એકદા** વર્તઈ છઈ. ઇમ અભિન્ન પણઈ.

૨/૧/૧૫ શ્રીભા.) इति **ब्रह्मसूत्रश्रीभाष्ये रामानुजवचनमपि *व्याख्यातम्।***

काञ्चनघटध्वंसाभिन्नो हेममौल्युत्पाद एव **काञ्चनस्थितिः** ज्ञेया, प्रतीत्यपर्यायसमुत्पादस्यैकसन्तानत्वात्, तस्यैव चाऽन्वयिद्रव्यलक्षणध्रौव्यात्। न हि मौलिजन्मसमये हेमसामान्यं व्येति, न वा सौवर्णघटध्वंसव्यधिकरणः काञ्चनमुकुटोत्पादो दृश्यते, कुम्भ-किरीटादितत्तत्पर्यायानुगतसुवर्णसामान्यस्य स्वावस्थस्य सार्वलौकिक-स्वारसिकाऽबाधितानुभवसिद्धस्य सुरगुरुणाऽपि प्रत्याख्यातुमशक्यत्वात्। इत्थञ्चोत्पाद-व्यय-ध्रौव्यलक्षणं त्रैलक्षण्यमेकोपादानकारणे अपृथग्भावसम्बन्धेन मिथः सापेक्षतया स्थितं सर्वत्र एकदा दृश्यते इति तेषामभेदः सिध्यति।

છે કે નૈગમ, વ્યવહાર, ઋજુસૂત્ર નયને જ માન્ય છે - તેવું નથી. વેદાન્તદર્શનમાં પણ આ વાત માન્ય છે. વિશિષ્ટઅદ્વૈતવાદી **શ્રીરામાનુજ** આચાર્ય **બ્રહ્મસૂત્રશ્રીભાષ્ય**માં જણાવે છે કે 'દ્રવ્યમાં ઉત્તર -ઉત્તર નવા સંસ્થાનનો યોગ એ જ પૂર્વ-પૂર્વ સંસ્થાનમાં રહેલ દ્રવ્યનો વિનાશ છે અને સ્વઅવસ્થામાં રહેલ દ્રવ્યની ઉત્પત્તિ છે.' અમે પૂર્વે જે જણાવેલ છે, તેનાથી જ રામાનુજ આચાર્યના વચનની પણ વ્યાખ્યા થઈ જાય છે. કારણ કે જૈનદર્શનમુજબ, સંસ્થાન એક જાતનો પર્યાય છે. ઉત્તરકાલીન સંસ્થાનાત્મક પર્યાયની ઉત્પત્તિ એ જ પૂર્વપર્યાયનો નાશ છે. અર્થાત્ પૂર્વકાલીન સંસ્થાનાત્મક પર્યાયસ્વરૂપે રહેલા દ્રવ્યનો નાશ છે. તથા તે જ ઉત્તરપર્યાયજન્મ છે. અર્થાત્ નૂતન સ્વઅવસ્થારૂપે = નૂતન સ્વસંસ્થાનરૂપે = નૂતન સ્વપર્યાયરૂપે રહેલા દ્રવ્યની ઉત્પત્તિ છે. આ પ્રમાણે અર્થઘટન જૈનદર્શન મુજબ સંગત થાય છે.

ꕥ सुवर्णस्थितिस्वरूप अंगे विचार ꕥ

(**काञ्चन.**) સોનાના ઘડાના ધ્વંસથી અભિન્ન એવી સુવર્ણમુગટની ઉત્પત્તિ એ જ સોનાનું ધ્રૌવ્ય છે - તેમ જાણવું. કારણ કે પ્રતીત્યપર્યાયજન્મ = સાપેક્ષપર્યાયજન્મ = પૂર્વપર્યાયનાશસાપેક્ષ નૂતનપર્યાયઉત્પાદ એક જ સંતાનમાં = ઉપાદાનકારણમાં થાય છે. પૂર્વાપરકાલમાં અનુગત એવા જે એક જ ઉપાદાનકારણમાં પ્રતીત્યપર્યાયજન્મ થાય છે તે અનુગત ઉપાદાનકારણ જ અન્વયિદ્રવ્યસ્વરૂપ ધ્રૌવ્ય છે. કારણ કે સુવર્ણઘટનાશસાપેક્ષ સુવર્ણમુગટપર્યાયજન્મ સમયે પૂર્વાપરકાલસાધારણ સુવર્ણદ્રવ્યસામાન્યનો નાશ થતો નથી. તેમજ સોનાના ઘડાના ધ્વંસના અધિકરણીભૂત સુવર્ણ દ્રવ્યથી ભિન્ન સુવર્ણદ્રવ્ય કાંઈ સૌવર્ણમુગટસ્વરૂપ પર્યાયની ઉત્પત્તિનું અધિકરણ બનતું નથી. જે સોનું ઘટધ્વંસનું અધિકરણ છે તે જ સોનું મુગટઉત્પત્તિનું અધિકરણ છે. આ પ્રમાણે દેખાય છે. 'ઘટ, મુગટ વગેરે વિભિન્ન પર્યાયોમાં અનુગત સુવર્ણસામાન્ય તો પોતાના મૂળભૂત સ્વરૂપમાં જ ટકેલું છે' - આ પ્રમાણે સર્વ લોકોને સ્વરસતઃ અનુભવાય છે. તથા આ અનુભવ અબાધિત છે. તેથી જ આ અનુભવસિદ્ધ હકીકતનો સુરગુરુ પણ અપલાપ કરવાને શક્તિમાન નથી. આ પ્રમાણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રણ લક્ષણ એક જ ઉપાદાનકારણમાં અપૃથગ્ભાવસંબંધથી રહેલા બધા જ સ્થળે એકીસાથે દેખાય છે. આમ અપૃથગ્ભાવસંબંધથી સમાનાધિકરણ હોવાથી અને

---

* કો.(૯)માં 'તે માટઈ' પાઠ.

"अथैवमुत्पाद-व्यय-ध्रौव्याणामभेदात् कथं त्रयात्मकवस्तुसिद्धिः ? तत्सिद्धौ वा कथं तत्तादात्म्यम् ? विरोधादिति चेत् ?

न, सर्वथा तत्तादात्म्याऽसिद्धेः, कथञ्चिल्लक्षणभेदात्। तथाहि - उत्पाद-व्यय-ध्रौव्यलक्षणं स्याद्भिन्नम्, अस्खलन्नानाप्रतीतेः, रूपादिवदि"ति (आ.मी.परि.३/का.५८/पृ.२८०) **अष्टसहस्यां विद्यानन्दस्वामी।**

સર્વત્ર સમાનકાલીન હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં અભેદ સિદ્ધ થાય છે.

❖ समनियत पदार्थ अभिन्न ❖

સ્પષ્ટતા :- જે બે પદાર્થ એક દેશમાં અપૃથગ્ભાવસંબંધથી પરસ્પર સાપેક્ષપણે રહે અને પોતાના સર્વ અધિકરણની અપેક્ષાએ એકીસાથે રહે (=એક કાલમાં રહે) તે બે પદાર્થ પરસ્પર સમનિયત હોવાથી અભિન્ન બને છે. જેમ કે ઘટત્વ અને કુંભત્વ. દૈશિક અને કાલિક અધિકરણનું વિવક્ષિત ઐક્ય પદાર્થની એકતાને સૂચવતું હોવાથી ઉપરોક્ત રીતે સમાનાધિકરણ અને સમાનકાલીન ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરસ્પર અભિન્ન સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષ :- ("अथै.) આ રીતે સર્વત્ર સમાનાધિકરણ અને સમાનકાલીન હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરસ્પર અભિન્ન હોય તો વસ્તુ કઈ રીતે ત્રયાત્મક બનશે ? ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એક જ હોય તો વસ્તુને કાં તો ઉત્પાદાત્મક કહેવાય, કાં તો વ્યયાત્મક કહેવાય, કાં તો ધ્રૌવ્યાત્મક કહેવાય. ત્રિતયાત્મક કઈ રીતે કહેવાય ? તથા જો વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય તો 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરસ્પર અભિન્ન છે' - એવું કઈ રીતે સિદ્ધ થાય ? કારણ કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય તો પરસ્પર વિરોધી છે. (જ્યાં ફક્ત એક જ ઈન્દ્ર હાજર હોય ત્યાં 'આખંડલ, ઈન્દ્ર, શક્ર, પુરંદર, શતક્રતુ આમ પાંચ વ્યક્તિ અહીં હાજર છે' - તેમ ન કહેવાય. કારણ કે આખંડલ વગેરે પાંચેય શબ્દનો અર્થ એક જ વ્યક્તિમાં સમાઈ જાય છે. તથા જ્યાં 'ઘટ, પટ, મઠ, ખુરશી, ચશ્મા - આ પાંચ વસ્તુ અહીં હાજર છે' - આ પ્રમાણે કહેવામાં આવે ત્યાં ઘટ વગેરે પાંચેય પદાર્થને એક માની ન શકાય. તેના જેવી ઉપરોક્ત વાત સમજવી. મતલબ એ છે કે જો ઉત્પાદાદિ ત્રણ પરસ્પર સર્વથા અભિન્ન હોય તો વસ્તુ એકાત્મક કહેવાય, ત્રયાત્મક નહિ. તથા જો વસ્તુ ત્રયાત્મક હોય તો ઉત્પાદાદિ ત્રણેય અર્થને પરસ્પર ભિન્ન માનવા પડે, અભિન્ન નહિ.)

❖ उत्पाद-व्यय-ध्रौव्यमां भेदसिद्धि ❖

ઉત્તરપક્ષ :- (न, सर्वथा.) જો અમે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય વચ્ચે સર્વથા અભેદ માનતા હોઈએ તો 'વસ્તુ ત્રયાત્મક સિદ્ધ ન થઈ શકે' - આ વાત સાચી જ માનવી પડે. પરંતુ હકીકતમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પરસ્પર સર્વથા અભિન્ન નથી. ઉત્પાદાદિ ત્રણમાં સર્વથા = એકાંતે તાદાત્મ્ય અસિદ્ધ જ છે. તેથી 'વસ્તુ કઈ રીતે ત્રયાત્મક બનશે ?' આ સમસ્યાને અવકાશ રહેતો નથી. ઉત્પાદાદિ ત્રણમાં એકાંતે તાદાત્મ્ય ન હોવાનું કારણ એ છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના લક્ષણમાં કથંચિત્ ભેદ છે. ઉત્પાદાદિ ત્રણમાં પરસ્પર કથંચિદ્ભેદ હોવાનું કારણ એ છે કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમાં અસ્ખલિત રીતે ભેદની પ્રતીતિ થાય છે. જેમ રૂપ, રસ, ગંધ વગેરેમાં અસ્ખલદ્વૃત્તિથી પરસ્પર ભેદની પ્રતીતિ થાય છે. તેથી તેઓ પરસ્પર કથંચિત્ ભિન્ન છે. તેમ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યમાં પણ અસ્ખલદ્વૃત્તિથી પરસ્પર ભેદની પ્રતીતિ થાય છે. તેથી ઉત્પાદ આદિ ત્રણને પરસ્પર સર્વથા અભિન્ન માનવાના બદલે કથંચિદ્ ભિન્ન માનવા જોઈએ. આ પ્રમાણે **અષ્ટસહસ્રી** ગ્રંથમાં દિગંબરાચાર્ય **શ્રીવિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે.

પણિ શોક-પ્રમોદ-માધ્યસ્થ્ય સ્વરૂપ અનેક કાર્ય દેખીનઈ (**निजकारयशक्ति**=) તત્કારણશક્તિરૂપઈ **અનેક**પણઈ = ભિન્નતા પણિ જાણવી.

किञ्च, शोक-प्रमोद-माध्यस्थ्यरूपाऽनेककार्याणि दृष्ट्वा **कार्यशक्तितः** = शोकादिलक्षणतत्तद्वि-लक्षणकार्यजननशक्तिरूपमाश्रित्य **तद्भेदः** = उत्पाद-व्यय-ध्रौव्याणां मिथो भेदोऽपि अनाविल एवाऽवसेयः, एकान्ततः कारणाऽभेदे कार्यभेदाऽयोगात्। यथा चैतत् तथा--विवृतमस्माभिः **नयलता**भिधानायां **द्वात्रिंशिकाप्रकरणवृत्तौ** (द्वा.द्वा.६/७ भाग-२ पृ.३९१)।

अथ कार्यशक्तिभेदेन तेषां भेदसिद्धौ जलाऽनलवद् मिथो विरोधोऽपि सिध्येदिति नैकस्यैकदा त्रयात्मकता स्यादिति ***चेत्*** ?

❁ કાર્યશક્તિભેદથી કારણભેદ ❁

(**किञ्च.**) વળી, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમાં ભેદ હોવાનું બીજું એક કારણ એ છે કે તેમાં વિભિન્ન પ્રકારની શક્તિ રહેલી છે. ઉત્પાદ આદિ જુદા-જુદા કાર્યને કરતા હોવાથી ઉત્પાદાદિમાં જુદા-જુદા પ્રકારની શક્તિ સિદ્ધ થાય છે. ઘટનાશ ઘટાર્થી જીવને શોક કરાવે છે. મુગટઉત્પાદ મુગટાર્થીને પ્રમોદ કરાવે છે. તથા સુવર્ણધ્રૌવ્ય સુવર્ણાર્થી જીવને માધ્યસ્થ્ય બક્ષે છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ કારણ આનંદ -શોક-માધ્યસ્થ્ય સ્વરૂપ વિલક્ષણ અનેક કાર્યને ઉત્પન્ન કરતાં હોવાથી આનંદ-શોક-માધ્યસ્થ્યજનક વિલક્ષણ શક્તિને ધારણ કરે છે. વિલક્ષણકાર્યજનક શક્તિની અપેક્ષાએ તે સ્વરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં પરસ્પર ભેદ પણ નિર્વિવાદ રીતે સિદ્ધ થાય જ છે - તેમ જાણવું. જો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમાં સર્વથા અભેદ હોય તો આનંદ-શોક વગેરે વિલક્ષણ કાર્યને તે ઉત્પન્ન કરી ન શકે. સર્વથા કારણઅભેદ હોય તો કાર્યભેદ કઈ રીતે સંભવે ? આ બાબત જે રીતે સંગત થાય છે તે રીતે અમે **દ્વાત્રિંશિકાપ્રકરણ**ની **નયલતા**[1] નામની ટીકામાં સમજાવેલ છે. જિજ્ઞાસુઓ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

❁ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં વિરોધ : શંકા-સમાધાન ❁

શંકા :- (**अथ.**) જો ઉપરોક્ત રીતે કાર્યભેદથી શક્તિભેદને અને શક્તિભેદથી કારણભેદને સિદ્ધ કરવાની પ્રણાલિકા અનુસાર તમે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે ભેદને સિદ્ધ કરો છો તો તે જ પ્રણાલિકા મુજબ તે ત્રણેયમાં પરસ્પર વિરોધ પણ સિદ્ધ થશે. જેમ શૈત્ય અને ઉષ્ણતા સ્વરૂપ બે વિરોધી કાર્ય કરનાર પાણી અને અગ્નિ પરસ્પર જુદા સિદ્ધ થાય છે અને પરસ્પર વિરુદ્ધ પણ સિદ્ધ થાય જ છે. તેમ શોક-પ્રમોદ આદિ પરસ્પર વિરુદ્ધ કાર્ય કરનાર ઉત્પાદ-વ્યય વગેરે પરસ્પર વિભિન્ન અને પરસ્પર વિરુદ્ધ પણ સિદ્ધ થશે. તથા વિરોધી પદાર્થ તો એકત્ર એકદા ન રહે. તેથી એક પદાર્થ એકીસાથે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ નહિ થાય. તેથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે પરસ્પરભેદ સિદ્ધ કરવા જતાં 'પ્રત્યેક પદાર્થ ઉત્પાદાદિ ત્રયાત્મક છે' - આ સિદ્ધાન્તનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે.

---

૧. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે '**દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા**' નામના પ્રકરણની રચના કરેલ છે. દાન, દેશના, અધ્યાત્મ, યોગ, ધ્યાન આદિ ૩૨ વિષયો ઉપર ૩૨-૩૨ શ્લોકમાં છણાવટ કરેલ છે. સ્વોપજ્ઞવિવરણથી તે ગ્રંથરત્ન અલંકૃત થયેલ છે. તેના ઉપર વર્તમાનકાલીન યશોવિજય ગણીએ મુનિઅવસ્થામાં '**નયલતા**' નામની ૫૦ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત વ્યાખ્યા રચેલ છે. અંધેરી ગુજરાતી જૈન સંઘ-ઈર્લા-મુંબઈ તરફથી આઠ ભાગમાં આ ગ્રંથરત્ન સ્વોપજ્ઞવિવરણ + નયલતા સંસ્કૃતવ્યાખ્યા + ગુજરાતી વિવેચન સાથે પ્રકાશિત થયેલ છે.

'સામાન્યરૂપઈ ધ્રૌવ્ય અનઈ વિશેષરૂપઈ ઉત્પાદ-વ્યય' ઈમ માનતાં વિરોધ પણિ• નથી.

न, सामान्यरूपेण ध्रौव्यस्य विशेषरूपेण चोत्पाद-व्ययोरभ्युपगमे विरोधाऽसम्भवात्। प्रतियन्ति हि लोका अपि सुवर्णतया ध्रुवं हेम घटरूपेण नष्टं मौलिरूपेण चोत्पन्नमिति। तदुक्तं **शान्तिसूरि**भिरपि **न्यायावतारवार्तिके** "घट-मौलि-सुवर्णेषु बुद्धिर्भेदावभासिनी। संवित्निष्ठा हि भावानां स्थितिः काऽत्र विरुद्धता?।।" (न्या.वा.२/३५) इति।

न च एकस्मिन्नेव वस्तुनि युगपदुत्पाद-व्यय-ध्रौव्याऽभ्युपगमे 'मुकुटः उत्पन्नः, घटो नष्ट' इत्यादिव्यवहारोपपत्तिः कथं स्यात् ? इति ***वाच्यम्***,

स्यादर्थानुप्रवेशेनैव सर्वत्र व्यवहाराऽभ्युपगमात्, तत्र च कथञ्चिदुत्पत्त्यादिनिरूपणेन व्ययादेर-

❀ सामान्यरूपे ध्रौव्य, विशेषरूपे उत्पाद-व्यय ❀

समाधान :- (**न, सामा.**) તમારી દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે પ્રત્યેક પદાર્થ સામાન્ય-વિશેષ ઉભયસ્વરૂપ છે. દરેક પદાર્થ સામાન્યસ્વરૂપે ધ્રુવ રહે છે તથા વિશેષસ્વરૂપે ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. તેથી સામાન્યસ્વરૂપે ધ્રુવતાનો અને વિશેષસ્વરૂપે ઉત્પાદ-વ્યયનો પ્રત્યેક પદાર્થમાં સ્વીકાર કરવામાં વિરોધને કોઈ જ અવકાશ નથી. અમે જે વાત કહીએ છીએ તેમાં પ્રત્યક્ષ પ્રમાણ પણ સાક્ષી છે. લોકો પણ અનુભવે છે કે 'સુવર્ણસ્વરૂપે (= સામાન્યસ્વરૂપે) ધ્રુવ સોનું સુવર્ણઘટસ્વરૂપે (= વિશેષસ્વરૂપે) નાશ પામેલ છે તથા મુગટરૂપે ઉત્પન્ન થયેલ છે.' આમ લોકોનો અનુભવ પણ એકત્ર સામાન્યસ્વરૂપે ધ્રૌવ્યને અને વિશેષસ્વરૂપે ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરે છે. તેથી ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય વચ્ચે ભેદ હોવા છતાં પરસ્પરવિરોધ નથી. **શ્રીશાંતિસૂરિજી**એ પણ **ન્યાયાવતારવાર્તિક**માં જણાવેલ છે કે 'ઘડો, મુગટ અને સોના વચ્ચે ભેદનું અવગાહન કરનારી બુદ્ધિ લોકોને થાય છે તેમ છતાં તે ત્રણેયમાં પરસ્પર વિરોધ નથી. કારણ કે પદાર્થના સ્વરૂપની મર્યાદા સમ્યગ્ જ્ઞાનના આધારે રહેલી છે. તેથી એક જ દ્રવ્યમાં ઘટરૂપે નાશ, મુગટરૂપે ઉત્પત્તિ અને સુવર્ણરૂપે ધ્રૌવ્ય માનવામાં વિરોધ શું આવે ?'

સ્પષ્ટતા :- ઉત્પાદ-વ્યય વગેરે ધર્મો પરસ્પર વિલક્ષણ હોવાથી એકત્ર તેનો સમાવેશ કરવા માટે અવચ્છેદકભેદ હોવો જરૂરી છે. તેથી **શ્રીશાંતિસૂરિજી**એ ઘટ, મુગટ વગેરેનો ભેદ દર્શાવવા દ્વારા અવચ્છેદકભેદનો નિર્દેશ કરેલ છે. તથા 'અવચ્છેદકભેદથી એકત્ર ઉત્પાદાદિને અવિરોધ છે' - તેવું કહેવા દ્વારા 'એકત્ર તેનો સમાવેશ થઈ શકે છે' તેવું સૂચિત કરેલ છે.

શંકા :- (**न च.**) જો એક જ વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો યુગપત્ સ્વીકાર કરવામાં આવે તો 'મુગટ ઉત્પન્ન થયો', 'ઘડો નાશ પામ્યો' - વગેરે વ્યવહારની ઉપપત્તિ કઈ રીતે થઈ શકશે ?

❀ स्यात्पदगर्भित उत्पादादिव्यवहार ❀

समाधान :- (**स्या.**) સર્વત્ર 'સ્યાત્' શબ્દના અર્થનો પ્રવેશ કરવાપૂર્વક જ વ્યવહાર કરવાનો છે. કથંચિત્ રૂપે ઉત્પત્તિ વગેરેને (= વ્યય-ધ્રૌવ્યને) જણાવવાથી જ વ્યય વગેરેનો (= ઉત્પાદ-ધ્રૌવ્યનો) પણ તેમાં આક્ષેપ થઈ જાય છે. અર્થાત્ સ્યાત્પદગર્ભિત ઉત્પત્તિવિષયક વ્યવહાર વ્યયનો અને ધ્રૌવ્યનો

• શાં.+ય.માં 'विरोधपति' અશુદ્ધ પાઠ.

વ્યવહાર તો સર્વત્ર સ્યાદર્થાનુપ્રવેશઈ જ❖ હોઈ.

प्याक्षेपात्। न ह्यत्र विरोधं प्रतियन्ति विद्वांसः। [1]"सव्वं चिय विभव-भंग-ट्ठिइमइयं" (वि.आ.भा.१८४३) इति **विशेषावश्यकभाष्यवचन**मप्यत्र भावनीयम्।

एतेन उत्पाद-व्यय-ध्रौव्याणामेकत्राऽविरोधेऽभ्युपगम्यमाने तु मुकुटोत्पत्तौ घटत्वेनेव सुवर्णत्वेनाऽपि हेमध्वंसव्यवहारः प्रसज्येतेति ***प्रत्याख्यातम्,***

सर्वत्रैव स्यादर्थस्य अपेक्षाविशेषस्य अनुप्रवेशेनैव व्यवहाराऽभ्युपगमात्।

अत एव स्यात्पदस्याऽनिश्चितार्थबोधकत्वात् 'स्यादुत्पन्नम्' इत्यादौ 'केन विशेषरूपेण सुवर्णादि-द्रव्यम् उत्पन्नम् ?' इति शङ्का अनिवारितप्रसरैव स्यादित्युक्तावपि ***न क्षतिः***,

---

આક્ષેપ કરે છે. સ્યાત્પદગર્ભિત વિનાશવિષયક વ્યવહાર ઉત્પાદ-ધ્રૌવ્યને આક્ષિપ્ત કરે છે. તથા કથંચિત્ પદથી ગર્ભિત સ્વરૂપે ધ્રૌવ્યને જણાવનાર વ્યવહાર ઉત્પાદ-વ્યયને પણ બોધમાં ખેંચી લાવે છે. આવું માનવામાં વિદ્વાનોને વિરોધનું ભાન થતું નથી. 'બધી જ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે' - આ પ્રમાણે **વિશેષાવશ્યકભાષ્ય**ના વચનની પ્રસ્તુતમાં વિભાવના કરવી.

પૂર્વપક્ષ :- (एतेन.) જો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો એકત્ર સ્વીકાર કરવામાં વિરોધ માનવામાં ન આવે તો સુવર્ણઘટને ભાંગીને મુગટ બનાવવામાં આવે તે સ્થળે મુગટઉત્પત્તિ સમયે ઘટરૂપે જેમ સુવર્ણધ્વંસનો વ્યવહાર થાય છે તેમ સુવર્ણરૂપે પણ સુવર્ણધ્વંસનો વ્યવહાર થવાની આપત્તિ આવશે. કારણ કે ઉત્પત્તિ, નાશ વગેરેને એક-બીજાનો વિરોધ ન હોવાથી ઘટત્વરૂપે સુવર્ણધ્વંસની જેમ સુવર્ણત્વરૂપે પણ સુવર્ણધ્વંસનો મુગટજન્મ વિરોધી બની શકતો નથી.

✧ અપેક્ષાવિશેષથી વ્યવહાર માન્ય ✧

ઉત્તરપક્ષ :- (सर्वत्रैव.) તમારી દલીલનું નિરાકરણ અમે પૂર્વે જણાવેલ શ્રીશાંતિસૂરિજી મહારાજના વચન દ્વારા જ થઈ જાય છે. કારણ કે સ્યાદ્વાદીઓ સર્વત્ર ચોક્કસ પ્રકારની અપેક્ષાનો સ્વીકાર કરીને જ તમામ વ્યવહારનો સ્વીકાર કરે છે. અપેક્ષાવિશેષને દર્શાવવા માટે જ 'સ્યાત્' શબ્દનો સ્યાદ્વાદીઓ પ્રયોગ કરે છે. 'મુગટરૂપે સુવર્ણની ઉત્પત્તિને ઘટત્વરૂપે જ સુવર્ણધ્વંસની સાથે વિરોધ આવતો નથી' - આ રીતે અમે સ્યાદ્વાદી માનીએ છીએ. 'સુવર્ણત્વરૂપે સુવર્ણધ્વંસની સાથે મુગટઉત્પત્તિને વિરોધ નથી' - તેવું અમે સ્વીકારતા નથી. તેથી મુગટજન્મસમયે સુવર્ણત્વરૂપે સુવર્ણધ્વંસ થવાની આપત્તિને અવકાશ નથી.

શંકા :- (अत.) 'સ્યાત્' શબ્દ અનિશ્ચિત અર્થને જણાવે છે. તેથી 'स्याद् उत्पन्नम्' કહેશો તો સુવર્ણાદિ દ્રવ્ય કઈ અપેક્ષાએ (કયા વિશેષરૂપે) ઉત્પન્ન થયું ? આ બાબત કેમ સમજાશે ? 'સ્યાત્' શબ્દ ચોક્કસ પ્રકારની કઈ અપેક્ષાને દર્શાવે છે ? તેનું જ્ઞાન શ્રોતાને કઈ રીતે થઈ શકે ? 'स्यात् सुवर्णं नश्यति' અહીં 'સ્યાત્' શબ્દ સુવર્ણત્વરૂપ ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદકનો બોધ કરાવે છે. - તેવું કેમ માની ન શકાય ? ઘટત્વસ્વરૂપ ધ્વંસપ્રતિયોગિતાવચ્છેદકને દર્શાવવા માટે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ થયેલ છે - આવું જ્ઞાન શ્રોતાને કઈ રીતે થઈ શકે ? આ શંકા તો સ્યાદ્વાદમાં ઉભી જ રહે છે.

❖ લા.(૨)માં 'પ્રદેશેન' પાઠ. લી.(૧)માં 'પ્રવેશઈ ન' અશુદ્ધ પાઠ. 1. सर्वं चैव विभव-भङ्ग-स्थितिमयम्।

વિશેષપરતા પણિ વ્યુત્પત્તિવિશેષઈ જ હોઈ.

નય-નિક્ષેપ-પ્રમાણગર્ભિતાऽનેકાન્તશાસ્ત્રપરિશીલનાऽऽહિતવ્યુત્પત્તિવિશેષમહિમ્નૈવ ચાऽપેક્ષાવિશેષ-ગોચરબોધોદયાત્ ।

एतेन સ્યાત્પદસ્યાऽપેક્ષાવિશેષપરત્વેऽપિ કુત્ર વાક્યપ્રયોગે કોऽપેક્ષાવિશેષો બોધ્યઃ ? ઇતિ નિશ્ચયાऽયોગઃ પ્રસજ્યેત, સ્યાચ્છબ્દસ્ય સર્વત્રૈવાऽવિશેષાદિત્યપિ ***निराकृतम्,***

નય-નિક્ષેપ-પ્રમાણ-સકલાદેશ-વિકલાદેશાદિવ્યુત્પત્તિશાલિનઃ તત્તત્સ્થલેऽસ્ખલદ્વૃત્ત્યા સ્યાત્પદાર્થા-

❖ કોઠાસૂઝથી અપેક્ષાબોધ ❖

સમાધાન :- **(નય-નિક્ષે.)** 'સ્યાત્'શબ્દ ક્યારે ક્યાં કેવા પ્રકારની અપેક્ષાને જણાવે છે ? તેનો નિર્ણય વિશેષ પ્રકારની વ્યુત્પત્તિ = સમજણ દ્વારા જ થાય છે. તથા તેની સમજણ મેળવવા અનેકાન્તવાદનું પરિશીલન જરૂરી છે. નય, નિક્ષેપ અને પ્રમાણથી ગર્ભિત એવા અનેકાન્તવાદના પરિશીલનથી પ્રાપ્ત વિશેષ પ્રકારની વ્યુત્પત્તિના = કોઠાસૂઝના પ્રભાવથી જ 'સ્યાત્'શબ્દ ક્યારે ક્યાં કઈ અપેક્ષાને જણાવે છે ? તેનો બોધ સ્યાદ્વાદીને પ્રાપ્ત થાય છે. તેથી ઘટનાશ-મુગટજન્મસ્થાને 'સ્યાત્'શબ્દ સુવર્ણત્વરૂપે નહિ પણ ઘટત્વરૂપે જ સુવર્ણધ્વંસને જણાવશે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરસ્પર સર્વથા = સર્વ પ્રકારે વિરોધી ન હોવા છતાં મુગટજન્મસમયે સુવર્ણત્વરૂપે સુવર્ણધ્વંસના સ્વીકારને કોઈ અવકાશ નહિ રહે. સામાન્યરૂપે દ્રવ્યનાશ નથી થતો પણ વિશેષસ્વરૂપે જ સુવર્ણાદિ દ્રવ્યનો નાશ થાય છે. આ વાત આ જ શ્લોકની વ્યાખ્યામાં **ન્યાયાવતારવાર્તિક** ગ્રંથના સંવાદપૂર્વે જણાવેલ જ છે.

(एतेन स्यात्.) અહીં જે છણાવટ કરી તેનાથી નિમ્નોક્ત શંકાનું પણ નિરાકરણ થઈ જાય છે.

શંકા :- સ્યાદ્વાદમાં 'સ્યાત્'શબ્દ વિશેષ પ્રકારની અપેક્ષાને સૂચવે છે - આ બરાબર છે. પણ 'સ્યાત્'શબ્દથી કયા વાક્યપ્રયોગમાં કઈ ચોક્કસ પ્રકારની અપેક્ષા છે - તે કઈ રીતે જાણવું ? તેનો નિર્ણય તો થઈ જ નહિ શકે. કારણ કે 'સ્યાત્'શબ્દ તો બધા સ્થળે સમાન છે. 'ઘટઃ સ્યાદ્ નિત્યઃ સ્યાદ્ અનિત્યઃ...' ઈત્યાદિ સ્થળે જુદી-જુદી અપેક્ષાને દર્શાવવા સ્યાત્ શબ્દમાં તો કોઈ જ વિશેષતા નથી. તેથી ક્યારે, ક્યાં, કઈ ચોક્કસ અપેક્ષાને 'સ્યાત્'શબ્દથી જાણવી ? આ સમસ્યાનું સમાધાન નહિ મળે.

❖ અનેકાન્તવાદપરિશીલનપ્રભાવ ❖

સમાધાન :- **(નય.)** ઉપર અમે જણાવી જ ગયા છીએ કે અનેકાન્તવાદના પરિશીલનથી પ્રાપ્ત થયેલ કોઠાસૂઝ દ્વારા જ 'સ્યાત્'શબ્દ ક્યારે, ક્યાં, કઈ અપેક્ષાને જણાવે છે ? તેનો સમ્યગ્ નિર્ણય થઈ શકે છે. માટે ઉપરોક્ત સમસ્યાના સમાધાન માટે સ્યાદ્વાદનો = અનેકાન્તવાદનો = વિભજ્યવાદનો = ભજનાવાદનો = સંવલનવાદનો ઊંડો અભ્યાસ કરવો જરૂરી છે. સ્યાદ્વાદના માર્મિક અભ્યાસ માટે નય, નિક્ષેપ, પ્રમાણ, સકલાદેશ, વિકલાદેશ વગેરેની ઊંડી સમજણ મેળવવી જરૂરી છે. નય, નિક્ષેપ વગેરેની વ્યુત્પત્તિવાળા સ્યાદ્વાદીને તે તે સ્થળે 'સ્યાત્'પદથી વિશેષ પ્રકારની અપેક્ષાનો અસ્ખલદ્ વૃત્તિથી બોધ થાય જ છે. આ વાત અનુભવસિદ્ધ છે. 'ઘટઃ સ્યાદ્ નિત્યઃ' સ્થળે 'સ્યાત્'શબ્દ મૃત્ત્વ-પુદ્ગલત્વ -દ્રવ્યત્વ-સત્ત્વ વગેરે અવચ્છેદકવિશેષનો = અપેક્ષાવિશેષનો જ્ઞાપક છે. 'ઘટઃ સ્યાદ્ અનિત્યઃ' સ્થળે

अत एव "स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद् ध्रुवम्" ઇમ જ વાક્યપ્રયોગ કીજઇ.

ऽपेक्षाविशेषोपस्थितेरनुभवसिद्धत्वात्। अत एवाऽनेकान्तवादिभिः 'स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद् ध्रुवमि'त्येवमेव स्यात्कारगर्भितं वाक्यं प्रयुज्यते, उत्पाद-व्ययस्थले स्यात्पदेन विशेषधर्मस्य ध्रौव्यस्थले च सामान्यधर्मस्य अवच्छेदकविधया भानात्। इदमेवाभिप्रेत्य स्याद्वादिभिः स्यात्कारगर्भितं वाक्यं प्रयुज्यते। यत्र च शब्दतो नोच्यते स्यात्पदं तत्राऽपि अर्थतः तदवसेयमेव। इदमेवाऽभिप्रेत्य **श्रीविद्यानन्दस्वामिना तत्त्वार्थश्लोकवार्तिके** "सोऽप्रयुक्तोऽपि वा तज्ज्ञैः सर्वत्रार्थात् प्रतीयते । यथैवकारोऽयोगादिव्यवच्छेदप्रयोजनः।।" (त.श्लो.१/६/५६) इत्युक्तम्।

प्रकृते (१) विशेषणसङ्गत एवकारः अयोगव्यवच्छेदकः, यथा 'शङ्खः पाण्डुर एव' इति। (२) विशेष्यसङ्गतः अन्ययोगव्यवच्छेदकारी, यथा 'पार्थ एव धनुर्धरः' इति। (३) क्रियापदसङ्गतश्च अत्यन्ताऽयोगव्यावर्त्तकः, यथा 'सरोजं नीलं भवत्येव' इति। 'सर्वं वाक्यं सावधारणमि'ति

'स्यात्'शब्द घटत्व-कंबुग्रीवादिमत्त्व वगेरे अवच्छेदकविशेषनो = अपेक्षाभेदनो बोधक छे. आवो बोध सप्तभंगी-सकलादेश वगेरेनो अभ्यास करनार स्याद्वादीने अनुभवसिद्ध ज छे. आ ज कारणसर अनेकांतवादी विद्वानो 'वस्तु स्यात् = कथंचित् उत्पन्न थाय छे, स्यात् = कथंचित् नाश पामे छे, स्यात् = कथंचित् ध्रुव रहे छे' - आ प्रमाणे 'स्यात्'शब्दथी = 'कथंचित्' पदथी गर्भित वाक्यनो प्रयोग करे छे. उत्पाद-व्ययस्थळे 'स्यात्'पद विशेषधर्मनो अवच्छेदक तरीके बोध करावे छे. तथा ध्रौव्यस्थळे 'स्यात्'शब्द सामान्यधर्मनो अवच्छेदक तरीके बोध करावे छे. आ आशयथी स्याद्वादीओ स्यात्कारगर्भित वाक्यनो प्रयोग करे छे. तथा ज्यां शब्दतः = कंठतः 'स्यात्'शब्दथी गर्भित वाक्यप्रयोगने स्याद्वादी न करे, त्यां पण अर्थतः 'स्यात्'शब्दनो प्रयोग समजी ज लेवो. आ ज अभिप्रायथी श्री**विद्यानंदस्वामी**ओ **तत्त्वार्थश्लोकवार्तिक** ग्रंथमां जणावेल छे के 'स्यात्'शब्दनो कदाच प्रयोग करवामां न आवे तो पण स्याद्वादना जाणकारो सर्वत्र अर्थतः 'स्यात्'शब्दने जाणी ज ले छे. जेम अयोगव्यवच्छेद आदि प्रयोजनथी वपरातो 'एव'शब्द = 'ज'कार शब्दतः प्रयोजायेलो न होवा छतां अर्थतः सर्वत्र समजी लेवामां आवे छे, तेम 'स्यात्'शब्द अंगे समजी लेवुं.'

❀ 'ज'कारना त्रिविध प्रयोजन ❀

(**प्रकृते.**) प्रस्तुतमां तात्पर्य એ छे के 'एव'शब्दनो अर्थ 'ज'कार थाय. तेनो प्रयोग त्रण प्रयोजनथी थाय छे. (१) अयोगव्यवच्छेद, (२) अन्ययोगव्यवच्छेद अने (३) अत्यन्तायोगव्यवच्छेद. (१) 'शङ्खः पाण्डुरः एव भवति' अर्थात् 'शंख सफेद ज होय छे' - अहीं 'एव' शब्द = 'ज' कार अयोगव्यवच्छेदना प्रयोजनथी वपरायेल छे. विशेषणसंगत एवकार = जकार शंखमां श्वेत वर्णना अयोगनी = अभावनी बादबाकी करे छे. (२) 'पार्थ एव धनुर्धरः' अर्थात् 'अर्जुन ज धनुर्धर छे' - अहीं एवकार = जकार अन्ययोगव्यवच्छेदना प्रयोजनथी वपरायेल छे. विशेष्यसंगत 'एव'कार = 'ज'कार अर्जुनथी अन्यमां तथाविध धनुर्धरत्वना योगनी बादबाकी करे छे. (३) 'सरोजं नीलं भवति एव' अर्थात् 'कमळ नील होय छे ज' - अहीं 'एव'कार = 'ज'कार अत्यन्तायोगव्यवच्छेदना प्रयोजनथी वपरायेल छे.

"*उप्पन्ने इ वा" इत्यादौ वाशब्दो व्यवस्थायाम्। स च स्याच्छब्दसमानार्थः।

न्यायेन यथाऽप्रयुक्तोऽप्येवकारोऽर्थवशाद् विशेषणादिसङ्गतः व्युत्पन्नेन प्रतीयते तथाऽपेक्षाविशेषज्ञापकं स्यादादिपदम् अप्रयुक्तमपि स्याद्वादिना विज्ञायत एवेत्याशयः।

[1]'भयवं ! किं तत्तं ?' इति भाविगणधरपर्यनुयोगतः तीर्थकरप्रदत्तायां [2]'उप्पन्ने इ वा, विगए इ वा, धुवे इ वा' इति त्रिपद्यां यो 'वा'शब्दो वर्तते स व्यवस्थायां बोध्यः। स च स्याच्छब्दसमानार्थ एव। "स्यादिति अनेकान्तद्योतकम् अव्ययम्" (स्या.म.१५) इति **स्याद्वादमञ्जर्यां श्रीमल्लिषेणसूरिः**। **हैमप्रकाशव्याकरणे** (१/१/२ पृ.५) **श्रीविनयविजयो**पाध्यायस्यापि अयमेवाभिप्रायः। प्रकृते 'तत्त्वपदार्थः स्यादुत्पन्न इति, स्याद्विगत इति, स्याद् ध्रुव इति' एवं तद्योजना कार्या। प्रथम इतिशब्दः हेत्वर्थे, द्वितीयः प्रकारतायां तृतीयश्च समाप्तौ बोद्धव्यः। तथाहि – तत्त्वपदार्थः यत एव कथञ्चिदुत्पन्न

ક્રિયાપદસંગત એવકાર = જકાર કમળમાં નીલવર્ણના અત્યન્તાભાવની બાદબાકી કરે છે. આ રીતે એવકારના ત્રણ પ્રયોજન દાર્શનિક જગતમાં પ્રસિદ્ધ છે. 'सर्वं वाक्यं सावधारणम्' આ ન્યાયથી દરેક વાક્ય એવકારયુક્ત = જકારયુક્ત હોય છે. જ્યાં એવકારનો શબ્દતઃ ઉલ્લેખ વક્તા ન કરે ત્યાં પણ અર્થવશાત્ યથાયોગ્ય વિશેષણાદિસંગત એવકારને વ્યુત્પન્ન શ્રોતા જેમ સમજી લે છે, તેમ સ્યાદ્વાદી શ્રોતા પણ સર્વ વાક્યમાં અપેક્ષાવિશેષને જણાવનાર 'स्यात्', 'कथञ्चित्' વગેરે શબ્દને સમજી જ લે છે, ભલેને કોઈક વાક્યમાં વક્તાએ 'स्यात्'પદનો કે 'कथंचित्'શબ્દનો પ્રયોગ ન પણ કરેલો હોય. આવું જણાવવાનો શ્રીવિદ્યાનંદસ્વામીનો અભિપ્રાય છે કે જે બરાબર જ છે.

❀ ત્રિપદીઅર્થની મીમાંસા ❀

('**भयवं.**) ગણધર બનવાની યોગ્યતા ધરાવનાર ચરમશરીરી સાધુ જ્યારે તીર્થંકર ભગવંતને 'હે ભગવંત ! તત્ત્વ શું છે ?' આ પ્રમાણે ત્રણ વાર પ્રશ્ન પૂછે છે, ત્યારે તીર્થંકર ભગવાન 'उप्पन्ने इ वा', 'विगए इ वा', 'धुवे इ वा' - આ પ્રમાણે (ક્રમશઃ એક-એક વાર પ્રશ્ન પૂછાયા બાદ ઉપરોક્ત એક-એક પદનો) ક્રમશઃ પ્રયોગ કરે છે. તીર્થંકર ભગવાને બોલેલા ત્રણ વાક્યો ત્રિપદી તરીકે જૈન વાઙ્મયમાં પ્રસિદ્ધ છે. આ ત્રિપદીમાં જે 'वा' શબ્દનો પ્રયોગ થયેલ છે, તે વ્યવસ્થા અર્થમાં સમજવો. આ 'वा' શબ્દ 'स्यात्'શબ્દનો સમાનાર્થક જ જાણવો. **સ્યાદ્વાદમંજરી**માં **શ્રીમલ્લિષેણસૂરિજી**એ જણાવેલ છે કે 'स्यात्'શબ્દ અનેકાન્તદ્યોતક અવ્યય છે. **હૈમપ્રકાશવ્યાકરણ**માં ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી** મહારાજનો પણ આ જ અભિપ્રાય છે. તેથી પ્રસ્તુતમાં "તત્ત્વ શું છે ? તત્ત્વ કોને કહેવાય ? 'તત્ત્વ' શબ્દનો અર્થ શું ?" આ પ્રશ્નના જવાબમાં જે પ્રત્યુત્તર ત્રિપદી દ્વારા તીર્થંકર ભગવાને જણાવ્યો, તેનો અર્થ એવો ફલિત થાય છે કે 'कथञ्चिद् उत्पन्न इति, कथञ्चिद् विगत इति, कथञ्चिद् ध्रुव इति' આ પ્રમાણે 'तत्त्व' શબ્દનો અર્થ છે. અહીં 'इति' શબ્દનો ત્રણ વાર પ્રયોગ થયેલ છે. પ્રથમ 'इति' શબ્દ હેતુ અર્થમાં છે. બીજો 'इति' શબ્દ પ્રકારતા અર્થમાં છે. તથા તૃતીય 'इति' શબ્દ સમાપ્તિ અર્થમાં જાણવો.

---

* પુસ્તકોમાં '**उप्पन्ने**' પાઠ. કો.(૧૦)નો પાઠ લીધો છે.

1. भगवन् ! किं तत्त्वं ? **2**. उत्पन्न इति वा विगत इति वा ध्रुव इति वा।

तत एव कथञ्चिद् विगतः, अनुत्पन्नभावस्य ध्वंसाऽयोगात्। न चैतावतैव सम्पूर्णः तत्त्वपदार्थः प्रतिपादितः स्यात् किन्तु ध्रौव्योपदर्शन एव। ततश्च 'कथञ्चिदुत्पादहेतुक-कथञ्चिद्विनाशविशिष्टः कथञ्चिद् ध्रुवः सम्पूर्णः तत्त्वपदार्थ' इत्येवं त्रिपदीजन्यबोधोऽवसेयः।

न चैतत् स्वमनीषिकाविजृम्भितम्। यथोक्तम् **अनेकार्थसङ्ग्रहे** श्रीहेमचन्द्रसूरिभिः "इति स्वरूपे सान्निध्ये विवक्षानियमेऽपि च।। हेतौ प्रकार-प्रत्यक्ष-प्रकाशेष्ववधारणे। एवमर्थे समाप्तौ स्याद्" (अ.स.परिशिष्ट २८/२९) इति। **अनेकार्थनाममालायां धनञ्जयेन** अपि "हेतावेवं प्रकारादौ व्यवच्छेदे विपर्यये। प्रादुर्भावे समाप्तौ च 'इति'शब्दः प्रकीर्त्तितः।।" (अ.ना.मा.३९) इत्युक्तम्। **वैजयन्तीकोशे**ऽपि **यादवप्रकाशेन** "इति हेतु-प्रकरण-प्रकारादि-समाप्तिषु" (वै.को.८/७/१७) इत्युक्तम्। **अमरकोशे** तु "इति हेतु-प्रकरण-प्रकाशादि -समाप्तिषु" (अ.को.३/३/२४५) इत्युक्तम्। **विश्वप्रकाशे**ऽपि "इति प्रकरणे हेतौ प्रकाशादि-समाप्तिषु। निदर्शने प्रकारे स्यादनुकर्षे च सम्मतम्।।" (वि.प्र.) इत्युक्तम्। तदुक्तं **हलायुधकोशे अभिधानरत्नमाला**ऽपराऽभिधाने "इतिशब्दः स्मृतो हेतौ प्रकारादि-समाप्तिषु" (ह.को.५/१०१) इति। यथोक्तं **विश्वलोचने धरसेनेन**

તેથી અર્થઘટન આ પ્રમાણે થશે કે - 'तत्त्व' શબ્દનો અર્થ જે કારણે કથંચિત્ ઉત્પન્ન છે તે જ કારણે કથંચિત્ વિગત = વિનષ્ટ છે. કારણ કે જે ભાવ = વસ્તુ ઉત્પન્ન ન થાય તેનો વિનાશ થઈ શકતો નથી. પરંતુ આટલા માત્રથી જ 'तत्त्व' શબ્દનો સંપૂર્ણ અર્થ કહેવાઈ જતો નથી. કારણ કે ઉત્પન્ન થયેલ તમામ વસ્તુ નાશ પામી જાય તો શૂન્યવાદની આપત્તિ આવે. પરંતુ ધ્રૌવ્યને દેખાડવામાં આવે તો જ 'तत्त्व' પદાર્થ પરિપૂર્ણ બને. તેથી ત્રિપદીજન્ય બોધ આ પ્રમાણે થશે કે "કથંચિત્ ઉત્પત્તિહેતુક કથંચિત્ વિનાશથી વિશિષ્ટ કથંચિત્ ધ્રુવ વસ્તુ 'तत्त्व' શબ્દનો સંપૂર્ણ અર્થ છે." 'વિનાશવિશિષ્ટ' કહેવાથી 'વિનાશ પ્રકાર છે' - તેવું જણાવાય છે. તેથી બીજો 'इति' શબ્દ પ્રકારતા અર્થમાં જાણવો.

(न चै.) 'इति' શબ્દના આ ત્રણ અર્થ કાંઈ અમે અમારી સ્વતંત્ર બુદ્ધિથી કલ્પેલા નથી. પરંતુ વિવિધ કોશોમાં 'ઇતિ' શબ્દના આ ત્રણેય અર્થ દર્શાવેલા છે. **અનેકાર્થસંગ્રહકોશ**માં શ્રીહેમચંદ્રસૂરિવરે જણાવેલ છે કે "(૧) સ્વરૂપ, (૨) સાંનિધ્ય, (૩) વિવક્ષાનિયમ (કથનઈચ્છાનો સિદ્ધાન્ત), (૪) મત = સિદ્ધાન્ત, (૫) હેતુ, (૬) પ્રકાર, (૭) પ્રત્યક્ષ, (૮) પ્રકાશ, (૯) અવધારણ (= નિયમ), (૧૦) એવમર્થ = એ રીતે, (૧૧) સમાપ્તિ - આ અર્થમાં 'इति' વપરાય." **અનેકાર્થનામમાલા**માં **ધનંજય કવિ**એ જણાવ્યું છે કે "(૧) હેતુ, (૨) एवं = એ રીતે, (૩) પ્રકાર, (૪) આદિ, (૫) વ્યવચ્છેદ, (૬) વિપર્યય, (૭) પ્રાદુર્ભાવ અને (૮) સમાપ્તિ વગેરે અર્થમાં 'इति' શબ્દ કહેવાયેલ છે." **વૈજયન્તીકોશ**માં **યાદવ પ્રકાશજી**એ દર્શાવેલ છે કે "(૧) હેતુ, (૨) પ્રકરણ, (૩) પ્રકાર, (૪) આદિ, (૫) પૂર્ણાહુતિ વગેરે અર્થમાં 'इति' વપરાય." **અમરકોશ**માં તો "(૧) હેતુ, (૨) પ્રકરણ, (૩) પ્રકાશ, (૪) આદિ, (૫) સમાપ્તિ આદિ સ્થળે 'इति' વપરાય" - આમ જણાવેલ છે. **વિશ્વપ્રકાશકોશ**માં પણ બતાવેલ છે કે "(૧) પ્રકરણ, (૨) હેતુ, (૩) પ્રકાશન, (૪) આદિ, (૫) પૂર્ણતા, (૬) નિદર્શન, (૭) પ્રકાર તથા (૮) અનુકર્ષ વગેરે અર્થમાં 'इति' સંમત છે." **અભિધાનરત્નમાલાકોશ**માં = **હલાયુધકોશ**માં જણાવેલ છે કે 'ઇતિ શબ્દ (૧) હેતુ, (૨) પ્રકાર, (૩) આદિ, (૪) સમાપ્તિ અર્થમાં પ્રાચીન વિદ્વાનોને માન્ય છે.' દિગંબર વિદ્વાન **ધરસેન**જીએ પણ

अत एव "कृष्णः सर्पः" એ લૌકિકવાક્યઈ પણિ સ્યાચ્છબ્દ લેઈઈ છઈ.

अपि "इति हेतौ प्रकारे च प्रकाशाद्यनुकर्षयोः। इति प्रकरणेऽपि स्यात् समाप्तौ च निदर्शने।।" (वि.लो. अव्ययवर्ग-२१/पृ.४०९) इति। तदुक्तं **मङ्खकोशे**ऽपि "इति हेतु-प्रकरण-प्रकर्षादि-समाप्तिषु" (म.को.९८३) इति समाकलितशब्दानुशासन-कोशाऽऽगमादितात्पर्यैः भावनीयम्।

इत्थञ्च सर्वत्र स्यादर्थानुप्रवेशेनैव व्यवहारस्य प्रामाणिकत्वं सिध्यति। अत एव 'कृष्णः सर्पः अस्ति' इत्यादिषु लौकिकवाक्येष्वपि स्याद्वादिभिः स्याच्छब्दो गृह्यते। तथाहि – "वाक्येऽवधारणं

વિશ્વલોચનકોશમાં જણાવેલ છે કે "(૧) હેતુ (૨) પ્રકાર, (૩) પ્રકાશ, (૪) આદિ, (૫) અનુકર્ષ, (૬) પ્રકરણ, (૭) સમાપ્તિ, (૮) નિદર્શન (દેખાડવું) - આ અર્થમાં 'इति' શબ્દ વપરાય છે." **મંખકોશ**માં **મંખ કવિ**એ પણ જણાવેલ છે કે "(૧) હેતુ, (૨) પ્રકરણ, (૩) પ્રકર્ષ, (૪) આદિ, (૫) સમાપ્તિ વગેરે અર્થમાં 'इति' શબ્દ વપરાય છે." આ પ્રમાણે શબ્દાનુશાસન (= વ્યાકરણ), શબ્દકોશ, આગમ વગેરેનું તાત્પર્ય સારી રીતે જાણનારા વિદ્વાનોએ ત્રિપદીના અર્થની ઉપર જણાવ્યા મુજબ ઊંડાણથી ભાવના-અનુપ્રેક્ષા કરવી.

❀ ત્રિપદીગ્રહણ ❀

સ્પષ્ટતા :- ગણધર ભગવંત અને તીર્થંકર ભગવંત વચ્ચે સવાલ-જવાબ નીચે મુજબ જાણવા.

પ્રશ્ન :- 'હે ભગવંત ! તત્ત્વ શું છે ?'

જવાબ :- 'कथंचिद् उत्पन्न इति।'

'જો આ વિશ્વમાં બધું ઉત્પન્ન થયે જ રાખે તો દુનિયા એક દિવસ ઉત્પદ્યમાન વસ્તુથી છલકાઈ જશે.' ઈત્યાદિ વિચારણાથી ફરીથી ગણધર ભગવંત પરમાત્માને પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન :- 'હે ભગવંત ! તત્ત્વ શું છે ?'

જવાબ :- 'कथञ्चिद् विगत इति।'

'જો આ રીતે ઉત્પન્ન થયેલ બધી જ વસ્તુ કોઈને કોઈ સ્વરૂપે નાશ પામવાની હોય તો આ દુનિયામાં એક દિવસ શૂન્યાવકાશ સર્જાશે. શૂન્યતા તો પારમાર્થિક 'તત્ત્વ' ન જ કહેવાય ને ?' ઈત્યાદિ વિચારણાથી ગણધર ભગવંત ફરીથી પ્રભુને પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન :- 'હે ભગવંત તત્ત્વ શું છે ?'

જવાબ :- 'कथञ्चिद् ध्रुव इति।'

કોઈક સ્વરૂપે તત્ત્વ ઉત્પન્ન થાય છે તે જ કારણસર કોઈક સ્વરૂપે તત્ત્વ નાશ પામે છે. તથા સાપેક્ષ નાશવિશિષ્ટ તત્ત્વ કોઈક સ્વરૂપે ધ્રુવ છે. આ જ 'તત્ત્વ' શબ્દનો સંપૂર્ણ અર્થ છે. આ મુજબ ત્રિપદી દ્વારા થતો શબ્દશક્તિજન્ય શાબ્દબોધ અહીં અભિપ્રેત છે. અન્ય બાબત વ્યાખ્યાર્થમાં સ્પષ્ટ છે.

❀ લૌકિક વાક્યપ્રયોગમાં 'સ્યાત્' શબ્દપ્રયોગ આવશ્યક ❀

(इत्थञ्च.) આ રીતે સર્વત્ર 'સ્યાત્'શબ્દના અર્થનો ગર્ભિત રીતે પ્રવેશ કરવાથી જ વ્યવહાર પ્રામાણિક બની શકે. આ જ કારણસર 'કાળો સાપ છે' - ઈત્યાદિ લૌકિક વાક્યોમાં પણ સ્યાદ્વાદીઓ દ્વારા 'સ્યાત્'શબ્દને સમજી લેવામાં આવે છે. તે આ રીતે જાણવું - **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** ગ્રંથમાં **શ્રીવિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે કે 'વાક્યમાં સૌપ્રથમ અવધારણનો = ચોકસાઈપૂર્વકનો નિર્ણય તો અનિષ્ટ બાબતના નિવારણ

तावदनिष्टार्थनिवृत्तये। कर्तव्यमन्यथाऽनुक्तसमत्वात् तस्य कुत्रचिद्।।" (त.श्लो.वा.१/६/५३) इति **तत्त्वार्थश्लोकवार्तिके विद्यानन्दस्वामि**वचनाद् लौकिके आगमिके वा वाक्ये एवकारोऽवश्यं प्रयोज्यः, 'सर्वं वाक्यं सावधारणमि'ति न्यायोऽप्येतदर्थानुपाती द्रष्टव्यः।

अवधारणञ्च न यथेच्छं भवति किन्तु यथातात्पर्यम्, 'इष्टतोऽवधारणमि'ति न्यायात्। ततश्च प्रकृते 'सर्पः एव कृष्णः' इत्यवधारणं तु न भवितुमर्हति, तथानभिप्रायात्, सर्पान्यस्य केशादेरपि कृष्णवर्णतया विशेष्यसङ्गतैवकाराऽर्थस्याऽन्ययोगव्यवच्छेदस्य बाधाच्च।

क्रियापदसङ्गतैवकारस्तु अत्यन्ताऽयोगव्यवच्छेदार्थः प्रकृते नाऽभिमतः। न हि 'कृष्णः सर्पः अस्त्येवे'ति प्रतिपादयितुमत्रेष्टम्। किन्तु 'सर्पः कृष्ण एवे'त्येवमभिमतं वक्तुः।

માટે કરવો જ જોઈએ. જો તે માટે 'જ'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો વાક્ય બોલો તે પણ ક્યાંક ન બોલવા સમાન જ બની જાય છે.' તેથી વાક્ય લૌકિક હોય કે શાસ્ત્રીય હોય તો પણ તેમાં 'એવ'કારનો = 'જ'કારનો પ્રયોગ તો અવશ્ય કરવો જોઈએ. 'सर्वं वाक्यं सावधारणम्' આવો ન્યાય પણ આ જ બાબતને અનુસરે છે - તેમ સમજવું.

❋ અભિપ્રેત 'જ'કાર વિચાર ❋

(अव.) તથા 'જ'કારપૂર્વકનું અવધારણ મન ફાવે તેમ કરવાનું નથી. પણ વક્તાના અભિપ્રાય મુજબ જ કરવાનું છે. કારણ કે 'इष्टतः अवधारणम्' આવો ન્યાય છે. 'જે પ્રમાણે વક્તાને ઈષ્ટ હોય, અભિપ્રેત હોય તેને અનુસરીને પદાર્થનું 'જ'કારગર્ભિત અવધારણ કરવાનું હોય છે' - આ ઉપરોક્ત ન્યાયનો આશય છે. આથી ઉપરોક્ત બન્ને ન્યાયને અનુસરીને 'કાળો સાપ જાય છે' - આ સ્થળે અર્થનો ચોક્સાઈપૂર્વકનો નિર્ણય કરવા માટે 'જ'કારનો પ્રયોગ વક્તાના અભિપ્રાય મુજબ અવશ્ય કરવો જોઈએ - આટલું નક્કી થાય છે. પ્રસ્તુતમાં 'સાપ જ કાળો છે' - આ મુજબ 'જ'કારનો પ્રયોગ કરવો યોગ્ય નથી. કારણ કે વક્તાનો અભિપ્રાય તે મુજબ અર્થનું અવધારણ કરાવવાનો નથી. સાપ સિવાય વાળ, કસ્તુરી વગેરે અન્ય પણ કાળી ચીજ વિશ્વમાં વિદ્યમાન છે. તેથી વિશેષ્યસંગત 'એવ'કારનો = 'જ'કારનો અર્થ અન્યયોગવ્યવચ્છેદ અહીં બાધિત થાય છે. સર્પથી અન્ય વાળ વગેરેમાં કૃષ્ણવર્ણનો સંબંધ = યોગ વિદ્યમાન હોવાથી તેની બાદબાકી = વ્યવચ્છેદ બાધિત થાય છે.

❋ અત્યંતાયોગની બાદબાકી નિરર્થક ❋

(क्रिया.) તથા ક્રિયાપદસંગત એવકારનો અર્થ અત્યંતાયોગવ્યવચ્છેદ છે. પ્રસ્તુતમાં અત્યંતાયોગનો વ્યવચ્છેદ = બાદબાકી કરવામાં આવે તો અર્થ એવો થશે કે 'કાળો સાપ છે જ'. પરંતુ આ મુજબ પ્રતિપાદન કરવાનું કોઈ વિશેષ પ્રયોજન નથી. તેથી એવકારને ક્રિયાપદની સાથે ગોઠવવો વ્યાજબી નથી. પરંતુ અહીં વક્તાને એવું પ્રતિપાદન કરવું અભિપ્રેત છે કે 'જે સાપ છે તે કાળો જ છે' આ બાબતને જણાવવી હોય તો એમ કહી શકાય કે 'સાપ કાળાવર્ણવાળો જ છે' - વિશેષણસંગત એવકારનો ઉપરોક્ત રીતે અયોગવ્યવચ્છેદ અર્થ વક્તાને અભિપ્રેત છે.

જે માટઈ સર્પનઈ પૃષ્ઠાવચ્છેદઈ શ્યામતા છઈ,□ પણિ ઉદરાવચ્છેદઈ નથી. તથા સર્પમાત્રઈ કૃષ્ણતા નથી. શેષનાગ શુક્લ કહેવાઈ છઈ.

परं प्रकृते द्वौ विकल्पौ उपतिष्ठेते – (१) किं कस्मिंश्चित् सर्पे कात्स्न्र्येन कृष्णत्वविधानम् अभिमतं यदुत (२) सर्पत्वावच्छेदेन कृष्णत्वविधानम् ? प्रथमो विकल्पः तावद् बाधितार्थकः। न हि कश्चिदपि सर्पः सर्वात्मना कृष्णवर्णविशिष्टः, सर्पस्य पृष्ठदेशावच्छेदेन कृष्णत्वेऽपि उदरावच्छेदेन श्यामवर्णविरहात्। ततश्च 'सर्पः कृष्ण एवे'त्यवधारणं न युज्यते स्यात्पदानुपसन्दानेन।

न च द्वितीयविकल्पमङ्गीकृत्य सर्पत्वावच्छेदेन कृष्णत्वविधानं प्रकृते भवतु इति ***वाच्यम्,*** शेषनागादेः शुक्लादित्वेन उपलब्धेः सर्पत्वावच्छेदेन कृष्णवर्णस्य बाधितत्वात्।

इदञ्चात्रावधेयम् – शेषनागः श्यामोऽपि भवति, शुक्लोऽपि भवति। वासुकिस्तु शुक्ल एव भवति। तक्षकसर्पः रक्तः महापद्मसर्पश्चाऽतिशुक्ल इति। तदुक्तं **श्रीहेमचन्द्रसूरिभिः अभिधानचिन्तामणिनाममालायां** "स च श्यामोऽथवा शुक्लः सितपङ्कजलाञ्छनः। वासुकिस्तु सर्पराजः श्वेतो नीलसरोजवान्।।" (अ.चि.ना.मा.कां.४/श्लो.१३०८), "तक्षकस्तु लोहिताङ्गः स्वस्तिकाङ्कितमस्तकः। महापद्म-

✡ अयोगव्यवच्छेद विकल्पद्वयपराहत ✡

(परं.) પરંતુ અહીં બે વિકલ્પ ઉપસ્થિત થાય છે કે (૧) કોઈક સાપમાં શું સંપૂર્ણતયા કૃષ્ણવર્ણનું વિધાન કરવું અભિપ્રેત છે ? કે (૨) સર્પત્વાવચ્છેદેન (= સર્વ સર્પમાં) શ્યામવર્ણનું વિધાન કરવું અભિપ્રેત છે ? પ્રથમ વિકલ્પનો તો અર્થ બાધિત જ છે. કારણ કે સર્પ સંપૂર્ણતયા કાળો નથી હોતો. કોઈ પણ સાપ પૃષ્ઠભાગમાં કાળો હોવા છતાં પણ પેટના ભાગમાં કાળો નથી. તેથી 'સાપ કાળો જ છે' - આવું અવધારણ 'સ્યાત્' શબ્દના પ્રયોગ વિના કરવું યુક્તિસંગત બનતું નથી.

શંકા :- (न च.) વિવક્ષિત સાપ સંપૂર્ણતયા કાળો ભલે ન હોય. પરંતુ 'તમામ સાપ કાળાવર્ણવાળા હોય છે' - આ બીજા વિકલ્પનો સ્વીકાર કરીને સર્પત્વઅવચ્છેદેન કૃષ્ણવર્ણનું વિધાન થવા દો.

❀ सर्पत्वावच्छेदेन कृष्णवर्ण बाधित ❀

समाधान :- (शेष.) આ વાત વ્યાજબી નથી. કારણ કે તમામ સાપ કાળાવર્ણવાળા હોતા નથી. શેષનાગ વગેરે સફેદ વર્ણને પણ ધારણ કરે છે. તેથી સર્પત્વઅવચ્છેદેન કૃષ્ણવર્ણ બાધિત થાય છે.

♆ शेषनागना बे प्रकार ♆

(इदञ्चा.) અહીં એક વાત ખાસ ખ્યાલમાં રાખવી કે શેષનાગ કાળાવર્ણવાળો પણ હોય છે તથા શ્વેતવર્ણવાળો પણ હોય છે. 'વાસુકી' નામનો સાપ તો શ્વેત જ હોય છે. 'તક્ષક' નામનો સાપ લાલ હોય છે. મહાપદ્મ નામનો સાપ અત્યંત સફેદ હોય છે. કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજે **અભિધાનચિંતામણિનામમાલા** ગ્રંથમાં જણાવેલ છે કે 'શેષનાગ કાળો અથવા સફેદ હોય છે. તેનું ચિહ્ન શ્વેત કમળ છે. વાસુકી નાગ સર્પોનો રાજા છે. તેનો વર્ણ શ્વેત છે. તથા તેનું ચિહ્ન નીલકમલ છે.

□ પુસ્તકોમાં 'પણિ' નથી. આ.(૧)માં છે. કો.(૧૧)માં 'પિણ' પાઠ.

તે માટઈ વિશેષણ-વિશેષ્યનિયમાર્થ જો સ્યાચ્છબ્દ પ્રયોગ છઈ,

स्त्वतिशुक्लो दशबिन्दुकमस्तकः।।" (अ.चि.ना.मा.का.४/१३०९) इत्यादि। 'सः = शेषनागः'।

ततश्च प्रकृते 'स्यात् कृष्ण एव सर्पो भवती'त्येवं स्यात्कारगर्भो वाक्यप्रयोगः सर्पत्व-सामानाधिकरण्येन कार्यः। पृष्ठदेशाद्यपेक्षायाः स्यात्पदेनाऽत्रोल्लेखात् 'पृष्ठावयवावच्छेदेन कृष्ण एव सर्पविशेषो भवती'ति बोधः। यद्वा विशेषणवाचकपदोत्तरैवकारस्याऽत्राऽयोगव्यवच्छेदप्रयोजनत्वात् 'पृष्ठावयवावच्छिन्नकृष्णवर्णसम्बन्धाऽभावाऽभावविशिष्ट एकत्वविशिष्टः सर्पविशेषो भवती'ति बोधो निराबाधतयाऽत्र सङ्गच्छते। तस्माल्लौकिकेऽपि वाक्यप्रयोगे प्रातिस्विकविशेषण-विशेष्यभावनियमनार्थं सम्यग्दृशा स्याच्छब्दोऽवश्यं प्रयुज्यत इति सिद्धम्। "प्रयोजनवशाद् एकपर्यायग्रहेऽपि याथात्म्याऽभ्युपगमस्य निरुपप्लवत्वात् सम्यग्दृशो न ज्ञानं प्रच्यवते" (ज्ञाना.तरङ्ग-३/श्लो.१७) इत्यादिकं **ज्ञानार्णवाद्** विज्ञेयम्।

તક્ષક સાપનું શરીર લાલ છે. તેના મસ્તક ઉપર સ્વસ્તિકનું ચિહ્ન છે. મહાપદ્મ સાપ તો અત્યંત શ્વેતવર્ણવાળો છે. તેના મસ્તક ઉપર દશ ટપકાં છે.' ઈત્યાદિ બાબત દ્વારા સ્પષ્ટ થાય છે કે બધા જ સાપ કાળા હોય તેવો નિયમ નથી. તેથી સર્પત્વઅવચ્છેદેન કાળા વર્ણનું વિધાન બાધિત થાય છે.

❋ अयोगव्यवच्छेद विचारणा ❋

(ततश्च.) તેથી પ્રસ્તુતમાં 'स्यात् कृष्ण एव सर्पः' આ પ્રમાણે સ્યાત્કારગર્ભિત = કથંચિત્પદવાળા વાક્યનો જ પ્રયોગ સર્પત્વસામાનાધિકરણ્યથી (= સર્પત્વઆશ્રય અમુક સર્પની અપેક્ષાએ) કરવો જોઈએ. સ્યાત્કાર = કથંચિત્પદ સર્પની પીઠનો ભાગ વગેરેની અપેક્ષાનો જ્ઞાપક છે. તેથી ઉપરોક્ત વાક્ય દ્વારા એવો શાબ્દબોધ શ્રોતાને થશે કે 'પૃષ્ઠભાગઅવચ્છેદેન અમુક સાપ કાળાવર્ણવાળો જ છે.' અથવા નવ્યન્યાયની પરિભાષામાં જણાવવું હોય તો એમ કહી શકાય કે 'स्यात् कृष्ण एव सर्पः' આ વાક્યમાં 'एव' શબ્દ વિશેષણવાચક પદની પાછળ ગોઠવાયેલ છે. તેથી તેનું પ્રયોજન અયોગવ્યવચ્છેદ છે. યોગ એટલે સંબંધ. અયોગ એટલે સંબંધનો અભાવ. તથા વ્યવચ્છેદ એટલે બાદબાકી અર્થાત્ અભાવ. મતલબ કે વિશેષ્યમાં વિશેષણના સંબંધના અભાવનો નિષેધ કરવાના પ્રયોજનથી પ્રસ્તુત એવકાર પ્રયોજાયેલ છે. અહીં વિશેષ્ય છે વિવક્ષિત સાપ. વિશેષણ છે કૃષ્ણવર્ણ. તેથી 'પૃષ્ઠઅવયવઅવચ્છિન્ન કૃષ્ણવર્ણસંબંધ-અભાવના અભાવવાળો એકત્વસંખ્યાવિશિષ્ટ વિવક્ષિત સાપ છે' - આ પ્રમાણે થતો શાબ્દબોધ પ્રસ્તુતમાં નિરાબાધપણે સંગત થઈ શકે છે. તેથી લૌકિક પણ વાક્યપ્રયોગમાં ચોક્કસ પ્રકારના વિશેષણ-વિશેષ્યભાવના નિયમન માટે સમકિતી સાધક 'स्यात्' કે 'કથંચિત્' શબ્દનો અવશ્ય પ્રયોગ કરે છે. આટલું સિદ્ધ થાય છે. સર્પાદિમાં પ્રયોજનવશ એકાદ પર્યાયનું જ્ઞાન કરવા છતાં પણ તેમાં રહેલા અનંતા ગુણધર્મોનો સ્વીકાર, વિના ખચકાટે, સમ્યગ્દૃષ્ટિના અભિપ્રાયમાં અવશ્ય હોવાના લીધે સમકિતી જીવનું જ્ઞાન નષ્ટ થતું નથી. આ બાબત **જ્ઞાનાર્ણવ** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ જણાવેલ છે. આ અંગે અધિક જાણકારી વિજ્ઞ વાચકવર્ગે ત્યાંથી મેળવી લેવી.

સ્પષ્ટતા :- 'स्यात्' શબ્દ પૃષ્ઠઅવયવનો અવચ્છેદક તરીકે બોધ કરાવવાના અભિપ્રાયથી પ્રયોજાયેલ છે. તેનો અન્વય કૃષ્ણવર્ણમાં કરવાનો છે. તેથી પૃષ્ઠઅવયવઅવચ્છિન્નકૃષ્ણવર્ણસંબંધાભાવસ્વરૂપ અયોગનો

તો ત્રિપદી મહાવાક્ય પણિ ♦સ્યાત્કારગર્ભ જ સંભવઈ ▸છઇ. ઈતિ ૧૩૭મી ગાથાર્થ સંપૂર્ણ.◂ ॥૯/૪॥

यदि च लौकिकोऽपि वाक्यप्रयोगः स्यात्कारगर्भ एव सङ्गच्छते तर्हि 'उप्पन्ने इ वा, विगए इ वा, धुवे इ वा' इति त्रिपदी तु महावाक्यतया सुतरां स्यात्कारगर्भैव सम्भवति, तथैव सङ्गच्छते चेत्यनुपदमेवोक्तमिति विभावनीयं सुधीभिः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अभिन्नोपादानकारणेऽवस्थानात् समकालीनत्वाच्च उत्पादादयः अभिन्नाः विभिन्नकार्यजननशक्तिमत्त्वाच्च भिन्नाः' इति राद्धान्त आत्मगुणादिष्वपि योज्यः। ज्ञान-दर्शन-चारित्रानन्दादयो गुणा एकात्मनिष्ठत्वादभिन्नाः स्युः, यदि परं समकालीना भवेयुः। ज्ञान-दर्शनोत्पादेऽपि चारित्राद्यनुदयकाले ज्ञानादिः चारित्राद्यभिन्नः न स्यात्। एवं रत्नत्रयप्रादुर्भावेऽपि आत्मानन्दाननुभवे कैवल्यानुदये च रत्नत्रयस्य नानन्द-केवलज्ञानाद्यभेदः स्यात्। सर्वात्मगुणाऽभेदाऽसिद्धौ न सिद्धिसम्भवः। ततश्च सर्वेण मुमुक्षुप्रभृतिना अनाविर्भूतगुणाविर्भावेन प्रादुर्भूतगुणाऽभेदं प्रसाध्य उपरितनसकलगुणप्रादुर्भावकृते सततं यतनीयम्। एवं बोध-रुचिप्रभृतिविभिन्नकार्यजननशक्तिमत्त्वेन

व्यवच्छेद = अभाव विवक्षित सापमां दर्शाववो अहीं अभिप्रेत छे. 'नीलो घटः' - आ स्थळे विवक्षित ज घडामां नीलरूपविशिष्टनो अभेद दर्शावाय छे, दुनियाना तमाम घडामां नहि. तेम अहीं विवक्षित सर्पमां ज अयोगव्यवच्छेद मान्य छे, सर्व सर्पोमां नहि. बाकीनो अर्थ व्याख्यार्थमां स्पष्ट छे.

❋ लौकिक-लोकोत्तरवाक्य 'स्यात्'पदगर्भित ❋

(यदि च.) जो लौकिक पण वाक्यप्रयोग 'स्यात्' = 'कथंचित्' पदथी गर्भित होय तो ज संगत थाय तो 'उप्पन्ने इ वा, विगए इ वा, धुवे इ वा' आ प्रमाणे तीर्थंकरप्रदत्त त्रिपदी तो महावाक्य स्वरूप होवाना लीधे सुतरां 'स्यात्'पदथी गर्भित ज संभवी शके अने स्यात्पदगर्भितरूपे ज संगत थई शके. आ वात हमणां ज जणावी गया छीओ. ते रीते तेना विशे विशेषप्रकारे बुद्धिशाळीओ विचार करवो.

❋ प्रगट गुणोमां ज परस्पर अभेद ❋

आध्यात्मिक उपनय :- 'एक उपादानकारणमां रहेवाथी तथा समकालीन होवाथी उत्पादादि त्रण अभिन्न छे अने विभिन्नकार्यजननशक्तिनी दृष्टिओ उत्पादादि त्रण भिन्न छे' - आ वात आत्मगुण, वगेरेमां पण लागु पडे छे. ज्ञान, दर्शन, चारित्र, आनंद आदि गुणो आत्मामां रहेवाथी अभिन्न छे. परंतु ते समकालीन होवा जरूरी छे. ज्ञान, दर्शन गुण उत्पन्न थवा छतां जो चारित्र के आनंद गुण प्रगट थयेल न होय तो ज्ञानादि चारित्रादिथी अभिन्न बनी न शके. रत्नत्रय प्रगट थवा छतां आत्माना आनंदनो अनुभव न थाय के केवलज्ञानादि प्रगट न थाय तो आनंदथी के केवलज्ञानादिथी रत्नत्रयनो अभेद थई न शके. तथा सर्व आत्मगुणोनो अभेद न थाय तो मोक्ष थई न शके. तेथी प्रत्येक मुमुक्षुओ, मुनिओ अप्रगट गुणोने प्रगट करी, प्राप्त तमाम गुणो साथे तेनो अभेद करी उपली भूमिकाना सर्व गुणोने प्रगटावववा माटे प्रयत्नशील रहेवुं जोईओ. आवो आध्यात्मिक संदेश अहीं प्राप्त थाय छे. तथा बोध, रुचि वगेरे विभिन्न कार्यने उत्पन्न करवानी शक्ति धरावनार होवाथी ज्ञान,

---

▸...◂ चिह्नद्वयमध्यवर्ती पाठ पुस्तकोमां नथी. ला.(२)मां छे. ♦ (२)मां 'स्यात्कारभाजी' पाठ.

ज्ञान-दर्शनादीनां मिथोभेदाद् एकसत्त्वेऽपि प्रमादादिना अन्यगुणनाशः सम्भवतीति ज्ञात्वा 'एकगुण-सत्त्वेऽपि सर्वगुणानामभेदात् सर्वे एव मदीया गुणाः प्रकटरूपेण सन्ति एवे'ति भ्रान्त्या न मदितव्यमात्मार्थिनेत्युपदेशः।

तदनुसरणेनैव **उपमितिभवप्रपञ्चायां कथायां सिद्धर्षिगणि**वर्णितं सिद्धस्वरूपं लघु सम्पद्येत। तदुक्तं तत्र "न मृत्युर्न जरा नाऽर्तिर्न शोको नाऽरतिर्न भीः। न बुभुक्षा पिपासा च, न च केचिद् उपद्रवाः।। स्वाभाविकं निराबाधम्, स्वाधीनम् उपमाऽतिगम्। अनन्तं योगिगम्यं च, सुखमेव हि केवलम्।। अनन्तानन्द -सद्वीर्य-ज्ञान-दर्शनपूरितः। सततं मोदते धन्यः, तस्यां निःशेषितक्रियः।।" (उ.भ.प्र.क. प्र.६, श्लो.५८४, ५८५, ५८९/भाग-३/पृ.६९-७०) इति।।९/४।।

દર્શન આદિ પરસ્પર ભિન્ન પણ છે. તેથી એક ગુણ ટકે તો પણ પ્રમાદના લીધે અન્ય ગુણ નાશ પામે તેવી સંભાવના રવાના થતી નથી. તેથી 'પ્રાપ્ત ગુણોનો પરસ્પર અભેદ થઈ જવાથી એક પણ ગુણ ટકે તો મારા બધા જ ગુણો પ્રગટપણે ટકશે' - આવી ગેરસમજમાં સાધકે મુસ્તાક ન બનવું જોઈએ. આવો આધ્યાત્મિક સંદેશ પણ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે.

અન્વય-વ્યતિરેકથી સિદ્ધસ્વરૂપને સમજીએ

(तदनु.) તે ઉપદેશને અનુસરવાથી જ **ઉપમિતિભવપ્રપંચા કથા**માં શ્રીસિદ્ધર્ષિગણીએ વર્ણવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી સંપન્ન થાય. ત્યાં જણાવેલ છે કે "નિવૃત્તિ નગરીમાં (૧) મૃત્યુ નથી, (૨) ઘડપણ નથી, (૩) પીડા નથી, (૪) શોક નથી, (૫) અરતિ નથી, (૬) ભય નથી, (૭) ભૂખ નથી, (૮) તરસ નથી, (૯) કોઈ પણ પ્રકારના ઉપદ્રવ નથી. ત્યાં (૧) સ્વાભાવિક, (૨) પીડારહિત, (૩) સ્વાધીન, (૪) નિરુપમ, (૫) અનંત, (૬) યોગિગમ્ય એવું માત્ર સુખ જ છે. જેમની તમામ ક્રિયાઓ (કાર્યો) પૂર્ણ થઈ ચૂકેલ છે એવા ધન્ય સિદ્ધ ભગવંત તે મુક્તિપુરીમાં સતત પ્રસન્ન રહે છે. તે સિદ્ધાત્મા (૧) અનંત આનંદ, (૨) અનંત તાત્ત્વિકશક્તિ, (૩) અનંત જ્ઞાન અને (૪) અનંત દર્શનથી પરિપૂર્ણ હોય છે." (૯/૪)

લખી રાખો ડાયરીમાં.....

- **પરિપક્વતાની ગેરહાજરીમાં સાધના બીજાને તરછોડે છે. ઉપાસના પ્રેમથી બધું છોડે છે.**
- **સત્ય પોતાના પક્ષે હોય તો બુદ્ધિને ન્યાયમાં રસ છે. કારણ બુદ્ધિને બીજાનો દીવડો ઓલવી પોતાનો દીવડો સળગતો રાખવો છે.**
  શ્રદ્ધાને સમાધાનમાં રસ છે. બન્ને ઘરમાં દીવડા પેટેલા રહે તેવી શ્રદ્ધાની અભિરુચિ છે.

બહુ♦કાર્ય કારણ એક જો, કહિઈ તે દ્રવ્યસ્વભાવ* રે;
તો કારણ✡ભેદાભાવથી, હુઈ ♦કાર્યભેદાભાવ રે ॥૯/૫॥ (૧૩૮) જિન.

હવઈ જો ઇમ (કહિઈ=) ♦કહસ્યો "જે (બહુકાર્યકારણ) હેમદ્રવ્ય એક જ અવિકૃત (તે દ્રવ્યસ્વભાવ) છઈ, વિકાર તો મિથ્યા છઈ.

उत्पादादिपर्यायाणां मिथ्यात्वमाशङ्क्य प्रतिविधत्ते - '**विविधे**'ति।

विविधकार्यकार्येको द्रव्यस्वभाव एव चेत्?।
तर्हि स्वहेत्वभेदात् स्यात् कार्यभेदो ह्यसङ्गतः।।९/५।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - विविधकार्यकारी द्रव्यस्वभाव एक एव चेत्, तर्हि स्वहेत्वभेदात् कार्यभेदो असङ्गतः हि स्यात्।।९/५।।

अथाऽविकृतमेकं हेमद्रव्यमेव पारमार्थिकम्, कुम्भव्ययादिपर्यायास्तु विकारत्वाद् मिथ्या।

न चैवं सति केवलं माध्यस्थ्यमेव स्यात्, न तु शोक-हर्षौ, तज्जनककुम्भव्ययादीनां मिथ्यात्वेनाऽकिञ्चित्करत्वादिति ***वाच्यम्,***

अवतरणिका :- 'उत्पाद, व्यय वगेरे पर्यायो मिथ्या छे' - आवी शंका करीने तेनुं निराकरण ग्रंथकारश्री करी रह्या छे :-

श्लोकार्थ :- 'विविध कार्यने करनारो द्रव्यस्वभाव एक ज छे' - आवुं जो कहो तो स्वहेतुअभेद होवाथी (= कारणभेद न होवाथी) कार्यभेद असंगत थई जशे. (९/५)

व्याख्यार्थ :- अहीं द्रव्यवादी विद्वानो पर्यायनो अपलाप करता पोतानो मत नीचे मुजब जणावे छे.

❋ सुवर्ण द्रव्य ज पारमार्थिक : पूर्वपक्ष ❋

पूर्वपक्ष :- (अथा.) अविकारी एक सुवर्णद्रव्य ज पारमार्थिक सत् छे. घट, मुगट वगेरे पर्यायो तो विकृतिस्वरूप होवाथी मिथ्या छे. मतलब ए छे के जे पारमार्थिक सत् वस्तु होय तेमां कोई फेरफार न थाय, विकार न थाय. पर्याय तो फेरफार पामे छे. तेथी विकारी छे, अपारमार्थिक छे, मिथ्या छे. सुवर्णद्रव्य ज स्थिर छे, अविकारी छे, पारमार्थिक छे.

पर्यायवादी :- (न चै.) जो द्रव्य ज पारमार्थिक होय, वास्तविक होय तो ते नित्य अपरिवर्तनशील होवाथी तेना निमित्ते व्यक्तिने माध्यस्थ्य भाव ज प्रगटशे. केम के शोकादिजनक कुंभनाशादि पर्याय तो तमारा मते मिथ्या छे. मिथ्या वस्तु अकिंचित्कर छे, कशुं पण करवाने समर्थ नथी. तेथी तेना द्वारा हर्ष के शोक उत्पन्न थवानो कोई प्रश्न ज नथी. तथा अविकारी सुवर्णद्रव्यना उत्पाद-व्यय थता न होवाथी सुवर्णद्रव्यना निमित्ते पण कोईने हर्ष-शोक उत्पन्न थई नहि शके. तेथी द्रव्यवादीना मते विश्वमां कोईने पण हर्ष-शोक थई नहि शके. परंतु हर्ष-शोक लोकोने थाय तो छे ज. तेथी तेनी संगति माटे पर्यायने पण वास्तविक मानवा जरूरी छे.

♦ पुस्तकोमां 'કારય' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. * P(૨)માં 'વિભાવ' પદ. ✡ કો.(૧૩)માં 'કારય' અશુદ્ધ પાઠ. ♦ પુસ્તકોમાં 'કહિઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

શોકાદિકાર્યત્રયજનનૈકશક્તિસ્વભાવ તે છઇ, તે માટઇં તેહથી શોકાદિક કાર્યત્રય થાઇ છઇ□ - **તો (કારણભેદાભાવથી કાર્યભેદાભાવ હુઈ.)** કારણના ભેદ વિના કાર્યનો ભેદ કિમ થાઇ? સ્વેષ્ટસાધન તે પ્રમોદજનક. સ્વાનિષ્ટસાધન તે શોકજનક. તદુભયભિન્ન તે માધ્યસ્થ્યજનક.

सुवर्णस्य शोक-प्रमोद-माध्यस्थ्यलक्षणकार्यत्रितयजननैकशक्तिमत्त्वस्वभावाऽभ्युपगमात्, तादृशस्वभाववशादेवैकस्मात् सुवर्णद्रव्यात् शोकादिककार्यत्रिकोत्पादसम्भवे बाधकाऽभावात् कमल-कीटकादिजनकपङ्कवदिति **विविधकार्यकारी** = शोकादिनानाकार्यजनकः **एक एव द्रव्यस्वभावः** = हेमद्रव्यस्वभावः स्वीकर्तुं युज्यत इति **चेत्** ?

तर्हि = कारणस्यैकस्वभावशालित्वे **स्वहेत्वभेदात्** = कार्यहेतुभेदं विना **कार्यभेदः** = शोकादिकार्यविशेषः **असङ्गतः** = अयुक्तो **हि** = एव **स्याद्** = भवेत्, यतः स्वेष्टसाधनस्य प्रमोदजनकत्वम्, स्वाऽनिष्टसाधनस्य शोकजनकत्वं तदुभयभिन्नस्य च माध्यस्थ्यजनकत्वं समस्ति। ततश्च

❀ એક સ્વભાવથી અનેકકાર્યજન્મ વિચાર ❀

द्रव्यवादी :- (**सुवर्णस्य.**) તમારી આ વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે પર્યાય મિથ્યા હોવા છતાં પણ પારમાર્થિક અવિકારી નિત્ય એક જ દ્રવ્ય દ્વારા હર્ષ-શોક-માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ વિલક્ષણ કાર્ય ઉત્પન્ન થઈ શકે છે. કારણ કે અમે દ્રવ્યવાદી હર્ષ વગેરે ત્રણ કાર્યને ઉત્પન્ન કરનાર એક શક્તિમત્ત્વ સ્વભાવ સુવર્ણદ્રવ્યમાં માનીએ છીએ. તથાવિધ એકસ્વભાવવાળા સુવર્ણ દ્રવ્યથી જ શોક-હર્ષ વગેરે ત્રણેય કાર્ય ઉત્પન્ન થવામાં કોઈ બાધક નથી. કેમ કે એક જ કાદવમાંથી કમળ, કીડા વગેરે અનેક વિલક્ષણ કાર્યો ઉત્પન્ન થાય જ છે. તેથી શોક-હર્ષ વગેરે અનેક કાર્યને કરવાના એક જ સ્વભાવવાળું સુવર્ણદ્રવ્ય માનવું યોગ્ય છે. તેથી 'પર્યાયમાત્ર મિથ્યા છે અને કેવલ અવિકારી ધ્રુવ દ્રવ્ય જ પારમાર્થિક સત્ તત્ત્વ છે' - આવો અમારો સિદ્ધાન્ત ત્રિકાલઅબાધિત રહે છે.

❀ પર્યાય પણ પારમાર્થિક : ઉત્તરપક્ષ ❀

उत्तरपक्ष :- (**तर्हि.**) જો હર્ષ-શોક વગેરે કાર્યોને ઉત્પન્ન કરનાર સુવર્ણ દ્રવ્યનો એક જ સ્વભાવ માનવામાં આવે તો કાર્યના હેતુમાં ભેદ ન પડવાથી શોક-હર્ષ વગેરે વિભિન્ન કાર્ય પણ ઉત્પન્ન થઈ નહિ શકે. કારણભેદ વિના કાર્યભેદ (= કાર્યમાં વિશેષતા = કાર્યમાં વિલક્ષણતા) યુક્તિસંગત થઈ ન શકે. કારણ કે પોતાને જે વસ્તુ ગમે તેનું (= ઈષ્ટનું) સાધન = કારણ હોય તે પ્રમોદજનક બને છે. દા.ત. ઈષ્ટ ભૂખશમનનું સાધન મીઠાઈ આનંદજનક બને છે. પોતાને જે અનિષ્ટ હોય, જે ગમતું ન હોય તેનું સાધન = કારણ જે હોય તે શોકજનક બને છે. દા.ત. અનિષ્ટ એવા દુઃખનું સાધન કંટકભક્ષણ શોકજનક બને છે. તથા જે વસ્તુ ઈષ્ટસાધનથી અને અનિષ્ટસાધનથી ભિન્ન હોય તે માધ્યસ્થ્યજનક બને છે. દા.ત. આકાશ-અલોકાકાશ નથી ઈષ્ટસાધન કે નથી અનિષ્ટસાધન. તેથી તે મધ્યસ્થતાનું કારણ બને છે. પરંતુ જો સુવર્ણ આદિ દ્રવ્યનો સ્વભાવ એક જ હોય તો તેનાથી કઈ

● લા.(૨)માં 'त्रयद्रव्यजन...' પાઠ. □ ફક્ત કો.(૧૧)માં અહીં 'ઈત્યાદિ અર્થ બુદ્ધિપરીક્ષાયૈ જાણવું' - આટલો અધિક પાઠ છે તથા તે બિનજરૂરી જણાય છે.

એ ત્રિવિધ કાર્ય એકરૂપથી કિમ હોઈ ?
શક્તિ પણિ *દૃષ્ટાનુસારઈં કલ્પિઈં છઈ.
નહીં તો 'અગ્નિસમીપઈ જલ દાહજનનસ્વભાવ' ઇત્યાદિક કલ્પતાં પણિ કુણ ❖નિષેધ કરઈ છઈ ?

कस्मादेकस्मादेव स्वभावात् प्रमोद-शोक-माध्यस्थ्यलक्षणकार्यत्रितयजननं सम्भवेत् ? एवं हि येन स्वभावेन सुवर्णस्य शोकजनकत्वं तेनैव प्रमोदजनकत्वे तु शोकस्थलेऽपि प्रमोदः स्यादिति विपर्ययो भवेत्। न चैवं शक्तिकल्पना युज्यते, शक्तेरपि दृष्टानुसारेणैव कल्पनात्।

दृष्टविपर्ययेणाऽपि शक्तिकल्पनायाः प्रामाणिकत्वे तु 'वह्निसन्निधौ जलस्य दाहजननशक्ति-स्वभावः वह्नेश्चाऽप्सन्निधौ शैत्यजननशक्तिस्वभाव' इत्यादिरूपेण कल्पयन्तं कः प्रतिषेधयेत् ?

यतः विप्रकृष्टोऽप्ययस्कान्तः लोहाकर्षादिस्वकार्यकरणशीलो दृश्यत एव इति **योगदृष्टिसमुच्चये**

રીતે પ્રમોદ-શોક-માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ વિલક્ષણ કાર્યની ઉત્પત્તિ થઈ શકે ? જો એક જ સ્વભાવથી સુવર્ણદ્રવ્ય પ્રમોદ આદિ કાર્યનું જનક હોય તો એનો અર્થ એ ફલિત થશે કે જે સ્વભાવથી સુવર્ણદ્રવ્ય શોકજનક છે તે જ સ્વભાવથી તે પ્રમોદાદિજનક છે. તથા જે સ્વભાવથી સોનું શોકજનક હોય તે જ સ્વભાવથી તે પ્રમોદજનક હોય તો સુવર્ણઘટનાશ થતાં ઘટાર્થીને શોક થવાના અવસરે પણ પ્રમોદ ઉત્પન્ન થશે. આ પ્રમાણે કાર્યવિપર્યાસની આપત્તિ આવશે. પરંતુ આ રીતે તો શક્તિની કલ્પના થઈ ન શકે. શક્તિની પણ કલ્પના હંમેશા પ્રત્યક્ષ પ્રમાણથી ઉપલબ્ધ હકીકત અનુસારે જ થઈ શકે.

(દૃષ્ટ.) પ્રત્યક્ષ પ્રમાણથી જે સત્ય હકીકત ઉપલબ્ધ થાય તેનાથી વિપરીત રીતે પણ થતી શક્તિની કલ્પનાને જો પ્રામાણિક માનવામાં આવે તો કોઈ માણસ એવી કલ્પના કરે કે 'પાણીનો બાળવાનો સ્વભાવ છે. અગ્નિનો ઠારવાનો સ્વભાવ છે' - તો આવી કલ્પનાને પણ પ્રામાણિક માનવી પડશે.

શંકા :- પાણીનો સ્વભાવ તો ઠારવાનો જ છે, બાળવાનો નહિ. તથા અગ્નિનો સ્વભાવ બાળવાનો જ છે, ઠારવાનો નહિ. આ વાતની બધા માણસોને ખબર છે. તેથી 'પાણીનો બાળવાનો સ્વભાવ છે તથા અગ્નિનો ઠારવાનો સ્વભાવ છે' આવી અદૃષ્ટ કલ્પના / દૃષ્ટવિપરીત કલ્પના કઈ રીતે માન્ય થઈ શકે ? જે કલ્પનાનો પ્રત્યક્ષથી જ વિરોધ દેખાતો હોય તેને પ્રામાણિક ન જ માની શકાય.

❀ દૃષ્ટાનુસાર કલ્પના ગ્રાહ્ય ❀

સમાધાન :- (यतः.) તમારી શંકાના નિવારણ માટે વિતંડાવાદી એમ કહી શકે કે 'પાણીનો બાળવાનો સ્વભાવ અગ્નિના સાન્નિધ્યમાં જ છે. અગ્નિની બાજુમાં પાણી રહેલ હોય અને અગ્નિમાં હાથ નાંખવામાં આવે તો અગ્નિ નહિ પણ અગ્નિસમીપવર્તી પાણી બાળવાનું કામ કરે છે. તથા અગ્નિનો ઠારવાનો સ્વભાવ પાણીના સાન્નિધ્યમાં જ છે. પાણીની બાજુમાં અગ્નિ રહેલો હોય અને પાણીમાં હાથ નાંખવામાં આવે ત્યારે પાણી નહિ પણ જલસન્નિહિત અગ્નિ જ ઠારવાનું કામ કરે છે.' આ પ્રમાણે વિતંડાવાદી કહે તો તમે તેના સમાધાનમાં શું કહી શકો ? કાંઈ નહિ. પ્રસ્તુત વિતંડાવાદીને કોઈ અટકાવી શકે નહિ. કારણ કે દૂર રહેલ પણ લોહચુંબક લોખંડને આકર્ષવા સ્વરૂપ પોતાના કાર્યને કરે જ છે. આ

---

* દૃષ્ટાન્તાનુસારે. પાલિ૦ તર્કણા૦ ❖ પુસ્તકોમાં 'નિષેધક' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

तस्मात् શક્તિભેદે કારણભેદ કાર્યભેદાનુસારઇં અવશ્ય અનુસરવો.

(શ્લો.૯૩-૯૪) व्यक्तम्। तस्मात् कार्यभेदानुसारेण शक्तिभेदात् कारणभेदोऽवश्यमङ्गीकर्तव्यः।

तदुक्तं **यशोविजयवाचकैः द्वात्रिंशिकाप्रकरणवृत्तौ** "कार्यस्वभावभेदे कारणस्वभावभेदः सर्वत्राऽप्यावश्यकः, अन्यथा हेत्वन्तरसमवधानस्याऽप्यकिञ्चित्करत्वाद्" (द्वा.द्वा.६/७) इति। अधिकं तु तदुपटीकायां **नयलता**-यामवोचाम।

किञ्च, सुवर्णद्रव्ये हर्ष-शोकादिविलक्षणाऽनेककार्यजननैकशक्तिमत्त्वाऽभ्युपगमेऽपि स्याद्वादप्र-

---

ઘટના પ્રત્યક્ષ પ્રમાણથી જ દેખાય છે. તેથી 'અગ્નિની બાજુમાં રહેલ પાણીનો બાળવાનો સ્વભાવ છે' - આવા સ્વભાવની કલ્પનાને કોણ અટકાવી શકે ? કોઈ નહિ. **યોગદૃષ્ટિસમુચ્ચય**માં આ બાબત સ્પષ્ટપણે જણાવેલ છે. વળી, 'એક સ્વભાવથી અનેકકાર્યજન્મનો સ્વીકાર કરવા દ્વારા દૃષ્ટવિપરીત કલ્પનાને તમે પ્રામાણિક કહેવા તૈયાર છો. તેથી કઈ રીતે તમે વિતંડાવાદીને અટકાવી શકશો ? આથી શક્તિની કે સ્વભાવની કલ્પના પ્રત્યક્ષ અનુસારે જ કરવી જોઈએ, પ્રત્યક્ષ પ્રમાણથી વિપરીત રીતે નહિ. તેથી 'એક જ સ્વભાવ દ્વારા સુવર્ણદ્રવ્ય પ્રમોદ-શોક-માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ કાર્યને ઉત્પન્ન કરશે' - આ પ્રમાણે કલ્પના કરવી વ્યાજબી નથી. તેથી કાર્યભેદ મુજબ કાર્યકારક એવી શક્તિનો ભેદ માનવો જરૂરી છે. તથા શક્તિભેદથી કારણભેદ માનવો પણ જરૂરી છે. હર્ષ-શોક-માધ્યસ્થ્યસ્વરૂપ વિલક્ષણ ત્રણ કાર્યને કરનાર વિભિન્ન ત્રણ શક્તિના આશ્રયીભૂત મુગટજન્મ, ઘટનાશ, સુવર્ણધ્રૌવ્ય સ્વરૂપ ત્રણ અલગ-અલગ કારણને વાસ્તવિક માનવા જરૂરી છે. તેથી દ્રવ્યની જેમ પર્યાય પણ પારમાર્થિક છે, મિથ્યા નથી.

❋ કાર્યસ્વભાવભેદ કારણભેદનો સાધક ❋

(**तदुक्तं.**) ઉપરોક્ત બાબતનું સમર્થન **મહોપાધ્યાયશ્રી યશોવિજયજી** મહારાજે **દ્વાત્રિંશિકા પ્રકરણ**ની **વ્યાખ્યા**માં પણ કરેલ છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે 'કાર્યનો સ્વભાવ બદલાય એટલે કારણના સ્વભાવમાં ભેદ માનવો સર્વત્ર આવશ્યક છે. જો કાર્યસ્વભાવ ભિન્ન હોવા છતાં કારણસ્વભાવભેદને માન્ય કરવામાં ન આવે તો અન્યવિધ કારણોની હાજરી અકિંચિત્કર બની જાય.' આ વિગતની વિશેષ છણાવટ દ્વાત્રિંશિકા પ્રકરણ અને તેની ટીકા ઉપર રચેલ **નયલતા** નામની સંસ્કૃત વ્યાખ્યામાં = ઉપટીકામાં અમે કરેલ છે. અધિક જિજ્ઞાસા ધરાવનાર વાચકે ત્યાંથી વિશેષ જાણકારી મેળવી લેવી.

❁ પર્યાયાર્થિકનયના વિષયનું સમર્થન ❁

સ્પષ્ટતા :- કાર્યસ્વભાવભેદનિમિત્તક શક્તિભેદસિદ્ધિ, શક્તિભેદનિમિત્તક કારણભેદસિદ્ધિ - આ પ્રણાલિકાથી હર્ષ-શોકાદિ ત્રણ વાસ્તવિક વિભિન્ન કાર્ય મુગટજન્મ-ઘટનાશ-સુવર્ણદ્રવ્યધ્રૌવ્ય સ્વરૂપ ત્રણ વિભિન્ન કારણને સિદ્ધ કરશે. તેથી કાર્યભેદની સંગતિ માટે પણ મુગટજન્મ વગેરે પર્યાયોને વાસ્તવિક માનવા જરૂરી છે. તેથી 'માત્ર અવિકારી નિત્ય દ્રવ્ય જ પારમાર્થિક છે, ઉત્પાદાદિ પર્યાય કાલ્પનિક છે' - આ વાત વ્યાજબી નથી. દ્રવ્યની જેમ ઉત્પાદ આદિ પર્યાય પણ વાસ્તવિક જ છે. આવું જણાવવાનો પ્રસ્તુતમાં આશય છે.

❁ સુવર્ણદ્રવ્યમાં પૂર્વોત્તરકાલે ભેદસિદ્ધિ ❁

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે હર્ષ-શોક વગેરે અનેક વિલક્ષણ કાર્ય કરવાની એક શક્તિ સુવર્ણદ્રવ્યમાં છે - એવું સ્વીકારો તો પણ સ્યાદ્વાદનો વ્યાપ તો નિરાબાધ જ છે. કારણ

અનેકજનનૈકશક્તિશબ્દ જ એકત્વાનેકત્વસ્યાદ્વાદ સૂચઈ છઈ. *ઇતિ ૧૩૮મી ગાથાર્થ પૂર્ણ.* ॥૯/૫॥

सरोऽनाविल एव, अनेककार्यजननैकशक्तिपदेनैव एकत्वाऽनेकत्वस्याद्वादसंसूचनात्। एकशक्त्यैव हर्ष-शोकादिविलक्षणकार्यत्रितयकरणे हि कार्यभेदात् कथञ्चित् सुवर्णद्रव्यभेदः सिध्यति, अन्यथा सर्वदैव कार्यत्रितयापत्तेः। एकस्मिन्नेव सुवर्णद्रव्ये हर्ष-शोकादिकार्यत्रितयजननैकस्वभावाऽभ्युपगमे तु घटस्य नाशेऽनाशे वा, मुकुटस्य उत्पादेऽनुत्पादे वा घट-मुकुट-सुवर्णार्थिनां शोक-हर्ष-माध्यस्थ्योत्पादो दुर्वार एव। ततश्च पूर्वोत्तरकालीनसुवर्णद्रव्ये कथञ्चिद् भेदः स्वीकार्य एव। नानाकार्यजननैकशक्तिमत्त्वाऽभ्युपगमाच्च शक्त्यात्मना सुवर्णद्रव्यमभिन्नमपि सिध्यति। अयमेव भङ्ग्यन्तरेण स्याद्वाद इति वृथा किं खिद्यसे ?

प्रकृते "विनाशः पूर्वरूपेणोत्पादो रूपेण केनचित्। द्रव्यरूपेण च स्थैर्यमनेकान्तस्य जीवितम्।।" (स्या. क.२५) इति **स्याद्वादकलिकायां राजशेखराचार्योक्तिः**, "अनादिनिधनं द्रव्यमुत्पित्सु स्थास्नु नश्वरम्। स्वतोऽन्यतो विवर्त्तेत क्रमाद्धेतु-फलात्मना।।" (सि.वि.३।१९) इति **सिद्धिविनिश्चये अकलङ्कोक्तिश्च** भावनीया।

કે 'અનેકકાર્યજનક એક શક્તિ' આ પદથી જ એકત્વ-અનેકત્વગોચર સ્યાદ્વાદનું જ સમ્યક્ સૂચન થાય છે. 'એક શક્તિથી જ હર્ષ-શોક વગેરે ત્રણ વિલક્ષણ કાર્યો કરવામાં આવે છે' - આવું સ્વીકારવામાં હર્ષ-શોકાદિ કાર્યભેદથી સુવર્ણદ્રવ્યમાં કથંચિત્ ભેદ સિદ્ધ થાય છે. જો વિલક્ષણકાર્યકારી સુવર્ણદ્રવ્ય સર્વદા, સર્વથા એક જ હોય તો સર્વદા હર્ષ-શોકાદિ ત્રણ કાર્ય ઉત્પન્ન થવાની આપત્તિ આવે. ઘટ તૂટે કે ન તૂટે, મુગટ ઉત્પન્ન થાય કે ન થાય તેમ છતાં તે સુવર્ણદ્રવ્યથી ઘટાર્થીને શોક, મુગટાર્થીને હર્ષ વગેરે ઉત્પન્ન થવાની આપત્તિ દુર્વાર બનશે. કારણ કે અનેકકાર્યજનક એક શક્તિ તો સુવર્ણદ્રવ્યમાં હાજર જ છે. તેથી પૂર્વોત્તરકાલીન સુવર્ણદ્રવ્યમાં કથંચિત્ ભેદ માનવો જરૂરી છે. તથા અનેકકાર્યજનન એક શક્તિ સુવર્ણદ્રવ્યમાં હોવાથી શક્તિસ્વરૂપે સુવર્ણદ્રવ્યમાં અભેદ = ઐક્ય પણ સિદ્ધ થશે. આ જ તો બીજી રીતે સ્યાદ્વાદ છે. તેથી અનેકકાર્યજનક એકશક્તિપક્ષનો સ્વીકાર કરનાર એકાન્તવાદીએ વૃથા ખેદ પામવાની જરૂર નથી.

❯ द्रव्यमां स्वतः परतः उत्पादादि ❮

(प्रकृ.) 'પૂર્વસ્વરૂપે વિનાશ, અન્ય કોઈક સ્વરૂપે ઉત્પાદ તથા દ્રવ્યરૂપે ધ્રૌવ્ય - આ અનેકાન્તનો પ્રાણ છે' - આ મુજબ **સ્યાદ્વાદકલિકા** ગ્રંથમાં **રાજશેખરસૂરિ**એ કહેલ છે. તેની પણ અહીં વિભાવના કરવી. **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં **અકલંકસ્વામી**નું એક વચન પણ પ્રસ્તુતમાં ભાવન કરવા યોગ્ય છે. ત્યાં તેમણે જણાવેલ છે કે 'દ્રવ્ય અનાદિ-અનંત છે. તે ઉત્પન્ન થવાના સ્વભાવવાળું પણ છે, સ્થિર રહેવાના સ્વભાવવાળું પણ છે તથા નાશ થવાના સ્વભાવવાળું પણ છે. આવું દ્રવ્ય સ્વતઃ અને પરતઃ હેતુ-ફળસ્વરૂપે ક્રમિક પરિવર્તન પામે છે.'

... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'कारणभेदं विना कार्यभेदोऽसङ्गत' इति शाश्वतनियमं चेतसिकृत्येदमवधातव्यं यदुत अनेकशः समता-ममता-विषमतादिपरिणामपरावृत्तौ वयमपि विभिन्नाः स्यामः। गुणानुवाद-गुणिप्रशंसोपबृंहणादिकारिणो वयं परनिन्दा-तिरस्कारादिकरणे विभिन्नस्वभावशालिनो भवेम। तपश्चर्योत्तरकालं मिष्टान्न-फलाद्यासक्तौ तपस्विस्वभावः द्रुतं विगच्छेदित्यवधेयम्। वैयावृत्त्यकरणोत्तरकालं निष्कारणमधिकारपूर्वं परेण अस्मद्वैयावृत्त्यकारणे निष्कामसेवास्वभावो विनश्येदिति न विस्मर्तव्यम्। स्वाध्यायोत्तरं विकथादिकरणे अस्मदीय-स्वाध्यायरुचिस्वभावः प्रच्युत इति स्मर्तव्यम्।

एतेन 'भगवद्भक्ति-गुणिसेवा-जीवदयादिना सातवेदनीयकर्मबन्धोत्तरकालं हिंसादिप्रवृत्तौ असातवेदनीयकर्म जीवो बध्नाति, पूर्वबद्धसातवेदनीयञ्चाऽसातवेदनीयत्वेन सङ्क्रामयती'ति **कर्मप्रकृति**प्रदर्शितः सिद्धान्तोऽपि ***व्याख्यातः***, स्वभावभेदं विना कार्यभेदाऽयोगात्, कार्यभेदस्य स्वभावभेदसाधकत्वात्। इत्थमात्मस्पर्शि आध्यात्मिकं ज्ञानं श्रद्धानञ्च आत्मार्थिनम् अपवर्गमार्गेऽप्रमत्ततामुपदधाते। तद्बलेनैव [1]"निम्ममो निरहंकारो वीयरागो अणासवो। संपत्तो केवलं नाणं सासयं परिनिव्वुओ।।" (उत्त.३५/२१) इति **उत्तराध्ययन**-सूत्रोक्तं सिद्धस्वरूपं सत्वरमाविर्भवेत्।।९/५।।

❀ आराधना पछी विराधनामां भळी न जईए ❀

आध्यात्मिक उपनय :- 'कारणभेद विना कार्यभेद असंगत थाय' - आ त्रिकालअबाधित नियम आध्यात्मिक दृष्टिकोणथी એ रीते उपयोगी छे के आपणे क्यारेक समता राखीએ अने क्यारेक ममतामां के विषमतामां अटवाई જઈએ - आनो अर्थ એवो थाय के समतापर्यायने उत्पन्न करनार आपणे ममता-विषमता पर्यायने उत्पन्न करती वખते बदलाई જઈએ छीએ. गुणानुवाद-गुणिप्रशंसा-उपबृंहणादि करनार आपणे निंदा-पंचात करती वખते जुदा स्वभावने धारण करीએ छीએ. तप કર્યા બાદ મીઠાઈ, ફરસાણ, ફળ વગેરેમાં આસક્ત થવા દ્વારા તપસ્વીસ્વભાવને ગુમાવી દેતાં વાર લાગતી નથી. વૈયાવચ્ચ કર્યા બાદ નિષ્કારણ કોઈની સેવા અધિકારપૂર્વક લઈએ ત્યારે વૈયાવચ્ચીસ્વભાવ રવાના થઈ ગયો છે - આ વાત ભૂલાવી ન જોઈએ. સ્વાધ્યાય બાદ હોંશે-હોંશે ગપ્પા મારીએ, વિકથા કરીએ ત્યારે સ્વાધ્યાયરુચિસ્વભાવ ગેરહાજર છે - આ હકીકત પણ ધ્યાનમાં રહેવી જોઈએ.

(एते.) ઉપરોક્ત હકીકત સત્ય હોવાથી જ 'પ્રભુભક્તિ-ગુણીસેવા-જીવદયા આદિ દ્વારા શાતાવેદનીય કર્મ બાંધ્યા બાદ જીવહિંસા વગેરેમાં જોડાઈને જીવ અશાતાવેદનીય કર્મને બાંધે છે તથા પૂર્વે બાંધેલ શાતા વેદનીય કર્મને પણ અશાતાવેદનીયરૂપે પરિણમાવે છે' - આ મુજબ **कर्मप्रकृति = કમ્મપયડી** શાસ્ત્રમાં બતાવેલો સિદ્ધાંત પણ સંગત થાય છે. કેમ કે સ્વભાવ બદલાયા વિના કાર્ય ન બદલાય. કાર્યભેદ સ્વભાવભેદનો સાધક છે. આ રીતે આત્મસ્પર્શી આધ્યાત્મિક જાણકારી અને શ્રદ્ધા સાધકને સાધનામાર્ગે અપ્રમત્ત બનાવે છે. તેના બળથી જ **उत्तराध्ययनसूत्र**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ સત્વરે પ્રગટ થાય. ત્યાં સિદ્ધસ્વરૂપને જણાવતા કહેલ છે કે "નિર્મમ, નિરહંકાર, વીતરાગ, આશ્રવશૂન્ય, કેવલજ્ઞાનને પ્રાપ્ત કરેલ સિદ્ધાત્મા શાશ્વત કાળ સુધી સર્વથા સ્વસ્થ બને છે." (૯/૫)

1. निर्ममो निरहङ्कारो वीतरागः अनाश्रवः। सम्प्राप्तः केवलं ज्ञानं शाश्वतं परिनिर्वृतः।।

"શોકાદિજનનઈ♦ વાસનાભેદઈ", કોઈ બોલઈ બુદ્ધ રે;
તસ *મનસ્કારની ભિન્નતા, વિણ નિમિત્તભેદ કિમ શુદ્ધ રે ? ॥૯/૬॥ (૧૩૯) જિન.

હવઈ વલી (કોઈ) બૌદ્ધ ઇમ (બોલઈ=) કહઈ છઇ જે - "તુલાનમનોન્નમનની પરિં ઉત્પાદ-વ્યય જ એકદા છઇ, ક્ષણિકસ્વલક્ષણનઈ ધ્રૌવ્ય તો છઈ જ નહીં.

बौद्धशङ्कामपाकर्तुमुपक्रमते - '**शोके**'ति ।

शोकादिहेतुसंस्कारभेदात् कार्यभिदा ननु ।
बौद्ध ! ते वासनाभेदः हेतुभेदं विना कथम् ?॥९/६॥

प्रकृते दण्डान्वयस्त्वेवम् - ननु शोकादिहेतुसंस्कारभेदात् कार्यभिदा (इति चेद् ?) बौद्ध ! हेतुभेदं विना ते वासनाभेदः कथं (सम्भवेत्) ?॥९/६॥

ननु "नाशोत्पादौ समं यद्वद् नामोन्नामौ तुलान्तयोः" (**द्वादशारनयचक्रे** उद्धृतं - भाग-४/पृ.१०८८ + **अष्टसहस्र्यां** च ३/५३/पृ.५०१) इति वचनाद् उत्पाद-व्ययौ एव तुलोन्नमन-नमनवदेकदा पारमार्थिकौ स्तः, एकदर्शनेनाऽपरानुमानात् । अयमाशयः - तुलान्तयोः नामोन्नामयोः एकतरस्य दर्शनेन समकालम् अन्यतरस्य अनुमानं यथा व्याप्तिबलेन भवति तथा उत्पाद-व्ययोः एकतरस्य दर्शनेन समकालमेव

અવતરણિકા :- ઉપરોક્ત બાબત અંગે બૌદ્ધ વિદ્વાનને જુદી રીતે શંકા થાય છે. તેની શંકાને દર્શાવી, તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કટિબદ્ધ થાય છે :-

શ્લોકાર્થ :- 'શોક વગેરેના કારણીભૂત સંસ્કાર જુદા હોવાથી કાર્યભેદ થાય છે' - આવું જો હે બૌદ્ધ ! તમે કહો તો હેતુભેદ વિના તમારે પ્રબુદ્ધસંસ્કારભેદ કઈ રીતે સંગત થશે ? (૯/૬)

વ્યાખ્યાર્થ :- 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આ ત્રણેય વિભિન્ન અને વાસ્તવિક પદાર્થ છે. તથા પ્રમોદ-શોક-માધ્યસ્થ્યના તે ક્રમશઃ કારણ છે' - આ પ્રમાણે જે જૈન સિદ્ધાન્ત છે, તેની સાથે બૌદ્ધ વિદ્વાન સંમત થતા નથી. તે પ્રમોદાદિ કાર્યભેદની સંગતિ જુદી જ રીતે કરે છે. તેનું મંતવ્ય નીચે મુજબ છે.

*** સંસ્કારભેદે કાર્યભેદ : બૌદ્ધ ***

બૌદ્ધ :- ત્રાજવાનું એક પલ્લુ જ્યારે નમે, તે જ સમયે બીજું પલ્લુ ઊંચુ થાય છે. તે જ રીતે જે સમયે નૂતન કાર્યની ઉત્પત્તિ થાય છે, તે જ સમયે પૂર્વકાર્યનો નાશ થાય છે. કારણ કે અમારા પ્રાચીન ગ્રંથમાં જણાવેલ છે કે 'ત્રાજવાના બે છેડે એકીસાથે જેમ નમન અને ઉન્નમન (= ઊર્ધ્વગમન) થાય છે, તેમ ઉત્પાદ અને વ્યય એકીસાથે થાય છે.' આ શાસ્ત્રસંદર્ભના આધારે અમે એકીસાથે થતા ઉત્પાદ અને વ્યયને જ વાસ્તવિક માનીએ છીએ. કારણ કે એકના પ્રત્યક્ષથી બીજાનું અનુમાન થાય છે. આશય એ છે કે ત્રાજવાના છેડે નમન અને ઊર્ધ્વગમન - આ બેમાંથી એક દેખાય એટલે બીજાનું તે જ સમયે વ્યાપ્તિના બળથી જેમ અનુમાન થાય છે, તેમ ઉત્પાદ-વ્યય બેમાંથી એકનું પણ દર્શન થતાં વ્યાપ્તિના

♦ જનનઈ = લોકને. ✡ લા.(૧)+લા.(૨)મ.માં 'મનસકાર...' પાઠ. કો.(૨)માં 'નમસ્કારની' પાઠ.
... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

હેમથી શોકાદિક કાર્ય હોઈ છઈ, *તે ભિન્ન ભિન્ન લોકની ભિન્ન ભિન્ન વાસના છઈ, તે વતી. જિમ એક જ વસ્તુ (**શોકાદિજનનઈ**) **વાસનાભેદઇ** કોઈનઇ ઈષ્ટ, કોઈકનઈ અનિષ્ટ એ પ્રત્યક્ષ છઈ. સેલડીપ્રમુખ મનુષ્યનઈ ઈષ્ટ છઈ, કરભનઇ અનિષ્ટ છઈ. પણિ તિહાં વસ્તુભેદ નથી, તિમ ઈહાં પણિ જાણવું.''

इतरस्याऽनुमानं व्याप्तिबलेन निराबाधम्। इत्थम् अन्योऽन्यसमव्याप्तौ उत्पाद-व्ययौ एव पारमार्थिकौ, क्षणिकस्वलक्षणत्वात्। ध्रौव्यं तु नास्त्येव, क्षणिकत्व-स्वलक्षणत्वाऽयोगात्। हेममुकुटोत्पादादौ सति **कार्यभिदा** = शोकप्रमोदादिकार्यभेदस्तु **शोकादिहेतुसंस्कारभेदाद्** = घटाद्यर्थिनां नानालोकानां शोक-प्रमोदादिकारणीभूतविभिन्नवासनाविभेदात्। अत्रानुनये ननु, "प्रश्नावधारणाऽनुज्ञाऽनुनयाऽऽमन्त्रणे ननु" (अ.को.३/३/२४८) इति **अमरकोशोक्तेः**।

यथा ह्येकमेव वस्तु कस्यचिदिष्टमनिष्टञ्चेतरस्य वासनाविशेषादिति प्रत्यक्षमेव दृश्यते, मनुष्यस्येष्टमपीक्षुफलादि क्रमेलकस्याऽनिष्टं भवति। न चाऽत्र वस्तुभेदः किन्तु वासनाभेद एव।

સામર્થ્યથી તે જ સમયે બીજાનું અનુમાન નિરાબાધપણે થાય છે. આમ પરસ્પર સમવ્યાપ્ત એવા ઉત્પાદ-વ્યય જ પારમાર્થિક છે. કારણ કે તે ક્ષણિક સ્વલક્ષણાત્મક છે. તમામ પદાર્થ ક્ષણભંગુર છે. ક્ષણૈકજીવી સર્વ વસ્તુઓ પરસ્પર અત્યંત વિલક્ષણ છે. એક પણ વસ્તુ બે ક્ષણ ટકતી નથી. તથા કોઈ પણ વસ્તુ પરસ્પર સમાન નથી. ઉત્પાદ અને વ્યય ક્ષણભંગુર હોવાથી તેમજ પરસ્પર અત્યંત વિલક્ષણ (= સ્વલક્ષણ) હોવાથી વાસ્તવિક છે. ધ્રૌવ્ય વિશ્વમાં વિદ્યમાન નથી. કારણ કે ધ્રૌવ્યમાં ક્ષણભંગુરતા તથા અત્યંત વિલક્ષણતા બાધિત થાય છે. જ્યારે સુવર્ણકુંભનો નાશ થાય છે ત્યારે સુવર્ણમુગટ ઉત્પન્ન થાય છે. ત્યારે શોક-પ્રમોદ વગેરે જુદા-જુદા કાર્ય ઉત્પન્ન થવાનું કારણ તો ઘટાર્થી-મુગટાર્થી વગેરે અનેક લોકોના જુદા જુદા પ્રબુદ્ધ સંસ્કાર છે. ઘટાર્થી જીવમાં શોકજનક સંસ્કાર પ્રબુદ્ધ થવાથી તેને શોક થાય છે. મુગટાર્થી જીવમાં આનંદજનક સંસ્કાર પ્રબુદ્ધ થવાથી તેને આનંદ થાય છે. તથા સુવર્ણાર્થી જીવમાં માધ્યસ્થ્યજનક સંસ્કાર પ્રબુદ્ધ થવાથી તે તટસ્થ રહે છે. જુદા જુદા સંસ્કારના લીધે જુદા-જુદા કાર્યો ઉત્પન્ન થાય છે. પરંતુ ધ્રૌવ્યને માધ્યસ્થ્યજનક માનવાની જરૂર નથી. માટે પદાર્થને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક માનવાની આવશ્યકતા નથી. "પ્રશ્ન, અવધારણ, અનુજ્ઞા, અનુનય, આમંત્રણ અર્થમાં 'ननु' વપરાય" - આમ **અમરકોશ**માં જણાવેલ છે. તે મુજબ મૂળ શ્લોકમાં 'ननु' શબ્દ અનુનય (કાર્યભેદ માટે પ્રતિવાદીને મનાવવાના) અર્થમાં પ્રયોજેલ છે.

શંકા :- જો વસ્તુ એક સમયે એકાત્મક જ હોય, ત્રયાત્મક ન હોય તો એક જ વસ્તુ અલગ અલગ વ્યક્તિને ઈષ્ટ-અનિષ્ટ આદિ સ્વરૂપ કઈ રીતે બની શકે ?

❀ પૂર્વપક્ષ ચાલુ ❀

સમાધાન :- (**યથા.**) એક જ વસ્તુ એક વ્યક્તિને ઈષ્ટ હોય તે અન્ય માણસને જુદા સંસ્કારના લીધે અનિષ્ટ સ્વરૂપ બની શકે છે. આ વાત પ્રત્યક્ષમાં જ દેખાય છે. જેમ કે શેરડી માણસને ઈષ્ટ હોય છે પણ ઊંટને તે જ શેરડી અનિષ્ટ બને છે. અહીં ગમા-અણગમા સ્વરૂપ વિભિન્ન કાર્ય કરવાના લીધે શેરડીને

---

* પુસ્તકોમાં 'તે' નથી. કો.(૯)+સિ.માં છે.

(तस=) તે *બૌદ્ધ*નઈ **નિમિત્તભેદ વિના** વાસનારૂપ **મનસ્કાર**ની **ભિન્નતા** કિમ **શુદ્ધ** થાયઈ ?

तथैवेहाऽपि विज्ञेयमिति ***चेत्*** ?

अत्रोच्यते – रे **बौद्ध** ! **ते** = तव वासनावादिनः मते **हेतुभेदं** = निमित्तभेदं **विना वासनाभेदः** = मनस्कारभेद एव **कथं** सम्भवेत् ?

अथानादिवासनाभेदस्तु स्वाभाविक इति न तत्र कारणान्तरकल्पनमावश्यकम्, अन्यथाऽनवस्थापत्तेरिति ***चेत्*** ?

तर्हि शोकादीनाम् अपि स्वाभाविकत्वमेवास्तु, सृतं वासनया।

न च सर्वेषां कार्याणाम् अहेतुकत्वापत्तेः वारणाय शोकादिकार्यप्रतियोगिककारणत्वशालिनी वासनाऽभ्युपगम्यत इति ***वाच्यम्,***

વિભિન્ન માનવાની જરૂર નથી. પણ સંસ્કારને વિભિન્ન માનવાની જરૂર છે. પુરોવર્તી શેરડી બદલાતી નથી પણ માણસના અને ઊંટના સંસ્કાર બદલાય છે. તેથી બે વિભિન્ન કાર્ય થાય છે. ટૂંકમાં સંસ્કાર દ્વિવિધ છે, શેરડી દ્વિવિધ નથી. તે જ રીતે પ્રસ્તુતમાં પણ સુવર્ણાદિ વસ્તુ ત્રયાત્મક નથી. પરંતુ એકાત્મક જ છે. ઘટાર્થી વગેરે વ્યક્તિના સંસ્કાર ત્રિવિધ છે. તેના લીધે શોક-પ્રમોદ-માધ્યસ્થ્યસ્વરૂપ ત્રણ કાર્ય સંગત થઈ શકે છે. આ રીતે જાણવું. માટે પ્રૌવ્યને માનવાની કોઈ આવશ્યકતા નથી.

❁ હેતુભેદ વિના સંસ્કારભેદ અસંભવ : જૈન ❁

જૈન :- (**अत्रोच्यते**.) હે બૌદ્ધ વિદ્વાનો ! સાંભળો. તમે સંસ્કારવાદી છો. અલગ અલગ સંસ્કારના આધારે અલગ અલગ પ્રકારના કાર્યો ઉત્પન્ન થાય છે - તેવું માનનારા છો. પરંતુ તમારા મતે, નિમિત્તભેદ વિના સંસ્કારભેદ = ઉપયોગભેદ કઈ રીતે સંભવી શકશે ?

❁ વાસના સ્વાભાવિક છે : બૌદ્ધ ❁

બૌદ્ધ :- (**अथा**.) વાસના અનાદિકાલીન છે. તેથી વાસનાભેદ સ્વાભાવિક છે. તેથી હર્ષજનક વાસના, શોકજનક વાસના વગેરે વિભિન્ન પ્રકારની વાસનાના અન્યવિધ કારણની કલ્પના આવશ્યક નથી. જો જુદા-જુદા શોકાદિની ઉત્પાદક જુદી-જુદી વાસનાના કારણની કલ્પના કરવી આવશ્યક હોય તો તેના પણ કારણની (= વાસનાજનકજનકની) કલ્પના, તેના પણ કારણની (= વાસનાજનકજનકજનકની) કલ્પના... આ રીતે અનંત કારણોની કલ્પના કરવી જરૂરી બની જશે. આમ તો અનવસ્થા = અનંતકારણકલ્પનાપ્રવાહઅવિરામ લાગુ પડશે. તેથી વાસનાના કારણની કલ્પના અમે નથી કરતા.

❁ બૌદ્ધસંમત સંસ્કારકલ્પના વ્યર્થ ❁

જૈન :- (**तर्हि**.) જો તમે અનવસ્થાદોષના લીધે વાસનાનું કોઈ કારણ નથી માનતા તો શોકાદિનું પણ કારણ માનવાની જરૂર શી છે ? શોકાદિને પણ સ્વાભાવિક જ માનો. એટલે તેના કારણ તરીકે વાસનાનો સ્વીકાર કરવાની જરૂરત નહિ રહે.

બૌદ્ધ :- (**न च**.) જો શોકાદિને તમે સ્વાભાવિક માનો તો તુલ્યન્યાયથી જગતના તમામ કાર્યોને સ્વાભાવિક માનવા પડશે. તમામ કાર્યોને નિર્હેતુક માનવાની આપત્તિનું નિવારણ કરવા માટે તો અમે

ध्वंसादिषु बाह्यनिमित्तेषु शोकादिकारणताकल्पनेऽपि तन्निवारणसम्भवात्।

अनेन विनिगमकाऽभावादुभयत्र कारणताकल्पनमभ्युपगम्यतामिति ***प्रत्याख्यातम्,***

गौरवात्, कल्पनाया अपि दृष्टानुसारेणैव न्याय्यत्वात्, अन्यथाऽतिप्रसङ्गात्। ततश्च बाह्यार्थ-निष्ठोत्पादादिना हर्षाद्युत्पत्तेः ध्रौव्यसिद्धिरनाविला, तत्कार्योपलब्धेः।

एतेन बाह्यवस्तुनि ध्रौव्यविरहेऽपि पुरुषनिष्ठमाध्यस्थ्यजनकसंस्कारेणैव माध्यस्थ्योत्पत्तिरिति बौद्धोक्तिः ***निरस्ता,*** मुकुटाद्यर्थिगतनानाप्रबुद्धसंस्कारद्वारा हर्ष-शोक-माध्यस्थ्य-लक्षणविलक्षणकार्य-त्रितयोत्पत्तिसङ्गतिकरणेऽपि नानाप्रबुद्धसंस्कारोत्पत्तेः बाह्यनिमित्तकारणभेदं विना असम्भवात्। हर्ष

શોકાદિકાર્યસાપેક્ષ કારણતાને ધરાવનારી વાસનાનો સ્વીકાર કરીએ છીએ.

✡ વાસના મિથ્યા છે : જૈન ✡

જૈન :- (ध्वंसा.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કેમ કે બાહ્ય નિમિત્ત એવા ઘટધ્વંસ વગેરેમાં જ શોકાદિની કારણતાની કલ્પના કરવામાં આવે તો પણ સર્વકાર્યની નિર્હેતુકતાનું નિવારણ થઈ શકે છે. તેથી પ્રત્યક્ષપ્રમાણસિદ્ધ બાહ્ય નિમિત્તને જ શોકાદિજનક માનવા વ્યાજબી છે. અદૃષ્ટ વાસનાની તે માટે કલ્પના કરવાની કોઈ જરૂર નથી.

શંકા :- (अनेन.) શોક વગેરે કાર્યના કારણ તરીકે ઘટધ્વંસ વગેરે બાહ્ય નિમિત્તોનો સ્વીકાર કરવો કે વાસનાનો સ્વીકાર કરવો ? આ બાબતમાં કોઈ નિયામક નથી. આમ વિનિગમકવિરહથી બન્નેને શોકાદિના કારણ માનો. આંતરિક વાસના અને બાહ્ય ઘટધ્વંસાદિ - આ બન્નેમાં કારણતાની કલ્પના થવા દો.

❋ કલ્પના દૃષ્ટાનુસારે થાય ❋

સમાધાન :- (गौर.) ભાગ્યશાળી ! પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ એવા ઘટધ્વંસ વગેરેથી જ શોકાદિ કાર્ય ઉત્પન્ન થાય છે - તેવું નક્કી થઈ જવાથી તમે કહો છો તેનું નિરાકરણ થઈ જાય છે. બન્નેને કારણ માનવામાં ગૌરવ દોષ પણ રહેલો છે. તથા જે કલ્પના કરવાની હોય તે પણ પ્રત્યક્ષ પ્રમાણને અનુસરીને જ કરી શકાય, ગમે તેમ નહિ. બાકી તો ગમે તે વ્યક્તિ ગમે તેવા નવા-નવા કારણની કલ્પના કરે તેને અટકાવી નહિ શકાય. 'સોનાનો ઘડો નાશ પામવાથી રાજકુમારી શોક કરે છે' - આ બાબત પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ છે. તેથી ઘટધ્વંસને જ લાઘવથી શોકજનક માનવું ઉચિત છે. 'વાસનાથી શોક ઉત્પન્ન થાય છે' - તેવી અદૃષ્ટકલ્પના કરવાની જરૂર નથી. તેથી 'બાહ્ય વસ્તુમાં રહેલા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્વારા જ હર્ષ-શોક-માધ્યસ્થ્ય નામના ત્રણ કાર્યો ઉત્પન્ન થાય છે' - તેવું માનવું જરૂરી છે. તેથી વસ્તુમાં ધ્રૌવ્યની પણ સિદ્ધિ અવશ્ય થશે. કેમ કે તેનું કાર્ય માધ્યસ્થ્ય ઉપલબ્ધ થાય છે.

❋ પ્રબુદ્ધસંસ્કાર માટે બાહ્યકારણ અવશ્ય સ્વીકાર્ય : જૈન ❋

(एतेन.) 'બાહ્ય વસ્તુમાં ધ્રૌવ્ય ન હોવા છતાં પણ વ્યક્તિનિષ્ઠ માધ્યસ્થ્યજનક સંસ્કારથી માધ્યસ્થ્ય ભાવ ઉત્પન્ન થાય છે' - આવી બૌદ્ધની માન્યતાનું નિરાકરણ જૈનોએ ઉપર જે કથન કર્યું છે તેનાથી થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે હર્ષ-શોક-માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ વિલક્ષણ કાર્યની સંગતિ, મુકુટ આદિના અર્થી અલગ અલગ જીવોમાં રહેલ અલગ અલગ પ્રબુદ્ધ સંસ્કાર દ્વારા કરવા છતાં પણ તે

-शोक-माध्यस्थ्यलक्षणकार्यत्रितयगतभेदसम्पादकस्य प्रबुद्धसंस्कारभेदस्य समर्थनार्थम् उत्पाद-व्यय-ध्रौव्य-लक्षणस्य बाह्यनिमित्तगतभेदस्य आवश्यकत्वात्। एकस्याऽपि पुरुषस्य निमित्तभेदेन मनस्कारभेदोपलब्धेः निमित्तस्याऽपि मनस्कारं प्रति कारणता अप्रत्याख्येया। निमित्तभेदं विना प्रबुद्धसंस्कारलक्षण-मनस्कारभेदोपपत्तौ मनस्कारभेदं विनैव हर्ष-शोकादिप्रतीतिलक्षणकार्यभेदोपपत्तेः, युक्तेरुभयत्र तुल्यत्वात्। न चैतत् सम्भवति। ततश्च मनस्कारभेदमभ्युपगम्याऽपि ध्रौव्यादिलक्षणनिमित्तभेदाऽभ्युपगमस्य आवश्यकत्वाद् उत्पाद-व्ययौ अङ्गीकृत्य ध्रौव्याऽपलापो बौद्धस्य न युक्तः। ततश्च बाह्यनिमित्तभेदं विना मुकुटाद्यर्थिपुरुषगतो मनस्कारभेदोऽपि हर्षादिजनको न सम्भवेदिति फलितम्। मनस्कारभेदं विना च विज्ञानभेदोऽपि नैव सम्भवेत्, अन्यथा महदाश्चर्यं प्रसज्येत यदुत शोकप्रत्ययविलक्षणः प्रमोदादिप्रत्ययः, अथ च तस्मात् शोकप्रत्ययहेतोरभिन्नेन मनस्कारलक्षणेन हेतुना जन्यत इति।

न च बौद्धसम्मते मनस्कारे अंशत्रितयमस्ति, येन तदुपपत्तिः सम्भवेत्। तदुक्तं **पञ्चदश्यां विद्यारण्यस्वामिना** "निरंशस्योभयात्मत्वं न कथञ्चिद् घटिष्यते" (प.द.६/९८) इति।

અલગ અલગ પ્રબુદ્ધ સંસ્કારની સંગતિ બાહ્ય નિમિત્તકારણના ભેદ વિના કઈ રીતે થઈ શકે ? હર્ષ-શોક-માધ્યસ્થ્યસ્વરૂપ કાર્યભેદના સંપાદક સંસ્કારભેદના સમર્થન માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ નિમિત્તભેદ માનવો જરૂરી છે. એક જ વ્યક્તિને જુદા-જુદા નિમિત્તે જુદા-જુદા મનસ્કાર ઉત્પન્ન થતા હોવાથી, મનસ્કાર પ્રત્યે નિમિત્તને પણ કારણ માનવું જરૂરી છે. જો નિમિત્તભેદ વિના પણ પ્રબુદ્ધ સંસ્કાર સ્વરૂપ મનસ્કારમાં ભેદ સંગત થઈ શકતો હોય તો મનસ્કારભેદ વિના જ શોક-પ્રમોદાદિવિષયક પ્રતીતિ સ્વરૂપ કાર્યભેદ કેમ સંભવી ન શકે ? કારણ કે યુક્તિ તો બન્ને સ્થળે સમાન જ છે. પરંતુ તે સંભવતું નથી. તેથી પ્રબુદ્ધ સંસ્કારમાં ભેદ માન્યા પછી પણ ધ્રૌવ્ય આદિ સ્વરૂપ નિમિત્તભેદ માનવો આવશ્યક છે. તેથી ઉત્પાદ-વ્યયનો સ્વીકાર કરી ધ્રૌવ્યનો અપલાપ કરવો તે બૌદ્ધ માટે યુક્તિસંગત નથી. તેથી 'બાહ્ય નિમિત્તમાં જો ભેદ ન હોય તો મુકુટ આદિના અર્થી પુરુષમાં રહેલ હર્ષાદિજનક મનસ્કારમાં પણ ભેદ સંભવી ન શકે' - આવું ફલિત થાય છે. તથા સંસ્કારભેદ વિના જ્ઞાનમાં પણ ભેદ સંભવી શકતો નથી. જો સંસ્કારભેદ વિના જ વિજ્ઞાનભેદ સંભવે, તો મોટું આશ્ચર્ય એ થશે કે શોકપ્રતીતિ કરતાં પ્રમોદઆદિવિષયક પ્રતીતિ વિલક્ષણ હોવા છતાં પણ શોકપ્રતીતિના કારણભૂત એવા સંસ્કારથી અભિન્ન એવા સંસ્કારસ્વરૂપ હેતુથી પ્રમોદાદિવિષયક પ્રતીતિ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે.

❀ નિરંશ પદાર્થ ઉભયાત્મક ન સંભવે ❀

(न च.) વળી, સંસ્કાર બૌદ્ધમતે નિરંશ છે. અર્થાત્ એક સંસ્કારમાં ત્રણ અંશ બૌદ્ધોને માન્ય નથી કે જેના કારણે એક જ પ્રબુદ્ધ સંસ્કાર ત્રણ અંશ દ્વારા હર્ષ, શોક, માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ વિલક્ષણ કાર્યોને ઉત્પન્ન કરી શકે. અખંડ, નિરંશ વસ્તુ ક્યારેય પણ અનેક વિલક્ષણ કાર્ય ઉત્પન્ન કરી ન શકે. તેથી જ **પંચદશી** ગ્રંથમાં **વિદ્યારણ્યસ્વામી** નામના વેદાંતી વિદ્વાને જણાવેલ છે કે "નિરંશ વસ્તુ દ્વયાત્મક = અનેકાત્મક હોય - તેવું કોઈ પણ રીતે ઘટી શકે નહિ."

તે માટેઁ શોકાદિકનું ઉપાદાન જિમ ભિન્ન, તિમ નિમિત્ત પણિ અવશ્ય ભિન્ન માનવું.

तस्माद् वासनाभेदोपपत्तिकृते हर्ष-शोकादीनाम् उपादानकारणभेद इव उत्पादादिलक्षणः बाह्यनिमित्तविशेषः कारणतयाऽङ्गीकार्य एव। एकस्यापि पुरुषस्य नानानिमित्तवशेन नानामनस्कारोदयदर्शनाद् मनस्कारं प्रति बाह्यनिमित्तानामपि हेतुताऽभ्युपेयेति प्रकृते माध्यस्थ्यप्रतीतिजनकवासनाविशेषोपपत्तिकृते ध्रौव्यमपि बाह्यार्थगतमकामेनाऽपि स्वीकर्तव्यं सौगतेनेति स्याद्वादितात्पर्यम्।

"मनस्कारः = चेतस आभोगः" (अ.ध.को.भा.२/२४) इति **अभिधर्मकोशभाष्ये** व्यावर्णितम्। "आलम्बने चेतस आवर्जनम् = अवधारणमित्यर्थः, मनसः कारः = मनस्कारः मनो वा करोति = आवर्जयति इति मनस्कारः" (अ.ध.को.भा.स्फु. २/२४) इति च **स्फुटार्थायां** तद्व्याख्यायां **यशोमित्रेण** स्पष्टीकृतं मनस्कारस्वरूपमत्राऽनुसन्धेयम्।

❁ संस्कार प्रत्ये बाह्य निमित्त पण कारण ❁

(तस्मा.) तेथी हर्ष-शोकादि विलक्षण कार्यनी उपपत्ति करवा माटे बौद्धोએ संस्कारमां भेद मानवो જરૂરી છે. तथा हर्षादिजनक संस्कारमां भेदनी सिद्धि करवा माटे हर्ष-शोकादिना भिन्न उपादानकारणनी જેમ ઉત્પાદ-વ્યય વગેરે બાહ્ય નિમિત્તવિશેષને કારણસ્વરૂપે માનવા બૌદ્ધો માટે જરૂરી બની જશે. એક જ વ્યક્તિને અલગ-અલગ નિમિત્તોના લીધે જુદા-જુદા પ્રકારના સંસ્કારનો ઉદય થતો દેખાય જ છે. તેથી સંસ્કાર = વાસના = મનસ્કાર પ્રત્યે બાહ્ય નિમિત્તોને પણ કારણ તરીકે બૌદ્ધોએ સ્વીકારવા પડશે. તેથી પ્રસ્તુતમાં माध्यस्थ्यप्रतीतिने ઉત્પન્ન કરનાર संस्कारविशेषनी संगति करवा माटे बाह्य पदार्थमां ધ્રૌવ્ય પણ બૌદ્ધે અવશ્ય સ્વીકારવું પડશે, ભલે ને ધ્રૌવ્યસ્વીકાર માટે બૌદ્ધની ઈચ્છા ન હોય ! આમ એકાન્તક્ષણિકવાદના સિદ્ધાન્તને તિલાંજલી આપીને બાહ્ય અર્થમાં નિત્યતા વગેરેનો પણ બૌદ્ધોએ સ્વીકાર કરવો પડશે. આમ અહીં સ્યાદ્વાદીનું તાત્પર્ય છે.

❁ मनस्कारस्वरूपनी विचारणा ❁

("मनस्कार.) અહીં મૂળ શ્લોકમાં 'વાસના' શબ્દનો પ્રયોગ ગ્રંથકારશ્રીએ કરેલ છે, તેનો પરામર્શકર્ણિકામાં 'મનસ્કાર' એવો અર્થ કરવામાં આવેલ છે. તેનો અમે સામાન્ય ગુજરાતી વાચક વર્ગની સુગમતા માટે 'પ્રબુદ્ધ સંસ્કાર' એવો અર્થ કરેલ છે. પરંતુ બૌદ્ધદર્શનની પરિભાષા મુજબ 'મનસ્કાર' શબ્દનો અર્થ ઉપયોગ થાય છે. **अभिधर्मकोशभाष्य** નામના બૌદ્ધગ્રંથમાં જણાવેલ છે કે "મનસ્કાર એટલે ચિત્તનો ઉપયોગ." अभिधर्मकोशभाष्यनी **स्फुटार्थ** નામની વ્યાખ્યામાં **यशोमित्र** નામના બૌદ્ધવ્યાખ્યાકારે ઉપરોક્ત ભાષ્યવચનની સ્પષ્ટતા માટે જણાવેલ છે કે "કોઈ પણ આલંબનમાં ચિત્તનું આવર્જન કરવું, અવધારણ કરવું તે મનસ્કાર કહેવાય છે. મનની ક્રિયા એટલે મનસ્કાર અથવા મનને કરે = આવર્જે = ખેંચે તે મનસ્કાર." **स्फुटार्थ** વ્યાખ્યામાં મનસ્કારનું સ્વરૂપ આ પ્રમાણે સ્પષ્ટ કરાયેલ છે. તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

સ્પષ્ટતા :- અહીં મનને ખેંચવું એટલે મનને જોડવું - એવો અર્થ સમજવો. કોઈ પણ આલંબનમાં મનને જોડવું, સ્થિર કરવું, અવધારવું, ઉપયુક્ત કરવું તે મનસ્કાર તરીકે અભિપ્રેત છે. જૈનદર્શનની પરિભાષા

अथ सुवर्णादिद्रव्ये नैककार्यजननशक्तिः स्वीक्रियते किन्तु नानाकार्यजनिका एकैव शक्तिरिति न हर्ष-शोकादिनानाविलक्षणप्रतीतिलक्षणमनस्कारकार्योत्पादाऽयोग एकस्मादपि सुवर्णादिद्रव्यादिति नैकस्योत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वमिति *चेत् ?*

न, अनेककार्यजननैकशक्तिशब्द एव कारणगतैकत्वाऽनेकत्वस्वभावप्रतिपादकं स्याद्वादमुपदर्शयतीति सर्वथा कारणाऽभेदप्रतिपादनमसङ्गतमेव इति प्रागुक्तमेव (९/५) किं विस्मर्यते भवता ? एकानेकस्वभावे च वस्तुनि न किञ्चिद् दूषणमुत्पश्यामः।

"न हि शोकवासनानिमित्तस्वभावत्वमेव प्रमोदादिवासनानिमित्तस्वभावत्वमिति व्ययोत्पादादिशक्तिभेदात्,

---

મુજબ મનસ્કાર એટલે ઉપયોગ સમજવો. 'પ્રબુદ્ધ સંસ્કાર' શબ્દ તેનો અત્યંત નિકટવર્તી જાણવો.

બૌદ્ધ :- (**अथ.**) સુવર્ણ વગેરે દ્રવ્યમાં ફક્ત એક કાર્યને ઉત્પન્ન કરવાની શક્તિ અમે સ્વીકારતા નથી. પરંતુ અનેક કાર્યને ઉત્પન્ન કરનારી એક જ શક્તિને અમે સ્વીકારીએ છીએ. તેથી સુવર્ણ વગેરે દ્રવ્ય એક હોવા છતાં પણ તેનાથી હર્ષ-શોક આદિ અનેક વિલક્ષણ પ્રતીતિસ્વરૂપ મનસ્કારકાર્યની ઉત્પત્તિ થવામાં કોઈ વાંધો આવશે નહિ. તેથી સુવર્ણ આદિ દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક માનવાની આવશ્યકતા નથી.

✡ સ્યાદ્વાદની સાર્વત્રિકતા ✡

જૈન :- (**न, अनेक.**) તમારી ઉપરોક્ત વાત બીજી રીતે સ્યાદ્વાદનું જ પ્રદર્શન કરે છે. કારણ કે 'અનેક કાર્યને ઉત્પન્ન કરનારી એક શક્તિ' - આ શબ્દ જ કારણમાં એકત્વસ્વભાવને અને અનેકત્વસ્વભાવને જણાવનાર એવા સ્યાદ્વાદને દર્શાવે છે. જો કારણમાં સર્વથા ઐક્ય હોય, એકાંતે એક જ સ્વભાવ હોય તો એક શક્તિ અનેક કાર્ય કઈ રીતે કરી શકે ? તેથી હર્ષ-શોકાદિ કાર્યને ઉત્પન્ન કરનાર કારણમાં સર્વથા ઐક્યનું = અભેદનું પ્રતિપાદન કરવું તે અસંગત જ છે. આ વાત તો હમણાં જ પૂર્વે પાંચમા શ્લોકના વિવરણમાં જણાવી ગયા છીએ. તેને તમે કેમ ભૂલી જાવ છો ? જો સુવર્ણ આદિ વસ્તુને એકાનેકસ્વભાવથી યુક્ત માનવામાં આવે તો કોઈ પણ પ્રકારનું દૂષણ અમને જણાતું નથી. મતલબ કે વસ્તુને એકાંતે એકસ્વભાવવાળી માનીને તેના દ્વારા અનેક વિલક્ષણ કાર્યોની ઉત્પત્તિ માનવામાં જે દોષ આવે છે તે દોષ 'વસ્તુને એકાનેકસ્વભાવવિશિષ્ટ માનીને વિભિન્ન સ્વભાવ દ્વારા વિભિન્ન કાર્યોને તે વસ્તુ ઉત્પન્ન કરે છે' - આવું માનવામાં આવતો નથી.

✡ શોકાદિજનકસંસ્કારનિમિત્ત જુદા-જુદા ✡

("**न हि.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવા યોગ્ય એ છે કે "જે સુવર્ણ આદિ દ્રવ્ય શોકવાસનાનું = શોકજનક સંસ્કારનું તથા પ્રમોદઆદિવિષયક સંસ્કારનું નિમિત્ત બને છે, તે પણ એક સ્વભાવથી નહિ, પરંતુ વિભિન્ન સ્વભાવથી બને છે. મતલબ કે સુવર્ણ આદિ દ્રવ્યમાં જે સ્વભાવ શોકજનક સંસ્કારનું નિમિત્ત છે, તે જ સ્વભાવ પ્રમોદાદિજનક સંસ્કારનું નિમિત્ત નથી. પરંતુ તે સ્વભાવ વિભિન્ન છે. આ સ્વભાવભેદ વ્યય-ઉત્પાદ આદિ શક્તિભેદને આધીન છે. આશય એ છે કે સુવર્ણ આદિ દ્રવ્યમાં વિનાશ અને ઉત્પાદ બન્નેની શક્તિ રહેલી છે. વિનાશશક્તિથી સુવર્ણઆદિ દ્રવ્ય વિનાશસ્વભાવને પ્રાપ્ત કરે

एकस्मादेव घटनाशादनेकेषां घटार्थिनां युगपच्छोकोत्पादेऽप्यनेकोपादानसम्बन्धनिमित्ततास्वभावभेदाद्" (शा.वा.स.७/१९ स्या.क.ल.पृ.११४) इति व्यक्तमुक्तं **यशोविजयवाचकवरैः स्याद्वादकल्पलतायाम्**।

एतेन हेमलक्षणसहकारिणोऽभेदेऽपि उपादानभूतस्य प्रातिस्विकस्य समनन्तरप्रत्ययक्षणलक्षणस्य वासनाद्यपराभिधानस्य मनस्कारस्य भेदात् शोकादिकार्यभेदसम्भव इत्यपि ***निरस्तम्,***

यतः शोकाद्युपादानभूतमनस्कारस्येव हेमलक्षणनिमित्तकारणस्याऽप्यवश्यं भिन्नत्वमङ्गीकर्तव्यम्,

---

છે તથા ઉત્પાદશક્તિથી તે ઉત્પાદસ્વભાવને પ્રાપ્ત કરે છે. સુવર્ણ આદિ દ્રવ્ય વિનાશસ્વભાવથી ઘટાર્થી વ્યક્તિમાં શોકસંસ્કારનું ઉત્પાદક છે તથા ઉત્પાદસ્વભાવથી મુકુટાર્થી જીવમાં પ્રમોદવાસનાનું જનક છે, તેમ જ ધ્રૌવ્યસ્વભાવથી સુવર્ણાર્થી જીવમાં તે માધ્યસ્થ્યસંસ્કારનું ઉત્પાદક છે.

● એક નિમિત્તે અનેક કાર્યજન્મની વિચારણા ●

(एकस्मा.) વળી, સોનાના ઘડાનો નાશ કરીને સોની જ્યારે સુવર્ણ મુગટનું નિર્માણ કરે છે તે સંયોગમાં એક જ ઘટધ્વંસ સ્વરૂપ કાર્ય દ્વારા અનેક ઘટાર્થી માણસોને એકીસાથે જે શોકની ઉત્પત્તિ થાય છે તેના પ્રત્યે પણ ઘટધ્વંસ એકસ્વભાવથી જનક બનવાના બદલે સ્વભાવભેદથી જનક = ઉત્પાદક થાય છે. તથા તે સ્વભાવભેદ પ્રસ્તુતમાં વિભિન્ન ઘટાર્થી જીવોમાં સમનન્તર જ્ઞાનક્ષણ સ્વરૂપ વિભિન્ન ઉપાદાનકારણોની સાથે થનાર સંબંધની નિમિત્તતા સ્વરૂપ છે. મતલબ એ છે કે ઘટધ્વંસ એક છે. પરંતુ તે ચૈત્ર, મૈત્રાદિ વિભિન્ન ઘટાર્થી ઉપાદાનકારણોની સાથે થનારા સંબંધનું નિમિત્ત છે. આ જ કારણસર ઘટધ્વંસ એક હોવા છતાં પણ વિભિન્નઉપાદાનસંબંધનિમિત્તત્વ સ્વરૂપ સ્વભાવભેદથી ચૈત્ર, મૈત્ર આદિ વિભિન્ન ઘટાર્થીઓમાં વિભિન્ન પ્રકારના શોકને ઉત્પન્ન કરે છે." આ પ્રમાણે **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે.

❋ સમનન્તરપ્રત્યયકારણતાની વિચારણા ❋

બૌદ્ધ :- **(एतेन.)** શોક, હર્ષ, માધ્યસ્થ્ય સ્વરૂપ અનેક વિલક્ષણ કાર્ય પ્રત્યે સુવર્ણસ્વરૂપ બાહ્ય દ્રવ્ય સહકારીકારણ = નિમિત્તકારણ છે. નિમિત્તકારણ એક હોવા છતાં પણ ઉપાદાનકારણ વિભિન્ન હોવાથી શોક, હર્ષ, માધ્યસ્થ્ય સ્વરૂપ કાર્યભેદ સંભવી શકે છે. પ્રસ્તુતમાં ઉપાદાનકારણ મનસ્કાર છે. તેના બીજા નામ વાસના, સંસ્કાર, ઉપયોગ વગેરે છે. બૌદ્ધદર્શન મુજબ તેનું સ્વરૂપ સમનન્તર પ્રત્યયક્ષણ છે. પ્રત્યય = જ્ઞાન. ઘટધ્વંસ આદિ કાર્યની ઉત્પત્તિની અવ્યવહિત પૂર્વક્ષણમાં જે જ્ઞાન ઉત્પન્ન થાય તે 'સમનન્તર પ્રત્યયક્ષણ' કહેવાય. પ્રસ્તુત સમનન્તર પ્રત્યયક્ષણ સ્વરૂપ મનસ્કાર દરેક વ્યક્તિઓમાં જુદા જુદા હોય છે. તેથી ઘટાર્થી વ્યક્તિમાં રહેલ મનસ્કાર દ્વારા શોક ઉત્પન્ન થશે. મુકુટાર્થી જીવમાં રહેલ વિલક્ષણ મનસ્કાર દ્વારા પ્રમોદ ઉત્પન્ન થશે. તેમજ સુવર્ણાર્થી વ્યક્તિમાં રહેલ વિભિન્ન મનસ્કાર દ્વારા માધ્યસ્થ્ય ઉત્પન્ન થશે. આમ નિમિત્તકારણમાં અભેદ હોવા છતાં ઉપાદાનકારણના ભેદથી શોક, હર્ષ, માધ્યસ્થ્ય સ્વરૂપ વિભિન્ન કાર્યોની ઉત્પત્તિ થઈ શકે છે. તેથી સુવર્ણ દ્રવ્યને ત્રયાત્મક નહિ પણ એકાત્મક = અભિન્ન માનવામાં કોઈ દોષ આવતો નથી.

❖ ઉપાદાન-નિમિત્તકારણભેદ આવશ્યક ❖

જૈન :- **(यतः.)** અમે પૂર્વે જે વાત કહી ગયા તેનાથી તમારી ઉપરોક્ત દલીલનું નિરાકરણ થઈ

एकस्यैव हेमादिद्रव्यस्याऽनेकोपादानं प्रति सहकारित्वाऽयोगात्। उपादानस्य शोकादिनानाकार्यजनन-समर्थत्वे सहकारिवैयर्थ्यात्, तदसमर्थत्वे सहकारिणः सर्वथैक्ये नानाकार्योत्पादकत्वाऽयोगात्। ततश्च सुवर्णादौ निमित्तकारणे शक्तेरवश्यमभ्युपगन्तव्यतया तन्नाशादिना सुवर्णादेः अनेकरूपता अनाविला।

"शक्त्यनभ्युपगमे पदार्थस्य स्वरूपेणैव कार्यहेतुत्वे यदेव विषं पूर्वं मारणसमर्थम् आसीत् तदेव केनचिद् मन्त्रविशेषेण संस्कृतं कथम् उज्जीवनहेतुः स्यात् ? तदानीमपि पदार्थस्वरूपस्य तादृक्षस्य एव प्रत्यक्षेण वीक्षणात्। (शक्तिस्वीकारे तु) मन्त्रसंस्कारक्षणे मारणशक्तेः विनाशात् शक्त्यन्तरस्य च मन्त्रसहकृताद् विषाद् उत्पत्तेः" (स्या. रत्ना. ४/११/पृ.७०७) इति **स्याद्वादरत्नाकरे** विस्तरेण बोध्यम्।

જાય છે. કારણ કે શોક, હર્ષ વગેરે અનેક વિલક્ષણ કાર્યના ઉપાદાનકારણ સ્વરૂપ મનસ્કારમાં, તમે બૌદ્ધો જેમ ભિન્નતાને = અનેકતાને સ્વીકારો છો તેમ સુવર્ણ દ્રવ્ય સ્વરૂપ નિમિત્તકારણમાં પણ અવશ્ય ભિન્નતાને = અનેકતાને તમારે સ્વીકારવી જરૂરી છે. કારણ કે એક જ સુવર્ણ આદિ દ્રવ્ય અનેક ઉપાદાનકારણો પ્રત્યે સહકારી બની શકતું નથી. મતલબ એ છે કે શોક, પ્રમોદ આદિ વિભિન્ન કાર્યો પ્રત્યે જો તે તે ઉપાદાનકારણ સ્વયં જ સમર્થ હોય તો તેના માટે સુવર્ણ આદિ સ્વરૂપ સહકારીકારણની કલ્પના નિરર્થક બની જશે. તથા જો ઉપાદાનકારણ શોક, પ્રમોદ આદિ વિભિન્ન કાર્યોને ઉત્પન્ન કરવા માટે સ્વયં સમર્થ ન હોય તો સુવર્ણ આદિ દ્રવ્ય સ્વરૂપ એક સહકારીકારણના સંનિધાનથી તેનામાં વિભિન્ન કાર્યોની ઉત્પાદકતા યુક્તિસંગત બની ન શકે. તેથી સુવર્ણ આદિ દ્રવ્ય સ્વરૂપ સહકારી કારણમાં શક્તિ અવશ્ય માનવી પડશે. તથા તે શક્તિના નાશ વગેરે દ્વારા સુવર્ણમાં વિભિન્નતા = વિભિન્નસ્વભાવતા = અનેકરૂપતા = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા નિરાબાધ રહેશે.

॥ ઝેરમાં મારકશક્તિ-સંજીવનશક્તિની વિચારણા ॥

("शक्त्य.) **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથમાં શ્રી**વાદિદેવસૂરિ**જીએ શક્તિપક્ષનું સમર્થન કરતાં જણાવેલ છે કે "જો શક્તિનો સ્વીકાર કરવામાં ન આવે અને દરેક પદાર્થ પોતાના સ્વરૂપથી જ = સ્વયમેવ જો પોતાના કાર્યને કરતો હોય તો જે ઝેર પૂર્વે મારવા માટે સમર્થ હતું, તે જ ઝેર વૈદ્ય દ્વારા કોઈ વિશિષ્ટ મંત્રથી સંસ્કૃત કરવામાં આવે = અભિમંત્રિત કરવામાં આવે તો કઈ રીતે બીજાને જીવાડવાનું કારણ તે ઝેર બની શકે ? કારણ કે ઝેરનું સ્વરૂપ તો ત્યારે પણ પ્રત્યક્ષ પ્રમાણથી તેવું જ દેખાય છે, જેવું અભિમંત્રિત કર્યા પૂર્વે દેખાતું હતું. (જો ઝેર સ્વતઃ જ મારવાનું કામ કરતું હોય તો અભિમંત્રિત કર્યા પૂર્વે જેમ તે મારવાનું કામ કરતું હતું તેમ અભિમંત્રિત કર્યા બાદ પણ તે મારક જ બનવું જોઈએ. પરંતુ તેવું તો બનતું નથી. માટે ઝેરમાં મારક શક્તિ માનવી જરૂરી છે. ઝેર સ્વતઃ મારતું નથી કે જીવાડતું નથી. પરંતુ મારક શક્તિના પ્રભાવે ઝેર મારવાનું કામ કરે છે - તેવું જો માનવામાં આવે તો કોઈ દોષ નહિ આવે. તે આ રીતે :-) અભિમંત્રિત કરવાના સમયે ઝેરમાં રહેલી મારક શક્તિનો નાશ થઈ જાય છે તથા અભિમંત્રણના પ્રભાવે ઝેરમાંથી નવી સંજીવનશક્તિ ઉત્પન્ન થાય છે. તેથી અભિમંત્રિત ઝેર જીવાડવાનું કામ કરે છે." આ અંગે વિસ્તારથી નિરૂપણ **સ્યાદ્વાદરત્નાકર**માંથી જાણી લેવું.

સ્પષ્ટતા :- સર્પના મોઢામાંથી ઝેરની કોથળી કાઢી લેવામાં આવે તો સાપ જેમ મારતો નથી. તેમ ઝેરમાંથી મારકશક્તિને રવાના કરવામાં આવે તો ઝેર મારી શકતું નથી. તેથી મારકશક્તિના નાશ

એક વસ્તુની પ્રમાતૃભેદઈ ઈષ્ટાનિષ્ટતા છઈ, તિહાં પણિ એક દ્રવ્યના ઈષ્ટાનિષ્ટજ્ઞાનજનન• શક્તિ રૂપ પર્યાયભેદ કહવા જ. *ઈતિ ૧૩૯મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૯/૬॥

न चैकस्यैवेक्षुफलादेः मनुष्य-क्रमेलकादिषु इष्टाऽनिष्टत्वप्रकारकप्रत्ययसहकारित्वदर्शनात् तथाऽभ्युपगम इति ***वाच्यम्,***

"तत्राऽपीक्षुफलादिद्रव्ये इष्टाऽनिष्टत्वप्रकारकसमनन्तरप्रत्ययजननानाशक्तिलक्षणपर्यायभेदस्याऽवश्यं वाच्यत्वात्, चित्रप्रतीतेः तथाभूतचित्रवस्तुनिमित्तत्वात्, अन्यथा (? तथा सति) एकस्वभावत्वाऽभ्युपगम-विरोधादि"ति (शा.वा. स.७/१९/पृ.११४) व्यक्तं **स्याद्वादकल्पलतायाम्**।

દ્વારા મારકશક્તિવિશિષ્ટ ઝેરનો નાશ, સંજીવનશક્તિના ઉત્પાદ દ્વારા સંજીવનશક્તિયુક્ત ઝેરની ઉત્પત્તિ અને વિષત્વસ્વરૂપે તેનું સ્થૈર્ય - આમ ઝેરમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ થાય છે.

❋ અનેક ઉપાદાન પ્રત્યે એકનિમિત્તકારણતા વિચાર ❋

બૌદ્ધ :- (न चै.) એક જ શેરડી મનુષ્યમાં ઈષ્ટત્વપ્રકારક પ્રતીતિને ઉત્પન્ન કરવામાં સહકારી બને છે તથા ઊંટ વગેરેમાં અનિષ્ટત્વપ્રકારક પ્રતીતિને ઉત્પન્ન કરવામાં સહકારી બને છે. પૂર્વે જણાવ્યા મુજબ આ હકીકત પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. તેથી એક નિમિત્તકારણ અનેક ઉપાદાનમાં વિભિન્ન કાર્યોને ઉત્પન્ન કરવા માટે સહકાર આપી શકે છે. આ વાત પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ હોવાના લીધે પ્રસ્તુતમાં પણ તેમ માની શકાય છે કે સુવર્ણ આદિ સ્વરૂપ નિમિત્તકારણ વિભિન્ન ઉપાદાનકારણમાં શોક, પ્રમોદ આદિ વિલક્ષણ કાર્યોને ઉત્પન્ન કરવામાં સહકારી બની શકે છે. આમ અનેક ઉપાદાન પ્રત્યે એક નિમિત્તકારણને સહકારી માનવામાં કોઈ વિરોધ આવતો નથી. તેથી સુવર્ણ આદિ દ્રવ્યમાં અભિન્નતા = એકાત્મકતા = એકસ્વભાવતા = એકરૂપતા માનવી વ્યાજબી જ છે. તેથી સુવર્ણમાં અનેકાત્મકતા = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા સિદ્ધ થઈ શકતી નથી.

❋ એક દ્રવ્યમાં અનેકપર્યાયાત્મકતાની સિદ્ધિ ❋

જૈન :- ("तत्रा.) "ના, તમારી વાત વ્યાજબી નથી. કેમ કે 'એક દ્રવ્ય એક સ્વભાવથી અનેક વિલક્ષણ કાર્યોને ઉત્પન્ન કરવામાં અનેક ઉપાદાન પ્રત્યે સહકારી બની ન શકે' - આ નિયમ મુજબ શેરડી વગેરે દ્રવ્યમાં પણ અનેકાત્મકતાનો સ્વીકાર અવશ્ય કરવો પડશે. મતલબ એ છે કે મનુષ્યમાં ઈષ્ટત્વપ્રકારક સમનન્તર પ્રતીતિને ઉત્પન્ન કરવાની શક્તિ અને ઊંટ વગેરેમાં અનિષ્ટત્વપ્રકારક સમનન્તર પ્રતીતિને ઉત્પન્ન કરવાની શક્તિ શેરડીમાં રહેલી છે - તેવું માનવું પડશે. આમ શેરડીમાં પણ અનેક શક્તિસ્વરૂપ અનેક પર્યાયનો સ્વીકાર અવશ્ય કરવો પડશે. તેથી એક જ શેરડીમાં અનેકશક્તિરૂપતા = અનેકપર્યાયાત્મકતા = અનેકરૂપતા = અનેકસ્વભાવતા સિદ્ધ થાય જ છે. આમ 'શેરડી પણ એકાનેક સ્વભાવવાળી છે' - તેવું માનવું જરૂરી છે. ઈષ્ટત્વ-અનિષ્ટત્વપ્રકારક વિવિધ પ્રતીતિ સિદ્ધ કરે છે કે તે પ્રતીતિમાં નિમિત્ત બનનાર વસ્તુ પણ તથાવિધ વિવિધસ્વભાવને ધારણ કરે છે. જો બાહ્ય વસ્તુ વિલક્ષણ વિવિધ પ્રતીતિનું નિમિત્ત બને તો તેમાં સર્વથા એકસ્વભાવરૂપતાનો સ્વીકાર કરવામાં વિરોધ આવશે" - આ પ્રમાણે **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે.

• પુસ્તકોમાં 'જન' પાઠ. કો.(७+१०+११) નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

व्यवस्थापितश्चायमर्थः "यतः स्वभावतो जातमेकं नान्यत् ततो भवेत्। कृत्स्नं प्रतीत्य तं भूतिभावत्वात् तत्स्वरूपवद्।।" (अ.ज.प.भाग-१/पृ.४९) इत्यादिना **श्रीहरिभद्रसूरिभिः अनेकान्तजयपताकायाम्।**

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - अनेकप्रबुद्धसंस्कारादिलक्षणकार्योत्पत्तिः उपादानस्य अनेक-

✡ विविधप्रतीतिनिमित्तता अनेकस्वभावसाधक ✡

स्पष्टता :- प्रतीतिगत वैविध्य वस्तुस्वभावगत वैविध्यना निमित्ते छे. जो वस्तुस्वभावमां वैविध्य न होय तो तेना निमित्ते थनारी प्रतीतिमां वैविध्य आवी न शके. परंतु प्रतीतिवैविध्य तो प्रसिद्ध ज छे. तेथी विविध प्रतीति प्रत्ये निमित्त बननार बाह्य वस्तुमां सर्वथा एकस्वभाव मानवामां आवे तो विविध प्रतीतिनी अन्यथा अनुपपत्तिना लीधे बाह्यवस्तुगत सर्वथा एकस्वभावनो स्वीकार विरोधग्रस्त बनशे.

❋ अनेकान्तजयपताकावचनविमर्श ❋

(**व्यवस्था.**) उपरोक्त तथ्यने **श्रीहरिभद्रसूरिजी** महाराजे **अनेकांतजयपताका** ग्रंथमां प्रमाणथी व्यवस्थापित करेल छे. त्यां तेओश्रीए जणावेल छे के "बौद्धमतमां जे स्वभावथी जे कारण एक कार्यनुं जनक थाय छे, ते स्वभावथी ते कारण अन्य कार्यनुं उत्पादक बनतुं नथी. कारण के कार्यनुं भूतिभावत्व = उत्पत्तिधर्मकत्व = उत्पत्तिस्वभावत्व संपूर्ण कारणस्वभावने आधीन होय छे. अर्थात् कारणगत संपूर्ण स्वभावने आश्रयीने उत्पन्न थवानो कार्यस्वभाव होय छे. कारण के जे कार्य जे कारणथी उत्पन्न थाय छे, ते कार्यनी उत्पत्तिमां ते कारण समग्ररूपे जोडाई जाय छे. फलतः कारण एक कार्यनी उत्पत्तिमां समग्ररूपे जोडाई जवाने लीधे ते कारणथी अन्य कार्यनी उत्पत्ति थई शकती नथी. जेम के जे मृत्पिंडमांथी घडो उत्पन्न थाय ते मृत्पिंड संपूर्णरूपे ते घडानी उत्पत्तिमां जोडाई जाय छे. तेथी ते घडानी उत्पत्ति करवामां विनियुक्त मृत्पिंडमांथी माटीनो चूलो, माटीनां रमकडां, वगेरे अन्य मृत्पात्रोनी उत्पत्ति थई शकती नथी. अधिकृत घटकार्यनुं स्वरूप जेम संपूर्ण स्वकारणस्वभावने सापेक्ष होय छे, तेम सर्व कार्य संपूर्ण स्वकारणस्वभावने आधीन होय छे."

❀ कार्योत्पत्तिमां कारणस्वभावनो संपूर्ण विनियोग ❀

स्पष्टता :- श्रीहरिभद्रसूरिजी महाराजना उपरोक्त वचनथी एटलुं फलित थाय छे के कार्योत्पत्तिमां कारणस्वभावनो संपूर्णतया विनियोग थतो होवाथी जो सुवर्ण आदि द्रव्य स्वरूप निमित्तकारणनो सर्वथा एक स्वभाव मानवामां आवे तो शोक, हर्ष आदि विभिन्न विलक्षण कार्यनी उत्पत्ति सुवर्ण आदि द्रव्य द्वारा थई नहि शके. केम के तमे सुवर्ण आदि द्रव्यनो स्वभाव सर्वथा एक मानो छो. तथा ते स्वभावनो संपूर्णतया विनियोग शोकने उत्पन्न करवामां थई चूकेलो होय तो हर्ष के माध्यस्थ्य स्वरूप अन्यविध कार्यनी उत्पत्ति एकांततः एक स्वभावने धारण करनारा सुवर्ण आदि द्रव्य द्वारा कई रीते थई शके ? परंतु हकीकत एे छे के शोक, हर्ष, माध्यस्थ्य स्वरूप परस्पर विलक्षण त्रण कार्य तो उत्पन्न थाय ज छे. तेथी तेनी संगति करवा माटे एक ज सुवर्ण द्रव्यने उत्पाद-व्यय-ध्रौव्य स्वरूप त्रण स्वभाववाळुं मानवुं जरूरी छे. तेथी एक द्रव्यमां उत्पाद आदि त्रितयात्मकता सिद्ध थाय छे. आथी ज 'प्रत्येक वस्तु एकानेकस्वभाववाळी छे' - तेवुं फलित थाय छे.

❋ आपणा पतनमां आपणो विकृतस्वभाव जवाबदार ❋

आध्यात्मिक उपनय :- प्रबुद्ध विविध संस्कार वगेरे स्वरूप अनेक कार्यनी उत्पत्ति सूचित करे

स्वभावतां सूचयति। एवमेव निमित्तकारणस्याऽपि नानास्वभावाः भवन्ति। उभयतः कार्यमुत्पद्यते। केनचित् कटु-कर्कश-शब्दोच्चारणे अस्मदीयाऽपमानकरणे वाऽस्मत्कोपोत्पत्तौ न केवलं परकीयकटुशब्दकारणता किन्तु अस्मदीयविकृतस्वभावकारणताऽपि समस्तीत्यभ्युपगन्तव्यं सहृदयतया। कटुशब्दादिलक्षणनिमित्तकार-णतः अस्मदीयविकृतस्वभावलक्षणोपादानकारणतश्च कोपानल उत्पद्यते।

उपादानकारणाऽयोगे तु नैव कटुशब्दादितः क्रोधोत्पादसम्भवः, गौशालकाऽभ्याख्यातश्रीमहावीरवत्। इत्थमेव रत्यरति-रागद्वेष-हर्षशोकादिविविधविकृत्यावर्त्तनिमज्जने केवलबाह्यविकृतनिमित्त-शब्द-परिस्थिति-प्रभृतेः कारणत्वमनभ्युपगम्याऽस्मदीयविकृतस्वभावस्याऽपि कारणत्वं मन्तव्यं मध्यस्थतया। तत्प्रकर्षे च "अभिव्याप्य स्थिताः सिद्धाः अवेदा वेदनोज्झिताः। चिदानन्दमयाः कर्मघर्माऽभावेन निर्वृताः।।" (क्षे.लो. प्र.२७/६६६) इति **क्षेत्रलोकप्रकाशे विनयविजय**वाचकोक्तं सिद्धरूपं प्रत्यासन्नं स्यात्।।९/६।।

છે કે ઉપાદાનકારણના સ્વભાવ અનેક છે. તથા નિમિત્તકારણના સ્વભાવ પણ અનેક છે. કાર્યની ઉત્પત્તિ તો ઉપાદાન અને નિમિત્ત - બન્નેના લીધે થાય છે. તેથી કોઈ આપણને કડવા-કર્કશ શબ્દ કહે કે અપમાન કરે અને આપણને તેના પ્રત્યે ગુસ્સો આવે તો આપણને થતા ગુસ્સામાં ફક્ત સામેની વ્યક્તિના બગડેલા શબ્દો જ કારણ છે - તેવું નથી. પરંતુ આપણો બગડેલો સ્વભાવ પણ તેમાં અવશ્ય જવાબદાર છે. આ સત્ય હકીકતનો સ્વીકાર કરવામાં આપણને બિલકુલ ખચકાટ થવો ન જોઈએ. સામેની વ્યક્તિના શબ્દો ગુસ્સાનું નિમિત્તકારણ છે તથા આપણો આત્મા ગુસ્સાનું ઉપાદાનકારણ છે. તેથી શબ્દનો બગડેલો સ્વભાવ અને આપણો બગડેલો સ્વભાવ - આ બન્ને ભેગા થવાથી ક્રોધાનલનો પ્રાદુર્ભાવ થાય છે.

✡ ખેલદિલીને ખીલવીએ ✡

(**उपा.**) જો આપણો સ્વભાવ બગડેલો ન હોય તો આપણા કાને પડતા બગડેલા શબ્દો કોપાનલનું નિર્માણ કરવા માટે અસમર્થ છે. ગોશાળાએ કડવા શબ્દોમાં ભગવાન મહાવીરસ્વામીજી પ્રત્યે ખોટા આક્ષેપો કર્યા, દોષારોપણ કર્યા તેમ છતાં પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તેના પ્રત્યે લેશ પણ ગુસ્સે થયા ન હતા. કારણ કે કડવા શબ્દ સ્વરૂપ નિમિત્તકારણ હાજર હોવા છતાં પણ ભગવાનનો સ્વભાવ બગડેલો ન હતો, ગુસ્સાનું ઉપાદાનકારણ ગેરહાજર હતું. તેથી ગુસ્સાનું નિમિત્તકારણ અકિંચિત્કર બની ગયું. આ જ રીતે રતિ-અરતિ, ગમા-અણગમા, રાગ-દ્વેષ, હર્ષ-શોક આદિ વિવિધ વિકૃતિઓના વમળમાં આપણે અટવાઈ જતા હોઈએ; ત્યારે કેવળ બાહ્ય વાતાવરણ, બાહ્ય નિમિત્ત, બાહ્ય શબ્દો, બાહ્ય પરિસ્થિતિ વગેરેના બગડેલા સ્વભાવને કારણ માનવાના બદલે આપણા વિકૃત સ્વભાવને પણ તેમાં જવાબદાર માનવાની આપણે મધ્યસ્થતાપૂર્વક ખેલદિલી રાખવી જોઈએ. તે મધ્યસ્થતા-ખેલદિલીનો પ્રકર્ષ થાય તો **ક્ષેત્રલોકપ્રકાશ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં ઉપાધ્યાય શ્રી**વિનયવિજય**જીએ જણાવેલ છે કે 'લોકાગ્રભાગમાં વ્યાપીને રહેલા સિદ્ધાત્માઓ વેદશૂન્ય, વેદનારહિત, ચિદાનંદમય તથા કર્મનો તાપ જવાથી અત્યંત શીતલ છે.' (૯/૬)

જો નિમિત્તભેદ♦ વિન ગ્યાનથી, શક્તિ સંકલ્પ-વિકલ્પ રે;
તો બાહ્ય વસ્તુના લોપથી, ન ઘટઈ તુઝ ઘટ-પટ જલ્પ રે ॥૯/૭॥ (૧૪૦) જિન.

જો ✲*યોગાચારમતવાદી* બૌદ્ધ કહસ્યઈ જે "**નિમિત્તકારણના ભેદ વિના** જ વાસનાવિશેષજનિત♦ (**ગ્યાનથી શક્તિ** = ગ્યાનશક્તિથી =) જ્ઞાનસ્વભાવથી શોક-પ્રમોદાદિક **સંકલ્પ-વિકલ્પ** હોઈ છઈ." **તો** "ઘટ-પટાદિનિમિત્ત વિના જ વાસનાવિશેષઈ ઘટ-પટાદ્યાકાર જ્ઞાન હોઈ."

योगाचारमतमपहस्तयितुमुपक्रमते – '**हेतुभेदमि**'ति।

हेतुभेदं विना ज्ञानशक्त्या शोको भवेद् यदि।
तर्हि बाह्यार्थलोपात्ते घटज्ञानं न सम्भवेत्।।९/७।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यदि हेतुभेदं विना ज्ञानशक्त्या शोको भवेद् तर्हि बाह्यार्थलोपात् ते घटज्ञानं न सम्भवेत्।।९/७।।

यदि ज्ञानाद्वैतवादिना योगाचारसंज्ञेन बौद्धेन "**हेतुभेदं** = बाह्यनिमित्तकारणभेदं **विना** एव अनादिवितथवासनाविशेषजनितया **ज्ञानशक्त्या** = विज्ञानस्वभावविशेषलक्षणया **शोकः** = शोक-प्रमोदादिविषयकसङ्कल्प-विकल्पात्मको बोधविशेषो **भवेत्** = सम्भवेद्" इति उच्यते **तर्हि** घट-पटादिबाह्यार्थलक्षणं निमित्तं विनैव वासनाविशेषवशाद् ज्ञानशक्त्या घट-पटाद्याकारं ज्ञानं स्यादित्यापद्येत।

અવતરણિકા :- જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધના મતનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી ભૂમિકા બાંધે છે :-

શ્લોકાર્થ :- જો કારણભેદ વિના જ જ્ઞાનશક્તિથી શોક થાય તો બાહ્ય વસ્તુનો ઉચ્છેદ થવાથી તમને (= જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધને) ઘટજ્ઞાન થઈ નહિ શકે. (૯/૭)

❋ નિર્વિષયકજ્ઞાનસ્વીકારમાં અનેક દોષો ❋

વ્યાખ્યાર્થ :- યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાનો જ્ઞાનાદ્વૈતવાદી છે. 'આ વિશ્વમાં જ્ઞાન સિવાય કોઈ પણ વસ્તુ વાસ્તવિક નથી' - આ પ્રમાણે યોગાચાર નામના બૌદ્ધો કહે છે. તેથી પ્રસ્તુતમાં જો તેઓ એમ કહે કે "બાહ્ય વિશેષ પ્રકારના નિમિત્ત કારણ વિના જ અનાદિકાલીન વિભિન્ન પ્રકારના મિથ્યા સંસ્કારથી ઉત્પન્ન થયેલ વિશેષ પ્રકારના જ્ઞાનસ્વભાવ સ્વરૂપ જ્ઞાનશક્તિથી જ શોક-હર્ષઆદિવિષયક સંકલ્પ-વિકલ્પાત્મક વિશેષ પ્રકારનો બોધ સંભવી શકે છે. અર્થાત્ બાહ્ય ઘટ-પટાદિ વિષય વિના જ જ્ઞાનશક્તિથી શોક-હર્ષઆદિગોચર પ્રતીતિ થઈ શકે છે" - તો તેઓની આ વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે આ રીતે માનવામાં આવે તો ઘટ-પટ આદિ બાહ્ય વસ્તુસ્વરૂપ નિમિત્ત કારણ વિના જ વિશેષ પ્રકારના સંસ્કારના લીધે ઉત્પન્ન થનારી જ્ઞાનશક્તિથી જ ઘટ-પટાદિઆકારવાળું જ્ઞાન ઉત્પન્ન થવાની આપત્તિ આવશે.

♦ કો.(૪)માં 'ભેદે' પાઠ. ✲ પુસ્તકોમાં 'યોગાચારવાદી' પાઠ. કો.(૭+૯+૧૦+૧૧)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'વાસનાજનિત' પાઠ. સિ. + કો.(૭+૯+૧૦+૧૧) + B(૨) + લા.(૨)નો પાઠ લીધો છે.

(**तो** =) ति वारई बाह्य वस्तु सर्व लोपई, अनई (**बाह्य वस्तुना लोपथी तुझ**) निष्कारण (**घट -पटजल्प**) तत्तदाकार ज्ञान पणिं न (**घटई**=) संभवई.♦

'ओमि'ति चेत् ? तर्हि **बाह्यार्थलोपाद्** = घट-पटादिसकलबाह्यवस्तुविलोपात् **ते** = तव ज्ञानाद्वैतवादिनो योगाचारस्य **घटज्ञानं** = घट-पटादिप्रतिनियताकारं प्रतिनियतकालीनं ज्ञानमपि कदापि **न** = नैव **सम्भवेत्**, निष्कारणत्वात्, सम्भवे वा शाश्वतिकं तत् स्यात्। तदुक्तं **धर्मकीर्त्तिनैव प्रमाणवार्त्तिके** "नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्। अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः।" (प्र.वा.३/३) इति।

एतेन वासनाविशेषस्यैव तत्कारणत्वाऽभ्युपगमान्नायं दोष इत्यपि ***प्रत्यस्तम्***, तस्यापि बाह्यार्थमृतेऽसम्भवात्, सम्भवे वा नित्यत्वाऽऽपातात्। अयमभिप्रायः – बाह्यार्थनिमित्तं नियताकारं ज्ञानं

❀ बाह्यपदार्थना उच्छेदनी आपत्ति ❀

('**ओमि**'.) જો યોગાચાર આદિ આ આપત્તિને ઈષ્ટાપત્તિરૂપે સ્વીકારે તો ઘટ-પટાદિ તમામ બાહ્ય વસ્તુનો લોપ = ઉચ્છેદ થઈ જવાથી જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારને ઘટ-પટ આદિ પ્રતિનિયત આકારવાળું અને પ્રતિનિયત સમયે થનારું જ્ઞાન પણ ક્યારેય સંભવી નહીં શકે. કારણ કે પ્રતિનિયત સમયે થનાર પ્રતિનિયત આકારવાળા ઘટ-પટઆદિવિષયક જ્ઞાનનું કોઈ ચોક્કસ કારણ યોગાચારમતમાં વિદ્યમાન નથી. આનું કારણ એ છે કે તેમના મતે જ્ઞાન સિવાય કોઈ પણ વસ્તુ આ દુનિયામાં છે જ નહિ. તેથી જ્ઞાનમાં કે જ્ઞાનથી અભિન્ન જ્ઞાનશક્તિમાં કે જ્ઞાનથી અભિન્ન સંસ્કારમાં વિશેષતાને = ભેદને લાવનારું કોઈ તત્ત્વ જ વિદ્યમાન નથી. તેથી અમુક સમયે ઘટાકારવાળું જ્ઞાન થાય અને અમુક સમયે પટાકારવાળું જ્ઞાન થાય - આવો નિયમ, જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારના મતમાં સંભવી ન શકે. કારણ વિના પણ ઘટાકાર, પટાકાર આદિ ચોક્કસ આકારવાળું જ્ઞાન જો સંભવી શકતું હોય તો તે જ્ઞાન શાશ્વત થવાની આપત્તિ આવશે. કારણ કે **ધર્મકીર્તિ** નામના બૌદ્ધ વિદ્વાને જ **પ્રમાણવાર્તિક** ગ્રંથમાં જણાવેલ છે કે "જે વસ્તુનું કોઈ કારણ ન હોય તે વસ્તુ કાં તો નિત્ય સત્ = હાજર હોય, કાં તો નિત્ય અસત્ = ગેરહાજર હોય. કેમ કે તે વસ્તુ અહેતુક = નિર્મૂળ = નિષ્કારણ હોવાથી અન્ય કોઈની અપેક્ષા રાખતી નથી. તેથી તે વસ્તુ ક્યારેક હોય અને ક્યારેક ન હોય - એવું સંભવી શકતું નથી. જે વસ્તુ પોતાની ઉત્પત્તિ વગેરે માટે અન્ય કારણની અપેક્ષા રાખે તે જ વસ્તુ ક્યારેક હોય અને ક્યારેક ન હોય તેવું સંભવી શકે છે." - આ પ્રમાણે **ધર્મકીર્તિ** નામના બૌદ્ધ વિદ્વાનના યુક્તિસંગત વચનના આધારે યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાનના મતમાં "ઘટાદિ નિયત આકારવાળા જ્ઞાનનું કોઈ કારણ ન હોય તો તે જ્ઞાન શાશ્વત = નિત્ય સત્ બનવાની આપત્તિ આવશે" - આવું જૈનોએ કરેલું આપાદન યથાર્થ જ છે.

❀ योगाचारमतमां नित्य संस्कारनी आपत्ति ❀

(**एतेन.**) જો યોગાચારવાદી બૌદ્ધ વિદ્વાન એવું જણાવે કે "અમે તો ઘટ-પટાદિ નિયત આકારવાળા જ્ઞાન પ્રત્યે વિશેષ પ્રકારના સંસ્કારને કારણ માનીએ જ છીએ. તેથી નિયત સમયે નિયત આકારવાળું

♦ ફક્ત લી.(૩)માં 'संभवई, अंतःबहिराकार ज्ञान' અધિક પાઠ.

અંતર-બહિરાકાર વિરોધઈ બાહ્યાકાર મિથ્યા કહિઈ,

जायते। तादृशज्ञाननिमित्ता नियतार्थविषयकस्मरणजनकाः संस्कारविशेषा जायन्ते। तेभ्यश्च प्रतिनियताकाराणि स्मरणानि जायन्ते। इत्थं स्मृतिजनकसंस्कारनैयत्यस्य बाह्यार्थाधीनत्वेन बाह्यार्थानभ्युपगमे संस्कारविशेषानुदयापत्तेः। निष्कारणकसंस्कारविशेषाङ्गीकारे तु "नित्यं सत्त्वमसत्त्वं वा..." (प्र.वा.३/३) इत्यादि**प्रमाणवार्त्तिक**वचनात् तन्नित्यत्वापत्त्या नियताकारकज्ञानस्याऽपि नित्यताऽऽपत्तिः योगाचारमते दुर्वारेति।

अस्तु वा यथाकथञ्चिद् नियताकारज्ञानसम्भवः किन्तु 'घटमहं जानामी'ति अन्तर्बहिराकारद्वयोपेतमेकं ज्ञानं तु तन्मते नैव सम्भवेत्, तेन अन्तर्बहिरर्थद्वयाऽनभ्युपगमात्।

अथ 'घटमहं जानामी'त्यत्र 'घटम्' इति बाह्याकारः, 'अहमि'ति चाऽऽन्तराऽऽकारः। तयोश्च

જ્ઞાન ઉત્પન્ન થઈ ન શકવાની સમસ્યાને અવકાશ રહેતો નથી'' - તો યોગાચારની આ દલીલનું પણ ઉપરોક્ત કથન દ્વારા નિરાકરણ થઈ જ જાય છે. કારણ કે ઘટ-પટ આદિ બાહ્ય પદાર્થ વિના કોઈ ચોક્કસ પ્રકારના સંસ્કાર પણ સંભવી શકતા નથી. જો સંભવે તો તે સંસ્કાર પણ નિત્ય થવાની આપત્તિ આવે. અહીં આશય એ છે કે બાહ્ય ઘટ-પટ આદિ નિમિત્ત કારણને લીધે ઘટ-પટાદિ નિયત આકારવાળું જ્ઞાન ઉત્પન્ન થાય છે. તથા તે જ્ઞાનના આધારે ઘટ-પટાદિનિયતવિષયક સ્મરણને ઉત્પન્ન કરનારા ચોક્કસ પ્રકારના સંસ્કાર ઉત્પન્ન થાય છે. તથા તે પ્રતિનિયત સંસ્કારના આધારે પ્રતિનિયત આકારવાળું સ્મરણાત્મક જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ રીતે સંસ્કારમાં પ્રતિનિયતતા = ચોક્કસતા = વિશેષતા લાવવામાં ઘટ-પટ આદિ બાહ્ય વિષય મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી બાહ્ય પદાર્થને માનવામાં ન આવે તો વિશેષ પ્રકારના સંસ્કારની ઉત્પત્તિ પણ યોગાચારમતમાં સંભવી ન શકે. જો બાહ્ય પદાર્થને સંસ્કારનું કારણ ન માનવામાં આવે અને વગર કારણે જ ચોક્કસ પ્રકારના સંસ્કાર સંભવી શકતા હોય તો તે સંસ્કાર નિત્ય બનવાની આપત્તિ આવશે. કારણ કે 'જેનું કોઈ કારણ ન હોય તે વસ્તુ કાં તો નિત્ય સત્ હોય કાં તો નિત્ય અસત્ હોય' - આવું **પ્રમાણવાર્તિક**માં **ધર્મકીર્તિ**એ કહેલ છે. આ વાત હમણાં જ જોઈ ગયા છીએ. તેથી જ પ્રતિનિયત આકારવાળા જ્ઞાનને ઉત્પન્ન કરનાર પ્રતિનિયત સંસ્કાર નિત્ય બનવાના લીધે પ્રતિનિયત આકારવાળું જ્ઞાન પણ નિત્ય બનવાની આપત્તિ યોગાચારમતમાં દુર્વાર બનશે.

✡ બાહ્ય-આંતરિકઆકારવાળા જ્ઞાનનો બૌદ્ધમતે અસંભવ ✡

(**अस्तु.**) અભ્યુપગમવાદથી સ્વીકારી લઈએ કે 'યોગાચારમતમાં ગમે તે રીતે ઘટ-પટાદિ નિયતાકાર જ્ઞાન સંભવે.' પરંતુ 'હું ઘડાને જાણું છું' - આમ આંતરિક અને બાહ્ય બે આકારવાળું એક જ્ઞાન તો તેમના મતે નહિ જ સંભવે. કારણ કે બાહ્ય અને આંતરિક - એમ બે અર્થને તે માનતા જ નથી.

બાહ્યાકાર મિથ્યા, આંતરિક આકાર સત્ય : યોગાચાર

યોગાચાર બૌદ્ધ :- (**अथ.**) 'હું ઘટને જાણું છું' - આ પ્રમાણે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાનમાં 'ઘટ' બાહ્ય આકાર છે. તથા 'હું' આંતર આકાર છે. બાહ્ય આકાર અને આંતરિક આકાર - આ બન્ને પરસ્પર વિરોધી છે. તેથી એક જ જ્ઞાનમાં એકીસાથે તે બન્ને સંભવી શકતા નથી. તેથી બે આકારમાંથી

તો ચિત્રવસ્તુવિષય નીલપીતાદ્યાકારજ્ઞાન પણિ મિથ્યા હુઇ જાઇ.

मिथोविरोधान्नैकदैकत्र सम्भव इत्येकेन तावद् मिथ्यातया भवितव्यम्। अहमाकारस्त्वबाधितः ज्ञानस्वभावरूपः सर्वत्रैवाऽनुगतश्चेति घटादिबाह्याकारः मिथ्येत्यभ्युपगम्यते।

इदमप्यत्रावधेयम् – यदुत घटादेरर्थाकारत्वे एव मिथ्यात्वम्, न तु ज्ञानाकारत्वेऽभ्युपगम्यमाने। बोधाकारस्याऽऽन्तराऽऽकारतयाऽहमाकारेण साकमविरोधादिति ***चेत्*** ?

तर्हि मेचकादिचित्रवस्तुगोचरं नील-पीताद्याकारं ज्ञानमपि मिथ्या स्यात्, आन्तर-बाह्याकारयोरिव

એક આકાર અવશ્ય મિથ્યા હોવો જોઈએ. 'હું' આ આકાર તો અબાધિત જ છે. કારણ કે તે જ્ઞાનના સ્વભાવ સ્વરૂપ છે. તથા બધા જ જ્ઞાનમાં અનુગત છે. 'હું ઘટને જાણું છું', 'હું પટને જાણું છું' - ઈત્યાદિ તમામ જ્ઞાનમાં 'હું' આવો આકાર અનુગતરૂપે પ્રસિદ્ધ જ છે. તેથી તેને જ્ઞાનસ્વભાવાત્મક માનવો જરૂરી છે. તેથી 'अहं' આકાર અબાધિત સિદ્ધ થાય છે. પરંતુ ઘટાકાર, પટાકાર વગેરે આકારો સર્વ જ્ઞાનમાં અનુગત નથી. તેથી જ તેને જ્ઞાનસ્વભાવ સ્વરૂપ માની ન શકાય. કારણ કે કોઈ પણ વસ્તુ ક્યારેય સ્વભાવશૂન્ય હોતી નથી. તેથી જ 'अहं' આકાર અને વિષયાકાર - આ બે આકારમાંથી એક આકારને મિથ્યા = ખોટો માનવો જ્યારે જરૂરી જ બની જાય છે ત્યારે જ્ઞાનમાં ઘટાદિ બાહ્ય આકાર = વિષયાકાર મિથ્યા છે - આ પ્રમાણે અમે સ્વીકારીએ છીએ.

❦ અર્થાકાર મિથ્યા, જ્ઞાનાકાર સત્ય : યોગાચાર ❦

(**इदम्**.) અહીં એક વાત એ પણ ધ્યાનમાં રાખવી કે ઘટ-પટ વગેરેને અર્થાકાર = બાહ્ય પદાર્થ સ્વરૂપ માનવામાં આવે તો જ તે ઘટ-પટાદિ મિથ્યા છે. જો ઘટ-પટાદિને જ્ઞાનાકાર = જ્ઞાનસ્વભાવાત્મક = જ્ઞાનસ્વરૂપ માનવામાં આવે તો તે મિથ્યા નથી પરંતુ પારમાર્થિક જ છે. ઘટ-પટાદિને જ્ઞાનાકાર સ્વરૂપ માનવામાં આવે તો તેને મિથ્યા માનવાની આવશ્યકતા એટલા માટે નથી રહેતી કે જ્ઞાનાકાર આંતરિક આકાર છે અને 'अहं' આકાર પણ આંતરિક આકાર છે. આંતર આકારનો આંતર આકાર સાથે વિરોધ હોઈ ન શકે. તેથી જ્ઞાનાકારસ્વરૂપ ઘટ-પટાદિનો 'अहं' આકારની સાથે વિરોધ આવતો નથી. તેથી એક જ જ્ઞાનમાં જ્ઞાનાકારસ્વરૂપ ઘટ-પટાદિ અને 'अहं' આકાર બન્ને સાથે રહી શકે છે. આમ ઘટ-પટાદિને જ્ઞાનાકારસ્વરૂપે માનવામાં આવે તો તેને પારમાર્થિક માની શકાય છે. પરંતુ તેને બાહ્યપદાર્થસ્વરૂપ માનવામાં આવે તો તે મિથ્યા છે. આથી અમે વિશ્વમાં માત્ર જ્ઞાનનો જ સ્વીકાર કરીએ છીએ. તેથી જ અમારું બીજું નામ જ્ઞાનાદ્વૈતવાદી છે.

❦ યોગાચારમતમાં ચિત્રજ્ઞાન મિથ્યા બનવાની સમસ્યા ❦

જૈન :- (**तर्हि**.) જો બાહ્ય આકારનો અને આંતરિક આકારનો વિરોધ હોવાથી બાહ્ય પદાર્થ સ્વરૂપ ઘટ-પટ આદિ મિથ્યા હોય તો મેચક (નીલ, પીત આદિ વિવિધરૂપ યુક્ત મણિ) વગેરે ચિત્રરૂપવાળી = વિવિધરૂપવાળી વસ્તુનું જે જ્ઞાન નીલ-પીત વગેરે આકારવાળું થાય છે, તે જ્ઞાનને પણ મિથ્યા માનવું પડશે. કારણ કે આંતર આકારમાં અને બાહ્ય આકારમાં જેમ પરસ્પર વિરોધ છે, તેમ નીલાકારત્વરૂપે અને પીતાકારત્વાદિરૂપે નીલ આકાર અને પીતાદિ આકાર વચ્ચે પણ પરસ્પર વિરોધ છે. અર્થાત્ જે

नील-पीताद्याकाराणामपि नीलाकारत्व-पीताकारत्वादिना मिथो विरोधात्। ततश्च विरोधदोषाद् बाह्यार्थापलापे ज्ञानापलापापत्तिः दुर्वारैव ज्ञानाद्वैतवादिनः।

न चानेकाकारकरम्बितविज्ञानाऽनभ्युपगमे नील-पीत-धवलाद्यवगाहिनः सार्वलौकिकस्य अत एव पारमार्थिकस्य चित्रज्ञानस्याऽनुपपत्तेः न नील-पीतादिज्ञानाकाराणां मिथो विरोध इति ***वाच्यम्,***

यतः "सार्वलौकिकानुभवस्वारस्येन चित्रज्ञानाभ्युपगमे चित्राऽर्थोऽप्यनिवारितप्रसर एव, ग्राह्य-ग्राहक-भेदस्य सत्यस्य प्रतिभासादिति" (शा.वा.स. ५/१२/पृ.४३) व्यक्तं **स्याद्वादकल्पलतायाम्**।

नील-पीताद्याकाराणाम् अभ्रान्तप्रतीत्या तथाविधबाह्यार्थोऽपि कारणविधया स्वीकार्य एव।

જ્ઞાન નીલાકારક છે, તે પીતાદિઆકારક બની ન શકે. તેથી એક જ્ઞાનમાં નીલ-પીતાદિ અનેક વિરોધી આકારનો સમાવેશ થઈ ન શકે. જો નીલ-પીતાદિ અનેક વિરોધી આકારનો એક જ જ્ઞાનમાં સમાવેશ થઈ જાય તો નીલાકારક જ્ઞાન જ પીતાદિઆકારક બનવાથી તે જ્ઞાન પણ મિથ્યા બની જાય. આમ વિરોધના લીધે જો તમે જ્ઞાનાદ્વૈતવાદી ઘટ-પટાદિ બાહ્ય અર્થાકારને મિથ્યા માનતા હો તો વિરોધ દોષના લીધે જ નીલ-પીત આદિ અનેક વિવિધ આકારવાળા એક જ્ઞાનને પણ મિથ્યા માનવાની આપત્તિ તમારે દુર્વાર બનશે. ટૂંકમાં, બાહ્ય અર્થનો અપલાપ કરવામાં જ્ઞાનનો પણ અપલાપ દુર્વાર બનશે.

❀ નીલ-પીતાકાર વચ્ચે વિરોધપરિહારનો પ્રયાસ ❀

બૌદ્ધ :- (**न चा.**) નીલ, પીત વગેરે અનેક આકારથી યુક્ત એવા એક જ્ઞાનનો સ્વીકાર કરવામાં ન આવે તો નીલ, પીત, શ્વેત વગેરે આકારનું અવગાહન કરનાર જ્ઞાન અસંગત થઈ જશે. પરંતુ સર્વ લોકોને નીલ, પીત વગેરે અનેક આકારનું અવગાહન કરનારા જ્ઞાનનો અનુભવ તો થાય જ છે. તેથી તે જ્ઞાન પારમાર્થિક = વાસ્તવિક જ માનવું પડે. તે જ્ઞાન સત્ય હોવાથી તેનો સ્વીકાર કરવો જરૂરી છે. તથા તે ચિત્રાકાર જ્ઞાનની સંગતિ માટે જ્ઞાનમાં નીલ, પીત વગેરે અનેક આકારનો સ્વીકાર કરવો પણ જરૂરી છે. તેથી નીલ, પીત વગેરે જ્ઞાનાકારમાં પરસ્પર વિરોધ અમે માનતા નથી. તેથી નીલ, પીત આદિ અનેક અવિરુદ્ધ આકારવાળા જ્ઞાનને મિથ્યા માનવાની જરૂર નથી.

❀ પદાર્થ અનેકાન્તસ્વરૂપ : જૈન ❀

જૈન :- (**यतः.**) જો સર્વ લોકોના અનુભવમાં સ્વરસ રાખીને તેના આધારે તમે ચિત્રાકારવાળા = વિવિધ આકારવાળા = વિવિધ સ્વભાવવાળા જ્ઞાનનો સ્વીકાર કરતા હો તો સર્વ લોકોના અનુભવમાં સ્વરસ રાખીને તમારે ચિત્રસ્વભાવવાળો = વિવિધ સ્વભાવવાળો બાહ્ય પદાર્થ પણ સ્વીકારવો જ જોઈએ. ચિત્રજ્ઞાનને માનીને તમારે ચિત્રસ્વભાવવાળા અર્થનો સ્વીકાર અટકાવી શકાય તેમ નથી. બાહ્ય પદાર્થમાં ચિત્રાત્મકતાનો = અનેકાંતરૂપતાનો સ્વીકાર અનિવાર્ય હોવાનું કારણ એ છે કે ગ્રાહ્ય (=ઘટાદિ બાહ્ય જ્ઞેય પદાર્થ) અને ગ્રાહક (= જ્ઞાન) વચ્ચે ભેદ સત્યરૂપે જણાય છે. તેથી ઘટાદિગ્રાહક જ્ઞાનથી ભિન્ન એવા ગ્રાહ્ય પદાર્થની સિદ્ધિ થાય છે. તથા 'चित्ररूपवान् घटः' ઈત્યાકારક સત્યજ્ઞાનથી ગ્રાહ્ય બાહ્ય પદાર્થમાં ચિત્રરૂપતા = અનેકાંતાત્મકતા પણ સિદ્ધ થાય છે. આ બાબત **સ્યાદ્વાદકલ્પલતા**માં સ્પષ્ટપણે જણાવેલ છે.

❀ વિશદ કાર્યથી કારણસિદ્ધિ આવકાર્ય ❀

(**नील.**) જ્ઞાનમાં નીલ, પીત વગેરે આકારોની અભ્રાન્ત પ્રતીતિ થાય છે. કાદાચિત્ક હોવાથી તે

"विशदतरकार्यसिद्धौ चाऽप्रतीयमानमपि कारणं कल्पनीयम्। न पुनः अप्रतीयमानकल्पनाभयात् कार्यवैशद्यम् अपह्नोतुम् उचितम्, अन्यथा रूपादिविज्ञप्तीनाम् अपि अपह्नवप्रसङ्गाद्" (न्या.क.पृ.८९) इति **न्याय-कणिकायां वाचस्पतिमिश्रः**। "प्रमाणतो बाह्यपदार्थसिद्धेः, स्वाकारमात्रग्रहणाऽसिद्धेः" (प्र.प्र.५८) इति **प्रमाणप्रकाशे देवभद्रसूरिः**।

इत्थं ग्राह्य-ग्राहकभेदस्य प्रतिभासमानस्य सत्यत्वेन ग्राहकभिन्नग्राह्यस्य बाह्यार्थस्य सत्यत्वसिद्धेः ज्ञानाद्वैतवादो निराक्रियते प्रतिग्राह्यं चित्रस्वभावसिद्धेश्चैकान्तवादोऽपाक्रियत इत्यवधेयम्।

अथ यदवभासते तज्ज्ञानम्, यथा सुखादिकमान्तरवस्तु। अवभासते च नीलादिकम्। अतो ज्ञानमेव नीलादिकम्। अत एव तत् परमार्थसत् (**स्याद्वादकल्पलता** ५/१०/पृ.३८) इति ***चेत्*** ?

न, सुखादेः सर्वथा ज्ञानाऽभिन्नत्वाऽभावेन दृष्टान्ताऽसिद्धेः, सुखादेराह्लादनाद्याकारत्वाद् ज्ञानस्य

કાર્ય છે. તેથી તેને અનુરૂપ બાહ્ય પદાર્થ પણ કારણ તરીકે સ્વીકારવો જરૂરી છે. આ અંગે **વાચસ્પતિમિશ્રએ ન્યાયકણિકા** ગ્રંથમાં જણાવેલ છે કે "કાર્ય અત્યંત સ્પષ્ટ હોય તો તેનું કારણ ન દેખાવા છતાં અવશ્ય સ્વીકારવું જોઈએ. 'કારણ ન દેખાવા છતાં તેનો સ્વીકાર કરવામાં અપ્રતીતકલ્પનાનું ભયસ્થાન ઊભું થશે' - આવી વિચારણાથી કાર્યની વિશદતાનો = પ્રામાણિકતાનો અપલાપ કરવો યોગ્ય નથી. બાકી તો રૂપાદિની પ્રતીતિનો પણ અપલાપ કરવાની સમસ્યા સર્જાશે." **શ્રીદેવભદ્રસૂરિજી**એ પણ **પ્રમાણપ્રકાશ**માં જણાવેલ છે કે "પ્રમાણથી બાહ્ય પદાર્થની સિદ્ધિ થાય છે. 'જ્ઞાન માત્ર પોતાના આકારને જ ગ્રહણ કરે છે' - તે બાબત પ્રમાણસિદ્ધ નથી. માટે જ્ઞાનાદ્વૈતવાદ અપ્રામાણિક છે."

✡ જ્ઞાનાદ્વૈત-એકાન્તવાદનું નિરાકરણ ✡

(इत्थं.) આ રીતે ગ્રાહ્યમાં અને ગ્રાહકમાં ભાસમાન ભેદ સત્ય હોવાથી ગ્રાહકભિન્ન ગ્રાહ્ય = જ્ઞેય ઘટ-પટાદિ બાહ્ય પદાર્થ પણ સત્યરૂપે સિદ્ધ થાય છે. આથી જ્ઞાનાદ્વૈતવાદનું નિરાકરણ થઈ જાય છે. તથા પ્રત્યેક ગ્રાહ્ય બાહ્ય પદાર્થમાં ચિત્રસ્વભાવની સિદ્ધિ દ્વારા એકાંતવાદનું નિરાકરણ થાય છે.

બૌદ્ધ :- (अथ.) 'જે ભાસે છે તે વસ્તુ જ્ઞાનાત્મક હોય છે' - આ પ્રમાણેની વ્યાપ્તિ છે. આ વ્યાપ્તિ સુખાદિમાં પ્રસિદ્ધ છે. જેમ સુખાદિ આંતરિક વસ્તુ ભાસે છે. તેથી તે જ્ઞાનસ્વરૂપ છે જ. તેમ નીલાદિ વસ્તુ ભાસે છે. તેથી તે પણ જ્ઞાનાત્મક જ છે. મતલબ કે જેમ જ્ઞાનથી અભિન્ન હોવાના લીધે જ સુખાદિ પરમાર્થ સત્ છે તેમ જ્ઞાનથી અભિન્ન હોવાના લીધે જ નીલાદિ પરમાર્થ સત્ છે. આ રીતે ઉપરોક્ત વ્યાપ્તિજ્ઞાન = અનુમાન પ્રમાણ દ્વારા નીલાદિ પણ જ્ઞાનાત્મક સિદ્ધ થાય છે.

✡ યોગાચારમતમાં દૃષ્ટાન્ત અસિદ્ધિગ્રસ્ત ✡

જૈન :- (न, सुखा.) હે જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર ! તમે દર્શાવેલ ઉપરોક્ત અનુમાન = વ્યાપ્તિજ્ઞાન સત્ય નથી. કારણ કે જે સુખાદિ આંતરિક વસ્તુમાં તમે જ્ઞાનનો સર્વથા અભેદ માનો છો, તે 'સર્વથા અભેદ' અસિદ્ધ છે. તેથી વ્યાપ્તિગ્રહઉપાયભૂત દૃષ્ટાંત અસિદ્ધ બની જાય છે. તેથી વ્યાપ્તિગ્રહ પણ અસિદ્ધ અને અસત્ય સાબિત થાય છે. સુખાદિમાં એકાંતતઃ જ્ઞાનનો અભેદ ન હોવાનું કારણ એ છે કે સુખાદિનો સ્વભાવ અને જ્ઞાનનો સ્વભાવ જુદો જુદો છે. સુખાદિ વસ્તુ આહ્લાદન આદિ સ્વરૂપ છે, જ્યારે જ્ઞાન

च प्रमेयानुभवस्वभावत्वात्। तदुक्तं संवादरूपेण **सम्मतितर्कवृत्तौ**, **स्याद्वादरत्नाकरे**, **स्याद्वादकल्पलतायाम्**, **न्यायविनिश्चयटीकायाम्**, **सिद्धिविनिश्चयवृत्तौ** च "सुखमाह्लादनाकारं विज्ञानं मेयबोधनम्" (स.त.वृ. २/१/पृ.४७८, स्या.र.१/१६/पृ.१७९, स्या.क.ल.५/१२/पृ.५६, न्या.वि.टी.१/११५/पृ.४२८, सि.वि.वृ.१/२५/पृ.११३ समुद्धृतं) इति। ततश्च ग्राह्य-ग्राहकभेदमिथ्यात्वसाधनाय ज्ञानाद्वैतवादिना यदनुमानमुपन्यस्तं तस्यैव मिथ्यात्वान्न ज्ञान-ज्ञेययोः सर्वथा तादात्म्यं सिध्यतीति प्रकृते स्याद्वादितात्पर्यम्।

यथोक्तं **वादिदेवसूरिभिरपि स्याद्वादरत्नाकरे** "यदि च सुखादयो ज्ञानात् सर्वथा अपि अभिन्नाः तर्हि तद्वदेवैषामप्यर्थप्रकाशकत्वं स्यात्। न चाऽत्र तदस्ति" (स्या.रत्ना.१/१६/पृ.१७९ + **स्याद्वादकल्पलता**. ५/१२/५६) इति। इत्थं सर्वेषां काम्यस्य अत एव अनपलपनीयस्य सुखस्य ज्ञानभिन्नत्वे पारमार्थिके सिद्धे सति ज्ञानाद्वैतवादः पलायते।

इदञ्चात्रावधेयम् – अभ्युपगमवादेन सुखादीनां ज्ञानाद् अभिन्नत्वेऽपि न नीलादिबाह्यार्थाऽभिन्नता लेशतोऽपि सम्मता, नीलादीनां बहिरिन्द्रियग्राह्यघटादिवस्तुधर्मत्वात्, सुखादीनाञ्चाऽतथाभूताऽऽत्मधर्मत्वात्।

પ્રમેયઅનુભવ સ્વરૂપ છે. આમ સુખનો આહ્લાદન સ્વભાવ હોવાથી અને જ્ઞાનનો અર્થાનુભવ સ્વભાવ હોવાથી 'સુખ જ્ઞાનસ્વરૂપ નથી' - તેવું સિદ્ધ થાય છે. અન્યત્ર પણ કહેવામાં આવેલ છે કે 'સુખ આહ્લાદનાકાર છે. અને વિજ્ઞાન જ્ઞેયબોધસ્વરૂપ છે.' સુખ અને વિજ્ઞાનના વિભિન્ન સ્વભાવને દર્શાવનાર ઉપરોક્ત સંવાદ **સંમતિતર્ક વ્યાખ્યા**, **સ્યાદ્વાદરત્નાકર**, **સ્યાદ્વાદકલ્પલતા**, **ન્યાયવિનિશ્ચયટીકા** અને **સિદ્ધિવિનિશ્ચયવૃત્તિ** વગેરે ગ્રંથોમાં ઉદ્ધૃત કરવામાં આવેલ છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. તેથી ગ્રાહ્ય-ગ્રાહક વચ્ચે રહેલા ભેદને અસત્ય ઠરાવવા માટે જ્ઞાનાદ્વૈતવાદીએ જે ઉપરોક્ત અનુમાનનો આધાર લીધેલ હતો, તે જ અસત્ય = અપ્રમાણ હોવાથી જ્ઞાન અને જ્ઞેય વચ્ચે સર્વથા અભેદની સિદ્ધિ થઈ શકતી નથી. આ પ્રમાણે પ્રસ્તુતમાં સ્યાદ્વાદીનું તાત્પર્ય છે.

❀ श्रीवादिदेवसूरिमत प्रकाशन ❀

(**यथोक्तं**.) જ્ઞાનાદ્વૈતવાદનું નિરાકરણ કરવાના અવસરે **શ્રીवादिदेवसूरि** મહારાજે પણ **સ્યાદ્વાદરત્નાકર** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "સુખાદિ વસ્તુ જો જ્ઞાનથી સર્વથા અભિન્ન હોય તો જ્ઞાનની જેમ સુખાદિને અર્થપ્રકાશક માનવાની આપત્તિ આવશે. વાસ્તવિકતા એ છે કે સુખાદિ દ્વારા પદાર્થનો પ્રકાશ = બોધ થતો નથી." **શ્રીवादिदेवसूरि** મહારાજના વચન દ્વારા પણ સિદ્ધ થાય છે કે જ્ઞાન અને સુખ એક નથી. સુખ તો સર્વ જીવો માટે કામ્ય છે, ઉપાદેય છે. તેથી તેનો અપલાપ યોગાચાર કરી શકે તેમ નથી. આમ જ્ઞાનભિન્ન સુખની સિદ્ધિ થવાથી જ્ઞાનાદ્વૈતવાદનું ખંડન થાય છે.

❀ ज्ञानाद्वैतवादीने शून्यवादनी आपत्ति ❀

(**इदञ्च**.) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે અભ્યુપગમવાદથી સુખ વગેરે આંતરિક પદાર્થોને જ્ઞાનથી અભિન્ન માની લઈએ તો પણ સુખાદિમાં નીલાદિ બાહ્ય પદાર્થથી અભિન્નતા લેશ પણ સંમત નથી. કારણ કે નીલ, પીત વગેરે રૂપ તો બહિરિન્દ્રિય ગ્રાહ્ય ઘટાદિ વસ્તુનો ગુણધર્મ છે. તથા સુખ વગેરે તો બહિરિન્દ્રિયથી અગ્રાહ્ય એવા આત્માનો ગુણધર્મ છે. તેથી સુખાદિ આકાર અને નીલ, પીતાદિ

તથા સુખાદ્યાકાર નીલાદ્યાકાર પણિ વિરુદ્ધ થાઈ, તિવારઈં સર્વશૂન્ય જ્ઞાનવાદી ***માધ્યમિક*** બૌદ્ધનું મત આવી જાઈ.

ततश्च सुखाद्याकार-नीलाद्याकारयोरपि मिथो विरोधात् 'सुखी अहं नीलादिकं जानामी'त्यादिरूपेण जायमानं सुखादि-नीलाद्याकारमपि ज्ञानं मिथ्यैव स्यात्। एवं द्रव्यचित्रताऽनभ्युपगमे सति तुल्यन्यायेन ज्ञानचित्रतात्यागाऽऽपत्त्या सर्वशून्यज्ञानवादिनो माध्यमिकाभिधानस्य बौद्धस्यैव साम्राज्यमव्याहतप्रसरं स्यात्। अयमाशयः – ज्ञानाद्वैतवादिमते ज्ञानबाह्यं वस्तु तावन्मिथ्यैव। ज्ञानगतनील-पीताद्याकाराणामपि मिथ्यात्वे तु ज्ञानमपि सर्वाकारशून्यं स्यात्। तथा च सर्वाकारशून्यनिराकारज्ञानवादिमाध्यमिकमते योगाचारस्य प्रवेशो दुर्वारः स्यादिति भावनीयम्।

આકાર પણ પરસ્પર વિરુદ્ધ જ છે. તેથી 'સુખી હું નીલાદિને જાણું છું' - ઈત્યાદિ સ્વરૂપે ઉત્પન્ન થતું એક જ જ્ઞાન જો સુખાદિ આકારવાળું અને નીલાદિ આકારવાળું બની જાય તો તેવું જ્ઞાન પણ મિથ્યા = કાલ્પનિક જ બની જશે. આ રીતે બાહ્ય અર્થની વિવિધતાનો સ્વીકાર ન કરવામાં આવે તો તુલ્ય ન્યાયથી વિરોધ દોષના લીધે દ્રવ્યની વિવિધતાની જેમ જ્ઞાનની વિવિધતાનો પણ ઉચ્છેદ થતાં સર્વશૂન્યજ્ઞાનવાદી માધ્યમિક નામના બૌદ્ધનું જ સામ્રાજ્ય નિરાબાધપણે સર્વત્ર ફેલાશે. આશય એ છે કે જ્ઞાનાદ્વૈતવાદીના મતે જ્ઞાનબાહ્ય વસ્તુ તો મિથ્યા છે જ. હવે જો પરસ્પર વિરોધ દોષના લીધે જ્ઞાનના નીલ-પીતાદિ આકાર પણ મિથ્યા હોય તો જ્ઞાન પણ શૂન્ય = આકારશૂન્ય થઈ જાય. તેથી સર્વશૂન્યવાદીના = સર્વાકારશૂન્યનિરાકારજ્ઞાનવાદીના = માધ્યમિકના મતમાં પ્રવેશ થવાની આપત્તિ યોગાચારને આવશે જ. આ રીતે વાચકવર્ગે અહીં ઊંડાણથી વિચારણા કરવી.

❯ માધ્યમિકમતની સ્પષ્ટતા ❮

સ્પષ્ટતા :- માધ્યમિક નામના બૌદ્ધ વિદ્વાનો શૂન્યવાદી તરીકે પ્રસિદ્ધ છે. તેઓ ઘટ, પટ વગેરે બાહ્ય અર્થોને તો નથી જ માનતા. પરંતુ જ્ઞાનમાં નીલ, પીતાદિ આકારને અને સુખાદિ આકારને પણ પારમાર્થિક નથી માનતા. નીલ, પીતાદિ બાહ્યાકારથી અને સુખાદિ આંતર આકારથી શૂન્ય કેવલ નિરાકાર પ્રવહમાન જ્ઞાનજ્યોતિ તેમના મતે પરમાર્થ સત્ છે. માધ્યમિક નામના બૌદ્ધો શૂન્યવાદી હોવા છતાં નિરાકાર જ્ઞાનપ્રવાહનો સ્વીકાર કરે છે. તેથી પ્રસ્તુતમાં જ્ઞાનાદ્વૈતવાદીને સ્યાદ્વાદી એમ કહે છે કે "અર્થાકારનો અને જ્ઞાનાકારનો પરસ્પર વિરોધ હોવાથી જ્ઞાનભિન્ન બાહ્ય અર્થ મિથ્યા હોય તો નીલાકાર અને સુખાકાર પરસ્પર વિરુદ્ધ હોવાથી તે ઉભયાકારવાળું જ્ઞાન પણ મિથ્યા સિદ્ધ થશે. તેથી 'નીલાદિ આકારવાળું જ્ઞાન અથવા જ્ઞાનસ્વરૂપ નીલાદિ પરમાર્થ સત્ છે' - આવો તમારો સિદ્ધાંત છોડીને નિરાકારજ્ઞાનવાદી = સર્વશૂન્યજ્ઞાનવાદી માધ્યમિક નામના બૌદ્ધના મતમાં તમારો પ્રવેશ થઈ જશે." આ પ્રમાણે સાકાર જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધનો નિરાકારજ્ઞાનવાદી માધ્યમિક નામના બૌદ્ધના મતમાં પ્રવેશ થવાની આપત્તિ આવશે. જ્ઞાનાદ્વૈતવાદી બાહ્ય દ્રવ્યમાં ચિત્રતાને મિથ્યા માની, બાહ્ય અર્થને મિથ્યા કહે છે. તો તેમણે તુલ્ય યુક્તિથી જ્ઞાનમાં પણ ચિત્રતાને મિથ્યા માની, સાકાર જ્ઞાનને પણ મિથ્યા કહેવું જોઈએ. દ્રવ્યમાં ચિત્રતા ન મનાય તો જ્ઞાનમાં ચિત્રતા શી રીતે માની શકાય ? તેથી ચિત્રાકારશૂન્ય નિરાકારજ્ઞાનવાદી માધ્યમિકના મતમાં યોગાચાર નામના જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો પ્રવેશ

उक्तं च - "किं स्यात् सा चित्रतैकस्यां न •स्यात्तस्यां मतावपि।
यदीदं स्वयमर्थानां रोचते तत्र के वयम् ?।।" (प्रमाणवार्त्तिक-२/२१०)

यथोक्तं **धर्मकीर्त्तिना प्रमाणवार्त्तिके** "किं स्यात् सा चित्रतैकस्यां न स्यात् तस्यां मतावपि। यदीदं स्वयमर्थानां (?मर्थेभ्यो) रोचते तत्र के वयम् ?।।" (प्र.वा.२/२१०) इति।

अत्र **मनोरथनन्दिवृत्तिस्त्वेवम्** "ननु यदि सा चित्रता बुद्धावेकस्यां स्यात्, तया च चित्रमेकं द्रव्यं व्यवस्थाप्येत, तदा किं दूषणं स्यात् ?

आह - न केवलं द्रव्ये, तस्यां मतावप्येकस्यां न स्याच्चित्रता; आकारनानात्वलक्षणत्वाद् भेदस्य। नानात्वेऽपि चित्रता कथम्? अनेकपुरुषप्रतीतिवत्।

थवानी आपत्ति दुर्वार बनशे. आ प्रमाणे स्याद्वादीनुं तात्पर्य छे.

❋ धर्मकीर्त्तिमत निरूपण ❋

(**यथोक्तं.**) **प्रमाणवार्त्तिक** ग्रंथमां **धर्मकीर्त्ति** नामना बौद्ध विद्वाने माध्यमिकना मतनुं समर्थन करतां जणावेल छे के "એક જ બુદ્ધિમાં / વ્યક્તિમાં ચિત્રતા હોય તો શું વાંધો ? અરે ! બુદ્ધિ એક છે તો બુદ્ધિમાં પણ ચિત્રતા રહે કેવી રીતે ? અર્થાત્ ન જ રહે. ફલતઃ બાહ્ય વ્યક્તિમાં પણ ચિત્રતા ન રહે. (તો પછી નીલ-પીતાદિ બાહ્ય વ્યક્તિઓ અને તેની બુદ્ધિઓ જુદી-જુદી કેમ જણાય છે ? ઓ ભાગ્યશાળી ! બુદ્ધિને અને) વસ્તુને જ જો એવું સ્વયં ગમે કે 'ચિત્રાત્મક ન હોવા છતાં ચિત્રાત્મક સ્વરૂપે પ્રતીત થવું' તો તેમાં હસ્તક્ષેપ કરનારા આપણે કોણ ?"

(**अत्र.**) **प्रमाणवार्त्तिक** ગ્રન્થ ઉપર **मनोरथनंदी** નામના બૌદ્ધ વિદ્વાને **मनोरथनंदी** નામની વ્યાખ્યા રચેલી છે. તેમાં તેમણે ધર્મકીર્ત્તિના ઉપરોક્ત વચનની સ્પષ્ટતા કરતા પ્રશ્નોત્તરીરૂપે જણાવેલ છે કે –

❋ ज्ञानवैचित्र्य द्वारा ज्ञेयवैचित्र्यनो आक्षेप ❋

प्रश्न :- ("**ननु.**) "જો એક બુદ્ધિમાં ચિત્રતા = ચિત્રાકારતા = વિવિધ સ્વભાવતા = અનેકાંતરૂપતા સિદ્ધ થાય તો બુદ્ધિનિષ્ઠ તે ચિત્રસ્વભાવ દ્વારા એક જ દ્રવ્ય ચિત્રસ્વભાવવાળું = અનેક સ્વભાવવાળું = અનેકાન્તાત્મક સિદ્ધ થઈ જશે. આ રીતે બુદ્ધિગત વિચિત્ર સ્વભાવ દ્વારા દ્રવ્યમાં વિચિત્ર સ્વભાવની = વિવિધ સ્વભાવની સિદ્ધિ કરવામાં આવે તો શું દોષ આવે ?"

❋ ज्ञानगत चित्रतानुं निराकरण ❋

उत्तर :- (**आह.**) ફક્ત દ્રવ્યમાં નહિ પરંતુ તે એક બુદ્ધિમાં પણ ચિત્રતા = સ્વભાવવૈવિધ્ય આવી નહીં શકે. કારણ કે બુદ્ધિમાં સ્વભાવવૈવિધ્ય = આકારવૈવિધ્ય આવે તો તે બુદ્ધિ એક નહિ પણ અનેક = વિભિન્ન બનવાની આપત્તિ આવે. કારણ કે અનેક આકાર = અનેક સ્વભાવ એ જ ભેદનું લક્ષણ છે. અર્થાત્ અનેક સ્વભાવનો = અનેક આકારનો આધાર બનનારી બુદ્ધિને એક માની નહિ શકાય. પરંતુ તે બુદ્ધિને પણ અનેક માનવી પડશે. તથા આ રીતે બુદ્ધિ અનેક સિદ્ધ થાય તો પણ બુદ્ધિમાં ચિત્રતા = અનેક સ્વભાવ તો કઈ રીતે રહી શકે ? કારણ કે અલગ અલગ સ્વભાવને ધારણ કરનારી પ્રત્યેક બુદ્ધિ જુદી જુદી છે. એક બુદ્ધિમાં તો અનેક સ્વભાવ સિદ્ધ નથી જ થઈ શકતા. જેમ અનેક માણસોને અલગ

• પુસ્તકોમાં '**स्यात्तस्यां**' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

कथं तर्हि प्रतीतिः ? इत्याह –

यदीदमतादूप्येऽपि तादूप्यप्रथनमर्थानां भासमानानां नीलादीनां स्वयमपरप्रेरणया रोचते, तत्र तथाप्रतिभासे के वयमसहमाना अपि निषेद्धुम् ? अवस्तु च प्रतिभासते चेति व्यक्तमालीक्यम्" (प्र.वा.२/२१० मनो.वृ.) इति।

अस्या एव कारिकायाः **देवेन्द्रकृता व्याख्या** तु "यदि नामैकस्यां मतौ (न?) सा चित्रता भावतः

અલગ જે પ્રતીતિ ઉત્પન્ન થાય, તે પ્રત્યેક પ્રતીતિના સ્વભાવ અલગ અલગ હોવા છતાં પણ કોઈ પણ એક પુરુષને થતી એક પ્રતીતિમાં અનેક સ્વભાવની સિદ્ધિ થઈ શકતી નથી. તેમ પ્રસ્તુતમાં પણ સ્વભાવગતઅનેકતાપ્રયુક્ત અનેકતાને ધારણ કરનારી જુદી જુદી બુદ્ધિના સ્વભાવ જુદા જુદા હોવા છતાં (સાબિત થવા છતાં) કોઈ પણ એક બુદ્ધિમાં અનેક સ્વભાવની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી પ્રતીતિગત સ્વભાવવૈવિધ્ય દ્વારા પદાર્થગત સ્વભાવવૈવિધ્યની સિદ્ધિ કરવાની કલ્પના અપ્રામાણિક સિદ્ધ થાય છે.

પ્રશ્ન :- (**कथं.**) જો એક જ પ્રતીતિ નીલ, પીતાદિ અનેક આકારને ધારણ કરતી ન હોય તો નીલ, પીત આદિ અનેક આકારવાળી પ્રતીતિની પ્રતીતિ (અનુભૂતિ) કઈ રીતે થઈ શકે ? બધા લોકોને નીલ, પીત આદિ અનેક આકારરૂપે સમૂહાલમ્બનાત્મક પ્રતીતિનો જે અનુભવ થાય છે તે એક પ્રતીતિને અનેક આકારવાળી માન્યા વિના કઈ રીતે સંગત થઈ શકે ?

❋ મનોરથનંદી વ્યાખ્યાનો ઉપસંહાર ❋

ઉત્તર :- (**यदी.**) પ્રતીતિમાં ભાસમાન નીલ, પીતાદિ અર્થાકાર જ્ઞાનાત્મક ન હોવા છતાં પણ, જ્ઞાનની સાથે તાદ્રૂપ્ય ન ધરાવવા છતાં પણ કોઈની પ્રેરણા વિના જાતે જ નીલ, પીતાદિ અર્થાકાર પોતાનામાં જ્ઞાનાત્મકતા = જ્ઞાનરૂપતા = જ્ઞાનસ્વભાવતા (= તાદાત્મ્ય) જણાવે છે. પોતાનામાં જ્ઞાનરૂપતા ન હોવા છતાં પણ જ્ઞાનરૂપતાનું પ્રકાશન કરવું એ નીલ-પીતાદિ અર્થાકારોને ગમે છે. તે અમે સહન કરી શકતા નથી. તેમ છતાં પણ નીલ, પીતાદિ અર્થાકાર પોતાને જ્ઞાનરૂપે જણાવે તેમાં નિષેધ કરનારા આપણે કોણ ? વાસ્તવમાં નીલ, પીતાદિ આકાર નથી તો બાહ્યઅર્થસ્વરૂપ કે નથી તો જ્ઞાનસ્વરૂપ. તે નીલ, પીતાદિ આકાર પરમાર્થથી અસત્ છે, અવસ્તુ છે. તેમ છતાં પણ જ્ઞાનમાં તે ભાસે છે. જ્ઞાનમાં કે બાહ્ય જગતમાં પરમાર્થથી ગેરહાજર હોવા છતાં પણ નીલ, પીતાદિ આકારનું ભાસવાનું સ્પષ્ટપણે જણાવે છે કે નીલ, પીતાદિ મિથ્યા છે. આ રીતે બાહ્ય પદાર્થનું અને જ્ઞાનાકારનું મિથ્યાપણું સ્પષ્ટ છે" - આ રીતે **ધર્મકીર્ત્તિ**ના વચનની **મનોરથનંદીવૃત્તિ**માં છણાવટ કરવા દ્વારા માધ્યમિક નામના નિરાકારજ્ઞાનવાદી = સર્વશૂન્યજ્ઞાનવાદી બૌદ્ધના મતનું સમર્થન કરવામાં આવેલ છે.

❋ દેવેન્દ્રવ્યાખ્યાનો પ્રારંભ ❋

(**अस्या.**) **પ્રમાણવાર્ત્તિક**ના 'किं स्यात्'... શ્લોકની **મનોરથનંદી**વૃત્તિ દ્વારા સ્પષ્ટતા જોઈ ગયા. આ જ શ્લોકની **દેવેન્દ્ર** નામના બૌદ્ધ વિદ્વાને પણ વિસ્તારથી છણાવટ કરેલ છે. તે નીચે મુજબ છે.

❋ દેવેન્દ્રવ્યાખ્યાની વિચારણા ❋

પ્રશ્ન :- જો એક બુદ્ધિમાં પરમાર્થથી ચિત્રતા = સ્વભાવવિભિન્નતા હોય તો શું થાય ? અર્થાત્ પરમાર્થથી એક જ બુદ્ધિમાં સ્વભાવવૈવિધ્ય માનવામાં આવે તો કયો દોષ લાગુ પડે ? પરમાર્થથી જ્ઞાનનો

स्यात्, किं स्यात् ? को दोषः स्यात् ? तथा च भावतश्चित्रया मत्या भावा अपि चित्राः सिद्ध्यन्ति। तद्वदेव च सत्या भविष्यन्तीति प्रष्टुरभिप्रायः।

शास्त्रकार आह – न स्यात्तस्यां मतावपि इति। व्याहतमेतद् एका चित्रा चेति। एकत्वे हि सति अनानारूपापि वस्तुतो नानाकारतया प्रत्यवभासते न पुनर्भावतस्ते तस्या आकाराः सन्तीति बलादेष्टव्यम्, एकत्वहानिप्रसङ्गात्। न हि नानात्वैकत्वयोः स्थितेरन्यः कश्चिदाश्रयोऽन्यत्र (स्वा)भाविकाभ्यामाकारभेदाभेदाभ्याम्।

तत्र यदि बुद्धिर्भावतो नानाकारैका चेष्यते तदा सकलं विश्वमप्येकं द्रव्यं स्यात्। तथा च सहोत्पत्त्यादिदोषः।

વિચિત્ર સ્વભાવ માનવામાં આવે તો કોઈ દોષ આવતો નથી. માટે પરમાર્થથી બુદ્ધિનો વિવિધ સ્વભાવ સ્વીકારવામાં આવે જ છે. તેથી નીલ, પીતાદિ આકારવાળી વિચિત્ર બુદ્ધિ દ્વારા બાહ્ય ભાવો પણ વિચિત્ર = વિવિધ સ્વભાવવાળા સિદ્ધ થશે. જેમ વિવિધ સ્વભાવને ધારણ કરવા છતાં બુદ્ધિ સત્ય = પારમાર્થિક છે. તે જ રીતે વિવિધ સ્વભાવવાળા હોવા છતાં પણ બાહ્ય ભાવો સત્ય = પારમાર્થિક સત્ બનશે - એવું માનવામાં આવે તો શું વાંધો છે ?

(शा.) આ પ્રશ્ન પૂછનારના અભિપ્રાયનું નિરાકરણ કરવા બૌદ્ધશાસ્ત્રકાર **ધર્મકીર્ત્તિ** જવાબ આપે છે.

❋ બુદ્ધિગત એકત્વ-અનેકત્વની વિચારણા ❋

ઉત્તર :- 'બુદ્ધિ એક છે તથા અનેક સ્વભાવવાળી છે' - આવું કથન (તો 'મારી માતા વંધ્યા છે' - આવા કથનની જેમ સ્વતઃ) વ્યાઘાતગ્રસ્ત છે. આનું કારણ એ છે કે એકત્વ અને અનેકત્વ (= ચિત્રત્વ) બન્નેને એકત્ર સ્વાભાવિક માનવામાં વિરોધ છે. બુદ્ધિમાં જો એકત્વ જ સ્વાભાવિક હોય તો પરમાર્થથી તેના સ્વરૂપ = સ્વભાવ અનેક ન હોઈ શકે. તેમ છતાં અનેકસ્વભાવશૂન્ય એવી પણ એક જ બુદ્ધિ જે અનેક આકારરૂપે ભાસે છે તે નીલ, પીત આદિ અનેક આકારો પરમાર્થથી તે બુદ્ધિના આકારો નહીં બની શકે. આ પ્રમાણે જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારે જબરજસ્તીથી પણ માનવું પડશે. જો નીલ, પીતાદિ અનેક આકારો પરમાર્થથી તે બુદ્ધિમાં વિદ્યમાન હોય તો તે બુદ્ધિમાંથી એકત્વ રવાના થઈ જવાની આપત્તિ આવશે. કારણ કે સ્વાભાવિક આકારભેદ વિના અનેકત્વના અવસ્થાનનો બીજો કોઈ આશ્રય દુનિયામાં નથી. તે જ રીતે સ્વાભાવિક આકારઅભેદ વિના એકત્વના અવસ્થાનનો (= અસ્તિત્વનો) આશ્રય બીજો કોઈ પદાર્થ બની શકતો નથી. કહેવાનો આશય એ છે કે નીલ, પીત આદિ સ્વાભાવિક આકારભેદ (= અનેકઆકાર) જો જ્ઞાનમાં રહે તો અનેકઆકારપ્રદર્શક જ્ઞાનમાં વસ્તુતઃ અનેકત્વ જ આવશે. તથા જો જ્ઞાનમાં સ્વાભાવિક રીતે અભેદ (=એક જ આકાર) માનવામાં આવે તો તે બુદ્ધિમાં એકત્વનું અવસ્થાન (= અસ્તિત્વ) સિદ્ધ થશે. ટૂંકમાં, બુદ્ધિમાં એકત્વ સ્વાભાવિક માનવા જતાં સર્વજનપ્રસિદ્ધ જ્ઞાનગત સ્વાભાવિક ચિત્રતાનો = ચિત્રાકારતાનો અપલાપ કરવાની સમસ્યા સર્જાશે.

❋ એક જ્ઞાનના અનેક આકારનો નિષેધ ❋

(तत्र.) તેથી બાહ્ય અર્થ અને બુદ્ધિ - આ બેમાંથી જો બુદ્ધિ પરમાર્થથી નીલ, પીત આદિ અનેક આકારવાળી હોય અને તેમ છતાં પરમાર્થથી તે બુદ્ધિ એક જ હોય તેવું માનવામાં આવે તો સમગ્ર વિશ્વ પણ પરમાર્થથી એક દ્રવ્ય સ્વરૂપ બનવાની આપત્તિ આવશે. તથા જો વિશ્વ પરમાર્થથી એક હોય તો બધી વસ્તુ એકીસાથે ઉત્પન્ન થવાની તથા એકીસાથે નાશ પામવાની આપત્તિ આવશે. તેથી

तस्मान्नैकानेकाकारा। किन्तु यदीदं स्वयमर्थानां रोचतेऽतद्रूपाणामपि सतां यदेतत्ताद्रूप्येण प्रख्यानं तदेतद्वस्तुत एव स्थितं तत्त्वमिति। तत्र के वयं निषेद्धारः ? एवमस्त्वित्यनुमन्यन्ते" (स्या.रत्ना.१/१६/पृ.१८०) इत्येवं **स्याद्वादरत्नाकरे श्रीवादिदेवसूरिभिरुपदर्शितेत्यवधेयम्**।

ततश्च ज्ञानाद्वैतवादिनो योगाचारस्य सर्वशून्यज्ञानवादिमाध्यमिकमतप्रवेशापत्तिः दुर्वारैवेति यावत् तात्पर्यमत्राऽवसेयम्। तदिदमभिप्रेत्योक्तं **सिद्धिविनिश्चयस्वोपज्ञवृत्तौ** अकलङ्कस्वामिना "चित्रसंविदः सम्भाव्यनिरंशस्वभावस्य सर्वथाऽनुपलब्धौ निरुपाख्यतैव स्यात्, अनवस्थाप्रसङ्गाद्" (सि.वि.१२/१२/भाग-२/पृ.७४९) इत्याद्युक्तम्। ज्ञानाद्वैतवादिना ज्ञेयं तु नैवाऽङ्गीक्रियते, ज्ञानमप्युक्तरीत्या न सम्भवतीति शून्यताऽऽपद्येतेत्याशयः।

એક બુદ્ધિને યોગાચારવાદી પારમાર્થિક નીલ, પીતાદિ આકારવાળી માને છે - તે વાત વ્યાજબી નથી. એક જ્ઞાનના અનેક આકાર ઉપર જણાવ્યા મુજબ સંભવતા નથી. પરંતુ જ્ઞાનાત્મક ન હોવા છતાં પણ નીલ, પીતાદિ ભાવોને = પદાર્થોને એવું જ ગમે છે કે પોતાની જાતને જ્ઞાનરૂપે જણાવવી. તેથી વાસ્તવમાં જ આ પ્રમાણે તત્ત્વ = હકીકત સિદ્ધ થાય છે કે જ્ઞાનાત્મક ન હોવા છતાં પણ નીલ, પીતાદિ ભાવો પોતાને જ્ઞાનરૂપે જણાવવાનું પસંદ કરે છે. હકીકત જ જો આવી હોય તો તેને અટકાવનારા આપણે કોણ ? મતલબ કે જ્ઞાનાત્મક ન હોવા છતાં નીલ, પીતાદિ ભાવો પોતાને જ્ઞાનાત્મકરૂપે જણાવે છે. આ હકીકતને માધ્યમિક બૌદ્ધ વિદ્વાનો શાંતભાવે સ્વીકારી લે છે."

'દેવેન્દ્રરચિત પ્રમાણવાર્તિકવ્યાખ્યા' નામનો કોઈ સ્વતંત્ર વ્યાખ્યા ગ્રંથ અમારા જોવામાં આવેલ નથી. પરંતુ શ્વેતાંબરશિરોમણિ શ્રીવાદિદેવસૂરિ મહારાજે **સ્યાદ્વાદરત્નાકર** નામના ગ્રંથમાં **પ્રમાણવાર્તિક**ના 'किं स्यात्....' ઈત્યાદિ શ્લોકની **દેવેન્દ્ર** નામના બૌદ્ધ વિદ્વાને કરેલી ઉપરોક્ત વ્યાખ્યા દર્શાવેલ છે. તેના આધારે અહીં **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા**માં અમે **દેવેન્દ્રવ્યાખ્યા** જણાવેલ છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

❀ યોગાચારનો શૂન્યવાદપ્રવેશ ❀

(ततश्च.) બાહ્ય અર્થાકારના અને આંતરિક જ્ઞાનાકારના વિરોધને મુખ્ય બનાવીને જ્ઞાનભિન્ન બાહ્ય અર્થનો અપલાપ કરવા જતાં જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારને સર્વશૂન્યજ્ઞાનવાદી માધ્યમિક નામના બૌદ્ધના મતમાં પ્રવેશ થવાની આપત્તિ દુર્વાર જ બનશે. કારણ કે એક સ્વભાવ અને અનેક સ્વભાવ વચ્ચે વિરોધ હોવાથી નીલ, પીતાદિ આકારવાળા (= સાકાર) જ્ઞાનને મિથ્યા માની નિરાકાર જ્ઞાનનો સ્વીકાર યોગાચાર નામના બૌદ્ધ માટે અનિવાર્ય બની જશે. આ પ્રમાણેનું પ્રસ્તુતમાં તાત્પર્ય સમજવું. તથા આ જ તાત્પર્યથી **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચયસ્વોપજ્ઞવૃત્તિ**માં જણાવેલ છે કે "ચિત્રાકાર સંવેદનનો સાંશ = સખંડ સ્વભાવ જણાવા છતાં પણ તેના નિરંશ = અખંડ સ્વભાવની બૌદ્ધ લોકો સંભાવના ભલે કરે. પરંતુ તે અખંડ સ્વભાવ તો કોઈ પણ પ્રમાણથી નિશ્ચિત થતો નથી, જણાતો નથી. જે સખંડ સ્વભાવ જણાય છે, તેને બૌદ્ધ લોકો પ્રામાણિક નથી માનતા. તથા બૌદ્ધો જે અખંડ સ્વભાવની કલ્પના ચિત્રાકાર સંવેદનમાં કરે છે, તે પ્રમાણથી જણાતો નથી. તેથી ચિત્રાકાર સંવેદન નિરુપાખ્ય = નિઃસ્વરૂપ સ્વભાવશૂન્ય જ બની જશે. કારણ કે કોઈ પણ સ્વભાવમાં = સ્વરૂપમાં ચિત્રાકાર સંવેદનની વિશ્રાન્તિ થતી નથી." મતલબ કે જ્ઞાનાદ્વૈતવાદી જ્ઞેયને તો માનતા જ નથી. તથા જ્ઞાન પણ તેમના મતે સિદ્ધ થતું નથી. તેથી શૂન્યવાદની જ તેમને આપત્તિ આવશે.

શૂન્યવાદ પણિ પ્રમાણ સિદ્ધ્યસિદ્ધિ વ્યાહત છઇ.

अथास्तु शून्यतैवेति ***चेत्*** *?* ***न,*** शून्यतायाः प्रमाणसिद्ध्यसिद्धिभ्यां व्याहतत्वात्। तथाहि – "तस्याः साधकं किञ्चित्प्रमाणमस्ति न वा ? यदि नास्ति कथं सा सिध्येत् ? प्रमाणनिबन्धनत्वाद् विदुषामिष्टसिद्धेः। अथाऽस्ति ? तदा कथं सकलशून्यता ? प्रत्यक्षादिप्रमाणस्य तज्जनकेन्द्रियादेश्च सद्भावे सकलशून्यताविरोधादिति" (स्या.रत्ना.१/१६/पृ.१८९) व्यक्तमुक्तं **श्रीवादिदेवसूरिभिः स्याद्वादरत्नाकरे**।

यथोक्तं **श्रीहरिभद्रसूरिभिरपि शास्त्रवार्तासमुच्चये**

"अत्राऽप्यभिदधत्यन्ये किमित्थं तत्त्वसाधनम् ?। प्रमाणं विद्यते किञ्चिदाहोस्विच्छून्यमेव हि ?।। शून्यं चेत् ? सुस्थितं तत्त्वम्, अस्ति चेत्? शून्यता कथम्?। तस्यैव ननु सद्भावादिति सम्यग् विचिन्त्यताम्।। प्रमाणमन्तरेणाऽपि स्यादेवं तत्त्वसंस्थितिः। अन्यथा नेति सुव्यक्तमिदमीश्वरचेष्टितम्।।" (शा.वा.स.

❁ શૂન્યતા પ્રમાણશૂન્ય ❁

(**अथा.**) 'જો આવું હોય તો શૂન્યતા = શૂન્યવાદ જ ભલે સિદ્ધ થતો' – આ પ્રમાણે પણ પ્રસ્તુતમાં કહેવું યોગ્ય નથી. કારણ કે શૂન્યતા પ્રમાણસિદ્ધિ અને પ્રમાણઅસિદ્ધિ દ્વારા વ્યાઘાત પામે છે. તે આ રીતે – "શૂન્યતાનું સાધક કોઈ પ્રમાણ છે કે નહિ ? આ પ્રમાણે પ્રસ્તુતમાં બે વિકલ્પ ઉપસ્થિત થાય છે. જો શૂન્યતાનું સાધક કોઈ પ્રમાણ ન હોય તો શૂન્યતા પ્રમાણશૂન્ય બનવાથી કઈ રીતે સિદ્ધ થશે ? અર્થાત્ શૂન્યતા સિદ્ધ નહિ થઈ શકે. કારણ કે વિદ્વાનોને અભિમત વસ્તુની સિદ્ધિ પ્રમાણના આધારે માન્ય બને છે. પ્રમાણમૂલક ન હોય તેવી કોઈ પણ બાબતની સિદ્ધિ વિદ્વાનોને સંમત નથી. તથા શૂન્યતાનું સાધક કોઈ પ્રમાણ વિદ્યમાન હોય તો સર્વશૂન્યતા કઈ રીતે કહી શકાય ? કારણ કે શૂન્યતાસાધક પ્રત્યક્ષ આદિ જ્ઞાનાત્મક પ્રમાણ અને તેનું કારણ બનનાર ઈન્દ્રિય વગેરે જો હાજર હોય તો સકલ શૂન્યતાનો વિરોધ આવશે. તેથી શૂન્યતાને પ્રમાણથી સિદ્ધ કરવા જતાં શૂન્યતા અસિદ્ધ બનવાની આપત્તિ દુર્વાર બની જશે." આ પ્રમાણે **શ્રીવાદિદેવસૂરિ** મહારાજે **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથમાં **દેવેન્દ્રવ્યાખ્યા** ઉદ્ધૃત કરીને શૂન્યવાદસમીક્ષા કરતાં સ્પષ્ટપણે જણાવેલ છે.

❁ શૂન્યવાદ નિરાસ ❁

(**यथोक्तं.**) **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રંથમાં **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજે પણ જણાવેલ છે કે "શૂન્યવાદના પ્રતિવાદરૂપે અન્ય વાદીઓ એમ કહે છે કે 'શું આ રીતે શૂન્યતા સ્વરૂપ તત્ત્વને સાધવાનું સંભવ છે ?' આ પ્રશ્નાત્મક સંકેતનો આશય એ છે કે શૂન્યતાનું સાધક કોઈ વાસ્તવિક પ્રમાણ છે કે નથી જ ? જો શૂન્યતાસાધક પ્રમાણ પણ શૂન્ય જ હોય અર્થાત્ શૂન્યતાસાધક પ્રમાણ ન હોય તો શૂન્યતા તત્ત્વની બહુ સુંદર સિદ્ધિ થશે ! અર્થાત્ આ એક ઉપહાસની વાત એ છે કે પ્રમાણ ન હોવા છતાં પણ શૂન્યતા સ્વરૂપ પ્રમેયની સિદ્ધિ થઈ જાય છે. તથા શૂન્યતાસાધક કોઈ પ્રમાણ વિદ્યમાન હોય તો શૂન્યતા = સમસ્ત પદાર્થનો અભાવ કઈ રીતે કહી શકાય ? કારણ કે તે પ્રમાણ જ એક સત્ય વસ્તુ તરીકે સિદ્ધ થઈ જાય છે. તો તેની હાજરીમાં સમસ્ત પદાર્થના અભાવની સિદ્ધિ કઈ રીતે કરી શકાય ? આ વાત માધ્યમિક નામના બૌદ્ધે મધ્યસ્થ ભાવથી વિચારવી જોઈએ. પ્રમાણ વિના પણ જો આ રીતે

६/५७-५८-५९) इति। 'शून्यमि'ति 'शून्यतायां प्रमाणं नास्ती'त्यर्थः। शिष्टं स्पष्टम्। ततश्च न सर्वेषां भावानामुत्पाद-व्यय-स्थितियुक्तानां मायातोयोपमत्वं स्वप्नसमत्वं वा मन्तव्यम्।

स्वस्याऽप्यसत्त्वमिच्छन् शून्यवादी भ्रान्त एव मन्तव्यः। इदमभिप्रेत्य **विद्यारण्यस्वामिना पञ्चदश्यां** "स्वाऽसत्त्वं तु न कस्मैचिद् रोचते विभ्रमं विना" (प.द.३/२४) इत्युक्तम्।

शून्यवादनिराकरणाऽवसरे चतुर्थगणधरवादे **विशेषावश्यकभाष्ये जिनभद्रगणिक्षमाश्रमणपादैः** [1]"जेणं चेव न वत्ता वयणं वा तो न संति वयणिज्जा। भावा तो सुण्णमिदं वयणमिदं सच्चमलियं वा ?।। [2]जइ सच्चं नाऽभावो अहाऽलियं न प्पमाणमेयं ति। अब्भुवगयं ति वा मई, नाऽभावे जुत्तमेयं ति।।" (वि.आ.भा.१७३४-१७३५) इत्यादिकं यदुक्तं तदप्यत्राऽनुसन्धेयम्।

શૂન્ય તત્ત્વની સિદ્ધિ થઈ શકતી હોય તથા પ્રમાણ વિદ્યમાન હોવા છતાં પણ અનંતધર્માત્મક બાહ્ય પદાર્થની સિદ્ધિ ન થઈ શકતી હોય તો આ નિર્ણયને ઈશ્વરની કેવલ સ્વતંત્ર = નિરાધાર આજ્ઞા જ કહેવાય. અર્થાત્ માધ્યમિકની તે વાત 'બાબાવાક્યં પ્રમાણમ્' જેવી બની જશે."

શ્રીહરિભદ્રસૂરિ મહારાજના ઉપરોક્ત કથનથી એવું ફલિત થાય છે કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત અનંતધર્માત્મક સર્વ ભાવો છે. તેથી જ પ્રમાણસિદ્ધ ભાવોને મૃગજળસમાન કે સ્વપ્નસમાન માની ન શકાય.

❖ શૂન્યવાદમાં પોતાનો પણ ઉચ્છેદ ❖

(**સ્વ.**) પોતાના અસ્તિત્વના પણ ઉચ્છેદને ઈચ્છતા શૂન્યવાદીને ભ્રાન્ત જ સમજવો. આ અભિપ્રાયથી તો **વિદ્યારણ્યસ્વામી** નામના વેદાન્તીએ **પંચદશી** ગ્રંથમાં જણાવેલ છે કે "પોતાનું જ નાસ્તિત્વ (= આત્મપ્રહાણ) તો કોઈને ગમતું નથી, સિવાય કે તેને ભ્રમ હોય." આશય એ છે કે શૂન્યવાદમાં તો આત્માનું (પોતાનું) જ અસ્તિત્વ જોખમાય છે. પ્રાજ્ઞ માણસને તો તે માન્ય ન જ હોય ને ? કયો ડાહ્યો માણસ પોતાના પગમાં કુહાડી મારે ? માટે શૂન્યવાદ ત્યાજ્ય છે.

❋ શૂન્યવાદમાં વક્તા-વચનાદિનો અસંભવ ❋

(**શૂન્ય.**) શૂન્યવાદનું નિરાકરણ કરવાના અવસરે ચોથા ગણધરના વાદસ્થલમાં **વિશેષાવશ્યકભાષ્યમાં શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** જણાવેલ છે કે "જે કારણે વક્તા નથી, વચન નથી, વાચ્ય ભાવો નથી. તેથી આ જગત શૂન્ય છે - આવું વચન સત્ય છે કે અસત્ય ? જો આ વચન સત્ય હોય તો શૂન્યતા (અભાવ) સિદ્ધ નહિ થાય. કારણ કે આ જગતમાં સત્યવચન વિદ્યમાન છે. જો શૂન્યવાદસાધક ઉપરોક્ત વચન અસત્ય હોય તો શૂન્યવાદ પ્રમાણશૂન્ય = અપ્રામાણિક ઠરશે. જો શૂન્યવાદી એમ કહે કે 'શૂન્યવાદસાધક વચન અભ્યુપગમવાદથી અમે સ્વીકારેલ છે, વાસ્તવમાં નહિ. તેથી શૂન્યતાની સિદ્ધિ થઈ શકશે.' - તો આ વાત પણ વ્યાજબી નથી. કારણ કે શૂન્યવાદમાં અભ્યુપગમ (= કાલ્પનિક સ્વીકાર), અભ્યુપગમને કરનાર અને અભ્યુપગમનીય કશું જ યુક્તિસંગત બનતું નથી." આ અંગેની અનેક મહત્વપૂર્ણ બાબતો ત્યાં જણાવેલ છે. તેનું વાચકવર્ગે અનુસંધાન કરવું.

---

1. येन चैव न वक्ता, वचनं वा ततो न सन्ति वचनीयाः। भावाः ततः शून्यमिदं वचनमिदं सत्यमलीकं वा ?।।

2. यदि सत्यं नाऽभावोऽथाऽलीकं न प्रमाणमेतदिति। अभ्युपगतमिति वा मतिर्नाऽभावे युक्तमेतदिति।।

તે માટઈ સર્વનયશુદ્ધ ❖સ્યાદ્વાદ જ વીતરાગપ્રણીત આદરવો.

વીતરાગપ્રણીતમાર્ગ એવ શ્રેયઃ, નાન્યથેતિ. ▸ઈતિ ૧૪૦ ગાથાર્થ સંપૂર્ણમ્◂ ॥૯/૭॥

ઇન્દ્રભૂતિનામ્ના બૌદ્ધેનાऽપિ **જ્ઞાનસિદ્ધૌ** શૂન્યવાદનિરાકરણાવસરે "यदि रूपादयो भावा विद्यन्ते नैव सर्वथा। दिव्यचक्षुः कथं सिद्धं बुद्धानां करुणात्मनाम्।।" (જ્ઞા.સિ.૩/૧૫) ઇત્યાદ્યુક્તં તદપ્યત્ર ન વિસ્મર્તવ્યમ્।

यदपि* નાગાર્જુનેન** શૂન્યતાસિદ્ધયે **મધ્યમકશાસ્ત્રે** સંસ્કૃતપરીક્ષાપ્રકરણે "यथा माया यथा स्वप्नो गन्धर्वनगरं यथा। तथोत्पादस्तथा स्थानं तथा भङ्ग उदाहृतः।।" (મ.શા.૭/૩૪) ઇત્યુક્તં ***तदपि અનયા રીત્યા પ્રત્યાખ્યાતમ્। ન હિ મૃગજલ-માયાજાલ-સ્વપ્નાદિવદ્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાણાં પ્રમાણપ્રસાધિતાનાં મિથ્યાત્વં વક્તું યુજ્યતે લેશતોऽપિ। તસ્માત્ સર્વનયવિશુદ્ધઃ, વીતરાગસર્વજ્ઞપ્રણીતઃ, ભાવશુદ્ધઃ સ્યાદ્વાદ એવ પરમ આદરણીયઃ। વીતરાગપ્રણીતતત્ત્વમાર્ગે એવ તથૈવ શ્રેયઃ, નાન્યત્ર નાન્યથા ઇતિ સ્થિતમ્।

❀ શૂન્યવાદમાં ઇન્દ્રભૂતિ-બૌદ્ધનો વિરોધ ❀

(ઇન્દ્ર.) ઈન્દ્રભૂતિ નામના બૌદ્ધ વિદ્વાને **જ્ઞાનસિદ્ધિ** ગ્રંથમાં શૂન્યવાદનું નિરાકરણ કરવાના અવસરે જે જણાવેલ છે તે વાત પણ અહીં ભૂલવા જેવી નથી. ત્યાં તેણે જણાવેલ છે કે "રૂપ વગેરે ભાવો જો સર્વથા વિદ્યમાન નં જ હોય તો કરુણામય બુદ્ધોમાં દિવ્યચક્ષુને કઈ રીતે સિદ્ધ કરી શકાશે ?" જો સર્વશૂન્ય હોય તો રૂપ ન હોય, બુદ્ધ ન હોય, રૂપગ્રાહક ચક્ષુ પણ ન હોય. આવી સ્થિતિમાં દૂરવર્તી રૂપાદિને ગ્રહણ કરનારી દિવ્યદૃષ્ટિ ગૌતમબુદ્ધમાં કઈ રીતે સંભવે ? માટે શૂન્યવાદ મિથ્યા છે.

❀ નાગાર્જુનમતનું નિરાકરણ ❀

(**यदपि.**) **નાગાર્જુન** નામના એક બૌદ્ધાચાર્યએ **મધ્યમકશાસ્ત્ર** નામનો ગ્રંથ બનાવેલ છે. તેમાં તેમણે શૂન્યતાની સિદ્ધિ માટે **'સંસ્કૃતપરીક્ષા'** નામના પ્રકરણમાં એવું જણાવેલ છે કે 'જેમ માયાજાળ તુચ્છ હોય છે, જેમ સ્વપ્ન કાલ્પનિક હોય છે, જેમ ગાંધર્વનગર મિથ્યા હોય છે તેમ ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય = ધ્વંસ મિથ્યા કહેવાયેલ છે.' આ **નાગાર્જુન**કથનનું પણ ઉપરોક્ત રીતે નિરાકરણ કરવું. કારણ કે મૃગજળ, માયાજાળ, સ્વપ્ન વગેરેની જેમ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને લેશ પણ મિથ્યા કહી શકાતા નથી. કેમ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ પ્રમાણ દ્વારા થઈ ચૂકેલ છે. આ રીતે જ્ઞાનાદ્વૈતવાદ અને શૂન્યવાદ પ્રમાણબાધિત હોવાથી આદરવા યોગ્ય નથી. તેથી સ્યાદ્વાદ જ આદરવા યોગ્ય છે. કેમ કે સ્યાદ્વાદના પ્રણેતા તીર્થંકર ભગવાન સર્વજ્ઞ હતા અને વીતરાગ હતા. તેથી અજ્ઞાનમૂલક કે રાગ-દ્વેષમૂલક અસત્યતાની કોઈ પણ પ્રકારની સંભાવના જિનેશ્વરપ્રણીત સ્યાદ્વાદમાં રહેતી નથી. વળી, સ્યાદ્વાદ સર્વ નયોથી વિશુદ્ધ છે. સર્વ નયો દ્વારા થતી પરીક્ષામાંથી ઉત્તીર્ણ-સમુત્તીર્ણ બનવાના લીધે ભાવશુદ્ધ સ્યાદ્વાદ જ પરમ આદરણીય છે. વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર દ્વારા બનાવાયેલ - બતાવાયેલ જે તત્ત્વમાર્ગ છે, તેમાં જ કલ્યાણ છે, બીજે નહિ. જે પ્રકારે વીતરાગ ભગવંતે તત્ત્વમાર્ગ પ્રકાશેલ છે તે પ્રકારે જ તેનો સ્વીકાર કરવામાં તાત્ત્વિક કલ્યાણ છે, અન્ય પદ્ધતિએ કે અન્ય આશયથી તેને સ્વીકારવામાં તાત્ત્વિક કલ્યાણ નથી - તેવું નક્કી થાય છે.

❖ કો.(૧૩)માં 'શુદ્ધ સ્યાદ્વાદ જ' પાઠ નથી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. પા.લિ.માં છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં જ છે.

"किं स्यात् सा चित्रता..." (प्र.वा.२/२१०) इत्यादिरूपेण दर्शिता **प्रमाणवार्त्तिक**कारिका सौत्रान्तिकस्य योगाचारस्य माध्यमिकस्य वा मतमाश्रित्य **धर्मकीर्त्ति**ना उच्यमाना यथा न घटाकोटिमाटीकते तथा विस्तरतः **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चयस्वोपज्ञवृत्तौ** (सि.वि.१/९, १/१२, १/१४, १/१५, १/२८, ६/२०, ९/२, १२/१२ वृ.) दर्शितम्। **सम्मतितर्कवृत्तौ** (स.त.१/२/वृ.पृ.२४१), **स्याद्वादरत्नाकरे** (स्या.र.१/१६/पृ.१८९), **स्याद्वादकल्पलतायाञ्चाऽपि** तन्निराकरणम् उपलभ्यते। अधिकं बुभुत्सुभिः ते ग्रन्था विलोकनीयाः। अतिविस्तरभयादिह नोच्यते।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'ज्ञानाद्वैत-शून्यवादयोः अप्रामाणिकयोः नाऽङ्गीकार्यता किन्तु स्याद्वादस्यैव, प्रमाणमूलत्वाद्' इति कथनाभिप्रायस्त्वेवं पर्यवस्यति यदुत निष्प्रमाणं निष्प्रयोजनं

❋ 'किं स्यात्...' कारिकानी समीक्षानो अतिदेश ❋

("किं.) આ જ શ્લોકના વિવરણમાં પૂર્વે 'किं स्यात्...' ઈત્યાદિરૂપે **प्रमाणवार्तिक** ગ્રંથની જે કારિકા દર્શાવેલી હતી, તે કારિકા **धर्मकीर्ति** નામના બૌદ્ધાચાર્યે ચાહે (१) સૌત્રાન્તિક નામના બૌદ્ધપ્રસ્થાનના મતને આશ્રયીને જણાવી હોય કે ચાહે (२) યોગાચાર નામના બૌદ્ધસંપ્રદાયના જ્ઞાનાદ્વૈતવાદને આશ્રયીને બતાવી હોય કે ચાહે (३) માધ્યમિક નામના બૌદ્ધશાખાના શૂન્યવાદને આશ્રયીને દર્શાવી હોય પણ ત્રણેય રીતે, ત્રણેય મત મુજબ તે ધર્મકીર્ત્તિની કારિકા બિલકુલ સંગત થતી નથી. આ કારિકા જે રીતે સંગત નથી થતી તે રીતે **અકલંકસ્વામી**એ **સિદ્ધિવિનિશ્ચયસ્વોપજ્ઞવૃત્તિ**માં અલગ-અલગ આઠ સ્થળે વિસ્તારથી જણાવેલ છે. તદુપરાંત, **સંમતિતર્કવ્યાખ્યા**, **સ્યાદ્વાદરત્નાકર** તથા **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં પણ ઉપરોક્ત ધર્મકીર્તિકારિકાનું નિરાકરણ ઉપલબ્ધ થાય છે. આ અંગે અધિક જાણકારી મેળવવા ઈચ્છતા વિદ્વાને તે ગ્રંથોનું ઊંડાણથી અવલોકન કરવું. તે બધી છણાવટ અહીં કરવામાં આવે તો દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા ગ્રંથનું કદ ઘણું વધી જાય. તે માટે અહીં તેની છણાવટ કરી નથી.

સ્પષ્ટતા :- ધર્મકીર્તિએ પ્રમાણવાર્તિક ગ્રંથમાં ક્યાંક વૈભાષિક મતનું, ક્યાંક સૌત્રાન્તિક મતનું, ક્યાંક યોગાચારમતનું તો ક્યાંક માધ્યમિકમતનું અનુસરણ કરેલ હોવાથી ધર્મકીર્તિ પોતે શુદ્ધ વૈભાષિક હતા કે સૌત્રાન્તિક કે યોગાચાર કે માધ્યમિક ? આ સમસ્યાનું સાચું સમાધાન હજુ સુધી બૌદ્ધ વિદ્વાનોને પણ મળેલ નથી. જે હોય તે. પણ દિગંબર જૈન અકલંકસ્વામીએ સૌત્રાન્તિક વગેરેના મતને આશ્રયીને 'किं स्यात्...' કારિકાનું જે જે રીતે અર્થઘટન સંભવી શકે તે વિચારી, જુદી-જુદી રીતે સિદ્ધિવિનિશ્ચય-સ્વોપજ્ઞવ્યાખ્યામાં જુદા-જુદા આઠ સ્થળે એક જ કારિકાનું વિસ્તારથી નિરાકરણ કરેલ છે. તે દાદ માગી લે તેવું છે. બે ભાગમાં છપાયેલ સિદ્ધિવિનિશ્ચય ગ્રંથને જોવા દ્વારા જ તેનો રસાસ્વાદ માણવા જેવો છે.

❋ वितंडावादने विदाय आपीओ ❋

આધ્યાત્મિક ઉપનય :- 'જ્ઞાનાદ્વૈતવાદ કે શૂન્યવાદ અપ્રામાણિક હોવાથી તેનો સ્વીકાર થઈ શકે તેમ નથી. પરંતુ પ્રામાણિક એવો સ્યાદ્વાદ જ સ્વીકર્તવ્ય છે' - આવું જણાવવાની પાછળ આશય એ છે કે જે વસ્તુ નિષ્પ્રયોજન હોય, નિષ્પ્રમાણ હોય, નિરર્થક હોય તેનો સ્વીકાર કરવાની માથાકૂટમાં ઉતર્યા વિના જે વસ્તુ પ્રમાણયુક્ત, પ્રયોજનયુક્ત, પરમાર્થયુક્ત જણાય તેનો અત્યંત આદરપૂર્વક સ્વીકાર

निरर्थकं किञ्चिदपि वस्तु नाऽङ्गीकार्यं किन्तु सप्रमाणं सप्रयोजनं परमार्थसदेव वस्तु अत्यादरेण स्वीकर्तव्यम्। निर्मूल्य-निःसार-विवाद-वितण्डावाद-शुष्कवादादिषु स्वशक्तिदुर्व्ययमकृत्वा भावशुद्धानेकान्त-वादैदम्पर्यार्थं भावनाज्ञानेन समीक्ष्य स्वभूमिकायोग्यसदाचरणपरायणताऽऽत्मसात्कर्तव्या।

तद्बलेन तु [1]"सुरगणइड्ढिसमग्गा सव्वद्धापिंडिया अणंतगुणा। न वि पावे जिणइड्ढिं णंतेहिं वि वग्ग-वग्गूहिं।।" (दे.स्त.३०७) इति **देवेन्द्रस्तवप्रकीर्णकोक्ता** सिद्धसुखसमृद्धिः न दुर्लभा।।९/७।।

કરવો જોઈએ. નિર્મૂલ્ય અને નિર્માલ્ય એવા વાદ-વિવાદ કે વિતંડાવાદ, શુષ્કવાદ વગેરેમાં આપણી શક્તિનો દુર્વ્યય કર્યા વિના ભાવશુદ્ધ સ્યાદ્વાદના ઐદંપર્યાર્થને ભાવનાજ્ઞાનથી પરખી સ્વભૂમિકાયોગ્ય ઉદાત્ત આચરણમાં સદા લીન-વિલીન-લયલીન બની જવું, તેને આત્મસાત્ કરી લેવું - એ જ આપણું પરમ કર્તવ્ય છે.

❖ ભાવનાજ્ઞાનયુક્ત સદાચારનું ફળ મેળવીએ ❖

(तद्ब.) ભાવનાજ્ઞાનાનુવિદ્ધ ઉચિત સદાચારના બળથી જ **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણકમાં** વર્ણવેલ સિદ્ધસુખની સમૃદ્ધિ દુર્લભ ન રહે. ત્યાં જણાવેલ છે કે 'દેવતાઓના સમૂહની ત્રૈકાલિક ભેગી કરેલી તમામ સમૃદ્ધિને અનંતગુણ અધિક કરવામાં આવે અને ત્યાર બાદ તેને અનંત વર્ગ-વર્ગોથી ગુણવામાં આવે તો પણ તે જિનઋદ્ધિને-સિદ્ધઋદ્ધિને પ્રાપ્ત કરી ન શકે.' $૨^{૨} = ૪$. $૪^{૨} = ૧૬$. તેથી બેનો વર્ગ-વર્ગ સોળ થાય. $(૨^{૨})^{૨} = ૧૬$ આ રીતે ત્રૈકાલિક તમામ સુરસમૃદ્ધિને અનંતગુણ અધિક કરીને તેનો વર્ગ-વર્ગ અનંત વાર કરવામાં આવે તો પણ શુદ્ધાત્મસમૃદ્ધિની બરોબરી ન કરી શકે. તો સિદ્ધાત્માની સદ્ગુણસમૃદ્ધિ -સુખસમૃદ્ધિ કેટલી અને કેવી વિશાળ હશે !? તેનો જવાબ સુપરકોમ્પ્યુટર દ્વારા પણ મળવો દુર્લભ છે. (૯/૭)

લખી રાખો ડાયરીમાં.....

- **બેમર્યાદ વાસના ભયભીત છે, ત્રસ્ત છે,**
  અસ્ત-વ્યસ્ત છે.
  અસીમ ઉપાસના સદા સર્વત્ર નિર્ભય છે,
  નિશ્ચલ અને સ્વસ્થ છે.
- **બુદ્ધિને જીવો ઉપર આક્રમણ કરવાની કાતિલ રુચિ છે.**
  શ્રદ્ધાને દોષનું પ્રતિક્રમણ કરવામાં નિર્મલ રુચિ છે.
- **સાધનાની ઉગ્રતા બાહ્ય સ્વાસ્થ્યને આભારી છે.**
  ઉપાસનાની ઉત્કૃષ્ટતા આંતરિક સ્વસ્થતાને આભારી છે.

1. सुरगणर्द्धिसमग्रा सर्वाद्धापिण्डिता अनन्तगुणा। नाऽपि प्राप्नोति जिनर्द्धिम् अनन्तैः अपि वर्ग-वर्गैः।।

ઘટનાશ મુકુટ ઉત્પત્તિનો, ♦ઘટહેમ એક જ રૂપઈ હેત✲ રે;
♦એકાંતભેદની વાસના, •નૈયાયિક પણિ કિમ દેત□ રે ? ॥૯/૮॥ (૧૪૧) જિન.

ઈમ શોકાદિકાર્યત્રયનઈ ભેદઈ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ૩ લક્ષણ વસ્તુમાંહિ સાધ્યાં, પણિ ❖તે અવિભક્તદ્રવ્યપણઈ અભિન્ન છઈ. **अत एव** હેમ**घटनाशाऽभिन्न** હેમ**मुकुटोत्पत्ति**નઈ વિષઈ **हेमघटा**-

अधुना नैयायिकमतमपाकर्तुं पराक्रमते – 'घटे'ति।

घटध्वंसाऽपृथग्मौलिजन्मन्येकैव हेतुता।
तथाप्येकान्तभिन्नौ तौ नैयायिकः कथं वदेत् ?।।९/८।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – घटध्वंसाऽपृथग्मौलिजन्मनि एकैव हेतुता (स्वीक्रियते) तथापि 'तौ एकान्तभिन्नौ' (इति) नैयायिकः कथं वदेत् ?।।९/८।।

इत्थं प्रमोद-शोक-माध्यस्थ्यलक्षणकार्यत्रितयभेदेन हेतुना हेमादिवस्तुनि उत्पाद-व्यय-ध्रौव्यलक्षणं मिथोविलक्षणं त्रैलक्षण्यं साधितं तथापि उत्पाद-व्यय-ध्रौव्याणाम् अविभक्तद्रव्यरूपेण मिथोऽभेद एवेति पूर्वम् (९/३) **अष्टसहस्री**संवादेनोपदर्शितमिहानुसन्धेयम्। अत एव **घटध्वंसाऽपृथग्मौलिजन्मनि** = हेमघटध्वंसाऽभिन्नहेममुकुटोत्पत्तिं प्रति **एकैव** = एकधर्मावच्छिन्नैव = हेमघटावयवविभागत्वाद्यवच्छिन्ना

अवतरणिका :- જ્ઞાનાદ્વૈતવાદી અને શૂન્યવાદી બૌદ્ધના મતનું નિરાકરણ કર્યા બાદ હવે ગ્રંથકારશ્રી નૈયાયિકના મતનું નિરાકરણ કરવા માટે પરાક્રમ કરે છે :-

✲ નૈયાયિકમત નિરાકરણ ✲

શ્લોકાર્થ :- ઘટધ્વંસથી અભિન્ન મુગટઉત્પત્તિ પ્રત્યે એક જ કારણતા છે. તેમ છતાં 'ઘટધ્વંસ અને મુગટઉત્પાદ આ બન્ને એકાંતે ભિન્ન છે' - આ પ્રમાણે નૈયાયિક કઈ રીતે કહી શકે ? (૯/૮)

વ્યાખ્યાર્થ :- ઉપરોક્ત રીતે પ્રમોદ, શોક અને માધ્યસ્થ્ય સ્વરૂપ ત્રણ વિભિન્ન કાર્યના નિમિત્તકારણીભૂત સુવર્ણ આદિ વસ્તુમાં પરસ્પરવિલક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ થઈ. આમ કાર્યભેદથી કારણભેદના નિયમના લીધે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ કારણમાં પરસ્પર ભેદની સિદ્ધિ થવાં છતાં પણ તે ત્રણેયમાં અવિભક્તદ્રવ્યસ્વરૂપે તો પરસ્પર અભેદ જ છે. આ જ નવમી શાખાના ત્રીજા શ્લોકમાં **અષ્ટસહસ્રી** ગ્રંથના સંવાદ દ્વારા જણાવવામાં આવેલ હતું કે "એક જ દ્રવ્યમાં એકીસાથે ઉત્પાદ-વ્યય -ધ્રૌવ્ય રહેતાં હોવાથી તે ત્રણેય પરસ્પર અભિન્ન જ છે." તે વાતનું પ્રસ્તુતમાં વાચકવર્ગે અનુસંધાન કરવું. એકીસાથે એક દ્રવ્યમાં થતા ઉત્પાદ-વ્યય આદિ પરસ્પર અભિન્ન હોવાના કારણે જ કાંચનમય કુંભનો ધ્વંસ અને સુવર્ણમય મુગટની ઉત્પત્તિ આ બન્ને એક જ છે. તેથી પ્રસ્તુતમાં ઘટધ્વંસથી અભિન્ન એવી મુગટઉત્પત્તિ પ્રત્યે સ્યાદ્વાદીઓ એક જ = એક પ્રકારની જ = એક ધર્માવચ્છિન્ન જ કારણતાને સ્વીકારે છે. પ્રસ્તુતમાં સોનાના ઘડાના અવયવનો વિભાગ થવાથી ઘટધ્વંસ ઉત્પન્ન થાય છે. તેથી

♦ મ.માં 'ઘટ એક જ રૂપઈ હેત' પાઠ. ધ.+શાં.માં 'ઘટ હેમ એક જ હેતુ' પાઠ. સિ. + લી.(૧+૨+૩)નો પાઠ લીધો છે. ✲ શાં.માં 'હેતુ' પાઠ. મ.+કો.(૭)નો પાઠ લીધો છે. ♦ કો.(૯)માં 'એકાંતવાદની' પાઠ. • શાં.+ધ.માં 'નઈયા...' પાઠ. આ.(૧) + કો.(૧)નો પાઠ લીધેલ છે. □ લી.(૧)માં 'વદન્ત' પાઠ. ❖ પુસ્તકોમાં 'તે' પાઠ નથી. કો.(૭+૧૧)માં છે.

વયવવિભાગાદિક (એક જ રૂપઈ) હેતુ છઈ.

अत एव च મહાપટનાશાભિન્નખંડપટોત્પત્તિ પ્રતિ એકાદિતંતુસંયોગાપગમ હેતુ છઈ.

'ખંડપટઈ મહાપટનાશનઈ હેતુતા કલ્પિયઈ તો મહાગૌરવ થાઈ'

अभिन्नैव **हेतुता** = कारणता स्वीक्रियते स्याद्वादिभिः।

अत एव महापटध्वंसाऽभिन्नखण्डपटोत्पादं प्रति महापटावयवभूतैकादितन्तुसंयोगापगमस्यैव हेतुता अस्माभिरभ्युपगम्यते, न तु खण्डपटोत्पादं प्रति महापटध्वंसस्य महापटध्वंसं प्रति चैकादितन्तु-संयोगनाशस्येति कार्य-कारणभावद्वितयम्, महागौरवात्।

न हि खण्डपटे महापटध्वंसस्य, महापटध्वंसे च महापटावयवैकादितन्तुसंयोगनाशस्य हेतुतेति कल्पना नैयायिकस्य लाघवप्रियत्वमाविष्करोति, तत्र कार्य-कारणभावद्वयकल्पनेन गौरवस्य स्फुटत्वात्।

ઘટધ્વંસનિરૂપિત એવી કારણતાનો અવચ્છેદક ધર્મ સુવર્ણઘટઅવયવવિભાગત્વ વગેરે બનશે. તેથી ઘટધ્વંસની કારણતા સુવર્ણઘટઅવયવવિભાગત્વથી અવચ્છિન્ન = નિયંત્રિત બનશે. જે કારણતા સુવર્ણઘટધ્વંસ પ્રત્યે છે તે જ કારણતા સુવર્ણમુગટઉત્પત્તિ (= સુવર્ણઘટનાશકાલીન વસ્તુજન્મ) પ્રત્યે છે. કારણ કે પ્રસ્તુત ઘટધ્વંસ અને મુગટઉત્પત્તિ - આ બન્ને કાર્યો એક જ છે. કાર્ય અભિન્ન હોવાથી કારણતા અભિન્ન જ હોય આ વાત ન્યાયસંગત છે. તેથી જ સ્યાદ્વાદીઓ તેનો સ્વીકાર કરે છે.

❋ ખંડપટ પ્રત્યે મહાપટધ્વંસ અકારણ : અનેકાંતવાદી ❋

(अत एव.) 'જે કાર્યો પરસ્પર અભિન્ન હોય તેની કારણતા પણ અભિન્ન જ હોય' - આ વાત યુક્તિસંગત હોવાથી જ 'મહાપટધ્વંસથી અભિન્ન એવી ખંડપટઉત્પત્તિ પ્રત્યે મહાપટઅવયવભૂત એક, બે વગેરે તંતુઓના સંયોગનો ધ્વંસ જ હેતુ છે' - આવું અમે અનેકાંતવાદીઓ માનીએ છીએ. 'મહાપટ-અવયવભૂત તંતુસંયોગનો નાશ મહાપટધ્વંસ પ્રત્યે કારણ છે અને મહાપટધ્વંસ ખંડપટની ઉત્પત્તિ પ્રત્યે કારણ છે' - આ પ્રમાણે બે પ્રકારના કાર્ય-કારણભાવનો અમે સ્વીકાર કરતા નથી. કારણ કે તેવું માનવામાં મહાગૌરવ દોષ લાગુ પડે છે. મહાપટધ્વંસ અને ખંડપટઉત્પત્તિ - આ બન્ને પ્રત્યે મહાપટીયતંતુસંયોગના નાશને જ કારણ માનવામાં દ્વિવિધ કાર્ય-કારણભાવને સ્વીકારવાનું ગૌરવ આવતું નથી. કેમ કે મહાપટધ્વંસ અને ખંડપટઉત્પત્તિ આ બન્ને એક જ છે. તથા તેનું કારણ પણ એક જ છે.

♆ નૈયાયિકમતે બે કાર્ય-કારણભાવ ♆

(न हि.) (૧) ખંડપટ પ્રત્યે મહાપટધ્વંસ કારણ છે. (૨) મહાપટધ્વંસ પ્રત્યે મહાપટના અવયવભૂત એકાદ તંતુના સંયોગનો નાશ કારણ છે. આ પ્રમાણે બે જુદા જુદા કાર્ય પ્રત્યે બે વિભિન્ન કારણનો સ્વીકાર નૈયાયિકો કરે છે. નૈયાયકોની આ વાત તેમની લાઘવપ્રિયતાને સૂચિત નથી કરતી. કેમ કે નૈયાયિકે બતાવેલી પ્રક્રિયામાં બે કાર્ય-કારણભાવના સ્વીકારનું ગૌરવ ઉપસ્થિત થાય છે. જ્યારે અમારા મતમાં એકવિધ કાર્ય-કારણભાવનો સ્વીકાર હોવાથી અત્યંત લાઘવ સ્પષ્ટ છે. પ્રસ્તુતમાં લાઘવસાધક

'तद्धेतोरस्तु किं तेन ?' इति न्यायाद् महापटध्वंसाऽभिन्नखण्डपटोत्पत्तिं प्रति महापटारम्भकावयवसंयोगनाशत्वेनैव कारणत्वाऽभ्युपगमेऽतिलाघवात्। न ह्यनेकान्तवादिमते खण्डपटोत्पादे महापटध्वंसहेतुता कल्प्यते।

वस्तुतः वक्ष्यमाणरीत्या (૯/૨૧) लाघवसहकारेण अवयवविभागत्वेन तत्कारणतायाः अवश्यकल्पनीयतया महापटध्वंस-खण्डपटोत्पादयोः समानाधिकरणत्वेन समकालीनत्वेन चैक्यं स्याद्वादिमते

ન્યાય આ મુજબ સમજવો. 'तद्धेतोरस्तु किं तेन ?' આ પ્રમાણેનો ન્યાય દાર્શનિક જગતમાં પ્રસિદ્ધ છે. આ ન્યાયનું તાત્પર્ય એવું છે કે કોઈ સ્થળે નૂતન કાર્ય-કારણભાવની કલ્પના કરવી પડે તો તેવા સ્થળે 'ક' નામના કાર્ય પ્રત્યે 'ખ' નામના કારણનો સ્વીકાર કરી 'ખ' નામના કારણની ઉત્પત્તિ માટે જો 'ગ' નામના કારણની કલ્પના કરવી જરૂરી બનતી હોય તથા તે સ્થળે 'ગ' નામના કારણથી જ 'ક' નામના કાર્યની ઉત્પત્તિ થઈ શકતી હોય તો 'ક' પ્રત્યે 'ખ' કારણ અને 'ખ' પ્રત્યે 'ગ' કારણ - આવી કલ્પના કરવાને બદલે 'ક' પ્રત્યે 'ગ' ને જ કારણ માનવામાં લાઘવ છે. 'ખ' ના કારણભૂત 'ગ' થી 'ક' ની ઉત્પત્તિ થઈ શકતી હોય તો 'ક' પ્રત્યે 'ખ' ને કારણ માનવાથી સર્યું. આ ન્યાયથી પ્રસ્તુતમાં નૈયાયિકોએ ખંડ પટની ઉત્પત્તિ પ્રત્યે કારણ તરીકે કલ્પેલા મહાપટનાશ પ્રત્યે કારણ બનનાર મહાપટઆરંભક તંતુસંયોગના નાશને જ ખંડપટોત્પત્તિ પ્રત્યે કારણ માનવામાં અત્યંત લાઘવ છે. ઉપરોક્ત ન્યાય મુજબ સમજવું હોય તો 'ક' = ખંડપટોત્પત્તિ, 'ખ' = મહાપટધ્વંસ અને 'ગ' = મહાપટઆરંભક તંતુસંયોગનો નાશ. તેથી પ્રસ્તુતમાં નૈયાયિકમત મુજબ, ખંડપટોત્પાદક મહાપટધ્વંસના કારણભૂત એવા આરંભકતંતુસંયોગનાશ દ્વારા જ ખંડ પટની ઉત્પત્તિ થઈ શકતી હોવાથી અમે જૈનો ખંડપટોત્પત્તિ પ્રત્યે મહાપટઆરંભક તંતુસંયોગના નાશને જ કારણ માનીએ છીએ. આવું માનવામાં દ્વિવિધ કાર્ય-કારણભાવના બદલે એકવિધ જ કાર્ય-કારણભાવનો સ્વીકાર કરવાથી લાઘવ થાય છે. કારણ કે અહીં અમારા = અનેકાન્તવાદીના મતમાં ખંડ પટની ઉત્પત્તિ પ્રત્યે મહાપટધ્વંસને કારણ માનવાની આવશ્યકતા રહેતી નથી.

☼ મહાપટધ્વંસ અને ખંડપટોત્પત્તિ વચ્ચે અભેદ : જૈન ☼

(वस्तु.) વાસ્તવમાં તો આગળ (૯/૨૧) જણાવવામાં આવશે તે રીતે લાઘવસહકારથી ખંડપટોત્પત્તિ પ્રત્યે મહાપટઅવયવવિભાગને જ જૈનમતે કારણ માનવામાં આવે છે. તેથી આરંભકસંયોગનાશને ખંડપટોત્પત્તિનું કારણ માનવાની જરૂર રહેતી નથી. આથી કાર્ય-કારણભાવની કલ્પનામાં જૈનમતે અત્યંત લાઘવ થશે. આ રીતે કાર્ય-કારણભાવનો સ્વીકાર કરતા જૈનમત મુજબ, મહાપટધ્વંસ અને ખંડપટની ઉત્પત્તિ - આ બન્ને કાર્ય એક જ છે, પરસ્પર અભિન્ન જ છે. આનું કારણ એ છે કે જે અવયવોમાં મહાપટધ્વંસ ઉત્પન્ન થાય છે, તે જ અવયવોમાં = તંતુઓમાં ખંડપટ ઉત્પન્ન થાય છે. તથા મહાપટધ્વંસ અને ખંડપટઉત્પત્તિ - આ બન્ને કાર્યો સમકાલીન પણ છે. સમાન ઉપાદાનકારણમાં સમકાળે ઉત્પન્ન થવાના લીધે મહાપટધ્વંસ અને ખંડપટઉત્પત્તિ - આ બન્ને એક જ છે. આમ જૈનમત મુજબ મહાપટધ્વંસથી અભિન્ન ખંડપટઉત્પત્તિ પ્રત્યે મહાપટઆરંભકઅવયવવિભાગને જ ઉપરોક્ત લાઘવ ન્યાયથી કારણ માની શકાય છે. આવું માનવામાં જૈનમત મુજબ ફક્ત એકવિધ કાર્ય-કારણભાવનો સ્વીકાર કરવો પડે છે.

ઇમ જાણતો ઇ લાઘવપ્રિય (પણિ) **નૈયાયિક** નાશોત્પત્તિમાં **એકાંતભેદની વાસના કિમ દેઇ છઇ ?** તેહનું મત છઇ જે -

कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे। कल्पनालाघवं यत्र तं पक्षं तु सहामहे ।। ( ) ▸ઈતિ ૧૪૧મી ગાથાર્થ સંપૂર્ણમ્.◂ ॥૯/૮॥

सङ्गच्छतेतराम् ।

तथापि = इत्थं जानानोऽपि लाघवप्रियो **नैयायिकः** = नव्यनैयायिकः **कथम्** अभिनिवेशेन **तौ** = घटनाश-मौल्युत्पादौ **एकान्तभिन्नौ** वदेत् ? इह कस्माद् अकस्माद् अप्रामाणिकं कार्यकारणभावगौरवं घटनाशमौल्युत्पादैकान्तभेदकल्पनाप्रयुक्तं नव्यनैयायिकः अभ्युपगच्छेत् ? लाघवाऽर्पितदृष्ट्यैव नव्यनैयायिकेन "कल्पनागौरवं यत्र तं पक्षं न सहामहे। कल्पनालाघवं यत्र तं पक्षं तु सहामहे।।" ( )

જ્યારે નૈયાયિકો તો આરંભકસંયોગનાશ પ્રત્યે અવયવવિભાગને કારણ માને છે. તેથી નૈયાયિકમત મુજબ ત્રિવિધ કાર્ય-કારણભાવનો સ્વીકાર કરવાનું મહાગૌરવ ઉપસ્થિત થાય છે. આમ જૈનમત મુજબ મહાપટધ્વંસથી અભિન્ન ખંડપટઉત્પત્તિનો કારણતાઅવચ્છેદકધર્મ અવયવવિભાગત્વ બનવાથી અત્યંત લાઘવ પ્રાપ્ત થશે. આથી સ્યાદ્વાદીને સંમત કાર્ય-કારણભાવ સારી રીતે સંગત થાય છે. તેમજ ખંડપટોત્પત્તિ અને મહાપટધ્વંસ વચ્ચે અભેદ પણ સિદ્ધ થાય છે.

֍ જૈનમતમાં લાઘવ ֍

વૈશેષિક, પ્રાચીન નૈયાયિક, નવ્ય નૈયાયિક અને જૈનના મતમાં પ્રસ્તુત કાર્ય-કારણભાવસંબંધી ગૌરવ -લાઘવ નીચેના કોષ્ટક દ્વારા સ્પષ્ટ થશે.

વાદી	કાર્ય	કારણ
નૈયાયિક	(૧) ખંડ પટ	(૧) મહાપટધ્વંસ
	(૨) મહાપટધ્વંસ	(૨) આરંભકસંયોગધ્વંસ
	(૩) આરંભકસંયોગધ્વંસ	(૩) અવયવવિભાગ
જૈન	(૧) ખંડપટઉત્પાદઅભિન્ન મહાપટધ્વંસ	(૧) અવયવવિભાગ

✡ ઘટનાશ - મુગટઉત્પાદ વચ્ચે એકાંતભેદ અસંગત ✡

(तथापि.) આ રીતે લાઘવ જાણવા છતાં પણ લાઘવપ્રિય નવ્ય નૈયાયિક શા માટે કદાગ્રહથી ઘટનાશ અને મુગટઉત્પાદની વચ્ચે એકાંતે ભેદને માને છે ? અહીં અનેકાન્તવાદના ખંડનના અભિપ્રાયથી નૈયાયિકો શા માટે ઘટધ્વંસને અને મુગટઉત્પત્તિને સર્વથા ભિન્ન માનવાનું ગૌરવ કરે છે ? તથા તેની એકાન્તભેદકલ્પનાના નિમિત્તે અપ્રામાણિક કાર્ય-કારણભાવનું ગૌરવ નૈયાયિક શા માટે સ્વીકારે ? નૈયાયિક હંમેશા પોતાની દૃષ્ટિ લાઘવમાં જ સ્થાપિત કરે છે. લાઘવકેન્દ્રિત દૃષ્ટિથી જ નૈયાયિક કહે છે કે 'જે પક્ષમાં કલ્પનાગૌરવ આવતું હોય તે પક્ષને અમે સહન કરતા નથી. જે પક્ષમાં કલ્પનાલાઘવ આવતું

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં જ છે.

इत्युच्यते। अतो हेमघटध्वंस-काञ्चनमुकुटोत्पादयोरैक्यमेककारणजन्यत्वञ्चैवाभ्युपगन्तुमर्हति लाघवादिति अत्र तात्पर्यम्।

किञ्च, 'नश्यती'त्यत्र नाशोत्पत्तिस्थलेऽपि वक्ष्यमाणरीत्या (९/१२) 'नश्यद्', 'नष्टमि'त्यनयोः एकान्तभेदं कालभेदप्रयुक्तं कथं लाघवप्रियो नैयायिको वदेत् ? तत्र क्रियाकाल-निष्ठाकालयौगपद्य-विवक्षया वक्ष्यमाणरीत्या (९/११-१२) 'नश्यद्', 'नष्टमि'त्यनयोः नैश्चयिकाऽभेदाऽभ्युपगमे प्रत्युत अतिलाघवादिति यावद् ग्रन्थकृत्तात्पर्यमवहितमनसा निश्चयनयपरिकर्मितमतिभिः विभावनीयं सूक्ष्मेक्षिकया दीर्घदृष्ट्या च।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अभिन्नोपादाननिष्ठाः समकालीनाः उत्पाद-व्ययादयो मिथोऽभिन्नाः' इति सिद्धान्त आध्यात्मिकदृष्ट्या इत्थं योज्यो यदुत अस्मदीयात्मद्रव्ये दुराचारध्वंस

હોય તે પક્ષને તો અમે ખમીએ છીએ, સ્વીકારીએ છીએ.' તેથી સુવર્ણઘટધ્વંસ અને સુવર્ણમુગટઉત્પત્તિ - આ બન્નેને એક માનવા તથા એકકારણજન્ય = અવયવવિભાગજન્ય માનવા વ્યાજબી છે. કારણ કે તેવું માનવામાં લાઘવ રહેલ છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં તાત્પર્ય સમજવું.

❀ नश्यद्-नष्टम् બન્નેમાં અભેદ - નિશ્ચયનય ❀

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની બાબત એ છે કે 'नश्यति' આવા વાક્યપ્રયોગમાં નાશોત્પત્તિસ્થળે પણ આ જ શાખાના બારમા શ્લોકમાં જણાવવામાં આવશે તે મુજબ 'नश्यत्' અને 'नष्टम्' આ બન્ને વચ્ચે પણ કાલભેદપ્રયુક્ત એકાન્તભેદને નૈયાયિક જણાવે છે તે વાત કઈ રીતે નૈયાયિક કહી શકે ? કેમ કે નૈયાયિક તો લાઘવપ્રિય છે. 'नश्यत्' અને 'नष्टम्' વચ્ચે એકાન્તે ભેદ માનવાનું ઊલટું નૈયાયિકને ગૌરવ આવશે. વસ્તુસ્થિતિ એ છે કે તે સ્થળે આગળ ૧૧-૧૨ મા શ્લોકની વ્યાખ્યામાં જણાવવામાં આવશે તે મુજબ, 'ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ વચ્ચે યૌગપદ્યની = સમકાલીનતાની વિવક્ષા કરીને 'नश्यत्' અને 'नष्टम्' આ બન્ને વચ્ચે પણ નિશ્ચયનયસંમત અભેદ જ રહેલો છે' - તેવું સ્વીકારવામાં આવે તો ઊલટું લાઘવપ્રિય નૈયાયિકને અત્યંત લાઘવ થશે. અહીં સુધીનું ગ્રંથકારનું તાત્પર્ય છે - એ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી અને દીર્ઘદૃષ્ટિથી સાવધાન મન વડે વિશેષ રીતે વિચારવું. આ મુજબ નિશ્ચયનયપરિકર્મિત બુદ્ધિવાળા વિદ્વાનોને અહીં સૂચના કરવામાં આવે છે.

સ્પષ્ટતા :- આ જ નવમી શાખાની અગિયારમા અને બારમા શ્લોકની વ્યાખ્યા વાંચ્યા બાદ અહીં किञ्च દ્વારા જણાવાયેલી બાબતને વાચકવર્ગ ફરીથી વાંચશે - વિચારશે - વાગોળશે તો આ અતિલાઘવવાળી બાબત એકદમ સ્પષ્ટ થઈ જશે. એમાં કોઈ શંકા નથી. ધીરજ, ધારણાશક્તિ અને ધારદાર બુદ્ધિ - આ ત્રણ સાધનો અહીં ખૂબ ઉપકારી છે.

✡ ગુણ આવે દોષ જાય, દોષ જાય ગુણ આવે ✡

આધ્યાત્મિક ઉપનય :- 'એક ઉપાદાનકારણમાં એકી સાથે થતાં ઉત્પાદ-વ્યય આદિ પરસ્પર અભિન્ન છે' - આ મુજબ અહીં મૂળ શ્લોકમાં સૂચિત કરેલા સિદ્ધાંતનું આધ્યાત્મિક વિશ્લેષણ એ રીતે કરવું કે આપણા આત્મામાં થતો દુરાચારધ્વંસ અને સદાચારજન્મ, દોષનાશ અને ગુણોત્પાદ એકી સાથે થતાં

-सदाचारोत्पादौ दोषनाश-गुणसमुत्पादौ समकालीनौ अभिन्नौ इति कृत्वा निश्चयदृष्ट्या सद्गुण -सदाचाराऽऽगमनकाले एव दोष-दुराचारौ विगच्छतः, तयोः तदभिन्नत्वात्। तथाहि – क्षमाऽऽगमने क्रोधो विनश्यति, विनम्रतासम्भवे मानो विलीयते, ऋजुतोद्गमे माया विगच्छति, तपःप्रवृत्तौ यथेच्छभोजन-प्रवृत्तिः पलायते, विनयोपसम्पत्तौ गुर्वादिकं प्रति प्रलापादि प्रपलायते। इत्थमात्मार्थिना दोष -दुराचारोच्छेदकृते प्रथमं सद्गुण-सदाचाराऽऽनयने आदरतो यतितव्यम्। व्यवहारनयानुसारेण दोष -दुराचारनिवृत्तौ सत्यां सद्गुण-सदाचारौ सुलभौ। निश्चय-व्यवहारानुगामिस्वभूमिकानुसारेण गुरुगमतः तथाविधवृत्ति-प्रवृत्तिपरायणतया सदा भाव्यम्। ततश्च **जम्बूचरिते श्रीगुणपालेन** [1] "कयकिच्चो अवगयतत्तो निरंजणो निच्चो" (ज.च.१६/७६७) इत्युक्तं परमात्मस्वरूपं शीघ्रं प्रादुर्भवति।।९/८।।

હોવાથી અભિન્ન છે. તેથી નિશ્ચય દૃષ્ટિથી સદ્ગુણને અને સદાચારને લાવવાનો પ્રયત્ન કરવાથી તે જ સમયે દોષનો અને દુરાચારનો નાશ થાય છે. કારણ કે તે તેનાથી અભિન્ન છે. ક્ષમા આવે એટલે ક્રોધનો નાશ થઈ જાય. વિનમ્રતા આવે એટલે અહંકારનો નાશ થઈ જાય. સરળતા આવે એટલે કુટિલતાનો નાશ થઈ જાય. તે જ રીતે તપની પ્રવૃત્તિ આવે એટલે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે ખા-ખા કરવાની કુટેવ રવાના થાય. વિનય આવે એટલે ગુરુ ભગવંતોની સામે કે વડીલની સામે મનફાવે તેમ બકવાટ કરવાની પ્રવૃત્તિ તદ્દન છૂટી જાય. આ રીતે સાધકે મુખ્યતયા સદ્ગુણને અને સદાચારને લાવવા માટે વિશેષ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. આવું બને તો અનાયાસે દોષમાંથી અને દુરાચારમાંથી સાધકને તાત્કાલિક મુક્તિ મળે. વ્યવહારનયની દૃષ્ટિએ દુરાચાર અને દુર્ગુણ જાય એટલે પછીની ક્ષણે સદાચાર અને સદ્ગુણ આવ્યા જ સમજો. સાધકે પોતાની ભૂમિકા નિશ્ચયયોગ્ય છે કે વ્યવહારયોગ્ય છે? તેનો યોગ્ય નિર્ણય ગુરુગમથી કરી તથાપ્રકારનું વલણ અને વર્તન કેળવવા સદા તત્પર રહેવું. તેના લીધે **'જંબૂચરિયં'**માં **શ્રીગુણપાલે** જણાવેલું (૧) કૃતકૃત્ય, (૨) તત્ત્વજ્ઞાની, (૩) નિરંજન, (૪) નિત્ય એવું પરમાત્મસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. (૯/૮)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિના શરણે જનાર બીજાનો પાપમિત્ર બને છે.**
  શ્રદ્ધાના શરણે જનાર બીજાનો કલ્યાણમિત્ર બને છે.
- **બુદ્ધિને પારણામાં રુચિ છે.**
  શ્રદ્ધાને તપ-સાધનામાં રુચિ છે.
- **બુદ્ધિ બહારનું પરિવર્તન કરવા ઈચ્છે છે.**
  શ્રદ્ધા અંદરનું પરિવર્તન કરવા ઝંખે છે.

---

1. कृतकृत्यः अवगततत्त्वः निरञ्जनः नित्यः ।

દુગ્ધવ્રત દધિ ભુંજઈ નહીં, નવિ દૂધ દધિવ્રત ખાઇ રે;
નવિ ♦દોઈ અગોરસવ્રત જિમઈ, *તિણિ તિયલક્ષણ જગ થાઈ રે ॥૯/૯॥(૧૪૨) જિન.

દધિદ્રવ્ય તે દુગ્ધદ્રવ્ય નહીં, જે માટઈ (**દુગ્ધવ્રત**=) જેહનઈ દૂધનું વ્રત છઈ "દૂધ જ જિમવું" એહવી પ્રતિજ્ઞારૂપ; તેહ **દહીં** (**ભૂંજઈ**=) જિમઈ **નહીં**. દુગ્ધપરિણામ જ દધિ-ઈમ જો અભેદ કહિઈ, તો દધિ જિમતાં દુગ્ધવ્રતભંગ ન થયો જોઈઈ♦. ઈમ દૂધ તે દધિદ્રવ્ય નહીં, પણ પરિણામી. માટઈ અભેદ ▸કહિઈ, તો દૂધ જિમતાં દધિવ્રતભંગ ન થયો જોઈઈ. **દધિવ્રત** તો **દૂધ નથી** (**ખાઈ**=) જિમતો.

વ્રતત્રિતયગોચરલોકોત્તરદૃષ્ટાન્તાન્તરેણ ત્રિલક્ષણવ્યાપકતામેવોપદર્શયતિ – '**પય**' ઇતિ।

પયોવ્રતો ન દધ્યત્તિ ન પયોઽત્તિ દધિવ્રતઃ।
અગોરસવ્રતો નોભે તસ્માત્ ત્રિલક્ષણં જગત્।।૯/૯।।

પ્રકૃતે દણ્ડાન્વયસ્ત્વેવમ્ – પયોવ્રતો દધિ નાઽત્તિ। દધિવ્રતઃ પયઃ નાઽત્તિ। અગોરસવ્રતો ઉભે ન (અત્તિ)। તસ્માદ્ જગત્ ત્રિલક્ષણમ્।।૯/૯।।

દધિદ્રવ્યં તાવન્ન દુગ્ધદ્રવ્યમ્, યતો 'દુગ્ધમેવ મયા ભોક્તવ્યમિ'ત્યેવં **પયોવ્રતો** નરઃ **દધિ** = દધિદ્રવ્યં **નાત્તિ** = ન ભુઙ્ક્તે। યદિ દધ્નો દુગ્ધપરિણામતયા એકાન્તેન દુગ્ધાઽભિન્નતોચ્યતે તર્હિ દધિભક્ષણે દુગ્ધવ્રતભઙ્ગો ન સ્યાત્। ન ચૈવં ભવતિ। તસ્માદ્ દુગ્ધ-દધ્નોઃ ભેદઃ સિધ્યતિ। તથા દુગ્ધદ્રવ્યં ન દધિદ્રવ્યં ભવિતુમર્હતિ, યતો 'દધિ એવ મયા ભોક્તવ્યમિ'તિ **દધિવ્રતો** નરો **પયો નાત્તિ** = ન ભુઙ્ક્તે। યદિ દુગ્ધસ્ય દધિપરિણામિકારણતયા સર્વથા દધિદ્રવ્યાઽભિન્નતા સ્યાત્, નૈવ સ્યાત્ તર્હિ દુગ્ધં ભુઞ્જતો દધિવ્રતભઙ્ગઃ। ન ચ દધિવ્રતો દુગ્ધં ભુઙ્ક્તે। તસ્માત્ તયોઃ નાસ્તિ એકાન્તેનાઽભેદઃ।

અવતરણિકા :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સર્વત્ર રહેલા છે. આ વાત પૂર્વે જણાવી ગયેલ છે. પ્રસ્તુત ત્રિલક્ષણની વ્યાપકતાને જ ગ્રંથકારશ્રી ત્રણવ્રતસંબંધી અન્ય લોકોત્તર દૃષ્ટાંત દ્વારા દેખાડે છે :-

❖ દૂધવ્રત વગેરે દૃષ્ટાંતથી ત્રૈલક્ષણ્યસિદ્ધિ ❖

શ્લોકાર્થ :- દૂધવ્રતવાળો દહીં ખાતો નથી. તથા દહીંવ્રતવાળો દૂધ પીતો નથી. અગોરસવ્રતવાળો દૂધ અને દહીં બન્નેને ખાતો નથી. તેથી જગત ત્રિલક્ષણાત્મક છે. (૯/૯)

વ્યાખ્યાર્થ :- સૌપ્રથમ તો દહીં દ્રવ્ય અને દૂધ દ્રવ્ય સર્વથા એક નથી. કારણ કે 'મારે ફક્ત દૂધ જ વાપરવું' - આ પ્રમાણે દૂધને વાપરવાના વ્રતવાળો માણસ દહીં વાપરતો નથી. જો દહીં દૂધનો પરિણામ હોવાથી દહીંમાં દૂધનો એકાંતે અભેદ હોય તો દહીં ખાવામાં આવે ત્યારે દુગ્ધવ્રતનો ભંગ ન થવો જોઈએ. પરંતુ એવું થતું નથી. તેથી દૂધ અને દહીં વચ્ચે ભેદ સિદ્ધ થાય છે. તથા દૂધ તે દહીંસ્વરૂપ નથી. કારણ કે 'મારે દહીં જ વાપરવું' - આ પ્રમાણે દહીંવ્રતને સ્વીકારનાર માણસ દૂધ વાપરતો નથી. જો દૂધ દહીંનું પરિણામી કારણ હોવાથી દૂધમાં સર્વથા દહીંનો અભેદ હોય તો દૂધ વાપરવા છતાં દહીંવ્રતનો ભંગ થઈ ન શકે. પરંતુ હકીકત આવી નથી. દહીંવ્રતવાળો દૂધ વાપરતો

♦ કો.(૪)માં 'દોય' પાઠ. * કો.(૪)માં 'તિણ' પાઠ. ♦ આ.(૧)માં 'જોઈએ' પાઠ. ▸ આ.(૧)માં 'કહિયેં' પાઠ.

તથા "અગોરસ જ ❖જિમવું" એહવા વ્રતવંત (=**અગોરસવ્રત**) દૂધ દહી ૨ (=દોઈ) ન જિમઈ. ઇમ ગોરસપણઇં ૨ નઇં અભેદ છઈ.

एतावता दुग्धादेः पर्यायरूपता सिध्यति।

यथोक्तं **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "न हि दुग्ध-तक्रादीनां श्वेतत्वादिना अभेदेऽपि माधुर्यादिना न भेदः, अनन्तधर्माध्यासितत्वाद् वस्तुनः" (वि.आ.भा.५४ वृ.) इति भावनीयम्।

तथा 'अगोरसद्रव्यमेव मया भोक्तव्यमि'ति **अगोरसव्रतो** नरः **उभे** = दुग्ध-दधिनी **न अत्ति** = नैव भुङ्क्ते। अतो गोरसभावेन द्वयोरभेदः सिध्यति, तत्त्वाऽप्रच्यवात्, अन्यथा कृतगोरसद्रव्य-प्रत्याख्यानस्य दुग्धाद्येकैकद्रव्यभोजनेऽपि न व्रतभङ्गः स्यादिति।

यथोक्तं **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिरपि** "द्रव्यरूपतया पर्यायाणां परस्परम् अभेदाद्" (वि.आ.भा.गा.५५ वृ.) इति। ततश्च नाऽपसिद्धान्तः।

નથી. તેથી દૂધમાં અને દહીંમાં એકાંતે અભેદ રહેલો નથી. તેથી 'દૂધ અને દહીં પર્યાયસ્વરૂપ છે' - તેવું સિદ્ધ થાય છે.

❀ દૂધ-છાશ વચ્ચે અભેદ છતાં ભેદ ❀

(**यथो.**) શ્રીહેમચન્દ્રસૂરિજીએ પણ દૂધ, છાશ વગેરેમાં ભેદ દેખાડવાના અવસરે **વિશેષાવશ્યક-ભાષ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે "દૂધ, છાશ વગેરેમાં શ્વેતત્વ વગેરે સ્વરૂપે અભેદ હોવા છતાં પણ મધુરતા વગેરે સ્વરૂપે કાંઈ તે બન્ને વચ્ચેનો ભેદ રવાના થઈ નથી જતો. કેમ કે વસ્તુમાં અનંત ગુણધર્મો રહેલા છે." કોઈક ગુણધર્મની અપેક્ષાએ અભિન્ન = સમાન જણાતી બે વસ્તુઓ અન્ય ગુણધર્મની અપેક્ષાએ ભિન્ન = વિલક્ષણ પણ હોય છે. આ રીતે પ્રસ્તુતમાં દૂધ, દહીં વચ્ચે ભેદની વિભાવના કરવી.

❀ અગોરસવ્રતની સમજણ ❀

(**तथा.**) તેમજ 'મારે અગોરસ દ્રવ્ય જ વાપરવું' - આ પ્રમાણે અગોરસવ્રત લેનાર માણસ દૂધ કે દહીં બેમાંથી કશું વાપરતો નથી. આ કારણથી દૂધમાં અને દહીંમાં ગોરસરૂપે અભેદ સિદ્ધ થાય છે. કેમ કે દૂધ, દહીંરૂપે પરિણમવા છતાં પણ ગોરસપણાનો તેમાંથી ત્યાગ થતો નથી. જો દૂધ દહીંરૂપે પરિણમે એટલા માત્રથી ગોરસપણું તેમાંથી નીકળી જતું હોય તો ગોરસ દ્રવ્યનો ત્યાગ કરનાર વ્યક્તિ એકલું દૂધ વાપરે કે એકલું દહીં વાપરે તો પણ અગોરસવ્રતનો ભંગ ન થવો જોઈએ. પરંતુ અગોરસ દ્રવ્ય વાપરવાના નિયમવાળો માણસ દૂધ કે દહીં - બેમાંથી એક પણ દ્રવ્યને વાપરતો નથી. તેથી તે બન્ને ગોરસસ્વરૂપ છે, ગોરસદ્રવ્યરૂપે અભિન્ન છે - તેવું સિદ્ધ થાય છે.

❀ अपसिद्धान्त अप्रसक्त ❀

(**यथो.**) આ અંગે **શ્રીવિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ પણ જણાવેલ છે કે "દ્રવ્યસ્વરૂપે પર્યાયો પરસ્પર અભિન્ન હોય છે." તેથી ગોરસદ્રવ્યસ્વરૂપે દૂધ અને દહીં બન્ને વચ્ચે અભેદ સિદ્ધ કરવામાં અપસિદ્ધાન્ત દોષ પણ અમને લાગુ પડતો નથી.

❖ પુસ્તકોમાં 'જિમું' પાઠ. કો.(૯)+આ.(૧)+લા.(૨)નો પાઠ લીધો છે.

यत्तु **नागेशेन वैयाकरणलघुमञ्जूषायाम्** "पयसो दधि तु न विवर्तः, तत्त्वात् प्रच्युतेः। स्वर्णादेः कुण्डलादिः तु विवर्त एव" (वै.ल.म.पृ.२८८) इत्युक्तं ***तदसत्***, कुण्डलादेरिव दध्नः स्वोपादानतत्त्वाऽप्रच्यवात्, अन्यथा अगोरसव्रतस्य दधिभक्षणे व्रतभङ्गाऽनापत्तेः।

तदुक्तं **माध्वाचार्येण** अपि **दशप्रकरणे** "क्षीरस्थले तु क्षीरव्यक्तेः न नाशः, अपि तु क्षीरभावस्यैव निवृत्तेः, तदैक्यानुभवाद्" (द.प्र.भाग-४/पृ.१५२) इति। क्षीरव्यक्तिपदेन क्षीरद्रव्यस्य क्षीरभावपदेन च क्षीरपर्यायस्येह ग्रहणं द्रष्टव्यम्। तस्मात् तयोः नास्ति एकान्तेन भेदः। एतावता दुग्धादेः द्रव्यरूपता सिध्यति।

तस्माद् = उपदर्शितव्रततित्रितयानुरोधेन दुग्धादेः द्रव्य-पर्यायोभयात्मकत्वात् **त्रिलक्षणम्** = उत्पाद

❋ दूध-दहीं गोरसरूपे अभिन्न ❋

(यत्तु.) **वैयाकरण लघुमंजूषा**માં **नागेश** નામના વિદ્વાને જણાવેલ છે કે "દહીં દૂધનો પરિણામ (વિવર્ત) નથી. કારણ કે દહીંમાંથી દૂધનું તત્ત્વ નાશ પામી ચૂકેલ છે. જ્યારે કુંડલ, હાર વગેરે સોનાના પરિણામ સ્વરૂપ જ છે. કારણ કે કુંડલ, હાર વગેરેમાંથી સુવર્ણપણું નાશ પામતું નથી." **नागेश** જે કહેલ છે, તે વાત બરાબર નથી. કારણ કે કુંડલ વગેરેની જેમ દહીં વગેરેમાંથી પણ પોતાના ઉપાદાન તત્ત્વનો ઉચ્છેદ થતો નથી. જો દહીંમાંથી ગોરસસ્વરૂપ ઉપાદાન તત્ત્વનો ઉચ્છેદ થઈ જતો હોય તો 'મારે અગોરસ દ્રવ્ય વાપરવું' - આ પ્રમાણે વ્રત લેનાર માણસ દહીંભક્ષણ કરે તો તેનું અગોરસવ્રત ભાંગવું ન જોઈએ. પરંતુ 'દૂધ કે દહીં ખાવાથી અગોરસવ્રત ભાંગે છે' - આ વાત આબાલ-ગોપાલ પ્રસિદ્ધ છે. તેથી 'દૂધમાં અને દહીંમાં ગોરસપણું રહેલું છે' તેવું સર્વ લોકોને સંમત છે - તેમ સિદ્ધ થાય છે. તેથી સુવર્ણકુંડલ અને સુવર્ણકંકણ વગેરેમાં સુવર્ણ તત્ત્વ જેમ અનુગત છે તેમ દૂધમાં અને દહીંમાં ગોરસતત્ત્વ અનુગત સિદ્ધ થાય છે. તથા સુવર્ણકુંડલ અને સુવર્ણકંકણ વચ્ચે સુવર્ણત્વરૂપે જેમ અભેદ રહેલો છે તેમ દૂધમાં અને દહીંમાં ગોરસત્વરૂપે અભેદ સિદ્ધ થાય છે.

❋ माध्वाचार्यની સ્યાદ્વાદમાં સંમતિ ❋

(तदुक्तं.) **माध्वाचार्ये** પણ **दशप्रकरण** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "દૂધમાંથી દહીં થાય તે સ્થળે દૂધ વ્યક્તિનો નાશ થતો નથી. પરંતુ દુગ્ધભાવ (દુગ્ધપર્યાય) જ નિવૃત્ત થાય છે. દૂધ વ્યક્તિનો નાશ ન થવાનું કારણ એ છે કે દહીંમાં દૂધનો ગોરસરૂપે અભેદ અનુભવાય છે." **माध्वाचार्ये** 'વ્યક્તિ' શબ્દ દ્વારા દ્રવ્યનું ગ્રહણ કરેલ છે અને 'ભાવ' શબ્દ દ્વારા પર્યાયનું ગ્રહણ કરેલ છે - તેમ સમજવું. મતલબ કે 'દૂધ દ્રવ્યનો નાશ થતો નથી. પણ દૂધ પર્યાયનો નાશ થાય છે' - તેવું અર્થઘટન માધ્વાચાર્યના કથનમાં કરવું. તેથી દૂધમાં અને દહીંમાં એકાંતે ભેદ રહેલો નથી પરંતુ ગોરસરૂપે અભેદ પણ રહેલો છે - તેમ સિદ્ધ થાય છે. ઉપરોક્ત ચર્ચાથી 'દૂધ અને દહીં દ્રવ્યસ્વરૂપ છે' - તેવું સિદ્ધ થાય છે.

❋ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાર્વત્રિક ❋

(तस्मा.) દૂધવ્રતના અને દહીંવ્રતના દૃષ્ટાંત અનુસારે દૂધ અને દહીં પરસ્પર ભિન્ન હોવાથી પર્યાયાત્મક સિદ્ધ થાય છે. તથા અગોરસવ્રતના દૃષ્ટાંત અનુસાર દૂધ અને દહીં પરસ્પર અભિન્ન હોવાથી દ્રવ્યાત્મક

ઈહાં = દધિપણઈ ઉત્પત્તિ દુગ્ધપણઈ નાશ ગોરસપણઈ ધ્રુવપણું પ્રત્યક્ષસિદ્ધ છઈ. (**તિણિ**) એ દૃષ્ટાંતઈ (જગ=) સર્વજગદ્વર્ત્તિ ભાવનઈ (**તિયલક્ષણ**=) લક્ષણત્રયયુક્ત*પણું (**થાઈ**=) કહેવું.

श्लोकः - "पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः।
अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम्।।" (आप्तमीमांसा-६०)

-व्यय-ध्रौव्याऽपृथग्भूतं दुग्धादि सिध्यति। प्रकृते दधितया उत्पत्तिः, दुग्धतया विपत्तिः गोरसतया च स्थितिः प्रत्यक्षप्रमाणादेव प्रसिद्धा नाऽपह्नोतुमर्हन्ति। प्रकृतदृष्टान्तानुसारेण सचराऽचरं सकलं **जगद्** = जगद्वर्तिसमस्तवस्तुजातं **त्रिलक्षणम्** = उत्पाद-व्यय-ध्रौव्यात्मकं सिध्यति।

इदमेवाभिप्रेत्य **श्रीसमन्तभद्राचार्येण आप्तमीमांसायां** तथा तदनुवादरूपेण **श्रीहरिभद्रसूरिभिः शास्त्रवार्त्तासमुच्चये, राजशेखरसूरिभिः स्याद्वादकलिकायां यशस्वत्सागरेण** च **जैनस्याद्वादमुक्तावल्यां** "पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः। अगोरसव्रतो नोभे तस्माद् वस्तु त्रयात्मकम्।।" (आ.मी.६०, शा.वा.स. ७/३, स्या.क.३३, जै.स्या.मु.१/२१) इत्युक्तम्। भावितार्थेयं कारिका तथापि स्थानाऽशून्यार्थं श्रोतुरनुग्रहाय चात्र **विद्यानन्दस्वामिनः अष्टसहस्त्री**व्याख्या प्रदर्श्यते।

तथाहि - "लोकोत्तरदृष्टान्तेनाऽपि तत्र प्रतीतिनानात्वं विनाशोत्पादस्थितिसाधनं प्रत्याययति - दधि

સિદ્ધ થાય છે. તેથી ઉપરોક્ત ત્રણેય દૃષ્ટાંત મુજબ વિચાર કરીએ તો દૂધ અને દહીં દ્રવ્ય-પર્યાય ઉભયસ્વરૂપ સિદ્ધ થાય છે. દૂધ અને દહીં પર્યાયાત્મક હોવાથી દુગ્ધપર્યાયરૂપે નાશ અને દહીંપર્યાયરૂપે ઉત્પત્તિ થાય છે. તથા તે બન્ને દ્રવ્યાત્મક હોવાથી ગોરસરૂપે ધ્રુવ સિદ્ધ થાય છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી અપૃથગ્ભૂત દૂધ વગેરે સિદ્ધ થાય છે. પ્રસ્તુતમાં દહીંરૂપે ઉત્પત્તિ, દૂધરૂપે નાશ અને ગોરસરૂપે સ્થૈર્ય = ધ્રૌવ્ય પ્રત્યક્ષ પ્રમાણથી જ પ્રસિદ્ધ છે. તેથી એકત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અપલાપ કરવા યોગ્ય નથી. પ્રસ્તુત દૃષ્ટાંત મુજબ સચરાચર આખું જગત = જગતવર્તી સમસ્ત વસ્તુઓનો સમૂહ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે.

❖ આપ્તમીમાંસા સંદર્ભની વિચારણા ❖

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **શ્રીસમન્તભદ્રાચાર્યે આપ્તમીમાંસા**માં એક શ્લોક જણાવેલ છે. તથા તેના અનુવાદરૂપે **શ્રીહરિભદ્રસૂરિ**એ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં, **શ્રીરાજશેખરસૂરિજી**એ **સ્યાદ્વાદકલિકા**માં તથા **યશસ્વત્સાગરજી**એ **જૈનસ્યાદ્વાદમુક્તાવલી**માં તે જ શ્લોક દર્શાવેલ છે. શ્લોકનો અર્થ આ મુજબ છે - "માત્ર દૂધભોજનનો નિયમ લેનાર માણસ દહીં ખાતો નથી. તથા માત્ર દહીંભોજનનો નિયમ લેનાર માણસ દૂધ વાપરતો નથી. તેમજ ગોરસભિન્ન દ્રવ્યનું જ ભોજન કરવાનો નિયમ લેનાર માણસ દૂધ અને દહીં બન્નેને વાપરતો નથી. તેથી વસ્તુ ત્રયાત્મક = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે." આ શ્લોકનો અર્થ ભાવિત કરેલ જ છે. તેમ છતાં તેની છણાવટનું સ્થાન ખાલી ન રહી જાય તે માટે અને શ્રોતા ઉપર અનુગ્રહ કરવા માટે **વિદ્યાનંદસ્વામી**એ રચેલ **અષ્ટસહસ્રી** વ્યાખ્યા અહીં દર્શાવવામાં આવે છે.

❋ દુગ્ધપાનાદિત્યાગપ્રયોજનની વિચારણા ❋

(**तथाहि.**) ત્યાં તેમણે **આપ્તમીમાંસા** ગ્રંથના ઉપરોક્ત શ્લોકનું વિવેચન આ મુજબ કરેલું છે. "લોકોત્તર

* લા.(૨)માં '....યુક્તપણઈ' પાઠ.

-पयोऽगोरसव्रतानां क्षीर-दध्युभयवर्जनात् क्षीरात्मना नश्यद्दध्यात्मनोत्पद्यमानं गोरसस्वभावेन तिष्ठतीति। 'पय एव मयाऽद्य भोक्तव्यमि'ति व्रतमभ्युपगच्छतो दध्युत्पादेऽपि पयसः सत्त्वे दधिवर्जनानुपपत्तेः। 'दध्येव मयाऽद्य भोक्तव्यमि'ति व्रतं स्वीकुर्वतः पयस्यपि दध्नः सत्त्वे पयोवर्जनाऽयोगात्। 'अगोरसं मयाऽद्य भोक्तव्यमि'ति व्रतमङ्गीकुर्वतोऽनुस्यूतप्रत्ययविषयगोरसे दधि-पयसोरभावे तदुभयवर्जनाऽघटनात्।

प्रतीयते च तत्तद्व्रतस्य तत्तद्वर्जनम्। ततस्तत्त्वं त्रयात्मकम्।

દૃષ્ટાંતથી પણ એક જ પદાર્થમાં થતી વિવિધ પ્રકારની પ્રતીતિ વિનાશ-ઉત્પાદ-ધ્રૌવ્યને સાધવાનો વિશ્વાસ જન્માવે છે. જેમ કે 'મારે ફક્ત દહીં વાપરવું' - આવા નિયમવાળો સાધક દુગ્ધપાનનો ત્યાગ કરે છે. 'મારે ફક્ત દૂધ વાપરવું' - આવા નિયમવાળો સાધક દહીંભક્ષણનો ત્યાગ કરે છે. 'મારે અગોરસ વાપરવું' - આવા નિયમવાળો સાધક દૂધ અને દહીં બન્નેનો ત્યાગ કરે છે. આ હકીકત સર્વઆર્યજન પ્રસિદ્ધ છે. તેનાથી એવું સિદ્ધ થાય છે કે દૂધરૂપે નાશ પામતું અને દહીંરૂપે ઉત્પન્ન થતું દ્રવ્ય ગોરસસ્વભાવથી ટકી રહે છે. આ જ કારણથી 'આજે મારે ફક્ત દૂધ વાપરવું' - આવા વ્રતને સ્વીકારનાર સાધક દહીં વાપરતો નથી. જો દહીં ઉત્પન્ન થાય તે અવસ્થામાં પણ દૂધ હાજર હોય તો તે માણસે કરેલો દહીંભક્ષણત્યાગ અસંગત બની જાય. તે જ રીતે 'મારે આજે ફક્ત દહીં જ વાપરવું' - આ પ્રમાણે વ્રત-નિયમ સ્વીકારનાર સાધક દુગ્ધપાનનો ત્યાગ કરે છે. જો દૂધ અવસ્થામાં દહીં વિદ્યમાન હોય તો તે સાધકે કરેલો દુગ્ધપાનત્યાગ સંગત બની ન શકે. તથા 'મારે આજે ફક્ત અગોરસ વાપરવું' - આવો નિયમ સ્વીકારનાર સાધક દૂધ અને દહીં - એમ બન્નેનો ત્યાગ કરે છે. જો દૂધમાં અને દહીંમાં ગોરસત્વ અનુગત ન હોય તો તે સાધકે જે દૂધ-દહીં ઉભયનો ત્યાગ કરેલ છે તે ઘટી ન શકે. અગોરસભક્ષણના નિયમવાળો સાધક 'આ તો દહીં છે. ગોરસ ક્યાં છે ? તેથી હું તેને વાપરું. પેલું દૂધ છે. ગોરસ ક્યાં છે ? તેથી હું તેને પણ વાપરું' - આ પ્રમાણે વિચારીને દહીં કે દૂધ વાપરે તેવું બનતું નથી. આનું કારણ એ છે કે દહીં કે દૂધ એ બન્નેમાં ગોરસપણું અનુગતરૂપે તેની પ્રતીતિમાં ભાસે છે. મતલબ કે દૂધઅવસ્થામાં દહીંનો અભાવ હોવા છતાં ગોરસત્વ ભાસે છે. તથા દહીંઅવસ્થામાં દૂધ ન હોવા છતાં સર્વ જનોને ગોરસપણું ભાસે જ છે. આ હકીકતને અગોરસવ્રતવાળો સાધક સારી રીતે સમજે છે. તેથી જ તે સાધક દૂધ અને દહીં એમ બન્નેનો ત્યાગ કરે છે. જો દૂધમાં અને દહીંમાં ગોરસપણું અનુગત સ્વરૂપે શિષ્ટ પુરુષોને ભાસતું ન હોય તો અગોરસવ્રતવાળો શ્રાવક દૂધનો કે દહીંનો ત્યાગ ન કરે. પરંતુ તે સાધક તો બન્નેનો ત્યાગ કરે છે - આ હકીકત પ્રસિદ્ધ છે. તેથી દૂધઅવસ્થામાં કે દહીંઅવસ્થામાં ગોરસરૂપે દ્રવ્યનું સત્ત્વ = અસ્તિત્વ = અવસ્થાન = ધ્રૌવ્ય સિદ્ધ થાય છે.

❀ प्रती द्वारा थता वर्जनथी त्रयात्मकत्वसिद्धि ❀

(**प्रती.**) તે તે દ્રવ્યના ત્યાગનું વ્રત સ્વીકારનાર સાધક તે તે દ્રવ્યનું વર્જન કરે છે - આવી પ્રતીતિ તો સર્વ લોકોને થાય જ છે. તેથી દૂધભિન્ન દ્રવ્યના ત્યાગવાળો સાધક દહીં વગેરેને છોડે છે. દહીંભિન્ન દ્રવ્યનો ત્યાગ કરનાર સાધક દૂધ વગેરેને છોડે છે. તથા અગોરસ સિવાયના દ્રવ્યનો ત્યાગ કરનારો સાધક દૂધ અને દહીં - એમ બન્નેને છોડે છે. તેથી દૂધરૂપે નાશ, દહીંરૂપે ઉત્પત્તિ અને ગોરસરૂપે અવસ્થિતિ સિદ્ધ થાય છે. આ કારણસર તમામ પદાર્થ ત્રયાત્મક = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે.

न चैवमनन्तात्मकत्वं वस्तुनो विरुध्यते,

प्रत्येकमुत्पादादिनामनन्तेभ्य उत्पद्यमान-विनश्यत्तिष्ठद्भ्यः कालत्रयापेक्षेभ्योऽर्थेभ्यो भिद्यमानानां विवक्षित-वस्तुनि तत्त्वतोऽनन्तभेदोपपत्तेः,

❀ અપસિદ્ધાન્ત દોષની શંકા ❀

શંકા :- (**न चैव.**) જો આ રીતે તમામ વસ્તુ ત્રયાત્મક હોય તો પ્રત્યેક વસ્તુમાં અનન્તધર્માત્મકતાનો વિરોધ આવશે. તમે હમણાં દરેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એમ ત્રણ ધર્મની સિદ્ધિ કરેલ છે. જ્યારે તમારો જૈન સિદ્ધાન્ત તો એમ કહે છે કે દરેક વસ્તુમાં અનંત ગુણધર્મો રહેલા છે. તેથી તમારી વાતનો તમારા જ સિદ્ધાંત સાથે વિરોધ આવશે. આથી અપસિદ્ધાંત નામનો દોષ લાગુ પડશે.

❀ ત્રયાત્મક વસ્તુ પણ અનન્તધર્માત્મક ❀

સમાધાન :- (**प्रत्येक.**) ના, અમને અપસિદ્ધાંત દોષ લાગુ પડતો નથી. પ્રત્યેક વસ્તુને ત્રયાત્મક સિદ્ધ કરવા છતાં પણ અનન્તધર્માત્મકતાનો સિદ્ધાંત ટકી જ રહે છે. આનું કારણ એ છે કે પ્રત્યેક વસ્તુમાં રહેલ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના પરમાર્થથી અનંત ભેદ પડે છે. તે આ રીતે - પદાર્થ ત્રણે કાળમાં વિદ્યમાન હોય છે. કોઈક સ્વરૂપે પદાર્થ ઉત્પદ્યમાન હોય છે, કોઈક સ્વરૂપે વિલીયમાન હોય છે અને કોઈક સ્વરૂપે વિદ્યમાન હોય છે. આવા પદાર્થો અનંતા હોય છે. તથા વિવક્ષિત એક વસ્તુમાં રહેલ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને અવિવક્ષિત અનંત દ્રવ્યમાં રહેલ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પરસ્પર અભિન્ન નથી. પરંતુ ભિન્ન છે. તેથી વિવક્ષિત વસ્તુમાં રહેલ પ્રત્યેક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં, અવિવક્ષિત અનંત દ્રવ્યગત અનંત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો ભેદ સિદ્ધ થાય છે. તેથી પરમાર્થથી વિવક્ષિત વસ્તુમાં રહેલ પ્રત્યેક ઉત્પાદ-વ્યય વગેરેમાં અનંતા ભેદ (= પ્રકાર) પડે છે. દા.ત. 'ઘટ' નામની વસ્તુમાં રહેલ 'ક' નામના ઉત્પાદમાં 'પટ' નામની વસ્તુમાં રહેલ 'ખ' નામના ઉત્પાદનો ભેદ, 'ગ' નામના વ્યયનો ભેદ તથા 'ઘ' નામના ધ્રૌવ્યનો ભેદ રહેશે. 'મઠ' નામની વસ્તુમાં રહેલ 'ચ' નામના ઉત્પાદનો ભેદ, 'છ' નામના વ્યયનો ભેદ તથા 'જ' નામના ધ્રૌવ્યનો ભેદ પણ 'ક' માં રહેશે. આ રીતે આગળ આગળ વિચાર કરતાં 'ઘટ' નામની વસ્તુમાં રહેલ 'ક' નામના ઉત્પાદમાં અનંત અવિવક્ષિત વસ્તુના અનંતા ઉત્પાદ-વ્યય -ધ્રૌવ્યનો ભેદ રહેશે. વિવક્ષિત 'ઘટ' નામની વસ્તુમાં રહેલ 'ક' નામનો ઉત્પાદ પોતાના આશ્રયથી કથંચિદ્ અભિન્ન છે. તેથી 'ક' નામના ઉત્પાદમાં રહેલ અનંત ઉત્પાદ આદિના ભેદ = અન્યોન્યાભાવ સ્વરૂપ અનંત ગુણધર્મો 'ઘટ' નામની વસ્તુમાં પણ રહેશે. તેથી 'ઘટ' અનંતધર્માત્મક છે - તેવું પણ સિદ્ધ થઈ શકશે. આમ પ્રત્યેક વસ્તુને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપે ત્રયાત્મક માનવા છતાં અનંતધર્માત્મકતાનો જૈન સિદ્ધાંત અબાધિત જ રહે છે.

✡ વ્યાવૃત્તિમાં તુચ્છતાનો આક્ષેપ ✡

શંકા :- આ રીતે તમે પ્રત્યેક ઉત્પાદ-વ્યયમાં અન્યદ્રવ્યગત ઉત્પાદ આદિના ભેદની સિદ્ધિ કરવા દ્વારા વસ્તુમાં અનંતધર્માત્મકતાની સિદ્ધિનો જે પ્રયાસ કરેલ છે તે સ્તુત્ય નથી. આનું કારણ એ છે કે ભેદ એટલે પરસ્વરૂપની વ્યાવૃત્તિ = બાદબાકી. આ વ્યાવૃત્તિ તો તુચ્છ છે. તેથી પરસ્વરૂપવ્યાવૃત્તિ વસ્તુનો સ્વભાવ બની ન શકે. તેથી અન્યદ્રવ્યગત ઉત્પાદ આદિના ભેદાત્મક પરસ્વરૂપવ્યાવૃત્તિના માધ્યમથી

पररूपव्यावृत्तीनामपि वस्तुस्वभावत्वसाधनात्, तदवस्तुस्वभावत्वे सकलार्थसाङ्कर्यप्रसङ्गात्।

तथा तत्त्वस्य त्रयात्मकत्वसाधनेऽनन्तात्मकत्वसाधने च नित्यानित्योभयात्मकत्वसाधनमपि प्रकृते न विरुध्यते, स्थित्यात्मकत्वव्यवस्थापनेन कथञ्चिन्नित्यत्वस्य विनाशोत्पादात्मकत्वप्रतिष्ठापनेन चानित्यत्वस्य साधनात्। ततः सूक्तं 'सर्वं वस्तु स्यान्नित्यमेव, स्यादनित्यमेवे'ति। एवं स्यादुभयमेव, स्यादवक्तव्यमेव, स्यान्नित्यावक्तव्यमेव, स्यादनित्यावक्तव्यमेव, स्यादुभयावक्तव्यमेवेत्यपि योजनीयम्। यथायोगमेतत्सप्तभङ्गी-व्यवस्थापनप्रक्रियामपि योजयेन्नय-प्रमाणापेक्षया सदाद्येकत्वादिसप्तभङ्गीप्रक्रियावद्" (अ.स.परि.३/६०, पृ.२८१/२८२) इति।

પ્રત્યેક વસ્તુને અનંતધર્માત્મક સિદ્ધ કરી ન શકાય.

ॐ પરસ્વરૂપવ્યાવૃત્તિ પણ વસ્તુસ્વભાવ ॐ

સમાધાન :- **(परस्व.)** પરસ્વરૂપની વ્યાવૃત્તિ પણ હકીકતમાં વસ્તુસ્વભાવાત્મક જ છે. આ વાત અમે પહેલાં સિદ્ધ કરેલ છે. તેથી પરસ્વરૂપવ્યાવૃત્તિરૂપ અન્યદ્રવ્યગતઉત્પાદઆદિપ્રતિયોગિક ભેદ પણ વસ્તુના સ્વભાવરૂપે જ માનવા યોગ્ય છે. તેથી વસ્તુસ્વભાવાત્મક પરરૂપવ્યાવૃત્તિસ્વરૂપ અન્યદીયઉત્પાદઆદિપ્રતિયોગિક અનંતા ભેદ પ્રત્યેક વસ્તુમાં રહેવાથી પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક બની જાય છે. જો પરસ્વરૂપવ્યાવૃત્તિને વસ્તુનો સ્વભાવ માનવામાં ન આવે તો તમામ પદાર્થો સંકીર્ણ થવાની આપત્તિ આવે. (દા.ત. ઘટમાં જે પટસ્વરૂપવ્યાવૃત્તિ રહે છે તેને ઘટસ્વભાવાત્મક માનવામાં ન આવે અને તુચ્છ માનવામાં આવે તો ઘટમાં પરમાર્થથી પટસ્વરૂપની વ્યાવૃત્તિ = અભાવ ન રહેવાના કારણે ઘટ સ્વયમેવ પટસ્વરૂપ બની જશે. આ રીતે મઠ, ખુરશી વગેરે અનંતા પરદ્રવ્યના સ્વરૂપની વ્યાવૃત્તિને ઘટસ્વભાવાત્મક ન માનવામાં આવે તો ઘટ, પટ-મઠ-ખુરશી વગેરે સ્વરૂપે બની જવાની આપત્તિ આવશે.) તેથી પ્રત્યેક વસ્તુમાં રહેનાર પરસ્વરૂપવ્યાવૃત્તિને વસ્તુસ્વભાવાત્મક માનવી જરૂરી છે. આમ વસ્તુસ્વભાવાત્મક પરરૂપવ્યાવૃત્તિસ્વરૂપ પરકીયઉત્પાદઆદિપ્રતિયોગિક અનંતા ભેદો દ્વારા પ્રત્યેક વસ્તુને અનંતધર્માત્મક માની શકાય છે.

ॐ વિભિન્ન અભિપ્રાયથી વસ્તુનું વિભિન્ન સ્વરૂપ જાણીએ ॐ

(तथा.) આ રીતે 'પ્રત્યેક તત્ત્વ = પદાર્થ ત્રયાત્મક છે' - તેવું સિદ્ધ કરવામાં આવે અને 'અનંતધર્માત્મક છે' - તેવું સિદ્ધ કરવામાં આવે તો 'પ્રત્યેક વસ્તુ નિત્યાનિત્ય ઉભયાત્મક છે' - તેવું સિદ્ધ કરવાની પ્રણાલિકા પણ પ્રસ્તુતમાં વિરોધગ્રસ્ત બનતી નથી. આનું કારણ એ છે કે 'પ્રત્યેક વસ્તુ સ્થિતિરૂપ = ધ્રૌવ્યાત્મક છે' - આવું સિદ્ધ કરવાથી પ્રત્યેક વસ્તુ કથંચિત્ નિત્ય સિદ્ધ થાય છે. તથા 'પ્રત્યેક વસ્તુ ઉત્પાદ-વિનાશાત્મક છે' - આવું સિદ્ધ કરવાથી દરેક વસ્તુ કથંચિત્ અનિત્યરૂપે સિદ્ધ થાય છે. આમ દરેક પદાર્થમાં કથંચિત્ નિત્યતા અને કથંચિત્ અનિત્યતા સિદ્ધ થવાથી (૧) 'સર્વ વસ્તુ કથંચિત્ નિત્ય જ છે તથા (૨) સર્વ વસ્તુ કથંચિત્ અનિત્ય જ છે' - આ પ્રમાણે સ્યાદ્વાદીઓ જે કહે છે તે વ્યાજબી જ છે. આ જ રીતે (૩) પ્રત્યેક વસ્તુ કથંચિત્ નિત્યાનિત્ય ઉભયાત્મક જ છે. (૪) કથંચિત્ અવક્તવ્ય જ છે. (૫) કથંચિત્ નિત્ય અને અવક્તવ્ય જ છે. (૬) કથંચિત્ અનિત્ય અને અવક્તવ્ય જ છે. તેમજ (૭) કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય અને કથંચિત્ અવક્તવ્ય જ છે. આ

एतावता दध्यादेः यः आद्यपरिणतिविशेषलक्षण उत्पादः स क्षीरविनाशकालसमकालीनः गोरस-द्रव्यध्रौव्यानुविद्धश्चेति फलितम्।

"**ननु** च कथं क्षीरविनाशसमय एव दध्युत्पादः ? तथाहि – उत्पाद-विनाशौ भावाऽभावरूपो वस्तुधर्मौ वर्त्तेते। न च धर्मो धर्मिणमन्तरेण भवितुमर्हति। अत एकस्मिन्नेव क्षणे तद्धर्मिणोः दधि-क्षीरयोः सत्ता अवाप्नोति। एतच्च दृष्टेष्टबाधितमिति,

न एष दोषः। यस्य हि वादिनः क्षणमात्रं वस्तु तस्याऽयं दोषः। यस्य तु पूर्वोत्तरक्षणानुगतम् अन्वयि द्रव्यम् अस्ति तस्याऽयं दोष एव न भवति। तथाहि – तत्परिणामिद्रव्यमेकस्मिन्नेव क्षणे एकेन स्वभावेन

પ્રમાણે પણ પ્રત્યેક વસ્તુમાં સપ્તભંગીની યોજના કરવી. યથાયોગ્ય રીતે પ્રસ્તુત સપ્તભંગીની સિદ્ધિ કરવાની પ્રક્રિયાને પણ નયની અને પ્રમાણની અપેક્ષાએ પ્રસ્તુતમાં જોડવી. સત્ત્વ-અસત્ત્વની સપ્તભંગીની તથા એકત્વ-અનેકત્વની સપ્તભંગીની પ્રક્રિયાની જેમ પ્રસ્તુત સપ્તભંગીને સાધવાની પ્રક્રિયા નયની અને પ્રમાણની અપેક્ષાએ સંગત કરવી." આ પ્રમાણે દિગંબર આચાર્ય **વિદ્યાનંદસ્વામી**એ **આપ્તમીમાંસા**ના 'पयोव्रतो न दध्यत्ति.....' ઈત્યાદિ શ્લોકની **અષ્ટસહસ્રી** ગ્રંથમાં જે વ્યાખ્યા કરેલ છે તેનો સંક્ષેપમાં નિર્દેશ જાણવો.

❀ સપ્તભંગીનો અતિદેશ ❀

સ્પષ્ટતા :- પ્રસ્તુતમાં નય અને પ્રમાણ દ્વારા સપ્તભંગીને સાધવાની વાતનો ઉલ્લેખ **વિદ્યાનંદસ્વામી**એ કરેલ છે, તેને ચોથી શાખાના ચૌદમા શ્લોકમાં અમે વિસ્તારથી સમજાવેલ છે. તેથી ફરીથી અહીં તેની છણાવટ અમે કરતા નથી. જિજ્ઞાસુ વાચકવર્ગે ત્યાંથી પ્રસ્તુત બાબતને ઉપસ્થિત કરવી.

❀ ધ્રૌવ્યમિશ્રિત સમકાલીન ઉત્પાદ-વ્યય ❀

(एता.) ઉપરોક્ત વિચારવિમર્શથી આટલું નક્કી થાય છે કે દહીં વસ્તુનો જે સૌપ્રથમપરિણામવિશેષસ્વરૂપ ઉત્પાદ છે તે દૂધવિનાશકાલને સમકાલીન છે અને ગોરસદ્રવ્યના ધ્રૌવ્યથી અનુવિદ્ધ છે.

શંકા :- ("**ननु**.) દૂધનો જે સમયે નાશ થાય છે તે જ સમયે દહીં કઈ રીતે ઉત્પન્ન થઈ શકે ? ન જ થઈ શકે. તે આ રીતે - ઉત્પાદ ભાવસ્વરૂપ છે અને વિનાશ અભાવસ્વરૂપ છે. તે બન્ને વસ્તુના ગુણધર્મ જ છે. તથા ધર્મ ક્યારેય ધર્મી વિના ન હોય. તેથી એક જ ક્ષણે દહીંઉત્પાદ અને દૂધવિનાશ હાજર હોય તો તેના આશ્રયભૂત દહીં અને દૂધ બન્નેની હાજરી એકીસાથે માનવી પડશે. પરંતુ આ તો પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે તથા શાસ્ત્રથી બાધિત છે. તેથી દહીંજન્મ અને દૂધનાશ સમકાલીન ન હોઈ શકે.

❀ ઉત્પાદ-વ્યય સમકાલીન ❀

સમાધાન :- (न.) જૈનમતમાં આ દોષ લાગુ નહિ પડે. તમે જે દોષ દેખાડો છો તે સર્વ વસ્તુને ક્ષણિક માનનાર બૌદ્ધને લાગુ પડશે. કેમ કે ઉત્પાદ-વ્યયને સમકાલીન માનવા છતાં તેના આધારભૂત કોઈ પણ દ્રવ્યનો તે સ્વીકાર કરતો નથી. (આ વાત આગળ વધુ સ્પષ્ટ થશે. જુઓ શાખા-૧૧/શ્લોક-૮) પરંતુ અમે તો અનેકાન્તવાદી છીએ. તેથી પૂર્વોત્તર ક્ષણમાં અનુગત એવું દ્રવ્ય અમારા મતે માન્ય છે. તેથી ઉપરોક્ત દોષ લાગુ પડતો નથી. તે આ રીતે - દૂધ-દહીં પરિણામને ધારણ કરનાર ગોરસ દ્રવ્ય જે ક્ષણે એક સ્વભાવથી ઉત્પન્ન થાય છે તે જ ક્ષણે બીજા સ્વભાવથી નાશ પામે છે. કારણ કે વસ્તુ અનંતધર્માત્મક છે. કહેવાનો આશય એ છે કે અનેકાન્તવાદમાં વસ્તુમાં અનંતા સ્વભાવો /

અન્વયિરૂપ અનઇ વ્યતિરેકિરૂપ દ્રવ્ય-પર્યાયથી સિદ્ધાંતાવિરોધઇ સર્વત્ર [૪]અવતારીનઇ ૩ લક્ષણ કહેવાં.

उत्पद्यते परेण विनश्यति, अनन्तधर्मात्मकत्वाद् वस्तुनः" (सू.कृ.श्रु.स्क.१/अ.१५/निर्यु.१३४/पृ.२५३) इत्यादिकं **सूत्रकृताङ्गसूत्रवृत्ति**तो विज्ञेयम्।

गोरसस्याऽपि गोरसत्वेन स्थैर्यं पयस्त्वादिना चाऽस्थैर्यं बोध्यम्, पूर्वोक्तरीत्या (९/२) आत्मत्वेन नित्यत्वशालिन आत्मनो नरत्वादिना अनित्यत्ववत्। यथोक्तं **पञ्चाध्यायीप्रकरणे राजमल्लेन** "तदिदं यथा स जीवो देवो मनुजाद् भवन्नथाऽप्यन्यः। कथमन्यथात्वभावं न लभेत स गोरसोऽपि नयाद्।।" (पञ्चा.१/१८०) इति।

अधुना परिभाषान्तरेण सिद्धान्ताऽविरोधतः त्रैलक्षण्यं सर्वत्रोपदर्श्यते। तथाहि - अन्वयिरूपं द्रव्यं व्यतिरेकिलक्षणश्च पर्यायः। ततश्च अस्थायिनोः दुग्ध-दध्नोः व्यतिरेकितया पर्यायरूपता स्थास्नोश्च गोरसस्य उभयत्राऽन्वयितया द्रव्यरूपता। एवं सर्वत्रैव वस्तुनि अन्वयिरूपेण ध्रौव्यमस्ति

અનંતા ગુણધર્મો માનવામાં આવેલ છે. તથા મૂળભૂતસ્વભાવે-સામાન્યસ્વભાવે વસ્તુ સ્થિર હોવાથી દહીંજન્મ જે ગોરસદ્રવ્યમાં થાય છે તે દૂધનાશને રાખી શકે છે. દૂધનાશના આધાર તરીકે દૂધને હાજર રહેવાની જરૂર નથી. શંકા-સમાધાનસ્વરૂપ આ બાબત **શ્રીશીલાંકાચાર્યજી**એ **સૂત્રકૃતાંગવ્યાખ્યા**માં જણાવેલ છે.

ગોરસ પણ નિત્યાનિત્ય

(गोर.) ગોરસ દ્રવ્ય પણ ગોરસત્વસ્વરૂપે સ્થિર છે તથા દુગ્ધત્વાદિસ્વરૂપે અસ્થિર છે. આ જ શાખાના બીજા શ્લોકની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ, જેમ આત્મત્વસ્વરૂપે આત્મદ્રવ્ય નિત્ય છે અને મનુષ્યત્વાદિ સ્વરૂપે અનિત્ય છે તેમ ગોરસ અંગે સમજવું. **પંચાધ્યાયી**પ્રકરણમાં **રાજમલ્લજી**એ જણાવેલ છે કે "તે જીવ મનુષ્યમાંથી દેવ તરીકે ઉત્પન્ન થતો હોય ત્યારે પૂર્વ અવસ્થાથી ભિન્ન પણ છે તો તે જ અભિપ્રાયથી (= નયથી) ગોરસદ્રવ્ય પણ ઉત્તર અવસ્થામાં શા માટે પૂર્વકાલીન ગોરસથી ભિન્નપણાને પ્રાપ્ત ન કરે?" મતલબ કે દુગ્ધત્વાદિરૂપે ગોરસનો પણ નાશ થાય જ છે.

જુદી પરિભાષાથી દ્રવ્ય-પર્યાયની વિચારણા

(अधुना.) હવે ગ્રંથકારશ્રી જૈનસિદ્ધાંતને વિરોધ ન આવે તે રીતે સર્વત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રૈલક્ષણ્યને અન્ય પરિભાષાથી દેખાડે છે. તે આ રીતે - વસ્તુના બે સ્વરૂપ છે. (૧) અન્વય અને (૨) વ્યતિરેક. વસ્તુનું જે અન્વયી સ્વરૂપ છે તે દ્રવ્ય કહેવાય છે. તથા જે વ્યતિરેકી સ્વરૂપ છે તે પર્યાય છે. અન્વયી સ્વરૂપ એટલે અનુગત સ્વરૂપ, સ્થાયી સ્વરૂપ. તથા વ્યતિરેકી સ્વરૂપ એટલે અનનુગત સ્વરૂપ = અસ્થાયી સ્વરૂપ = પરિવર્તનશીલ સ્વભાવ = આવાગમનશીલ સ્વરૂપ. દૂધ અને દહીં વસ્તુનું સ્થાયી સ્વરૂપ નથી. તેથી તે વસ્તુનો વ્યતિરેકી સ્વભાવ કહેવાય. આ જ કારણસર દૂધ અને દહીં બન્નેને વસ્તુના પર્યાયરૂપે જાણવા. તથા ગોરસ સ્થિર છે. દૂધ અને દહીં - એમ બન્ને અવસ્થામાં અનુગત સ્વરૂપે તે જણાય છે. આમ અન્વયીસ્વરૂપ હોવાથી ગોરસ દ્રવ્ય તરીકે જ્ઞાતવ્ય છે. દૂધ-દહીંપર્યાયવાળા

[૪] આ.(૧)માં 'અવધારીનઈ' પાઠ.

"કેતલાઈક ભાવ વ્યતિરેકી જ. કેતલાઈક ભાવ તો* અન્વયી જ" ઈમ જે અન્યદર્શની કહઈ છઈ, તિહાં અનેરાં ભાવ સ્યાદ્વાદવ્યુત્પત્તિ* દેખાડવા.

व्यतिरेकिरूपेण चोत्पाद-व्ययौ स्तः इति उत्पाद-व्यय-ध्रौव्याणां सर्वत्र वस्तुनि व्यापकता ज्ञेया।

'केचन परमाण्वाद्यन्त्यद्रव्यगता विशेषलक्षणाः भावाः केवलव्यतिरेकिणः एव, स्वतो व्यावृत्तत्वात्। केचन तु अभिलाप्यत्वादयः केवलान्वयिन एव, सर्वत्राऽनुगतत्वाद् इति न प्रत्येकम् अन्वयि-व्यतिरेकिस्वरूपसम्भवः' इति नैयायिको वक्ति।

तन्न, स्याद्वादव्युत्पत्त्या व्यावर्त्तकस्याऽपि विशेषस्य विशेषशब्दाऽभिलाप्यत्वादिरूपेणाऽन्वयित्वसम्भवात्।

ગોરસ દ્રવ્યમાં વ્યતિરેકી સ્વરૂપે ઉત્પાદ-વ્યય રહે છે અને અન્વયી સ્વરૂપે ધ્રૌવ્ય રહે છે. આ રીતે બધી જ વસ્તુમાં અન્વયી સ્વરૂપે ધ્રૌવ્ય રહે છે અને વ્યતિરેકી સ્વરૂપે ઉત્પાદ, વ્યય રહે છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સર્વ વસ્તુમાં ફેલાઈને રહેલા છે. તેથી ત્રૈલક્ષણ્યમાં સાર્વત્રિકતા = સર્વવ્યાપકતા જાણવી.

❀ अन्वय-व्यतिरेक એકાંત : નૈયાયિક ❀

નૈયાયિક :- ('**केचन.**) પરમાણુ આદિ અન્ત્ય દ્રવ્ય = નિત્ય દ્રવ્ય છે. નિત્ય એવા પરમાણુ વગેરેમાં 'વિશેષ' નામનો એક પદાર્થ રહે છે. તે વિશેષ ભાવાત્મક પદાર્થ છે. સપ્તપદાર્થની વ્યવસ્થા મુજબ વિશેષ પાંચમા નંબરનો પદાર્થ છે. વિશેષ પદાર્થ ફક્ત વ્યતિરેકી સ્વરૂપ છે. કારણ કે એક નિત્ય પાર્થિવ વગેરે પરમાણુથી અન્ય પાર્થિવ વગેરે પરમાણુની વ્યાવૃત્તિ = બાદબાકી = ભેદબુદ્ધિ ઉત્પન્ન કરાવવાનું કાર્ય 'વિશેષ' નામનો પદાર્થ કરે છે. આથી વિશેષ નામનો પંચમ પદાર્થ કેવલવ્યતિરેકી સ્વરૂપ જ જાણવો. વિશેષ સ્વતઃ વ્યાવૃત્ત થતો હોવાથી અન્ય કોઈ ગુણધર્મ દ્વારા તેમાં અનુગત બુદ્ધિ થઈ શકતી નથી. તેથી 'વિશેષ' નામનો પદાર્થ અન્વયી સ્વરૂપને ધારણ કરતો નથી. તથા કેટલાક અભિલાપ્યત્વ = અભિધેયત્વ, પ્રમેયત્વ = પ્રમાવિષયત્વ વગેરે ભાવો કેવલઅન્વયી સ્વરૂપ જ છે. કારણ કે તે ભાવો સર્વત્ર, સર્વદા અનુગત હોવાથી સર્વત્ર અનુગત બુદ્ધિને ઉત્પન્ન કરે છે. તેથી પ્રત્યેક વસ્તુમાં અન્વયીસ્વરૂપ અને વ્યતિરેકીસ્વરૂપ હોવું સંભવતું નથી. કેમ કે વિશેષ પદાર્થમાં અન્વયીસ્વરૂપનો અભાવ છે અને અભિલાપ્યત્વ વગેરેમાં વ્યતિરેકીસ્વરૂપનો અભાવ છે.

❀ अन्वय-व्यतिरेक અનેકાંત : જૈન ❀

સ્યાદ્વાદી :- (**तन्न.**) તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે નૈયાયિકસંમત વિશેષ નામનો પદાર્થ વ્યાવર્તક હોવા છતાં પણ સ્યાદ્વાદની વ્યુત્પત્તિ મુજબ અભિલાપ્યત્વ, પ્રમેયત્વ વગેરે સ્વરૂપે અન્વયીસ્વભાવને પણ ધારણ કરી શકે છે. વિશેષ નામનો પદાર્થ 'વિશેષ' શબ્દથી અભિલાપ્ય = અભિધેય = વાચ્ય છે. અનંતા વિશેષ પદાર્થમાં અભિલાપ્યત્વ અનુગત છે. તેથી અભિલાપ્યત્વરૂપે સર્વ વિશેષ પદાર્થમાં અન્વયી સ્વરૂપ સંભવી શકે છે. દરેક વિશેષ પદાર્થને ઉદ્દેશીને દિવ્યજ્ઞાની યોગીપુરુષોને 'આ વિશેષ અભિલાપ્ય છે, તે વિશેષ પણ અભિલાપ્ય છે, પેલો વિશેષ પણ અભિલાપ્ય

---

* પુસ્તકોમાં 'તો' નથી. લા.(૨)માં છે. * કો.(૯)માં '...વ્યુત્પન્ને' પાઠ. સિ.+લા.(૨)માં 'વ્યુત્પત્તઈ' પાઠ.

प्रतिपदार्थम् अनन्ताऽनभिलाप्यभावाऽभ्युपगमेनाऽनभिलाप्यभावेषु अभिलाप्यत्वविरहात्।

न च तेषामनभिलाप्यशब्दवाच्यतयाऽभिलाप्यत्वाऽबाधादिति ***वाच्यम्,***

एवं सति अभिलाप्यभावानामपि अनभिलाप्यशब्दाऽवाच्यत्वेन अभिलाप्यत्वबाधापातात्। तस्मात् सर्वपदार्थेषु स्ववाचकपदापेक्षयाऽभिलाप्यत्वे सत्यपि इतरपदाऽपेक्षयाऽभिलाप्यत्वव्यतिरेकेण अभिलाप्यत्वस्य सर्वथा केवलाऽन्वयित्वाऽसम्भवात्।

न च प्रमेयत्वस्याऽस्तु केवलान्वयित्वमिति ***शङ्कनीयम्,***

छे....' ઈત્યાદિ રૂપે અનુગત બુદ્ધિ થવામાં કોઈ વાંધો સંભવતો નથી. તેથી નૈયાયિકસંમત 'વિશેષ' નામના પંચમ પદાર્થમાં અન્વયીસ્વરૂપ અને વ્યતિરેકીસ્વરૂપ બન્ને રીતે સંભવી શકે છે.

શંકા :- સ્યાદ્વાદની સમજણ મુજબ વિશેષ પદાર્થમાં અન્વયીસ્વરૂપ અને વ્યતિરેકીસ્વરૂપ ભલે સંભવે. પરંતુ અભિલાપ્યત્વ વગેરે ભાવોમાં વ્યતિરેકી સ્વરૂપ કઈ રીતે સંભવી શકશે ?

❋ અનભિલાપ્યભાવવિચારણા ❋

સમાધાન :- (प्रति.) તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે સ્યાદ્વાદદર્શનમાં પ્રત્યેક પદાર્થ અભિલાપ્ય અને અનભિલાપ્ય ઉભય સ્વરૂપને ધારણ કરે છે. દરેક પદાર્થમાં અનંતા ગુણધર્મો રહેલા છે, અનંતા સ્વરૂપો રહેલા છે અને અનંતા સ્વભાવો રહેલા છે. તે તમામ ગુણધર્મને, સ્વરૂપને અને સ્વભાવને શબ્દ દ્વારા અવશ્ય ઓળખાવી શકાય તેવો નિયમ નથી. જેમ કે ગોળની મીઠાશ અને સાકરની મીઠાશ વચ્ચેના તફાવતને શબ્દ દ્વારા જણાવી ન શકાય. આમ વસ્તુગત શબ્દઅગોચર એવા અનભિલાપ્યભાવો અનંતા છે. તેથી ઘટ-પટ વગેરે અભિલાપ્ય ભાવોમાં પણ જૈનદર્શન મુજબ અનંતા અનભિલાપ્યભાવો રહેલા છે. આથી અનભિલાપ્યભાવોમાં અભિલાપ્યત્વનું કેવલાન્વયીપણું સંભવતું નથી.

નૈયાયિક :- (न च ते.) જૈનદર્શનસંમત અનભિલાપ્ય ભાવો 'અનભિલાપ્ય' શબ્દથી તો વાચ્ય = અભિલાપ્ય જ છે. તેથી તે સ્વરૂપે તેમાં અભિલાપ્યત્વ રહી જશે. તેથી અભિલાપ્યત્વને કેવલાન્વયી (= સર્વત્ર વિદ્યમાન) માનવામાં કોઈ દોષ નથી.

❀ અભિલાપ્યત્વ પણ કેવલાન્વયી નથી : જૈન ❀

જૈન :- (एवं.) જો અનભિલાપ્યભાવોમાં અનભિલાપ્ય શબ્દવાચ્યતા હોવાથી તેમાં અભિલાપ્યત્વને તમે માનતા હો તો અભિલાપ્ય ભાવોમાં 'અનભિલાપ્ય' શબ્દવાચ્યતા ન હોવાથી તાદેશ અભિલાપ્યત્વનો ત્યાં અભાવ માનવો પડશે. આ રીતે તો તમામ પદાર્થોમાં સ્વવાચકપદની અપેક્ષાએ અભિલાપ્યતા હોવા છતાં તેનાથી ભિન્ન પદની અપેક્ષાએ તો અભિલાપ્યત્વનો અભાવ જ રહેશે. તેથી અભિલાપ્યત્વમાં પણ સર્વથા કેવલાન્વયીપણું સંભવતું નથી. તેથી અભિલાપ્યત્વ વગેરે ભાવો પણ અન્વયીસ્વરૂપને તેમજ વ્યતિરેકીસ્વરૂપને ધરાવે છે - તેવું સિદ્ધ થાય છે. તેથી "પ્રત્યેક વસ્તુ અન્વયીસ્વરૂપને અને વ્યતિરેકીસ્વરૂપને ધારણ કરે છે" - આવો જૈન સિદ્ધાંત અબાધિત રહે છે.

❋ પ્રમેયત્વ કેવલાન્વયી : નૈયાયિક ❋

શંકા :- (न च प्र.) જૈનદર્શન મુજબ અનભિલાપ્ય ભાવો જગતમાં વિદ્યમાન હોવાથી અભિલાપ્યત્વ

प्रमेयस्याऽपि भ्रमविषयत्वाऽपेक्षयाऽप्रमेयत्वात्। न हि शुक्तौ रजतज्ञानापेक्षया प्रमेयत्वम्।

एतेन केवलज्ञानलक्षणप्रमाविषयत्वस्य तदा शुक्तौ सत्त्वेन प्रमेयत्वस्य केवलान्वयित्वमव्याहतमिति *प्रत्याख्यातम्*,

भ्रमविषयताया प्रमेयत्वाभावरूपायाः अपि तत्र सत्त्वेन अत्यन्ताऽभावाऽप्रतियोगित्वलक्षणस्य केवलान्वयित्वस्य प्रमेयत्वे बाधात्।

*अनेना*ऽस्तु ज्ञेयत्वस्य केवलान्वयित्वमिति *निराकृतम्*,

ગુણધર્મનું સ્વરૂપ ભલે કેવલાન્વયી ન બને. પરંતુ 'પ્રમેયત્વ' તો કેવલાન્વયી બની શકે છે. કારણ કે કોઈ પણ વસ્તુ પ્રમેય = પ્રમાવિષય ન બને તેવું સંભવતું નથી. દરેક પદાર્થ સર્વજ્ઞની પ્રમાનો વિષય બને જ છે. તેથી પ્રમેયત્વને કેવલાન્વયી માનવામાં કોઈ વાંધો નહિ આવે. પ્રમેયત્વમાં વ્યતિરેકી સ્વરૂપ ન હોવાથી 'દરેક પદાર્થ અન્વયીસ્વરૂપને અને વ્યતિરેકીસ્વરૂપને ધારણ કરે છે' - આવો સ્યાદ્વાદનો સિદ્ધાંત વ્યાજબી નથી.

❁ પ્રમેયત્વ પણ કેવલાન્વયી નથી : જૈન ❁

સમાધાન :- (**પ્રમેય.**) તમારી શંકા વ્યાજબી નથી. એનું કારણ એ છે કે પદાર્થમાં પ્રમાવિષયત્વ રહેલું હોવાની અપેક્ષાએ પદાર્થ પ્રમેય બને છે. પણ ભ્રમવિષયત્વની અપેક્ષાએ પદાર્થમાં પ્રમેયત્વ આવતું નથી. છીપને જોઈને કોઈને 'આ ચાંદી છે' - એવો ભ્રમ થાય તો તે છીપમાં ભ્રમવિષયતા = અપ્રમાવિષયતા = અપ્રમેયત્વ રહેશે. તે છીપ સર્વજ્ઞના જ્ઞાનનો વિષય હોવાથી પ્રમેય પણ છે. સર્વજ્ઞના જ્ઞાનની વિષયતાની અપેક્ષાએ તે છીપ પ્રમેય હોવા છતાં ભ્રમવિષયતાની અપેક્ષાએ તે છીપ પ્રમેય નથી. અર્થાત્ ભ્રમાત્મક રજતજ્ઞાનની વિષયતાની દૃષ્ટિએ છીપમાં પ્રમેયત્વનો અભાવ પણ રહેલો છે. આમ પ્રમેયત્વનો અભાવ = વ્યતિરેક ઉપલબ્ધ થવાથી 'પ્રમેયત્વનો કેવલ અન્વય જ મળે છે, વ્યતિરેક મળતો નથી' - તેવું કહી શકાતું નથી. આમ પ્રમેયત્વ પણ અન્વયીસ્વરૂપને અને વ્યતિરેકીસ્વરૂપને ધરાવે છે - તેમ સિદ્ધ થાય છે.

પ્રશ્ન :- (**एतेन.**) છીપમાં કોઈને 'આ ચાંદી છે' - તેવો ભ્રમ થાય તેવા સંયોગમાં પણ કેવલજ્ઞાન-સ્વરૂપ પ્રમાની વિષયતા (= પ્રમેયતા) તો છીપમાં હાજર જ છે. તેથી પ્રમેયત્વને કેવલાન્વયી કેમ ન કહેવાય? ભ્રમવિષયતાસ્વરૂપ અપ્રમેયત્વ છીપમાં ભલે રહે. પણ કેવલજ્ઞાનવિષયત્વ ત્યાં રહે તો તેને કોણ અટકાવી શકે ?

❁ સ્વાભાવઅસામાનાધિકરણ્ય = કેવલાન્વયિત્વ ❁

જવાબ :- (**ભ્રમ.**) છીપમાં કેવલજ્ઞાનવિષયતાને કોઈ અટકાવી શકે તેમ નથી. પરંતુ તેમાં ભ્રમવિષયતાને પણ અટકાવનાર કોઈ નથી. ભ્રમવિષયતા = અપ્રમેયત્વ = પ્રમેયત્વાત્યન્તાભાવ અને પ્રમાવિષયતા = પ્રમેયત્વ બન્ને છીપમાં રહી જવાથી પ્રમેયત્વ ત્યાં રહેનારા અત્યન્તાભાવનો પ્રતિયોગી બની જશે. કેવલાન્વયિત્વ તો અત્યન્તાભાવઅપ્રતિયોગિત્વસ્વરૂપ છે. તેથી કેવલાન્વયિત્વ તો પ્રમેયત્વમાં બાધિત જ થશે. તેથી પ્રમેયત્વ પણ અન્વયી અને વ્યતિરેકી છે - તેમ સિદ્ધ થાય છે.

શંકા :- (**अने.**) પ્રમેયત્વ ભલે, અન્વયી અને વ્યતિરેકી સ્વરૂપને ધારણ કરે પરંતુ જ્ઞેયત્વ નામનો ગુણધર્મ તો કેવલઅન્વયી સ્વરૂપને જ ધારણ કરશે.

ज्ञेयस्याऽपि स्वाऽविषयकज्ञानाऽपेक्षयाऽज्ञेयत्वात्। इत्थञ्च सर्वे भावाः तत्तदपेक्षयाऽन्वय -व्यतिरेकशालिन एवाऽभ्युपगन्तव्या इति स्थितम्।

अथ ध्वंसाऽप्रतियोगित्वमन्वयित्वं ध्वंसप्रतियोगित्वञ्च व्यतिरेकित्वमिति व्याख्याऽऽदरेणाऽऽत्मादीनामन्वयित्वमेव घटादेश्च व्यतिरेकित्वमेवेति ***चेत्*** ?

मैवम्, आत्मादीनामपि मनुष्यत्वादिना ध्वंसप्रतियोगित्वात्,

❀ ज्ञेयत्व पण केवलान्वयी नथी : जैन ❀

समाधान :- (ज्ञेय.) तमारी आ वात पण व्याजबी नथी. कारण के ज्ञेयत्व पण प्रमेयत्वनी जेम केवलान्वयी = स्वअभावअसमानाधिकरण नथी. ते आ रीते - ज्ञेय पदार्थ पण स्वविषयक ज्ञाननी अपेक्षाए ज ज्ञेय छे. स्वअविषयक ज्ञाननी अपेक्षाए कोई पण पदार्थ ज्ञेय बनतो नथी. जे पदार्थ जे ज्ञाननो विषय न होय ते ज्ञानथी निरूपित विषयता ते पदार्थमां रही शकती नथी. तेथी स्वअविषयकज्ञाननिरूपित विषयतानो अभाव = अज्ञेयत्व पण प्रत्येक पदार्थमां रही जशे. आम दरेक पदार्थमां स्वविषयक ज्ञाननी अपेक्षाए ज्ञेयत्व अने स्वअविषयकज्ञाननी अपेक्षाए अज्ञेयत्व रहेतुं होवाथी ज्ञेयत्व पण प्रमेयत्वनी जेम स्वाभावसमानाधिकरण बने छे. आम ज्ञेयत्वना पण अन्वय अने व्यतिरेक मळे छे. आ कारणसर ज्ञेयत्व पण अन्वयीस्वरूपने अने व्यतिरेकीस्वरूपने धारण करे छे. आ रीते दरेक भावो = पदार्थो जुदी जुदी अपेक्षाए अन्वयीस्वरूपने अने व्यतिरेकीस्वरूपने धारण करे ज छे. आ प्रमाणे स्वीकार करवो जोईए. आटलुं उपरोक्त चर्चा द्वारा नक्की थाय छे.

⁜ अन्वयित्व अने व्यतिरेकित्व व्यधिकरण : एकान्तवादी ⁜

पूर्वपक्ष :- (अथ.) अन्वयित्वनी अने व्यतिरेकित्वनी अनेक प्रकारे व्याख्याओ थई शके छे. तेथी हवे आपणे ते बन्नेनी अलग प्रकारनी व्याख्याने समजीए. जेनो क्यारेय पण नाश न थाय ते अन्वयी कहेवाय. तथा जेनो क्यारेक नाश थई शके तेने व्यतिरेकी कहेवाय. जेनो क्यारेक ध्वंस थाय ते पदार्थ ध्वंसनो संबंधी = प्रतियोगी बने. जेनो कदापि ध्वंस न थाय ते पदार्थ ध्वंसनो असंबंधी = अप्रतियोगी बने. तेथी पदार्थमां रहेल ध्वंसनुं असंबंधीत्व = अप्रतियोगित्व एटले अन्वयित्व. तथा पदार्थमां रहेल ध्वंसनुं संबंधीत्व = प्रतियोगित्व एटले व्यतिरेकित्व. आ प्रमाणेनी व्याख्याने स्वीकारवाथी आत्मा वगेरे पदार्थो केवल अन्वयी कहेवाशे. तथा घट वगेरे पदार्थो केवल व्यतिरेकी बनशे. आनुं कारण ए छे के आत्मा, आकाश वगेरे पदार्थो नित्य छे अने घट वगेरे पदार्थो अनित्य छे. नित्य पदार्थमां क्यारेय पण ध्वंसनी प्रतियोगिता न रहे. ज्यारे अनित्य पदार्थमां ध्वंसनी प्रतियोगिता रहे. तेथी ध्वंसनिरूपित प्रतियोगिताना अभाव स्वरूप अन्वयित्व आत्मामां रहेशे. परंतु ध्वंसनिरूपित प्रतियोगित्वस्वरूप व्यतिरेकित्व आत्मामां नहि रहे. तथा अनित्य घट-पट वगेरेमां ध्वंसप्रतियोगित्वस्वरूप व्यतिरेकित्व रहेशे. परंतु ध्वंसअप्रतियोगित्वस्वरूप अन्वयित्व नहि रहे. तेथी 'दरेक वस्तु अन्वयी-स्वरूपने अने व्यतिरेकीस्वरूपने धारण करे छे' - आवो अनेकान्तवादीनो सिद्धांत खोटो ठरे छे.

⁂ अन्वयित्व अने व्यतिरेकित्व परस्पर समानाधिकरण : अनेकान्तवादी ⁂

उत्तरपक्ष :- (मैव.) तमारी वात व्याजबी नथी. आनुं कारण ए छे के आत्मा वगेरेमां अने

घटादेश्च मृत्त्व-पृथिवीत्व-पुद्गलत्व-द्रव्यत्वादिना ध्वंसाऽप्रतियोगित्वात्।

एतेन ध्वंसप्रतियोगितानवच्छेदकवत्त्वम् अन्वयित्वं ध्वंसप्रतियोगितावच्छेदकवत्त्वञ्च व्यतिरेकित्वमिति व्याख्यानाद् आत्मादीनामन्वयित्वमेव घटादेश्च व्यतिरेकित्वमेवेत्यपि ***निरस्तम्,***

ઘટ વગેરેમાં ધ્વંસપ્રતિયોગિત્વ અને ધ્વંસઅપ્રતિયોગિત્વ - આ બન્ને ગુણધર્મો રહે છે. તે આ રીતે - 'આત્માનો આત્મા તરીકે ક્યારેય ઉચ્છેદ થતો નથી' - આ વાત સાચી છે. પરંતુ 'આત્માનો મનુષ્ય વગેરે રૂપે નાશ થાય છે' - આ વાત પણ એટલી જ સાચી છે. તેથી આત્મા આત્મત્વરૂપે ધ્વંસનો અપ્રતિયોગી હોવા છતાં પણ મનુષ્યત્વ, દેવત્વ આદિ રૂપે ધ્વંસનો પ્રતિયોગી પણ બને જ છે. તેથી આત્મત્વઅવચ્છિન્નત્વરૂપે ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતા આત્મામાં ન રહેવા છતાં મનુષ્યત્વાવચ્છિન્નત્વરૂપે ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતા આત્મામાં અવશ્ય રહે છે. આમ ધ્વંસઅપ્રતિયોગિત્વ સ્વરૂપ અન્વયિત્વ અને મનુષ્યત્વાવચ્છિન્ન ધ્વંસપ્રતિયોગિત્વ સ્વરૂપ વ્યતિરેકિત્વ આત્મામાં રહે છે. તેથી આત્મામાં અન્વયીસ્વરૂપ અને વ્યતિરેકીસ્વરૂપ અબાધિત છે.

ॐ ઘટાદિ પણ કથંચિત્ નિત્ય : જૈન ॐ

(घटादे.) તે જ રીતે ઘટ-પટ વગેરે પદાર્થો પણ ધ્વંસના પ્રતિયોગી અને અપ્રતિયોગી બનતા હોવાથી અન્વય-વ્યતિરેકધારક સમજવા. તે આ રીતે - ઘટનો ઘટત્વરૂપે નાશ થાય છે પરંતુ મૃત્ત્વ, પૃથ્વીત્વ પુદ્ગલત્વ, દ્રવ્યત્વ વગેરે સ્વરૂપે નાશ થતો નથી. તેથી ઘટમાં ઘટત્વાવચ્છિન્નત્વરૂપે ધ્વંસપ્રતિયોગિતા હોવા છતાં પણ મૃત્ત્વાદિથી અવચ્છિન્નત્વરૂપે ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતા રહેતી નથી. આમ મૃત્ત્વાદિસાપેક્ષ ધ્વંસઅપ્રતિયોગિત્વ સ્વરૂપ અન્વયિત્વ અને ઘટત્વસાપેક્ષ ધ્વંસપ્રતિયોગિત્વ સ્વરૂપ વ્યતિરેકિત્વ એક જ ઘડામાં રહી શકે છે. તેથી ઘટમાં પણ અન્વયીસ્વરૂપ અને વ્યતિરેકીસ્વરૂપ સંભવે છે. તેથી ચાહે આત્મા વગેરે દ્રવ્ય હોય કે ચાહે ઘટ-પટ વગેરે દ્રવ્યો હોય, તે પ્રત્યેકમાં તમે દર્શાવેલ અન્વયિત્વ અને વ્યતિરેકિત્વ ઉભય રહે છે. તેથી 'પ્રત્યેક પદાર્થનું સ્વરૂપ અન્વયી અને વ્યતિરેકી - બન્ને હોય છે' - આ પ્રમાણેનો જૈનસિદ્ધાંત અબાધિત રહે છે.

ॐ અન્વયિત્વને અને વ્યતિરેકિત્વને વ્યધિકરણ ઠરાવવાનો પુનઃ પ્રયાસ ॐ

પૂર્વપક્ષ :- **(एतेन.)** અન્વયિત્વની અને વ્યતિરેકિત્વની અન્ય વ્યાખ્યા પણ સંભવી શકે છે. તે આ રીતે - ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકધર્મવત્ત્વ એટલે અન્વયિત્વ અને ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદકવત્ત્વ એટલે વ્યતિરેકિત્વ - આ પ્રમાણેની વ્યાખ્યા સ્વીકારવાથી આત્મા વગેરે નિત્ય પદાર્થોનું સ્વરૂપ કેવલઅન્વયી બનશે, વ્યતિરેકી નહી. તથા ઘટ-પટ વગેરે અનિત્ય પદાર્થોનું સ્વરૂપ કેવલવ્યતિરેકી બનશે, અન્વયી નહિ. તે આ રીતે - આત્માનો આત્મત્વરૂપે ક્યારેય પણ નાશ થતો ન હોવાથી આત્મત્વ જાતિ ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતાની અવચ્છેદક બનતી નથી. આથી આત્મામાં ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક આત્મત્વજાતિમત્ત્વ સ્વરૂપ અન્વયિત્વ રહેશે. પરંતુ ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદકવત્ત્વ સ્વરૂપ વ્યતિરેકિત્વ નહિ રહે. તથા ઘટત્વરૂપે ઘટનો નાશ થવાથી ઘટત્વ ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક બનશે. ઘટમાં ધ્વંસપ્રતિયોગિતા-અવચ્છેદકીભૂત ઘટત્વ જાતિ રહેવાથી ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદકધર્મવત્ત્વ સ્વરૂપ વ્યતિરેકિત્વ ઘટમાં રહેશે. પરંતુ ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદકધર્મવત્ત્વ સ્વરૂપ અન્વયિત્વ ઘટમાં રહેતું નથી. આમ ઘટનું સ્વરૂપ કેવલવ્યતિરેકી છે, અન્વયી નથી. તેથી 'પ્રત્યેક પદાર્થ અન્વયી અને વ્યતિરેકી સ્વરૂપને ધારણ

બીજું વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ છઈ, "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्" (त.सू.५.२९) इति *तत्त्वार्थ*वचनात् તો સત્તાપ્રત્યક્ષ તેહ જ ત્રિલક્ષણ સાક્ષી છઈ.

ध्वंसप्रतियोगितानवच्छेदकात्मत्वादिमताम् आत्मादीनां ध्वंसप्रतियोगितावच्छेदकमनुष्यत्वादिमत्त्वेन ध्वंसप्रतियोगितावच्छेदकघटत्वादिमतश्च घटादेः ध्वंसप्रतियोगिताऽनवच्छेदकमृत्त्वादिमत्त्वेन अन्वय -व्यतिरेकशालित्वोपपत्तेः इति दिक्।

किञ्च, वस्तुत्वावच्छिन्ने सत्त्वस्योत्पादादित्रिलक्षणात्मकत्वमेव, "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्" (त.सू. ५/२९) इति **तत्त्वार्थाधिगमसूत्र**वचनात्। तदुक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** अपि "उत्पाद-व्यय -ध्रौव्यरहितं वस्तु नास्ति एव, सत्त्वाद्ययोगात्, खरविषाणवद्" (वि.आ.भा.७५८ वृ.) इति। ततश्च वस्तुनः सत्त्वमेव प्रत्यक्षतः प्रमीयमाणं तस्य त्रैलक्षण्यवत्त्वे साक्षि।

ननु त्रैलक्षण्यस्य प्रत्यक्षगोचरत्वेऽनुमानाश्रयणम् अकिञ्चित्करम्। न हि साक्षात् करिणि दृष्टे

કરે છે' - આવો જૈન સિદ્ધાંત બાધિત થાય છે.

✡ अन्वयित्व अने व्यतिरेकित्व परस्पर समानाधिकरण ✡

उत्तरपक्ष :- (ध्वंस.) અમે પૂર્વે જે વાત કરી તેનાથી જ તમારી ઉપરોક્ત વાતનું પણ નિરાકરણ થાય છે. કારણ કે આત્માનો આત્મત્વરૂપે નાશ ન થવા છતાં મનુષ્યત્વરૂપે નાશ થતો હોવાથી ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક આત્મત્વધર્મ અને ધ્વંસપ્રતિયોગિતાવચ્છેદક મનુષ્યત્વાદિ - આ બન્ને ગુણધર્મો આત્મામાં રહે જ છે. આથી આત્મા અન્વયી અને વ્યતિરેકી બન્ને સ્વરૂપને ધારણ કરે છે. તે જ રીતે ઘટ વગેરે પદાર્થ પણ ઘટત્વરૂપે નાશ પામવા છતાં મૃત્ત્વ-પૃથ્વીત્વ આદિ રૂપે નાશ ન પામતા હોવાથી ધ્વંસપ્રતિયોગિતાઅનવચ્છેદક મૃત્ત્વાદિ અને ધ્વંસપ્રતિયોગિતાઅવચ્છેદક ઘટત્વ - આ બન્ને ગુણધર્મો ઘટમાં રહે જ છે. આથી 'આત્મા, ઘટ વગેરે પ્રત્યેક પદાર્થ અન્વયી-વ્યતિરેકી ઉભય સ્વરૂપને ધારણ કરે છે' - આ જૈનેન્દ્ર સિદ્ધાન્ત જયવંતો વર્તે છે. આ એક દિગ્દર્શનમાત્ર છે.

❖ तमाम वस्तु त्रिलक्षणात्मक ❖

(**किञ्च**.) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે વસ્તુત્વાવચ્છિન્નમાં = વસ્તુમાત્રમાં = સર્વ વસ્તુમાં રહેલ સત્તા = અસ્તિત્વ એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણસ્વરૂપ જ છે. તમામ વસ્તુનું અસ્તિત્વ ઉત્પાદાદિ ત્રિલક્ષણાત્મક હોવાની અમારી વાત શાસ્ત્રસાપેક્ષ પણ છે. કારણ કે **तत्त्वार्थअधिगमसूत्र**માં શ્રી**ઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત હોય તે સત્ કહેવાય.' **विशेषावश्यक-भाष्यमलधार**વ્યાખ્યામાં પણ જણાવેલ છે કે "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યશૂન્ય વસ્તુ વિશ્વમાં ગધેડાના શીંગડાની જેમ નથી જ હોતી. કારણ કે તેવી વસ્તુમાં સત્ત્વ, અર્થક્રિયાકારિત્વ વગેરે નથી હોતું." વસ્તુની સત્તા = વિદ્યમાનતા ત્રિલક્ષણાત્મક હોવાથી પ્રત્યક્ષ પ્રમાણથી દેખાતી વસ્તુની સત્તા જ વસ્તુને ઉત્પાદ-વ્યય -ધ્રૌવ્યાત્મકરૂપે સિદ્ધ કરવામાં સાક્ષી છે.

शंका :- (**ननु**.) પ્રત્યક્ષ પ્રમાણથી વસ્તુમાં પ્રતીત થતી સત્તા જ જો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતામાં સાક્ષી હોય તો વસ્તુને ઉત્પાદાદિ ત્રિલક્ષણસ્વરૂપ સિદ્ધ કરવા માટે અનુમાન પ્રમાણનો આશ્રય શા માટે

તથારૂપઈ સદ્વ્યવહાર સાધવા* અનુમાનાદિક પ્રમાણ અનુસરયઈ⌘ છઈ. ॥૯/૯॥

चीत्कारेण तम् अनुमिमतेऽनुमातारः इति ***चेत्*** ?

न, प्रत्यक्षेण प्रतीतत्वेऽपि वस्तुसत्त्वस्य उत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वेन व्यवहारगोचरत्वसाधनायैवाऽनुमानाङ्गीकारात्, "प्रत्यक्षपरिकलितमप्यर्थमनुमानेन बुभुत्सन्ते तर्करसिकाः" (त.चि.अनु.ख.भाग-२/पक्षताप्रकरण/पृ.१०८९) इति **वाचस्पतिमिश्र**वचनस्य **तत्त्वचिन्तामणौ** पक्षताप्रकरणे अनुमित्साबलेन **गङ्गेशेन** समर्थितत्वाच्च। न हि 'वस्तुनः सद्रूपता केवलं नित्यत्वम् अनित्यत्वं वा विभक्तोत्पाद-व्यय-ध्रौव्याणि वा नाऽवलम्बते किन्तु मिथोऽनुविद्धोत्पाद-व्यय-ध्रौव्याणी'ति सिद्धिकृते अनुमानाश्रयणे दोषः कश्चित्, प्रत्यक्षेण परेषां तदसिद्धेरिति भावनीयम्।

अथ प्रत्यक्षबाधेऽनुमानमकिञ्चित्करमेव। तथाहि – "दुग्ध-दध्नोरेकान्तेन भेद एवेति तस्योत्पाद

લેવામાં આવે છે ? પ્રત્યક્ષ પ્રમાણથી રસોડામાં અગ્નિ દેખાતો હોય તો ધૂમલિંગક અનુમાનપ્રયોગ કરવાની આવશ્યકતા રહેતી નથી. આંખેથી સાક્ષાત્ હાથી દેખાય ત્યારે ચિત્કારથી હાથીની અનુમિતિને અનુમાનકર્તાઓ નથી કરતા.

❋ त्रिलक्षणमां अनुमानसहकार विचार ❋

समाधान :- (**न.**) ના, તમારી વાત બરાબર નથી. કેમ કે પ્રસ્તુતમાં (૧) વસ્તુની સત્તા પ્રત્યક્ષ પ્રમાણથી પ્રતીત થવા છતાં પણ 'વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે જ સત્ છે' - આવા પ્રકારનો વ્યવહાર સિદ્ધ કરવા માટે અનુમાન પ્રમાણનો આશ્રય કરવામાં આવે છે. તથા (૨) 'પ્રત્યક્ષથી જોયેલ એવી પણ વસ્તુને અનુમાનથી જાણવાની ઈચ્છા તર્કરસિક પુરુષો કરે જ છે' - આ પ્રમાણે **વાચસ્પતિ મિશ્ર**જીએ જે કહેલ છે તેનું સમર્થન **ગંગેશ** ઉપાધ્યાયે **તત્ત્વચિંતામણિ**ના **પક્ષતાપ્રકરણ**માં અનુમિત્સાના બળથી કરેલ છે. મતલબ કે અનુમિતિ કરવાની ઈચ્છા હોય તો પ્રત્યક્ષદૃષ્ટ પદાર્થને વિશે પણ અનુમાન પ્રમાણનો આશ્રય તાર્કિક વિદ્વાનો કરે છે જ. તેથી પ્રત્યક્ષસિદ્ધ ઉત્પાદાદિને વિશે અનુમાનપ્રયોગ કરવાની અમારી વાત વ્યાજબી જ છે. હકીકતમાં 'કોઈ પણ વસ્તુનું સત્પણું કેવલ નિત્યત્વના કે કેવલ અનિત્યત્વના આધારે નથી કે છૂટા-છવાયા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના આધારે પણ નથી. પરંતુ પરસ્પર સંમીલિત = અનુવિદ્ધ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના આધારે જ છે' - આવું સિદ્ધ કરવા માટે અનુમાન પ્રમાણ વગેરેનો સ્વીકાર કરવામાં કોઈ જ દોષ નથી. કારણ કે પ્રત્યક્ષ પ્રમાણથી તેની સિદ્ધિ એકાન્તવાદીઓને થઈ જ નથી. આ અંગે ઊંડાણથી વિભાવના કરવી.

❋ उत्पाद-व्यय अने ध्रौव्य व्यधिकरण : एकान्तवादी ❋

पूर्वपक्ष:- (**अथ.**) પ્રત્યક્ષ પ્રમાણથી બાધ દોષ આવતો હોય તો અનુમાનપ્રયોગ પણ અકિંચિત્કર જ બને. પ્રસ્તુતમાં તમે અનુમાનપ્રયોગ દ્વારા જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતાની સિદ્ધિ કરવા માંગો છો, તે જ પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત થાય છે. તે આ રીતે - દૂધમાં અને દહીંમાં એકાન્તે ભેદ જ રહેલો છે. કારણ કે તે બન્નેના લક્ષણ જુદા જુદા છે. લક્ષણભેદથી વસ્તુમાં ભેદ પ્રતીતિસિદ્ધ છે. દૂધ અને દહીં પરસ્પર સર્વથા

* સાધ્ય, પાલિ૦ ⌘ પુસ્તકોમાં 'અનુસરિઈ' પાઠ છે. કો.(૧૧)નો પાઠ લીધો છે.

-व्ययौ युक्तौ, ध्रौव्यन्तु गोरसत्वसामान्यस्यैव न तु गोरसस्येति चेत् ?

न, 'इदमेव गोरसं दुग्धभावेन नष्टं, दधिभावेन चोत्पन्नमि'त्येकस्यैवैकदोत्पाद-व्ययाधारत्वलक्षणध्रौव्य-भागितया प्रत्यभिज्ञायमानस्य पराकर्तुमशक्यत्वादिति" (शा.वा.स.७/३/पृ.२८ वृ.) व्यक्तं **स्याद्वादकल्पलतायाम्**।

प्रकृते "यदुत्पाद-व्यय-ध्रौव्ययोगितां न बिभर्ति वै। तादृशं शशशृङ्गादिरूपमेव परं यदि।।" (उ.सि.२) इति **उत्पादादिसिद्धिप्रकरणे चन्द्रसेनसूरि**वचनं स्मर्तव्यम्। अधिकन्तु तद्वृत्तितो बोध्यम्।

ततश्चोत्पाद-व्यय-ध्रौव्यात्मकत्वलक्षणं सत्त्वमपि अन्वयि-व्यतिरेक्युभयरूपमेवेति जानानः सम्यग्दृष्टिः एव परमार्थतः ज्ञानी। स च सर्वदा ज्ञान्येवेति बोध्यम्। तदुक्तं **ज्ञानार्णवे यशोविजयवाचकैः** "जाग्रतः

ભિન્ન હોવાથી દૂધનો નાશ અને દહીંનો ઉત્પાદ માનવો વ્યાજબી છે. પરંતુ ધ્રૌવ્ય તો ગોરસત્વ જાતિમાં જ માનવું જોઈએ, ગોરસ દ્રવ્યમાં નહિ. જાતિ નિત્ય હોવાથી ગોરસત્વને નિત્ય કહેવાય. ગોરસત્વ જાતિનો આશ્રય બનનાર દ્રવ્યને નિત્ય કહી ન શકાય. આથી એક જ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક બની ન શકે. જે ઉત્પાદ-વ્યયનો આધાર છે તે દૂધ-દહીં ધ્રુવ નથી. જે ધ્રુવ છે તે ગોરસત્વજાતિ નથી તો ઉત્પન્ન થતી કે નથી નાશ પામતી. તેથી એકત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બાધિત થાય છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકત્વરૂપે સત્પણાનો વ્યવહાર સાધનાર અનુમાનપ્રયોગ અકિંચિત્કર બની જાય છે.

❯ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સમાનાધિકરણ : એકાન્તવાદી ❮

ઉત્તરપક્ષ :- (न, 'इद.) ના, તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે પ્રત્યક્ષ પ્રમાણથી જ એકત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ થાય છે. તે આ રીતે - સર્વ લોકોને અનુભવ થાય છે કે 'આ જ ગોરસ દ્રવ્ય દૂધરૂપે નાશ પામ્યું છે તથા દહીંરૂપે ઉત્પન્ન થયું છે.' આથી એક જ ગોરસ દ્રવ્ય એકીસાથે ઉત્પાદ-વ્યયનો આધાર બને છે. ઉત્પાદ-વ્યયની આધારતા એ જ ધ્રૌવ્ય છે. કારણ કે ત્યાં પૂર્વાપર કાલમાં ગોરસત્વરૂપે અન્વય પ્રત્યભિજ્ઞાયમાન છે. 'પૂર્વે દૂધરૂપે જ્ઞાત ગોરસ દ્રવ્ય હમણાં દહીંરૂપે ઉત્પન્ન થયેલ છે' - આ પ્રત્યભિજ્ઞા દૂધ-દહીં બન્ને અવસ્થામાં ગોરસત્વરૂપે અનુસ્યૂત = સ્થિર ગોરસનો દૂધરૂપે નાશ અને દહીંરૂપે ઉત્પાદ જણાવે છે. તેથી ધ્રુવરૂપે = સ્થિરરૂપે પ્રત્યભિજ્ઞાયમાન = પ્રત્યભિજ્ઞાનવિષયભૂત ગોરસનો અપલાપ કરવો શક્ય નથી. તેથી ગોરસને ગોરસત્વરૂપે ધ્રુવ પણ માની શકાય છે તથા દહીં-દૂધરૂપે ઉત્પાદ-વ્યયયુક્ત પણ માની શકાય છે. આ પ્રમાણે **મહોપાધ્યાયશ્રી યશોવિજયજી** મહારાજે **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં જણાવેલ છે.

❋ ઉત્પાદાદિશૂન્ય મિથ્યા : ચન્દ્રસેનાચાર્ય ❋

(प्रकृ.) પ્રસ્તુતમાં **ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ**ની કારિકા યાદ કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીચન્દ્રસેનસૂરિજી**એ જણાવેલ છે કે 'જે વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયોગને ધારણ ન કરે તેવી વસ્તુ જો માનવામાં આવે તો તે માત્ર શશશૃંગાદિસ્વરૂપ મિથ્યા જ હોય.' અધિક વિવેચન તેની વ્યાખ્યામાંથી જાણવું.

❋ સમ્યગ્દૃષ્ટિ સર્વદા જ્ઞાની ❋

(ततश्च.) તેથી 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકત્વસ્વરૂપ સત્ત્વ પણ અન્વયી-વ્યતિરેકીઉભયસ્વરૂપ જ છે' - આ વાતને જાણતો સમ્યગ્દૃષ્ટિ જ પરમાર્થથી જ્ઞાની છે. તથા તે સર્વદા જ્ઞાની જ હોય છે - તેમ સમજવું. તેથી જ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **જ્ઞાનાર્ણવ** ગ્રંથમાં જણાવેલ છે કે "સમ્યગ્દૃષ્ટિ

स्वपतः तिष्ठतः चलतो वा परमगुरुप्रणीतयथोक्तवस्तुस्वरूपाऽभ्युपगमस्य चेतसि सर्वदैव अविचलनात् सम्यग्दृष्टिः सर्वदा ज्ञानी एव" (ज्ञाना.तरङ्ग-३/श्लो.१७) इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — 'प्रतिवस्तु त्रिलक्षणमि'ति राद्धान्तो लोकोत्तरः। दुग्धव्रतादि-दृष्टान्तः लोकोत्तरः। लोकोत्तरोदाहरणेन लोकोत्तरसिद्धान्तसङ्गतिकरणे लोकोत्तरसिद्धान्तः सुदृढः सम्पद्यते। ततश्च लोकोत्तरोदाहरणतो लोकोत्तरसिद्धान्तसाङ्गत्यसम्भवे तेनैव तत् कार्यमिति ध्वन्यतेऽत्र। ततश्च सर्वथा तथाविधलोकोत्तरोदाहरणान्वेषणे तेन च लोकोत्तरसिद्धान्तसमर्थने यतितव्यम्। इत्थं लोकोत्तरसिद्धान्तविशदीकरण-दृढीकरणतः सम्यग्दर्शनशुद्धिः सम्यग्ज्ञानसूक्ष्मता च सम्पद्येते। ततश्च मोक्षमार्गानुसारी क्षयोपशमः बलिष्ठो भवति। तेन चात्मार्थी [1]"एगंतियं अच्चंतियं सिवमयलमक्खयं धुवं परमसासयं निरंतरं सव्वुत्तमसोक्खं" (म.नि.अध्य.३/पृ.६१) इति **महानिशीथे** दर्शितं सिद्धसुखं द्रुतम् उपलभते ॥९/९॥

જીવ જાગતો હોય, સૂતો હોય, ઊભો હોય કે ચાલતો હોય, તેના અંતઃકરણમાં પરમગુરુ પરમાત્માએ દર્શાવેલ પૂર્વોક્ત વસ્તુસ્વરૂપનો સ્વીકાર કાયમ જ અચલ હોય છે. તેથી સમકિતી સર્વદા જ્ઞાની જ હોય છે." આ બાબતને વિજ્ઞ વાચકવર્ગે શાંતિથી વાગોળવી.

❋ लोकोत्तर सिद्धान्तने दृढ करीओ ❋

आध्यात्मिक उपनय :- 'પ્રત્યેક પદાર્થ ત્રિલક્ષણાત્મક છે' - આ સિદ્ધાન્ત લોકોત્તર છે. ઘટ-મુગટ-સુવર્ણના વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્યનું ઉદાહરણ લૌકિક છે. જ્યારે દૂધવ્રત, દહીંવ્રત વગેરેનું દૃષ્ટાંત લોકોત્તર દૃષ્ટાંત છે, શાસ્ત્રીય ઉદાહરણ છે. લોકોત્તર દૃષ્ટાંત દ્વારા લોકોત્તર સિદ્ધાન્તની સંગતિ કરવામાં આવે તો લોકોત્તર સિદ્ધાન્ત વધુ દૃઢ બને છે. તેથી 'લોકોત્તર સિદ્ધાન્તની સંગતિ લોકોત્તર ઉદાહરણ દ્વારા થઈ શકતી હોય તો તે રીતે તેની સંગતિ કરવી જોઈએ' - આવી સૂચના ઉપરોક્ત શ્લોક દ્વારા મળે છે. તેથી અન્યવિધ લોકોત્તર સિદ્ધાન્તનું સમર્થન કરનારા એવા લોકોત્તર દૃષ્ટાંતની શોધ કરવા તથા તેના દ્વારા લોકોત્તર સિદ્ધાન્તનું સમર્થન કરવા આપણે હંમેશા તત્પર રહેવું જોઈએ. આ રીતે લોકોત્તર સિદ્ધાન્તનું સ્પષ્ટીકરણ અને દૃઢીકરણ થવાથી સમ્યગ્દર્શનની શુદ્ધિ તથા સમ્યગ્જ્ઞાનની સૂક્ષ્મતા થવા દ્વારા મોક્ષમાર્ગાનુસારી ક્ષયોપશમ વધુ બળવાન બને છે. તેના લીધે આત્માર્થી સાધક **મહાનિશીથ**માં જણાવેલ સિદ્ધસુખને ઝડપથી મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધનું સુખ (૧) ઐકાન્તિક (અવશ્યંભાવી), (૨) આત્યન્તિક (પ્રચુર-પુષ્કળ), (૩) ઉપદ્રવશૂન્ય, (૪) અચલ, (૫) અક્ષય, (૬) ધ્રુવ, (૭) પરમ શાશ્વત, (૮) નિરંતર અને (૯) સર્વોત્તમ છે.' (૯/૯)

---

1. ऐकान्तिकम् आत्यन्तिकं शिवमचलमक्षयं ध्रुवं परमशाश्वतं निरन्तरं सर्वोत्तमसौख्यम् ।

યાવત્કાલ એક વસ્તુમાંહિ ત્રણિ ઉ લક્ષણ કિમ હોઈ ? તે નિર્દ્ધારીઈ છઈ -

ઉત્પન્ન ઘટઈ નિજદ્રવ્યના, ઉત્પત્તિ-નાશ કિમ હોઈ રે ?;
સુણિ ♦ધ્રુવતામાંહિ પહિલા ભલ્યા✡, છઈ અનુગમશક્તિ દોઈ રે ॥૯/૧૦॥(૧૪૩) જિન.

"ઉત્પત્તિ થઈ છઈ જેહની, એહવો જે ઘટ તેહનઈ વિષઈ (=**ઉત્પન્ન ઘટઈ**) દ્વિતીયાદિક્ષણઇ (**નિજદ્રવ્યના**=) સ્વદ્રવ્યસંબંધઈ **ઉત્પત્તિ-નાશ કિમ હોઈ** ? જે માટઈ પ્રથમક્ષણસંબંધરૂપોત્તરપર્યાયોત્પત્તિ તેહ જ પૂર્વપર્યાયનાશ તુમ્હે પૂર્વિ થાપ્યો છઈ" - એ શિષ્યે પ્રશ્ન ♦પૂછ્યું ગુરુ પ્રતિ.

अथ यावत्कालमेकत्रैव वस्तुनि यथा त्रैलक्षण्यमवतिष्ठते तथा दृढयितुं प्रकृते शिष्य-गुरूणां पर्यनुयोग-प्रत्युत्तरौ प्रदर्शयति - '**स्वे**'ति।

स्वद्रव्यस्य व्ययोत्पादौ प्रागुत्पन्ने घटे कथम् ?।
श्रुणु, तौ मीलितौ ध्रौव्येऽनुगमशक्तिरूपतः।।९/१०।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - प्रागुत्पन्ने घटे स्वद्रव्यस्य व्ययोत्पादौ कथम् ? श्रुणु, तौ ध्रौव्ये अनुगमशक्तिरूपतः मीलितौ (स्तः)।।९/१०।।

ननु प्राग् उत्पत्तिः सञ्जाता यस्य तस्मिन् = **प्रागुत्पन्ने घटे** द्वितीयादिक्षणावच्छेदेन **स्वद्रव्यस्य** = घटोपादानकारणीभूतस्य मृत्तिकाद्रव्यस्य सम्बन्धेन अपृथग्भावलक्षणेन **व्ययोत्पादौ** = नाशोत्पत्ती **कथं** स्याताम् ? यतः प्रथमक्षणसम्बन्धरूपाया उत्तरपर्यायोत्पत्तेरेव पूर्वपर्यायनाशरूपता युष्माभिः पूर्वं (९/८) साधिता। न हि द्वितीयादिक्षणावच्छेदेन घटे प्रथमक्षणसम्बन्धः सम्भवति, विरोधादिति ***चेत्*** ?

अवतरणिका :- કાયમ માટે એક જ દ્રવ્યમાં જે રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્ય રહે છે તે રીતે તેનું સમર્થન કરવા માટે પ્રસ્તુતમાં શિષ્યના પ્રશ્નને તથા ગુરુના પ્રત્યુત્તરને ગ્રંથકારશ્રી જણાવે છે :-

શ્લોકાર્થ :- પૂર્વે ઉત્પન્ન થયેલા ઘટમાં સ્વદ્રવ્યના વ્યય અને ઉત્પાદ કઈ રીતે થાય ? આ પ્રશ્નનો જવાબ તમે સાંભળો. તે ઉત્પાદ અને વ્યય અનુગતશક્તિરૂપે ધ્રૌવ્યમાં મિલિત રહે છે. (૯/૧૦)

❁ द्वितीयक्षणे पुनः उत्पत्ति अंगे विचारणा ❁

व्याख्यार्थ :- ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સંબંધી શિષ્યનો પ્રશ્ન ગ્રંથકારશ્રી દર્શાવે છે. તે નીચે મુજબ છે.

પ્રશ્ન :- પૂર્વે જેની ઉત્પત્તિ થઈ ચૂકેલી છે તેવા ઘટમાં દ્વિતીય આદિ ક્ષણે ઘટઉપાદાનકારણીભૂત માટીસ્વરૂપ સ્વદ્રવ્યનો અપૃથગ્ભાવસ્વરૂપસંબંધથી નાશ અને ઉત્પત્તિ કઈ રીતે થશે ? કારણ કે ઉત્તર પર્યાયની ઉત્પત્તિ પ્રથમક્ષણસંબંધાત્મક છે. તથા તમે પૂર્વે નવમી શાખાના આઠમા શ્લોકમાં જણાવેલ છે કે ઉત્તર પર્યાયની ઉત્પત્તિ એ જ પૂર્વપર્યાયના નાશસ્વરૂપ છે. દ્વિતીયઆદિક્ષણઅવચ્છેદેન ઘટમાં પ્રથમ ક્ષણનો સંબંધ સંભવી શકતો નથી. કારણ કે તેવું માનવામાં વિરોધ આવે છે.

♦ કો.(૫)માં 'દ્રવ્યતામાંહિ' પાઠ. મ.માં 'વતામાં' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'ભલિયા' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે. ♦ કો.(૭)માં 'પૂછ્યઉ' પાઠ. લા.(૨)માં 'પૂછિઉ' પાઠ.

ઈહાં ગુરુ ઉત્તર શિષ્ય પ્રતિં કહઇ છઈ, (**સુણિ**=) સાંભલઈ શિષ્ય ! **પહિલા** = પ્રથમક્ષણઈં થયા (**દોઈ**=) જે ઉત્પત્તિ-નાશ તે **ધ્રુવતામાંહિ ભલ્યા. અનુગમ** કહતાં એકતા, તે **શક્તિ** સદાઇં **છઈ.**

अत्र गुरूणामुत्तरं **श्रुणु**, मृद्रूपेण मृत्तिकाया नित्यत्वेन प्रथमक्षणसम्बन्धलक्षणा मृत्त्वावच्छिन्नोत्पत्तिर्न सम्भवति। घटत्वेन रूपेण तु मृद्द्रव्यं सामग्रीसहकारेण उत्पद्यते। अतो यस्मिन् क्षणे मृद्द्रव्यं घटत्वरूपेण परिणमति स क्षणः घटत्वावच्छिन्नमृद्द्रव्यस्य प्रथमः क्षणः। प्रथमक्षणसम्बन्धलक्षणघटत्वावच्छिन्नमृत्तिकाद्रव्योत्पत्तिसमये एव मृत्पिण्डरूपेण मृत्तिकाद्रव्यं नश्यति। सामानाधिकरण्यसमकालीनत्वाभ्यां घटत्वरूपेण मृद्द्रव्योत्पाद एव मृत्पिण्डरूपेण मृद्द्रव्यनाश उच्यते। इत्थं पर्यायस्य पर्यायरूपेण वा द्रव्यस्य प्रथमक्षणावच्छेदेन यौ उत्पाद-व्ययौ सञ्जातौ **तौ अनुगमशक्तिरूपतः** = ऐक्यशक्तिरूपमाश्रित्य **ध्रौव्ये** = नित्यत्वे द्रव्यनिष्ठे **मीलितौ** सदैव स्तः। द्रव्यस्य स्वतो ध्रुवत्वाद् द्रव्यस्वरूपौ समुत्पाद-व्ययौ ध्रुवौ इति निश्चीयते। द्रव्यनिष्ठध्रौव्ये संमीलितौ तौ द्वितीयादिक्षणा-

સ્પષ્ટતા :- પ્રથમ ક્ષણે ઘટાદિ કાર્ય ઉત્પદ્યમાન છે. દ્વિતીય આદિ ક્ષણે તે ઉત્પન્ન હોય છે. તેથી પ્રથમક્ષણસંબંધ = ઉત્પત્તિ - આ પ્રમાણે સમજવું. તથા ઉત્તરકાલીન નૂતન પર્યાયની ઉત્પત્તિ = પૂર્વપર્યાયનાશ. દ્વિતીયક્ષણે પ્રથમક્ષણસંબંધાત્મક ઉત્તરકાલીન પર્યાયઉત્પાદ માનવામાં આવે તો તેનો અર્થ એ થાય કે દ્વિતીયાદિક્ષણવિશિષ્ટ ઘટમાં પ્રથમ ક્ષણનો સંબંધ છે. પરંતુ આવું કદાપિ શક્ય નથી. કેમ કે પ્રથમ ક્ષણનો સંબંધ તો પ્રથમક્ષણવિશિષ્ટ ઘટમાં જ હોય, દ્વિતીયક્ષણવિશિષ્ટ ઘટમાં નહિ. તેથી પર્યાયરૂપે મૃત્તિકાદ્રવ્યની ઉત્પત્તિસ્વરૂપ પ્રથમક્ષણસંબંધ દ્વિતીયઆદિક્ષણાવચ્છેદેન ઘટમાં અસંભવિત છે.

❯ ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યમિશ્રિત છે - સિદ્ધાન્તપક્ષ ❮

(अत्र.) અહીં ગુરુ મહારાજનો જવાબ નીચે મુજબ છે.

પ્રત્યુત્તર :- સાંભળો, માટીસ્વરૂપે માટી નિત્ય છે. તેથી માટીસ્વરૂપે માટીની ઉત્પત્તિ શક્ય નથી. માટીસ્વરૂપે માટી કાયમ હાજર રહે છે. તેથી માટીસ્વરૂપે માટીનો પ્રથમક્ષણસંબંધ થવા સ્વરૂપ જન્મ કઈ રીતે શક્ય બને ? અર્થાત્ કાયમ વિદ્યમાન એવા મૃત્તિકા દ્રવ્યનો મૃત્વસ્વરૂપે ઉત્પાદ શક્ય નથી. પરંતુ ઘટત્વરૂપે માટી કાયમ વિદ્યમાન હોય તેવો નિયમ નથી. પૂર્વે ઘટત્વરૂપે અવિદ્યમાન એવું મૃત્તિકાદ્રવ્ય સામગ્રીના સહકારથી ઘટત્વરૂપે નિષ્પન્ન થાય છે. તેથી પૂર્વે અસત્ એવા ઘટત્વાદિરૂપે માટીદ્રવ્યની પ્રથમ ક્ષણ સંભવે છે. જે ક્ષણે ઘટત્વરૂપે માટી દ્રવ્ય પરિણમે છે, તે ક્ષણ ઘટત્વરૂપે માટી દ્રવ્યની પ્રથમ ક્ષણ કહેવાય. તથા તે પ્રથમક્ષણનો સંબંધ તે ઘટત્વરૂપે માટી દ્રવ્યની ઉત્પત્તિ કહેવાય. તેમજ ત્યારે મૃત્પિંડરૂપે મૃત્તિકા દ્રવ્યનો નાશ થાય છે. આ ઉત્પત્તિ અને નાશ સમાનાધિકરણ તથા સમકાલીન હોવાથી ઘટત્વરૂપે મૃત્તિકા દ્રવ્યની ઉત્પત્તિ એ જ મૃત્પિંડરૂપે મૃત્તિકા દ્રવ્યનો નાશ કહેવાય છે. આ રીતે પર્યાયનો કે પર્યાયસ્વરૂપે દ્રવ્યનો પ્રથમક્ષણાવચ્છેદેન જે ઉત્પાદ અને વ્યય થાય છે, તે બન્ને ઐક્યશક્તિસ્વરૂપ અનુગમશક્તિરૂપની અપેક્ષાએ દ્રવ્યગત ધ્રૌવ્યમાં = નિત્યત્વમાં કાયમ પરસ્પર મિલિત જ રહે છે. સમુદ્રમાં મોજા જેમ ભળી જાય છે, તેમ ધ્રૌવ્યમાં ત્રણેય કાળના ઉત્પાદ-વ્યય ભળી જાય છે. આમ ધ્રૌવ્યમાં ભળી જવાથી ઉત્પાદ અને વ્યય દ્રવ્યસ્વરૂપે ધ્રુવ છે. કારણ કે દ્રવ્ય ધ્રુવ છે. દ્રવ્યમાં સ્વતઃ જે ધ્રુવતા રહેલી છે, તેમાં ઉત્પાદ-વ્યય

અછતઈ પણિ આદ્ય ક્ષણઇં ઉપલક્ષણ થઈનઇં આગલિ ક્ષણઇં, દ્રવ્યરૂપતત્સંબંધ કહિઇં, **"उत्पन्नो घटः, नष्टो घटः" इति सर्वप्रयोगात्।**

वच्छेदेनाऽपि द्रव्यरूपेण तिष्ठतः ज्ञायेते च। घटत्वादिलक्षणं द्रव्यस्वरूपं पूर्वम् अनाविर्भूतमिति विवक्षया तस्याऽसद्रूपतोच्यते। अत एव तादृशघटत्वादिलक्षणेन आद्यक्षणसम्बन्धः मृदादिद्रव्यस्य सम्भवति। इत्थं घटत्वाद्यात्मकेन पूर्वम् अनाविर्भूतरूपेण दण्ड-चक्रादिसामग्रीसमवधानोत्तरम् आद्यक्षणे मृदादिद्रव्यस्वरूपयोः उत्पाद-व्ययययोः सम्बन्धोऽनाविल एव।

उपलक्षणीभूय च द्वितीयादिक्षणेषु मृदादिस्वद्रव्यात्मकोत्पत्ति-नाशसम्बन्धोऽभ्युपगम्यते, द्वितीयादिक्षणेषु 'उत्पन्नो घटः, विनष्टो घटः' इत्यादिरूपेण सर्वैरेव अविगानेन प्रयोगात्। अत्र ह्युत्पादादिवैशिष्ट्यं द्वितीयादिक्षणावच्छेदेन घटे भासत एव। उत्पादश्च प्रथमक्षणसम्बन्धात्मकः। अतो घटे द्वितीयादिक्षणावच्छेदेन अविद्यमानोऽपि प्रथमक्षण उपलक्षणीभूय भासते इति सिद्धम्।

સમ્યક્ રીતે ભળી જવાથી દ્વિતીયાદિ ક્ષણોમાં પણ દ્રવ્યસ્વરૂપે ઉત્પાદ-વ્યય રહી શકે છે તથા દ્રવ્યસ્વરૂપે તેનું ભાન પણ થઈ શકે છે. ઘટત્વ આદિ સ્વરૂપે દ્રવ્ય પૂર્વે અપ્રગટ હતું. તે વિવક્ષાથી ઘટત્વ આદિ અસત્ સ્વરૂપ કહેવાય છે. આથી જ તેવા ઘટત્વઆદિસ્વરૂપે મૃત્તિકા આદિ દ્રવ્યમાં આદ્ય ક્ષણનો સંબંધ સંભવી શકે છે. આમ પૂર્વકાળની અપેક્ષાએ અસત્ ઘટત્વઆદિ સ્વરૂપે દંડ, ચક્ર વગેરે ઘટસામગ્રીની હાજરી પછીની આદ્ય ક્ષણમાં મૃત્તિકાઆદિદ્રવ્યસ્વરૂપ ઉત્પાદ-વ્યયનો સંબંધ અબાધિત જ રહે છે.

❖ પર્યાયઉત્પાદ-વ્યય ઉપાદાનદ્રવ્યસ્વરૂપ : જૈન ❖

સ્પષ્ટતા :- ઘટત્વઆદિરૂપ અસત્ સ્વરૂપે જેની પ્રથમ ક્ષણ સંભવે છે તેવા મૃત્તિકાદ્રવ્યમાં તે જ ક્ષણે ઘટત્વરૂપે ઉત્પાદનો અને મૃત્પિંડરૂપે વ્યયનો સંબંધ નિરાબાધ રહે છે. જૈન દર્શનના મતે નૂતન પર્યાયનો ઉત્પાદ અને પ્રાચીન પર્યાયનો નાશ સ્વઉપાદાનભૂત દ્રવ્યસ્વરૂપ જ હોય છે. તેથી પ્રસ્તુતમાં ઘટત્વરૂપે મૃત્તિકા દ્રવ્યનો ઉત્પાદ મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ સિદ્ધ થાય છે. તથા મૃત્પિંડરૂપે મૃત્તિકાદ્રવ્યનો નાશ પણ મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ સિદ્ધ થાય છે. તેથી પૂર્વે અપ્રગટ એવો ઘટત્વ વગેરે પર્યાય જે ક્ષણે પ્રગટ થાય તે ક્ષણે મૃત્તિકાદ્રવ્યસ્વરૂપ પ્રસ્તુત ઉત્પાદ-વ્યયનો સંબંધ નિરાબાધ રહે છે.

શંકા :- આદ્ય ક્ષણે પ્રસ્તુત ઉત્પાદ-વ્યય ભલે સંભવી શકે. પરંતુ દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન સ્વદ્રવ્યના ઉત્પાદ-વ્યય કઈ રીતે સંગત થશે ?

❋ દ્વિતીયક્ષણે પ્રથમક્ષણ ઉપલક્ષણરૂપે ભાસે ❋

સમાધાન :- (**उपलक्षणी.**) મૃત્તિકાસ્વરૂપ સ્વદ્રવ્યાત્મક પ્રસ્તુત ઉત્પાદનો અને નાશનો સંબંધ દ્વિતીય આદિ ક્ષણોમાં ઉપલક્ષણ થઈને ભાસે છે - તેવું અમારા દ્વારા સ્વીકારાય છે. કારણ કે દ્વિતીય આદિ ક્ષણોમાં 'ઘડો ઉત્પન્ન થયો, ઘડો નાશ પામ્યો.....' ઈત્યાદિ રૂપે બધા જ લોકો નિર્વિવાદપણે વ્યવહાર = શબ્દપ્રયોગ કરે છે. પ્રસ્તુત શબ્દપ્રયોગમાં દ્વિતીયાદિક્ષણે ઘટમાં ઉત્પાદ આદિનું વૈશિષ્ટ્ય ભાસે જ છે. કેમ કે 'उत्पन्नः' = ઉત્પાદવિશિષ્ટ. તથા ઉત્પત્તિ પ્રથમક્ષણસંબંધ સ્વરૂપ છે. તેથી ઉપરોક્ત પ્રયોગ જણાવે છે કે દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન ઘટમાં પ્રથમક્ષણસંબંધવૈશિષ્ટ્ય રહેલું છે. તેથી સિદ્ધ થાય છે કે

"**इदानीमुत्पन्नः, नष्टः**" ઇમ કહિઈ, તિવારઈ એતત્ક્ષણવિશિષ્ટતા •ઉત્પત્તિ-નાશનઈ જાણિઈ, તે દ્વિતીયાદિં ક્ષણઇં નથી. તે માટઈં દ્વિતીયાદિક્ષણઇં "**इदानीमुत्पन्नः**" ઇત્યાદિ પ્રયોગ ન થાઈ.

न चाऽयं भ्रमः इति ***वाच्यम्***,

तदानीं प्रथमक्षणस्य स्वरूपतोऽविद्यमानत्वेऽपि मृदादिद्रव्यरूपेण सत्त्वात्, तथैव तत्सम्बन्धस्य घटेऽभ्युपगमात्।

न च द्वितीयादिक्षणावच्छेदेन 'घट उत्पन्न' इतिवद् 'इदानीं घट उत्पन्न' इत्यपि प्रयुज्येत, भवन्मते द्रव्ये उत्पादादेः तदापि सत्त्वादिति ***वाच्यम्***, 'इदानीमि'ति पदेन प्रतीयमानस्य एतत्क्षण-वैशिष्ट्यस्य तदा उत्पादादौ बाधात्। इदमत्र हृदयम् - यदा च 'इदानीं घट उत्पन्नः', 'इदानीं घटो नष्टः' इति प्रयुज्यते तदा एतत्क्षणविशिष्टता उत्पत्तौ नाशे च ज्ञायते। सा तु द्वितीयादिक्षणावच्छेदेन घटोत्पत्ति-नाशयोः नास्ति। अत एव घटोत्पत्तेः द्वितीयादिक्षणेषु 'इदानीं घट उत्पन्न' इति न

દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન ઘટમાં પ્રથમ ક્ષણ અવિદ્યમાન હોવા છતાં પણ ઉપલક્ષણ થઈને ભાસે છે.

શંકા :- (**न चा.**) દ્વિતીયાદિક્ષણઅવચ્છેદેન પ્રથમ ક્ષણ વિદ્યમાન ન હોવા છતાં પણ જો ભાસે તો તેવા જ્ઞાનને ભ્રમસ્વરૂપ જ માનવું પડે. તથા ભ્રમ દ્વારા તો કોઈ પણ વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી ઉપરોક્ત વાક્યપ્રયોગ દ્વારા દ્વિતીયાદિક્ષણે ઘટમાં ઉત્પાદ આદિની સિદ્ધિ કરવી વ્યાજબી નથી.

❀ ઉત્તરકાળે મૃદાદિસ્વરૂપે પ્રથમ ક્ષણ સત્ : જૈન ❀

સમાધાન :- (**तदानीं.**) દ્વિતીયાદિક્ષણઅવચ્છેદેન પ્રથમ ક્ષણ સ્વરૂપતઃ અવિદ્યમાન હોવા છતાં પણ મૃત્તિકા આદિ દ્રવ્યરૂપે વિદ્યમાન છે. કારણ કે ઉત્પાદ આદિ અનુગમશક્તિરૂપે દ્રવ્યનિષ્ઠ ધ્રૌવ્યમાં ભળેલા છે. એટલે કે દ્વિતીયાદિ ક્ષણે દ્રવ્યગત ધ્રૌવ્યમાં જ અનુગમશક્તિથી પ્રથમક્ષણસંબંધસ્વરૂપ ઉત્પાદ પણ હાજર છે. તેમજ દ્વિતીયાદિક્ષણઅવચ્છેદેન ઘટમાં પ્રથમક્ષણનો સંબંધ મૃત્તિકાઆદિ દ્રવ્યરૂપે જ અમે સ્વીકારીએ છીએ. તેથી ઉપરોક્ત પ્રતીતિના આધારે દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન ઘટમાં ઉત્પાદ આદિનો સ્વીકાર કરવામાં કોઈ બાધ આવતો નથી - તેવું સિદ્ધ થાય છે.

આક્ષેપ :- (**न च.**) દ્વિતીયાદિ ક્ષણે 'घट उत्पन्नः' - આવો પ્રયોગ જેમ તમે કરો છો, તેમ ત્યારે 'इदानीं घट उत्पन्नः' - આવો પણ વાક્યપ્રયોગ કરવાની આપત્તિ તમારે આવશે. કારણ કે તમારા મતે દ્વ્યગત ઉત્પાદાદિ ત્યારે વિદ્યમાન છે.

❀ 'इदानीं' શબ્દપ્રયોગ વિચાર ❀

નિરાકરણ :- ('**इदा.**) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે 'इदानीं' શબ્દથી જે એતત્ક્ષણવિશિષ્ટતા જણાય છે, તે દ્વિતીયાદિ ક્ષણે ઉત્પાદાદિમાં બાધિત છે. અહીં આશય એ છે કે જ્યારે લોકો 'इदानीं घटः उत्पन्नः, इदानीं घटः नष्टः' આ પ્રમાણે વાક્યપ્રયોગ કરે ત્યારે ઉત્પાદમાં અને નાશમાં 'एतत्' ક્ષણવિશિષ્ટતાનું શ્રોતાને ભાન થાય છે. ('एतत्' ક્ષણ = વર્તમાન ક્ષણ.) પરંતુ વર્તમાન ક્ષણની વિશિષ્ટતા તો દ્વિતીયાદિક્ષણે ઘટજન્મમાં કે ઘટધ્વંસમાં રહેતી નથી. તેથી જ ઘટોત્પત્તિની દ્વિતીય આદિ ક્ષણે 'घटः

• નાશઈ ભા૦ કો.(૯)માં 'उत्पन्ननाश.' પાઠ.

प्रयुज्यते, न वा घटनाशस्य द्वितीयादिक्षणेषु 'इदानीं घटो नष्ट' इति प्रयुज्यते। घटोत्पत्तेः आद्यक्षण एव 'इदानीं घट उत्पन्नः' इति, घटनाशप्रथमक्षणे चैव 'इदानीं घटो नष्टः' इति प्रयुज्यते, तदा घटोत्पत्ति-विनाशयोरेतत्क्षणवैशिष्ट्यस्य सत्त्वात्।

अथ मृत्तिकायामेव उत्पादादिसम्बन्धस्य भवद्भिः अभ्युपगमात् कथं 'घट उत्पन्न' इत्यादिः प्रयोगः ? 'मृद्द्रव्यम् उत्पन्नमि'त्यादेरेव समीचीनत्वादिति ***चेत्*** ?

मैवम्, तत्र घटपदस्य मृद्द्रव्यपरत्वाऽभ्युपगमात्,

'घटत्वेन मृद्द्रव्यम् उत्पन्नमि'त्यादितात्पर्यग्राहकत्वेन तस्य 'चित्रगुः' इतिवत् साफल्याच्च।

उत्पन्नः' એવો વાક્યપ્રયોગ થવા છતાં પણ ત્યારે 'इदानीं घटः उत्पन्नः' એવો વાક્યપ્રયોગ થતો નથી. તથા ઘટનાશની દ્વિતીયઆદિ ક્ષણોમાં 'घटो नष्टः' એવો પ્રયોગ થવા છતાં પણ 'इदानीं घटो नष्टः' એવો વાક્યપ્રયોગ ત્યારે થતો નથી. ઘટોત્પત્તિની પ્રથમ ક્ષણે જ 'इदानीं घटः उत्पन्नः' આવો વાક્યપ્રયોગ થાય છે. કારણ કે ત્યારે ઘટોત્પત્તિમાં 'एतत्'ક્ષણવૈશિષ્ટ્ય = વર્તમાનક્ષણવિશિષ્ટતા રહેલી છે. તથા ઘટનાશના પ્રથમ ક્ષણે જ 'इदानीं घटो नष्टः' આવો પ્રયોગ થાય છે. કારણ કે ત્યારે ઘટનાશમાં 'एतत्'ક્ષણવૈશિષ્ટ્ય = વર્તમાનક્ષણવિશિષ્ટતા રહેલી છે.

તાળુ :- (**अथ.**) તમે તો માટી દ્રવ્યમાં જ ઉત્પાદ વગેરેનો સંબંધ માનો છો. તો પછી 'ઘડો ઉત્પન્ન થયો' - ઈત્યાદિ વાક્યપ્રયોગ કઈ રીતે થઈ શકે ? 'માટીદ્રવ્ય ઉત્પન્ન થયું' - ઈત્યાદિ સ્વરૂપ જ વાક્યપ્રયોગ તમારા મત મુજબ સમ્યક્ બની જશે. આ સમસ્યા તો ખંભાતી તાળા જેવી જ બની જશે.

❀ 'ઘટ'પદની માટીમાં લક્ષણા ❀

ચાવી :- (**मैव.**) ના, તમારા ખંભાતી તાળાને ખોલવાની ચાવી અમારી પાસે છે. 'ઘડો ઉત્પન્ન થયો' - ઈત્યાદિ વાક્યપ્રયોગમાં 'ઘટ' પદ માટી દ્રવ્યને જણાવવાની ઈચ્છાથી બોલાયેલ છે - આ મુજબ અમે માનીએ છીએ. તેથી 'ઘડો ઉત્પન્ન થયો' ઈત્યાદિ વાક્યશ્રવણથી શ્રોતાને તાત્પર્ય અનુસારે 'માટી દ્રવ્ય ઉત્પન્ન થયું' - આવો બોધ થશે. તેથી અમારા મતમાં કોઈ અસંગતિ નહિ રહે.

જિજ્ઞાસા :- જો માટીદ્રવ્યમાં જ ઉત્પાદ વગેરે જણાવવા વક્તાને અભિપ્રેત હોય તો 'માટી દ્રવ્ય ઉત્પન્ન થયું' - ઈત્યાદિ બોલવાના બદલે 'ઘડો ઉત્પન્ન થયો' - આવું શા માટે વક્તા બોલે ? 'ઘટ'-પદની માટી દ્રવ્યમાં લક્ષણા કરવાનું ગૌરવ આવે તેવું નિષ્પ્રયોજન વાક્ય વક્તા શું કામ બોલે ?

❀ 'ઘટ'પદની લક્ષણાનું સમર્થન ❀

શમન :- (**'ઘટ.**) ભાગ્યશાળી ! ઉપરોક્ત સ્થળે 'માટી દ્રવ્ય ઉત્પન્ન થયું' - આટલું જ ફક્ત જણાવવું વક્તાને અભિપ્રેત નથી. પરંતુ 'ઘટત્વસ્વરૂપે માટી ઉત્પન્ન થયેલી છે' - આ મુજબ દર્શાવવાનું ત્યાં તાત્પર્ય રહેલ છે. તથા આ તાત્પર્યને જણાવવા માટે જ વક્તા ત્યાં 'માટી દ્રવ્ય ઉત્પન્ન થયું' - આમ બોલવાના બદલે 'ઘડો ઉત્પન્ન થયો' ઈત્યાદિ વાક્યપ્રયોગ કરે છે. જેમ 'चित्रगुः'પદના અંતે રહેલ 'ગો'પદની 'चित्रगोमान्' અર્થમાં લક્ષણા કરાવવાનું તાત્પર્ય જણાવવા માટે જ 'गोमान्' બોલવાના બદલે 'चित्रगुः' - આવો પ્રયોગ થાય છે તથા ત્યાં રહેલ 'चित्र'પદ ગૌરવાપાદક હોવા છતાં સાર્થક

"ઘટ" કહતાં ઇહાં - દ્રવ્યાર્થદેશઇં મૃદ્દ્રવ્ય લેવું. જે માટઇં ઉત્પત્તિ-નાશાધારતા સામાન્યરૂપઇં કહિઇં, તત્પ્રતિયોગિતા તે વિશેષરૂપઇં કહિઇં. ॥૯/૧૦॥

इदञ्चात्रावधेयम् – द्रव्यार्थिकनयादेशाद् 'घट उत्पन्न' इत्यादौ घटपदं मृद्द्रव्यपरम्, उत्पत्ति-नाशानुयोगितायाः सामान्यरूपेण एतन्नयेऽभिधानात्। उत्पत्ति-नाशप्रतियोगिता तु विशेषरूपेण घटत्वादिलक्षणेनोच्यते, 'घटत्वेन मृद्द्रव्यम् उत्पन्नं मृत्पिण्डरूपेण च नष्टमि'ति एतन्नयाभ्युपगमात्। अत्र हि उत्पत्ति-नाशयोः प्रतियोगिता घटत्वादिना अनुयोगिता च मृद्द्रव्यत्वेनाऽवभासते स्फुटम्। 'घट उत्पन्नः' इत्यादौ घटस्य उत्पादाद्यनुयोगितयोल्लेखो वर्तते, न तूत्पादादिप्रतियोगितया। ततश्च प्रकृते द्रव्यार्थादेशाद् घटपदं मृत्तिकाद्रव्यगोचरशाब्दबोधजननेच्छयोच्चरितमिति सिद्धम्।

अयमत्राशयः – यदुत यदा पर्यायस्य उत्पाद-व्ययौ भवतः तदा तद्रूपेण द्रव्यस्याऽपि तौ भवतः, तस्य तद्विशिष्टत्वात्। शिखानाशे तद्विशिष्टरूपेण चैत्रोऽपि नश्यति एव। अत एव तदा

છે, તેમ 'ઘટત્વરૂપે માટી દ્રવ્ય ઉત્પન્ન થયું' - આવું શ્રોત્રાને બતાવવા માટે 'मृद्द्रव्यम् उत्पन्नम्' કહેવાના બદલે 'घट उत्पन्नः' - આ મુજબ જ્યાં વાક્યપ્રયોગ થાય છે, ત્યાં લક્ષણાસ્વરૂપ ગૌરવનું આપાદક હોવા છતાં 'घटः'પદ સાર્થક છે. કારણ કે ઘટત્વરૂપે માટીની ઉત્પત્તિના તાત્પર્યનું તે જ્ઞાપક છે. 'मृद्द्रव्यम् उत्पन्नं' બોલવાથી ઘટત્વરૂપે માટીદ્રવ્યની ઉત્પત્તિ જણાતી નથી. તેથી તેવો પ્રયોગ નથી થતો.

❀ प्रतियोगिता-अनुयोगिताનો એકત્ર ભિન્નરૂપે સ્વીકાર ❀

(इदञ्चा.) પ્રસ્તુતમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે 'घटः उत्पन्नः, घटः नष्टः...' ઇત્યાદિ ઉપરોક્ત વાક્ય પ્રયોગમાં દ્રવ્યાર્થિકનયના આદેશથી 'ઘટ'શબ્દને મૃત્તિકાદ્રવ્યપરક સમજવો. અર્થાત્ 'ઘટ' કહેવાથી માટી દ્રવ્ય સમજવું. કારણ કે દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી ઉત્પાદની અને નાશની અનુયોગિતા = આધારતા સામાન્યરૂપે કહેવાય છે. તથા ઉત્પાદની અને નાશની પ્રતિયોગિતા તો ઘટત્વ આદિ સ્વરૂપ વિશેષરૂપે કહેવાય છે. કારણ કે પ્રસ્તુત દ્રવ્યાર્થિકનય 'ઘટત્વરૂપે મૃદ્ દ્રવ્ય ઉત્પન્ન થયું છે. તથા મૃત્પિંડરૂપે મૃત્તિકાદ્રવ્ય નષ્ટ થયું છે' - તેવું માને છે. ઉપરોક્ત માન્યતામાં (=પ્રતીતિમાં) ઉત્પત્તિની અને નાશની પ્રતિયોગિતા ઘટત્વાદિ વિશેષરૂપે સ્પષ્ટપણે ભાસે છે. તથા ઉત્પત્તિની અને નાશની અનુયોગિતા = આધારતા મૃદ્દ્રવ્યત્વરૂપ સામાન્યસ્વરૂપે સ્પષ્ટપણે ભાસે છે. 'घटः उत्पन्नः...' ઇત્યાદિ વાક્યપ્રયોગમાં ઘટનો ઉત્પત્તિ આદિના અનુયોગી તરીકે = આધારરૂપે ઉલ્લેખ છે, નહિ કે ઉત્પાદ આદિના પ્રતિયોગી તરીકે. તેથી ઉપરોક્ત વાક્યપ્રયોગમાં દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી 'ઘટ'શબ્દ શ્રોતાને મૃત્તિકાદ્રવ્યવિષયક બોધ ઉત્પન્ન કરાવવાની ઇચ્છાથી બોલાયેલ છે - તેવું સિદ્ધ થાય છે.

❀ ધ્રુવતામાં ઉત્પાદ-વ્યય ભળી જાય ❀

(अय.) અહીં આશય એ છે કે જૈનદર્શનની દૃષ્ટિએ જ્યારે પર્યાયની ઉત્પત્તિ અને નાશ થાય છે ત્યારે તે પર્યાયસ્વરૂપે દ્રવ્યનો પણ ઉત્પાદ અને વ્યય થાય છે. કારણ કે દ્રવ્ય પર્યાયવિશિષ્ટ છે. જેમ કે શિખા = ચોટી નાશ પામે ત્યારે શિખાવિશિષ્ટરૂપે ચૈત્રનો પણ નાશ થાય જ છે. તેથી જ ચૈત્ર ચોટી કઢાવી નાંખે ત્યારે 'શિખા નષ્ટ થઈ' - તેવા પ્રયોગની જેમ 'શિખી નષ્ટ થયો' - આવો વ્યવહાર

'शिखा नष्टा' इतिवत् 'शिखी नष्ट' इत्यविगानेन व्यवह्रियते शिष्टैः। पर्यायस्य तद्रूपेण वा द्रव्यस्य जायमानौ उत्पाद-व्ययौ तदुत्तरक्षणेऽनुगमशक्तिरूपेण द्रव्यगतध्रौव्ये समविशतः। द्रव्यध्रौव्यस्य स्वाभाविकतया तत्समाविष्टयोः उत्पाद-व्ययोः द्वितीयादिक्षणावच्छेदेन द्रव्यरूपेण समवस्थानं भानञ्चाऽनाविलमिति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'उत्पाद-व्ययौ अनुगमशक्त्या ध्रौव्ये विलीयेते' इति कृत्वा इदं चेतसि निधेयं यदुत यत् कृतं सुकृतं दुष्कृतं वा तद् अनुगमशक्त्या ध्रुवाऽऽत्मनि साम्प्रतम् अपि सत्। न हि क्रियाऽवसानमात्रेण सुकृतं दुष्कृतं वा सर्वथा नश्यति। अतः दुष्कृतकटुफल-मोचनाय निन्दा-गर्हा-प्रायश्चित्तवहन-पुनरकरणनियमादौ आत्मार्थिना प्रयतितव्यम्। सुकृतसत्फलपरि-वृद्धये च सुकृतानुमोदना-पुनःसुकृतकरणाभिलाष-नवीनसुकृतसङ्कल्पादि कार्यम्। स्वकीयसुकृतानुमोद-नावसरे स्वप्रशंसामहत्त्वाकाङ्क्षादिकर्दमे न निमज्जनीयम्। ततश्च स्वकीयसुकृतानुमोदना मनसा कार्या, न स्वजिह्वया। ततश्च "कृत्स्नकर्मक्षयो मुक्तिः" (द्वा.द्वा.३१/१८) इति **द्वात्रिंशिकाप्रकरणे यशोविजयवाचकेन्द्रोक्ता** मुक्तिः प्रत्यासन्ना स्यादित्यवधेयम्।।९/१०।।

પણ શિષ્ટ પુરુષો નિર્વિવાદપણે કરે છે. પર્યાયનો કે પર્યાયરૂપે દ્રવ્યનો જે ઉત્પાદ-વ્યય થાય છે તે દ્રવ્યગત ધ્રૌવ્યમાં અનુગમશક્તિરૂપે બીજી ક્ષણે ભળી જાય છે. દ્રવ્ય મૌલિકસ્વરૂપે ધ્રુવ છે. તેથી દ્રવ્યમાં મૂળભૂત સ્વરૂપે જે ધ્રુવતા રહેલી છે તેમાં ઉત્પાદ-વ્યય ભળી જવાથી દ્વિતીયાદિ ક્ષણોમાં પણ દ્રવ્યસ્વરૂપે ઉત્પાદ-વ્યય રહે છે તથા તે સ્વરૂપે તેનું ભાન પણ નિર્વિવાદરૂપે થઈ શકે છે. આ અહીં ટૂંકસાર છે.

❀ દુષ્કૃતગર્હા - સુકૃત અનુમોદનાનું તાત્ત્વિક પ્રયોજન ❀

આધ્યાત્મિક ઉપનય :- 'ઉત્પાદ-વ્યય અનુગમશક્તિરૂપે ધ્રૌવ્યમાં ભળી જાય છે' - આ પ્રમાણે જે હકીકત જણાવી તેનાથી આધ્યાત્મિક સંદેશ આ પ્રમાણે ગ્રહણ કરી શકાય કે આપણે પૂર્વે જે કોઈ સુકૃત કે દુષ્કૃત કરેલા હોય તે અનુગમશક્તિરૂપે આપણા ધ્રુવ આત્મામાં વર્તમાનકાળે પણ વિદ્યમાન છે. સુકૃતની કે દુષ્કૃતની ક્રિયા સમાપ્ત થઈ જવા માત્રથી સુકૃતનો કે દુષ્કૃતનો સર્વથા નાશ થઈ જતો નથી. તેથી દુષ્કૃતના કટુ ફળથી બચવા માટે દુષ્કૃતની આત્મસાક્ષીએ નિંદા, ગુરુસાક્ષીએ ગર્હા, પ્રાયશ્ચિત્તવહન, પુનઃ અકરણનિયમ આદિમાં તત્પર રહેવું જોઈએ. તથા સુકૃતના મધુર ફળની સાનુબંધ અભિવૃદ્ધિ માટે થયેલા સુકૃતની અનુમોદના, પુનઃ પુનઃ સુકૃતકરણની અભિલાષા, નવા નવા સુકૃતોના સંકલ્પો કરવામાં તત્પર રહેવું જોઈએ. સ્વસુકૃતની અનુમોદનાના અવસરે સ્વપ્રશંસા, આપબડાઈ કે મહત્ત્વાકાંક્ષાના વિષમ વમળમાં અટવાઈ ન જવાય તેની પૂર્ણ તકેદારી રાખવી. તેથી સ્વસુકૃતની અનુમોદના બને ત્યાં સુધી મનમાં કરવી. અનુમોદના એટલે તૃપ્તિનો ઓડકાર. તથા સ્વપ્રશંસા કે મહત્ત્વાકાંક્ષા એટલે ખાટો ગચરકો. તેવી દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદનાથી **દ્વાત્રિંશિકા પ્રકરણમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ સર્વકર્મક્ષયસ્વરૂપ મુક્તિ નજીક આવે. આ વાત ખ્યાલમાં રાખવી. (૯/૧૦)

ઉત્પત્તિ-નાશનઈં અનુગમઈ, ભૂતાદિક પ્રત્યય ભાન♦ રે;
પર્યાયારથથી સવિ ઘટઈ, તે માનઈ સમયપ્રમાણ રે ॥૯/૧૧॥ (૧૪૪) જિન.

(**ઉત્પત્તિ-નાશનઈં અનુગમઈ ભૂતાદિક પ્રત્યય ભાન.** તથાહિ -) નિશ્ચયનયથી [1]"**कयमाणे कडे**" એ વચન અનુસરીનઈં "**उत्पद्यमानम् उत्पन्नम्**" ઈમ કહિઈં.

यावत्कालं प्रतिवस्तु समुत्पादादित्रितययुक्तत्वप्रतिपादनं प्राक् (९/१०) प्रतिज्ञातम्। तत्र द्रव्यार्थिकनयमतं दर्शितम्। साम्प्रतं प्रकृते कालत्रययोगेन पर्यायार्थादेशमाविष्करोति - '**जन्मे**'ति।

जन्म-नाशानुवृत्त्यैव भूतादिप्रत्ययप्रमा।
पर्यायार्थाद् भवेत् सर्वं क्षणिकं वस्तु तन्नये।।९/११।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - जन्म-नाशानुवृत्त्यैव भूतादिप्रत्ययप्रमा (ज्ञेया)। पर्यायार्थात् सर्वं भवेत्, (यतः) तन्नये वस्तु क्षणिकं (भवेत्)।।९/११।।

इत्थं सर्वत्र **जन्म-नाशानुवृत्त्यैव** = उत्पाद-व्ययययोः अस्तित्वं स्वरूपञ्चानुसृत्य एव जायमाना **भूतादिप्रत्ययप्रमा** = लङ्-लट्-लुडादिप्रत्ययजन्या प्रमा ज्ञेया तत्तन्नयाभिप्रायेण।

तथाहि - [1]"कयमाणे कडे" (भ.सू.९/३३/३८६) इति **भगवतीसूत्र**वचनमनुसृत्य निश्चयनयेन 'उत्पद्यमानम्

अवतरणिका :- દશમા શ્લોકની અવતરણિકામાં યાવત્કાલ દરેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને જણાવવાની પ્રતિજ્ઞા કરી હતી. તેમાં દ્રવ્યાર્થિકનયનો મત જણાવ્યો. હવે પ્રસ્તુતમાં ત્રણ કાળના સંબંધથી પર્યાયાર્થિકનયના મતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

શ્લોકાર્થ :- ઉત્પાદને અને વ્યયને અનુસરીને જ ભૂતકાળ આદિના સૂચક પ્રત્યયોથી પ્રમાજ્ઞાન ઉત્પન્ન થાય છે. પર્યાયાર્થિકનયથી સર્વ વસ્તુ સંભવે છે. કારણ કે પર્યાયાર્થિકનયના મતે સર્વ વસ્તુ ક્ષણિક છે. (૯/૧૧)

❀ ભૂતકાલીન વગેરે પ્રત્યયોથી ગર્ભિત વાક્યની પ્રામાણિકતા સમજીએ ❀

વ્યાખ્યાર્થ :- આ રીતે સર્વત્ર ઉત્પાદ-વ્યય વિદ્યમાન છે - તેવું આપણે સમજી ગયા. સર્વત્ર ઉત્પાદના અને વ્યયના અસ્તિત્વને = સત્ત્વને = વિદ્યમાનત્વને તથા તે બન્નેના સ્વરૂપને અનુસરીને જ ઉત્પન્ન થતી બુદ્ધિ તે તે નયના અભિપ્રાયથી પ્રમા = સત્ય જાણવી. આ બુદ્ધિ જે વાક્યપ્રયોગથી ઉત્પન્ન થાય છે તે સંસ્કૃતભાષાગર્ભિત વાક્યપ્રયોગમાં ક્રિયાપદને લઙ્, લટ્, લુટ્ વગેરે પ્રત્યયો લાગતા હોય છે. (કહેવાનો આશય એ છે કે પદાર્થમાં રહેલ ઉત્પાદ-વ્યયની હાજરીને ખ્યાલમાં રાખીને તથા અતીત-વર્ત્તમાન -અનાગતકાલીન ઉત્પાદ-વ્યયના સ્વરૂપને ધ્યાનમાં રાખીને વક્તા તેનો બોધ કરાવવા માટે ક્રમશઃ લઙ્ -લટ્-લુટ્ વગેરે પ્રત્યયોથી ગર્ભિત વાક્યનો સંસ્કૃતભાષામાં પ્રયોગ કરે છે.) તથાવિધ પ્રત્યયથી ગર્ભિત વચનને સાંભળીને શ્રોતાને જે શાબ્દબોધ થાય છે, તે શાબ્દબોધ અલગ અલગ નયના અભિપ્રાયથી પ્રમા = સત્ય છે.

❀ 'क्रियमाणं कृतं' સિદ્ધાન્તની વિચારણા ❀

(**तथाहि.**) તે આ પ્રમાણે - **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે [1]'कयमाणे कडे' અર્થાત્ જે વસ્તુ

♦ સિ.+કો.(७+૯)માં 'ભાવ' પાઠ. 1. क्रियमाणं कृतम्।

उत्पन्नं', 'नश्यद् नष्टमि'त्यादिरूपेणोच्यते, क्रियाकाल-निष्ठाकालयोः ऐक्यात्।

इदमेवाभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"विगच्छमाणं विगयं, उप्पज्जमाणमुप्पन्नं" (वि.आ.भा.३३२२) इति। तन्नये हि दीर्घकालव्यापिनि घटाद्युत्पत्तिक्रियाकलापे वर्तमाने सति प्रतिक्षणं या घटाद्युत्पत्तिधारा विवर्त्तते तदंशे कार्यस्य तदभिन्नतया उत्पत्तेश्च निष्ठितत्वेन, लोकानामुत्पद्यमानतया प्रतिभासमानमपि घटादिकम् 'उत्पन्नमि'ति प्रयुज्यते अस्खलद्वृत्त्या; स्थास-कोश-कुशूलादिरूपेण जायमानायाः घटाद्युत्पत्तिधारायाः स्थास-कोशाद्यंशे घटाद्युत्पत्तिनिष्ठारूपतया भूतप्रत्ययार्थस्याऽबाधात्। निह्नवजमालिमतनिराकरणाऽवसरे **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** (वि.आ.भा.२३२४ वृ.) प्रकृतो निश्चयनयविशेषः ऋजुसूत्रात्मकः दर्शित इत्यवधेयम्।

વર્તમાનકાળમાં થઈ રહેલી હોય તે થઈ ચૂકી છે - આ પ્રમાણે **ભગવતીસૂત્ર**નું તાત્પર્ય છે. પ્રસ્તુત **ભગવતીસૂત્ર**ના વચનને અનુસરીને નિશ્ચયનય કહે છે કે 'उत्पद्यमानम् उत्पन्नम्', 'नश्यद् नष्टम्' અર્થાત્ 'વર્તમાનકાળમાં જેની ઉત્પત્તિ થઈ રહેલી છે તે વસ્તુ ઉત્પન્ન થઈ ચૂકેલ છે.' તથા 'વર્તમાન કાળમાં જેનો નાશ થઈ રહેલો છે તે વસ્તુ નષ્ટ થઈ ચૂકેલ છે.' આવું કહેવાનું કારણ એ છે કે નિશ્ચયનયની દૃષ્ટિમાં ક્રિયાકાળ (= ક્રિયાપ્રારંભ કાળ) તથા નિષ્ઠાકાળ (= ક્રિયાસમાપ્તિ કાલ) એક છે.

❋ દીર્ઘકાલીન ઉત્પત્તિ અંગે મીમાંસા ❋

(इद.) આ જ અભિપ્રાયથી **विशेषावश्यकभाष्य**માં જણાવેલ છે કે 'નાશ પામતી વસ્તુ નષ્ટ છે તથા ઉત્પદ્યમાન વસ્તુ ઉત્પન્ન છે.' અહીં આશય એ છે કે ઘટ વગેરે કાર્યની ઉત્પત્તિ એકાએક ફક્ત એક સમયમાં થઈ નથી જતી. પરંતુ સ્થાસ, કોશ, કુશૂલ, શિવક વગેરે અવસ્થા સ્વરૂપે ઘડો ઉત્પન્ન થાય છે. આ ઉત્પત્તિની ક્રિયાનો સમૂહ દીર્ઘ કાલ સુધી ફેલાઈને રહેલ છે. તથા નિશ્ચયનયની દૃષ્ટિમાં ઘટ વગેરે કાર્યની ઉત્પત્તિની ક્રિયાનો સમૂહ દીર્ઘ કાળ વ્યાપીને રહેલ હોય ત્યારે પ્રત્યેક સમયે ઘટાદિની ઉત્પત્તિની ધારા સ્થાસ, કોશ, કુશૂલ, શિવક આદિ સ્વરૂપે બદલાતી રહે છે. તેથી ઉત્પત્તિધારાગત સ્થાસ અંશ જ્યારે ઉત્પન્ન થયેલ હશે ત્યારે સ્થાસરૂપે ઘટાત્મક કાર્ય ઉત્પન્ન હશે. ઘટ સ્થાસથી અભિન્ન હોવાથી અને સ્થાસની ઉત્પત્તિ નિષ્ઠિત (= થઈ ચૂકેલી) હોવાથી નિશ્ચયનય ત્યારે અસ્ખલદ્ વૃત્તિથી 'घटः उत्पन्नः' આવો પ્રયોગ કરશે. જો કે સ્થાસ ઉત્પન્ન થયેલો હોય તે સમયે 'ઘટત્વરૂપે ઘટ ઉત્પન્ન થઈ ચૂકેલ છે - આવું લોકોને ભાસતું નથી. તે સમયે લોકોને એવું ભાસે છે કે 'હમણાં ઘડો ઉત્પન્ન થઈ રહેલ છે' - તેમ છતાં પણ નિશ્ચયનય સ્થાસ ઉત્પન્ન થયેલ હોય ત્યારે 'સ્થાસથી અભિન્નરૂપે ઘડો ઉત્પન્ન થઈ ચૂકેલ છે' - આવા આશયથી 'घटः उत्पन्नः' આ પ્રમાણે વાક્યપ્રયોગ કરે છે. આવું કહેવાનું કારણ એ છે કે ઘટની ઉત્પત્તિની ધારા સ્થાસ, કોશ, કુશૂલ આદિ સ્વરૂપે ચાલી રહેલી છે. તેથી જ્યારે સ્થાસ, કોશ આદિ ઉત્પન્ન થયેલા હોય ત્યારે સ્થાસ, કોશ આદિ અંશમાં ઘટની ઉત્પત્તિ થઈ ચૂકેલી છે. આમ 'घटः उत्पन्नः' આવા વાક્યમાં રહેલ ભૂતપ્રત્યયનો = 'क्त' પ્રત્યયનો અર્થ = ભૂતકાલીનત્વ = અતીતત્વ અબાધિત રહે છે. તેથી લોકોને ઉત્પદ્યમાનરૂપે જણાતો ઘટ નિશ્ચયની દૃષ્ટિએ તે તે અંશે ઉત્પન્ન થઈ ચૂકેલ છે. નિહ્નવ જમાલિના મતનું નિરાકરણ કરવાના અવસરે **विशेषावश्यकभाष्यमलधारव्याख्या**માં

1. विगच्छद् विगतम्, उत्पद्यमानमुत्पन्नम्।

પણિ વ્યવહારનયઈ 'उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते, नश्यति, नष्टम्, नङ्क्ष्यति*' એ વિભક્ત*

परं व्यवहारनयेन 'उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते' इति 'नश्यति, नष्टं, नङ्क्ष्यति' इति च कालत्रयबोधकप्रत्ययगर्भः प्रयोगः क्रियते विभक्तरूपेण विभिन्नकालावच्छेदेन।

न च व्यवहारनयस्तु स्थूलदर्शितया उपचारबहुलत्वाद् 'वर्तमानसमीपे वर्तमानवद्वा' इति न्याय-मनुसृत्य उत्पत्स्यमानमपि घटादिकमुद्दिश्य 'उत्पद्यते' इत्यादिरूपेण, उत्पद्यमानमपि च घटादिकमुद्दिश्य 'उत्पन्नम्' इत्यादिरूपेणाऽविभक्तकालत्रयप्रयोगमुररीकुरुत इति ***शङ्कनीयम्,***

પ્રસ્તુત નિશ્ચયનયવિશેષ ऋજુસૂત્ર તરીકે જણાવેલ છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

❀ ત્રણ કાળભેદ વ્યવહારનયસાપેક્ષ ❀

(परं.) પરંતુ વ્યવહારનયની દૃષ્ટિએ 'उत्पद्यते', 'उत्पन्नं', 'उत्पत्स्यते' - આ પ્રમાણે તથા 'नश्यति', 'नष्टं', 'नङ्क्ष्यति' - આ પ્રમાણે વર્તમાનકાળને, ભૂતકાળને અને ભવિષ્યકાળને સૂચવનારા ક્રમશઃ લટ્, લટ્, લુટ્ પ્રત્યયોથી ગર્ભિત વાક્યપ્રયોગ કરવામાં આવે છે. તથા આ તમામ વાક્યપ્રયોગને વ્યવહાર-નય એક જ સમયે કરતો નથી. પરંતુ જુદા જુદા સમયે, જુદા જુદા સ્વરૂપે કરે છે.

✧ 'उत्पत्स्यते, उत्पद्यते, उत्पन्नः' પ્રયોગ વિચાર ✧

સ્પષ્ટતા :- કુંભાર ચાકડા ઉપર માટીના પિંડને ચઢાવવાની તૈયારી કરતો હોય ત્યારે વ્યવહારનય 'घटः उत्पत्स्यते' - આવો વાક્યપ્રયોગ કરશે. તથા જ્યારે ઘટની પૂર્વ અવસ્થા સ્વરૂપ સ્થાસ, કોશ, વગેરે પર્યાયો ઉત્પન્ન થઈ ચૂકેલા હોય અને કુશૂલ વગેરે પર્યાયો ઉત્પન્ન થવાના બાકી હોય તેવી અવસ્થામાં 'घटः उत्पद्यते' અથવા 'घटः उत्पद्यमानः' - આમ બન્ને પ્રકારના વાક્યનો પ્રયોગ વ્યવહારનય કરશે. પરંતુ 'घटः उत्पन्नः' આવો વાક્યપ્રયોગ ત્યારે વ્યવહારનય નહીં કરે. તથા કમ્બુગ્રીવાદિ આકારરૂપે ઘડો હાજર હશે ત્યારે 'घटः उत्पन्नः' આવો વાક્યપ્રયોગ વ્યવહારનય કરશે. આ રીતે જુદા-જુદા કાળમાં જુદા-જુદા વાક્યનો પ્રયોગ વ્યવહારનય કરે છે. ઉત્પાદની જેમ વ્યયમાં પણ 'नङ्क्ष्यति', 'नष्टम्', 'नश्यति' વાક્યના પ્રયોગ અંગે પણ સમજી લેવું.

❀ વ્યવહારમાં અવિભક્ત કાળત્રયના પ્રયોગનો આક્ષેપ ❀

પૂર્વપક્ષ :- (न च.) વ્યવહારનય તો સ્થૂલદર્શી છે, સૂક્ષ્મદર્શી નથી. તેથી તે ઉપચારપ્રધાન છે. માટે જે વસ્તુ વર્તમાનકાળની નજીક હોય તેમાં વર્તમાનપણાનો ઉપચાર કરીને વ્યવહારનય તે વસ્તુ વર્તમાનકાલીન હોય તે રીતે વ્યવહાર કરે છે. આ બાબતને સૂચવનાર 'वर्तमानसमीपे वर्तमानवद् वा' આવો ન્યાય પ્રસિદ્ધ છે. વ્યવહારનય સ્થૂલદર્શી હોવાથી પ્રસ્તુત ન્યાયને અનુસરીને નજીકના ભવિષ્યકાળમાં ઉત્પન્ન થનાર ઘટ વગેરેને ઉદ્દેશીને 'घटः उत्पद्यते...' ઈત્યાદિરૂપે વાક્યપ્રયોગને માન્ય કરે છે. તથા વર્તમાનકાળે ઉત્પન્ન થઈ રહેલા ઘડામાં અતીતત્વનો ઉપચાર કરીને તે ઘડાને ઉદ્દેશીને 'घटः उत्पन्नः....' ઈત્યાદિરૂપે થતા ઔપચારિક વાક્યપ્રયોગ વ્યવહારનય કરે છે. આથી જુદા જુદા ત્રણ કાળના ત્રણ પ્રયોગ કરવાના બદલે 'ત્રણેય કાળમાં એકબીજા કાળનો પ્રયોગ = અવિભક્ત પ્રયોગ વ્યવહારનયને માન્ય છે' - તેવું સિદ્ધ થાય છે. તેથી કાલભેદે

* શાં.માં 'नङ्क्षयति' અશુદ્ધ પાઠ. * શાં.માં 'विभक्ति' પાઠ કો.(૭)નો લીધો છે.

કાલત્રયપ્રયોગ છઈ, તે પ્રતિક્ષણપર્યાયોત્પત્તિનાશવાદી જે ઋજુસૂત્રનય, તેણઈ અનુગૃહીત જે વ્યવહારનય, તે લેઈનઇ કહિયઈ.

यतः क्षणभिदेलिमपर्यायोत्पत्ति-नाशवादिना शुद्धेन ऋजुसूत्रनयेनाऽनुगृहीतः सूक्ष्मदर्शी व्यवहारनयः तु विभक्तकालत्रयबोधकप्रत्ययघटितमेव वाक्यप्रयोगं प्रमाणीकुरुते।

एतेन "व्यवहारनयाऽभिप्रायेण क्रियमाणमपि कृतं भवति" (सू.कृ.१/१३/निर्यु.१२५/पृ.२३१) इति **सूत्रकृताङ्गनिर्युक्तिव्याख्या**वचनमपि ***व्याख्यातम्***, शुद्धर्जुसूत्राऽननुगृहीतस्य स्थूलव्यवहारस्य तत्र व्यवहार-पदेन विवक्षितत्वात्।

પ્રત્યયભેદથી ગર્ભિત વાક્યભેદનો નિયમ વ્યવહારનયને લાગુ પડી શકતો નથી.

❋ અનેકવિધ ઉપચાર વ્યવહારમાન્ય ❋

સ્પષ્ટતા :- કારણમાં કાર્યનો ઉપચાર, અનાગતમાં વર્તમાનનો ઉપચાર, વર્તમાનમાં અતીતનો ઉપચાર... ઈત્યાદિ રૂપે અનેક ઉપચારને વ્યવહારનય માન્ય કરે છે. તેથી 'અનાગતકાલીન વસ્તુમાં વર્તમાનપણાનો વ્યવહાર ન થાય' - આ નિયમ વ્યવહારનયને માન્ય રહેતો નથી.

❋ વિભક્તકાલત્રયપ્રયોગ સૂક્ષ્મવ્યવહારનયથી સંભવિત : સમાધાન ❋

ઉત્તરપક્ષ :- (यतः.) તમારી વાત સાચી છે. સ્થૂલ વ્યવહારનય અનાગતમાં વર્તમાનપણા વગેરેનો ઉપચાર કરતો હોવાથી ત્રણેય કાલમાં અવિભક્ત = સમાન વાક્યપ્રયોગને સ્થૂલદર્શી વ્યવહારનય માન્ય કરે છે. પરંતુ સૂક્ષ્મદર્શી વ્યવહારનય તો જુદા જુદા ત્રણ કાળમાં જુદા જુદા = વિભક્ત વાક્યપ્રયોગને જ પ્રમાણભૂત માને છે. વ્યવહારનય સામાન્યથી સ્થૂલદર્શી હોવા છતાં શુદ્ધ ઋજુસૂત્રનયથી અનુગૃહીત વ્યવહારનય સૂક્ષ્મદર્શી બને છે. કારણ કે શુદ્ધ ઋજુસૂત્રનય 'ક્ષણભંગુર એવા પર્યાયના પ્રતિક્ષણ ઉત્પાદ અને વિનાશ થાય છે' - તેવું માને છે. પ્રતિક્ષણ બદલાતા પર્યાયને જોનાર શુદ્ધ ઋજુસૂત્રનયથી અનુગૃહીત થયેલ વ્યવહારનય પણ સૂક્ષ્મદૃષ્ટિવાળો બને છે. તેથી વિભક્ત = વિભિન્ન કાલત્રયને જણાવનાર લડ્, લટ્ વગેરે પ્રત્યયથી ઘટિત જુદા જુદા વાક્યનો જુદા જુદા કાળમાં પ્રયોગ થાય તો જ તેવો વાક્યપ્રયોગ પ્રમાણભૂત બને - આ પ્રમાણે સૂક્ષ્મદર્શી વ્યવહારનય માને છે. તેથી કુંભાર ચાકડા ઉપર મૃત્પિંડને ચઢાવે ત્યારે 'उत्पत्स्यते' - આવો વાક્યપ્રયોગ તથા સ્થાસ, કોશ અવસ્થામાં 'उत्पद्यते' - આવો વાક્યપ્રયોગ તથા ચાકડા ઉપરથી કમ્બુગ્રીવાદિમાન પદાર્થ નીચે ઉતારી લેવામાં આવે ત્યારે 'उत्पन्नः' આવો વાક્ય પ્રયોગ સૂક્ષ્મ વ્યવહારનય સ્વીકારે છે. આમ કાલભેદે કાલભેદબોધક વાક્યનો પ્રયોગ થાય તો જ તે વાક્ય પ્રમાણભૂત બને. અનાગતમાં વર્તમાનત્વનો આરોપ કરીને પ્રવર્તતા ઔપચારિક વાક્યપ્રયોગ સૂક્ષ્મ વ્યવહારનયની દૃષ્ટિમાં પ્રમાણભૂત નથી.

❋ સૂયગડાંગવ્યાખ્યાની સ્પષ્ટતા ❋

(एतेन.) **સૂયગડાંગસૂત્રનિર્યુક્તિ**ની **વ્યાખ્યા**માં શ્રીશીલાંકાચાર્યજીએ "વ્યવહારનયના અભિપ્રાયથી ક્રિયમાણ પણ કૃત હોય છે" - આમ જે જણાવેલ છે ત્યાં પણ 'વ્યવહારનય' શબ્દ દ્વારા શુદ્ધ ઋજુસૂત્રથી અનનુગૃહીત સ્થૂલવ્યવહારની વિવક્ષા કરવાથી તે સંગત થાય છે. તેથી ઉપરની વાત વ્યાજબી છે.

तत्रैवाऽग्रे **श्रीशीलाङ्काचार्येण** "लोको घटार्थाः क्रिया मृत्खननाद्या घट एवोपचरति, तासां च क्रियाणां क्रियाकाल-निष्ठाकालयोरेककालत्वात् क्रियमाणमेव कृतं भवति। दृश्यते चायं व्यवहारो लोके, तद्यथा - अद्यैव देवदत्ते निर्गते 'कान्यकुब्जं देवदत्तो गत' इति व्यपदेशः (लोकोक्त्या), तथा दारुणि छिद्यमाने 'प्रस्थकोऽयं' (इति) व्यपदेशः" (सू.कृ.१/१३/निर्यु.१२५/पृ.२३७A) इत्युक्त्या 'क्रियमाणं कृतमि'ति यदुक्तं तत् स्थूलव्यवहारनयानुसारेण उपचारतो विज्ञेयम्।

[1]"कज्जमाणं नियमेण कयं" (वि.आ.भा.२३२०) इति **विशेषावश्यकभाष्ये** यदुक्तं तद् अशुद्धर्जुसूत्राभिधाननिश्चयनयानुसारेण अवसेयम्, अतीतकालनिर्देशात्। शुद्धर्जुसूत्रस्तु 'क्रियमाणं सदि'त्येव मन्यते। **श्रीमलयगिरिसूरिभिः प्रज्ञापनावृत्तौ** "ऋजुसूत्रश्च क्रियमाणं कृतम्, अभ्यवह्रियमाणम् अभ्यवहृतम्, परिणम्यमाणं परिणतम् अभ्युपगच्छति" (प्र.२८/१/३०७/पृ.५०९) इत्युक्त्या अशुद्धर्जुसूत्रमतं दर्शितम्।

यच्च **भगवतीसूत्रवृत्तौ अभयदेवसूरिभिः** "परिणमन्तीति हि यदुच्यते तत्परिणामसद्भावे, नान्यथा,

❀ 'क्रियमाणं कृतं' नियम अंगे नयमतभेदप्रदर्शन ❀

(तत्रै.) **सूयगडांगसूत्रनिर्युक्ति**नी ઉપરોક્ત ગાથાની **व्याख्या**માં આગળ ઉપર **શ્રીશીલાંકાચાર્યજી**એ જણાવેલ છે કે "માટી ખોદવી વગેરે ક્રિયાઓ ઘટ માટે કરવામાં આવે છે. તેથી તે તમામ ક્રિયાઓનો ઘડામાં લોકો ઉપચાર કરે છે. તે તમામ ક્રિયાઓનો પ્રારંભકાળ અને સમાપ્તિકાળ એક હોવાથી કરાઈ રહેલું થઈ જ ગયું છે. લોકોમાં આવો વ્યવહાર પણ દેખાય છે કે (૧) આજે જ દેવદત્ત (મથુરાથી) કનોજ તરફ જવા નીકળે ત્યારે 'દેવદત્ત કનોજ ગયો' - એમ વ્યવહાર થાય છે. તથા (૨) પ્રસ્થક બનાવવા માટે લાકડું છેદાતું હોય ત્યારે લાકડાને ઉદ્દેશીને લોકો 'આ પ્રસ્થક છે' - આમ બોલે છે." અહીં તેઓશ્રીએ 'क्रियमाणं कृतम्' - આમ જણાવેલ છે, તે સ્થૂલવ્યવહારનય મુજબ ઉપચારથી સમજવું.

("कज्ज.) તથા 'क्रियमाणं नियमेन कृतम्' - આ પ્રમાણે **विशेषावश्यकभाष्य**માં **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે જે જણાવેલ છે, તે અશુદ્ધ ઋજુસૂત્ર નામના નિશ્ચયનય અનુસારે જાણવું. કારણ કે અતીતકાળનો ત્યાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. શુદ્ધ ઋજુસૂત્ર તો અતીત-અનાગત કાળને માનતો જ નથી. તેથી શુદ્ધ ઋજુસૂત્ર 'क्रियमाणं सत्' આટલું જ માનશે. અશુદ્ધ ઋજુસૂત્રનયનો મત જણાવવાના આશયથી જ **प्रज्ञापनासूत्रवृत्ति**માં **શ્રીમલયગિરિસૂરિજી**એ જણાવેલ છે કે "ઋજુસૂત્રનય એવું માને છે કે - (૧) જે વસ્તુ કરાઈ રહેલી હોય તે થઈ ગઈ છે. (૨) જે વસ્તુ ખવાઈ રહેલી હોય તે ખવાઈ ગઈ છે. (૩) જે ચીજ પરિણમી રહેલી હોય તે વસ્તુ પરિણમી ગઈ છે."

❀ भगवतीसूत्रवृत्तिना प्रबंधनी स्पष्टता ❀

(यच्च.) **ભગવતીસૂત્રવૃત્તિ**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ ઋજુસૂત્રમત જણાવતાં એવું નિરૂપણ કરેલ છે કે "પુદ્ગલાદિ દ્રવ્યો પરિણમે છે - આ મુજબ જે કહેવાય છે તે પુદ્ગલાદિમાં પરિણામ હોય તો જ સંગત બને. બાકી નહિ. જો પરિણામશૂન્યને ઉદ્દેશીને 'આ પરિણમે છે' - એવું કહી શકાતું હોય તો 'વંધ્યાપુત્ર પરિણમે છે' - ઈત્યાદિ કહેવાની આપત્તિ આવશે. તથા પરિણામ હાજર હોય તો જ 'આ

1. क्रियमाणं नियमेन कृतम्।

(**पर्यायारथथी सवि घटई.**) જે માટઈ ઋજુસૂત્રનય **समयप्रमाण** વસ્તુ **માનઈ** છઈ. તિહાં જે પર્યાયના •વર્ત્તમાન ઉત્પત્તિ, નાશ વિવક્ષિઈ, તે લેઈનઈ "**उत्पद्यते, नश्यति**" કહિયઈ.

अतिप्रसङ्गात्। परिणामसद्भावे तु परिणमन्तीति व्यपदेशे परिणतत्वमवश्यंभावि। यदि हि परिणामे सत्यपि परिणतत्वं न स्यात्, तदा सर्वदा तदभावप्रसङ्ग" (भ.सू.१६/५/५७६ वृ.पृ.७०७) इत्युक्तम्, तदपि अशुद्धर्जुसूत्रनयानुसारेण बोध्यम्।

प्रकृते 'क्रियमाणं क्रियमाणमेव, न कृतम्', 'कृतमेव कृतम्' इत्यादि यदुक्तं तत् समयमात्र-प्रमाणपर्यायग्राहकशुद्धर्जुसूत्रानुगृहीतव्यवहारानुसारेण परमार्थतो ज्ञेयमिति नाऽत्र विरोधावकाशः, अपेक्षा-भेदेन तत्परिहारादित्यवधेयम् आगमानुशीलनेन।

इत्थं **पर्यायार्थात्** = शुद्धर्जुसूत्रलक्षणपर्यायार्थिकनयानुगृहीताद् व्यवहारनयात् **सर्वं** यथायथं विभक्तकालत्रयबोधकप्रत्ययघटितवाक्यं **भवेत्** = सम्भवेत्, तथारूपेण प्रयुज्येत, अविगानेन च प्रमाणतामास्कन्देत; यतः **तन्नये** = ऋजुसूत्रनये **सर्वं वस्तु क्षणिकं** = समयप्रमाणं स्यात्। तथा च तदनुगृहीतव्यवहारनयेन यस्य पर्यायस्योत्पत्तिः वर्तमाना विवक्षिता तामुपादाय 'उत्पद्यते' इति प्रयुज्यते,

---

પરિણમે છે' - આવો વ્યવહાર કરો તો જે પરિણમે છે, તે અવશ્ય પરિણત થશે. અર્થાત્ પરિણમી રહેલા પુદ્ગલાદિ પરિણમી ગયા - તેમ માનવું પડશે. જો પરિણામ હાજર હોવા છતાં પણ પુદ્ગલાદિ પરિણત (= પરિણમી ગયેલા) ન હોય તો કાયમ તે અપરિણત જ રહેવાની આપત્તિ આવશે." હમણાં જે જણાવી ગયા તે મુજબ ઉપરોક્ત **ભગવતીસૂત્રવૃત્તિ**નો પ્રબંધ અશુદ્ધ ઋજુસૂત્રનયને અનુસરીને જાણવો.

(**प्रक्र.**) તથા પ્રસ્તુત નવમી શાખાના ૧૧ મા શ્લોકમાં 'क्रियमाणं क्रियमाणमेव, न कृतम्', 'कृतमेव कृतम्' - આ મુજબ જે વિભક્ત વ્યવહારનું પ્રતિપાદન કરેલ છે, તે માત્ર એક સમય રહેનારા પર્યાયના ગ્રાહક શુદ્ધ ઋજુસૂત્રનયથી અનુગૃહીત એવા સૂક્ષ્મવ્યવહારનયની દૃષ્ટિએ પારમાર્થિક સમજવું. તેથી પ્રસ્તુતમાં વિરોધને અવકાશ રહેતો નથી. કારણ કે જુદી-જુદી અપેક્ષાએ ઔપચારિકતા, પારમાર્થિકતા જણાવવાથી વિરોધનો પરિહાર થાય છે. આ પ્રમાણે આગમના પરમાર્થનું પરિશીલન કરીને વિવિધ નયવ્યવહારનું = અનેકનયપ્રયોગનું અવધારણ કરવું.

❁ પર્યાયાર્થનયની પ્રસિદ્ધ વિભક્તપ્રયોગની સંગતિ ❁

(**इत्थं.**) આ રીતે શુદ્ધ ઋજુસૂત્રસ્વરૂપ પર્યાયાર્થિકનયથી અનુગૃહીત વ્યવહારનયની દૃષ્ટિએ યથાયોગ્ય રીતે જુદા-જુદા ત્રણ કાલને જણાવનાર જુદા-જુદા પ્રત્યયથી ઘટિત તમામ પ્રકારના વાક્યો સંભવે છે. તેથી જ 'उत्पत्स्यते, उत्पद्यते, उत्पन्नं..' ઈત્યાદિ વાક્યપ્રયોગ પણ થાય છે. તથા તેવા વાક્યપ્રયોગ નિર્વિવાદ રીતે પ્રમાણરૂપતાને ધારણ કરે છે. કારણ કે શુદ્ધ ઋજુસૂત્રનયના મતમાં દરેક વસ્તુ ક્ષણિક છે. તેથી અતીતને વર્ત્તમાન કહી ન શકાય. વર્ત્તમાનને અનાગત કહી ન શકાય. તેના મતે દરેક વસ્તુની સ્થિતિ સમયપ્રમાણ છે. દરેક વસ્તુ એક સમય કરતાં વધુ સમય ટકતી નથી. તેથી શુદ્ધ ઋજુસૂત્રથી અનુગૃહીત વ્યવહારનયના મતે જે પર્યાયની ઉત્પત્તિ વર્તમાનકાલીનરૂપે વિવક્ષિત હોય તે વર્ત્તમાન ઉત્પત્તિને

• પુસ્તકમાં 'વર્ત્તમાન' પદ નથી. કો.(૭)+P(૪)+લી.(૩)+કો.(૧૨)+પા.માં છે.

અતીત તે લેઈ "**उत्पन्नो, नष्टः**" ઈમ કહિઈ. અનાગત તે લેઈ "**उत्पत्स्यते ✡नङ्क्ष्यति**" ઈમ કહિય.

यस्य च पर्यायस्य जायमानो नाशो विवक्षितः तमादाय 'नश्यति' इति कथ्यते। एवम् अतीतां पर्यायोत्पत्तिमाश्रित्य 'उत्पन्नः' इति निगद्यते अतीतं पर्यायनाशमपेक्ष्य च 'नष्ट' इत्युच्यते। एवम् अनागतां पर्यायोत्पत्तिमवलम्ब्य 'उत्पत्स्यते' इति निरूप्यते अनागतपर्यायनाशमुद्दिश्य च 'नङ्क्ष्यति' इति प्रतिपाद्यते।

[1]"सम्मत्त-नाणरहियस्स नाणमुप्पज्जइ त्ति ववहारो" (वि.आ.भा.४१४) इति **विशेषावश्यकभाष्य**वचनानुसारेण व्यवहारनयमते अज्ञानिनो ज्ञानमुत्पद्यते इति ज्ञानप्रागभावशून्याऽज्ञानविशिष्टकालावच्छेदेन 'आत्मनि ज्ञानमुत्पद्यते' इति प्रयुज्यते, अभव्यादौ अतिव्याप्तिवारणाय 'ज्ञानप्रागभावशून्ये'त्युक्तम्। ज्ञानविशिष्टकालावच्छेदेन 'आत्मनि ज्ञानमुत्पन्नमि'ति प्रयुज्यते, ज्ञानप्रागभावकालावच्छेदेन च 'आत्मनि ज्ञानमुत्पत्स्यते' इति प्रयुज्यते। इत्थं विभक्तकालत्रयप्रयोग उत्पत्तौ सूक्ष्मव्यवहारनयमतेन उपपादनीयः।

લઈને 'उत्पद्यते' આવો વાક્યપ્રયોગ થાય છે. તથા જે પર્યાયનો નાશ ઉત્પન્ન થઈ રહેલો હોય તે વિવક્ષિત વર્તમાન નાશની અપેક્ષાએ 'नश्यति' આ વાક્યપ્રયોગ થાય છે. આ જ રીતે પર્યાયની અતીત ઉત્પત્તિની અપેક્ષાએ 'उत्पन्नः' આવું કહેવાય છે. તથા પર્યાયના અતીત નાશની અપેક્ષાએ 'नष्टः' આવો વ્યવહાર થાય છે. તે જ રીતે પર્યાયની અનાગત ઉત્પત્તિની અપેક્ષાએ 'उत्पत्स्यते' આવું કહેવાય છે અને પર્યાયના અનાગત નાશને ઉદ્દેશીને 'नङ्क्ष्यति' આ પ્રમાણે પ્રતિપાદન થાય છે.

✡ विशेषावश्यकभाष्य मुजब विभक्तकालत्रयप्रयोगनुं समर्थन ✡

("**सम्म.**) ઉત્પાદ-વ્યયનો વિભક્તકાલીનપ્રયોગ સૂક્ષ્મ વ્યવહારનયની દૃષ્ટિએ **विशेषावश्यकभाष्य** ગ્રંથ મુજબ પણ વિચારી શકાય છે. ત્યાં **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે જણાવેલ છે કે 'સમ્યક્ત્વ અને જ્ઞાન જેની પાસે નથી તે જીવને જ જ્ઞાન ઉત્પન્ન થાય છે - આ વ્યવહારનયનો મત છે.' વ્યવહારનયથી અજ્ઞાનીને જ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી જ્ઞાનપ્રાગભાવશૂન્ય અજ્ઞાનવિશિષ્ટ ક્ષણે 'આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થઈ રહેલ છે' - આવો શબ્દપ્રયોગ થાય છે. યદ્યપિ અજ્ઞાનવિશિષ્ટ ક્ષણ તો મિથ્યાત્વી-અભવ્ય-દૂરભવ્ય જીવોમાં છે જ. પરંતુ ત્યાં જ્ઞાનપ્રાગભાવશૂન્યતા રહેતી નથી. તેથી ત્યાં અતિવ્યાપ્તિનું નિરાકરણ કરવા માટે 'જ્ઞાનપ્રાગભાવશૂન્યતા' આવું વિશેષણ લગાડવામાં આવેલ છે. તથા જ્ઞાનવિશિષ્ટ ક્ષણે 'આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થયું' - આ મુજબ વ્યવહાર થાય છે. તેમજ જે ક્ષણે જ્ઞાનનો પ્રાગભાવ હોય તે ક્ષણે 'આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થશે' - આવો પ્રયોગ થાય. આશય એ છે કે સૂક્ષ્મ વ્યવહારનયથી પ્રથમ ક્ષણે જ્ઞાન ઉત્પન્ન થાય, બીજી ક્ષણે અજ્ઞાન નાશ પામે. તેથી જ્ઞાનોત્પત્તિક્ષણે આત્મા અજ્ઞાનવિશિષ્ટ હોય તથા જ્ઞાનપ્રાગભાવશૂન્ય હોય. તેથી ત્યારે તેમાં 'જ્ઞાન ઉત્પદ્યમાન' કહેવાય. દ્વિતીયાદિ ક્ષણે જ્ઞાનવિશિષ્ટ આત્મામાં જ્ઞાનોત્પત્તિ પૂર્વે થઈ ચૂકેલ હોવાથી ત્યારે તેમાં 'જ્ઞાન ઉત્પન્ન' કહેવાય. તથા જ્ઞાનોત્પત્તિ પૂર્વે જ્ઞાનનો પ્રાગભાવ = જ્ઞાનોત્પાદપૂર્વકાલીનજ્ઞાનાભાવ હોવાથી ત્યારે 'જ્ઞાન ઉત્પન્ન થશે' - આવો ભવિષ્યકાલગર્ભિત પ્રયોગ સૂક્ષ્મ વ્યવહારનય કરે છે. આ રીતે વર્તમાન-ભૂત-ભવિષ્યકાળને

✡ શા.માં 'नङ्क्षयति' અશુદ્ધ પાઠ. 1. सम्यक्त्व-ज्ञानरहितस्य ज्ञानमुत्पद्यत इति व्यवहारः।

व्यवस्था सर्वत्र **स्यात्** शब्दप्रयोगઈ संभवઈ. ▸ઇति १४४ गाथार्थ संपूर्णम्.◂ ॥૯/૧૧॥

एवं नाशेऽपि योज्यम्।

यद्यपि क्षणभङ्गुरकेवलवर्तमानस्वकीयपर्यायाभ्युपगन्तरि शुद्धे ऋजुसूत्रनयेऽतीतमनागतं परकीयञ्च वस्तु शशशृङ्गवदसदेव इति 'उत्पत्स्यते उत्पन्नमि'ति 'नङ्क्ष्यति नष्टमि'ति च व्यवहारो नैव ऋजुसूत्रनयमते सम्भवति ***तथापि*** तदनुगृहीताद् अत एव सूक्ष्मसमयप्रेक्षितया विभक्तकालत्रितयग्रहण-समर्थात् सूक्ष्मव्यवहारनयात् तत्प्रतिपादनमत्र दर्शितरीत्या सङ्गच्छते।

प्रकृते सर्वत्र स्यात्कारसुलाञ्छितवाक्यप्रयोगतो यथार्था उत्पादादिसम्बन्धिनी व्यवस्था सम्भवति नयमतभेदेन। तथाहि – "यदेव उत्पन्नं तदेव कथञ्चिदुत्पद्यते उत्पत्स्यते च। यदेव नष्टं तदेव कथञ्चिद् नश्यति नङ्क्ष्यति च। यदेव अवस्थितं तदेव कथञ्चिद् अवतिष्ठते अवस्थास्यते चेति" (स्या.क.ल.७/१३

छूटा पाडीने सूक्ष्म व्यवहारनय उत्पत्तिने विशे शब्दप्रयोग करे छे. आ ज रीते ध्वंसने विशे पण सूक्ष्म व्यवहारनयथी विभक्तकालत्रयप्रयोगनी विचारणा करवानी सूचना परामर्शकर्णिकामां करेल छे.

❁ ऋजुसूत्र अने व्यवहार नयना मिलननुं प्रयोजन ❁

(**यद्यपि.**) जो के ऋजुसूत्रनय केवल पर्यायनो स्वीकार करे छे. तेनी दृष्टिए सर्व पर्यायो क्षणभंगुर छे. छतां पण जे पर्याय वर्तमानकालीन छे अने स्वकीय छे, ते ज पर्याय सत् छे. आ प्रमाणे शुद्ध ऋजुसूत्रनय स्वीकारे छे. केवल वर्तमानकालीन स्वकीय क्षणभंगुर पर्यायने ज सत् = परमार्थसत् = वस्तुसत् = वास्तविक माननार शुद्ध ऋजुसूत्रनयनी दृष्टिमां अतीत, अनागत अने परकीय वस्तु शशशृंगनी जेम असत् छे. तेथी 'उत्पत्स्यते', 'उत्पन्नं' तथा 'नङ्क्ष्यति', 'नष्टं' - आवा वाक्यप्रयोग शुद्ध ऋजुसूत्रनयना मते संभवी शकता नथी. तेम छतां सूक्ष्म व्यवहारनय प्रस्तुतमां शुद्ध ऋजुसूत्रनयथी अनुगृहीत होवाना कारणे सूक्ष्मसमयग्राहक बनवाथी जुदा जुदा त्रण कालनो बोध करवा-कराववा माटे समर्थ बने छे. तेथी विभक्तकालत्रयग्राहक सूक्ष्मव्यवहारनयनी दृष्टिए "प्रस्तुतमां 'उत्पत्स्यते', 'उत्पद्यते', 'उत्पन्नं' इत्यादि रूपे क्रमशः अनागत, वर्तमान अने अतीत कालनी अपेक्षाए थता वाक्यप्रयोग प्रमाणभूत छे" - आ प्रतिपादन संगत बने छे.

❁ 'उत्पन्नः' पण 'उत्पद्यमानः उत्पत्स्यते च' ❁

(**प्रकृते.**) प्रस्तुतमां सर्वत्र स्यात्कारथी = कथंचित् शब्दथी सुसज्ज थयेला वाक्यप्रयोगनी अपेक्षाए जुदा जुदा नयना अभिप्रायथी उत्पाद आदि संबंधी यथार्थ व्यवस्था संभवी शके छे. ते आ प्रमाणे समजवी - "जे वस्तु अतीत कालमां अंशतः उत्पन्न थई चूकेली छे ते ज वस्तु वर्तमानमां कथंचित् = कोई अंशथी उत्पन्न थई रहेल छे तेमज ते वस्तु कथंचित् = अन्य कोई अंशथी भविष्यकाळमां उत्पन्न थती रहेशे. तथा जे वस्तु अतीत कालमां कोईक अंशथी नष्ट थई चूकेल छे ते ज वस्तु वर्तमानकाले कथंचित् = कोई अंशथी नष्ट थई रहेल छे तथा भविष्यकालमां पण कथंचित् = अन्य कोई अंशथी ते ज वस्तु नाश पामती रहेशे. तेमज आ ज रीते जे वस्तु कोई अंशमां अवस्थित = ध्रुव हती

▸...◂ चिह्नद्वयमध्यवर्ती पाठ फक्त ला.(२)मां छे.

पृ.९५) **स्याद्वादकल्पलतायाम्** साकल्येन प्रतिवस्तु युगपदुत्पादादित्रितयात्मकत्वमुक्तम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'क्रियमाणं कृतिमि'ति नैश्चयिकराद्धान्तं चेतसिकृत्य अष्टमादितपःप्रत्याख्यानं कुर्वत आत्मार्थिनो दर्शने 'अयं तपस्वी' इति भावनीयम्। जिनपूजार्थ-वस्त्रपरिधानक्रियादर्शनमात्रेण 'अयं भगवद्भक्तः' इति मन्तव्यम्। शास्त्रम् अभ्यस्यतो दर्शने 'अयं ज्ञानी' इति बुद्धिः कार्या। रजोहरणं गृहीत्वा नृत्यन्तं मुमुक्षुं दृष्ट्वा 'अयं संयमी' इति विचारणीयम्।

'क्रियमाणं न कृतम्, कृतमेव कृतम्' इति व्यावहारिकसिद्धान्तं मनसिकृत्य तु अष्टमादितपःपूर्त्तौ

ते જ વસ્તુ કથંચિત્ = કોઈક અંશથી વર્તમાનમાં અવસ્થિત = ધ્રુવ હોય છે તથા તે જ વસ્તુ કથંચિત્ કોઈક અંશની અપેક્ષાએ ભવિષ્યકાળમાં અવસ્થિત રહેશે" - આ પ્રમાણે **સ્યાદ્વાદકલ્પલતામાં મહોપાધ્યાયજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે. આ રીતે અલગ અલગ નયની દૃષ્ટિએ પ્રત્યેક વસ્તુ પોતાના સમગ્ર કાલ દરમિયાન એકીસાથે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે.

❀ નિશ્ચયમાં અંશ-અંશીકલ્પના અસ્વીકારનો ફલિતાર્થ ❀

સ્પષ્ટતા :- નિશ્ચયનયથી 'उत्पद्यमानम् उत्पन्नं', 'नश्यद् नष्टम्' - આવા વાક્યપ્રયોગો થાય છે. કેમ કે તેના મતે ક્રિયાપ્રારંભકાલ અને ક્રિયાસમાપ્તિકાલ એક છે. જ્યારે વ્યવહારનયની દૃષ્ટિએ 'उत्पद्यमानं वस्तु न उत्पन्नं किन्तु उत्पद्यते, विनश्यद् वस्तु न विनष्टं किन्तु विनश्यति' - આ પ્રમાણે વાક્યપ્રયોગ થાય છે. કારણ કે વ્યવહારનયની દૃષ્ટિમાં ક્રિયાનો પ્રારંભકાલ અને ક્રિયાની સમાપ્તિનો કાલ જુદા જુદા છે. નિશ્ચયની દૃષ્ટિએ ક્રિયાપ્રારંભનો કાલ અને ક્રિયાસમાપ્તિનો કાલ એક હોવાથી વર્તમાન ક્રિયા અતીતક્રિયારૂપે જણાય છે. જ્યારે વ્યવહારનયની દૃષ્ટિએ ક્રિયાપ્રારંભનો કાલ અને ક્રિયાસમાપ્તિનો કાલ જુદો હોવાથી વર્તમાન ક્રિયા અતીતક્રિયારૂપે જણાતી નથી. નિશ્ચયનય અંશ-અંશીનો અભેદ સ્વીકારે છે. તેથી તે તે અંશ ઉત્પન્ન થતાં તે વસ્તુ પણ તે તે અંશરૂપે ઉત્પન્ન થઈ ચૂકેલી છે. વસ્તુતઃ નિશ્ચયની દૃષ્ટિમાં અંશ-અંશી વિશેની ભેદકલ્પના માન્ય નથી. નિશ્ચયદૃષ્ટિથી સર્વ વસ્તુ નિરંશ છે. તેથી સ્થાસ ઉત્પન્ન થતાં 'સ્થાસ ઉત્પન્ન થયું', કોશ ઉત્પન્ન થતાં 'કોશ વસ્તુ ઉત્પન્ન થઈ...' ઈત્યાદિ વાક્યપ્રયોગ નિશ્ચયથી માન્ય છે. અથવા 'નિશ્ચયથી અંશ-અંશીમાં ભેદકલ્પના માન્ય નથી' - આનો અર્થ એવો કરી શકાય કે નિશ્ચયમતે અંશથી અંશી અભિન્ન છે. તેથી સ્થાસ, કોશ વગેરે ઉત્પન્ન થયેલ હોય ત્યારે 'घटः उत्पन्नः' - આ વાક્યપ્રયોગ થઈ શકે છે. જ્યારે સૂક્ષ્મવ્યવહારનય ભેદકારી હોવાથી કાલભેદ દ્વારા ક્રિયાભેદને સ્વીકારી જુદા જુદા કાળમાં 'उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते' ઈત્યાદિ વાક્યપ્રયોગ કરે છે.

❀ નિશ્ચય-વ્યવહારના સિદ્ધાન્તને જીવનમાં વણવાની કળા ❀

આધ્યાત્મિક ઉપનય :- 'ક્રિયમાણં કૃતં' આ મુજબ ટબામાં દર્શાવેલ નિશ્ચયનયનો સિદ્ધાંત ધ્યાનમાં રાખીને આપણે કોઈક વ્યક્તિને અઠ્ઠમનું કે અઠ્ઠાઈનું પચ્ચક્ખાણ લેતા જોઈએ ત્યારે 'આ તપસ્વી છે' - આમ વિચારવું. તથા કોઈકને પૂજાના કપડામાં દેરાસરે જતો જોઈને 'આ ભગવાનનો ભક્ત છે' - તેમ વિચારવું. કોઈકને શાસ્ત્રનો અભ્યાસ કરતા જોઈને 'આ જ્ઞાની છે' - તેમ વિચારવું. તથા કોઈક મુમુક્ષુને ઓઘો લઈને નાચતા જોઈને 'આ સંયમી છે' - તેવી બુદ્ધિ ઉભી કરવી.

('**क्रिय.**) તથા 'ક્રિયમાણં ન કૃતં કિન્તુ કૃતમ્ એવ કૃતં' - આવો વ્યવહારનયનો સિદ્ધાંત લક્ષમાં

एव चतुर्थादिदिने 'मम अष्टमादितपः समाप्तिमगाद्' इति मन्तव्यम्। परम् अष्टमादि-प्रत्याख्यानकरणमात्रेण अस्मदीयतपः पूर्णमिति मत्वा तस्मिन्नेव अहनि नैव भोक्तव्यम्। दीर्घकालं भगवद्भक्तिं कृत्वैव 'भगवदनुग्रहादद्य चार्वी भगवद्भक्तिः मम सम्पन्ना' इति स्वीकर्तव्यम्।

सर्वागम-सम्मतितर्कादिग्रन्थं सुचिरकालं परामृश्यैव 'गुरुकृपया मे सुष्ठु शास्त्रज्ञानं प्राप्तम्' इति उररीकर्तव्यम्। प्रव्रज्याग्रहणतः सुदीर्घकालं यावद् गुर्वाज्ञानुसारेण पञ्चाचारपालनानन्तरमेव 'भगवदाद्यनुग्रहादहं संयमी सम्पन्न' इति नम्रभावेन विचार्यम्। इत्थं परस्मै नैश्चयिकसिद्धान्तं स्वस्मै च व्यावहारिकराद्धान्तं सम्प्रयुज्य यथार्थतयाऽस्माभिः आत्मार्थिता सम्प्राप्या। ततश्च [1]"जम्माभावे ण जरा, ण य मरणं, ण य भयं, ण संसारो। एतेसिमभावतो कहं ण सोक्खं परं तेसिं ?।।" (ध.स.૧૩૮૨) इति **धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्रसूरिभिः** साधितं सिद्धसुखम् अञ्जसा आविर्भवेत्।।૯/૧૧।।

રાખીને આપણે ત્રણ કે આઠ ઉપવાસ પૂર્ણ થયા બાદ પછીના દિવસે 'મારે અઠ્ઠમનો કે અઠ્ઠાઈનો તપ પૂરો થયો છે' - તેમ માનવું. પરંતુ આપણે અઠ્ઠમનું પચ્ચક્ખાણ કર્યા બાદ 'મારે અઠ્ઠમ તપ પૂરો થઈ ગયો' - એમ વિચારી તે જ દિવસે પારણું કરી ન લેવું. જિનાલયમાં બે-ત્રણ કલાક દિલ દઈને ભગવદ્ભક્તિ કર્યા બાદ જ 'મારે આજે પ્રભુકૃપાથી સુંદર ભક્તિ થઈ' - તેમ વિચારવું.

ॐ યથાર્થ આરાધકપણાની ઓળખ ॐ

(**सर्वा.**) ૪૫ આગમ તથા સંમતિતર્ક આદિ ગ્રંથોનો માર્મિક અભ્યાસ કર્યા બાદ જ 'ગુરુકૃપાથી સારો શાસ્ત્રબોધ મને પ્રાપ્ત થયો' - આવું આપણે વિચારવું. તથા દીક્ષાગ્રહણ બાદ સારી રીતે વર્ષો સુધી પંચાચારનું ગુર્વાજ્ઞા મુજબ પાલન કર્યા બાદ જ 'દેવ-ગુરુકૃપાથી હું સંયમી બન્યો' - આવું નમ્રભાવે વિચારવું. આ રીતે બીજાના માટે નિશ્ચયનયનો સિદ્ધાંત અને સ્વ માટે વ્યવહારનયનો સિદ્ધાંત ઉપરોક્ત રીતે લાગુ પાડીને આપણે યથાર્થપણે આરાધક બનવું જોઈએ. તેના લીધે **ધર્મસંગ્રહણિ**માં દર્શાવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રગટ થાય. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ સિદ્ધોના સુખની સિદ્ધિ કરવા માટે જણાવેલ છે કે 'સિદ્ધોને જન્મ ન હોવાથી ઘડપણ નથી, મોત નથી, ભય નથી, ચોરાશી લાખ યોનિમાં રખડપટ્ટી વગેરે સ્વરૂપ સંસાર નથી. જન્મ વગેરે ન હોવાના લીધે સિદ્ધોને શ્રેષ્ઠ સુખ કેમ ન હોય ?' કારણ કે જન્મ-જરા-મરણ આદિ પોતે જ દુઃખાત્મક છે, દુઃખજનક છે. તેથી તેની ગેરહાજરીથી સર્વોત્તમ આનંદ સિદ્ધોમાં સિદ્ધ થાય છે.(૯/૧૧)

લખી રાખો ડાયરીમાં.....

- **બાહ્ય આડંબરમાં અટવાય તે સાધના સદ્ગુણનું સૌંદર્ય ગુમાવે છે. સૌંદર્યપૂર્ણ ઉપાસના આડંબરશૂન્ય છે.**

---

१. जन्माऽभावे न जरा, न च मरणम्, न च भयम्, न संसारः। एतेषामभावतः कथं न सौख्यं परं तेषाम् ?।।

अथ मृत्पिण्ड-स्थास-कोश-कुशूल-शिवक-कपालपर्यायोदयानन्तरं घटो निष्पद्यते। (१) यदा स्थास उत्पद्यते तदा मृत्पिण्डो नश्यति, (२) कोश उत्पद्यते तदा स्थासो नश्यति, (३) कुशूलम् उत्पद्यते तदा कोशो नश्यति, (४) शिवक उत्पद्यते तदा कुशूलं नश्यति, (५) कपालम् उत्पद्यते तदा शिवकः नश्यति, (६) घट उत्पद्यते तदा च स्वतन्त्रं कपालं नश्यति। अनेकान्तमतानुसारेण (१) स्थासोत्पादाभिन्नः मृत्पिण्डनाशः, (२) कोशोत्पादाऽभिन्नः स्थासनाशः, (३) कुशूलोत्पादाऽभिन्नः कोशध्वंसः, (४) शिवकोत्पादाऽभिन्नः कुशूलनाशः, (५) कपालोदयाऽभिन्नः शिवकनाशः, (६) घटोत्पादाऽभिन्नः स्वतन्त्रकपालध्वंसः, प्रथमक्षणसम्बन्धात्मकोत्तरपर्यायोत्पाद-पूर्वपर्यायनाशयोः अभिन्नत्वस्य प्राक् (९/८-१०) प्रतिपादितत्वात्।

इत्थमुत्तरोत्तराभिनवपर्यायोत्पत्तिधारारूपः यः पूर्व-पूर्वपर्यायनाशः स्याद्वादिसम्मतः तत्राऽपि निश्चयनयमतानुसारेण क्रियारम्भकाल-क्रियानिष्ठाकालयोः ऐक्याद् (१) उत्पद्यमानः स्थास उत्पन्नः तदैव नश्यन् मृत्पिण्डो नष्टः, (२) उत्पद्यमानः कोश उत्पन्नः तदैव नश्यन् स्थासो नष्टः इत्यादिक्रमेण बोध्यम्। ततश्च तन्मते स्थासोत्पादाऽभिन्नः मृत्पिण्डनाशः वर्तमानः सन् अतीतः, यावद् घटोत्पत्त्यभिन्नः स्वतन्त्रकपालध्वंसः वर्तमानः सन् अतीतः, तत्तत्क्रियाप्रारम्भपरिणामस्य

❋ उत्तरोत्तरपर्यायोत्पत्तिधारारूपे नाशनी विचारणा ❋

अवतरणिका :- (अथ.) હવે ઘટની ઉત્પત્તિ વિશે વિચાર કરીએ. મૃત્પિંડ, સ્થાસ, કોશ, કુશૂલ, શિવક, કપાલ પર્યાયની ઉત્પત્તિ થયા પછી ઘડો ઉત્પન્ન થાય છે. (૧) સ્થાસ ઉત્પન્ન થાય છે ત્યારે મૃત્પિંડ નાશ પામે છે. (૨) જ્યારે કોશ ઉત્પન્ન થાય છે ત્યારે સ્થાસ નાશ પામે છે. (૩) કુશૂલ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે કોશ નાશ પામે છે. (૪) જ્યારે શિવક ઉત્પન્ન થાય છે ત્યારે કુશૂલ નષ્ટ થાય છે. (૫) જ્યારે કપાલ ઉત્પન્ન થાય છે ત્યારે શિવકનો નાશ થાય છે. (૬) તથા જ્યારે ઘડો નિષ્પન્ન થાય છે ત્યારે સ્વતંત્ર કપાલ નાશ પામે છે. અનેકાન્તવાદ મુજબ, (૧) સ્થાસનો ઉત્પાદ અને મૃત્પિંડનો ધ્વંસ પરસ્પર અભિન્ન છે. (૨) કોશોત્પત્તિ અને સ્થાસનાશ એક છે. (૩) કુશૂલોત્પાદ અને કોશધ્વંસ પરસ્પર અભિન્ન છે. (૪) શિવકનિષ્પત્તિ અને કુશૂલનાશ વચ્ચે અભેદ છે. (૫) કપાલોત્પાદ અને શિવકધ્વંસ વચ્ચે ભેદ નથી. તથા (૬) ઘટોત્પત્તિ અને સ્વતંત્ર કપાલના નાશ વચ્ચે અભિન્નતા છે. આનું કારણ એ છે કે ઉત્તરપર્યાયની પ્રથમક્ષણસંબંધસ્વરૂપ ઉત્પત્તિ અને પૂર્વપર્યાયનો નાશ - આ બન્ને એક જ છે. આ વાત પૂર્વે (૯/૮-૯-૧૦)માં બતાવવામાં આવેલ છે.

(**इत्थ.**) આ રીતે ઉત્તરોત્તર નવા-નવા પર્યાયની ઉત્પત્તિની ધારા સ્વરૂપ જે પૂર્વ-પૂર્વપર્યાયનાશ સ્યાદ્વાદીને સંમત છે તેમાં પણ નિશ્ચયનયના મત મુજબ તો ક્રિયાપ્રારંભકાળ અને ક્રિયાસમાપ્તિકાળ એક હોવાથી (૧) ઉત્પદ્યમાન (= ઉત્પન્ન થઈ રહેલો) સ્થાસ ઉત્પન્ન થઈ ચૂકેલ છે તથા ત્યારે જ નાશ પામી રહેલ મૃત્પિંડ નષ્ટ થઈ ચૂકેલ છે. (૨) જન્મી રહેલ કોશ જન્મી ચૂકેલ છે. તથા ત્યારે જ નાશ પામી રહેલ સ્થાસ નષ્ટ થઈ ચૂકેલ છે. ઈત્યાદિ ક્રમથી જાણવું. તેથી નિશ્ચયનયના મતે સ્થાસની ઉત્પત્તિથી અભિન્ન એવો મૃત્પિંડધ્વંસ વર્તમાન હોવાની સાથે અતીત છે...ઈત્યાદિ રૂપે છેક ઘટોત્પાદથી અભિન્ન એવો સ્વતન્ત્ર કપાલધ્વંસ

જો તુઝ ઉત્પત્તિવિશિષ્ટનો, વ્યવહાર નાશનો ઈષ્ટ રે;
♦તો વ્યવહારિં ઉત્પત્તિ આદરો, ♦જે પહિલાં અછતિ વિશિષ્ટ રે ॥૯/૧૨॥ (૧૪૫) જિન.

तत्तत्क्रियासमाप्तिपरिणामरूपत्वादिति निश्चयनयाभिप्रायः। अत एव निश्चयनयेन 'ग्रामं प्रति गच्छन् चैत्रो ग्रामं गतो गतवांश्चे'ति प्रयुज्यते। इत्थमुत्तरोत्तरपर्यायोत्पत्तिधारालक्षणपूर्व-पूर्वपर्यायनाशे भूतार्थप्रतिपादकौ **सिद्धहेमशब्दानुशासनोक्तौ** "क्त-क्तवतू" (सि.हे.५/१/१७४) प्रत्ययौ **पाणिनिव्याकरणे** (१/१/२६) च निष्ठासंज्ञया सम्मतौ प्रयुङ्क्ते निश्चयनयः। इत्थमेव [1]"चलमाणे चलिए" (भ.सू.१/१/२) इत्यादिः पूर्वोक्तः (६/१०) **भगवतीसूत्र**प्रबन्धः सङ्गच्छेत। इदं 'क्रियमाणं कृतमि'ति निश्चयनयमतमसहमानानां नव्यनैयायिकादीनामाशङ्कामुपदर्श्य निराकरोति – **'यदी'**ति।

यद्युत्पत्तिविशिष्टप्रध्वंसव्यवहृतिर्मता।
उत्पत्तिर्व्यवहाराद्ध्यसती पश्चात् सती युता।।९/१२।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यदि उत्पत्तिविशिष्टप्रध्वंसव्यवहृतिः मता (तर्हि) व्यवहाराद् हि उत्पत्तिः (स्वीक्रियताम्)। (सा पूर्वम्) असती पश्चात् सती (भवति)। (कालत्रितययोगाच्च सा) युता (भवति)।।९/१२।।

વર્તમાનકાલીન છે, ત્યારે જ અતીત પણ છે. આનું કારણ એ છે કે નિશ્ચયનયના મત મુજબ, તે તે ક્રિયાના પ્રારંભનો પરિણામ એ જ તે તે ક્રિયાની સમાપ્તિના પરિણામસ્વરૂપ છે. આ જ કારણથી 'ગામ તરફ જઈ રહેલો ચૈત્ર ગામમાં ગયો છે, ગયેલો છે' - આ પ્રમાણે નિશ્ચયનય પ્રયોગ = વ્યવહાર કરે છે. આમ ઉત્તરોત્તર પર્યાયની ઉત્પત્તિની ધારા સ્વરૂપ પૂર્વ-પૂર્વપર્યાયનાશને વિશે ભૂતાદિપ્રત્યયને નિશ્ચયનય પ્રયોજે છે. મતલબ કે તેવા સ્થળે ભૂતકાલીન અર્થને જણાવનાર કર્મણિ ભૂતકૃદંતનો = क्त પ્રત્યયનો પ્રયોગ, કર્તરિ ભૂતકૃદંતનો = क्तवत् (=क्तवतु) પ્રત્યયનો પ્રયોગ નિશ્ચયનય નિઃસંકોચપણે કરે છે. **સિદ્ધહેમ શબ્દાનુશાસન**માં ઉપરોક્ત અર્થમાં બન્ને પ્રત્યય જણાવેલ છે. **પાણિનિવ્યાકરણ**માં આ બન્ને પ્રત્યયની 'નિષ્ઠા' સંજ્ઞા જણાવેલ છે. તથા આવું માન્ય કરવામાં આવે તો જ [1]'चलमाणे चलिए' = 'ચાલી રહેલું ચાલી ગયેલું છે' - ઈત્યાદિરૂપે **ભગવતીસૂત્ર**માં જણાવેલ પૂર્વોક્ત (૬/૧૦) પ્રબંધ સંગત થઈ શકે. આ પ્રમાણે પૂર્વે આ જ શાખામાં 'क्रियमाणं कृतं' આવો નિશ્ચયનયનો જે મત આપણે વિચારી ગયા તેને નવ્ય નૈયાયિક વગેરે વિદ્વાનો સ્વીકારતા નથી. તેથી તેવા નવ્ય નૈયાયિક વગેરેની આશંકાને દેખાડી, તેનું નિરાકરણ ગ્રંથકારશ્રી કરે છે :-

શ્લોકાર્થ :- (હે નવ્ય નૈયાયિકો !) જો ઉત્પત્તિવિશિષ્ટ નાશનો વ્યવહાર તમને માન્ય હોય તો વ્યવહારનયને આશ્રયીને ઉત્પત્તિ સ્વીકારો. વ્યવહારનયથી પૂર્વે અસત્ એવી ઉત્પત્તિ પાછળથી સત્ બને છે અને કાલત્રયયુક્ત બને છે. (૯/૧૨)

વ્યાખ્યાર્થ :- ગ્રંથકારશ્રી 'यदि... ' ઈત્યાદિ રૂપે શ્લોકના પૂર્વાર્ધ દ્વારા નવ્યનૈયાયિકનો મત (દીર્ઘપૂર્વપક્ષ, પૃષ્ઠ - ૧૨૪૮ સુધી) દર્શાવે છે. તથા પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા નવ્યનૈયાયિકની

♦ શાં.માંથી 'તો', 'જે' પાઠ લીધેલ છે. અન્યત્ર 'વ્યવહારિં.... તો પહિલાં' - પાઠ. 1. चलन् चलितः।

જો ઉત્પત્તિધારારૂપ નાશનઈ વિષઈ ભૂતાદિક પ્રત્યય ન કહિઈ,

यदि – 'उत्पद्यमानम्' इत्यत्र वर्त्तमानत्वविशिष्टकाल आनशोऽर्थः 'उत्पन्नमि'त्यत्र चाऽतीतत्वविशिष्टकालः निष्ठार्थः। तत्र वर्त्तमानत्वं = तत्तत्प्रयोगाधारत्वम्, अतीतत्वञ्च विद्यमानध्वंसप्रतियोगित्वं प्रतियोगितासम्बन्धेन वा विद्यमानध्वंस एव। 'घटादिकमुत्पद्यते' इति वाक्यप्रयोगाधारभूतक्षणप्रतियोगिकविद्यमानध्वंसप्रतियोगिक्षणलक्षणाऽतीतकालनिरूपितवृत्तित्वस्य घटाद्युत्पत्तिक्षणोत्तरकालावच्छेदेन घटादिनिष्ठोत्पत्तिक्रियायां सत्त्वात् तदा 'घट उत्पन्न' इत्यादिवाक्यप्रयोगस्य समीचीनत्वमिति भावः।

સામે જૈન મત મુજબ તેનું સમાધાન (ઉત્તરપક્ષ પૃષ્ઠ - ૧૨૪૯થી) જણાવે છે. આ બાબતનો વાચકવર્ગે પ્રસ્તુતમાં ખાસ ખ્યાલ રાખવો. નવ્યનૈયાયિકનો મત નીચે મુજબ છે.

ॐ नव्यनैयायिकमत मुजब उत्पत्तिविचार ॐ

(**यदि.**) 'उत्पद्यमानं' - આ પ્રમાણે જે વાક્યપ્રયોગ થાય છે તેમાં 'उत्' ઉપસર્ગ છે, 'पद्' ધાતુ છે. તથા 'मानं' માં વર્તમાન કૃદંતનો 'आनश्' પ્રત્યય રહેલો છે. પ્રસ્તુત 'आनश्' પ્રત્યયનો અર્થ વર્તમાનત્વવિશિષ્ટ કાળ છે. તથા 'उत्पन्नं' વાક્યપ્રયોગમાં કર્મણિ ભૂતકૃદંતનો સંસ્કૃત ભાષામાં 'क्त' પ્રત્યય પ્રસિદ્ધ છે. અહીં વ્યાકરણ સિદ્ધાંત મુજબ 'क्' અનુબંધ છે. અને 'त' ધાતુને લાગનાર પ્રત્યય છે. તેથી કર્મણિ ભૂતકૃદંતના 'क्त' પ્રત્યયને 'कित्' કહેવાય છે. પ્રસ્તુત કર્મણિ ભૂતકૃદંતનો 'क्त' પ્રત્યય **પાણિનિવ્યાકરણ** (૧/૧/૨૬) મુજબ 'નિષ્ઠા' પ્રત્યય કહેવાય છે. 'घटादिकम् उत्पन्नं' - આ વાક્યપ્રયોગમાં કર્મણિ ભૂતકૃદન્તનો જે નિષ્ઠા પ્રત્યય = 'क्त' રહેલ છે, તેનો અર્થ અતીતત્વવિશિષ્ટ કાળ છે. પ્રસ્તુતમાં 'आनश्' પ્રત્યયનો અર્થ જે વર્તમાન કાળ દર્શાવેલ છે, તેમાં રહેલ વર્તમાનત્વ એટલે તે તે શબ્દપ્રયોગની આધારતા. તથા 'નિષ્ઠા' પ્રત્યયના = 'क्त' પ્રત્યયના અર્થમાં રહેનાર અતીતત્વ = વિદ્યમાનધ્વંસપ્રતિયોગિત્વ. અર્થાત્ વિદ્યમાન એવા કાલધ્વંસના પ્રતિયોગી સ્વરૂપ વિવક્ષિત કાલમાં પ્રસ્તુત અતીતત્વ રહે. અથવા તો પ્રતિયોગિતાસંબંધથી વિદ્યમાનધ્વંસ = અતીતત્વ. અર્થાત્ પ્રથમ ક્ષણે પ્રતિયોગિતાસંબંધથી તત્-તત્ શબ્દપ્રયોગની આધારભૂત ક્ષણનો ધ્વંસ રહેતો હોવાથી પ્રથમ ક્ષણમાં પ્રસ્તુત અતીતત્વ રહેશે. તેથી અર્થનિષ્ઠ વર્તમાનકાલીનત્વ = વિદ્યમાનકાલવર્તિત્વ = 'उत्पद्यते' ઈત્યાદિ તત્ તદ્ વાક્યપ્રયોગની આધારતાવાળા કાળમાં રહેવાપણું. તથા અર્થનિષ્ઠ અતીતકાલીનત્વ એટલે 'उत्पद्यते' ઈત્યાદિ તે તે શબ્દપ્રયોગની આધારતાવાળા કાલના વિદ્યમાન એવા ધ્વંસના પ્રતિયોગી તેવા કાળમાં = ક્ષણમાં રહેવાપણું. દા.ત. 'घटादिकम् उत्पद्यते' આવા વાક્યપ્રયોગની આધારતાવાળી ક્ષણના ધ્વંસની પ્રતિયોગી બનનારી ક્ષણ સ્વરૂપ અતીતકાલમાં ઘટાદિની ઉત્પત્તિક્રિયાનું રહેવાપણું. ટૂંકમાં, તે વાક્યપ્રયોગ જે ક્ષણે થાય છે તે ક્ષણે ઘટની ઉત્પત્તિ હાજર છે. તેથી 'घटः उत्पद्यते' - આવો પ્રયોગ ત્યારે થઈ શકે છે. તાદૃશ શબ્દપ્રયોગની આધારતાવાળી પ્રથમ ક્ષણનો ધ્વંસ દ્વિતીયાદિ ક્ષણોમાં વિદ્યમાન છે. આ ધ્વંસની પ્રતિયોગિતા પ્રથમ ક્ષણમાં રહે છે. તથા પ્રથમ ક્ષણે ઘટની ઉત્પત્તિ હાજર છે. આમ 'घटः उत्पद्यते' એવા શબ્દપ્રયોગની આધારતાવાળી ક્ષણના ધ્વંસની (= પ્રથમક્ષણપ્રતિયોગિક વિદ્યમાન ધ્વંસની) પ્રતિયોગિતાથી યુક્ત એવી પ્રથમ ક્ષણમાં = અતીતકાળમાં ઘટોત્પત્તિ વૃત્તિ હોવાથી ઘટોત્પત્તિમાં તાદૃશવૃત્તિતા સ્વરૂપ (= વિદ્યમાનધ્વંસપ્રતિયોગિક્ષણનિરૂપિત વૃત્તિતા સ્વરૂપ) અતીતકાલવૃત્તિત્વ રહી જશે. આથી ઘટાદિની

अत एव 'उत्पद्यमानं घटादिकम् उत्पन्नम्' इत्यादि वाक्यम् अव्युत्पन्नतया शाब्दबोधाऽजनकम्, यतो मृत्पिण्ड-स्थास-कोश-शिवकाद्युपमर्दप्रबन्धेन उत्पद्यमाने उत्पन्नत्वान्वयोऽयोग्यत्वान्न सम्भवति। न हि 'प्रकृतशब्दप्रयोगाधारत्वलक्षणवर्त्तमानत्वविशिष्टकालवर्त्युत्पत्तिविशिष्टोऽर्थः तादृशप्रयोगाधार-कालध्वंसप्रतियोगित्वलक्षणाऽतीतत्वविशिष्टकालवर्त्युत्पत्तिविशिष्ट' इत्येवं बोधः सम्भवति, विरोधात्।

तत एव वर्तमानोत्पत्तिविशिष्टे = वर्तमानोत्पत्तिकालीने = पूर्व-पूर्वपर्यायध्वंसप्रबन्धेन उत्पद्यमाने

ઉત્પત્તિની પછીની ક્ષણોમાં 'घटः उत्पन्नः' ઈત્યાદિ વાક્યપ્રયોગ થવો ઉચિત છે.

સ્પષ્ટતા :- પ્રથમક્ષણે પ્રથમક્ષણધ્વંસ વિદ્યમાન નથી હોતો. પરંતુ દ્વિતીયક્ષણે પ્રથમક્ષણધ્વંસ ઉત્પન્ન થાય છે. તેથી દ્વિતીયાદિ ક્ષણોમાં જ પ્રથમ ક્ષણ ધ્વંસપ્રતિયોગી બને. આમ ઘટોત્પાદક્ષણે પ્રથમક્ષણમાં વિદ્યમાનધ્વંસપ્રતિયોગિત્વ રહેતું ન હોવાથી વિદ્યમાનધ્વંસપ્રતિયોગિક્ષણવૃત્તિત્વસ્વરૂપ અતીતકાલીનત્વ ત્યારે ઘટોત્પાદમાં વિદ્યમાન નથી. તેથી પ્રથમક્ષણે = ઘટોત્પત્તિક્ષણે 'ઘટ उत्पन्न' ઈત્યાદિ પ્રયોગ પ્રામાણિક નહિ બને - આ મુજબ અહીં નવ્યનૈયાયિકનું તાત્પર્ય જાણવું. આગળ આ વાત વધુ સ્પષ્ટ થશે.

✍ उत्पद्यमानમાં उत्पन्नत्वનો अन्वय બાધિત : नव्य नैयायिक ✍

(अत.) નવ્ય નૈયાયિક ઉપર પ્રમાણે જે જણાવે છે તેને લઈને નિશ્ચયનયના મંતવ્ય સાથે વિરોધ આવે છે. અર્થાત્ 'उत्पद्यमानं घटादिकम् उत्पन्नं' આવો વાક્યપ્રયોગ અવ્યુત્પન્ન હોવાથી શાબ્દબોધજનક ન બની શકે. કારણ કે મૃત્પિંડ, સ્થાસ, કોશ, શિવક વગેરે પર્યાયના ઉપમર્દનની પરિપાટીથી ઉત્પદ્યમાન એવા ઘટાદિમાં ઉત્પન્નત્વનો અન્વય, અયોગ્ય હોવાના કારણે, સંભવી શકતો નથી. પ્રસ્તુત અન્વયને અયોગ્ય કહેવાનું કારણ એ છે કે "ઉત્પદ્યમાન ઘટ એ ઉત્પન્ન છે. અર્થાત્ વિદ્યમાનકાલવર્તીઉત્પત્તિવિશિષ્ટ ઘટ [= 'उत्पद्यमानं घटादिकं....' ઈત્યાદિ વાક્યપ્રયોગના આધારભૂત વર્તમાનકાલમાં રહેનારી ઉત્પત્તિથી યુક્ત ઘડો] એ વિદ્યમાનધ્વંસપ્રતિયોગિકાલવૃત્તિ એવી ઉત્પત્તિથી યુક્ત છે. મતલબ કે તે ઘડો 'उत्पद्यमानं घटादिकम्' ઈત્યાદિ શબ્દપ્રયોગના આધારભૂત કાલના વિદ્યમાન એવા ધ્વંસના પ્રતિયોગી સ્વરૂપ કાલમાં રહેનારી ઉત્પત્તિથી વિશિષ્ટ છે" - આવા પ્રકારનો શાબ્દબોધ સંભવી શકતો નથી. કારણ કે વર્તમાનકાલીન ઉત્પત્તિથી યુક્ત એવા ઘડાને અતીતકાલીન ઉત્પત્તિથી વિશિષ્ટ માનવામાં વિરોધ આવે છે. તે આ રીતે - 'उत्पद्यमानं' માં રહેલ शतृप्रत्यय વર્તમાનકાલને જણાવે છે. અર્થાત્ ઘટની ઉત્પત્તિ વર્તમાનકાલીન છે. તથા 'उत्पन्नं' માં રહેલ નિષ્ઠાપ્રત્યય અતીતકાલને દર્શાવે છે. અર્થાત્ ઘટની ઉત્પત્તિ અતીતકાલીન છે. 'उत्पद्यमानं' શબ્દપ્રયોગ દ્વારા સૂચિત વર્તમાનકાલીન ઉત્પત્તિથી વિશિષ્ટ એવા ઘડામાં અતીતકાલીન ઉત્પત્તિ રહેતી નથી. તે સમયે ઘટની ઉત્પત્તિ વર્તમાનકાલીન હોવાથી તેમાં અતીતકાલીનત્વ = વિદ્યમાનધ્વંસ-પ્રતિયોગિકાલનિરૂપિતવૃત્તિત્વ રહી ન શકે. આ વાત એકદમ સ્પષ્ટ છે. આમ 'उत्पद्यमानं घटादिकम् उत्पन्नम्' - આ વાક્યનો અર્થ બાધિત થશે. તેથી તે વાક્ય અપ્રમાણભૂત બનશે. તેથી તેવો વાક્યપ્રયોગ કરી ન શકાય. આ પ્રમાણે નવ્યનૈયાયિકો નિશ્ચયનયના વિરોધમાં પોતાનું મંતવ્ય પ્રગટ કરે છે.

✡ उत्पत्तिधारास्वरूप निष्ठाना अन्वयनी मीमांसा ✡

(तत एव.) વર્તમાન ઉત્પત્તિથી વિશિષ્ટ પદાર્થને અતીત ઉત્પત્તિથી વિશિષ્ટ માનવામાં વિરોધ હોવાના કારણે જ વર્તમાનઉત્પત્તિવિશિષ્ટ = વર્તમાનઉત્પત્તિકાલીન = પૂર્વ-પૂર્વપર્યાયધ્વંસપરિપાટીથી ઉત્પદ્યમાન

અનઈં **नश्** ધાતુનો અર્થ નાશ નઈં ઉત્પત્તિ એહ ૨ લેઈ, તદુત્પત્તિ કાલત્રયનો અન્વય સંભવતો કહિઈં.

ઘટાદૌ ઉત્પત્તિધારારૂપાં નિશ્ચયનયસમ્મતાં તત્તદુત્પત્તિનિષ્ઠામપેક્ષ્ય 'उत्पद्यमानं घटादिकम् उत्पन्नमि'तिરૂપેણ ભૂતપ્રત્યયો ન પ્રયોક્તું યુજ્યતે। ન હિ તદોત્પત્તિક્રિયાયા અતીતકાલીનત્વમઙ્ગીક્રિયતે।

अथ એવં 'ઘટો નશ્યતી'ત્યત્ર 'પ્રકૃતશબ્દપ્રયોગાધારત્વલક્ષણવર્ત્તમાનત્વવિશિષ્ટક્ષણવૃત્તિનાશક્રિયાવાન્ ઘટ' ઇતિ અન્વયઃ, 'ઘટો વિનષ્ટ' ઇત્યત્ર ચ 'નશ્યતિપ્રયોગાધારભૂતક્ષણપ્રતિયોગિકધ્વંસાધિકરણક્ષણવૃત્તિનાશક્રિયાવાન્ ઘટઃ' ઇતિ અન્વયબોધઃ અભ્યુપગન્તવ્યઃ સ્યાત્। ઇત્થઞ્ચ 'નશ્યતી'ત્યત્ર ધાત્વર્થનાશરૂપક્રિયાયામ્ આખ્યાતાર્થકાલાન્વયસ્ય અભ્યુપગતત્વેન વિનષ્ટદશાયામપિ 'નશ્યતિ' ઇતિ પ્રયોગ આપદ્યેત, તદાऽપિ નાશસ્ય સત્ત્વાત્, નાશસ્ય ધ્વંસરૂપત્વેન અનન્તત્વાત્। તતશ્ચ 'નશ્યતી'ત્યાદૌ નૈયાયિકાનાં કા ગતિઃ ? ઇતિ ***चेत्*** ?

मैवम्, 'નશ્યતી'ત્યાદૌ નશ્ધાત્વર્થવિધયા નાશોત્પાદૌ દ્વૌ એવ સ્વીકૃત્ય, **व्युत्पत्तिवादानुसारेण** (**आख्यातप्रकरण**-પૃ.૫૭૨) પ્રતિયોગિત્વરૂપકર્તૃત્વઞ્ચાऽऽખ્યાતાર્થતયા અઙ્ગીકૃત્ય 'પ્રત્યયાનાં પ્રકૃત્ય-

(હમણાં જેની ઉત્પત્તિ થઈ રહેલી છે તેવા) ઘટ વગેરે પદાર્થમાં નિશ્ચયનયને સંમત એવી ઉત્પત્તિધારા સ્વરૂપ તત્ તદ્ ઉત્પત્તિનિષ્ઠાની (= સ્થાસ, કોશ આદિની ઉત્પત્તિની સમાપ્તિની) અપેક્ષાએ 'उत्पद्यमानं घटादिकम् उत्पन्नं' - આ પ્રમાણે 'નિષ્ઠા' પ્રત્યયનો = ભૂતપ્રત્યયનો = ભૂતકાલબોધક પ્રત્યયનો પ્રયોગ કરવો યોગ્ય નથી. કેમ કે 'ઘટ વગેરે પદાર્થ જ્યારે ઉત્પદ્યમાન (= ઉત્પન્ન થઈ રહેલા) હોય ત્યારે ઉત્પત્તિની ક્રિયા અતીત = વિનષ્ટ છે' તેવું માનવામાં આવતું નથી.

शंका :- (**अथ.**) 'उत्पद्यते, उत्पन्नम्' વગેરે સ્થળે જે રીતે અન્વયબોધ તમે નવ્યનૈયાયિકો કરો છો, તે રીતે તુલ્યન્યાયથી 'घटः नश्यति' સ્થળમાં 'પ્રસ્તુત શબ્દપ્રયોગના આધારભૂત વર્ત્તમાનકાલમાં રહેનારી નાશક્રિયાવાળો ઘડો છે' - આવો અન્વયબોધ માનવો પડશે. તથા 'ઘટો વિનષ્ટઃ' આ સ્થળમાં 'નશ્યતિ' પ્રયોગની આધારભૂત વર્ત્તમાનક્ષણના ધ્વંસનું અધિકરણ બનનારી ક્ષણમાં = ઉત્તરક્ષણમાં રહેનારી નાશક્રિયાથી વિશિષ્ટ ઘડો છે' - આ મુજબ અન્વયબોધ તમારે માનવો પડશે. આમ તમને 'નશ્યતિ' - સ્થળમાં 'નશ્' ધાતુના અર્થભૂત નાશક્રિયામાં જ 'તિ' આખ્યાતના અર્થભૂત વર્ત્તમાનકાળનો અન્વય માન્ય હોવાથી જ્યારે નાશાત્મક ક્રિયા સંપૂર્ણ થઈ ગયેલ હશે (= ઘડો નષ્ટ થઈ ચૂકેલ હશે) ત્યારે પણ 'नश्यति' - આવો પ્રયોગ થવાની આપત્તિ આવશે. કારણ કે નાશરૂપ ક્રિયા = ધ્વંસ છે. તથા ધ્વંસનો ક્યારેય અંત = નાશ થતો નથી. તેથી જ્યારે ઘડો નષ્ટ હશે ત્યારે પણ નાશ તો હાજર જ છે. આમ ઘટધ્વંસોત્પાદ પછીની ક્ષણોમાં નૈયાયિકને 'घटो नश्यति' - આ વાક્યપ્રયોગને પ્રમાણભૂત માનવાની આપત્તિ દુર્વાર બનશે. તેથી 'घटो नश्यति' વગેરે સ્થળમાં તમે નવ્ય નૈયાયિકો કયો રસ્તો કાઢશો ?

❖ 'नश्' ધાતુના બે અર્થની વિચારણા ❖

समाधान :- (**मैवम्.**) ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે 'નશ્યતિ' - ઈત્યાદિ વાક્યમાં 'નશ્' ધાતુના અર્થરૂપે નાશ અને ઉત્પત્તિ - આ બન્નેનો જ સ્વીકાર કરીને તથા **વ્યુત્પત્તિવાદ**ગત **આખ્યાતપ્રકરણ** મુજબ (પૃષ્ઠ-૫૭૨) પ્રતિયોગિતાસ્વરૂપ કર્તૃત્વને 'તિ' આખ્યાતના અર્થ તરીકે સ્વીકારીને

(ઇમ ઉત્પત્તિવિશિષ્ટનો = નાશનો વ્યવહાર તુઝ ઈષ્ટ.)

र्थान्वितस्वार्थबोधकत्वमि'ति न्यायेन नाशप्रतियोगिके उत्पादे वर्तमानातीतानागतलक्षणकालत्रयान्वयस्य सम्भवाद् घटनाशप्रतियोगिकोत्पादस्य वर्त्तमानकालीनत्वे 'घटो नश्यती'ति प्रयुज्यते, तस्य अतीतत्वे 'घटो नष्टः' इति प्रयुज्यते, तस्य चाऽनागतत्वे 'घटो नङ्क्ष्यती'ति प्रयुज्यते इत्येवं नशधातोः खण्डशः शक्त्या नाशोत्पादलक्षणाऽर्थद्वयोपस्थितौ सत्याम् उत्पादलक्षणे एकस्मिन्नर्थे कालत्रयाऽन्वयेन **उत्पत्तिविशिष्टप्रध्वंसव्यवहृतिः** = उत्पादविशिष्टनाशे कालत्रितयस्य व्यवहृतिः **मता** = नव्यनैयायिकानां सम्मता।

एवमेव प्रागभावनाशप्रतियोगिकोत्पादेऽपि कालत्रयान्वयः सम्भवति। ततश्च प्रागभावनाशोत्पादस्य वर्त्तमानकालीनत्वे 'प्रागभावो नश्यती'ति प्रयुज्यते, अतीतकालीनत्वे 'नष्टः' इति, अनागतकालीनत्वे च 'नङ्क्ष्यति' इति। इत्थम् उत्पादशून्ये प्रागभावेऽपि कालत्रितयगर्भिता नाशव्यवहृतिः नव्य-

'प्रत्ययो हंमेशा प्रकृतिअर्थथी युक्त એવા પોતાના અર્થને જણાવે છે' - આ ન્યાયથી નાશપ્રતિયોગિક ઉત્પાદમાં (= ધ્વંસના ઉત્પાદમાં) વર્તમાનકાલ, ભૂતકાલ અને ભવિષ્યકાલ - આમ ત્રણ કાલનો અન્વય સંભવી શકે છે. તેથી ઘટનાશપ્રતિયોગિક ઉત્પાદ જ્યારે વર્તમાનકાલીન હોય છે ત્યારે 'ઘટો નશ્યતિ' એવો વાક્યપ્રયોગ થશે. તથા ઘટનાશપ્રતિયોગિક ઉત્પાદ જ્યારે ભૂતકાલીન હોય ત્યારે 'ઘટો નષ્ટઃ' એવો વાક્યપ્રયોગ થશે. તથા ઘટનાશપ્રતિયોગિક ઉત્પાદ જ્યારે ભવિષ્યકાલીન હશે ત્યારે 'ઘટો નङ्क्ष्यति' એવો વાક્યપ્રયોગ થશે. આ રીતે ઉત્પત્તિ અને નાશ - આમ 'નશ્' ધાતુના બે અર્થ ખંડશઃ શક્તિથી ઉપસ્થિત થાય છે. તથા તેમાંથી એક અર્થભૂત ઉત્પત્તિમાં ત્રણ કાળનો અન્વય કરીને નાશનો કાલત્રયગર્ભિત વ્યવહાર અમને નવ્યનૈયાયિકોને સંમત છે. પ્રસ્તુતમાં 'ઉત્પત્તિવિશિષ્ટ' એમ કહેવાથી ધ્વંસસ્વરૂપ અભાવનું ગ્રહણ સમજવું.

સ્પષ્ટતા :- નૈયાયિક મત મુજબ નાશનો = ધ્વંસનો નાશ = ધ્વંસ થતો નથી. તેથી નાશને અતીત કહેવાનું શક્ય નથી. તેથી નાશમાં વર્તમાનકાળનો અને ભવિષ્યકાળનો અન્વય થઈ શકવા છતાં પણ તેમાં ભૂતકાળનો અન્વય સંભવતો નથી. તેથી ઉત્પત્તિવાળા અભાવાત્મક પદાર્થનો = ધ્વંસનો ત્રણેય કાળથી ઘટિત પ્રયોગ સંભવી નહિ શકે. આવું ન બને તે માટે નવ્યનૈયાયિકોએ 'નશ્' ધાતુનો અર્થ ફક્ત નાશ માનવાના બદલે નાશ અને ઉત્પત્તિ - એમ બે અર્થનો સ્વીકાર કરેલ છે. તેથી 'નશ્યતિ'નો અર્થ નાશપ્રતિયોગિક વર્ત્તમાનકાલીન ઉત્પત્તિ થશે. આ પ્રમાણે 'નશ્યતિ' પ્રયોગનું અર્થઘટન નવ્યનૈયાયિકો કરે છે. બાકીનો અર્થ ઉપરમાં સ્પષ્ટ છે.

(**एवमे.**) પ્રાગભાવના નાશની ઉત્પત્તિમાં પણ આ જ રીતે ત્રણ કાળનો અન્વય સંભવી શકે છે. તેથી પ્રાગભાવનાશપ્રતિયોગિક ઉત્પાદ જ્યારે વર્તમાનકાલીન હશે ત્યારે 'પ્રાગભાવો નશ્યતિ' એવો વાક્યપ્રયોગ થશે. તથા તે ઉત્પાદ જ્યારે ભૂતકાલીન હશે ત્યારે 'પ્રાગભાવો નષ્ટઃ' એવો વાક્યપ્રયોગ થશે. તથા તે ઉત્પાદ જ્યારે ભવિષ્યકાલીન હશે ત્યારે 'પ્રાગભાવો નङ્क્ષ્યતિ' - એવો વાક્યપ્રયોગ થશે. આ પ્રમાણે 'ઉત્પાદરહિત અનાદિ પ્રાગભાવમાં પણ નાશનો કાલત્રયગર્ભિત વ્યવહાર અમને સંમત છે'

ઈમ કહતાં નશ્યત્સમયઈ "**नष्टः**" એ પ્રયોગ ન હોઈ; જે માટઈ તે કાલઈ □નાશોત્પત્તિનું અતીતત્વ નથી.

નૈયાયિકાનાં **મતા**।

एवञ्च नश्यत्समये = घटनाशस्योत्पत्तिक्षणे 'घटो नष्टः' इति प्रयोगो न सम्भवति, तदा घटनाशस्योत्पतेः वर्त्तमानकालीनतया अतीतत्वाऽभावात्।

न चाऽत्र नश्धातोरेव नाशप्रतियोगिकोत्पत्तौ लक्षणाऽस्तु, न तु नाशोत्पादयोरुभयोः तत्प्रतिपाद्यता, गौरवादिति ***वाच्यम्,***

- આ પ્રમાણે નવ્યનૈયાયિકો કહે છે.

❋ 'नश्यद् नष्टं' प्रयोग अमान्य : नव्य नैयायिक ❋

(**एवञ्च.**) 'નશ્' ધાતુનો અર્થ નાશ અને ઉત્પત્તિ સ્વીકારી, નાશપ્રતિયોગિક ઉત્પાદમાં અતીત આદિ કાલનો અન્વય માનવાથી 'નશ્યત્'સમયે = ઘટનાશઉત્પત્તિના સમયે 'ઘટો નષ્ટઃ' આવા પ્રકારનો વાક્યપ્રયોગ થઈ ન શકે. કારણ કે 'નશ્યત્' માં રહેલ શતૃપ્રત્યય વર્તમાનત્વને જણાવે છે. અર્થાત્ ઘટનાશની ઉત્પત્તિ વર્તમાનકાલીન છે. તથા 'નષ્ટં' માં રહેલ નિષ્ઠાપ્રત્યય અતીતત્વને જણાવે છે. અર્થાત્ ઘટનાશની ઉત્પત્તિ અતીતકાલીન છે. આમ ઉપરોક્ત શબ્દપ્રયોગમાં 'નશ્' ધાતુ પછી રહેલ નિષ્ઠા પ્રત્યયનો અર્થ અતીતત્વ ત્યારે 'નશ્યત્' થી પ્રતિપાદ્ય વર્તમાનકાલીન ઘટનાશપ્રતિયોગિક ઉત્પાદમાં અવિદ્યમાન છે. તે સમયે ઘટનાશની ઉત્પત્તિ વર્તમાનકાલીન હોવાથી તેમાં અતીતકાલીનત્વ = વિદ્યમાનધ્વંસપ્રતિયોગિકાલવૃત્તિત્વ રહી ન શકે. આ વાત સ્પષ્ટ છે. આમ 'नश्यद् नष्टं' - આવા પ્રકારનું નિશ્ચયનયસંમત વાક્ય પણ 'उत्पद्यमानम् उत्पन्नं' વાક્યની જેમ બાધિત અર્થવાળું હોવાથી અપ્રમાણભૂત બનશે. તેથી તેવો વાક્યપ્રયોગ કરી ન શકાય. આ પ્રમાણે નવ્યનૈયાયિકોનું કથન નિશ્ચયનયની સામે ઉપસ્થિત થાય છે.

● 'नश्' धातुनी नाशोत्पत्तिमां लक्षणा : शंका ●

शंका :- (**न चाऽत्र.**) પ્રસ્તુતમાં 'નશ્' ધાતુના નાશ અને ઉત્પત્તિ - આ બે અર્થ માનવાને બદલે (અર્થાત્ બે અર્થમાં 'નશ્' ધાતુની પ્રતિપાદ્યતા = શક્તિ માનવાને બદલે) 'નશ્' ધાતુનો અર્થ ફક્ત નાશ માની (અર્થાત્ 'નશ્' ધાતુની શક્તિ 'નાશ' અર્થમાં માની) ઉપરોક્ત સ્થળે 'નષ્ટઃ' આવા વાક્યપ્રયોગની સંગતિ માટે 'નશ્' ધાતુની નાશપ્રતિયોગિક ઉત્પત્તિમાં લક્ષણા કરવી વ્યાજબી છે. કારણ કે 'નશ્' ધાતુના બે અર્થ માનવામાં ગૌરવ છે. જ્યારે 'નશ્' ધાતુની નાશ અર્થમાં શક્તિ માનવામાં લાઘવ છે. તથા નૈયાયિકમતે નાશનો નાશ થતો ન હોવાથી નાશમાં અતીતકાલનો અન્વય બાધિત થવાના લીધે 'ઘટો નષ્ટઃ', વગેરે સ્થળે 'નશ્' ધાતુની નાશપ્રતિયોગિક ઉત્પત્તિમાં લક્ષણા કરવી વ્યાજબી છે. શક્યાર્થનો બાધ હોય ત્યાં લક્ષણા કરીને પ્રસિદ્ધ વાક્યની પ્રમાણભૂતતાને ટકાવવાની વાત વિદ્વાનોને માન્ય જ છે. પરંતુ અમુક સ્થળે ધાતુનો શક્યાર્થ બાધિત થવાથી તમામ સ્થળે અન્ય અર્થને જ શક્યાર્થ તરીકે સ્વીકારવો કઈ રીતે ઉચિત બને ? અન્યથા 'गंगायां घोषः' - વાક્યપ્રયોગના અનુરોધથી 'ગંગા' પદની વિશિષ્ટ જળપ્રવાહને બદલે 'ગંગાતટ' અર્થમાં શક્તિ માનવાની આપત્તિ આવશે.

□ કો.(૧૦)માં 'नाश्योत्पत्तिनुं' પાઠ.

तथा सति "नाशस्य पदार्थैकदेशतया प्रत्ययार्थे प्रतियोगित्वेऽनन्वयापातात्, एकदेशान्वयस्याऽव्युत्पन्नत्वा-दिति" (**तत्त्वचिन्तामणि** अनु.ख.प्रकरण १५/पृ.६७३) **भवानन्दाभिप्रायः सामान्यलक्षणा-दीधिति-प्रकाशे**।

दीधितिकृन्मते च 'नश्यती'त्यादौ उत्पत्तेः लडादिप्रत्ययार्थत्वमेव, न तु नशधात्वर्थत्वम्। तदुक्तं **रघुनाथशिरोमणिना सामान्यलक्षणा-दीधितौ** "नङ्क्ष्यति, नश्यति, नष्टः – इत्यादौ च प्रत्ययेन यथायथमनागता, वर्तमाना अतीता चोत्पत्तिः (प्रत्याय्यते), तस्यामेव च कालविशेषादिः विशेषणत्वेनाऽन्वेति" (सा.ल.दी.पृ. ६७३) इति।

"अत्र चैवकारेण नाशादिक्रियाव्यवच्छेदः कृतः, अन्यथा नाशस्य विद्यमानत्वाद् 'नष्ट' इत्यादि-

❯ એકદેશ અન્વય અમાન્ય : સમાધાન ❮

સમાધાન :- (**तथा सति.**) તમારી દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે 'નશ્' ધાતુની નાશ અર્થમાં શક્તિ માની 'घटो नष्टः'... ઈત્યાદિ સ્થળમાં 'નશ્' ધાતુની 'નાશોત્પત્તિ' અર્થમાં લક્ષણા માનવામાં આવે તો 'ઘટપ્રતિયોગિક નાશની ઉત્પત્તિ અતીત છે' - આવો અર્થ ઉપરોક્ત વાક્ય દ્વારા પ્રાપ્ત થઈ નહિ શકે. કારણ કે ઉપરોક્ત સ્થળે 'નશ્' ધાતુની નાશોત્પત્તિમાં લક્ષણા કરવાથી ધાતુનો અર્થ = પદાર્થ નાશોત્પત્તિ બને છે. તેથી નાશ પદાર્થ નથી બનતો પણ પદાર્થનો એક દેશ બને છે. તેથી પ્રત્યયાર્થ સ્વરૂપ પ્રતિયોગિતામાં નાશનો અન્વય થઈ નહિ શકે. અર્થાત્ 'ઘટપ્રતિયોગિકનાશપ્રતિ-યોગિકઉત્પત્તિ અતીતકાલીન છે' - આવો શાબ્દબોધ થઈ નહિ શકે. કારણ કે પ્રત્યયાર્થમાં પ્રકૃતિઅર્થના બદલે (= પદાર્થના બદલે) તેના એકદેશનો (= નાશનો) અન્વય અવ્યુત્પન્ન છે. અર્થાત્ શાબ્દબોધસ્થલીય વ્યુત્પત્તિથી એકદેશ અન્વય માન્ય બનતો નથી. આ પ્રમાણે **'तत्त्वचिंतामणि'** ગ્રંથના અનુમાનખંડના **સામાન્યલક્ષણા** નામના પ્રકરણની **દીધિતિ** ટીકા ઉપર **દીધિતિપ્રકાશ** નામની ઉપટીકામાં **ભવાનંદ** તર્કવાગીશ નામના નવ્યનૈયાયિકનું મંતવ્ય છે.

❋ 'નશ્' ધાતુ સ્થળે દીધિતિકારમતપ્રદર્શન ❋

(**दीधिति.**) **तत्त्वचिंतामणि** ગ્રંથ ઉપર **દીધિતિ** નામની ટીકાની રચના કરનાર **રઘુનાથ શિરોમણિ** નામના નવ્યનૈયાયિકના મતે તો 'नश्यति' વગેરે સ્થળમાં પાણિનિવ્યાકરણ મુજબ જે 'લટ્' પ્રત્યય (તિપ્, તસ્, અન્તિ વગેરે) પ્રયોજાય છે તેનો જ અર્થ ઉત્પત્તિ છે. 'નશ્' ધાતુનો અર્થ ઉત્પત્તિ નથી. તેથી **સામાન્યલક્ષણા** પ્રકરણની **દીધિતિ વ્યાખ્યા**માં **રઘુનાથશિરોમણિ**એ જણાવેલ છે કે "નङ्क्ष्यति, नश्यति, नष्टः - વગેરે સ્થળમાં 'स्यति, ति, क्त' વગેરે પ્રત્યયથી ક્રમશઃ અનાગત ઉત્પત્તિ, વર્તમાન ઉત્પત્તિ અને અતીત ઉત્પત્તિ જણાવાય છે અને તે ઉત્પત્તિમાં જ વિશેષણ તરીકે અનાગત, વર્તમાન આદિ જુદા જુદા કાલનો અન્વય થાય છે." પ્રસ્તુતમાં દીધિતિકારે 'નશ્' ધાતુના અર્થરૂપે ઉત્પત્તિનો સ્વીકાર કર્યો નથી. પરંતુ ધાતુને લાગનાર 'स्यति, ति' વગેરે પ્રત્યયના જ અર્થરૂપે ઉત્પત્તિને જણાવેલ છે.

❋ ગદાધર દ્વારા દીધિતિકારમતસમર્થન ❋

("**अत्र.**) "પ્રસ્તુતમાં દીધિતિકારે 'અતીત આદિ કાલનો વિશેષણરૂપે ઉત્પત્તિમાં જ અન્વય થાય'-આ પ્રમાણે 'જ' કારનો પ્રયોગ કરવા દ્વારા 'નશ્' ધાત્વર્થ નાશ વગેરે ક્રિયાનો વ્યવચ્છેદ કરેલ છે. ધાત્વર્થ ક્રિયા હોવાથી નશ્ ધાત્વર્થ સ્વરૂપ નાશ વગેરે ક્રિયામાં અતીત આદિ કાલનો અન્વય દીધિતિકારને

व्यवहाराऽनापत्तेरिति" (तत्त्वचिन्तामणि-अनुमानखण्ड-सा.ल.दी.गादाधरी पृ.८२७) **तत्त्वचिन्तामणौ अनुमानखण्डे सामान्यलक्षणाप्रकरणदीधितेः वृत्तौ गदाधराऽभिप्रायः।**

व्युत्पत्तिवादे तु **गदाधरेण** एव "नश्यति - इत्यादौ क्रियायां कालान्वयस्वीकारे विनष्टादावपि 'नश्यति' इत्यादिप्रयोगः स्यादिति तत्रोत्पत्तेरपि लडाद्यर्थत्वमुपगम्य तत्रैव कालान्वयं **दीधितिकृदु**पजगाम।

वस्तुतस्तु नाशत्वम् = उत्पत्तिमदभावत्वम्।

માન્ય નથી. કેમ કે નૈયાયિકોના મતે ધ્વંસ નામનો અભાવ સાદિ-અનંતકાલીન છે. ધ્વંસની ઉત્પત્તિ થયા પછી કદાપિ ધ્વંસનો નાશ થતો નથી. એક વાર ધ્વંસ ઉત્પન્ન થયા પછી ધ્વંસ કાયમ વિદ્યમાન રહે છે. તેથી ધ્વંસમાં અતીતકાલનો અન્વય થઈ શકતો નથી. તેથી ધાત્વર્થસ્વરૂપ નાશમાં વિશેષણરૂપે કાળનો અન્વય કરવામાં આવે (= અન્યથા) તો 'ઘટો નષ્ટઃ', 'ઘટઃ અનશ્યત્' .... ઈત્યાદિ વાક્યપ્રયોગ થઈ ન શકે. કેમ કે નાશમાં અતીતત્વ બાધિત છે. તેથી 'નશ્યતિ' વગેરે સ્થળમાં વિશેષણતાસંબંધથી કાલનો અન્વય ધાત્વર્થ સ્વરૂપ નાશમાં કરવાના બદલે પ્રત્યયાર્થ સ્વરૂપ ઉત્પત્તિમાં કરવો જોઈએ." આ પ્રમાણે **तत्त्वचिंतामणि** ગ્રન્થના **अनुमानखंड**ના **सामान्यलक्षणाप्रकरण**ની **दीधितिव्याख्या** ઉપર **गादाधरी** નામની ઉપવ્યાખ્યા રચનાર **गदाधर** નામના વિદ્વાનનો અભિપ્રાય છે.

❋ व्युत्पत्तिवादमां 'नश्यति' स्थळमां दीधितिकारमतप्रदर्शन ❋

(**व्यु.**) **व्युत्पत्तिवाद** નામના ગ્રંથમાં તો તે જ **गदाधर** નામના વિદ્વાને જણાવેલ છે કે "नश्यति વગેરે સ્થળે નાશક્રિયામાં કાલનો અન્વય સ્વીકારવામાં આવે તો નૈયાયિકમત મુજબ ધ્વંસનો ધ્વંસ ન થતો હોવાથી જે ઘડાનો પૂર્વે નાશ થઈ ચૂકેલો છે તે ઘડાને ઉદ્દેશીને 'घटः नश्यति...' ઈત્યાદિ રૂપે વાક્યપ્રયોગ થવાની આપત્તિ આવશે. વાસ્તવમાં તે સ્થળે 'घटो नष्टः' અથવા 'घटोऽनश्यत्' - આવો પ્રયોગ થવો જોઈએ. પરંતુ ધાત્વર્થમાં પ્રત્યયાર્થ કાળનો અન્વય સ્વીકારવામાં આવે તો ધાત્વર્થ નાશમાં વર્તમાનત્વનો અન્વય અબાધિત હોવાથી વિનષ્ટ ઘટને ઉદ્દેશીને પણ 'नश्यति' આવો વ્યવહાર પ્રામાણિક થવાની આપત્તિ આવશે. આવું ન બને તે માટે 'नश्यति' વગેરે સ્થળમાં ઉત્પત્તિને પણ 'लट्' પ્રત્યય ('तिप्' પ્રત્યય) વગેરેનો અર્થ માનીને 'लट्' પ્રત્યયના એક અર્થ સ્વરૂપ વર્તમાન કાળનો 'लट्' પ્રત્યયના બીજા અર્થ સ્વરૂપ ઉત્પત્તિમાં જ અન્વય દીધિતિકારે સ્વીકારેલો છે. ઉત્પત્તિ અનિત્ય હોવાના કારણે 'नश्यत्' અવસ્થામાં નાશોત્પત્તિ હાજર હોવા છતાં વિનષ્ટ દશામાં નાશોત્પત્તિ ગેરહાજર હોવાથી ઘટનાશઉત્તરકાલીન અવસ્થામાં = વિનષ્ટ દશામાં 'घटो नश्यति' - આવા શબ્દપ્રયોગની આપત્તિ નહિ આવે. કેમ કે ત્યારે ઘટનાશોત્પત્તિ અતીત છે, વર્તમાન નથી. તેથી 'तिप्' પ્રત્યયનો અર્થ = વર્તમાનત્વ ત્યારે ઘટનાશોત્પત્તિમાં બાધિત = ગેરહાજર હોવાથી વિનષ્ટ દશામાં 'नश्यति' આવો વાક્યપ્રયોગ અપ્રામાણિક બનશે. આ પ્રમાણે દીધિતિકારનો આશય છે.

❋ 'नश्यति' स्थळमां गदाधरमतप्रकाशन ❋

(**वस्तु.**) વાસ્તવમાં તો નાશની ઉત્પત્તિ થતી હોવાથી નાશત્વ = 'उत्पत्तिमदभावत्व' = ઉત્પત્તિવિશિષ્ટ અભાવત્વ બને. (નૈયાયિકસંમત પ્રાગભાવ, ધ્વંસ, અત્યન્તાભાવ અને અન્યોન્યાભાવ - આમ ચાર પ્રકારના અભાવમાંથી ફક્ત ધ્વંસ નામનો અભાવ જ જન્ય = ઉત્પાદયોગ્ય છે. તેથી ઉત્પાદવિશિષ્ટ એવો અભાવ = ધ્વંસ થશે. તેથી ધ્વંસત્વ એટલે સામાનાધિકરણ્યસંબંધથી ઉત્પાદવિશિષ્ટઅભાવત્વ.)

*ઈમ સમર્થન નાશવ્યવહારનું જો કરો છો,

तथा च धातुप्रतिपाद्यतावच्छेदकोत्पत्तावेव कालान्वय इत्येव साधीयः।

'वर्त्तमानकालस्योत्पत्तिसम्बन्धेन धात्वर्थेऽन्वय' इत्यपि वदन्ति" (व्यु.वा.आख्यातप्रकरण-पृ.५९७) इत्येवं व्युत्पादितम्।

गदाधरमते तु "उत्पत्तौ लडादेः शक्तिकल्पनाऽपेक्षा नास्तीतीदमेव लाघवमि"ति (व्यु.वा.आ.वृ. पृ.५९७) **व्युत्पत्तिवादाऽऽदर्शटीकायां सुदर्शनाचार्यः**।

इत्थमुत्पत्तौ मिथोविभक्तकालाऽन्वयात् परस्पर-पृथक्कालत्रितयार्थक-लट्-लङादिप्रत्ययघटितवाक्यैः घटादिनाशव्यवहारः परैः समर्थ्यते निश्चयनयमतञ्च नैवाऽऽद्रियते –

(**तथा.**) તેથી 'नश्' ધાતુનો અર્થ ઉત્પત્તિમાન્ અભાવ બનશે. ઉત્પત્તિવિશિષ્ટ અભાવમાં (= ધ્વંસમાં) રહેલ 'नश्' ધાતુની પ્રતિપાદ્યતાનો અવચ્છેદક ઉત્પત્તિ બનશે. કેમ કે તે ઉત્પત્તિ 'नश्' ધાતુથી પ્રતિપાદ્ય એવા અભાવનું વિશેષણ છે. તેથી 'नश्' ધાતુપ્રતિપાદ્યતાઅવચ્છેદકીભૂત (= ધાતુઅર્થની એકદેશભૂત) ઉત્પત્તિમાં જ 'तिप्' પ્રત્યયાર્થ = વર્તમાનકાળ વગેરેનો અન્વય કરવો એ જ વ્યાજબી છે.

✡ देशान्वय गदाधरमान्य ✡

સ્પષ્ટતા :- **વ્યુત્પત્તિવાદ** પ્રથમકારકમાં પૃષ્ઠ-૨૧૬ ઉપર **ગદાધરે** દેશાન્વય સ્વીકારેલ છે. તેમ અહીં વ્યુત્પત્તિવૈચિત્ર્યથી 'नश्'ધાત્વર્થના એકદેશભૂત ઉત્પાદમાં કાળનો અન્વય **ગદાધરે** જણાવેલ છે.

❀ 'नश्यति' સ્થળમાં અન્યમત ❀

(**'વર્તમાન.**) અમુક વિદ્વાનો એવું કહે છે કે 'नश्यति' વગેરે સ્થળમાં ધાત્વર્થ સ્વરૂપ નાશમાં જ 'तिप्' પ્રત્યયાર્થ વર્તમાનકાળનો ઉત્પત્તિસંબંધથી અન્વય કરવો જોઈએ. એક વાર નાશ ઉત્પન્ન થયા પછી કાયમ હાજર રહેવા છતાં પણ નાશોત્પત્તિ ઉત્તરકાળમાં ગેરહાજર હોવાથી વિનષ્ટ દશામાં 'नश्यति' એવા વાક્યપ્રયોગની આપત્તિ નહિ આવે. કારણ કે ઘટનાશના ઉત્તરકાળમાં, ઘટનાશમાં વર્તમાનત્વ રહેવા છતાં નાશ અને વર્તમાનત્વ વચ્ચે સંબંધ બનનાર ઉત્પત્તિ ગેરહાજર છે" - આ પ્રમાણે **ગદાધરે વ્યુત્પત્તિવાદ**માં 'नश्यति' સ્થળમાં કેવા પ્રકારે અન્વયબોધ થાય ? તેનું વિવિધ મતથી વ્યુત્પાદન કરેલ છે.

(**ગદા.**) **ગદાધર**મતે "નાશત્વ = ઉત્પત્તિમદ્ અભાવત્વ - આવી વ્યાખ્યા કરીને ધાત્વર્થતાઅવચ્છેદકમાં (= ઉત્પત્તિમાં) કાળનો અન્વય કરવાથી ઉત્પત્તિમાં 'लट्' વગેરે પ્રત્યયની શક્તિની કલ્પના આવશ્યક રહેતી નથી એ જ લાઘવ છે" - આમ **વ્યુત્પત્તિવાદ**ની **આદર્શ** ટીકામાં **સુદર્શનાચાર્યે** જણાવેલ છે.

❀ નવ્યનૈયાયિકમતે વિભક્ત કાલત્રયઅન્વય ❀

(**ઇત્થ.**) આ રીતે ઉત્પત્તિમાં પરસ્પર અલગ વર્તમાનકાળ, ભૂતકાળ વગેરેનો અન્વય કરીને નવ્ય નૈયાયિકો પરસ્પર વિભિન્ન વર્તમાન આદિ ત્રણ કાળને પોતાના અર્થ સ્વરૂપે દર્શાવનાર 'लट्, लङ्' વગેરે પ્રત્યયોથી ઘટિત વાક્ય દ્વારા ઘટાદિનાશના વ્યવહારનું સમર્થન કરે છે. તથા આવું માનવા દ્વારા નિશ્ચયનયના મતનો આદર કરતા નથી. અર્થાત્ 'उत्पद्यमानम् उत्पन्नम्, नश्यद् नष्टं' - આવા

* કો.(૯)માં 'ઈમ' નથી. પરંતુ 'અનિં વર્તમાનઈં' પાઠ છે.

तो व्यवहारई (पहिलां अछति विशिष्ट) ♦**उत्पत्ति** क्षणसंबंधमात्र[ક્ષ] **(आदरो=)** कहो. तिहां प्राग्भावध्वंसना कालत्रयथी कालत्रयनो ●अन्वय समर्थन करो.

***तर्हि* व्यवहारात्** = पूर्वोक्तं(९/११) शुद्धर्जुसूत्रानुगृहीतव्यवहारनयमाश्रित्य **हि** = एव **उत्पत्तिः** उररीक्रियताम्। तन्नये आद्यक्षणसम्बन्धमात्रलक्षणा उत्पत्तिरुच्यते। सा च कारणकलापव्यापारात् पूर्वम् **असती** = अविद्यमाना **पश्चात्** = सामग्र्यव्यवहितोत्तरक्षणावच्छेदेन **सती** = विद्यमाना भवति। सा हि प्रागभावध्वंसीयकालत्रितययोगाद् **युता** = विभक्तकालत्रयान्वयविशिष्टा भवति। तत एव विभक्तकालत्रयव्यवहार उत्पादादौ सम्भवति। तथाहि – घटस्याऽऽद्यक्षणे = घटोत्पादसमये घटप्रतियोगिकप्रागभावस्य ध्वंस उत्पद्यते। अतः तदा घटप्रागभावप्रतियोगिकध्वंसोत्पत्तौ वर्तमानत्वाऽन्वयाद् 'घट उत्पद्यते' इति प्रयोग उपपद्यते, घटप्रागभावध्वंसोत्पादस्य वर्त्तमानतायां सत्यां घटप्रागभावध्वंसे वर्तमानत्वस्य न्याय्यत्वात् ।

निश्चयनयसंमत वाक्यप्रयोगने नव्य नैयायिको प्रमाणभूत मानता नथी.

☫ व्यवहारनयमान्य उत्पत्ति विमर्श ☫

(**तर्हि**.) જો નવ્ય નૈયાયિકો ઉપરોક્ત રીતે ઉત્પત્તિના અને નાશના વ્યવહારનું સમર્થન કરતા હોય તો નવ્ય નૈયાયિકોએ નિશ્ચયનયના બદલે ૧૧મા શ્લોકમાં જણાવ્યા મુજબ શુદ્ધ ઋજુસૂત્રનયથી અનુગૃહીત સૂક્ષ્મવ્યવહારનયનો આશ્રય કરીને જ ઉત્પત્તિને સ્વીકારવી જોઈએ. અર્થાત્ નિશ્ચયનયસંમત ઉત્પત્તિના બદલે સૂક્ષ્મવ્યવહારનયસંમત ઉત્પત્તિને તેઓએ સ્વીકારવી જોઈએ. આવું માનવામાં કોઈ દોષ આવશે નહિ. તે આ રીતે - સૂક્ષ્મવ્યવહારનયના મતે ઉત્પત્તિનું લક્ષણ ફક્ત આદ્યક્ષણસંબંધ કહેવાય છે. કાર્યનો પ્રથમક્ષણ સાથે સંબંધ થવો તે જ કાર્યની ઉત્પત્તિ છે. કુંભાર, દંડ આદિ કારણસમૂહના વ્યાપારની (= પ્રવૃત્તિની) પૂર્વે ઘટ વગેરે કાર્ય અવિદ્યમાન હોવાથી ઘટને પ્રથમ ક્ષણ સાથે સંબંધ થવા સ્વરૂપ ઉત્પત્તિ પણ અવિદ્યમાન હોય છે. કારકપ્રવર્તન પૂર્વે અવિદ્યમાન એવી ઉત્પત્તિ, કારણસમૂહ સ્વરૂપ સામગ્રી હાજર થતાં, તે પછીની અવ્યવહિત ઉત્તરક્ષણે હાજર થાય છે. સામગ્રી પૂર્વે અસત્ અને સામગ્રી પછી સત્ એવી પ્રથમક્ષણસંબંધાત્મક ઉત્પત્તિમાં પ્રાગભાવધ્વંસના ત્રણ કાળનો સંબંધ થવાથી વ્યવહારનયસંમત ઉત્પત્તિ અલગ અલગ ત્રણ કાળના અન્વયથી વિશિષ્ટ બનશે. આમ પ્રથમક્ષણસંબંધાત્મક ઉત્પત્તિમાં પ્રાગભાવપ્રતિયોગિક ધ્વંસના ત્રણ કાળનો અન્વય થવાના કારણે જ ઉત્પાદ વગેરેમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન સ્વરૂપ વિભક્ત કાળત્રયનો વ્યવહાર સંભવી શકે છે. તે આ રીતે - ઘટની પ્રથમ ક્ષણે અર્થાત્ ઘટોત્પત્તિના સમયે ઘટપ્રતિયોગિકપ્રાગભાવનો ધ્વંસ ઉત્પન્ન થાય છે. તેથી ત્યારે (ઘટજન્મ સમયે) ઘટપ્રાગભાવના ધ્વંસની ઉત્પત્તિમાં વર્તમાનત્વનો અન્વય થઈ શકે છે. આમ ઘટપ્રાગભાવપ્રતિયોગિક એવા ધ્વંસની ઉત્પત્તિમાં વર્તમાનકાળનો અન્વય સંભવતો હોવાથી ત્યારે 'घटः उत्पद्यते' - આવો વાક્યપ્રયોગ સંગત થઈ શકે છે. કારણ કે ઘટના પ્રાગભાવના ધ્વંસની ઉત્પત્તિ વર્તમાન = વિદ્યમાન હોય ત્યારે ઘટપ્રાગભાવના ધ્વંસમાં વર્તમાનતા = વર્તમાનકાલીનત્વ રહે - આ વાત ન્યાયસંગત છે.

♦ કો.(૧૩)માં 'उत्पत्तिकरणसंबंध' પાઠ. [ક્ષ] કો.(૧૧)માં "क्षणसंबंधमां 'स्वाधिकरणक्षणत्वव्यापकस्वाधिकरणक्षणध्वंसाधिकरणताकत्वम् अनुत्पन्नत्वमात्र' કહો" પાઠ. ● કો.(૯)માં 'अन्वय'ના બદલે 'अर्थ' પાઠ.

एवं द्वितीयादिक्षणे तत्रातीतत्वाऽन्वयाद् 'घट उत्पन्न' इति प्रयोगः सङ्गच्छते। प्रथमक्षणपूर्वञ्च घटप्रागभावीयध्वंसस्याऽनुत्पन्नत्वेन तदुत्पत्तेरनागतत्वाऽन्वितत्वाद् 'घट उत्पत्स्यते' इति प्रयोगोऽनाविलः। निरुक्तसूक्ष्मव्यवहारनयमते हि प्रथमक्षणे वस्तुन उत्पद्यमानत्वं द्वितीयादिक्षणेषु चोत्पन्नत्वम्। ततश्चोत्पद्यमानस्य नोत्पन्नत्वम् अपि तूत्पन्नस्यैवेत्यवसेयम्।

न च स्थूलव्यवहारस्य लोकाभिमतार्थग्राहकत्वेन प्रकृतत्रैकालिकविभक्तप्रयोगकारित्वं सम्भवति, न वा केवलस्य शुद्धर्जुसूत्रस्य वर्त्तमानसमयमात्रस्थितिकार्थग्राहकत्वेन तत्त्वं सम्भवति। अशुद्धर्जुसूत्रस्य स्थूलमनुष्यादिपर्यायग्राहकत्वेऽपि कालत्रयवृत्तित्वाऽग्राहकत्वान्न तत्त्वं सम्भवति। अतः शुद्धर्जुसूत्रानुगृहीतव्यवहारस्य तत्त्वमत्र यौक्तिकम्।

तदिदमभिप्रेत्य **उत्तराध्ययनबृहद्वृत्तौ वादिवेतालशान्तिसूरिभिः** "व्यवहारनयमतेन त्वन्य एवोत्तरस्योत्पादः, अन्य एव च पूर्वस्य विनाशः। विनष्टस्यैव च विनष्टता उत्पन्नस्यैव उत्पन्नता" (उत्त.अ.४/निर्यु.१९२

❀ सूक्ष्म व्यवहारनयथी 'उत्पन्नः' ईत्यादि वाक्यप्रयोगनुं समर्थन ❀

(एवं.) આ જ રીતે દ્વિતીય વગેરે ક્ષણોમાં ઘટપ્રતિયોગિક પ્રાગભાવના ધ્વંસની ઉત્પત્તિ અતીત = નષ્ટ હોવાથી ત્યારે તેમાં અતીતત્વનો અન્વય અબાધિત છે. તેથી ત્યારે તેમાં અતીતત્વનો અન્વય કરીને 'ઘટ ઉત્પન્નઃ' આવો વાક્યપ્રયોગ થઈ શકે છે. તથા પ્રથમ ક્ષણની પૂર્વે ઘટપ્રાગભાવનો ધ્વંસ ઉત્પન્ન થયેલ ન હોવાથી ઘટપ્રાગભાવધ્વંસની ઉત્પત્તિમાં અનાગતત્વનો = ભવિષ્યકાલીનત્વનો અન્વય થઈ શકે છે. આમ ઘટપ્રાગભાવધ્વંસીય ઉત્પત્તિ અનાગત હોવાથી ત્યારે 'ઘટઃ उत्पत्स्यते' આવો વાક્યપ્રયોગ નિર્દોષ છે. પૂર્વે (૯/૧૧) જણાવ્યા મુજબ શુદ્ધ ઋજુસૂત્રનયથી અનુગૃહીત સૂક્ષ્મવ્યવહારનયના મતે પ્રથમ ક્ષણે વસ્તુ ઉત્પદ્યમાન છે. તથા દ્વિતીયાદિ ક્ષણોમાં વસ્તુ ઉત્પન્ન છે. તેથી ઉત્પદ્યમાન વસ્તુને ઉત્પન્ન ન કહેવાય. પરંતુ ઉત્પન્ન વસ્તુને જ ઉત્પન્ન કહેવાય.

(न.) સ્થૂલ વ્યવહારનય તો લોકસંમત ઔપચારિક અર્થનો ગ્રાહક હોવાથી પ્રસ્તુત ત્રૈકાલિક વિભક્ત વાક્યપ્રયોગને કરી ન શકે. તથા ફક્ત શુદ્ધ ઋજુસૂત્ર પણ તેવો વાક્યપ્રયોગ ન કરી શકે. કારણ કે તે માત્ર વર્ત્તમાન એક સમયમાં રહેનાર વસ્તુને જ માને છે. અતીતાદિને ન માનનાર અતીતાદિગર્ભિત વિભક્તપ્રયોગ ન જ કરી શકે ને ! જો કે અશુદ્ધ ઋજુસૂત્રનય તો મનુષ્યાદિ સ્થૂલપર્યાયને માને છે. તેમ છતાં તે પર્યાયમાં કાલત્રયવૃત્તિતાને માનતો ન હોવાથી ત્રૈકાલિક વિભક્તપ્રયોગને કરી ન શકે. તેથી શુદ્ધ ઋજુસૂત્રથી અનુગૃહીત એવા વ્યવહારમાં = સૂક્ષ્મવ્યવહારમાં તાદૃશ વાક્યપ્રયોગનું જે કર્તૃત્વ જણાવેલ છે, તે યુક્તિસંગત જ છે.

❀ विभक्तकालप्रयोगमां श्रीशांतिसूरिसंमति ❀

(तदि.) આ જ અભિપ્રાયથી વાદિવેતાલ **શ્રીશાન્તિસૂરિજીએ उत्तराध्ययनबृहद्वृत्ति**માં જણાવેલ છે કે "વ્યવહારનયના મતથી ઉત્તરકાલીન વસ્તુની ઉત્પત્તિ એ જુદી જ છે તથા પૂર્વકાલીન વસ્તુનો નાશ એ અલગ જ છે. વ્યવહારનયથી વિનષ્ટ હોય (= વિનાશ પામી ચૂકેલી હોય) તેને જ વિનષ્ટ કહેવાય. વિનાશ પામી રહેલ હોય તેને વિનષ્ટ ન કહેવાય. તથા ઉત્પન્ન થઈ ચૂકેલી વસ્તુને જ ઉત્પન્ન કહેવાય.

बृ.वृ.पृ.२००) इत्युक्तम्। प्रकृते व्यवहारपदेन सूक्ष्मव्यवहारः बोध्यः। तत्रोत्तरत्र प्रथमेन एवकारेण विगच्छतो व्यवच्छेदः, द्वितीयेन चोत्पद्यमानस्य। ततश्च सूक्ष्मव्यवहारनयसम्मतोत्पत्त्यभ्युपगमे सर्वं चतुरस्रमित्याशयः ग्रन्थकृतः।

स्याद्वादप्रमाणस्य निश्चय-व्यवहारघटितत्वम्। तदुक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "सर्वनयात्मकं हि भगवद्वचनम्। ततश्च 'क्रियमाणमकृतमि'त्यपि भगवान् कथञ्चिद् व्यवहारनयमतेन मन्यत एव। परं [1]'चलमाणे चलिए, उईरिज्जमाणे उईरिए' (**भगवतीसूत्र** १/१/२) इत्यादिसूत्राणि निश्चयनयमतेनैव प्रवृत्तानि। तन्मतेन च 'क्रियमाणं कृतम्, संस्तीर्यमाणं संस्तृतम्' इत्यादि सर्वम् उपपद्यत एव। निश्चयो हि मन्यते - प्रथमसमयादेव घटः कर्तुं नारब्धः किन्तु मृदानयन-मर्दनादीनि परापरकार्याणि आरभ्यन्ते। तेषाञ्च मध्ये यद् यत्र समये प्रारभ्यते तत् तत्रैव निष्पद्यते, क्रियाकाल-निष्ठाकालयोः एकत्वात्" (वि.आ.भा.२३२१ वृ.)।

तत्र नैयायिकाः प्रकृते निश्चयसम्मतोत्पत्तिमस्खलच्चेतस्कतया नाभ्युपगच्छन्ति। अतः व्यावहारिकोत्पादग्राहणाभिप्रायेण मध्यस्थतया तान् प्रतीयं ग्रन्थकृदुक्तिः यदुत 'नैश्चयिकोत्पादोऽनभिमतो

ઉત્પદ્યમાનને ઉત્પન્ન ન કહેવાય." અહીં 'વ્યવહાર' = સૂક્ષ્મવ્યવહારનય સમજવો. ત્યાં પાછલા ભાગમાં જણાવેલ પ્રથમ જકારથી 'નાશ પામી રહેલ'ની બાદબાકી થાય છે. તથા બીજા 'જ'કારથી 'ઉત્પદ્યમાન'ની બાદબાકી થાય છે. તે મુજબ જ અમે અર્થઘટન કરેલ છે. તેથી સૂક્ષ્મવ્યવહારનયને સંમત એવી ઉત્પત્તિને સ્વીકારવામાં તમામ પ્રસિદ્ધ વાક્યપ્રયોગો સંગત થઈ શકે છે. આમ ગ્રંથકારનો આશય છે.

❀ सर्वनयात्मक जिनवचन ❀

(स्या.) સ્યાદ્વાદના = પ્રમાણના બે ઘટક છે, નિશ્ચય અને વ્યવહાર. **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**માં આ અંગે જણાવેલ છે કે "ભગવાનનું વચન ખરેખર સર્વનયાત્મક છે. તેથી 'क्रियमाणम् अकृतम्' - આવું પણ ભગવાન કથંચિત્ વ્યવહારનયથી માને જ છે. પરંતુ 'ચાલી રહેલું ચાલી ગયેલું છે. ઉદીરણા કરાઈ રહેલું કર્મ ઉદીરિત છે' - ઈત્યાદિ **ભગવતીસૂત્ર**ના વચનો નિશ્ચયનયના અભિપ્રાયથી જ પ્રવૃત્ત થયેલા છે. નિશ્ચયનયના મતે 'કરાઈ રહેલ થઈ ચૂકેલ છે. પથરાઈ રહેલો સંથારો પથરાઈ ગયેલ છે' - ઈત્યાદિ તમામ બાબત સંગત થાય જ છે. નિશ્ચયનય માને છે કે - પ્રથમ સમયથી જ ઘડાને ઉત્પન્ન કરવાનો પ્રારંભ થયેલ નથી. પરંતુ માટીને લાવવી, માટીનું મર્દન કરવું વગેરે જુદા-જુદા કાર્યોનો આરંભ શરૂઆતમાં થાય છે. તેમાંથી જેનો જે સમયે પ્રારંભ થાય છે, તેની નિષ્પત્તિ (= સમાપ્તિ) તે જ સમયે થાય છે. કેમ કે કાર્યપ્રારંભ અને કાર્યસમાપ્તિ - બન્નેનો કાળ એક જ છે."

❖ प्रमाणराज स्याद्वादनो सेवक व्यवहारनय ❖

(तत्र.) પ્રસ્તુત નિશ્ચયમતનો નૈયાયિક સ્વીકાર કરી શકે તેમ નથી. નવ્ય નૈયાયિકો નિશ્ચયનયસંમત ઉત્પત્તિને સ્વીકારવામાં પૂર્વોક્ત રીતે પ્રસ્તુતમાં મનમાં ખચકાટનો અનુભવ કરે છે. તેથી સૂક્ષ્મવ્યવહારસંમત પ્રસ્તુત પ્રક્રિયા નૈયાયિકોને પકડાવવાના આશયથી મધ્યસ્થભાવે ગ્રંથકારશ્રી તેઓને કહે છે કે 'નિશ્ચયસંમત ઉત્પત્તિ જો તમને માન્ય ન હોય તો વ્યવહારનયસંમત ઉત્પત્તિને તમે સ્વીકારો. વ્યાવહારિક ઉત્પત્તિને

1. चलमानः चलितः, उदीर्यमाणः उदीरितः।

भवतां तर्हि व्यावहारिकोत्पादमभ्युपगच्छन्तु भवन्तः। न चैवं काऽपि क्षतिरस्माकम्, यतो व्यवहार-नयोऽपि प्रमाणराजस्याद्वादसेवक एव। एवञ्च न विभक्तकालत्रयप्रयोगानुपपत्तिः। 'उपाये सति कर्तव्यं सर्वेषां चित्तरञ्जनमि'ति न्यायेन इदमवगन्तव्यम्।

यच्च 'उत्पद्यमानमुत्पन्नमित्यन्वयाऽयोग्यत्वान्नाऽङ्गीक्रियत' इत्युक्तं नव्यनैयायिकेन तन्निरसनं तु **नयोपदेशवृत्तितः** (नयो. का.३१ वृ.) विज्ञेयम्, ग्रन्थगौरवान्नेहोच्यते।

किञ्च, निश्चयनयमतमप्यवश्यमङ्गीकर्तव्यमेव, अन्यथा तत्त्वोच्छेदेन मिथ्यात्वापत्तेः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"निच्छय-ववहारोवणीयमिह सासणं जिणिंदाणं। एगयरपरिच्चाओ मिच्छं संकादओ जे य।।" (वि.आ.भा.२३८१) इति पूर्वोक्तम् (५/८) अत्र भावनीयम्।

સ્વીકારવામાં સ્યાદ્વાદી એવા અમને કોઈ વાંધો નથી. કારણ કે વ્યવહારનય પણ પ્રમાણરાજ સ્યાદ્વાદનો સેવક જ છે. સૂક્ષ્મવ્યવહારમાન્ય ઉત્પત્તિને માનવામાં નવ્યનૈયાયિકોને કે અમને પ્રસિદ્ધ લોકવ્યવહારના અપલાપનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અગિયારમા શ્લોકની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ 'उत्पद्यते, उत्पन्नः, उत्पत्स्यते' આવા જુદા-જુદા ત્રૈકાલિક વાક્યપ્રયોગની અબાધિતપણે સંગતિ થઈ શકે છે. 'બીજો કોઈ સમ્યગ્ ઉપાય હાજર હોય તો બધા લોકોના મનને રાજી રાખવું જોઈએ' - આ ન્યાયને અનુસરીને ગ્રંથકારશ્રીએ અહીં નૈયાયિક પ્રત્યે સમાધાન જણાવેલ છે. આ બાબત ખાસ ખ્યાલમાં રાખવી.

શંકા :- નવ્ય નૈયાયિકો વ્યવહારનયસંમત ઉત્પત્તિને સ્વીકારે તે વાત બરાબર છે. પરંતુ નવ્ય નૈયાયિકોએ નિશ્ચયનયમાન્ય ઉત્પત્તિને સ્વીકારવામાં જે અન્વયબાધ બતાવેલ છે તેનું શું ? તે દોષ તો જૈનોના મતમાં ઉભો જ રહેશે ને ?

❀ નવ્યનૈયાયિકમતનિરાસ અતિદેશ ❀

સમાધાન :- (**यच्च.**) "વર્તમાનકાલીન વસ્તુમાં અતીતત્વનો અન્વય અયોગ્ય હોવાથી 'उत्पद्यमानम् उत्पन्नम्' આવો વાક્યપ્રયોગ માન્ય કરી ન શકાય. અન્વય બાધિત હોવાથી અમે તેવો વાક્યપ્રયોગ સ્વીકારતા નથી." આ પ્રમાણે નવ્ય નૈયાયિકોએ જે કહેલ છે. તેનું નિરાકરણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ **નયોપદેશ**ની (શ્લોક-૩૧) **નયામૃતતરંગિણી** વ્યાખ્યામાં વિસ્તારથી કરેલ છે. તેથી વાચકવર્ગે નવ્યનૈયાયિકકૃત દોષારોપણનું નિરાકરણ ત્યાંથી જાણી લેવું. ગ્રંથગૌરવના ભયથી અહીં તેને જણાવતા નથી.

❀ નિશ્ચયનયના અસ્વીકારમાં તત્ત્વોચ્છેદાદિ દોષ ❀

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે નિશ્ચયનયના મતનો પણ અવશ્ય સ્વીકાર કરવો પડે તેમ જ છે. બાકી તો તત્ત્વનો ઉચ્છેદ થવાથી મિથ્યાત્વદોષની આપત્તિ આવે. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં દર્શાવેલ છે કે "જિનેશ્વર ભગવંતોનું શાસન અહીં નિશ્ચય અને વ્યવહાર નય દ્વારા પહોંચાડાયેલ છે. બેમાંથી એક નયનો પણ ત્યાગ-અપલાપ કરવામાં આવે તો મિથ્યાત્વ અને શંકા વગેરે દોષો લાગુ પડે." આ સંદર્ભ પૂર્વે (૫/૮) પણ દર્શાવેલ. તેનું અહીં અનુસંધાન કરી આ બાબતની વિજ્ઞ વાચકવર્ગે ઊંડાણથી વિભાવના કરવી.

---

1. निश्चय-व्यवहारोपनीतमिह शासनं जिनेन्द्राणाम्। एकतरपरित्यागो मिथ्यात्वं शङ्कादयो ये च।।

અનઈ જો ઇમ વિચારસ્યો "ઘટનઈ વર્તમાનત્વાદિકઈ *જિમ* ❖પટવર્તમાનત્વાદિ વ્યવહાર ન *હોઈ, ઘટધર્મવર્ત્તમાનત્વાદિકઈ *ઘટવર્ત્તમાનત્વાદિ વ્યવહાર ન હોઈ, *તિમ* નાશોત્પત્તિવર્તમાનત્વાદિકઈ* નાશવર્ત્તમાનત્વાદિકવ્યવહાર ન હોઈ."

यदि "घटवर्त्तमानत्वादिना यथा पटे वर्तमानत्वादिव्यवहारो न भवति, घटस्य वर्तमानत्वेन ध्वस्तेऽपि पटे वर्त्तमानतापत्तेः; यथा वा घटधर्मवर्त्तमानत्वादिना घटे वर्तमानतादिव्यवहारो न भवति, घटीयश्यामरूपनाशे घटनाशापत्तेः; तथैव घटप्रागभावध्वंसोत्पत्तिवर्त्तमानत्वादिना घटप्रागभाव-ध्वंसेऽपि वर्तमानत्वादिव्यवहारो भवितुं नार्हति। ततश्च व्यवहारनयाभिप्रायेण घटप्रागभावप्रति-योगिकध्वंसीयोत्पत्तौ वर्तमानत्वाद्यन्वयेन 'घट उत्पद्यते' इत्यादि सूक्ष्मव्यवहारसमर्थनं न घटामञ्चति।

एवमेव नाशप्रतियोगिकोत्पत्तिवर्त्तमानत्वादिना नाशे वर्त्तमानत्वादिव्यवहारः 'नश्यती'त्यादिना

❀ प्रागभावना माध्यमथी व्यवहार असंगत : पूर्वपक्ष ❀

पूर्वपक्ष :- (**यदि.**) જેમ ઘટમાં જે વર્તમાનત્વ વગેરે હોય તેના દ્વારા પટમાં વર્તમાનત્વ વગેરેનો વ્યવહાર થતો નથી. કારણ કે ઘટની વિદ્યમાનતાથી જો પટને વિદ્યમાન કહી શકાતો હોય તો ઘટ હાજર હોય અને પટ નાશ પામી ચૂકેલ હોય તેવા સંયોગમાં પણ પટને વર્તમાન માનવાની/કહેવાની આપત્તિ આવે. અર્થાત્ પટનાશ થયેલ હોય તો પણ 'પટ વિદ્યમાન છે' તેવો વ્યવહાર પ્રામાણિક બનવાની આપત્તિ આવે. અથવા તો એમ પણ કહી શકાય કે ઘટનો કોઈ ગુણધર્મ વિદ્યમાન હોય તેનાથી ઘટમાં વિદ્યમાનતાનો વ્યવહાર કરી ન શકાય. કારણ કે ઘટનો કોઈ ગુણધર્મ વિદ્યમાન હોય કે નષ્ટ હોય તેના દ્વારા જો ઘટને વિદ્યમાન કે નષ્ટ કહી શકાતો હોય તો ઘટના શ્યામરૂપનો નાશ થતાં ઘટનો નાશ થવાની આપત્તિ આવે. અર્થાત્ ઘટ ફૂટેલો ન હોય કે તૂટેલો ન હોય પણ ઘટીય શ્યામ રૂપનો નાશ થયો હોય તો પણ 'ઘટ નાશ પામ્યો' તેવો વ્યવહાર પ્રામાણિક બનવાની આપત્તિ આવતી હોવાથી જેમ ઘટના કોઈ ગુણધર્મ વિદ્યમાન કે નષ્ટ હોય તો તેના દ્વારા 'ઘટ વિદ્યમાન છે' કે 'ઘટ નષ્ટ છે' આવો વ્યવહાર થઈ શકતો નથી. પરંતુ ઘટની વિદ્યમાનતા હોય તો જ ઘટમાં વિદ્યમાનતાનો વ્યવહાર થઈ શકે, તેમ ઘટપ્રતિયોગિક પ્રાગભાવના ધ્વંસની ઉત્પત્તિની વિદ્યમાનતા વગેરે દ્વારા ઘટપ્રાગભાવના ધ્વંસમાં પણ વિદ્યમાનતા વગેરેનો વ્યવહાર થઈ શકતો નથી. મતલબ કે ઘટપ્રાગભાવધ્વંસની વિદ્યમાનતાથી જ ઘટપ્રાગભાવધ્વંસમાં વિદ્યમાનતાનો વ્યવહાર કરવો વ્યાજબી કહેવાય. પરંતુ ઘટપ્રતિયોગિક પ્રાગભાવના ધ્વંસની ઉત્પત્તિની વિદ્યમાનતા વગેરેથી ઘટપ્રાગભાવધ્વંસમાં વિદ્યમાનતા વગેરેનો વ્યવહાર કરવો અપ્રામાણિક છે. તેથી સૂક્ષ્મવ્યવહારનયના અભિપ્રાયથી ઘટપ્રાગભાવીય ધ્વંસની ઉત્પત્તિમાં વર્તમાનકાલીનત્વ વગેરેનો અન્વય કરીને 'घटः उत्पद्यते', 'घटः उत्पन्नः' વગેરે વાક્યપ્રયોગની સંગતિ કરવી વ્યાજબી નથી. એક વસ્તુની વિદ્યમાનતા વગેરે દ્વારા અન્ય વસ્તુની વિદ્યમાનતા વગેરેની સંગતિ કઈ રીતે ઉચિત કહેવાય? માટે ઘટાદિની ઉત્પત્તિ અંગે સૂક્ષ્મવ્યવહારનયનો અભિપ્રાય પણ વ્યાજબી નથી.

❖ नाशव्यवहार असंगत : पूर्वपक्ष चालु ❖

(**एव.**) આ જ રીતે નાશની ઉત્પત્તિ વર્ત્તમાન હોય તેના કારણે નાશમાં વર્ત્તમાનત્વનો વ્યવહાર

❖ B(૨)+લા.(૨)માં 'ઘટવર્ત..' *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૦+૧૧)માં નથી. * લા.(૨)માં 'નાશવર્ત..'

તો ક્રિયા-નિષ્ઠાપરિણામરૂપ વર્ત્તમાનત્વ *અતીતત્વ લેઈ "**नश्यति, नष्टः; उत्पद्यते, उत्पन्नः**" એ વિભક્તવ્યવહારસમર્થન કરો.

नैव भवितुमर्हति, तुल्ययुक्त्या घटनाशप्रतियोगिकोत्पत्तिध्वंसे घटध्वंसध्वंसप्रसक्त्या घटपुनरुन्मज्जनापत्तेः दुर्वारत्वात्। ततश्च सूक्ष्मव्यवहारनयाभिप्रायेण नाशप्रतियोगिकोत्पादे वर्त्तमानत्वाद्यन्वयकरणेन 'नश्यति' इत्यादिप्रयोगसमर्थनं नैव युज्यते" ***इत्युच्यते***।

तदा घटोत्पत्त्यादिक्रियापरिणामरूपं वर्त्तमानत्वमादाय 'उत्पद्यते, नश्यति' इत्युच्यताम्। क्रिया चात्रारम्भलक्षणा। ततश्च घटोत्पादारम्भपरिणामकाले 'घट उत्पद्यत' इति व्यवह्रियते घटनाशारम्भपरिणामक्षणे च 'घटो नश्यती'ति प्रयुज्यते।

अयमाशयः – आरम्भपरिणामात्मकवर्त्तमानत्वस्य घटोत्पादनिष्ठत्वे तद्बोधनाय 'घटः उत्पद्यते'

'नश्यति' વગેરે પ્રયોગ દ્વારા ન જ કરી શકાય. કારણ કે જેમ ઘટધર્મવર્તમાનત્વયોગે ઘટમાં વર્તમાનત્વનો વ્યવહાર માન્ય કરવામાં ઘટીયશ્યામરૂપનો નાશ થતાં ઘટનો નાશ થવાની આપત્તિ આવે, તેમ તુલ્ય યુક્તિથી કહી શકાય કે ઘટનાશોત્પાદવર્તમાનત્વયોગે ઘટનાશમાં વર્તમાનત્વનો વ્યવહાર માન્ય કરવામાં આપત્તિ એ આવશે કે ઘટનાશોત્પત્તિનો ધ્વંસ થતાં ઘટધ્વંસનો ધ્વંસ માન્ય કરવો પડશે તથા તેવું માન્ય કરવામાં તો ઘટ ફરીથી ઉત્પન્ન થવાની સમસ્યા સર્જાશે. આ સમસ્યાનું કોઈ નિવારણ કરી નહિ શકે. તેથી સૂક્ષ્મવ્યવહારનયના અભિપ્રાયથી નાશના ઉત્પાદમાં વર્ત્તમાનત્વ વગેરેનો અન્વય કરીને 'નશ્યતિ' વગેરે પ્રયોગનું સમર્થન કરવું જરાય વ્યાજબી નથી.

❀ 'उत्पद्यते', 'नश्यति' પ્રયોગનું અન્ય રીતે સમર્થન : ઉત્તરપક્ષ ❀

ઉત્તરપક્ષ :- (**तदा.**) જો તમે ઉપરોક્ત રીતે ઘટપ્રાગભાવધ્વંસની ઉત્પત્તિમાં રહેલ વર્તમાનકાલીનત્વ, ભૂતકાલીનત્વ વગેરે દ્વારા ઘટપ્રતિયોગિક પ્રાગભાવના ધ્વંસની વર્તમાનકાલીનતા-ભૂતકાલીનતા વગેરેનો સ્વીકાર કરવો વ્યાજબી ન માનવાના લીધે તેના માધ્યમથી ઘટની વર્તમાનકાલીન-ભૂતકાલીનાદિ ઉત્પત્તિ વગેરેના વ્યવહારનું સમર્થન અપ્રામાણિક ઠરાવતા હો તો ઘટની ઉત્પત્તિ વગેરેની ક્રિયાના પરિણામસ્વરૂપ વર્તમાનકાલીનતાની અપેક્ષાએ 'घटः उत्पद्यते', 'घटो नश्यति' આ પ્રમાણે વ્યવહાર કરો. અહીં 'ક્રિયા' એટલે આરંભ. ઉત્પત્તિનો ક્રિયાપરિણામ એટલે ઉત્પત્તિનો આરંભપરિણામ. ઘટોત્પત્તિનો આરંભ પરિણામ એટલે ઘટોત્પત્તિની વર્તમાનકાલીનતા. એથી ઘટની ઉત્પત્તિનો આરંભપરિણામ હાજર હોય ત્યારે 'घटः उत्पद्यते' આ પ્રમાણે વ્યવહાર કરી શકાય છે. તથા ઘટનાશનો આરંભપરિણામ હાજર હોય ત્યારે 'घटः नश्यति' આ મુજબ વ્યવહાર કરી શકાય છે.

❀ સ્વગત વર્ત્તમાનત્વથી તાદૃશ વ્યવહાર ❀

(**अयमा.**) આશય એ છે કે પ્રસ્તુતમાં આરંભપરિણામ = વર્ત્તમાનત્વ છે. તે તો ઉત્પત્તિમાં અને નાશમાં રહી જ શકે છે. જ્યારે આરંભપરિણામસ્વરૂપ વર્ત્તમાનત્વ ઉત્પાદમાં = ઘટોત્પાદમાં હોય ત્યારે ઘટોત્પત્તિમાં વર્ત્તમાનકાલીનત્વની પ્રતીતિ કરાવનાર 'घट उत्पद्यते' આવો પ્રયોગ થઈ શકે છે. તેમ

---

* કો.(૯)માં 'अतीतत्व' પદ નથી.

इति प्रयोगः घटध्वंसनिष्ठत्वे च तदवबोधाय 'घटो नश्यति' इति प्रयोगः सम्भवति, स्वनिष्ठ-वर्त्तमानत्वमवलम्ब्यैव प्रकृतेऽन्वयबोधाऽभ्युपगमात्। ***एतेन*** [1]"कुंभो विसिज्जमाणो कत्ता" (वि.आ.भा. ३४३७) इति **विशेषावश्यकभाष्यवचनं *व्याख्यातम्,*** निरुक्तवर्त्तमानत्वविशिष्टविशरणक्रियायाः प्रतियोगित्वरूपस्य कर्तृत्वस्य कुम्भेऽन्वयेन तत्र शाब्दबोधोपपत्तेः। इत्थं सूक्ष्मव्यवहारनयसम्मतोत्पाद-नाशगोचरवर्तमानकालप्रयोगे न कोऽपि पूर्वोक्तो दोषः।

घटोत्पत्त्यादिवृत्तिनिष्ठापरिणामरूपमतीतत्वमुपादाय 'उत्पन्नः, नष्टः' इत्युच्यताम्।

धात्वर्थे उत्पादादौ अनागतत्वं वर्त्तमानप्रागभावप्रतियोगित्वलक्षणं प्रागभावानुपगमे च वर्त्तमान-कालध्वंसाऽधिकरणकालीनत्वलक्षणं वा अपेक्ष्य 'उत्पत्स्यते, नङ्क्ष्यति' इति व्यवह्रियताम्। ततश्च

જ આરંભપરિણામાત્મક વર્ત્તમાનત્વ જ્યારે નાશમાં = ઘટધ્વંસમાં હોય ત્યારે ઘટધ્વંસમાં વર્ત્તમાનકાલીનતાની પ્રતીતિ કરાવનાર 'घटो नश्यति' - આવો પ્રયોગ થઈ શકે છે. કેમ કે આવું માનવામાં અન્યમાં રહેલ ગુણધર્મને લઈને પોતાનામાં (= ઉત્પાદ-નાશમાં) વર્ત્તમાનકાલીનતાનો વ્યવહાર કે અન્વય થતો નથી. પરંતુ પોતાનામાં (= ઉત્પાદ-નાશમાં) જ રહેલ વર્ત્તમાનત્વને આશ્રયીને ઉપરોક્ત વ્યવહાર તથા અન્વયબોધ થાય છે. 'નાશ પામી રહેલો કુંભ નાશનો કર્ત્તા થાય છે' - આ મુજબ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ વાક્યની પણ સંગતિ ઉપર મુજબ થઈ જાય છે. કેમ કે ત્યાં ઉપરોક્ત આરંભપરિણામાત્મક વર્ત્તમાનત્વથી વિશિષ્ટ વિનાશક્રિયાનું પ્રતિયોગિત્વસ્વરૂપ કર્તૃત્વ ઘડામાં ભાસે છે. તેથી તાદૃશકર્તૃત્વનો ઘડામાં અન્વય થવા દ્વારા ત્યાં શાબ્દબોધ સંગત થાય છે. આમ સૂક્ષ્મવ્યવહારનયના પ્રસ્તુત અભિપ્રાયને લક્ષમાં રાખીને 'उत्पद्यते, नश्यति' આ પ્રમાણે ઉત્પત્તિ-નાશ અંગે વર્તમાન કાળનો નિર્દેશ કરવામાં પૂર્વપક્ષીએ જણાવેલ કોઈ દોષને અવકાશ રહેતો નથી.

⚜ निष्ठापरिणामनी अपेक्षाओ भूतकालीन प्रयोगनुं समर्थन ⚜

(**घटो.**) આ જ રીતે ઉત્પત્તિ-નાશ અંગે અતીતકાળના ઉલ્લેખનું સમર્થન કરવા માટે વ્યવહારનય એમ કહે છે કે ઘટોત્પત્તિ વગેરેમાં રહેલ નિષ્ઠાપરિણામ = સમાપ્તિપરિણામ સ્વરૂપ ભૂતકાલીનત્વની અપેક્ષાએ 'घटः उत्पन्नः', 'घटः नष्टः' આ પ્રમાણે વ્યવહાર કરો. મતલબ કે ઘટોત્પત્તિનો નિષ્ઠાપરિણામ = સમાપ્તિપરિણામ હાજર હોય ત્યારે (= ઘટોત્પત્તિ થઈ ચૂકી હોય ત્યારે) 'घटः उत्पन्नः' આવો વાક્યપ્રયોગ કરી શકાય છે. તથા ઘટનાશનો નિષ્ઠાપરિણામ હાજર હોય ત્યારે (= ઘટનાશ નિષ્પન્ન થઈ ચૂકેલ હોય ત્યારે) 'घटो नष्टः' આવો વાક્યપ્રયોગ કરી શકાય છે.

⚜ 'उत्पत्स्यते' इत्यादि प्रयोगनुं समर्थन ⚜

(**धात्व.**) અનાગતત્વ = ભવિષ્યકાલીનત્વ એટલે વર્ત્તમાનપ્રાગભાવપ્રતિયોગિત્વ. જે ઘટની ઉત્પત્તિ ભવિષ્યમાં થવાની છે તેનો પ્રાગભાવ વર્ત્તમાનકાળે વિદ્યમાન છે. તેથી ઘટોત્પત્તિમાં વર્ત્તમાનપ્રાગભાવની જે પ્રતિયોગિતા છે તે જ ઘટોત્પાદગત અનાગતત્વ છે. **રઘુનાથ શિરોમણિ**, મીમાંસક એકદેશીય વિદ્વાન વગેરે પ્રાગભાવને નથી માનતા. તેમને પણ અનાગતત્વલક્ષણ માન્ય બને તે માટે કહી શકાય કે વર્ત્તમાનકાલના ધ્વંસનું અધિકરણ બને તે કાળે હોવાપણું એ અનાગતત્વ. તેવો અધિકરણીભૂત કાળ

1. कुम्भो विशीर्यमाणः कर्ता।

'घट उत्पत्स्यते' इत्यत्र लृट्प्रत्ययेन धात्वर्थोत्पत्तौ अनागतत्वप्रत्यायनाद् अनागतोत्पत्तिकत्वलक्षणम् उत्पत्स्यमानत्वं घटे प्रतीयते।

रघुनाथशिरोमणिना तु **सामान्यलक्षणाप्रकरणदीधितौ** "उत्पत्स्यते, भविष्यतीत्यादेः समानार्थकत्वाद् वर्त्तमानप्रागभावप्रतियोग्युत्पत्तिकत्वं वर्त्तमानकालोत्तरकालोत्पत्तिकत्वं वा तत्त्वम्" (त.चि.सा.ल.दी. पृ.८२४) इत्युक्तम्। 'तत्त्वं = भविष्यत्त्वम्'।

वस्तुतस्तु 'घटो नङ्क्ष्यती'त्यादौ अपि घटध्वंसे लृट्प्रत्ययेन निरुक्तम् अनागतत्वमेव प्रतीयते, न तु शिरोमणिसम्मतम् अनागतोत्पत्तिकत्वम्, अनागतत्वं विहाय अनागतत्वविशिष्टोत्पत्तेः लृट्प्रत्यर्थत्वकल्पने गौरवात्। न ह्येवं विभक्तकालत्रितयव्यवहारसमर्थने कोऽपि दोष आपद्यते।

તો ભવિષ્યકાળ જ બનશે. તે કાળે ઘટની ઉત્પત્તિ થવાની હોવાથી તેમાં આ અનાગતત્વ રહી જશે. 'उत् + पद्' વગેરે ધાતુના અર્થભૂત ઉત્પત્તિ વગેરેમાં રહેલા આવા અનાગતત્વની અપેક્ષાએ 'उत्पत्स्यते, नङ्क्ष्यति' વગેરે વ્યવહાર થાય. તેથી 'घट उत्पत्स्यते' સ્થળે લૃટ્ પ્રત્યયથી ધાત્વર્થભૂત ઉત્પત્તિમાં ઉપરોક્ત અનાગતત્વનો બોધ થવાથી ઘટમાં અનાગતોત્પત્તિકત્વસ્વરૂપ ઉત્પત્સ્યમાનત્વનું ભાન થશે.

(रघु.) रघुनाथ शिरोमणिએ તો **सामान्यलक्षणाप्रकरणदीधिति**માં જણાવેલ છે કે "उत्पत्स्यते, भविष्यति વગેરે પ્રયોગોના અર્થ સમાન છે. તેથી 'भविष्यति' પ્રયોગ દ્વારા જે ભવિષ્યત્વનું ભાન થાય છે, તે વર્ત્તમાનપ્રાગભાવપ્રતિયોગિઉત્પત્તિકત્વસ્વરૂપ છે. અર્થાત્ 'ઘટનો ઉત્પાદ વિદ્યમાન પ્રાગભાવનો પ્રતિયોગી છે' - આવું ભાન ત્યાં થશે. અથવા (સ્વમતે) 'વર્ત્તમાનકાળના પછીના સમયે (= वर्त्तमानक्षणध्वंसाधिकरणीभूत સમયે) ઘટોત્પત્તિ રહે છે' - આ પ્રતીતિ ઉપરોક્ત વાક્યપ્રયોગથી થશે."

❖ 'नङ्क्ष्यति' - प्रयोगनुं समर्थन ❖

(वस्तु.) વાસ્તવમાં તો 'घटो नङ्क्ष्यति' વગેરે સ્થળે પણ ઘટધ્વંસમાં લૃટ્પ્રત્યય દ્વારા પૂર્વોક્ત અનાગતત્વનો જ બોધ થાય છે. પરંતુ રઘુનાથશિરોમણિસંમત અનાગતોત્પત્તિકત્વ સ્વરૂપ અનાગતત્વનું ઘટધ્વંસમાં ભાન થતું નથી. કેમ કે તેવું માનવામાં ગૌરવ છે. કહેવાનો આશય એ છે કે જ્યાં સુધી ઘડો નાશ ન પામે ત્યાં સુધી ઘટધ્વંસનો પ્રાગભાવ વિદ્યમાન હોય છે. તેથી 'घटो नङ्क्ष्यति' - વાક્ય સાંભળવાથી શ્રોતાને 'ઘટધ્વંસ વિદ્યમાનપ્રાગભાવનો પ્રતિયોગી છે' - એવું ભાન થશે. પરંતુ 'ઘટધ્વંસોત્પાદ વિદ્યમાનપ્રાગભાવનો પ્રતિયોગી છે' - આ મુજબ શાબ્દબોધ નહિ થાય. કારણ કે તેમાં ઉત્પત્તિનો પ્રવેશ થવાથી શાબ્દબોધમાં સ્પષ્ટ ગૌરવ છે. લૃટ્ પ્રત્યયનો અર્થ 'અનાગતત્વ' માનવાના બદલે 'અનાગત ઉત્પત્તિ' માનવામાં ગૌરવ સ્પષ્ટ છે. તેથી 'नङ्क्ष्यति' સ્થળે રઘુનાથશિરોમણિ લૃટ્પ્રત્યયાર્થ તરીકે અનાગતત્વના બદલે અનાગતોત્પત્તિકત્વનો સ્વીકાર કરે છે, તે ગૌરવગ્રસ્ત હોવાથી ત્યાજ્ય છે - આવું અહીં સૂચિત થાય છે. 'उत्पत्स्यते' સ્થળે જેમ દીધિતિકાર ધાત્વર્થ ઉત્પત્તિમાં અનાગતઉત્પત્તિકત્વનો અન્વય કરે છે, તેમ તુલ્યન્યાયથી 'नङ्क्ष्यति' સ્થળે પણ દીધિતિકારે ધાત્વર્થ નાશમાં અનાગતોત્પત્તિકત્વનો જ અન્વય કરવો જોઈએ. પરંતુ 'नङ्क्ष्यति' સ્થળે અનાગતોત્પત્તિકત્વમાં ઘટકીભૂત ઉત્પત્તિકત્વપદાર્થ નિરર્થક બનવાથી દીધિતીકારને ગૌરવ આવશે. આવું અહીં તાત્પર્ય છે. આ પ્રમાણે ઉત્પત્તિ અને વિનાશ અંગે વર્તમાનકાળ, ભૂતકાળ અને ભવિષ્યકાળના વિભક્ત = જુદા જુદા વ્યવહારનું સમર્થન કરવામાં કોઈ દોષ આવતો નથી.

अत एव क्रियाकाल □निष्ठाकाल यौगपद्यविवक्षाई "उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम्" એ ⁋सैद्धान्तिक प्रयोग संभवई.

अत एव तत्तदंशे क्रियाकाल-निष्ठाकालयोः यौगपद्यविवक्षया 'उत्पद्यमानमुत्पन्नम्', 'विगच्छद् विगतम्' इत्यादिः सैद्धान्तिकः प्रयोगः सम्भवति।

अत एवोत्पद्यमानः नारकः नारकत्वेन व्यपदिश्यते।

"*ननु* उत्पद्यमान एव कथं नारक इति व्यपदिश्यते ? अनुत्पन्नत्वात्, तिर्यगादिवदिति।

❀ 'उत्पद्यमानम् उत्पन्नम्' ईत्यादि प्रयोगनुं समर्थन ❀

(अत एव.) आरंभकाल वर्तमानकालीनताना व्यवहारनुं अने निष्ठाकाळ अतीतत्वना व्यवहारनुं समर्थन करनार होवाना लीधे ज उत्पत्ति अंशमां आरंभकाळना अने निष्ठाकाळना यौगपद्यनी = समानकालीनतानी विवक्षाथी 'उत्पद्यमानम् उत्पन्नम्' आवो सैद्धान्तिक वाक्यप्रयोग संभवी शके छे. तथा विनाश अंशमां आरंभकाळना अने निष्ठाकाळना यौगपद्यनी = समकालीनतानी विवक्षाथी 'विगच्छद् विगतम्', 'विनश्यद् विनष्टम्', 'क्षीयमाणं क्षीणं' आवो सैद्धान्तिक वाक्यप्रयोग संभवी शके छे.

❀ सैद्धान्तिक प्रयोगनुं समर्थन ❀

स्पष्टता :- व्यवहारनय उत्पत्तिना आरंभकाळनी दृष्टिए 'घटादिकम् उत्पद्यते' के 'उत्पद्यमानम्' आवो प्रयोग करे छे. तथा उत्पत्तिना निष्ठाकाळनी अपेक्षाए 'घटादिकम् उत्पन्नम्' आवो वाक्यप्रयोग व्यवहारनय करे छे. उत्पत्तिनो आरंभकाळ अने निष्ठाकाळ निश्चयनयनी दृष्टिए युगपत् छे. तेथी उत्पत्तिना आरंभकाळनी अने निष्ठाकाळनी समकालीनतानी विवक्षा करवामां आवे तो 'उत्पद्यमानं घटादिकम् उत्पन्नम्' आवो सैद्धान्तिक = नैश्चयिक वाक्यप्रयोग संभवी शके छे. ते ज रीते विनाशना आरंभकाळनी = प्रारंभकाळनी दृष्टिए व्यवहारनय 'घटादिकं नश्यति' के 'नश्यद् घटादिकम्' आवो वाक्यप्रयोग करे छे. तथा विनाशक्रियाना निष्ठाकाळनी अपेक्षाए 'घटादिकं नष्टम्' आवो वाक्यप्रयोग व्यवहारनय करे छे. निश्चयनयनी दृष्टिए विनाशक्रियानो आरंभकाळ अने निष्ठाकाळ युगपत् = समकालीन छे. तेथी विनाशक्रियाना आरंभकाळनी अने निष्ठाकाळनी समानकालीनतानी विवक्षा करवामां आवे तो 'नश्यद् घटादिकं नष्टम्' आवो सैद्धान्तिक = नैश्चयिक वाक्यप्रयोग संभवी शके छे.

❀ प्रथम समये नारक व्यवहारनी विचारणा ❀

(अत.) उत्पद्यमान वस्तु उत्पन्न होवाना लीधे ज प्रथम समये उत्पद्यमान नारक जीवनो नारक तरीके व्यवहार शास्त्रकारोने मान्य छे.

आक्षेप :- ("ननु.) "उत्पद्यमान एवा नारकनो व्यवहार नारक तरीके कई रीते थई शके ? कारण के प्रथम समये ते हजु उत्पन्न थई रहेल छे पण उत्पन्न थई चूकेल नथी. नारक तरीके अनुत्पन्नमां नारक तरीकेनो व्यवहार कई रीते थाय ? बाकी तो तिर्यंच वगेरे पण नारकस्वरूपे व्यवहार्य बनवानी आपत्ति दुर्वार बनशे. केम के बन्नेमां त्यारे नारकत्वरूपे अनुत्पन्नत्व तो समान ज छे.

□ को.(१३)मां 'निष्ठाकाल' पाठ नथी. ⁋ म. + शां.मां 'सौद्धा....' अशुद्ध पाठ सि. + को.(७+९+१०+११) + आ.(१)नो पाठ लीधो छे.

अत्रोच्यते, उत्पद्यमान उत्पन्न एव, तदायुष्कोदयात्, अन्यथा तिर्यगाद्यायुष्काऽभावाद् नारकायुष्कोदयेऽपि यदि नारको नाऽसौ, तदन्यः कोऽसौ ?" (भ.सू. १/७/५७/पृ.८४) इति व्यक्तं **व्याख्याप्रज्ञप्तिव्याख्यायां** प्रथमशतके।

ननु उत्पद्यमानं वस्तु कथमुत्पन्नं भवेत् ? कथं पुनस्तद्वर्त्तमानं सदतीतं भवतीति ?

अत्रोच्यते – "पट उत्पद्यमानकाले प्रथमतन्तुप्रवेशे उत्पद्यमान एवोत्पन्नौ भवतीति, उत्पद्यमानत्वं च तस्य प्रथमतन्तुप्रवेशकालादारभ्य 'पट उत्पद्यते' इत्येवं व्यपदेशदर्शनात् प्रसिद्धमेव, उत्पन्नत्वं तूपपत्त्या प्रसाध्यते। तथाहि – उत्पत्तिक्रियाकाल एव प्रथमतन्तुप्रवेशेऽसावुत्पन्नः, यदि पुनर्नोत्पन्नोऽभविष्यत्तदा तस्याः क्रियाया वैयर्थ्यमभविष्यत्, निष्फलत्वात्। उत्पाद्योत्पादनार्था हि क्रियाः भवन्ति। यथा च प्रथमे क्रियाक्षणे नासावुत्पन्नस्तथोत्तरेष्वपि क्षणेष्वनुत्पन्न एवासौ प्राप्नोति, को ह्युत्तरक्षणक्रियाणामात्मनि रूपविशेषो ? येन

❁ 'કડેમાણે કડે' સિદ્ધાન્ત : ભગવતીવૃત્તિદર્પણમાં ❁

નિરાકરણ :- (अत्रो.) ભાગ્યશાળી ! અમારા આશયને સાંભળો. પ્રથમ સમયે નરકમાં નારક તરીકે ઉત્પન્ન થઈ રહેલો જીવ નારકસ્વરૂપે ઉત્પન્ન થઈ ચૂકેલ જ છે. કારણ કે તેનું નરકાયુષ્ય ત્યારે ઉદયમાં છે. જો નરકાયુષ્ય ઉદયમાં હોવા છતાં પણ પ્રથમસમયે તે જીવનો નારક તરીકેનો વ્યવહાર ન થાય તો તેનો વ્યવહાર કયા સ્વરૂપે કરશો ? કેમ કે ત્યારે તેને તિર્યંચ-મનુષ્ય-દેવઆયુષ્ય ઉદયમાં ન હોવાથી તિર્યંચ, મનુષ્ય કે દેવ તો નહિ જ કહી શકાય. તથા તમારા મંતવ્ય મુજબ જો ત્યારે તેને નારક પણ ન કહી શકાતો હોય તો તેને ત્યારે તમે શું કહેશો ? તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારક - આ ચારેયથી ભિન્ન તે કોણ છે ?" તેને સિદ્ધ તો કહી શકાય તેમ નથી. કારણ કે આઠેય કર્મોથી તે જીવ ઘેરાયેલ છે. તેથી તેને ત્યારે નારક માનવો જ રહ્યો. આમ 'उत्पद्यमानम् उत्पन्नम्' આવો નિશ્ચયનયનો સિદ્ધાન્ત વ્યાજબી જ છે. આ પ્રમાણે **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં પ્રથમશતકમાં ઉપર મુજબ આક્ષેપ-નિરાકરણને દર્શાવવામાં આવેલ છે.

પ્રશ્ન :- (ननु.) ઉત્પદ્યમાન વસ્તુને ઉત્પન્ન કઈ રીતે કહી શકાય ? જે વસ્તુ વર્તમાનકાલીન હોય તે અતીતકાલીન કઈ રીતે બની શકે ?

❁ 'उत्पद्यमानम् उत्पन्नम्' નું ભગવતીસૂત્રવૃત્તિથી સમર્થન ❁

પ્રત્યુત્તર :- (अत्रो.) તમારા પ્રશ્નનું સમાધાન બહુ સરળ છે. તે આ રીતે - પટ ઉત્પત્તિસમયે પ્રથમતંતુપ્રવેશ વખતે ઉત્પદ્યમાન હોય છે ત્યારે જ ઉત્પન્ન હોય છે. પ્રથમ તંતુના પ્રવેશના સમયથી માંડીને 'પટ ઉત્પન્ન થઈ રહેલ છે' - આ પ્રમાણે વ્યવહાર જોવા મળે છે. તેથી ત્યારે 'પટ ઉત્પદ્યમાન છે' - આ વાત પ્રસિદ્ધ જ છે. 'તે સમયે પટ ઉત્પન્ન થઈ ચૂકેલ છે' - આ બાબત યુક્તિથી સિદ્ધ કરી શકાય છે. તે આ મુજબ - ઉત્પત્તિક્રિયાના સમયે જ પ્રથમ તંતુના પ્રવેશ વખતે પટ ઉત્પન્ન થયેલ છે. જો ત્યારે પટ ઉત્પન્ન થયો ન હોય તો નિષ્ફળ હોવાથી ત્યારે તે પટજનનક્રિયા વ્યર્થ થવાની આપત્તિ આવે. ઉત્પાદ્યનું ઉત્પાદન કરવા માટે ક્રિયા હોય છે. તેથી ઉત્પાદનક્રિયાની પ્રથમ ક્ષણે જો પટ ઉત્પન્ન ન થયો હોય તો પછીની ક્ષણોમાં પણ પટ અનુત્પન્ન જ રહેશે. કારણ કે ઉત્તરકાલીન ક્રિયાઓમાં એવું તે વળી કયું વિશેષ પ્રકારનું સ્વરૂપ રહેલું છે કે પ્રથમ સમયે પટ ઉત્પન્ન ન થાય અને ઉત્તરકાલીન

प्रथमतया नोत्पन्नस्तदुत्तराभिस्तूत्पाद्यते" (भ.सू.१/१/७ पृ.१४) इत्यधिकं **भगवतीसूत्रवृत्ति**तो विज्ञेयम्।

एतेन निश्चयनयसंमतोत्पत्त्यादिनिराकरणपरं नव्यनैयायिकमतं ***निराकृतं*** द्रष्टव्यम्।

"***ये*** त्वाहुः 'घटोत्पादकाले घटनाशाभ्युपगमे 'घटो नष्ट' इति प्रयोगः स्यात्, अन्यनाशे च घटस्योत्पन्नत्वैकान्त एव' इति,

तेऽप्यतात्पर्यज्ञाः, स्यादुपस्यन्दनेन द्रव्यार्थतया घटपदस्य तथाप्रयोगस्येष्टत्वात्, अंशे तत्प्रतियोगित्वस्य अंशे तदाधारत्वस्य च सम्भवात्, विरोधस्याऽपि तृतीयार्थावरुद्धस्यात्पदप्रतिरुद्धत्वादिति" (स्या.क.७/१७

ક્રિયાથી ઉત્પન્ન થાય ? તેથી માનવું પડશે કે ઉત્પદ્યમાન પટ ઉત્પન્ન છે જ. આ બાબતમાં અધિક નિરૂપણ **ભગવતીસૂત્ર**ની **વ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે કરેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

❋ નવ્યનૈયાયિકમતનું નિરાકરણ ❋

(**एतेन.**) આમ નિશ્ચયનયનો વાક્યપ્રયોગ પણ યુક્તિસંગત સિદ્ધ થાય છે. તેથી નવ્યનૈયાયિકે નિશ્ચયનયમાન્ય ઉત્પત્તિ-વિનાશ અંગે વર્તમાનકાળ-ભૂતકાળથી ગર્ભિત 'उत्पद्यमानम् उत्पन्नम्', 'विगच्छद् विगतम्' આવો વાક્યપ્રયોગ અમાન્ય કરવાનો જે પ્રયાસ કરેલ હતો તે વ્યાજબી નથી. આ પ્રમાણે સિદ્ધ થાય છે.

❋ ઉત્પત્તિકાલે નાશસ્વીકાર સદોષ : પૂર્વપક્ષ ❋

એકાન્તવાદી :- (**"ये त्वाहुः.**) "જો અનેકાન્તવાદી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સમકાલીન માનતા હોય તો ઘટોત્પત્તિના સમયે ઘટનાશને પણ અનેકાન્તવાદીએ સ્વીકારવો પડશે. તથા જો ઘટોત્પાદકાળે ઘટધ્વંસને માન્ય કરવામાં આવે તો ઘટોત્પત્તિ સમયે 'घटो नष्टः' - આવો વાક્યપ્રયોગ પણ અનેકાંતવાદીએ કરવો પડશે. તથા ઘટોત્પત્તિ સમયે કોઈ 'घटो नष्टः' - આવો વાક્યપ્રયોગ કરે તો તેને પ્રામાણિક માનવો પડશે. જો ઘટોત્પાદકાળે ઘટના બદલે અન્ય પદાર્થનો નાશ માનવામાં આવે તો ઘડો તો એકાંતે ઉત્પન્ન જ થયેલો કહેવાશે. આ રીતે તો ઘટમાં એકીસાથે ઉત્પાદ-વ્યય સિદ્ધ નહિ થઈ શકે.

❋ ઉત્પત્તિકાલે નાશસ્વીકાર નિર્દોષ : ઉત્તરપક્ષ ❋

અનેકાન્તવાદી :- (**तेऽप्यता.**) જે એકાંતવાદીઓ અનેકાન્તવાદ સામે ઉપર જણાવ્યા મુજબ આક્ષેપ કરે છે તે પણ અનેકાન્તવાદના તાત્પર્યને જાણતા નથી. આનું કારણ એ છે કે અમે સ્યાદ્વાદીઓ 'स्यात्' પદનો પ્રયોગ કરીને ઘટોત્પત્તિ કાળે દ્રવ્યાર્થરૂપે = મૃત્પિંડરૂપે = દ્રવ્યઘટરૂપે 'घटः नष्टः' આવો વ્યવહાર માન્ય કરીએ જ છીએ. ઘટ ઉત્પન્ન થતો હોય તે સમયે મૃત્પિંડનો નાશ થાય છે જ. મૃત્પિંડ દ્રવ્યઘટસ્વરૂપ છે. તેથી ઘટોત્પાદકાળે 'घटो नष्टः' આવા વાક્યપ્રયોગમાં 'ઘટ' શબ્દને દ્રવ્યઘટનો = મૃત્પિંડાત્મક ઘટનો વાચક માનીને તેવા વ્યવહારને અમે અનેકાન્તવાદીઓ પ્રામાણિક માનીએ જ છીએ. ઘડો કોઈક અંશે નાશનો પ્રતિયોગી છે તથા કોઈક અંશે તે નાશનો આધાર છે. એક સ્વરૂપે ધ્વંસપ્રતિયોગિતા અને અન્ય સ્વરૂપે ધ્વંસાધારતા - આ બન્ને ગુણધર્મોનો એકત્ર યુગપત્ સમાવેશ કરવામાં કોઈ વિરોધને અવકાશ નથી. ઘટમાં મૃત્પિંડરૂપે ધ્વંસપ્રતિયોગિતાનો અને ઘટત્વરૂપે ધ્વંસાધારતાનો સ્વીકાર પ્રામાણિક હોવાથી ઘટોત્પત્તિક્ષણે 'घटो नष्टः' આવો વ્યવહાર અમને અનેકાન્તવાદીને ઈષ્ટ છે. એક જ વસ્તુમાં એકીસાથે ઉત્પાદ-વ્યયનો વિરોધ

પરમતઈ "**इदानीं ध्वस्तो घटः**" એ આદ્ય ક્ષણઇ વ્યવહાર સર્વથા ન ઘટઈ. અમ્હારઈ નયભેદઇ

પૃ.૯૯) વ્યક્તં **स्याद्वादकल्पलतायाम्**।

इदमत्राकूतम् – જિનપ્રવચને પ્રતિપદાર્થં સામાન્યતો નિક્ષેપચતુષ્ટયં સમામ્નાતમ્। તદનુસારેણાऽત્ર મૃત્પિણ્ડો દ્રવ્યઘટઃ, કમ્બુગ્રીવાદિમાંશ્ચ ભાવઘટઃ। ઇત્થં ઘટો દ્રવ્યાત્મકો ભાવાત્મકશ્ચ। ભાવનિક્ષેપેણ ઘટોત્પત્તૌ સત્યાં દ્રવ્યનિક્ષેપેણ ઘટવિપત્તિરપિ અવશ્યમ્ભાવિની। તતશ્ચ ઘટે મૃત્પિણ્ડલક્ષણદ્રવ્યાંશે ધ્વંસપ્રતિયોગિતા કમ્બુગ્રીવાદિમત્ત્વલક્ષણભાવાંશે ચ ધ્વંસાધારતા યુગપદવિરુદ્ધૈવ। ઇત્થં મૃત્પિણ્ડાવચ્છિન્નધ્વંસપ્રતિયોગિતાવાન્ ઘટઃ કમ્બુગ્રીવાદિમત્ત્વાવચ્છિન્નધ્વંસીયાऽऽધારતાવાન્ સમકાલમેવ સમ્પદ્યતે ઇતિ નિક્ષેપતત્ત્વવિદાં ન કાऽપિ બાધા પ્રસિદ્ધપ્રયોગાદ્યુપપત્તિકરણે ઇતિ।

કિઞ્ચ, નવ્યનૈયાયિકાદિમતે ઘટધ્વંસાऽऽદ્યક્ષણે 'ઇદાનીં ધ્વસ્તો ઘટઃ' ઇતિ વ્યવહારઃ સર્વથૈવ ન સમ્ભવતિ; નશ્યત્ક્ષણે ઘટનાશોત્પત્તેરતીતત્વવિરહાત્।

અસ્માકમનેકાન્તવાદિનાં વ્યવહારનયેન તદા તદસમ્ભવેऽપિ નિશ્ચયનયેન તુ સમ્ભવત્યેવ,

પણ 'અપેક્ષાભેદથી' આવા તૃતીયાવિભક્તિઅર્થથી ગર્ભિત એવા અર્થના બોધક 'સ્યાત્' પદના સાન્નિધ્યથી જ નિરસ્ત થઈ જાય છે." આ બાબત **સ્યાદ્વાદકલ્પલતા** નામના વ્યાખ્યાગ્રંથમાં વ્યક્ત છે.

❖ એકત્ર ધ્વંસની પ્રતિયોગિતા અને આધારતા અવિરુદ્ધ ❖

(**इदम.**) અહીં કહેવાનો આશય એ છે કે જૈનદર્શનમાં દરેક શબ્દના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ આ પ્રમાણે સામાન્યથી ચાર નિક્ષેપ માન્ય કરવામાં આવેલ છે. પ્રત્યેક પદાર્થ નામ-સ્થાપનાદિ સ્વરૂપ છે. તે મુજબ પ્રસ્તુતમાં મૃત્પિંડ એટલે દ્રવ્યઘટ. કંબુગ્રીવાદિમાન્ પદાર્થ એટલે ભાવઘટ. આમ ઘટ દ્રવ્યાત્મક પણ છે તથા ભાવાત્મક પણ છે. ભાવનિક્ષેપે = ભાવાત્મક સ્વરૂપે ઘડો ઉત્પન્ન થઈ રહેલ હોય ત્યારે દ્રવ્યનિક્ષેપે = દ્રવ્યાત્મકરૂપે = મૃત્પિંડરૂપે તેનો નાશ અવશ્ય થાય છે. તેથી ઘડામાં દ્રવ્યાંશે = દ્રવ્યાત્મકરૂપે = મૃત્પિંડરૂપે ધ્વંસપ્રતિયોગિતા તથા ભાવાંશે = ભાવાત્મકરૂપે = કંબુગ્રીવાદિમત્ત્વરૂપે ધ્વંસાધારતા પરસ્પર વિરોધ વિના જ એકીસાથે રહી શકે છે. આ રીતે એક જ સમયે એક જ ઘડામાં મૃત્પિંડાવચ્છિન્ન ધ્વંસનિરૂપિત પ્રતિયોગિતા અને કંબુગ્રીવાદિમત્ત્વઅવચ્છિન્ન ધ્વંસનિરૂપિત આધારતા સંભવે છે. આમ નિક્ષેપતત્ત્વવેત્તા જૈન વિદ્વાનોને કોઈ પણ લોકપ્રસિદ્ધ વાક્યપ્રયોગ કે પ્રતીતિ આદિની વ્યવસ્થા કરવામાં કોઈ પણ જાતની સમસ્યા નડી શકતી નથી.

❖ નિશ્ચયમતસમર્થન ❖

(**किञ्च.**) વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે નવ્ય નૈયાયિક વગેરેના મતમાં ઘટધ્વંસની પ્રથમ ક્ષણે 'ઇદાનીં ઘટો ધ્વસ્તઃ' આવો લોકપ્રસિદ્ધ વ્યવહાર કોઈ પણ રીતે નહિ સંભવી શકે. કારણ કે વર્ત્તમાનકાળે = 'નશ્યત્' સમયે = ઘટનાશજન્મક્ષણે ઘટનાશની ઉત્પત્તિ અતીત = ભૂતકાલીન નથી. તથા 'ધ્વસ્તઃ' આવો વાક્યપ્રયોગ ધ્વંસજન્મમાં અતીતકાલીનત્વનું અવગાહન કરે છે અને 'ઇદાનીં' શબ્દ વર્તમાનકાળને દર્શાવે છે. તેથી ઘટધ્વંસપ્રથમક્ષણે ઉપરોક્ત વાક્યપ્રયોગ નૈયાયિકમતે સંભવી નહિ શકે.

(**अस्मा.**) અમે અનેકાન્તવાદી તો અનેક નયોને માન્ય કરીએ છીએ. તેથી ઘટધ્વંસજન્મક્ષણે

संभवई. अत्र *सम्मति* ▸गाथा छई◂ -

[1]उप्पज्जमाणकालं उप्पण्णं ति विगयं विगच्छंतं।
दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ।। (स.त.३.३७) ॥९/१२॥

घटध्वंसोत्पत्तिक्रियासमयेऽपि तन्नये घटध्वंसोत्पत्तिनिष्ठापरिणामलक्षणस्य अतीतत्वस्याऽबाधात्।

यथोत्पाद-व्यय-स्थितीनां प्रत्येकमेकैकं रूपं त्रयात्मकं तथा भूत-वर्तमान-भविष्यद्भिरप्येकैकं रूपं त्रिकालतामासादयतीति। एतदेवोक्तं **सम्मतितर्के** [1]"उप्पज्जमाणकालं उप्पण्णं ति विगयं विगच्छंतं। दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ।।" (स.त. ३/३७) इति।

एतदर्थलेशस्तु **भगवतीसूत्रव्याख्यायां** नवाङ्गीटीकाकार**श्रीअभयदेवसूरि**भिः "उत्पद्यमानकालमित्यनेनाद्यसमयादारभ्योत्पत्त्यन्तसमयं यावदुत्पद्यमानत्वस्येष्टत्वाद्वर्त्तमान-भविष्यत्कालविषयं द्रव्यमुक्तम्, उत्पन्नमित्यनेन

व्यवहारनयथी 'इदानीं घटः ध्वस्तः' - आवो वाक्यप्रयोग भले न संभवी शके. तो पण निश्चयनयनी दृष्टिए तो घटध्वंसजन्मक्षणे 'इदानीं घटः ध्वस्तः' - आवो वाक्यप्रयोग संभवी शके ज छे. कारण के निश्चयनयनी दृष्टिए आरंभकाळ (= क्रियाकाळ) अने निष्ठाकाळ (= समाप्तिकाळ) एक ज छे. तेथी घटध्वंसनी उत्पत्ति क्रिया जे समये विद्यमान हशे ते समये पण निश्चयनयथी घटध्वंसजन्मनो निष्ठापरिणाम हाजर ज हशे. ध्वंसनी उत्पत्तिनो निष्ठापरिणाम ए ज ध्वंसनुं अतीतत्व = भूतकालीनत्व छे. आम घटध्वंसोत्पत्तिक्षणे घटध्वंसोत्पादनिष्ठापरिणामस्वरूप अतीतत्व अबाधित होवाथी त्यारे 'इदानीं घटो ध्वस्तः' आवो वाक्यप्रयोग निश्चयनयनी दृष्टिए थई शके छे.

❀ त्रिपदीमां त्रिकाल अन्वययोजना ❀

(**यथो.**) उत्पाद, व्यय अने ध्रौव्य (= स्थिति = स्थिरता) आ त्रणेयमां प्रत्येक गुणधर्म जेम त्रयात्मक छे तेम ते उत्पादादि प्रत्येक गुणधर्म भूतकाळ, वर्तमानकाळ अने भविष्यकाळ - आम त्रण काळने लईने पण त्रैकालिकताने धारण करे छे. आ वात **सम्मतितर्क** ग्रंथमां **श्रीसिद्धसेनदिवाकरसूरिजी** महाराजे जणावेल छे. **संमतितर्क**नी ते गाथानो अर्थ नीचे मुजब छे.

❀ संमतितर्कसंवाद ❀

गाथार्थ :- "उत्पत्तिक्रियाना काळमां द्रव्यने 'उत्पन्न' देखाडनार अने विनाशक्रियाकाळमां द्रव्यने 'विनष्ट' देखाडनार (पुरुष) त्रणे काळने विषयना रूपमां विशेषित करे छे."

❀ संमतिगाथा उपर भगवतीसूत्रव्याख्या ❀

(**एत.**) नवांगीटीकाकार **श्रीअभयदेवसूरिजी** महाराजे **भगवतीसूत्र**ना आठमा सूत्रनी व्याख्या करती वखते उपरोक्त **संमतितर्कगाथा**ने उद्धृत करेल छे तथा तेनी त्यां व्याख्या पण करेल छे. त्यां तेओश्रीए जणावेल छे तेनो प्रस्तुतमां उपयोगी अंश आ मुजब छे. "**संमतितर्क**गाथामां 'उत्पद्यमानं' आ प्रमाणे जे कहेल छे, तेनो अर्थ एवो मान्य छे के उत्पत्तिना प्रथम समयथी मांडीने उत्पत्तिना अंत समय

▸...◂ चिह्नद्वयमध्यवर्ती पाठ फक्त ला.(२)मां छे.

1. उत्पद्यमानकालम् उत्पन्नम् इति विगतं विगच्छत्। द्रव्यं प्रज्ञापयन्, त्रिकालविषयं विशेषयति।।

त्यतीतकालविषयम्, एवं विगतं विगच्छदित्यनेनापीति। ततश्चोत्पद्यमानादि प्रज्ञापयन् स भगवान् द्रव्यं विशेषयति, कथं ? त्रिकालविषयं यथा भवति" (भ.सू.१/१/सू.८, वृ. पृ.१८) इत्येवं दर्शितः।

तर्कपञ्चाननश्रीअभयदेवसूरिकृता **वादमहार्णवाभिधाना तद्वृत्तिस्त्वेवम्** "उत्पद्यमानसमये एव किञ्चित् पटद्रव्यं तावदुत्पन्नम् – यद्येकतन्तुप्रवेशक्रियासमये तद् द्रव्यं तेन रूपेण नोत्पन्नं तर्ह्युत्तरत्रापि तन्नोत्पन्नमित्यत्यन्तानुत्पत्तिप्रसक्तिस्तस्य स्यात्। न चोत्पन्नांशेन तेनैव पुनस्तदुत्पद्यते, तावन्मात्रपटादिद्रव्योत्पत्तिप्रसक्तेरुत्तरोत्तरक्रियाक्षणस्य तावन्मात्रफलोत्पादने एव प्रक्षयाद् अपरस्य फलान्तरस्याऽनुत्पत्तिप्रसक्तेः। यदि च विद्यमाना एकतन्तुप्रवेशक्रिया न फलोत्पादिका, विनष्टा सुतरां न भवेत्, असत्त्वात्, अनुत्पत्त्यवस्थावत्। न ह्यनुत्पन्न-विनष्टयोरसत्त्वे कश्चिद् विशेषः।

સુધીની અવસ્થાપર્યન્ત કાર્ય ઉત્પદ્યમાન હોવાથી કાર્યદ્રવ્યને વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન કહેવાય. તથા ઉત્પન્ન શબ્દથી અતીતકાલીન કાર્યદ્રવ્ય વિવક્ષિત છે. આ જ રીતે 'વિગત' શબ્દથી અતીત વિનષ્ટ કાર્યદ્રવ્ય અને 'વિગચ્છત્' શબ્દથી વર્તમાનકાલીન-ભવિષ્યકાલીન નાશયુક્ત દ્રવ્ય વિવક્ષિત છે. તેથી સંમતિતર્કની ઉપરોક્ત ગાથાનો અર્થ એવો થશે કે ઉત્પદ્યમાન-ઉત્પન્નાદિ દ્રવ્યની પ્રરૂપણા કરતા ભગવાન જે રીતે દ્રવ્ય ત્રિકાળવિષયક બને તે રીતે જણાવે છે."

વાદમહાર્ણવવિવરણ

(**तर्क.**) તર્કપંચાનન શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે સંમતિતર્કપ્રકરણ ઉપર **વાદમહાર્ણવ** નામની મહાકાય વ્યાખ્યા રચેલ છે. ત્યાં સંમતિતર્કની પ્રસ્તુત ગાથાની વ્યાખ્યા નીચે મુજબ કરેલ છે. "કોઈ એક વસ્ત્રદ્રવ્ય પોતાની ઉત્પત્તિક્રિયાના કાળમાં પણ 'ઉત્પન્ન' હોય છે - આ તથ્યની પુષ્ટિમાં કહી શકાય છે કે વસ્ત્રનિર્માણ માટે ઊર્ધ્વતન્તુસમૂહની અંદર જ્યારે પહેલા આડા તાંતણા (= તંતુ) નો પ્રવેશ કરાવાય છે તે સમયે તે વસ્ત્રદ્રવ્યને તેટલા અંશમાં (દા.ત. આડા એકહજાર તાંતણાનું વસ્ત્ર બનવાનું છે. તો ૧૦૦૦ મા અંશમાં) તો 'ઉત્પન્ન' સમજવું જોઈએ. જો આવું ન માનીએ તો પછી-પછીના સમયે બીજા, ત્રીજા યાવત્ છેલ્લા તંતુનો પ્રવેશ કરાવવા છતાં પણ તે વસ્ત્ર અનુત્પન્ન જ રહેશે. પરિણામસ્વરૂપે તે વસ્ત્ર કાયમ માટે સર્વથા અનુત્પન્ન થવા સ્વરૂપ અતિપ્રસંગ આવશે. એવું માની ન શકાય કે - 'પ્રથમતંતુપ્રવેશ થયા પછી જેટલા અંશમાં તે વસ્ત્ર ઉત્પન્ન થયું, તેટલા જ અંશમાં નવા નવા તંતુપ્રવેશકાળમાં પણ વારંવાર તે વસ્ત્રની ઉત્પત્તિ ચાલુ જ રહેશે.' જો આવું માનવામાં આવે તો સર્વથા એકતંતુમાત્રપ્રમાણ વસ્ત્રાદિ દ્રવ્યની ઉત્પત્તિ થવા સ્વરૂપ અતિપ્રસંગ આવશે. કારણ કે પછી-પછીની તંતુપ્રવેશક્રિયા ફક્ત એકતંતુમાત્રપ્રમાણ વસ્ત્રને ઉત્પન્ન કરીને પૂરી થઈ જશે (=ચરિતાર્થ થઈ જશે). પરિણામસ્વરૂપે બેતંતુપ્રમાણ કે ત્રણતંતુપ્રમાણ વગેરે નવા-નવા ફળસ્વરૂપ વસ્ત્રની ઉત્પત્તિ જ થઈ ન શકે. આવી સમસ્યા સર્જાશે. હવે વિચારીએ કે પોતાની હાજરીમાં પણ જો એકતંતુપ્રવેશક્રિયા ફળને ઉત્પન્ન કરતી નથી તો તે વિનષ્ટ થયા પછી તો સુતરાં કરી નહિ શકે. કારણ કે અનુત્પન્ન અવસ્થાની જેમ વિનષ્ટ અવસ્થા પણ અસત્ છે. અનુત્પન્ન અને વિનષ્ટ આ બન્ને અવસ્થામાં અસત્ત્વમાં કોઈ ફરક નથી કે જેનાથી એવી આશા પ્રગટી શકે કે 'અનુત્પન્ન અવસ્થામાં કાર્ય ભલે થઈ ન શકે પરંતુ વિનષ્ટ અવસ્થામાં તો થઈ શકે.'

ततः प्रथमक्रियाक्षणः केनचिद् रूपेण द्रव्यमुत्पादयति, द्वितीयस्त्वसौ तदेव अंशान्तरेणोत्पादयति, अन्यथा क्रियाक्षणान्तरस्य वैफल्यप्रसक्तेः। एकेनांशेनोत्पन्नं सद् उत्तरक्रियाक्षणफलांशेन यद्यपूर्वमपूर्वं तद् उत्पद्येत तदोत्पन्नं भवेद्, नान्यथेति प्रथमतन्तुप्रवेशादारभ्यान्त्यतन्तुसंयोगावधिं यावद् उत्पद्यमानं प्रबन्धेन तद्रूपतयोत्पन्नम्, अभिप्रेतनिष्ठारूपतया चोत्पत्स्यत इत्युत्पद्यमानम् उत्पन्नमुत्पत्स्यमानं च भवति। एवमुत्पन्नमपि उत्पद्यमानमुत्पत्स्यमानं च भवति, तथोत्पत्स्यमानमपि उत्पद्यमानमुत्पन्नं चेति।

एकैकमुत्पन्नादिकालत्रयेण यथा त्रैकाल्यं प्रतिपद्यते तथा विगच्छदादिकालत्रयेणाप्युत्पादादिरेकैकः त्रैकाल्यं प्रतिपद्यते। तथाहि – यथा यद् यदैवोत्पद्यते तत् तदैवोत्पन्नम् उत्पत्स्यते च। यद् यदैवोत्पन्नं तत् तदैव उत्पद्यते उत्पत्स्यते च। यद् यदैवोत्पत्स्यते तत् तदैवोत्पद्यते उत्पन्नं च। तथा (यदेव?) यदैव यदुत्पद्यते तत् तदैव विगतं विगच्छद् विगमिष्यच्च। तथा, यदेव यदैवोत्पन्नं तदेव तदैव विगतं विगच्छद् विगमिष्यच्च।

❀ દરેક ક્રિયાક્ષણે વિભિન્નસ્વરૂપે કાર્યોત્પત્તિ ❀

(ततः.) આના પરથી એવો સાર નીકળે છે કે પ્રથમ ક્રિયાક્ષણ કંઈક અંશમાં (= કોઈક સ્વરૂપે) દ્રવ્યને ઉત્પન્ન કરે છે. બીજી ક્રિયાક્ષણ એ જ દ્રવ્યને કંઈક બીજા અંશમાં ઉત્પન્ન કરે છે. જો આવું ન માનીએ તો બીજી ક્ષણની ક્રિયાથી એ જ અંશમાં દ્રવ્યની પુનઃ ઉત્પત્તિને માનવી પડશે. તેથી ત્યારે બીજી ક્ષણની ક્રિયામાં નિષ્ફળતાનું કલંક લાગશે. સંપૂર્ણ વસ્ત્રની ઉત્પત્તિની આશા ત્યાં સુધી રાખી શકાય કે જ્યાં સુધી એક અંશમાં વસ્ત્ર ઉત્પન્ન થયા પછી ઉત્તરોત્તર ક્રિયાક્ષણો દ્વારા નવા-નવા (= અપૂર્વ અપૂર્વ) અંશમાં એ દ્રવ્યની ઉત્પત્તિ થતી હોય. અન્યથા તેવી આશા નકામી માનવી પડે. આ રીતે પ્રથમ તંતુના પ્રવેશથી માંડીને અંતિમતંતુસંયોગ સુધી તે દ્રવ્ય પરંપરાથી ઉત્પદ્યમાન સ્વરૂપે રહીને ઉત્પન્ન થાય છે. તથા જેટલા અંશોમાં ઉત્પન્ન થવાનું બાકી છે એટલા અંશોમાં ઉત્પત્સ્યમાન (= ભવિષ્યમાં ઉત્પન્ન થવાવાળું) છે. આ રીતે સમુચ્ચયથી જોવામાં આવે તો એવું કહી શકાય કે એક જ દ્રવ્ય જ્યારે ઉત્પદ્યમાન અવસ્થામાં છે, ત્યારે તે ઉત્પન્ન પણ છે અને ઉત્પત્સ્યમાન પણ છે. તદુપરાંત, જે ઉત્પન્ન છે તે પણ ઉત્પદ્યમાન અને ઉત્પત્સ્યમાન છે. તથા જે ઉત્પત્સ્યમાન છે તે જ ઉત્પદ્યમાન અને ઉત્પન્ન અવસ્થામાં પણ છે.

❀ ત્રૈકાલિક ઉત્પાદાદિ સમર્થન ❀

(एकै.) જેમ એક-એક ઉત્પન્નાદિ ત્રણે કાળને આશ્રયીને અહીં દ્રવ્યની ત્રૈકાલિકતા દેખાડાઈ છે તે જ રીતે વિનશ્યદ્આદિ ત્રણે કાળને લઈને પણ ઉત્પાદાદિમાં એક-એક કરીને ત્રૈકાલિકતાનું ઉપદર્શન થઈ શકે છે. તે ઉપદર્શન આ રીતે છે-- (૧) જે વસ્તુ જ્યારે ઉત્પન્ન થતી હોય તે (વસ્તુ) તે જ સમયે ઉત્પન્ન થયેલી પણ છે અને ઉત્પન્ન થવાની પણ છે. (૨) જે જ્યારે ઉત્પન્ન થયું છે તે સમયે તે ઉત્પન્ન થઈ રહ્યું છે અને ઉત્પન્ન થવાનું પણ છે. (૩) જે જ્યારે ઉત્પન્ન થવાનું છે તે સમયે તે ઉત્પન્ન થઈ રહેલું પણ છે અને ઉત્પન્ન થયેલું પણ છે. તે જ પ્રમાણે ઉત્પદ્યમાન, ઉત્પન્ન અને ઉત્પત્સ્યમાનની સાથે વિગમનો = નાશનો સંબંધ જોડી લેવો. તે આ રીતે - (૪) જે જ્યારે ઉત્પન્ન થઈ રહેલી છે તે (વસ્તુ) તે જ સમયે નાશ પામેલી છે, નાશ પામી રહી છે અને નાશ પામવાની પણ છે. (૫) તથા જે (વસ્તુ) જ્યારે ઉત્પન્ન થયેલ છે તે જ વસ્તુ ત્યારે જ નાશ પામેલી છે, નાશ પામી રહી

तथा, यदेव यदैवोत्पत्स्यते तदेव तदैव विगतं विगच्छद् विगमिष्यच्च।

एवं विगमोऽपि त्रिकाल उत्पादादिना दर्शनीयः, तथा स्थित्याऽपि त्रिकाल एव सप्रपञ्चः प्रदर्शनीयः। एवं स्थितिरपि उत्पाद-विनाशाभ्यां सप्रपञ्चाभ्यामेकैकाभ्यां त्रिकाला प्रदर्शनीयेति। द्रव्यमन्योन्यात्मकतथाभूतकालत्रयात्मकोत्पाद-विनाश-स्थित्यात्मकं प्रज्ञापयंस्त्रिकालविषयप्रादुर्भवद्धर्माधारतया तद् विशिनष्टि। अनेन प्रकारेण त्रिकालविषयं द्रव्यस्वरूपं प्रतिपादितं भवति; अन्यथा द्रव्यस्याभावात् तद्वचनस्य मिथ्यात्वप्रसक्तिरिति भावः" (स.त.३/३७ वृ.) इति।

प्रकृते [1]"ण भवो भंगविहीणो भंगो वा णत्थि संभवविहीणो। उप्पादो वि य भंगो ण विणा धोव्वेण

છે અને નાશ પામવાની પણ છે. (૬) તથા જે વસ્તુ જ્યારે ઉત્પન્ન થવાની છે તે જ વસ્તુ ત્યારે જ નાશ પામેલી છે, નાશ પામી રહી છે અને નાશ પામવાની પણ છે.

❋ નાશસમયે ઉત્પાદાદિ હાજર ❋

(एवं.) એ જ રીતે આ પણ સમજી જ લેવું કે - (૧) જે જ્યારે નાશ પામી રહ્યું છે તે, તે જ સમયે ઉત્પન્ન છે, ઉત્પન્ન થઈ રહ્યું છે અને ઉત્પન્ન થવાનું પણ છે. (૨) જે જ્યારે નાશ પામેલ છે તે પદાર્થ તે જ સમયે ઉત્પન્ન થયેલ છે, ઉત્પન્ન થઈ રહેલ છે અને ઉત્પન્ન થવાનો પણ છે. (૩) તેમજ જે જ્યારે નાશ પામશે તે, તે જ સમયે ઉત્પન્ન થયેલ છે, ઉત્પન્ન થઈ રહેલ છે અને ઉત્પન્ન થવાનું છે. તથા આ જ રીતે સ્થિતિની = ધ્રૌવ્યની સાથે પણ વિસ્તારથી ઉત્પાદાદિનો ત્રૈકાલિક સંવેધ દર્શાવવો. (૧) જેમ કે - જે જ્યારે ઉત્પન્ન થઈ રહેલ છે કે નાશ પામી રહેલ છે તે, તે જ સમયે સ્થિર હતું, સ્થિર છે અને સ્થિર રહેશે. (૨) જે જ્યારે ઉત્પન્ન થઈ ગયેલ છે કે નષ્ટ થઈ ગયેલ છે તે, તે જ સમયે સ્થિર હતું, સ્થિર છે અને સ્થિર રહેશે. (૩) જે જ્યારે ઉત્પન્ન થશે કે નાશ પામશે તે, તે જ સમયે સ્થિર હતું, સ્થિર છે અને સ્થિર રહેશે. વળી સ્થિતિની સાથે પણ તે જ રીતે ઉત્પાદ-વિનાશની વિસ્તારથી ત્રૈકાલિકતા દેખાડી શકાય છે. તથા તે જ રીતે સ્થિતિની પણ ઉત્પાદ-વિનાશ પ્રત્યેકની સાથે ત્રૈકાલિકતાનું પ્રદર્શન વિસ્તારથી કરી શકાય છે. ઉપરની રીતે જે પરસ્પર ભિન્ન એક-બીજાથી અનુવિદ્ધ ત્રિકાલવ્યાપ્ત ઉત્પાદ-વિનાશ-સ્થિતિ છે તે તમામ એકદ્રવ્યસંસર્ગી હોવાથી દ્રવ્ય પણ ઉપરના પ્રકારના ઉત્પાદાદિથી અભિન્ન છે. આવા પ્રકારનું પ્રતિપાદન કરનાર પુરુષ અબાધિત ત્રિકાલવિષયના સ્વરૂપમાં પ્રગટ થતા ગુણધર્મના આધાર તરીકે દ્રવ્યને વિશેષ પ્રકારે રજૂ કરે છે. તાત્પર્ય એ છે કે ઉપરની રીતે 'દ્રવ્યનું સ્વરૂપ ત્રિકાલવ્યાપક છે' - એવું પ્રતિપાદિત થાય છે. જો દ્રવ્યને ત્રૈકાલિક ન માનો તો વાસ્તવમાં સ્વરૂપશૂન્ય થવાથી દ્રવ્યનું અસ્તિત્વ જ શૂન્ય થવાથી દ્રવ્યપ્રતિપાદક વચનપ્રયોગ મિથ્યા થવાની આપત્તિ આવશે." આ પ્રમાણે **સંમતિતર્કવ્યાખ્યા** દ્વારા કાળના માધ્યમથી પણ ઉત્પાદાદિ પ્રત્યેકમાં ત્રયાત્મકતા સિદ્ધ થાય છે.

❋ ઉત્પાદાદિશૂન્ય વસ્તુનો અસંભવ : કુંદકુંદાચાર્ય ❋

(प्रकृते.) દિગંબર **કુંદકુંદસ્વામી**એ રચેલ **પ્રવચનસાર** નામના ગ્રંથની એક ગાથા પણ પ્રસ્તુતમાં યાદ

1. न भवो भङ्गविहीनो भङ्गो वा नास्ति सम्भवविहीनः। उत्पादोऽपि च भङ्गो न विना ध्रौव्येण अर्थेन।।

अत्थेण।।" (प्र.सा.८) इति **प्रवचनसार**गाथाऽपि स्मर्तव्या, ततोऽपि प्रतिवस्तु उत्पाद-व्यय-ध्रौव्यसिद्धेः। अधिकन्तु **अमृतचन्द्रीयवृत्ति**तो ज्ञेयम्।

तदुक्तं **विद्यानन्दस्वामि**नाऽपि **अष्टसहस्र्यां** "द्रव्य-पर्यायात्मकं जीवादि वस्तु, क्रम-यौगपद्याभ्यामर्थ-क्रियान्यथानुपपत्तेरिति प्रमाणोपपन्नम्।

तथा च स्थितिरेव स्थास्यति उत्पत्स्यते विनङ्क्ष्यति। सामर्थ्यात् स्थिता उत्पन्ना विनष्टेति गम्यते। विनाश एव स्थास्यति उत्पत्स्यते विनङ्क्ष्यति, स्थित उत्पन्नो विनष्ट इति च गम्यते। उत्पत्तिरेव उत्पत्स्यते

કરવા લાયક છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "ઉત્પાદ ક્યારેય પણ વ્યયશૂન્ય નથી હોતો. અથવા વ્યય ક્યારેય પણ ઉત્પાદશૂન્ય નથી હોતો. ઉત્પાદ અને વ્યય પણ ધ્રૌવ્ય વસ્તુ વિના શક્ય નથી." **કુંદકુંદસ્વામી**નું ઉપરોક્ત વચન પણ પ્રત્યેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સિદ્ધ કરે છે. આ બાબતનો વધુ વિસ્તાર **પ્રવચનસારવ્યાખ્યા**માં દિગંબર **અમૃતચંદ્રાચાર્યજી**એ કરેલ છે. જિજ્ઞાસુ વાચકવર્ગ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

❀ દિગંબરમતમાં ઉત્પાદાદિમાં કાલત્રયસંબંધ ❀

(तदुक्तं.) **સમન્તભદ્રાચાર્ય**રચિત **આપ્તમીમાંસા** ગ્રંથ ઉપર દિગંબર **અકલંકાચાર્યે અષ્ટશતીભાષ્ય** રચેલ છે. તેના ઉપર દિગંબર વિદ્વાન શ્રી**વિદ્યાનંદસ્વામી**એ **અષ્ટસહસ્રી** નામની વિસ્તૃત વ્યાખ્યા રચેલ છે. તેમાં તેઓએ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં ત્રણ કાળનો સમન્વય કરીને નવ ભાંગા દર્શાવેલ છે. તેમનું કથન આ મુજબ છે. "જીવ-અજીવ વગેરે સર્વ વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક છે. વસ્તુને દ્રવ્ય-પર્યાય ઉભયાત્મક માનવામાં ન આવે તો જીવાદિ વસ્તુ ક્રમશઃ કે યુગપત્ અર્થક્રિયા કરે તેવું અસંગત બની જવાથી જીવાદિ વસ્તુને દ્રવ્ય-પર્યાયાત્મક માનવી જોઈએ. આ પ્રમાણે પ્રમાણથી સિદ્ધ થાય છે.

સ્પષ્ટતા :- જો વસ્તુને કેવલ દ્રવ્યાત્મક માનવામાં આવે તો જીવાદિ વસ્તુ પોતાનું કાર્ય = ક્રિયા ક્રમશઃ કે યુગપત્ કરી ન શકે. ક્રમશઃ કાર્ય કરે તો જુદા જુદા સમયે દ્રવ્યનું સ્વરૂપ બદલાવાથી દ્રવ્યાત્મકતા = ધ્રુવાત્મકતા બાધિત થાય. તથા યુગપત્ = એકીસાથે તમામ કાર્યોને જીવાદિ વસ્તુ કરે તો બીજી ક્ષણે કશું કાર્ય બાકી ન રહેવાથી જીવાદિ વસ્તુ અસત્ બની જાય. કારણ કે અર્થક્રિયાકારિત્વ એ જ તો પરદર્શનીના મતે સત્ વસ્તુનું લક્ષણ છે. તેથી જીવ-અજીવ વગેરે વસ્તુને કેવલ દ્રવ્યાત્મક માની ન શકાય. તથા જીવ-અજીવ વગેરે વસ્તુને કેવલ પર્યાયાત્મક પણ માની ન શકાય. કારણ કે કેવલ પર્યાયાત્મક વસ્તુ પણ ક્રમશઃ કે યુગપત્ અર્થક્રિયાને કરવા માટે સમર્થ નથી. પર્યાય ક્ષણિક હોવાથી ક્રમશઃ અનેક કાર્યોને કરી ન શકે. તથા 'યુગપત્ પર્યાય તમામ ક્રિયાઓને કરે છે' - તેવું પણ માની ન શકાય. કારણ કે જીવાદિ વસ્તુ એકી સાથે બધા કાર્યો કરે તેવું જોવા મળતું નથી. નહિતર બીજી ક્ષણે કોઈ કાર્ય કરવાનું બાકી ન રહે. આમ જીવાદિ વસ્તુ કેવલ દ્રવ્યાત્મક કે ફક્ત પર્યાયાત્મક નહિ પણ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે - તેવું સિદ્ધ થાય છે.

❀ પ્રત્યેક ધ્રૌવ્યાદિ ત્રિતયાત્મક ❀

(तथा.) તેથી (જીવાદિ વસ્તુમાં રહેલ ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદને ત્રણ કાળની અપેક્ષાએ વિચારીએ તો) સ્થિતિ = ધ્રૌવ્ય જ સ્થિર રહેશે, ઉત્પન્ન થશે તથા વિનાશ પામશે. (આમ ભવિષ્યકાળની દૃષ્ટિએ ધ્રૌવ્યમાં ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયાત્મકતા સિદ્ધ થાય છે.) તથા સામર્થ્યથી (= અર્થાપત્તિથી કે કોઠાસૂઝથી) જણાય છે કે સ્થિતિ = સ્થિરતા = ધ્રુવતા પણ સ્થિર = ધ્રુવ હતી, ઉત્પન્ન થયેલી હતી અને વિનષ્ટ હતી. (આ

विनङ्क्ष्यति स्थास्यतीति न कुतश्चिद् उपरमति सोत्पन्ना विनष्टा स्थितेति गम्यते।

स्थित्याद्याश्रयस्य वस्तुनोऽनाद्यनन्तत्वाद् अनुपरमसिद्धेः स्थित्यादिपर्यायाणां कालत्रयापेक्षिणामनुपरमसिद्धिः, अन्यथा तस्यातल्लक्षणत्वप्रसङ्गात्, सत्त्वविरोधात्।

एतेन जीवादि वस्तु (१) तिष्ठति, (२) स्थितम्, (३) स्थास्यति, (४) विनश्यति, (५) विनष्टम्,

---

રીતે ભૂતકાળની દૃષ્ટિએ ધ્રૌવ્યમાં ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયાત્મકતા સિદ્ધ થાય છે. વર્તમાનકાળની દૃષ્ટિએ તો ધ્રૌવ્યમાં ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયાત્મકતા છે જ. આમ ભવિષ્યકાળ, ભૂતકાળ, વર્તમાનકાળની અપેક્ષાએ ધ્રૌવ્ય ત્રિતયાત્મક છે - તેવું સિદ્ધ થાય છે. ધ્રૌવ્યની જેમ વ્યયમાં પણ ત્રણ કાળની દૃષ્ટિએ ત્રયાત્મકતા નિશ્ચિત થાય છે. તે આ રીતે) વિનાશ = વ્યય જ સ્થિર રહેશે, ઉત્પન્ન થશે તથા વિનાશ પામશે. (આમ ભવિષ્યકાળની દૃષ્ટિએ વ્યયમાં ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયાત્મકતા સિદ્ધ થાય છે. તથા ભૂતકાળની દૃષ્ટિએ વિચારીએ તો) વિનાશ જ સ્થિર હતો, ઉત્પન્ન થયેલ હતો અને વિનષ્ટ = નાશ પામેલ હતો - આ પ્રમાણે જણાય છે. (વર્તમાનકાળની દૃષ્ટિએ તો વિનાશ ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયરૂપ છે જ. તેથી 'ભવિષ્યકાળ, ભૂતકાળ અને વર્તમાનકાળની અપેક્ષાએ વ્યય ત્રયાત્મક છે' - તેવું સિદ્ધ થાય છે. વ્યયની જેમ ઉત્પાદમાં પણ ત્રણ કાળની વિવક્ષાથી ત્રયાત્મકતા નિશ્ચિત થાય છે. તે આ રીતે) ઉત્પાદ જ ઉત્પન્ન થશે, વિનાશ પામશે, સ્થિર રહેશે. તેથી ઉત્પાદ કોઈ પણ નિમિત્તે અટકતો નથી. (આમ ભવિષ્યકાળની દૃષ્ટિએ ઉત્પાદમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યતા સિદ્ધ થાય છે. તથા ભૂતકાળની અપેક્ષાએ વિચારીએ તો) ઉત્પત્તિ ઉત્પન્ન થઈ ચૂકેલ છે, વિનષ્ટ થઈ ચૂકેલ છે તથા સ્થિર થયેલ છે - તેમ જણાય છે. (આ રીતે ભૂતકાળની દૃષ્ટિએ ઉત્પત્તિમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મકતા સિદ્ધ થાય છે. વર્તમાનકાળની દૃષ્ટિએ તો ઉત્પત્તિ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે જ. તેથી ત્રણ કાળની દૃષ્ટિએ ઉત્પાદ પણ ત્રિતયાત્મક છે - તેવું ફલિત થાય છે.)

✻ સ્થિતિ આદિ પર્યાય કાલત્રયસાપેક્ષ ✻

(**स्थित्या.**) ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયને ધારણ કરનાર જીવ-અજીવ વગેરે વસ્તુ અનાદિ-અનન્ત છે. તેથી જીવાદિ વસ્તુનો સર્વથા ઉપરમ = વિશ્રામ = વિનાશ = ઉચ્છેદ સિદ્ધ થઈ શકતો નથી. કોઈકને કોઈક સ્વરૂપે જીવાદિ વસ્તુ સર્વદા હાજર રહે છે - તેવું સિદ્ધ થાય છે. તેથી ભૂત-ભવિષ્ય-વર્તમાન કાળની અપેક્ષા રાખનારા ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય પર્યાયો પણ સર્વદા હાજર રહે છે, સર્વથા ઉચ્છેદ પામતા નથી - આવું સિદ્ધ થાય છે. જો ધ્રૌવ્ય-ઉત્પાદ આદિ પર્યાયોનો સંપૂર્ણતયા નાશ થઈ જાય તો 'ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયાત્મક વસ્તુ સત્ છે' - આ પ્રમાણે જે ત્રિલક્ષણાત્મક વસ્તુ પ્રસિદ્ધ છે, તે હકીકત સંગત નહિ થાય. તેથી તેવી અવસ્થામાં 'વસ્તુ ધ્રૌવ્યાદિ ત્રિલક્ષણવાળી છે' - તેવું કહી ન શકાય. કારણ કે લક્ષણશૂન્ય વસ્તુ ક્યારેય પણ હોતી નથી. જો જીવાદિ વસ્તુ ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયશૂન્ય હોય તો તેને સત્ = પારમાર્થિક માનવામાં પણ વિરોધ આવશે. કારણ કે **ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થસૂત્ર**માં 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' - આ પ્રમાણે સત્ વસ્તુનું લક્ષણ બતાવેલ છે. જેમાં ઉત્પાદાદિ ત્રણ હોય તેને જ સત્ કહેવાય. ઉત્પાદાદિશૂન્યને સત્ ન કહેવાય.

✡ વસ્તુમાં નવભંગીની પ્રસિદ્ધિ ✡

(**एतेन.**) ઉપરોક્ત વિચારવિમર્શથી અહીં એવું પ્રદર્શિત કરવામાં આવેલ છે કે - જીવાદિ વસ્તુ

(६) विनङ्क्ष्यति, (७) उत्पद्यते, (८) उत्पन्नम्, (९) उत्पत्स्यते चेति ***प्रदर्शितम्***, कथञ्चित् तदभिन्नस्थित्यादीनामन्यथा स्थास्यतीत्यादिव्यवस्थानुपपत्तेः" (आ.मी.११, अ.स.परि.१/पृ.१६४) इति भावनीयम्।

इह स्थले **द्रव्यानुयोगतर्कणायां** मूलश्लोके तद्व्याख्यायाञ्च बहु स्खलितम्। तत् स्वयं विज्ञैः विमर्षणीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'नैश्चयिकोत्पादानभ्युपगमे व्यावहारिकोत्पादोऽङ्गीक्रियतामि'ति नव्यनैयायिकं प्रति ग्रन्थकृदुक्तिः इदं शिक्षयति यदुत – "अनेकान्तवादः सर्वनयसमन्वयात्मकः परं 'सर्वानेव नयान् परः अभ्युपेयादि'त्याग्रहो न सम्यक्, स्वकीयमत-मति-संस्कार-पक्ष-क्षमताद्यनुसारेणैव प्रायः सर्वेषां प्रवर्तनात्। 'सर्वे एव स्याद्वादस्य सर्वांशान् कथं नाभ्युपेयुः ?' इत्याशयेन सर्वान्

(૧) વર્તમાનકાળે સ્થિર રહે છે. (૨) પૂર્વે સ્થિર રહેલી હતી. તથા (૩) ભવિષ્યકાળમાં સ્થિર રહેશે. (૪) વર્તમાનકાળે કોઈક સ્વરૂપે જીવાદિ વસ્તુ નાશ પામે છે. (૫) ભૂતકાળમાં કોઈક સ્વરૂપે તે નાશ પામી ચૂકેલ છે. તથા (૬) ભવિષ્યકાળમાં કોઈક સ્વરૂપે જીવાદિ વસ્તુ નાશ પામશે. (૭) વર્તમાનકાળે જીવાદિ વસ્તુ કોઈક સ્વરૂપે ઉત્પન્ન થઈ રહેલ છે. (૮) ભૂતકાળમાં કોઈક સ્વરૂપે ઉત્પન્ન થઈ ચૂકેલ છે. તથા (૯) ભવિષ્યમાં અન્ય કોઈક સ્વરૂપે જીવાદિ વસ્તુ ઉત્પન્ન થશે. વસ્તુમાં એકીસાથે રહેનારા સ્થિતિ = ધ્રૌવ્ય વગેરે ત્રણેય ગુણધર્મોનો ત્રિકાલસ્પર્શી જીવાદિ વસ્તુની સાથે અભેદ ઉપચાર કરીને જીવ-અજીવ આદિ વસ્તુ નવ પ્રકારની અવસ્થામાં રહેલ છે. તેવું માનવામાં ન આવે તો કથંચિત્ જીવાદિ વસ્તુથી અભિન્ન એવી સ્થિતિ = ધ્રુવતા વગેરે ગુણધર્મો ભવિષ્યમાં સ્થિર રહેશે, ભૂતકાળમાં સ્થિર હતા... ઈત્યાદિ રૂપે શાસ્ત્રકાર ભગવંતોએ બતાવેલી વ્યવસ્થા અસંગત થવાની આપત્તિ આવે. તેમજ દ્રવ્યમાં રહેનાર સ્થિતિ વગેરે પર્યાયોનો સર્વથા નાશ થઈ જવાનો હોય તો 'સ્થાસ્યતિ' ઈત્યાદિ પ્રસિદ્ધ લોકવ્યવહાર કેવી રીતે સંગત થાય ? આવું ન બને તે માટે ઉપરોક્ત રીતે ત્રણ કાળના સંબંધથી ઉત્પાદાદિ પ્રત્યેક ગુણધર્મમાં ઉત્પાદાદિ ત્રિતયાત્મકતા માનવી જરૂરી છે." આ પ્રમાણે **વિદ્યાનંદસ્વામીએ અષ્ટસહસ્રી** ગ્રંથમાં જણાવેલ છે. તે બાબતને વિજ્ઞ વાચકવર્ગે શાંતિથી વિચારવી.

❋ द्रव्यानुयोगतर्कणामां विचारणीय मुद्दो ❋

(इह.) પ્રસ્તુત સ્થળે **દ્રવ્યાનુયોગતર્કણા**માં નવમી શાખાના બારમા શ્લોકમાં અને તેની વ્યાખ્યામાં ઘણી સ્ખલના થઈ છે. વિદ્વાન મહાત્માઓએ તે અંગે સ્વયં વિચારી લેવું.

❖ मध्यस्थभावे यथोचित नय स्वीकार्य ❖

आध्यात्मिक उपनय :- 'નિશ્ચયનયની ઉત્પત્તિ તમને માન્ય ન હોય તો વ્યવહારનયસંમત ઉત્પત્તિને સ્વીકારો'- આ પ્રમાણે નવ્યનૈયાયિક પ્રત્યે ગ્રંથકારશ્રીનું વચન એવું ધ્વનિત કરે છે કે અનેકાન્તવાદમાં અનેક નયો રહેલા છે. તેમાંથી 'બધા જ નયોને સામેની વ્યક્તિ માન્ય કરે' - તેવી આશા રાખવી વધુ પડતી છે. કારણ કે દરેક વ્યક્તિ પોતાની માન્યતા-સમજણ-સંસ્કાર-સમીકરણ-ક્ષમતા મુજબ જ મોટા ભાગે કામ કરે છે. તેથી 'અનેકાન્તવાદના દરેક અંશોનો - અનન્ત અંશોનો તે કેમ સ્વીકાર ન કરે ?' આ રીતે બીજાને સીધા કરવાનો આગ્રહ રાખવો નકામો છે. તેવી પ્રવૃત્તિમાં મોટા ભાગે

समीकर्तुं प्रवृत्तौ तु केवलं शक्ति-समयदुर्व्यय एव प्रायशः करालकलिकाले। ततश्च स्वभूमिका -क्षमताद्यनुसारेण यथा परः सर्वनयमयस्याद्वादघटकीभूतमेकतरं नयं मध्यस्थभावेन अभ्युपेयात् तथा परप्रज्ञापने स्वार्थशून्यहृदयेन यतितव्यम्।

एवं 'यं नयं यन्नयाभिमतं च पदार्थं परो नाभ्युपैति सोऽपि नयोऽपेक्षया निर्दोष एव' इत्यपि मञ्जुलगिरा प्रज्ञापनीयं सौहार्देन इति। ततश्च कदाग्रहविनिर्मोकेण क्रमशः [1]"अणुवममेयमक्खयममलं सिवममरमजरमरुजमभयं धुवं। एगंतियमच्चंतियमव्वाबाहं सुहं तस्स।।" (सं.र.शा.९७८८, आ.प.९६२) इति **संवेगरङ्गशाला**यां **जिनचन्द्रसूरि**दर्शितम्, **आराधनापताकायां** च **वीरभद्रसूरि**दर्शितं सिद्धसुखं प्रत्यासन्नं स्यात्।।९/१२।।

શક્તિનો - સમયનો દુર્વ્યય થવાની સંભાવના વિકરાળ કળિકાળમાં વધારે છે. તેથી સામેની વ્યક્તિ અનેકાન્તવાદના અનેક નયોમાંથી કોઈ પણ એક નયનો પોતાની ભૂમિકા-ક્ષમતા મુજબ મધ્યસ્થપણે સ્વીકાર કરે તેવી કાળજી રાખીને સામેની વ્યક્તિને સમજાવવાનો પ્રયાસ આપણે સ્વાર્થશૂન્ય હૃદયથી કરવો જોઈએ.

॥ કદાગ્રહમુક્તિને મેળવીએ ॥

(एवं.) તથા સામેની વ્યક્તિ જે નયનો કે નયમાન્ય વસ્તુનો સ્વીકાર નથી કરતી તે નય પણ અપેક્ષાએ નિર્દોષ છે - આ બાબતનો હળવાશથી અણસાર પણ આપવો જોઈએ. પરંતુ આ બાબતમાં Soft Corner ને અપનાવવો જોઈએ, Hard Corner ને નહિ. આવો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. તેના લીધે સ્વ-પરનો કદાગ્રહ છૂટી જવાથી ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં **જિનચંદ્રસૂરિ**એ **સંવેગરંગશાળા**માં તથા **વીરભદ્રસૂરિ**એ **આરાધનાપતાકા**માં જણાવેલ સિદ્ધસુખ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધાત્માનું સુખ (૧) અનુપમ, (૨) અમાપ, (૩) અક્ષય, (૪) નિર્મલ, (૫) નિરુપદ્રવ, (૬) અમર (મરણશૂન્ય), (૭) અજર, (૮) રોગરહિત, (૯) ભયરહિત, (૧૦) ધ્રુવ, (૧૧) ઐકાન્તિક (અવશ્યંભાવી), (૧૨) આત્યન્તિક (પ્રચુર), (૧૩) પીડારહિત હોય છે.' (૯/૧૨)

લખી રાખો ડાયરીમાં.....

- **સમજણના અભાવમાં સાધનાને માનપત્રની જ તાલાવેલી છે.**
- **ઉપાસનાને સદા સર્વત્ર ભાનપત્રની ઝંખના છે.**

---

1. अनुपममेयमक्षयममलं शिवममरमजरमरुजमभयं ध्रुवम्। ऐकान्तिकमात्यन्तिकमव्याबाधं सुखं तस्य।।

ઉત્પત્તિ નહીં જો આગલિં, તો ♦અનુત્પન્ન તે થાઈ રે;
જિમ નાશ વિના અવિનષ્ટ છઈ, પહિલા તુઝ કિમ *ન સુહાઈ રે ?॥૯/૧૩॥ (૧૪૬)જિન.

જો આગલિં = દ્વિતીયાદિક ક્ષણઈ **ઉત્પત્તિ** ¤**નહીં, તો** (તે=) ઘટાદિક દ્વિતીયાદિક ક્ષણઈ **અનુત્પન્ન થાઈ. જિમ**□ **પહિલાં** = ધ્વંસ થયા પહિલાં **નાશ વિના** "अविनष्टः" કહિઈ **છઈ.** એ તર્ક **તુઝનઈ કિમ સુહાતો નથી** ? તે માટઈ પ્રતિક્ષણોત્પાદ-વિનાશ પરિણામદ્વારઈ માનવા.

ननु घटादेरुत्पत्त्यनन्तरं द्वितीयादिक्षणेषूत्पत्त्यनभ्युपगमे को दोषः? इत्याशङ्कायामाह – '**यदी**'ति।

यद्युत्पत्तिर्न पश्चात् स्यात्, घटोऽजातः तदा भवेत्।
ध्वंसात् पूर्वं विना नाशमनष्टवन्न किं भवेत् ?।।९/१३।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यदि पश्चादुत्पत्तिः न स्यात् (तर्हि) तदा घटः अजातः भवेत्, ध्वंसात् पूर्वं नाशं विना अनष्टवत् किं न भवेत् ?।।९/१३।।

यदि घटादेः **पश्चाद्** = द्वितीयादिक्षणेषु **उत्पत्तिः न स्यात्** तर्हि **तदा** = द्वितीयादिक्षणेषु **घटः** = घटादिः **अजातः** = अनुत्पन्नः **भवेत्**। **ध्वंसात्** = ध्वंसोत्पत्तेः **पूर्वं नाशं विना अनष्टवद्** = यथा 'अविनष्टो घटादिः' कथ्यते तथा द्वितीयादिक्षणेषु घटादेः उत्पत्तिविरहे 'घटादिः अनुत्पन्नः' इति **किं** = कस्माद् **न भवेत्** ? उत्पत्तेः क्षणिकत्वेन भवतां मते द्वितीयादिक्षणेषु विरहात्। अयं तर्को भवतां कथं न स्फुरति ? तस्मात् प्रतिक्षणम् उत्पाद-विनाशौ क्षणसापेक्षपर्यायद्वारा स्वीकर्तव्यौ।

અવતરણિકા :- દરેક પદાર્થ પ્રત્યેક ક્ષણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. પ્રત્યેક સમયે જુદા-જુદા સ્વરૂપે સર્વ પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થયા જ કરે છે. આ વાત અત્યાર સુધીની વિચારણા દ્વારા ફલિત થયેલ છે. પરંતુ આ હકીકતને એકાન્તવાદીઓ સ્વીકારતા નથી. તેઓ કહે છે કે 'ઘટ વગેરે પદાર્થની એક વાર ઉત્પત્તિ થયા પછી દ્વિતીય વગેરે ક્ષણોમાં ઉત્પત્તિ માનવામાં ન આવે તો શું વાંધો?' એકાન્તવાદીની આ શંકાનું નિરાકરણ ગ્રંથકારશ્રી કરી રહ્યા છે :-

શ્લોકાર્થ :- જો પછીની ક્ષણોમાં ઉત્પત્તિ ન થાય તો ત્યારે ઘટ અનુત્પન્ન રહેશે. જેમ ધ્વંસની પૂર્વે નાશ ન હોવાથી ઘટ અનષ્ટ કહેવાય છે. તેમ ઉપરોક્ત બાબત કેમ ન બને ? (૯/૧૩)

* દ્વિતીયાદિ ક્ષણે ઉત્પત્તિ વિચાર *

વ્યાખ્યાર્થ :- ઘટ વગેરે પદાર્થની એક વાર ઉત્પત્તિ થયા બાદ પછીની દ્વિતીય વગેરે ક્ષણોમાં જો તેની પુનઃ ઉત્પત્તિ ન થાય તો દ્વિતીય વગેરે ક્ષણોમાં ઘટાદિ પદાર્થ અનુત્પન્ન રહેશે. જે રીતે ધ્વંસની ઉત્પત્તિ પૂર્વે નાશ હાજર ન હોવાથી ત્યારે 'ઘટાદિ અવિનષ્ટ છે' - આમ કહેવાય છે તે રીતે દ્વિતીયાદિ ક્ષણે ઘટાદિની ઉત્પત્તિ હાજર ન હોવાથી ત્યારે 'ઘટાદિ અનુત્પન્ન છે' - આ પ્રમાણે કેમ ન કહેવાય ? કેમ કે ઉત્પત્તિ ક્ષણિક હોવાથી તમારા મત મુજબ દ્વિતીયાદિ ક્ષણોમાં ઉત્પત્તિ ગેરહાજર છે. જેમ નાશ વિના અનષ્ટરૂપે વ્યવહાર થાય છે તેમ ઉત્પત્તિ વિના દ્વિતીયાદિ ક્ષણે અનુત્પન્નરૂપે વ્યવહાર થવો ન્યાયપ્રાપ્ત છે. આ પ્રમાણેનો તર્ક તમને એકાંતવાદીને કેમ સૂઝતો નથી ? તેથી પ્રતિક્ષણ ઘટાદિ પદાર્થમાં ક્ષણ-

♦ મ.માં 'અનુતપન્ન' પાઠ. કો.(૨)નો પાઠ લીધેલ છે. * જૈ. પુસ્તકમાં 'ન' નથી. ¤ લી.(૩)માં 'કહી' અશુદ્ધ પાઠ. □ કો.(૧૦)માં 'તિમ' અશુદ્ધ પાઠ.

દ્રવ્યાર્થદેશઈં દ્વિતીયાદિક્ષણઈં ઉત્પત્તિવ્યવહાર કહિઈ, તો નાશવ્યવહાર પણિ તથા હુઓ જોઈઈ. તથા ક્ષણાંતર્ભાવઈં દ્વિતીયાદિક્ષણઈં ઉત્પત્તિ પામી *જોઈઈ.

ननु प्रथमक्षणोत्पन्नस्य घटादेः उत्पत्तिः प्रथमक्षणसम्बन्धलक्षणा मृदादिद्रव्यध्रौव्येऽनुगमशक्तिरूपेण सदैव अवस्थितैव द्रव्यार्थादेशादिति प्राग् (૯/૧૦) उक्तमेव। ततश्च द्रव्यार्थसम्मतां ध्रौव्यानुगताम् उत्पत्तिमादाय द्वितीयादिक्षणेष्वपि घटादौ 'उत्पन्न' इति व्यवहारः सम्भवत्येवेति द्वितीयादिक्षणेषु अनुत्पन्नत्वव्यवहारनिराकरणकृते घटाद्युत्पत्तेरनावश्यकतेति ***चेत्*** ?

तर्हि तुल्यन्यायेन द्वितीयादिक्षणेषु विद्यमाने अपि घटादौ 'नष्टः' इति व्यवहारः द्रव्यार्थसम्मतं ध्रौव्यानुगतं व्ययं समुपादाय स्यादेव। न हि मृदादिद्रव्यध्रौव्ये घटादिव्ययस्य शक्तिरूपेण असत्त्वमभिमतं द्रव्यार्थादेशात्। न च द्वितीयादिक्षणेषु विद्यमाने घटादौ 'नष्टः' इति प्रयोगः सम्मतः भवतां विपश्चिताम्। तस्माद् द्रव्यार्थादेशादुक्तरीत्या द्वितीयादिक्षणेषु घटादौ 'उत्पन्न' इति व्यवहारो नैव सङ्गतिमर्हति किन्तु तत्तत्क्षणान्तर्भावेणैव घटाद्युत्पत्तिं द्वितीयादिक्षणेषु अङ्गीकृत्य द्वितीयादिक्षण-

સાપેક્ષ પર્યાય દ્વારા ઉત્પાદ-વ્યયનો સ્વીકાર કરવો જ જોઈએ. તો જ દ્વિતીયાદિ ક્ષણે 'ઘટ અનુત્પન્ન છે' - આવો ખોટો વ્યવહાર પ્રામાણિક બનવાની આપત્તિ નહિ આવે.

❯ द्वितीयादि क्षणे उत्पत्तिनिरासनो प्रयास ❯

शंका :- (ननु.) આમ તો પ્રથમ ક્ષણે જ ઘટાદિ પદાર્થ ઉત્પન્ન થાય છે. પરંતુ પ્રથમક્ષણસંબંધસ્વરૂપ ઉત્પત્તિ માટી વગેરે દ્રવ્યમાં રહેનારા ધ્રૌવ્યમાં અનુગમશક્તિસ્વરૂપે તો કાયમ હાજર જ છે. આ દ્રવ્યાર્થિક નયનો અભિપ્રાય પૂર્વે આ જ નવમી શાખાના દશમા શ્લોકના વિવેચન વખતે બતાવેલ જ છે. તેથી દ્રવ્યાર્થિકનયસંમત ધ્રૌવ્યમાં અનુગત એવી ઉત્પત્તિની અપેક્ષાએ દ્વિતીયાદિ ક્ષણોમાં પણ ઘટાદિ પદાર્થમાં 'ઉત્પન્ન' આવો વ્યવહાર સંભવી જ શકે છે. તેથી ઘટાદિને વિશે દ્વિતીયાદિ ક્ષણોમાં અનુત્પન્નતાનો પ્રયોગ થવાની આપત્તિને અવકાશ રહેતો જ નથી. તેથી અનુત્પન્નવ્યવહારના નિરાકરણ માટે દ્વિતીયાદિ ક્ષણોમાં ઘટાદિની ઉત્પત્તિને માનવાની કશી આવશ્યકતા જણાતી નથી.

● द्वितीय क्षणे नाश आपादन ●

समाधान :- (तर्हि.) જો તમે દ્રવ્યાર્થિકનયસંમત ઉત્પત્તિને લઈને દ્વિતીયાદિ ક્ષણોમાં ઘટાદિને વિશે ઉત્પન્નત્વનો વ્યવહાર કરતા હો તો તુલ્ય ન્યાયથી ઘટાદિ પદાર્થ વિદ્યમાન હશે ત્યારે પણ દ્વિતીયાદિ ક્ષણોમાં 'ઘટાદિ નષ્ટ' આવો વ્યવહાર કરવાની તમારે આપત્તિ આવશે. કારણ કે દ્રવ્યાર્થિકનયથી મૃદાદિદ્રવ્યગત ધ્રૌવ્યમાં ઘટાદિનાશ હાજર જ છે. દ્રવ્યાર્થિકનયથી માટી વગેરે દ્રવ્યના ધ્રૌવ્યમાં ઘટાદિધ્વંસ શક્તિસ્વરૂપે અવિદ્યમાન તો નથી જ. તેથી ત્યારે 'ઘડો નષ્ટ થયો' આવો વ્યવહાર દુર્વાર બનશે. પરંતુ ઘડો હાજર હોવા છતાં દ્વિતીયાદિ ક્ષણોમાં 'ઘટો નષ્ટઃ' આવો વ્યવહાર વિદ્વાન એવા આપને સંમત નથી. તેથી દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી ઉપર જણાવેલી પદ્ધતિ મુજબ દ્વિતીયાદિ ક્ષણોમાં ઘટ વગેરે પદાર્થમાં ઉત્પન્નત્વનો વ્યવહાર કરવો જરાય વ્યાજબી નથી. પરંતુ તે તે ક્ષણનો અંતર્ભાવ કરીને

* કો.(૭)માં 'જોઈયૈ' પાઠ.

स्वाधिकरणक्षणत्वव्यापकस्वाधिकरणक्षणध्वंसाधिकरणताकत्वम् = अनुत्पन्नत्वम्. એ †કલ્પિત

विशिष्टत्वविवक्षयैव तदा तत्र 'उत्पन्नः' इति व्यवहार उपपादनीयः। न हि 'समुत्पन्नोऽपि घटादिः द्वितीयक्षणावच्छेदेन द्वितीयक्षणवृत्तित्वरूपेण उत्पद्यते' इत्यत्र विप्रतिपत्तिं समुद्भावयति कश्चिदपि विपश्चित्। ततश्च द्वितीयादिक्षणेष्वपि घटाद्युत्पत्तिरङ्गीकार्येति फलितम्।

यद्यपि आद्यक्षणे घटादेरुत्पद्यमानतया द्वितीयादिक्षणावच्छेदेन स्वाधिकरणक्षणत्वव्यापक-स्वाधिकरणक्षणध्वंसाऽधिकरणताकत्वलक्षणा नैयायिकोपकल्पिता अनुत्पन्नता न भवेत्। न हि प्रथमक्षणावच्छेदेन घटोत्पत्तौ सत्यां द्वितीयादिक्षणावच्छेदेन घटप्रागभावाधिकरणक्षणत्वव्यापकीभूतघट-प्रागभावाधिकरणक्षणध्वंसाधिकरणतायाः निरूपकत्वं परम्परया घटप्रागभावे घटे वा सम्भवति, तदानीं

જ દ્વિતીયાદિક્ષણવિશિષ્ટત્વસ્વરૂપે ઘટાદિની દ્વિતીયાદિ ક્ષણોમાં ઉત્પત્તિ માનવી જોઈએ. તથા ત્યારે તેમાં તે સ્વરૂપે ઉત્પત્તિની વિવક્ષાથી જ ઉત્પન્નત્વના વ્યવહારનું સમર્થન કરવું જોઈએ. ભલે ને ઘડો એક વાર ઉત્પન્ન થઈ ચૂક્યો હોય. તેમ છતાં 'દ્વિતીય ક્ષણે દ્વિતીયક્ષણવૃત્તિત્વરૂપે ઘડો ઉત્પન્ન થાય છે' આ બાબતમાં કોઈ પણ વિદ્વાન વિવાદનું ઉદ્ભાવન કરતા નથી. તેથી દ્વિતીયાદિ ક્ષણોમાં પણ ઘટાદિની ઉત્પત્તિ માનવી જરૂરી છે - તેમ સિદ્ધ થાય છે.

❯ અનુત્પન્નત્વ આપત્તિનું નિરાકરણ ❯

પૂર્વપક્ષ :- **(यद्यपि.)** પ્રથમ ક્ષણે ઘટ વગેરે પદાર્થ ઉત્પદ્યમાન છે. તેથી દ્વિતીયાદિ ક્ષણોમાં ઘટાદિની ઉત્પત્તિ ન થાય તો પણ ઘટાદિને ત્યારે અનુત્પન્ન કઈ રીતે કહી શકાય ? એક વાર જેની ઉત્પત્તિ થઈ ગઈ હોય તેને ભવિષ્યમાં અનુત્પન્ન ન જ કહી શકાય. આનું કારણ એ છે કે અનુત્પન્નત્વ પ્રાગભાવપ્રતિયોગિત્વસ્વરૂપ છે. જ્યાં સુધી જે પદાર્થ પ્રાગભાવનો પ્રતિયોગી હોય ત્યાં સુધી તે અનુત્પન્ન કહેવાય. જે જે ક્ષણો પ્રાગભાવની અધિકરણ છે તે તે બધી જ ક્ષણોમાં, યાવત્ ઘટોત્પત્તિપૂર્વક્ષણમાં પણ સ્વાધિકરણ (પૂર્વ-પૂર્વ) ક્ષણનો ધ્વંસ પણ છે. પરંતુ જે જે ક્ષણમાં સ્વાધિકરણક્ષણધ્વંસાધિકરણતા રહે તે તે ક્ષણમાં સ્વાધિકરણક્ષણત્વ રહેતું નથી. કારણ કે ઘટોત્પત્તિક્ષણમાં સ્વાધિકરણપૂર્વક્ષણધ્વંસઅધિકરણતા છે પણ સ્વાધિકરણક્ષણત્વ રહેતું નથી. સ્વ એટલે પ્રાગભાવ. ઘટોત્પત્તિક્ષણ ઘટપ્રાગભાવાધિકરણક્ષણ નથી બનતી. તેથી સ્વઅધિકરણક્ષણત્વનો વ્યાપક સ્વાધિકરણક્ષણધ્વંસ છે. તેની અધિકરણતા ઘટઉત્પત્તિની પૂર્વ ક્ષણ સુધી છે. એવી અધિકરણતાનો નિરૂપક જે પ્રાગભાવ તે જ અનુત્પન્નત્વ અથવા તે પ્રાગભાવનું પ્રતિયોગિત્વ એટલે અનુત્પન્નત્વ કહી શકાય. નવ્યન્યાયની પરિભાષા મુજબ કહેવું હોય તો કહી શકાય કે સ્વાધિકરણક્ષણત્વવ્યાપક એવી સ્વાધિકરણક્ષણધ્વંસાધિકરણતાનું નિરૂપકત્વ એટલે અનુત્પન્નત્વ. સ્વ એટલે પ્રાગભાવ. ઘટપ્રાગભાવઅધિકરણક્ષણત્વ જે જે ક્ષણોમાં (ઘટપૂર્વક્ષણોમાં) રહે છે તે તે ઘટપૂર્વક્ષણોમાં ઘટપ્રાગભાવાધિકરણક્ષણધ્વંસ રહે છે, તે તે ક્ષણોમાં ઘટપ્રાગભાવાધિકરણ(પૂર્વ-પૂર્વ)ક્ષણધ્વંસીય અધિકરણતા

... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+P(૩)+ભા.+લી.(૪)+આ.(૧)માં છે. લા.(૨) આ પાઠ ૧૪૫મી ગાથાના ટબાર્થના છેડે છે. કો.(૧૧)માં આ પાઠ ૧૪૭મી ગાથાના ટબાર્થના છેડે છે. † પુસ્તકોમાં 'અકલ્પિત' પાઠ. સિ.+કો.(૯)+લી.(૪)+આ.(૧)નો પાઠ લીધો છે.

અનુત્પન્નતા● ન હોઈ, તો પણિ પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થવી જોઈઈ. ॥૯/૧૩॥

ઘટપ્રાગભાવીયાધિકરણક્ષણસ્યૈવ અસત્ત્વેન તદ્વિશિષ્ટસ્ય વ્યાપકસ્ય વિરહાત્,

तथापि પ્રતિક્ષણં તત્તદ્રૂપેણોત્પત્તિં વિના દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન તત્તદ્રૂપેણ પરમાર્થતો ઘટાદેરનુત્પન્નતયા ભવિતવ્યમ્। તથાહિ – આદ્યક્ષણે ઘટત્વેન ઘટ ઉત્પદ્યત ઇતિ દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન 'ઘટત્વેન ઘટ ઉત્પન્નઃ' ઇતિ વક્તું શક્યતે, તદાનીં ઘટત્વેન ઘટસ્ય પ્રાગભાવાऽપ્રતિયોગિત્વાત્। કિન્તુ તત્તત્ક્ષણ-વિશિષ્ટત્વરૂપેણ પ્રતિક્ષણં ઘટોત્પાદાનભ્યુપગમે દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન 'દ્વિતીયાદિક્ષણવિશિષ્ટત્વેન ઘટોऽનુત્પન્ન' ઇતિ વ્યવહારાપત્તિસ્તુ પરમાર્થતો દુર્નિવારૈવ, તદાનીં ઘટસ્ય ઘટત્વેન રૂપેણ પ્રાગભાવા-ऽપ્રતિયોગિત્વેऽપિ દ્વિતીયાદિક્ષણવિશિષ્ટઘટત્વેન રૂપેણ પ્રાગભાવપ્રતિયોગિત્વાત્। 'યેન રૂપેણ યત્ર

રહે છે. આથી સ્વાધિકરણક્ષણત્વનું વ્યાપક સ્વાધિકરણક્ષણધ્વંસાધિકરણત્વ બને છે. આવું જ્યાં સુધી હોય ત્યાં સુધી ઘટને અનુત્પન્ન કહેવાય. સ્વાધિકરણક્ષણત્વ પ્રસ્તુતમાં સ્વાધિકરણક્ષણધ્વંસાધિકરણતાનું વ્યાપ્ય છે પણ વ્યાપક નથી. કારણ કે ઘટોત્પત્તિક્ષણમાં સ્વાધિકરણ (ઘટપ્રાગભાવઅધિકરણભૂત) ક્ષણના ધ્વંસની અધિકરણતા રહે છે પણ સ્વાધિકરણક્ષણત્વ = ઘટપ્રાગભાવાધિકરણક્ષણત્વ રહેતું નથી. આમ સ્વાધિકરણક્ષણધ્વંસાધિકરણતામાં વ્યાપકતા જળવાઈ રહે છે. તેથી ઘટ ઉત્પન્ન ન થયો હોય ત્યાં સુધી તેમાં ઉપરોક્ત અનુત્પન્નત્વ રહી શકે છે. પરંતુ દ્વિતીયાદિ ક્ષણે ઘટની ઉત્પત્તિ ન થાય તો તેવા સંયોગમાં ઘટને અનુત્પન્ન રહેવાની આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી. કેમ કે ત્યારે પ્રાગભાવપ્રતિયોગિત્વ ઘટમાં રહેતું નથી. ઘટની પ્રથમ ક્ષણે ઉત્પત્તિ થઈ ગઈ હોવાથી દ્વિતીયાદિ ક્ષણે નૈયાયિકકલ્પિત = નૈયાયિકસંમત ઘટપ્રાગભાવાધિકરણક્ષણત્વવ્યાપક ઘટપ્રાગભાવાધિકરણક્ષણધ્વંસાધિકરણતાનિરૂપકત્વસ્વરૂપ અનુત્પન્નત્વ ઘટમાં હાજર રહેતું નથી. દ્વિતીયાદિ ક્ષણોમાં ઘટપ્રાગભાવાધિકરણક્ષણત્વ (=વ્યાપ્ય) જ ગેરહાજર છે. તેથી ત્યારે તેનાથી (=વ્યાપ્યથી) વિશિષ્ટ એવા વ્યાપકનો અભાવ ત્યાં રહેવાથી દ્વિતીયાદિ ક્ષણોમાં તાદેશ અનુત્પન્નત્વની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ રહેતો નથી.

❋ વિશિષ્ટસ્વરૂપે પ્રતિક્ષણ ઉત્પત્તિ-વિનાશ ❋

ઉત્તરપક્ષ :- (**तथापि.**) જો કે તમારી વાત ઉપલક દૃષ્ટિએ સાચી લાગે છે. તેમાં છતાં પ્રતિક્ષણ તે - તે સ્વરૂપે ઘટાદિની ઉત્પત્તિ માનવામાં ન આવે તો દ્વિતીય વગેરે ક્ષણે પરમાર્થથી ઘટાદિ પદાર્થ તે - તે સ્વરૂપે અનુત્પન્ન રહેશે. નૈયાયિકોને આ આપત્તિ દુર્વાર જ બનશે. તે આ પ્રમાણે - પ્રથમ ક્ષણે ઘટત્વરૂપે ઘટની ઉત્પત્તિ થાય છે. તેથી ઘટત્વરૂપે ઘટ દ્વિતીયાદિ ક્ષણે ઉત્પન્ન કહી શકાય છે. કારણ કે ત્યારે ઘટ ઘટત્વરૂપે પ્રાગભાવનો પ્રતિયોગી બનતો નથી. પણ તત્તત્ક્ષણવિશિષ્ટરૂપે ઘડાની ઉત્પત્તિ પ્રતિક્ષણ માનવામાં ન આવે તો દ્વિતીયાદિ ક્ષણે 'દ્વિતીયાદિક્ષણવિશિષ્ટત્વસ્વરૂપે ઘડો અનુત્પન્ન છે' આવા વ્યવહારની આપત્તિ તો પરમાર્થથી ઊભી જ રહે છે. કારણ કે દ્વિતીયાદિ ક્ષણે ઘટત્વરૂપે ઘટ પ્રાગભાવનો પ્રતિયોગી ન હોવા છતાં પણ દ્વિતીયાદિક્ષણવિશિષ્ટઘટત્વરૂપે તો ત્યારે ઘટ પ્રાગભાવનો પ્રતિયોગી જ છે. દ્વિતીયાદિક્ષણવિશિષ્ટઘટત્વરૂપે ઘટની ઉત્પત્તિ જો દ્વિતીયાદિ ક્ષણે માનવામાં ન આવે તો

● P(૨+૩)+લા.(૨)માં 'અનુત્પન્ન જ્ઞાન હોઈ' પાઠ.

प्रागभावप्रतियोगिता तेन रूपेण तत्रानुत्पन्नत्वं व्यवह्रियत' इति नियमेन तदा तत्र तद्रूपेणानुत्पन्नत्व-व्यवहारस्य दुर्वारत्वात्। तन्निवारणकृते नैयायिकेन प्रतिक्षणं तत्तद्रूपेण घटाद्युत्पत्तिरभ्युपगन्तव्यैवेति सिद्धम्।

इहाऽपि स्थले **द्रव्यानुयोगतर्कणायां** मूलश्लोके तद्व्याख्यायाञ्च स्खलितं तदपि स्वयं विज्ञैः विमर्षणीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'प्रतिक्षणं पदार्थः प्रातिस्विकस्वरूपेण जायते' इति राद्धान्तं चेतसिकृत्य 'अस्मदीय आत्मा अपि प्रतिक्षणं विलक्षणरूपेण उत्पद्यते' इत्यवधेयम्। आत्मविशुद्धि-प्रणिधानदार्ढ्ये असङ्गसाक्षिभावाभ्यासेन आत्मा प्रतिक्षणं विशुद्धरूपेण परिणमेत्, अन्यथा प्रतिक्षणं मलिनसंसारिरूपेण आत्मपरिणमनं नैव दुर्लभम्। इदमवगम्याऽऽत्मार्थिना विनय-विवेक-वैराग्य-विनम्रता-विमलता-देहात्मभेदविज्ञानोपशमादिभिः निरन्तरं स्वात्मा भावयितव्यः। ततश्च **पञ्चकल्पभाष्यचूर्णौ** दर्शितं "बहुसुखं साद्यपर्यवसितं निर्वाणम्" (प.क.भा.१३ चू.) आशु लभते।।९/१३।।

द्वितीयादिक्षणविशिष्टघटप्रागभावनो नाश नहि थाय अने घडो ते स्वरूपे तेनो प्रतियोगी बनशे ज. हमणां पूर्वे विचारी गया तेम संक्षेपमां कहेवुं होय तो प्रागभावप्रतियोगित्व એ જ અનુત્પન્નત્વ છે. 'જેમાં જે સ્વરૂપે પ્રાગભાવપ્રતિયોગિતા હોય તેમાં તે સ્વરૂપે અનુત્પન્નત્વ કહેવાય' - આ નિયમ મુજબ, પ્રતિક્ષણ ઘટોત્પત્તિ તત્ તત્ સ્વરૂપે માનવામાં ન આવે તો દ્વિતીયાદિક્ષણવિશિષ્ટઘટત્વરૂપે ઘટમાં પ્રાગભાવપ્રતિયોગિતા રહેતી હોવાથી ઘટમાં દ્વિતીયાદિ ક્ષણે દ્વિતીયાદિક્ષણવિશિષ્ટઘટત્વરૂપે = દ્વિતીયાદિક્ષણવૈશિષ્ટ્યસ્વરૂપે અનુત્પન્નત્વનો વ્યવહાર દુર્વાર બનશે. તેના નિવારણ માટે નૈયાયિકે પ્રતિક્ષણ તે તે સ્વરૂપે ઘટાદિ પદાર્થની ઉત્પત્તિ માનવી જરૂરી છે - તેવું સિદ્ધ થાય છે.

❀ द्रव्यानुयोगतर्कणामां विचारणीय मुद्दो ❀

(इहा.) આ સ્થળે પણ **द्रव्यानुयोगतर्कणा**માં નવમી શાખાના તેરમા શ્લોકમાં અને તેની વ્યાખ્યામાં સ્ખલના થઈ છે. તેને પણ આગલા શ્લોકમાં જણાવી ગયા તેમ વિદ્વાન મહાત્માઓ જાતે જ વિચારે. આવી સૂચના द्रव्यानुयोगपरामर्शकर्णिकामां करेल छे.

❋ प्रतिक्षण जागृति केळवी शुद्धस्वरूपे परिणमीओ ❋

आध्यात्मिक उपनय :- 'પ્રતિક્ષણ પદાર્થ પ્રાતિસ્વિકરૂપે ઉત્પન્ન થાય છે' - આ વાતની આધ્યાત્મિક મૂલવણી એ રીતે કરવી કે આપણો આત્મા પણ પ્રતિક્ષણ વિલક્ષણસ્વરૂપે ઉત્પન્ન થાય છે. જો આત્મવિશુદ્ધિનું પ્રણિધાન દૃઢપણે પ્રામાણિકતાથી કેળવવામાં આવે તો અસંગ સાક્ષીભાવના અભ્યાસથી આત્મા પ્રતિક્ષણ શુદ્ધ સ્વરૂપે પરિણમે. અન્યથા મલિન સ્વરૂપે, સંસારી સ્વરૂપે પ્રતિક્ષણ આત્મપરિણમન થતાં વાર ન લાગે. આ બાબતને નજર સામે રાખીને પ્રત્યેક આત્માર્થી સાધકે વિનય, વિવેક, વૈરાગ્ય, વિનમ્રતા, વિમલતા, દેહાત્મભેદવિજ્ઞાન, ઉપશમભાવ આદિથી નિરંતર ભાવિત થવું. તેના લીધે **પંચકલ્પભાષ્યચૂર્ણિ**માં દર્શાવેલ બહુસુખવાળા સાદિ-અનંતકાલીન નિર્વાણને મુનિ ઝડપથી મેળવે છે. (૯/૧૩)

એણઈ ભાવઈ ભાખિઉં, સમ્મતિમાંહિં એ ભાવ રે;
સંઘયણાદિક ભવભાવથી, સીઝંતાં કેવલ જાઈ રે ॥૯/૧૪॥ (૧૪૭) જિન.
તે સિદ્ધપણઈ વલી ઊપજઈ, કેવલભાવઈ છઈ તેહ રે;
વ્યય-ઉત્પત્તિં અનુગમથી[૪] સદા, શિવમાં તિય લક્ષણ એહ રે ॥૯/૧૫॥ (૧૪૮) જિન.

ઈમ પરિણામથી સર્વ દ્રવ્યનઈ ત્રિલક્ષણયોગ સમર્થિઓ. એણઈ જ અભિપ્રાયઈ **સમ્મતિગ્રંથમાંહિં એ**

ननु भवतु घटादौ द्रव्यत्वावच्छिन्ने त्रिलक्षणप्रचारः। परं गुणत्वावच्छिन्ने न तत्सम्भवः, केवलज्ञानादेः व्ययानुपगमात्, आगमे केवलज्ञानस्य साद्यपर्यवसितत्वेनोक्तत्वादित्याशङ्कायामाह – '**अनेनैवे**'ति, '**सिद्धत्वेने**'ति च।

अनेनैवाऽऽशयेनोक्तम्, सम्मतौ भवभावतः।
सिध्यत्क्षणे हि कैवल्यम्, यातः संहननादि च।।९/१४।।
सिद्धत्वेन तदुत्पादः, केवलत्वेन संस्थितिः।
व्ययोत्पादानुवृत्त्यैव, शिवे त्रिलक्षणस्थितिः।।९/१५।। (युग्मम्)

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अनेनैव आशयेन सम्मतावुक्तं 'भवभावतः सिध्यत्क्षणे हि संहननादि कैवल्यं च यातः, सिद्धत्वेन तदुत्पादः, केवलत्वेन संस्थितिः'। (एवं) व्ययोत्पादानुवृत्त्यैव शिवे त्रिलक्षणस्थितिः।।९/१४-१५।।

अनेनैव आशयेन = 'परिणामतः उत्पादादित्रैलक्षण्यं सर्वव्यापी'ति अभिप्रायेण **सिद्धसेनदिवाकर**-सूरिवरेण **सम्मतौ** = **सम्मतितर्कग्रन्थे उक्तं** = प्रतिपादितं यदुत **भवभावतः** = सांसारिकपरिणामतः

अवतरणिका :- "ઘટ, પટ વગેરે સર્વ દ્રવ્યમાં ભલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અબાધિતપણે સંભવે. પરંતુ તમામ ગુણમાં ત્રિલક્ષણનો ફેલાવો સંભવતો નથી. કારણ કે કેવલજ્ઞાન વગેરે ગુણોનો નાશ થતો નથી. આગમમાં કેવલજ્ઞાનને સાદિ-અનંત કાળ સુધી રહેનાર ભાવસ્વરૂપે દર્શાવેલ છે. એક વાર પ્રગટ થયા પછી કેવલજ્ઞાનનો કદાપિ નાશ થતો નથી. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સર્વ પદાર્થમાં વ્યાપક નથી - તેવું સિદ્ધ થાય છે." આ શંકાનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

❀ ગુણમાં ઉત્પાદાદિ ત્રિલક્ષણનો વિચાર ❀

શ્લોકાર્થ :- આ જ આશયથી **સંમતિતર્ક**માં જણાવેલ છે કે 'સાંસારિક ભાવથી મુક્ત થવાના સમયે સંઘયણ વગેરે તથા સંઘયણાદિવિશિષ્ટ કેવલજ્ઞાન રવાના થાય છે. સિદ્ધત્વરૂપે કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેમજ કેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાન સ્થિર રહે છે. આમ ધ્વંસના અને ઉત્પાદના અનુગમથી મોક્ષમાં પણ ત્રિલક્ષણ અબાધિત રહે છે. (૯/૧૪-૧૫) (યુગ્મ)

વ્યાખ્યાર્થ :- 'પરિણામની અપેક્ષાએ ઉત્પાદ-વ્યયાદિ ત્રૈલક્ષણ્ય સર્વવ્યાપી છે' - આવા જ અભિપ્રાયથી **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજે **સમ્મતિતર્કપ્રકરણ**માં જણાવેલ છે કે - સાંસારિક પરિણામથી છૂટવાના

---

[૪] લી.(૧)માં 'અનુગમ' પાઠ.

ભાવઈ ભાખિઉં જે "જે **संघयणादिक ભવભાવથી સીઝંતાં** મોક્ષસમયઈ કેવલજ્ઞાન **જાઈ** = ભવસ્થકેવલજ્ઞાન પર્યાયઈ નાશ થાયઈ." એ અર્થ તે **(વલી)સિદ્ધપણઈ** = સિદ્ધકેવલજ્ઞાનપણઈ **ઊપજઈ**, ♦**તેહ** જ ✲**કેવલજ્ઞાનભાવેં છઈ** = ધ્રુવ છઈ. એ મોક્ષગમનસમયઈ જે **વ્યય-ઉત્પત્તિ** હુઆં, તત્પરિણતસિદ્ધદ્રવ્યાનુગમથી **(સદા) શિવમાં** = મોક્ષમાંહઈ (તિય=) ૩ **લક્ષણ** (એહ) હોઈ. **गाथे** -

[1]जे संघयणाइया भवत्थकेवलिविसेसपज्जाया। ते सिज्झमाणसमए ण होंति विगयं तओ होइ।। (स.त.२.३५)
[2]सिद्धत्तणेण य पुणो उप्पण्णो एस अत्थपज्जाओ। केवलभावं तु पडुच्च केवलं दाइअं सुत्ते ।। (स.त.२.३६)

सिध्यत्क्षणे = સિધ્યત્સમયે **हि** = એવ **संहननादि** = પ્રથમસંહનનાદિકં **कैवल्यं च** = તદ્વિશિષ્ટં કેવલજ્ઞાનમપિ ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપેણ પર્યાયેણ **यातः** = નશ્યતઃ। **सिद्धत्वेन** = સિદ્ધકેવલજ્ઞાનત્વેન રૂપેણ પુનઃ **तदुत्पादः** = અર્થપર્યાયાત્મકસ્ય કેવલજ્ઞાનસ્યોત્પાદઃ, **केवलत्वेन** = કેવલજ્ઞાનત્વેન રૂપેણ **संस्थितिः** = ધ્રુવતા ભવતિ। ઇત્થં મુક્તિગમનસમયે કેવલજ્ઞાનસ્યાऽપિ વિશેષરૂપેણ વ્યયોત્પાદૌ ભવતઃ। તતશ્ચ કેવલજ્ઞાને **त्रिलक्षणस्थितिः** પ્રસિદ્ધા। **व्ययोत्पादानुवृत्त्यैव** = તાદૃશવ્યયોત્પાદ-પરિણામપરિણતસિદ્ધદ્રવ્યાનુગમેનૈવ **शिवे** = મોક્ષે ધ્રૌવ્યમપ્યવિગાનતઃ પ્રસિદ્ધમ્, [3]"सिद्धा सिद्धगतिं पडुच्च साइया अपज्जवसिया" (भ.सू.६/३/सू.२३५/पृ.२५४) ઇતિ **भगवतीसूत्र**વચનાત્। એવં હિ **शिवे** = મોક્ષેऽપિ **त्रिलक्षणस्थितिः** = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યલક્ષણત્રિલક્ષણસંસ્થિતિઃ નિરાબાધા।

તદુક્તં **सम्मतितर्के** [1]"जे संघयणाइया भवत्थकेवलिविसेसपज्जाया। ते सिज्झमाणसमये ण होंति विगयं तओ होइ।। [2]सिद्धत्तणेण य पुणो उप्पण्णो एस अत्थपज्जाओ। केवलभावं तु पडुच्च केवलं दाइयं सुत्ते।।"

સમયે = મોક્ષગમનસમયે જ પ્રથમ સંઘયણ વગેરે ભાવો નાશ પામે છે. તથા તેનો નાશ થતાં તેનાથી વિશિષ્ટ કેવલજ્ઞાન પણ ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપે નાશ પામે છે. તથા સિદ્ધત્વરૂપે = સિદ્ધકેવલજ્ઞાનત્વરૂપે અર્થપર્યાયાત્મક = શબ્દઅગોચર સૂક્ષ્મપર્યાયસ્વરૂપ કેવલજ્ઞાન મોક્ષગમનસમયે ઉત્પન્ન થાય છે. તેમજ કેવલજ્ઞાનત્વરૂપે તે કેવલજ્ઞાન મોક્ષમાં સદા સ્થિર = ધ્રુવ રહે છે. આમ મોક્ષગમનસમયે કેવલજ્ઞાનનો પણ નાશ અને જન્મ થાય છે. તેથી કેવલજ્ઞાનમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્યની હાજરી પ્રસિદ્ધ છે. તેમજ તથાવિધ ઉત્પાદ-વ્યય પરિણામથી પરિણત સિદ્ધદ્રવ્યના અનુગમથી જ મોક્ષમાં ધ્રૌવ્ય પણ નિર્વિવાદપણે પ્રસિદ્ધ છે. કેમ કે આ અંગે **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'સિદ્ધો સિદ્ધગતિને આશ્રયીને સાદિ-અનંતકાળની સ્થિતિવાળા છે.' મતલબ કે ઉપરોક્ત વચનથી સિદ્ધોમાં ધ્રૌવ્ય-અવિનાશીપણું સિદ્ધ થાય છે. આ રીતે મોક્ષમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રૈલક્ષણ્યની હાજરી નિરાબાધ છે.

કેવલજ્ઞાનનો પણ નાશ શાસ્ત્રમાન્ય !

(तदुक्तं.) दिवाकरजीએ **सम्मतितर्क** ગ્રંથમાં બે ગાથા દ્વારા જણાવેલ છે કે "ભવસ્થ = સંસારસ્થ કેવલજ્ઞાનીના સંઘયણ વગેરે જે વિશેષપર્યાયો છે તે મુક્તિગમનસમયે હાજર નથી રહેતા. તેથી

♦ કો.(૧૧)માં 'ભેદ' પાઠ છે. ✲ મ.+શાં.માં 'કેવલજ્ઞાનભાવ' પાઠ. 1. ये संहननादयो भवस्थकेवलिविशेषपर्यायाः। ते सिध्यत्समये न भवन्ति, विगतं ततो भवति।। 2. सिद्धत्वेन च पुनः उत्पन्न एष अर्थपर्यायः। केवलभावं तु प्रतीत्य केवलं दर्शितं सूत्रे।। 3. सिद्धाः सिद्धगतिं प्रतीत्य सादिकाः अपर्यवसिताः।

(स.त.द्वि.का.२/३५-३६) इति।

श्री**अभयदेवसूरि**कृताऽनयोर्व्याख्या दर्श्यते। तथाहि – "ये वज्रऋषभनाराचसंहननादयो भवस्थस्य केवलिनः आत्म-पुद्गलप्रदेशयोरन्योन्यानुवेधाद् व्यवस्थितेः विशेषपर्यायास्ते सिध्यत्समयेऽपगच्छन्ति। तदपगमे तदव्यतिरिक्तस्य केवलज्ञानस्याप्यात्मद्रव्यद्वारेण विगमात्, अन्यथाऽवस्थातुः अवस्थानामात्यन्तिकभेदप्रसक्तेः केवलज्ञानं ततो विगतं भवतीति सूत्रकृतोऽभिप्रायः" (स.त.२/३५) इति।

"विनाशवत् केवलज्ञानस्योत्पादोऽपि सिध्यत्समय इत्याह – सिद्धत्वेनाशेषकर्मविगमस्वरूपेण पुनः पूर्ववदुत्पन्न

संघयणादिविशिष्ट भवस्थ केवलज्ञान नाश पामे छे. तथा सिद्धत्वरूपे अर्थपर्यायस्वरूप केवलज्ञान उत्पन्न थाय छे. तेमज केवलभावने = कैवल्यने आश्रयीने केवलज्ञान सूत्रमां अनंत = ध्रुव देखाडेल छे."

❖ केवलज्ञानमां त्रैलक्षण्य ❖

(**श्रीअ.**) ते बन्ने गाथानी छणावट करता संमतिव्याख्याकार श्री**अभयदेवसूरिजी** महाराजे एवुं दर्शावेल छे के "संसारमां रहेल केवलज्ञानीने वज्रऋषभनाराच नामनुं प्रथम संघयण (= हाडकानी विशिष्ट प्रकारनी रचना) वगेरे जे भावो होय छे ते तेमना विशेष प्रकारना पर्यायस्वरूप छे. कारण के केवळज्ञानीना आत्मप्रदेशो तथा संघयणमां रहेल हाडकाना पुद्गलप्रदेशो एकबीजाथी संकळायेला होय छे. परस्पर अनुविद्ध होवाथी संघयण आदि भावो संसारस्थ केवलज्ञानीना विशेष प्रकारना पर्यायस्वरूप छे. पर्यायमात्र विनश्वर छे. तेथी केवलीना संघयणादि विशेष पर्यायो मोक्षगमनसमये नाश पामे छे. संघयण वगेरे भावो भवस्थकेवलज्ञानीना आत्मद्रव्य द्वारा केवलज्ञानथी कथंचित् अभिन्न छे. तेथी मोक्षगमनसमये संघयणादि पर्यायोनो (= भवस्थ भावोनो) नाश थतां ज तेनाथी अभिन्न केवलज्ञान पण नाश पामे छे. (संघयणादि भावो जेम भवस्थ केवलीनी एक अवस्था छे, तेम केवलज्ञान पण तेमनी एक विशेष प्रकारनी अवस्था ज छे. संघयणादि भवभाव = सांसारिक परिणाम छे. ते अवस्थामां केवली रहेला होवाथी त्यारे तेमने भवस्थ कहेवाय छे. तथा तेमनुं केवलज्ञान पण भवस्थ केवलज्ञान कहेवाय छे. तेथी भवनो = संसारनो = सांसारिक भावोनो = संघयणादिनो नाश थाय एटले तेनाथी अभिन्न आत्मद्रव्यनो ते स्वरूपे नाश थाय. तथा आत्मद्रव्यनो नाश ते स्वरूपे थतां आत्माथी अभिन्न एवा केवलज्ञाननो पण भवस्थकेवलज्ञानत्वरूपे नाश थवो न्यायसंगत ज छे. तेथी मोक्षगमन समये केवलीना भवस्थकेवलज्ञाननो पण नाश थाय छे - आम मानवुं पडे.) जो मोक्षगमनसमये भवस्थ भावोनो नाश थवा छतां पण भवस्थकेवलज्ञाननो नाश स्वीकारवामां न आवे तो अवस्था = भवस्थकेवलज्ञान, संघयण आदि भावो अने अवस्थाविशिष्ट = भवस्थकेवलज्ञानी आत्मद्रव्य - आ बन्नेमां अत्यंत भेद मानवानी आपत्ति आवे. परंतु अवस्था पोताना आश्रयथी सर्वथा भिन्न नथी. आ हकीकत तो प्रमाणसिद्ध होवाथी अपलाप करवा योग्य नथी. तेथी मोक्षगमनसमये संघयणादि भावोनो नाश थतां भवस्थकेवलज्ञाननो पण नाश थाय छे. आ प्रमाणे सूत्रकार **सिद्धसेनदिवाकरसूरिजी** महाराजनो अभिप्राय छे.

❖ अर्थपर्यायरूपे केवलज्ञान अनित्य ❖

("**विना.**) मोक्षगमनसमये जेम केवलज्ञाननो भवस्थकेवलज्ञानत्वरूपे नाश थाय छे तेम अन्य कोईक स्वरूपे त्यारे केवलज्ञाननी उत्पत्ति पण थाय छे. आ बाबतने दिवाकरजी बीजी गाथा द्वारा जणावे

એ ભાવ લેઈનઈ "[1]केवलनाणे दुविहे पण्णत्ते, तं जहा - भवत्थकेवलनाणे य •सिद्धकेवलनाणे य"

एष केवलज्ञानाख्योऽर्थपर्यायः, उत्पाद-विगम-ध्रौव्यात्मकत्वाद् वस्तुनः, अन्यथा वस्तुत्वहानेः। यत् त्वपर्यवसितत्वं सूत्रे केवलस्य दर्शितं तत् तस्य केवलभावं सत्तामात्रमाश्रित्य कथञ्चिदात्माव्यतिरिक्तत्वात् तस्य आत्मनश्च द्रव्यरूपतया नित्यत्वाद्" (स.त.२/३६) इति।

ननु तर्कमात्रमत्र न त्वागमसहकारः। भवस्थदशायां सिद्धदशायाञ्च केवलज्ञानमेकमेवाऽभ्युपगन्तव्यम्, अन्यथा तस्य द्वैविध्यमापद्येतेति ***चेत्*** ?

आपद्यताम्। का नः क्षतिः ? न चाऽऽगमविरोधः, **स्थानाङ्गसूत्रे** [1]"केवलणाणे दुविहे पन्नत्ते, तं

છે. તે આ પ્રમાણે - સિદ્ધ અવસ્થા એટલે તમામ કર્મોનો નાશ. મોક્ષગમનસમયે સિદ્ધત્વરૂપે = સિદ્ધકેવલજ્ઞાનત્વરૂપે = સર્વકર્મનાશવિશિષ્ટકેવલજ્ઞાનત્વસ્વરૂપે વળી કેવલજ્ઞાન નામના અર્થપર્યાયની = શબ્દઅગોચર સૂક્ષ્મભાવની પૂર્વવત્ ઉત્પત્તિ પણ થાય છે. કારણ કે વસ્તુ કેવલ વ્યયસ્વરૂપ કે કેવલ ધ્રૌવ્યસ્વરૂપ નથી પરંતુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. કેવલજ્ઞાન પણ વસ્તુ છે. તેથી તે પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક જ છે. જો કેવલજ્ઞાનમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય માનવામાં ન આવે તો તે અવસ્તુ બનવાની આપત્તિ આવે. આગમશાસ્ત્રોમાં કેવલજ્ઞાનને જે અપર્યવસિત = અનન્ત = ધ્રુવ દર્શાવેલ છે, તે તો કેવલભાવની = કૈવલ્યની (= અસ્તિત્વમાત્રની) અપેક્ષાએ જાણવું. કારણ કે કેવલજ્ઞાન આત્માથી કથંચિત્ અભિન્ન છે. તથા આત્મા દ્રવ્યાત્મક હોવાથી નિત્ય છે. તેથી આત્માથી અભિન્નસ્વરૂપે કેવલજ્ઞાન નિત્ય છે. અર્થાત્ પ્રગટ થયેલું કેવલજ્ઞાન કેવલજ્ઞાનત્વરૂપે અવિનશ્વર છે."

❀ ત્રૈલક્ષણ્ય સર્વવ્યાપી ❀

સ્પષ્ટતા :- સંમતિવ્યાખ્યાકારશ્રીએ ઉપરોક્ત ચર્ચા દ્વારા સિદ્ધ કરેલ છે કે મોક્ષગમનસમયે કેવલજ્ઞાનનો ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપે વ્યય અને સિદ્ધકેવલજ્ઞાનત્વરૂપે ઉત્પાદ થાય છે. તથા કેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાન ધ્રુવ છે. તેથી કેવલજ્ઞાન આદિ ગુણો પણ ઘટાદિ દ્રવ્યની જેમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. આમ ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્ય ફક્ત દ્રવ્યવ્યાપી નથી પણ સર્વવ્યાપી છે - તેવું સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષ :- (**ननु.**) તમે કેવલજ્ઞાનનો ભવસ્થકેવલજ્ઞાનત્વ રૂપે નાશ અને સિદ્ધકેવલજ્ઞાનત્વરૂપે ઉત્પાદ દર્શાવો છો તે બાબત કેવલ તર્કથી સિદ્ધ થાય છે. તમારી વાતમાં ફક્ત તર્કનો સહકાર છે. પરંતુ આગમનો સહકાર આ બાબતમાં મળતો નથી. કેવલજ્ઞાની દેહધારી હોય કે વિદેહી હોય. પરંતુ તેમના કેવલજ્ઞાનમાં કોઈ ફરક પડતો નથી. તેથી સંસારીદશામાં તથા સિદ્ધદશામાં કેવલજ્ઞાનને એક = અભિન્ન જ માનવું જોઈએ. જો ભવસ્થદશામાં અને સિદ્ધઅવસ્થામાં કેવલજ્ઞાન જુદા બની જતા હોય તો કેવલજ્ઞાનના બે ભેદ માનવાની સમસ્યા ઉભી થશે.

❀ કેવલજ્ઞાનના બે ભેદ ❀

ઉત્તરપક્ષ :- (**आपद्यताम्.**) ભલે કેવલજ્ઞાનના બે ભેદ પડી જાય. અમને એમાં શું વાંધો છે ? કેવલજ્ઞાનના બે ભેદ માનવામાં કાંઈ આગમવિરોધ નામનો દોષ નથી લાગુ પડતો. ઊલટું આગમમાં જ કેવલજ્ઞાનના બે

• મ.+શાં.માં 'सिद्धके...' પાઠ. કો.(૭)માં 'सिद्धत्थके...' પાઠ છે.

1. केवलज्ञानं द्विविधं प्रज्ञप्तम्, तद् यथा - भवस्थकेवलज्ञानं चैव सिद्धकेवलज्ञानं चैव।

(स्था.सू.२/१/७१) ઈત્યાદિ સૂત્રે ઉપદેશ છઈ. ॥૯/૧૪-૧૫॥ (યુગ્મ)

जहा – भवत्थकेवलनाणे चेव सिद्धकेवलणाणे चेव" (स्था.सू.२/१/सूत्र-७१/पृ.८०) इत्येवं तद्द्वैविध्यस्य कण्ठत उक्तत्वात्। इहैव पूर्वं चतुर्थ्यां शाखायां (४/३) प्रकृतस्थानाङ्गसूत्रं विस्तरेणोक्तमिति नेह प्रतन्यते।

भवस्थत्वादिपर्यायरूपेण केवलज्ञानस्य विगमादिकविरहे तस्य द्विविधत्वाऽनुपपत्तेः। साद्यपर्यवसितत्वन्तु तस्य केवलज्ञानत्वेन रूपेणाऽवसेयमिति नास्ति कश्चिद् विरोधोऽत्र।

सिद्धेऽपि त्रैलक्षण्यं भावनीयम्। यथोक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "मुक्तः संसारितया विनष्टः, सिद्धतयोत्पन्नः, जीवत्व-सोपयोगत्वादिभिः तु अवतिष्ठते" (वि.आ.भा.१८४३ वृ.) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – आत्मद्रव्यस्येव केवलज्ञानादिगुणस्य सिद्धत्वपर्यायस्य चोत्पाद

ભેદ દર્શાવેલા છે. **સ્થાનાંગસૂત્ર**માં "કેવલજ્ઞાન બે પ્રકારે બતાવવામાં આવેલ છે. તે આ રીતે - (૧) ભવસ્થ કેવલજ્ઞાન અને (૨) સિદ્ધ કેવલજ્ઞાન" - આ પ્રમાણે સ્પષ્ટ શબ્દમાં કેવલજ્ઞાનના બે ભેદ જણાવેલા જ છે. પૂર્વે ચોથી શાખાના ત્રીજા શ્લોકની વ્યાખ્યામાં પ્રસ્તુત **સ્થાનાંગસૂત્ર**ની વિસ્તારથી છણાવટ કરેલી છે. તેથી અહીં ફરીથી તેનો વિસ્તાર કરવામાં નથી આવતો.

શંકા :- ઠાણાંગજીમાં કેવલજ્ઞાનના બે ભેદ ભલે દર્શાવેલા હોય. પરંતુ તેટલા માત્રથી મોક્ષગમન સમયે ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાનનો નાશ અને સિદ્ધકેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાનની ઉત્પત્તિ કઈ રીતે સિદ્ધ થશે ? આગમમાં આ વાત દર્શાવવામાં આવેલી હોય તેવું ખ્યાલમાં નથી.

ॐ ભવસ્થ અને મુક્તિસ્થ જીવના કેવલજ્ઞાન વિભિન્ન ॐ

સમાધાન :- (**भवस्थ.**) જો મોક્ષગમન સમયે કેવલજ્ઞાનનો ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપે નાશ માનવામાં ન આવે તથા સંસારદશામાં અને સિદ્ધદશામાં ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપે જ કેવલજ્ઞાન હાજર રહે તો કેવલજ્ઞાનના ઉપરોક્ત બે ભેદ જ સંગત થઈ નહિ શકે. જો મોક્ષગમનસમયે સિદ્ધકેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાનની ઉત્પત્તિ ન થતી હોય તો કેવલજ્ઞાનનો બીજો ભેદ કઈ રીતે સંભવે ? તેથી મોક્ષગમનસમયે ભવસ્થકેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાનનો નાશ અને સિદ્ધકેવલત્વરૂપે કેવલજ્ઞાનનો જન્મ માનવો અનિવાર્ય છે. સાદિ-અનંતપણું તો કેવલજ્ઞાનમાં કેવલજ્ઞાનત્વરૂપે જાણવું. તેથી આગમમાં દર્શાવેલ કેવલજ્ઞાનના ધ્રૌવ્યને માનવામાં કોઈ વિરોધ નહિ આવે.

❋ સિદ્ધદશામાં ત્રૈલક્ષણ્યસિદ્ધિ ❋

(**सिद्धे.**) સિદ્ધ ભગવંતમાં પણ કેવલજ્ઞાનની જેમ ત્રૈલક્ષણ્યની વિભાવના કરવી. આ અંગે **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં જણાવેલ છે કે 'મુક્ત જીવ સંસારીપણે નાશ પામે છે, સિદ્ધસ્વરૂપે ઉત્પન્ન થાય છે તથા જીવત્વ-સોપયોગત્વ વગેરે સ્વરૂપે સ્થિર રહે છે.'

❀ જિનેશ્વરની સર્વજ્ઞતા પરમવિશ્વસનીય ❀

આધ્યાત્મિક ઉપનય :- આત્માદિ દ્રવ્યની જેમ કેવલજ્ઞાનાદિ ગુણમાં અને મોક્ષપર્યાયમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ કરવા દ્વારા સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઉત્પાદાદિ ત્રિલક્ષણની સિદ્ધિ થઈ જાય છે.

-व्यय-ध्रौव्यात्मकत्वसिद्ध्या सर्वद्रव्य-गुण-पर्यायाणां समुत्पादादि त्रैलक्षण्यं सिध्यति। एतावता तारक-तीर्थङ्करनिष्ठसार्वज्ञ्यादिसद्भूतगुणेषु श्रद्धा-प्रत्ययादिकं समुत्सर्पणीयम्। इत्थं स्वकीयसम्यग्दर्शन-नैर्मल्यकरणतः क्षायिकगुणसम्पत्प्रापकदिशि प्रसर्पणीयम्। इदमेव मुख्यं द्रव्यानुयोगाभ्यासप्रयोजनम्। तद्बलेन [1]"तइलोयमत्थयत्थो सो सिद्धो दव्व-पज्जवसमेयं। जाणइ पासइ भगवं तिकालजुत्तं जगमसेसं।।" (आ.प. ९५३) इति **आराधनापताकायां वीरभद्रसूरि**वर्णितं सिद्धस्वरूपं प्रत्यासन्नतरं सम्पद्येत ।।૯/૧૪-૧૫।। (युग्मवृत्तिः)

આનાથી તારક તીર્થંકર ભગવંતમાં રહેલ સર્વજ્ઞતા આદિ સદ્ભૂત ગુણો પ્રત્યે આપણી શ્રદ્ધા-વિશ્વાસ આદિમાં ઉછાળો લાવવાનો છે. આ રીતે આપણા સમ્યગ્દર્શનની નિર્મળતા કરવા દ્વારા ક્ષાયિક ગુણવૈભવની પ્રાપ્તિની દિશામાં આપણે આગળ વધવાનું છે. આ જ તો દ્રવ્યાનુયોગના અભ્યાસનું મુખ્ય પ્રયોજન છે. તેના બળથી **આરાધનાપતાકા** પયન્નામાં શ્રી**વીરભદ્રસૂરિ**એ વર્ણવેલ સિદ્ધસ્વરૂપ અત્યંત નજીક આવી જાય. ત્યાં જણાવેલ છે કે 'ત્રૈલોક્યના મસ્તકભાગમાં રહેલા તે સિદ્ધ ભગવાન્ ત્રણેય કાળ સહિત તમામ દ્રવ્ય-પર્યાયોથી યુક્ત સંપૂર્ણ જગતને જાણે છે અને જુએ છે.' (૯/૧૪-૧૫) (યુગ્મ-વ્યાખ્યાર્થ)

લખી રાખો ડાયરીમાં.....✍

- **બુદ્ધિ બીજાનું દુઃખ દબાવે છે, છુપાવે છે, કારણ કે તેને સહાનુભૂતિ દેવી ગમતી નથી.**
- **શ્રદ્ધા પોતાનું દુઃખ છૂપાવે છે, કારણ કે તેને સહાનુભૂતિ લેવી ગમતી નથી.**
- **સાધના સંસારને છોડાવે છે. દા.ત. ગુફાવર્તી રહનેમિજી.**
- **ઉપાસના સાંસારિક વલણને પણ છોડાવે છે. દા.ત. સાધ્વી રાજીમતિજી.**
- **ભિખારણ વાસના શિકારી છે. સદા તૃપ્ત ઉપાસના કોઈને પોતાનો શિકાર બનાવવા રાજી નથી.**

1. त्रैलोक्यमस्तकस्थः स सिद्धो द्रव्य-पर्यायसमेतम्। जानाति पश्यति भगवान् त्रिकालयुक्तं जगदशेषम्।।

'એ ત્રૈલક્ષણ્ય સ્થૂલવ્યવહારનયઈ❖ સિદ્ધનઈ આવ્યું, પણિ સૂક્ષ્મનયઈ નાવ્યું; જે માટઈ સૂક્ષ્મનય ઋજુસૂત્રાદિક તે સમય-સમય પ્રતિં ઉત્પાદ-વ્યય માંનઈ છઈ, તેહ લેઈનઈ; તથા દ્રવ્યાર્થદેશનો અનુગમ લેઈનઈ જે સિદ્ધ-કેવલજ્ઞાનમાંહઈ ત્રૈલક્ષણ્ય કહિયઈ, તેહ જ સૂક્ષ્મ કહઈવાઈ' - ઈમ વિચારીનઈ પક્ષાંતર કહઈ છઈ -

જે જ્ઞેયાકારઈ પરિણમઈ, જ્ઞાનાદિક નિજપર્યાય રે;
વ્યતિરેકઈ તેહથી સિદ્ધનઈ, તિયલક્ષણ ઈમ પણિ થાય✡ રે ॥૯/૧૬॥ (૧૪૯) જિન.

केवलज्ञानाभिधाने गुणे सिद्धाख्ये च पर्याये प्रसाधितमिदं त्रैलक्षण्यं स्थूलम्, स्थूलेन व्यवहारादिनयेन साधितत्वात्। न चेदं सूक्ष्मम्, सूक्ष्मेण ऋजुसूत्रादिनयेनाऽसाधितत्वात्। सूक्ष्मो हि ऋजुसूत्रादिको नयः प्रतिसमयम् उत्पाद-व्ययौ मन्यते। ततश्च प्रतिसमयम् ऋजुसूत्रादिनयेन व्ययोत्पादौ गृहीत्वा द्रव्यार्थिकनयमतेन च अन्वयाऽनुगम-स्थैर्याद्यपराऽभिधानं ध्रौव्यं समुपादाय केवलज्ञानादौ यत् त्रैलक्षण्यं साध्यते तदेव सूक्ष्मं त्रैलक्षण्यमिति विमृश्य कल्पान्तरमुपदर्शयति – '**य**' इति।

यो ज्ञानादिः स्वपर्यायः ज्ञेयाकारेण भावितः।
व्यतिरेके ततोऽपि स्यात्, त्रैलक्षण्यस्थितिः शिवे।।९/१६।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यो ज्ञानादिः स्वपर्यायः ज्ञेयाकारेण भावितः व्यतिरेके (चाऽपगच्छति), ततोऽपि शिवे त्रैलक्षण्यस्थितिः (स्यात्)।।९/१६।।

✡ કેવલજ્ઞાનાદિમાં સૂક્ષ્મ ત્રૈલક્ષણ્ય વિચારણા ✡

અવતરણિકા :- કેવલજ્ઞાન નામના ગુણમાં અને સિદ્ધ નામના પર્યાયમાં જે ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ કરેલ છે તે તો સ્થૂલ સમજવી. કારણ કે સ્થૂલ એવા વ્યવહાર આદિ નયથી તે સિદ્ધિ કરવામાં આવેલી છે. આ રીતે જે ત્રૈલક્ષણ્યની સિદ્ધિ કરેલ છે તે સૂક્ષ્મ નથી. કારણ કે સૂક્ષ્મ એવા ઋજુસૂત્ર વગેરે નય દ્વારા તેની સિદ્ધિ કરવામાં નથી આવેલ. સૂક્ષ્મ ઋજુસૂત્રનય તો પ્રતિસમય સર્વ પદાર્થમાં ઉત્પાદ-વ્યયને માને છે. તેથી ઋજુસૂત્ર આદિ નયની અપેક્ષાએ પ્રતિસમય ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરીને તથા દ્રવ્યાર્થિકનયના મતથી ધ્રૌવ્યને ગ્રહણ કરીને કેવલજ્ઞાન વગેરેમાં જે ત્રૈલક્ષણ્યને સાધવામાં આવે છે તે જ સૂક્ષ્મ ત્રૈલક્ષણ્ય છે. ધ્રૌવ્ય કહો કે અન્વય કહો કે અનુગમ કહો કે સ્થૈર્ય વગેરે કહો શબ્દમાત્રમાં તફાવત છે, અર્થમાં કોઈ ભેદ નથી. ફક્ત મોક્ષગમનસમયે જ નહિ પરંતુ ઉપરોક્ત રીતે પ્રતિસમય કેવલજ્ઞાનાદિમાં જે ત્રૈલક્ષણ્યની સિદ્ધિ કરવામાં આવે છે તે જ સૂક્ષ્મ છે. આ પ્રમાણે વિચારીને ગ્રંથકારશ્રી પ્રસ્તુતમાં બીજા કલ્પને = વિકલ્પને દર્શાવે છે :-

શ્લોકાર્થ :- જે જ્ઞાનાદિ સ્વપર્યાય જ્ઞેયાકારથી ભાવિત થાય છે. તથા અન્ય-અન્યરૂપે પરિણમે છે, તેનાથી પણ મોક્ષમાં ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ થાય છે. (૯/૧૬)

❖ પુસ્તકોમાં 'હારઈ' પાઠ. કો.(૧૦+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'થાઈ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

[*]જે **જ્ઞાનાદિક** = કેવલજ્ઞાન-કેવલદર્શન, **નિજપર્યાયઈ જ્ઞેયાકારઈ** = વર્તમાનાદિવિષયાકારઇં **પરિણમઈઈ. (તેહથી) વ્યતિરેકઈ** કહઈતાં પ્રતિક્ષણ [●]અન્યાન્યપણઇં. **સિદ્ધનઈ ઈમ પણિ ત્રિલક્ષણ થાઈ.** પ્રથમાદિસમયઈ વર્તમાનાકાર છઈ, તેહનો દ્વિતીયાદિક્ષણઇં નાશ અતીતાકારઇં [❖]ઉત્પાદ, [*]આકારિભાવઇં

यो ज्ञानादिः = केवलज्ञान-केवलदर्शनादिः **स्वपर्यायः** = अर्थाख्यो जीवपर्यायः प्रतिक्षणं **ज्ञेयाकारेण** = वर्तमानाऽतीताऽनागतविषयाकारेण **भावितः** = परिणतः तदपेक्षया स प्रतिसमयमुत्पद्यते, प्रतिसमयं प्रतिनियतपदार्थपरिच्छेदपरिणामभेदात्। तथा प्रतिसमयं ज्ञेय-दृश्यपरिणामपरिवर्त्तनेन केवलज्ञान-केवलदर्शनादेरपि **व्यतिरेके** = अन्याऽन्यतया परिणमने स प्रतिसमयमपगच्छति। तथाहि – ज्ञेयादिनिष्ठवर्त्तमानकालीनत्वातीतकालीनत्वाऽनागतकालीनत्वाऽवगाहिनि केवलज्ञान-केवलदर्शनादौ प्रथमादिसमयावच्छेदेन वर्त्तमानकालीनत्वविशिष्टाकारो भवति। स च द्वितीयादिसमयावच्छेदेन वर्तमानत्वरूपतया नश्यति, अतीतत्वेन चोत्पद्यते। ततश्च केवलज्ञान-केवलदर्शनादेः प्रतिसमयमुत्पाद

❀ કેવલજ્ઞાનાદિમાં પ્રતિસમય ઉત્પાદાદિ સિદ્ધિ ❀

વ્યાખ્યાર્થ :- કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરે જીવના જે ભાવો છે તે નશ્વર, શબ્દઅગોચર અને સૂક્ષ્મ હોવાથી અર્થપર્યાય કહેવાય છે. કેવલજ્ઞાનનો વિષય જ્ઞેય કહેવાય છે તથા કેવલદર્શનનો વિષય દૃશ્ય કહેવાય છે. તે કેવલજ્ઞાન-દર્શન વગેરે અર્થપર્યાયો પ્રતિક્ષણ વર્તમાન-અતીત-અનાગત સ્વવિષયાકારથી ભાવિત થાય છે, પરિણમે છે. તે અપેક્ષાએ કેવલજ્ઞાનાદિ ભાવો પ્રતિસમય ઉત્પન્ન થાય છે. કારણ કે પ્રતિસમય પ્રત્યેક પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરવાનો પરિણામ કેવલજ્ઞાનમાં બદલાય છે. જ્ઞેયપરિવર્તનથી જ્ઞેયગ્રહણપરિણામસ્વરૂપ જ્ઞાનાકાર બદલાય છે. તથા પ્રતિસમય જ્ઞેય પદાર્થના અને દૃશ્ય પદાર્થના પરિણામો જુદા-જુદા સ્વરૂપે બદલાયા કરે છે. જ્ઞાનાદિ ભાવોનું પરિણમન સ્વવિષયને અનુસારે થાય છે. તેથી કેવલજ્ઞાન અને કેવલદર્શન વગેરે ભાવો પણ પ્રતિસમય જુદા-જુદા સ્વરૂપે પરિણમે છે. આ જ કેવલજ્ઞાનાદિનો વ્યતિરેક = વ્યય છે. તેથી કેવલજ્ઞાનાદિ ભાવો પ્રતિક્ષણ નાશ પણ પામે છે - તેવું સિદ્ધ થાય છે. તે આ રીતે સમજવું. જ્ઞેયાદિ પદાર્થમાં રહેલ વર્તમાનકાલીનત્વનું, અતીતકાલીનત્વનું અને અનાગતકાલીનત્વનું અવગાહન કેવલજ્ઞાનાદિ ભાવો કરે છે. જ્ઞેયાદિ પદાર્થમાં રહેલ વર્તમાનત્વાદિનું જે અવગાહન કેવલજ્ઞાન આદિમાં પ્રથમ સમયે થાય છે તે વર્તમાનત્વવિશિષ્ટ આકારસ્વરૂપે થાય છે. જુદા-જુદા જ્ઞેયાદિ પદાર્થમાં રહેલ વર્તમાનતા-અતીતતાદિ પરિણામોને પોતાનો વિષય બનાવનાર કેવલજ્ઞાનાદિમાં જે આકાર પ્રથમસમયાવચ્છેદેન વર્તમાનત્વવિશિષ્ટ = વર્તમાનકાલીન હોય છે તે આકાર દ્વિતીયાદિસમયઅવચ્છેદેન કેવલજ્ઞાનાદિમાં રહેતો નથી, પરંતુ નાશ પામે છે. કેવલજ્ઞાનાદિગત તે આકાર વર્તમાનકાલીનત્વરૂપે નાશ પામે છે અને અતીતકાલીનત્વરૂપે ઉત્પન્ન થાય છે. એ જ રીતે પ્રથમસમયઅવચ્છેદેન કેવલજ્ઞાનના જે આકારમાં અનાગતત્વ = અનન્તરોત્તરસમયવર્તિત્વ હોય છે તે આકાર દ્વિતીયાદિસમયાવચ્છેદેન નાશ પામે છે અને વર્તમાનત્વરૂપે ઉત્પન્ન થાય છે. તેથી કેવલજ્ઞાન વગેરેમાં પણ પ્રતિસમય

[*] કો.(૧૨)માં 'તે' પાઠ. [●] લા.(૨)માં 'અજ્ઞાનપણઈ' પાઠ. પુસ્તકોમાં 'અન્યોન્ય' પાઠ. કો.(૭+૧૦)નો પાઠ લીધો છે. [❖] કો.(૧૧)માં 'ઉત્પાદ-વ્યય' પાઠ. [*] કો.(૯)માં 'આકારભાવઈ'. લા.(૨)માં 'આકારઈભાવઈ' પાઠ.

= કેવલજ્ઞાન*-કેવલદર્શનભાવઈ અથવા કેવલ માત્ર ભાવઈ ધ્રુવ; ઈમ ભાવના કરવી.

-व्ययौ निराबाधौ। तदैव चाऽऽकारिभावेन केवलज्ञान-दर्शनयोः ध्रौव्यमपि वर्तते।

अत एव विज्ञानसन्तत्या विज्ञानघनोऽयमात्मा अविनाशी उच्यते। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"पुव्वाऽवरविण्णाणोवओगओ विगम-संभवसहावो। विण्णाणसंतईए विण्णाणघणोऽयमविणासी"।। (वि. आ.भा.१५९५) इति।

ઉત્પાદ અને વ્યય અબાધિતપણે રહે છે. તથા જે સમયે ઉપરોક્ત રીતે ઉત્પાદ-વ્યય કેવલજ્ઞાનાદિમાં થઈ રહેલા છે તે જ સમયે આકારીભાવથી કૈવલ્યરૂપે કેવલજ્ઞાનમાં અને કેવલદર્શનમાં ધ્રૌવ્ય પણ હાજર હોય છે. તેથી પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ સૂક્ષ્મ ત્રિલક્ષણ કેવલજ્ઞાનાદિ ભાવોમાં રહે છે.

(**अत.**) તે તે જ્ઞેયાકારનો ઉત્પાદ-વ્યય થવા છતાં પણ આકારીભાવથી જ્ઞાન ધ્રુવ હોવાના કારણે જ જ્ઞાનપરમ્પરાની અપેક્ષાએ આત્મા વિજ્ઞાનઘન અવિનાશી કહેવાય છે. તેથી **શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "આગળ-પાછળના જ્ઞાનોપયોગની અપેક્ષાએ આત્મા ઉત્પાદ-નાશ સ્વભાવવાળો હોવા છતાં વિજ્ઞાનસામાન્યપ્રવાહની અપેક્ષાએ આ આત્મા વિજ્ઞાનઘન અને અવિનાશી છે."

❀ ज्ञानपर्याय ज्ञेयसापेक्ष ❀

स्पष्टता :- 'અત્યારે પાંચ વાગ્યા છે' - આ પ્રમાણે કેવલજ્ઞાનમાં જે વર્ત્તમાનકાલીનત્વનો આકાર જણાય છે. તે આકાર તે જ સ્વરૂપે પછીના સમયે વિદ્યમાન નથી હોતો. કલાક પછી કેવલજ્ઞાનમાં એવું જણાશે કે 'એક કલાક પૂર્વે પાંચ વાગ્યા હતા. અત્યારે તો છ વાગ્યા છે', 'આજે સોમવાર છે' - આવું કેવલજ્ઞાનમાં આજે જણાય. પણ બીજા દિવસે પણ કેવલજ્ઞાનમાં 'આજે સોમવાર છે' - તેવું જણાતું નથી. પરંતુ 'ગઈ કાલે સોમવાર હતો, આજે મંગળવાર છે' - આ પ્રમાણે કેવલજ્ઞાનીને બીજા દિવસે જણાય છે. આમ પ્રતિદિન-પ્રતિપ્રહર-પ્રતિક્ષણ-પ્રતિસમય કેવલજ્ઞાનમાં જ્ઞેયાકાર જુદા-જુદા સ્વરૂપે ભાસે છે. 'इदानीं' કે 'अद्य' આવા આકારનો નાશ થઈ 'पूर्वं' કે 'ह्यः' આવા આકારે જ્ઞેય પદાર્થનું ભાન કેવલજ્ઞાનમાં થાય છે. એ જ રીતે 'श्वः' કે'पश्चात्' આવા આકારનો નાશ થઈ 'इदानीं' કે 'अद्य' આવા આકારે જ્ઞેય પદાર્થનું કેવલજ્ઞાનમાં ભાન થાય છે. 'પાંચ વાગશે', 'પાંચ વાગ્યા છે', 'પાંચ વાગ્યા હતા' - આ પ્રમાણે તથા 'કાલે સોમવાર હશે', 'આજે સોમવાર છે', 'ગઈકાલે સોમવાર હતો' - આ પ્રમાણે કાળક્રમે અનાગતનું વર્તમાનરૂપે, વર્તમાનનું અતીતરૂપે ભાન થવાથી કેવલજ્ઞાનાદિના આકારમાં ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે. આકારથી આકારી (= કેવલજ્ઞાનાદિ) ભાવો કથંચિત્ અભિન્ન હોવાથી કેવલજ્ઞાનાદિ ભાવોનો પણ પ્રતિસમય ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે. પરંતુ કેવલજ્ઞાનાદિમાં 'પાંચ', 'સોમવાર' ઈત્યાદિ આકાર તો અનુગત જ રહે છે. તે આકારરૂપે = અનુગત સાકારરૂપે = આકારીભાવે = કૈવલ્યરૂપે = કેવલજ્ઞાનત્વાદિસ્વરૂપે તો કેવલજ્ઞાનાદિ ભાવો સદા ધ્રુવ = સ્થિર જ રહે છે. આમ કેવલજ્ઞાનાદિમાં પ્રતિસમય ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્યની સિદ્ધિ થાય છે.

* કો.(૧૦)માં 'કેવલજ્ઞાન' પદ નથી. 1. पूर्वाऽपरविज्ञानोपयोगतो विगम-सम्भवस्वभावः। विज्ञानसन्तत्या विज्ञानघनोऽयमविनाशी।।

"न च अनाकारं तत् (= ज्ञानम्), पदार्थान्तरवद् विवक्षितपदार्थाऽपरिच्छेदप्रसङ्गाद्" (स्था.सू.३/१/१२७ वृ.पृ.१७५) इति **स्थानाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरयः**।

"ज्ञेयाकारं विज्ञानमिष्यते एव, अन्यथा नीलज्ञानादपि पीतादिसमस्तवस्तुपरिच्छेदप्रसङ्गात्, नीलस्यापि वाऽपरिच्छेदापत्तेः, निराकारत्वाऽविशेषाद्" (वि.आ.भा.३१७४ पृ.) इति **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरयः**।

साकारमतिज्ञाननिरूपणाऽवसरे पूर्वमपि तत्रैव तैः "मतिः तावत् ज्ञेयाकारग्रहणपरिणामपरिणतत्वाद् आकारवती। तदनाकारवत्त्वे तु 'नीलस्येदं संवेदनं न पीतादेः' इति नैयत्यं न स्यात्, नियामकाऽभावात्। नीलाद्याकारो हि नियामकः। यदा च स नेष्यते तदा 'नीलग्राहिणी इयं मतिः, न पीतग्राहिणी'ति कथं व्यवस्थाप्यते ? विशेषाभावात्। तस्माद् आकारवत्येव मतिः अभ्युपगन्तव्या" (वि.आ.भा.गा.६४ वृ.) इत्युक्तं विस्तरेण। आकारलक्षणं तु **प्रज्ञापनावृत्तौ** उपयोगपदविवरणे श्री**मलयगिरिसूरिभिः** "आकारः = प्रतिनियतः

ॐ ज्ञान अनाकार नथी : श्रीअभयदेवसूरिजी ॐ

("न च.) **स्थानांगसूत्रव्याख्या**માં શ્રી**અભયદેવસૂરિજી**એ આ અંગે સ્પષ્ટપણે જણાવેલ છે કે 'જ્ઞાન અનાકાર નથી. બાકી તો ઘટજ્ઞાનથી જેમ પટનો નિર્ણય થતો નથી, તેમ ઘટનો પણ નિર્ણય નહિ થઈ શકે. કારણ કે ઘટજ્ઞાન જો નિરાકાર હોય તો પટની જેમ ઘટની પણ કોઈ જ અસર તેમાં હોય નહીં. તેથી તે વસ્ત્રની જેમ ઘડાનો પણ નિશ્ચય કરાવી ન શકે.'

ॐ ज्ञान साकार छे : श्रीहेमचन्द्रसूरिजी ॐ

("ज्ञेया.) જૈનમતે જ્ઞાન નિરાકાર નથી. કારણ કે "જ્ઞાનમાં જ્ઞેયાકાર જૈનોને માન્ય જ છે. જો જ્ઞાનમાં જ્ઞેયાકાર ન માનવામાં આવે તો નીલજ્ઞાનથી પણ પીત-શ્વેત વગેરે સમસ્ત વસ્તુનો નિશ્ચય થવાની આપત્તિ આવશે. કારણ કે તે જ્ઞાન તો વિષયાકારશૂન્ય જ છે. 'નિરાકાર નીલજ્ઞાન નીલનો જ બોધ કરાવે અને પીતાદિનો બોધ ન કરાવે' તેવું માનવામાં કોઈ નિયામક તત્ત્વ નિરાકારજ્ઞાનવાદીના પક્ષમાં નથી. અથવા જ્ઞાનને નિરાકાર માનવામાં બીજો દોષ એ આવશે કે નીલજ્ઞાન જેમ પીતાદિનો નિશ્ચય કરાવતું નથી તેમ નીલનો પણ નિશ્ચય નહિ કરાવી શકે. કારણ કે તે જ્ઞાન નિરાકાર હોવાથી પીતાદિઆકારથી જેમ શૂન્ય છે તેમ નીલાકારથી પણ શૂન્ય જ છે" - આમ **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં શ્રી**હેમચંદ્રસૂરિજી** જણાવે છે.

(**साकार.**) સાકારમતિજ્ઞાનનું નિરૂપણ કરવાના અવસરે શ્રી**હેમચંદ્રસૂરિજી**એ તે જ વ્યાખ્યાગ્રંથમાં પૂર્વે વિસ્તારથી જણાવેલ છે કે "સૌ પ્રથમ મતિજ્ઞાન જ્ઞેયાકારને ગ્રહણ કરવાના પરિણામથી પરિણત થયેલ હોવાથી સાકાર જ છે. જો મતિજ્ઞાન નિરાકાર હોય તો 'આ સંવેદન નીલનું છે, પીત રૂપનું નહિ' - આ પ્રમાણે મતિજ્ઞાનમાં નિયતાકારતા = નિયતવિષયતા સંગત નહિ થઈ શકે. કારણ કે તેનું કોઈ નિયામક તત્ત્વ અનાકારજ્ઞાનપક્ષમાં વિદ્યમાન નથી. વાસ્તવમાં તેવી વ્યવસ્થામાં નિયામક નીલાદિ આકાર છે. પરંતુ જ્યારે જ્ઞાનમાં આકાર જ માનવામાં ન આવે તો 'આ બુદ્ધિ નીલગ્રાહક છે, પીતગ્રાહક નથી' - આવી વ્યવસ્થા કઈ રીતે કરી શકાય ? કેમ કે જ્ઞાન આકારશૂન્ય હોય તો નીલજ્ઞાન કે પીતજ્ઞાન વગેરેમાં કોઈ તફાવત તો નહિ જ હોય. તો પછી નિયતવિષયવ્યવસ્થાની સંગતિ નિરાકાર- જ્ઞાનવાદી કઈ રીતે કરી શકે ? તેથી બુદ્ધિને સાકાર જ માનવી જોઈએ." આકારનું લક્ષણ તો **પન્નવણાવ્યાખ્યા**માં ઉપયોગપદનું વિવરણ કરતી વખતે શ્રી**મલયગિરિસૂરિજી**એ આ પ્રમાણે જણાવેલ છે કે 'પદાર્થનો નિયત

अर्थग्रहणपरिणामः" (प्र.सू.प.२९/सू.३१२) इत्युक्तम्।

प्रकृते [1]"विसयगहणपरिणामतो तु सागारता भवइ तस्स" (ध.स.७३३) इति **धर्मसङ्ग्रहणि**वचनमनुसन्धेयम्। 'तस्य = ज्ञानस्य', शिष्टं स्पष्टम्। एतत्परिष्कारस्तु **स्थानाङ्गसूत्रवृत्तौ** श्री**अभयदेवसूरिभिः** "सह आकारेण = विशेषांशग्रहणशक्तिलक्षणेन वर्त्तते य उपयोगः स साकारः, ज्ञानोपयोग इत्यर्थः" (स्था. २/२/११२/वृ.पृ.१५८) इत्येवं कृतः। शुद्धतरपर्यायार्थिकस्य विशिष्य साकारज्ञानं सम्मतमिति पूर्वोक्तमिह (३/१२) स्मर्तव्यम्।

ज्ञाने साकारत्वस्याऽवश्यक्लृप्तत्वे ज्ञानत्वाऽवच्छेदेनैवं तदिष्यते, न तु मतिज्ञानत्व-श्रुतज्ञानत्वाद्यवच्छेदेन, गौरवादित्यवधेयम्।

न चैवं ज्ञानादेराकारिभावाभ्युपगमे ज्ञानाद्वैतवादियोगाचारमतप्रवेश आपद्येत इति ***वाच्यम्,***

ज्ञानभिन्नज्ञेयाऽभ्युपगमेन तदनवकाशात्, प्रकारितादिरूपस्यैवाऽर्थप्रयुक्तस्य ज्ञानाद्याकारस्याभ्यु-

---

प्रकारे निश्चय करवानो परिणाम એ જ જ્ઞાનગત આકાર છે.'

(प्रकृ.) પ્રસ્તુતમાં **धर्मसंग्रहणि**ની એક વાત અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'વિષયગ્રહણપરિણામના લીધે જ્ઞાન સાકાર છે.' આનો પરિષ્કાર શ્રી**અભયદેવસૂરિજી**એ **स्थानांगसूत्रवृत्ति**માં આ પ્રમાણે કરેલ છે કે 'વસ્તુના વિશેષ અંશને ગ્રહણ કરવાની શક્તિરૂપ આકારને ધરાવે તે ઉપયોગને સાકાર = જ્ઞાનોપયોગ કહેવાય - તેમ સમજવું.' શુદ્ધતર પર્યાયાર્થિકનયને તો 'જ્ઞાન સાકાર છે' - એવું વિશેષ રીતે માન્ય છે. આ વાત પૂર્વે ત્રીજી શાખામાં (૩/૧૨) જણાવેલ છે. તે અહીં યાદ કરવી.

❀ ज्ञानत्वावच्छेदेन ज्ञानमां साकारता ❀

(ज्ञाने.) 'જ્ઞાનને સાકાર માનવું જરૂરી જ છે' - આ વાત પ્રમાણસિદ્ધ થઈ જ ચૂકેલ છે. તો તે સાકારતા માત્ર મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનમાં માનવાના બદલે પાંચેય જ્ઞાનમાં તેનો સ્વીકાર કરવો વધુ યોગ્ય છે. કારણ કે ચાર જ્ઞાનમાં સાકારતા માનવામાં આવે તો તેના અવચ્છેદક મતિજ્ઞાનત્વ, શ્રુતજ્ઞાનત્વ વગેરે અનેક ધર્મો બનશે. તેથી તેવું માનવામાં ગૌરવ દોષ લાગુ પડશે. તેના બદલે પાંચેય જ્ઞાનને સાકાર માનવામાં આવે તો સાકારતાનો અવચ્છેદકધર્મ જ્ઞાનત્વ જ બનશે. આમ લાઘવસહકારથી જ્ઞાનમાં જ્ઞાનત્વાવચ્છેદેન સાકારતાને અમે જૈનો માનીએ છીએ. આ બાબતને ખ્યાલમાં રાખવી.

शंका :- **(न चै.)** જો આ રીતે જ્ઞાનમાં અને દર્શનમાં સાકારભાવ = આકારીપણું = આકાર સ્વીકારવામાં આવે તો જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધના મતમાં જૈનોનો પ્રવેશ થવાની આપત્તિ આવશે. કારણ કે યોગાચાર જ્ઞાનને સાકાર = આકારવિશિષ્ટ = જ્ઞેયાકારયુક્ત માને છે. તથા તમે જૈનો પણ કેવલજ્ઞાનને સાકાર માનો છો.

❀ ज्ञान साकार छतां योगाचारमत अस्वीकार्य ❀

समाधान :- **(ज्ञान.)** જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાનો તો જ્ઞાનથી ભિન્ન કોઈ જ્ઞેય પદાર્થને

---

1. विषयग्रहणपरिणामतः तु साकारता भवति तस्य।

पगमात्।

इदमत्राकूतम् – ज्ञानभिन्नज्ञेयनिष्ठविशेष्यता-प्रकारता-संसर्गताभिधानविषयतानिरूपिता विशेष्यिता -प्रकारिता-संसर्गिताभिधाना त्रिविधा विषयिता विशिष्य ज्ञाननिष्ठा ज्ञानाकारविधया सम्मता जिन-प्रवचने। अत एव ज्ञानं साकारोपयोगविधया समाम्नातम्।

ज्ञानभिन्ने केवलदर्शनावधिदर्शनाद्याख्ये सामान्यबोधे तु ओघतो दृश्यभिन्नदृश्याकारा अभ्युप-गम्यन्ते, न तु विशिष्य। अत एव दर्शनं निराकारोपयोगरूपेण उच्यते। दृश्यगोचरसामान्याकारविरहे तु दर्शनस्य सामान्यबोधरूपतैवाऽनुपपन्ना स्यात्, प्रत्युत सामान्यविशेषोभयाकारविरहेण दर्शनस्य

માનતા જ નથી. જ્યારે અમે જૈનો જ્ઞાનભિન્ન ઘટાદિ જ્ઞેય પદાર્થનો સ્વીકાર કરીએ છીએ. તેથી જ્ઞાનને સાકાર માનવા છતાં જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારના મતમાં પ્રવેશ થવાની આપત્તિને અવકાશ રહેતો નથી. યોગાચાર બૌદ્ધ તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાનાકારને જ જ્ઞેય માને છે. તથા આ જ્ઞાનાકાર અનાદિવાસનાપ્રયુક્ત છે - તેવું યોગાચાર માને છે. જ્યારે અમે જૈનો તો બાહ્ય ઘટ-પટાદિ અર્થથી પ્રયુક્ત જ્ઞાનાકારને જ્ઞાનમાં માનીએ છીએ. જ્ઞાનભિન્ન એવા જ્ઞેયપદાર્થથી પ્રયુક્ત જે જ્ઞાનાકાર જ્ઞાનમાં ઉત્પન્ન થાય છે, તે પ્રકારિતાદિ સ્વરૂપ છે. આ પ્રમાણે અમે જૈનો માનીએ છીએ. પરંતુ તે મુજબ યોગાચાર બૌદ્ધ માનતા નથી. તેથી અમારો યોગાચારના મતમાં પ્રવેશ થઈ જવાની આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી.

✧ त्रिविध विषयिताविमर्श ✧

(इदम.) અહીં આશય એ છે કે જ્ઞાનભિન્ન જ્ઞેય = વિષય ત્રણ પ્રકારે છે. (૧) વિશેષ્ય, (૨) વિશેષણ અને (૩) સંબંધ. વિશેષણનો પર્યાયશબ્દ 'પ્રકાર' છે. વિષયનિષ્ઠ ગુણધર્મ પણ ત્રણ પ્રકારે છે. (૧) વિશેષ્યતા, (૨) પ્રકારતા (= વિશેષણતા) અને (૩) સંસર્ગતા (= સંબંધતા). વિષયના આધારે વિષયી એવા જ્ઞાનમાં પણ ત્રણ પ્રકારની વિષયિતા ઉત્પન્ન થાય છે. (૧) વિશેષ્યિતા, (૨) પ્રકારિતા અને (૩) સંસર્ગિતા. જૈન દર્શન મુજબ, આ ત્રિવિધ વિષયિતા એ જ જ્ઞેયસાપેક્ષ જ્ઞાનાકાર તરીકે માન્ય છે. આ જ્ઞાનાકાર વિશેષ્યિતા, પ્રકારિતા આદિ સ્વરૂપે પરસ્પર કથંચિત્ ભિન્ન હોવાથી તે વિશેષસ્વરૂપે = પ્રાતિસ્વિકસ્વરૂપે = પરસ્પરવિલક્ષણસ્વરૂપે જ્ઞાનમાં રહે છે. તે જ કારણથી જ્ઞાન સાકાર ઉપયોગ તરીકે જૈનદર્શનમાં માન્ય છે.

✡ दर्शन दृश्यसापेक्ष ✡

(ज्ञान.) બીજી મહત્ત્વની વાત એ છે કે જૈનો જ્ઞાનભિન્ન દર્શન = સામાન્ય બોધ પણ માને છે. બાહ્ય દશ્ય વિષયની અપેક્ષાએ કેવલદર્શન, અવધિદર્શન આદિમાં દશ્યભિન્ન ઓઘથી દશ્યાકાર ઉત્પન્ન થાય છે. દશ્યાકાર દર્શનમાં વિશેષસ્વરૂપે નથી રહેતા પરંતુ સામાન્યસ્વરૂપે જ રહે છે. આ જ કારણથી દર્શન નિરાકાર ઉપયોગ તરીકે કહેવાય છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે દર્શનમાં = સામાન્યબોધમાં વિશેષાકાર તો નથી જ રહેતો. હવે જો સામાન્યાકાર પણ તેમાં ન રહેતો હોય તો દર્શન સામાન્યઉપયોગસ્વરૂપ જ નહિ બની શકે. ઊલટું સામાન્યઆકાર અને વિશેષાકાર બન્ને પ્રકારના આકાર ન હોવાથી દર્શન સુખાદિની જેમ અનવબોધસ્વરૂપ = અનુપયોગસ્વરૂપ બની જવાની આપત્તિ

सुखादिवद् अनवबोधरूपतैव प्रसज्येत। सुखादेरनवबोधरूपता तु पूर्वं (९/७) **स्याद्वादरत्नाकर**संवादेन दर्शितैव। तस्माच्चित्ताह्लादकरूपविशेषविरहेण 'कन्या न रूपवती'तिवद् विशेषाकाराभावेन 'दर्शनं न साकारमि'त्युच्यते इति मन्तव्यम्। न चैवं योगाचारो मन्यते। ततः सामान्य-विशेषाकारशालिनोः दर्शन-ज्ञानयोः अभ्युपगममात्रेण नाऽनेकान्तवादिनां योगाचारमतप्रवेशापत्तिरित्यवधेयम्।

यद्वा केवलज्ञानत्व-केवलदर्शनत्वरूपाभ्यां केवलज्ञान-केवलदर्शनयोः ध्रौव्याङ्गीकार इति न योगाचारमतप्रवेशापत्तिः, तन्मते ज्ञानस्य क्षणिकत्वात्, ज्ञानभिन्नदर्शनाऽनभ्युपगमाच्च।

एतेन सिद्धानामपि प्रथमसमये ज्ञानोपयोगः द्वितीयसमये च दर्शनोपयोग इति न केवलज्ञानत्वादिरूपेणाऽपि तयोः ध्रौव्यं सम्भवतीति ***निरस्तम्,***

આવશે. 'સુખાદિ બોધાત્મક નથી' - આ વાત તો પૂર્વે આ જ નવમી શાખાના સાતમા શ્લોકમાં **સ્યાદ્વાદરત્નાકર** વગેરે ગ્રંથના સંવાદથી દર્શાવેલ જ છે. તેથી તે બાબતની અહીં છણાવટ કરવામાં નથી આવતી. તેથી જેમ સુખમાં સામાન્યાકાર કે વિશેષાકાર ન હોવાથી તે બોધસ્વરૂપ = ઉપયોગાત્મક નથી કહેવાતું તેમ સામાન્ય-વિશેષ બન્ને આકાર વિનાનું દર્શન બોધાત્મક જ નહિ બની શકે તો સામાન્યાબોધસ્વરૂપ તે કઈ રીતે બની શકે ? તેથી માનવું જોઈએ કે દર્શન સર્વથા નિરાકાર નથી પણ સામાન્યાકારવાળું છે. તેમ છતાં જૈનદર્શનમાં દર્શનનો નિરાકાર ઉપયોગ સ્વરૂપે વ્યવહાર થાય છે તેનું કારણ એ છે કે જેમ મનમાં આહ્લાદ પ્રગટાવે તેવું આકર્ષક વિશિષ્ટ રૂપ જે કન્યા પાસે ન હોય તેને વિશે 'આ કન્યા રૂપવતી નથી, રૂપાળી નથી' - આવો વ્યવહાર થાય છે તેમ વિશેષાકાર ન હોવાથી 'દર્શન સાકાર નથી' - આ મુજબ કહેવાય છે. આ પ્રમાણે માનવું જરૂરી છે. તથા આવું જૈનો માને છે. પરંતુ આ પ્રમાણે જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધો સ્વીકારતા નથી. તેથી જૈનો દર્શન-જ્ઞાનને સામાન્ય-વિશેષ આકારયુક્ત માને એટલા માત્રથી અનેકાન્તવાદી જૈનોનો યોગાચારમતમાં પ્રવેશ થઈ જવાની આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી.

❋ જૈનમતમાં અને યોગાચારમતમાં ભિન્નતા ❋

(यद्वा.) અથવા યોગાચાર મતમાં પ્રવેશ થવાની આપત્તિના નિવારણ માટે એમ પણ કહી શકાય છે કે - કેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાન ધ્રુવ છે, કેવલદર્શનત્વરૂપે કેવલદર્શન પણ ધ્રુવ છે. આ મુજબ અમે જૈનો માનીએ છીએ. આ રીતે કેવલજ્ઞાન-દર્શનને ધ્રુવ = અવિનશ્વર માનવાથી યોગાચારમતમાં જૈનોનો પ્રવેશ થવાની સમસ્યાને કોઈ અવકાશ રહેતો નથી. કારણ કે બૌદ્ધમતમાં તો જ્ઞાન ક્ષણિક છે તથા જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો જ્ઞાનભિન્ન દર્શનને પણ માનતા નથી. તેથી જૈનોનો જ્ઞાનાદ્વૈતવાદી યોગાચારના મતમાં પ્રવેશ થવાની આપત્તિને અવકાશ રહેતો નથી.

शंका :- **(एतेन.)** તમે કેવલજ્ઞાનાદિને નિત્ય જણાવો છો પણ જૈનોના સિદ્ધાન્તથી એ વાત બાધિત થાય છે. કારણ કે સિદ્ધ ભગવંતોને પણ પ્રથમ સમયે જ્ઞાનોપયોગ હોય છે અને દ્વિતીય સમયે દર્શનોપયોગ હોય છે. સિદ્ધોને સર્વદા કેવલજ્ઞાનોપયોગ કે કેવલદર્શનોપયોગ પ્રવર્તતો નથી. તેથી કેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાન તથા કેવલદર્શનત્વરૂપે કેવલદર્શન નિત્ય સંભવી નહિ શકે.

उपयोगरूपेण तयोः आगमिकसिद्धान्तानुसारतः क्रमेण प्रवर्तनेऽपि लब्धिरूपेण ध्रौव्यस्य सिद्धान्तसम्मतत्वात्, उपयोगरूपेणाऽपि **मल्लवादिसूरिमतानुसारेण** तयोर्युगपदभ्युपगमाच्च।

अयमत्राशयः - क्रमिकाऽऽगमिकसिद्धान्तानुसारतः केवलज्ञानोपयोगत्वरूपेण केवलज्ञानस्य केवलदर्शनोपयोगत्वरूपेण च केवलदर्शनस्य ध्वंसप्रतियोगित्वेऽपि केवलज्ञानत्वरूपेण केवलदर्शनत्वरूपेण च ध्वंसाऽप्रतियोगित्वम्। ततश्च सिद्धान्तमते केवलज्ञानादौ ध्रौव्यमव्याहतम्। तार्किकमते तु तयोः लब्धिरूपेण उपयोगरूपेण च यौगपद्यं स्थैर्यञ्च सम्मतम्। अतः तन्मते केवलज्ञानस्य केवलज्ञानोपयोगत्वरूपेण केवलज्ञानत्वरूपेण चाऽविनाशित्वम्। एवं केवलदर्शनस्य केवलदर्शनोपयोगत्वरूपेण केवलदर्शनत्वरूपेण च ध्रौव्यम्। एतावतोभयमतानुसारेण केवलज्ञानादौ ध्रौव्यमव्याहतमिति फलितम्।

यद्वाऽस्तु केवलोपयोगत्वरूपेण तयोः ध्रुवत्वम्, तस्योभयानुगतधर्मत्वात्, हेमत्वस्य हेमघट

❋ केवलज्ञान उपयोगરૂપે વિનાશી, લબ્ધિરૂપે અવિનાશી ❋

समाधान :- (**उपयोग.**) આગમિક સિદ્ધાન્ત અનુસાર કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉપયોગરૂપે સિદ્ધ ભગવંતોને ક્રમશઃ = સમયાન્તરે પ્રવર્તતા હોવા છતાં પણ લબ્ધિરૂપે તો તે બન્ને નિત્ય જ છે. આ વાત આગમિક સિદ્ધાન્તમાં સંમત જ છે. તેથી કેવલજ્ઞાનાદિને ધ્રુવ માનવામાં આગમવિરોધ કે જૈનસિદ્ધાન્તવિરોધ નામના દોષને પ્રસ્તુતમાં કોઈ અવકાશ રહેતો નથી. તથા **મલ્લવાદિસૂરિજી** મહારાજના મત મુજબ તો ઉપયોગરૂપે પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન યુગપત્ = એકીસાથે વિદ્યમાન હોય છે.

(**अय.**) કહેવાનો આશય એ છે કે આગમિક સિદ્ધાન્ત મુજબ કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉપયોગરૂપે સમયાન્તરે પ્રવર્તતા હોય છે, લબ્ધિરૂપે યુગપત્ વિદ્યમાન હોય છે. તેથી કેવલજ્ઞાનોપયોગત્વરૂપે કેવલજ્ઞાન ધ્વંસપ્રતિયોગી = અનિત્ય હોવા છતાં કેવલજ્ઞાનત્વરૂપે તે ધ્વંસઅપ્રતિયોગી = અવિનશ્વર છે. તથા કેવલદર્શનોપયોગત્વરૂપે કેવલદર્શન ધ્વંસપ્રતિયોગી (= ક્ષણભંગુર) હોવા છતાં કેવલદર્શનત્વરૂપે તે ધ્વંસઅપ્રતિયોગી = અવિનાશી છે. આ આગમિક સિદ્ધાન્ત છે. તેથી તે મુજબ કેવલજ્ઞાનાદિમાં ધ્રૌવ્ય અબાધિત રહે છે. તથા તાર્કિક મત થોડો જુદો પડે છે. તાર્કિક શિરોમણિ **શ્રીમલ્લવાદિસૂરિજી** મહારાજ તો પ્રગટ થયેલા કેવલજ્ઞાનાદિને લબ્ધિ અને ઉપયોગ - બન્ને સ્વરૂપે કાયમ યુગપત્ અને સ્થિર માને છે. તેમના મતે કેવલજ્ઞાનોપયોગત્વરૂપે અને કેવલજ્ઞાનત્વરૂપે કેવલજ્ઞાન અવિનાશી છે. કેવલદર્શનોપયોગત્વરૂપે અને કેવલદર્શનત્વરૂપે કેવલદર્શન પણ ધ્રુવ છે. આમ આગમિક મત અને તાર્કિક મત - બન્ને મત મુજબ કેવલજ્ઞાનાદિમાં ધ્રૌવ્ય અબાધિત રહે છે. આટલું ઉપરોક્ત વિચારવિમર્શ દ્વારા ફલિત થાય છે.

❋ કેવલોપયોગત્વરૂપે કેવલજ્ઞાન નિત્ય ❋

(**यद्वा.**) અથવા એમ પણ કહી શકાય છે કે કેવલજ્ઞાન અને કેવલદર્શન કેવલઉપયોગત્વરૂપે નિત્ય છે. કારણ કે કેવલોપયોગત્વ નામનો ગુણધર્મ કેવલજ્ઞાનમાં અને કેવલદર્શનમાં અનુગત છે. જેમ સુવર્ણઘટમાં અને સુવર્ણમુગટમાં સુવર્ણત્વ અનુગત ધર્મ છે. તેમ કેવલજ્ઞાનમાં અને કેવલદર્શનમાં કેવલોપયોગત્વ અનુગત ધર્મ છે. તેથી 'જેમ સુવર્ણત્વરૂપે સુવર્ણઘટ અને સુવર્ણમુગટ નિત્ય છે. તેમ કેવલોપયોગત્વરૂપે કેવલજ્ઞાન અને કેવલદર્શન નિત્ય છે' - આ પ્રમાણે માની શકાય છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં

-हेममुकुटोभयानुगतत्ववत्। यथोक्तं **विशेषावश्यकभाष्ये**ऽपि [1]"केवलमुदियं केवलभावेणाऽणंतमविगप्पं" (वि.आ.भा.१६८१) इति। इत्थं [2]"सव्वस्स केवलिस्सा जुगवं दो नत्थि उवओगा" (आ.नि.९७९, वि.आ. भा.३०९६) इति **आवश्यकनिर्युक्तिकृद्भद्रबाहुस्वामि-विशेषावश्यकभाष्यकृज्जिनभद्रगणिक्षमाश्रमण**मतानुसारेण तयोः क्रमेणोपयोगेऽपि न ध्रौव्याऽसम्भवः, केवलोपयोगत्वस्योभयत्र सत्त्वात्।

वस्तुतस्तु युगपदेवोभयोपयोग आगमसिद्धान्तसम्मतः, क्रमेणोपयोगद्वयप्रतिपादनन्तु परप्रवादि-निग्रहाद्यर्थमवगन्तव्यम्। इदमेवाऽभिप्रेत्य **निशीथचूर्णौ** [3]"गुरु जाणंतो चेव अण्णहा अत्थं पण्णवेंति, मा परप्पवादी दोसं गेण्हेज्ज। जहा - "सव्वस्स केवलिस्सा जुगवं दो नत्थि उवओगा" (आ.नि.९७९, वि.आ.भा.३०९६) एगोवयोगप्रतिपादनमित्यर्थः। तं च सेहतरातो जाणति - 'जहा अपसिद्धंतं पण्णवेंति'। तत्थ जति वितहं

श्रीजिनभद्रगणिक्षमाश्रमणे પણ જણાવેલ છે કે 'કેવલજ્ઞાન કેવલભાવથી = કેવલઉપયોગસ્વરૂપે અવિકલ્પ = અભિન્ન = એકસરખું અને અનંત = શાશ્વત કહેવાય છે.' આ પ્રમાણે માનવાથી એક ફાયદો એ થાય છે કે 'સર્વ કેવલીઓને યુગપત્ બે ઉપયોગ હોતા નથી' - આ મુજબ **આવશ્યકનિર્યુક્તિ**માં શ્રી **ભદ્રબાહુસ્વામીજી**એ તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણજી**એ જે જણાવેલ છે તે મુજબ કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ક્રમશઃ ઉપયોગ પ્રવર્તતો હોવા છતાં તે બન્નેમાં ધ્રૌવ્ય અસંભવિત થવાની સમસ્યાને કોઈ અવકાશ રહેતો નથી. કારણ કે કેવલજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તતો હોય કે કેવલદર્શનનો ઉપયોગ પ્રવર્તતો હોય - તે બન્નેમાં કેવલોપયોગત્વ નામનો ગુણધર્મ તો વિદ્યમાન જ છે. તેથી કેવલોપયોગત્વરૂપે કેવલજ્ઞાનને અને કેવલદર્શનને ધ્રુવ માનવામાં આગમિક મત કે તાર્કિક મત - બન્નેમાંથી એક પણ મતની અસંગતિને અવકાશ રહેતો નથી. બન્ને મત મુજબ કેવલોપયોગત્વરૂપે તો કેવલજ્ઞાન અને કેવલદર્શન ધ્રુવ જ છે. આમ કેવલજ્ઞાનાદિ ભાવોમાં ધ્રૌવ્ય અબાધિત રહે છે.

❊ युगपत् केवलज्ञान-दर्शनउपयोग निशीथचूर्णिसंमत ❊

(**वस्तुत.**) વાસ્તવમાં તો એકીસાથે જ કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ઉપયોગ આગમસિદ્ધાન્તમાં સંમત છે. 'કેવલજ્ઞાનીને કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ક્રમશઃ = સમયાન્તરે ઉપયોગ હોય છે' - આ પ્રમાણે આગમમાં જે પ્રતિપાદન કરેલ છે તે તો પરપ્રવાદીઓનો નિગ્રહ કરવા માટે જ જાણવું, નહિ કે જૈનદર્શનના સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવાના અભિપ્રાયથી. આ જ આશયથી **નિશીથચૂર્ણિ**માં જણાવેલ છે કે "ગુરુદેવ ('કેવલીને યુગપત્ ઉભય ઉપયોગ હોય છે' એવું) જાણવા છતાં અન્યથા = જુદી રીતે પદાર્થની પ્રરૂપણા કરે છે કે જેથી પરપ્રવાદી દોષનું ઉદ્ભાવન ન કરે. જેમ કે 'તમામ કેવલજ્ઞાનીને યુગપત્ બે ઉપયોગ નથી હોતા.' મતલબ કે પરદર્શનીને વાદમાં જીતી લેવા માટે 'કેવલીને એકીસાથે એક ઉપયોગ હોય છે' - આ મુજબ ગુરુદેવ વાદમાં પદાર્થપ્રતિપાદન કરે છે. પણ આ બાબતને નૂતન દીક્ષિત હોવાના કારણે શૈક્ષક એમ જાણે છે કે 'ગુરુદેવ અપસિદ્ધાન્તની પ્રરૂપણા કરે છે.' પરંતુ

1. केवलमुदितं केवलभावेनाऽनन्तमविकल्पम्। 2. सर्वस्य केवलिनो युगपद् द्वौ न स्त उपयोगौ। 3. गुरुः जानानः चैव अन्यथा प्रज्ञापयति, मा परप्रवादी दोषं गृह्णीयात्। यथा – 'सर्वस्य केवलिनो युगपद् द्वौ न स्तः उपयोगौ' एकोपयोगप्रतिपादनमित्यर्थः। तं च शैक्षतरत्वतः जानाति – यथा अपसिद्धान्तं प्रज्ञापयति। तत्र यदि वितथं प्रतिपद्यते, आशातना शैक्षस्य।

पडिवज्जति, आसादणा सेहस्स" (नि.भा.२६४८ चू.) इत्युक्तमित्यवधेयम्।

अत्र हि **निशीथचूर्णिकृता** केवलिनः युगपदुपयोगद्वयं प्रतिपादितम्। नवरं नैयायिकादिपरप्रवादिनिग्रहार्थम् आगमे तन्निषिद्धम्। ततश्च एकस्मिन् समये केवलिनि एकोपयोगप्रतिपादनं नाऽऽगमसम्मतमिति निश्चीयते। "युगपज्ज्ञानद्वयानुत्पत्तिर्मनसो लिङ्गम्" (न्या.सू.१/१/१६) इति **न्यायसूत्रा**नुसारेण नैयायिकादिभिः आत्मातिरिक्ताणुमनःसाधनानन्तरं 'युगपज्ज्ञानद्वयाभ्युपगमे तु कथं तत्सिद्धिः ?' इति पर्यनुयुक्तः स्याद्वादी अभ्युपगमवादतः 'केवलिनि अपि युगपदुपयोगद्वितयं नास्ती'ति वक्ति। ततश्च [1]"जुगवं दो नत्थि उवओगा" इति (आ.नि.९७९) **आवश्यकनिर्युक्ति**वचनम् अभ्युपगमवादपरं ज्ञेयम्। न ह्यभ्युपगमवादोक्तम् आगमिकसिद्धान्तस्वरूपं भवतीति भावनीयम्।

[1]"जुगवं दो नत्थि उवओगा" (आ.नि.९७९) इति **आवश्यकनिर्युक्ति**वचनस्य मानसविकल्पद्वययौग-

---

તે સ્થળે જો ખોટા પદાર્થને (= કેવલીમાં એક સમયે બે ઉપયોગના અભાવને) નૂતન દીક્ષિત સ્વીકારે તો નૂતન દીક્ષિતને (જિનાગમની, કેવલીની અને ગુરુની) આશાતનાનું પાપ લાગે." આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

❋ નિશીથચૂર્ણિનું સ્પષ્ટીકરણ ❋

(अत्र.) અહીં **નિશીથચૂર્ણિકારે** સ્પષ્ટપણે જણાવેલ છે કે કેવલજ્ઞાનીને પરમાર્થથી બે ઉપયોગ એકી સાથે હોય છે. ફક્ત નૈયાયિક આદિ પ્રતિવાદીને જીતવા માટે આગમમાં 'યુગપત્ બે ઉપયોગ નથી હોતા' - આમ જણાવેલ છે. 'કેવલીને એક સમયે એક જ ઉપયોગ હોય છે' - તે વાત આગમિક સિદ્ધાન્તનું પ્રતિપાદન નથી. આ પ્રમાણે નિશ્ચિત થાય છે. આત્મભિન્ન મનની સિદ્ધિ કરવા માટે નૈયાયિક-વૈશેષિક વગેરે વિદ્વાનો કહે છે કે "વાસ્તવમાં 'युगपद् ज्ञानद्वयानुत्पत्तिः मनसो लिङ्गम्' - આ **ન્યાયસૂત્ર**ના વચનથી એકીસાથે બે જ્ઞાન ઉત્પન્ન નથી થતા તે હકીકત આત્મભિન્ન મનની સિદ્ધિનું = અનુમિતિનું ચિહ્ન છે, હેતુ છે.'

"જો યુગપત્ બે ઉપયોગ માન્ય કરવામાં આવે તો આત્મભિન્ન મનની સિદ્ધિ તમે કેવી રીતે કરશો ?" આવી નૈયાયિકની દલીલના નિરાકરણ માટે 'કેવલીને પણ એકીસાથે બે ઉપયોગ નથી હોતા'-આ પ્રમાણે અભ્યુપગમવાદથી **આવશ્યકનિર્યુક્તિકારે** જણાવેલ છે. આવું કાંઈક જણાવવાનો **નિશીથચૂર્ણિકાર**નો આશય હોય તેવું જણાય છે. પોતાને માન્ય ન હોય તેવી પણ કોઈક વાત આચાર્ય ભગવંતો પ્રતિવાદીને જીતવા વગેરેના આશયથી જણાવે - સ્વીકારે તે અભ્યુપગમવાદ કહેવાય છે. અભ્યુપગમવાદથી જણાવેલી બાબત મૂળભૂત આગમિક સિદ્ધાન્તસ્વરૂપ નથી બની જતી પરંતુ એક કથનમાત્રસ્વરૂપ બની રહે છે. આ બાબતને વિજ્ઞ વાચકવર્ગે ગંભીરતાથી ધ્યાનમાં રાખવી.

❋ 'जुगवं दो नत्थि उवओगा' - વચનનું બીજું તાત્પર્ય ❋

("जुगवं.) "**आवश्यकनिर्युक्ति** ગ્રંથમાં જે જણાવેલ છે કે 'એકીસાથે બે ઉપયોગ નથી હોતા' - તે વાત 'બે માનસ વિકલ્પ એકીસાથે નથી હોતા' - તેવું પ્રતિપાદન કરવાના અભિપ્રાયથી **શ્રીભદ્રબાહુસ્વામીજી**

---

1. युगपद् द्वौ न स्त उपयोगौ।

पद्यनिषेधपरत्वम् (स.त.२/१/पृ.४७८) इति **सम्मतितर्कवृत्तिकारः**। तदभिप्रायस्त्वेवम् - 'अहं सुखी', 'अहं दुःखी' इति सविकल्पव्यवसायलक्षणमानसविकल्पद्वितययौगपद्यं न भवतीति तदपेक्षया युगपज्ज्ञान-द्वयनिषेधनम्। इदं मानसज्ञानं परमार्थतः परोक्षं किन्तु केवलज्ञान-दर्शनात्मकप्रत्यक्षोपयोगशालिनि केवलिनि तन्नास्ति। पारमार्थिकप्रत्यक्षात्मकोपयोगद्वययौगपद्यं तु न निषिद्धम्, निर्विकल्पपारमार्थिक-प्रत्यक्षरूपत्वात्। ततश्च केवलिनि युगपत् केवलज्ञान-दर्शनोपयोमद्वितयमनाबाधमिति ज्ञायते।

यशोविजयवाचकैस्तु "उक्तवचनस्य समान-सविकल्पद्वययौगपद्यनिषेधपरत्वाद्" (शा.वा.स.४/११२/स्या.क.ल.पृ.१७२) इत्येवं **सम्मतिटीकाकृदुक्तिः स्याद्वादकल्पलतायां** संवादरूपेणोपदर्शिता।

तदाशयस्त्वेवम् - समान-सविकल्पद्वययौगपद्याऽसम्भवेऽपि बहिरिन्द्रियज-मानससविकल्पज्ञानद्वय-

---

મહારાજ દ્વારા ઉચ્ચારાયેલ છે" - આ પ્રમાણે **શ્રીભદ્રબાહુસ્વામીજી**ના વચનનું રહસ્યોદ્ઘાટન **સમ્મતિટીકાકારશ્રી અભયદેવસૂરિજી**એ કરેલ છે. અહીં સંમતિવ્યાખ્યાકારશ્રીનો આશય એવો જણાય છે કે "કોઈ પણ જીવને 'હું સુખી છું', 'હું દુઃખી છું' - આવા બે માનસ વિકલ્પ = સવિકલ્પજ્ઞાન એકીસાથે થઈ ન શકે. આ અભિપ્રાયથી શ્રીભદ્રબાહુસ્વામીજીએ **આવશ્યકનિર્યુક્તિ**માં 'યુગપત્ બે ઉપયોગ ન હોય' આમ જણાવેલ છે. આ માનસ જ્ઞાન પરમાર્થથી પરોક્ષ છે. તેથી છદ્મસ્થ જીવોને આવા બે વિકલ્પાત્મક જ્ઞાન યુગપત્ થઈ ન શકે. પરંતુ કેવલજ્ઞાની તો પ્રત્યક્ષજ્ઞાની છે. તેમને પરોક્ષ વિકલ્પજ્ઞાન = માનસ પ્રત્યક્ષ ઉત્પન્ન જ થતું નથી. તેમને તો કેવલજ્ઞાન અને કેવલદર્શન એ જ પ્રત્યક્ષ ઉપયોગ હોય છે. બે પારમાર્થિક પ્રત્યક્ષાત્મક ઉપયોગ યુગપત્ હોવામાં કોઈ બાધ નથી, કારણ કે તે બન્ને ઉપયોગ નિર્વિકલ્પ પારમાર્થિક પ્રત્યક્ષાત્મક છે. બે સવિકલ્પ જ્ઞાન ભલે યુગપત્ ન થઈ શકે. પરંતુ નિર્વિકલ્પ પારમાર્થિક પ્રત્યક્ષાત્મક બે જ્ઞાન-દર્શનાત્મક ઉપયોગની એકીસાથે હાજરી માનવામાં કોઈ બાધ નથી. આથી કેવલજ્ઞાનીને યુગપત્ કેવલજ્ઞાન-કેવલદર્શન આ બન્ને ઉપયોગ હોઈ શકે છે."

❁ યુગપત્ ઉપયોગદ્વયનિષેધનું અન્ય તાત્પર્ય ❁

(યશો.) શાસ્ત્રવાર્તાસમુચ્ચયની **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યાના ચોથા સ્તબકમાં **મહોપાધ્યાયશ્રી યશોવિજયજી** મહારાજે સંમતિતર્કવૃત્તિકારના પ્રસ્તુત વચનને સંવાદરૂપે જણાવેલ છે તે થોડા શાબ્દિક ફેરફાર સાથે ઉપલબ્ધ થાય છે. **સંમતિવ્યાખ્યા**માં 'માનસવિકલ્પદ્વય...' આવો પાઠ હાલ મળે છે. મહોપાધ્યાયજીએ સંમતિવ્યાખ્યાનો પાઠ 'समान-सविकल्पद्वय...' - આ પ્રમાણે ઉદ્ધૃતરૂપે જણાવેલ છે. તેનો અર્થ એ થાય છે કે "**આવશ્યકનિર્યુક્તિ**માં 'जुगवं दो नत्थि उवओगा' - આ પ્રમાણે જે વચન જણાવેલ છે તે 'સમાન બે સવિકલ્પજ્ઞાન યુગપત્ ન હોય' આ મુજબ નિષેધ કરવામાં તત્પર છે" - આ પ્રમાણે સંમતિવ્યાખ્યાનો પાઠ **સ્યાદ્વાદકલ્પલતા**માં ઉદ્ધૃત કરેલ છે. તે બાબત ખાસ ખ્યાલમાં રાખવી.

❁ પાઠભેદની વિશેષ સ્પષ્ટતા ❁

(तदा.) મહોપાધ્યાયજી મહારાજે સંમતિવ્યાખ્યાનો જે પાઠ લીધેલ છે તેનો આશય એવો જણાય છે કે "એકસરખા બે સવિકલ્પ જ્ઞાન એકીસાથે ઉત્પન્ન થઈ ન શકે. પરંતુ એક સવિકલ્પજ્ઞાન ઈન્દ્રિયજન્ય હોય અને બીજું સવિકલ્પજ્ઞાન મનોજન્ય હોય તો તેવા બે જ્ઞાન એકીસાથે ઉત્પન્ન થવામાં કોઈ બાધ

यौगपद्याभ्युपगमे तु न कोऽपि बाधः, असमानत्वात्। दिगम्बराणामपि सम्मतमिदम्। तदुक्तम् **अनन्तवीर्येण सिद्धिविनिश्चयोपटीकायां** "मानसं समम् उपयोगद्वयं युगपद् नेष्यते, न इन्द्रिय-मानसे" (सि. वि.भाग-१/१/२५ वृ.पृ.११३) इति। किन्तु चाक्षुष-श्रावणादिविभिन्नबहिरिन्द्रियजन्याऽनेकसविकल्पज्ञान-यौगपद्यं तु न सम्भवति, युगपन्नानेन्द्रियैः सह मनःसम्बन्धाऽसम्भवात्। अतः बहिरिन्द्रियजन्यत्वापेक्षया समानानां चाक्षुष-श्रावणादिसविकल्पप्रत्यक्षाणां न यौगपद्यम्, मनसि तादृशसामर्थ्यविरहात्। 'अयं घटः', 'घटज्ञाहं जानामि' इत्येवं व्यवसायानुव्यवसायलक्षणाऽसमानसविकल्पज्ञानद्वययौगपद्ये तु न किमपि बाधकम्, व्यवसायस्य बहिरिन्द्रियजन्यत्वेन अनुव्यवसायस्य च मनोजन्यत्वेन असमानत्वात्। ततश्च केवलज्ञान-दर्शनयोः यौगपद्ये न किमपि बाधकम्, तयोः निर्विकल्पत्वेन प्रतिबध्यताकोटि-बहिर्भावादिति।

इत्थञ्च तर्काऽऽगमोभयाभिप्रायेण केवलिनि युगपदुपयोगद्वयप्रवर्तने तर्कागमबाधलक्षणो न कोऽपि दोष अस्माकमाभाति। ततश्च क्रमिकोपयोगद्वयपक्षे केवलोपयोगत्वेन रूपेण युगपदुपयोग-

---

નથી. કારણ કે તે બન્ને સવિકલ્પજ્ઞાન સમાનજાતીય નથી. દિગંબરોને પણ આ વાત માન્ય છે . **અકલંકસ્વામી**રચિત **સિદ્ધિવિનિશ્ચય**ની સ્વોપજ્ઞટીકા ઉપરની **ઉપટીકા**માં **અનન્તવીર્ય** નામના દિગંબર વિદ્વાને જણાવેલ છે કે 'એકીસાથે સમાન માનસ ઉપયોગદ્વય માન્ય નથી. પરંતુ એક ઉપયોગ (= જ્ઞાન) ઈન્દ્રિયજન્ય હોય અને બીજો ઉપયોગ મનોજન્ય હોય તો તે બન્ને એકીસાથે હોવામાં કોઈ વાંધો નથી.' પરંતુ ચક્ષુ, કર્ણ, ઘ્રાણ આદિ વિભિન્ન ઈન્દ્રિયથી ઉત્પન્ન થનાર અનેક સવિકલ્પજ્ઞાન એકીસાથે થઈ શકતા નથી. કારણ કે મન એકીસાથે અનેક ઈન્દ્રિય સાથે સંબદ્ધ થઈ શકતું નથી. ચાક્ષુષ, શ્રાવણ વગેરે સવિકલ્પપ્રત્યક્ષો બહિરિન્દ્રિયજન્યત્વરૂપે સમાન છે. તેવા બે કે અનેક સવિકલ્પપ્રત્યક્ષ એકીસાથે એક આત્મામાં થઈ ન શકે. કારણ કે અનેક ઈન્દ્રિયજન્ય અનેક સમાન સવિકલ્પજ્ઞાનને યુગપત્ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય મનમાં નથી. છદ્મસ્થ જીવોને ઈન્દ્રિયજન્ય અને મનોજન્ય 'अयं घटः', 'घटज्ञाहं जानामि' આ પ્રમાણે અસમાન સવિકલ્પ બે જ્ઞાન (= વ્યવસાય જ્ઞાન અને અનુવ્યવસાય જ્ઞાન) એકીસાથે ઉત્પન્ન થવામાં કોઈ બાધ નથી. કારણ કે વ્યવસાયજ્ઞાન બાહ્યઈન્દ્રિયજન્ય છે તથા અનુવ્યવસાયજ્ઞાન મનોજન્ય છે. મતલબ કે તે બન્ને જ્ઞાન અસમાન હોવાથી એકીસાથે ઉત્પન્ન થઈ શકે છે" - આ પ્રમાણે સંમતિવ્યાખ્યાકારના આશયનું સ્પષ્ટીકરણ મહોપાધ્યાયજી મહારાજે **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથના ચોથા સ્તબકમાં કરેલ છે. મહોપાધ્યાયજી મહારાજે કરેલા સ્પષ્ટીકરણથી પણ એટલું તો સ્પષ્ટપણે સિદ્ધ થાય છે કે કેવલજ્ઞાનીને કેવલજ્ઞાનઉપયોગ અને કેવલદર્શનઉપયોગ યુગપત્ માનવામાં કોઈ બાધ નથી. કારણ કે તે બન્ને ઉપયોગ નિર્વિકલ્પ હોવાથી પ્રતિબધ્યકોટિમાંથી = પ્રતિષેધકોટિમાંથી બહાર નીકળી જાય છે.

❋ યુગપત્ કેવલજ્ઞાન-દર્શનનું સમર્થન ❋

(**इत्थञ्च.**) આમ ઉપરોક્ત રીતે તર્ક અને શ્વેતાંબર સંપ્રદાયના અનેક આગમ તથા આગમાનુસારી શાસ્ત્રોનું તાત્પર્ય વિચારતાં કેવલજ્ઞાનીમાં જ્ઞાન-દર્શન ઉપયોગદ્વયને એકીસાથે પ્રવર્તમાન માનવામાં અમને આગમબાધ કે યુક્તિબાધ સ્વરૂપ કોઈ પણ દોષ જણાતો નથી - આ પ્રમાણે ફલિત થાય છે. તેથી

ઈમ જ્ઞેય-દશ્યાકારસંબંધઈ કેવલનઈ ત્રૈલક્ષણ્ય કહિવઉં. ▸ઈતિ ૧૪૯ ગાથાર્થ.◂ ॥૯/૧૬॥

द्वयपक्षे च केवलज्ञानत्व-केवलदर्शनत्वाभ्यां ज्ञानत्व-दर्शनत्वाभ्यां वा तयोः ध्रौव्यमनाविलमेव।

"सिद्धात्मनि केवलज्ञानस्य यथार्थज्ञेयज्ञायकत्वाद् यथा ज्ञेया धर्मादिपदार्थाः यथा घट-पटादिरूपा वा परिणमन्ति तथैव ज्ञाने भासनाद् यस्मिन् समये घटस्य प्रतिभासः समयान्तरे घटध्वंसे कपालादिप्रतिभासः तदा ज्ञाने घटप्रतिभासध्वंसः कपालप्रतिभासस्योत्पादः ज्ञानरूपत्वेन ध्रुवत्वम्" (न.च.सा.पृ.૧૫૭) इति **नयचक्रसारे देवचन्द्र**वाचकोक्तिरप्यत्राऽनुसन्धेया।

दिगम्बरसम्प्रदाये तु [1]"जुगवं दो णत्थि उवओगा" (आ.नि.૯૭૯) इति **आवश्यकनिर्युक्ति**वचनं स्पष्टमेव छद्मस्थविषयकतयाऽभ्युपगम्यते। तदुक्तं **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्येण** [2]"दंसणपुव्वं णाणं छउमत्थाणं ण दोण्णि उवउग्गा। जुगवं जम्हा केवलिणाहे जुगवं तु ते दो वि।।" (बृ.द्र.स.४४) इति।

પ્રગટ થયેલ કેવલજ્ઞાનમાં અને કેવલદર્શનમાં કેવલોપયોગત્વરૂપે ધ્રૌવ્યનો સ્વીકાર નિરાબાધ રહે છે. અહીં એક વાતને વિજ્ઞ વાચકવર્ગે ખાસ ધ્યાનમાં રાખવી કે કેવલજ્ઞાનનો અને કેવલદર્શનનો ક્રમશઃ ઉપયોગ હોય તો પૂર્વે જણાવ્યા મુજબ કેવલોપયોગત્વરૂપે તે બન્નેમાં ધ્રૌવ્ય રહે. પરંતુ 'બન્ને ઉપયોગ યુગપત્ કાયમ રહે છે' - તેવું માનીએ તો કેવલજ્ઞાનત્વરૂપે અને કેવલદર્શનત્વરૂપે પણ તે બન્નેમાં ધ્રૌવ્ય રહી શકે છે. કારણ કે દરેક સમયે કેવલજ્ઞાન અને કેવલદર્શન વિદ્યમાન હોય છે. અથવા જ્ઞાનત્વ અને દર્શનત્વ સ્વરૂપે તેમાં ધ્રૌવ્ય રહી શકે છે. આમ અમને જણાય છે.

॥ કેવલજ્ઞાનમાં ત્રૈલક્ષણ્યની વિચારણા ॥

(**"सिद्धा.**) **नयचक्रसार**માં શ્રીદેવચન્દ્રજી ઉપાધ્યાયે સિદ્ધાત્માના કેવલજ્ઞાનમાં ત્રૈલક્ષણ્યની સિદ્ધિ સમજાવેલી છે. તેનું અહીં અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતમાં વિદ્યમાન કેવલજ્ઞાન યથાર્થ રીતે જ્ઞેયને જાણે છે. મતલબ કે જે કાળે જે જ્ઞેય પદાર્થ જે સ્વરૂપે પરિણમે છે તે કાળે તેને તે જ સ્વરૂપે તે જાણે છે. જે પ્રમાણે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો કે ઘટ-પટાદિ જ્ઞેય પદાર્થો પરિણમે છે તે જ રીતે તેનો પ્રતિભાસ કેવલજ્ઞાનમાં થાય છે. જે સમયે ઘટનું જ્ઞાન થયું હતું તેના પછીના સમયે ઘટધ્વંસ થતાં કપાલાદિનો પ્રતિભાસ થાય ત્યારે કેવલજ્ઞાનમાં ઘટપ્રતિભાસધ્વંસ, કપાલપ્રતિભાસની ઉત્પત્તિ તથા જ્ઞાનસ્વરૂપે ધ્રૌવ્ય - આમ કેવલજ્ઞાનમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રહી શકે છે.' અહીં કેવલજ્ઞાનને જ્ઞાનત્વસ્વરૂપે જ ધ્રુવ કહેવામાં આવેલ છે. તે એક નોંધપાત્ર બાબત છે.

॥ યુગપદ્ ઉપયોગદ્વયનિષેધ છદ્મસ્થવિષયક : દિગંબર ॥

(**दिगम्ब.**) દિગંબર સંપ્રદાય તો 'બે ઉપયોગ યુગપત્ નથી હોતા' - આવું **आवश्यकनिर्युक्ति** ગ્રંથનું વચન સ્પષ્ટપણે છદ્મસ્થવિષયક માને છે. મતલબ કે તેનો વિષય છદ્મસ્થ = અસર્વજ્ઞ જીવ છે, સર્વજ્ઞ નહિ. **बृहद्द्रव्यसंग्रह** ગ્રંથમાં **नेमिचन्द्र** નામના દિગંબર આચાર્ય જણાવે છે કે ''છદ્મસ્થ જીવોને દર્શનપૂર્વક જ્ઞાન ઉપયોગ હોય છે. (અર્થાત્ દર્શન ઉપયોગ કારણ છે, જ્ઞાન ઉપયોગ કાર્ય છે. કારણ પૂર્વે હોય પછી કાર્ય ઉત્પન્ન થાય.) તે કારણે છદ્મસ્થ = અસર્વજ્ઞ જીવોને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એકીસાથે

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. 1. युगपद् द्वौ न स्तः उपयोगौ। 2. दर्शनपूर्वकं ज्ञानं छद्मस्थानां न द्वौ उपयोगौ। युगपद् यस्मात् केवलिनाथे युगपत् तौ द्वौ अपि।।

तदुक्तं **नियमसारे** अपि [1]"जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा। दिणयरपयास-तावं जह वट्टइ तह मुणेयव्वं।।" (नि.सा.१६०) इत्यलं प्रसङ्गेन।

अथ मोक्षः अनित्य एव, कृतकत्वात्, घटवदिति ***चेत् ?***

न, ध्वंसेन व्यभिचारात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"कयगाइमत्तणाओ मोक्खो निच्चो न होइ कुंभो व्व। नो, पद्धंसाऽभावो भुवि तद्धम्मा वि जं निच्चो।।" (वि.आ.भा.१८३७) इति दिक्।

तथा च सिद्धत्वेन रूपेण तु स्थैर्यं प्रतिसमयमप्रत्याख्येयमेव। **ततोऽपि** = सूक्ष्मदृष्टि-सिद्धसामयिकोत्पादादितोऽपि, किम्पुनः स्थूलदृष्टिसिद्धोत्पादादितः? इत्यपिशब्दार्थः, **शिवे** = मोक्षे

નથી હોતા. જ્યારે કેવલજ્ઞાની પરમાત્મામાં તો તે બન્ને ઉપયોગ યુગપત્ હોય છે."

સ્પષ્ટતા :- પરમાત્માના કેવલજ્ઞાનોપયોગમાં કેવલદર્શનોપયોગ કારણ નથી.તથા પરમાત્માના વિશેષોપયોગને = જ્ઞાનોપયોગને પણ સામાન્યોપયોગનું = દર્શનોપયોગનું કારણ માનવાની કોઈ જરૂર નથી. તેથી સર્વજ્ઞના બન્ને ઉપયોગ દિગંબરમતે યુગપત્ હોય છે.

❋ કેવલજ્ઞાન-દર્શનઉપયોગ યુગપત્ : દિગંબર ❋

(**तदुक्तं.**) **નિયમસાર**માં **કુંદકુંદસ્વામી**એ પણ જણાવેલ છે કે "કેવલજ્ઞાનીને જ્ઞાન અને દર્શન યુગપત્ વર્તે છે. જેમ સૂર્યનો પ્રકાશ અને તડકો એકીસાથે વર્તે છે તેમ આ વાત જાણવી." આમ દિગંબરસંપ્રદાયમાં સ્પષ્ટપણે કેવલજ્ઞાનીને યુગપત્ કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ માન્ય છે. આથી પ્રગટ થયેલ કેવલજ્ઞાનાદિ ભાવો ધ્રુવ સિદ્ધ થાય છે. પ્રાસંગિક ચર્ચાને લંબાવવાથી સર્યું.

દલીલ :- (**अथ.**) મોક્ષ કૃતક = પ્રયત્નજન્ય હોવાથી અનિત્ય જ હશે. કારણ કે જે જે પદાર્થ પ્રયત્નજન્ય હોય તે તે નશ્વર જ હોય છે. જેમ કે ઘટ. તેથી મોક્ષમાં ધ્રૌવ્ય સિદ્ધ નહિ થાય.

❋ 'કૃતક હોય તે નશ્વર જ હોય' તેવો નિયમ નથી ❋

નિરાકરણ :- (**न.**) ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે ધ્વંસ કૃતક હોવા છતાં પણ નશ્વર નથી. તેથી ધ્વંસની જેમ મોક્ષ પણ સાદિ-નિત્ય હોઈ શકે છે. આ અંગે આક્ષેપ-પરિહાર સાથે **વિશેષાવશ્યકભાષ્ય**માં નીચે મુજબ જણાવેલ છે

આક્ષેપ :- 'કૃતકત્વ વગેરે હેતુથી કુંભની જેમ મોક્ષ નિત્ય ન હોઈ શકે.'

પરિહાર :- 'ના, કારણ કે દુનિયામાં કૃતક હોવા છતાં પણ પ્રધ્વંસ નામનો અભાવ જેમ નિત્ય છે તેમ મોક્ષ પણ નિત્ય = સાદિ-અનંત હોઈ શકે છે.' આ જવાબ દિગ્દર્શનમાત્ર છે.

(**तथा.**) તેથી સિદ્ધત્વરૂપે પ્રતિસમય ધ્રૌવ્ય તો સિદ્ધમાં માનવું પડે તેમ જ છે. આમ મોક્ષમાં અને મોક્ષપર્યાયથી અભિન્ન એવા મુક્તાત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ સૂક્ષ્મદૃષ્ટિથી પ્રતિસમય થનારા ઉત્પાદાદિથી પણ થાય છે. તો સ્થૂલદૃષ્ટિથી સિદ્ધ થનાર ઉત્પાદાદિથી તો તેની સિદ્ધિ થવાની શી વાત કરવી ? મતલબ કે મુક્તિમાં અને મુક્તાત્મામાં સ્થૂલ દૃષ્ટિથી પ્રસિદ્ધ ઉત્પાદાદિ દ્વારા ત્રૈલક્ષણ્યની સિદ્ધિ

---

1. युगपद् वर्तते ज्ञानं केवलज्ञानिनः दर्शनं च तथा। दिनकरप्रकाश-तापं यथा वर्तते तथा ज्ञातव्यम्।।
2. कृतकादिमत्त्वाद् मोक्षो नित्यो न भवति कुम्भ इव। नो, प्रध्वंसाऽभावो भुवि तद्धर्माऽपि यद् नित्यः।।

तदभिन्ने मुक्ते चाऽऽत्मनि **त्रैलक्षण्यस्थितिः** = उत्पाद-व्यय-ध्रौव्यसंस्थितिः निरपाया **स्याद्** = भवेत्। अयमाशयः – अवस्थाभेदेन य उत्पादादिः सिध्यति स स्थूलः, प्रतिसमयं च साध्यमानः सूक्ष्मः। इत्थं स्थूल-सूक्ष्मोत्पादादिद्वारा केवलज्ञानादौ, तदभिन्ने सिद्धे तदभिन्ने च सिद्धिपर्याये त्रैलक्षण्यसिद्धिः निराबाधेति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'ज्ञेयेन ज्ञानोपयोगो दृश्येन च दर्शनोपयोगः भाव्यते' इति ज्ञात्वा विषयतृष्णा-कषायावेशादिपरिणामजनकाऽप्रशस्तज्ञेय-दृश्यपदार्थाः सदा दूरतः परित्याज्याः। अस्मदीयज्ञानाद्युपयोगमालिन्यकारिणः अप्रशस्तज्ञेयादिपदार्थस्य निरन्तरम् आदरेण परिचये सति ज्ञानादेः मिथ्यात्वमचिरेण सम्पद्यते। 'प्रतिक्षणं ज्ञेयाद्यनुसारेण ज्ञानादिकं परिणमति' इति ज्ञात्वा क्षणमपि रुचिपूर्वमप्रशस्तज्ञेयादिसङ्गः न कार्यः। संयोगवशतः कर्मवशतो वा तत्परिहाराऽसम्भवे तदौदासीन्यपरायणतया भाव्यम्। शक्ति-संयोगाद्यानुकूल्ये च तत् परिहार्यमित्युपदेशः। ततश्चानुपमं सिद्धसुखम् [1]"इय सिद्धाणं सोक्खं अणोवमं, णत्थि तस्स ओवम्मं" (औ.सू.४४/गाथा १७, प्र.सू.२/२११/गा.१७५, दे.स्त.३०२, ती.प्र.१२५१) इति **औपपातिकसूत्रे, प्रज्ञापनासूत्रे, देवेन्द्रस्तवप्रकीर्णके, तीर्थोद्गालिप्रकीर्णके** चोपदर्शितं सुलभं स्यात्।।९/१६।।

तो निराबाध छे જ. सूक्ष्मदृष्टिथी पण प्रसिद्ध એवा उत्पाद-व्ययादि द्वारा तेमां त्रैलक्षण्य प्रसिद्ध छे. आशय એ छे के अवस्थाभेदथी જે उत्पाद-व्ययादि सिद्ध थाय ते स्थूल कहेवाय. જ્યારે प्रतिसमय જે उत्पादादि सिद्ध थाय ते सूक्ष्म कहेवाय. स्थूल-सूक्ष्म उत्पादादि द्वारा केवलज्ञानादि भावोमां, तेनाथी अभिन्न सिद्धमां तथा तेनाथी अभिन्न सिद्धि पर्यायमां उत्पादादि स्वरूप त्रैलक्षण्यनी सिद्धि निराबाध छे.

✡ अप्रशस्त ज्ञेय-दृश्यने छोडीओ ✡

आध्यात्मिक उपनय :- 'ज्ञेयआकारथी ज्ञानउपयोग भावित थाय छे. दृश्य पर्यायथी दर्शन उपयोग भावित थाय छे' - आवुं जाणीने विषयतृष्णा, कषायावेश वगेरे परिणामोने उत्पन्न करावनार अप्रशस्त ज्ञेय-दृश्य पदार्थथी सदा दूर रहेवुं. आपणा ज्ञान-दर्शन उपयोगने मलिन करनारा अप्रशस्त એवा ज्ञेय-दृश्य पदार्थनो निरंतर रुचिपूर्वक परिचय करीએ तो ज्ञान-दर्शन मिथ्या बनता वार न लागे. 'प्रतिक्षण ज्ञेयादि पदार्थ मुજબ ज्ञानादि परिણમे छे' - आवुं जाणीने तो क्षणवार पण अप्रशस्त ज्ञेय-दृश्य वस्तुनो पડछायो न लेवाई जाय तेनी व्यवहारथी काળજી राખवी જોઈએ. तथा संयोगवश के कर्मवश लाचारीथी अप्रशस्त ज्ञेय-दृश्य पदार्थथी दूर न જ रही शકाय तो तेमां उदासीनता-उपेक्षा-असंगता-अलिप्तता જાળવી राખवानो प्रामाणिकपणे प्रयत्न करवा सदा तत्पर रहेवुं. तथा शक्ति-संयोग-साधनसामग्री अनुकूल थतां अप्रशस्त ज्ञेयादि पदार्थथी दूर खसी જવું. आवो आध्यात्मिक संदेश प्रस्तुत श्लोक द्वारा ग्रहण करवा योग्य छे. अप्रशस्त ज्ञेयपदार्थोथी दूर थतां निरुपम सिद्धसुख सुलभ बने. **औपपातिकसूत्र, प्रज्ञापनासूत्र, देवेन्द्रस्तवपयन्ना** तथा **तीर्थोद्गालिपयन्ना** नामना आगममां जणावेल छे के 'आ प्रमाणे सिद्धोनुं सुख अनुपम होय छे. तेनी कोई उपमा नथी.' (९/१६)

---

1. इति सिद्धानां सौख्यम् अनुपमम्, नास्ति तस्य औपम्यम् ।

હવઈ નિરાકાર જે સમ્યક્ત્વ-વીર્યાદિક ભાવ, તેહનઈ તથા સિદ્ધાદિક શુદ્ધ દ્રવ્યનઈ કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય દેખાડઈ છઈ -

ઈમ જે પર્યાયઈ પરિણમઈ, ક્ષણસંબંધઈ પણિ ભાવ રે;
♦તેહથી તિયલક્ષણ✲ સંભવઈ, નહીં તો તે થાય અભાવ રે ॥૯/૧૭॥ (૧૫૦) જિન.

ઈમ જે ભાવ ક્ષણસંબંધઈ પણિ પર્યાયથી પરિણમઈ, તેહથી ૩ લક્ષણ સંભવઈ. જિમ દ્વિતીયક્ષણઈ ભાવ આદ્યક્ષણઈ સંબંધ પરિણામઈ નાશ પામ્યો; દ્વિતીયક્ષણસંબંધપરિણામઈ ઊપનો; ક્ષણસંબંધમાત્રઈ ધ્રુવ

इत्थं ज्ञेय-दृश्याकारसम्बन्धेन केवलज्ञानादौ युक्त्यागमाभ्यां त्रैलक्षण्यमुपपादितम्। साम्प्रतं निराकारे सम्यक्त्व-वीर्यादिके भावे सिद्धादिशुद्धद्रव्ये च कालसम्बन्धेन त्रैलक्षण्यमुपदर्शयति - '**इति**' इति।

इति यः पर्ययेणेतो भावो हि क्षणबन्धतः।
ततस्त्रिलक्षणः स स्यात् तस्यैवाऽभावताऽन्यथा।।९/१७।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - इति यो हि भावः क्षणबन्धतः पर्ययेण इतः, ततः एव स त्रिलक्षणः स्यात्। अन्यथा तस्य अभावता (प्रसज्येत)।।९/१७।।

इति = एवम्प्रकारेण **यो हि** निराकारः **भावः** सम्यग्दर्शनादिकः **क्षणबन्धतः** = समयसम्बन्धतः **पर्ययेण** = पर्यायेण **इतः** = परिणतः, **ततः** = समयसम्बन्धतः **एव स त्रिलक्षणः** = उत्पाद-व्यय-ध्रौव्ययुक्तः **स्यात्** = सम्भवेत्। तथाहि - द्वितीयादिसमये सम्यक्त्वादिभावः चाऽऽद्यसमयसम्बन्धपरिणामतया नश्यति द्वितीयादिसमयसम्बन्धपरिणामतया तूत्पद्यते, समयसम्बन्धमात्रपरिणामतया चाऽवतिष्ठते।

अवतरणिका :- આ રીતે જ્ઞેયાકારના સંબંધથી કેવલજ્ઞાનમાં તથા દૃશ્યાકારના સંબંધથી કેવલદર્શનમાં યુક્તિ તથા આગમ દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રૈલક્ષણ્યની સંગતિ કરવામાં આવી. સાકાર ભાવોમાં ત્રૈલક્ષણ્યની સિદ્ધિ બતાવ્યા બાદ હવે ગ્રંથકારશ્રી નિરાકાર એવા સમ્યક્ત્વ, વીર્ય વગેરે ભાવોમાં તથા સિદ્ધ વગેરે શુદ્ધ દ્રવ્યમાં કાળના સંબંધથી ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્યને દર્શાવે છે :-

श्लोकार्थ :- આ પ્રકારે જે ભાવ ક્ષણસંબંધની દૃષ્ટિએ પર્યાયથી પરિણત થાય, તે ક્ષણસંબંધથી જ તે ભાવ ત્રિલક્ષણવાળો થાય છે. જો આવું ન માનવામાં આવે તો તે ભાવનો ઉચ્છેદ થઈ જાય.(૯/૧૭)

✲ ક્ષણસંબંધ દ્વારા નિરાકાર ભાવમાં ઉત્પાદાદિની સિદ્ધિ ✲

व्याख्यार्थ :- આ પ્રમાણે જે સમ્યગ્દર્શન, વીર્ય (= શક્તિ) વગેરે નિરાકાર ભાવો સમયના સંબંધને આશ્રયીને પર્યાયથી પરિણમેલા છે તે સમ્યગ્દર્શનાદિ ભાવો તે સમયના સંબંધની અપેક્ષાએ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણથી વિશિષ્ટ બની શકે છે. તે આ રીતે - સમ્યક્ત્વ વગેરે નિરાકાર ભાવો જ્યારે ઉત્પન્ન થઈ રહેલ હોય છે ત્યારે તે પ્રથમસમય સાથે સંબંધ ધરાવે છે. પ્રથમસમય સાથેના સંબંધથી પરિણત થયેલા સમ્યક્ત્વાદિ ભાવો દ્વિતીય સમયે પ્રથમસમયસંબંધપરિણામરૂપે નાશ પામે છે અને દ્વિતીયસમયસંબંધપરિણામસ્વરૂપે ઉત્પન્ન થાય છે. તથા ફક્ત સમયસંબંધપરિણામસ્વરૂપ અનુગત ગુણધર્મસ્વરૂપે

♦ કો.(૯)+સિ.માં 'તિણથી' પાઠ. ✲ આ.(૧)માં 'લક્ષણપણિ' પાઠ.

છઈ; તે કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય સંભવઈઈ.

एतेन प्रतिसमयं केवलज्ञानादौ ज्ञेयाद्याकारेणोत्पादादिप्रतिपादनसम्भवेऽपि सम्यक्त्व-वीर्यादिके भावे नोत्पादादित्रैलक्षण्ययोगसम्भवः, सम्यक्त्वादेः निराकारत्वादित्युक्तावपि ***न क्षतिः,***

श्रद्धेयाद्याकारविरहेऽपि सम्यक्त्व-वीर्यादिके भावे कालसम्बन्धतः त्रैलक्षण्यसम्भवे बाधकाऽभावात्।

एवं सिद्धादिशुद्धद्रव्येऽपि समयविशेषसम्बन्धेनोत्पाद-व्ययौ समयसामान्यसम्बन्धेन च ध्रौव्यम्। तथाहि – मोक्षगमनसमये सिद्धः प्रथमसमयसिद्धत्वेन उत्पद्यते संसारित्वरूपेण च नश्यति। द्वितीयसमये च प्रथमसमयसिद्धत्वेन नश्यति, द्वितीयसमयसिद्धत्वेन चोत्पद्यते इत्येवं प्रतिसमयम् उत्पाद-व्ययसन्तान-

તે ટકે છે. આમ સમયસંબંધની અપેક્ષાએ જ સમ્યક્ત્વાદિ નિરાકાર ભાવોમાં પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય -ધ્રૌવ્યસ્વરૂપ ત્રિલક્ષણ સંગત થઈ શકે છે.

♆ નિરાકાર ભાવોમાં કેવલનિત્યતાનો આક્ષેપ ♆

શંકા :- (एतेन.) જ્ઞેય-દૃશ્ય પદાર્થના આકાર પ્રતિસમય બદલાતા હોવાથી તેના દ્વારા કેવલજ્ઞાન -કેવલદર્શન વગેરે ભાવોમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યયાદિનું નિરૂપણ ભલે સંભવે. પરંતુ સમ્યક્ત્વ-વીર્ય વગેરે ભાવોમાં દરેક ક્ષણે ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્ય સંભવી શકતું નથી. કારણ કે કેવલજ્ઞાનાદિ ભાવો સાકાર છે, જ્યારે સમ્યક્ત્વ વગેરે ભાવો તો નિરાકાર છે. તેથી શ્રદ્ધેય આદિ પદાર્થના પરિણામ બદલાવાના નિમિત્તે સમકિત વગેરેમાં ફેરફાર થવાની કોઈ શક્યતા રહેતી નથી. કેવલજ્ઞાનમાં જેમ જ્ઞેયાકાર રહે છે, કેવલદર્શનમાં દૃશ્યાકાર રહે છે, તેમ સમકિત વગેરેમાં શ્રદ્ધેયાદિ આકાર રહેતો નથી. અન્યથા સમકિતને જ્ઞાનાદિની જેમ સાકાર માનવાની આપત્તિ આવશે.

✡ સમકિત વગેરેમાં કાળસાપેક્ષ ઉત્પાદાદિ ✡

સમાધાન :- (श्रद्धेया.) અરે ! ભાગ્યશાળી ! સમ્યક્ત્વ, વીર્ય વગેરે ભાવો નિરાકાર હોવાથી ભલે તેમાં શ્રદ્ધેય આદિ પદાર્થનો આકાર ન સંભવે. તો પણ કાળના સંબંધથી તેમાં ઉપરોક્ત રીતે ઉત્પાદાદિ ત્રૈલક્ષણ્ય સંભવી શકે છે. તત્-તત્ ક્ષણના સંબંધથી સમ્યક્ત્વાદિ નિરાકાર ભાવોમાં ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યાત્મકતાનો સ્વીકાર કરવામાં કોઈ બાધક તત્ત્વ નડતું નથી.

❖ સિદ્ધો સમયસામાન્યસંબંધસ્વરૂપે ધ્રુવ ❖

(एवं.) આ જ રીતે સિદ્ધ પરમાત્મા વગેરે શુદ્ધ દ્રવ્યમાં પણ જુદા-જુદા સમયના સંબંધ દ્વારા ઉત્પાદ-વ્યય તથા સમયસામાન્યના સંબંધ દ્વારા ધ્રૌવ્ય માનીને ત્રૈલક્ષણ્યનો સંબંધ સ્વીકારવો. તે આ રીતે - મોક્ષગમનસમયે સિદ્ધ ભગવંત પ્રથમસમયસિદ્ધત્વરૂપે ઉત્પન્ન થાય છે. તથા સંસારિત્વરૂપે નાશ પામે છે. દ્વિતીય સમયે પ્રથમસમયસિદ્ધત્વરૂપે સિદ્ધ ભગવંતનો નાશ થાય છે, દ્વિતીયસમયસિદ્ધત્વરૂપે ઉત્પન્ન થાય છે. તૃતીય ક્ષણે દ્વિતીયસમયસિદ્ધત્વરૂપે નાશ પામે છે. તથા તૃતીયસમયસિદ્ધત્વરૂપે ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પાદ-વ્યયની પરંપરા પ્રતિસમય ચાલુ રહેશે. તથા સર્વ સમયે સમયસામાન્યસંબદ્ધત્વરૂપે સિદ્ધ ભગવંત ધ્રુવ રહેશે. ક્યારેય પણ સમયસંબદ્ધત્વ સિદ્ધ ભગવંતમાં ન હોય તેવું બનવાનું નથી. તેથી સમયસંબદ્ધત્વ ગુણધર્મ સિદ્ધ ભગવંતમાં સર્વદા અનુગત છે. તેથી તે સ્વરૂપે સિદ્ધ ભગવંતમાં

प्रवृत्तिः सर्वदा च समयसामान्यसम्बद्धत्वरूपेण ध्रौव्यमिति कृत्वा त्रिलक्षणसम्बन्धः स्वीकर्तव्यः।

तत्तत्समयसम्बद्धत्वादिरूपेण सिद्धादौ प्रतिसमयम् उत्पादाद्यनभ्युपगमे प्रथमसमयसिद्धाऽप्रथमसमयसिद्धादिभेदः न सम्भवेत्। इत्थं प्रतिसमयं स्वकीयवर्त्तनादिपर्यायोत्पाद-व्ययसिद्धौ तदपृथक्तया सिद्धेऽपि प्रतिसमयमुत्पादव्ययौ सिध्यतः। ततश्चाऽर्पितपर्यायेण सिद्धेष्वपि प्रतिसमयम् अनित्यत्वव्यवहारः बोध्यः। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "प्रथमसमयसिद्धतया विनश्यति, द्वितीयसमयसिद्धतया उत्पद्यते, द्रव्यत्व-जीवत्वादिभिः तु अवतिष्ठते। ततोऽर्पितपर्यायेण अनित्यत्वादिव्यपदेशः" (वि.आ.भा.१८४३ वृ.) इति।

एतेन [1]"सव्वत्थोवा पढमसमयसिद्धा, अपढमसमयसिद्धा अणंतगुणा" (जीवा.भाग-२/प्रति ९/उद्दे.१/सू.२७२) **जीवाजीवाभिगमसूत्रोक्तिः *व्याख्याता,*** द्वितीयसमयाऽवच्छेदेन प्रथमसमयसिद्धत्वेन व्ययस्य ध्रौव्य रहेशे. आम सिद्ध भगवंत जेवा शुद्ध द्रव्यमां पण समयना माध्यमथी उत्पाद-व्यय-ध्रौव्यस्वरूप त्रिलक्षणनो योग अबाधित रहे छे, स्वीकार्य बने छे.

शंका :- द्वितीय समये प्रथमसमयसिद्धत्वरूपे नाश अने द्वितीयसमयसिद्धत्वरूपे सिद्ध भगवंतनो उत्पाद मानवामां न आवे तो शुं वांधो ?

* सिद्ध भगवंतमां प्रथम-अप्रथम आदि भेदथी अनित्यता *

समाधान :- (**तत्तत्स.**) ते ते समयथी संबद्धत्वस्वरूपे सिद्ध भगवंतनो उत्पाद वगेरे मानवामां न आवे तो सिद्ध भगवंतमां प्रथमसमयसिद्ध, अप्रथमसमयसिद्ध वगेरे भेदो संभवी न शके. प्रथम समये अने द्वितीयादि समये सिद्ध भगंवतना स्वरूपमां कशो ज फेरफार थतो न होय तो सिद्ध भगवंतना तेवा भेद शास्त्रकारो शा माटे पाडे ? परंतु सिद्ध भगवंतना प्रथमसमयसिद्ध, अप्रथमसमयसिद्ध वगेरे भेदो तो आगमसिद्धान्तमां संमत ज छे. जो प्रतिसमय तत् तत् समयसिद्धत्वरूपे उत्पादादि मानवामां न आवे तो उपरोक्त भेदो असंगत बनी जाय. तेथी सिद्ध भगवंतमां प्रतिसमय उत्पाद-व्ययादिनो स्वीकार करवो व्याजबी छे. प्रतिसमय स्वपर्यायभूत वर्तनाना उत्पाद-व्यय सिद्ध थतां सिद्धात्मामां पण प्रतिसमय उत्पाद-व्ययनी सिद्धि थई जशे. कारण के ते पर्याय करतां सिद्ध परमात्मा जुदा नथी परंतु कथंचित् अभिन्न छे. तेथी अर्पितपर्यायथी = पर्यायनी मुख्यता करवाथी सिद्धोमां पण प्रतिसमय अनित्यपणानो व्यवहार समजवो. आ अभिप्रायथी **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**मां जणावेल छे के "प्रथमसमयसिद्ध तरीके बीजा समये सिद्ध भगवंतनो नाश थाय छे तथा अप्रथमसमयसिद्ध तरीके तेमनी उत्पत्ति थाय छे तेमज द्रव्यत्व-जीवत्व वगेरे स्वरूपे ते सदा स्थिर रहे छे. तेथी कालिक पर्यायनी विवक्षा करवाथी सिद्धमां अनित्यता वगेरेनो व्यवहार छे."

❀ प्रथमसमयसिद्ध करतां अप्रथमसमयसिद्ध अनंतगुण अधिक ❀

(**एतेन.**) **जीवाजीवाभिगमसूत्र**मां 'प्रथमसमयसिद्ध सौथी ओछा छे. अप्रथमसमयसिद्ध तेना करतां अनंतगुण अधिक छे' - एवुं जे जणावेल छे तेनी पण स्पष्टता उपरोक्त कथन द्वारा थई जाय छे,

1. सर्वस्तोकाः प्रथमसमयसिद्धाः, अप्रथमसमयसिद्धा अनन्तगुणाः।

अप्रथमसमयसिद्धत्वेन द्वितीयसमयसिद्धत्वेन वोत्पादस्य अभ्युपगमात्, तृतीयादिसमयाऽवच्छेदेन तु द्वितीयादिसमयसिद्धत्वेन व्ययस्य तृतीयादिसमयसिद्धत्वेन चोत्पादस्य कक्षीकारात्। इदमेवाभिप्रेत्य [1]"से किं तं परम्परसिद्ध-असंसारसमावण्णजीवपण्णवणा ? परम्परसिद्ध-असंसारसमावण्णजीवपण्णवणा अणेगविहा पण्णत्ता। तं जहा - अपढमसमयसिद्धा, दुसमयसिद्धा, तिसमयसिद्धा, चउसमयसिद्धा, जाव सङ्खिज्जसमय-सिद्धा, असङ्खिज्जसमयसिद्धा, अणन्तसमयसिद्धा" (प्रज्ञा.१/१०, जीवा.भाग-१/प्रति.१/सू.७) इति **प्रज्ञापना -जीवाजीवाभिगमसूत्र**योः उक्तम्। पूर्वमपि (४/३) सङ्क्षेपतः अयं संवादो दर्शितः। शुद्धपर्यायस्वरूपस्य आत्मनः शब्दनयाऽपेक्षया शुद्धस्वभावकर्तृत्वेन प्रथमाऽप्रथमसिद्धादिभेदाः तात्त्विका एव। तदिदमभिप्रेत्य **अध्यात्मसारे** "शुद्धपर्यायरूपस्तदात्मा शुद्धस्वभावकृत्। प्रथमाऽप्रथमत्वादिभेदोऽप्येवं हि तात्त्विकः।।" (अ.सा. १८/८६) इत्युक्तम्। इत्थञ्च सिद्धेषु अपि प्रत्येकं प्रतिसमयम् उत्पाद-व्ययौ सिध्यतः।

न च प्रथमसमयत्वादिना तन्नाशे सर्वथा नाशः ***शङ्कनीयः,***

अद्धापर्यायमात्रनाशेऽपि स्व-परद्रव्य-क्षेत्रादिसापेक्षानन्तपर्यायानुच्छेदात्, अन्यथा प्रथमसमयादि-

---

બીજા સમયે સિદ્ધ ભગવંત પ્રથમસમયસિદ્ધત્વરૂપે નાશ પામે છે અને અપ્રથમસમયસિદ્ધત્વરૂપે કે દ્વિતીયસમયસિદ્ધત્વરૂપે ઉત્પન્ન થાય છે. તૃતીયાદિ સમયે તો તેઓ દ્વિતીયાદિસમયસિદ્ધત્વરૂપે નાશ પામે છે અને તૃતીયાદિસમયસિદ્ધત્વરૂપે ઉત્પન્ન થાય છે. આ મુજબ અનેકાંતવાદમાં સ્વીકૃત છે. આ જ અભિપ્રાયથી **પ્રજ્ઞાપનાસૂત્ર**ના પ્રારંભમાં અને **જીવાજીવાભિગમસૂત્ર**ના પ્રારંભમાં જણાવેલ છે કે 'પરંપરસિદ્ધ અસંસારસમાપન્ન (મોક્ષપ્રાપ્ત) જીવોની પ્રરૂપણા કેવા પ્રકારે જણાવેલી છે ? પરંપરાસિદ્ધ અસંસારપ્રાપ્ત જીવોની પ્રરૂપણા અનેકવિધ જણાવેલી છે. તે આ રીતે - અપ્રથમસમયસિદ્ધ, દ્વિસમયસિદ્ધ, ત્રણસમયસિદ્ધ, ચારસમયસિદ્ધ... યાવત્ સંખ્યાતસમયસિદ્ધ, અસંખ્યાતસમયસિદ્ધ, અનંતસમયસિદ્ધ.' પૂર્વે ચોથી શાખાના ત્રીજા શ્લોકની વ્યાખ્યામાં પણ અત્યંત સંક્ષેપથી આ સંવાદ જણાવેલ જ છે. વાચકવર્ગને તે ખ્યાલમાં જ હશે. શુદ્ધપર્યાયાત્મક આત્મા શબ્દનયની અપેક્ષાએ શુદ્ધસ્વભાવનો કર્તા છે. તેથી પ્રથમસમયસિદ્ધ, અપ્રથમસમયસિદ્ધ વગેરે ભેદો તાત્ત્વિક જ છે. આ જ અભિપ્રાયથી **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે 'તેથી શુદ્ધપર્યાયસ્વરૂપ આત્મા શુદ્ધસ્વભાવનો કર્તા છે. આ રીતે પ્રથમ-અપ્રથમ વગેરે ભેદ પણ ખરેખર તાત્ત્વિક છે.' આ રીતે પરંપરસમયસિદ્ધ ભગવંતોના અનંતા ભેદ દર્શાવેલ છે. તેનાથી દરેક સિદ્ધ ભગવંતમાં પ્રત્યેક સમયે ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે.

શંકા :- (न च.) પ્રથમસમયસિદ્ધત્વાદિસ્વરૂપે સિદ્ધોનો જો નાશ થતો હોય તો તેઓનો સર્વથા નાશ કેમ ન થાય ?

☟ अद्धापर्यायनाश थवा छतां सर्वथा नाश असंभव ☟

निराकरण :- (अद्धा.) પ્રથમસમયસિદ્ધત્વ, દ્વિતીયસમયસિદ્ધત્વ વગેરે અદ્ધાપર્યાય છે. સિદ્ધોના માત્ર

---

1. अथ का सा परम्परसिद्धाऽसंसारसमापन्नजीवप्रज्ञापना ? परम्परसिद्धाऽसंसारसमापन्नजीवप्रज्ञापना अनेकविधा प्रज्ञप्ता। तद् यथा - अप्रथमसमयसिद्धाः, द्विसमयसिद्धाः, त्रिसमयसिद्धाः, चतुःसमयसिद्धाः... यावत् सङ्ख्येयसमयसिद्धाः, असङ्ख्येयसमयसिद्धाः, अनन्तसमयसिद्धाः।

નહીં તો તે વસ્તુ **અભાવ** (**થાય**=) થઈ જાઈ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયોગ જ ભાવલક્ષણસહિત[*] છઈ. તે રહિત શશવિષાણાદિક તે અભાવરૂપઈ છઈ. ▸ઈતિ ૧૫૦ ગાથાર્થ.◂ ॥૯/૧૭॥

विशेषणवैयर्थ्यापत्तेः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"न हि सव्वहा विणासोऽद्धापज्जायमेत्तनासम्मि। स-परपज्जायणंतधम्मणो वत्थुणो जुत्तो।।" (वि.आ.भा.२३९३) [2]"एत्थ वि न सव्वनासो समयाइविसेसणं जओऽभिहियं। इहरा न सव्वनासे समयाइविसेसणं जुत्तं।।" (वि.आ.भा.२३९५) इति।

अन्यथा = स्थित्युत्पाद-व्ययसम्पादकसामान्य-विशेषसमयसम्बन्धाऽनभ्युपगमे **तस्य** = सम्यक्त्वादिभावादेः **अभावता** प्रसज्येत, उत्पाद-व्यय-ध्रौव्ययोगस्यैव सल्लक्षणत्वात्। तच्छून्यत्वे च तस्य शशविषाणादिरूपताऽऽपद्येत।

અદ્ધાપર્યાયોનો નાશ થાય કે અદ્ધાપર્યાયવિશિષ્ટસ્વરૂપે સિદ્ધ ભગવંતનો નાશ થાય એટલે સિદ્ધ ભગવંતોના સર્વ પર્યાયોનો કે સર્વપર્યાયવિશિષ્ટરૂપે સિદ્ધ ભગવંતોનો સર્વથા નાશ થવાની સમસ્યા નહિ સર્જાય. કારણ કે અદ્ધાપર્યાય સિવાયના સ્વદ્રવ્યાદિસાપેક્ષ અને પરદ્રવ્ય-ક્ષેત્રાદિસાપેક્ષ અનન્તા પર્યાયો સિદ્ધ ભગવંતોમાં રહેલા છે. તેનો ઉચ્છેદ ન થવાના લીધે સર્વથા સિદ્ધનાશની આપત્તિ નહિ આવે. જો બીજા સમયે સિદ્ધોનો સર્વથા નાશ થતો હોય તો સિદ્ધ ભગવંતોના વિશેષણ તરીકે જે પ્રથમસમય, દ્વિતીયસમય આદિ દર્શાવેલ છે તે વ્યર્થ થવાની આપત્તિ આવશે. પ્રથમ સમય પછી સિદ્ધોનું અસ્તિત્વ કોઈ પણ સ્વરૂપે હાજર ન હોય તો દ્વિતીયસમયસિદ્ધ, તૃતીયસમયસિદ્ધ કોને કહી શકાશે ? અર્થ વિના શબ્દપ્રયોગ તો વ્યર્થ જ બને ને ? આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "અદ્ધાપર્યાયનો નાશ થાય એટલા માત્રથી વસ્તુનો સર્વથા નાશ માનવો યોગ્ય નથી. કારણ કે વસ્તુ સ્વ-પરપર્યાયાત્મક અનંતગુણધર્મોથી યુક્ત છે. અદ્ધાપર્યાયનાશ પામવા છતાં વસ્તુનો સર્વનાશ = સર્વથા ઉચ્છેદ નથી થતો. કારણ કે પ્રથમસમય, દ્વિતીયસમય વગેરે વિશેષણો શાસ્ત્રમાં દર્શાવેલ છે. ફક્ત અદ્ધાપર્યાયોનો નાશ થવાથી જો વસ્તુનો સર્વથા નાશ થઈ જતો હોય તો પ્રથમસમયાદિ વિશેષણો અયોગ્ય બની જશે."

● उत्पादादिशून्य निराकार भावो असत् ●

(**अन्यथा.**) પ્રથમ-દ્વિતીય આવું કોઈ પણ જાતનું વિશેષણ વાપર્યા વિના સમયસામાન્યના સંબંધથી ધ્રૌવ્ય = સ્થૈર્ય = સ્થિરતા = સ્થિતિ તથા પ્રથમ, દ્વિતીય આદિ સમયવિશેષના સંબંધ દ્વારા ઉત્પાદ-વ્યય જો સમ્યક્ત્વાદિ ભાવોમાં કે સિદ્ધાત્મામાં સ્વીકારવામાં ન આવે તો સમ્યક્ત્વ વગેરે નિરાકાર ભાવોનો તથા સિદ્ધ ભગવંત સ્વરૂપ શુદ્ધ દ્રવ્યનો ઉચ્છેદ = અભાવ થવાની આપત્તિ આવે. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો યોગ = સંબંધ થવો એ જ સત્ = પારમાર્થિક વસ્તુનું લક્ષણ છે. જો સમ્યક્ત્વ આદિ ભાવોમાં ઉત્પાદાદિ ત્રિક ન હોય તો તે ભાવો સસલાના શીંગડાની જેમ સર્વથા અસત્ = મિથ્યા = તુચ્છ થવાની આપત્તિ આવશે. પરંતુ આવું તો કોઈને પણ માન્ય નથી.

---

[*] પુસ્તકોમાં 'સહિત' નથી. આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

1. न हि सर्वथा विनाशोऽद्धापर्यायमात्रनाशे। स्व-परपर्यायानन्तधर्मणो वस्तुनो युक्तः।।

2. अत्राऽपि न सर्वनाशः समयादिविशेषणं यतोऽभिहितम्। इतरथा न सर्वनाशे समयादिविशेषणं युक्तम्।।

तस्माद् "वस्तु यद् नष्टं तदेव नश्यति नङ्क्ष्यति च (कथञ्चित्), यदुत्पन्नं तदेवोत्पद्यते उत्पत्स्यते च कथञ्चित्, यदेव स्थितं तदेव तिष्ठति स्थास्यति च कथञ्चिदित्यादि सर्वमुपपन्नमिति भावस्योत्पादः स्थिति -विनाशरूपः, विनाशोऽपि स्थित्युत्पत्तिरूपः, स्थितिरपि विगमोत्पादात्मिका कथञ्चिदभ्युपगन्तव्या" (स.त.का. १/का.२२/भा.३ पृ.४१२) इति व्यक्तमुक्तं **वादमहार्णवा**ऽभिधानायां **सम्मतितर्कवृत्तौ**।

किञ्च, प्रतिसमयम् आत्मनः उत्पादादित्रितयानभ्युपगमे अपरिणामितया सुख-दुःख-बन्ध-मोक्षादिकम् उच्छिद्येत्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1] "सव्वं चिय पइसमयं उप्पज्जइ नासए य निच्चं च। एवं चेव य सुह -दुक्ख-बंध-मोक्खाइसब्भावो।।" (वि.आ.भा.५४४ + ३४२५) इति पूर्वोक्तम् (९/२) अत्रानुसन्धेयमिति दिग्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'कालद्वारा प्रतिवस्तु त्रैलक्षण्यान्वितमि'ति कृत्वा किञ्चित्करणे-

---

(**तस्मा.**) તેથી એવું સ્વીકારવું જોઈએ કે "જે વસ્તુ કોઈક સ્વરૂપે નષ્ટ થયેલ છે તે જ વસ્તુ અન્ય કોઈક સ્વરૂપે નાશ પામી રહેલ છે તથા તે જ વસ્તુ બીજા સ્વરૂપે નાશ પામશે. તથા જે વસ્તુ ઉત્પન્ન થઈ ચૂકેલ છે તે જ વસ્તુ કોઈક સ્વરૂપે ઉત્પન્ન થઈ રહેલ છે અને અન્ય કોઈ સ્વરૂપે તે જ વસ્તુ ભવિષ્યમાં ઉત્પન્ન થશે. તેમજ જે વસ્તુ સ્થિત = સ્થિર = ધ્રુવ હતી તે જ વસ્તુ કથંચિત્ સ્થિર છે અને સ્થિર રહેશે. આ પ્રમાણે ઉત્પાદ આદિમાં ત્રણ કાળનો સંબંધ જોડવામાં આવે તો જ સર્વ વસ્તુ, તમામ ઘટનાઓ સુસંગત થઈ શકે છે. તેથી ભાવની = ભાવાત્મક વસ્તુની ઉત્પત્તિ કથંચિત્ સ્થિતિ -વિનાશાત્મક સ્વીકારવી જોઈએ તથા વસ્તુનો નાશ પણ કથંચિત્ સ્થિતિ-ઉત્પત્તિરૂપ માનવો જોઈએ. તેમજ સ્થિતિને = ધ્રુવતાને પણ કથંચિત્ ઉત્પાદ-વ્યયાત્મક માનવી જોઈએ." આ પ્રમાણે **સંમતિતર્ક**ની **વાદમહાર્ણવ** નામની વ્યાખ્યામાં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે.

અસ્તુ :- 'ઉત્પાદાદિ ત્રણમાં ત્રણ કાળના સંબંધથી નવ ભેદ પડે છે' - આ વાત પૂર્વે આ જ નવમી શાખાના બારમા શ્લોકની વ્યાખ્યામાં **અષ્ટસહસ્રી** ગ્રંથનો સંવાદ દર્શાવતી વખતે સ્પષ્ટ રીતે સમજાવેલ છે. તેથી અહીં ફરીથી તેને અમે સમજાવતા નથી. જિજ્ઞાસુ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે.

❀ प्रतिसमय त्रैलक्षण्यना अस्वीकारमां बंध-मोक्षादि अनुपपन्न ❀

(**किञ्च.**) વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે પ્રત્યેક સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો આત્મા વગેરેમાં સ્વીકાર કરવામાં ન આવે તો આત્મા અપરિણામી બની જશે. તેથી સુખ, દુઃખ, કર્મબંધ, મોક્ષ વગેરેનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'બધી જ વસ્તુ પ્રતિસમય ઉત્પન્ન થાય છે, નાશ પામે છે તથા નિત્ય છે. આ રીતે માનવામાં આવે તો જ સુખ, દુઃખ, બંધ, મોક્ષ વગેરે સંભવે.' આ સંદર્ભ પૂર્વે (૯/૨) જણાવેલ. તેનું અહીં અનુસંધાન કરવું. અહીં જે કહેવાયેલ છે તે દિશાસૂચનમાત્ર છે. તે મુજબ હજુ આગળ પણ વાચકવર્ગે ઊંડાણથી વિચારવું.

❯ કાળ કોળિયો કરી જાય છે ❮

आध्यात्मिक उपनय :- કાળના માધ્યમથી પ્રત્યેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ એવું દર્શાવે છે કે આપણે કશું કરીએ કે ના કરીએ પરંતુ પ્રતિસમય કાળ આપણો કોળિયો કરી રહેલ છે. જો

---

1. सर्वञ्चैव प्रतिसमयमुत्पद्यते नश्यति च नित्यञ्च। एवञ्चैव च सुख-दुःख-बन्ध-मोक्षादिसद्भावः।।

ऽकरणे वा वयं प्रतिक्षणं कालकवलायमाना इति ध्वन्यते। शक्तिमनिगूह्य आशयशुद्ध्या जिनाज्ञापालने शुद्धस्वरूपेण अस्मदीयपरिणमनं कालद्वारा भवेत्, अन्यथा अशुद्धरूपेणाऽस्मदीयपरिणमनं न दुर्लभमिति चेतसिकृत्य स्वभूमिकानुसारेण अहोभावतः उपयोगपूर्वं जिनाज्ञापालनपरायणता भाव्यमित्युपदेशः। इत्थमेवाऽपवर्गमार्गाऽभिसर्पणतः [1]"जं सव्वसत्तु[१] तह सव्ववाहि[२] सव्वत्थ[३] सव्वमिच्छाणं[४]। खय[१]-विगम[२]-जोग[३]-पत्तीहिं[४] होइ तत्तो अणंतमिणं।।" (विं.प्र.२०/३) इति **विंशिकाप्रकरणे हरिभद्रसूरिसाधितं** सिद्धसुखं प्रत्यासन्नतरं स्यात्।।૯/૧૭।।

કશુંક સારું કરીએ, શક્તિ છૂપાવ્યા વિના આજ્ઞાપાલન કરીએ તો સારા સ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે આપણું પરિણમન કાળતત્ત્વ કરે. અન્યથા ખરાબ સ્વરૂપે, મલિન સ્વરૂપે આપણી ઉત્પત્તિ કાળતત્ત્વ કરે તો નવાઈ નહિ. આ બાબતને સતત નજર સામે રાખીને સ્વભૂમિકા મુજબ અહોભાવથી ઉપયોગપૂર્વક જિનાજ્ઞાપાલનમાં મસ્ત રહેવાનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા મેળવવા યોગ્ય છે. આ રીતે જ મોક્ષમાર્ગમાં આગળ વધવાથી **વિંશિકાપ્રકરણ**માં દર્શાવેલ સિદ્ધસુખ ખૂબ જ નજીક આવે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ અનંત સિદ્ધસુખને સિદ્ધ કરતાં જણાવેલ છે કે 'સર્વ શત્રુના ક્ષયથી, સર્વ રોગોના નાશથી, સર્વ અર્થનો સંયોગ થવાથી તથા સર્વ ઈચ્છાઓની પૂર્તિ થવાથી જીવને જે સુખ થાય, તે કરતાં અનંતગણું આ સિદ્ધોનું સુખ ભાવશત્રુના ક્ષય વગેરેથી હોય છે.' (૯/૧૭)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધનાની સફળતામાં સત્ત્વ, શાસ્ત્ર, સહાયક, સંકલ્પશક્તિ મુખ્ય ભાગ ભજવે છે.**
  દા.ત. ચંદ્રાવતંસક રાજા.
  ઉપાસનાની સફળતામાં જીવની યોગ્યતા જ મુખ્ય ભાગ ભજવે છે. દા.ત. શ્રેયાંસકુમાર.
- **વાસનામાં પોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ કેન્દ્રસ્થાને છે.**
  ઉપાસનામાં પરમાત્માનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ કેન્દ્રસ્થાને છે.
- **બુદ્ધિ ખોટાને છોડી સત્યને પકડવાનો પોકળ દાવો રાખે છે.**
  શ્રદ્ધા અહિતકારી બાબતને છોડી સ્વ-પરને કલ્યાણકારી તત્ત્વને હૃદયથી સ્વીકારે છે.

1. यत् सर्वशत्रूणां तथा सर्वव्याधीनां सर्वार्थानां सर्वेच्छानाम्। क्षय-विगम-योग-प्राप्तिभिर्भवति ततोऽनन्तमिदम्।।

નિજ-પર♦પર્યાયઈ એકદા, બહુ સંબંધઈ બહુ રૂપ રે;
ઉત્પત્તિ-નાશ ઈમ સંભવઈ, નિયમઈ તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ રે ॥૯/૧૮॥ (૧૫૧) જિન.

ઈમ **નિજપર્યાયઈ** જીવ-પુદ્ગલનઈં, તથા **પરપર્યાયઈ** આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય - એ ત્રણ દ્રવ્યનઈં, (**એકદા**=) એક કાલઈં (**બહુ**=) □ઘણઈં **સંબંધઈં બહુ** (**રૂપ**=)*પ્રકારઈં **ઉત્પત્તિ-નાશ** (ઈમ)

साम्प्रतं स्व-परपर्यायेणोत्पत्त्यादिकमुपपादयति – '**बहुसम्बन्धत**' इति।

बहुसम्बन्धतो नाना, स्वान्यभावत एकदा।
उत्पत्ति-नाशसम्भूतिः ध्रौव्यं तत्र तथैव हि।।९/१८।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्वाऽन्यभावतः एकदा बहुसम्बन्धतः नाना उत्पाद-नाशसम्भूतिः। तत्र हि तथैव ध्रौव्यम्।।९/१८।।

स्वाऽन्यभावतः = स्व-परपर्यायतः प्रतिवस्तु **एकदा** = युगपद् **बहुसम्बन्धतः** = अनेकविधद्रव्य-संसर्गाद् **नाना** = अनेकविधा **उत्पत्ति-नाशसम्भूतिः** = उदय-व्ययसम्भवः। तथाहि – जीव-पुद्गलयोः निजपर्यायतः आकाशास्तिकाय-धर्मास्तिकायाऽधर्मास्तिकायेषु च द्रव्येषु परपर्यायतः उत्पाद-व्ययौ सम्भवतः। तथाहि - उत्पन्नक्रोधाख्यजीवपर्यायतः क्रुद्धजीवोत्पादः शान्तजीवनाशश्च भवतः। समुत्पन्न-रक्तरूपाभिधानघटपर्यायतः रक्तघटोत्पादः श्यामघटविनाशश्च जायेते। गगन-धर्माऽधर्मद्रव्येषु तु जीवादिनिष्ठाऽवगाहकत्व-गन्तृत्व-स्थास्नुत्वलक्षणपरपर्यायतः उत्पाद-व्ययौ सम्पद्येते। इत्थं जीवादिद्रव्येषु

अवतरणिका :- કાળ તત્ત્વના સંબંધથી પ્રતિસમય ઉત્પાદ-વ્યયાદિની સિદ્ધિ કર્યા બાદ હવે ગ્રંથકારશ્રી સ્વ-પરપર્યાય દ્વારા પ્રત્યેક વસ્તુમાં ઉત્પાદ-વ્યયાદિનું સમર્થન કરે છે :-

❊ સ્વ-પરપર્યાયથી અનેકવિધ ઉત્પાદાદિ ❊

શ્લોકાર્થ :- સ્વ-પર પર્યાયથી એકીસાથે અનેક વસ્તુનો સંબંધ થવાથી અનેકવિધ ઉત્પાદ-વ્યય સંભવી શકે છે. તથા તે વસ્તુમાં ધ્રૌવ્ય પણ તે જ રીતે તેટલા પ્રકારે સંભવે છે. (૯/૧૮)

વ્યાખ્યાર્થ :- પ્રત્યેક વસ્તુમાં સ્વપર્યાયની અને પરપર્યાયની અપેક્ષાએ એકીસાથે અનેક પદાર્થના સંબંધ થાય છે. આ અનેકવિધ દ્રવ્યના અનેક સંબંધની અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્યમાં અનેકવિધ ઉત્પાદ -વ્યય સંભવે છે. જીવમાં અને પુદ્ગલમાં સ્વપર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય સંભવે છે. તે આ રીતે સમજવું. દા.ત. જીવમાં ક્રોધ નામનો જે સ્વપર્યાય ઉત્પન્ન થાય તેની અપેક્ષાએ ક્રોધી જીવની ઉત્પત્તિ તથા શાંત જીવનો વિનાશ થાય છે. ઘટમાં જે રક્તરૂપ નામનો પર્યાય ઉત્પન્ન થાય તેની અપેક્ષાએ લાલ ઘડાની ઉત્પત્તિ તથા શ્યામ ઘટનો નાશ થાય છે. આમ જીવ-પુદ્ગલમાં નિમિત્તાદિસાપેક્ષ સ્વપર્યાયની અપેક્ષાએ યુગપત્ અનેકવિધ સંબંધો સંભવે છે. તથા આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય - આ ત્રણ દ્રવ્યમાં પરપર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય સંભવે છે. દા.ત. જીવમાં કે પુદ્ગલમાં અવગાહકત્વ,

♦ મ.માં 'નિજપર્યાયત્વઈ...' ત્રુટક પાઠ છે. કો.(૧+૪+૮+૧૦+૧૧)+P(૨)નો પાઠ લીધેલ છે. □ લી.(૩)માં 'પણિ' પાઠ. * પુસ્તકોમાં 'પ્રકાર' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

સંભવઈ. જેટલા [♦]સ્વ-પરપર્યાય, તેટલા ઉત્પત્તિ-નાશ હોઈ. [ક]તે વતી **તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ** તેટલાં (**નિયમઈ**=) નિરધાર છઈ. પૂર્વાપરપર્યાયાનુગત-આધારાંશ તાવન્માત્ર હોઈ, તે વતી । **अत्र *सम्मतिगाथा* -**

[1]एगसमयम्मि एगदवियस्स बहुया वि होंति उप्पाया।
उप्पायसमा विगमा, ठिईउ उस्सग्गओ णियमा ।। (स.त.३.४१) ॥૯/૧૮॥

एककालमेव वक्ष्यमाणनानासम्बन्धवशाद् वक्ष्यमाणनानारूपेण उत्पाद-व्ययौ सम्भवतः, यावन्तो निजाऽन्यपर्याया वस्तुनि भवन्ति तावन्त उत्पाद-व्ययाः सम्भवन्ति। तद्द्वारेण **तत्र हि** = एव वस्तुनि **तथैव ध्रौव्यं** = तावन्ति एव ध्रौव्याणि निश्चीयन्ते, पूर्वाऽपरपर्यायानुगताऽऽधारांशस्य पूर्वापरपर्यायविशिष्टरूपेण तावन्मात्रत्वात्। ततश्चैकस्मिन्नपि समये एकमपि द्रव्यमनन्तपर्यायात्मकं सिध्यति।

एतेन अनन्तकाले भवतु अनन्तपर्यायात्मकमेकं द्रव्यम्, एकसमये तु कथं तत् तदात्मकमवसीयते ? इति ***निरस्तम्,***

वक्ष्यमाणदिशा अपि एकस्मिन् समये तदात्मकं तदित्यवगमात्।

इदमेवाऽभिप्रेत्योक्तं **सम्मतितर्के** [1]"एगसमयम्मि एगदवियस्स बहुया वि होंति उप्पाया। उप्पायसमा

ગતિશીલતા કે સ્થિતિશીલતા નામના જે પર્યાય ઉત્પન્ન થાય તે ગગનાદિ માટે પરપર્યાય કહેવાય. તે પરપર્યાયની અપેક્ષાએ ગગનાદિનો એકદેશાવચ્છેદેન અવગાહદાતૃત્વાદિસ્વરૂપે ઉત્પાદ થાય તથા તે જ સમયે અવગાહઅદાતૃત્વાદિરૂપે વિનાશ થાય. આમ તે ત્રણમાં પરપર્યાયદૃષ્ટિએ યુગપત્ અનેકવિધ સંબંધો સંભવી શકે છે. આ સંબંધોના નિમિત્તે અનેકવિધ ઉત્પાદ-વ્યય થઈ શકે છે. આ સંબંધો અને ઉત્પાદ-વ્યય આગળ બતાવવામાં આવશે. ટૂંકમાં, વસ્તુમાં જેટલા સ્વકીય-પરકીય પર્યાયો હોય, તેટલા ઉત્પાદ-વ્યય વસ્તુમાં સંભવી શકે છે. તથા તે ઉત્પાદ-વ્યય દ્વારા તે જ વસ્તુમાં તેટલા જ ધ્રૌવ્ય નિશ્ચિત થાય છે. કારણ કે પૂર્વાપરકાલીન પર્યાયોમાં અનુગત આધારાંશ પણ પૂર્વાપરકાલીનપર્યાયવિશિષ્ટરૂપે તેટલી સંખ્યામાં જ હોય છે. તેથી એક દ્રવ્ય હોય તો પણ તે એક સમયે પણ અનન્તપર્યાયાત્મક સિદ્ધ થાય છે.

શંકા :- (**एतेन.**) અનન્ત કાળના પર્યાયોની ગણતરી કરવામાં આવે તો એક દ્રવ્ય અનન્તપર્યાયાત્મક બને તે સ્વીકારી શકાય તેવી વાત છે. પરંતુ એક સમયે = પ્રત્યેક સમયે એક જ દ્રવ્ય અનંતપર્યાયાત્મક હોય તે કઈ રીતે જાણી શકાય ?

❋ प्रतिसमय अनंतधर्मात्मक वस्तु ❋

સમાધાન :- (**वक्ष्य.**) ઉપર અમે જે જણાવેલ છે તથા જે આગળ કહેવાશે તે જ દિશામાં શાંતિથી વિચારશો તો તમારી શંકાનું નિરાકરણ થઈ જશે. કારણ કે ઉપર જણાવેલી પદ્ધતિ મુજબ વિચારીએ તો સ્વ-પરપર્યાય દ્વારા અનેક વસ્તુના સંબંધથી થનારા તથાવિધ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના યોગથી = પરિણમનથી પ્રતિસમય પણ એક દ્રવ્યમાં અનન્તપર્યાયાત્મકતાનો સારી રીતે નિશ્ચય થઈ જાય છે.

❋ એક કાળે એક દ્રવ્યમાં અનંત પર્યાય ❋

(**इदमेवा.**) આ જ અભિપ્રાયથી **સંમતિતર્ક** પ્રકરણમાં જણાવેલ છે કે "આ ઔત્સર્ગિક નિયમ છે

♦ કો.(૧૦)માં 'પર' પાઠ નથી. ક લી.(૧)માં 'તેવલી' પાઠ.

1. एकसमये एकद्रव्यस्य बहवः अपि भवन्ति उत्पादाः। उत्पादसमा विगमाः स्थितय उत्सर्गतो नियमात्।।

विगमा ठिईउ उस्सग्गओ णियमा।।" (स.त.३/४१) इति। **तद्व्याख्या** "एकस्मिन् समये एकद्रव्यस्य बहव उत्पादा भवन्ति, उत्पादसमानसङ्ख्या विगमा अपि तस्यैव तदैवोत्पद्यन्ते, विनाशमन्तरेणोत्पादस्यासम्भवात्। न हि पूर्वपर्यायाविनाशे उत्तरपर्यायः प्रादुर्भवितुमर्हति; प्रादुर्भावे वा सर्वस्य सर्वकार्यताप्रसक्तिः,

तदकार्यत्वं वा कार्यान्तरस्येव स्यात्।

स्थितिरपि सामान्यरूपतया तथैव नियता, स्थितिरहितस्योत्पादस्याऽभावात्, भावे वा शशशृङ्गादेरप्युत्पत्तिप्रसङ्गाद्" (स.त.३/४१) इत्येवं वर्तते।

કે એક સમયમાં એક દ્રવ્યના ઘણા બધા ઉત્પાદ હોય છે અને જેટલા ઉત્પાદ હોય છે તેટલા જ વિનાશ અને સ્થિતિ પણ હોય છે." આ ગાથાની વ્યાખ્યા કરતા તર્કપંચાનન **અભયદેવસૂરિજી**એ કહેલ છે કે "એક સમયમાં એક દ્રવ્યના ઘણા બધા ઉત્પાદ હોય છે. જેટલા ઉત્પાદ હોય છે તેટલા તે દ્રવ્યના વિનાશ પણ તે જ કાળે તેટલી જ સંખ્યામાં આવિર્ભૂત થાય છે. વિનાશ વગર ઉત્પત્તિનો ક્યારેય સંભવ નથી. પૂર્વકાલીન પિંડ વગેરે પર્યાયનો વિનાશ થયા વગર ઉત્તરકાલીન ઘટપર્યાયનો ઉત્પાદ થઈ ન જ શકે. (ધ્યાનમાં રાખવું કે અહીં પૂર્વકાલીન અને ઉત્તરકાલીન એવા વિશેષણ તે ક્રમશઃ પિંડના અને ઘટના છે, નહિ કે વિનાશના અને ઉત્પાદના. કેમ કે તેઓ તો સમકાલીન જ છે.) જો પૂર્વપર્યાયના વિનાશ વિના જ ઉત્તરપર્યાય ઉત્પન્ન થઈ શકતો હોય તો બધી વસ્તુ બધી વસ્તુનું કાર્ય થવાની આપત્તિ આવશે. આવું થાય તો દરેક દ્રવ્યમાં એક જ સમયે સર્વપર્યાયની ઉત્પત્તિ થવા સ્વરૂપ અતિપ્રસંગ આવી જશે. તથા પરમાણુ-દ્વ્યણુક વગેરે અથવા તો તંતુ-મૃત્પિંડ વગેરે દ્રવ્યોમાં પૂર્વ-પૂર્વ પર્યાયોનો વિનાશ થયા વગર જ નવા નવા ભાવિ અનન્તા પર્યાયો ઉત્પન્ન થઈને પૂર્વપૂર્વપર્યાયસમુદાયમાં વૃદ્ધિ જ કરતા રહેશે. આવી દશામાં ઘટ તંતુનું કાર્ય થશે, પટ માટીનું કાર્ય થશે. આ સમસ્યા પ્રસ્તુતમાં દુર્વાર બનશે.

⚜ ઉત્તરસમયે પૂર્વદશાનાશ માનવો જરૂરી ⚜

(**तद.**) અથવા આવી રીતે પણ અતિપ્રસંગ બની શકે કે જેમ ઘટપર્યાય તંતુદ્રવ્યનું કાર્ય નથી બનતું તેમ માટીરૂપ દ્રવ્યનું પણ કાર્ય નહીં બને. કેમ કે ઘટોત્પત્તિકાલમાં જેવી રીતે તંતુઅવસ્થા નાશ નથી પામતી તેમ તેવી જ રીતે માટીની પિંડાવસ્થાનો પણ નાશ તમારા મત મુજબ નથી થતો. જેમ તંતુદશા ઘટોત્પત્તિસમયે નાશ ન પામવાથી ઘટ તંતુદ્રવ્યનું કાર્ય નથી તેમ ઘટોત્પત્તિક્ષણે મૃત્પિંડદશાનો નાશ નહિ થયો હોય તો સમાન યુક્તિથી ઘટ માટીદ્રવ્યનું પણ કાર્ય નહિ બની શકે - આ મુજબ અહીં તાત્પર્ય છે.

❖ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કાળ-સંખ્યાથી તુલ્ય ❖

(**स्थिति.**) તથા જેવી રીતે વિનાશ એ ઉત્પાદની સાથે કાલથી અને સંખ્યાથી નિયત છે તેવી રીતે ઉત્પાદની સાથે તેટલી સ્થિતિઓ પણ તે જ કાળે નિયત છે - એવું સ્વીકારવું પડશે. કેમ કે સ્થિતિ વગરના પદાર્થની ઉત્પત્તિ નથી થતી. જો સ્થિતિ વગર પણ ઉત્પાદ થઈ શકતો હોય તો શશશૃંગની ઉત્પત્તિનો પણ અતિપ્રસંગ આવશે.

अधुना नानासम्बन्धवशादेकत्रैकदा बहुविधोत्पादादिकं दर्शयामः। तथाहि – "यदैवानन्तानन्तप्रदेशिकाऽऽहारभावपरिणतपुद्गलोपयोगोपजातरस-रुधिरादिपरिणतिवशाऽऽविर्भूतशिरोऽङ्गुल्याद्यङ्गोपाङ्गभावपरिणतस्थूल-सूक्ष्म-सूक्ष्मतरादिभिन्नावयव्यात्मकस्य कायस्योत्पत्तिः,

तदैवानन्तानन्तपरमाणूपचितमनोवर्गणापरिणतिलभ्यमनउत्पादोऽपि, तदैव च वचनस्यापि कायाऽऽकृष्टाऽऽन्तरवर्गणोत्पत्तिप्रतिलब्धवृत्तेरुत्पादः, तदैव च कायाऽऽत्मनोरन्योन्यानुप्रवेशाद् विषमीकृताऽसङ्ख्याताऽऽत्मप्रदेशे कायक्रियोत्पत्तिः,

तदैव च रूपादीनामपि प्रतिक्षणोत्पत्तिनश्वराणामुत्पत्तिः, तदैव च मिथ्यात्वाऽविरति-प्रमाद

❀ शरीरना दृष्टांतथी अनंत पर्यायोना उत्पादनुं निरूपण ❀

(**अधुना.**) हवे अमे अनेक संबंधना आधारे एक ज वस्तुमां एकीसाथे अनेक प्रकारना उत्पाद, व्यय वगेरेने दर्शावीए छीए. **स्याद्वादकल्पलता** ग्रंथमां आ बाबत नीचे मुजब जणावेल छे. "जे समये शरीरनी उत्पत्ति थाय छे तेनी साथे अनंत उत्पाद पण संकळाई जाय छे. ते आ रीते - अनंतानंत परमाणुप्रदेशोनी आहारરूपे परिणति द्वारा शरीरनी उत्पत्ति थाय छे. तथा ते ज समये मननी, वचननी, देहक्रियानी, देहमां रहेल રૂपादिनी तेमज आगामी गतिविशेषनी, परमाणुना संयोग-विभागनी तेमज तत्-तत्ज्ञानविषयतानी, उपरांतमां त्रणे लोकमां विद्यमान समस्त द्रव्योनी साथे तेना साक्षात् के परंपराએ अनेक संबंधोनी उत्पत्ति थाय छे. आम कायानी उत्पत्तिमां अनेकोत्पत्तिनो अंतर्भाव छे. जेम के सौप्रथम आहारभावमां परिणमन स्वરूप अनंतानंत परमाणु पुद्गलोनी उत्पत्ति थाय छे. ते पुद्गलोना उपयोगथी रस, लोही वगेरेनी उत्पत्ति, तेना परिणाम स्वરूपे मस्तक, आंगळीओ वगेरे अंगोपांग भावोनी परिणति अने तेनाथी स्थूल-सूक्ष्म-सूक्ष्मतरादि विभिन्न अवयवोनी उत्पत्ति थवाथी 'समस्त अवयवसमष्टि' રૂप कायात्मक એक अवयवीनी उत्पत्ति थाय छे.

❀ मन वगेरेनी उत्पत्तिनो विचार ❀

(**तदैवा.**) आ ज रीते कायानी उत्पत्तिनी साथे अंतरंग मननी उत्पत्तिमां पण अनेक उत्पत्तिनो समावेश छे. जेम के - मनोवर्गणाना अनंतानंत परमाणुओनी परिणति अर्थात् अनंतानंत परमाणुओमां એક मनना રૂपमां परिणमनार्हता स्वરूप पर्यायोनी उत्पत्ति थाय छे. तेवी ज रीते कायानी उत्पत्ति साथे संकळायेल विशेष क्रियात्मक वचननी उत्पत्ति पण अनंत उत्पत्तिमां अंतर्निविष्ट छे. जेम के - कायયोगथी आकृष्ट थयेला भाषावर्गणा स्वરूप आंतरवर्गणाना अनंत परमाणुओनी वचनરूपे परिणमनार्हताરूप पर्यायोना રૂपमां अनंत उत्पत्ति. तेम ज कायक्रियानी उत्पत्तिमां पण अनेक उत्पत्तिओनो समावेश थाय छे. जेम के कायाना अने आत्माना विलक्षण संयोगथी संपन्न अन्योन्यमयता = तादात्म्यરूप जे अन्योन्यानुप्रवेश थाय छे तेना द्वारा आत्माना असंख्य प्रदेशोमां विषमीभावकरण थवा द्वारा कायक्रियोत्पादक सामर्थ्यमां विषमतानो = न्यूनाधिक्यनो उदय थवाथी कायक्रियानी उत्पत्ति थाय छे. अर्थात् ते आत्मप्रदेशगत वैषम्य द्वारा शरीरक्रियाजन्मसमये पण न्यूनाधिकभावરूप तेवा वैषम्यनो उदय थाय छे के जेना द्वारा शरीरक्रियानो आविर्भाव थाय छे.

❀ उत्पद्यमानभेदथी उत्पत्तिभेद ❀

(**तदैव च.**) એवी रीते शरीरनी साथे तेना રૂप वगेरेनी पण त्यारे ज उत्पत्ति थाय छे. प्रतिक्षण

-कषायादिपरिणतिसमुत्पादितकर्मबन्धनिमित्ताऽऽगामिगतिविशेषाणामप्युत्पत्तिः तदैव चोत्सृज्यमानोपादीयमानाऽनन्तानन्तपरमाण्वापादिततत्प्रमाणसंयोग-विभागानामुत्पत्तिः, तदैव च तत्तज्ज्ञानविषयत्वादीनामुत्पत्तिः, किं बहुना ? यदैवैकद्रव्यस्योत्पत्तिः, तदैव त्रैलोक्यान्तर्गतसमस्तद्रव्यैः सह साक्षात् पारम्पर्येण वा सम्बन्धानामुत्पत्तिः, सर्वद्रव्यव्याप्तिव्यवस्थिताऽऽकाश-धर्मा-ऽधर्मादिद्रव्यसम्बन्धाद्" (शा.वा.स्त.७,श्लो.१-स्या.क.ल.पृ.१९) इति व्यक्तं **स्याद्वादकल्पलतायाम्**।

तदुत्थानबीजन्तु **सम्मतितर्के** [1]"काय-मण-वयण-किरिया-रूवाइ-गईविसेसओ वावि। संजोयभेयओ जाणणा य दवियस्स उप्पाओ।।" (स.त.३/४२) इत्येवं दर्शितमित्यवधेयं नानाशास्त्रसन्दर्भान्वेषणपरायणैः।

तदाकूतं त्विदम् - उत्पद्यमानं सर्वं द्रव्यं साक्षात् परम्परया वा द्रव्यत्वावच्छिन्नसम्बद्धम्। अतः

ઉત્પત્તિ-વિનાશશીલ રૂપાદિની ઉત્પત્તિમાં ભેદ ઉત્પદ્યમાનના ભેદથી થાય છે. તેવી જ રીતે કાયાની ઉત્પત્તિના સમયે જ મિથ્યાત્વથી, અવિરતિથી, પ્રમાદથી અને કષાયથી જે કર્મબંધ પહેલા ઉત્પન્ન થઈ ચૂકેલ છે અને જે કર્મ વર્તમાનભવમાં ઉદયયોગ્ય હોય છે, તેના નિમિત્તે આગામી (= શરીરસહભાવી) ગતિવિશેષ ફલાભિમુખ થાય છે. અર્થાત્ ગતિદાયક તે કર્મોની ક્રમભાવિફલોન્મુખતાનો ઉદય થાય છે. આ ફલોન્મુખતા પણ વિવિધ ઉત્પત્તિસ્વરૂપ છે. આ ઉત્પત્તિ (= ઉદયરૂપ) ગતિવિશેષના ભેદથી અનેક હોય છે. તે જ રીતે કાયાની ઉત્પત્તિના સમયે કાયાનુપ્રવિષ્ટ આત્મા, કાયાના ચયાપચય માટે અનંતાનંત પરમાણુઓનો ત્યાગ અને ગ્રહણ કરે છે. આ રીતે તે પરમાણુઓના સમસંખ્યક સંયોગ-વિભાગની ઉત્પત્તિ આત્મામાં થાય છે. આ ઉત્પત્તિ પણ બહુસંખ્યક = અનંત છે. આ જ રીતે કાયાની ઉત્પત્તિના સમયે કાયામાં વિભિન્ન સર્વજ્ઞોની અગણિત જ્ઞાનવિષયતાની ઉત્પત્તિ થાય છે. આ રીતે વિભિન્નરૂપે ઉત્પત્તિઓના આનંત્યનું વર્ણન ક્યાં સુધી કરી શકાય ? ઉત્પત્તિઆનંત્યને ટૂંકમાં આ રીતે સમજી શકાય કે જ્યારે કોઈ એક દ્રવ્યની ઉત્પત્તિ થાય છે તે જ સમયે ત્રૈલોક્યમાં વિદ્યમાન સમસ્ત દ્રવ્યોની સાથે તે ઉત્પન્ન દ્રવ્યના સાક્ષાત્ કે પરંપરાએ અગણ્ય સંબંધોની ઉત્પત્તિ થાય છે. કેમ કે આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો સમસ્તદ્રવ્યવ્યાપી સંબંધ હોય છે."

❀ એક જ પદાર્થની વિવિધ ગ્રંથોમાં ઉપલબ્ધિ ❀

(तदुत्था.) **स्याद्वादकल्पलता** ગ્રંથમાં **महोपाध्यायजी** મહારાજે શરીરના દૃષ્ટાંતથી અનંત પર્યાયોની ઉત્પત્તિનું જે નિરૂપણ ઉપર કરેલ છે તેનું ઉત્થાન બીજ **संमतितर्क**ની [1]'काय-मण...' ઈત્યાદિ ગાથામાં **श्रीसिद्धसेनदिवाकरसूरिजी**એ દર્શાવેલ છે. તે ગાથાનો અર્થ આ મુજબ છે. "દ્રવ્યના ઉત્પાદની સાથે શરીર, મન, વચન, ક્રિયા, રૂપાદિ, ગતિવિશેષ, સંયોગ, વિભાગ તથા જ્ઞાનપર્યાયના પણ ઉત્પાદ થાય છે." આ બાબતને અનેક શાસ્ત્રોના સંદર્ભની ખોજ કરવામાં તત્પર એવા વિદ્વાન વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

❖ प्रत्येक द्रव्य सर्वद्रव्यसंबद्ध ❖

(तदा.) તેનું તાત્પર્ય એ છે કે ઉત્પદ્યમાન પ્રત્યેક દ્રવ્ય સાક્ષાત્ કે પરંપરાથી સર્વ દ્રવ્ય સાથે સંબંધ ધરાવે છે. તેથી સ્વગત પરિવર્તન અને અનંતાનંત પરદ્રવ્યગત પરિવર્તન દ્વારા પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિસમય

---

1. काय-मनो-वचन-क्रिया-रूपादि-गतिविशेषतः वाऽपि। संयोगभेदतः ज्ञानं च द्रव्यस्य उत्पादः।।

स्वपरिवर्तनाऽनन्तानन्तपरद्रव्यपरावृत्तिद्वारा प्रतिद्रव्यं प्रतिसमयम् अनायासेन अनन्तोत्पादादिपर्यायसिद्धिः। प्रतिद्रव्यम् अनन्तानागतस्वपर्यायगोचरानन्तशक्तयः साम्प्रतमपि वर्तन्ते। प्रतिसमयं च ताः स्वकार्याभिमुख्यतारतम्येन परावर्तन्ते। अनन्तसर्वज्ञज्ञानविषयता अपि प्रतिवस्तु प्रतिसमयञ्चोत्पद्यन्ते विनश्यन्ति मौलस्वरूपेण च स्थिरीभवन्ति। एवमुत्पाद-व्ययानुविद्धतया ध्रौव्यस्याऽपि तावन्त एव भेदा अवगन्तव्याः। इत्थं परमार्थतः प्रतिसमयं प्रतिद्रव्यम् अनन्तोत्पाद-व्यय-ध्रौव्याणि सिध्यन्ति। अतः कस्याञ्चिदप्यवस्थायां यथार्थतत्त्वरुचिशालितया सम्यग्दृशः "भावतः अनन्तपर्यायात्मकतया वस्तुग्रहणपरिणामो न क्षीयते" (ज्ञाना. तरङ्ग ३/श्लो.१८) इति **ज्ञानार्णवे** तृतीये तरङ्गे व्यक्तम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - 'प्रत्येकं द्रव्यं साक्षात् परम्परया वा सर्वद्रव्यसम्बद्धमि'ति कृत्वा एकस्मिन्नपि द्रव्ये यत् पर्यायपरिवर्तनं जायते तत्प्रभावः न्यूनोऽधिको वा स्व-परद्रव्येषु सम्पद्यते। इदं ज्ञात्वा अस्मन्निमित्तं जायमानं लेशतोऽपि परपीडादिकं पूर्वमेव परिहर्तव्यमित्युपदेशः। ततश्च [1]"तिहुयणमहिओ सिद्धो बुद्धो निरंजणो निच्चो" (प्रा.द्वि.क.५५) इति **प्राचीनद्वितीयकर्मग्रन्थ**दर्शितं सिद्धस्वरूपं तरसा प्रादुर्भवेत्।।९/१८।।

અનંત ઉત્પાદાદિ પર્યાયો અનાયાસે સિદ્ધ થાય છે. અનંતાનંત ભાવી સ્વપર્યાયોની અનંત શક્તિઓ વર્તમાન કાળમાં પણ પ્રત્યેક દ્રવ્યમાં રહેલી હોય છે. પ્રત્યેક સમયે તે અનંત શક્તિઓ સ્વકાર્યઅભિમુખતાના તરતમભાવથી પરિવર્તન પામતી હોય છે. અનંત સર્વજ્ઞના જ્ઞાનની વિષયતાઓ પણ પ્રત્યેક વસ્તુમાં પ્રતિસમય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. મૂળભૂત સ્વરૂપે દ્રવ્ય સ્થિર રહે છે. તથા ઉત્પાદ-વ્યય સાથે ધ્રૌવ્ય સંકળાયેલ હોવાથી ધ્રૌવ્યના પ્રકાર = ભેદ પણ ઉત્પાદ-વ્યયના ભેદ જેટલા જ છે. આમ પરમાર્થથી પ્રતિસમય પ્રત્યેક દ્રવ્યમાં અનંતા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે. તેથી યથાર્થ તત્ત્વને સ્વીકારવાની રુચિ ધરાવવાના પ્રભાવે કોઈ પણ અવસ્થામાં સમ્યગ્દૃષ્ટિ જીવને ભાવથી અનંતપર્યાયાત્મકસ્વરૂપે વસ્તુને જાણવાનો-સ્વીકારવાનો પરિણામ નાશ પામતો નથી. આ વાત **જ્ઞાનાર્ણવ** ગ્રંથના ત્રીજા તરંગમાં **મહોપાધ્યાયજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે.

❀ દરેક દ્રવ્યની તમામ દ્રવ્ય ઉપર અસર ❀

આધ્યાત્મિક ઉપનય :- 'દરેક દ્રવ્ય અન્ય તમામ દ્રવ્યની સાથે સાક્ષાત્ કે પરંપરાએ સંકળાયેલા છે' - આ હકીકતથી એવું ફલિત થાય છે કે દરેક દ્રવ્યમાં થતા ફેરફારની ઓછી-વત્તી અસર સ્વ-પર ઉપર પડતી હોય છે. મતલબ કે જગતના કોઈ પણ ખૂણામાં બનતી નાની-મોટી પ્રત્યેક ઘટના સર્વત્ર ઓછા-વત્તા અંશે સારા-નરસા પ્રત્યાઘાત પાડવાનું કામ કરે છે. આવું જાણીને આપણા નિમિત્તે કોઈને આંશિક પણ નુકસાન થઈ ન જાય તેની પહેલેથી જ કાળજી રાખીને, પરપીડાદિનો પરિહાર કરીને આપણે પ્રત્યેક પ્રવૃત્તિ-વૃત્તિમાં જોડાવું જોઈએ. આવો આધ્યાત્મિક ઉપદેશ અહીં ગ્રહણ કરવા યોગ્ય છે. પરપીડાપરિહારપરિણતિના પ્રભાવે 'સિદ્ધ પરમાત્મા ત્રિભુવનપૂજ્ય, કેવલજ્ઞાની, નિરંજન અને નિત્ય છે.' - આ મુજબ **પ્રાચીન દ્વિતીય કર્મગ્રન્થ**માં જણાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટ થાય. (૯/૧૮)

---

1. त्रिभुवनमहितः सिद्धो बुद्धो निरञ्जनो नित्यः।

હવઈ ઉત્પાદના ભેદ કહઈ છઈ -

દ્વિવિધ પ્રયોગજ વીસસા, ઉત્પાદ પ્રથમ અવિશુદ્ધ રે;
તે નિયમઈ સમુદયવાદનો, યતનઈ સંયોગજ સિદ્ધ રે ॥૯/૧૯॥ (૧૫૨) જિન.

દ્વિવિધ = ઉત્પાદ ૨ પ્રકારઈ છઈ; એક **પ્રયોગજ**, બીજો **વીસસા** કહતાં સ્વભાવજનિત. **પહિલો ઉત્પાદ** તે વ્યવહારનો છઈ. તે માટઈ **અવિશુદ્ધ** કહિઈ.

साम्प्रतमुत्पादभेदानाचष्टे - '**प्रयोगे**'ति।

प्रयोग-विस्रसाजन्यो द्विधोत्पादोऽविशुद्धता।
आद्ये, समूहवादत्वं यत्नात् संयोगजत्वतः।।९/१९।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - उत्पादः द्विधा - प्रयोग-विस्रसाजन्यः। आद्ये अविशुद्धता। यत्नात् संयोगजत्वतः आद्ये समूहवादत्वम् (वर्तते)।।९/१९।।

उत्पादः द्विधा = द्विप्रकारः **प्रयोग-विस्रसाजन्यः** = प्रयत्नजन्यः स्वभावजन्यश्चेति। "वयं तु विस्रसापरिणामेन सर्ववस्तूनाम् उत्पादादित्रयम् इच्छामः, प्रयोगपरिणत्या च जीव-पुद्गलानाम्" (त.सू.५/९ सि.वृ.) इति **तत्त्वार्थसूत्रसिद्धसेनीयवृत्तिवचनमप्यत्राऽनुसन्धेयम्**। "यद्यपि लोके विस्रसाशब्दो जरापर्यायतया रूढः तथापीह स्वभावार्थो दृश्य" (भ.सू.१/३/३२/पृ.५५) इति **भगवतीसूत्रवृत्तौ श्रीअभयदेवसूरयः**।

तत्र प्रयोगज उत्पादो व्यवहारनयाऽभिप्रेतः। अत एव **आद्ये** = प्रयोगजन्योत्पादे **अविशुद्धता**

अवतरणिका :- 'પ્રત્યેક પદાર્થ પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે' - આ બાબતને સમજાવ્યા બાદ ગ્રંથકારશ્રી હવે ઉત્પત્તિના ભેદને = પ્રકારને જણાવે છે :-

☟ ઉત્પત્તિના બે ભેદને સમજીએ ☟

શ્લોકાર્થ :- ઉત્પત્તિના બે પ્રકાર છે. પ્રયોગજન્ય અને વિસ્રસાજન્ય = સ્વભાવજન્ય. પ્રયોગજન્ય ઉત્પત્તિમાં અશુદ્ધતા રહેલી છે. પ્રયત્નના નિમિત્તે સંયોગજન્ય હોવાથી પ્રથમ ઉત્પત્તિમાં સમૂહવાદત્વ રહેલ છે. (૯/૧૯)

વ્યાખ્યાર્થ :- ઉત્પત્તિના બે ભેદ છે - (૧) પ્રયત્નજન્ય ઉત્પત્તિ (દા.ત. ઘટ-પટની ઉત્પત્તિ) અને (૨) સ્વભાવજનિત = પ્રકૃતિજન્ય ઉત્પત્તિ. (દા.ત. વીજળી, મેઘધનુષ્ય વગેરેની ઉત્પત્તિ.) પ્રસ્તુતમાં **તત્ત્વાર્થસૂત્રસિદ્ધસેનીયવ્યાખ્યા**ની એક વાત પણ અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીસિદ્ધસેનગણિવરે** જણાવેલ છે કે "અમે અનેકાન્તવાદી તો સર્વ વસ્તુઓમાં વિસ્રસાપરિણામથી = સ્વાભાવિકપરિણામથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને ઈચ્છીએ છીએ. તથા જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં પ્રયોગપરિણામથી = પ્રયત્નથી ઉત્પાદાદિ ત્રિકને માન્ય કરીએ છીએ." "યદ્યપિ લોકમાં વિસ્રસાશબ્દ ઘડપણ અર્થમાં રૂઢ = પ્રસિદ્ધ છે. તો પણ અહીં સ્વભાવ અર્થમાં વિસ્રસા શબ્દ પ્રયોજાયેલ છે - તેમ સમજવું." આ મુજબ **ભગવતીસૂત્રવૃત્તિ**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ જણાવેલ છે.

❀ પ્રાયોગિક ઉત્પત્તિ વ્યવહારસંમત ❀

(तत्र.) તે બન્ને પ્રકારની ઉત્પત્તિની અંદર પુરુષપ્રયત્નજન્ય ઉત્પત્તિ વ્યવહારનયને માન્ય છે. તે

તે (નિયમઈ=) નિર્દ્ધાર **સમુદયવાદનો** તથાયતનઈ કરી અવયવ**સંયોગઈ સિદ્ધ** કહિઇ.

अत्र *सम्मतिगाथा* - [1]उप्पाओ दुविअप्पो, पओगजणिओ अ वीससा चेव। तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो ।। (स.त.३.३२) ▸**इति** ૧૫૨ ગાથાર્થ સંપૂર્ણમ્◂ ॥૯/૧૯॥

उक्ता। स च मूर्त्तद्रव्यारब्धावयवसमुदायकृतत्वात् समुदयवादः। **यत्नात्** = पुरुषव्यापारात् **संयोगजत्वतः** = मूर्त्तद्रव्यारब्धावयवसमुदायसंयोगजन्यत्वतः **आद्ये** = प्रयोगजन्यसमुत्पादे **समूहवादत्वं** = समुदयवादत्वं समाम्नातम्।

इदमेवाऽभिप्रेत्य **श्रीसिद्धसेनदिवाकर**सूरिवरैः **सम्मतितर्के** तृतीयकाण्डे [1]"उप्पाओ दुवियप्पो पओगजणिओ य वीससा चेव। तत्थ उ पओगजणिओ समुदयवाओ अपरिसुद्धो।।"(स.त.३/३२) इत्युक्तम्।

तद्वृत्तिस्तु "द्विभेद उत्पादः [§]पुरुषव्यापार-पुरुषेतरकारकव्यापारजन्यतया अध्यक्षाऽनुमानाभ्यां तथा तस्य प्रतीतेः। पुरुषव्यापारान्वय-व्यतिरेकानुविधायित्वेऽपि शब्दविशेषस्य तदजन्यत्वे घटादेरपि तदजन्यताप्रसक्तेः विशेषाभावात्।

જ કારણે પ્રયત્નજન્ય ઉત્પત્તિમાં શાસ્ત્રકારોએ અશુદ્ધતા કહેલી છે. પ્રયત્નજન્ય ઉત્પત્તિ મૂર્ત્તદ્રવ્યથી આરબ્ધ એવા અવયવોના સમુદાયથી થતી હોવાના લીધે પ્રયત્નજન્ય ઉત્પત્તિનું બીજું નામ 'સમુદયવાદ' છે. પુરુષના પ્રયત્નથી મૂર્ત્તદ્રવ્યઆરબ્ધ અવયવોના સમુદાયના સંયોગથી જન્ય હોવાના લીધે પ્રયત્નજન્ય ઉત્પત્તિમાં સમુદયવાદત્વ શાસ્ત્રકારોને સંમત છે.

(इदमे.) આ જ અભિપ્રાયથી **संमतितर्कप्रकरण**માં **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "ઉત્પાદના બે વિકલ્પ છે. (૧) પ્રયોગજન્ય, (૨) વિસ્રસાજન્ય. તેમાં પ્રયોગજન્ય ઉત્પાદને સમુદયવાદ કહેવાય છે અને તે અપરિશુદ્ધ છે."

(तद्वृ.) આ ગાથાની વ્યાખ્યા કરતા તર્કપંચાનન **શ્રીઅભયદેવસૂરિજી**એ જણાવેલ છે કે "ઉત્પત્તિના બે પ્રકાર છે - પ્રયોગથી એટલે પુરુષના પ્રયત્નથી જન્ય અને બીજી વિસ્રસાથી એટલે કે સ્વભાવથી જન્ય. પ્રત્યક્ષ અને અનુમાન બન્ને પ્રમાણથી આ પ્રસિદ્ધ તથ્ય છે કે ઘટ, વસ્ત્ર અને વચનાદિ પદાર્થ હકીકતમાં કુંભાર, વણકર, વક્તા વગેરેના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. જ્યારે આકાશમાં થતા વીજળી વગેરે પદાર્થો તો સ્વાભાવિક અર્થાત્ પુરુષપ્રયત્ન વગર જ, તેનાથી અન્ય વાદળ વગેરે કારકોના પ્રભાવથી ઉત્પન્ન થાય છે. વચનાત્મક શબ્દવિશેષ પણ વક્તા પુરુષના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. જો વક્તાશૂન્ય ઘર હોય તો કોઈ વચન ત્યાં ન સંભળાય. આ રીતે વચનના વિષયમાં વક્તાના પ્રયત્નના અન્વયનું અને વ્યતિરેકનું અનુસરણ સ્પષ્ટ રીતે જણાય છે. આવું હોવા છતાં જો મીમાંસક વગેરે દાર્શનિક વિદ્વાનો શબ્દને વક્તાના પ્રયત્ન વિના જ અસ્તિત્વપ્રાપ્ત એટલે કે નિત્ય માનશે તો પછી ઘટાદિ પદાર્થો પણ કુંભારના પ્રયત્ન વગર જ અસ્તિત્વશાલી માનવાની આપત્તિ આવી પડશે. વચનમાં અને ઘટમાં એવું કોઈ અંતર નથી જેનાથી એક પ્રયત્નઅજન્ય અને બીજો પ્રયત્નજન્ય એવો ભેદ સિદ્ધ થઈ શકે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. § सम्मतितर्कवृत्तौ 'पुरुषव्यापार'पदं नास्ति। स्याद्वादकल्पलता-सप्तमस्तबकानुसारेण निश्चितत्वात्, अर्थसन्दर्भानुसारेण आवश्यकत्वाच्च तदत्र प्रक्षिप्तम्।

1. उत्पादो द्विविकल्पः प्रयोगजनितश्च विस्रसा चैव। तत्र तु प्रयोगजनितः समुदयवादोऽपरिशुद्धः।।

प्रत्यभिज्ञानादेश्च विशेषस्य प्रागेव निरस्तत्वात्। तत्र प्रयोगेण यो जनित उत्पादः, मूर्तिमद्-द्रव्यारब्धावयवकृतत्वात् स समुदायवादः, तथाभूताऽऽरब्धस्य समुदायात्मकत्वात्। तत एवाऽसावपरिशुद्धः, सावयवात्मकस्य तच्छब्दवाच्यत्वेन अभिप्रेतत्वाद्" (स.त.३/३२) इति।

"अत्राऽपरिशुद्धत्वं स्वाश्रययावदवयवोत्पादापेक्षया पूर्णस्वभावत्वम्। न ह्यपूर्णाऽवयवो घट उत्पद्यमानः कात्स्न्र्येनोत्पन्न इति व्यवह्रियते" (स्या.क.ल.स्तबक-७/का.१/पृ.३) इत्यधिकं **स्याद्वादकल्पलता**तोऽनुसन्धेयम्।

उपलक्षणात् प्रयोग-विस्रसोभयजन्यः तृतीयोऽप्युत्पादः ज्ञेयः, तदुपलम्भात्। इत्थमेव **भगवतीसूत्रे**

❀ શબ્દનિત્યતાનું નિરાકરણ ❀

(**प्रत्य.**) જો એવું કહો કે - "ઘટાદિમાં તેવી પ્રત્યભિજ્ઞા નથી થતી કે 'આ તે જ ઘટ છે.' જ્યારે 'હું તે જ ધ્વનિને, તે જ 'ક'કારને - 'ખ'કારને સાંભળી રહ્યો છું' - એવી પ્રત્યભિજ્ઞા થાય છે. એટલે શબ્દ નિત્ય જ છે. પુરુષનો પ્રયત્ન તો માત્ર તેની અભિવ્યક્તિ કરવામાં સાર્થક થાય છે" - તો આ વાત બરાબર નથી. **સંમતિતર્ક**ના પહેલા કાંડની પ્રથમ ગાથાની વ્યાખ્યામાં જ શબ્દનિત્યત્વવાદનો અથવા સ્ફોટવાદનો પ્રતિષેધ વિસ્તારથી થઈ ચૂક્યો છે. "આ તે જ 'ક'કાર છે" - આવી પ્રત્યભિજ્ઞા તો માત્ર સજાતીય વર્ણને પોતાનો વિષય બનાવે છે, નહિ કે શબ્દઅભેદને. પ્રયોગજન્ય ઉત્પાદને અહીં સમુદયવાદ કહેવાય છે. કારણ કે વસ્ત્ર-ઘટાદિ પદાર્થ તો મૂર્ત્ત (= રૂપાદિવિશિષ્ટ) પુદ્ગલ દ્રવ્યથી બનેલ નાના-મોટા અવયવોના સંયોજનથી ઉત્પન્ન થાય છે. આ રીતે તે અવયવોના સમુદાયથી વિરચિત હોવાથી કથંચિત્ અવયવસમુદાયાત્મક જ હોય છે. આથી આ ઉત્પાદ સમુદાયવાદ કહેવાયેલ છે. સમુદાયાત્મક હોવાથી જ આને અપરિશુદ્ધ કહેલ છે. કેમ કે જેમાં અનેક અવયવોનું મિલન હોય તેનો જ સમુદાય શબ્દથી નિર્દેશ કરાય છે. અહીં સમુદાયની પૂર્ણતા કે અપૂર્ણતા અવયવની પૂર્ણતા-અપૂર્ણતા ઉપર અવલંબિત છે આ જ અપરિશુદ્ધિ છે."

❀ ઉત્પત્તિની અશુદ્ધતાનું બીજ પરાધીનતા ❀

("**अत्रा.**) **स्याद्वादकल्पलता**ના સાતમા સ્તબકમાં **શ્રીઉપાધ્યાયજી** મહારાજ કહે છે કે "પોતાના (= ઉત્પન્ન થનાર વસ્તુના) આશ્રયભૂત સમસ્ત અવયવોથી નિષ્પાદ્ય ઉત્પાદની અપેક્ષાએ પૂર્ણ સ્વભાવવાળા હોવું આ જ ઉત્પત્તિગત અપરિશુદ્ધતા છે. અવયવો જો અપૂર્ણ હોય તો તેનાથી પૂર્ણ ઘટ ઉત્પન્ન થવાનો વ્યવહાર નથી થતો." આ બાબતમાં અધિક જાણકારી મેળવવા તે ગ્રંથનું અનુસંધાન કરવું.

સ્પષ્ટતા :- જે ઉત્પત્તિ કાર્યના આશ્રયભૂત સમસ્ત અવયવો દ્વારા સંપાદિત થાય તો જ પૂર્ણ થાય તે સમુદયવાદસ્વરૂપ પ્રયોગજનિત ઉત્પત્તિ કહેવાય. આમ અવયવીની ઉત્પત્તિમાં રહેલી અવયવોના ઉત્પાદની આધીનતા એ જ ઉત્પત્તિની અપરિશુદ્ધિ છે - આ તાત્પર્ય મહોપાધ્યાયજી મહારાજનું જણાય છે.

❀ ઉત્પત્તિનો ત્રીજો ભેદ ઓળખીએ ❀

(**उपल.**) અહીં મૂળ ગ્રંથમાં પ્રયોગજન્ય અને વિસ્રસાજન્ય - આમ ઉત્પત્તિના બે ભેદ બતાવેલ છે તે ઉપલક્ષણ સમજવું. અર્થાત્ ઉત્પત્તિના ફક્ત બે જ ભેદ નથી. પરંતુ ઉત્પત્તિનો ત્રીજો ભેદ પણ છે. તે છે પ્રયોગ-વિસ્રસાઉભયજન્ય ઉત્પત્તિ. આ ત્રીજો ભેદ શાસ્ત્રમાં ઉપલબ્ધ થાય છે. તેથી તેનો સ્વીકાર કરવો જરૂરી છે. ઉત્પત્તિનો આ ત્રીજો ભેદ માનવામાં આવે તો જ **ભગવતીસૂત્ર**ના આઠમા

अष्टमशतके **स्थानाङ्गसूत्रे** च तृतीयाध्ययने [1]"तिविहा पोग्गला पन्नत्ता, तं जहा - पओगपरिणया, मीससापरिणया, वीससापरिणया।" (भ.सू.श.८.उ.१,सूत्र-३०९ + स्था.३/३/१९२) इत्युक्तं सङ्गच्छेत।

भगवतीवृत्तौ श्रीअभयदेवसूरिभिः "मिश्रकपरिणताः = प्रयोग-विस्रसाभ्यां परिणताः प्रयोगपरिणाममत्यजन्तो विस्रसया स्वभावान्तरमापादिता मृतकडेवरादिरूपाः, अथवौदारिकादिवर्गणारूपा विस्रसया निष्पादिताः सन्तो ये जीवप्रयोगेणैकेन्द्रियादिशरीरप्रभृतिपरिणामान्तरमापादितास्ते मिश्रपरिणताः। ननु प्रयोगपरिणामोऽप्येवंविध एव। ततः क एषां विशेषः ?, सत्यम्, किन्तु प्रयोगपरिणतेषु विस्रसा सत्यपि न विवक्षिताः" (भ.सू.८/१/३०९ वृ.) इत्येवं विवक्षाभेदेन मिश्रपरिणामोत्पत्तिः समर्थिता।

स्थानाङ्गसूत्रवृत्तौ तु तैरेव "मीसत्ति प्रयोग-विस्रसाभ्यां परिणताः, यथा पटपुद्गलाः एव प्रयोगेण पटतया विस्रसापरिणामेन चाऽभोगेऽपि पुराणतया" (स्था.सू.३/३/१९२) इत्येवं व्याख्यातमित्यवधेयम्।

શતકમાં તથા **સ્થાનાંગસૂત્ર**ના ત્રીજા અધ્યયનમાં જે જણાવેલ છે તે સંગત થઈ શકે. ત્યાં જણાવેલ છે કે "પુદ્ગલો ત્રણ પ્રકારના બતાવાયેલ છે. તે આ રીતે (૧) પ્રયોગપરિણત, (૨) મિશ્રપરિણત તથા (૩) વિસ્રસાપરિણત."

❀ વિવક્ષાથી ત્રીજી ઉત્પત્તિ સ્વતંત્ર ❀

(**भग.**) મિશ્રપરિણત પુદ્ગલોની સ્પષ્ટતા કરતા **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "પ્રયોગ પરિણામનો ત્યાગ કર્યા સિવાય વિસ્રસાસ્વભાવથી પરિણામાંતરને (=અન્ય સ્વભાવને) પામેલા એવા પ્રયોગ-વિસ્રસાપરિણત મૃતકલેવરાદિ પુદ્ગલો તે મિશ્રપરિણત કહેવાય છે. અથવા વિસ્રસાથી પરિણત થયેલી ઔદારિકાદિ વર્ગણાઓ જીવના પ્રયોગથી જ્યારે એકેન્દ્રિયાદિના ઔદારિકાદિ શરીર વગેરે રૂપે પરિણત થાય ત્યારે તે પણ મિશ્રપરિણત કહેવાય છે. યદ્યપિ અહીં એવી શંકા થઈ શકે છે કે 'જે ઔદારિકાદિ શરીરપણે પરિણામ પામેલ ઔદારિકાદિ વર્ગણાઓ પ્રયોગપરિણત કહેવાય છે તે પણ આ પ્રકારની (= મિશ્રપરિણામવાળી) જ છે. તેથી પ્રયોગ પરિણામથી પરિણત થયેલા પુદ્ગલો અને મિશ્ર પરિણામથી પરિણત થયેલા પુદ્ગલો વચ્ચે શું ભેદ રહે ?' - આવી શંકાનું સમાધાન એ છે કે તમારી વાત સાચી છે. પરંતુ પ્રયોગ પરિણામથી પરિણત થયેલા પુદ્ગલોમાં વિસ્રસા પરિણામ હોવા છતાં પણ ત્યાં વિસ્રસાપરિણામની વિવક્ષા નથી. પણ જો વિસ્રસા અને પ્રયોગ એ ઉભયપરિણામની વિવક્ષા કરવામાં આવે તો તે મિશ્રપરિણત કહેવાય છે." આ રીતે વિવક્ષાવિશેષથી મિશ્રપરિણામજન્ય ઉત્પત્તિ પણ સ્વતંત્ર સિદ્ધ થાય છે.

❀ મિશ્રપરિણામી દ્રવ્યની વિચારણા ❀

(**स्था.**) **ઠાણાંગજીની વૃત્તિ**માં તો **અભયદેવસૂરિજી** મહારાજાએ જ આ મુજબ વ્યાખ્યા કરેલ છે કે 'પ્રયોગપરિણામથી અને વિસ્રસાપરિણામથી પરિણત થયેલા પુદ્ગલો મિશ્રપરિણત કહેવાય છે. જેમ કે વસ્ત્રના પુદ્ગલો જ પ્રયોગપરિણામથી વસ્ત્રરૂપે પરિણમેલા હોય છે તથા વસ્ત્રનો વપરાશ ન કરવામાં આવે તો પણ તે જ વસ્ત્રપુદ્ગલો જીર્ણરૂપે પરિણમે છે. તેથી જીર્ણ વસ્ત્રના પુદ્ગલો મિશ્રપરિણત કહેવાય'

---

1. त्रिविधाः पुद्गलाः प्रज्ञप्ताः, तद् यथा - प्रयोगपरिणताः, मिश्रकपरिणताः, विस्रसापरिणताः।

इत्थं प्रयोग-विस्रसोभयप्रकारेण पुद्गलोत्पादाभ्युपगमे एवोक्तपुद्गलत्रैविध्यं सङ्गच्छेत, अन्यथा मिश्र-परिणामित्वं पुद्गलेषु अनुपपन्नं स्यात्।

प्रत्येकोत्पादविशिष्टानां पुद्गलानां पञ्चविधत्वं **भगवत्यां** [1]"पओगपरिणया णं भंते ! पोग्गला कइविहा पन्नत्ता ? गोयमा ! पंचविहा पन्नत्ता, तं जहा - एगिंदियपओगपरिणया, बेइंदियपओगपरिणया जाव पंचिंदियपओगपरिणया (भ.सू.श.८, उ.१, सूत्र-३१०), [2]मीसापरिणया णं भंते ! पोग्गला कतिविहा पण्णत्ता ?, गोयमा ! पंचविहा पन्नत्ता, तं जहा - एगिंदियमीसापरिणया जाव पंचिंदियमीसापरिणया।" (भ.सू.श.८,उ.१, सूत्र-३११), [3]"वीससापरिणया णं भंते ! पोग्गला कतिविहा पन्नत्ता ? गोयमा ! पंचविहा पन्नत्ता, तं जहा - वन्नपरिणया, गंधपरिणया, रसपरिणया, फासपरिणया, संठाणपरिणया" (भ.सू.श.८, उ.१, सूत्र-३१२) इत्थ-

- આ વાત અહીં ખ્યાલમાં રાખવા જેવી છે. આ રીતે પુદ્ગલની ઉત્પત્તિ ખરેખર પ્રયોગ, વિસ્રસા અને ઉભય - આમ ત્રણ પ્રકારે થાય છે તેવું માનવામાં આવે તો જ પુદ્ગલના ઉપરોક્ત ત્રણ ભેદ સંગત થઈ શકે. અન્યથા મિશ્રપરિણામી કોને કહેવા ? એ પ્રશ્નનો કોઈ જવાબ નહિ મળે.

❀ ત્રિવિધ ઉત્પત્તિના ઉદાહરણો ❀

(प्रत्येको.) ઉત્પત્તિના જે ત્રણ ભેદ દર્શાવ્યા તે ત્રણેય ઉત્પત્તિથી વિશિષ્ટ એવા પુદ્ગલોના પાંચ-પાંચ ભેદ ભગવતીસૂત્રમાં બતાવેલા છે. તે સંદર્ભ **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે નીચે મુજબ જણાવેલ છે.

પ્રશ્ન :- હે ભગવંત ! પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના બતાવેલા છે ?

ઉત્તર :- હે ગૌતમ ! પ્રયોગપરિણત પુદ્ગલો પાંચ પ્રકારે બતાવેલા છે. તે આ રીતે - (૧) એકેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો, (૨) બેઈન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો, (૩) તેઈન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો, (૪) ચઉરિન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો, (૫) પંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો.

પ્રશ્ન :- હે ભગવંત ! મિશ્રપરિણામથી = પ્રયોગ-વિસ્રસાઉભયપરિણામથી પરિણત થયેલા પુદ્ગલો કેટલા પ્રકારના બતાવાયેલા છે ?

ઉત્તર :- હે ગૌતમ ! મિશ્રપરિણત પુદ્ગલો પાંચ પ્રકારના બતાવાયેલા છે. તે આ રીતે - (૧) એકેન્દ્રિય-મિશ્રપરિણામપરિણત, (૨) બેઈન્દ્રિયમિશ્રપરિણામપરિણત, (૩) તેઈન્દ્રિયમિશ્રપરિણામપરિણત, (૪) ચઉરિન્દ્રિયમિશ્રપરિણામપરિણત, (૫) પંચેન્દ્રિયમિશ્રપરિણામપરિણત.

પ્રશ્ન :- હે ભગવંત ! વિસ્રસાપરિણામથી પરિણત થયેલા પુદ્ગલો કેટલા પ્રકારના બતાવાયેલા છે ?

ઉત્તર :- હે ગૌતમ ! વિસ્રસાપરિણામપરિણત પુદ્ગલો પાંચ પ્રકારના બતાવાયેલા છે. તે આ રીતે - (૧) વર્ણપરિણામપરિણત પુદ્ગલો, (૨) ગંધપરિણામપરિણત પુદ્ગલો, (૩) રસપરિણામપરિણત પુદ્ગલો, (૪) સ્પર્શપરિણામપરિણત પુદ્ગલો, (૫) સંસ્થાનપરિણામપરિણત પુદ્ગલો."

---

1. प्रयोगपरिणताः णं भदन्त ! पुद्गलाः कतिविधाः प्रज्ञप्ताः ? गौतम ! पञ्चविधाः प्रज्ञप्ताः, तद् यथा - एकेन्द्रियप्रयोगपरिणताः, द्वीन्द्रियप्रयोगपरिणताः, यावत् पञ्चेन्द्रियप्रयोगपरिणताः। 2. मिश्रपरिणताः णं भदन्त ! पुद्गलाः कतिविधाः प्रज्ञप्ताः ? गौतम ! पञ्चविधाः प्रज्ञप्ताः, तद् यथा – एकेन्द्रियमिश्रपरिणताः यावत् पञ्चेन्द्रियमिश्रपरिणताः। 3. विस्रसापरिणताः णं भदन्त ! पुद्गलाः कतिविधाः प्रज्ञप्ताः ? गौतम ! पञ्चविधाः प्रज्ञप्ताः, तद् यथा – वर्णपरिणताः, गन्धपरिणताः, रसपरिणताः, स्पर्शपरिणताः, संस्थानपरिणताः।

मुक्तम्। ततोऽपि तृतीया मिश्रोत्पत्तिः सिध्यतीत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — **स्थानाङ्गसूत्र-भगवतीसूत्राद्यनुसारेण** सामान्यतया उत्पत्तिः प्रयोगतः विस्रसात उभयतो वा जायतां क्षपकश्रेणि-वीतरागता-केवलज्ञानाद्युत्पत्तिस्तु नैव वैस्रसिकी। अत एव तत्कृतेऽन्तरङ्गो ज्ञानपुरुषकारो बहिरङ्गश्च चारित्रपुरुषकारः कर्तव्य एव। विवेकपूर्वं जिनाज्ञानुसारेण उभयपुरुषकारसमन्वये एव [1]"जं अप्पसहावादो मूलोत्तरपयडिं संचियं मुयइ। तं मुक्खं" (द्र.स्व.प्र.१५८) इति **द्रव्यस्वभावप्रकाशा**ऽपराभिधाने **बृहन्नयचक्रे माइल्लधवल**वर्णितो मोक्षः सुलभः स्यात् ॥९/१९॥

આ મુજબ **ભગવતીસૂત્ર**માં પ્રત્યેક ઉત્પત્તિથી પરિણત પુદ્ગલોના પાંચ-પાંચ પ્રકારને બતાવેલા છે તેનાથી પણ મિશ્રોત્પત્તિ = પ્રયોગ-વિસ્રસાઉભયપરિણામજન્ય ઉત્પત્તિ સિદ્ધ થાય છે. આ વાત પણ અહીં ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

❦ મિશ્ર ઉત્પત્તિ પણ વાસ્તવિક ❦

સ્પષ્ટતા :- ભગવતીસૂત્રના ઉપરોકત બન્ને સંદર્ભો મિશ્રઉત્પત્તિને = પ્રયોગ-વિસ્રસાઉભય-પરિણામજન્ય ઉત્પત્તિને નિર્વિવાદપણે સિદ્ધ કરે છે. જે ઉત્પત્તિમાં જીવનો પ્રયત્ન કામ કરે અને પુદ્ગલનો સ્વાભાવિક પરિણામ પણ કામ કરે તે મિશ્ર ઉત્પત્તિ કહેવાય. ઉનાળાના કોરા (જલશૂન્ય) વાદળાની ઉત્પત્તિ વિસ્રસાજન્ય તથા ચોમાસાના સચિત્તપાણીવાળા વાદળાની ઉત્પત્તિ મિશ્રપરિણામજન્ય = પ્રયોગ -વિસ્રસાઉભયજન્ય = એકેન્દ્રિયમિશ્રપરિણામજન્ય = એકેન્દ્રિયપ્રયોગ-વિસ્રસાઉભયપરિણામજન્ય હોય - તેવું કહી શકાય.

❦ અંતરંગ-બહિરંગ સત્ પુરુષાર્થ ન ચૂકીએ ❦

આધ્યાત્મિક ઉપનય :- **સ્થાનાંગસૂત્ર, ભગવતીસૂત્ર** વગેરે મુજબ સામાન્યતયા ઉત્પત્તિ ભલે પ્રયોગજન્ય, વિસ્રસાજન્ય, ઉભયજન્ય - આમ ત્રણ પ્રકારે હોય. પરંતુ આપણી ક્ષપકશ્રેણિ, વીતરાગતા, કેવલજ્ઞાનાદિ વિભૂતિ વગેરેની ઉત્પત્તિ તો વિસ્રસાજન્ય નથી જ. તેથી જ તે માટે તો આપણે અંતરંગ જ્ઞાનપુરુષાર્થ અને બહિરંગ ચારિત્રપુરુષાર્થ કરવો જ રહ્યો. વિવેકપૂર્વક જિનાજ્ઞા મુજબ આ બન્ને ઉદ્યમમાં સંતુલન રાખીએ તો જ **બૃહદ્ નયચક્ર** (તેનું બીજું નામ છે **દ્રવ્યસ્વભાવપ્રકાશ**) ગ્રંથમાં દર્શાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં **માઈલ્લધવલે** જણાવેલ છે કે "પોતાના સ્વભાવના લીધે જીવ સંચિત થયેલ મૂલ-ઉત્તર કર્મપ્રકૃતિને છોડે છે, તે મોક્ષ કહેવાય છે." ચાલો, અંતરંગ-બહિરંગ સત્પુરુષાર્થને પ્રામાણિકપણે કેળવીને કૈવલ્યલક્ષ્મીને તથા મુક્તિને પ્રાપ્ત કરીએ. (૯/૧૯)

લખી રાખો ડાયરીમાં.....✍

- **વાસનાને આક્રમણમાં રસ છે.**
  ઉપાસનાને પ્રતિક્રમણમાં રસ છે.

---

1. यद् आत्मस्वभावाद् मूलोत्तरप्रकृतिं सञ्चितां मुञ्चति। स मोक्षः।

સહજઈ થાઈ તે વીસસા, સમુદય એકત્વ પ્રકાર રે;
♦સમુદય અચેતન ખંધનો, વલી સચિત્ત મીસ નિરધાર રે ॥૯/૨૦॥ (૧૫૩) જિન.

જે સહજઈ યતન વિના ઉત્પાદ થાઈ, તે વિશ્રસા ઉત્પાદ કહિઈઈ.

तार्किकमतेन विस्रसापरिणामजनितः समुत्पादः द्विविध इत्याह – '**अयत्नज**' इति।

अयत्नजो द्वितीयः, स समूहैकत्विकौ द्विधा।
जड-चेतन-मिश्राणां समुदयकृतो भवेत्।।९/२०।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अयत्नजः (उत्पादः) द्वितीयः। सः द्विधा – समूहैकत्विकौ (इति)। जड-चेतन-मिश्राणां (उत्पादः) समुदयकृतः भवेत् ॥९/२०॥

द्वितीयः = वैस्रसिकः उत्पादः **अयत्नजः** = पुरुषव्यापाराऽजन्यो भवति सूक्ष्मदृष्ट्या। पुरुषेतरकारकव्यापारजन्यत्वं तु नाऽस्य लक्षणं प्रायोगिकघटाद्युत्पादेऽतिव्याप्तेः, पुरुषेतरदण्ड -चक्रादिकारकव्यापारजन्यत्वात्।

न च पुरुषव्यापाराऽजन्यत्वे सति पुरुषेतरकारकव्यापारजन्यत्वस्य तल्लक्षणत्वे न कोऽपि

अवतरणिका :- તાર્કિકમત મુજબ વિસ્રસાપરિણામજન્ય ઉત્પત્તિના બે ભેદને ગ્રંથકારશ્રી દર્શાવે છે :-

❀ વિસ્રસા ઉત્પત્તિનું લક્ષણ ❀

શ્લોકાર્થ :- પ્રયત્ન વિના જે ઉત્પત્તિ થાય તે બીજી = વિસ્રસાજન્ય ઉત્પત્તિ છે. વૈસ્રસિક ઉત્પત્તિ બે પ્રકારે છે. (૧) સમુદાયજન્ય અને (૨) ઐકત્વિક. જડ, ચેતન અને મિશ્ર વસ્તુની વૈસ્રસિક ઉત્પત્તિ સમુદાયજનિત હોય છે. (૯/૨૦)

વ્યાખ્યાર્થ :- સૂક્ષ્મદૃષ્ટિથી એવું સમજવું કે વૈસ્રસિક = વિસ્રસાપરિણામજન્ય ઉત્પત્તિ જીવના પ્રયત્ન વિના ઉત્પન્ન થાય છે. 'જીવ સિવાયના કારકની પ્રવૃત્તિથી જે ઉત્પત્તિ ઉત્પન્ન થાય તે વૈસ્રસિક ઉત્પત્તિ' - આ પ્રમાણે વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ ન બનાવવું. કારણ કે ઘટ વગેરેની પ્રાયોગિક = જીવપ્રયોગજન્ય ઉત્પત્તિમાં વૈસ્રસિક ઉત્પત્તિના લક્ષણની અતિવ્યાપ્તિ આવશે. આશય એ છે કે કુંભાર દ્વારા ઘડાની ઉત્પત્તિ થાય તે પ્રાયોગિક ઉત્પત્તિ કહેવાય છે. પરંતુ ઘડાની ઉત્પત્તિ ફક્ત કુંભાર પ્રયત્નથી જ નથી થતી પરંતુ દંડ-ચક્ર-માટી વગેરે અન્ય કારકની પ્રવૃત્તિથી પણ તે નિષ્પન્ન થાય છે. તેથી 'જીવ સિવાયના કારકની પ્રવૃત્તિથી જે ઉત્પત્તિ થાય તે વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય' - આ પ્રમાણે જો વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ બનાવવામાં આવે તો પ્રાયોગિક ઉત્પત્તિમાં વૈસ્રસિક ઉત્પત્તિના લક્ષણની અતિવ્યાપ્તિ આવે. અલક્ષ્યમાં લક્ષણનું જવું તે જ અતિવ્યાપ્તિનું લક્ષણ છે.

શંકા :- (न च.) પુરુષવ્યાપારથી અજન્ય હોય અને પુરુષભિન્નકારકના વ્યાપારથી જે જન્ય હોય તે ઉત્પત્તિને વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય. આ રીતે પરિષ્કાર કરીને વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ બનાવી શકાય છે. વિશેષણ દ્વારા જ દર્શિત અતિવ્યાપ્તિને અવકાશ નહિ રહે. કેમ કે ઘટોત્પત્તિ પુરુષવ્યાપારથી

♦ કો.(૯+૧૦+૧૧) + લા.(૨)માં 'સમુદાય' પાઠ.

તે એક **સમુદયજનિત**, બીજો (પ્રકાર) **ઐકત્વિક.**✡

दोषः इति ***वाच्यम्,***

तर्हि लाघवात् पुरुषव्यापाराऽजन्यत्वमेव तल्लक्षणं न्याय्यमिति।

स च विस्रसाजन्य उत्पादो **द्विधा** = द्विप्रकारः, **समूहैकत्विकौ** = समुदायजनित ऐकत्विकश्चेति तत्र मूर्तिमद्द्रव्यावयवारब्धः समुदयकृतः इतरश्चैकत्विकः। **समुदयकृतः** = आद्यो वैस्रसिकोत्पादस्तु **जड-चेतन-मिश्राणाम्** = अभ्राद्यचेतनस्कन्ध-सचित्तशरीरादि-वस्त्रादिमिश्रशरीरवर्णादीनां **भवेत्**।

घटादीनामपि द्वितीयादिक्षणावच्छेदेन समुदयकृतवैस्रसिकोत्पादः भवति, प्रथमतया विशिष्ट-नाशस्य विशिष्टोत्पादनियतत्वात्।

અજન્ય નથી પરંતુ જન્ય છે. તેથી પ્રાયોગિક ઘટોત્પત્તિને વૈસ્રસિક માનવાની આપત્તિ નહિ આવે. તેથી 'જીવપ્રયત્ન વિના જે ઉત્પત્તિ થાય તે વૈસ્રસિક ઉત્પત્તિ' - આ મુજબ વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ બનાવવું વ્યાજબી છે.

❁ लाघवसहकारथी वैस्रसिक उत्पत्तिलक्षणनो निर्णय ❁

समाधान :- (**तर्हि**.) તમારા મત મુજબ પુરુષવ્યાપારઅજન્યત્વવિશિષ્ટ પુરુષભિન્નકારકવ્યાપારજન્યત્વને વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ માનવામાં પૂર્વોક્ત અતિવ્યાપ્તિ દોષને અવકાશ રહેતો નથી. પરંતુ ગૌરવ દોષ તો જરૂર આવે છે. તેના કરતાં લાઘવથી અમે બતાવ્યું તે રીતે પુરુષવ્યાપારથી અજન્યત્વને (શંકાકારદર્શિત વિશેષણને) જ વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ માનવું વધારે ન્યાયસંગત છે.

✧ विस्रसा उत्पत्तिना बे प्रकार ✧

(**स च**.) વિસ્રસાપરિણામથી જન્ય ઉત્પત્તિના બે પ્રકાર છે. (૧) સમુદાયજનિત વૈસ્રસિક ઉત્પત્તિ અને (૨) ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ. આ બે પ્રકારની વૈસ્રસિક ઉત્પત્તિમાંથી સમુદાયજનિત વૈસ્રસિક ઉત્પત્તિ તેને કહેવાય છે કે જે ઉત્પત્તિ મૂર્ત્ત = રૂપી દ્રવ્યના અવયવોથી જન્ય હોય. તે સિવાયની વૈસ્રસિક ઉત્પત્તિ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય છે. સમુદાયજનિત વૈસ્રસિક ઉત્પત્તિ તો જડ, ચેતન અને મિશ્ર વસ્તુની થાય છે. આકાશમાં જલશૂન્ય વાદળાની ઉત્પત્તિ વગેરે અચિત્ત પુદ્ગલ સ્કંધની પ્રાકૃતિક ઉત્પત્તિ જડસંબંધી સમુદાયકૃત સ્વાભાવિક ઉત્પત્તિ સમજવી. સચિત્ત શરીર વગેરેની સ્વાભાવિક ઉત્પત્તિ જીવસંબંધી સમુદાયકૃત વૈસ્રસિક ઉત્પત્તિ જાણવી. તથા વસ્ત્રાદિયુક્ત મિશ્રશરીરના વર્ણ-ગંધ વગેરેની નૈસર્ગિક ઉત્પત્તિ મિશ્રસંબંધી સમુદાયજન્ય વૈસ્રસિક ઉત્પત્તિ તરીકે ઓળખવી.

❁ घटनी पण वैस्रसिक उत्पत्तिने समजीए ❁

(**घटा**.) ઘટ, પટ વગેરેની પણ સમુદાયજનિત વૈસ્રસિક ઉત્પત્તિ થઈ શકે છે. આનું કારણ એ છે કે ઘટ, પટ આદિ કાર્યો પણ દ્વિતીય, તૃતીય વગેરે ક્ષણોમાં પ્રથમ ક્ષણ વખતે જેવા હતા તેવા જ સર્વથા નથી રહેતા. પૂર્વક્ષણોત્પન્નપર્યાયવિશિષ્ટરૂપે ઉત્તર ક્ષણમાં ઘટ-પટાદિ કાર્યોનો નાશ થાય છે. તેમજ વિશિષ્ટનો નાશ વિશિષ્ટઉત્પત્તિનો વ્યાપ્ય હોય છે. તેથી ઉત્તરક્ષણમાં = દ્વિતીયાદિક્ષણોમાં

✡. લી.(૧)માં 'એકકર્તૃક' પાઠ.

उक्तं च - [1]"साहविओ वि समुदयकओ व्व एगत्तिओव्व[✲] होज्जाहि।" (स.त.३.३३)

સમુદયજનિત વિશ્રસાઉત્પાદ, તે **અચેતનસ્કંધ**[✝] અભ્રાદિકનો. (વલી=) તથા **સચિત્ત મિશ્ર** શરીર વર્ણાદિકનો **નિર્ધાર** જાણવો. ॥૯/૨૦॥

न हि मूर्तावयवसंयोगकृतत्वं समुदयजनितत्वम्, किन्तु मूर्तावयवनियतत्वम्। तच्च तदवस्थाऽवयवस्थाऽप्यवस्थाविशेषात् सम्भवीति (स्या.क.ल.७/१/पृ.८) **स्याद्वादकल्पलतानुसारेण** अनुसन्धेयम्।

तदुक्तं **सम्मतितर्के** अपि [1]"साभाविओ वि समुदयकओ व्व एगत्तिओ व्व होज्जाहि" (स.त.३/३३) इति। **तद्वृत्ति**लेशस्त्वेवम् "स्वाभाविकश्च द्विविध उत्पादः - एकः समुदयकृतः प्राक्प्रतिपादितावयवाऽऽरब्धो घटादिवत्। अपरश्च ऐकत्विकः अनुत्पादिताऽमूर्तिमद्द्रव्यावयवारब्ध आकाशादिवद्" (स.त.३/३३ वृ.) इति।

નૂતનપર્યાયવિશિષ્ટરૂપે ઘટાદિની ઉત્પત્તિ પણ સિદ્ધ થાય છે. તથા આ ઉત્પત્તિ જીવપ્રયત્નથી અજન્ય છે અને મૂર્ત્તદ્રવ્યાવયવોથી આરબ્ધ છે. તેથી દ્વિતીયાદિક્ષણાવચ્છેદેન અભિનવપર્યાયવિશિષ્ટરૂપે ઘટ-પટાદિ કાર્યની જે ઉત્પત્તિ થાય છે તે પણ સમુદાયકૃત વૈસ્રસિક ઉત્પત્તિસ્વરૂપ જ છે - તેવું નિશ્ચિત થાય છે.

❋ સમુદયજનિત વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ ❋

(**न हि.**) અહીં એક અન્ય બાબત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે પ્રથમ પ્રકારની વૈસ્રસિક ઉત્પત્તિમાં રહેનાર મૂર્ત્તદ્રવ્યઅવયવઆરબ્ધત્વરૂપ જે સમુદાયજનિતત્વ છે તે મૂર્ત્તઅવયવસંયોગકૃતત્વ સ્વરૂપ નથી. પરંતુ તેને મૂર્ત્તઅવયવનિયતત્વસ્વરૂપ માનવું વ્યાજબી છે. તેથી દ્વિતીયાદિક્ષણઅવચ્છેદેન ઘટાદિની પ્રથમક્ષણવિશિષ્ટઘટાદિનાશવ્યાપ્ય દ્વિતીયાદિક્ષણવિશિષ્ટ-ઘટાદિઉત્પત્તિ = નૂતનપર્યાયવિશિષ્ટઘટાદિ-ઉત્પત્તિમાં પણ સમુદાયકૃત વૈસ્રસિક ઉત્પત્તિનું લક્ષણ સંગત થઈ જશે. કારણ કે દ્વિતીયાદિ ક્ષણોમાં ઘટાદિ કાર્યના અવયવો ભલે પૂર્વવત્ રહેલા હોય તો પણ તે અવસ્થામાં અભિનવપર્યાયવિશિષ્ટરૂપે ઘટ-પટ આદિ કાર્યની જે ઉત્પત્તિ થાય છે તે મૂર્ત્તદ્રવ્ય-અવયવસંયોગકૃત ન હોવા છતાં મૂર્ત્તદ્રવ્યઅવયવનિયત તો છે જ. તેથી તે સ્વાભાવિક ઉત્પત્તિમાં સમુદાયકૃતત્વ રહી જશે. આ પ્રમાણે **સ્યાદ્વાદકલ્પલતા** મુજબ અનુસંધાન કરવું.

❋ સમ્મતિકારના મત મુજબ વૈસ્રસિક ઉત્પત્તિનો વિચાર ❋

(**तदुक्तं.**) **સંમતિતર્કપ્રકરણ**માં પણ જણાવેલ છે કે "સ્વાભાવિક = સ્વભાવજનિત = વિસ્રસાપરિણામ-જન્ય = વૈસ્રસિક ઉત્પત્તિ પણ બે પ્રકારે છે. સમુદયકૃત અને ઐકત્વિક." તર્કપંચાનન **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે આ ગાથાની વ્યાખ્યા વિસ્તારથી કરેલ છે. તેનો ઉપયોગી અંશ આ પ્રમાણે જાણવો. "તથા સ્વાભાવિક = વૈસ્રસિક ઉત્પત્તિ પણ બે પ્રકારની છે. એક સમુદયકૃત ઉત્પત્તિ છે. જેમ પૂર્વે બતાવેલ મૂર્ત્તદ્રવ્યના અવયવોથી ઘટ વગેરેની સમુદયકૃત પ્રાયોગિક ઉત્પત્તિ થાય છે તેમ વાદળ, વીજળી વગેરેની સમુદયકૃત વૈસ્રસિક ઉત્પત્તિ પણ મૂર્ત્ત દ્રવ્યના અવયવોથી જ થાય છે. તેથી વાદળા આદિની ઉત્પત્તિ પણ સમુદયકૃત કહેવાય છે. બન્ને ઉત્પત્તિમાં ફરક એટલો છે કે ઘટાદિની સમુદયકૃત પ્રાયોગિક ઉત્પત્તિ પ્રત્યે જીવપ્રયત્ન કારણ બને છે જ્યારે વાદળા વગેરની સમુદયકૃત વૈસ્રસિક ઉત્પત્તિમાં જીવપ્રયત્ન કારણ

✲ પુસ્તકોમાં 'ज्त्थ' પાઠ. કો.(૯) + સિ. + લા.(૨) નો પાઠ લીધો છે. ✝ કો.(૯)માં 'અચેતનસ્કંધ વિભાગઈ' પાઠ.

1. स्वाभाविकोऽपि समुदयकृतः वा ऐकत्विको वा भवेत्।

विस्तरतस्तु ऐकत्विकवैस्रसिकोत्पत्तिः अग्रे (९/२१-२२-२३) वक्ष्यत इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — 'अभ्राऽशन्याद्युत्पत्तिः समुदयजन्या वैस्रसिकी' इति ज्ञात्वा ग्रीष्मर्तौ मध्याह्नकाले अनुपानत्कपादविहारेण जिनालयोपाश्रयगमन-भिक्षाटनादिक्रियाकरणे 'अम्बरे अभ्राणि अचिरेण व्याप्नुवन्तु' इत्याद्यभिलाषा न कार्या, अभ्रोत्पत्तेः वैस्रसिकत्वेन अस्मदभिलाषाननुसारित्वात्। ततश्चेष्टवियोगनिमित्तमार्त्तध्यानं त्याज्यम्। इत्थं निदाघकाले शीतपवनेच्छा, शिशिरसमये चातपेच्छा आर्त्तध्यानाऽऽपादिका सन्त्याज्या। न हि वैस्रसिकी उत्पत्तिः अस्मदिच्छाऽधीना। न वा अन्यथासिद्धाऽऽनयने कश्चिद् यतते विपश्चित्। इत्थम् आर्त्तध्यानादित्यागेन असङ्गदशाप्राप्तितः "सर्वोपाधिविशुद्धस्वात्मलाभो मोक्षः" (अ.व्य.पृ.७) **अनेकान्तव्यवस्था**दर्शितः सुलभः स्यात् ॥९/२०॥

બનતો નથી. તથા બીજી વૈસ્રસિક ઉત્પત્તિ ઐકત્વિક છે. જેમ કે આકાશ વગેરે દ્રવ્યની ઉત્પત્તિ અવયવસમૂહથી અનુત્પાદિત એવા અમૂર્ત્ત = અરૂપી દ્રવ્યના અવયવથી (= આકાશપ્રદેશાદિથી) જન્ય હોવાથી ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય છે." ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિની વધુ છણાવટ ૨૧ + ૨૨ + ૨૩ મા શ્લોકમાં કરવામાં આવશે. આકાશાદિની ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ ૨૩ મા શ્લોકમાં દર્શાવાશે. તેની વાચકવર્ગે નોંધ રાખવી.

☼ વૈસ્રસિક ઉત્પત્તિની સમજણ કર્મબંધથી બચાવે ☼

આધ્યાત્મિક ઉપનય :- 'વાદળા, વીજળી વગેરેની સ્વાભાવિક ઉત્પત્તિ સમુદયકૃત છે' - આવું જાણીને ઉનાળામાં ભરબપોરે ખુલ્લા તડકામાં દેરાસર-ઉપાશ્રય જતી વેળાએ કે દૂરના ઘરોમાં ગોચરી જતી વખતે કે વિહારસમયે 'આકાશમાં વાદળા છવાઈ જાય તો સારું' - આવી ઈચ્છા ન કરવી. કેમ કે તેવી ઈચ્છા કરવાથી આકાશમાં વાદળા આવી જવાના નથી. તથાવિધ નૈસર્ગિક પૌદ્ગલિક પ્રક્રિયા થાય તો જ વાદળાની ઉત્પત્તિ થાય, અન્યથા ન થાય. તો આપણે તેવી ઈચ્છા કરીને શા માટે ઈષ્ટવિયોગનિમિત્તક આર્ત્તધ્યાન કરવું ? તે જ રીતે ઉનાળામાં 'ઠંડો પવન વાય તો સારું', ચોમાસામાં 'વરસાદ પડે તો સારું' અને શિયાળામાં 'તડકો નીકળે તો સારું' - આવી કામના કરીને આર્ત્તધ્યાન કરી કર્મબંધ ન થઈ જાય તેની સાવધાની રાખવી. કેમ કે આવા પ્રકારની ઉત્પત્તિ સમુદાયકૃત વૈસ્રસિક ઉત્પત્તિ છે. જીવના પ્રયત્નની તેમાં કશી જ આવશ્યકતા રહેતી નથી. વૈસ્રસિક ઉત્પત્તિ પ્રત્યે આપણી ઈચ્છા કે પ્રયત્ન અન્યથાસિદ્ધ છે, અકારણ છે. જેની કોઈ કિંમત ન હોય, જેની કોઈ આવશ્યકતા ન હોય, જેનું કોઈ પ્રયોજન ન હોય તેને લાવવાની મજૂરી ડાહ્યો માણસ શા માટે કરે ? આવો આધ્યાત્મિક સંદેશ અહીં મેળવવા યોગ્ય છે. આ રીતે આર્ત્તધ્યાન વગેરેનો ત્યાગ કરીને અસંગદશા પ્રાપ્ત થવાથી તમામ ઉપાધિઓથી (= દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી) રહિત (= વિશુદ્ધ) પોતાના ચૈતન્યસ્વરૂપની ઉપલબ્ધિસ્વરૂપ મોક્ષ સુલભ બને. મોક્ષનું આવું સ્વરૂપ **અનેકાન્તવ્યવસ્થા** પ્રકરણમાં જણાવેલ છે.(૯/૨૦)

સંયોગ વિના એકત્વનો તે દ્રવ્યવિભાગઈ સિદ્ધ રે;
જિમ ખંધ વિભાગઈ અણુપણું, વલી કર્મવિભાગઈ સિદ્ધ રે ॥૯/૨૧॥ (૧૫૪) જિન.

સંયોગ વિના જે વિસ્રસાઉત્પાદ તે **ઐકત્વિક** જાણવો. **તે દ્રવ્યવિભાગઈ સિદ્ધ** કહતાં ઉત્પન્ન જાણવો. **જિમ** દ્વિપ્રદેશાદિક **સ્કંધ વિભાગઈ અણુપણું** કહતાં પરમાણુ દ્રવ્યનો ઉત્પાદ (**વલી**=) તથા □**કર્મવિભાગઈ સિદ્ધપર્યાયનો** ઉત્પાદ.

અધુના અવસરસઙ્ગતં વિસ્રસાપરિણામજન્યમૈકત્વિકોત્પાદમાવિષ્કરોતિ – '**संयोगमि**'ति।

संयोगमृत एकत्वम्, द्रव्यविभागतो यथा।
स्कन्धविभागतोऽणुत्वम्, कर्मविभागतः शिवः।।९/२१।।

પ્રકૃતે દણ્ડાન્વયસ્ત્વેવમ્ – संयोगम् ऋते द्रव्यविभागतः (जायमानमुत्पादम्) एकत्वं (जानीयात्)। यथा स्कन्धविभागतः अणुत्वम्, कर्मविभागतः (च) शिवः।।९/२१।।

संयोगम् = अवयवसंयोगम् **ऋते** = विना एव जायमानं वैस्रसिकम् **एकत्वम्** = ऐकत्विकम् उत्पादं विजानीयात्। स चैकत्विकवैस्रसिक उत्पादः **द्रव्यविभागतः** जायते। **यथा स्कन्धविभागतः** = द्विप्रदेशादिकस्कन्धद्रव्याऽवयवविभागतः **अणुत्वं** = परमाणुद्रव्योत्पादः ऐकत्विकवैस्रसिकोत्पाद उच्यते, स्वगतैकत्वपरिणामप्रयुक्तत्वात्। एवं **कर्मविभागतः** = ज्ञानावरणाद्यष्टकर्मद्रव्यविभागजन्यः **शिवः** = सिद्धपर्यायोत्पादोऽपीह ऐकत्विकः स्वाभाविक उत्पाद उच्यते, तत एव।

यत्तु द्रव्याऽसमवायिकारणीभूतसंयोगनाशेन पूर्वपटनाशोत्तरं द्रव्यारम्भकावयवसंयोगादेव नूतन-

---

અવતરણિકા :- સમુદયકૃત વૈસ્રસિક ઉત્પત્તિનું પ્રતિપાદન કર્યા બાદ હવે ગ્રંથકારશ્રી અવસરસંગતિપ્રાપ્ત વિસ્રસાપરિણામજન્ય ઐકત્વિક ઉત્પત્તિને સમજાવે છે :-

❁ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિની વ્યાખ્યા ❁

શ્લોકાર્થ :- સંયોગ વિના દ્રવ્યવિભાગથી થનાર વૈસ્રસિક ઉત્પત્તિને ઐકત્વિક જાણવી. જેમ કે સ્કંધવિભાગથી થનાર અણુપણું (= અણુજન્મ) તથા કર્મવિભાગજન્ય મોક્ષ. (૯/૨૧)

વ્યાખ્યાર્થ :- અવયવસંયોગ વિના જ ઉત્પન્ન થનાર સ્વાભાવિક ઉત્પત્તિને 'ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ' જાણવી. આ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ દ્રવ્યવિભાગથી ઉત્પન્ન થાય છે. જેમ કે દ્વિપ્રદેશિક વગેરે સ્કંધ દ્રવ્યના અવયવોનો વિભાગ = વિયોગ થવાથી જે અણુત્વ = પરમાણુ દ્રવ્યની ઉત્પત્તિ થાય છે તે ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય છે. કેમ કે અવયવસમુદાયસંયોગ વિના જ સ્વાભાવિક રીતે અવયવવિભાગથી પરમાણુની જે ઉત્પત્તિ થાય છે તે સ્વગત એકત્વપરિણામથી પ્રયુક્ત છે. આ જ રીતે જ્ઞાનાવરણીય આદિ આઠેય કર્મદ્રવ્યના વિભાગથી થનારી સિદ્ધપર્યાયની ઉત્પત્તિ પણ જિનશાસનમાં ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય છે. કેમ કે તે પણ આત્મદ્રવ્યગત એકત્વપરિણામથી પ્રયુક્ત છે.

❁ સંયોગથી જ દ્રવ્યોત્પત્તિ : નૈયાયિક ❁

નૈયાયિક :- (**यत्तु**.) પૂર્વકાલીન પટના અસમવાયિકારણીભૂત અવયવસંયોગનો નાશ થવાથી પૂર્વકાલીન

□ આ.(૧)માં 'तथा-तथाकर्म...' પાઠ.

"અવયવસંયોગઈં જ દ્રવ્યની ઉત્પત્તિ હોઈ, પણિ વિભાગઈં ન હોઈ" - એહવું જે **નૈયાયિકાદિક** કહઈ છઈ, તેહનઈં ♦એકતન્ત્વાદિવિભાગઈં ♣ખંડપટોત્પત્તિ કિમ ઘટઈ ? ✲પ્રતિબંધકાભાવસહિત-અવસ્થિતાવયવસંયોગનઈં હેતુતા કલ્પતાં મહાગૌરવ હોઈ.

પટસ્ય ઉત્પત્તિઃ ભવતિ, ન ત્વવયવવિભાગાત્, તસ્યાऽવયવિનાશકત્વાદિતિ નૈયાયિકમતમ્,

તન્ન યુક્તમ્, એકતન્ત્વાદિવિભાગેન ખણ્ડપટોત્પત્ત્યનુપપત્તેઃ।

ન ચ મહાપટસત્ત્વે ખણ્ડપટાનુત્પાદેન અન્ત્યાવયવિનઃ તં પ્રતિ પ્રતિબન્ધકત્વં પ્રકલ્પ્ય પ્રતિબન્ધકાऽભાવસહિતાऽવસ્થિતાવયવસંયોગત્વેનૈવ હેતુતાકલ્પનાન્નાऽયં દોષ ઇતિ ***વાચ્યમ્,***

પટનો નાશ થાય છે. તથા ત્યાર બાદ નૂતન પટાદિ દ્રવ્યના આરમ્ભક = સમવાયિકારણીભૂત તન્તુઆદિ અવયવોના સંયોગથી (= અસમવાયિકારણીભૂત તંતુસંયોગથી) જ નૂતન પટ દ્રવ્યની ઉત્પત્તિ થઈ શકે. તંતુ આદિ અવયવોના વિભાગથી પટાત્મક સમવેત કાર્યની ઉત્પત્તિ થઈ ન શકે. ટૂંકમાં દ્રવ્યોત્પત્તિ અવયવસંયોગથી થાય, અવયવવિભાગથી નહિ. અવયવવિભાગ તો કાર્યદ્રવ્યનો નાશક છે, ઉત્પાદક નહિ.

❁ નૈયાયિકમાન્ય ઉત્પત્તિ પ્રક્રિયાનું નિરાકરણ ❁

જૈન :- (તન્ન.) ઉપરોક્ત જે નૈયાયિકમત છે તે વ્યાજબી નથી. કારણ કે જો અવયવવિભાગથી દ્રવ્યોત્પત્તિ ન જ થતી હોય તો ૧૦૧ તંતુઓથી બનેલ પટ દ્રવ્યમાંથી એક તંતુનો વિભાગ થતાં શતતંતુક પટની (= ખંડ પટની) ઉત્પત્તિ થાય છે, તે સંગત નહિ થઈ શકે. પ્રસ્તુત ખંડ પટની ઉત્પત્તિ તો અવયવવિભાગથી જ થાય છે, અવયવસંયોગથી નહિ. તેથી અવયવસંયોગની જેમ અવયવવિભાગને પણ કાર્યોત્પાદક માનવો જરૂરી છે.

❯ પ્રતિબંધકાભાવસહિત કારણતાકલ્પના : નૈયાયિક ❮

નૈયાયિક :- (ન ચ મહા.) જ્યાં સુધી મહા પટ હાજર હોય ત્યાં સુધી ખંડ પટની ઉત્પત્તિ થઈ શકતી નથી. મહા પટ અંત્ય અવયવી દ્રવ્ય છે. તથા ખંડ પટ અનન્ત્ય અવયવી છે. અનન્ત્ય અવયવી દ્રવ્યની ઉત્પત્તિ પ્રત્યે અંત્ય અવયવી દ્રવ્ય પ્રતિબંધક હોય છે. તેથી ખંડ પટ પ્રત્યે અંત્ય અવયવી એવા મહા પટને પ્રતિબંધક માનવો જરૂરી છે. તથા કાર્યમાત્ર પ્રત્યે પ્રતિબંધકાભાવ કારણ બને જ છે. પ્રતિબંધકાભાવને સ્વતંત્ર કારણ ન માનવું હોય તો પ્રતિબંધકાભાવવિશિષ્ટ અવસ્થિત તંતુસંયોગને ખંડ પટ પ્રત્યે કારણ માની શકાય છે. કાર્યતાઅવચ્છેદક ધર્મ ખંડપટત્વ બનશે. તથા કારણતાવચ્છેદક ધર્મ બનશે મહાપટાભાવવિશિષ્ટ અવસ્થિતતંતુસંયોગત્વ. મતલબ કે મહા પટનો નાશ થતાં પૂર્વવત્ અવસ્થામાં રહેલ તંતુઓનો સંયોગ ખંડ પટને ઉત્પન્ન કરશે. તેથી અવયવવિભાગને ખંડપટજનક માનવાની જરૂર નથી. અવયવસંયોગ જ પ્રતિબંધકાભાવવિશિષ્ટ બનશે ત્યારે ખંડ પટને ઉત્પન્ન કરશે. આમ નિશ્ચિત થાય છે કે અવયવસંયોગ જ દ્રવ્યોત્પાદક છે, અવયવવિભાગ નહિ.

♦ શાં.માં 'એકત્વતાદિ' અશુદ્ધ પાઠ. ♣ લી.(૩)માં 'ખંડઘટો...' પાઠ. ✲ લી.(૨+૩) + કો.(૧૦+૧૧)માં 'પ્રતિબંધકાલભાવ' પાઠ.

खण्डपटं प्रति महापटस्य प्रतिबन्धकत्वकल्पनेन कारणतावच्छेदकशरीरे महागौरवात्, लाघवेनाऽवयवविभागत्वेनैव खण्डपटं प्रति कारणताकल्पनाया न्याय्यत्वात्।

एतेन "पूर्वस्य द्रव्यस्य प्रतिबन्धकस्य विनाशे द्रव्यान्तरोत्पत्तिः" (मुक्ता.११३) इति **मुक्तावलीकारस्य विश्वनाथस्य** मतं ***निरस्तम्***।

अन्त्यावयविनि सति अपि पटादौ खण्डपट-महापटाद्युत्पत्तिदर्शनात्, 'तद्धेतोरस्तु किं तेन ?'

❀ જૈનમતમાં કારણતાઅવચ્છેદકધર્મમાં લાઘવ ❀

જૈન :- (**खण्ड.**) તમે નૈયાયિક વિદ્વાનો તો લાઘવપ્રિય છો. તો પછી શા માટે ઉપરોક્ત રીતે કાર્યકારણભાવનો સ્વીકાર કરો છો ? ખંડ પટ પ્રત્યે મહા પટને પ્રતિબંધક માનીને પ્રતિબંધકાભાવવિશિષ્ટ અવસ્થિતઅવયવસંયોગત્વને ખંડ પટનો કારણતાઅવચ્છેદક ધર્મ માનવામાં તો મહાગૌરવ દોષ લાગુ પડે છે. તેના કરતાં અવયવવિભાગત્વને જ ખંડપટકારણતાઅવચ્છેદકધર્મ માનવામાં લાઘવ છે. આમ લાઘવ સહકારથી અવયવવિભાગત્વરૂપે જ ખંડપટકારણતા માનવી ન્યાયસંગત છે. આવી કલ્પના કરવામાં પ્રતિબંધકાભાવનો કારણતાઅવચ્છેદકકુક્ષિમાં પ્રવેશ કરવાનું ગૌરવ લાગુ નથી પડતું.

❀ મુક્તાવલીકારમતની સમીક્ષા ❀

(**एतेन.**) 'નૂતનપટની ઉત્પત્તિમાં પ્રતિબંધક એવા પૂર્વ પટનો નાશ થયા પછી જ નૂતન પટની ઉત્પત્તિ થાય' - આ મુજબ **મુક્તાવલીકાર વિશ્વનાથ ભટ્ટે** જે કહેલ છે, તેનું પણ નિરાકરણ ઉપરોક્ત કથનથી થઈ જાય છે. કારણ કે તેવું માનવામાં ગૌરવ છે.

❀ અવયવસંયોગને દ્રવ્યોત્પાદક માનવામાં વ્યભિચાર ❀

(**अन्त्या.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે અવયવસંયોગને પ્રતિબંધકાભાવવિશિષ્ટ અવયવસંયોગત્વરૂપે દ્રવ્યોત્પાદક માનવામાં વ્યભિચાર પણ આવે છે. કારણ કે અંત્ય અવયવી એવા ૧૦૧ તંતુનિર્મિત પટમાં બે તંતુ જોડવામાં આવે તો ૧૦૩ તંતુવાળો મહાપટ ૧૦૧ તંતુવાળા પટમાં ઉત્પન્ન થાય છે. તથા તેમાંથી એક તંતુ કાઢી લેવામાં આવે તો ૧૦૨ તંતુમય ખંડ પટ એ ૧૦૧ તંતુમય પટમાં (= અંત્યઅવયવીમાં) ઉત્પન્ન થાય છે. આમ વણકર દ્વારા તૈયાર થઈ ચૂકેલ ૧૦૧ તંતુમય પટ સ્વરૂપ અંત્ય અવયવી હાજર હોવા છતાં ૧૦૩ તંતુમય મહા પટની અને ૧૦૨ તંતુમય ખંડ પટની ઉત્પત્તિ થતી દેખાય છે. તેથી અંત્ય અવયવીને ખંડ પટ પ્રત્યે પ્રતિબંધક માનવાનો નૈયાયિકસિદ્ધાન્ત બાધિત થાય છે. જે હાજર હોવા છતાં કાર્ય ઉત્પન્ન થાય તેને પ્રતિબંધક કઈ રીતે મનાય ? ન જ મનાય. તેમજ ૧૦૩ તંતુમય મહા પટમાંથી ૧૦૨ તંતુમય ખંડ પટની ઉત્પત્તિ પ્રત્યે અવયવસંયોગની = વિજાતીયસંયોગની = આતાન-વિતાનાત્મક સંયોગવિશેષની કારણતા પણ બાધિત થાય છે. કારણ કે 'જે વિજાતીયસંયોગથી દ્રવ્યની ઉત્પત્તિ થાય છે તે વિજાતીયસંયોગ પ્રત્યે શું કારણ છે ?' આ પ્રશ્નના જવાબમાં નૈયાયિકે 'अन्ततो गत्वा' કહેવું પડશે કે 'પરમાણુમાં રહેનારો વિશેષ સ્વભાવ જ વિજાતીયસંયોગ પ્રત્યે કારણ છે.' તો પછી પરમાણુમાં રહેનારા વિશેષસ્વભાવના કારણે વિજાતીયસંયોગની ઉત્પત્તિ માનવા કરતાં વિશેષસ્વભાવથી સીધે સીધી દ્રવ્યની ઉત્પત્તિને માનવી એ જ 'तद्धेतोरस्तु किं तेन ?' ન્યાયથી વ્યાજબી છે. આમ દ્રવ્યમાત્ર પ્રત્યે = સર્વ કાર્ય દ્રવ્ય પ્રત્યે

તે માટઈ ઈહાં♦ કિહાંઈક સંયોગ, કિહાંઈક વિભાગ દ્રવ્યોત્પાદક માનવો. તિવારઈ વિભાગજ પરમાણૂત્પાદ પણિ અર્થસિદ્ધ થયો. એ ***सम्मति***માંહિ સૂચિઉં છઈ. **तदुक्तम्** -

[1]दव्वंतरसंजोगाहि❖ केई दवियस्स बेंति उप्पायं।
उप्पायत्थाऽकुसला विभागजायं ण इच्छंति।। (स.त.३.३८)

इति न्यायेन विजातीयसंयोगकारणविधया अभिमतेन कारणस्वभावविशेषेणैव कार्यद्रव्योत्पत्तिसम्भवे विजातीयसंयोगस्य द्रव्यत्वावच्छिन्नहेतुत्वाऽसिद्धेः (स्या.क.ल. १/४९/पृ.१४८-५०) इति **स्याद्वादकल्पलतायां** प्रथमस्तबके व्यक्तम्।

तस्माद् घट-पटादौ अवयवसंयोगस्य खण्डघट-पटादौ चावयवविभागस्य कारणता कल्पनीया। इत्थञ्च अवयवसमुदायसंयोगं विनैव स्वगतैकत्वपरिणामप्रयुक्तो द्विप्रदेशिकस्कन्धाद्यवयवविभागजन्यः ऐकत्विकः वैस्रसिकः परमाणूत्पादोऽप्यर्थतः सिद्ध एव।

इदमेवाऽभिप्रेत्य **सम्मतितर्के** [1]"दव्वंतरसंजोगाहि केई दवियस्स बेंति उप्पायं। उप्पायत्थाऽकुसला

વિલક્ષણ = વિજાતીય સંયોગની કારણતા અસિદ્ધ છે, પ્રમાણબાધિત છે. ટૂંકમાં, ખંડ પટ પ્રત્યે અવયવસંયોગ નહિ પણ અવયવવિભાગ કારણ છે. તેથી 'અવયવસંયોગથી જ કાર્ય થાય, અવયવવિભાગથી નહિ' - આવી નૈયાયિકમાન્યતા બરાબર નથી. અવયવવિભાગથી પણ કાર્ય ઉત્પન્ન થાય છે. આ વાત **સ્યાદ્વાદકલ્પલતા**ના પ્રથમ સ્તબકમાં સ્પષ્ટપણે દર્શાવેલ છે.

✡ સંયોગ-વિભાગ બન્નેમાં સ્વતન્ત્ર કારણતા ✡

(**तस्मा.**) તેથી ઘટ, પટ વગેરે કાર્ય પ્રત્યે અવયવસંયોગ કારણ છે તથા ખંડઘટ-ખંડપટ પ્રત્યે અવયવવિભાગ કારણ છે - તેવું સ્વીકારવું જોઈએ. આ રીતે સ્વીકારવામાં આવે તો દ્વિપ્રદેશિક સ્કંધ વગેરેના અવયવોના વિભાગથી થનારી પરમાણુની વૈસ્રસિક ઉત્પત્તિ પણ અર્થતઃ સિદ્ધ થઈ જ જાય છે. આ વૈસ્રસિક ઉત્પત્તિ ઐકત્વિક કહેવાય છે. કારણ કે તે ઉત્પત્તિ અવયવસમુદાયસંયોગ વિના સ્વગત એકત્વપરિણામથી પ્રયુક્ત છે. આમ પરમાણુની ઉત્પત્તિ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિસ્વરૂપ છે - તેવું નિશ્ચિત થાય છે.

❋ પરમાણુમાં ત્રૈલક્ષણ્યસિદ્ધિ ❋

સ્પષ્ટતા :- પરમાણુ જ્યારે સ્કંધમાં જોડાય છે ત્યારે પરમાણુત્વરૂપે પરમાણુનો નાશ અને દ્વયણુક -ત્રયણુકાદિ સ્કંધરૂપે પરમાણુની ઉત્પત્તિ થાય છે. તથા દ્વયણુક-ત્રયણુક આદિ સ્કંધનો નિરવયવ અંશ છૂટો પડે ત્યારે પરમાણુત્વરૂપે પરમાણુની ઉત્પત્તિ થાય છે. આમ જૈનદર્શન પરમાણુના પણ ઉત્પાદ -વ્યય સ્વીકારે છે. તેથી પરમાણુ કથંચિત્ અનિત્ય પણ છે. પુદ્ગલત્વરૂપે પરમાણુનો નાશ થતો નથી. તેથી પરમાણુ કથંચિત્ નિત્ય પણ છે. આમ પરમાણુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણ અબાધિત રહે છે.

❀ વિભાગજાત ઉત્પત્તિનું સમર્થન ❀

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **सम्मतितर्क** ગ્રંથમાં જણાવેલ છે કે :- "ઉત્પાદપદાર્થના નિરૂપણમાં

♦ ફક્ત લા.(૨)માં 'ઈહાં' પાઠ. ❖ P(૧+૩)માં પાઠ **संजोगादि के वि.....**

1. द्रव्यान्तरसंयोगेभ्यः केचिद् द्रव्यस्य ब्रुवन्त्युत्पादम्। उत्पादार्थाऽकुशला विभागजातं नेच्छन्ति।।

[1]'अणु' दुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुयं'ति ववएसो।
तत्तो य पुण विभत्तो 'अणु'त्ति जाओ अणू होइ।। (स.त.३.३९) ॥९/२१॥

विभागजायं ण इच्छंति।। [1]'अणु' दुअणुएहिं दव्वे आरद्धे 'तिअणुयं'ति ववएसो। तत्तो य पुण विभत्तो 'अणु'त्ति जाओ अणू होइ।।" (स.त.३/३८, ३९) इत्युक्तम्।

अनयोः श्रीअभयदेवसूरिकृतव्याख्यालेशस्त्वेवम् "समानजातीयद्रव्यान्तरादेव समवायिकारणात् तत्संयोगा-समवायिकारण-निमित्तकारणादिसव्यपेक्षाद् अवयवि कार्यद्रव्यं भिन्नं कारणद्रव्येभ्य उत्पद्यत इति द्रव्यस्योत्पादं केचन ब्रुवते। ते चोत्पादाऽर्थाऽनभिज्ञा विभागजातं नेच्छन्ति" (स.त.३/३८)।

"कुतः पुनर्विभागजोत्पादानभ्युपगमवादिन उत्पादाऽर्थाऽनभिज्ञाः ? यतः – द्वाभ्यां परमाणुभ्यां कार्यद्रव्ये आरब्धे 'अणुः' इति व्यपदेशः परमाणुद्वयारब्धस्य द्व्यणुकस्याऽणुपरिमाणत्वात्। त्रिभिर्द्व्यणुकैश्चतुर्भिर्वाऽऽरब्धे

અકુશલ એવા કોઈ વાદીઓ એક દ્રવ્યનો અન્ય દ્રવ્યની સાથે સંયોગ થવાથી નવા દ્રવ્યની ઉત્પત્તિને માન્ય કરે છે પરંતુ વિભાગજન્ય ઉત્પાદને માન્ય નથી કરતા."

"એક અને એક એમ બે પરમાણુઓથી ઉત્પન્ન થયેલ દ્રવ્યને 'અણુ (પરિમાણ)' જ કહેવાય છે. ઘણા (= ૩) દ્વયણુકમાંથી ઉત્પન્ન થયેલ દ્રવ્યને ત્રયણુક કહેવાય છે. તેવી જ રીતે તેમાંથી પૃથક્ થઈ જનાર અણુપરિમાણ દ્રવ્યને 'અણુ' એમ કહી શકાય છે."

નૈયાયિક ઉત્પત્તિથી અજાણ

(**अनयोः**.) તર્કપંચાનન શ્રી**અભયદેવસૂરિજી** પ્રસ્તુત બંને ગાથાઓની વ્યાખ્યા કરતા કહે છે કે "અમુક વાદીઓ કહે છે કે બે અથવા બેથી વધારે સમાનજાતીય અવયવદ્રવ્યથી અવયવિદ્રવ્યાત્મક કાર્ય ઉત્પન્ન થાય છે અને તે કારણદ્રવ્યથી ભિન્ન હોય છે. અહીં અવયવદ્રવ્ય સમવાયિકારણ છે, અવયવોનો સંયોગ અસમવાયિકારણ છે. તે બન્નેથી ભિન્ન બાકીના કારણોને નિમિત્ત કારણ કહેવામાં આવે છે. અસમવાયિ અને નિમિત્ત કારણના સહયોગવાળા સમવાયિકારણથી કાર્યદ્રવ્યનો જન્મ થાય છે. આ રીતે અવયવાત્મક કારણદ્રવ્યના સંયોગથી જ કાર્યદ્રવ્યનો જન્મ માનનાર આ વાદીઓ વાસ્તવમાં ઉત્પાદતત્ત્વના અનભિજ્ઞ છે. માટે જ તેઓ વિભાગજન્ય ઉત્પાદને નથી સ્વીકારતા."

નૈયાયિકમતની મીમાંસા

("**कुतः**.) 'વિભાગજન્ય ઉત્પાદને ન માનવાવાળા વાસ્તવમાં ઉત્પાદતત્ત્વના જ્ઞાતા નથી - આવું કેમ કહો છો ?' આ પ્રશ્નના ઉત્તરમાં **सम्मतिकार** કહે છે કે "બે પરમાણુ મળીને જે કાર્યને ઉત્પન્ન કરે છે તે દ્વયણુક હોવા છતાં તેને 'અણુ' દ્રવ્ય કહેવાય છે. કારણ કે એવો નિયમ છે કે પરિમાણ પોતાના સજાતીય સોત્કર્ષ = ઉત્કર્ષયુક્ત = ઉત્કૃષ્ટ પરિમાણને જન્મ આપે છે. જો અહીં બે પરમાણુના પરિમાણથી સજાતીય ઉત્કર્ષશાલી પરિમાણનો જન્મ માનીએ તો દ્વયણુકમાં અણુતર પરિમાણ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. માટે નૈયાયિકમતમાં અણુપરિમાણને જનક નથી માનવામાં આવતું. તેથી નૈયાયિકમતે બે પરમાણુઓથી ઉત્પન્ન દ્વયણુકમાં માત્ર દ્વિત્વસંખ્યાજન્ય અણુપરિમાણ જ માનવામાં આવ્યું છે. તેથી દ્વયણુકને પણ 'અણુ' જ કહેવાય છે. ત્રણ કે ચાર દ્વયણુકના મિલનથી ઉત્પન્ન થનાર દ્રવ્યને

---

1. 'अणुः' द्व्यणुकैर्द्रव्ये आरब्धे 'त्र्यणुकमि'ति व्यपदेशः। ततश्च पुनर्विभक्तोऽणुरिति जातोऽणुर्भवति।।

'त्र्यणुकम्' इति व्यपदेशः, अन्यथोत्पत्तावुपलब्धिनिमित्तस्य महत्त्वस्याऽभावप्रसक्तेः।.... पूर्वस्वभावव्यवस्थितानामेव संयोगलक्षणसहकारिशक्तिसद्भावात् तदा कार्यनिर्वर्तकत्वम् (इति नैयायिकैः अभ्युपगम्यते)।.....

असदेतत्, यतः .....असौ संयोगो द्व्यणुकादिनिर्वर्तकः किं (१) परमाण्वाद्याश्रितः, (२) उत तदन्याश्रितः, (३) आहोस्विद् अनाश्रित इति ?

(१) यद्याद्यः पक्षस्तदा तदुत्पत्तावाश्रय उत्पद्यते न वेति ? यद्युत्पद्यते तदा परमाणूनामपि कार्यत्वप्रसक्तिस्तत्संयोगवत्।

अथ नोत्पद्यते तदा संयोगस्तदाश्रितो न स्यात्,

समवायस्याऽभावात्, तेषां च तं प्रत्यकारकत्वात् तदकारकत्वं तु तत्र तस्य प्रागभावाऽनिवृत्तेस्तदन्य-

---

त्र्यणुक કહેવાય. જો આને પણ 'અણુ' માનવામાં આવે તો તેમાંથી મહત્ત્વ પરિમાણના અસ્તિત્વનો લોપ થઈ જશે કે જે દ્રવ્યના પ્રત્યક્ષોપલંભમાં નિમિત્તકારણ છે. તેના ફલસ્વરૂપે ત્र્યણુક અદૃશ્ય બની જશે. આ મુજબ નૈયાયિકો માને છે. નૈયાયિકો એવું પણ માને છે કે 'પૂર્વસ્વભાવમાં રહેલા એવા જ અવયવો સંયોગવિશેષસ્વરૂપ સહકારિકારણના = અસમવાયિકારણના સામર્થ્યના લીધે ત્યારે દ્વ્યણુકાદિ કાર્યના ઉત્પાદક બને છે. તેથી અવયવસંયોગ જ કાર્યોત્પાદક છે, અવયવવિભાગ નહિ.'

❋ द्व्यणुकजनक संयोग विशे प्रश्नो ❋

(**असदे.**) પરંતુ નૈયાયિકોની આ માન્યતા ખોટી છે. આનું કારણ એ છે કે પ્રસ્તુતમાં દ્વ્યણુકનિષ્પાદક સંયોગના વિશે પણ પ્રશ્નો ઉઠશે કે 'શું તે (૧) પરમાણુआદिआશ્રિત છે ? કે (૨) અન્ય કોઈને આશ્રિત છે ? કે (૩) અનાશ્રિત જ હોય છે ?'

(૧) પ્રથમ પક્ષ સ્વીકારવામાં પ્રશ્ન થશે કે (૧-ક) સંયોગની ઉત્પત્તિની સાથોસાથ તેના આશ્રયભૂત પરમાણુ પણ ઉત્પન્ન થાય છે કે નહીં ? જો દ્વ્યણુકજનક સંયોગની જેમ તે સંયોગનો આશ્રય પણ ઉત્પન્ન થતો હોય તો દ્વ્યણુકજન્ય સંયોગની જેમ દ્વ્યણુકજનક પરમાણુઓને પણ જન્ય માનવા પડશે.

(**अथ.**) (૧-ખ) જો દ્વ્યણુકજનક સંયોગ ઉત્પન્ન થતો હોય ત્યારે સંયોગના આશ્રયભૂત પરમાણુ સંયુક્તત્વરૂપે ઉત્પન્ન ન થાય તો પરમાણુને સંયુક્ત ન કહી શકાય. અર્થાત્ ત્યારે 'પરમાણુ સંયોગાશ્રયતાવાળો છે' આવો વ્યવહાર થઈ નહીં શકે. તથા સંયોગને તેમાં આશ્રય પણ નહીં મળે.

शंका :- પરમાણુ ભલે ને સંયુક્તત્વરૂપે ત્યારે ઉત્પન્ન ન થાય. પરંતુ સમવાય સંબંધ તો પરમાણુમાં સંયોગને રાખવા તૈયાર જ છે ને ! તેથી ત્યારે સંયોગસમવાયી પરમાણુમાં સમવાયસંબંધથી સંયોગ રહી જશે. તેથી સમવાયસંબંધાવચ્છિન્ન-સંયોગાશ્રયતા પરમાણુમાં મળશે. તેથી સમવાય સંબંધથી પરમાણુને સંયોગનો આશ્રય કહેવાશે. તથા સંયોગ પણ સમવાય સંબંધથી પરમાણુમાં રહેશે.

❖ समवाय निरास ❖

समाधान :- (**सम.**) તમારી દલીલ બરાબર નથી. કારણ કે સમવાય સંબંધ જ દુનિયામાં નથી. પૂર્વે (૩/૨) સમવાયનું તો અમે નિરાકરણ કરેલ જ છે. તથા ૧૧ મી શાખાના ૮ મા શ્લોકમાં પણ તેનું ખંડન કરવામાં આવશે. ટૂંકમાં સમવાય જ કાલ્પનિક હોવાથી તેનાથી નિયંત્રિત સંયોગાશ્રયતા પણ પરમાણુમાં રહી નહિ શકે. તેમજ તે પરમાણુઓ પરમાણુસંયોગ પ્રત્યે કારણ પણ ન બની શકે. કેમ

गुणान्तरवत्। ततस्तेषां कार्यरूपतया परिणतिरभ्युपगन्तव्या, अन्यथा तदाश्रितत्वं संयोगस्य न स्यात्।

(२) अन्याऽऽश्रितत्वेऽपि पूर्वोक्तदोषप्रसङ्गः।

(३) अनाश्रितत्वपक्षे तु निर्हेतुकोत्पत्तिप्रसक्तिः।.....

यदि च परमाणवः स्वरूपाऽपरित्यागतः कार्यद्रव्यमारभन्ते स्वात्मनोऽ(?)व्यतिरिक्तं तदा कार्यद्रव्यानुत्पत्तिप्रसक्तिः। न हि कार्यद्रव्ये परमाणुस्वरूपाऽपरित्यागे स्थूलत्वस्य सद्भावः, तस्य तदभावात्मकत्वात्। तस्मात् परमाणुरूपतापरित्यागेन मृद्द्रव्यं स्थूलकार्यस्वरूपमासादयतीति तद्रूपतापरित्यागेन च पुनरपि परमाणुरूप-

---

કે પરમાણુ જો સંયુક્તત્વરૂપે ત્યારે ઉત્પન્ન થતો ન હોય તો પરમાણુમાંથી સંયોગનો પ્રાગભાવ પણ રવાના ન થઈ શકે. તથા સંયોગપ્રાગભાવ રવાના ન થવાથી સંયોગનું કારણ પરમાણુ બની ન શકે. જેમ કે સંયોગભિન્ન વિભાગનો પ્રાગભાવ નાશ ન પામે તો પરમાણુમાં વિભાગ ઉત્પન્ન ન થાય તેમ સંયોગપ્રાગભાવ નાશ ન પામે તો પરમાણુમાં સંયોગ કઈ રીતે ઉત્પન્ન થઈ શકે? જ્યારે સંયોગનો પ્રાગભાવ પરમાણુથી નિવૃત્ત નથી થતો ત્યારે પરમાણુસમુદાય કેવી રીતે સંયોગને ઉત્પન્ન કરી શકે? આથી માનવું પડશે કે (૧) સંયોગની સાથે સંયોગાત્મક કાર્યપરિણામથી પરિણત સ્વરૂપે પરમાણુઓની પણ ઉત્પત્તિ થાય છે. જો આવું ન માનો તો સંયોગ પરમાણુઓમાં આશ્રિત ન બને.

(૨) જો સંયોગને અન્યાશ્રિત માનશો તો ત્યાં પરમાણુનો સંયોગ કાર્યજનક નહીં બની શકે અને દ્વ્યણુકાદિ ઉત્પન્ન નહીં થાય - તેજ પૂર્વે કહેલ દોષની દુર્ઘટના આવી પડશે.

(૩) જો સંયોગને અનાશ્રિત જ માનશો તો તે નિર્હેતુક જ ઉત્પન્ન થવાની દુર્ઘટના આવી પડશે.

✡ नैयायिकमते स्थूलत्व अनुपपन्न ✡

(यदि च.) પ્રતિવાદી જૈન આગળ આ જ કહેવા માંગે છે કે 'પરમાણુ પોતાના (સૂક્ષ્મત્વ -અજનકત્વાદિ) સ્વરૂપનો પરિત્યાગ કર્યા વગર જ પોતાનાથી ભિન્ન દ્વ્યણુક વગેરે કાર્યદ્રવ્યનું નિર્માણ કરે છે' - આવું જો માનવામાં આવશે તો કાર્યદ્રવ્યનો ક્યારેય જન્મ જ નહિ થાય. કારણ કે પરમાણુ દ્રવ્ય પોતાના પરમાણુસ્વરૂપનો પરિહાર ન કરે તો તેનાથી ભિન્ન કાર્યદ્રવ્યમાં સ્થૂલત્વનો આવિર્ભાવ કેવી રીતે થશે ? સ્થૂલત્વ તો પરમાણુત્વાભાવાત્મક = સૂક્ષ્મત્વાભાવસ્વરૂપ છે. અભાવ અને વ્યાપ્યવૃત્તિ પ્રતિયોગિ એકાધિકરણ કેવી રીતે હોઈ શકે ? નિષ્કર્ષ એ છે કે બે પરમાણુઓના સંયોગાત્મક અતિશયથી જ કાર્યદ્રવ્યના જન્મનો સિદ્ધાંત બરાબર નથી. વાસ્તવમાં પરમાણુસ્વરૂપ માટીદ્રવ્ય પોતાના પરમાણુસ્વરૂપનો પરિહાર કરી સ્થૂલ કાર્યસ્વરૂપને ધારણ કરે છે. ક્યારેક તે જ કાર્યદ્રવ્ય પોતાના સ્થૂલ સ્વરૂપનો પરિહાર કરી પરમાણુસ્વરૂપનો સ્વીકાર કરે છે. અનાદિકાળથી આવી રીતે પુદ્ગલદ્રવ્યમાં ક્યારેક પરમાણુસ્વરૂપ તો ક્યારેક સ્થૂલસ્વરૂપ પરિણામોની પરંપરા ચાલી આવે છે અને ભવિષ્યમાં અનંતકાળ સુધી ચાલવાની છે. માટે આવા પ્રકારના પરિણામોના પ્રવાહોમાં વલયાકારની જેમ ક્યાંય પ્રારંભબિંદુ નથી હોતુ કે ક્યાંય અંતબિંદુ પણ નથી હોતું. નેતરની સોટીમાં થતી પ્રારંભ-અંતની ઉપલબ્ધિ વલયાકાર બંગડી વગેરેમાં નથી થતી. પરમાણુ અને સ્થૂલદ્રવ્ય આ બધા પુદ્ગલદ્રવ્યના જ વિશેષ પરિણામસ્વરૂપ છે. માટે કારણભૂત પરમાણુદ્રવ્ય અને કાર્યદ્રવ્ય વચ્ચે ભેદકલ્પનાને કોઈ સ્થાન નથી. પરમાણુઅવસ્થાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે સ્થૂલકાર્યઅવસ્થાને ધારણ કરે છે ત્યારે કહી શકાય કે પરમાણુ દ્રવ્યનું સ્થૂલ કાર્યમાં રૂપાન્તર થઈ ગયું, એટલે કે અર્થાતર

तामनुभवतीति वलयवत् पुद्गलद्रव्यपरिणतेरादिरन्तो वा न विद्यते इति न कार्यद्रव्यं कारणेभ्यो भिन्नम्। न च अर्थान्तरभावगमनं विनाशोऽयुक्त इति तद्रूपपरित्यागोपादानाऽऽत्मकस्थितिस्वभावस्य द्रव्यस्य त्रैकाल्यं नानुपपन्नम्।

यथा च एकसङ्ख्या-संयोग-महत्त्वाऽपरत्वादिपर्यायैः परमाणूनामुत्पत्तेः कार्यरूपाः परमाणवस्तथा बहुत्वसङ्ख्या-विभागाऽल्पपरिमाण-परत्वात्मकत्वेन प्रादुर्भावात् परमाणवः कार्यद्रव्यवत् तथोत्पन्नाश्चाभ्युपगन्तव्याः, कारणान्वय-व्यतिरेकानुविधानोपलम्भस्य कार्यताव्यवस्थानिबन्धनस्याऽत्राऽपि सद्भावादिति।

अयमर्थः 'तत्तो य' इत्यादिना गाथापश्चार्द्धेन प्रदर्शितः। तस्माद् = एकपरिमाणाद् द्रव्याद् विभक्तः = विभागात्मकत्वेनोत्पन्नः अणुरिति अणुर्जातो भवति, एतदवस्थायाः प्राक् तदसत्त्वात्, सत्त्वे वा इदानीमिव प्रागपि स्थूलरूपकार्याऽभावप्रसङ्गात्, इदानीं वा तद्रूपता तद्रूपाऽविशेषात् प्राक्तनावस्थायामिव स्यात्" (स.त.३

ભાવગમનરૂપ વિનાશ થઈ ગયો. આ વિનાશ અપ્રામાણિક નથી તે વાત પહેલા જ યુક્તિપૂર્વક બતાવેલ છે. આ સંદર્ભમાં આવો નિષ્કર્ષ કાઢવામાં કોઈ અસંગતિ નથી કે - પૂર્વસ્વરૂપનો ત્યાગ અને નવા સ્વરૂપનો સ્વીકાર કરતા પોતાના દ્રવ્યાત્મક સ્વભાવમાં ધ્રુવ રહેનાર દ્રવ્ય ત્રૈકાલિક જ હોય છે.

❖ પરમાણુ પણ અનિત્ય છે ❖

(यथा च.) અહીં પુદ્ગલદ્રવ્યપરિણામવાદની સ્થાપના થઈ જવાથી પરમાણુ દ્રવ્ય પરમાણુના રૂપમાં નિત્ય અથવા અનાદિ નથી પરંતુ અનિત્ય અને સાદિ કાર્યરૂપ છે. આ વાત પણ સિદ્ધ થાય છે. કેવી રીતે ? તે આ પ્રમાણે - જ્યારે અનેક પરમાણુઓથી એક કાર્યદ્રવ્યનું નિર્માણ થાય છે ત્યારે તે પરમાણુઓ એકત્વસંખ્યા, પરસ્પરસંયોગ, મહત્ત્વ અને અપરત્વાદિ પર્યાયોને પોતાના ગર્ભમાં રાખવાની સાથે એક સ્થૂલ કાર્યદ્રવ્યના રૂપમાં જેવી રીતે ઉત્પન્ન થાય છે, ઠીક તેવી જ રીતે તે સ્થૂલ કાર્યદ્રવ્યનો વિનાશ થતાં બહુત્વસંખ્યા, પરસ્પર વિભાગ, અલ્પ પરિમાણ અને પરત્વાદિ પર્યાયોને પોતાના ગર્ભમાં રાખતા જ તે પરમાણુઓ પણ સ્થૂલ કાર્યદ્રવ્યની જેમ જ પ્રાદુર્ભાવને પામે છે. આ રીતે પરમાણુઅવસ્થારૂપે પરમાણુ દ્રવ્યને પણ ઉત્પત્તિશીલ જ માનવું પડશે. કેમ કે અન્ય કાર્યો માટે પણ આ જ ન્યાય છે કે કારણોના અન્વય-વ્યતિરેકને અનુસરવાથી જે ઉપલબ્ધ થાય છે તેને 'કાર્ય' કહેવાય છે. અહીં પણ પરમાણુઅવસ્થાવાળા દ્રવ્યો, સ્થૂલકાર્યવિભાગાત્મક કારણના અન્વય-વ્યતિરેકને અનુસરતા જણાય છે.

❋ વિભાગજન્ય અણુજન્મનું સમર્થન ❋

(अयमर्थः.) આ જ તથ્ય મૂલગાથાના 'तत्तो य' વગેરે ઉત્તરાર્ધથી સમ્મતિકારે પ્રગટ કરેલ છે. મૂલ ગાથાના ઉત્તરાર્ધનું તાત્પર્ય એ છે કે પ્રારંભિક મહત્પરિમાણવાળા ત્ર્યણુક દ્રવ્યથી જ્યારે વિભાગ ઉત્પન્ન થાય છે ત્યારે વિભાગાત્મકસ્વરૂપથી વિભક્ત દ્રવ્યમાં અણુપરિમાણની ઉત્પત્તિની સાથે અણુદ્રવ્ય પણ ઉત્પન્ન થાય છે. આ રીતે અણુનો પણ ઉત્પાદ માનવાનું કારણ આ છે કે ત્ર્યણુકાવસ્થાના કાળે આ અણુઅવસ્થા વિદ્યમાન ન હતી. જો ત્ર્યણુકકાળમાં પણ અણુઅવસ્થા વિદ્યમાન હોવાનો આગ્રહ રાખશો તો જેવી રીતે વર્તમાન અણુઅવસ્થાકાળમાં સ્થૂલાત્મક કાર્યદ્રવ્ય વિદ્યમાન નથી તેવી જ રીતે ત્ર્યણુકાવસ્થાકાલમાં પણ સ્થૂલ કાર્યની ગેરહાજરી હોવાનો અતિપ્રસંગ આવી પડશે. અથવા ત્ર્યણુકકાળમાં વિદ્યમાન અણુઅવસ્થાને જેવી રીતે સ્થૂલત્વની સાથે વિરોધ નથી તેવી રીતે અણુકાળમાં પણ વિરોધ ન હોવાથી અણુકાળમાં પણ પરમાણુ અને દ્વ્યણુક સ્વરૂપ પુદ્ગલ દ્રવ્યમાં સ્થૂલરૂપતાની પ્રાપ્તિનો અતિપ્રસંગ આવશે."

/३९ वृ.पृ.६४७) इति। इत्थञ्च परमाणावपि उत्पाद-व्ययसिद्ध्या कार्यत्वं सिद्धम्।

"यथा हि बहूनामेकशब्दव्यपदेशनिदानं समुदयजनित उत्पादः तथा एकस्य बहुव्यपदेशनिदानं विभागजातोऽपि उत्पादो नैयायिकेनाऽभ्युपेय एव। व्यवहरन्ति हि भग्ने घटे 'बहूनि कपालानि उत्पन्नानि' इति। एवं परमाणूनामपि एकस्कन्धनाशे युक्तो बहुत्वेनोत्पादः" (स्या.क.लता.७/१३/पृ.८४) इति **स्याद्वादकल्पलतायाम्**।

इदमेवाभिप्रेत्य **सम्मतितर्के** [1]"बहुआण एगसद्दे जह संजोगा हि होइ उप्पाओ। नणु एगविभागम्मि वि जुज्जइ बहुआण उप्पाओ।।" (स.त.३/४०) इत्युक्तम्।

भगवतीसूत्रेऽपि [2]"दुप्पएसिए खंधे भवइ, से भिज्जमाणे दुहा कज्जइ, एगयओ परमाणुपोग्गले, एगयओ परमाणुपोग्गले भवइ" (भ.सू.१२/४/४४५/पृ.५६१) इत्येवं वैस्रसिक-विभागजातैकत्विकोत्पादः पुद्गलपरमाणौ

આ પ્રમાણે **संमतिव्याख्या**માં જે જણાવેલ છે તેના દ્વારા પરમાણુમાં પણ ઉત્પાદ-વ્યય સિદ્ધ થવા દ્વારા કાર્યત્વ સિદ્ધ થાય છે.

❁ અનેકનું એકમાં વિભાજન અને એકનું અનેકમાં સંયોજન ❁

("**यथा**.) આશય એ છે કે - "જેમ અનેક અવયવોના સમુદાયથી અર્થાત્ અનેક અવયવોના પરસ્પર સંયોગથી એવો ઉત્પાદ થાય છે કે જે અવયવો અનેક હોવા છતાં પણ તેઓને એક જ શબ્દથી વ્યપદેશયોગ્ય (= વ્યવહારયોગ્ય) બનાવી દે છે. તેમ અનેક અવયવોના વિભાગથી પણ એવો ઉત્પાદ કેમ ન માની શકાય કે જે એકને 'અનેક' શબ્દથી વ્યવહાર થવા માટે યોગ્ય બનાવી દે ? આથી અવયવવિભાગજન્ય ઉત્પત્તિ પણ નૈયાયિકે અવશ્ય સ્વીકારવી જ પડશે. કેમ કે ઘટનો નાશ થયે છતે 'ઘણા કપાલો ઉત્પન્ન થયા' = 'એક ઘડો અનેક કપાલરૂપે બની ગયો' - એવો વ્યવહાર લોકપ્રસિદ્ધ છે. જેવી રીતે એક ઘટનો નાશ થયે છતે અનેક કપાલનો બહુત્વરૂપે ઉત્પાદ થાય છે તેવી જ રીતે એક સ્થૂલ સ્કંધનો નાશ થતાં અનેક પરમાણુઓનો પણ બહુત્વરૂપે ઉત્પાદ યુક્તિસિદ્ધ છે" - આમ **स्याद्वादकल्पलता**માં જણાવેલ છે.

⁂ વિભાગજન્ય ઉત્પત્તિનું સમર્થન ⁂

(**इद.**) આ જ અભિપ્રાયથી **सम्मतितर्कप्रकरण**માં બતાવેલ છે કે "જેમ અનેક વ્યક્તિઓના સંયોગથી એવો ઉત્પાદ સ્વીકારવામાં આવે છે કે જે અનેકમાં એક શબ્દના વ્યવહારનું નિમિત્ત બને, તો નિશ્ચયથી જ એકના વિભાગથી પણ અનેક એવી વ્યક્તિઓનો = કાર્યોનો ઉત્પાદ પણ માનવો યુક્તિસંગત છે કે જે એકમાં 'બહુ' શબ્દના વ્યવહારનું નિમિત્ત થઈ શકે."

⁜ ભગવતીસૂત્રમાં પરમાણુઉત્પાદની વિચારણા ⁜

(**भग.**) **ભગવતીસૂત્ર**માં પણ 'દ્વિપ્રદેશિક સ્કંધ હોય છે. તે ભેદાય ત્યારે તેના બે ભાગ થાય છે. એક તરફ એક પરમાણુ પુદ્ગલ તથા એક તરફ બીજો પરમાણુ પુદ્ગલ' - આ પ્રમાણે વૈસ્રસિક વિભાગજન્ય ઐકત્વિક ઉત્પાદને પુદ્ગલ પરમાણુમાં જણાવેલ છે. સ્કંધના = અવયવી દ્રવ્યના ભેદથી = વિભાગથી કઈ રીતે અણુ-પરમાણુ ઉત્પન્ન થાય ? આ બાબતમાં અધિક જાણકારી 'भेदादणुः' આ

---

1. बहूनामेकशब्दे यदि संयोगाद् हि भवत्युत्पादः। नन्वेकविभागेऽपि युज्यते बहुकानामुत्पादः।। 2. द्विप्रदेशिकः स्कन्धो भवति, स भिद्यमानः द्विधा क्रियते, एकत्वतः परमाणुपुद्गलः, एकत्वतः परमाणुपुद्गलो भवति।

दर्शितः। अधिकन्तु "भेदादणुः" (त.सू.५/२७) इति **तत्त्वार्थसूत्रस्य भाष्य-वृत्त्यादितो** विज्ञेयम्।

एतत्सर्वम् अनणुतोऽणुभवनाऽपेक्षया उक्तम्, विभागजातस्य ऐकत्विकोत्पादस्य इह निरूपणीयत्वात्। विस्रसातः प्रतिक्षणं रूक्ष-स्निग्धादिपर्यायान्तरभावादिनाऽपि परमाणोः तत्तद्रूपेणोत्पत्तिः व्ययश्च सम्भवतः।

इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रे** चतुर्दशशतके [1]"एस णं भंते ! पोग्गले तीतमणंतं सासयं समयं लुक्खी, समयं अलुक्खी, समयं लुक्खी वा अलुक्खी वा ? पुव्विं च णं करणेणं अणेगवन्नं अणेगरूवं परिणामं परिणमति ? अह से परिणामे निज्जिन्ने भवति तओ पच्छा एगवन्ने एगरूवे सिया ?, हंता गोयमा ! एस णं पोग्गले तीते तं चेव जाव एगरूवे सिया" (भ.सू.१४/४, सू.५१०) इत्युक्तम्। पुद्गलपदेन परमाणु-स्कन्धादेः ग्रहणमत्र द्रष्टव्यम्।

तत्त्वार्थसूत्रना **भाष्य, व्याख्या** वगेरेमांथी मेळवी लेवी.

❋ અણુદશામાં પણ અણુ અનિત્ય ! ❋

(**एतत्स.**) પરમાણુના ઉત્પાદ-વ્યયની સિદ્ધિ માટે અહીં જે બતાવેલ છે તે તમામ બાબત અનણુમાંથી = અણુભિન્ન સ્કંધદ્રવ્યમાંથી અણુ બનવાની અપેક્ષાએ કહેવાયેલ છે. કારણ કે વિભાગજન્ય ઐકત્વિક ઉત્પત્તિનું નિરૂપણ અહીં અધિકૃત છે. તેથી તેની સિદ્ધિ કરવા માટે આ રીતે થતી પરમાણુની ઉત્પત્તિ બતાવવી એ જ જરૂરી કહેવાય. અન્યથા સ્થૂલ સ્કંધના અવયવોનો વિભાગ થયા વિના પણ વિસ્રસા પરિણામથી પ્રતિક્ષણ રૂક્ષ-સ્નિગ્ધ વગેરે સ્પર્શ, નીલાદિ રૂપ વગેરે પર્યાયમાં પરિવર્તન થવા દ્વારા પણ પરમાણુમાં તે તે સ્વરૂપે ઉત્પાદ અને વ્યય સંભવી જ શકે છે.

(**इद.**) આ જ અભિપ્રાયથી **भगवतीसूत्र**ના ૧૪ મા શતકમાં પ્રશ્નોત્તરસ્વરૂપે જણાવેલ છે કે

પ્રશ્ન :- "હે ભગવાન્ ! આ પુદ્ગલ (પરમાણુ કે સ્કંધ) અનંત-અપરિમિત અને શાશ્વત અતીતકાલને વિષે એક સમય સુધી રૂક્ષસ્પર્શવાળો, એક સમય સુધી અરૂક્ષ-સ્નિગ્ધસ્પર્શવાળો, તથા એક સમય સુધી રૂક્ષ અને સ્નિગ્ધ - બન્ને પ્રકારના સ્પર્શવાળો હતો ? અને પૂર્વે કરણથી - પ્રયોગકરણથી અને વિસ્રસાકરણથી અનેક વર્ણવાળા અને (અનેક ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના ભેદથી) અનેકરૂપવાળા પરિણામરૂપે પરિણત થયો હતો ? (પરમાણુનો ભિન્ન ભિન્ન સમયે અનેક વર્ણાદિરૂપે પરિણામ થાય છે અને સ્કંધનો એક સમયે અનેક વર્ણાદિરૂપે પરિણામ થાય છે.) હવે તે અનેક વર્ણાદિપરિણામ ક્ષીણ થાય ત્યાર પછી તે પુદ્ગલ એકવર્ણવાળો - એકરૂપવાળો થાય ?

ઉત્તર :- હા, ગૌતમ ! આ પુદ્ગલ અતીતકાળને વિષે - વગેરેથી માંડીને યાવત્ - 'એક રૂપવાળો' - ત્યાં સુધી સમગ્ર પાઠ કહેવો." અહીં પુદ્ગલ શબ્દથી પરમાણુ, સ્કંધ વગેરેનું ગ્રહણ ગણધર ભગવંતોને માન્ય છે. તેમ સમજવું. આમ અણુ અણુસ્વરૂપે હાજર હોવા છતાં પણ વર્ણાદિ પર્યાયના પરિવર્તનથી

---

1. एषः णं भदन्त ! पुद्गलः अतीतम् [=अतीते] अनन्तं [=अनन्ते] शाश्वतं [=शाश्वते समये] [एकम्] समयं रूक्षी, [एकम्] समयम् अरूक्षी, [एकम्] समयं रूक्षी वा अरूक्षी वा [बभूव] ? पूर्वं च णं करणेन अनेकवर्णम् अनेकरूपं परिणामं परिणमति ?, अथ सः परिणामः निर्जीर्णः भवति ततः पश्चाद् एकवर्णः एकरूपः स्यात् ? हन्त गौतम ! एषः णं पुद्गलः अतीते तद् एव... यावद् एकरूपः स्यात्।

अयञ्च परमाणुः उत्श्लक्ष्णश्लक्ष्णिका-श्लक्ष्णश्लक्ष्णिकोर्ध्वरेणु-त्रसरेणु-रथरेणु-वालाग्र-लिक्षा-यूका-यवमध्याऽङ्गुलादिप्रमाणानां प्रथम उच्यते। तदुक्तं **भगवत्याम्**, **अनुयोगद्वारसूत्रे**, **ज्योतिष्करण्डके**, **बृहत्सङ्ग्रहण्यां** च [1]"सत्थेण सुतिक्खेण वि छेत्तुं भेत्तुं च जं किर न सक्का। तं परमाणुं सिद्धा वयंति[♦] आइं पमाणाणं।।" (भ.सू.६/७/सू.२४७/पृष्ठ-२७५ + अ.द्वा.सू.३४३ + ज्यो.क.७३ + बृ.स.२९०) इति।

दिगम्बरजैनानामपि परमाणूत्पाद-व्ययौ सम्मतौ। इदमेवाभिप्रेत्य **कुन्दकुन्दस्वामिना** **नियमसारे** [2]"खंधाणं अवसाणो णादव्वो कज्जपरमाणु" (नि.सा.२५) इत्युक्तम्। तदुक्तं **देवसेनेनापि** **नयचक्रे** [3]"कारणरूवो हु कज्जरूवो वा परमाणु" (न.च.३०) इति।

अकलङ्काचार्येण तु **तत्त्वार्थराजवार्तिके** "स्नेहादयो हि गुणाः परमाणौ प्रादुर्भवन्ति वियन्ति च। ततः

નાશ પામે છે - તેમ સિદ્ધ થાય છે.

❖ પ્રમાણનું મૂળ પરમાણુ ❖

(अय.) ઉત્શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકા, શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકા, ઊર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લિક્ષા, યૂકા, યવમધ્ય, અંગુલ વગેરે ક્રમસર આઠગુણ અધિક પ્રમાણ = માપ છે. આ તમામ પ્રમાણનું મૂળ = પ્રથમ ઉદ્ગમસ્થાન પ્રસ્તુત પરમાણુ બને છે. તેથી પરમાણુ પ્રમાણોમાં પ્રથમ કહેવાય છે. આ અંગે **ભગવતીસૂત્ર**માં, **અનુયોગદ્વારસૂત્ર**માં, **જ્યોતિષ્કરંડક**માં તથા **બૃહત્સંગ્રહણિ**માં જણાવેલ છે કે "અત્યન્ત તીક્ષ્ણ શસ્ત્ર વડે પણ જેને છેદી ન શકાય અને ભેદી ન શકાય તે પરમાણુને કેવલજ્ઞાનીઓ સર્વ પ્રમાણોમાં આદિભૂત પ્રમાણ કહે છે."

❁ દિગંબરમત મુજબ પણ પરમાણુ અનિત્ય ❁

(दिग.) દિગંબર જૈનોને પણ પરમાણુમાં ઉત્પાદ-વ્યય માન્ય છે. આ જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર**માં જણાવેલ છે કે "સ્કંધોનો છેડો (= અંત) કાર્યપરમાણુ જાણવો." મતલબ કે ઘટ વગેરે સ્કંધનું વિભાજન કરવામાં આવે તો કપાલ, કપાલિકા, પ્રકપાલિકા ઈત્યાદિ ક્રમથી ત્ર્યણુક, દ્વ્યણુક અને છેલ્લે પરમાણુ ઉત્પન્ન થાય છે. આમ પરમાણુ કાર્યસ્વરૂપ સિદ્ધ થાય છે. **દેવસેનજી**એ પણ **નયચક્ર**માં જણાવેલ છે કે 'પરમાણુ કારણસ્વરૂપ અથવા કાર્યસ્વરૂપ જાણવો.' મતલબ કે દ્વ્યણુકની ઉત્પત્તિ પ્રત્યે પરમાણુ કારણ હોવાથી તે કારણસ્વરૂપ છે. તથા દ્વ્યણુકનું વિભાજન થવાથી પરમાણુ ઉત્પન્ન થતો હોવાથી તે કાર્યસ્વરૂપ પણ છે. આમ પરમાણુ કાર્યાત્મક હોવાથી તેના ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે.

● સ્નિગ્ધાદિસ્વરૂપે પરમાણુના ઉત્પાદ-વ્યય ●

(अकलङ्का.) **અકલંકાચાર્ય** તો **તત્ત્વાર્થરાજવાર્તિક**માં કહે છે કે "સ્નેહ = સ્નિગ્ધ પરિણામ, રૂક્ષ પરિણામ વગેરે ગુણો પરમાણુમાં ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તેથી સ્વગત ગુણોત્પાદ-નાશ વડે પરમાણુનો પણ ઉત્પાદ-વ્યય થાય છે. આમ પરમાણુ અનિત્ય છે." આશય એ છે કે પરમાણુમાં જુદા-જુદા સ્નિગ્ધ-રૂક્ષ આદિ પરિણામો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તેથી રૂક્ષ પરમાણુમાં સ્નેહ

---

1. शस्त्रेण सुतीक्ष्णेनाऽपि छेत्तुं भेत्तुं च यं किल न शक्नुयात्। तं परमाणुं सिद्धाः वदन्ति आदिं प्रमाणानाम्।।

2. स्कन्धानाम् अवसानं ज्ञातव्यः कार्यपरमाणुः। 3. कारणरूपः खलु कार्यरूपो वा परमाणुः। ♦ 'भणंति' इति क्वचित्।

तत्पूर्वकं अस्याऽनित्यत्वम्" (त.सू.रा.वा.५/२५) इति स्पष्टमेव परमाणूत्पाद-व्ययौ प्रतिपादितौ। ततश्च विनैवाऽवयवानां संयोगं विभागं वा स्निग्धत्वादिरूपेण परमाणौ उत्पादः रूक्षत्वादिरूपेण च व्ययः सिध्यतः।

द्रव्यार्थादेशतो ध्रौव्ये सत्यपि पर्यायार्थादेशतः तु तत्तत्समयवैशिष्ट्यरूपेण प्रतिसमयं परमाणौ उत्पाद-व्ययसिद्धिः अनाविलैव। इदमेवाभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"न कीरइ दव्वयाइ वा सव्वं। कीरइ य कज्जमाणं समए सव्वं सपज्जयओ" (वि.आ.भा.३३७४) इत्युक्तम्। **तद्वृत्तौ** "सर्वस्याऽपि समये समयेऽपराऽपरस्वपर्यायाणामुत्पादाद्" (वि.आ.भा.३३७४ वृ.) इत्युक्तम्। ततश्च तत्तत्पर्यायरूपेण परमाणौ प्रतिसमयम् उत्पाद-व्ययौ निराबाधावेव इत्यवधेयम्।

इत्थञ्च पर्यायार्थिकनयमतेन वर्णादिपर्यायैः परमाणूनामुत्पाद-व्ययौ द्रव्यार्थिकनयानुसारेण च

પરિણામ ઉત્પન્ન થતાં સ્નિગ્ધત્વરૂપે પરમાણુની ઉત્પત્તિ અને રૂક્ષત્વરૂપે પરમાણુનો નાશ થાય છે. તેથી અવયવવિભાગ કે અવયવસંયોગ વિના પણ પરમાણુના ઉત્પાદ-વ્યય સ્પષ્ટપણે સિદ્ધ થાય છે.

શંકા :- તમારા જણાવ્યા મુજબ, ઉપર પ્રમાણે પરમાણુત્વરૂપે અથવા સ્નિગ્ધત્વાદિરૂપે પરમાણુના ઉત્પાદ-વ્યય જરૂર સિદ્ધ થાય છે. પરંતુ તે ઉત્પાદ-વ્યય તો કાદાચિત્ક છે. પ્રતિક્ષણ તો તે-તે સ્વરૂપે પરમાણુની ઉત્પત્તિની અને વિનાશની તેના દ્વારા સિદ્ધિ નહિ થઈ શકે. તમારે તો પરમાણુમાં પણ પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ કરવી છે. તેની સિદ્ધિ તો ઉપરોક્ત શાસ્ત્રપાઠો દ્વારા નહિ જ થાય ને ?

❖ प्रतिक्षण परमाणुमां उत्पाद-व्यय सिद्धि ❖

समाधान :- (द्रव्या.) પરમાણુમાં દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી ધ્રૌવ્ય હોવા છતાં પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી તો પરમાણુમાં પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યયની સિદ્ધિ થાય છે. દ્વયણુક વગેરે સ્કંધમાંથી નિરંશ અવયવ દ્રવ્ય અલગ થાય ત્યારે પ્રથમસમયવિશિષ્ટસ્વરૂપે પરમાણુની ઉત્પત્તિ થાય છે અને સ્કંધપ્રદેશત્વરૂપે તેનો નાશ થાય છે. બીજા સમયે દ્વિતીયસમયવિશિષ્ટસ્વરૂપે પરમાણુની ઉત્પત્તિ અને પ્રથમસમયવિશિષ્ટસ્વરૂપે તેનો નાશ થાય છે. આમ પ્રતિસમય પરમાણુના ઉત્પાદ-વ્યય તત્તત્સમયવિશિષ્ટરૂપે થાય જ છે. તથા પરમાણુસ્વરૂપે કે પુદ્ગલદ્રવ્યસ્વરૂપે પરમાણુ ધ્રુવ પણ રહે છે. તેથી પરમાણુમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સિદ્ધિ નિરાબાધ છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "સર્વ વસ્તુ દ્રવ્યરૂપે ઉત્પન્ન થતી નથી તથા સર્વ વસ્તુ પર્યાયરૂપે પ્રતિસમય ઉત્પદ્યમાન કરાય છે." તેની વ્યાખ્યામાં **હેમચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે - "બધી જ વસ્તુમાં પ્રત્યેક સમયે નવા નવા સ્વપર્યાયો ઉત્પન્ન થાય છે." આથી તે તે પર્યાયરૂપે પરમાણુના ઉત્પાદ-વ્યય અબાધિત જ છે. આ ખ્યાલમાં રાખવું.

❀ परमाणु नयभेदथी नित्य अने अनित्य ❀

(इत्थञ्च.) આ રીતે વિચારીએ તો પર્યાયાર્થિકનયના મતે વર્ણાદિ પર્યાયો દ્વારા પરમાણુમાં ઉત્પાદ-વ્યય અને દ્રવ્યાર્થિકનય અનુસારે પરમાણુમાં ધ્રૌવ્ય અવશ્ય સ્વીકારવું જોઈએ. આ વાત આ જ શાખાના

---

1. न क्रियते द्रव्यतया वा सर्वम्। क्रियते च क्रियमाणं समये सर्वं स्वपर्ययतः।।

ध्रौव्यमवश्यमभ्युपेयम् इति वक्ष्यतेऽग्रे (९/२६) विस्तरतः।

वर्णादिगुणानामपि साम्प्रतादिपरिणत्या प्रतिसमयम् उत्पाद-व्ययौ गुणपरिणतिविधया च ध्रुवत्वम्। तदुक्तं **नयचक्रसारे देवचन्द्रवाचकैः** "प्रतिद्रव्यं स्वकार्यकारणपरिणमनपरावृत्तिगुणप्रवृत्तिरूपा परिणतिः (१) अनन्ता अतीता, (२) एका वर्त्तमाना, (३) अन्या अनागता योग्यतारूपाः। ताः वर्त्तमाना अतीता भवन्ति, अनागता वर्त्तमाना भवन्ति, शेषा अनागताः कार्ययोग्यताऽऽसन्नतां लभन्ते इत्येवंरूपौ उत्पाद-व्ययौ, गुणत्वेन ध्रुवत्वम्" (न.च.सा.पृ.१५६) इति भावनीयम्।

इदञ्चात्रावधेयम् – यदुत एकादितन्तुविगमे पटः पटो नोच्यते, तत्र खण्डपटः नूतन उत्पद्यते। छिद्रादिदशायां घटो घटत्वेन न कथ्यते, तत्र छिद्रघटो नूतनो जायते। एकादिप्रदेशेनाऽप्यूनो धर्मास्तिकायादिः धर्मास्तिकायादितया न व्यवह्रियते किन्तु धर्मास्तिकायादिदेशतयैव। "एतच्च निश्चय-नयदर्शनम्। व्यवहारनयमतं तु – एकदेशेनोनमपि वस्तु वस्त्वेव यथा खण्डोऽपि घटो घट एव, छिन्नकर्णोऽपि

छव्वीसमा श्लोकनी व्याख्यामां विस्तारथी जणावाशे.

✡ गुणमां पण उत्पाद-व्यय-ध्रौव्य अबाधित ✡

(**वर्णा.**) वर्ण, गंध वगेरे गुणो पण वर्त्तमानकालीनत्वादि स्वरूपे प्रतिसमय उत्पाद-व्ययने धारण करे छे तथा गुणपरिणतिरूपे ते ध्रुव छे. तेथी वर्णादि गुणो पण उत्पाद-व्यय-ध्रौव्ययुक्त ज छे. तेथी ज **नयचक्रसार** ग्रंथमां **श्रीदेवचन्द्रजी** उपाध्याये जणावेल छे के 'सर्व द्रव्यमां पोताना कार्यने करनार परिणाम पलटाये राखे छे, बदलाया करे छे. आ परिणामपरावर्त्तनस्वरूपे गुणनी प्रवृत्ति सर्व द्रव्यमां होय छे. प्रस्तुत गुणप्रवृत्तिरूप परिणति अतीतकालमां अनंती थई छे. वर्तमानकाळे एक परिणति होय छे तथा योग्यतास्वरूपे अनागत = भविष्यकालीन परिणति अनंत छे. ते वर्त्तमान परिणति अतीत थाय छे. एटेल के वर्त्तमानत्वनो व्यय, अतीतत्वनी उत्पत्ति अने परिणतित्वरूपे ध्रौव्य ते गुणपरिणतिमां रहे छे. तथा एक अनागतपरिणति प्रतिसमय वर्त्तमान थाय छे. मतलब के अनागतत्वनो व्यय, वर्त्तमानत्वनी उत्पत्ति तथा गुणपरिणतिस्वरूपे ध्रुवता ते अनागत गुणपरिणतिमां रहे छे. तथा बाकीनी अनागत गुणपरिणतिमां रहेली कार्ययोग्यता दूर हती ते नज्जीकपणाने प्राप्त करे छे. अर्थात् बाकीनी अनंत अनागत गुणपरिणतिमां दूरत्वनो व्यय अने समीपत्वनी उत्पत्ति थाय छे. तथा गुणपरिणतिस्वरूपे ध्रौव्य रहे छे. आ रीते गुणमां उत्पाद-व्यय ते - ते स्वरूपे थाय छे तथा तेमां गुणपरिणामत्वरूपे = गुणत्वस्वरूपे ध्रौव्य रहे छे.' आ अंगे विज्ञ वाचकवर्गे ऊंडाणथी विभावना करवी.

❀ निश्चय-व्यवहार मतभेदविचारणा ❀

(**इद.**) अहीं एक वात ध्यालमां राखवी के - एकाद तंतु ओछो थाय तो पण पट पटरूपे कहेवातो नथी. पण त्यां नवो खंडपट उत्पन्न थाय छे. एकाद काणुं पडी जाय तो पण घट घटस्वरूपे मान्य बनतो नथी. त्यां नवो सच्छिद्र घट उत्पन्न थाय छे. एक-बे प्रदेश ओछा होय तो य धर्मास्तिकायादिमां धर्मास्तिकायादि तरीकेनो व्यवहार थतो नथी. परंतु त्यां धर्मास्तिकायादिदेश तरीकेनो ज व्यवहार थाय छे. "आ निश्चयनयनुं मंतव्य छे. ज्यारे व्यवहारनयनुं मंतव्य तो एवुं छे के एक अंशथी न्यून एवी

શ્વા શ્વૈવ। ભણન્તિ ચ "એકદેશવિકૃતમ્ અનન્યવદ્" (**ન્યાયસઙ્ગ્રહ** - ૭ પૃ.૮) ઇતિ" (ભ.સૂ.૨/૧૦/૧૨૦ /પૃ.૧૪૯) **ભગવતીસૂત્રવૃત્તૌ** વ્યક્તમ્।

પ્રકૃતે આધ્યાત્મિકોપનયસ્ત્વેવમ્ - 'કર્મદ્રવ્યવિભાગાદપવર્ગ ઉત્પદ્યતે' ઇતિ શ્લોકોત્તરાર્ધાંશેનેદં સૂચ્યતે યદુત યાવદ્ નિરર્થકં સઙ્ગૃહીતં તાવત્ પરમાર્થતત્ત્વમ્ આત્મમુક્તિલક્ષણં નોપલબ્ધું શક્યમ્, નિરર્થકસત્ત્વે સાર્થકાऽऽવિર્ભાવાऽયોગાત્। ન હિ ઉપાધ્યવિગમે નિરુપાધિકનિજસ્વરૂપોપલબ્ધિઃ સમ્ભવતિ। ततश्च મુક્તિકામિભિઃ આત્માર્થિભિઃ કર્મોપાધિચયન-વર્ધનાદિકં પરિત્યજ્ય તદ્વિઘટનકૃતે સદા યતિ-तव्यम्। ततश्च "सकलकर्मविमुक्तस्य ज्ञान-दर्शनोपयोगलक्षणस्य आत्मनः स्वात्मनि अवस्थानं = मोक्षः" (त.सू.१०/३ हा.वृ.पृ.५१५) ઇતિ **तत्त्वार्थसूत्रहारिभद्रीवृत्तौ** દર્શિતો મોક્ષઃ સુલભઃ સ્યાત્।।૯/૨૧।।

પણ વસ્તુ વસ્તુ જ કહેવાય છે. જેમ કે ખંડ ઘટ પણ ઘટ જ છે. જેનો એક કાન કપાઈ ગયેલો હોય તેવા પણ કૂતરાને કૂતરો જ કહેવાય છે. વ્યવહારનયનિપુણ લોકો કહે છે કે 'એક ભાગમાં વિકૃત થયેલી વસ્તુ પણ પૂર્વકાલીન વસ્તુથી અભિન્ન જ રહે છે.' (**હેમહંસ**ગણિકૃત **ન્યાયસંગ્રહ**માં સાતમા નંબરે આ ન્યાય જણાવેલ છે.) તેથી ત્યાં નૂતન વસ્તુની ઉત્પત્તિને માનવાની જરૂરત નથી." આ મુજબ **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ સ્પષ્ટપણે જણાવેલ છે.

ॐ કર્મવિભાગ માટે સજ્જ થઈએ ॐ

આધ્યાત્મિક ઉપનય :- 'કર્મનો વિભાગ = વિયોગ થવાથી મોક્ષની ઉત્પત્તિ થાય છે' - આવું શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવેલ છે તેનાથી સૂચિત થાય છે કે જ્યાં સુધી નિરર્થક/અનર્થક પદાર્થોને આપણે સંઘરીને બેઠા છીએ ત્યાં સુધી સાર્થક-પરમાર્થભૂત નિર્મળ આત્મતત્ત્વની-મુક્તિની ઉપલબ્ધિ શક્ય નથી. નિરર્થક હટે નહિ ત્યાં સુધી સાર્થક પ્રગટે નહિ. ઉપાધિ ખસે નહિ ત્યાં સુધી નિરુપાધિક નિજસ્વરૂપની નિષ્પત્તિ થાય નહિ. નકામું નિરુપયોગી તત્ત્વ જાય નહિ ત્યાં સુધી કામનું ઉપયોગી આત્મતત્ત્વ પૂર્ણપણે પ્રગટ થાય નહિ. તેથી મુક્તિકામનાવાળા આત્માર્થી સાધકે કર્મસ્વરૂપ ઉપાધિને ભેગી કરવાના બદલે, વધારવાના બદલે તેના વિઘટન માટે સદા સજ્જ રહેવું જોઈએ. તેના લીધે **તત્ત્વાર્થસૂત્રવૃત્તિ**માં જણાવેલ મોક્ષ સુલભ થાય. ત્યાં શ્રીહરિભદ્રસૂરિજીએ જણાવેલ છે કે "જ્ઞાન-દર્શનઉપયોગસ્વરૂપ આત્મા સર્વ કર્મથી મુક્ત થઈને પોતાનામાં રહે તે મોક્ષ છે.' (૯/૨૧)

લખી રાખો ડાયરીમાં.....

- **વિવેકના અભાવમાં સાધના માગણીનો દાવો રાખીને પણ અંતે ઘણું ગુમાવે છે. દા.ત.મુનિ પીઠ-મહાપીઠ. માગણીશૂન્ય લાગણીપૂર્ણ ઉપાસના અનંત, અસીમ, અનહદ મેળવે છે. દા.ત. ભીમો કુંડલીઓ.**

विण खंध ♦रे हेतु संयोग जे, परसंयोगई उत्पाद रे;
वली जे खिण खिण✡ पर्यायथी, ते एकत्वज अविवाद रे ॥૯/૨૨॥ (૧૫૫) जिन.

જિમ પરમાણુનો ઉત્પાદ એકત્વજ તિમ (**विण खंध हेतु** =) જેણઈ સંયોગઈ સ્કંધ ન નીપજઈ, એહવો જે ધર્માસ્તિકાયાદિકનો જીવ-પુદ્ગલાદિક **संयोग** તદ્દ્વારઈ જે ♦સંયોગયુક્ત (=**परसंयोगई**) **द्रव्योत्पाद**

साम्प्रतं धर्मास्तिकायादिषूत्पादं दर्शयति – '**स्कन्धे**'ति।

स्कन्धाऽहेतोः समुत्पादो धर्मादेः परयोगतः।
क्षणिकपर्ययाच्चैव ज्ञेय ऐकत्विको ध्रुवम्॥૯/૨૨॥

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्कन्धाऽहेतोः परयोगतः क्षणिकपर्ययाच्च धर्मादेः समुत्पादः ध्रुवम् ऐकत्विक एव ज्ञेयः॥૯/૨૨॥

यथा परमाणोः वैस्रसिक उत्पादः ऐकत्विकः एव भवति तथा **स्कन्धाऽहेतोः** = स्कन्धाऽजनकात् **परयोगतः** = जीव-पुद्गललक्षणपरद्रव्यसंयोगाद् **धर्मादेः** = धर्मास्तिकायादिद्रव्यस्य **समुत्पादः ध्रुवं** = नियमेन **ऐकत्विकः** = एकत्वपरिणामजन्यः **ज्ञेयः**। अत्र हि धर्मास्तिकायादेः जीवादिद्रव्येण सहाऽसंयुक्ताऽवस्था तत्तद्देशाऽवच्छिन्ना पूर्वकालीना नश्यति, जीवादिसंयुक्तदशा च धर्मास्तिकायादौ समुत्पद्यते। अतोऽसंयुक्तावस्थाविनाशपूर्वकः संयुक्तधर्मास्तिकायादिद्रव्योत्पादोऽयम् ऐकत्विको वैस्रसिकद्वितीयभेदरूपेणाऽवसेयः, द्रव्यारम्भकावयवसंयोगं विनैव स्वगतैकत्वपरिणामप्रयुक्तत्वात्।

अवतरण :- કેવલજ્ઞાન, મોક્ષ, પરમાણુ વગેરેમાં ઉત્પત્તિને દેખાડીને હવે ગ્રંથકારશ્રી ધર્માસ્તિકાય વગેરેમાં ઉત્પત્તિને દેખાડે છે :-

✻ ધર્માસ્તિકાય વગેરેમાં ઉત્પત્તિ આદિની વિચારણા ✻

શ્લોકાર્ધ :- સ્કંધનો હેતુ ન બને તેવા પરદ્રવ્યસંયોગથી તથા ક્ષણિકપર્યાયથી ધર્માસ્તિકાય વગેરેની જે ઉત્પત્તિ થાય છે, તેને નિયમા ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ જાણવી. (૯/૨૨)

व्याख्यार्थ :- જેમ પરમાણુની ઉત્પત્તિ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ સ્વરૂપ જ હોય છે તેમ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની ઉત્પત્તિ પણ નિયમા ઐકત્વિક વૈસ્રસિક જાણવી. જીવ અને પુદ્ગલસ્વરૂપ પરદ્રવ્યનો જે સંયોગ દ્વયણુકાદિ કે શરીરાદિ સ્કંધ દ્રવ્યનો ઉત્પાદક ન હોય તે સંયોગથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની ઐકત્વિક ઉત્પત્તિ થાય છે. જીવાદિદ્રવ્યો ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં જે-જે ભાગમાં જીવાદિ દ્રવ્યની સાથે પૂર્વે અસંયુક્ત અવસ્થા હતી તે નાશ પામે છે અને જીવાદિ પરદ્રવ્યની સાથે સંયુક્ત અવસ્થા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં ઉત્પન્ન થાય છે. આથી અસંયુક્તદશાવિનાશપૂર્વક સંયુક્તત્વરૂપે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યની ઉત્પત્તિ પ્રસ્તુત ઉત્પત્તિ તરીકે જાણવી. દ્રવ્યારંભક અવયવસંયોગ વિના જ સ્વગત એકત્વપરિણામથી પ્રયુક્ત હોવાથી તે ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય છે. આ વૈસ્રસિક

♦ પુસ્તકોમાં 'રે' નથી. સિ.માં છે. ✡ પુસ્તકોમાં 'षिण षिण' પાઠ. આ.(૧)માં 'क्षण क्षण' પાઠ. ♦ પુસ્તકોમાં 'संयुक्त' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

असंयुक्तावस्थाविनाशपूर्वक.

एतेन नित्ये धर्मास्तिकायादौ करणं कथं सङ्गच्छेत ? इति ***निरस्तम्,***

यतः "विद्यमाने हि वस्तुनि पर्यायविशेषाऽऽधानद्वारेण कथञ्चित् करणक्रियाद्युपपद्यते एव" (वि.आ.भा.२३१४ मल.वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** व्यक्तम्।

यदपि **आवश्यकनिर्युक्तिभाष्यवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** "देवदत्तादिसंयोगाद् धर्मादीनां विशिष्टपर्यायः" (आ.नि.१०१६ गाथोत्तर भा.गा.१५४ वृ.) इत्येवं सहजात् परप्रत्ययप्रयोगात् तत्तत्पर्यायभवनलक्षणं सादिविश्रसाकरणं दर्शितं ***तदपि*** प्रकृते ऐकत्विकवैस्रसिकसमुत्पादरूपेण बोध्यम्, देवदत्तादिसंयोगेन तत्र स्कन्धान्तरानुत्पादात्, नूतनद्रव्याऽऽरम्भकाऽवयवसंयोगं विनैव स्वगतैकत्वपरिणामप्रयुक्तत्वस्य तादृशोत्पादे अबाधात्।

ઉત્પત્તિનો બીજો ભેદ છે.

❯ नित्य पदार्थमां उत्पाद अंगे शंका - शमन ❮

शंका :- (एते.) ધર્માસ્તિકાય વગેરે તો નિત્ય જ છે. તેથી તેને ઉત્પન્ન કરવાની વાત કઈ રીતે સંગત થાય ?

शमन :- (यतः.) ઉપર જે બાબત જણાવી તેનાથી જ તમારી શંકાનું નિરાકરણ થઈ જાય છે. કેમ કે જે વસ્તુ વિદ્યમાન હોય, તેમાં વિશિષ્ટ પ્રકારના પર્યાયોનું આધાન કરવા દ્વારા તત્-તત્પર્યાયવિશિષ્ટસ્વરૂપે વિદ્યમાન વસ્તુને ઉત્પન્ન કરવી વગેરે બાબત સંગત થઈ શકે જ છે. આ વિગત **विशेषावश्यक-भाष्यमलधारवृत्ति**માં સ્પષ્ટપણે જણાવેલ છે. મતલબ કે નિત્ય વસ્તુનો ઉત્તરપર્યાયવિશિષ્ટસ્વરૂપે ઉત્પાદ અને પૂર્વપર્યાયવિશિષ્ટરૂપે નાશ શક્ય છે.

स्पष्टता :- ઊર્ધ્વલોકમાં રહેલ પ્રથમ દેવલોકનો દેવ ચ્યવીને તિર્ચ્છાલોકમાં રહેલી વાવડીના પાણીરૂપે ઉત્પન્ન થાય તેવી ઘટનાને નજર સામે રાખીને વિચારીએ તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય સારી રીતે સમજી શકાશે. તે આ રીતે - પૂર્વે ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય તિર્ચ્છાલોકઅવચ્છેદેન દેવજીવઅસંયુક્તરૂપે હતા. દેવનું નીચે ચ્યવન થતાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય તિર્ચ્છાલોકઅવચ્છેદેન દેવજીવઅસંયુક્તત્વરૂપે નાશ પામશે તથા દેવજીવસંયુક્તત્વરૂપે ઉત્પન્ન થશે. તેમજ ધર્માસ્તિકાયત્વ આદિ સ્વરૂપે તે દ્રવ્ય ધ્રુવ રહે છે. આમ ધર્માસ્તિકાય વગેરેમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે. અહીં જે ઉત્પત્તિ બતાવેલ છે તે વૈસ્રસિક ઉત્પત્તિના ઐકત્વિક ઉત્પત્તિ સ્વરૂપ બીજા ભેદ તરીકે જાણવી.

❊ सादिविस्रसाकरण ऐकत्विकसमुत्पादस्वरूप ❊

(यदपि.) आवश्यकनिर्युक्तिभाष्यव्याख्याમાં શ્રીહરિભદ્રસૂરિજીએ "દેવદત્ત વગેરેના સંયોગથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં જે વિશિષ્ટ પર્યાય થાય તે પરપ્રત્યયયોગથી તે તે પર્યાયની ઉત્પત્તિ થવા સ્વરૂપ સાદિ વિસ્રસાકરણ છે" - આવું જે જણાવેલ છે, તે પણ પ્રસ્તુતમાં ઐકત્વિક વૈસ્રસિક સમુત્પાદસ્વરૂપે સમજવું. કેમ કે સહજ-સ્વાભાવિક દેવદત્તાદિસંયોગથી ત્યાં કોઈ નવીન સ્કંધાત્મક દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. નૂતનદ્રવ્યનો આરંભક અવયવસંયોગ ધર્માસ્તિકાય વગેરેમાં નથી. તેના વિના જ ધર્માદિદ્રવ્યગત એકત્વપરિણામથી

તથા ઋજુસૂત્રનયાભિમત જે **ક્ષણિકપર્યાય** પ્રથમ-દ્વિતીયસમયાદિદ્રવ્યવ્યવહારહેતુ, તદ્દ્વારઈ ઉત્પાદ તે સર્વ **એકત્વજ** જાણવો. ઈહાં કોઈ **વિવાદ નથી.** ॥૯/૨૨॥

एतेन [1]"परपच्चयाओ संजोयाइ करणं नभाईणं साइयमुवयाराओ" (वि.आ.भा. ३३१०) इति **विशेषावश्यकभाष्य**वचनमपि ***व्याख्यातम्,*** 'उपचारादि'त्यनेन तत्र स्कन्धान्तरानुत्पादस्य दर्शितत्वात्। अतो गगनादिषु परप्रत्ययाद् ऐकत्विकवैस्रसिकोत्पाद एव सिध्यतीत्यवधेयम्।

क्षणिकपर्यायाच्च = समयमात्रस्थितिकपर्यायात् पुनः प्रथम-द्वितीयसमयादिद्रव्यव्यवहारहेतोः ऋजुसूत्रनयाभिमताद् जायमानो वैस्रसिक उत्पादः **ऐकत्विक एव ज्ञेयः**। नास्त्यत्र कश्चिद् विवादः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - परद्रव्यसम्बन्धेऽपि धर्मादिद्रव्याणि यथाऽलिप्तानि तथाऽनिवार्यपापकरणकालेऽपि स्त्र्यादिसंयोगेऽपि यदि जीवः अलिप्तो भवेत् तर्हि महापापबन्धनेभ्यो

પ્રયુક્તપણું ધર્માસ્તિકાયાદિની ઉપરોક્ત ઉત્પત્તિમાં અબાધિત છે. તેથી તેને ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિરૂપે માની શકાય છે જ.

ॐ आकाशमां ऐकत्विकउत्पत्तिविचार ॐ

(एतेन.) **વિશેષાવશ્યકભાષ્ય**માં જે જણાવેલ છે કે 'ઉપચારથી આકાશ વગેરેમાં સાદિ કરણ થાય છે. તે અન્યનિમિત્તે થનાર સંયોગાદિસ્વરૂપ સમજવું' - તેનું પણ અર્થઘટન ઉપર મુજબ સમજી શકાય છે. મતલબ કે 'ઉપચાર' શબ્દનો પ્રયોગ કરવાથી ત્યાં એવું સૂચિત થાય છે કે આકાશ વગેરેમાં ઘટાદિસંયોગથી નવું સ્કંધદ્રવ્ય ઉત્પન્ન થતું નથી. તેથી આકાશાદિમાં પરપ્રત્યયથી થતું તે કરણ પણ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિસ્વરૂપ જ સમજવું.

ॐ ऋजुसूत्रनयथी प्रतिक्षण ऐकत्विक उत्पाद ॐ

(**क्षणिक.**) ઋજુસૂત્રનયના અભિપ્રાયથી વિચારીએ તો બીજી રીતે પણ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં પ્રતિક્ષણ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ સંભવી શકે છે. તે આ રીતે - સર્વ પર્યાયની સ્થિતિ માત્ર એક સમયની જ હોય છે. પ્રત્યેક સમયે જૂના પર્યાય નાશ પામે છે તથા નૂતન પર્યાય ઉત્પન્ન થાય છે. તે તે પર્યાયના લીધે જ 'આ પ્રથમસમયદ્રવ્ય છે, તે દ્વિતીયસમયદ્રવ્ય છે, પેલું તૃતીયસમયદ્રવ્ય છે' - આવો વ્યવહાર થાય છે. પ્રથમ સમયે જે સ્વરૂપે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય વિદ્યમાન હોય છે તે જ સ્વરૂપે તે દ્રવ્ય દ્વિતીય આદિ સમયે વિદ્યમાન નથી હોતું. તેથી ઋજુસૂત્રનય કહે છે કે 'પ્રતિસમય ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો પૂર્વકાલીનત્વરૂપે નાશ અને વર્તમાનકાલીનત્વરૂપે (દ્વિતીયસામયિકત્વાદિસ્વરૂપે) ઉત્પાદ થાય છે.' આ ઋજુસૂત્રનયસંમત ધર્માસ્તિકાયાદિસંબંધી ઉત્પત્તિ ઐકત્વિક વૈસ્રસિક ઉત્પત્તિ કહેવાય છે. આ પ્રમાણે જાણવું. એમાં કોઈ વિવાદ નથી.

ॐ धर्मास्तिकायथी पण उपदेश लईए ॐ

આધ્યાત્મિક ઉપનય :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય જેમ અલિપ્ત રહે છે તેમ અનિવાર્યપણે કરવા પડતા પાપ કરતી વખતે તથા સ્ત્રી વગેરેનો સંયોગ થવા છતાં સાધક તદ્દન અલિપ્ત રહે, નિરાળો

□ લી.(૧)માં '....द्वितीयसपर्याया...' પાઠ. 1. परप्रत्ययात् संयोगादि करणं नभआदीनां सादिकमुपचारात्।

मुच्येत, पुद्गलद्रव्यवद् एकीकरणभावापत्तौ तु प्रभूतावद्यबन्धनैः बध्येत।

इदमप्यत्राऽवधातव्यं यदुत धर्मास्तिकायादिनिष्क्रियद्रव्येऽपि सक्रियद्रव्यसंयोग-कालतत्त्वद्वारा जायमानौ उत्पाद-व्ययौ केवलं ज्ञेयौ न तूपादेय-हेयौ। शास्त्र-शास्त्रानुसारितर्कानुसारेण तत्तथाभ्युपगमेन (१) सर्वज्ञगोचरप्रत्ययाऽऽदरादिभावः समुल्लसितो भवति, (२) बुद्धिः शास्त्रपरिकर्मिता सूक्ष्मा च सम्पद्यते, (३) चित्तमेकाग्रं शान्तञ्चोपजायते, (४) मिथ्यात्वमोहनीयकर्मक्षयोपशमः स्थिरः बलिष्ठश्च जायते, (५) तथा ज्ञानयोगस्य योग्यता पराकाष्ठा च प्राप्येते। ततश्च "लोके तत्सदृशो ह्यर्थः कृत्स्नेऽप्यन्यो न विद्यते। उपमीयेत तद् येन तस्माद् निरुपमं सुखम्।।" (त.सू.का.३०) इति **तत्त्वार्थसूत्रकारिका**प्रदर्शितं निरुपमं मोक्षसुखं प्रत्यासन्नतरं स्यात्।।९/२२।।

રહે, ન્યારો રહે તો ઘણા પાપકર્મબંધનથી બચી શકે. તથા પુદ્ગલદ્રવ્યો જેમ એક-બીજામાં ભળે છે તેમ જીવ પાપપ્રવૃત્તિમાં અંદરથી ભળી જાય તો ઘણા પાપકર્મ બાંધે. આ બોધપાઠ અહીં લેવા યોગ્ય છે.

❋ જ્ઞાનયોગને યોગ્ય બનીએ ❋

(इद.) તદુપરાંત બીજી એક બાબત એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે - ધર્માસ્તિકાય વગેરે નિષ્ક્રિય દ્રવ્યોમાં પણ સક્રિય દ્રવ્યના સંયોગનિમિત્તે કે કાળતત્ત્વના માધ્યમથી થતા ઉત્પાદ-વ્યય કેવલ જ્ઞેય છે, હેય કે ઉપાદેય નહિ. શાસ્ત્રાનુસાર કે શાસ્ત્રાનુસારી તર્કાનુસાર તેનો તથાસ્વરૂપે સ્વીકાર કરવાથી (૧) સર્વજ્ઞ ભગવંત પ્રત્યે આપણો વિશ્વાસ અને આદરભાવ ઉલ્લસિત થાય છે, (૨) બુદ્ધિ સૂક્ષ્મ અને શાસ્ત્રપરિકર્મિત થાય છે, (૩) મન એકાગ્ર અને શાંત થાય છે, (૪) મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષયોપશમ સ્થિર અને બળવાન થાય છે, (૫) જ્ઞાનયોગની યોગ્યતા અને પરાકાષ્ઠા પ્રગટે છે. તેના લીધે **તત્ત્વાર્થસૂત્રકારિકા**માં વર્ણવેલ નિરુપમ મોક્ષસુખ ખૂબ જ નજીક આવે. ત્યાં મોક્ષસુખને જણાવતાં કહેલ છે કે 'આખાય વિશ્વમાં મોક્ષસુખતુલ્ય બીજો કોઈ પદાર્થ વિદ્યમાન નથી કે જેની ઉપમા મોક્ષસુખને લાગુ પડે. તેથી તે સર્વોત્કૃષ્ટ મોક્ષસુખ નિરુપમ = ઉપમાશૂન્ય છે.' (૯/૨૨)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ સમડી જેવી છે. ઊંચે ઊડવા છતાં નીચે નજર નાંખે છે.**

  શ્રદ્ધા બુલબુલ જેવી છે, ચાતક જેવી છે. નીચે બેસવા છતાં ઊંચે નજર રાખે છે.

પરપ્રત્યય ♦ધર્માદિકતણો, નિયમઈ ભાખિઓ ઉત્પાદ રે;

[ક]નિજપ્રત્યય પણિ *તેહિ જ કહોં, જાણિ અંતર નયવાદ રે ॥૯/૨૩॥ (૧૫૬) જિન.

ધર્માસ્તિકાયાદિકનો ઉત્પાદ તે **નિયમઈ પરપ્રત્યય** = સ્વોપષ્ટભ્ય♦ગત્યાદિપરિણતજીવ-પુદ્ગલાદિ-નિમિત્તજ **ભાખિઓ**. ઉભયજનિત તે એકજનિત પણિ હોઈ, તે માટઈ **તેહનઈ (જ) નિજપ્રત્યય પણિ કહો. અંતરનયવાદ** = નિશ્ચય-વ્યવહાર **જાણીનઈ**.

प्रकृते नयवादमवलम्ब्य निरूपयति – '**धर्मादीनामि**'ति।

धर्मादीनां समुत्पादोऽन्यप्रत्ययाद्धि भाषितः।
स्वप्रत्ययं तमेवाऽपि ज्ञात्वा नयान्तरं वद।।९/२३।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – धर्मादीनां समुत्पादः हि अन्यप्रत्ययाद् भाषितः। नयान्तरं ज्ञात्वा तमेव स्वप्रत्ययमपि वद।।९/२३।।

धर्मादीनां = धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकायानां **समुत्पादः हि** = नियमेन **अन्य-प्रत्ययाद्** = धर्मास्तिकायाद्युपष्टम्भप्रयुक्तगति-स्थित्यवगाहनापरिणतजीव-पुद्गललक्षणपरद्रव्यनिमित्ताद् **भाषितः** = **सम्मतितर्कवृत्तौ** कथितः **अभयदेवसूरिभिः**। धर्मास्तिकायाद्युत्पादे धर्मास्तिकायादिस्वद्रव्य-जीवादिपरद्रव्योभयजनितत्वेन प्रत्येकजनितत्वमपि सम्भवत्येव। अतः **नयान्तरं** = निश्चय-व्यवहारनयमतभेदं

अवतरणिका :- ધર્માસ્તિકાય વગેરે નિષ્ક્રિય દ્રવ્યની ઉત્પત્તિ બતાવી તે અંગે નયવાદનું આલંબન લઈને ગ્રંથકારશ્રી નિરૂપણ કરે છે.

શ્લોકાર્થ :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની ઉત્પત્તિ અન્ય નિમિત્તે શાસ્ત્રમાં બતાવેલ છે. તેમ છતાં અન્ય (= નિશ્ચય) નયને જાણીને તે જ ઉત્પત્તિને સ્વનિમિત્તક પણ કહો. (૯/૨૩)

❀ પરનિમિત્તક વસ્તુસ્વરૂપ પ્રત્યે નિશ્ચયનય ઉદાસીન ❀

વ્યાખ્યાર્થ :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયની ઉત્પત્તિ નિયમા અન્ય દ્રવ્યના નિમિત્તે જ **અભયદેવસૂરિજી** મહારાજ વગેરેએ **સંમતિતર્કવૃત્તિ**માં જણાવેલ છે. તે આ રીતે - ધર્માસ્તિકાય દ્રવ્યના ટેકા દ્વારા જીવ તથા પુદ્ગલો ગતિપરિણામથી પરિણત થાય છે. અધર્માસ્તિકાય દ્રવ્યના ટેકાથી જીવ તથા પુદ્ગલ દ્રવ્ય સ્થિતિપરિણામથી પરિણમે છે. આકાશાસ્તિકાયની સહાયથી જીવ અને પુદ્ગલો અવગાહના પરિણામથી પરિણત થાય છે. આ રીતે ગતિ-સ્થિતિ-અવગાહના પરિણામથી પરિણત થયેલા એવા આત્મા અને પુદ્ગલ સ્વરૂપ અન્ય દ્રવ્યના નિમિત્તે ધર્માસ્તિકાય આદિ ત્રણેય દ્રવ્યોની તે-તે પરિણામસ્વરૂપે ઉત્પત્તિ થાય છે. આ પ્રમાણે **સંમતિતર્કવૃત્તિ**માં જણાવેલ છે. આ રીતે ધર્માસ્તિકાય વગેરે ત્રણેય દ્રવ્યની જે ઉત્પત્તિ થાય છે તે ધર્માસ્તિકાયાદિ સ્વદ્રવ્ય તથા જીવાદિ પરદ્રવ્ય - એમ ઉભયથી જન્ય હોવાના લીધે પ્રત્યેકજનિત પણ સંભવે જ છે. તેથી નિશ્ચય અને વ્યવહાર સ્વરૂપ બે નયના

♦ કો.(૯) + સિ.માં 'ધર્માસ્તિકતણો' પાઠ. [ક] લી.(૨)માં 'જિનપ્રત્યય' અશુદ્ધ પાઠ. * પુસ્તકોમાં 'તેહ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'સ્વોપષ્ટમ્ભગ...' પાઠ. લી.(૧+૨+૩+૪) + કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે.

એ અર્થ - [1]"आगासाईआणं तिण्हं परपच्चओ(ऽ)णियमा।। (स.त.३.३३)" એ *सम्मति*ગાથા મધ્યે □अકારઈ પ્રશ્લેષઈ બીજો અર્થ વૃત્તિકારઈ કહિઓ છઈ, તે અનુસરીનઈ લિખ્યો છઈ. ॥૯/૨૩॥

ज्ञात्वा = विज्ञाय **तमेव** धर्मास्तिकायादिसमुत्पादं **स्वप्रत्ययं** = निजनिमित्तम् **अपि वद** = कथय।

इदमत्राकूतम् — व्यवहारनयो हि वस्तुगतशुद्धाऽशुद्धोभयस्वरूपग्राहकः, मुख्यवृत्त्या सखण्डवस्तुग्राहकत्वात्। निश्चयनयस्तु वस्तुगतशुद्धस्वरूपग्राहकः, मुख्यवृत्त्या अखण्डवस्तुग्राहकत्वात्। धर्मास्तिकायाद्युत्पादगतं परनिमित्तकत्वम् अशुद्धस्वरूपम्, स्व-परनिमित्तकत्वं मिश्रस्वरूपम्, स्वनिमित्तकत्वं तु शुद्धस्वरूपम्। अतः सत्यपि स्व-परनिमित्तकत्वे धर्मास्तिकायाद्युत्पत्तेः स्वनिमित्तकत्वं चेतसिकृत्य ऐकत्विकवैस्रसिकता निश्चयनयेन प्रोच्यमाना अव्याहतैव, स्वानभिप्रेतांशविमुखत्वात् सर्वेषां नयानामित्यवधेयम्।

अयं द्वितीयः अर्थः [1]"आगासाईआणं तिण्हं परपच्चओ(ऽ)णियमा" (स.त.३/३३) इति **सम्मतितर्क**गाथामध्ये अकारप्रश्लेषतो वृत्तिकृता श्रीअभयदेवसूरिवरेणोक्तः। तमेवाऽनुसृत्येह स दर्शितः।

तद्वृत्तिलेशस्त्वेवम् "आकाशादीनां च त्रयाणां द्रव्याणाम् अवगाहकादिघटादिपरद्रव्यनिमित्तः अवगाह-

---

મતભેદને જાણીને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યની તે જ ઉભયજન્ય ઉત્પત્તિને સ્વનિમિત્તક = સ્વજન્ય પણ કહો.

❉ નયમતભેદથી સખંડ-અખંડસ્વરૂપગ્રહણ ❉

(**इदमत्रा.**) કહેવાનો આશય એ છે કે વ્યવહારનય વસ્તુના શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વરૂપને ગ્રહણ કરે છે. કારણ કે વ્યવહારનય વસ્તુના સખંડ સ્વરૂપને મુખ્યરૂપે ગ્રહણ કરે છે. જ્યારે નિશ્ચયનય વસ્તુના શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરે છે. કારણ કે નિશ્ચય મુખ્યવૃત્તિથી વસ્તુના અખંડ સ્વરૂપને ગ્રહણ કરે છે. ધર્માસ્તિકાયાદિની ઉત્પત્તિસ્વરૂપ વસ્તુમાં રહેલ પરનિમિત્તકત્વ એ અશુદ્ધસ્વરૂપ છે. સ્વ-પરનિમિત્તકત્વ એ વસ્તુનું શુદ્ધ-અશુદ્ધ = મિશ્રસ્વરૂપ છે. જ્યારે સ્વનિમિત્તકત્વ તો વસ્તુનું શુદ્ધ સ્વરૂપ છે. વસ્તુમાં બન્ને સ્વરૂપ વિદ્યમાન હોવા છતાં પણ વસ્તુગત શુદ્ધ સ્વરૂપને નિશ્ચયનય પકડે છે. તેથી ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યની ઉત્પત્તિમાં રહેલ સ્વનિમિત્તકત્વ અંશને પકડીને નિશ્ચયનય તે ઉત્પત્તિને ઐકત્વિક વૈસ્રસિક કહે છે. સ્વઅભિપ્રેત અર્થને ગ્રહણ કરતી વખતે અન્ય અનભિપ્રેત અંશ તરફ પ્રત્યેક નય આંખમીંચામણા કરે છે. તેથી નિશ્ચય દૃષ્ટિથી ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યની ઉત્પત્તિ સ્વાભાવિક ઐકત્વિક છે - આ વાત પણ અસત્ય નથી. આ વાત વાચકવર્ગે ખાસ ધ્યાનમાં રાખવી.

✡ ધર્માસ્તિકાયાદિમાં ઐકત્વિક ઉત્પત્તિનું સમર્થન ✡

(**अयं.**) આ બીજો અર્થ = 'ધર્માસ્તિકાયાદિ દ્રવ્યની ઉત્પત્તિ સ્વજન્ય = ઐકત્વિક છે' આવો પદાર્થ **सम्मतितर्क**ની 'आगासाईआणं... ' ઈત્યાદિ ગાથાના ઉત્તરાર્ધમાં છેલ્લા પદમાં 'अ'કારને (= અવગ્રહને) ઉમેરીને સંમતિવૃત્તિકાર શ્રીअभयदेवसूरिજીએ જણાવેલ છે. તેને અનુસરીને જ અહીં ધર્માસ્તિકાયાદિની ઉત્પત્તિને સ્વપ્રત્યયિક ઐકત્વિક બતાવેલ છે. તે સંમતિતર્કગાથાની વ્યાખ્યાનો ઉપયોગી અંશ નીચે મુજબ છે.

(**तद्वृत्ति.**) "આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય - આ ત્રણ દ્રવ્યો સ્વતંત્ર એક એક દ્રવ્યસ્વરૂપ

□ પુસ્તકોમાં 'અકાર' પાઠ. (૯+૧૧)+સિ.નો પાઠ લીધો છે. 1. आकाशादीनां त्रयाणां परप्रत्ययो(ऽ)नियमात्।

नादिक्रियोत्पादोऽनियमाद् = अनेकान्ताद् भवेद् अवगाहक-गन्तृ-स्थातृद्रव्यसन्निधानतः अम्बर-धर्माऽधर्मेषु अवगाहन-गति-स्थितिक्रियोत्पत्ति-निमित्तभावोत्पत्तिरित्यभिप्रायः।

....प्रयोग-विस्रसात्मकमूर्तिमद्द्रव्यानारब्धत्वेनाऽऽकाशादेः उत्पाद ऐकत्विकः अभिधीयते, न पुनः निरवयवकृतत्वादैकत्विकः। अयमपि स्याद् ऐकत्विकः स्यादनैकत्विकः, न त्वैकत्विक एव।

एवं मूर्तिमदमूर्तिमदवयवद्रव्यद्वयोत्पाद्याऽवगाह-गति-स्थितीनां यथोक्तप्रकारेण तत्रोत्पत्तेः अवगाह-गति-स्थितिस्वभावस्य च विशिष्टकार्यत्वाद् विशिष्टकारणपूर्वकत्वसिद्धेः तत्कारणे आकाशादिसंज्ञाः समयनिबन्धनाः सिद्धाः" (स.त.३/३३) इति।

છે. પરંતુ તેના ઉત્પાદ અલગ અલગ રૂપી દ્રવ્યોના અવયવસમુદાયોના મિલનથી નથી થતા પણ અનાદિ કાળથી તેઓ પોતાના અજન્ય-અરૂપી અવયવોમાં નિત્ય અપૃથગ્ભાવસંબંધથી રહેલા છે. માટે નૂતન એવા ઘટાદિ દ્રવ્યની જેમ તેના ઉત્પાદ નથી થતા. તેઓ જાતે, એકલા જ અવગાહનશીલ ઘટ-પટાદિ દ્રવ્ય, ગતિશીલ સૂર્ય-ચંદ્રાદિ દ્રવ્ય તેમજ સ્થિતિઅભિમુખ ચક્રાદિ દ્રવ્યોની ક્રમશઃ અવગાહના, ગતિ અને સ્થિતિ પ્રત્યે નિમિત્તભૂત બને છે. તે વખતે, જે તે આકાશાદિ દ્રવ્યોની અનિમિત્તપણામાંથી નિવૃત્તિ થઈને નિમિત્તપણામાં ઉત્પત્તિ થાય છે. તેને 'ઐકત્વિક' એટલે કે અવયવસમુદાયના આરંભક સંયોગ વગર જ સ્વગત એકત્વપ્રયુક્ત ઉત્પાદ કહેવાય છે. તાત્પર્ય એ છે કે અન્ય દ્રવ્યોના અવગાહનાદિ કાર્યોમાં જે આકાશાદિનું નિમિત્તપણું છે, તે આકાશાદિની જ પ્રધાનતા રાખે છે, બીજા કારકોની નહીં. માટે 'ઐકત્વિક' ઉત્પાદ કહેવાય છે. તથા તેઓમાં જે નિમિત્તપણાનો આવિર્ભાવ થાય છે, તેમાં આકાશાદિથી અન્ય અવગાહક દ્રવ્ય, ગતિકારક દ્રવ્ય અને રુદ્ધગતિક = સ્થિર દ્રવ્ય પણ નિમિત્ત બને છે. માટે આ ઐકત્વિક ઉત્પાદ, વગર કોઈ નિયમે એટલે કે કથંચિત્ પરપ્રત્યયિક (= પરનિમિત્તક) પણ કહેવાય છે.

❋ આકાશાદિની ઉત્પત્તિ કથંચિત્ ઐકત્વિક ❋

(....**प्रयो.**) ....મુખ્ય વાત એ છે કે આકાશાદિ નિરવયવ = સ્વયંરચિત હોવાથી કાંઈ આકાશાદિનો ઉત્પાદ 'ઐકત્વિક' નથી કહેવાતો. પરંતુ પ્રયોગજન્ય કે વિસ્રસાત્મક કોઈ રૂપી દ્રવ્યથી તેઓ આરબ્ધ નથી હોતા. માટે આકાશાદિના ઉત્પાદને 'ઐકત્વિક' કહેવાય છે. "આ જે ઐકત્વિક ઉત્પાદ છે તે સર્વથા (એકાન્તે) 'ઐકત્વિક' જ છે" - એવું નથી. પરંતુ કથંચિત્ ઐકત્વિક છે અને કથંચિત્ અનૈકત્વિક પણ છે. (કેમ કે આકાશાદિ ત્રણના અવયવ એકાંતે અમૂર્ત નથી.)

❋ આકાશાદિની સિદ્ધિ ❋

(**एवं.**) આ રીતે રૂપીદ્રવ્ય એવા પુદ્ગલો અને અરૂપી અવયવવાળા આકાશાદિ દ્રવ્ય - આ બન્નેના સંપર્કથી પુદ્ગલ દ્રવ્યમાં અવગાહના, ગતિ અને સ્થિતિ રૂપ ધર્મોની ઉપરોક્ત રીતે ઉત્પત્તિ થાય છે. ત્યારે આકાશાદિ ત્રણમાં અવકાશદાન, ગતિપોષકત્વ અને સ્થિતિકારકત્વ લક્ષણ સ્વભાવ ઉત્પન્ન થાય છે. આ ત્રણે સ્વભાવ સર્વદ્રવ્ય સાધારણ ન હોવાથી વિશિષ્ટ કાર્યરૂપ છે. જે વિશિષ્ટ કાર્યો હોય છે તેઓ વિશિષ્ટ કારણપૂર્વક જ હોવા જોઈએ. આથી અવકાશપ્રદાનરૂપ અસાધારણકાર્યના વિશિષ્ટકારણરૂપે સિદ્ધ થનાર દ્રવ્યને સિદ્ધાન્તાનુસારે 'આકાશ' એવી સંજ્ઞા આપેલ છે. ગતિસહાયકત્વરૂપ વિશિષ્ટકાર્યના જનકરૂપે સિદ્ધ થનાર દ્રવ્યને 'ધર્માસ્તિકાય' એવી સંજ્ઞા આપેલ છે અને સ્થિતિકારકત્વરૂપ વિશિષ્ટકાર્યના

"एवं सति कालादिहेतुपञ्चकसामग्र्याः कार्योत्पत्तिमात्रनियतत्वभङ्गेन अपसिद्धान्तभीः तु गौण-मुख्यभावेन तदभङ्गाद् वारणीया, उक्तद्वैविध्यस्य प्रयोग-विस्रसाप्राधान्येनैव व्यवस्थितेरिति" (आ.मी.परि.१/का.११ अ.स.ता.पृ.१६८) व्यक्तमुक्तं महोपाध्याय**यशोविजय**गणिवरैः **अष्टसहस्रीतात्पर्यविवरणे**।

***यच्च* अकलङ्काचार्येण तत्त्वार्थराजवार्तिके** "क्रियानिमित्तोत्पादाऽभावेऽपि एषां धर्मादीनाम् अन्यथोत्पादः

ઉત્પાદકરૂપે સિદ્ધ થનાર દ્રવ્યને સિદ્ધાન્તાનુસારે 'અધર્માસ્તિકાય' એવી સંજ્ઞા આપેલી છે."

શંકા :- જો આ રીતે ધર્માસ્તિકાય વગેરેની ઉત્પત્તિ સ્વગત એકત્વપરિણામથી = સ્વભાવથી પ્રયુક્ત હોય તો 'કાર્યમાત્ર કાલ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ - આ પાંચ હેતુઓના સમૂહથી જ ઉત્પન્ન થાય છે' આવો નિયમ ભાંગી જશે. તથા આ નિયમ જિનાગમસંગત હોવાથી તમને અપસિદ્ધાન્ત દોષ લાગુ પડશે.

❖ કાલાદિ પંચસમવાયકારણતાનો સિદ્ધાન્ત અબાધિત ❖

સમાધાન :- ("एवं.) ના, તમારી શંકા વ્યાજબી નથી. "જીવાદિ પરદ્રવ્યના નિમિત્તે થનાર ધર્માસ્તિકાયાદિ દ્રવ્યની ઉત્પત્તિને ઐકત્વિક વૈસ્રસિક = સ્વાભાવિક માનવાથી 'કાર્યમાત્ર કાલાદિ પાંચ કારણસમૂહથી ઉત્પન્ન થાય છે' - આવો નિયમ = વ્યાપ્તિ ભાંગી જવા સ્વરૂપ અપસિદ્ધાન્ત દોષનો ભય અમને લાગુ નથી પડતો. કારણ કે 'સર્વ કાર્ય કાળ, સ્વભાવ, ભવિતવ્યતા વગેરે પાંચ કારણના સમુદાયથી જ ઉત્પન્ન થાય છે' આ નિયમ કાંઈ 'કાર્યમાત્ર પ્રત્યે પાંચેય મુખ્યરૂપે જ કારણ હોય છે' - તેવું સિદ્ધ કરતો નથી. દરેક કાર્ય કાલ આદિ પાંચેય કારણથી ઉત્પન્ન થવા છતાં પણ કોઈક કાર્ય પ્રત્યે કાળ મુખ્ય કારણ હોય, સ્વભાવ વગેરે ગૌણ કારણ હોય. અન્ય કાર્ય પ્રત્યે સ્વભાવ મુખ્ય કારણ હોય કાળ આદિ બીજા કારણ ગૌણ હોય. આવો જૈનેન્દ્ર સિદ્ધાન્ત છે. 'પ્રસ્તુત ધર્માસ્તિકાયાદિ દ્રવ્યની ઉત્પત્તિ ઐકત્વિક વૈસ્રસિક હોવાથી સ્વાભાવિક છે' - આવું કહેવાની પાછળ તાત્પર્ય એ છે કે આ ઉત્પત્તિ પ્રત્યે સ્વભાવ મુખ્ય કારણ છે. કાળ, ભવિતવ્યતા વગેરે આ ઉત્પત્તિ પ્રત્યે ગૌણ કારણ છે. આમ કાળ, સ્વભાવ વગેરે પાંચેય કારણો ગૌણ-મુખ્યભાવે ધર્માસ્તિકાય આદિ ત્રણેય દ્રવ્યની ઉત્પત્તિ પ્રત્યે કારણ બને જ છે. તેથી કાલાદિ પંચકારણસમવાયનો સિદ્ધાંત ભાંગી જવાથી આવનાર અપસિદ્ધાન્તની આપત્તિના ભયનું નિવારણ કરી શકાય છે. ઉત્પત્તિના જે બે ભેદ અહીં જણાવેલ છે તે જીવપ્રયોગની અને વિસ્રસાની મુખ્યતાથી જ જણાવેલ છે. તેનાથી કાળ, ભવિતવ્યતા વગેરે કારણોની પ્રસ્તુત વિવિધ ઉત્પત્તિ પ્રત્યે કારણતા બાધિત થતી નથી. ફરક એટલો જ છે કે વૈસ્રસિક ઉત્પત્તિ પ્રત્યે સ્વભાવ મુખ્ય કારણ છે, કાળાદિ કારણો ગૌણ હેતુ છે. જ્યારે પ્રાયોગિક ઉત્પત્તિ પ્રત્યે ઉદ્યમ મુખ્ય કારણ છે, કાળ આદિ ચાર કારણો ગૌણ હેતુ છે. આ પ્રમાણે શાસ્ત્રકારોની વ્યવસ્થા પ્રસિદ્ધ છે." આ વાત **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ** ગ્રંથમાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે.

❋ દિગંબરમત મુજબ ધર્માસ્તિકાય આદિમાં ઉત્પત્તિની વિચારણા ❋

(यच्च.) દિગંબર **શ્રીઅકલંકાચાર્ય તત્ત્વાર્થરાજવાર્તિક** નામના ગ્રંથમાં જણાવે છે કે "ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યો નિષ્ક્રિય છે તથા અનાદિ કાળથી સ્વયંનિષ્પન્ન જ છે. તેથી સ્વગત ક્રિયાના નિમિત્તે કે પરગત ક્રિયાના નિમિત્તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ - આ ત્રણ દ્રવ્યની ઉત્પત્તિ થઈ

कल्प्यते। तद्यथा - द्विविध उत्पादः - (१) स्वनिमित्तः (२) परप्रत्ययश्च। स्वनिमित्तस्तावद् अनन्तानाम् अगुरुलघुगुणानाम् आगमप्रामाण्याद् अभ्युपगम्यमानानां षट्स्थानपतिततया वृद्ध्या हान्या च वर्तमानानां स्वभावाद् एषामुत्पादो व्ययश्च।

परप्रत्ययोऽपि अश्वादेर्गतिस्थित्यवगाहनहेतुत्वात्, क्षणे क्षणे तेषां भेदात् तद्धेतुत्वमपि भिन्नमिति परप्रत्ययाऽपेक्ष उत्पादो विनाशश्च व्यवह्रियते" (त.रा.वा.५/७/४) इति प्रतिपादितं ***तदत्र***ानुसन्धेयम्।

शकती नथी. तेम छतां पण धर्मास्तिकाय आदि त्रण द्रव्यनी उत्पत्तिनी बीजी रीते कल्पना करवामां आवे छे. ते आ रीते - उत्पत्ति बे प्रकारे थाय छे. (१) स्वनिमित्ते अने (२) परनिमित्ते. आमांथी (१) स्वनिमित्ते उत्पत्ति अगुरुलघुगुणो वगेरेनी समजवी. आगमप्रमाणथी अगुरुलघु गुण प्रसिद्ध छे. जिनआगम प्रमाण होवाथी तेना माध्यमथी ज प्रस्तुत अगुरुलघु गुणनो स्वीकार थई शके छे. धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश वगेरेमां रहेला आ अगुरुलघु गुणनी वृद्धि अने हानि षट्स्थानपतित होय छे. (१) अनंतभाग वृद्धि, (२) असंख्यभाग वृद्धि, (३) संख्यातभाग वृद्धि, (४) संख्यातगुण वृद्धि, (५) असंख्यातगुण वृद्धि, (६) अनन्तगुण वृद्धि. आम छ प्रकारे अगुरुलघु गुणनी वृद्धि थती होय छे. तथा (१) अनंतभाग हानि, (२) असंख्यभाग हानि, (३) संख्यातभाग हानि, (४) संख्यात गुण हानि, (५) असंख्यातगुण हानि अने (६) अनंतगुण हानि - आम षट्स्थानपतित हानि पण अगुरुलघुगुणमां थती होय छे. आम छ प्रकारे वृद्धि अने छ प्रकारे हानि पामता अगुरुलघु गुणनी वात जिनागममां जणावेल छे. आ रीते वृद्धि-हानि द्वारा अगुरुलघु गुणनो जे उत्पाद अने व्यय थाय छे ते स्वभावथी समजवो. अर्थात् स्वाभाविक = वैस्रसिक उत्पाद अने व्यय अगुरुलघुगुणमां थाय छे. आ स्वनिमित्ते थनारा उत्पाद-व्यय समजवा. तथा तेना माध्यमथी धर्मास्तिकाय वगेरे द्रव्यमां पण उत्पाद-व्यय छे. आ उत्पाद-व्यय पण स्वनिमित्तक जाणवा.

❖ परनिमित्तक उत्पत्तिनी विचारणा ❖

(पर.) तेमज (२) परनिमित्ते पण उत्पाद अने व्यय थाय छे. अश्व वगेरे परद्रव्यनी गतिमां धर्मास्तिकाय द्रव्य कारण छे, स्थितिमां अधर्मास्तिकाय कारण छे, अवगाहनामां आकाशास्तिकाय कारण छे. प्रत्येक क्षणे अश्व, गाय, परमाणु, कार्मण वर्गणा वगेरे परद्रव्योमां फेरफार थया करे छे. जुदी जुदी गति-स्थितिने तथा विभिन्न अवगाहनाने प्रत्येक परद्रव्य परिवर्तनशीलस्वरूपे धारण करे छे. परद्रव्यगत गति-स्थिति-अवगाहनाना तफावतना लीधे जुदी जुदी गति-स्थिति आदि प्रत्येनी कारणता पण धर्मास्तिकाय आदि त्रणेय द्रव्यमां बदलाय छे. अमुक काळे, अमुक क्षेत्रमां, अमुक द्रव्यनी गति -स्थिति आदि प्रत्ये कारण थवुं, न थवुं इत्यादि स्वरूपे धर्मास्तिकाय वगेरे द्रव्यना स्वरूपमां पण फेरफार थाय छे. तेथी विभिन्न गति-स्थिति आदिथी परिणत परद्रव्यनी अपेक्षाओ धर्मास्तिकाय वगेरे द्रव्यमां जे उत्पाद अने व्यय थाय छे ते परनिमित्तक समजवो. मतलब के विभिन्नकालीन, विभिन्नक्षेत्रगत, विभिन्नद्रव्यसंबंधी गति-स्थिति वगेरे परिणामथी युक्त परद्रव्यनिमित्तनी अपेक्षाओ धर्मास्तिकाय, अधर्मास्तिकाय वगेरेमां उत्पादनो अने विनाशनो व्यवहार थाय छे. आ रीते धर्मास्तिकाय वगेरे त्रण द्रव्यमां स्वनिमित्ते अने परनिमित्ते उत्पाद तथा व्यय थाय छे." दिगंबराचार्य **अकलंकस्वामी**नुं उपरोक्त

दिगम्बरमते धर्मास्तिकायादीनां स्वप्रत्ययः परप्रत्ययश्च समुत्पादो दर्शितः। श्वेताम्बरमते च धर्मास्तिकायादिसमुत्पादस्य स्व-परप्रत्ययिकत्वेऽपि स्वप्रत्ययिकत्वापेक्षया ऐकत्विकत्वं वैस्रसिकत्वञ्च समर्थितम्, नानाधर्माध्यासितवस्तुव्यवहारस्य तथाविधविवक्षाऽधीनत्वात्।

नयचक्रसारे देवचन्द्रवाचकैस्तु "धर्मास्तिकाये यस्मिन् समये सङ्ख्येयपरमाणूनां चलनसहकारिता, अन्यसमये असङ्ख्येयानाम् एवं सङ्ख्येयत्वसहकारिताव्ययः, असङ्ख्येयाऽनन्तसहकारितोत्पादः चलनसहकारित्वेन ध्रुवत्वम्। एवमधर्मादिष्वपि ज्ञेयम्" (न.च.सा.पृ.१५८) इत्युक्त्या धर्मास्तिकायादिषु परप्रत्ययौ उत्पाद-व्ययौ स्वप्रत्ययञ्च ध्रौव्यमिति दर्शितमित्यत्राऽनुसन्धेयम्।

नानामतमिदं सम्यग्, कदाग्रहं विमुच्य भगवदनुमतविविधनयानुयायित्वादित्यवधेयम्।

प्रकृते नानाग्रन्थानुसारेण उत्पादः कोष्ठकरूपेण दर्श्यते।

પ્રતિપાદન પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવા યોગ્ય છે.

● દિગંબરમતમાં અને શ્વેતાંબરમતમાં તફાવતની વિચારણા ●

(दिग.) **અકલંકાચાર્ય**ના મત મુજબ, ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના અમુક ઉત્પાદાદિ સ્વનિમિત્તક છે અને અમુક ઉત્પાદાદિ પરનિમિત્તક છે. જ્યારે **સિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજના મત મુજબ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના પ્રત્યેક ઉત્પાદાદિ સ્વ-પરઉભયનિમિત્તક છે. તેમ છતાં ધર્માસ્તિકાયાદિની ઉત્પત્તિમાં રહેલ સ્વનિમિત્તકત્વને લક્ષમાં રાખીને અહીં ધર્માસ્તિકાયાદિની ઉત્પત્તિને પ્રાયોગિક કે સમુદાયજનિત વૈસ્રસિક કહેવાના બદલે ઐકત્વિક વૈસ્રસિક કહેવાયેલ છે. વસ્તુમાં રહેલા અનેક ગુણધર્મોમાંથી જે ગુણધર્મની વિવક્ષા = મુખ્યતા કરવામાં આવે ત્યારે તેના આધારે તે વસ્તુમાં તથાવિધ વ્યવહાર થાય છે.

ૺ ધર્માદિમાં પરનિમિત્તક ઉત્પાદ-વ્યય, સ્વનિમિત્તક ધ્રૌવ્ય : શ્રીદેવચન્દ્રજી ૺ

(नय.) ખરતરગચ્છીય ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી**એ **નયચક્રસાર**માં કહેલ છે કે "ધર્માસ્તિકાયમાં જે સમયે સંખ્યાત પરમાણુ પ્રત્યે (અમુકદેશઅવચ્છેદેન) ચલનસહકારિતા હતી તે પછીના સમયે અસંખ્યાત વગેરે પરમાણુને વિશે ચલનસહકારિતા આવે તો તે પરિસ્થિતિમાં સંખ્યાતપરમાણુચલનસહકારિતાનો વ્યય, અસંખ્યેય-અનંતપરમાણુગોચર ચલનસહકારિતાનો ઉત્પાદ અને ચલનસહકારિત્વરૂપે ધ્રૌવ્ય ધર્માસ્તિકાયમાં રહે છે. તે જ રીતે અધર્માસ્તિકાય વગેરેને વિશે પણ ત્રૈલક્ષણ્યને જાણવું." આવું કહેવા દ્વારા ધર્માસ્તિકાય વગેરેમાં પરનિમિત્તક ઉત્પાદ-વ્યય તથા સ્વનિમિત્તક ધ્રૌવ્ય જણાવેલ છે. તેનું પણ વાચકવર્ગે અહીં અનુસંધાન કરવું.

(नाना.) પ્રસ્તુત બાબતમાં જુદા-જુદા સંપ્રદાયના અને વિવિધ ગચ્છના ઉપરોક્ત બધા મત સાચા છે. આનું કારણ એ છે કે વિવિધ સંપ્રદાયના વિદ્વાનોએ, કદાગ્રહને છોડીને, પ્રસ્તુતમાં જિનેશ્વર ભગવંતને માન્ય એવા જુદા-જુદા નયોને અનુસરીને ધર્માસ્તિકાય આદિ દ્રવ્યમાં ઉત્પત્તિનું નિરૂપણ કરેલ છે. વસ્તુના સ્વરૂપને વિવિધ અભિપ્રાયથી દર્શાવવાની જૈનશાસ્ત્રકાર પરમર્ષિઓની પદ્ધતિ નિરાળી, ન્યારી અને નિખાલસતાથી ભરેલી છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

(प्रकृते.) પ્રસ્તુતમાં **સંમતિતર્ક, ભગવતીસૂત્ર** વગેરે અનેક ગ્રંથ મુજબ, કોષ્ઠકરૂપે ઉત્પાદને



प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – स्व-परनिमित्तके धर्मास्तिकायोत्पादे स्वनिमित्तकत्वमवलम्ब्य ऐकत्विकवैस्रसिकत्वप्रतिपादनं निश्चयनयाऽभिप्रेतमिति विज्ञाय अयमत्रोपदेशो ग्राह्यो यदुत कस्यचिदपि वस्तुनः, पुरुषस्य, विचारस्य वा अनेकान्तात्मकस्य स एव अंशोऽस्माभिः अवलम्ब्यः येन अवलम्बितेन अस्माकम् आध्यात्मिकलाभः स्यात्, मैत्र्यादिभावो न हीयेत, अनासक्त-विरक्तपरिणतिः नोच्छिद्येत, न वा दुराग्रहादिकं सम्पद्येत। अस्मदीयोन्नताऽऽध्यात्मिकदशाबाधका वस्तु-व्यक्ति-विचारांशाः औदासीन्य-

---

द्रव्यानुयोगपरामर्शकर्णिकामां आ स्थळे देखाडेल छे. जोवामात्रथी ते समजाय तेम होवाथी गुजरातीमां ते कोठाओने अहीं जणाववामां नथी आव्या. आ वात पण वाचकवर्गे ध्यालमां राखवी.

❯ हानिकारक अंशने छोडीए ❯

आध्यात्मिक उपनय :- धर्मास्तिकायादिनी उत्पत्तिमां रहेल स्वनिमित्तकता अने परनिमित्तकत्व - आ बे अंशमांथी परनिमित्तकत्व अंशने छोडीने स्वनिमित्तकत्व अंशने पकडी ते उत्पत्तिने ऐकत्विक वैस्रसिक कहेवानो निश्चयनयनो मत जाणीने अहीं एटलो आध्यात्मिक बोधपाठ लेवानी जरूर छे के कोई पण व्यक्ति, वस्तु के विचारना अनेक पासाओमांथी ते अंशने ज आपणे पकडवो जोईए के जे अंशने पकडवाथी, मुख्य करवाथी आपणने आध्यात्मिक लाभ थाय, कोई पण व्यक्ति प्रत्ये मैत्री-प्रमोदादि भावनाओने हानि न पहोंचे, ते वस्तु प्रत्ये अनासक्त-विरक्त परिणति घवाय नहि तथा ते विचार

परायणतया परित्याज्याः, न तु सङ्क्लेशकारकवाद-विवादादिगोचरतामापादनीयाः।

अस्मदुपादत्ता वस्तु-व्यक्ति-विचारांशा हेया यदुत उपादेयाः ? तत्परिच्छेदकृते वस्तु-व्यक्ति-विचाराः सर्वतोभावेन मीमांसनीयाः, येन अस्मन्नयो वस्तु-व्यक्ति-विचारगोचरो दुर्नयतां न भजेत्। इत्थमेव अस्मदीयः अनेकान्तः शुद्धभावस्याद्वादः स्यात्, न तु अशुद्धानेकान्तवादः न वा द्रव्यस्याद्वादः। अनयैव रीत्या यथार्थनिर्णयोदयेन वस्तु-व्यक्ति-विचारविषयकः अन्यायः पलायते, न्यायश्च प्रादुर्भवति। इत्थञ्च [1]"जे निव्वाणगया वि हु नेह-दसावज्जिया वि दिप्पंति। ते अप्पुव्वपईवा जयन्ति सिद्धा जयपसिद्धा।।" (सं.र.शा. ५) इति **संवेगरङ्गशालायां जिनचन्द्रसूरिदर्शितं** सिद्धस्वरूपं प्रत्यासन्नं भवति।।૯/૨૩।।

પ્રત્યે આગ્રહ-હઠાગ્રહ-દુરાગ્રહ ઉભો થઈ ન જાય. આપણી આધ્યાત્મિક મનોદશામાં બાધક બને તેવા અન્ય અંશો પ્રત્યે ઉપેક્ષા-ઉદાસીનતા કેળવવી. તે બાબત અંગે સંક્લેશકારક ચર્ચામાં પડવું નહિ.

❀ શુદ્ધ ભાવસ્યાદ્વાદને અપનાવીએ ❀

(अस्म.) હા, આપણે પકડેલા અંશો ગ્રાહ્ય છે કે ત્યાજ્ય ? તેનો યથાર્થ નિર્ણય કરવા માટે કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારના શક્ય તમામ પાસાઓનો મુખ્ય વિચાર આપણે કરી લેવો જોઈએ, જેથી આપણો નય દુર્નય ન બની જાય. તથા આપણો અનેકાન્તવાદ એ દ્રવ્યસ્યાદ્વાદ (સગવડવાદ) કે અશુદ્ધ (= મલિનઆશયગર્ભિત) અનેકાન્તવાદ સ્વરૂપ બનવાના બદલે વિશુદ્ધ ભાવઅનેકાન્તવાદ બની રહે. તેથી કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારનું યથાર્થ મૂલ્યાંકન કરવાની આ પદ્ધતિને સારી રીતે આત્મસાત્ કરવાથી જ કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વિચારને આપણા દ્વારા થતો અન્યાય અટકી જાય. તથા તેને યોગ્ય ન્યાય પણ મળે. આ રીતે જીવન જીવવાથી **સંવેગરંગશાળા**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે છે. ત્યાં **શ્રીજિનચંદ્રસૂરિ**એ જણાવેલ છે કે 'જગતમાં પ્રસિદ્ધ સિદ્ધ ભગવંતો એવા અપૂર્વ દીપક છે કે જે સંસારીરૂપે બૂઝાઈ જવા છતાં પણ તથા તેલ અને વાટ ન હોવા છતાં પણ જગતને પ્રકાશે છે. તેઓ જગતમાં જય પામે છે.' (૯/૨૩)

લખી રાખો ડાયરીમાં.....✍

- **બુદ્ધિ હરામનું, અણહક્કનું, પારકું, ઉછીનું, ઉધારનું, મફ્તનું લેવામાં-આંચકવામાં રસ રાખે છે. શ્રદ્ધા હક્કનું પણ છોડવા તત્પર છે.**
- **ભીંજાવાના, પીગળવાના, ઓગળવાના સંયોગમાં પણ ઘણી વાર ઉગ્ર સાધના કોરી ધાકોર રહે છે.**
  દા.ત. દીક્ષિત જમાલિ.

---

1. ये निर्वाणगताः अपि खलु स्नेह-दशावर्जिता अपि दीप्यन्ते। तेऽपूर्वप्रदीपा जयन्ति सिद्धा जगत्प्रसिद्धाः।।

દ્વિવિધ નાશ પણિ જાણિઈ, એક રૂપાંતર પરિણામ રે;
અર્થાંતરભાવગમન વલી, બીજો પ્રકાર અભિરામ રે ॥૯/૨૪॥ (૧૫૭) જિન.

उत्पादवद् विनाशोऽपि तथाविध एवेत्याह – '**नाश**' इति।

नाशो द्विधाऽन्यरूपेण समूहजनितेषु तु।
आद्योऽर्थान्तरपर्याय-गमने चरमस्तथा।।९/२४।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नाशः द्विधा (ज्ञेयः)। समूहजनितेषु तु आद्योऽन्यरूपेण तथा चरमः अर्थान्तरपर्यायगमने।।९/२४।।

नाशो द्विधा = द्विप्रकारः ज्ञेयः स्वाभाविकः प्रयोगजनितश्च। विस्रसापरिणामतः अभिनव-गमनादिक्रियापरिणतपरमाण्वादिगमन-स्थित्यवगाहनोत्पादे धर्माऽधर्माऽम्बर-द्रव्येषु समुदयाऽजनितेषु यः पूर्वतनगमन-स्थित्यवगाहनक्रियाजननिमित्तकभावप्रतियोगिकनाश उत्पद्यते स स्वाभाविकः। देवदत्तादि-गमनाद्युत्पादे स एव प्रयोगजनितः विज्ञेयः। अमूर्त्तिमदवयवाऽवष्टब्धद्रव्यनाश एतावता प्रदर्शितः।

अयमत्राशयः – पूर्वावस्थानाशमन्तरेण उत्तरावस्थोत्पादाऽयोगाद् धर्मादिद्रव्येषु पूर्वतनगत्याद्युत्पा-

---

અવતરણિકા :- ઉત્પત્તિની જેમ વિનાશના પણ તે જ બે પ્રકાર છે. આ બાબતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

❋ વિનાશના બે પ્રકાર ❋

શ્લોકાર્થ :- વિનાશ બે પ્રકારે છે. સમુદાયજન્ય પદાર્થને વિશે અન્યરૂપે પ્રથમ પ્રકારનો વિનાશ હોય છે. તથા અર્થાન્તરપર્યાયની પ્રાપ્તિ થાય તો બીજા પ્રકારનો વિનાશ થાય છે. (૯/૨૪)

વ્યાખ્યાર્થ :- વિનાશના બે પ્રકાર જાણવા. (૧) પ્રાયોગિક = પ્રયોગજનિત = જીવપ્રયત્નજન્ય તથા (૨) વૈસ્રસિક = વિસ્રસાપરિણામજન્ય = સ્વાભાવિક. વિસ્રસા પરિણામથી નૂતનગતિ વગેરે ક્રિયાથી પરિણત પરમાણુ આદિ પુદ્ગલ દ્રવ્યોની નૂતન ગતિ, સ્થિતિ અને અવગાહના ઉત્પન્ન થતાં સમુદાયઅજન્ય (= અનાદિસિદ્ધ = અનાદિનિષ્પન્ન) એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ આમ ત્રણ દ્રવ્યમાં પરમાણુ વગેરેની ક્રમશઃ ગતિ-સ્થિતિ-અવગાહનાક્રિયાને ઉત્પન્ન કરવાના નિમિત્તે જે પૂર્વકાલીન ભાવ = પરિણામ હતો તેનો જે નાશ ઉત્પન્ન થાય છે તે સ્વાભાવિક = વૈસ્રસિક વિનાશ સમજવો. તથા દેવદત્ત વગેરે જીવ દ્રવ્યોની નવી ગતિ ક્રિયા, સ્થિતિ ક્રિયા વગેરે ઉત્પન્ન થાય ત્યારે ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યમાં પૂર્વકાલીન ગમનાદિક્રિયાજન્યનિમિત્તક ભાવનો જે નાશ ઉત્પન્ન થાય છે તે પ્રયોગજનિત = પ્રાયોગિક વિનાશ સમજવો. આવું કહેવાથી અમૂર્ત અવયવોમાં રહેલ અવયવી દ્રવ્યનો નાશ કઈ રીતે થાય છે ? તે જણાવાયું.

❋ ધર્માસ્તિકાય વગેરેના નાશનો વિચાર ❋

(अय.) અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વ અવસ્થાનો નાશ થયા વિના ઉત્તર અવસ્થાની ઉત્પત્તિ થતી નથી. જેમ કે બીજ અવસ્થાનો નાશ થયા વિના અંકુરાત્મક કાર્યની ઉત્પત્તિ થતી નથી. તેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ દ્રવ્યમાં પૂર્વતન ગતિ-સ્થિતિ-અવગાહનાના ઉત્પાદકત્વસ્વભાવનો

दकत्वपर्यायनाशं विना उत्तरगत्यादिजनकत्वस्वभावप्रादुर्भावाऽयोगः। 'पूर्वपर्यायनाशोत्तरकालम् उत्तरपर्यायोत्पाद' इति व्यवहारनयमतं 'पूर्वपर्यायनाशोत्तरपर्यायोत्पादौ समकालीनौ' इति निश्चयनयमतं वा स्वीक्रियताम्, उभयथाऽपि नूतनगत्यादिजनकत्वपरिणामप्रादुर्भावान्यथानुपपत्त्या धर्मादिद्रव्येषु पूर्वपर्यायस्य तद्रूपेण च तेषां नाशोऽप्रत्याख्येयः। परमाण्वादिगत्यादीनां स्वाभाविकत्वेन तन्निमित्तकस्य धर्मादिनाशस्य वैस्रसिकत्वं प्रायोगिकजीवगत्यादिनिमित्तकस्य च तस्य प्रायोगिकत्वमिति।

प्रायोगिको विनाशः केवलः समुदयजनित एकविध एव। वैस्रसिकश्च विनाशो द्विधा – समुदयजनित ऐकत्विकश्चेति। ऐकत्विकश्च वैस्रसिको विनाश एकविध एव। धर्मास्तिकायादिषु परमाण्वादिगत्याद्युपष्टम्भकत्वादिपर्यायोत्पादस्य तदनुपष्टम्भकत्वपर्यायविनाशपूर्वकत्वेन तादृशानुपष्टम्भकत्वपर्यायविशिष्टरूपेण धर्मास्तिकायादिनाशः ऐकत्विकवैस्रसिकनाशविधया समवसेयः।

(=પર્યાયનો) નાશ થયા વિના ઉત્તરકાલીન ગતિ-સ્થિતિ-અવગાહનાજનકત્વ સ્વરૂપ પર્યાયનો પ્રાદુર્ભાવ થઈ ન શકે. વ્યવહારનયથી પૂર્વપર્યાયનાશ પછી ઉત્તરપર્યાયજન્મ થાય. નિશ્ચયનયથી પૂર્વપર્યાયનાશ અને ઉત્તરપર્યાયઉત્પત્તિ - આ બન્ને સમકાલીન છે. આ વાત પૂર્વે થઈ ચૂકેલ છે. પ્રસ્તુતમાં કહેવાનો આશય એ છે કે વ્યવહારનયનો મત સ્વીકારો કે નિશ્ચયનયનો મત સ્વીકારો. પરંતુ એટલું તો નિશ્ચિત જ છે કે નૂતન ગતિ આદિ ક્રિયાની જનકતા સ્વરૂપ પરિણામ તો ધર્માસ્તિકાય વગેરેમાં ઉત્પન્ન થાય જ છે. તેથી ફલઅન્યથાઅનુપપત્તિથી પૂર્વતન પર્યાયનો અને તે તે પર્યાયરૂપે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો નાશ સિદ્ધ થાય છે. તેનો અપલાપ થઈ શકે તેમ નથી. પરમાણુ વગેરે પુદ્ગલોની ગતિ-સ્થિતિ વગેરે સ્વાભાવિક હોવાથી તન્નિમિત્તક ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો જે નાશ થાય છે, તે વૈસ્રસિક કહેવાય છે. તથા જીવ દ્રવ્યોની ગતિ આદિ ક્રિયા પ્રાયોગિક હોવાથી તન્નિમિત્તક ધર્માસ્તિકાયાદિનો નાશ થાય છે તે પ્રાયોગિક કહેવાય છે.

પ્રાયોગિક-વૈસ્રસિક વિનાશ

(प्रायोगि.) પ્રયોગજન્ય = જીવપ્રયત્નજનિત વિનાશનો ફક્ત એક જ ભેદ છે. તે છે સમુદયજનિત. વૈસ્રસિક = સ્વાભાવિક નાશના બે પ્રકાર છે. (૧) સમુદયજનિત તથા (૨) ઐકત્વિક. ઐકત્વિક સ્વાભાવિક વિનાશનો એક જ પ્રકાર છે. જેમ કે ધર્માસ્તિકાય વગેરે નિષ્ક્રિય દ્રવ્યો પરમાણુ વગેરે પુદ્ગલ દ્રવ્યની ગતિ પ્રત્યે સહાયક છે. જ્યારે પરમાણુ વગેરે ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય વગેરેમાં ગતિઉપષ્ટંભકતા = ગતિસહાયકતા નામનો પર્યાય ઉત્પન્ન થાય છે. તથા તે પૂર્વે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં ગતિઅનુપષ્ટંભકતા = ગતિઅસહાયકતા નામનો પર્યાય હતો. જ્યાં સુધી તે અનુપષ્ટંભકત્વ પર્યાયનો નાશ ન થાય ત્યાં સુધી ઉપષ્ટંભકત્વ પર્યાય ત્યાં ઉત્પન્ન થઈ શકતો નથી. પુદ્ગલ દ્રવ્યની ગતિસ્વરૂપ કાર્ય તો પ્રસિદ્ધ જ છે. તેથી ધર્માસ્તિકાય વગેરેમાં ગતિસહાયકતાસ્વરૂપ નૂતન પર્યાયની ઉત્પત્તિના કારણ તરીકે અનુપષ્ટંભકત્વ પર્યાયનો નાશ પણ માનવો જ પડશે. તેથી ગતિઆદિઅસહાયકતા-પર્યાયવિશિષ્ટ સ્વરૂપે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો નાશ તે ઐકત્વિક વૈસ્રસિક વિનાશ જાણવો.

समूहजनितेषु = मूर्तिमदवयवसमुदयारब्धेषु घट-पटादिद्रव्येषु **तु** स्वाभाविकप्रायोगिकविनाश-सम्बन्धिनौ उभौ अपि समुदयजनितौ विनाशौ द्विधा - समुदयविभागरूपः अर्थान्तरभावगमनलक्षणश्च। **आद्यः** = समुदयविभागरूपो विनाशः स्वाभाविकः प्रायोगिकश्च **अन्यरूपेण** = रूपान्तरपरिणामेन भवति, यथा पटादेः कार्यस्य विस्रसापरिणामतः कतिपयतन्त्वादिकारणपृथग्भवने पुरुषव्यापाराच्च कतिपयतन्त्वादिकारणपृथक्करणे। प्रकृते द्रव्यान्तरोत्पत्तिर्न विवक्षिता, तदानीमपि तत्र पटव्यवहारोप-लब्धेः। कतिपयतन्त्वादिकारणविभागमात्रमत्र विवक्षितं भवतीति भावः।

तथा समुदयजनितविनाशस्य **चरमः** = अर्थान्तरभावगमनलक्षणः द्वितीयप्रकारः विनाशः स्वा-भाविकः प्रायोगिकश्च **अर्थान्तरपर्यायगमने** = भिन्नद्रव्यरूपेण वस्तुन उत्पादे सति भवति, यथा मृत्पिण्डादिजन्यस्य घटादेः विस्रसापरिणामेन पुरुषव्यापारेण वा पतनतः कपाललक्षणाऽर्थान्तर-

⚜ સમુદયવિભાગાત્મક વિનાશનો વિચાર ⚜

(**समूह**.) મૂર્ત્ત અવયવોના સમૂહથી આરબ્ધ ઘટ-પટ વગેરે દ્રવ્યોના સ્વાભાવિક અને પ્રાયોગિક એવા બે નાશ થાય છે. તેના પ્રથમ પ્રકારસ્વરૂપ સ્વાભાવિક સમુદયજનિત વિનાશના પણ બે ભેદ છે - (૧) સમુદયવિભાગરૂપ સમુદયજનિત સ્વાભાવિક વિનાશ તથા (૨) અર્થાન્તરગમનસ્વરૂપ સમુદયજનિત સ્વાભાવિક વિનાશ. [પ્રાયોગિક સમુદયજનિત વિનાશના પણ બે ભેદ છે - (૧) સમુદયવિભાગાત્મક સમુદયજનિત પ્રાયોગિક વિનાશ તથા (૨) અર્થાન્તરગમનસ્વરૂપ સમુદયજનિત પ્રાયોગિક વિનાશ.] સ્વાભાવિક વિનાશનો અને પ્રાયોગિક વિનાશનો સમુદયવિભાગસ્વરૂપ જે પ્રથમ ભેદ છે તે દ્રવ્યનું અન્યરૂપે પરિણમન થવાથી ઉત્પન્ન થાય છે. જેમ કે પટ વગેરેના તંતુ વગેરે બે-ચાર અવયવ સ્વાભાવિક રીતે પટાદિથી છૂટા થવાથી જે પટનાશ થાય તેને સ્વાભાવિક સમુદયવિભાગસ્વરૂપ નાશ સમજવો. તથા માણસના પ્રયત્નથી પટના બે-ચાર તંતુઓને છૂટા પાડવાથી જે પટનાશ થાય તેને પ્રાયોગિક સમુદયવિભાગસ્વરૂપ વિનાશ જાણવો. અહીં પટનો નાશ થવાથી નૂતન દ્રવ્યની ઉત્પત્તિ વિવક્ષિત નથી. કારણ કે તે અવસ્થામાં પણ પટ તરીકેનો વ્યવહાર ત્યાં થાય જ છે. પરંતુ વિવક્ષિત એટલું જ છે કે પટના કારણીભૂત બે-ચાર તંતુઓનો ફક્ત વિભાગ થાય છે. અવયવસમુદાયનો વિભાગ થવા માત્ર સ્વરૂપ હોવાથી આ બન્ને સમુદયવિભાગરૂપ વિનાશ કહેવાય.

⚜ અર્થાન્તરગમનરૂપ નાશની સમજ ⚜

(**तथा**.) તેમજ સમુદયજનિત વિનાશનો અર્થાન્તરભાવગમનરૂપ ચરમ = બીજો ભેદ સ્વાભાવિક અને પ્રાયોગિક વિનાશ બે સ્વરૂપે છે. તથા તે બન્ને પ્રકારના વિનાશ અર્થાન્તરપર્યાયની પ્રાપ્તિ થાય ત્યારે ઉત્પન્ન થાય છે. મતલબ કે અન્ય દ્રવ્યસ્વરૂપે વસ્તુની ઉત્પત્તિ થાય ત્યારે સ્વાભાવિક અને પ્રાયોગિક સમુદયજનિત વિનાશનો અર્થાન્તરગમનસ્વરૂપ બીજો પ્રકાર સંભવે છે. જેમ કે મૃત્પિંડાદિજન્ય ઘટાદિ કાર્ય વિસ્રસાપરિણામથી પડે અને તૂટી જાય તથા કપાલરૂપે-ઠીકરારૂપે બની જાય ત્યારે અર્થાન્તરગમનસ્વરૂપ વૈસ્રસિક સમુદયજનિત વિનાશ ઉત્પન્ન થાય છે. તથા જ્યારે કોઈ માણસ ઘડાને પછાડે અને ઘડો ફૂટી જાય તથા કપાલ-ઠીકરા ઉત્પન્ન થાય ત્યારે અર્થાન્તરગમનસ્વરૂપ પ્રાયોગિક સમુદયજનિત વિનાશ ઉત્પન્ન

भावगमने। मृत्पिण्डजन्यो हि घटः मृत्स्वरूपः, न तु कपालात्मकः। कपालस्य तु घटभिन्नत्वेन अर्थान्तरत्वात्। न हि कपालस्य घटात्मकता कैश्चिदपि स्वीक्रियते, ज्ञायते वा। अतो घटलक्षण-कारणभिन्नकपालद्रव्यप्राप्तिरूपत्वादत्रार्थान्तरगमनरूपता भावनीया। एवं मृत्पिण्डस्य घटलक्षणार्थान्तर-भावेनोत्पादोऽपि प्रायोगिको द्वितीयविनाशो विज्ञेयः। घटो हि मृत्स्वरूपः, न तु मृत्पिण्डात्मकः। अतः कारणीभूतमृत्पिण्डभिन्नघटोत्पत्तिरूपत्वादत्र अर्थान्तरगमनलक्षणः प्रायोगिको विनाशो विज्ञेयः। घटोत्पत्तेः मृत्पिण्डनाशात्मकत्वञ्चाऽस्याऽजनकत्वस्वभावाऽपरित्यागे घटजनकत्वाऽयोगात्।

इदमेवाऽभिप्रेत्य **सम्मतितर्के** [1] "विगमस्स वि एस विही समुदयजणियम्मि सो उ दुवियप्पो। समुदय-विभागमेत्तं अत्थंतरभावगमणं च।।" (स.त.३/३४) इत्युक्तम्। **तद्वृत्तिस्त्वेवम्** "विगमस्याप्येष एव द्विरूपो भेदः – स्वाभाविकः प्रयोगजनितश्चेति तद्द्वयाऽतिरिक्तस्य वस्तुनोऽभावात् पूर्वावस्थाविगमव्यतिरेकेणोत्तरा-वस्थोत्पत्त्यनुपपत्तेः। न हि बीजादीनामविनाशेऽङ्कुरादिकार्यप्रादुर्भावो दृष्टः। न चाऽवगाह-गति-स्थित्या-

થાય છે. મૃત્પિંડજન્ય ઘડો માટીસ્વરૂપ છે, કપાલસ્વરૂપ નથી. કપાલ તો ઘટભિન્ન હોવાથી અર્થાન્તર = અન્ય દ્રવ્ય છે. કોઈ પણ પ્રાન્તના માણસો કપાલને / ઠીકરાને ઘટરૂપે સ્વીકારતા નથી કે ઘટરૂપે કપાલ-ઠીકરાને જાણતા પણ નથી. તેથી આ વિનાશ અન્યદ્રવ્યપ્રાપ્તિરૂપ = કારણભિન્નકાર્યપ્રાપ્તિરૂપ = ઘટસ્વરૂપકારણભિન્ન કપાલદ્રવ્યના લાભસ્વરૂપ હોવાથી અર્થાન્તરગમનસ્વરૂપ સમજવો. આ જ રીતે મૃત્પિંડ ઘટરૂપે ઉત્પન્ન થાય ત્યારે તે ઘટોત્પત્તિ પણ પ્રાયોગિક અર્થાન્તરપ્રાપ્તિરૂપ સમુદયજનિત વિનાશ જાણવો. ઘડો માટીસ્વરૂપ છે પરંતુ મૃત્પિંડસ્વરૂપ નથી. તેથી કારણીભૂત મૃત્પિંડ કરતાં ભિન્ન ઘટદ્રવ્યની ઉત્પત્તિ અર્થાન્તરગમનસ્વરૂપ પ્રાયોગિક વિનાશાત્મક છે. ઘટોત્પાદ મૃત્પિંડનાશાત્મક હોવાનું કારણ એ છે કે ઘટોત્પત્તિની પૂર્વે મૃત્પિંડમાં રહેલ અજનકત્વસ્વભાવ = ઘટઅજનનસ્વભાવ જ્યાં સુધી રવાના થાય નહિ ત્યાં સુધી મૃત્પિંડ ઘડાને ઉત્પન્ન કરી ન શકે. તેથી ઘડો ઉત્પન્ન થતાં મૃત્પિંડનો નાશ માનવો પણ જરૂરી છે. સમનિયત હોવાથી તે બન્ને એક છે.

(इदमेवा.) આ જ અભિપ્રાયથી **સંમતિતર્કપ્રકરણમાં સિદ્ધસેનદિવાકરસૂરિજીએ** કહ્યું છે કે :-

"વિનાશની પણ તે જ વિધિ છે જે ઉત્પાદની છે.

સમુદયજનિતના બે ભેદ છે :- (૧) સમુદાયવિભાગમાત્ર અને (૨) અર્થાન્તરભાવગમન."

વિનાશના વિવિધ પ્રકારોનું વ્યુત્પાદન

ઉપરની ગાથાની વ્યાખ્યા કરતાં **તર્કપંચાનન શ્રીઅભયદેવસૂરિજી** કહે છે કે "ઉત્પાદની જેમ વિનાશના પણ બે ભેદ છે - (૧) સ્વાભાવિક અને (૨) પ્રયોગજન્ય. એવી કોઈ વસ્તુ નથી જે આ બન્નેની જુગલબંધીનો શિકાર ન બનતી હોય. આ બન્ને પ્રકારના વિનાશનું સામ્રાજ્ય સમસ્ત વસ્તુજગત ઉપર છવાયેલું છે. કેમ કે દરેક વસ્તુ નવી અવસ્થા ધારણ કરીને ઉત્પન્ન થતી જ રહે છે. પરંતુ પૂર્વાવસ્થાનો વિનાશ થયા વગર નવી અવસ્થાની ઉત્પત્તિ અશક્ય છે. ક્યાંય પણ અંકુરાદિ કાર્યની ઉત્પત્તિ બીજ વગેરેના વિનાશ થયા વગર થતી હોય એવું જણાતું નથી. આકાશાદિમાં અવગાહના, ગતિ અને સ્થિતિ કાર્યની જે આધારતા

1. विगमस्यापि एष विधिः समुदयजनिते स तु द्विविकल्पः। समुदयविभागमात्रम् अर्थान्तरभावगमनं च।।

धारत्वं तदनाधारत्वस्वभाव-प्राक्तनावस्थाध्वंसमन्तरेण सम्भवति।

तत्र समुदयजनिते यो विनाशः स उभयत्रापि द्विविधः – एकः समुदयविभागमात्रप्रकारो विनाशः यथा पटादेः कार्यस्य तत्कारणपृथक्करणे तन्तुविभागमात्रम्, द्वितीयप्रकारस्त्वर्थान्तरभावगमनं विनाशः यथा मृत्पिण्डस्य घटार्थान्तरभावेनोत्पादो विनाशः।

न चार्थान्तररूपविनाशविनाशे मृत्पिण्डप्रादुर्भावप्रसक्तिरिति वक्तव्यम्, पूर्वोत्तरकालावस्थयोरसङ्कीर्णत्वात्,

(=જનકતા) ઉત્પન્ન થાય છે, તે એમ ને એમ નથી થતી. પણ આકાશાદિમાં પૂર્વકાલીન અનાધારતા-(=અજનકતા)સ્વરૂપ અવસ્થાનો વિનાશ થયે છતે આધારતા(=જનકતા)પર્યાય ઉત્પન્ન થાય છે.

❀ स्वाभाविक विनाश द्विविध ❀

(तत्र.) વિનાશના જે બે પ્રકાર છે તેમાંથી જે પહેલો પ્રયોગજનિત પ્રકાર છે તેનો પ્રયોગજન્ય ઉત્પાદની જેમ એક જ ભેદ છે - સમુદાયજનિત. સ્વાભાવિક વિનાશના સ્વાભાવિક ઉત્પાદની જેમ બે ભેદ છે - (૧) સમુદાયજનિત અને (૨) ઐકત્વિક. પ્રયોગજન્ય અને સ્વાભાવિક બન્ને પ્રકારના સમુદાયજનિત વિનાશના બે ભેદ છે - સમુદાયવિભાજનકૃત અને અર્થાન્તરગમનરૂપ. (૧) પ્રથમ છે **(a)** સમુદાયાન્તર્ગત અવયવોનું વિભાજન થવું. જેમ કે એક વસ્ત્રરૂપ કાર્યના અનેક ખંડ કરવામાં આવે અથવા તેના કારણભૂત દરેક તાંતણા અલગ કરવામાં આવે તો વસ્ત્રનો વિનાશ થઈ જશે. આ સમુદાયજનિત પ્રયોગજન્ય વિનાશ છે.

[(b) પ્રચંડ વાતવિસ્ફોટથી મકાનો પડી જાય તે સ્વાભાવિક સમુદાયવિભાગજન્ય = અવયવ-વિભાગજન્ય સમુદયકૃત વિનાશ છે. અહીં મકાન અન્યસ્વરૂપે પરિણમે છે તેની વિવક્ષા નથી કરી.]

(૨) તથા **(a)** માટીના પિંડમાંથી જ્યારે ઘટ ઉત્પન્ન થાય છે, ત્યારે માટીનું ઘટરૂપે અર્થાન્તરમાં પરિણત થવું તે જ મૃત્પિંડનો વિનાશ છે. આ પ્રયોગજનિત સમુદયકૃત અર્થાંતરગમનરૂપ વિનાશ છે.

[(b) ગરમીના કારણે બરફનું પાણી રૂપે થવું. બરફનો સ્વાભાવિક અર્થાંતરગમનરૂપ વિનાશ છે.

સ્વાભાવિક વિનાશનો જે એકત્વિક ભેદ છે તે ઉત્પાદની જેમ સમજી લેવો. જેમ કે - અવગાહાદિની અનાધારતાનો વિનાશ.]

❀ मृत्पिंडना पुनरुत्भज्जननी आपत्तिनो उद्धार ❀

(न चार्था.) મૃત્પિંડના અર્થાંતરગમનરૂપ વિનાશના વિષયમાં જો આવી શંકા કરવામાં આવે કે - 'ઘટરૂપ અર્થાંતરનો (કે જે મૃત્પિંડનો વિનાશ જ છે તેનો) વિનાશ થશે ત્યારે ફરીથી મૃત્પિંડનો પ્રાદુર્ભાવ થશે' - તો આ વ્યાજબી નથી. કેમ કે મૃત્પિંડ તો ઘટની પૂર્વકાલાવસ્થા છે અને ઘટનાશ તો ઘટની ઉત્તરકાલીનાવસ્થા છે. સ્વભાવથી આ બન્ને અવસ્થા અસંકીર્ણ છે. અસંકીર્ણનો મતલબ આ છે કે કોઈ પણ કાળે કે કોઈ પણ દેશમાં ઘટની પૂર્વાવસ્થા ઉત્તરકાલાવસ્થારૂપને ધારણ નથી કરતી અને ઉત્તરકાલાવસ્થા પૂર્વાવસ્થારૂપને ધારણ નથી કરતી. આ રીતે પૂર્વોત્તરાવસ્થાનો નિયત પૌર્વાપર્યભાવ હોય છે. જો ઘટનાશકાલે મૃત્પિંડનો પ્રાદુર્ભાવ માનશો તો આ નિયત પૌર્વાપર્યભાવનો ભંગ થઈ જશે. કેમ કે પૂર્વાવસ્થા ત્યારે ઉત્તરાવસ્થાનું રૂપ ધારણ કરી લેશે. હા, આવું કહી શકાય કે ઘટકાલમાં જે મૃત્પિંડ-પૂર્વાવસ્થા અતીત છે તે ઘટનાશકાલમાં વધારે અતીત થવાથી અતીતતર બની જશે. પરંતુ ઉત્તરાવસ્થાના રૂપને એટલે કે વર્તમાનતાસ્વરૂપને કેવી રીતે ધારણ કરે ? અતીત ક્યારેય વર્તમાનતાના સૌભાગ્યને પ્રાપ્ત ન કરી શકે. વસ્તુદશાનો એવો સ્વભાવ

अतीततरत्वेन प्राक्तनावस्थायाः उत्पत्तेः अतीतस्य च वर्तमानताऽयोगात्, तयोः स्वस्वभावाऽपरित्यागतस्तथानियतत्वात्।

तुच्छरूपस्य ह्यभावस्याऽभावः स्यादपि तद्भावरूपः, न तु वस्त्वन्तरादुपजायमानं वस्त्वन्तरमतीततरावस्थारूपं भवितुमर्हति, तर-तमप्रत्ययार्थव्यवहाराऽभावप्रसक्तेः। प्रतिपादितं च कस्यचिद् रूपस्य निवृत्त्या रूपान्तरगमनं वस्तुनः प्रागिति न पुनरभिधीयते" (स.त.३/३४, वृ.) इति।

प्रकृते सम्मतितर्कानुसारेण विनाशः कोष्ठकरूपेण दर्श्यते।



ननु अर्थान्तरपरिणामगमनलक्षणनाशाभ्युपगमे ध्रौव्याऽसम्भवेन त्रैलक्षण्यव्याघात *इति* ***चेत्*** *?*

છે કે ભાવિઅવસ્થા ક્રમશઃ વર્તમાન અને અતીત બને છે, વર્તમાનાવસ્થા સ્વકાલમાં વર્તમાન હોય છે અને પછી અતીત હોય છે, અતીતાવસ્થાનો સ્વભાવ છે કે તે દિવસો-દિવસ અતીતતર, અતીતતમ થતી જાય. આ સ્વભાવનું અતિક્રમણ કરીને અતીતપૂર્વાવસ્થા વર્તમાન બની જાય અને વર્તમાનાવસ્થા (ઘટનાશ) સ્વકાલમાં પૂર્વાવસ્થા એટલે કે અતીતાત્મક બની જાય એવું શક્ય નથી.

❀ विनाश तुच्छ नथी ❀

(तुच्छ.) હા, જો આપણે મૃત્પિંડના વિનાશને વસ્તુભૂત ઘટાત્મક ન માની સર્વથા તુચ્છ-અસત્ માનીએ તો તે મૃત્પિંડના તુચ્છ અભાવાત્મક વિનાશનો અભાવ તદ્ભાવરૂપ એટલે કે મૃત્પિંડાત્મક થવાની આપત્તિ આવી શકે. અહીં તો એક વસ્તુથી પોતાના વિનાશના રૂપમાં તુચ્છ અભાવ નહીં પરંતુ બીજી વસ્તુ જ ઉત્પન્ન થઈ રહી છે. તે બીજી વસ્તુ એટલે કે ઠીકરું તો હજુ વર્તમાન છે. તે સમયે મૃત્પિંડાવસ્થા તો અતીતતર છે. જે વસ્તુરૂપ વર્તમાનાવસ્થા વર્તમાનમાં છે તે વર્તમાનમાં જ અતીતતર કેવી રીતે થઈ શકે ? જો અતીતાવસ્થા ઉત્તરકાલમાં ક્રમશઃ અતીતતર અને અતીતતમ હોવાને બદલે ઉત્તરકાલાવસ્થાને ધારણ કરી લેશે તો સંપૂર્ણ વિશ્વમાં 'तर-तम' આ બન્ને વ્યાકરણપ્રત્યય લગાવીને જે પ્રાચીન-પ્રાચીનતર -પ્રાચીનતમ વગેરેનો વ્યવહાર કરવામાં આવે છે તેનો વિલોપ જ થઈ જશે. આ ગાથાની વ્યાખ્યાની શરૂઆતમાં આ કહેવાઈ ગયું છે કે વસ્તુની કોઈ એક અવસ્થાનો વિનાશ થયે છતે અન્ય અવસ્થા (નહીં કે પૂર્વાવસ્થા) ઉત્પન્ન થાય છે. માટે અહીં નિરૂપણમાં પુનરાવૃત્તિ આવશ્યક નથી."

(प्रक्र.) પ્રસ્તુતમાં **सम्मतितर्क** ગ્રંથ મુજબ કોષ્ઠકરૂપે વિનાશને દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાવ્યાખ્યામાં દર્શાવેલ છે. જોવા માત્રથી તે સમજાય તેમ હોવાથી ગુજરાતી વિવરણમાં તે કોઠાને અહીં દર્શાવેલ નથી.

शंका :- **(ननु.)** સ્વાભાવિક અને પ્રાયોગિક બન્ને પ્રકારના સમુદયકૃત વિનાશના અર્થાન્તરગમનસ્વરૂપ

□परिणामो ह्यर्थान्तरगमनं न[ठ] च सर्वथा ♦व्यवस्थानम्।
✲न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः ।। (उत्तराध्ययनबृहद्वृत्ति-२८/१२ उद्धरण)

न, अभिप्रायाऽपरिज्ञानात्, द्रव्यास्तिकनयसम्मतपरिणामाभ्युपगमतः मृत्पिण्डादौ त्रैलक्षण्यव्याघाताऽयोगात्। तथाहि – "द्रव्यास्तिकनयमतेन परिणमनं नाम यत् कथञ्चित् सदेव उत्तरपर्यायरूपं धर्मान्तरमधिगच्छति। न च पूर्वपर्यायस्याऽपि सर्वथाऽवस्थानम्, नाप्येकान्तेन विनाशः" (प्र.१३/१८२ वृ./पृ.२८५) इति **प्रज्ञापनावृत्तौ श्रीमलयगिरिसूरयः**। यथोक्तं **श्रीहरिभद्रसूरिभिः आवश्कनिर्युक्तिवृत्तौ** "परिणामः = कथञ्चित् पूर्वरूपाऽपरित्यागेनोत्तररूपाऽऽपत्तिरिति। उक्तञ्च "नाऽर्थान्तरगमो यस्मात्, सर्वथैव न चाऽऽगमः। परिणामः प्रमासिद्धः, इष्टश्च खलु पण्डितैः।।" (**शास्त्रवार्त्तासमुच्चय**-६/३२ + **दशवैकालिकहारिभद्रीवृत्तौ** १/१/नि.गा.६६ समुद्धरणरूपेण) इत्यादि" (आ.नि.१०३५ वृ.पृ.३१७) इति। तथा चोक्तम् **उत्तराध्ययनसूत्रबृहद्वृत्ति-स्याद्वादरत्नाकर-स्थानाङ्गसूत्रवृत्ति-भगवतीसूत्रवृत्ति-प्रज्ञापनावृत्ति-नयोपदेशवृत्ति-स्याद्वादमञ्जर्यादौ** अपि उद्धरणरूपेण "परिणामो□ ह्यर्थान्तरगमनं न[ठ] च सर्वथा व्यवस्थानम्। न च सर्वथा विनाशः परिणामः तद्विदामिष्टः।।" (उ.बृ.वृ.२८/१२,

---

ભેદનો સ્વીકાર કરવામાં આવે તો દ્રવ્યમાં ધ્રૌવ્ય સંભવી નહિ શકે. કારણ કે મૃત્પિડ ઘટ બની જાય કે ઘડો ફૂટીને કપાલ બની જાય ત્યારે તે બન્ને કાર્ય અર્થાન્તરપરિણામસ્વરૂપ હોવાના લીધે મૃત્પિડાદિ કારણનો નાશ થવાથી તેમાં ધ્રૌવ્ય બાધિત થાય છે. તેથી મૃત્પિડાદિમાં ત્રૈલક્ષણ્યનો વ્યાઘાત થશે.

ॐ परिणामव्याख्या :- द्रव्यार्थनयनी दृष्टिओ ॐ

समाधान :- (**न, अभि.**) ના, તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે તમને અમારું તાત્પર્ય ખ્યાલમાં નથી આવ્યું. અમારા જૈનદર્શનમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નામના બે નયના અભિપ્રાયથી બે જુદા-જુદા પ્રકારના પરિણામ માનવામાં આવે છે. તેમાં દ્રવ્યાર્થિકનયમાન્ય પરિણામનો સ્વીકાર કરીએ તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો મૃત્પિડાદિમાં વ્યાઘાત નહિ આવે. તે **પન્નવણાવ્યાખ્યાકાર શ્રીમલયગિરિસૂરિજી**ના શબ્દોમાં આ રીતે સમજવું - "દ્રવ્યાર્થિકનયના મત મુજબ પરિણમન એટલે પરિણામ. જે વસ્તુ કથંચિત્ = કોઇક સ્વરૂપે સત્ = વિદ્યમાન હોય અને તે જ વસ્તુ ઉત્તરકાલીન પર્યાયસ્વરૂપ ધર્માન્તરને (= અન્ય ગુણધર્મને) પામે તે પરિણામ. તથા જે વસ્તુનો પૂર્વકાલીન પર્યાય પણ સર્વથા પૂર્વરૂપે જ હાજર ન રહે અને એકાંતે = સર્વથા = સર્વરૂપે (= તમામ સ્વરૂપે) પૂર્વપર્યાય નાશ ન પામે તે વસ્તુની તેવી પરિણમનશીલ અવસ્થા એટલે પરિણામ." **શ્રીહરિભદ્રસૂરિજી**એ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે કે "કથંચિત્ પૂર્વસ્વરૂપનો પરિત્યાગ કર્યા વિના ઉત્તરકાલીન સ્વરૂપની પ્રાપ્તિ એ જ પરિણામ છે. આ અંગે અન્યત્ર (= **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય** વગેરેમાં) કહેલ છે કે 'સર્વથા અર્થાન્તરગમન એ પરિણામ નથી. તથા સર્વથા નવા સ્વરૂપનું આગમન એ પરિણામ નથી. આવો પરિણામ પ્રમાસિદ્ધ છે અને પંડિતોને પણ ખરેખર તેવો પરિણામ જ માન્ય છે.' તેથી જ **ઉત્તરાધ્યયનસૂત્રબૃહદ્વૃત્તિ, સ્યાદ્વાદરત્નાકર, સ્થાનાંગસૂત્રવ્યાખ્યા, ભગવતીસૂત્રવૃત્તિ, પન્નવણાસૂત્રવ્યાખ્યા, નયોપદેશવૃત્તિ, સ્યાદ્વાદમંજરી** વગેરે ગ્રંથોમાં દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી પરિણામની વ્યાખ્યા જણાવતાં કહેલ છે કે "પરિણામ એટલે કથંચિત્

□ 'परिणामोऽवस्थान्तर..' इति **स्याद्वादमञ्जर्याम्**। [ठ] 'न तु' इति **भगवतीसूत्रवृत्तौ**। ♦ 'ध्रुवता' इति **क्वचित्**।
✲ **न च सर्वथा पर्यायोच्छेदः, तथा सति शून्यं जगत्. पालि०.**

स्या.रत्ना.३/९८/पृ.६१३, स्था.वृ.-१०/सू.७१३-भाग.३, भ.सू.१४/४/सू.५१४/पृ.६४१ वृ., प्रज्ञा.१३/सू.१८२ पृ.२८४, नयो.श्लो.१७ वृ. पृ.१४४, स्या.म. का.२७ वृ.) इति। अत्र अर्थान्तरगमनं कथञ्चिद् बोध्यम्।

वस्तुतः द्रव्यास्तिकनयाभिप्रायेण परिणामान्तरात् परिणामोत्पत्तौ पूर्वपरिणामविगमे उत्तरपरिणामोत्पादे च सत्यपि परिणामसामान्यं नित्यमवतिष्ठते। इदमेवाभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"परिणामंतरओ वय-विभवे वि परिणामसामण्णं निच्चं" (वि.आ.भा.३३८०) इत्युक्तम्। युक्तञ्चैतत्। न हि विवक्षितैकपरिणाममात्रव्यापकं द्रव्यमिष्यते, किन्तु अतीताऽनागत-वर्त्तमानार्थ-व्यञ्जनपर्यायकदम्बकव्यापि। यथोक्तं **सम्मतितर्के** [2]"एगदवियम्मि जे अत्थपज्जवा वयणपज्जवा यावि। तीआणागयभूआ तावइअं तं हवइ दव्वं।।" (स.त.१/३१) इति। सम्मतञ्चैतद् दिगम्बराणामपि। यदुक्तं **नेमिचन्द्राचार्येण गोम्मटसारे** [3]"एयदवियम्मि जे अत्थपज्जया वियणपज्जया चावि। तीदाणागदभूदा तावदियं तं हवदि दव्वं।।" (गो.सा.जी.का. ५८२) इति। ततश्च मृत्पिण्डस्य घटतया परिणमनदशायां मृत्पिण्डत्वरूपेण नाशेऽपि मृत्त्वादिसामान्यपरिणामरूपेण अनाशाद् न ध्रौव्यव्याघात इति भावः।

अर्थान्त२गमन = द्रव्यान्त२प्राप्ति. वस्तुनुं सर्वथा = सर्वस्व३पे अवस्थान = अस्तित्व ते परिणाम नथी. वस्तुनो सर्वथा विनाश पण परिणाम नथी. आ प्रमाणे परिणामवेत्ताओ परिणामने माने छे." अहीं अर्थान्त२गमन सर्वथा नहि पण कथंचित् = अमुक चोक्कस प्रकारे जाणवुं.

❋ परिणाम पण नित्य छे : द्रव्यास्तिक ❋

(**वस्तु.**) वास्तवमां तो द्रव्यास्तिकनयना अभिप्राय मुजब, એક परिणाम द्वारा बीजा परिणामनी उत्पत्ति थाय त्यारे पूर्वपरिणामनाश अने नूतनपरिणामજન્મ थवा छतां पण परिणामसामान्य तो नित्य ज २हे छे. आ ज अभिप्रायथी **विशेषावश्यकभाष्य**मां જણાવેલ છે કે 'परिणामांत२थी परिणामना नाश अने उत्पाद थवा छतां पण परिणामसामान्य नित्य ज छे.' आ वात व्याજબી પણ છે. કારણ કે चोक्कस એકાદ પર્યાયમાં જ દ્રવ્ય છવાયેલું નથી. પરંતુ અતીત, અનાગત, વર્ત્તમાનકાલીન એવા અનેક અર્થપર્યાયોમાં અને વ્યંજનપર્યાયોમાં દ્રવ્ય વણાયેલું છે. આ અંગે **संमतितर्क**માં જણાવેલ છે કે 'એક દ્રવ્યમાં અતીત-અનાગત-વર્તમાનકાલીન જેટલા અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયો છે, તે સર્વના સમૂહમાં જે વણાયેલું હોય તે દ્રવ્ય થાય.' આ વાત ફક્ત અમને શ્વેતાંબરોને જ માન્ય છે - તેવું નથી. દિગંબરોને પણ આ વાત સંમત છે. તેથી જ દિગંબરાચાર્ય **नेमिचन्द्रजी**એ **गोम्मटसार**માં જીવકાંડમાં જણાવેલ છે કે "એક દ્રવ્યમાં અતીત-અનાગત-વર્ત્તમાનકાલીન જેટલા અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયો છે તે સર્વના સમૂહમાં વણાયેલું તે દ્રવ્ય હોય છે." મતલબ કે એકાદ પર્યાયસ્વરૂપે દ્રવ્ય નાશ પામે તો પણ અન્ય અનંત પર્યાયસ્વરૂપે તેનું અસ્તિત્વ નિરાબાધ જ છે. તેથી પ્રસ્તુતમાં કહી શકાય છે કે મૃત્પિંડમાંથી ઘડો ઉત્પન્ન થાય ત્યારે મૃત્પિંડનો મૃત્પિંડસ્વરૂપે નાશ થવા છતાં મૃદ્દ્રવ્યસ્વરૂપે મૃત્પિંડનો નાશ થતો નથી. તેથી ઘડો મૃત્પિંડનો અર્થાન્ત૨ગમનસ્વરૂપ પરિણામ હોવા છતાં મૃત્પિંડમાં

---

1. परिणामान्तरतो व्यय-विभवयोरपि परिणामसामान्यं नित्यम्।

2+3. एकद्रव्ये येऽर्थपर्याया वचनपर्यायाश्चाऽपि। अतीतानागत-भूताः तावत् तद् भवति द्रव्यम्।।

[♦]सत्पर्यायेण विनाशः, प्रादुर्भावोऽसता च [●]पर्यायतः।

द्रव्याणां परिणामः, प्रोक्तः खलु पर्यवनयस्य।। (प्र.पद १३ सू.१८२) એ વચન ***सम्मति-प्रज्ञापनावृत्ति.*** (નાશ પણિ દ્વિવિધ જાણિઈ.) 'કથંચિત્ સત્ રૂપાંતર પામઈ સર્વથા વિણસઈ નહીં' - તે દ્રવ્યાર્થિકનયનો પરિણામ કહિયઓ. 'પૂર્વ સત્પર્યાયઈ વિણસઈ, ઉત્તર [❖]અસત્ પર્યાયઈ ઉપજઈ' - તે પર્યાયાર્થિકનયનો

इत्थञ्च द्रव्यार्थिकनयतो मृद्द्रव्यमेव अवस्थितं सद् रूपान्तरपरिणामात्मकघटपर्यायविशिष्टं मृत्पिण्डनाशः दण्डप्रहारोत्तरञ्च कपालपरिणामविशिष्टं तदेव घटनाशः इति निरणायि **वादिदेवसूरिभिः**। तदुक्तं **स्याद्वादरत्नाकरे** "मृद्द्रव्यमेव हि घटाख्यपूर्वपर्यायपरित्यागेन कपालाख्योत्तरपर्यायविशिष्टं घटप्रध्वंसः" (स्या.र.५/८/पृ.८५१) इति। यथोक्तं **स्याद्वादरहस्ये**ऽपि "व्यवहारनये तु घटोत्तरकालवर्त्ति मृदादिस्वद्रव्यं घटप्रध्वंसः" (स्या.रह.का.१/पृ.१९) इति। अधिकं **जयलतायाम्** अवोचाम।

"पर्यायास्तिकनयमतेन पुनः परिणमनं पूर्वसत्पर्यायाऽपेक्षया विनाशः उत्तरेण चाऽसता पर्यायेण प्रादुर्भावः। तथा चाऽमुमेव नयमधिकृत्याऽन्यत्रोक्तं [1]"सत्पर्यायेण विनाशः प्रादुर्भावोऽसद्भावपर्ययतः। द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्ययनयस्य।। (**नयोपदेश** श्लो.१७ वृ.उद्धृ. पृ.१४४)" (प्र.पद.१३/सू.१८२)" इति **प्रज्ञापनावृत्तौ**।

मृत्त्वसामान्यपरिणामस्वरूपे ध्रौव्य अबाधित रहे छे. आ प्रमाणे अहीं आशय छे.

✡ मृद्द्रव्य ज घटादिध्वंसात्मक ✡

(**इत्थ.**) આ રીતે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ રૂપાન્તરપરિણામસ્વરૂપ ઘટપર્યાયથી વિશિષ્ટ એવું અવસ્થિત મૃદ્દ્રવ્ય એ જ મૃત્પિંડનો નાશ છે. તથા ઘડા ઉપર દંડપ્રહાર થયા બાદ ઉત્પન્ન થયેલ કપાલપરિણામથી યુક્ત એવું તે જ માટીદ્રવ્ય ઘટધ્વંસ છે. આ મુજબ **શ્રીवादिदेवसूरि**જીએ નિર્ણય કર્યો છે. તેથી તેમણે **स्याद्वादरत्नाकर**માં જણાવેલ છે કે 'ઘટ નામના પૂર્વપર્યાયનો પૂર્ણતયા ત્યાગ કરીને કપાલ નામના ઉત્તરકાલીન પર્યાયથી વિશિષ્ટ બનેલું મૃદ્દ્રવ્ય જ ઘટ પ્રધ્વંસ છે.' મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે પણ **स्याद्वादरहस्य**માં જણાવેલ છે કે 'વ્યવહારનયમતે તો ઘટોત્તરકાલીન મૃદાદિ સ્વદ્રવ્ય એ જ ઘટધ્વંસ છે.' વ્યવહારનય દ્રવ્યાર્થિકનયાત્મક જ છે. દ્રવ્યાર્થિકસંમત નાશ અંગે અધિક નિરૂપણ અમે મધ્યમપરિમાણ **स्याद्वादरहस्य**ની **જયલતા** વ્યાખ્યામાં કરેલ છે. જિજ્ઞાસુવર્ગ ત્યાં દૃષ્ટિ કરી શકે છે.

✡ विनाश व्याख्या : पर्यायार्थनयनी दृष्टिओ ✡

("**पर्याया.**) પર્યાયાસ્તિકનયના મતે પૂર્વકાલીન સત્ = વિદ્યમાન પર્યાયની અપેક્ષાએ વસ્તુનો નાશ તથા ઉત્તરકાલીન અસત્ પર્યાય સ્વરૂપે પ્રાદુર્ભાવ એટલે પરિણામ. આ જ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ **प्रज्ञापनासूत्रव्याख्या**માં **શ્રીમલયગિરિસૂરિ**જીએ જણાવેલ છે કે 'વિદ્યમાન પર્યાયસ્વરૂપે નાશ અને અવિદ્યમાન પર્યાય સ્વરૂપે પ્રાદુર્ભાવ થવો એ જ પર્યાયનયની અપેક્ષાએ દ્રવ્યોનો પરિણામ કહેવાયેલ છે.'

[♦] પુસ્તકોમાં '**सत्पर्यायविनाश**' પાઠ કો.(૯+૧૦+૧૧) + સિ. + લા.(૨)નો પાઠ લીધો છે. [●] કો.(૯+૧૦+૧૧) + સિ. માં '**पर्ययतः**' પાઠ. [❖] કો.(૯) + સિ.માં 'सत्' પાઠ. 1. सत्पर्ययेण नाशः, प्रादुर्भावोऽसता च पर्ययतः। द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्यवनयस्य।। इति **स्थानाङ्गसूत्रवृत्तौ** लेशतः पाठभेदः १०/सू.७१३/भाग-३/पृष्ठ-८१७।

પરિણામ કહિયઓ.

એ અભિપ્રાય જોતાં **એક રૂપાંતર પરિણામ** *અવસ્થિત દ્રવ્યનો* વિનાશ; એક **(વલી બીજો પ્રકાર) અર્થાંતરગમન** વિનાશ - એ **(અભિરામ)** વિનાશના ૨ ભેદ જાણવા. ▸ઈતિ ૧૫૭ ગાથાર્થ પૂર્ણ.◂ ॥૯/૨૪॥

तदभिप्रायमीमांसायां प्रथमो द्रव्यास्तिकनयसम्मतः परिणामो हि रूपान्तरपरिणामलक्षणोऽवस्थित-द्रव्यस्य विनाशः। द्वितीयश्च पर्यायास्तिकनयसम्मतः परिणामः खलु अर्थान्तरभावगमनलक्षणो विनाशः प्रतिभातीति **महोपाध्याययशोविजयाभि**प्रायो **द्रव्य-गुण-पर्यायरासस्तबके**।

इत्थञ्च पर्यायार्थिकनये प्रायोगिक-वैस्रसिकौ समुदयजनितौ अर्थान्तरगमनलक्षणौ विनाशौ सम्भवतः। द्रव्यार्थिकनये तु प्रायोगिक-वैस्रसिकौ समुदयजनितौ समुदायविभागात्मकौ विनाशौ वैस्रसिकश्चै-कत्विको विनाशः अपि अवस्थितद्रव्यस्य धर्माऽधर्माऽऽकाशलक्षणस्य रूपान्तरपरिणामलक्षणः सम्भवन्ति। यस्तु पर्यायार्थिकनयसम्मतः अर्थान्तरभावगमनलक्षणो वैस्रसिकः विनाशः स धर्मास्तिकायादौ अवस्थित-द्रव्ये न सम्भवति। अतोऽवस्थितद्रव्यस्य रूपान्तरपरिणामलक्षण एव ऐकत्विको वैस्रसिको विनाशो द्रव्यार्थिकनयतो धर्मास्तिकायादौ सम्भवतीत्यवधेयम्।

ॐ રૂપાંતરપરિણામ દ્રવ્યાર્થિકમાન્ય, અર્થાન્તરગમન પર્યાયાર્થિકસંમત ॐ

(तदभि.) ઉપરોક્ત શાસ્ત્રવચનોના અભિપ્રાયની વિચારણા કરતાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ**ના **ટબા**માં જણાવેલ છે કે "પ્રથમ પરિણામ દ્રવ્યાર્થિકનયને સંમત છે. તે પરિણામ રૂપાન્તરપરિણામ સ્વરૂપ છે. તથા તે જ અવસ્થિત દ્રવ્યનો નાશ છે. (જેમ કે પટનો તંતુરૂપે પરિણામ એ જ પટનાશ. તંતુરૂપે તો પટ અવસ્થિત જ છે.) તથા બીજો પરિણામ પર્યાયાર્થિકનયને સંમત છે. પર્યાયાર્થિકમાન્ય પરિણામ અર્થાન્તરગમનસ્વરૂપ વિનાશ છે - આ પ્રમાણે જણાય છે."

❀ વિવિધ નયની દૃષ્ટિએ વિનાશનો વિચાર ❀

(इत्थञ्च.) **દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ ટબા**માં **મહોપાધ્યાયજી** મહારાજે જે અભિપ્રાય ઉપર મુજબ વિચારેલ છે તેનો ફલિતાર્થ એવો પ્રાપ્ત થાય છે કે પર્યાયાર્થિકનયના મત મુજબ, પ્રાયોગિક અને સ્વાભાવિક બન્ને પ્રકારના સમુદયજનિત વિનાશ અર્થાન્તરગમનસ્વરૂપ સંભવે છે. તથા દ્રવ્યાર્થિકનયના મત મુજબ, પ્રાયોગિક અને સ્વાભાવિક બન્ને પ્રકારના સમુદયજનિત વિનાશ સમુદાયવિભાગાત્મક = અવયવસમૂહ-વિભેદસ્વરૂપ સંભવે છે. તેમજ ઐકત્વિક વૈસ્રસિક નાશ પણ દ્રવ્યાર્થિકનયના મત મુજબ સંભવે છે. આમ દ્રવ્યાર્થિકમતે ત્રિવિધ નાશ સંભવે છે. અવસ્થિત ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યનો ગતિ આદિ દાન-અદાનસ્વરૂપ પરિણામાન્તર એ જ દ્રવ્યાર્થિકનયસંમત ઐકત્વિક વૈસ્રસિક વિનાશ જાણવો. પર્યાયાર્થિકનયથી જે અર્થાન્તરગમનસ્વરૂપ વૈસ્રસિક વિનાશ માન્ય છે, તે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં કદાપિ ન થાય. કેમ કે ધર્માસ્તિકાય આદિ અવસ્થિત દ્રવ્ય હોવાથી તેનો અર્થાન્તરપરિણામ થતો નથી. તેથી દ્રવ્યાસ્તિકનયસંમત અવસ્થિત દ્રવ્યનો રૂપાન્તરપરિણામસ્વરૂપ જ ઐકત્વિક વૈસ્રસિક વિનાશ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યમાં થઈ શકે છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

पर्यायास्तिकनये उपादेयक्षण एव उपादानध्वंस इति दण्डप्रहारादिजन्यः कपालकदम्बकलक्षणो घटध्वंसः हि प्रायोगिकः समुदयजनितः अर्थान्तरगमनस्वरूपः बोध्यः। ***एतेन*** "यदुत्पत्तौ कार्यस्य अवश्यं विपत्तिः सोऽस्य प्रध्वंसाऽभाव इति। यथा कपालकदम्बकोत्पत्तौ नियमतो विपद्यमानस्य कलशस्य कपालकदम्बकम्" (प्र.न.त.३/५७-५८) इति **प्रमाणनयतत्त्वालोकालङ्कारसूत्रे *व्याख्याते***, पर्यायार्थिकनयतः प्रायोगिकसमुदयजनिताऽर्थान्तरगमनलक्षणध्वंसपरतया तदुपपत्तेः।

ननु* सम्मतितर्के** [1]"मिच्छदिट्ठी पत्तेयं दो वि मूलनया" (स.त.१/१३) इत्येवं द्रव्यास्तिक-पर्यायास्तिक-नययोः प्रत्येकं मिथ्यादृष्टित्वोक्तेः तद्विषयस्य काल्पनिकत्वान्नैतत् कमनीयमिति ***चेत् ?

न, "यो नयोपयोगः स्वार्थे इतरनयार्थसंयोजनायां व्यापिपर्ति तस्य तावत्या अपेक्षया सम्यग्दृष्टित्वस्य यथाश्रुतार्थप्रवाहप्रवृत्तस्य तथोपयोगवैकल्येन मिथ्यादृष्टित्वस्य च सम्प्रदायसिद्धत्वात्। ततश्च प्रकृते 'परिणामो रूपान्तरगमनमि'त्यादिलक्षणे द्रव्यास्तिकनयसम्मते अवस्थितद्रव्यपरिणामे विशिष्टरूपेणोत्पाद-भङ्गयोः पर्याय-

❋ पर्यायार्थिकसंमत ध्वंसविशेषनुं उदाहरण ❋

(पर्या.) पर्यायास्तिकमते कार्यक्षण એ જ કારણનો ધ્વંસ છે. તેથી દંડપ્રહારાદિથી ઉત્પન્ન થયેલ કપાલસમૂહાત્મક જ ઘટધ્વંસ સમજવો. તે પ્રાયોગિક સમુદયજનિત (અવયવવિભાગજનિત) અર્થાન્તરગમનસ્વરૂપ ધ્વંસ જાણવો. આવું કહેવાથી **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**ના બે સૂત્રની સ્પષ્ટતા થઈ જાય છે. ત્યાં **શ્રીવાદિદેવસૂરિજી**એ જણાવેલ છે કે 'જેની (= **A**ની) ઉત્પત્તિ થતાં કાર્યનો (= **B**નો) અવશ્ય વિનાશ થાય, તે (= **A**) કાર્યનો (= **B**નો) પ્રધ્વંસાભાવ કહેવાય. જેમ કે કપાલસમૂહની (= **A**ની) ઉત્પત્તિ થતાં અવશ્ય નાશ પામતા ઘડાનો (= **B**નો) ધ્વંસ કપાલસમૂહ (= **A**) બને.' મતલબ કે પર્યાયાર્થિકનયથી પ્રાયોગિક સમુદયજનિત અર્થાન્તરગમનસ્વરૂપ ધ્વંસનું નિરૂપણ કરવામાં તે સૂત્ર તત્પર છે.

પૂર્વપક્ષ :- (ननु.) **સંમતિતર્કપ્રકરણ**માં જણાવેલ છે કે 'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે મૂલનય છે. પ્રત્યેક મૂલનય મિથ્યાદૃષ્ટિ છે.' આ પ્રમાણે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બન્ને નયને પ્રત્યેકને મિથ્યાદૃષ્ટિ તરીકે જણાવેલ હોવાથી તેનો વિષય કાલ્પનિક સિદ્ધ થાય છે. તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના અભિપ્રાયથી જે પ્રમાણે અહીં વિનાશનું પ્રતિપાદન કરેલ છે તે પણ મિથ્યા સિદ્ધ થાય છે.

❀ બધા જ નય મિથ્યા જ હોય તેવો એકાન્ત અમાન્ય ❀

ઉત્તરપક્ષ :- (न, "यो.) ના, તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે તમને જૈન સંપ્રદાયના સિદ્ધાન્તની સાચી જાણકારી નથી. નયોપયોગ સમ્યગ્દૃષ્ટિ પણ છે અને મિથ્યાદૃષ્ટિ પણ છે. "જે નયનો જે ઉપયોગ પોતાના વિષયમાં અન્ય નયને સંમત એવા અર્થનું સંયોજન કરવામાં પ્રવૃત્ત થાય છે તે નયોપયોગ તે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ છે. તથા તે તે નયશાસ્ત્રમાં જે જે (કેવલ નિત્ય કે કેવલ અનિત્ય આદિ) અર્થ જે પ્રમાણે સાંભળેલા હોય તે પ્રમાણે જ તે અર્થનો સ્વીકાર કરવામાં પ્રવૃત્ત થયેલ નયોપયોગ અન્યનયસાપેક્ષ અર્થની સંકલનાના ઉપયોગ વિનાનો હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. આ હકીકત જૈન સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તેથી પ્રસ્તુતમાં દ્રવ્યાર્થિકમતમાં માન્ય રૂપાન્તરસ્વરૂપ અવસ્થિત

1. मिथ्यादृष्टिः प्रत्येकं द्वौऽपि मूलनयौ।

लक्षणयोः संयोजनया 'सत्पर्यायेण विनाश' इत्यादिलक्षणे पर्यायास्तिकनयसम्मते च परिणामे आधारतया ध्रौव्यस्य द्रव्यलक्षणस्य संयोजनया उभयोरपि सम्यग्दृष्टित्वसिद्धेरिति" (नयो.पृ.१४४) महोपाध्यायश्री-**यशोविजय**अभिप्रायः **नयोपदेशवृत्तौ नयामृततरङ्गिण्य**भिधानायाम् ।

"तद्भावः = परिणामः" (त.सू.५/४१) इति पूर्वोक्तस्य (२/११) **तत्त्वार्थसूत्रस्य भाष्ये उमास्वाति**वाचकास्तु "धर्मादीनां द्रव्याणां यथोक्तानाञ्च गुणानां स्वभावः = स्वतत्त्वं परिणामः" (त.सू.५/४१ भा.) इत्याचक्षते। **सिद्धसेनगणि**वरास्तु **तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ** "द्रव्यस्य स्वजात्यपरित्यागेन परिस्पन्देतरप्रयोगजपर्यायस्वभावः परिणामः।

द्रव्यपरिणामમાં વિશિષ્ટરૂપે ઉત્પાદ-વ્યયસ્વરૂપે પર્યાયનું સંયોજન કરવાથી દ્રવ્યાર્થિકનયમાં સમ્યગ્દૃષ્ટિત્વ સિદ્ધ થશે. તથા પર્યાયાર્થિકનયસંમત સત્પર્યાયરૂપે વિનાશ અને અસત્પર્યાયરૂપે પ્રાદુર્ભાવ સ્વરૂપ (= અર્થાન્તરગમનસ્વરૂપ) પરિણામમાં પર્યાયાધારરૂપે ધ્રૌવ્યની = દ્રવ્યની સંયોજના કરવાથી પર્યાયાર્થિકનયમાં પણ સમ્યગ્દૃષ્ટિત્વ સિદ્ધ થશે. આમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બન્નેય નયમાં સમ્યગ્દૃષ્ટિપણું સિદ્ધ થાય છે." આ પ્રમાણે **નયોપદેશ**ની **નયામૃતતરંગિણી** વ્યાખ્યામાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**નો અભિપ્રાય છે.

❀ નય પણ સત્ય સંભવે છે. ❀

સ્પષ્ટતા :- એક નય જ્યારે અન્ય નયના વિષયનું પોતાના વિષયમાં ગૌણરૂપે પણ સંયોજન કરવા તૈયાર થાય ત્યારે સમ્યગ્દૃષ્ટિ બને. દ્રવ્યાર્થિકનય દ્રવ્યને મુખ્ય બનાવી પર્યાયનો ગૌણરૂપે સ્વીકાર કરે તો તેને સત્ય જ માનવો રહ્યો. દ્રવ્યાર્થિકમાન્ય રૂપાન્તરસ્વરૂપ પરિણામ તો જ સંગત થઈ શકે કે જો પૂર્વપર્યાયરૂપે દ્રવ્યનો નાશ અને ઉત્તરપર્યાયરૂપે દ્રવ્યની ઉત્પત્તિ થાય. ઉત્પાદ અને વ્યય તો પર્યાય છે. તેથી આ પ્રમાણે વિચારણા કરીને દ્રવ્યાર્થિકનયનો ઉપયોગ અવસ્થિતદ્રવ્યના રૂપાંતરસ્વરૂપ પરિણામમાં ઉત્પાદ-વ્યયસ્વરૂપ પર્યાયનું ગૌણરૂપે સંયોજન કરે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ માનવો જ રહ્યો. તે જ રીતે વિદ્યમાન પર્યાયરૂપે નાશ અને અવિદ્યમાન પર્યાયરૂપે ઉત્પત્તિ સ્વરૂપ પર્યાયાર્થિકનયને માન્ય એવા પરિણામના આધારરૂપે દ્રવ્યનો સ્વીકાર તો કરવો જ રહ્યો. નિરાધાર પરિણામ ક્યાં રહે ? તથા પરિણામના આધાર તરીકે જે દ્રવ્યનો સ્વીકાર કરવામાં આવે છે તે તો ધ્રુવ જ છે. આ પ્રમાણે વિચારણા કરીને પર્યાયાર્થિકનયનો ઉપયોગ અર્થાન્તરગમનસ્વરૂપ પરિણામના આધારસ્વરૂપે દ્રવ્યનો = ધ્રૌવ્યનો ગૌણરૂપે સ્વીકાર કરે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ માનવો જ પડે. આમ નય સમ્યગ્દૃષ્ટિ = સત્ય બની શકે છે. તેથી સર્વ નયને સર્વદા મિથ્યાદૃષ્ટિ = ખોટા જ કહેવા તે વ્યાજબી નથી.

❀ પરિણામની ઓળખાણ ❀

("तद्भावः.) પૂર્વોક્ત (૨/૧૧) **તત્ત્વાર્થસૂત્ર**માં (૫/૪૧) વાચકશિરોમણિ **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે પરિણામની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે 'તેનો ભાવ એટલે પરિણામ.' આની વધારે સ્પષ્ટતા કરતા સ્વોપજ્ઞ **તત્ત્વાર્થભાષ્ય**માં જણાવેલ છે કે "ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો તથા યથોક્ત = પૂર્વોક્ત ગુણોનો ભાવ = સ્વભાવ = સ્વતત્ત્વ = સ્વરૂપ એટલે પરિણામ." **તત્ત્વાર્થભાષ્યવૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિવર** તો પરિણામની વ્યાખ્યા કરતાં એમ કહે છે કે "પોતાની જાતિનો = મૂળભૂત સ્થાયી સ્વભાવનો પરિત્યાગ કર્યા વિના જ દ્રવ્યનો પરિસ્પન્દભિન્ન (=હલન-ચલનાદિપ્રવૃત્તિથી ભિન્ન) પ્રયોગથી = આત્મવ્યાપારથી ઉત્પન્ન થયેલ પર્યાયસ્વભાવ એટલે પરિણામ. જેમ કે વનસ્પતિના મૂળ, કાંડ, છાલ, પાંદડા, થડ,

तद्यथा – वनस्पतेः मूल-काण्ड-त्वक्-पत्र-स्कन्ध-शाखा-विटप-पुष्प-फलसद्भावलक्षणः परिणामः" (त.सू.५/२२ भा.वृ. पृ.३५०) इति पूर्वमेव तल्लक्षणं निष्टङ्कितवन्तः।

तत्त्वार्थराजवार्तिके अकलङ्काचार्येण तु "द्रव्यस्य स्वजात्यपरित्यागेन प्रयोग-विस्रसालक्षणो विकारः परिणामः" (त.सू.५/२२/रा.वा.१०/पृष्ठ-४७७) इत्येवं द्रव्यार्थिकनयतः परिणामलक्षणमुक्तम्।

विद्यानन्दस्वामिना पुनः **तत्त्वार्थश्लोकवार्त्तिके** "परिणामो हि (१) कश्चित् पूर्वपरिणामेन सदृशः, यथा प्रदीपादेः ज्वालादिः। (२) कश्चिद् विसदृशः, यथा तस्यैव कज्जलादिः। (३) कश्चित् सदृशाऽसदृशः, यथा सुवर्णस्य कटकादिः। तत्र पूर्वसंस्थानाद्यपरित्यागे सति परिणामाधिक्यं वृद्धिः, सदृशेतरपरिणामः यथा बालकस्य कुमारादिभावः" (त.श्लो.वा.५/२२/पृ.१८५) इत्याद्युक्तं तदप्यत्रानुसन्धेयम्।

***यदपि* पतञ्जलिना योगसूत्रे** "अवस्थितस्य द्रव्यस्य पूर्वधर्मनिवृत्तौ धर्मान्तरोत्पत्तिः = परिणामः"

ડાળી, ઝાડ, ફૂલ, ફળની હાજરી તે વનસ્પતિપરિણામ જાણવો" - આ પ્રમાણે **तत्त्वार्थभाष्यवृत्ति**માં ઉમાસ્વાતિજી મહારાજની પૂર્વે જ (૫/૨૨) પરિણામનું લક્ષણ **શ્રીસિદ્ધસેનગણિવરે** નિશ્ચિત કરેલ છે. "ઉમાસ્વાતિજી મહારાજની પૂર્વે જ" - આવું કહેવાનો આશય એ છે કે ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયના ૪૧ મા સૂત્રમાં પરિણામનું લક્ષણ જણાવેલ છે. જ્યારે સિદ્ધસેનગણિવરે તો તેની પૂર્વે ૨૨ મા સૂત્રની વૃત્તિમાં જ પરિણામની વ્યાખ્યા કરેલ છે.

❋ દિગંબરમત મુજબ પરિણામવ્યાખ્યા ❋

(**तत्त्वार्थ.**) **અકલંકસ્વામી**એ તો **तत्त्वार्थराजवार्त्तिक**માં પરિણામનું લક્ષણ દ્રવ્યાર્થિકનયથી આ પ્રમાણે જણાવેલ છે કે 'પોતાની જાતિનો પરિત્યાગ કર્યા વિના પ્રયોગ = જીવપ્રયત્નસ્વરૂપ અને વિસ્રસાસ્વરૂપ = સ્વાભાવિક ક્રિયાસ્વરૂપ વિકાર એટલે પરિણામ.' આ વાતનું પણ પ્રસ્તુતમાં જોડાણ કરવું.

❋ પરિણામના ત્રણ ભેદ - વિદ્યાનન્દસ્વામી ❋

(**विद्या.**) દિગંબરાચાર્ય **વિદ્યાનંદસ્વામી**એ તો **તત્ત્વાર્થશ્લોકવાર્ત્તિક**માં ત્રણ પ્રકારના પરિણામને આ પ્રમાણે જણાવેલ છે કે - "(૧) કોઈક પરિણામ પૂર્વકાલીન પરિણામ જેવો જ હોય છે. જેમ કે દીવા વગેરેની જ્વાળા, જ્યોત વગેરે. દીવાની જ્યોત દીવા જેવા પરિણામને ધારણ કરે છે. (૨) કોઈક પરિણામ વિસદૃશ હોય છે. જેમ કે દીવાની મેશ, ધૂમાડો, રાખ વગેરે પરિણામ. (૩) તેમજ કોઈક પરિણામ તો સદૃશ-વિસદૃશ હોય છે. જેમ કે સોનાના કંકણ, કુંડલ વગેરે પરિણામો. સુવર્ણરૂપે કંકણ, કુંડલ વગેરે પરિણામોમાં સાદૃશ્ય છે તથા કંકણમાં કુંડલનું વૈસાદૃશ્ય પણ છે. આ ત્રીજા નંબરના પરિણામમાં જ વૃદ્ધિ પણ જોવા મળે છે. પૂર્વકાલીન સંસ્થાનનો (આકારનો) ત્યાગ કર્યા વિના જ પરિણામમાં અધિકતા આવે તે વૃદ્ધિ કહેવાય છે. જેમ કે બાળકની કુમાર, યુવાન આદિ અવસ્થા એ વૃદ્ધિ પરિણામ કહેવાય છે.' કુમારાદિ અવસ્થામાં પણ બાળકની આકૃતિ તદ્દન બદલાતી નથી. તથા મનુષ્યરૂપે સાદૃશ્ય અને કુમારાદિઅવસ્થાસ્વરૂપે વૈસાદૃશ્ય પણ છે.' આ બાબતનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

❋ પરિણામ : પતંજલિના દૃષ્ટિકોણમાં ❋

(**यदपि.**) **પતંજલિ** ઋષિએ **યોગસૂત્ર**માં પરિણામનું લક્ષણ બતાવતાં કહેલ છે કે 'દ્રવ્ય અવસ્થિત

(यो.सू.३/१३) इत्युक्तं ***तदपि*** अत्र द्रव्यार्थिकनयाभिप्रायेणाऽनुसन्धेयम्, पातञ्जलदर्शनस्य द्रव्यार्थिकनयप्रसूतत्वात्।

तदुक्तं **साङ्ख्यकारिकायुक्तिदीपिकावृत्तौ** अपि "परिणामो हि नाम अवस्थितस्य द्रव्यस्य धर्मान्तरनिवृत्तिः धर्मान्तरप्रवृत्तिश्च" (सा.का.यु.दी.९) इति। तत्रैवाऽग्रे यद् "यदा शक्त्यन्तरानुग्रहात् पूर्वधर्मान् तिरोभाव्य स्वरूपाद् अप्रच्यूतो धर्मी धर्मान्तरेणाऽऽविर्भवति तदवस्थानमस्माकं परिणाम इत्युच्यते" (सा.का.यु.दी.१६) इत्युक्तं तदप्यत्र द्रव्यार्थिकनयमतानुसारेण योज्यम्, साङ्ख्यदर्शनस्यापि द्रव्यार्थिकनयप्रसूतत्वादिति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अमूर्त्तात्मप्रदेशारब्धम् अनादिसिद्धम् अवस्थितम् अस्मदीयम्

રહે અને તેનો પૂર્વકાલીન ગુણધર્મ રવાના થતાં નવા ગુણધર્મની ઉત્પત્તિ તે પરિણામ.' પતંજલિ ઋષિએ આ મુજબ જે જણાવેલ છે તેનું પણ અહીં દ્રવ્યાર્થિકનયના અભિપ્રાય અનુસારે અનુસંધાન કરવું. કારણ કે પાતંજલદર્શન દ્રવ્યાર્થિકનયના આલંબનથી ઊભું થયેલ છે.

❁ પરિણામ : સાંખ્યની નજરે ❁

(**तदुक्तं.**) **ઈશ્વરકૃષ્ણજી** દ્વારા રચિત **સાંખ્યકારિકા** ગ્રન્થની ઉપર અનેક વ્યાખ્યાઓ રચાયેલ છે. તેમાંથી **યુક્તિદીપિકા** નામની વ્યાખ્યામાં પણ જણાવેલ છે કે 'દ્રવ્ય અવસ્થિત = ધ્રુવ હોય છે. તે દ્રવ્યના પૂર્વકાલીન ગુણધર્મની નિવૃત્તિ અને નવા ગુણધર્મની ઉત્પત્તિ = પ્રવૃત્તિ એટલે પરિણામ.' તથા તે જ **યુક્તિદીપિકા** વ્યાખ્યામાં આગળ જણાવેલ છે કે 'અન્ય શક્તિના અનુગ્રહથી = પ્રભાવથી પૂર્વકાલીન ગુણધર્મોનો તિરોભાવ = વિલય કરીને પોતાના સ્વરૂપથી ચ્યુત = ભ્રષ્ટ થયા વિના જ ધર્મી = દ્રવ્ય જ્યારે બીજા ગુણધર્મસ્વરૂપે પ્રગટ થાય તે અવસ્થા અમારા (= સાંખ્યોના) મત મુજબ પરિણામ કહેવાય છે.' સાંખ્ય વિદ્વાનોની આ વાત પણ અહીં દ્રવ્યાર્થિકનયના મત મુજબ જૈનદર્શનમાં જોડવી. કારણ કે સાંખ્યદર્શન પણ દ્રવ્યાર્થિકનયના અવલંબનથી ઉત્પન્ન થયેલ છે. અહીં જે કહેવાયેલ છે, તે માત્ર દિશાસૂચન છે. તે મુજબ વાચકવર્ગે આગળ વિચારવું.

❁ આવિર્ભાવ-તિરોભાવની વિચારણા ❁

સ્પષ્ટતા :- પાતંજલદર્શનનો અને સાંખ્યદર્શનનો જન્મ દ્રવ્યાર્થિકનયના અવલંબનથી થયેલ છે. તેમના મતે દ્રવ્ય ધ્રુવ છે, અવસ્થિત છે. પર્યાયો-પરિણામો-ગુણધર્મો પરિવર્તન પામ્યા કરે છે, બદલાયા રાખે છે. તેથી દ્રવ્યાર્થિકમાન્ય પરિણામલક્ષણ પાતંજલ-સાંખ્ય વિદ્વાનોને સંમત છે. ગુણધર્મનો ઉત્પાદ-વ્યય માનવાના બદલે આવિર્ભાવ-તિરોભાવ તેઓ માને છે. શક્તિરૂપે વિદ્યમાન ગુણધર્મની અભિવ્યક્તિ એટલે આવિર્ભાવ. તથા પ્રગટ થયેલ ગુણોનો લય-વિલય એટલે તિરોભાવ.

❁ મુક્તાત્મસ્વરૂપે આત્માને પરિણમાવીએ ❁

આધ્યાત્મિક ઉપનય :- અમૂર્ત્ત આત્મપ્રદેશોથી આરબ્ધ અનાદિસિદ્ધ અવસ્થિત આત્મદ્રવ્ય સંસારીરૂપે પ્રથમ પ્રકારે નાશ પામી વહેલી તકે મુક્તાત્મસ્વરૂપે પરિણમે તે જ આપણું કર્તવ્ય છે અને તે જ આપણી સાધનાની સમ્યક્ ફલશ્રુતિ છે. 'દેવ-દાનવ-માનવ આદિ સ્વરૂપે, સંસારી સ્વરૂપે આપણો નાશ

आत्मद्रव्यं संसारिरूपेण विनश्य द्रुतं मुक्तात्मरूपेण परिणमेत् तथैव कर्तव्यम्। तदेव हि परमार्थतो मोक्षमार्गोद्यमफलम्। 'देव-दानव-मानवादिरूपेण नाशेऽपि आत्मत्वरूपेण वयं ध्रुवा एव' इति विज्ञाय यथा संसारितया अस्मन्नाशो भवेत् तथा यतितव्यमित्युपदेशो लभ्यतेऽत्र। तादृशयत्नबलेन "सर्वकर्मक्षयादेष सर्वतन्त्रे व्यवस्थितः। ज्ञान-दर्शन-सद्वीर्य-सुखसाम्राज्यलक्षणः।।" (वै.क.ल.૯/૧૦૭૭) इति **वैराग्यकल्पलता**व्यावर्णितो मोक्षः सुलभः स्यात्।।૯/૨૪।।

થવા છતાં પણ આત્મત્વરૂપે આપણે ધ્રુવ જ છીએ' - આવું જાણી સંસારીરૂપે આપણો વિનાશ થાય તેવો સમ્યક્ ઉદ્યમ કરવા કટિબદ્ધ થવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. તથાવિધ ઉદ્યમના બળથી **વૈરાગ્યકલ્પલતા**માં જણાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં જણાવેલ છે કે 'સર્વ દર્શનોમાં રહેલો = વર્ણવેલો મોક્ષ કર્મના ક્ષયથી થાય છે. જ્ઞાન, દર્શન, સુંદર શક્તિ તથા સુખના સામ્રાજ્યસ્વરૂપ તે મોક્ષ છે.' (૯/૨૪)

લખી રાખો ડાયરીમાં.....

- વાસના એક અભિશાપ છે.
  ઉપાસના અદ્વિતીય વરદાન છે.
- વાસનાનો અંત કરુણ હોય છે.
  ઉપાસનામાં સર્વત્ર પરમાત્માનું ઋણ હોય છે.
- સ્વાર્થની સોબત વાસનાને વહાલી છે.
  પરોપકારની નમણી નોબત ઉપાસનાને પ્રિય છે.
- પ્રારંભિક સાધનામાં દલીલના ઘોંચપરોણાની કનડગત હોય છે.
  દલીલશૂન્ય ઉપાસનામાં શરણાગતિની અદ્વિતીય મસ્તી હોય છે.
- બુદ્ધિ પોતાની લીટી મોટી કરવાનો નહિ પણ બીજાની લીટી નાની કરવાનો જ પુરુષાર્થ કરે છે.
  શ્રદ્ધા બીજાની લીટી નાની કરવાનો નહિ પણ પોતાની લીટી મોટી કરવાનો પુરુષાર્થ કરે છે.

અંધારાનઈ ઉદ્યોતતા, રૂપાંતરનો પરિણામ રે;
અણુનઈ અણુઅંતરસંકમઈ, અર્થાંતરગતિનો ઠામ રે ॥૯/૨૫॥ (૧૫૮) જિન.

તિહાં **અંધારાનઈ ઉદ્યોતતા**, તે અવસ્થિત દ્રવ્યનો **રૂપાંતરપરિણામઈરૂપ** નાશ જાણવો.

उदाहरणतो विनाशद्वैविध्यं प्रदर्शयति – '**अन्धकार**' इति ।

अन्धकारे प्रकाशस्य रूपान्यपरिणामता ।
अणावन्याऽणुसम्बन्धेऽर्थान्तरपरिणामता ।।९/२५।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अन्धकारे प्रकाशस्य रूपान्यपरिणामता (ज्ञेया)। अणौ अन्याणुसम्बन्धेऽर्थान्तरपरिणामता (ज्ञेया)।।९/२५।।

अन्धकारे प्रकाशस्य कथञ्चिदवस्थितद्रव्यस्य **रूपान्यपरिणामता** = रूपान्तरपरिणामलक्षणविनाशः ऐकत्विको ज्ञायते, न तु निरन्वयनाशः।

तदुक्तं **सम्मतितर्कवृत्तौ** "शब्द-विद्युत्-प्रदीपादेरपि निरन्वयविनाशकल्पना असङ्गतैव, तेषामादौ स्थितिदर्शनाद् अन्तेऽपि तत्स्वभावाऽनतिक्रमात् । न हि भावः स्वं स्वभावं परित्यजति, प्रागपि तत्स्वभावपरित्यागप्रसक्तेः। अन्ते च क्षयदर्शनात् प्रागपि नश्वरस्वभाववद् आदौ उत्पत्तिसमये स्थितिदर्शनाद् अन्ते

અવતરણિકા :- ઉદાહરણ દ્વારા ગ્રંથકારશ્રી વિનાશના બે પ્રકારને દર્શાવે છે :-

શ્લોકાર્થ :- અંધકારમાં પ્રકાશનો રૂપાન્તરપરિણામ સ્વરૂપ વિનાશ જાણવો. એક અણુમાં બીજા અણુનો સંબંધ થાય ત્યારે અર્થાન્તરપરિણામ સ્વરૂપ વિનાશ જાણવો. (૯/૨૫)

❊ અંધકાર પ્રકાશપરિણામસ્વરૂપ ❊

વ્યાખ્યાર્થ :- પ્રકાશ કથંચિત્ અવસ્થિત દ્રવ્ય છે. પુદ્ગલત્વરૂપે, દ્રવ્યત્વરૂપે પ્રકાશદ્રવ્ય ધ્રુવ છે. આમ કથંચિત્ ધ્રુવ પ્રકાશ દ્રવ્યનો રૂપાન્તરપરિણામસ્વરૂપ વિનાશ અંધકારમાં જણાય છે. મતલબ કે અંધકાર એ જ પ્રકાશનો નાશ છે. પ્રકાશમાં અન્ય કોઈ દ્રવ્યનો ઉમેરો થયા વિના, પવનથી કે પ્રયત્નથી, દીવો બુઝાઈ જતાં સ્વાભાવિક રીતે અંધકાર ઉત્પન્ન થવાથી તે પ્રકાશનાશ ઐકત્વિક છે, સમુદયજનિત કે સમુદયવિભાગકૃત નથી. પ્રકાશદ્રવ્યનો નિરન્વય = ઉપાદાનકારણસહિત નાશ થતો નથી. (પ્રકાશરૂપે જે પુદ્ગલ દ્રવ્યો પૂર્વે પરિણમેલા હતા તે જ પુદ્ગલદ્રવ્યો, દીવો બુઝાઈ જતાં, અંધકારસ્વરૂપે પરિણમી જાય છે. અર્થાત્ પ્રકાશ સંપૂર્ણપણે નાશ પામેલ નથી. પણ રૂપાન્તરપરિણામથી અંધકારરૂપે હાજર જ છે.)

❊ વિદ્યુત વગેરે પણ નિરન્વયવિનાશી નથી ❊

(तदु.) તેથી જ **સંમતિતર્કવૃત્તિ**માં જણાવેલ છે કે - "બૌદ્ધે જે એવી કલ્પના કરી છે કે - શબ્દ, વિજળી, પ્રદીપ વગેરે પ્રત્યેક પદાર્થ નિરન્વયવિનાશી હોય છે - તે સંગત નથી થતી. કેમ કે પ્રારંભમાં જેની સ્થિતિ સ્પષ્ટ દેખાય છે તેનો તે સ્વભાવ અંતિમ ક્ષણ સુધી અતિક્રાંત નથી થતો. કોઈ પણ ભાવ પોતાના સ્વભાવનો સર્વથા પરિત્યાગ કરે તે તો સંભવિત જ નથી, બાકી તો પહેલાથી જ તેનો ત્યાગ તે કેમ નથી કરતો ? જ્યારે બૌદ્ધવાદી એવું માને છે કે 'અંતિમ ક્ષણમાં વસ્તુમાત્રનો વિનાશ દેખાય

स्थितिः किं नाभ्युपेयते ?

न च विद्युत्-प्रदीपादेः तैजसरूपपरित्यागात् तामसरूपस्वीकरणे किञ्चिद् विरुद्धं भवेद्" (स.त. ३/६९) इति ।

तदुक्तं **भगवतीसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिभिः** अपि "विनाशस्य पर्यायान्तरगमनमात्ररूपत्वात्, दीपादिविनाशस्याऽपि तमिस्रादिरूपतया परिणामाद्" (भ.सू.१/३/३२/पृ.५५) इति। अनेनैवाभिप्रायेण **विशेषावश्यकभाष्यव्याख्यायां** श्रीहेमचन्द्रसूरिभिः "विध्याते प्रदीपेऽनन्तरमेव तामसपुद्गलरूपो विकारः समुपलभ्यत एव" (वि.आ.भा.१९८८ वृ.) इत्यादिकमुक्तम्।

पूर्वम् इहैव (९/१) "आदीपमाव्योमे"त्यादिरूपायाः (अ.व्य.द्वा.५) **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका**कारिकायाः **स्याद्वादमञ्जरीवृत्तिलेशो** य उक्तः सोऽपीहाऽनुसन्धेयः ।

यथा च अन्धकारस्य द्रव्यरूपता तथा विस्तरतो व्यवस्थापितमस्माभिः **जयलतायां** (भाग-२/पृ.३००-४०८) **स्याद्वादरहस्यवृत्ता**विति बुभुत्सुभिः ततोऽवसेयम्।

છે. માટે પ્રતિક્ષણ વસ્તુ વિનાશી જ હોવી જોઈએ' - તો તે બૌદ્ધ આવું પણ કેમ નથી માનતો કે 'પ્રારંભમાં = ઉત્પત્તિક્ષણમાં વસ્તુમાત્રની સ્થિતિ દેખાય છે. માટે અંત સમય સુધી તે સ્થિતિશીલ જ હોય છે ?'

(**न च.**) વિદ્યુત્ વગેરેનો પણ નિરન્વય = સંપૂર્ણ નાશ નથી થતો. પ્રદીપ-વિદ્યુત્ વગેરે પુદ્ગલદ્રવ્યના જ તૈજસ પરિણામ છે. જ્યારે તેઓ તૈજસ પરિણામનો ત્યાગ કરે છે ત્યારે તામસ પરિણામને સ્વીકારી લે છે. આ તથ્યના સ્વીકારમાં કોઈ વિરોધ નથી" - આ પ્રમાણે **સંમતિવ્યાખ્યાકાર** શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે પ્રકાશનો અંધકારાત્મક રૂપાન્તરપરિણામસ્વરૂપ વિનાશ જણાવેલ છે.

(**तदु.**) **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં નવાંગીટીકાકાર શ્રી**અભયદેવસૂરિજી**એ પણ જણાવેલ છે કે "વિનાશ એ માત્ર અન્ય પર્યાયની પ્રાપ્તિ થવા સ્વરૂપ જ છે. દીવા વગેરેનો વિનાશ પણ અંધકારાદિસ્વરૂપે પરિણમે છે." આ જ આશયથી **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'દીવો બૂઝાઈ જતાં તરત જ તામસપુદ્ગલસ્વરૂપ દીપકવિકાર જોવા મળે જ છે.' મતલબ કે દીવાનો રૂપાન્તરપરિણામસ્વરૂપ અંધકાર એ જ દીપકધ્વંસ છે.

❁ દર્શિત સંદર્ભ સ્મરણ ❁

(**पूर्वम्.**) આ જ નવમી શાખાના પ્રથમ શ્લોકની વ્યાખ્યામાં શ્રી**હેમચંદ્રાચાર્યજી**એ રચેલ **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા**નો 'આદીપમાવ્યોમ...' ઈત્યાદિ શ્લોક સંવાદરૂપે ઉદ્ધૃત કરેલ હતો. તેની **સ્યાદ્વાદમંજરી** નામની શ્રી**મલ્લિષેણસૂરિ**કૃત વ્યાખ્યાનો ઉપયોગી અંશ ત્યાં દર્શાવેલ હતો. તેનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું.

❁ જયલતાનો અતિદેશ ❁

(**यथा.**) અંધકાર જે પ્રકારે દ્રવ્યરૂપે સિદ્ધ થાય છે તે પ્રકારે વિસ્તારથી તેનું સ્થાપન મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથની **જયલતા** નામની સંસ્કૃત વ્યાખ્યામાં અમે કરેલ છે. તેથી 'અંધકાર કઈ રીતે દ્રવ્યાત્મક છે ?' આવી જિજ્ઞાસાનું શમન કરવા માટે વાચકવર્ગે **જયલતા** વ્યાખ્યાનું શાંત ચિત્તે અવલોકન કરવું.

અણુનઈ = પરમાણુનઈ **અણુઅંતરસંકમઈ** દ્વિપ્રદેશાદિભાવ થાઈ છઈ. તિહાં પરમાણુપર્યાય મૂલગો ટલ્યો, સ્કંધપર્યાય ઊપનો. તેણઈ કરી **અર્થાંતરગતિરૂપ નાશનો ઠામ** જાણવો. ▸ઈતિ ૧૫૮ ગાથાર્થ.◂ ॥૯/૨૫॥

સઙ્ક્ષેપતસ્તુ **શ્રીશાન્તિસૂરિભિઃ ઉત્તરાધ્યયનસૂત્રબૃહદ્વૃત્તૌ** "घटस्य कपालाख्यपर्यायान्तरोत्पत्तिरेवाऽभावो न पुनरुच्छेदमात्रम्, एवमालोकस्याऽप्यन्धकाराख्यपर्यायान्तरोत्पत्तिरेवाऽभावः, न तु तथाविधपरमाणुरूपतयाऽप्यभावः एव। इत्थञ्चैतत्, परिणामित्वाद् वस्तुनः" (उत्त.२८/१२ बृ.वृ.) इति यदुक्तं तदत्राऽनुसन्धेयम्।

द्वितीयं विनाशमुदाहरणतो दर्शयति – **अणौ** = स्वतन्त्रे परमाणौ **अन्याणुसम्बन्धे** = परमाण्वन्तरसंयोगे सति द्विप्रदेशभाव उत्पद्यते । तत्र परमाणुपर्यायः मूलतो विगतः स्कन्धपर्यायश्चाऽभिनवः उत्पन्न इति कृत्वा तत्र स्थले परमाणोः **अर्थान्तरपरिणामता** = समुदयजनितः अर्थान्तरभावगमनलक्षणः द्वितीयो विनाशो भवति।

अत एव पुद्गलपरमाणोः उत्कर्षतः असङ्ख्येयकालचक्रं यावत् स्थितिः भवति, न तु

❋ અંધકાર દ્રવ્યાત્મક છે : શાંતિસૂરિજી ❋

(सङ्क्षेप.) 'અંધકાર કઈ રીતે દ્રવ્યાત્મક છે ?' આ બાબતનું સંક્ષેપમાં નિરૂપણ તો વાદિવૈતાલ શ્રી**શાંતિસૂરિજી** મહારાજે **ઉત્તરાધ્યયનસૂત્રબૃહદ્વૃત્તિ**માં આ પ્રમાણે કરેલ છે કે "ઘટનો નાશ કપાલ નામના નૂતન પર્યાયની ઉત્પત્તિસ્વરૂપ જ છે. ઘટનો કેવલ = અત્યંત ઉચ્છેદ એ જ કાંઈ ઘટધ્વંસ નથી. તે જ રીતે પ્રકાશનો નાશ પણ અંધકાર નામના અન્ય પર્યાયની ઉત્પત્તિ સ્વરૂપ જ છે. તથાવિધ તામસપરમાણુરૂપે પ્રકાશપુંજ પરિણમી જાય છે. 'તામસપરમાણુરૂપે પણ પ્રકાશનો ઉચ્છેદ થાય તે જ પ્રકાશધ્વંસ છે' - તેમ ન સમજવું. પ્રકાશનું પૌદ્ગલિક અંધકારપર્યાયરૂપે પરિણમન થાય છે તે સત્ય હકીકત છે. કારણ કે વસ્તુ પરિણામી છે. જુદા-જુદા પરિણામરૂપે - પર્યાયરૂપે વસ્તુનું સર્વદા પરિણમન થાય છે. તે તે પર્યાયરૂપે વસ્તુ કાયમ હાજર જ રહે છે. વસ્તુનો સર્વથા ઉચ્છેદ થતો નથી" - શ્રી**શાંતિસૂરિજી** મહારાજે આ રીતે 'અંધકાર દ્રવ્યાત્મક છે, પૌદ્ગલિક છે, પુદ્ગલપર્યાયાત્મક છે' - તેવું નિરૂપણ કરેલ છે.

❉ અર્થાન્તરગમનાત્મક વિનાશનું ઉદાહરણ ❉

(द्वितीयं.) બીજા વિનાશનું ઉદાહરણ ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા દેખાડે છે. જેમ કે એક સ્વતંત્ર પરમાણુમાં બીજા પરમાણુનો સંયોગ થાય ત્યારે દ્વિપ્રદેશપણું ઉત્પન્ન થાય છે. આવા દ્વિપ્રદેશાત્મક દ્રવ્યમાં પરમાણુપર્યાય મૂળથી રવાના થાય છે તથા નવો સ્કંધપર્યાય ઉત્પન્ન થયેલ છે. તેથી તે સ્થળે સમુદયજન્ય અર્થાન્તરભાવગમન સ્વરૂપ બીજો વિનાશ થાય છે.

✡ અસંખ્યકાળચક્ર પછી પરમાણુનો અવશ્ય નાશ ✡

(अत.) પરમાણુનો અર્થાન્તરગમનસ્વરૂપ નાશ શક્ય હોવાથી જ પુદ્ગલ પરમાણુની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્ય કાળચક્ર સુધી જ હોય છે, અનંતકાળ સુધી નહિ. આ અંગે **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરી સ્વરૂપે નીચે મુજબ જણાવેલ છે.

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

अनन्तकालं यावत्। तदुक्तं **भगवत्यां** पञ्चमशतके [1]"परमाणुपोग्गले णं भंते ! कालओ केवच्चिरं होइ ? गोयमा ! जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं" (भ.सू.५/७/सू.२१७ पृ.२३४) इति। तदनन्तरं पुद्गलपरमाणोः अवश्यं समुदयजनितः अर्थान्तरगमनलक्षणो वैस्रसिको विनाशो भवतीत्याशयः।

"***एतेन*** पृथिव्यादयः चत्वारः परमाणुरूपा नित्या एव, कार्यरूपास्तु अनित्या एवेति नैयायिकप्रक्रियाऽपि ***निरस्ता***, परमाणूनामपि कार्याऽभिन्नतयाऽर्थान्तरभावगमनरूपस्य नाशस्य, विभागजातस्य चोत्पादस्य समर्थनादिति" (स्या.क.ल.७/१३/पृ.८३) व्यक्तं सप्तमस्तबके **स्याद्वादकल्पलतायाम्**।

(१) वैस्रसिकैकत्विकविनाशोदाहरणविधया धर्मास्तिकायादिनाशः, (२) प्रायोगिक-समुदयविभागकृत-रूपान्तरपरिणामलक्षणनाशोदाहरणविधया तन्त्वादिपृथक्करणाऽधीनपटनाशः, (३) प्रायोगिक-समुदयजनितार्थान्तरगमनलक्षणनाशोदाहरणविधया च घटोत्पादलक्षणमृत्पिण्डनाशः पूर्वश्लोकव्याख्यायां दर्शितः। इह तु (४) वैस्रसिक-समुदायविभागकृत-रूपान्तरपरिणामलक्षणनाशोदाहरणविधया अन्धकारो-

---

प्रश्न :- 'हे भगवंत ! पुद्गलपरमाणु કાળની અપેક્ષાએ કેટલા લાંબા સમય સુધી રહે છે ?'

प्रत्युत्तर :- 'હે ગૌતમ ! પુદ્ગલપરમાણુ કાળની દૃષ્ટિએ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ સુધી રહે છે.'

મતલબ એ છે કે સ્વતંત્ર પરમાણુ તરીકેની અવસ્થામાં પરમાણુ અસંખ્ય કાળચક્ર સુધી રહે પછી તેનો અવશ્ય નાશ થાય છે. તેનાથી અન્ય પરમાણુ-દ્વયણુક-ત્રયણુક વગેરે તે પરમાણુની સાથે જોડાવાથી તે સ્વતંત્ર પરમાણુ દ્વયણુક-ત્રયણુક-ચતુરણુક આદિ અવસ્થાને પ્રાપ્ત કરે છે, સ્વતંત્ર પરમાણુ તરીકેનું અસ્તિત્વ ગુમાવે છે. આ જ છે પુદ્ગલ પરમાણુનો સમુદયજનિત વૈસ્રસિક અર્થાન્તરગમનસ્વરૂપ વિનાશ.

卐 वैस्रसिक परमाणुनाशनी विचारणा 卐

("**एतेन.**) **स्याद्वादकल्पलता** ગ્રંથના સાતમા સ્તબકનો પણ નિમ્નોક્ત પ્રબંધ પ્રસ્તુતમાં ઉપયોગી છે.

"આ રીતે વસ્તુ કથંચિત્ નિત્યાનિત્ય ઉભયાત્મક હોવાથી 'પરમાણુ સ્વરૂપ પૃથ્વી વગેરે ચાર દ્રવ્ય નિત્ય જ હોય છે અને કાર્યસ્વરૂપ પૃથ્વી વગેરે અનિત્ય જ હોય છે' - આ અતિરિક્તઅવયવીવાદી નૈયાયિકોની પ્રક્રિયાનું પણ ખંડન થઈ જાય છે. કેમ કે કાર્યથી અભિન્ન હોવાના કારણે પરમાણુઓના પણ અર્થાંતરસ્વરૂપમાં ગમનરૂપ નાશનું અને વિભાગજન્ય ઉત્પાદનું સમર્થન તો પહેલાં જ થઈ ગયું છે." મહોપાધ્યાયજી મહારાજે સ્પષ્ટપણે પરમાણુના નાશને અર્થાંતરગમનસ્વરૂપ વૈસ્રસિક સમુદયકૃત વિનાશ સ્વરૂપે જ જણાવેલ છે.

(**वैस्र.**) (१) વૈસ્રસિક ઐકત્વિક વિનાશના ઉદાહરણ તરીકે ધર્માસ્તિકાયાદિનાશને આગળના શ્લોકની વ્યાખ્યામાં દેખાડી ગયા છીએ. (२) પ્રાયોગિક સમુદયવિભાગકૃત રૂપાન્તરપરિણામલક્ષણ નાશના ઉદાહરણ તરીકે તંતુ વગેરેને જુદા કરવાથી થનાર પટધ્વંસ આગલા શ્લોકની વ્યાખ્યામાં જણાવેલ છે. તથા (३) પ્રાયોગિક સમુદયજનિત અર્થાન્તરગમનસ્વરૂપ વિનાશનું પણ ઉદાહરણ = ઘટોત્પાદસ્વરૂપ મૃત્પિંડનાશ આગળના શ્લોકની વ્યાખ્યામાં દર્શાવેલ છે. અહીં (४) વૈસ્રસિક સમુદયવિભાગકૃત રૂપાન્તરપરિણામલક્ષણ

---

1. परमाणुपुद्गलः णं भगवन् ! कालतः कियच्चिरं भवति ? गौतम ! जघन्येन एकं समयम्, उत्कर्षेण असङ्ख्येयं कालम्।

त्पादलक्षणः प्रकाशनाशः, (५) वैस्रसिक-समुदयजनिताऽर्थान्तरगमनात्मकविनाशोदाहरणविधया च स्कन्धोत्पादलक्षणः परमाणुनाशो दर्शित इति सिंहावलोकनन्यायेनाऽत्राऽनुसन्धेयम्।

सोपयोगित्वादत्र **स्याद्वादकल्पलता**संवादः साक्षेप-परिहारं दर्श्यते। तथाहि – "***ननु*** तथापि पूर्वावस्था-नाशेनैवोत्तरावस्थाऽभ्युपगमात् तन्त्वादिपरिणामनाशेनैव पटादिपरिणामोत्पत्तेः पटकाले तन्तुप्रतीतिर्न स्याद्, नष्टस्याऽतीतवदग्रहणादिति ***चेत्*** ?

न, द्विविधो हि विनाशः – (१) प्रायोगिकः, (२) वैस्रसिकश्च। आद्यः समुदायजनित एव, अन्यस्तु द्विविधः – समुदायजनितः, ऐकत्विकश्च। अन्त्यो धर्मादीनां गत्याधारत्वादिपर्यायोत्पादस्य तदनाधारत्वध्वंस-

---

નાશના ઉદાહરણ તરીકે અન્ધકારજન્મસ્વરૂપ પ્રકાશનાશ બતાવેલ છે તથા (૫) વૈસ્રસિક સમુદયજનિત અર્થાન્તરગમનરૂપ નાશના ઉદાહરણ સ્વરૂપે સ્કંધોત્પાદરૂપ પરમાણુનાશ જણાવવામાં આવેલ છે. આ બાબતનું સિંહાવલોકનન્યાયથી અહીં અનુસંધાન કરવું. જેમ સિંહ શિકાર કરવા માટે આગળ હુમલો કરે ત્યારે 'પાછળથી કોઈ મારી ઉપર હુમલો કરી રહેલ નથી ને ?' - આ આશયથી પાછળ જુએ છે તેમ પ્રસ્તુત ૨૫ મા શ્લોકની વ્યાખ્યાનું અવગાહન કરતી વખતે 'જૂના શ્લોકની કોઈ બાબત રહી જતી નથી ને ?' - આ આશયને ખ્યાલમાં રાખવાનો છે. તેથી સિંહાવલોકનન્યાયનો અહીં નિર્દેશ કરવામાં આવેલ છે.

(**सोपयो.**) પ્રસ્તુતમાં **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથના પ્રથમ સ્તબકનો અમુક અંશ ઉપયોગી હોવાથી તેને જણાવવામાં આવે છે. પ્રશ્નોત્તરીરૂપે **મહોપાધ્યાયજી** મહારાજે ત્યાં નીચે મુજબ જણાવેલ છે.

ॐ પટસમયે તંતુઉપલબ્ધિની મીમાંસા ॐ

પ્રશ્ન :- 'પરમાણુમાં રહેલા અતિશયથી દ્રવ્યની સીધી (direct) ઉત્પત્તિ માનવામાં આવે તો પણ પૂર્વની અવસ્થાનો નાશ થયા પછી જ પશ્ચાદવસ્થાની ઉત્પત્તિ મનાય છે. માટે તંતુ વગેરે પરિણામનો નાશ થયા પછી જ પટ વગેરે પરિણામની ઉત્પત્તિ થવાથી પટના સમયે તંતુની ઉપલબ્ધિ શા માટે થાય ? અર્થાત્ ન જ થવી જોઈએ. કારણ કે અતીત વસ્તુની જેમ નષ્ટ વસ્તુનું પણ જ્ઞાન થતું નથી.

ॐ ક્ષણસંબંધનાશ દ્વારા વિશિષ્ટનાશની સિદ્ધિ ॐ

સમાધાન :- (**न.**) પટપરિણામની ઉત્પત્તિ માટે તંતુપરિણામનો જે નાશ ઈચ્છિત છે, તે તંતુના અસ્તિત્વનો વિરોધી નથી. માટે પટના સમયે તંતુનું અસ્તિત્વ સુરક્ષિત હોવાથી એની ઉપલબ્ધિમાં કોઈ તકલીફ થતી નથી. આશય એ છે કે - નાશના બે પ્રકાર છે. એક પ્રાયોગિક અને બીજો વૈસ્રસિક. આમાં પ્રાયોગિક એટલે પુરુષપ્રયત્નજન્ય નાશ સમુદાયજન્ય જ હોય છે. સમુદયજન્યનો અર્થ છે મૂર્તદ્રવ્યાવયવવિભાગજન્ય. 'વૈસ્રસિકનાશ' બે પ્રકારના હોય છે - સમુદયજન્ય અને ઐકત્વિક. ઐકત્વિક નાશનો અર્થ છે મૂર્ત્ત - અમૂર્ત્ત દ્રવ્યના પરસ્પર સંબંધના પરિવર્તનથી થવાવાળો પૂર્વ સ્થિતિનો નાશ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશના સંબંધથી ઘટાદિ વસ્તુમાં ગતિ-સ્થિતિ-અવગાહના વગેરેની ઉત્પત્તિ થાય છે. તથા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો ગતિ વગેરેના આધાર-ઉપષ્ટંભક બને છે. ધર્માસ્તિકાય વગેરેમાં થતી પ્રસ્તુત આધારતાસ્વરૂપ પર્યાયની ઉત્પત્તિ એ પૂર્વના વિપરીત (અનાધારતા) પર્યાયના નાશપૂર્વક હોય છે. દા.ત. ધર્માસ્તિકાય વસ્તુને ગતિ કરવામાં સહાયક થવાથી તે ગતિનો આધાર-

पूर्वकत्वेनान्ततः क्षणध्वंसे तद्विशिष्टध्वंसनियमाच्चोपेयः।

समुदायजनितश्च द्विभेदः - समुदायविभागलक्षणः अर्थान्तरगमनलक्षणश्च। तत्राऽऽद्यस्य प्रतियोगिप्रतिपत्तिविरोधित्वेऽपि अन्त्यस्याऽतथात्वादनुपपत्तिविरहाद्" (शा.स.१/४९,वृत्ति) इति प्रथमस्तबके **स्याद्वादकल्पलतायां** व्यक्तम्। अत्र बहु वक्तव्यम्, तत्तु नोच्यते, अतिविस्तरभयात्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यथा प्रकाशः अन्धकारतया परमाणुश्च स्कन्धतया परिणमति तथा आत्मा न जातुचिद् अनात्मतया परिणमति। तथापि सम्यग्ज्ञानाद्युपयोगरूपेण आत्मनोऽपरिणामने

गतिनुं सहकारी कारण कहेवाय छे. जे समये धर्मास्तिकायनो संबंध थवा छतां कोई वस्तुविशेष गतिमान न थाय ते समये धर्मास्तिकायमां ते वस्तुनी गतिनी अनाधारता = अनुपष्टंभकता होय छे. आ अनाधारता એ જ તે ક્ષણોમાં તેનો પર્યાય છે. પરંતુ જ્યારે ધર્માસ્તિકાયની સહાયથી તે વસ્તુમાં ગતિની ઉત્પત્તિ થાય છે, ત્યારે ધર્માસ્તિકાયમાં તે વસ્તુની ગતિઆધારતારૂપ પર્યાયનો ઉદય થાય છે. આ ગતિઆધારતા પર્યાયનો ઉદય થવાથી ગતિઅનાધારતારૂપ પર્યાયનો નાશ થાય છે. પર્યાય પોતાના આધારથી કથંચિત્ અભિન્ન હોવાથી પર્યાયના ઉત્પાદ-વ્યય દ્વારા ધર્માસ્તિકાય વગેરેનો ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે. ક્યારેક ધર્માસ્તિકાયના અમુકદેશાવચ્છેદેન કોઈ પણ વસ્તુમાં ગતિ ન થાય તો પણ અંતતો ગત્વા (= છેવટે તો) પ્રથમ ક્ષણનો બીજી ક્ષણે નાશ થતાં ફલતઃ પ્રથમક્ષણસંબંધનો પણ નાશ થવાથી પ્રથમક્ષણસંબંધવિશિષ્ટ વસ્તુનો પણ નાશ થાય છે. ધર્માસ્તિકાયદ્રવ્યનો આ નાશ એનો ઐકત્વિક નાશ છે.

❋ अर्थान्तरगमननाश प्रतियोगीप्रत्यक्षनो अविरोधी ❋

(**समु.**) સમુદયજન્યધ્વંસના બે પ્રકાર છે - સમુદયવિભાગરૂપ અને અર્થાંતરગમનરૂપ (૧) સમુદયવિભાગનો અર્થ છે - વસ્તુના તે અંશોમાં = અવયવોમાં ભિન્નતા (= અલગાવ) કે જેના સંયોગથી વસ્તુ ઉત્પન્ન થાય છે. દા.ત. જે તંતુઓના સંયોગથી પટ ઉત્પન્ન થાય છે તે તંતુઓમાં ભિન્નતા. આ પટનાશ અવયવસમુદયવિભાગસ્વરૂપ નાશ છે. (૨) અર્થાંતરગમનનો અર્થ એ છે કે - પૂર્વ સ્વરૂપની હાજરીમાં કોઈક નવા સ્વરૂપનું ગ્રહણ. દા.ત.તંતુ જે મૂળ દ્રવ્યની એક અવસ્થા છે તે મૂળ દ્રવ્ય આગળ જઈને તંતુની હાજરીમાં જ પટરૂપને ગ્રહણ કરે છે. તંતુના મૂળરૂપના આ પટરૂપગ્રહણને તંતુના અર્થાંતરગમનરૂપ નાશ કહેવાય છે. આમાં સમુદયવિભાગરૂપ નાશ તો પ્રતિયોગીની ઉપલબ્ધિનો વિરોધી હોય છે. દા.ત. પટ તંતુના સંયોગથી ઉત્પન્ન થાય છે. તંતુઓનો વિભાગ કરી નાખીએ તો પટની પ્રાપ્તિ નહિ થાય. તેથી સમુદયવિભાગરૂપ પટનાશ પટસાક્ષાત્કારનો વિરોધી કહેવાશે. પરંતુ અર્થાંતરગમનસ્વરૂપ વિનાશ પ્રતિયોગીની ઉપલબ્ધિનો વિરોધી નથી. માટે પટાત્મકપરિણામરૂપ તંતુનાશ થવા છતાં પણ પ્રતિયોગીની = તંતુની ઉપલબ્ધિ અખંડિત રહે છે" - આ પ્રમાણે **स्याद्वादकल्पलता**વ્યાખ્યામાં જણાવેલ છે. હજુ અહીં ઘણી બધી બાબત કહેવા યોગ્ય છે. પરંતુ પ્રસ્તુત દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા વ્યાખ્યાનું કદ ઘણું વધી ન જાય માટે અહીં વધુ છણાવટ કરવામાં નથી આવતી. વિજ્ઞ વાચકવર્ગે સ્વયં તે વિચારણા કરવી.

❋ आत्मा पण अनात्मा ! ❋

आध्यात्मिक उपनय :- જેમ પ્રકાશનું અંધકાર સ્વરૂપે પરિણમન થાય છે તથા પરમાણુનું સ્કંધરૂપે પરિણમન થાય છે, તેમ આત્માનું કદાપિ અનાત્મસ્વરૂપે પરિણમન થવાનું નથી. તેમ છતાં આત્મા

आत्मा निश्चयतः अनात्मैव। ततश्च सम्यग् विशुद्धतमस्वात्मकोपयोगरूपेण परिणमनाय अविरतम् अपवर्गमार्गोद्यमः परमकल्याणकरः आदरणीयः। तथैव च [1]"ण वि दुक्खं, ण वि सुक्खं, ण वि पीडा, णेव विज्जदे बाहा। ण वि मरणं, ण वि जणणं, तत्थेव य होइ णिव्वाणं।।" (नि.सा.१७९) इति **नियमसारे कुन्दकुन्दस्वामिना** दर्शितं निर्वाणम् आशु लभते महामुनिः।।९/२५।।

સમ્યગ્ જ્ઞાનાદિઉપયોગરૂપે પરિણમન ન પામે તો આત્મા પણ નિશ્ચયથી અનાત્મા જ છે. તેથી સમ્યગ્ વિશુદ્ધતમ સ્વાત્મક ઉપયોગસ્વરૂપે પરિણમવા માટે અવિરતપણે મોક્ષમાર્ગનો પુરુષાર્થ આદરવો એ જ પરમકલ્યાણકર છે. તે રીતે જ મહામુનિ **નિયમસાર**માં દર્શાવેલ નિર્વાણને ઝડપથી મેળવે છે. ત્યાં દિગંબર **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જ્યાં (૧) દુઃખ પણ ન હોય, (૨) વૈષયિક સુખ પણ ન હોય, (૩) પીડા પણ ન હોય, (૪) તકલીફ પણ ન હોય, (૫) મરણ પણ ન હોય, (૬) જન્મ પણ ન હોય, ત્યાં જ (= તે અવસ્થામાં જ) નિર્વાણ હોય." (૯/૨૫)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના બીજાને સદા તરછોડે છે.**
  ઉપાસના તો સર્વદા પ્રેમથી બધું જ છોડે છે.
- **વાસના ચૂસણખોર, શોષણખોર, ગુનાખોર, કિન્નાખોર, ઝઘડાખોર અને બળવાખોર છે.**
  ઉપાસનામાં કોઈ જાતની કિન્નાખોરી નથી.
- **સાધનાથી બાહ્ય તસ્વીર અને તકદીર બદલાય છે.**
  ઉપાસના તાસીરને પણ સુધારે છે.
- **બુદ્ધિ પોતાનું દુઃખ પ્રગટ કરે છે.**
  કારણ કે તેને બીજાની સહાનુભૂતિ લેવી ગમે છે.
  શ્રદ્ધા બીજાના દુઃખને પ્રગટ કરે છે.
  કારણ કે તેને સહાનુભૂતિ દેવી ગમે છે.
- **વાસના મનને બહેકાવે છે.**
  ઉપાસના આત્માને બહેલાવે છે.

1. नाऽपि दुःखम्, नाऽपि सौख्यम्, नाऽपि पीडा, नैव विद्यते बाधा। नाऽपि मरणम्, नाऽपि जननम्, तत्रैव च भवति निर्वाणम्।।

અણુનઈ છઈ યદ્યપિ ખંધતા, રૂપાંતર અણુ સંબંધ રે;
સંયોગ-વિભાગાદિક થકી, તો પણિ એ ભેદ પ્રબંધ રે ॥૯/૨૬॥ (૧૫૯) જિન.

યદ્યપિ અણુનઈ અણુસંબંધઈ ખંધતા છઈ, તે **રૂપાંતર** પરિણામ જ છઈ, **તો પણિ સંયોગ-વિભાગાદિક (થકી=)** રૂપઈ દ્રવ્યવિનાશ દ્વૈવિધ્યનું જ, **એ (ભેદ પ્રબંધ)** ઉપલક્ષણ જાણવું. જે માટઈ દ્રવ્યોત્પાદવિભાગઈ જ જિમ પર્યાયોત્પાદવિભાગ, તિમ દ્રવ્યનાશવિભાગઈ જ પર્યાયનાશવિભાગ હોઈ.

रूपान्तरपरिणामाऽर्थान्तरपरिणामगमनलक्षणयोः विनाशयोरैक्यमाशङ्क्य निराकरोति – '**अणौ**' इति।

अणावणुगतौ स्कन्धे रूपान्यदेव यद्यपि ।
नाशस्तथापि संयोग-विभागतो द्विधा भवेत् ।।९/२६।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यद्यपि अणौ अणुगतौ स्कन्धे रूपान्यदेव (विनाशः) तथापि संयोगविभागतः नाशः द्विधा भवेत्।।९/२६।।

यद्यपि **अणौ** = परमाणौ **अणुगतौ** = परमाण्वन्तरसङ्क्रान्तौ सत्यां जायमाने **स्कन्धे** = स्कन्धपरिणामे **रूपान्यदेव** = रूपान्तरपरिणामलक्षण एव विनाशो भवति ***तथापि*** **संयोग-विभागतः** = आरम्भकावयवसंयोग-विभागाभ्यां **नाशः** = द्रव्यनाशः **द्विधा** एव **भवेत्**। एवञ्च तादृशनाशद्वैविध्यस्यैव तत् सूचकं ज्ञेयम्। तथाहि – आरम्भकावयवसंयोगाद् अर्थान्तरभावगमनलक्षणो विनाशः, आरम्भकावयवसमुदयविभागाच्च रूपान्तरपरिणामलक्षणो विनाशः स्वीकर्तव्यः, यतो यथा द्रव्योत्पादविभागादेव पर्यायोत्पादविभागो भवति तथा द्रव्यनाशविभागादेव पर्यायनाशविभागो भवति। ततश्च स्कन्धद्रव्योत्पादं विना = द्विप्रदेशिकत्वादिरूपेण नानापरमाणुद्रव्योत्पादं विना स्कन्धपर्यायोत्पादस्यैवा-

---

અવતરણિકા :- 'રૂપાન્તરપરિણામસ્વરૂપ નાશ અને અર્થાન્તરગમનસ્વરૂપ નાશ - આ બન્નેનું લક્ષણ એક જ છે' - એવી આશંકા જણાવીને તેનું નિરાકરણ ગ્રંથકારશ્રી કરી રહ્યા છે :-

શ્લોકાર્થ :- જો કે એક અણુમાં બીજા અણુની સંક્રાન્તિ થાય તો સ્કંધમાં રૂપાન્તર જ થાય છે. તેમ છતાં પણ સંયોગથી અને વિભાગથી નાશ બે પ્રકારે થાય છે. (૯/૨૬)

✡ અર્થાન્તરવિનાશ અને રૂપાન્તરવિનાશ વચ્ચે ભેદ ✡

વ્યાખ્યાર્થ :- જો કે એક પરમાણુમાં બીજા પરમાણુની સંક્રાન્તિ થઈ રહેલી હોય ત્યારે સ્કંધપરિણામમાં રૂપાન્તરપરિણામ સ્વરૂપ જ વિનાશ ઉત્પન્ન થાય છે. તેમ છતાં પણ દ્રવ્યારંભક અવયવસંયોગ અને અવયવવિભાગ દ્વારા દ્રવ્યનો નાશ બે પ્રકારે જ થાય છે. ઉપરોક્ત રીતે દ્રવ્યના બે પ્રકારના નાશનું જ તે સૂચન કરે છે. તે આ રીતે - દ્રવ્યારંભક અવયવસંયોગથી અર્થાન્તરગમનરૂપ વિનાશ અને દ્રવ્યારંભક અવયવના વિભાગથી રૂપાન્તરપરિણામસ્વરૂપ વિનાશ સ્વીકારવો જરૂરી છે. આનું કારણ એ છે કે જેમ દ્રવ્યોત્પત્તિના વિભાગથી પર્યાયોત્પત્તિનો વિભાગ પડે છે, તેમ દ્રવ્યનાશના વિભાગથી જ પર્યાયનાશનો વિભાગ પડે છે. અર્થાત્ પર્યાયની ઉત્પત્તિના પ્રકાર જેમ દ્રવ્યોત્પત્તિના પ્રકારના આધારે થાય છે, તેમ પર્યાયનાશના પ્રકાર પણ દ્રવ્યનાશના પ્રકાર મુજબ નક્કી થાય છે. તેથી સ્કંધદ્રવ્યની ઉત્પત્તિ વિના

તે સમુદયવિભાગ અનઈ અર્થાંતરગમન એ ૨ પ્રકારઈ ♦વ્યવહારઈ. પહલો તંતુપર્યંત પટનાશ. બીજો ઘટોત્પત્તિં મૃત્પિંડાદિનાશ જાણવો. उक्तं च *सम्मतौ* –

"[1]**विगमस्स वि एस विही, समुदयजणिअम्मि सो उ दुविअप्पो।**
समुदयविभागमित्तं अत्थंरभावगमणं च।।" (स.त.૩.૩૪) ▸ઈતિ ૧૫૯ ગાથાર્થ.◂ ॥૯/૨૬॥

ऽयोगात् परमाणौ परमाण्वन्तरसंयोगतो द्विप्रदेशद्रव्योत्पत्त्याऽर्थान्तरभावगमनलक्षणः परमाणुविनाशोऽप्रत्याख्येय एव। न हि स्कन्धद्रव्ये परमाणुत्वेन परमाणूपलब्धिः कदापि अर्वाग्दृशां भवति। इत्थञ्च परमाणोः स्कन्धद्रव्यलक्षणाऽर्थान्तरभावेनोत्पाद एव परमाणुविनाश इति फलितम्।

ततश्च मूर्तिमदवयवसमुदयजनिते द्रव्ये प्रायोगिक-वैस्रसिकयोः विनाशयोः समुदयकृतयोः प्रत्येकं समुदयविभागलक्षणः अर्थान्तरभावगमनात्मकश्च प्रकार इति विनाशद्वैविध्यमनपलपनीयम्। प्रथमः तन्तुपर्यन्तः पटध्वंसः द्वितीयश्च मृत्पिण्डनाशः घटलक्षणार्थान्तरभावेनोत्पादात्मक इत्यादिकं पूर्वं (૯/૨૪) [1]"विगमस्स वि एस विही....." (स.त.૩/૩૪) इत्यादि**सम्मतितर्क**गाथाविवरणादिना विभावितमेवेहानुसन्धेयम्।

= દ્વિપ્રદેશિકત્વાદિસ્વરૂપે અનેકપરમાણુદ્રવ્યની ઉત્પત્તિ વિના દ્વિપ્રદેશિકાદિસ્કંધપર્યાયની ઉત્પત્તિ જ થઈ ન શકે. આ કારણસર એક પરમાણુમાં બીજા પરમાણુનો સંયોગ થવાથી દ્વિપ્રદેશિક દ્રવ્યની ઉત્પત્તિ માનવી જ પડે તેમ છે. તેના લીધે અર્થાન્તરભાવગમનસ્વરૂપ પરમાણુનાશ માનવો જ પડે તેમ છે. સ્કંધદ્રવ્યમાં આપણા જેવા છદ્મસ્થ જીવોને પરમાણુરૂપે પરમાણુની ઉપલબ્ધિ કદી થતી નથી. આ રીતે પરમાણુની સ્કંધદ્રવ્યસ્વરૂપ અર્થાન્તરભાવે ઉત્પત્તિ થવી તે જ પરમાણુનો નાશ છે - તેવું ફલિત થાય છે.

❖ મૂર્તદ્રવ્યનાશની વિચારણા ❖

(**ततश्च.**) તેથી મૂર્ત્ત અવયવોના સમુદાયથી ઉત્પન્ન થયેલ દ્રવ્યના પ્રાયોગિક અને સ્વાભાવિક (= વૈસ્રસિક) બે પ્રકારના વિનાશ માનવા જરૂરી છે. તથા તે બન્નેના સમુદયકૃત પ્રકારની જે વાત પૂર્વે કરી ગયા હતા તે પ્રત્યેકમાં બે પ્રકાર માનવા જરૂરી છે. મતલબ એ છે કે પ્રાયોગિક સમુદાયકૃત વિનાશના બે ભેદ - (૧) સમુદયવિભાગસ્વરૂપ અને (૨) અર્થાન્તરગમનસ્વરૂપ. તથા વૈસ્રસિક સમુદાયકૃત વિનાશના પણ બે ભેદ - (૧) સમુદયવિભાગાત્મક અને (૨) અર્થાન્તરગમનાત્મક. આમ પ્રત્યેક વિનાશના બે-બે ભેદનો અપલાપ થઈ શકે તેમ નથી. સમુદયવિભાગ = અવયવસમૂહવિભાગસ્વરૂપ પ્રથમ વિનાશ તંતુપર્યન્ત પટધ્વંસ છે. અર્થાત્ પટમાંથી એકાદ તંતુને નહિ પણ તમામ તંતુઓને છૂટા કરીને પટનો નાશ કરવો તે તંતુપર્યન્ત પટધ્વંસ છે. તથા અર્થાન્તરગમનસ્વરૂપ વિનાશ એ મૃત્પિંડનાશ છે કે જે ઘટસ્વરૂપ અર્થાન્તરભાવની ઉત્પત્તિરૂપ છે. મતલબ કે મૃત્પિંડ ઘટરૂપે પરિણમે, ઘટોત્પત્તિ થાય તે જ અર્થાન્તરભાવગમનસ્વરૂપ મૃત્પિંડનાશ. આ બાબત આ જ નવમી શાખાના ૨૪ મા શ્લોકની વ્યાખ્યામાં પૂર્વે [1]'विगमस्स वि.....' ઈત્યાદિરૂપે **सम्मतितर्क**ની ગાથાનું વિવેચન કરવા દ્વારા વિસ્તારથી

♦ પુસ્તકોમાં 'ઠહરાઈ' પાઠ છે. કો.(૯) + B(૨) + સિ.નો પાઠ લીધો છે. લા.(૨)માં 'વિહરાઈ' પાઠ. કો.(૧૦)માં 'વહરિ' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

1. विगमस्यापि एषः विधिः समुदयजनिते स तु द्विविकल्पः। समुदयविभागमात्रम् अर्थान्तरभावगमनञ्च।।

इदञ्चात्राऽवधातव्यम् – वैस्रसिकसमुदयजनितार्थान्तरगमनरूपविनाश इव वैस्रसिकैकत्विकविनाशोऽपि परमाणौ वर्ण-गन्धादिपरावर्त्तनेन पर्यायार्थिकनयदृष्ट्या अप्रत्याख्येय एव। इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रे** [1]"परमाणुपोग्गले णं भंते ! किं सासए असासए ?... गोयमा ! (१) दव्वट्ठयाए सासए, (२) वन्नपज्जवेहिं, गंधपज्जवेहिं, रसपज्जवेहिं, फासपज्जवेहिं असासए" (भ.सू.१४/४/५१२/पृ.६४०) इत्युक्तम्।

परमाणोः अर्थान्तरगमनरूपनाशकालेऽपि द्रव्यार्थिकनयदृष्ट्या अनष्टत्वमेव। इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "द्रव्यार्थतया शाश्वतः, स्कन्धान्तर्भावेऽपि परमाणुत्वस्य अविनष्टत्वात्, प्रदेशलक्षणव्यपदेशान्तरव्यपदेश्यत्वाद्" (भ.सू.१४/४/५१२/पृ.६४०) इत्युक्तम्। युक्तञ्चैतत्। अत एव **भगवतीसूत्रे** चतुर्दशशतके चतुर्थोद्देशे वर्णादिपर्यायैः परमाणोः अशाश्वतत्वोपदर्शनेऽपि परमाणुपरिमाणपर्यायेण अशाश्वतत्वं नोक्तम्। ततश्च मेरुपर्वतनित्यत्वग्राहकस्य अनादिनित्यपर्यायार्थिकस्य देवसेनसम्मतस्य

જણાવેલ છે. તેથી જિજ્ઞાસુ વાચકવર્ગે ત્યાંથી આ વિષયનું અનુસંધાન કરી લેવું.

❋ परमाणुमां बन्ने प्रकारना विनाश मान्य ❋

(इद.) અહીં એક બાબત ખ્યાલમાં રાખવી કે પૂર્વે (૯/૨૫) વર્ણવેલ વૈસ્રસિક સમુદયજનિત અર્થાન્તરગમનસ્વરૂપ વિનાશ જેમ પરમાણુમાં સંભવે છે, તેમ વૈસ્રસિક ઐકત્વિક વિનાશ પણ પરમાણુમાં માનવો જ પડશે. કારણ કે પુદ્ગલાણુના વર્ણ-ગંધાદિનું પરિવર્તન થવાથી પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ પરમાણુવિનાશનો અપલાપ થઈ શકે તેમ નથી. આ જ અભિપ્રાયથી **भगवतीसूत्र**માં પ્રશ્નોત્તરીસ્વરૂપે જણાવેલ છે કે

પ્રશ્ન :- 'હે ભગવંત ! પરમાણુપુદ્ગલ શાશ્વત છે કે અશાશ્વત છે ?'

જવાબ :- 'હે ગૌતમ ! પરમાણુપુદ્ગલ (૧) દ્રવ્યાર્થથી શાશ્વત છે. (૨) વર્ણપર્યાયોથી, ગંધપર્યાયોથી, રસપર્યાયોથી અને સ્પર્શપર્યાયોથી અશાશ્વત છે.'

❋ बन्ने नयथी परमाणु शाश्वत पण छे ❋

(परमा.) તથા વૈસ્રસિક અર્થાન્તરગમનસ્વરૂપ વિનાશના સમયે પણ પરમાણુ પુદ્ગલદ્રવ્ય દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ અવિનષ્ટ = શાશ્વત જ છે. આ જ અભિપ્રાયથી **भगवतीसूत्रव्याख्या**માં **શ્રીअभयदेवसूरि**જીએ દર્શાવેલ છે કે 'પુદ્ગલ પરમાણુદ્રવ્ય દ્રવ્યાર્થસ્વરૂપે શાશ્વત છે. કારણ કે પરમાણુદ્રવ્ય જ્યારે સ્કંધની સાથે સંલગ્ન થાય (અર્થાત્ અર્થાન્તરગમનસ્વરૂપ નાશને પામે) ત્યારે પણ તેમાંથી પરમાણુત્વ (પરમ અણુપરિમાણ) નાશ નથી પામતું. આનું પણ કારણ એ છે કે તે અવસ્થામાં પણ 'પ્રદેશ' તરીકે અન્ય નામ દ્વારા પરમાણુનો વ્યવહાર થાય જ છે.' સ્કંધવર્તી પરમાણુને નથી સ્કંધ કહેવાતો કે નથી દેશ કહેવાતો. પણ પ્રદેશ કહેવાય છે. તેનાથી સિદ્ધ થાય છે કે ત્યારે પણ તેમાં પરમાણુત્વ વિદ્યમાન જ છે. આ બાબત યુક્તિસંગત પણ છે. તે જ કારણે **भगवतीसूत्र**ના ચૌદમા શતકના ચોથા ઉદ્દેશામાં પરમાણુને વર્ણ-ગન્ધાદિપર્યાયોથી અશાશ્વત જણાવવા છતાં પરમાણુપરિમાણસ્વરૂપ પર્યાયથી અશાશ્વત

---

1. परमाणुपुद्गलः णं भदन्त ! किं शाश्वतः अशाश्वतः ? ... गौतम ! (१) द्रव्यार्थतया शाश्वतः, (२) वर्णपर्यायैः, गन्धपर्यायैः, रसपर्यायैः, स्पर्शपर्यायैः अशाश्वतः।

पूर्वोक्तस्य (६/१) अभिप्रायेणाऽपि परमाणोः नित्यत्वमप्रत्याख्येयमेवेति प्रतिभाति अस्माकम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कर्मद्रव्याणाम् अस्माभिः सह संयोगे अस्मद् विभागे वाऽपि अस्माकं नाशः सञ्जायते तथापि कर्मद्रव्यविभाग एवैष्टव्यः आवश्यकश्च, न तु कर्मसंयोगः; यतः कर्मद्रव्यसमूहसंयोगतः अर्थान्तरगमनरूपो नाशः जायते, कर्मद्रव्यविभागाच्च प्रायोगिक-समुदायजनितः समुदायविभागलक्षणः रूपान्तरपरिणामात्मक आत्मनाश उत्पद्यते। अर्थान्तरगमनलक्षण आत्मनाशो हि मौलिकात्मस्वरूपतो दूरतरं नयति, रूपान्तरगमनलक्षणश्च तत्समीपं नयति, शुद्धात्मरूपेण स्वात्मानं परिणामयति। 'संसारितयाऽस्मन्नाशे नः न काऽपि क्षतिः' – इत्यवसाय कर्मद्रव्यसमूहविभाग-कृते सततमादरेण प्रयतितव्यम्। ततश्च [1]"अणंतसुहं खीणसमग्गदुहसंतइं। मोक्खं चिअ पसंसंति जरा-मरणवज्जिअं।।" (स.सा.५) इति **समयसारे देवानन्दसूरि**वर्णितं मोक्षसुखं स्वाक् प्रादुर्भवति।।९/२६।।

જણાવેલ નથી. તેથી પૂર્વે (૬/૧) જણાવેલ દેવસેનસંમત મેરુપર્વતનિત્યત્વગ્રાહી અનાદિ-નિત્યપર્યાયાર્થિકનયના અભિપ્રાયથી પણ પરમાણુમાં નિત્યત્વનો અપલાપ નહિ જ કરી શકાય. આવું અમને (પરામર્શકર્ણિકાકારને) જણાય છે. આ અંગે વિજ્ઞ વાચકવર્ગે ઉંડાણથી વિભાવના કરવી.

❋ કર્મવિભાગ ઈચ્છનીય અને આવશ્યક ❋

આધ્યાત્મિક ઉપનય :- કર્મદ્રવ્યનો આપણને સંયોગ થાય તો પણ આપણો નાશ થાય છે અને કર્મદ્રવ્યનો વિભાગ થાય તો પણ આપણો નાશ થાય છે. તો પણ કર્મદ્રવ્યનો સંયોગ થવાના બદલે વિભાગ થાય તે વધુ ઈચ્છનીય છે અને આવશ્યક છે. કારણ કે કર્મદ્રવ્યસમુદાયસંયોગથી આપણો અર્થાન્તરગમનસ્વરૂપ નાશ થાય છે. જ્યારે કર્મદ્રવ્યવિભાગથી જે પ્રાયોગિક સમુદાયજનિત સમુદાયવિભાગ લક્ષણ આત્મનાશ થાય છે તે રૂપાન્તરપરિણામાત્મક છે. અર્થાન્તરગમનરૂપ નાશ આપણને આપણા મૌલિક સ્વરૂપથી દૂર ખેંચી જાય છે. જ્યારે રૂપાન્તરપરિણામસ્વરૂપ વિનાશ આપણને આત્માના મૂળભૂત સ્વરૂપની નજીક પહોંચાડે છે, આત્મસ્વભાવે પરિણમાવે છે. 'સંસારીપરિણામરૂપે આપણો નાશ થાય તેમાં આપણને નુકસાની બિલકુલ નથી' - આવું જાણી કર્મદ્રવ્યસમુદાયવિભાગ માટે આપણે નિરંતર પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. તેનાથી **સમયસાર**માં શ્રીદેવાનંદસૂરિએ પ્રશંસેલ મોક્ષ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે (૧) અનન્તસુખયુક્ત, (૨) સમગ્રદુઃખપરંપરાશૂન્ય, (૩) જરા-મરણવર્જિત મોક્ષની જ શાસ્ત્રકારો પ્રશંસા કરે છે.' (૯/૨૬)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધના કર્મબંધને સુધારે છે. દા.ત. મંમણશેઠનો પૂર્વભવ**
  ઉપાસના કર્મના અનુબંધને પણ સુધારે છે.
  દા.ત. ભરત ચક્રવર્તી

1. अनन्तसुखं क्षीणसमग्रदुःखसन्ततिम्। मोक्षं चैव प्रशंसन्ति जरा-मरणवर्जितम्।।

ધ્રુવભાવ થૂલ ઋજુસૂત્રનો, પર્યાય સમય અનુસાર રે.
સંગ્રહનો તેહ[ક] ત્રિકાલનો♦, નિજ દ્રવ્ય-જાતિ નિરધાર રે. ॥૯/૨૭॥ (૧૬૦) જિન.

ધ્રુવભાવ પણિ સ્થૂલ-સૂક્ષ્મભેદઈ ૨ પ્રકારનો. પહલો **સ્થૂલ ઋજુસૂત્ર** નયનઈ **અનુસારઈ** મનુષ્યાદિક **પર્યાય (સમય અનુસાર =)** સમયમાન જાણવો.

साम्प्रतं ध्रौव्यप्रकारप्रदर्शनायोपक्रमते - '**ध्रौव्यमि**'ति।

ध्रौव्यमपि द्विधा, स्थूलमृजुसूत्रे नरक्षणः।
सूक्ष्मं त्रिकालयायि स्यात्, सङ्ग्रहात् स्वार्थजातितः।।९/२७।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - ध्रौव्यमपि द्विधा। ऋजुसूत्रे नरक्षणः स्थूलं (ध्रौव्यं) स्यात्। सङ्ग्रहात् स्वार्थजातितः त्रिकालयायि सूक्ष्मं (ध्रौव्यं) स्यात्।।९/२७।।

उत्पाद-व्ययवद् **ध्रौव्यं** = स्थैर्यम् **अपि द्विधा** = द्विप्रकारं भवति - स्थूल-सूक्ष्मभेदात्। आद्यं **स्थूलं** ध्रौव्यं तु **ऋजुसूत्रे** = ऋजुसूत्रनये **नरक्षणः** = मनुष्यादिपर्यायः **स्यात्**। ***यद्यपि*** सूक्ष्मर्जुसूत्रनयानुसारेण मनुष्यादिपर्यायस्य समयमात्रस्थितिकत्वेन स्थूलध्रौव्यं न सम्भवति ***तथापि*** स्थूलर्जुसूत्रनयतः तस्य आयुःप्रमाणकालतायाः पूर्वं (६/१३) दर्शितत्वेन स्थूलध्रौव्यबाधो नावसीयते।

अवतरणिका :- ઉત્પાદને અને વ્યયને અવાન્તર પ્રકાર સહિત દેખાડ્યા બાદ ગ્રંથકારશ્રી હવે નવા શ્લોકમાં ત્રિપદીઘટકીભૂત અવશિષ્ટ ધ્રૌવ્યના પ્રકારને જણાવવા માટે કટિબદ્ધ થાય છે :-

શ્લોકાર્થ :- ધ્રૌવ્ય પણ બે પ્રકારે છે. ઋજુસૂત્રનયના મતે મનુષ્યક્ષણ સ્થૂલ ધ્રૌવ્ય છે. સંગ્રહનયની અપેક્ષાએ નિજ દ્રવ્યની જાતિને આશ્રયીને ત્રિકાલવ્યાપી સૂક્ષ્મ ધ્રૌવ્ય સંભવે. (૯/૨૭)

● સ્થૂલ ધ્રૌવ્યનું નિરૂપણ ●

વ્યાખ્યાર્થ :- ધ્રૌવ્ય કહો, સ્થૈર્ય કહો, સ્થિરતા કહો, ધ્રુવતા કહો, નિત્યતા કહો, સ્થાયિતા કહો. બધું અર્થતઃ એક જ છે. ઉત્પાદ-વ્યયની જેમ ધ્રૌવ્ય પણ બે પ્રકારે છે. (૧) સ્થૂલ ધ્રૌવ્ય અને (૨) સૂક્ષ્મ ધ્રૌવ્ય. સ્થૂલ ધ્રૌવ્ય એટલે ઔપચારિક - અતાત્ત્વિક અથવા અશુદ્ધ ધ્રૌવ્ય. તથા સૂક્ષ્મ ધ્રૌવ્ય એટલે અનૌપચારિક - તાત્ત્વિક અથવા શુદ્ધ ધ્રૌવ્ય. સ્થૂલ ધ્રૌવ્ય ઋજુસૂત્રનયના મત મુજબ મનુષ્યાદિ પર્યાય સ્વરૂપ સમજવું. યદ્યપિ શુદ્ધ = સૂક્ષ્મ ઋજુસૂત્રનયના મત મુજબ, મનુષ્યાદિ પર્યાયની સ્થિતિ = હાજરી માત્ર એક જ સમયપ્રમાણ છે. તેથી તે ધ્રુવ નહિ પણ ક્ષણિક જ કહેવાય. તેમ છતાં સ્થૂલ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી મનુષ્યાદિ પર્યાય જીવનપર્યન્ત સ્થાયી છે, સ્થિર છે, ધ્રુવ છે. આ વાત આપણે પૂર્વે છઠ્ઠી શાખાના ૧૩ મા શ્લોકમાં સમજી ગયા છીએ. તેથી સ્થૂલઋજુસૂત્રનયસંમત જીવનપર્યન્તસ્થાયી મનુષ્યાદિ પર્યાયને સ્થૂલ ધ્રૌવ્યસ્વરૂપ કહેવામાં કોઈ બાધ જણાતો નથી.

ક્ક M(૧)માં 'ભેદ' પાઠ. ♦ પા.માં 'ત્રિકાલીનો' પાઠ છે.

બીજો **સંગ્રહનયનઈ** સંમત તે ત્રિકાલ વ્યાપક જાણવો.

વસ્તુતઃ ઉત્પાદ-વ્યયપ્રાધાન્યપ્રેક્ષિણા ઋજુસૂત્રેણ ગૌણતયા ધ્રૌવ્યગ્રહણાદત્ર ધ્રૌવ્યસ્ય સ્થૂલત્વં બોધ્યમ્। તતશ્ચાઽત્ર ધ્રૌવ્યસ્ય ક્ષણિકત્વેઽપિ ન સ્થૂલત્વક્ષતિઃ। ***एतेन*** ઋજુસૂત્રસમ્મતં ધ્રૌવ્યં ક્ષણિકં ચેત્, સ્થૂલં કથમ્ ? સ્થૂલં ચેત્, ક્ષણિકં કથમ્ ? ઇત્યપિ ***निराकृतम्,*** ક્ષણિકત્વેઽપિ ગૌણવિષયતયા ધ્રૌવ્યસ્ય સૂક્ષ્મર્જુસૂત્રદૃષ્ટ્યા સ્થૂલત્વાદિત્યવધેયમ્।

દ્વિતીયં **સૂક્ષ્મં** ધ્રૌવ્યં તુ સર્વપદાર્થેષુ **સङ्ग्रहात्** = સङ્ગ્રહનયાભિપ્રાયતઃ **ત્રિકાલયાયિ** = કાલત્રયવ્યાપિ **સ્યાત્**।

न च ઘટાદેઃ નાશસ્ય પ્રત્યક્ષસિદ્ધત્વાત્ કથં તત્ર ત્રિકાલવ્યાપકં સ્થૈર્યં સ્યાદિતિ ***शङ्कनीयम्,*** પ્રાતિસ્વિકરૂપેણ ઘટાદિપર્યાયનાશેઽપિ સત્ત્વ-પુદ્ગલત્વ-મૃત્ત્વાદિસામાન્યરૂપેણ સ્વાશ્રયમૃદાદિદ્રવ્યા-ઽનુગમરૂપસ્ય તદ્ધ્રૌવ્યસ્યાઽપ્રત્યાખ્યેયત્વાત્।

एतेन 'ઘટીયં શ્યામરૂપં નષ્ટં રક્તરૂપઞ્ચોત્પન્નમિ'તિ પ્રતીતેઃ ઘટીયરૂપસ્ય ધ્રૌવ્યમસમ્ભવીતિ

❯ ધ્રૌવ્યની સ્થૂલતાની વિચારણા ❯

(**वस्तु.**) વાસ્તવમાં તો ઋજુસૂત્રનય મુખ્યતયા ઉત્પાદ-વ્યયને સ્વવિષય તરીકે ગ્રહણ કરે છે. તથા ધ્રૌવ્યને ગૌણરૂપે ગ્રહણ કરે છે. ગૌણવિષય બનવાથી તે ધ્રૌવ્યને સ્થૂલરૂપે અહીં જણાવેલ છે. તેથી ઋજુસૂત્રદર્શિત ધ્રૌવ્ય ક્ષણિક હોવા છતાં તેમાં સ્થૂલતા ભાંગી નહિ પડે. તેથી 'ઋજુસૂત્રસંમત ધ્રૌવ્ય ક્ષણિક હોય તો સ્થૂલ કઈ રીતે સંભવે ? તથા તે સ્થૂલ હોય તો ક્ષણિક કઈ રીતે સંભવે ?' - આ સમસ્યાનું પણ નિરાકરણ થઈ જાય છે. સૂક્ષ્મઋજુસૂત્રસંમત ધ્રૌવ્ય ક્ષણિક હોવા છતાં ગૌણવિષય હોવાથી સૂક્ષ્મ ઋજુસૂત્રની દૃષ્ટિએ તે ધ્રૌવ્ય સ્થૂલ છે - આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

⚜ સૂક્ષ્મ ધ્રૌવ્યનું નિરૂપણ ⚜

(**द्वितीयं.**) સૂક્ષ્મ ધ્રૌવ્ય તો સંગ્રહ નયના અભિપ્રાયથી ત્રિકાલવ્યાપી છે. આવું ધ્રૌવ્ય જગતના સર્વ પદાર્થમાં સંગ્રહનયની દૃષ્ટિએ રહેલું છે.

શંકા :- (**न च.**) ઘટ, પટ વગેરે પદાર્થનો નાશ તો પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધ જ છે. તેથી ઘટ, પટ વગેરેમાં ત્રિકાલવ્યાપી ધ્રૌવ્ય = સ્થૈર્ય કેવી રીતે હોઈ શકે ?

❯ સૂક્ષ્મ ધ્રૌવ્ય સર્વપદાર્થવ્યાપી ❯

સમાધાન :- (**प्राति.**) પ્રાતિસ્વિકરૂપે = વ્યક્તિગતસ્વરૂપે = વિશેષસ્વરૂપે ઘટ, પટ વગેરે પર્યાયનો નાશ થાય છે. છતાં પણ ઘટ, પટ વગેરે પર્યાયના આધારભૂત માટી, તંતુ, પુદ્ગલ વગેરે દ્રવ્યના અનુગમસ્વરૂપ = હાજરીસ્વરૂપ એવું ઘટાદિ પર્યાયનું ધ્રૌવ્ય સત્ત્વ-પુદ્ગલત્વ-મૃત્ત્વાદિસ્વરૂપે = સામાન્યરૂપે નિરાબાધ રહે છે. સામાન્યસ્વરૂપે - સત્ સ્વરૂપે કોઈ પણ પદાર્થનું ત્રિકાલવ્યાપી ધ્રૌવ્ય અબાધિત હોવાથી સંગ્રહનયસંમત સૂક્ષ્મ ધ્રૌવ્ય સર્વપદાર્થમાં વ્યાપીને રહેલ છે. તે વાત સત્ય સાબિત થાય છે.

શંકા :- (**एतेन.**) સર્વ લોકોને અબાધિતપણે એવી પ્રતીતિ થાય છે કે 'ઘટનું શ્યામ રૂપ નાશ પામ્યું તથા લાલ રૂપ ઉત્પન્ન થયું' તેથી સંગ્રહનયની દૃષ્ટિએ ઘટાદિ પદાર્થ ભલે ધ્રુવ = સ્થિર હોય

प्रत्याख्यातम्,

पर्यायार्थादेशाद् विशेषरूपेण तन्नाशेऽपि द्रव्यार्थादेशात् स्वाश्रयपुद्गलादिद्रव्यानुगमरूपेण रूपत्वाऽपेक्षया वा घटीयरूपादेरपि ध्रुवताया अनपलपनीयत्वात्, तयोः कथञ्चिदभेदात्, सामान्यरूपेण विशेषस्यापि रूपादिलक्षणस्य नित्यत्वात्। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [1]"रूवंतरओ विगमुप्पए वि रूवसामण्णं निच्चं" (वि.आ.भा.३३७९) इति। अतो रूपगुणस्य त्रिरूपता सिद्धा, सङ्ग्रहसम्मतसूक्ष्मध्रौव्यस्य सर्वत्राऽबाधात्।

किञ्च, त्रिलक्षणाद् द्रव्यादभिन्नतयाऽपि पर्याये त्रिरूपता सिध्यति। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"दव्वाऽणन्नो पज्जाओ, तं च तिविहसब्भावं, तो सो वि तिरूवो च्चिय" (वि.आ.भा.३३७८) इति। ततश्च त्रैलक्षण्यस्य सर्वत्रैव व्यापकत्वम्। तदुक्तं **त्रिषष्टिशलाकापुरुषचरित्रे**ऽपि **अनन्तजिन**देशनायाम्

પણ ઘટાદિ પદાર્થના રૂપમાં તો ધ્રૌવ્ય = અવિનશ્વરતા = નિત્યતા અસંભવિત જ છે. તેથી 'સંગ્રહનયની દૃષ્ટિએ સર્વ પદાર્થમાં સૂક્ષ્મ-શુદ્ધ ધ્રૌવ્ય રહેલું છે' - આ વાત ખોટી સાબિત થાય છે.

❖ રૂપાદિ પણ નિત્ય ❖

સમાધાન :- **(पर्याया.)** ઘટાદિની ધ્રુવતા અંગે જે વાત જણાવી તેનાથી જ તમારી શંકાનું સમાધાન થઈ જાય છે. તેમ છતાં ફરીથી સમજી લો. જિનશાસનમાં સંક્ષેપથી બે નયો માન્ય છે. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય. પર્યાયાર્થિકનયના અભિપ્રાય મુજબ ઘટના શ્યામરૂપનો વિશેષરૂપે = શ્યામત્વસ્વરૂપે નાશ થાય છે જ. તેથી જ તમે દર્શાવેલી 'ઘટનું શ્યામ રૂપ નષ્ટ થયું' - ઈત્યાદિ પ્રતીતિ સર્વ લોકોને નિરાબાધપણે થાય છે. પરંતુ દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયથી તો ઘટનું શ્યામ રૂપ વગેરે પણ પોતાના આશ્રયભૂત માટી વગેરે દ્રવ્યના અનુગમ સ્વરૂપે સ્થિર જ છે. ઘટનો અને શ્યામરૂપનો પરસ્પર કથંચિત્ અભેદ છે. તેથી વિશેષસ્વરૂપે તે ભલે નાશ પામે પણ દ્રવ્યસ્વરૂપે તો તે પણ ધ્રુવ જ છે. અથવા રૂપત્વ જાતિની અપેક્ષાએ રૂપમાં નિત્યત્વનો અપલાપ થઈ શકે તેમ નથી. શ્યામ, રક્ત વર્ણ વગેરે હકીકતમાં ઘટાદિ વસ્તુનું વિશેષ સ્વરૂપ છે. દ્રવ્ય વસ્તુનું સામાન્યસ્વરૂપ છે. તેથી ઘટના શ્યામ, રક્ત વગેરે વર્ણ પણ સામાન્યરૂપે = દ્રવ્યસ્વરૂપે કે સત્ સ્વરૂપે કે રૂપત્વસ્વરૂપે નિત્ય જ છે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં કહેલ છે કે "ઘટ વગેરેમાં શ્યામ રૂપનો નાશ અને લાલ રૂપની ઉત્પત્તિ થવા છતાં પણ રૂપ સામાન્ય તો નિત્ય જ રહે છે." તેથી રૂપ ગુણમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ થાય છે. આથી સંગ્રહનયસંમત સર્વપદાર્થવ્યાપી ત્રિકાલઅનુગત સૂક્ષ્મ ધ્રૌવ્ય નિરાબાધ જ છે.

❁ પર્યાયમાં પણ ત્રૈલક્ષણ્ય ❁

(किञ्च.) વળી, પર્યાયને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત માનવાનું બીજું કારણ એ પણ છે કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત એવા દ્રવ્યથી તે અભિન્ન છે. તેથી જ તો **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. તથા દ્રવ્ય તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એમ ત્રણ સ્વભાવને ધરાવે છે. તેથી પર્યાય પણ ઉત્પાદાદિ ત્રણ લક્ષણથી યુક્ત જ છે.' તેથી બધે જ ત્રૈલક્ષણ્ય સિદ્ધ થાય છે. **त्रिषष्टिशलाकापुरुषचरित्र**માં

1. रूपान्तरतो विगमोत्पादयोरपि रूपसामान्यं नित्यम्। 2. द्रव्याऽनन्यः पर्यायः तच्च त्रिविधस्वभावम्, ततः सोऽपि त्रिरूप एव।

"उत्पाद-विगम-ध्रौव्यात्मानः सर्वेऽपि" (त्रि.श.पु.४/४/२६५) इति।

एतेन 'श्यामो घटो नष्टः, रक्त उत्पन्न' इत्यादिप्रतीत्या घटादिद्रव्यस्याऽप्यनित्यत्वसिद्धौ ध्रौव्यव्याहतिरिति ***प्रत्यस्तम्,***

सङ्ग्रहनयानुसारतो मृदादिद्रव्यरूपेण घटादेरपि ध्रौव्यात्।

न च अग्निसंयोगविशेषादिना मृदादिद्रव्यस्य भस्मीभवनतो तदीयध्रौव्यकल्पनाऽसङ्गतेति ***शङ्कनीयम्,***

यतः अन्ततो गत्वा **स्वार्थजातितः** = स्व-स्वद्रव्यानुगतपुद्गलत्वादिजातिमाश्रित्य मृदादिद्रव्ये

પણ **અનંતનાથ** પ્રભુની દેશનામાં જણાવેલ છે કે 'બધું ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.'

પ્રશ્ન :- (**एतेन.**) તમે શ્યામાદિ રૂપની નિત્યતાની વાત કરો છો. પણ અમને તો દ્રવ્યમાં પણ અનિત્યતા ભાસે છે. કારણ કે નિભાડામાંથી બહાર નીકળેલા ઘડાને જોઈને 'કાળો ઘડો નાશ પામ્યો અને લાલ ઘડો ઉત્પન્ન થયો' - આવી પ્રતીતિ સહુને થાય છે. આ પ્રતીતિ દ્વારા ઘટાદિ દ્રવ્ય પણ અનિત્ય સિદ્ધ થાય છે. તેથી ધ્રૌવ્ય = નિત્યત્વ = ત્રિકાલસ્થાયિત્વ તો ઘટ વગેરે દ્રવ્યમાં પણ બાધિત થાય છે.

❋ ઘટ પણ નિત્ય : સંગ્રહનય ❋

પ્રત્યુત્તર :- (**सङ्ग्रह.**) અમે પૂર્વે જે વાત કરી તેનાથી જ તમારા પ્રશ્નનો તમને જવાબ મળી જાય તેમ છે. તેમ છતાં ફરીથી શાંતિથી સાંભળો. તમે વિશેષદૃષ્ટિને = પર્યાયદૃષ્ટિને ગૌણ કરી, સામાન્યદૃષ્ટિને = દ્રવ્યદૃષ્ટિને મુખ્ય બનાવો. સંગ્રહનય દ્રવ્યદૃષ્ટિસ્વરૂપ છે. સંગ્રહનય મૂળભૂત દ્રવ્ય ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. ઘડાનું મૂળભૂત દ્રવ્ય તો માટી જ છે. ઘડો ભલે ફૂટી જાય, તૂટી જાય પણ માટી તો ત્યાર પછી પણ હાજર જ રહે છે ને ! તેથી સંગ્રહનયના મત મુજબ ઘટ વગેરે પદાર્થો પણ માટી વગેરે દ્રવ્યસ્વરૂપે ધ્રુવ જ છે.

સ્પષ્ટતા :- ઘડો ફૂટી ગયા પછી કોઈને પૂછવામાં આવે કે 'મારો ઘડો ક્યાં ગયો ?' - તો ઘણી વાર ફૂટેલા ઘડાના ઠીકરા-ઠીકરી વગેરેને ઉદ્દેશીને 'આ રહ્યો તમારો ઘડો' - આ પ્રમાણે જવાબ સાંભળવા મળે છે. આનાથી ફલિત થાય છે કે માટીના ઠીકરામાં કે માટીમાં પણ લોકોને ઘટબુદ્ધિ થાય જ છે. અન્યથા આવો જવાબ સાંભળવા ન મળે. માટે કારણસ્વરૂપે કાર્યની સ્થિતિ નક્કી થાય છે.

પ્રશ્ન :- (**न च.**) નિભાડામાં ઘડાને મૂકવામાં આવે અને પાકી ગયેલા ઘડાને કાઢવાનો સમય થવા છતાં તેને તેમાંથી કાઢવામાં ન આવે અને ઘડો નિભાડામાં જ ભસ્મીભૂત થઈ જાય. એવું પણ શક્ય છે. આમ વિશેષ પ્રકારના પ્રબળ અગ્નિસંયોગના લીધે ઘટનું ઉપાદાનકારણ એવું માટીદ્રવ્ય રાખ સ્વરૂપે થઈ જવાથી 'માટીદ્રવ્ય ધ્રુવ છે, માટીદ્રવ્યસ્વરૂપે ઘડો ધ્રુવ છે' - આ પ્રમાણે ધ્રૌવ્યકલ્પના અસંગત થઈ જશે. માટી પણ ક્યાં ધ્રુવ છે ? તો માટીસ્વરૂપે ઘડો ધ્રુવ હોવાની વાત પણ ક્યાં ટકશે ?

❋ પુદ્ગલત્વજાતિની અપેક્ષાએ ઘડો નિત્ય ❋

પ્રત્યુત્તર :- (**यतः.**) તમારો પ્રશ્ન વ્યાજબી નથી. કારણ કે ઘડો પ્રબળ અગ્નિસંયોગના લીધે રાખ થઈ જવાથી માટીસ્વરૂપે ભલે ધ્રુવ ન હોય. પણ અંતતો ગત્વા પોતપોતાના માટી વગેરે દ્રવ્યમાં અનુગત પુદ્ગલત્વ જાતિની અપેક્ષાએ તો ઘડો નિત્ય = ધ્રુવ જ છે. પુદ્ગલત્વજાતિરૂપે મૃદ્ આદિ દ્રવ્યમાં

त्रिकालस्थायि सूक्ष्मं ध्रौव्यमनाविलमेव, श्यामादिगुण-घटत्व-मृत्त्वादिपर्यायरूपेण तन्नाशेऽपि पुद्गलत्व-रूपेण तदनाशेन ध्रौव्याऽबाधात्।

न च पुद्गलत्वेन ध्वंसाऽप्रतियोगित्वे नियतपर्यायारम्भवादाभ्युपगमेन एकान्तवादापत्तिः, ध्वंसप्रतियोगित्वे च त्रैलक्षण्याऽव्यापकतापत्तिरिति ***शङ्कनीयम्,***

यतोऽस्माकं प्रातिस्विकरूपेण नियतानियतपर्यायवादाऽभ्युपगन्तृत्वं "द्रव्यत्वावान्तरजात्यवच्छेदेन नियतपर्यायारम्भवादानभ्युपगमेऽपि द्रव्यत्वसाक्षाद्व्याप्यजात्यवच्छेदेन नियतपर्यायारम्भवादाऽभ्युपगमादि"ति (आ.मी.परि.१/का.४/पृ.९३) **अष्टसहस्रीतात्पर्यविवरण**विलोकनादवसीयते।

ત્રિકાલસ્થાયી સૂક્ષ્મ ધ્રૌવ્ય નિરાબાધ જ છે. પુદ્ગલત્વજાતિરૂપે તો માટી, ઘડો, ઠીકરા, ઠીકરી વગેરે નિત્ય જ છે. માટી વગેરે દ્રવ્યો પુદ્ગલ તરીકે મટીને જીવાદિદ્રવ્યરૂપે કદાપિ પરિણમવાના નથી. આમ શ્યામ રૂપ આદિ ગુણ સ્વરૂપે, ઘટત્વ-મૃત્ત્વ આદિ પર્યાયસ્વરૂપે ઘડાનો નાશ થવા છતાં પુદ્ગલત્વરૂપે તો ઘડાનો નાશ થતો નથી. તેથી પુદ્ગલત્વરૂપે ઘડા વગેરે પદાર્થમાં ધ્રૌવ્ય અબાધિત જ રહે છે.

શંકા :- (न च.) 'પુદ્ગલ પુદ્ગલ તરીકે નાશ ન પામે, પુદ્ગલભિન્ન દ્રવ્યરૂપે ન પરિણમે' - એવું સ્વીકારવામાં આવે તો જૈનોનો નિયત પર્યાય આરમ્ભવાદીના મતમાં પ્રવેશ થઈ જશે. અપુદ્ગલદ્રવ્યનો આરંભ પુદ્ગલ દ્રવ્ય ન કરે એવું માનવાથી જૈનોને એકાંતવાદી બની જવાની આપત્તિ આવશે. તથા 'પુદ્ગલ અપુદ્ગલદ્રવ્યનો આરંભ કરે છે' - એવું જો જૈનો માને તો નિયતારમ્ભવાદમાં પ્રવેશ ન થવા છતાં ઘડો પુદ્ગલત્વરૂપે અનિત્ય થવાથી ઉત્પાદાદિ ત્રિપદી સર્વવ્યાપી નહિ બની શકે.

❀ નિયત-અનિયતઆરંભવાદ જૈન સંમત ❀

સમાધાન :- (यतो.) અમે જૈનો કેવલ નિયતારંભવાદી નથી કે કેવલ અનિયતારંભવાદી નથી. અમે તો નિયત-અનિયતઆરંભવાદી છીએ. ચોક્કસસ્વરૂપે નિયતારંભવાદ અને ચોક્કસસ્વરૂપે અનિયતઆરંભવાદ અમને અનેકાન્તવાદીને માન્ય છે. "દ્રવ્યત્વવ્યાપ્ય અવાન્તરજાતિઅવચ્છેદેન અમે જૈનો નિયતારંભવાદનો સ્વીકાર નથી કરતા પણ દ્રવ્યત્વસાક્ષાદ્વ્યાપ્યજાતિઅવચ્છેદેન નિયત પર્યાયઆરંભવાદનો અમે સ્વીકાર કરીએ છીએ." આ મુજબ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** દ્વારા રચિત **અષ્ટસહસ્રીતાત્પર્ય-વિવરણ**ને જોવા દ્વારા નક્કી થાય છે કે અમને જૈનોને ચોક્કસસ્વરૂપે નિયતાનિયતપર્યાયારંભવાદ માન્ય છે.

સ્પષ્ટતા :- જીવ, પુદ્ગલ આદિ છ દ્રવ્યો જૈનમતમાં પ્રસિદ્ધ છે. તેથી દ્રવ્યત્વસાક્ષાદ્વ્યાપ્ય જીવત્વ જાતિ, પુદ્ગલત્વ જાતિ વગેરે છ ગુણધર્મો છે. તથા જીવના અવાન્તર ભેદ ૨,૩,૪,૫,૬,૧૪,૫૬૩ વગેરે પ્રકારે છે. પુદ્ગલના ભેદ ઘટ, પટ, મઠ વગેરે અપરિમિત છે. તેથી દ્રવ્યત્વની સાક્ષાદ્ વ્યાપ્ય જાતિ જીવત્વ, પુદ્ગલત્વ વગેરે છે. તથા દ્રવ્યત્વની અવાન્તર = પરંપરવ્યાપ્ય જાતિ મનુષ્યત્વ-દેવત્વ -સંસારિત્વ વગેરે તથા ઘટત્વ-કપાલત્વ-મૃત્પિંડત્વ-પટત્વ-મઠત્વ વગેરે છે. જીવ પુદ્ગલરૂપે કે પુદ્ગલો જીવસ્વરૂપે ક્યારેય પરિણમતા નથી. પણ મૃત્પિંડ ઘટરૂપે, ઘટ કપાલરૂપે-ઠીકરાસ્વરૂપે પરિણમે છે. તેથી દ્રવ્યત્વસાક્ષાદ્ વ્યાપ્ય પુદ્ગલત્વ, જીવત્વ વગેરે જાતિરૂપે નિયતઆરમ્ભ = પ્રતિનિયતપર્યાયસ્વરૂપે ઉત્પત્તિ જૈનસંમત છે. તથા દ્રવ્યત્વપરંપરવ્યાપ્ય જાતિરૂપે = દ્રવ્યત્વઅવાન્તરઘટત્વ-કપાલત્વ-મૃત્પિંડત્વ વગેરે જાતિરૂપે અનિયતપર્યાયઆરંભવાદ જૈનોને માન્ય છે. આમ ઘટ ઘટત્વરૂપે કે માટીરૂપે અનિત્ય

પણિ જીવ-પુદ્ગલાદિક **નિજદ્રવ્યજાતિ** આત્મ*દ્રવ્ય-ગુણ-પર્યાયનું *આત્મદ્રવ્યાનુગત* જ ધ્રૌવ્ય; પુદ્ગલદ્રવ્ય-ગુણ-પર્યાયનું પુદ્ગલદ્રવ્યાનુગત* જ ધ્રૌવ્ય. ઈમ નિજ નિજ જાતિ **નિર્દ્વાર** જાણવો. ▸ઇતિ ૧૬૦ ગાથાર્થ સંપૂર્ણમ્.◂॥૯/૨૭॥

अथ एवं मृदादिद्रव्य-श्यामादिगुण-घटत्वादिपर्यायध्रौव्यस्य मृदादिद्रव्यानुगमरूपत्वे तु द्रव्यत्वसाक्षाद्-व्याप्यजात्यवच्छेदेन नियतपर्यायारम्भवादाभ्युपगमे अपि पुद्गलाऽऽत्मनोः ध्रौव्याद् ऐक्यं प्रसज्येत, स्वाऽभिन्नाऽभिन्नस्य स्वाऽभिन्नत्वनियमादिति ***चेत्*** ?

न, यतः आत्मद्रव्य-गुण-पर्यायध्रौव्यम् आत्मद्रव्यानुगतमेव, न तु पुद्गलानुगतम्। पुद्गल-द्रव्य-गुण-पर्यायध्रौव्यं च पुद्गलद्रव्यानुगतमेव, न तु जीवद्रव्यानुगतमिति नानाविधध्रौव्याभ्युपगमान्न

(= ઉત્પાદ-વ્યયશાલી) હોવા છતાં પણ દ્રવ્યત્વસાક્ષાદ્વ્યાપ્ય પુદ્ગલત્વજાતિસ્વરૂપે નિત્ય = ધ્રુવ જ છે. તેથી ઘટમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ત્રિપદી અબાધિત જ રહે છે.

ॐ द्रव्यत्वसाक्षाद्व्याप्यजातिअवच्छेदेन नियतपर्याय आरंभ ॐ

પૂર્વપક્ષ :- (**अथ.**) માટી વગેરે દ્રવ્યમાં, શ્યામ-રક્ત વગેરે ગુણોમાં અને ઘટત્વાદિ પર્યાયમાં રહેલ ધ્રૌવ્ય જો માટી વગેરે દ્રવ્યના અનુગમ (= અનુવૃત્તિ-અસ્તિત્વ-વિદ્યમાનતા) સ્વરૂપ હોય તો દ્રવ્યત્વસાક્ષાદ્વ્યાપ્ય જાતિસ્વરૂપે નિયતપર્યાયઆરંભવાદ માન્ય કરવા છતાં પુદ્ગલ અને આત્મા ધ્રુવ હોવાથી એક બની જવાની આપત્તિ આવશે. અર્થાત્ સમાન ધ્રૌવ્યસ્વરૂપે પુદ્ગલ અને જીવ એક = અભિન્ન બનવાની આપત્તિ દુર્વાર બનશે. કારણ કે ધ્રૌવ્ય તો માટી વગેરે દ્રવ્ય સ્વરૂપ છે, માટી વગેરે દ્રવ્યથી અભિન્ન છે. તેમ જ જીવ વગેરે પણ દ્રવ્યસ્વરૂપ છે તથા ધ્રુવ છે. તેથી માટી વગેરે પુદ્ગલદ્રવ્ય અને આત્મદ્રવ્ય એક થવાની આપત્તિ સ્પષ્ટ જ છે. અહીં સ્વઅભિન્નથી અભિન્ન એ સ્વઅભિન્ન હોય - તેવો નિયમ કામ કરી રહેલો છે. તે આ રીતે - સ્વ એટલે માટી વગેરે દ્રવ્ય. સ્વઅભિન્ન એટલે માટીગત ધ્રૌવ્ય. પુદ્ગલમાં અને જીવમાં રહેલ ધ્રૌવ્ય તો એક જ છે. તથા પુદ્ગલગત ધ્રૌવ્યથી અભિન્ન જીવ છે. તેથી માટીગત માટીસ્વરૂપ ધ્રૌવ્યથી અભિન્ન જીવ સ્વઅભિન્ન = માટીદ્રવ્યથી અભિન્ન સિદ્ધ થાય છે.

ॐ જીવ-અજીવગત ધ્રૌવ્ય જુદા-જુદા ॐ

ઉત્તરપક્ષ :- (**न, यतः.**) ના, તમારી વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે જીવમાં રહેલું ધ્રૌવ્ય અને પુદ્ગલમાં રહેલું ધ્રૌવ્ય એક નથી પણ જુદા-જુદા છે. આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલું ધ્રૌવ્ય ફક્ત આત્મદ્રવ્યમાં જ અનુગત = સાધારણ છે, વ્યાપક છે. તે ધ્રૌવ્ય પુદ્ગલદ્રવ્યમાં અનુગત નથી. પુદ્ગલમાં આત્મદ્રવ્યગત ધ્રૌવ્ય રહેતું નથી. તથા પુદ્ગલદ્રવ્ય-ગુણ-પર્યાયમાં જે ધ્રૌવ્ય રહેલું છે તે પુદ્ગલ દ્રવ્યમાં જ અનુગત = સાધારણ છે, વ્યાપક છે. તે ધ્રૌવ્ય આત્મદ્રવ્યમાં અનુગત નથી. આત્મદ્રવ્યમાં પુદ્ગલગત ધ્રૌવ્ય રહેતું નથી. આમ અનેક પ્રકારના ધ્રૌવ્ય સ્વીકારવાથી ધ્રૌવ્ય અને ધ્રૌવ્યનો આશ્રય પરસ્પર અભિન્ન હોવા છતાં જીવ અને પુદ્ગલ એક = અભિન્ન થવાની ઉપરોક્ત આપત્તિને અવકાશ

---

* આત્મદ્રવ્યે ગુણપર્યાયનું આત્મદ્રવ્યાસમાનાધિકરણત્વેનાન્વયાનુગમજ ધ્રૌવ્ય. **પાલિ૦**. * કો.(૧૧)માં 'આત્મદ્રવ્યના **समानाधिकरणत्वेनान्वयः**' આવું ટિપ્પણ છે. * ૦ગમજ ધ્રૌવ્ય. આ.(૧) + કો.(૭+૯ +૧૦+૧૧) + સિ. + લી(૩) + લા.(૨) **પાલિ૦** + **ભા૦** + **B**(૨) + **પા૦**. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

ध्रौव्य-तद्वतोरैक्येऽपि पुद्गलात्मनोरैक्यापत्तिरिति भावनीयम्।

एतेन नारकाद्यायुष्कसमाप्तौ नारकादिपर्यायनाशे जीवद्रव्यस्य सर्वथा नाशः ***प्रत्यस्तः***,

नारकादिपर्यायस्य कर्मविशेषकृतत्वेन कर्मविशेषनाशे तन्नाशेऽपि जीवत्वस्य कर्मकृतत्वाऽभावेन कर्मनाशे जीवद्रव्यनाशाऽयोगात्। तदुक्तं **विशेषाऽऽवश्यकभाष्ये** [1]"न हि नारगाइपज्जायमेत्तनासम्मि सव्वहा नासो। जीवदव्वस्स मुद्दानासे व हेमस्स।। [2]कम्मकओ संसारो तन्नासे तस्स जुज्जए नासो। जीवत्तमकम्मकयं तन्नासे तस्स को नासो ?।।" (वि.आ.भा.गा.१९७९-१९८०) इति।

किञ्च, एकपर्यायनाशेऽपि तदन्यानन्तपर्यायसद्भावादपि तदा सर्वथा आत्मनाशो न युज्यते। यथोक्तं **प्रमाणप्रकाशे देवभद्रसूरिणा** "आत्मद्रव्यमनन्तपर्ययम्" (प्र.प्र.७१) इति भावनीयम्।

प्रकृते [3]"सुह-दुक्खसंपओगो न विज्जई निच्चवायपक्खंमि। एगंतुच्छेअंमि अ सुह-दुक्खविगप्पणम-

---

રહેતો નથી. આશય એ છે કે - પુદ્ગલગત ધ્રૌવ્યથી પુદ્ગલદ્રવ્ય અભિન્ન છે તથા આત્મગત ધ્રૌવ્યથી આત્મા અભિન્ન છે. પરંતુ પુદ્ગલગત ધ્રૌવ્ય અને આત્મનિષ્ઠ ધ્રૌવ્ય - આ બન્ને એક નથી. તેથી આત્મા અને પુદ્ગલદ્રવ્ય એક બનવાની આપત્તિને કોઈ અવકાશ રહેતો નથી. આ બાબતમાં શાંતિથી વિચારવું.

❀ सर्वथा जीवनाश आक्षेप-निराकरण ❀

आक्षेप :- (एते.) નારકાદિનું આયુષ્ય પૂર્ણ થવાના અવસરે નારકાદિપર્યાયનો નાશ થતાં જ જીવદ્રવ્યનો સર્વથા નાશ થશે. આવું માનવામાં શું વાંધો ?

निराकरण :- (नार.) અમે પૂર્વે જે જણાવ્યું કે 'જીવત્વરૂપે જીવદ્રવ્ય ધ્રુવ = નિત્ય છે' - તેનાથી જ તમારા આક્ષેપનું નિરાકરણ થઈ જાય છે. નારકાદિ પર્યાય કર્મવિશેષજન્ય હોવાથી વિશેષ પ્રકારના કર્મનો નાશ થતાં નારકાદિ પર્યાયનો નાશ થવા છતાં પણ ત્યારે જીવનો ઉચ્છેદ થવાની આપત્તિને અવકાશ નથી. કારણ કે જીવત્વ કર્મજન્ય નથી. આ અંગે **विशेषावश्यकभाष्य**માં જણાવેલ છે કે "માત્ર નારકાદિપર્યાયનો નાશ થતાં જીવદ્રવ્યનો સર્વથા નાશ નહિ થાય. જેમ સુવર્ણમહોરપર્યાયનો ઉચ્છેદ થાય ત્યારે સુવર્ણદ્રવ્યનો સંપૂર્ણતયા ઉચ્છેદ થતો નથી તેમ આ વાતને સમજવી. સંસાર કર્મજન્ય છે. તેથી કર્મનાશ થતાં સંસારનો નાશ સંગત થાય છે. પરંતુ જીવત્વ તો કર્મજન્ય નથી. તેથી કર્મનો ઉચ્છેદ થતાં જીવનો ઉચ્છેદ કઈ રીતે થાય ?"

(किञ्च.) તેમજ એક પર્યાયનો નાશ થવા છતાં તે સિવાયના અનન્તા પર્યાયો આત્મામાં રહેલા હોવાથી નારકપર્યાયનો નાશ થતાં આત્માનો સર્વથા ધ્વંસ માનવો યોગ્ય નથી. **શ્રીદેવભદ્રસૂરિજી**એ **પ્રમાણપ્રકાશ**માં જણાવેલ છે કે 'આત્મદ્રવ્ય અનંતપર્યાયવાળું છે.' આ અંગે વાચકવર્ગે વિભાવના કરવી.

❀ एकान्तपक्षमां सुख-दुःखादिनो असंभव ❀

(प्रकृ.) પ્રસ્તુતમાં **દશવૈકાલિકનિર્યુક્તિ**ગાથા પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ

---

1. न हि नारकादिपर्यायमात्रनाशे सर्वथा नाशः। जीवद्रव्यस्य मतो मुद्रानाशे इव हेम्नः।।
2. कर्मकृतः संसारस्तन्नाशे तस्य युज्यते नाशः। जीवत्वमकर्मकृतं तन्नाशे तस्य को नाशः ?।।
3. सुख-दुःखसम्प्रयोगो न विद्यते नित्यवादपक्षे। एकान्तोच्छेदे च सुख-दुःखविकल्पनमयुक्तम्।।

जुत्तं।।" (द.वै.अध्य.१/नि.६०) इति **दशवैकालिकनिर्युक्ति**वचनं स्मर्तव्यम्। यथा चैकान्तनित्यवादे एकान्ताऽनित्यवादे च सुख-दुःखाऽर्थक्रियाद्यसम्भवः तथा विस्तरतो वक्ष्यते एकादशशाखायाम् (११/८)। ततश्चोत्पाद-व्यय-ध्रौव्यानुविद्धमेव वस्तुत्वाऽवच्छिन्नं स्वीकर्तव्यमिति भावः।

अत्र स्थूल-सूक्ष्मध्रौव्यस्थले **द्रव्यानुयोगतर्कणायां** किञ्चित् स्खलितं तद् बुधैः चिन्त्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - अस्मदीयज्ञान-दर्शनादिपर्यायाः ऋजुसूत्रनयेन स्थूलध्रौव्यं बिभ्रति। ते सङ्ग्रहसम्मतं सूक्ष्मं शुद्धं ध्रौव्यं ध्रियन्ताम्, केवलज्ञानत्व-दर्शनत्वादिरूपेण च तद् अनुभूयताम्। तदेव मोक्षमार्गोद्यमफलम्। मतिज्ञानत्वादिरूपेण मति-ज्ञानादिकं नश्वरम्, ज्ञानत्वादिरूपेण चाऽनश्वरम्। केवलज्ञानादिकं तु केवलज्ञानत्वादिरूपेणाऽनश्वरम्। ज्ञानादिषु गुणेषु केवलज्ञानत्वादिरूपेण ध्रौव्यं यथा प्रादुर्भवेत् तथा स्थिरतया दृढतया च सम्यक् प्रयतितव्यम्। ततश्च "निरन्तमपुनर्भवं सुखमतीन्द्रियं स्वात्मजम्" (यो.सा.प्रा.७/५४) इति **योगसारप्राभृते अमितगतिना** व्यावर्णितं सिद्धसुखं प्रत्यासन्नतरं स्यात्।।९/२७।।

જણાવેલ છે કે 'એકાન્તનિત્યવાદપક્ષમાં સુખ-દુઃખનો સંબંધ સંગત થતો નથી. તથા એકાન્તઉચ્છેદવાદમાં સુખ-દુઃખની કલ્પના અયુક્ત છે.' સર્વથા નિત્યમતમાં તથા સર્વથા અનિત્યમતમાં સુખ, દુઃખ, અર્થક્રિયા વગેરેનો જે રીતે અસંભવ છે, તે બાબતને અગિયારમી શાખાના આઠમા શ્લોકની વ્યાખ્યામાં વિસ્તારથી કહેવાશે. તેથી 'તમામ વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી વણાયેલી જ છે' - તેમ સ્વીકારવું જોઈએ. આ મુજબ અહીં આશય છે.

(**अत्र.**) પ્રસ્તુત સ્થૂલ-સૂક્ષ્મ ધ્રૌવ્ય બાબતમાં **દ્રવ્યાનુયોગતર્કણા**માં કાંઈક સ્ખલના થઈ છે. તે અંગે પંડિતોએ વિચારવું.

ॐ કેવલજ્ઞાનત્વરૂપે જ્ઞાનને નિત્ય બનાવીએ ॐ

આધ્યાત્મિક ઉપનય :- આપણા જ્ઞાન, દર્શન આદિ પર્યાયો ઋજુસૂત્રનયથી સ્થૂલ ધ્રૌવ્યને ધરાવે છે. તે સંગ્રહનયસંમત સૂક્ષ્મ-શુદ્ધ ધ્રુવતાને ધારણ કરે અને કેવલજ્ઞાનત્વરૂપે કે કેવલદર્શનત્વઆદિસ્વરૂપે તેવી ધ્રુવતા આપણને અનુભવાય એ જ આપણી સાધનાની તાત્ત્વિક ફલશ્રુતિ છે. મતિજ્ઞાન વગેરે તો મતિજ્ઞાનત્વ વગેરે સ્વરૂપે નાશવંત જ છે. તે જ્ઞાનત્વરૂપે, આત્મત્વરૂપે નિત્ય છે. કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરે ગુણો કેવલજ્ઞાનત્વ, કેવલદર્શનત્વ વગેરે સ્વરૂપે ધ્રુવ છે. આપણા અને સહુના જ્ઞાનાદિ ગુણોમાં કેવલજ્ઞાનત્વાદિસ્વરૂપે ધ્રુવતા પ્રગટે તેવો સાધનાનો સમ્યક્ ઉદ્યમ આપણા સહુના જીવનમાં સ્થિરતાપૂર્વક તથા દૃઢતાપૂર્વક ચાલે તેવી પરમાત્માને પ્રાર્થના. તે ઉદ્યમથી **યોગસારપ્રાભૃતમાં** દિગંબરાચાર્ય **અમિતગતિએ** વર્ણવેલ સિદ્ધસુખ ખૂબ જ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'પોતાના આત્મામાંથી ઉત્પન્ન થયેલ મોક્ષસુખ અનન્ત, અતીન્દ્રિય તથા પુનર્જન્મશૂન્ય છે.' (૯/૨૭)

સવિ અર્થ સમયમાં ભાખિઆ, ઇમ ♦વિવિધ ત્રિલક્ષણશીલ રે;
જે ભાવઈ એહની ભાવના, તે ✲પામઈ સુખ જસ લીલ રે ॥૯/૨૮॥ (૧૬૧) જિન.

ઇમ સમય કહિઇ સિદ્ધાંત, તે માંહિ સર્વ અર્થ વિવિધ પ્રકારઇં *કરીનઇં* ત્રિલક્ષણ કહિઇ, ઉત્પાદ

प्रकृतार्थमुपसंहरन्नाह - '**नाने**'ति।

नानारीत्येत्थमर्थः त्रि-लक्षण उक्त आगमे।
यो भावयति तद्भावम्, सोऽवति च सुखं यशः।।९/२८।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - इत्थं नानारीत्या अर्थः त्रिलक्षणः आगमे उक्तः। यः तद्भावं भावयति सः सुखं यशः च अवति।।९/२८।।

इत्थम् = एवंप्रकारेण **नानारीत्या** = दर्शितविविधप्रक्रियया **आगमे** = श्रीजिनागमे **अर्थः** = वस्तुत्वावच्छिन्नः द्रव्य-गुण-पर्यायात्मकः **त्रिलक्षणः** = उत्पाद-व्यय-ध्रौव्यस्वभावः **उक्तः** युक्त्यादिपुरस्सरम्।

एतावता द्रव्यलक्षणमुक्तम्। नयविभागपुरस्सरं द्रव्यलक्षणं **नयचक्रसारे देवचन्द्रवाचकेन** "(१) उत्पाद-व्यय-ध्रुवत्वयुक्तं सल्लक्षणं द्रव्यम् - एतद् द्रव्यास्तिक-पर्यायास्तिकोभयनयाऽपेक्षया लक्षणम्। (२) "गुण-पर्यायवद् द्रव्यम्" (**तत्त्वार्थसूत्र** ५/३७) एतत् पर्यायनयाऽपेक्षया। (३) अर्थक्रियाकारि द्रव्यम् - एतल्लक्षणं स्व-स्वशक्तिधर्मापेक्षया" (न.च.सा.पृ.११८) इत्थमुपवर्णितम्। तृतीयं द्रव्यलक्षणं व्यवहारनयतो

अवतरणिका :- પ્રસ્તુત બાબતનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે :-

શ્લોકાર્થ :- આ રીતે અનેક પ્રકારે 'પદાર્થ ત્રણ લક્ષણવાળો છે' - આમ આગમમાં જણાવેલ છે. જે આત્મા તેની (વિવિધ) ભાવનાને ભાવે છે તે સુખ-યશલીલાને પ્રાપ્ત કરે છે. {૯/૨૮}

વ્યાખ્યાર્થ :- ઉપરોક્ત રીતે દર્શાવેલી અનેકવિધ પ્રક્રિયા મુજબ શ્રીજિનાગમમાં વસ્તુત્વાવચ્છિન્ન = વસ્તુત્વવિશિષ્ટ = વસ્તુત્વાશ્રય = દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક પ્રત્યેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વભાવવાળી કહેવાયેલી છે. આ વાત માત્ર શ્રદ્ધાગમ્ય તરીકે જણાવેલી નથી. પરંતુ યુક્તિ, અનુમાન પ્રમાણ વગેરે પૂર્વક ઉત્પાદાદિ ત્રિપદીને વસ્તુમાત્રમાં શાસ્ત્રકાર ભગવંતોએ દર્શાવેલ છે.

❀ નયવિભાગથી ત્રિવિધ દ્રવ્યલક્ષણ ❀

(**एतावता**) ઉત્પાદાદિને જણાવવા દ્વારા દ્રવ્યલક્ષણ કહેવાઈ ગયું. નયવિભાગપૂર્વક દ્રવ્યલક્ષણ દેખાડતા **દેવચન્દ્રજી** ઉપાધ્યાયે **નયચક્રસાર**માં કહેલ છે કે "(૧) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્સ્વરૂપ દ્રવ્ય છે - આ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય બન્નેની અપેક્ષાએ દ્રવ્યલક્ષણ સમજવું. (ધ્રૌવ્ય દ્રવ્યાસ્તિકવિષય છે તથા ઉત્પાદ-વ્યય પર્યાયાસ્તિકવિષય છે. તેથી આ સંપૂર્ણ લક્ષણ છે. પ્રમાણવિષયભૂત લક્ષણ છે.) તથા (૨) ગુણ-પર્યાયયુક્ત દ્રવ્ય છે - આ પર્યાયનયની અપેક્ષાએ દ્રવ્યલક્ષણ છે. (૩) જે અર્થક્રિયાકારી હોય તે દ્રવ્ય - આ સ્વ-સ્વશક્તિધર્મની અપેક્ષાએ દ્રવ્યલક્ષણ સમજવું." ત્રીજું દ્રવ્યલક્ષણ વ્યવહારનયથી સમજવું. અનેક

♦ કો.(૪)માં 'ત્રિવિધ' પાઠ. ✲ શાં.મ.માં 'પાવઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

(૧), વ્યય (૨), ધ્રૌવ્ય (૩) - તત્શીલ = તત્સ્વભાવ ભાખિયા.

જે પુરુષ એ ત્રિલક્ષણ સ્વભાવની **ભાવના ભાવઈ**, તે વિસ્તારરુચિસમ્યક્ત્વ અવગાહી અંતરંગ **સુખ** અનઈ પ્રભાવકપણાનો **યશ** તેહની **લીલા પામઈ** ▸**निःसन्देहेनेति परमार्थः.**◂ ॥૯/૨૮॥

ज्ञेयम्। नानाग्रन्थानुसारेण द्रव्यलक्षणानि दशम्यां शाखायां (१०/१) वक्ष्यन्ते।

यच्च "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्" (त.सू.५/२९) इति **तत्त्वार्थसूत्रस्य भाष्ये उमास्वातिवाचकैः** "उत्पाद-व्ययाभ्यां ध्रौव्येण च युक्तं सतो लक्षणम्। यदुत्पद्यते यद् व्येति यच्च ध्रुवं तत् सत्, अतोऽन्यदसद्" (त.सू.५/२९ भा.) इत्युक्तं तत् **सिद्धसेनगणिभिः तद्वृत्तौ** विस्तरेण व्याख्यातम्, **चन्द्रसेनसूरिभिरपि** च **उत्पादादिसिद्धिप्रकरणे** महता प्रबन्धेन व्यवस्थापितमिति तदनुसारेण **यः** द्रव्यानुयोगपरिज्ञानार्थी **तद्भावं** = त्रिलक्षणस्वभावम् **अध्यात्मसार**(अ.सा.१६/१९)-**द्वात्रिंशिकाप्रकरण**(द्वा.द्वा.१८/१०)-**ध्यानशतक**(३१-३४)-प्रभृतिग्रन्थदर्शितया ज्ञानादिभावनया **भावयति, सः** [1]"दव्वाण सव्वभावा सव्वपमाणेहिं जस्स उवलद्धा। सव्वाहिं नयविहिहि य वित्थाररुइत्ति [ઃ]नायव्वो।।" (उत्तरा.२८/१६, प्र.सू.१/३७, प्र.सारो.९५७) इति **उत्तराध्ययन-प्रज्ञापनासूत्र-प्रवचनसारोद्धारोक्तं** विस्तारुचिसम्यक्त्वमवगाह्य अन्तरङ्गं **सुखम्** = आनन्दं **यशः च** प्रवचनप्रभावकत्वगोचरं **अवति** = अवाप्नोति।

ગ્રન્થો મુજબ દ્રવ્યના વિવિધ લક્ષણો દશમી શાખામાં (૧૦/૧) કહેવાશે.

❀ त्रिलक्षण चर्चानो अन्य ग्रंथोमां अतिदेश ❀

(यच्च.) तत्त्वार्थसूत्रમાં વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તે પદાર્થ સત્ કહેવાય.' આ સૂત્રના **ભાષ્ય**માં તેઓશ્રીએ જ જણાવેલ છે કે 'ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોવાપણું એ જ સત્ પદાર્થનું લક્ષણ છે. જે ઉત્પન્ન થાય છે, જે વિનાશ પામે છે અને જે ધ્રુવ છે તે સત્ છે. ઉત્પાદાદિ ત્રિપદીથી વિશિષ્ટ વસ્તુથી ભિન્ન (ત્રિપદીશૂન્ય) જે વસ્તુ હોય તે અસત્ સમજવી.' **શ્રીસિદ્ધસેનગણિવરે** ઉપરોક્ત સૂત્રની **તત્ત્વાર્થભાષ્યવૃત્તિ**માં પ્રત્યેક વસ્તુમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને વિસ્તારપૂર્વક સમજાવેલ છે. **ચન્દ્રસેનસૂરિજી**એ પણ **ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ**માં અત્યંત વિસ્તારથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની વ્યવસ્થા દર્શાવેલ છે. તેથી તે મુજબ દ્રવ્યાનુયોગની વ્યાપક જાણકારી મેળવવા ઈચ્છતા જે આત્માર્થી જીવ ત્રિલક્ષણસ્વભાવવાળી વસ્તુને જ્ઞાનાદિભાવનાથી ભાવિત કરે છે તે વિસ્તારરુચિ સમ્યગ્દર્શનનું અવગાહન કરે છે. **અધ્યાત્મસાર, દ્વાત્રિંશિકાપ્રકરણ, ધ્યાનશતક** વગેરેમાં જ્ઞાન-દર્શનાદિભાવનાનું વર્ણન મળે છે. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં, **પન્નવણાસૂત્ર**માં તથા **પ્રવચનસારોદ્ધાર**માં વિસ્તારરુચિ સમ્યગ્દર્શનનું લક્ષણ જણાવતા કહેલ છે કે 'સર્વ પ્રમાણથી અને સર્વ નયવિધિઓ વડે જેણે દ્રવ્યોના સર્વ ભાવોને સારી રીતે જાણેલા છે તે જીવ વિસ્તારરુચિ સમકિતવાળો છે - તેમ જાણવું.' આવા 'વિસ્તારરુચિ' નામના સમ્યગ્દર્શનનું અવગાહન કરીને તે દ્રવ્યાનુયોગજ્ઞાતા અંતરંગ આનંદને અને પ્રવચનપ્રભાવકપણાના યશને સંપ્રાપ્ત કરે છે.

▸...◂ चिह्नद्वयमध्यवर्ती पाठ फक्त पालि.मां छे. ઃ 'मुणेयव्वो' इति **प्रवचनसारोद्धारे**। 1. द्रव्याणां सर्वभावाः सर्वप्रमाणैः यस्य उपलब्धाः। सर्वाभिः नयविधिभिः च विस्ताररुचिः इति ज्ञातव्यः।।

तत्त्वार्थराजवार्तिके अकलङ्काचार्येण "अङ्ग-पूर्वविषयजीवाद्यर्थविस्तारप्रमाण-नयादिनिरूपणोपलब्धश्रद्धाना विस्ताररुचयः" (त.रा.वा.३/३६/२) इत्येवं धर्मिमुखेन विस्ताररुचिसम्यग्दर्शनस्वरूपमुपादर्शीत्यवधेयम्।

सूत्ररुच्यादिसम्यग्दर्शनापेक्षया विस्ताररुचिसम्यग्दर्शनमेव प्रधानम्, सूत्रापेक्षयाऽर्थस्य बलवत्त्वात्, प्रभूतार्थावगाहित्वाच्च। [1]"अत्थधरो तु पमाणं" (नि.भा.२२) इति पूर्वोक्तं (६/२) **निशीथभाष्य**वचनम्, "सूत्रधरेभ्यः अर्थधराः प्रधानाः" (आ.नि.१७९ वृ.पृ. ७९) इति च **हरिभद्रीयावश्यकवृत्ति**वचनमत्र स्मर्तव्यम्।

इह कोष्ठकरूपेण वस्तुलक्षणम् इत्थम् अवसेयम् -



ॐ विस्ताररुचि सम्यग्दर्शन द्रव्यानुयोगजन्य ॐ

(तत्त्वार्थ.) **तत्त्वार्थराजवार्तिक** ગ્રંથમાં **अकलंकस्वामी** નામના દિગંબરાચાર્ય વિસ્તારરુચિવાળા જીવોનું લક્ષણ બતાવતા એવું જણાવે છે કે "આચારાંગ આદિ અંગશાસ્ત્રોના અને પૂર્વ (૧૪ પૂર્વ) ના વિષયભૂત જીવ, અજીવ આદિ તત્ત્વોની વિસ્તારથી શ્રદ્ધા જેઓએ પ્રમાણ-નય વગેરેના નિરૂપણ દ્વારા ઉપલબ્ધ કરેલ છે તે જીવો વિસ્તારરુચિ સમ્યગ્દર્શનવાળા કહેવાય છે." આમ ધર્મીમુખે = વિસ્તારરુચિસમકિતવાળા જીવના માધ્યમથી વિસ્તારરુચિ સમ્યગ્દર્શનનું સ્વરૂપ તેઓએ જણાવેલ છે - આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

ॐ विस्ताररुचि समकित બળવાન ॐ

(सूत्र.) સૂત્રરુચિ સમ્યગ્દર્શન વગેરેની અપેક્ષાએ વિસ્તારરુચિ સમ્યગ્દર્શન એ જ મુખ્ય છે. કારણ કે સૂત્રની અપેક્ષાએ અર્થ બળવાન છે તથા પ્રસ્તુત સમ્યગ્દર્શન ઘણા બધા અર્થનું ઊંડાણથી અવગાહન કરે છે. 'અર્થધર પ્રમાણ છે'- આ મુજબ પૂર્વોક્ત (૬/૨) **निशीथभाष्य**વચન અહીં યાદ કરવું. **आवश्यकनिर्युक्तिव्याख्या**માં શ્રીહરિભદ્રસૂરિજીએ પણ જણાવેલ છે કે 'સૂત્રધર કરતાં અર્થધર મુખ્ય છે.'

(इह.) પ્રસ્તુતમાં (શ્લોક ૧૯ થી ૨૭ સુધીના) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ વસ્તુલક્ષણ કોષ્ઠકરૂપે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકામાં જણાવેલ છે. તે સ્પષ્ટ જ છે. તેથી અહીં અમે ફરીથી બતાવતા નથી.

1. अर्थधरस्तु प्रमाणम् ।

इत्थं विस्तरेण उत्पादादिसमर्थनेन मातृकानुयोगो व्याख्यातः। यथोक्तं **स्थानाङ्गसूत्रवृत्तौ** श्री**अभयदेवसूरि**भिः "माउयाणुओगेत्ति। इह मातृका इव मातृका प्रवचनपुरुषस्य उत्पाद-व्यय-ध्रौव्यलक्षणा पदत्रयी, तस्या अनुयोगः। यथा उत्पादवद् जीवद्रव्यम्, बाल्यादिपर्यायाणाम् अनुक्षणम् उत्पत्तिदर्शनात्। अनुत्पादे च वृद्धाद्यवस्थानाम् अप्राप्तिप्रसङ्गाद् असमञ्जसापत्तेः। तथा व्ययवद् जीवद्रव्यम्, प्रतिक्षणं बाल्याद्यवस्थानां व्ययदर्शनात्। अव्ययत्वे च सर्वदा बाल्यादिप्राप्तेः असमञ्जसमेव। तथा यदि सर्वथाऽपि उत्पाद-व्ययवदेव तन्न केनाऽपि प्रकारेण ध्रुवं स्यात् तदा अकृताभ्यागम-कृतविप्रणाशप्राप्त्या पूर्वदृष्टानुस्मरणाऽभिलाषादिभावानाम् अभावप्रसङ्गेन च सकलेहलोक-परलोकाऽऽलम्बनाऽनुष्ठानानाम् अभावतः असमञ्जसमेव। ततो द्रव्यतया अस्य ध्रौव्यम् इति उत्पाद-व्यय-ध्रौव्ययुक्तम् अतः द्रव्यम् इत्यादिः मातृकापदानुयोगः" (स्था.१०/३/७२७/पृ.४८१) इति। यथा चैतत् तथा वक्ष्यते विस्तरतोऽग्रे (११/८) इत्यवधेयम्।

स्पष्टता :- (१) सूत्ररुचि, (२) बीजरुचि, (३) संक्षेपरुचि, (४) विस्ताररुचि, (५) निसर्गरुचि, (६) उपदेशरुचि, (७) आज्ञारुचि, (८) अभिगमरुचि, (९) क्रियारुचि, (१०) धर्मरुचि - आम सम्यग्दर्शनना दश भेद **उत्तराध्ययनसूत्र, प्रज्ञापनासूत्र, प्रवचनसारोद्धार** वगेरेमां दर्शावेला छे. तेमांथी विस्ताररुचि समकित एटले नय, निक्षेप, प्रमाण, तर्क वगेरे तत्त्वनिश्चायक साधनोना माध्यमथी तत्त्वने चारे बाजुथी समजीने यथार्थ व्यापक तत्त्वनिर्णय करवानी तात्त्विक अभिरुचि-वृत्ति-परिणति.

❀ मातृका अनुयोगने ओळखीए ❀

(**इत्थं.**) आ रीते नवमी शाखामां विस्तारथी उत्पादादिनुं समर्थन करवा द्वारा मातृकाअनुयोगनुं पण निरूपण थई गयुं. मातृकाअनुयोगनुं प्रतिपादन श्री**अभयदेवसूरि**जीए **स्थानांगसूत्रवृत्ति**मां आ मुजब कर्युं छे के "मातृकाअनुयोग अंगे आ स्पष्टता जाणवी. उत्पाद-व्यय-ध्रौव्य स्वरूप त्रिपदी द्वादशांगीस्वरूप प्रवचनपुरुषनी माता समान छे. आ त्रिपदीस्वरूप प्रवचनमातानो अनुयोग = मातृकाअनुयोग. (१) जीवद्रव्य उत्पादविशिष्ट छे. कारण के जीवना बाल वगेरे पर्यायोनी प्रतिक्षण उत्पत्ति देखाय छे. (पर्यायथी पर्यायी अभिन्न होवाथी बालादि पर्यायनी उत्पत्ति थतां तेनाथी अभिन्न जीवनी पण उत्पत्ति थाय छे.) बाल-किशोर-तरुण-युवान आदि पर्यायोनी उत्पत्ति जो न थती होय तो वृद्धादि अवस्था क्यारेय आवशे नहि. तेवुं थाय तो मोटी अव्यवस्था सर्जाय. तेथी जीवद्रव्य उत्पत्तियुक्त छे. (२) जेम जीवद्रव्य उत्पत्तियुक्त छे, तेम विनाशयुक्त पण छे. केम के प्रतिक्षण बाल वगेरे अवस्थाओनो विनाश देखाय छे. जो जीवनी बालादि दशा क्यारेय नाश न पामती होय तो जीव सर्वदा बालादि स्वरूप ज रहेवाथी गरबड ज ऊभी थाय. (३) तथा जो बंधाय प्रकारे जीवद्रव्य उत्पाद-व्ययवाळुं ज होय अने कोई पण प्रकारे ते ध्रुव न होय तो अकृतआगम, कृतविनाश (११/८ मां आ दोषनुं विस्तारथी वर्णन आवशे) दोष आववाथी पूर्वदृष्टनुं अनुस्मरण = प्रत्यभिज्ञान, अभिलाषा वगेरे भावोनो उच्छेद थवाथी आलोक/परलोकना आलंबनथी थती तमाम प्रवृत्तिओनो उच्छेद थवाना लीधे मोटी गरबड ज ऊभी थाय. तेथी द्रव्यस्वरूपे जीवमां ध्रौव्य सिद्ध थाय छे. आथी उत्पाद-व्यय-ध्रौव्ययुक्त द्रव्य छे. आवा प्रकारनी विचारणा-व्याख्या ए मातृकापदअनुयोग कहेवाय.' उत्पादादिना अस्वीकारमां जे दोषो अहीं श्री**अभयदेवसूरि**जीए जणावेल छे. तेनुं विस्तारथी वर्णन आगळ (११/८) करवामां आवशे.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – त्रैलक्षण्यात्मकः वस्तुस्वभावः ज्ञान-दर्शनादिभावनया भावयितव्य इति प्रतिपादनस्य महत्त्वं चेतसि निधेयम्। 'तलस्पर्शी द्रव्यानुयोगाभ्यासः पारमेश्वरप्रवचनस्य पारमार्थिकप्रभावनाकरणेनाऽर्हत्प्रवचनसेवाऽवसरं प्रदत्ते' इति कृत्वा तात्त्विकजिनशासनसेवा-प्रभावनाकामिभिः मार्मिकरीत्या द्रव्यानुयोगः अभ्यसनीयः, न तु शास्त्राभ्यासं परित्यज्य पारमेश्वरप्रवचनप्रभावनाऽऽशयेन केवलं सिंहगर्जनया धर्मदेशना विधेया। एतादृशप्रवचनप्रभावनाभ्रमतः झटिति स्वात्मा बहिः निष्काशनीयः। तादृशभ्रमपरिहारतः "आत्मायत्तं निराबाधमतीन्द्रियमनश्वरम्। घातिकर्मक्षयोद्भूतं यत् तन्मोक्षसुखं विदुः।।" (तत्त्वानु. २४२) इति **तत्त्वानुशासने नागसेनेन** दर्शितं मोक्षसुखं सुप्रापं स्यात्।।૯/૨૮।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरास**ानुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ नवमशाखायां **उत्पादादिविचारा**ख्यः नवमः अधिकारः।।૯।।

ॐ द्रव्यानुयोगी प्रवचनप्रभावक ॐ

आध्यात्मिक उपनय :- उत्पाद-व्यय-ध्रौव्यात्मक वस्तुस्वभावने ज्ञानभावना, दर्शनभावना, चारित्रभावना वगेरेथी भावित करवानी वात खूब ज महत्त्वपूर्ण छे. तथा द्रव्यानुयोगनो ऊंडो अभ्यास जिनशासननी तात्त्विक प्रभावना कराववा द्वारा सुंदर शासनसेवानो लाभ अपावे छे. तेथी जिनशासननी सेवा अने प्रभावना करवा ईच्छता महात्माओए पण द्रव्यानुयोगनो मार्मिक अभ्यास करवा लागी जवुं जोईए. शास्त्राभ्यास विना केवळ पाटने गजाववाथी के गळाने छोलवाथी प्रवचनप्रभावना के शासनसेवा थई गयाना भ्रममांथी वहेली तके बहार नीकळी जवा जेवुं छे. तेवा भ्रमने छोडवाथी **तत्त्वानुशासन** ग्रंथमां दर्शावेल मोक्षसुख सुलभ थाय. त्यां श्री**नागसेन**जीए जणावेल छे के 'जे सुख (१) स्वाधीन, (२) पीडारहित, (३) अतीन्द्रिय, (४) अविनाशी, (५) घातिकर्मक्षयजन्य होय तेने मोक्षसुख तरीके शास्त्रकारोए जाणेल छे.' (૯/૨૮)

पूज्यपाद वर्धमान तपोनिधि न्यायविशारद स्व. गच्छाधिपति श्रीमद्विजय **भुवनभानुसूरीश्वर**जी महाराजाना शिष्यरत्न पूज्यवर्य पद्ममणि तीर्थोद्धारक पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक पंन्यासप्रवर श्री**विश्वकल्याणविजयजी** गणिवरना शिष्याणु मुनि **यशोविजय** गणी द्वारा स्वरचित *'द्रव्यानुयोग परामर्श'* (*द्रव्य-गुण-पर्यायरास* अनुसारी) ग्रंथनी *'परामर्शकर्णिका'* नामनी स्वरचित वृत्तिनी नवमी शाखाना *'कर्णिकासुवास'* नामना गुजराती विवरणमां *'उत्पादादि विचार'* - नामनो नवमो अधिकार पूर्ण थयो.

ॐ नवमी शाखा समाप्त ॐ

❁ શાખા - ૯ અનુપ્રેક્ષા ❁

પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

૧. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમાં પરસ્પર અભેદ છે - સમજાવો.
૨. વિસ્રસાપરિણામે ઉત્પત્તિના પ્રકારો દૃષ્ટાંત દ્વારા સમજાવો.
૩. સર્વથા એકસ્વભાવવાળી વસ્તુ પણ અનેક કાર્ય કરી શકે - બૌદ્ધના આ વાક્ય વિશે જૈન દર્શન શું કહે છે ?
૪. ઉત્પાદાદિ વિશે જ્ઞાનાદ્વૈતવાદી શૂન્યવાદીના મતનું નિરાકરણ કરો.
૫. 'उत्पद्यमानम् उत्पन्नं' નો ત્રિકાલસાપેક્ષ સ્વીકાર નૈયાયિક શી રીતે કરે છે ? તેમાં સ્યાદ્વાદથી શું તકલીફ આવે ?
૬. સ્યાદ્વાદ એ જૈનદર્શનની વિશેષતા છે - આકાશના અને દીવાના દૃષ્ટાંતથી સિદ્ધ કરો.
૭. 'કેવળીને યુગપદ્ જ્ઞાન-દર્શનોપયોગ હોય છે' - આ વાત વિવિધ શાસ્ત્રપાઠથી તથા તર્કથી સિદ્ધ કરો.
૮. 'कडेमाणे कडे' સિદ્ધાંત નિશ્ચયનયથી અને વ્યવહારનયથી સમજાવો.
૯. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક શી રીતે બની શકે ?

પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.

૧. 'तद्धेतोरस्तु किं तेन ?' - ન્યાય સમજાવો.
૨. ધર્માસ્તિકાયાદિની ઉત્પત્તિ વિશે શ્વેતાંબરની અને દિગંબરોની માન્યતામાં શું ફરક છે ?
૩. 'इष्टतः अवधारणम्' - ન્યાય સમજાવો.
૪. સદૃષ્ટાંત ધ્રૌવ્યના પ્રકારો સમજાવો.
૫. સ્યાદ્વાદમાં 'स्यात्' શબ્દનું મહત્ત્વ જણાવો.
૬. એક સમયે એક દ્રવ્યના અનંતા પર્યાયના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે - તે શરીરના દૃષ્ટાંતથી સમજાવો.
૭. અન્વયી અને વ્યતિરેકી ભાવો પણ એકાંતિક નથી - દૃષ્ટાંતથી સમજાવો.
૮. વિનાશના પ્રકાર સદૃષ્ટાંત સમજાવો.
૯. ત્રિપદીમાં ત્રણવાર આવતા 'इति' શબ્દનો અર્થ જણાવી આખી ત્રિપદીમાં તેની સંગતિ કરો.
૧૦. 'મનસ્કાર' શબ્દની ઓળખ આપો.

પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.

૧. હર્ષ-શોકને ઉત્પન્ન કરનાર દ્રવ્ય નથી, પર્યાય છે.
૨. વૈસ્રસિક ઉત્પત્તિ પ્રત્યે ભવિતવ્યતા મુખ્ય કારણ છે.
૩. ઘટત્વને દ્રવ્યત્વસાક્ષાદ્વ્યાપ્યજાતિ કહી શકાય.
૪. ઘટોત્પત્તિક્ષણ પછીની દ્વિતીયાદિ ક્ષણે ઘટને અનુત્પન્ન કહી શકાય.

૫. જ્ઞેયત્વ કેવલાન્વયી છે.
૬. જ્ઞાનને અને દર્શનને સાકાર માનવા છતાં વાસ્તવમાં જૈનો અને યોગાચાર-બૌદ્ધ બન્નેનો મત એક નથી.
૭. સર્વ નય સર્વદા મિથ્યાદૃષ્ટિ જ હોય.
૮. 'દિક્પ્રદા' એ અષ્ટસહસ્રીની સંક્ષિપ્ત વ્યાખ્યા છે.
૯. દ્રવ્યસમુદાયસંયોગથી થતા નાશને રૂપાંતરપરિણામાત્મક નાશ કહેવાય.
૧૦. સાંસારિક ભાવથી મુક્ત થવાના સમયે કેવળીનું કેવળજ્ઞાન રવાના થાય છે.

પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.

૧. યશોમિત્ર	(૧) મીમાંસક
૨. પાર્થ એવ ધનુર્ધરઃ	(૨) વેદાંતી
૩. સમન્તભદ્રસ્વામી	(૩) વિશેષણસંગત **'एव'**કાર
૪. પ્રયોગજન્ય પદાર્થ	(૪) ક્રિયાપદસંગત **'एव'**કાર
૫. વિસ્રસાજન્ય પદાર્થ	(૫) દિગંબર
૬. કુમારિલ્લ ભટ્ટ	(૬) શરીર
૭. શઙ્ખઃ પાણ્ડુરઃ એવ	(૭) ઘટ
૮. વિદ્યારણ્યસ્વામી	(૮) બૌદ્ધ
૯. સરોજં નીલં ભવતિ એવ	(૯) વીજળી
૧૦. મિશ્રપરિણામજન્ય પદાર્થ	(૧૦) વિશેષ્યસંગત 'एव' કાર

પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.

૧. 'અવસ્થિત દ્રવ્યના પૂર્વના ગુણધર્મનો અભાવ અને નૂતન ગુણધર્મની ઉત્પત્તિ એટલે પરિણામ'- આવું ----- માં જણાવેલ છે. (તત્ત્વાર્થસૂત્ર, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર)
૨. ત્રિપદીથી ----- જે વસ્તુ હોય તે અસત્ સમજવી. (વિશિષ્ટ, ભિન્ન, અભિન્ન)
૩. પ્રથમસમયસિદ્ધ, અપ્રથમસમયસિદ્ધ વગેરે સિદ્ધના પ્રકારો ---- સૂત્રમાં દર્શાવેલ છે. (આચારાંગ, ઠાણાંગ, ભગવતી)
૪. ઐકત્વિક વિસ્રસા ઉત્પત્તિનું દૃષ્ટાંત ----- છે. (શરીર, વાદળું, આકાશ)
૫. પુદ્ગલની ઉત્પત્તિના ----- પ્રકાર ભગવતીસૂત્રમાં અને ----- પ્રકાર મૂળગ્રંથમાં બતાવેલ છે. (૨, ૩, ૪)
૬. અર્થાંતર ગમન સ્વરૂપ વિનાશ ----- નયને માન્ય છે. (દ્રવ્યાસ્તિક, પર્યાયાસ્તિક, દ્રવ્યાસ્તિક -પર્યાયાસ્તિક)
૭. સ્થૂલધ્રૌવ્યને ----- નય સ્વીકારે છે. (સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર)
૮. ----- શબ્દ હેતુ, પ્રકાર, સમાપ્તિ વગેરે અર્થ માટે પ્રસિદ્ધ છે. (एव, इति, अथ)
૯. ----- રૂપે અનિયતપર્યાયારંભવાદ જૈનોને માન્ય છે. (ઘટત્વ, જીવત્વ, પુદ્ગલત્વ)

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.


દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ + દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ + દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ + દ્રવ્યભેદ નિરૂપણ
દ્રવ્યભેદ નિરૂપણ + દ્રવ્યભેદ નિરૂપણ

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

ઢાળ-૧૦

द्रव्यानुयोगपरामर्शः शाखा-१०

द्रव्यभेदनिरूपणम्

शाखा - १० : द्रव्यभेदनिरूपणम्

अभ्यक्त्याऽभावे चारित्राऽभावः (१०/१)

कदाग्रहे अपायाः (१०/२)

'अस्तिकाय'शब्दविवरणं षड्द्रव्यविषये च अस्तिकायविचारणा (१०/३)

धर्मास्तिकायस्य निरूपणम् (१०/४)

(i) पञ्चधा धर्मद्रव्यनिरूपणम् (१०/४)

(ii) झषगतिकारणमीमांसा (१०/४)

अधर्मास्तिकायस्य निरूपणम् (१०/५)

(i) अनुमानेन अधर्मद्रव्यसिद्धिः (१०/५)

(ii) अधर्मास्तिकायस्य कार्यतानिरूपणम् (१०/५)

(iii) तृणारणिमणिन्यायदर्शनम् (१०/५)

(iv) पञ्चधा अधर्मद्रव्यप्ररूपणा (१०/५)

(v) जले धर्मद्रव्यलक्षणस्य अतिव्याप्तिनिराकरणम् (१०/५)

(vi) सिद्धगति-स्थितिविचारः (१०/५)

आकाशस्य गति-स्थितिकारणताशङ्कायाः वारणम् (१०/६)

धर्माधर्मास्तिकायाऽस्वीकारे दोषापत्तिः (१०/७)

आकाशस्यस्वरूपनिरूपणम् (१०/८)

(i) अनुमानेन आगमेन च आकाशद्रव्यसिद्धिः (१०/८)

(ii) आकाश-तद्गुणविषये विविधशास्त्रमन्तव्यानि (१०/८)

(iii) लोकाऽलोकस्वरूपदर्शनम् अलोकस्य च आनन्त्यम् (१०/९)

कालनिरूपणम् (१०/१०)

(i) कालः पर्यायः, न तु द्रव्यम् (कालः उपचरितद्रव्यम्) (१०/१०)

(ii) 'वर्तना'पर्यायनिरूपणम् (१०/१०)

(iii) जीवाजीवरूपः कालः (१०/११)

(iv) निरुपचरितद्रव्यत्वेन कालसिद्धिः (१०/१२)

(v) कालः अपेक्षाकारणम्, मनुष्यलोकवर्ती, चतुर्विधः, अरूपी च (१०/१२)

(vi) अनुमानेन कालसिद्धिः (१०/१२)

(vii) कालविषयकमतद्वयमीमांसा (१०/१३)

(viii) षाड्गुण्यादिमते स्वतन्त्रकालद्रव्यनिराशः (१०/१३)

(ix) कालविषयकदिगम्बरमतसमीक्षा (१०/१४-१५)

(x) ऊर्ध्वताप्रचय-तिर्यक्प्रचयद्वारेण कालद्रव्यसमीक्षा (१०/१६-१७-१८)

(xi) काले द्रव्यारोपः (१०/१९)

जीव-पुद्गलद्रव्ययोः विचारः (१०/२०)

❋ ટૂંકસાર ❋

: શાખા - ૧૦ :

દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદાભેદની વિચારણા કરી. હવે દ્રવ્યના પ્રકારો જણાવાય છે. (૧૦/૧)

તે વિભિન્ન પ્રકારોના યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધા દ્વારા અંતરંગ મોક્ષપુરુષાર્થ કરવો. (૧૦/૨)

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને આત્મા - એમ ૬ દ્રવ્યો શાશ્વત જાણવા. આમ શાશ્વત આત્મતત્ત્વને જાણીને નિર્ભયતાપૂર્વક ઉપસર્ગાદિમાં સ્થિર રહેવું. (૧૦/૩)

લોકમાં જીવની અને જડની ગતિનું અપેક્ષાકારણ ધર્માસ્તિકાય છે. મન-વચન-કાયયોગની પ્રવૃત્તિમાં પણ ધર્માસ્તિકાય સહાયક હોવાથી તેના પ્રત્યે કૃતજ્ઞતા કેળવી આત્મશુદ્ધિના પ્રયત્નો કરવા. (૧૦/૪)

જીવને અને પુદ્ગલને સ્થિર રહેવામાં અધર્માસ્તિકાય સહાયક છે. ધ્યાન માટે કાયિક સ્થિરતા અને ચિત્તસ્થિરતા જરૂરી છે. તે માટે અધર્માસ્તિકાયનો ઉપકાર માની નમ્રભાવે ધ્યાનસાધનામાં આગળ વધવું. (૧૦/૫)

મુક્ત જીવની ગતિમાં સ્વાભાવિક રીતે ધર્માસ્તિકાય સહાયક છે. (૧૦/૬)

જેમ ગતિમાં ધર્માસ્તિકાયને તેમ સ્થિતિમાં અધર્માસ્તિકાયને કારણ માનવાનું છે. (૧૦/૭)

આકાશ જેમ ભેદભાવ વિના જીવ-અજીવને રહેવાની જગ્યા આપે છે. તેમ આપણે કોઈ પણ જાતના પક્ષપાત વિના સર્વ જીવોને મૈત્રીભાવે આપણા હૃદયમાં સ્થાન આપવું. (૧૦/૮)

લોકાકાશ અને અલોકાકાશ પરમાર્થથી એક જ છે. તેમ સંસારી જીવો અને સિદ્ધના જીવો પરમાર્થથી એકસ્વરૂપ જ જાણી સિદ્ધત્વની સાધના માટે ઉત્સાહ જગાવવો. (૧૦/૯)

કાળ દ્રવ્ય નથી, પર્યાય છે. પરંતુ તેમાં દ્રવ્યનો ઉપચાર કરીને 'કાળ અનંત છે' - તેવું બોલાય છે. વર્તનાપર્યાયસ્વરૂપ કાળનો સાધકે સાધના દ્વારા સદુપયોગ કરી લેવાનો છે. (૧૦/૧૦)

સિદ્ધાંતમાં 'જીવ અને અજીવ એ જ કાળ છે' - આવું બતાવેલ છે. તેથી આપણે આપણો કાળ સુધારવા સતત જાગૃત રહેવું. (૧૦/૧૧)

મતાંતરે જ્યોતિશ્ચક્રની ગતિ દ્વારા દ્રવ્યાત્મક કાળતત્ત્વનો નિર્ણય થાય છે. સ્થૂલલોકવ્યવહારસિદ્ધ કાલદ્રવ્ય અપેક્ષારહિત સમજવું. (૧૦/૧૨-૧૩)

મંદગતિથી એક આકાશપ્રદેશમાંથી બીજા આકાશપ્રદેશમાં પરમાણુ જેટલા કાળમાં સંચરે તેટલો કાળ 'સમય' કહેવાય. આ દિગંબર મત શ્વેતાંબરો પણ સ્વીકારે છે. અહીં વિશાળ દૃષ્ટિકોણથી બીજાની વાતનો યોગ્ય રીતે સમન્વય કરવાનું સૂચવેલ છે.(૧૦/૧૪-૧૫)

દિગંબરમતે અસંખ્ય કાલાણુદ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ છે, તિર્યક્પ્રચય સ્વરૂપ નથી. અહીં ગ્રંથકારશ્રીએ દિગંબરમતની સમીક્ષા પણ કરેલ છે. (૧૦/૧૬-૧૭-૧૮)

વાસ્તવમાં કાળ વર્તનાપર્યાયરૂપ છે છતાં ઉપચારથી તેને 'દ્રવ્ય' કહેલ છે. કાળમાં અનેક પ્રદેશ નથી તેની સંગતિ માટે 'કાલ અણુ છે' - આવું જણાવેલ છે. દ્રવ્યસંખ્યાપૂર્તિ માટે કાળનો ઉપયોગ થયો તેમ આપણો ઉપયોગ કર્મસત્તા મનુષ્યની સંખ્યાની પૂર્તિ માટે ન કરે તે જરૂરી છે. (૧૦/૧૯)

વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વગેરે પુદ્ગલના લક્ષણ જાણવા. ચેતના, અરૂપીપણું વગેરે જીવના લક્ષણ જાણવા. જીવનું પુદ્ગલથી અલગ સ્વતંત્ર અસ્તિત્વ પ્રગટે તે માટે દરેકે જાગૃત થવું.(૧૦/૨૦-૨૧)

ઢાળ - ૧૦

(રાગ - મેવાડી - ભોળીડા હંસા રે વિષય ન રાચીયે - એ દેશી.♦)

ભિન્ન-અભિન્ન રે તિવિધ* તિય લક્ષણો, ‡ભાખીઓ ઈમ †મઈ રે અત્થ;
•ભેદ દ્રવ્ય-ગુણ-પજ્જવના હવઈ❖, ભાખીજઈ પરમત્થ ॥૧૦/૧॥ (૧૯૨)
સમકિત *સૂધું રે ઈણિ પરિ આદરો, સમકિત વિણ સવિ ધંધ;
સમકિત વિણ જે રે હઠમારગિ પડિઆ*, તે સવિ જાતિં રે અંધ ॥૧૦/૨॥ (૧૯૩)
સમકિત સૂધું રે ઈણિ પરિ આદરો. એ આંકણી.

• द्रव्यानुयोगपरामर्शः •

शाखा - ૧૦

निरुक्तोत्पादादियुक्तानां द्रव्यादीनां प्रकारमुपदर्शयन्नाह – '**भिन्ने**'ति।

भिन्नाऽभिन्नोऽर्थ एवं त्रि-चिह्नः त्रिधाऽत्र भाषितः।
तत्र द्रव्यादिभेदाः हि निरूप्यन्ते यथागमम्।।१०/१।।
रे समाचर सम्यक्त्वम्, तद् विना ध्यन्धता क्रिया।
तद् विना हठमार्गस्थाः तेषां जात्यन्धता ध्रुवा।।१०/२।। (युग्मम्)
रे समाचर सम्यक्त्वम्।। ध्रुवपदम्।।

✲ **द्रव्यानुयोगपरामर्शकर्णिकासुवास** ✲

अवतरणिका :- નવમી શાખામાં વર્ણવેલ ઉત્પાદાદિથી યુક્ત એવા દ્રવ્યાદિના પ્રકારને દર્શાવતા ગ્રંથકારશ્રી કહી રહ્યા છે કે :-

卐 द्रव्यादिभेदनिरूपण प्रतिज्ञा 卐

શ્લોકાર્થ :- આ પ્રમાણે અહીં પદાર્થ ભિન્ન-અભિન્ન તેમજ ત્રિલક્ષણ અને ત્રિવિધ છે - તેવું જણાવી ગયા. તે પદાર્થમાં દ્રવ્યાદિના ભેદ = પ્રભેદ = પ્રકાર આગમ અનુસારે કહેવાય છે.(૧૦/૧)

રે ભવ્યાત્મા ! સમ્યક્ત્વને આદરો. તેના વિના ક્રિયા મતિઅંધતા છે. તેના વિના જેઓ હઠમાર્ગે

♦ આજ નિહોજો રે દીસે નાહલો. એ દેશી. પાલિ૦. * શાં.+ધ.+મ.+કો.(૨)માં 'તિવિહ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ‡ મ.માં 'ભાસિઓ' પાઠ. † મઈ = મારા વડે (सं.मया) આધારગ્રંથ - બાલાવબોધ ટુ ઉપદેશમાલા પ્રકા. ધ રોયલ એશિયાટિક સોસાયટી, લંડન; જ્ઞાનવિમલસૂરિકૃત આનંદઘનબાવીસીસ્તબક, ઉક્તિરત્નાકર (સાધુસુંદરગણીકૃત). • કો.(૫)માં 'ભેદઈ' પાઠ. ❖ કો.(૪)માં 'છઈ' પાઠ. * સૂધું = સૂધઉં = સારું, શુદ્ધ, ચોક્ખું, સ્પષ્ટ, સીધું, સાચું, પૂરું. આધારગ્રંથ- અખાની કાવ્યકૃતિઓ ખંડ-૨, અખાના છપ્પા, અખેગીતા, ગુર્જર રાસાવલી, નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ, નલદવદંતી (= નલદમયંતી) રાસ (મહીરાજકૃત), નલાખ્યાન, પ્રબોધપ્રકાશ (ભીમકૃત), પ્રેમાનંદની કાવ્યકૃતિઓ, વિમલપ્રબંધ (લાવણ્યસમયકૃત), ચિત્તવિચારસંવાદ (અખાજીકૃત), દશમસ્કંધ-ભાગ-૧-૨, બાલાવબોધ ટુ ઉપદેશમાલા, ઋષિદત્તારાસ, અભિનવ-ઉઝણું (દેહલકૃત), અંબડવિદ્યાધર રાસ, આરામશોભા રાસમાળા, કાદંબરી પૂર્વભાગ ભાલણકૃત. * પુસ્તકોમાં 'વિસ્તારી' પાઠ. સિ.+કો.(૯+૧૨)+લા.(૨)નો પાઠ લીધો છે.

"ભિન્ન-અભિન્ન ત્રિવિધ □ત્રિયલક્ષણ એક અર્થ છઈ" - (ઈમ=) એહવું જે પહલાં ‡દ્વાર૩પઈ કહિઉં હુતું, તે *વિવિધ પ્રકારિ કહઈ છઈ. તેહ* મઈ વિસ્તારીનઈ એટલઈ ઢાલે♦ (ભાખીઓ=) કહિઉં.

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अत्र भिन्नाऽभिन्नः त्रिचिह्नः त्रिधा अर्थः भाषितः। तत्र द्रव्यादिभेदाः हि यथागमं निरूप्यन्ते।।१०/१।।

एतावता **अत्र** प्रबन्धे **भिन्नाऽभिन्नः** = भेदसंवलिताऽभेदान्वितः **त्रिचिह्नः** = उत्पाद-व्यय-ध्रौव्यलक्षणः **त्रिधा** = द्रव्य-गुण-पर्यायप्रकारः **अर्थः** = पदार्थः **एवं** = **यशोविजयवाचक**दर्शितरीत्या द्वितीयशाखोपदर्शित(२/१)द्वारपदानुसारेण **भाषितः** = प्रतिपादितः।

इह तावत् प्रासङ्गिकतया द्रव्यलक्षणं नानाशास्त्रानुसारेण उपदर्श्यते। तथाहि – (१) "सद् द्रव्यलक्षणम्" (आ.प.पृ.१) इति **आलापपद्धतौ देवसेनः**। **कार्त्तिकेयाऽनुप्रेक्षावृत्तौ शुभचन्द्रः** तु "सीदति = स्वकीयान् गुण-पर्यायान् व्याप्नोति इति सद्" (का.अ.२३७/वृ.पृ.१६८) इति व्याख्यातवान्। (२) पूर्वोक्त-(६/११ + ९/९ + ९/२८)रीत्या "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्" (त.सू.५/२९) इति **तत्त्वार्थसूत्रे उमास्वाति**वाचकाः। (३) "गुण-पर्यायवद् द्रव्यम्" (त.सू.५/३७) इत्यपि तत्रैव।

(४) **उत्तराध्ययनसूत्रे** तु [1]"गुणाणमासओ दव्वं" (उत्त.२८/६) इति तल्लक्षणं दर्शितम्।

પડેલા છે તેઓને ચોક્કસ જન્માંધ જાણવા. (૧૦/૨) (યુગ્મ)

રે ભવ્ય પ્રાણી ! શુદ્ધ સમકિતને આદરો. (ધ્રુવપદ)

व्याख्यार्थ :- અત્યાર સુધીની ચર્ચા દ્વારા પ્રસ્તુત દ્રવ્યાનુયોગપરામર્શ નામના પ્રબંધ ગ્રંથમાં, **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે દર્શાવેલી પદ્ધતિ મુજબ, પૂર્વે બીજી શાખાના પ્રથમ શ્લોકમાં જણાવી ગયા તે દ્વારપદને અનુસારે, અમે જણાવી ગયા કે 'પદાર્થ ભેદયુક્ત અભેદથી વણાયેલ છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે, દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે.'

❋ द्रव्यलक्षण परामर्श ❋

(**इह.**) અહીં સૌ પ્રથમ પ્રાસંગિક રીતે જુદા-જુદા શાસ્ત્રો મુજબ દ્રવ્યનું લક્ષણ દેખાડવામાં આવે છે.

(૧) **આલાપપદ્ધતિ** ગ્રંથમાં દિગંબર **દેવસેને** જણાવેલ છે કે "દ્રવ્યનું લક્ષણ સત્ છે." તેની વ્યાખ્યા કરતા **કાર્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં દિગંબર **શુભચંદ્ર** નામના વિદ્વાને જણાવેલ છે કે "પોતાના ગુણ-પર્યાયમાં જે ફેલાયેલ હોય તે સત્ કહેવાય."

(૨) પૂર્વે (૬/૧૧ + ૯/૯ + ૯/૨૮) દર્શાવેલ પદ્ધતિ મુજબ સત્નું લક્ષણ બતાવતાં **શ્રીઉમાસ્વાતિવાચકે** "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત હોય તે સત્ કહેવાય" - એ પ્રમાણે **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવેલ છે.

(૩) તેઓશ્રીએ **તત્ત્વાર્થસૂત્ર**માં જ કહેલ છે કે "ગુણ-પર્યાયયુક્ત હોય તે દ્રવ્ય કહેવાય."

(૪) **ઉત્તરાધ્યયનસૂત્ર**માં તો દ્રવ્યનું લક્ષણ આમ છે કે "ગુણોનો આશ્રય હોય તે દ્રવ્ય કહેવાય."

□ પુસ્તકોમાં 'ત્રિલ..' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ‡ પુસ્તકોમાં 'દ્વાર૩પ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે.

... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ♦ લી.(૩)માં 'ઠામે' પાઠ. 1. गुणानाम् आश्रयः द्रव्यम्।

(५) [1]"दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं। दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो।। [2]दव्वं सल्लक्खणियं उप्पाद-व्वय-धुवत्तसंजुत्तं। गुण-पज्जयासयं वा जं तं भण्णंति सव्वण्हू।।" (प.स.९,१०) इति **पञ्चास्तिकायसङ्ग्रहे कुन्दकुन्दस्वामी**। (६) **परमात्मप्रकाशे योगीन्द्रदेवेन** [3]"तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जयजुत्तु" (प.प्र.५७) इत्युक्तम्। (७) **सम्मतितर्के सिद्धसेनदिवाकरेण** [4]"दव्वं पज्जयविउयं दव्वविउत्ता य पज्जवा णत्थि। उप्पाय-ट्ठिइ-भंगा हंदि दवियलक्खणं एयं" (स.त.१/१२) इति तल्लक्षणं निष्टङ्कितम्। (८) **प्रवचनसारे कुन्दकुन्दस्वामिना** [5]"अपरिच्चत्तसहावेणुप्पाद-व्वय-धुवत्तसंबद्धं। गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति।।" (प्र.सा.गा.९५) इत्युक्तम्। (९) **अनुयोगद्वारसूत्रवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "द्रवति = गच्छति = तांस्तान् पर्यायान् प्राप्नोति इति द्रव्यम्" (अनु.सू.२१७ वृ.पृ.२७०) इति व्युत्पत्तिपुरस्कारेण तल्लक्षणम् उक्तम्। (१०) **स्थानाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "द्रवति = गच्छति तांस्तान् पर्यायान्, द्रूयते वा तैस्तैः पर्यायैः इति द्रव्यं गुण-पर्यायवान् अर्थः" (स्था.१०/७२६ पृ.८२८) इति तल्लक्षणम् उपदर्शितम्। (११) **तत्त्वार्थसर्वार्थसिद्धौ** "यथास्वं पर्यायैर्द्रूयन्ते द्रवन्ति वा तानि द्रव्याणि" (त.स.सि. ५/

---

(५) **पंचास्तिकायसंग्रह**માં **कुंदकुंदस्वामी** કહે છે કે "તે-તે સદ્‌ભાવ પર્યાયોને જે દ્રવે = પામે તેને સર્વજ્ઞ દ્રવ્ય કહે છે. તે સત્તાથી અનન્યભૂત છે. **(A)** દ્રવ્ય 'सत्'લક્ષણવાળું છે. **(B)** દ્રવ્ય ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યથી સંયુક્ત છે. અથવા **(C)** જે ગુણ-પર્યાયોનો આશ્રય છે તેને સર્વજ્ઞ દ્રવ્ય કહે છે."

(૬) **परमात्मप्रकाश**માં **योगीन्द्रदेव** કહે છે કે "તેને તમે દ્રવ્ય જાણો, જે ગુણ-પર્યાયથી યુક્ત છે."

(૭) **संमतितर्क**માં **सिद्धसेनदिवाकरसूरि**જીએ જણાવેલ છે કે "પર્યાયશૂન્ય દ્રવ્ય નથી હોતું તથા દ્રવ્યશૂન્ય પર્યાયો નથી હોતા. ખરેખર ઉત્પાદ-સ્થિતિ-ભંગ આ જ દ્રવ્યનું લક્ષણ છે."

(૮) **प्रवचनसार** ગ્રંથમાં **कुंदकुंदस्वामी**એ જણાવેલ છે કે "સ્વભાવને છોડ્યા વિના જે ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્યથી સંયુક્ત છે તથા ગુણવાળું અને પર્યાયસહિત છે તે દ્રવ્ય કહેવાય છે."

(૯) **अनुयोगद्वारसूत्रव्याख्या**માં મલધારી **श्रीहेमचंद्रसूरि**જીએ વ્યુત્પત્તિને આગળ કરવા પૂર્વક દ્રવ્યનું લક્ષણ આ પ્રમાણે જણાવેલ છે કે "द्रवे = તે તે પર્યાયોને પામે તે દ્રવ્ય."

(૧૦) **स्थानांगसूत्रव्याख्या**માં **श्रीअभयदेवसूरि**જીએ દ્રવ્યનું લક્ષણ દેખાડતાં કહેલ છે કે "**(A)** द्रवे = તે તે પર્યાયોને પામે તે દ્રવ્ય. **(B)** તે તે પર્યાયો દ્વારા જે પ્રાપ્ત કરાય તે દ્રવ્ય કહેવાય. **(C)** ગુણ-પર્યાયયુક્ત પદાર્થ = દ્રવ્ય."

(૧૧) **तत्त्वार्थसर्वार्थसिद्धि**માં "**(a)** યથાયોગ્ય પોતાના જ પર્યાયો દ્વારા જે પમાય તે દ્રવ્ય અથવા (b) પર્યાયોને પામે તે દ્રવ્ય" - આ પ્રમાણે દ્રવ્યલક્ષણ દર્શાવેલ છે.

---

1. द्रवति गच्छति तांस्तान् सद्भावपर्यायान् यत्। द्रव्यं तत् भणन्ति अनन्यभूतं तु सत्तातः।। 2. द्रव्यं सल्लक्षणकं उत्पाद -व्यय-ध्रुवत्वसंयुक्तम्। गुण-पर्यायाश्रयं वा यत्तद् भणन्ति सर्वज्ञाः।। 3. तं परिजानीहि द्रव्यं त्वं यत् गुण-पर्याययुक्तम्। 4. द्रव्यं पर्यायवियुक्तं द्रव्यवियुक्ताश्च पर्याया न सन्ति। उत्पाद-स्थिति-भङ्गा हन्दि द्रव्यलक्षणं एतद्।।
5. अपरित्यक्तस्वभावेनोत्पाद-व्यय-ध्रुवत्वसम्बद्धम्। गुणवच्च सपर्यायं यत्तद्द्रव्यमिति ब्रुवन्ति।।

२) इति द्रष्टव्यम्। (१२) **द्रव्यस्वभावप्रकाशे** [1]"तिक्काले जं सत्तं वट्टदि उप्पाद-वय-धुवत्तेहिं। गुण-पज्जायसहावं अणाइसिद्धं खु तं हवे दव्वं।।" (द्र.स्व.प्र.३६) इति तल्लक्षणं दर्शितम्। (१३-१९) **विशेषावश्यकभाष्ये** विविधनयाऽभिप्रायेण [2]"दवए, दुयए... " (वि.आ.भा.२८) इत्यादिना यानि सप्त द्रव्यलक्षणानि दर्शितानि तानि पूर्वोक्तानि (२/१ पृ.९६-९७) इहाऽनुसन्धेयानि। (२०) "द्रवति = अतीताऽनागतपर्यायान् अधिकरणत्वेन अविचलितरूपं सद् गच्छतीति द्रव्यम्" (स.त.१/६/पृ.३८७) इति **सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरि**दर्शितं द्रव्यलक्षणम् इह पूर्वोक्तं (२/१ पृ.९१) अत्राऽनुसन्धेयम्। (२१) **जैनस्याद्वादमुक्तावल्यां यशस्वत्सागरेण** "द्रवत्यद्रुद्रवद् द्रोष्यत्येव त्रैकालिकञ्च यत्। तांस्तांस्तथैव पर्यायांस्तद् द्रव्यं जिनशासने।।" (जै.स्या.मु.१/११) इत्युक्तम्। (२२) **द्वात्रिंशिकास्वोपज्ञवृत्तौ** "अनपेक्षितविशिष्टरूपं हि द्रव्यम्" (द्वा.द्वा.८/२५वृ.) इत्युक्तम्। (२३) **पञ्चसूत्रवार्त्तिके सागरानन्दसूरि**भिः "अतीताऽनागत-वर्त्तमान-पर्यायपरिणामि द्रव्यम्" (प.सू.१ वा.पृ.१३) इत्यावेदितम्।

(२४) **पातञ्जलमहाभाष्ये** "द्रव्यं हि नित्यम्" (पा.म.भा.१/१/१) इति द्रव्यलक्षणं दर्शितम्। (२५) "संयोगवद्वृत्तिसत्तावान्तरजातियोगि द्रव्यम्" (ल.मा.) इति **लक्षणमालाकारः**। (२६) "गुण-क्रियावद् द्रव्यम्" ( ) इति **मीमांसकाः**। (२७) "सङ्कोच-विकासावस्थाश्रयः द्रव्यम्" ( ) इति **वेदान्तिनः**।

---

(१२) **द्रव्यस्वभावप्रकाश** ગ્રંથમાં જણાવેલ છે કે "(क) ત્રણ કાળમાં જે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યરૂપે સત્ હોય અથવા (ख) જે ગુણ-પર્યાયસ્વભાવયુક્ત છે તે દ્રવ્ય. તે દ્રવ્ય અનાદિસિદ્ધ છે."

(१३-१९) **विशेषावश्यकभाष्य**માં "दवए, दुयए..." ઈત્યાદિરૂપે જુદા-જુદા નયના અભિપ્રાયથી દ્રવ્યના સાત લક્ષણો દેખાડેલા છે, તે પૂર્વે (२/१) જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

(२०) **શ્રીअभयदेवसूरि**એ **संमतितर्कव्याख्या**માં કહેલ છે કે "द्रवे તે દ્રવ્ય કહેવાય અર્થાત્ અવિચલિતસ્વરૂપ હોતે છતે જે અધિકરણ સ્વરૂપ હોવાથી અતીત-અનાગત પર્યાયોને પામે તે દ્રવ્ય કહેવાય." આ બાબત પૂર્વે (२/१) જણાવેલ છે. તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

(२१) **જૈનस्याद्वादमुक्तावली**માં શ્વેતાંબર **यशस्वत्सागर**જીએ જણાવેલ છે કે 'તે તે પર્યાયોને જે વર્તમાનમાં દ્રવે = પામે છે, ભૂતકાળમાં પામેલ હતું, તે જ રીતે ભવિષ્યમાં પામશે જ, તે ત્રૈકાલિક વસ્તુ જિનશાસનમાં દ્રવ્ય કહેવાય છે.'

(२२) **द्वात्रिंशिकास्वोपज्ञवृत्ति**માં કહેલ છે કે 'પરિવર્તનશીલ વિશિષ્ટ સ્વરૂપથી નિરપેક્ષ વસ્તુ = દ્રવ્ય.'

(२३) **पंचसूत्रवार्त्तिक**માં **सागरानंदसूरि**જીએ કહેલ છે કે 'અતીત-અનાગત-વર્તમાન પર્યાયોનું જે પરિણામી (= ઉપાદાનકારણ) હોય તે દ્રવ્ય જાણવું.'

(२४) **पातंजलमहाभाष्य**માં દ્રવ્યનું લક્ષણ બતાવતાં કહેલ છે કે "દ્રવ્ય ખરેખર નિત્ય જ હોય છે."

(२५) **लक्षणमालाकार** કહે છે : 'સંયોગી વસ્તુમાં રહેતી સત્તાની અવાન્તર જાતિ જેમાં રહે, તે દ્રવ્ય.'

(२६) **मीमांसक**ો કહે છે કે 'ગુણ-ક્રિયાયુક્ત હોય તે દ્રવ્ય.'

(२७) 'સંકોચ અને વિકાસ અવસ્થાનો જે આશ્રય બને, તે દ્રવ્ય' - આમ **वेदान्ती** માને છે.

---

1. त्रिकाले यत् सत्त्वं वर्तते उत्पाद-व्यय-ध्रुवत्वैः। गुण-पर्यायस्वभावमनादिसिद्धं खु तद् भवेद् द्रव्यम्।। 2. द्रवति, द्रूयते...।

હિવઈ દ્રવ્ય-ગુણ-પર્યાયના જે પરમાર્થઈ ભેદ છઈ, તે *વિસ્તારીનઈ ભાખિઈ છઈ.॥૧૦/૧॥

(૨૮) "लिङ्ग-सङ्ख्या-कारकान्वितं द्रव्यम्" ( ) इति **वैयाकरणाः**।

(૨૯) "द्रव्यत्वावच्छिन्नत्वे सति गुण-कर्मकाधेयतानिरूपिताऽधिकरणताशालि द्रव्यम्" ( ) इति **नैयायिकाः**।

(૩૦) "भावकार्यसमवायिकारणं द्रव्यम्" ( ) इति **वैशेषिकाः**। (૩૧) "साक्षात्सम्बन्धेन इन्द्रियग्राह्यं द्रव्यम्" ( ) इति केचित्। (૩૨) "द्रव्यत्वधर्मेण व्यक्तीभूतो यदृच्छार्थः = द्रव्यम्" ( ) इति अन्ये।

इत्थं स्वतन्त्र-समानतन्त्र-परतन्त्रसमन्वयेन द्रव्यलक्षणं यथायथं सुनय-प्रमाणाऽनुसारेण अवसेयम्।

तत्र = दर्शितपदार्थमध्ये **द्रव्यादिभेदाः** = द्रव्य-गुण-पर्यायप्रकाराः **यथागमम्** = आगमानुसारेण **हि** = एव **निरूप्यन्ते** = प्रतिपाद्यन्ते अस्माभिः। 'द्रव्याणां कियन्तः प्रकाराः ?, कतिविधा गुणाः ?, किंविधाश्च पर्यायाः ?' इति पर्यनुयोगसमाधानमितः अवशिष्टशाखासु भविष्यतीति भावः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - आगमानुसारेण द्रव्यादिभेदकथनस्य प्रतिज्ञातः इदं सूच्यते यदुत आत्मार्थी सर्वत्र जिनागमं पुरस्करोति। स्वमतिकल्पनामपहाय, अन्धश्रद्धां विमुच्य सर्वदा सर्वत्र आगमदृष्टिप्राधान्यार्पणे एव पुद्गलदृष्टिः पलायेत; तात्त्विकी आत्मदृष्टिः, आत्मरुचिः,

(૨૮) 'લિંગ, સંખ્યા અને કારક જેમાં હોય, તે દ્રવ્ય બને' - આ મુજબ **વૈયાકરણ** કહે છે.

(૨૯) **નૈયાયિકો** કહે છે કે 'જે પદાર્થ દ્રવ્યત્વવિશિષ્ટ હોય અને ગુણ-કર્મવર્તી એવી આધેયતાથી નિરૂપિત અધિકરણતાનો આશ્રય બને, તેને દ્રવ્ય જાણવું.'

(૩૦) **વૈશેષિકો** કહે છે કે 'ભાવ કાર્યનું સમવાયિકારણ હોય તે દ્રવ્ય.'

(૩૧) અમુક વિદ્વાનો એમ માને છે કે 'સાક્ષાત્ સંબંધથી જે પદાર્થ ઈન્દ્રિયગ્રાહ્ય હોય તે દ્રવ્ય.'

(૩૨) અન્ય લોકો એમ કહે છે કે 'દ્રવ્યત્વ નામના ગુણધર્મથી વ્યક્ત થયેલ યદૃચ્છા અર્થ = યાદૃચ્છિક પદાર્થ તે જ દ્રવ્ય.'

(इत्थं.) આ રીતે શ્વેતામ્બર જૈનદર્શન (= સ્વતંત્ર = નિજતંત્ર), દિગંબર (=સમાનતંત્ર) તથા પરદર્શન - આ ત્રણેયનો સમન્વય કરીને યથાયોગ્ય રીતે સુનય અને પ્રમાણ મુજબ દ્રવ્યલક્ષણ સમજવું.

ॐ प्रतिज्ञाप्रदर्शन ॐ

(तत्र.) હવે ઉપરોક્ત પદાર્થની અંદર દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ = પ્રકાર આગમ મુજબ જ અહીં અમારા દ્વારા કહેવાય છે. મતલબ કે 'દ્રવ્યોના કેટલા પ્રકાર છે ? ગુણના કેટલા ભેદ છે ? પર્યાયો કેટલા પ્રકારે છે ?' - આ પ્રશ્નોનું સમાધાન અહીંથી બાકીની શાખાઓમાં કરવામાં આવશે. આ પ્રમાણે અહીં ગ્રંથકારશ્રીનો આશય છે.

❀ स्वमतिकल्पना तजीએ ❀

આધ્યાત્મિક ઉપનય :- 'આગમ મુજબ દ્રવ્યાદિના ભેદ કહેવાય છે' - આ પંક્તિ એમ જણાવે છે કે આત્માર્થી સાધક દરેક બાબતમાં આગમને આગળ ધરે છે. પોતાની મતિકલ્પનાને ખસેડી, અંધશ્રદ્ધાને

* પુસ્તકોમાં 'વિસ્તારી' પાઠ. સિ.+કો.(૯+૧૨)+લા.(૨)નો પાઠ લીધો છે.

आत्मजिज्ञासा आत्मविविदिषा च प्रादुर्भवेयुः। तदनन्तरमेव सम्यग्ज्ञानाद्युपलब्धिः शक्या। तच्छुद्धिकृते च **लब्धिसारे** [1]"सो मे तिहुवणमहियो सिद्धो बुद्धो णिरंजणो णिच्चो। दिसदु वरणाण-दंसण-चरित्तसुद्धिं समाहिं च।।" (ल.सा.६४७) इति **नेमिचन्द्र**दर्शितरीत्या सिद्धप्रार्थना कार्या इत्युपदेशः।।१०/१।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – रे ! (भव्य !) सम्यक्त्वं समाचर। तद् विना क्रिया ध्यन्धता (प्रोक्ता)। तद् विना ये हठमार्गस्थाः तेषां ध्रुवा जात्यन्धता ज्ञेया।।१०/२।।

रे ! (भव्य !) सम्यक्त्वं समाचर।। ध्रुवपदम्।।

ननु तीर्थकृता द्रव्यादिप्रकाराः कियन्तः प्रोक्ताः ? इति ज्ञानेन किं प्रयोजनम् ? ***अत्रोच्यते,*** एतत्परिज्ञानेन 'तीर्थकृता तीर्थान्तरीयानुपलब्धाः यावन्तः द्रव्यादिप्रकाराः हेतुवादाऽऽगमवादविषयरूपेण प्रोक्ताः तावन्त एव तथा सम्भवन्ति, नाधिका नापि न्यूनाः न चाऽन्यथा' इति तीर्थकर-तद्वचन -तद्वाच्यार्थप्रत्ययाद् अन्तरङ्गमोक्षपुरुषार्थव्यापारप्रवाहप्रवृत्तेः ग्रन्थिभेदादिद्वारा सम्यक्त्वमाविर्भवति।

रे ! भव्य ! इदं **सम्यक्त्वं** = द्रव्यानुयोगपरिशीलनादिप्रयुक्तग्रन्थिभेदलभ्यं विस्तारुचिसम्यग्दर्शनं

હટાવી સર્વદા, સર્વત્ર આગમદૃષ્ટિને મુખ્ય બનાવવામાં આવે તો જ પુદ્ગલદૃષ્ટિ ખસી, તાત્ત્વિક આત્મદૃષ્ટિ -આત્મરુચિ-આત્મજિજ્ઞાસા-આત્મસંવેદનકામના પ્રગટે. ત્યાર પછી જ સમ્યગ્જ્ઞાનાદિની પ્રાપ્તિ શક્ય છે. તથા તે સમ્યગ્જ્ઞાનાદિની શુદ્ધિ કરવા માટે **લબ્ધિસાર**માં **નેમિચન્દ્ર**જીએ જણાવેલ નિમ્નોક્ત પદ્ધતિ મુજબ સિદ્ધ ભગવંતને પ્રાર્થના કરવી કે "ત્રણ લોકથી પૂજાયેલ કેવલજ્ઞાનરૂપી બોધવાળા, કર્મરૂપી અંજનથી રહિત અને નિત્ય એવા તે સિદ્ધ ભગવંત મને શ્રેષ્ઠ જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધિ અને સમાધિ આપો" - આ આધ્યાત્મિક સંદેશની આત્માર્થી જીવે નોંધ લેવી.(૧૦/૧)

નોંધ :- પ્રથમ-દ્વિતીય બન્ને શ્લોકના અર્થ એકીસાથે બતાવી ગયા છીએ. તેથી હવે બીજા શ્લોકની વ્યાખ્યાનો અર્થ દેખાડવામાં આવે છે.

❀ द्रव्यप्रकारज्ञान सम्यक्त्वजनक ❀

व्याख्यार्थ :- 'તીર્થંકર ભગવંતે દ્રવ્યના, ગુણના અને પર્યાયના કેટલા પ્રકાર દર્શાવેલા છે ? – આવી જાણકારી દ્વારા પ્રસ્તુતમાં કયું પ્રયોજન ચરિતાર્થ થવાનું છે ?' આવી શંકા થાય તો તેનું સમાધાન એ સમજવું કે દ્રવ્યાદિના પ્રકારને આ રીતે જાણ્યા બાદ "અન્યદર્શનીઓ / વિધર્મીઓ દ્વારા ન જણાયેલા કે ન બતાવાયેલા દ્રવ્ય-ગુણ-પર્યાયના જેટલા પ્રકારો-ભેદો તીર્થંકર ભગવંતે હેતુવાદના કે આગમવાદના વિષયસ્વરૂપે જણાવેલા છે તેટલા જ દ્રવ્યાદિના પ્રકારો સંભવે છે, ઓછા કે વધુ નહિ તથા બીજી રીતે પણ નહિ જ" - આમ નિર્ધાર કરવાથી (૧) તીર્થંકર પ્રત્યે, (૨) તીર્થંકરના વચન પ્રત્યે, (૩) જિનવચનના પદાર્થ-પરમાર્થ પ્રત્યે દૃઢ અને દીર્ઘકાલીન વિશ્વાસ પ્રગટ થાય છે. આ દૃઢ વિશ્વાસના લીધે અંતરંગ મોક્ષપુરુષાર્થની પ્રવૃત્તિ પ્રવાહબદ્ધ રીતે પ્રગટે છે. આમ મોક્ષઉદ્યમપ્રવૃત્તિનો પ્રવાહ પ્રવર્તવાથી ગ્રન્થિભેદાદિ થાય છે. ગ્રન્થિભેદ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ દ્વારા સમ્યક્ત્વનો આવિર્ભાવ થાય છે.

(રે !.) હે ભવ્ય ! આ રીતે દ્રવ્યાનુયોગના પરિશીલન વગેરેથી થતા ગ્રંથિભેદથી મળનારા તાત્ત્વિક

---

1. स मे त्रिभुवनमहितः सिद्धः बुद्धो निरञ्जनो नित्यः। दिशतु वरज्ञान-दर्शन-चारित्रशुद्धिं समाधिं च।।

એણી પરિં દ્રવ્ય-ગુણ-પર્યાય પરમાર્થ વિચારીનઈ, વિસ્તારરુચિ **સમકિત (સૂધું) આદરો.**

તાદૃશ ધારણાશક્તિ ન હોઈ, અનઈ એહ ♦વિસ્તાર ભાવથી સદ્દહઈ, જ્ઞાનવંતનો રાગી હોઈ, તેહનઈ પણિ યોગ્યતાઈ દ્રવ્યસમકિત હોઈ.

समाचर = पुरस्क्रियताम्, द्रुतं भवभ्रमणविदारकत्वात्।। ***ध्रुवपदव्याख्यानम्*** ।।

न च ग्रन्थिभेदस्याऽतिदुष्करत्वाद् जिनोक्तक्रियायामेवाऽस्माकं भूयान् आदरः श्रेयान्, न तु सम्यग्दर्शने इति ***वाच्यम्,*** यतः **तत्** = सम्यक्त्वं **विना** जिनोक्ताऽपि **क्रिया ध्यन्धता** = बुद्ध्यन्धता प्रोक्ता। प्रकृते [1]"नत्थि चरित्तं सम्मत्तविहूणं" (उत्त.२८/२९) इति **उत्तराध्ययनसूत्रोक्तिरपि** स्मर्तव्या।

ग्रन्थिभेदस्याऽतिदुष्करत्वेऽपि द्रव्यानुयोगपरिशीलनादितः तत्सौकर्यसम्भवात्। पूर्वाऽपरपदार्थ-धारणाशक्तिवैकल्यतः द्रव्यानुयोगगोचरदृढदीर्घाऽभ्यासाऽसम्भवे तु निरुक्तत्रिलक्षणद्रव्य-गुणादिपदार्थ-व्यवस्था भावतः श्रद्धेया द्रव्यानुयोगज्ञानिगोचरानुरागिता च प्रशस्ताऽऽशयेन कर्त्तव्या। एवञ्च भावसम्यक्त्वयोग्यताऽऽविर्भावेण प्रधानद्रव्यसम्यक्त्वं तु स्यात्।

વિસ્તારરુચિ સમ્યગ્દર્શનને આદરો. કેમ કે તે જ ભવપરંપરાને ઝડપથી છેદે છે. **(ध्रुवपदव्याख्या)**

❀ સમકિત વિના ચારિત્ર ન હોય ❀

(न च.) 'ગ્રંથિભેદ અત્યંત દુષ્કર હોવાથી અમને તો જિનોક્ત ક્રિયામાં જ પુષ્કળ આદર છે. સમ્યગ્દર્શનને મેળવવામાં કે ગ્રન્થિભેદ કરવામાં અમને તેટલો ઉત્સાહ જાગતો નથી' - આવા પ્રકારનો વિચાર કરવો નહિ. કારણ કે સમકિત વિના તો જિનોક્ત એવી પણ ધર્મક્રિયા મતિઅંધતાસ્વરૂપ કહેવાયેલ છે. **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે કે 'સમ્યક્ત્વ વિના ચારિત્ર હોતું નથી.' આ અહીં યાદ કરવું.

સ્પષ્ટતા :- ચારિત્ર એટલે જિનોક્ત ક્રિયાવિશેષ. 'સમકિત વિના ચારિત્ર ન હોય' એવું કહેવાથી 'સમકિત વિના જિનોક્ત ક્રિયા પણ આંધળી છે, મતિઅંધતાસ્વરૂપ છે' - તેમ સૂચિત થાય છે. તેથી અપેક્ષાએ ચારિત્ર કરતાં પણ સૌપ્રથમ ગ્રંથિભેદ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ - તેવું ફલિત થાય છે.

❀ દ્રવ્યાનુયોગપરિશીલન ગ્રંથિભેદજનક ❀

(ग्रन्थि.) જો કે ગ્રન્થિભેદ અત્યન્ત દુષ્કર છે. તેમ છતાં દ્રવ્યાનુયોગના પરિશીલનથી ગ્રંથિભેદ પણ સુકર બને છે. દ્રવ્યાનુયોગનો ઊંડો અભ્યાસ કરવા માટે ધારણાશક્તિ / સ્મરણશક્તિ તીવ્ર જોઈએ. તેવી તીવ્ર ધારણાશક્તિ ન હોય તો તેવા જીવો દ્રવ્યાનુયોગનો દૃઢ અભ્યાસ દીર્ઘ કાળ સુધી કરી શકતા નથી. તેમ છતાં પટુસ્મૃતિશક્તિશૂન્ય તેવા જીવોએ પૂર્વોક્ત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણયુક્ત દ્રવ્ય -ગુણ-પર્યાયસ્વરૂપ પદાર્થની જિનોક્ત વ્યવસ્થાનું ભાવથી શ્રદ્ધાન કરવું જોઈએ. તેમજ દ્રવ્યાનુયોગના જ્ઞાતા એવા જ્ઞાની મહાપુરુષ પ્રત્યે ગુણાનુરાગ-આદરભાવ-બહુમાનભાવ પ્રશસ્ત આશયથી કેળવવો જોઈએ. આમ કરવાથી ભાવસમ્યક્ત્વની યોગ્યતા પ્રગટ થાય છે. તેના લીધે દ્રવ્યસમકિત પણ પ્રધાન બને છે. મતલબ કે તીવ્રધારણાશક્તિશૂન્ય જીવો ભાવસમકિત ન પામવા છતાં દ્રવ્યાનુયોગજ્ઞાતા પ્રત્યેના બહુમાનભાવથી ભાવસમ્યગ્દર્શનની યોગ્યતા પ્રગટ કરવાથી પ્રધાન દ્રવ્યસમકિતના તો ધારક બની શકે છે.

♦ પુસ્તકોમાં 'વિચારે' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. 1. नास्ति चारित्रं सम्यक्त्वविहीनम्।

એ ૨ પ્રકાર સમકિતવંતની દાન-દયાદિક જે થોડીઈ ક્રિયા તે સર્વ સફળ હોઈ. उक्तं च *विंशिकायाम्* -
***[1]दाणाइआ उ एयम्मि चेव, *सुद्धाओ हुंति किरिआओ।**
एयाओ वि हु जम्हा, मोक्खफलाओ पराओ अ ।। (विं.विं.प्र.६/२०)

भावसम्यक्त्व-प्रधानद्रव्यसम्यक्त्वाऽन्यतरवत एव या काचित् स्वल्पाऽपि दान-दयादिका जिनोक्त-क्रिया सा सर्वैव शुद्धा सफला च। तदुक्तं श्रीहरिभद्रसूरिभिः **विंशिकाप्रकरणे** [1]"दाणाइया उ एयम्मि चेव, सुद्धाओ हुंति किरियाओ। एयाओ वि हु जम्हा, मोक्खफलाओ पराओ अ।।" (विं.प्र.६/२०) इति।

श्री**कुलचन्द्रसूरि**कृता **तद्व्याख्या** चैवम् "एतस्मिन् = सम्यक्त्वे सत्येव, एवकारोऽवधारणे, न केवलं ध्यानाध्ययनादिक्रिया दानादिकाः क्रिया अपि = दान-शील-तपःप्रभृतिक्रियास्तुरप्यर्थः शुद्धाः = अनवद्या एव

❀ समकितयोग्यताની વિચારણા ❀

स्पष्टता :- ચોથા ગુણસ્થાનકનું સમકિત એટલે ભાવસમકિત. તે ગ્રન્થિભેદ પછી પ્રાપ્ત થાય છે. તે પૂર્વે **'જે જિનભાખ્યું તે નવિ અન્યથા'** - એવી જે બુદ્ધિ મળે તે દ્રવ્યસમકિત કહેવાય. દ્રવ્યાનુયોગના જ્ઞાતા પ્રત્યે અંતરંગ બહુમાનભાવને ધારણ કરવાથી તે દ્રવ્યસમકિત પ્રધાન બને છે. જે દ્રવ્યસમકિત કાલાંતરમાં ભાવસમ્યગ્દર્શનનું કારણ બને તે પ્રધાન દ્રવ્યસમ્યગ્દર્શન કહેવાય. દ્રવ્યાનુયોગજ્ઞાતા પ્રત્યેનો આંતરિક અનુરાગ કાલાંતરમાં ગ્રન્થિભેદ કરવાનું સામર્થ્ય પ્રગટાવે છે કે જે ભાવસમકિતની યોગ્યતા કહેવાય છે. આમ, દ્રવ્યાનુયોગજ્ઞાતા પ્રત્યેનો હાર્દિક બહુમાનભાવ ભાવસમ્યગ્દર્શનની યોગ્યતા પ્રગટાવવા દ્વારા દ્રવ્યસમ્યક્ત્વને પ્રધાન દ્રવ્યસમકિત બનાવે છે - આવું ફલિત થાય છે.

❀ સમકિત હોય તો જ ક્રિયા શુદ્ધ અને સફળ ❀

(**भाव.**) જે આત્માર્થી જીવો પાસે ભાવસમકિત હોય અથવા પ્રધાન દ્રવ્યસમકિત હોય તેની જ જે કોઈ થોડી ઘણી પણ દાન-દયા વગેરે જિનોક્ત ક્રિયા છે તે બધી જ ક્રિયા શુદ્ધ અને સફળ છે - તેમ જાણવું. (મતલબ કે જેની પાસે પ્રધાન દ્રવ્યસમકિત પણ નથી તેની એક પણ જિનોક્ત ક્રિયા નથી તો શુદ્ધ કે નથી તો સફળ.) આથી જ **શ્રીહરિભદ્રસૂરિજી**એ **વિંશિકાપ્રકરણ**ની છઠ્ઠી વિંશિકામાં જણાવેલ છે કે 'સમ્યક્ત્વ હોય તો જ દાન વગેરે ક્રિયાઓ શુદ્ધ થાય છે. કેમ કે જે સમકિતના લીધે દાનાદિ ક્રિયાઓ પણ મોક્ષફલક = મોક્ષજનક જ બને છે. તે સમકિતથી જ તે ક્રિયાઓ શ્રેષ્ઠ બને છે.'

❀ સમકિતીની દરેક ક્રિયા નિર્જરાજનક ❀

(**श्रीकुल.**) સિદ્ધાન્તમહોદધિ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજના ચરમશિષ્યરત્ન **શ્રીકુલચન્દ્રસૂરિજી** મહારાજે **વિંશિકાપ્રકરણ** ઉપર સંસ્કૃત વ્યાખ્યા રચેલ છે. ઉપરોક્ત શ્લોકની વ્યાખ્યા કરતાં તેઓશ્રીએ જણાવેલ છે કે "ફક્ત ધ્યાન-અધ્યયન વગેરે સત્ ક્રિયાઓ જ નહિ પરંતુ દાન-શીલ-તપ વગેરે ક્રિયાઓ પણ સમકિત હોય તો જ શુદ્ધ = નિરવદ્ય = નિર્દોષ જ થાય છે. જે કારણે સમકિતના લીધે દાન વગેરે ક્રિયાઓ પણ મોક્ષફલક

*. **दाणाइया उ एयम्मि चेव सुद्धा उ हुंति किरियाओ।।६.२०।।** ઋષભદેવજી કેશરીમલજીની પેઢી-રતલામમાં છાપેલ પુસ્તકમાં. ✡. પુસ્તકોમાં 'सहलाओ' પાઠ. સિ.+કો.(૯)+લા.(૨)નો પાઠ લીધો છે.

1. दानादिकाः तु एतस्मिन् चैव शुद्धाः भवन्ति क्रियाः। एताः अपि तु यस्माद् मोक्षफलाः पराः च।।

'तु'रवधारणे भवन्ति = जायन्ते। यस्मात् कारणाद् एता अपि = दानादिक्रिया अपि हु = प्राकृतत्वादवधारणे मोक्षफला एव = मुक्तिनिबन्धनाः। तस्मात् सम्यक्त्वे सत्येव पराः = श्रेष्ठा एव च = अवधारणे भवन्तीति शेषः। अयं भावः - चित्तानुरूपफलं सर्वव्यापाराणामिति मोक्षैकचित्तस्य सम्यग्दृष्टेः सर्वाः क्रिया मोक्षप्रापिकाः। उक्तं च "भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः। तस्य तत्सर्व एवेह, योगो योगो हि भावतः।।" (**योगबिन्दु** - २०३)" (विं.प्र.६/२० वृ.) इति।

क्वचिच्च 'सुद्धाओ' इत्येतत्स्थाने 'सहलाओ' इति पाठः। तत्र च 'सफलाः' इत्यर्थः कार्यः।

प्रकृते [1]"दंसणवओ हि सफलाणि हुंति तव-नाण-चरणाइं" (आ.श्रु.१/अ.४/उ.१/ नि.२२२) इति **आचाराङ्गनिर्युक्ति**गाथाशकलं स्मर्तव्यम्। [2]"सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति'(आ.नि.११७३) इति **आवश्यकनिर्युक्ति**गाथाशकलमपि न विस्मर्तव्यम्। [3]"दंसणमूलो धम्मो उवइट्ठो जिणवरेहिं" (द.प्रा.२) इति **दर्शनप्राभृत**गाथाशकलमपि स्वचेतसि निधेयम्।

= मोक्षनिमित्तभूत = मोक्षजनक જ થાય છે, તે કારણથી સમ્યક્ત્વ હોય તો જ દાન વગેરે ક્રિયાઓ શ્રેષ્ઠ જ બને છે. મૂળ ગાથામાં રહેલ 'उ' = 'तु' શબ્દ તથા 'हु' શબ્દ અવધારણમાં = 'જ' કાર અર્થમાં પ્રયોજાયેલ છે. ગાથાના ઉત્તરાર્ધમાં 'भवन्ति' ક્રિયાપદનો અધ્યાહાર કરવો. (અથવા ગાથાના પૂર્વાર્ધમાં રહેલ 'हुंति' = 'भवन्ति' ક્રિયાપદને ગાથાના ઉત્તરાર્ધમાં પણ જોડવું.) વિંશિકાની ઉપરોક્ત ગાથાનો ભાવ એ છે કે દરેક ક્રિયાઓ હંમેશા ચિત્તના પરિણામ મુજબ જ ફળ આપે છે. સમ્યગ્દૃષ્ટિ જીવનું મન સદા મોક્ષમાં જ હોય છે. તેથી સમકિતી જીવ જે કોઈ ક્રિયાને કરે તે તમામ ક્રિયા મોક્ષપ્રાપક જ બને છે. તેથી **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજે જ **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જેમણે ગ્રન્થિભેદ કરેલ છે તેવા ચતુર્થગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિ જીવનું મન જે કારણે પ્રાયઃ મોક્ષમાં હોય છે તથા શરીર સંસારમાં હોય છે. તે કારણે તેવા સમકિતીની બધી જ ક્રિયા અહીં યોગસ્વરૂપ બને છે. કારણ કે મોક્ષપ્રયોજક યોગ ખરેખર ભાવની અપેક્ષાએ બનતો હોય છે' - આ વાત અહીં ધ્યાનમાં રાખવી." આ પ્રમાણે વર્ત્તમાનકાલીન **શ્રીકુલચન્દ્રસૂરિજી**એ વ્યાખ્યા કરેલ છે.

(**क्व.**) **विंशिका प्रकरण**ની ઉપરોક્ત ગાથાના પૂર્વાર્ધમાં 'सुद्धाओ' = 'शुद्धाः' આવા પદના સ્થાને 'सहलाओ' = 'सफलाः' આવો પાઠ છે. તેવો પાઠ જો માન્ય કરવામાં આવે તો 'સફળ' એવો અર્થ કરવો. તેથી તેવો પાઠ સ્વીકારવાથી એવો અર્થ પ્રાપ્ત થશે કે "દાન વગેરે ક્રિયાઓ સમકિત હોય તો જ સફળ = સાર્થક થાય છે." ગાથાનો ઉત્તરાર્ધ તો પૂર્વવત્ સમજવો.

❖ दर्शन योगसाफल्यकारक : श्रीभद्रबाहुस्वामीजी ❖

(**प्रक्र.**) પ્રસ્તુતમાં **आचारांगसूत्रनिर्युक्ति**ની ગાથાનો એક અંશ યાદ કરવો. ત્યાં **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ છે કે "સમ્યગ્દર્શનવાળા જીવના તપ, જ્ઞાન અને ચારિત્ર સફળ થાય છે." મતલબ કે સમ્યગ્દર્શન યોગસાફલ્યકારક છે. તેમજ "ચારિત્ર વગરના જીવો સિદ્ધ થાય છે પરંતુ સમ્યગ્દર્શન વગરના જીવો સિદ્ધ થતાં નથી." આ પ્રમાણે **आवश्यकनिर्युक्ति** ગાથાનો અંશ પણ અહીં ભૂલવા યોગ્ય નથી. તથા "જિનેશ્વર ભગવંતોએ સમ્યગ્દર્શનમૂલક એવા ધર્મનો ઉપદેશ કરેલો છે" - આમ **दर्शनप्राभृत**માં

---

1. दर्शनवतः हि सफलानि भवन्ति तपो-ज्ञान-चरणानि। 2. सिध्यन्ति चरणरहिताः दर्शनरहिताः न सिध्यन्ति। 3. दर्शनमूलो धर्मः उपदिष्टो जिनवरैः।

એ **સમકિત વિના સર્વ** ક્રિયા **ધંધરૂપ** જાણવી. **સમકિત વિના જે** *અગીતાર્થ તથા અગીતાર્થ નિશ્રિત સ્વ સ્વાભિનિવેશઈ **હઠમાર્ગિ પડિઆ** છઈ, **તે સર્વ જાતિઅંધ** સરખા જાણવા. તે "ભલું" જાણી કરઈ •છે, પણિ ભલું ન હોઈ.

ग्रन्थिभेद-द्रव्यानुयोगपरिशीलन-जिनोक्ततत्त्वश्रद्धानादिगोचरप्रयत्नोपेक्षया **तत्** = **प्रतिमाशतकवृत्त्युक्तं** (प्र.श.श्लो.૧૫ वृ.) रागादिरहितोपयोगरूपं भावसम्यक्त्वं प्रधानद्रव्यसम्यक्त्वं वा **विना ये** अगीतार्था अगीतार्थनिश्रिताश्च स्व-स्वोत्प्रेक्षितमोक्षमार्गाभिनिवेशेन **हठमार्गस्थाः** = हाठिकक्रियाकाण्डमार्गवर्तिनः **तेषां जात्यन्धता** = जन्मान्धता **ध्रुवा** = निश्चिता ज्ञेया, भावसम्यक्त्व-प्रधानद्रव्यसम्यक्त्वान्यतर-चक्षुर्विकलत्वात्।

षट्खण्डागमधवलावृत्तौ वीरसेनाचार्येण "(૧) तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्, (૨) अथवा तत्त्वरुचिः सम्यक्त्वम्, (૩) अथवा प्रशम-संवेगाऽनुकम्पाऽऽस्तिक्याऽभिव्यक्तिलक्षणं सम्यक्त्वम्" (ष.ख.૨/૧/૨ क्षुद्रकबन्ध -पृ.૭) इत्येवं यत् सम्यग्दर्शनलक्षणं दर्शितं तदत्राऽनुसन्धेयम्।

न च स्वक्षयोपशमानुसारेण सुन्दरत्वप्रकारकबुद्ध्या शास्त्रोक्तशुद्धोञ्छ-तपश्चर्यादिक्रियाकरणे कथं ध्यन्धता ? शास्त्रदृष्टिसम्पन्नत्वाद् इति ***शङ्कनीयम्,***

કુંદકુંદસ્વામીએ જે કહેલું છે, તે વાત પણ પોતાના મનમાં સ્થિર રાખવી.

❀ ક્રિયાહઠી જન્માંધ છે. ❀

(**ग्रन्थि.**) ગ્રંથિભેદ, દ્રવ્યાનુયોગનું પરિશીલન, જિનોક્ત જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા વગેરે બાબતમાં સૌપ્રથમ પ્રયત્ન કરવો જોઈએ. તેવા પ્રયત્નની ઉપેક્ષા કરવાથી **પ્રતિમાશતક** ગ્રંથની **વ્યાખ્યા**માં **મહોપાધ્યાયજી** મહારાજે જણાવેલ રાગાદિ ભાવોથી શૂન્ય નિષ્કષાયઉપયોગસ્વરૂપ ભાવસમકિત તો મળતું નથી. પરંતુ તેની દૃઢ ભૂમિકાસ્વરૂપ પ્રધાન દ્રવ્યસમકિત પણ નિષ્પન્ન થતું નથી. તેથી તેવા ભાવસમકિત વિના અથવા તો પ્રધાનદ્રવ્યસમકિત વિના જે અગીતાર્થ મહાત્માઓ તથા અગીતાર્થનિશ્રિત સાધકો પોતપોતાની માન્યતાથી કલ્પેલા મોક્ષમાર્ગના અભિનિવેશથી = કદાગ્રહથી હઠમાર્ગમાં રહેલા છે, અર્થાત્ હઠપૂર્વક ક્રિયાકાંડના માર્ગમાં રહેલા છે તે સાધકો ચોક્કસ જન્માંધ છે - તેમ જાણવું. કેમ કે તેઓ ભાવસમ્યક્ત્વ કે પ્રધાનદ્રવ્યસમ્યક્ત્વ સ્વરૂપ ચક્ષુથી રહિત છે.

✡ સમકિતના ત્રણ સ્વરૂપ ✡

(**षट्.**) **ષટ્ખંડાગમની ધવલા** નામની વ્યાખ્યામાં **વીરસેનાચાર્ય**એ સમ્યગ્દર્શનનું જે સ્વરૂપ દર્શાવેલ છે, તેનું અહીં અનુસંધાન કરવા જેવું છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "(૧) તત્ત્વાર્થની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. અથવા (૨) તત્ત્વરુચિ એ સમ્યગ્દર્શન છે. અથવા (૩) પ્રશમ, સંવેગ, (નિર્વેદ,) અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિસ્વરૂપ સમ્યગ્દર્શન છે."

શંકા :- (**न च.**) પોતાના ક્ષયોપશમ મુજબ અગીતાર્થ મહાત્માઓ કે અગીતાર્થનિશ્રિત સાધુઓ સુંદર બુદ્ધિથી શાસ્ત્રોક્ત ક્રિયા કરે તો તેમનામાં જન્માંધતા કે મતિઅંધતા કઈ રીતે આવી શકે ? મતલબ

---

* શાં.માં 'અગીતાર્થ તથા' પદ નથી. લી.(૪)નો પાઠ લીધો છે. • પુસ્તકોમાં 'છે' પદ નથી. આ.(૧)માં છે.

उक्तं च - [2]सुंदरबुद्धीए कयं, बहुअं पि ण सुंदरं होइ। (उपदेशमाला गाथा-४१४)

निर्दोषोञ्छोग्रतपश्चर्यादिकारिणः स्वल्पशास्त्रबोधस्य गीतार्थाऽनिश्रितस्य शास्त्रश्रद्धाधिकस्वकल्पना-ऽभिनिवेशग्रस्तत्वेन तद्बुद्धेः परमार्थतोऽसुन्दरत्वात्, आभासिकसुन्दरत्वोपेतबुद्धिकृतकार्यस्याऽपि असुन्दरत्वाच्च। तदुक्तं **धर्मदासगणिभिः उपदेशमालायां** [1]"अप्पागमो किलिस्सइ, जइ वि करेइ अइदुक्करं तु तवं। [2]सुंदरबुद्धीए कयं बहुअं पि ण सुंदरं होइ।।" (उप.मा.४१४) इति।

એ છે કે અગીતાર્થ મહાત્માઓ સમુદાયને છોડીને ઉગ્ર તપશ્ચર્યા કે નિર્દોષ ગોચરી-પાણી વાપરવી વગેરે જે ક્રિયા કરે તે ક્રિયા આગમોક્ત જ છે. તથા તેવી આગમોક્ત ક્રિયામાં સુંદરપણાની બુદ્ધિ પણ તેવા એકલવિહારી અગીતાર્થ મહાત્માઓ પાસે હોય છે. આ બુદ્ધિ શાસ્ત્રાનુસારી હોવાથી સાચી છે. તેથી તેવા અગીતાર્થ મહાત્માઓ પણ શાસ્ત્રદૃષ્ટિસંપન્ન જ છે. તેથી તેમનામાં જન્માંધતા કે મતિઅંધતા બતાવવી કઈ રીતે વ્યાજબી કહી શકાય ?

❖ કદાગ્રહીની શાસ્ત્રબુદ્ધિ પણ મિથ્યા ❖

સમાધાન :- (નિર્દો.) તમારી વાત ઊંડાણથી ન વિચારીએ ત્યાં સુધી સારી લાગે છે. પરંતુ શાસ્ત્રના ઊંડા અભ્યાસપૂર્વક જો વિચાર કરવામાં આવે તો સ્પષ્ટપણે સમજાય તેમ છે કે નિર્દોષ ગોચરીચર્યા વગેરે માટે ગુરુકુળવાસનો ત્યાગ કરનારા અગીતાર્થ મહાત્માઓની બુદ્ધિ પરમાર્થથી મિથ્યા જ છે. કારણ કે નિર્દોષ ગોચરીચર્યા, ઉગ્ર તપ વગેરે કરનારા અલ્પશાસ્ત્રબોધવાળા તેવા એકલવિહારી, અગીતાર્થ કે અગીતાર્થનિશ્રિત મહાત્માઓને શાસ્ત્રની જેટલી શ્રદ્ધા છે તેના કરતાં પોતાની કલ્પનાનો અભિનિવેશ વધારે છે. "ગુરુકુળવાસમાં રહીને શક્તિ છૂપાવ્યા વિના, જયણાપૂર્વક સંયમની સાધના કરવી" - આ મુખ્ય શાસ્ત્રાજ્ઞા છે. અગીતાર્થ એકલવિહારી મહાત્મા અથવા ૪/૫ ના સમુદાયમાં રહેનારા તેવા અગીતાર્થનિશ્રિત મહાત્માઓ નિર્મળ ગુરુકુળવાસમાં રહેવાની મુખ્ય શાસ્ત્રાજ્ઞાને છોડી કેવળ નિર્દોષ ગોચરીચર્યા સ્વરૂપ ક્રિયામાર્ગને જ મુખ્ય બનાવે છે. મુખ્ય શાસ્ત્રાજ્ઞાને દફનાવી ગૌણ શાસ્ત્રાજ્ઞાને પોતાની પસંદગીનો મુખ્ય વિષય બનાવવો તે એક જાતનો કદાગ્રહ જ કહેવાય. તેથી નિર્દોષ ગોચરીચર્યાસ્વરૂપ શાસ્ત્રોક્ત ક્રિયા કરવાની બુદ્ધિ પ્રસ્તુતમાં કદાગ્રહગ્રસ્ત બની જવાથી પરમાર્થથી મિથ્યા બની જાય છે. તથા કદાગ્રહગ્રસ્ત બુદ્ધિ તો ખરાબ જ કહેવાય ને ! તથા કદાગ્રહગ્રસ્ત આભાસિક સુંદરતાને ધારણ કરનારી બુદ્ધિથી જે કંઈ કામ કરાય તે પણ સુંદર બની ન શકે. તેથી જ **શ્રીધર્મદાસગણી** મહારાજે **ઉપદેશમાલા** ગ્રંથમાં જણાવેલ છે કે "થોડું ભણેલો જો કે અતિદુષ્કર એવા તપને કરતો હોય તો પણ તે માત્ર અજ્ઞાનકષ્ટ જ ભોગવી રહ્યો છે. કારણ કે કાલ્પનિક સુંદરતાને ધારણ કરનારી બુદ્ધિથી ઘણું બધું પણ કામ કરવામાં આવે તો તે સુંદર હોતું નથી. (કેમ કે તે અજ્ઞાનથી ઉપહત છે. જેમ કે અજ્ઞાની તાપસ વગેરેના લૌકિક તપ-કષ્ટ.)"

---

1. अल्पागमः क्लिश्यति यद्यपि करोति अतिदुष्करं तु तपः।
2. सुन्दरबुद्ध्या कृतं बह्वपि न सुन्दरं भवति।।

તે માટઈ "દ્રવ્ય-ગુણ-પર્યાયભેદ પરિજ્ઞાનઈ કરીનઈ **સૂધું સમકિત આદરો.**"

इदमेवाभिप्रेत्योक्तं श्रीहरिभद्रसूरिभिः अपि **अष्टकप्रकरणे** "भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी। प्रज्ञापनाप्रियाऽत्यर्थं न पुनः स्वाग्रहात्मिका।।" (अ.प्र.२२/१) इति। गीतार्थत्वादिगुणवत्पारतन्त्र्यलक्षण-प्रधानजिनाज्ञापरित्यागादिना अज्ञातोञ्छादिविशेष्यक-सुन्दरत्वप्रकारकबुद्धेः कदाग्रहात्मकत्वं विज्ञायते।

अनेनैवाऽभिप्रायेणोक्तं **यशोविजय**वाचकोत्तमैरपि **द्वात्रिंशिकाप्रकरणे** "भावशुद्धिरपि न्याय्या न मार्गाननुसारिणी। अप्रज्ञाप्यस्य बालस्य विनैतत्स्वाग्रहात्मिका।।" (द्वा.प्र.६/२६) इति। एतद् = गीतार्थत्वादिगुणवत्पारतन्त्र्यम्। अधिकन्तु तद्वृत्तौ **नयलतायाम्** अस्माभिरुक्तं ततोऽवसेयम्।

द्रव्यानुयोगपरिशीलनतः कदाग्रहो निवर्तते एव आत्मार्थिनः। इदमेवाभिप्रेत्य **ऐन्द्रस्तुतिचतुर्विंशति-काव्यवृत्तौ यशोविजयवाचकैः** "निवर्तते हि मिथ्यात्वनिमित्तः असद्ग्रहः श्रुतोपलम्भे प्राणिनाम्, तद्बीज-मिथ्यात्वविलयाद्" (ऐ.स्तु.च.२४/३ वृ.) इत्युक्तम्। गुरुगमोपलब्धद्रव्यानुयोगगोचरश्रुतस्य विस्ताररुचि-सम्यग्दर्शनजनकत्वाद् मिथ्यात्वोच्छेदद्वारा कदाग्रहनाशकत्वं युज्यत एव। तस्माद् द्रव्य-गुण

❋ भावशुद्धिने ओळखीओ ❋

(इदमेवा.) આ જ અભિપ્રાયથી શ્રીહરિભદ્રસૂરિ મહારાજે પણ **અષ્ટકપ્રકરણ**માં જણાવેલ છે કે "ભાવશુદ્ધિ પણ તેને જ જાણવી કે જે મોક્ષમાર્ગને અનુસરનારી હોય તથા કોઈ સદ્ગુરુ વગેરે તેને સમજાવે તો તેવી સમજાવટ પણ તેને અત્યંત પ્રિય હોય. પોતાના આગ્રહસ્વરૂપ કલ્પિત ભાવશુદ્ધિને પરમાર્થથી ભાવશુદ્ધિ રૂપે સમજવી નહિ." ગીતાર્થતા વગેરે મુખ્ય ગુણોથી યુક્ત એવા ગુરુદેવ વગેરે પ્રત્યે સમર્પણભાવ કેળવવો તે મુખ્ય જિનાજ્ઞા છે. એકલવિહારી અગીતાર્થ મહાત્માઓ આ મુખ્ય જિનાજ્ઞાનો પરિત્યાગ કરે છે. તેથી નિર્દોષ ગોચરીચર્યામાં તેમને જે સુંદરપણાની બુદ્ધિ થાય છે તે બુદ્ધિ કદાગ્રહ સ્વરૂપ છે - તેવું જણાય છે.

❀ કદાગ્રહીની ભાવશુદ્ધિ પણ કદાગ્રહ સ્વરૂપ ❀

(अने.) આ જ અભિપ્રાયથી **महोपाध्याय श्रीयशोविजयजी** મહારાજે પણ **દ્વાત્રિંશિકા** પ્રકરણ ગ્રંથમાં જણાવેલ છે કે 'ગીતાર્થતાદિ ગુણથી સંપન્ન એવા સદ્ગુરુનું પારતંત્ર્ય છોડીને અપ્રજ્ઞાપનીય = કદાગ્રહી એવા બાલ જીવની જે ભાવશુદ્ધિ જણાય છે તે પોતાના આગ્રહ સ્વરૂપ હોવાના કારણે ભાવશુદ્ધિ નથી. જે ભાવશુદ્ધિ મોક્ષમાર્ગને અનુસરનારી ન હોય તે ભાવશુદ્ધિ પણ ઉચિત નથી.' આ બાબતનું અધિક નિરૂપણ અમે દ્વાત્રિંશિકા પ્રકરણની **નયલતા** વ્યાખ્યામાં કરેલ છે. ત્યાંથી વિશેષ વિગત જાણી લેવી.

❋ द्रव्यानुयोगपरिशीलनथी कदाग्रहनिवृत्ति ❋

(द्रव्या.) દ્રવ્યાનુયોગના ઊંડા અભ્યાસથી આત્માર્થી જીવનો કદાગ્રહ દૂર થાય છે. આ અભિપ્રાયથી **ऐन्द्रस्तुतिचतुर्विंशतिकाव्याख्या**માં **महोपाध्याय श्रीयशोविजयजी** મહારાજે જણાવેલ છે કે "શ્રુતની પ્રાપ્તિ થતાં જીવોનો મિથ્યાત્વનિમિત્તક કદાગ્રહ રવાના થાય જ છે. કારણ કે શ્રુતના પ્રભાવે કદાગ્રહકારણીભૂત મિથ્યાત્વ નાશ પામે છે." ગુરુગમથી મેળવેલ દ્રવ્યાનુયોગગોચર શ્રુતજ્ઞાન વિસ્તારરુચિ સમકિતને અપાવે છે. તેથી તે મિથ્યાત્વનાશ દ્વારા કદાગ્રહનો નાશ કરે તે વ્યાજબી જ છે. તેથી ઉપરોક્ત ચર્ચા દ્વારા

એ ▸હેતુ શિષ્યસુલભબોધિનઈ◂ હિતોપદેશ જાણવઉ.❖ ॥૧૦/૨॥

-पर्यायप्रकारपरिज्ञानतः सम्यक्त्वमाद्रियतामिति सुलभबोधिशिष्याय हितोपदेशः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ज्ञान-क्रियायोगसमुच्चयरूपेण मोक्षमार्गः तीर्थकृता उपदिष्टः। शक्तिमनिगुह्य स्वभूमिकोचितसदनुष्ठानवत्सु ज्ञानिषु ज्ञानयोगः समस्ति; गौण-मुख्यभावेन जिनाज्ञाज्ञेषु तां वा ज्ञातुं यतमानेषु पञ्चाचारपरायणेषु साधकेषु क्रियायोगो वर्तते। गौण-मुख्यभावेन जिनोक्तोत्सर्गाऽपवाद-निश्चयव्यवहार-ज्ञानक्रियागोचरज्ञानपराङ्मुखानां यथेच्छविहितक्रिया तु हठमार्ग एव। हठमार्गितया क्रियाकाण्डितया वा नाऽस्माभिः भाव्यम्, अपितु ज्ञानयोगितया क्रियायोगितया च भाव्यम्। तत्कृते सम्यग्दर्शन-द्रव्यानुयोगपरिशीलन-ग्रन्थिभेदादिगोचरः सुदृढः प्रयत्नः आवश्यकः। ततश्च क्रमेण [1]"णवि इंदिय उवसग्गा णवि मोहो विम्हिओ ण णिद्दा य। ण य तिण्हा णेव छुहा तत्थेव य होइ णिव्वाणं।। [2]णवि कम्मं णोकम्मं णवि चिंता णेव अट्ट-रुद्दाणि। णवि धम्म-सुक्कझाणे तत्थेव य होइ णिव्वाणं।।" (नि.सा.१८०/१८१) इति **नियमसार**प्रदर्शितो मोक्षः सुलभ इत्युपदेशः।।१०/२।।

ફલિત થાય છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું અને પ્રભેદનું ઊંડાણથી જ્ઞાન મેળવવું આત્માર્થી જીવ માટે જરૂરી છે. આવી જાણકારી મેળવીને પ્રત્યેક આત્માર્થી જીવોએ સમકિતનો આદર કરવો જોઈએ. આ પ્રમાણે ગ્રંથકારશ્રી અહીં સુલભબોધિ શિષ્યને હિતોપદેશ આપે છે.

✡ ક્રિયાકાંડી નહિ, ક્રિયાયોગી - જ્ઞાનયોગી બનીએ ✡

આધ્યાત્મિક ઉપનય :- તારક જિનેશ્વર ભગવંતોએ જ્ઞાનયોગના અને ક્રિયાયોગના સમુચ્ચયરૂપ-સમન્વય સ્વરૂપ મોક્ષમાર્ગ જણાવેલો છે. પોતાની શક્તિ છૂપાવ્યા વિના સ્વભૂમિકાયોગ્ય આચરણ કરવામાં મસ્ત રહેલા શાસ્ત્રવિશારદ આત્મજ્ઞાની પુરુષો પાસે જ્ઞાનયોગ રહેલો છે. તથા ગૌણ-મુખ્યભાવે જિનાજ્ઞાની જાણકારી મેળવનાર કે મેળવવા પ્રયત્ન કરનાર આચારચુસ્ત સાધક પાસે ક્રિયાયોગ રહેલો છે. પરંતુ ભગવાનની આજ્ઞા મુજબ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા વગેરે બાબતમાં ગૌણ-મુખ્ય ભાવની જાણકારી મેળવવાનો પ્રયત્ન કર્યા વિના, પોતાની બુદ્ધિથી અનુકૂળ લાગતી એવી શાસ્ત્રોક્ત પણ ક્રિયા હઠમાર્ગ છે. આપણે હઠમાર્ગી કે ક્રિયાકાંડી બનવાનું નથી પરંતુ જ્ઞાનયોગી અને ક્રિયાયોગી ઉભય બનવાનું છે, જ્ઞાન-ક્રિયાઉભયનો સમન્વય કરવાનો છે. તે માટે સમકિત, દ્રવ્યાનુયોગનો અભ્યાસ, ગ્રંથિભેદ વગેરે બાબતમાં ઊંડો, હાર્દિક અને માર્મિક પ્રયત્ન કરવો અનિવાર્ય બની જાય છે. તેનાથી ક્રમશઃ આગળ વધતાં **નિયમસાર**માં જણાવેલ મોક્ષ સુલભ થાય છે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "જ્યાં ઈન્દ્રિયો નથી, ઉપસર્ગો નથી, મોહ નથી, વિસ્મય નથી, નિદ્રા નથી, તૃષ્ણા નથી (= ભોગતૃષ્ણા કે તરસ નથી) ત્યાં જ નિર્વાણ છે. જ્યાં કર્મ-નોકર્મ નથી, ચિંતા નથી, આર્ત્ત-રૌદ્ર ધ્યાન નથી, ધર્મ-શુક્લ ધ્યાન નથી ત્યાં જ નિર્વાણ છે." આ પ્રમાણેનો આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. (૧૦/૨)

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ❖ 'જાણવઉ' પાઠ ફક્ત લા.(૨)માં છે.

1. नापि इन्द्रियाः उपसर्गाः नाऽपि मोहो विस्मयो न निद्रा च। न च तृष्णा नैव क्षुधा तत्रैव च भवति निर्वाणम्।।

2. नाऽपि कर्म नोकर्म नापि चिन्ता नैवाऽऽर्त्त-रौद्रे। नापि धर्म-शुक्लध्याने तत्रैव च भवति निर्वाणम्।।

ધર્મ, અધર્મ ♦રે ગગન, સમય વલી, પુદ્ગલ, જીવ જ એહ;

ષટ્ દ્રવ્ય કહિયાં રે શ્રી જિનશાસનિં, જાસ ન આદિ ન છેહ ॥૧૦/૩॥ (૧૬૪) સમ.

ધર્મ કહતાં ધર્માસ્તિકાય (૧), **અધર્મ** કહતાં અધર્માસ્તિકાય (૨), **ગગન** કહતાં આકાશાસ્તિકાય (૩), **સમય** કહતાં કાલદ્રવ્ય (૪),✡ અદ્ધા સમય જેહનું બીજું નામ *કહીઈ છઈ.(**વલી,**)* **પુદ્ગલ** કહતાં પુદ્ગલાસ્તિકાય (૫), **જીવ** કહતાં જીવાસ્તિકાય (૬) - **એહ** (જ) **ષટ્ દ્રવ્ય શ્રીજિનશાસનનઈ**

प्रतिज्ञातमेव प्रतिपादयति - '**धर्मे**'ति।

धर्माऽधर्म-नभः-काल-पुद्गलात्मान एव रे।

षड्द्रव्याण्यादि-पर्यन्तशून्यानि जिनशासने।।१०/३।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - धर्माऽधर्म-नभः-काल-पुद्गलाऽऽत्मानः षड् एव आदि-पर्यन्तशून्यानि द्रव्याणि जिनशासने (प्रोक्तानि)।।१०/३।।

धर्माऽधर्म-नभः-काल-पुद्गलाऽऽत्मानः = पदैकदेशे समुदायोपचारेण धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकाय-काल-पुद्गलास्तिकायाऽऽत्मास्तिकायाः **षड् एव द्रव्याणि**, न न्यूनाधिकानि **जिनशासने** प्रोक्तानि, तावन्मात्रत्वाल्लोकस्य। तदुक्तम् **उत्तराध्ययने** [1]"धम्मो अधम्मो आगासं कालो पुग्गल-जंतवो। एस लोगु त्ति पन्नत्तो जिणेहिं वरदंसिहिं।।" (उत्त.२८/७) इति।

अवतरणिका :- પ્રસ્તુત દશમી શાખાના પ્રથમ શ્લોકમાં દ્રવ્યાદિના ભેદનું નિરૂપણ કરવાની ગ્રન્થકારશ્રીએ પ્રતિજ્ઞા કરી હતી. તેથી પ્રતિજ્ઞાવિષયીભૂત દ્રવ્યભેદનું જ ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરે છે :-

❖ જગત ષડ્દ્રવ્યાત્મક ❖

શ્લોકાર્થ :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ, પુદ્ગલ અને આત્મા - આ પ્રમાણે છ જ દ્રવ્યો છે. તે આદિ-અન્તરહિત = નિત્ય છે. તેમ જિનશાસનમાં દર્શાવેલ છે. (૧૦/૩)

❋ છ દ્રવ્યનું પ્રતિપાદન ❋

વ્યાખ્યાર્થ :- મૂળ શ્લોકમાં ધર્મ-અધર્મ ઈત્યાદિરૂપે દ્રવ્યનો સંક્ષેપમાં નિર્દેશ કરેલો છે. તે દ્રવ્યનું આખું નામ (Full Form) નથી. પરંતુ નામના = પદના એકદેશમાં સમુદાયનો = સંપૂર્ણ નામનો ઉપચાર કરીને ધર્મ-અધર્મ ઈત્યાદિરૂપે દ્રવ્યનો સંક્ષેપમાં નિર્દેશ (Short Form) કરેલો છે. તેથી દ્રવ્યનો સંપૂર્ણ નામોલ્લેખ આ રીતે જાણવો. (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) કાળ, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) જીવાસ્તિકાય. આ રીતે છ જ દ્રવ્ય જિનશાસનમાં કહેવાયેલ છે, ઓછા કે વધારે નહિ. કારણ કે લોક = જગત કેવલ ષડ્દ્રવ્યાત્મક છે. તેથી જ **ઉત્તરાધ્યયન** સૂત્રમાં જણાવેલ છે કે '(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) કાળ, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) જીવાસ્તિકાય. આ છ દ્રવ્ય એ લોક = જગત છે - આ પ્રમાણે

♦ મ.માં 'અધર્મ હ ગગન' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. ✡ લા.(૨)માં 'દ્રવ્યકાલ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. 1. धर्म्मः अधर्म्मः आकाशः कालः पुद्गल-जन्तवः। एषः लोकः इति प्रज्ञप्तः जिनैः वरदर्शिभिः।।

વિષઈ કહિયાં. (जास=) જેહનો દ્રવ્યજાતિ તથા પર્યાયપ્રવાહઈ આદિ તથા છેહ કહતાં અંત નથી.

એહ મધ્યે કાલ વર્જનઈ ૫ અસ્તિકાય કહિઈ; "अस्तयः = प्रदेशाः, तैः कायन्ते = शब्दायन्ते" इति व्युत्पत्तेः।

इमानि **आदि-पर्यन्तशून्यानि** = आरम्भाऽन्तरहितानि ज्ञेयानि।

न च द्रव्यास्तिकनयतोऽस्त्येतेषामाद्यन्तराहित्यम्, पर्यायास्तिकनयतस्तु कथं तद् ? इति ***शङ्कनीयम्,***

धर्मास्तिकायादीनां तत्तत्समयवैशिष्ट्यादिपर्यायेणोत्पाद-व्ययभाजनत्वेऽपि द्रव्यत्वजात्या द्रव्यत्व-साक्षाद्व्याप्यधर्मत्वादिसजातीयपर्यायप्रवाहेण वा समुत्पाद-व्ययययोः विरहात्। न हि द्रव्यार्थिकनयतो द्रव्यत्वेन पर्यायार्थिकनयतश्च धर्मास्तिकायत्वादिसजातीयपर्यायसन्ततिविधया धर्मास्तिकायादयः जातुचिद् उत्पद्यन्ते विनश्यन्ति वा।

धर्मादिषु षट्सु मध्ये कालं विहाय धर्मादयः पञ्च 'अस्तिकाया' उच्यन्ते, 'अस्तयः = प्रदेशाः, तैः कायन्ते = शब्दायन्ते' इति व्युत्पत्तेः। 'प्रदेशाः = प्रकृष्टाः देशाः = निर्विभागा भागाः' इति भावः।

શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનને ધરાવનાર જિનેશ્વર ભગવંતે જણાવેલ છે.'

(इमा.) આ છ દ્રવ્ય આદિથી અને અંતથી રહિત જાણવા. મતલબ કે છ દ્રવ્ય નિત્ય જાણવા.

❋ પર્યાયાર્થિકમતે સર્વ દ્રવ્યની ઉત્પત્તિ ❋

શંકા :- (न च.) ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્ય દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ આદિથી અને અંતથી રહિત ભલે હોય પરંતુ પર્યાયાસ્તિકનયની અપેક્ષાએ તે દ્રવ્યો આદિ-અંત રહિત = નિત્ય કઈ રીતે હોઈ શકે ? કારણ કે પર્યાયાસ્તિકનયની અપેક્ષાએ તો દરેક પદાર્થ ઉત્પાદ-વ્યયને ધારણ કરે છે. અર્થાત્ પર્યાયાસ્તિકનયની દૃષ્ટિએ દરેક પદાર્થના આદિ = જન્મ અને અંત = વિનાશ અવશ્ય હોય છે.

❋ દ્રવ્યત્વસ્વરૂપે ઉત્પત્તિ અસંભવ ❋

સમાધાન :- (धर्मास्ति.) તમારી વાત સાચી છે. ધર્માસ્તિકાય વગેરે પદાર્થો પર્યાયવિશેષસ્વરૂપે = તત્-તત્સમયવિશિષ્ટસ્વરૂપે ઉત્પાદને અને વ્યયને ધારણ કરે જ છે. તેમ છતાં પણ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્યત્વરૂપે તેનો ઉત્પાદ-વ્યય થતો નથી. તથા પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્યત્વસાક્ષાદ્વ્યાપ્ય ધર્માસ્તિકાયત્વ, અધર્માસ્તિકાયત્વ વગેરે સજાતીયપર્યાય પ્રવાહ સ્વરૂપે ધર્માસ્તિકાય વગેરે છ પદાર્થનો ક્યારેય ઉત્પાદ કે વ્યય થતો નથી.

❋ પાંચ અસ્તિકાય ❋

(धर्मादि.) ધર્મ, અધર્મ વગેરે છ દ્રવ્યોની અંદર કાળને છોડીને ધર્મ વગેરે દ્રવ્યો 'અસ્તિકાય' કહેવાય છે. ધર્મ વગેરે પાંચ જ દ્રવ્યોને 'અસ્તિકાય' કહેવાનું કારણ એ છે કે 'અસ્તિકાય' શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ તે પાંચ દ્રવ્યોમાં જ વિદ્યમાન છે. 'अस्तिभिः कायन्ते' = 'अस्तिकायाः' આ મુજબ 'અસ્તિકાય' શબ્દની વ્યુત્પત્તિ છે. અસ્તિ = પ્રદેશ. તેના દ્વારા જેનો વ્યવહાર થાય તેને અસ્તિકાય કહેવાય. દેશ

प्रज्ञापनावृत्तौ श्रीमलयगिरिसूरयस्तु "अस्तयश्चेह प्रदेशाः, तेषां कायः = सङ्घातः, [1]"गण-काय-निकाए य खंधे वग्गे तहेव रासी य" (**विशेषावश्यकभाष्य**-૯૦૦) इति वचनात्। अस्तिकायः = प्रदेशसङ्घात इत्यर्थः। धर्मश्चासौ अस्तिकायश्च = धर्मास्तिकायः। अनेन च सकलमेव धर्मास्तिकायरूपम् अवयविद्रव्यमाह।

अवयवी च नाम अवयवानां तथारूपसङ्घातपरिणामविशेष एव। न पुनः अवयवद्रव्येभ्यः पृथग् अर्थान्तरं द्रव्यम्, तथाऽनुपलम्भात्। तन्तव एव हि आतान-वितानरूपसङ्घातपरिणामविशेषमापन्ना लोके पटव्यपदेशभाज उपलभ्यन्ते। न तदतिरिक्तं पटाऽऽख्यं नाम । उक्तञ्चान्यैरपि "तन्त्वादिव्यतिरेकेण न पटाद्युपलम्भनम्। तन्त्वादयो विशिष्टा हि पटादिव्यपदेशिनः।।" ( )" (प्रज्ञा.૧/सू.૩ वृ.पृ.૮) इति व्याख्या-

= ભાગ. પ્રકૃષ્ટ દેશ એટલે પ્રદેશ કહેવાય. અર્થાત્ 'દ્રવ્યના નિરંશ = નિર્વિભાગ = નિર્વિભાજ્ય એવા અંશો = અવયવો એટલે પ્રદેશ કહેવાય' - આ પ્રમાણે અહીં આશય છે.

❯ અસ્તિકાયસ્વરૂપ : શ્રીમલયગિરિસૂરિજીની દૃષ્ટિએ ❮

(**પ્રજ્ઞાપના.**) શ્રીમલયગિરિસૂરિજી મહારાજે તો **પન્નવણાસૂત્ર**ની **વ્યાખ્યા**માં 'અસ્તિકાય' શબ્દની વ્યુત્પત્તિ વગેરેને જણાવતાં એવું કહેલ છે કે "ધર્માસ્તિકાય વગેરે શબ્દોમાં રહેલ 'અસ્તિકાય' શબ્દનો અર્થ આ મુજબ છે. અસ્તિ = પ્રદેશ. કાય = સંઘાત = સમૂહ. પ્રદેશોનો સમૂહ એટલે અસ્તિકાય. આવું અર્થઘટન કરવામાં **વિશેષાવશ્યકભાષ્ય** પણ સંવાદનો સૂર પૂરાવે છે. તે શાસ્ત્રોક્તિ આ રહી - 'ગણ, કાય, નિકાય, સ્કંધ, વર્ગ તથા રાશિ શબ્દ એક અર્થમાં પ્રયોજાય છે.' આ શાસ્ત્રોક્તિ 'કાય' શબ્દનો અર્થ સ્કંધ = સંઘાત = સમૂહ થાય - તેવું જણાવે છે. તેથી અસ્તિકાય એટલે પ્રદેશસમૂહ = નિરવયવઅંશસ્કંધ - આવું ફલિત થાય છે. ધર્મસ્વરૂપ અસ્તિકાય એટલે ધર્માસ્તિકાય. આ પ્રમાણે જે અર્થઘટન અહીં કરેલ છે તે જણાવે છે કે 'ધર્માસ્તિકાય' શબ્દ સંપૂર્ણ ધર્માસ્તિકાયસ્વરૂપ અવયવી દ્રવ્યનો વાચક છે.

❋ અવયવી સ્વતંત્ર નથી ❋

(**અવ.**) અવયવોનો તથાવિધ વિશિષ્ટ સંઘાતપરિણામ જ અવયવી છે. અવયવ દ્રવ્યો કરતાં અલગ કોઈ સ્વતંત્ર પદાર્થસ્વરૂપ અવયવી દ્રવ્ય નથી. કારણ કે અવયવો કરતાં સ્વતંત્ર એવું કોઈ અવયવી દ્રવ્ય ઉપલબ્ધ થતું નથી. જેમ કે તંતુઓ કરતાં સ્વતંત્ર = તદ્દન નિરપેક્ષ અવયવીદ્રવ્યાત્મક પટ ઉપલબ્ધ થતો નથી. પરંતુ આતાન-વિતાન સ્વરૂપ = પરસ્પર તાણા-વાણાસ્વરૂપ વિશેષ પ્રકારના સંઘાતપરિણામને પામેલા તંતુઓ જ લોકોમાં 'પટ' તરીકેનો વ્યવહાર પામે છે. આ પ્રમાણે જ લોકવ્યવહાર દેખાય છે. પરસ્પર તાણા-વાણા સ્વરૂપે વણાયેલા તંતુઓને છોડી કોઈ અલગ સ્વતંત્ર દ્રવ્યમાં 'પટ' તરીકેનો વ્યવહાર થતો નથી. તેથી જ તો બૌદ્ધ વિદ્વાનો પણ કહે છે કે "તન્તુ વગેરે અવયવોની ગેરહાજરીમાં, તંતુ આદિથી ભિન્ન કોઈ પટ વગેરે અવયવી દ્રવ્યની ઉપલબ્ધિ થતી નથી. પરંતુ આતાન-વિતાનાદિ વિશિષ્ટ અવસ્થાને ધારણ કરનારા તંતુઓ જ 'પટ' વગેરે વ્યવહારનો વિષય બને છે." આમ બૌદ્ધમત મુજબ પણ અતિરિક્ત અવયવી અસિદ્ધ છે. તેથી અસંખ્યપ્રદેશસ્કંધપરિણામાત્મક હોવાથી ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યને અસ્તિકાય કહેવામાં આવે છે." આ પ્રમાણે **શ્રીમલયગિરિસૂરિવરે પ્રજ્ઞાપનાવૃત્તિ**માં વ્યાખ્યા કરેલ

1. गण-काय-निकायाश्च स्कन्धः वर्गः तथैव राशिः च।

तवन्तः। तृतीयशाखायां (३/३-४) यत् स्वतन्त्राऽवयविद्रव्यनिराकरणं कृतं तदत्राऽनुसन्धेयम्।

तत्त्वार्थभाष्यवृत्तौ सिद्धसेनगणिभिस्तु "कायशब्दः उपसमाधानवचनः। प्रदेशानामवयवानां च सामीप्येनान्योन्यानुवृत्त्या सम्यग् मर्यादया धारणम् = अवस्थानम् = उपसमाधानम्। अथवा काया इवैते कायाः, शरीराणि यथा प्रदेशावयवित्वात् कायशब्दवाच्यान्येवमेतेऽपि" (त.भा.५/१, वृत्ति, पृ.३१६) इत्युक्तमित्यवधेयम्।

स्थानाङ्गसूत्रवृत्तौ श्री**अभयदेवसूरिभिः** तु "अस्ति इत्ययं त्रिकालवचनो निपातः अभूवन् भवन्ति भविष्यन्ति चेति भावना। अतोऽस्ति च ते प्रदेशानां कायाश्च राशय इति। अस्तिशब्देन प्रदेशाः क्वचिदुच्यन्ते,

---

છે. પૂર્વે ત્રીજી શાખાના ત્રીજા-ચોથા શ્લોકમાં અતિરિક્ત અવયવી દ્રવ્યનું જે નિરાકરણ કરવામાં આવેલ છે, તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

❋ अस्तिकायस्वरूप : श्रीसिद्धसेनगणिवरની दृष्टिએ ❋

(तत्त्वा.) **तत्त्वार्थभाष्यवृत्ति**માં **श्रीसिद्धसेनगणिवरे** તો 'અસ્તિકાય' શબ્દની વ્યાખ્યા એવી કરેલ છે કે "ધર્માસ્તિકાય વગેરે પદમાં જે 'અસ્તિકાય' શબ્દ રહેલ છે તેનો અર્થ આ મુજબ સમજવો. અસ્તિઓનો = પ્રદેશોનો કાય. અહીં 'કાય' શબ્દ ઉપસમાધાન અર્થનો વાચક છે. ઉપ = સમીપ. સમ્ = મર્યાદા. આધાન = ધારણ = અવસ્થાન. પ્રદેશો અને અવયવો સમીપ રહીને પરસ્પર અનુવૃત્તિથી = અનુગમથી સારી રીતે મર્યાદાપૂર્વક એકબીજાને ધારણ કરીને રહે તે ઉપસમાધાન કહેવાય છે. ધર્મ-અધર્મ-આકાશ વગેરેના પ્રદેશો (= નિરંશ અંશો = સૂક્ષ્મ ભાગો) અને અવયવો (= સાંશ અંશો = દેશો = સ્થૂલ ભાગો) એકબીજાની નજીક રહીને, એકબીજાથી અનુવિદ્ધ થઈને, પોતપોતાની મર્યાદા મુજબ પરસ્પરને ધારણ કરીને રહેલા હોવાથી તે ધર્મ-અધર્મ આદિ દ્રવ્યોને અસ્તિકાય કહેવામાં આવે છે. **અથવા** એમ પણ કહી શકાય કે 'અસ્તિકાય' પદમાં ઘટક તરીકે જે 'કાય' શબ્દ રહેલ છે તે કાયાને = શરીરને દર્શાવે છે. અર્થાત્ ધર્માદિ પાંચ દ્રવ્યોના પ્રદેશો કાયા જેવા હોવાથી તે દ્રવ્યો 'અસ્તિકાય' શબ્દથી વ્યવહર્તવ્ય બને છે. જેમ શરીરો સ્વપ્રદેશના અવયવી હોવાથી 'કાય' શબ્દથી ઓળખાય છે તેમ પ્રસ્તુત ધર્માદિ પાંચ દ્રવ્યો પણ સ્વપ્રદેશોના અવયવી હોવાથી 'કાય' શબ્દ દ્વારા જણાવાય છે." આ પ્રમાણે **સિદ્ધસેનગણિવર**નો મત પણ વાચકવર્ગે ધ્યાનમાં રાખવો.

❋ अस्तिकायस्वरूप : श्रीअभयदेवसूरिજીની दृष्टिએ ❋

(स्थानाङ्ग.) **स्थानांगसूत्र**ની વ્યાખ્યામાં **श्रीअभयदेवसूरि** મહારાજે તો 'અસ્તિકાય' શબ્દની વ્યાખ્યા કરતા એવું જણાવેલ છે કે "અસ્તિકાય પદમાં રહેલ 'અસ્તિ' શબ્દ ત્રિકાલવાચક નિપાત છે. મતલબ કે જે ભૂતકાળમાં હતા, વર્તમાનકાળમાં હોય છે અને ભવિષ્યમાં રહેવાના છે તેને અસ્તિ કહેવાય. આ પ્રમાણે અહીં ભાવના સમજવી. અહીં 'કાય' શબ્દથી 'સમૂહ = પ્રદેશોનો સમૂહ' અર્થ જાણવો. તેથી અહીં 'अस्ति च ते कायाश्च = अस्तिकायाः' આવો કર્મધારય સમાસ સ્વીકારવાથી અસ્તિકાય શબ્દનો અર્થ એવો પ્રાપ્ત થાય છે કે અસ્તિકાય = શાશ્વત એવો પ્રદેશસમૂહ. ધર્મ, અધર્મ આદિ પાંચેય દ્રવ્યના અસંખ્ય પ્રદેશો શાશ્વત છે. તથા ધર્માદિ પાંચેય દ્રવ્ય અસંખ્યપ્રદેશાત્મક છે. તેથી શાશ્વતઅસંખ્યપ્રદેશસમૂહાત્મક ધર્માદિ પાંચેય દ્રવ્યોને અસ્તિકાય શબ્દથી જણાવવામાં આવે છે. કોઈક સ્થળે અસ્તિ શબ્દથી પ્રદેશો કહેવાય છે. તેથી તે રીતે વિચારવામાં આવે તો અસ્તિકાય શબ્દનો બીજો અર્થ એવો ફલિત થશે કે અસ્તિઓનો

ततश्च तेषां वा कायाः अस्तिकायाः" (स्था.४/१/२५२, वृ.) इत्युक्तम्।

भगवतीसूत्रवृत्तौ तु तैरेव "अस्तिशब्देन प्रदेशा उच्यन्ते। अतः तेषां कायाः = राशयः अस्तिकायाः। अथवा अस्तीत्ययं निपातः कालत्रयाऽभिधायी। ततः 'अस्ति' इति सन्ति, आसन्, भविष्यन्ति च ये कायाः = प्रदेशराशयः ते अस्तिकायाः" (भ.सू.२/१०/११९-पृ.१४८) इत्येवं कल्पद्वयमुपदर्शितम्।

अनुयोगद्वारसूत्रवृत्तौ श्रीहरिभद्रसूरिभिः अपि "अस्तयः = प्रदेशाः तेषां कायः = सङ्घातः अस्तिकायः" (अ.द्वा.पृ.४१) इत्युक्तम्।

देवनन्द्याचार्येण सर्वार्थसिद्धौ "कायशब्दः शरीरे व्युत्पादितः। इहोपचारादध्यारोप्यते। कुत उपचारः? यथा शरीरं पुद्गलद्रव्यप्रचयात्मकं तथा धर्मादिष्वपि प्रदेशप्रचयाऽपेक्षया काया इव काया" (स.सि. ५/१) इत्युक्तम्।

= પ્રદેશોનો સમૂહ = અસ્તિકાય. ધર્માદિ પાંચેય દ્રવ્યો અસંખ્ય પ્રદેશોના સમૂહાત્મક હોવાથી અસ્તિકાય શબ્દથી વ્યવહાર્ય બને છે" - આ રીતે નવાંગી ટીકાકારના મતને પણ વાચકવર્ગે યાદ રાખવો.

❀ ભગવતીસૂત્રવ્યાખ્યામાં અસ્તિકાયની સમજણ ❀

(**ભગ.**) શ્રી**અભયદેવસૂરિજી**એ **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં અસ્તિકાયની વ્યાખ્યા કરતાં જે બે વિકલ્પ જણાવેલ છે તેનો ક્રમ બદલીને તે જ બે વિકલ્પો **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં તેમણે જ જણાવેલ છે. ત્યાં જણાવેલ છે કે "अस्ति શબ્દ પ્રદેશોને દર્શાવે છે. તેથી પ્રદેશોનો સમૂહ = અસ્તિકાય. અથવા 'अस्ति' શબ્દ ત્રિકાલ વાચક નિપાત છે. તેથી જે છે, હતા અને હશે તે અસ્તિ. આવો ત્રૈકાલિક પ્રદેશસમૂહ (= કાય) એટલે અસ્તિકાય કહેવાય."

❀ અસ્તિકાયસ્વરૂપ : શ્રીહરિભદ્રસૂરિજીનો દૃષ્ટિકોણ ❀

(**અનુયોગ.**) શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે પણ **અનુયોગદ્વાર સૂત્ર**ની **વ્યાખ્યા**માં જણાવેલ છે કે 'अस्ति એટલે પ્રદેશ = નિર્વિભાજ્ય અંશ. તથા કાય = સંઘાત. તેથી પ્રદેશોનો સમૂહ અસ્તિકાય કહેવાય છે.'

❀ અસ્તિકાયસ્વરૂપ અંગે સર્વાર્થસિદ્ધિકારનો મત ❀

(**દેવ.**) દિગંબર આચાર્ય **દેવનંદી**એ **તત્ત્વાર્થસૂત્ર**ની **સર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યામાં જણાવેલ છે કે 'અસ્તિકાય પદમાં ઘટકીભૂત એવો કાય શબ્દ શરીર અર્થમાં શાસ્ત્રકારો દ્વારા સમજાવાયેલ છે. પ્રસ્તુતમાં ધર્મ-અધર્મ આદિ પાંચેય દ્રવ્ય પરમાર્થથી શરીરાત્મક = દેહાત્મક ન હોવા છતાં પણ ઉપચારથી તેમાં કાયા તરીકેનો અધ્યારોપ કરવામાં આવે છે. આવો ઉપચાર કેમ થાય છે? એ પ્રશ્નનો જવાબ એ છે કે જેમ મનુષ્યાદિનું શરીર પુદ્ગલદ્રવ્યના પ્રચયાત્મક છે તેમ ધર્મ-અધર્મ આદિ પાંચેય દ્રવ્ય પણ પ્રદેશપ્રચયાત્મક છે. આમ અસંખ્યપ્રદેશપ્રચયાત્મક હોવાની અપેક્ષાએ ધર્માદિ પાંચેય દ્રવ્ય જાણે કે કાયાત્મક = દેહાત્મક ન હોય! તેવી કલ્પના કરીને ધર્માદિ પાંચેય દ્રવ્યોને કાય શબ્દથી નવાજવામાં આવે છે. અસ્તિઓના = પ્રદેશોના પ્રચયાત્મક હોવાથી ધર્માદિ પાંચેય દ્રવ્યોને ઉપચારથી અસ્તિકાય કહેવામાં આવે છે.'

કાલદ્રવ્યનઈ અસ્તિકાય ન કહિઈ. જે માટઈ તેહનઈ પ્રદેશસંઘાત* નથી; એક સમય બીજા સમયનઈ ન મિલઈ, તે વતી.

अकलङ्काचार्येण तु **तत्त्वार्थराजवार्त्तिके** "प्रदेशप्रचयो हि कायः येषामस्ति तेऽस्तिकाया जीवादयः पञ्चैवोपदिष्टाः" (त.रा.वा.४/१४/५) इत्युक्तमित्यवधेयम्।

पञ्चास्तिकाये कुन्दकुन्दस्वामिनाऽपि [1]"एदे कालागासा धम्माधम्मा य पुग्गला जीवा। लब्भंति दव्वसण्णं कालस्स दु णत्थि कायत्तं।।" (प.का.१०२) इति दर्शितम्।

इत्थञ्च कालद्रव्यं नाऽस्तिकाय उच्यते, प्रदेशसङ्घातविरहात्। न ह्येकः वर्त्तमानः समयः समयान्तरमुपस्पृशति, अतीताऽनागतयोः समययोः विनष्टाऽनुत्पन्नत्वेन असत्त्वात्। इदमेवाभिप्रेत्य **भगवत्यां** [2]"अद्धासमयो केवतिएहिं अद्धासमएहिं पुट्ठो ? नत्थि एक्केण वि" (भ.सू.१३/४, प्रश्न-३१) इत्युक्तम्।

❀ अस्तिकायप्ररूपणा : तत्त्वार्थराजवार्त्तिककारना अभिप्रायथी ❀

(अकलङ्का.) **अकलंक** नामना દિગંબર આચાર્ય તો **तत्त्वार्थराजवार्त्तिक** ગ્રંથમાં અસ્તિકાય શબ્દની વ્યાખ્યા કરતાં એવું જણાવે છે કે 'પ્રદેશપ્રચય એટલે કાય. જે દ્રવ્યમાં પ્રદેશપ્રચય હોય છે તે અસ્તિકાય કહેવાય છે. કાળ સિવાય જીવ વગેરે પાંચ જ દ્રવ્ય અસ્તિકાય તરીકે શાસ્ત્રમાં જણાવાયેલ છે.' અકલંક આચાર્યની આ વાત પણ વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

❀ अस्तिकाय अंगे कुंदकुंदस्वामीनुं मंतव्य ❀

(पञ्चा.) **पंचास्तिकाय** નામના ગ્રંથમાં **कुंदकुंदस्वामी** નામના દિગંબર આચાર્ય પણ જણાવે છે કે 'કાળ, આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલ અને જીવ - આ છ પદાર્થ દ્રવ્યસંકેતને પ્રાપ્ત કરે છે. કાળ દ્રવ્યમાં તો કાયત્વ નથી રહેલું. તેથી આકાશાદિ પાંચ દ્રવ્ય અસ્તિકાય સ્વરૂપ જાણવા.'

❀ काळ अनस्तिकाय छे ❀

(इत्थ.) આમ કાળ દ્રવ્ય અસ્તિકાય કહેવાતું નથી. કારણ કે કાળદ્રવ્યમાં પ્રદેશસમૂહ નથી. જે રીતે ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યના પ્રદેશો એકબીજાને સ્પર્શીને રહેલા છે તે રીતે એક સમય બીજા સમયનો સ્પર્શ કરતો નથી. આમ નિરંશઅનેકસમયસમૂહાત્મક ન હોવાથી કાળદ્રવ્યને અસ્તિકાય શબ્દથી ઓળખાવવામાં નથી આવતું. અતીત સમય વિનષ્ટ હોવાથી અસત્ = અવિદ્યમાન છે. અનાગત સમય અનુત્પન્ન હોવાથી અસત્ છે. તેથી વર્તમાન એક સમય અન્ય સમયને સ્પર્શતો નથી. મતલબ કે એક સમય રવાના થાય છે અને બીજો સમય આવે છે. બીજો સમય રવાના થાય છે અને ત્રીજો સમય આવે છે. આમ ક્રમશઃ સમયનો પ્રવાહ ચાલ્યા કરે છે. પરંતુ વાસ્તવમાં તો વર્તમાન એક સમય જ વિદ્યમાન હોય છે. તેથી કાળદ્રવ્યને અસ્તિકાય કહી ન શકાય. આ જ અભિપ્રાયથી **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરી રૂપે જણાવેલ છે કે 'હે ભગવંત ! અદ્ધાસમય કેટલા અદ્ધાસમયોથી સ્પર્શાયેલ છે ? એક પણ અદ્ધાસમયથી એક પણ અદ્ધાસમય સ્પર્શાયેલ નથી.'

---

* લા.(૨)માં 'તેહનઈ સંઘાત' પાઠ. 1. एते कालाकाशौ धर्माऽधर्मौ च पुद्गलाः जीवाः। लभन्ते द्रव्यसंज्ञां कालस्य तु नास्ति कायत्वम्।। 2. अद्धासमयः कियद्भिः अद्धासमयैः स्पृष्टः ? न अस्ति एकेन अपि।

प्रज्ञापनावृत्तौ श्रीमलयगिरिसूरिभिः अपि कालमुद्दिश्य "अयं च एक एव वर्त्तमानः परमार्थः सन्, नाऽतीता नाऽनागताः समयाः, तेषां यथाक्रमं विनष्टाऽनुत्पन्नत्वेनाऽसत्त्वात्। ततः कायत्वाभाव इति देश -प्रदेशकल्पनाविरहः" (प्रज्ञा.१/सू.३ पृ.९) इत्युक्तमित्यनुसन्धेयम्।

तदुक्तं तैरेव **जीवाजीवाभिगमवृत्तौ** "अयञ्चैक एव वर्तमानः सन्, नाऽतीताऽनागताः, तेषां यथाक्रमं विनष्टानुत्पन्नत्वाद्" (जीवा.४ वृ.) इति।

तत्त्वार्थभाष्यसिद्धसेनीयवृत्तौ अपि "न च कालः अस्तिकायः, एकसमयत्वाद्" (त.सू.५/१/वृ.पृ.३१६) इति प्रतिपादितम्। ***एतेन*** "कायग्रहणं प्रदेशावयवबहुत्वार्थम् अद्धासमयप्रतिषेधार्थञ्च" (त.सू.५/१ भा.पृ.३१६) इति **तत्त्वार्थभाष्ये उमास्वाति**वचनमपि ***व्याख्यातम्।***

❋ अतीतादि काळ असत् ❋

(प्रज्ञा.) तेम ज काळ द्रव्यने उद्देशीने **प्रज्ञापनासूत्र**नी **व्याख्या**मां **श्रीमलयगिरिसूरि** महाराजे पण जणावेल छे के "आ એક ज वर्तमान समय परमार्थसत् छे. अतीत समयो के अनागत समयो परमार्थसत् नथी. कारण के अतीत समय विनष्ट होवाना कारणे वर्तमानमां असत् छे. तथा अनागत = भविष्य समय अनुत्पन्न होवाना कारणे असत् छे. तेथी कायम मात्र એક वर्तमान समय ज परमार्थथी विद्यमान होय छे. तेथी काळद्रव्यमां कायत्व = समूहत्व = संघातपरिणाम गेरहाजर छे. तेथी धर्मास्तिकाय वगेरे पांच द्रव्यमां जे रीते देशनी अने प्रदेशनी कल्पना करवामां आवे छे ते रीते काळ नामना छठ्ठा द्रव्यमां देशनी अने प्रदेशनी कल्पना करवामां आवती नथी. आम 'काळद्रव्य अस्तिकाय स्वरूप नथी' - એम सिद्ध थाय छे." आ वातनुं पण अहीं वाचकवर्गे अनुसंधान करवुं.

❀ काळ એક छे : श्रीमलयगिरिसूरिजी ❀

(तदुक्तं.) श्री **मलयगिरिसूरि** महाराजे ज **जीवाजीवाभिगमसूत्र**नी **वृत्ति**मां जणावेल छे के 'आ એક ज वर्तमान समय वास्तविक छे. अतीत के अनागत समयो वास्तविक नथी. कारण के अतीत समयो विनष्ट थयेला छे तथा अनागत समयो अनुत्पन्न छे.' आम **जीवाजीवाभिगमसूत्रवृत्ति** मुजब पण 'काळ अस्तिकायस्वरूप नथी' - तेम सिद्ध थाय छे.

❀ काळ એક छे : श्रीसिद्धसेनगणिवर ❀

(तत्त्वार्थ.) तत्त्वार्थसूत्रभाष्यनी **सिद्धसेनीयवृत्ति**मां पण जणावेल छे के 'काळ अस्तिकाय नथी. कारण के कालतत्त्व એક समय प्रमाण छे.' आवुं जणाववाथी **तत्त्वार्थभाष्य**मां **श्रीउमास्वातिजी** वाचके जे वात दर्शावेल छे तेनी पण स्पष्टता थई जाय छे. त्यां तेओश्रीए जणावेल छे के "धर्मास्तिकाय वगेरे पांच द्रव्यनी संज्ञामां जे काय शब्दनुं ग्रहण करेल छे ते धर्मादिद्रव्यना प्रदेशो अने अवयवो (= देशो) अनेक छे - तेवुं जणाववा माटे छे तथा अद्धासमयनो = कालसमयनो 'अस्तिकाय' तरीके निषेध करवा माटे छे." मतलब के कालतत्त्व એकसमयात्मक होवाथी अस्तिकायस्वरूप नथी - आ प्रमाणेनी हकीकत वाचकशिरोमणि **उमास्वातिजी** महाराजना मनमां पण रहेल छे. आवुं स्पष्ट थाय छे.

तदुक्तं **धवलायाम्** अपि "कोऽनस्तिकायः ? कालः, तस्य प्रदेशप्रचयाऽभावाद्" (ध.९/४,१, ४५/१६८/४) इति।

न च कालस्यैकसमयात्मकत्वे मुहूर्त्तादिव्यवहारः कथं सम्भवेदिति ***शङ्कनीयम्***,

वस्तुभूतसमाहारविरहेऽपि बुद्धिकृततत्समाहारविशेषेण तथाविधव्यवहारोपपत्तेः। यथोक्तं **प्रज्ञापना-वृत्तौ मलयगिरिसूरिभिः** "आवलिकादयः तु पूर्वसमयनिरोधेनैव उत्तरसमयसद्भाव इति ततः समुदायसमित्याद्यसम्भवेन व्यवहारार्थमेव कल्पिताः" (प्र.सू.१/३/पृ.९ वृ.) इति।

सम्मतञ्चेदं परेषामपि। अत एव **योगसूत्रवार्तिके विज्ञानभिक्षुणा** "मुहूर्त्ताहोरात्रादयो बुद्धिकल्पित-समाहार एव" (यो.सू.३/५२/वा.पृ.३८५) इत्युक्तम्।

☬ अस्तिकाय : धवलाकारनी दृष्टिमां ☬

(तदुक्तं.) धवला ग्रंथमां पण व्यतिरेकमुखे जणावेल छे के 'कोण अनस्तिकाय छे ? आ प्रश्ननो जवाब ए छे के काळ अनस्तिकाय छे. कारण के काळमां प्रदेशप्रचय नथी.' आनाथी प्रदेशप्रचयात्मक अस्तिकाय सिद्ध थाय छे.

शंका :- **(न च.)** जो काळ एकसमयात्मक होय अने समूहात्मक न होय तो मुहूर्त्त, कलाक वगेरे व्यवहारो कई रीते थई शके ? एक समयने तो कांई मुहूर्त्त (= ४८ मिनिट) के कलाक वगेरे स्वरूपे दर्शावी न ज शकाय ने ?

✧ दिवस, रात वगेरे व्यवहारनी संगति ✧

समाधान :- **(वस्तु.)** जेम वृक्षना समूहने वन कहेवाय, तेम समयनो वास्तविक समूह नथी के जे समयसमूह विशे मुहूर्त्त वगेरे व्यवहार करी शकाय. तेम छतां बौद्धिक रीते समयसमूहविशेषनी कल्पना करीने तेने उद्देशीने मुहूर्त्त वगेरे व्यवहार थई शके छे. मतलब के मुहूर्त्त, कलाक वगेरे व्यवहारो बुद्धिकल्पित छे. श्रीमलयगिरिसूरिजी महाराजे **प्रज्ञापनासूत्रवृत्ति**मां आ अंगे जणावेल छे के "आवलिका, मुहूर्त्त वगेरे समयविशेषसमूहात्मक कोई वास्तविक काळद्रव्य नथी. कारण के पूर्वसमयनो नाश थया बाद ज उत्तरसमय हाजर रहे छे. तेथी समयना समुदायनो तो परस्पर संबंध थवो असंभव ज छे. तेथी फक्त लोकव्यवहार माटे ज आवलिका, मुहूर्त्त वगेरे काळविशेषनी कल्पना करवामां आवे छे." आम **मलयगिरिसूरिजी**ए आवलिका वगेरेने स्पष्टपणे बुद्धिकल्पितस्वरूपे जणावेल छे.

● मुहूर्त्तादि बुद्धिकल्पित क्षणसमूहात्मक : विज्ञानभिक्षु ●

(सम्मत.) आ वात अन्यदर्शनकारोने पण मान्य छे. तेथी ज आ अंगे **विज्ञानभिक्षुए योगवार्तिक**मां जणावेल छे के 'मुहूर्त्त, अहोरात्र वगेरे अनेकक्षणसमूहरूपे भासे छे. ते अनेक क्षणो वास्तवमां एकीसाथे होती नथी. परंतु बुद्धिथी ते क्षणोना समूहनी कल्पना करवामां आवे छे. आम बुद्धिकल्पित क्षणविशेषसमूह ए मुहूर्त्त, दिवस, रात वगेरे छे.' तेथी 'धर्मास्तिकायनी जेम काळमां अस्तिकायपणुं तात्त्विक रीते संभवतुं नथी' - आ वातमां परदर्शनकारोनी पण संमति मळे छे.

ઈમ બીજાં પણિ "**धर्माधर्माकाशा□न्येकैकमतः परं त्रिकमनन्तम्। कालं विनाऽस्तिकाया जीवमृते चाप्यकर्तृणि।।**" (प्र.र.२१४) ઇત્યાદિ સાધર્મ્ય ***प्रशमरत्यादि*** મહાગ્રંથથી જાણવું. ॥૧૦/૩॥

પ્રકૃતે **योगसूत्रभाष्य**પ્રબન્ધઃ સ્મર્તવ્યઃ। સ ચાऽયમ્ – "ન ચ દ્વૌ ક્ષણૌ સહ ભવતઃ। ક્રમશ્ચ ન દ્વયોઃ સહભુવોઃ, અસમ્ભવાત્। પૂર્વસ્માદુત્તરસ્ય ભાવિનો યદાનન્તર્યં ક્ષણસ્ય સ ક્રમઃ। તસ્માદ્ વર્તમાન એવૈકઃ ક્ષણઃ, ન પૂર્વોત્તરક્ષણાઃ સન્તીતિ। તસ્માન્નાસ્તિ તત્સમાહારઃ" (યો.સૂ.૩/૫૨ ભા.પૃ.૩૮૩) ઇતિ।

ધર્માસ્તિકાયાદિસાધર્મ્ય-વૈધર્મ્યે પુનઃ **उमास्वाति**વાચકશિરોમણિભિઃ **प्रशमरतौ** "ધર્માऽધર્માऽऽકાશા-ન્યેકૈકમતઃ પરં ત્રિકમનન્તમ્। કાલં વિનાऽસ્તિકાયા જીવમૃતે ચાऽપ્યકર્તૃણિ।।"(પ્ર.ર.૨૧૪) ઇત્થમાવેદિતે ઇત્યવધેયમ્।

नन्वेवं પુદ્ગલપરમાણુ-કાલયોઃ સર્વથાऽનસ્તિકાયત્વાऽભ્યુપગમે અનેકાન્તવાદરાદ્ધાન્તવ્યાકોપઃ પ્રસજ્યેતેતિ ***चेत्*** ?

न, નિરવયવપ્રદેશબાહુલ્યલક્ષણાऽસ્તિકાયત્વવિરહેऽપિ પુદ્ગલાણૌ સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણાદિભાવ-

---

❋ ક્ષણસમૂહ કાલ્પનિક : વ્યાસ ❋

(प्रकृते.) પ્રસ્તુતમાં **યોગસૂત્રભાષ્ય**નો સંદર્ભ પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં **વ્યાસ** મહર્ષિએ જણાવેલ છે કે 'બે ક્ષણ એકીસાથે ક્યારેય પણ હોતી નથી. કારણ કે એક ક્ષણ રવાના થાય પછી બીજી ક્ષણ આવે છે. તથા સાથે ઉત્પન્ન થનાર બે વસ્તુમાં (કે ક્ષણમાં) તો ક્રમ ન હોય. કેમ કે તે અસંભવ છે. અસંભવ હોવાનું કારણ એ છે કે પૂર્વક્ષણ પછી ઉત્પન્ન થનાર ઉત્તરક્ષણમાં આનન્તર્ય છે તે જ ક્ષણક્રમ કહેવાય. આમ સમકાલીન બે ક્ષણમાં ક્રમ નથી હોતો. તથા પરમાર્થથી બે ક્ષણ સાથે હોતી નથી. તેથી વર્તમાન એક જ ક્ષણ હોય છે. પૂર્વવર્તી કે ઉત્તરવર્તી ક્ષણો હોતી નથી. તેથી અનેક ક્ષણોનો સમૂહ હોતો નથી.' મતલબ કે વ્યાસ મહર્ષિના મતે પણ ક્ષણવિશેષસમૂહાત્મક મુહૂર્ત્તાદિ કાલ્પનિક છે.

❋ કાળ અનંત છે : ઉમાસ્વાતિજી મહારાજ ❋

(धर्मा.) **प्रशमरति** ગ્રંથમાં વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે ધર્માસ્તિકાયાદિનું સાધર્મ્ય અને વૈધર્મ્ય નીચે મુજબ જણાવેલ છે. 'ધર્મ અધર્મ અને આકાશ - આ ત્રણેય દ્રવ્ય એક એક છે. ત્યાર પછીના કાળ, પુદ્ગલ અને જીવ - આ ત્રણ દ્રવ્ય અનંત છે. કાળ વિના ધર્માદિ પાંચ દ્રવ્યો અસ્તિકાય સ્વરૂપ છે. છ દ્રવ્યમાંથી ફક્ત જીવદ્રવ્ય કર્તા = પ્રયત્નઆશ્રય છે. જીવ સિવાયના ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય અકર્તા = પ્રયત્નશૂન્ય છે.' આ બાબતને વાચક વર્ગે ધ્યાનમાં લેવી.

શંકા :- **(नन्वे.)** જો આ પ્રમાણે પ્રદેશબાહુલ્યને જ અસ્તિકાયત્વ માનવામાં આવે તો પુદ્ગલપરમાણુમાં અને કાળમાં અસ્તિકાયત્વનો સર્વથા અભાવ માનવો પડશે. તેમજ તેવો સ્વીકાર કરવામાં તો અનેકાન્તવાદનો સિદ્ધાંત પણ કોપાયમાન થશે. કારણ કે ત્યાં ઉપર મુજબ અનસ્તિકાયત્વનો એકાંત આપે માન્ય કર્યો છે.

❀ પરમાણુ અને કાલ પણ કથંચિત્ અસ્તિકાયસ્વરૂપ ❀

સમાધાન :- **(न.)** ના, તમારી વાત બરાબર નથી. નિરવયવ એવા અનેક પ્રદેશોના સમૂહસ્વરૂપ

□ કો.(૯+૧૦+૧૧) + સિ. + લા.(૨)માં '...काशाद्ये...' પાઠ.

समुदायात्मकास्तिकायत्वस्य काले चोत्पाद-व्यय-ध्रौव्यप्रचयलक्षणकायत्वस्याऽभ्युपगमेन अनेकान्तराद्धान्ताऽव्याकोपात् ।

इदमेवाभिप्रेत्य **द्रव्यालङ्कारवृत्तौ रामचन्द्र-गुणचन्द्राचार्याभ्यां** "भावांशाः स्पर्श-रस-गन्ध-वर्णादयः, तैः परमाणुः कायव्यपदेशं लभते। यद्यपि परमाणौ स्कन्धवद् द्रव्यांशाः न सन्ति, तथापि भावांशाः सन्ति। ततः तैः सोऽपि काय इत्युच्यते।... कायशब्देन हि प्रचय उच्यते। प्रचयश्चोत्पाद-व्यय-ध्रौव्याणामेव" (द्रव्या.प्रकाश-३/पृ.१६२ वृ.) इत्युक्तम् । अत्रार्थे सङ्ग्रहश्लोकः **द्रव्यालङ्कारे** अकम्पप्रकाशे एवम् "कायः प्रदेशबाहुल्यं भावांशैस्तदणोः पुनः। उत्पाद-व्यय-ध्रौव्याणां यद्वा कायः समुच्चयः।।" (द्रव्या.प्र.३/पृ.२१३) इति भावनीयम् अनेकान्ताऽनुविद्धाऽऽगमानुसारेण ।

देवचन्द्रवाचकैः आगमसारे बुद्धिसागरसूरिभिः च **षड्द्रव्यविचारे** "निश्चयनयमते षड् द्रव्याणि सक्रियाणि,

---

અસ્તિકાયત્વ પુદ્ગલપરમાણુમાં કે કાળમાં ભલે ન હોય છતાં પણ તે બન્નેમાં બીજા પ્રકારનું કાયત્વ રહે જ છે. તે આ રીતે - સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ભાવોનો સમૂહ એ પણ એક પ્રકારનું કાયત્વ જ છે. તથા આવું કાયત્વ પુદ્ગલ પરમાણુમાં રહે જ છે. આમ પ્રદેશબાહુલ્યની દૃષ્ટિએ પરમાણુ ભલે અસ્તિકાય નથી તથા ભાવાંશ બાહુલ્યની દૃષ્ટિએ પરમાણુ અસ્તિકાય છે. આમ અનેકાંતવાદનો સિદ્ધાન્ત ભાંગી પડતો નથી. તે જ રીતે કાળમાં પ્રદેશસમૂહસાપેક્ષ કાયત્વ ન હોવા છતાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસમૂહસ્વરૂપ કાયત્વ અમને માન્ય જ છે. તેથી અનેકાન્ત સિદ્ધાન્ત અમારા ઉપર કોપાયમાન થતો નથી.

✻ ત્રિવિધ કાયલક્ષણની વિચારણા ✻

(**इदमे.**) અમે ઉપર જે વાત કરી છે તે અમારા મનની કોરી કલ્પના નથી. પણ શાસ્ત્રસંમત હકીકત છે. કેમ કે અમે ઉપર જે વાત કરેલ છે એ જ બાબતને જણાવવાના અભિપ્રાયથી **રામચંદ્રસૂરિ**એ અને **ગુણચંદ્રસૂરિ**એ **દ્રવ્યાલંકાર** ગ્રંથની **સ્વોપજ્ઞવૃત્તિ**માં જણાવેલ છે કે "સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ભાવાંશો છે. તેની અપેક્ષાએ પરમાણુ કાયપણાના વ્યવહારને પ્રાપ્ત કરે છે. જો કે સ્કંધની જેમ પરમાણુમાં દ્રવ્યાંશો = નિરવયવપ્રદેશો હોતા નથી છતાં પણ પરમાણુમાં ભાવાંશો = સ્પર્શાદિ પરિણામો હોય છે. તેથી ભાવાંશો વડે પરમાણુ પણ 'કાય' કહેવાય છે. ... કાય શબ્દથી વાસ્તવમાં પ્રચય કહેવાય છે. તે પ્રચય = સમૂહ તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો જ હોય છે." આ બાબતની વિસ્તારથી ત્યાં છણાવટ કરવામાં આવેલ છે. આ પદાર્થનો સંગ્રહ કરનાર એક શ્લોક **દ્રવ્યાલંકાર**ના ત્રીજા અકંપપ્રકાશમાં મળે છે. તેનો અર્થ આ મુજબ છે. "(૧) પ્રદેશબાહુલ્ય એ કાય છે. (૨) વળી, તે અણુમાં ભાવાંશો દ્વારા સંભવે છે. અથવા (૩) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો સમૂહ એ જ કાય છે." જીવાદિ દ્રવ્યોમાં પ્રથમ કાયત્વ, પુદ્ગલપરમાણુમાં બીજું કાયત્વ અને કાલમાં ત્રીજું કાયત્વ લઈને વાચકવર્ગે અનેકાન્તવાદમય આગમ મુજબ ઊંડાણથી પ્રસ્તુતમાં વિભાવના કરવી.

✻ સક્રિયદ્રવ્યો નિશ્ચયથી છ, વ્યવહારથી બે ✻

(**देव.**) **આગમસાર**માં ઉપાધ્યાય શ્રીદેવચન્દ્રજી તથા **ષડ્દ્રવ્યવિચાર** ગ્રંથમાં ઘંટાકર્ણપ્રતિબોધક શ્રીબુદ્ધિસાગરસૂરિજી જણાવે છે કે "નિશ્ચયનયે છએ દ્રવ્ય સક્રિય છે. વ્યવહારનયે જીવ અને પુદ્ગલ

व्यवहारनयमते पुनः जीव-पुद्गलाख्ये द्वे एव द्रव्ये सक्रिये" (आ.सा.पृ.६, ष.द्र.वि.पृ.९) इति दर्शितम्। उत्पादादिक्रियाणां प्रतिक्षणं प्रतिद्रव्यं सद्भावात् द्रव्यत्वावच्छिन्नस्य सक्रियत्वमत्र निश्चयत उक्तमिति ज्ञेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'धर्मादिद्रव्यषट्कं नित्यमि'त्युक्त्या स्वात्मनोऽपि नित्यत्वं सूच्यते। ततश्च रोग-जरादिदशायां 'मा म्रियेय' इत्यादिकां भीतिं विमुच्य सर्वत्र सर्वदा शुद्ध-ध्रुवात्मद्रव्ये निजां दृष्टिं निधाय निर्भयतया निश्चिंततया च उपसर्ग-परिषहादिविजयकृते बद्धकक्षतया भाव्यमित्युपदेशः। तदनुसरणतश्च "आत्यन्तिकः सर्वकर्मनिक्षेपः मोक्षः" (त.रा.वा.१/१/३७/१०/१५) इति **तत्त्वार्थराजवार्त्तिके अकलङ्कस्वामिना** दर्शितः अपवर्गः प्रत्यासन्नः स्यात्।।१०/३।।

- આ બે જ દ્રવ્ય સક્રિય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એ ચાર દ્રવ્યો અક્રિય છે." ઉત્પાદાદિ ક્રિયા સર્વ દ્રવ્યોમાં પ્રતિક્ષણ થયે જ રાખે છે. માટે નિશ્ચયથી સર્વ દ્રવ્યોને અહીં સક્રિય જણાવેલ છે - તેમ સમજવું.

❁ द्रव्यस्वरूपगोचरज्ञानथी निर्भयता आवे ❁

आध्यात्मिक उपनय :- 'ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્ય નિત્ય છે' - આવું કહેવા દ્વારા આપણો આત્મા પણ નિત્ય છે - તેવું સૂચિત થાય છે. તેથી રોગ, ઘડપણ, અકસ્માતાદિ અવસ્થામાં 'હું મરી તો નહિ જાઉં ને ! મારો નાશ તો નહિ થઈ જાય ને !' - ઈત્યાદિ ભયને રાખ્યા વિના તમામ સંયોગમાં શુદ્ધ, ધ્રુવ આત્મદ્રવ્ય ઉપર નિજદૃષ્ટિને સ્થાપિત કરી નિર્ભયતાથી અને નિશ્ચિંતતાથી ઉપસર્ગો અને પરિષહોને જીતવા માટે કટિબદ્ધ થવાનો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે ઉપદેશને અનુસરવાથી **तत्त्वार्थराजवार्त्तिक**માં જણાવેલ મોક્ષ નજીક આવે. ત્યાં **અકલંકસ્વામી**એ દર્શાવેલ છે કે 'તમામ કર્મોને પૂરેપૂરા ખંખેરી નાંખવા એટલે મોક્ષ.' (૧૦/૩)

લખી રાખો ડાયરીમાં.....

- **રખડુ વાસના જગતમાં આથડે છે.**
  ઉપાસના જગત્પતિમાં મહાલે છે.
- **વાસના શક્તિનાશક સક્રિયતાને સન્મુખ છે.**
  ઉપાસના શક્તિ-શુદ્ધિદાયક અક્રિયતાને અભિમુખ છે.
- **ઘણી ગતિ કરવા છતાં બુદ્ધિ પ્રગતિશૂન્ય છે, ભમરડાની જેમ.**
  શ્રદ્ધા ઊર્ધ્વગામી પ્રગતિશીલ ગતિને આત્મસાત્ કરે છે, ધૂપસળીના ધૂમાડાની જેમ.

તિહાં ધુરિ ધર્માસ્તિકાય લક્ષણ કહઇ છઇ -

ગતિપરિણામી રે પુદ્ગલ-જીવનઈ, ઝષનઈ જલ જિમ હોઈ;

તાસ અપેક્ષા રે કારણ[ξ] લોકમાં, ♦ધર્મ દ્રવ્ય *છઈ રે સોઈ ॥૧૦/૪॥ (૧૬૫) સમ.

ગતિપરિણામી જે પુદ્ગલ-જીવદ્રવ્ય, લોક કહતા ચતુર્દશરજ્જ્વાત્મક આકાશખંડ, તેહમાંહિ છઈ; (તાસ=) તેહનું જે **અપેક્ષા કારણ** ♦વ્યાપારરહિતઅધિકરણરૂપ ઉદાસીન કારણ, *યથા દૃષ્ટાન્ત* જિમ ગમનાગમનાદિક્રિયાપરિણત ઝષ કહતાં મત્સ્ય● તેહનઈ જળ **અપેક્ષા કારણ** (હોઈ=) છઇ; (સોઈ=)

तत्राऽऽदौ धर्मास्तिकायलक्षणमाह - '**मीने**'ति।

मीनस्येव जलं लोके या पुद्गलाऽऽत्मनोर्गतिः।

अपेक्षाकारणं तस्याः धर्मास्तिकाय एव रे।।१०/४।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - मीनस्य या गतिः तस्याः अपेक्षाकारणं जलम् इव लोके पुद्गल-जीवयोः या गतिः तस्याः अपेक्षाकारणम् एव धर्मास्तिकायः।।१०/४।।

मीनस्येव = यथा मत्स्यस्य समुद्रादौ **या गतिः तस्याः** = मीनगतेः **लोके** = सामान्यजने **जलम् अपेक्षाकारणम् एव** उच्यते, तथा **लोके** = चतुर्दशरज्जुप्रमिते आकाशखण्डे गतिपरिणाम-परिणतयोः **पुद्गलात्मनोः** द्रव्ययोः **या गतिः तस्याः** = पुद्गल-जीवगतेः **अपेक्षाकारणं** = पुद्गल-जीवगतगतिक्रियापरिणाममपेक्षमाणं प्रायोगिककर्मशून्याऽधिकरणरूपम् उदासीनकारणं = निमित्तकारणम्

अवतरणिका :- છ દ્રવ્યની અંદર સૌ પ્રથમ ધર્માસ્તિકાય દ્રવ્યના લક્ષણને ગ્રંથકારશ્રી જણાવે છે :-

☼ ધર્માસ્તિકાયનું નિરૂપણ ☼

શ્લોકાર્થ :- માછલીની જે ગતિ છે, તેનું અપેક્ષાકારણ જેમ પાણી થાય છે, તેમ લોકમાં = વિશ્વમાં પુદ્ગલ અને જીવની જે ગતિ થાય છે, તેનું અપેક્ષાકારણ ધર્માસ્તિકાય જ છે. (૧૦/૪)

વ્યાખ્યાર્થ :- જેમ સમુદ્ર વગેરેમાં માછલીની જે ગતિ થાય છે, તે મત્સ્યગતિ પ્રત્યે પાણી આમજનતામાં અપેક્ષાકારણ જ કહેવાય છે, તેમ ચૌદરાજલોકપ્રમાણ આકાશખંડસ્વરૂપ લોકમાં = જીવંત વિશ્વમાં ગતિપરિણામથી પરિણત થયેલા પુદ્ગલ દ્રવ્યની અને જીવ દ્રવ્યની જે ગતિ થાય છે, તે પુદ્ગલગતિનું અને જીવગતિનું અપેક્ષાકારણ જ ધર્માસ્તિકાય છે. મતલબ કે પુદ્ગલ દ્રવ્યમાં અને જીવ દ્રવ્યમાં રહેલ ગતિક્રિયા કરવાના પરિણામની અપેક્ષા રાખીને ધર્માસ્તિકાય દ્રવ્ય તેની ગતિનું કારણ બને છે. ધર્માસ્તિકાય દ્રવ્ય જીવની કે પુદ્ગલની ગતિ કરાવવા માટે કોઈ ક્રિયા કરતું નથી. ધર્માસ્તિકાય દ્રવ્ય સ્વયં જીવની જેમ પ્રાયોગિકી ક્રિયાને કરતું નથી. તે પ્રાયોગિક ક્રિયાથી શૂન્ય અધિકરણ (=કારક) છે. તેથી જીવ અને પુદ્ગલ બન્નેની ગતિક્રિયા પ્રત્યે તે ઉદાસીન કારણ છે. ધર્માસ્તિકાય જીવાદિની ગતિનું કારણ બનવા

ξ મો.(૨)માં 'લોકને' પાઠ. ♦ કો.(૨)+મ.માં 'ધરમ' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે. * મ. + P(૨+૪) + શાં.માં 'ગઈ' પાઠ છે. સિ.+કો.(૪+૫+૬+૯) + મો.(૨)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'પરિણામવ્યાપારરહિત' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. *....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ● આ.(૧)+કો.(૯)માં 'માછલાને' પાઠ.

તે **ધર્મદ્રવ્ય** કહતા ધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું.

= उपष्टम्भकारणम् = सहकारिकारणम् **एव धर्मास्तिकायः**। न हि धर्मास्तिकायः गतेः कारणभाव-माबिभ्राणोऽगच्छन्तमपि जीवादिद्रव्यं बलात् प्रेर्य गमयति। तथा **धर्मास्तिकाय एव तस्याः अपेक्षाकारणम्**।

"***ननु*** आकाशादयः स्वकार्यानुमेया भवन्तु, धर्माधर्मौ तु कथम् ?

अत्रोच्यते युक्तिः, धर्माधर्मौ हि स्वत एव गति-स्थितिपरिणतानां द्रव्याणाम् उपगृह्णीतोऽपेक्षाकारणतया आकाश-कालादिवत्, न पुनः निर्वर्तककारणतया। निर्वर्तकं हि कारणं तदेव जीवद्रव्यं पुद्गलद्रव्यं वा गति -स्थितिक्रियाविशिष्टम्, धर्माधर्मौ पुनः गति-स्थितिक्रियाविशिष्टानां द्रव्याणाम् उपकारकौ एव न पुनः बलाद् गति-स्थितिनिर्वर्तकौ। यथा च सरित्तटाक-ह्रद-समुद्रेषु अवगाहित्वे सति मत्स्यस्य स्वयमेव सञ्जातजिगमिषस्य उपग्राहकं जलं निमित्ततया उपकरोति, दण्डादिवत् कुम्भकारे कर्तरि मृदः परिणामिन्याः, नभोवद् वा नभश्चरतां = नभश्चराणाम् अपेक्षाकारणम्, न पुनः तज्जलं गतेः कारणभावं बिभ्राणम् अगच्छन्तम् अपि मत्स्यं बलात्

છતાં ગતિપરિણામશૂન્ય એવા જીવાદિ દ્રવ્યને બળાત્કારે પ્રેરણા કરીને ગતિ કરાવવાનું કામ ક્યારેય કરતું નથી. પરંતુ જીવ કે પુદ્ગલ ગતિપરિણામવાળા થાય ત્યારે તેની ગતિ પ્રત્યે ધર્માસ્તિકાય નિષ્ક્રિય -ઉદાસીન-તટસ્થ-અપેક્ષાકારણ-નિમિત્તકારણ-સહકારીકારણ-ઉપષ્ટંભકારણ બનીને ગતિક્રિયા પ્રત્યે સહાયક બને છે. આમ ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિક્રિયા પ્રત્યે બળાત્કારથી ઉત્પાદક (= નિર્વર્તક) કારણ નથી કે ઉપાદાન કારણ પણ નથી પરંતુ સહાયક કારણ છે. તથા ગતિનું અપેક્ષાકારણ ધર્માસ્તિકાય જ છે.

શંકા :- ("ननु.) "પુદ્ગલપરમાણુનું તેમજ આકાશ વગેરેનું તો તેના કાર્યો દ્વારા અનુમાન થઈ શકે - આ વાત તો સમજાય છે. પરંતુ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યોનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? તેના કાર્યો પણ પ્રત્યક્ષથી નથી દેખાતા તો અનુમાન કેવી રીતે કરી શકાય ?

❖ અનુમાનપ્રમાણથી ધર્માસ્તિકાય વગેરેની સિદ્ધિ ❖

સમાધાન :- (अत्रो.) જેવી રીતે આકાશ તે સ્વયં રહેવાવાળા પદાર્થો પ્રત્યે અને કાળ તે સ્વયં પરિણમનશીલ પદાર્થો પ્રત્યે અપેક્ષાકારણ છે તે જ રીતે ધર્માસ્તિકાય દ્રવ્ય સ્વતઃ ગતિ કરવાવાળા અને અધર્માસ્તિકાય દ્રવ્ય સ્વતઃ સ્થિતિમાં રહેવાવાળા જીવની અને પુદ્ગલની ગતિમાં અને સ્થિતિમાં ક્રમશઃ અપેક્ષાકારણ બને છે, પરંતુ નિર્વર્તક કારણ નથી બનતા. જે જીવ કે પુદ્ગલ ગતિ કરે છે કે સ્થિર રહે છે તે જ ગતિ-સ્થિતિક્રિયાવિશિષ્ટ જીવ અને પુદ્ગલ પોતાની ગતિના અને સ્થિતિના નિર્વર્તક કારણ બને છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો તો સ્વયં ગતિ કરનાર કે સ્થિતિ કરનાર એવા જીવના અને પુદ્ગલોના તટસ્થ ઉપકારક છે. જબરજસ્તીથી પ્રેરણા કરી તેમને બળાત્કારે ચલાવતા નથી કે પરાણે સ્થિર રાખતા નથી. જેવી રીતે નદી, તળાવ કે સમુદ્ર વગેરે જળાશયોમાં પાણીનું સ્વાભાવિક વહેણ સ્વતઃ ચાલનારી માછલી વગેરે માટે ઉપકારક હોય છે. જળ તેમની ગતિમાં સાધારણ અપેક્ષાકારણ થઈને જ ઉપકાર કરે છે. તેવી જ રીતે ધર્માસ્તિકાય પણ ગતિવાળા પદાર્થોની ગતિમાં સાધારણ સહકારી હોય છે. જેવી રીતે પરિણામિકારણરૂપી માટીમાંથી કુંભાર દ્વારા બનતા હજારો ઘટ પ્રત્યે દંડ વગેરે સાધારણનિમિત્ત (= અનુગત સહકારી કારણ) હોય છે અથવા તો જેવી રીતે આકાશમાં ઉડનારા પક્ષી વગેરે ખેચરોના ઉડ્ડયનમાં આકાશ અપેક્ષાકારણ હોય છે, તે જ રીતે ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિમાં

प्रेर्यं गमयति। क्षितिः वा स्वयमेव तिष्ठतो द्रव्यस्य स्थानभूयम् आपनीपद्यते, न पुनः अतिष्ठद् द्रव्यं बलाद् अवनिः अवस्थापयति। व्योम वा अवगाहमानस्य स्वत एव द्रव्यस्य हेतुताम् उपैति अवगाहं प्रति, न पुनः अनवगाहमानम् अवगाहयति स्वावष्टम्भात्। स्वयमेव कृषीवलानां कृष्यारम्भम् अनुतिष्ठतां वर्षम् अपेक्षाकारणं दृष्टम्। न च नून् अकुर्वतः तान् तदर्थम् आरम्भयद् वर्षवारि प्रतीतम्, प्रावृषि वा नवाम्भोधरध्वनिश्रवणनिमित्तोपाधीयमानगर्भा स्वत एव प्रसूते बलाका, न च अप्रसूमानां तामभिनवजलधरनिनादः प्रसभं प्रसावयति। प्रतिबुध्य वा पुरुषः प्रतिबोधनिमित्तमवद्याद्विरतिमातिष्ठमानो दृष्टः। न च पुमांसम् अविरतं विरमयति बलात् प्रतिबोधः। न च गत्युपकारोऽवगाहलक्षणाकाशस्य उपपद्यते। किं तर्हि ? धर्मस्यैवोपकारः स दृष्टः। स्थित्युपकारश्चाधर्मस्य नावगाहलक्षणस्य व्योम्नः" (ष.द.स.४९/पृष्ठ-२६० वृ.) इति व्यक्तमुक्तं श्री**गुणरत्नसूरि**भिः **तर्करहस्यदीपिका**भिधानायां **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ**।

"निर्वर्तकं कारणं पुनः गतेः तदेव जीवद्रव्यं पुद्गलद्रव्यं वा गतिपरिणामाविष्टम्। स्वभावत एव हि गतिपरिणतानि द्रव्याणि धर्मास्तिकाय उपगृह्णाति, यथा हि सरित्तडाग-ह्रद-समुद्रादिषु अवगाहित्वे सति

અપેક્ષાકારણ બને છે. જરાય હલનચલન ન કરતી એવી માછલીઓને જબરજસ્તીથી ધક્કો દઈને પાણી તેને ચલાવે નહીં. પૃથ્વી સ્વતઃ સ્થિર રહેનાર પદાર્થનું સ્થાન બને છે, તેવા પદાર્થની સ્થિતિમાં નિમિત્ત બને છે. પણ જે પદાર્થને સ્થિર ન રહેવું હોય તે પદાર્થોને પરાણે પકડીને સ્થિર ન રાખે. આકાશ જાતે અવકાશને ઈચ્છતા પદાર્થોને જો કે અવકાશ આપીને ઉપકાર કરે છે પણ ન રહેવાવાળા પદાર્થોને અવકાશ લેવા માટે બાધ્ય નથી બનાવતો. જે રહે તેને અવકાશ આપે, બાકી તટસ્થ રહે. સ્વયં ખેતી કરનાર ખેડૂતોની ખેતીમાં વર્ષા અપેક્ષાકારણ છે પરંતુ જબરજસ્તી કરી ખેતર ખેડવા માટે ખેડૂતના હાથમાં હળ નથી પકડાવી દેતી. ચોમાસા દરમ્યાન આકાશમાં શરૂઆતમાં પડતી નવા વાદળોની ગર્જના સાંભળીને ગર્ભિણી બગલી સ્વયં જ પ્રસૂતિ કરે છે. મેઘની ગર્જના તેની પ્રસૂતિ પ્રત્યે બલાત્ પ્રેરણા નથી કરતી. સંસારની અસારતાના ઉપદેશથી પ્રતિબોધ પામીને પ્રતિજ્ઞાપૂર્વક પાપથી અટકવાની પ્રવૃત્તિને (= વિરતિને) આચરતો માણસ દેખાય છે. ઉપદેશ તેના પાપાચારત્યાગમાં કે સંસારત્યાગમાં નિમિત્ત જરૂર બને છે. પરંતુ ઉપદેશ કંઈ પુરુષનો હાથ પકડી તેને પરાણે પાપથી છોડાવતો નથી. આ જ રીતે સ્વયં ન ચાલનાર પદાર્થ પર ધર્માસ્તિકાય દ્રવ્ય જોહુકમી કરી તે પદાર્થને ગતિમાન બનવા માટે બાધ્ય નથી કરતું. હા, તે પદાર્થો જો ગતિમાન હોય તો ચોક્કસ મદદ કરે. પદાર્થની ગતિ પ્રત્યે ઉપકારી બનવું તે તો ધર્માસ્તિકાય દ્રવ્યનું જ કાર્ય છે, નહીં કે અવકાશ દેનાર આકાશનું. આ જ રીતે સ્થિતિમાં અપેક્ષાકારણ બનવું તે અધર્માસ્તિકાય દ્રવ્યનું જ કાર્ય છે, નહીં કે અવકાશ દઈ ઉપકૃત કરનાર આકાશનું" - આ પ્રમાણે પૂર્વાચાર્ય **શ્રીગુણરત્નસૂરિજી** મહારાજે **ષડ્દર્શનસમુચ્ચય** ગ્રંથની **તર્કરહસ્યદીપિકા** નામની બૃહત્ ટીકામાં સ્પષ્ટપણે જણાવેલ છે. આથી 'ગતિક્રિયાનું સહાયક કારણ ધર્માસ્તિકાયદ્રવ્ય છે' - તેવું સિદ્ધ થાય છે.

❋ ગતિનું અપેક્ષાકારણ ધર્માસ્તિકાય : સિદ્ધસેનગણી ❋

("**निर्व.**) "ગતિક્રિયાનું ઉત્પાદકકારણ તો ગતિપરિણામયુક્ત તે જ જીવ દ્રવ્ય કે પુદ્ગલ દ્રવ્ય છે. સ્વભાવથી જ ગતિક્રિયાથી પરિણત થયેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યોને ગતિ કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય ટેકો આપે છે, સહાય કરે છે. જેમ કે નદી-તળાવ-સરોવર-સમુદ્ર વગેરેમાં માછલી રહેલ હોય તથા

मत्स्यस्य स्वयमेव सञ्जातजिगमिषस्योपग्राहकं जलं निमित्ततयोपकरोतीत्यपेक्षाकारणं जीव-पुद्गलगतौ धर्मास्ति-कायः" (त.सू.५/सि.वृ.१७) इति **तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ सिद्धसेनगणि**वराभिप्रायः व्यक्तः।

तदुक्तं **प्रज्ञापनावृत्तौ मलयगिरिसूरि**वरैरपि "जीवानां पुद्गलानां च स्वभावत एव गतिपरिणामपरिणतानां तत्स्वभावधरणात् = तत्स्वभावपोषणाद् धर्मः" (प्रज्ञा.१/सू.३/पृ.८ वृ.) इति।

प्रशमरतिवृत्तौ श्रीहरिभद्रसूरिभिरपि "धर्मद्रव्यं गतिमतां द्रव्याणां-स्वयमेव गतिपरिणतानामुपग्रहे वर्तते जीव-पुद्गलानाम्, न पुनरगच्छज्जीवद्रव्यं पुद्गलद्रव्यं वा बलान्नयति धर्मः। किन्तु स्वयमेव गतिपरिणतमुपगृह्यते धर्मद्रव्येण। मत्स्यस्य गच्छतो जलद्रव्यमिवोपग्राहकम्। यथा वा व्योमद्रव्यं स्वयमेव द्रव्यस्याऽवगाहमानस्य

તે માછલીને જાતે જ ગતિ કરવાની ઈચ્છા જ્યારે ઉત્પન્ન થાય તેવી અવસ્થામાં માછલીને ગતિ કરવામાં પાણી નિમિત્ત બનવા રૂપે ઉપકાર કરે છે. તેથી પાણી માછલાની ગતિ પ્રત્યે અપેક્ષાકારણ કહેવાય છે. તે રીતે જીવની અને પુદ્ગલની ગતિ પ્રત્યે ધર્માસ્તિકાય દ્રવ્ય અપેક્ષાકારણ = સહાયકકારણ છે" - આ પ્રમાણે **તત્ત્વાર્થસૂત્રભાષ્ય**ની **વૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** પોતાનો અભિપ્રાય જણાવેલો છે.

❖ ધર્માસ્તિકાય પરાણે ગતિ ન કરાવે ❖

સ્પષ્ટતા :- પોતાની ઈચ્છા થાય ત્યારે જીવ ગતિ કરે છે. ઈચ્છા ન થાય ત્યારે જીવ ગતિ નથી કરતો. તેથી ગતિક્રિયાનું ઉત્પાદકકારણ સ્વયં ગમનશીલ દ્રવ્ય કહેવાય છે. ગતિપરિણામથી પરિણત થયેલા જીવાદિ દ્રવ્યને ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિ કરવામાં સહાય કરે છે. જેમ માછલાને ગતિ કરવામાં પાણી સહાય કરે છે, લંગડા માણસને ગતિ કરવામાં લાકડી સહાય કરે છે, વાંચવામાં પ્રકાશ અપેક્ષાકારણ છે, આંખના નંબરવાળા માણસને જોવામાં ચશ્મા સહાય કરે છે - તેમ આ વાત જાણવી. માછલાની ઈચ્છા ગતિ કરવાની ન હોય તો પાણી તેને જબરજસ્તીથી ચલાવવાનું કામ નથી કરાવતું. તેમ જીવમાં કે પુદ્ગલમાં ગતિપરિણામ ઉત્પન્ન ન થયો હોય તો ધર્માસ્તિકાય દ્રવ્ય તેને બળાત્કારે ગતિ કરાવતું નથી. તેથી ધર્માસ્તિકાય ગતિક્રિયા પ્રત્યે અપેક્ષાકારણ કહેવાય છે, ઉત્પાદકકારણ નથી કહેવાતું.

❖ 'ધર્મ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ ❖

(तदुक्तं.) प्रज्ञापनासूत्रની **वृत्ति**માં **श्रीमलयगिरिसूरि**વરે પણ જણાવેલ છે કે 'સ્વભાવથી જ = પોતાની જાતે જ ગતિપરિણામથી પરિણત થયેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગમનશીલ સ્વભાવ ધારણ કરવામાં સહાય કરવાથી, ગમનશીલ સ્વભાવનું પોષણ કરવાથી ગતિસહાયક દ્રવ્યને ધર્માસ્તિકાય કહેવાય છે.'

❀ ગતિપરિણત દ્રવ્યની ગતિ સંભવે ❀

(प्रशमरति.) શ્રીહરિભદ્રસૂરિએ પણ **प्रशमरति**ની **व्याख्या**માં જણાવેલ છે કે 'પોતાની જાતે જ ગતિપરિણામથી પરિણત થયેલા ગમનશીલ એવા જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગતિ કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય સહાય કરે છે. પરંતુ જે જીવ અને પુદ્ગલ દ્રવ્ય ગતિ કરવા માટે તૈયાર ન હોય, ગમનપરિણામશૂન્ય હોય તેવા જીવ કે પુદ્ગલ દ્રવ્યને ધર્માસ્તિકાય દ્રવ્ય બળાત્કારે ગતિ કરાવતું નથી. પરંતુ પોતાની જાતે જ ગતિપરિણામથી પરિણત થયેલ જીવ કે પુદ્ગલ દ્રવ્ય પ્રસ્તુતમાં ધર્માસ્તિકાય દ્રવ્ય દ્વારા ગતિ કરવામાં ઉપકૃત થાય છે. ગતિ કરતા એવા માછલાને પાણી જેમ ગતિ કરવામાં સહાય કરે છે તેમ આ વાત સમજવી. અથવા તો એમ પણ કહી શકાય કે જેમ પોતાની જાતે જ ઘટ-પટ વગેરે દ્રવ્ય અવગાહના

कारणं भवति, न पुनरनवगाहमानं बलादवगाढं कारयति। यथा च कृषीवलानां कृष्यारम्भं स्वयमेव कर्तुमुद्यतानामपेक्षाकारणं वर्षा भवति, न च तानकुर्वतः कृषीवलान् बलात् कृषिं कारयति वर्षा। यथा वा गर्जितध्वनिसमाकर्णनाद् बलाकानां गर्भाधान-प्रसवौ भवतः, न च तामप्रसवतीं बलाद् गर्जितशब्दः प्रसावयति। यथा वा पुरुषः प्रतिबोधनिमित्तं पापाद्विरमति, न चाविरमन्तं पुमांसं बलात्प्रतिबोधो विरमयतीति। एवं गतिपरिणामभाजां पुद्गल-जीवानामपेक्षाकारणं धर्मद्रव्यम्" (प्र.र.२१५ हा.वृ.) इत्युक्तम्।

यच्च **गुणरत्नसूरिभिः तर्करहस्यदीपिका**ऽभिधानायां **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ** "निमित्तकारणं च द्वेधा - निमित्तकारणमपेक्षाकारणं च। यत्र दण्डादिषु प्रायोगिकी वैस्रसिकी च क्रिया भवति तानि दण्डादीनि निमित्तकारणानि। यत्र तु धर्मादिद्रव्येषु वैस्रसिक्येव क्रिया तानि निमित्तकारणान्यपि विशेषकारणताज्ञापनार्थम् अपेक्षाकारणानि उच्यन्ते" (ष.द.स.४९/पृ.२५० वृत्ति) इत्युक्तं तदत्रानुसन्धेयम्।

सम्मतितर्कवृत्तौ श्री**अभयदेवसूरि**भिरपि "गति-स्थित्यवगाहलक्षणं पुद्गलास्तिकायादिकार्यं विशिष्टकारण-

---

माटे = रहेवा माटे तैयार होय तो तेवा अवगाहनशील घट-पटादि द्रव्यने रहेवा माटे आकाश द्रव्य कारण बने छे. परंतु जे द्रव्य रहेवा माटे तैयार ज न होय तेने बळात्कारे राखवानुं काम आकाश द्रव्य करतुं नथी. जेम खेडूतो पोतानी जाते ज खेतीनो प्रारंभ करवा तैयार थयेला होय त्यारे तेमने खेती करवामां वरसाद अपेक्षाकारण = निमित्तकारण = सहायक बने छे. परंतु खेती न करता खेडूतने बळात्कारे खेती करावववानुं काम वरसाद करतो नथी. अथवा तो एम कही शकाय के वादळानी गर्जनानो अवाज सांभळवाथी बगलीओने गर्भाधान अने प्रसूति थाय छे. परंतु प्रसूति न करती बगलीने वादळानी गर्जनानो अवाज बळात्कारे प्रसूति करावतो नथी. अथवा तो एम पण कही शकाय के गुरुओ आपेला उपदेशना निमित्ते माणस पापथी अटके छे. आथी गुरुनो उपदेश पापत्यागमां सहायक बने छे. परंतु पापप्रवृत्तिथी नहि अटकता, राचीमाचीने पाप करनारा माणसने गुरुनो उपदेश बळात्कारे पापथी अटकाववानुं काम नथी करतो. आ ज रीते गतिपरिणामने धारण करनारा पुद्गलद्रव्यने अने जीवद्रव्यने गतिक्रिया करवामां धर्मास्तिकायद्रव्य अपेक्षाकारण = सहायक बने छे.'

❯ द्विविध निमित्तकारण ❮

(**यच्च.**) श्रीहरिभद्रसूरीश्वरजी महाराजाओ रचेल **षड्दर्शन समुच्चय** ग्रन्थनी श्री**गुणरत्नसूरि**जी महाराजे **तर्करहस्यदीपिका** नामनी व्याख्या बनावेल छे. त्यां तेमणे जणावेल छे के "निमित्तकारण बे प्रकारना होय छे - (१) शुद्ध निमित्तकारण अने (२) अपेक्षा निमित्तकारण. जे निमित्तकारणोमां स्वाभाविक तथा कर्ताना प्रयोगथी क्रिया थाय छे, ते बन्ने प्रकारनी क्रियावाळा दंड वगेरे कारण शुद्ध निमित्तकारण छे. परंतु जे धर्मास्तिकाय वगेरेमां मात्र स्वाभाविक परिणमन ज थतुं होय, कर्ताना प्रयोगथी जेमां क्रियानी संभावना न होय ते निमित्तकारणोने अपेक्षाकारण कहेवाय छे. जो के साधारणरूपे तो अपेक्षाकारण पण निमित्तकारण ज छे. परंतु तेमां मात्र स्वाभाविक परिणमनरूप विशेषता होवाथी ते अपेक्षाकारण कहेवाय छे." आ बाबतनुं प्रस्तुतमां वाचकवर्गे अनुसंधान करवुं.

❋ संमतितर्कवृत्ति मुजब धर्मास्तिकायादिनी सिद्धि ❋

(**सम्म.**) **संमतितर्क**ग्रन्थनी **वादमहार्णव** नामनी व्याख्यामां श्री**अभयदेवसूरि**जी महाराजे पण

प्रभवम्, विशिष्टकार्यत्वात्, शाल्यङ्कुरादिकार्यवत्। यश्चासौ कारणविशेषः स धर्माऽधर्माऽऽकाशलक्षणो यथासङ्ख्यमवसेयः" (सम्मतितर्क तृ.काण्ड, गा.४५, पृ.६५४-५) इत्येवं धर्मास्तिकायादिसिद्धिः कृता तदिहानुसन्धेया।

गतिपरिणामशून्यानपि जीव-पुद्गलान् चेद् धर्मास्तिकायः बलात्कारेण गमयेत्, तदा नैव जातुचिद् जीव-पुद्गलानां स्थितिः भवेत्। न चैवं भवति। अतः स केवलं गतिसहायकार्येव, न तु तन्निर्वर्त्तककारणमिति स्थितम्।

प्रयोगस्त्वत्रैवम् - जीव-पुद्गलगतिनिरूपितापेक्षाकारणता किञ्चिद्धर्मावच्छिन्ना, कारणतात्वात्, घटकारणतावत्। घटापेक्षाकारणताया दण्डत्वावच्छिन्नत्ववद् जीव-पुद्गलगत्यपेक्षाकारणतायाः अपि किञ्चिद्धर्मावच्छिन्नतया भाव्यम्। ततश्च गत्यपेक्षाकारणतावच्छेदकविधया धर्मास्तिकायत्वसिद्धिः।

અનુમાનપ્રમાણથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની સિદ્ધિ નીચે મુજબ કરી છે કે - "ગતિ, સ્થિતિ અને અવગાહના સ્વરૂપ પુદ્ગલાસ્તિકાયાદિનું કાર્ય વિશિષ્ટ કારણથી ઉત્પન્ન થયેલ છે. કારણ કે તે વિશિષ્ટ પ્રકારનું કાર્ય છે. જે જે વિશિષ્ટ કાર્ય હોય તે તે વિશિષ્ટકારણથી જન્મે છે. જેમ શાલિનો (= બાસમતી ચોખાનો) અંકુરો વગેરે વિશિષ્ટ કાર્યો વિશિષ્ટકારણથી જન્મે છે તેમ ગતિ-સ્થિતિ આદિ વિશિષ્ટ કાર્ય પણ વિશિષ્ટ પ્રકારના કારણથી જન્મેલ છે - આમ માનવું જરૂરી છે. પ્રસ્તુતમાં ગતિ વગેરે વિશિષ્ટ કાર્યનું જે કારણ છે તે યથાક્રમ ધર્માસ્તિકાય વગેરે જાણવા. મતલબ કે ગતિનું કારણ ધર્માસ્તિકાય, સ્થિતિનું કારણ અધર્માસ્તિકાય અને અવગાહનું કારણ આકાશાસ્તિકાય જાણવું." **सम्मतिवृत्तिकार**ની વાત પણ અહીં ખ્યાલમાં રાખવી.

❖ ધર્માસ્તિકાય ગતિનું નિર્વર્ત્તક કારણ નથી ❖

(गतिपरिणाम.) ગતિપરિણામથી શૂન્ય એવા પણ જીવ અને પુદ્ગલ દ્રવ્યને જો ધર્માસ્તિકાય દ્રવ્ય બળાત્કારે ગતિ કરાવે તો જીવ અને પુદ્ગલ દ્રવ્ય ક્યારેય પણ સ્થિર નહિ થઈ શકે. પરંતુ એવું તો થતું નથી. સ્થિર એવા જીવ અને પુદ્ગલો પણ દુનિયામાં જોવા મળે જ છે. તેથી નક્કી થાય છે કે ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિક્રિયામાં ફક્ત સહાય કરનાર જ છે. ગતિનું ઉત્પાદક કારણ = નિર્વર્ત્તક કારણ નથી.

❀ ધર્માસ્તિકાય અનુમાનપ્રમાણસિદ્ધ ❀

(प्रयोग.) અન્ય અનુમાનપ્રમાણથી પણ ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ થઈ શકે છે. પ્રસ્તુતમાં અનુમાનપ્રયોગ આ રીતે જાણવો. જીવની અને પુદ્ગલની ગતિથી નિરૂપિત અપેક્ષાકારણતા = નિમિત્તકારણતા (= પક્ષ) કોઈક ધર્મથી અવચ્છિન્ન = નિયંત્રિત છે. કેમ કે તે કારણતા સ્વરૂપ છે. જે જે કારણતા હોય છે તે તે કિંચિત્ધર્મઅવચ્છિન્ન હોય - આવી વ્યાપ્તિ છે. જેમ કે ઘટ સ્વરૂપ કાર્યથી નિરૂપિત કારણતા = અપેક્ષાકારણતા દંડત્વધર્મથી અવચ્છિન્ન છે. અર્થાત્ ઘટ પ્રત્યે દંડ અપેક્ષાકારણ = નિમિત્તકારણ છે. તેથી ઘટની અપેક્ષાકારણતા જેમ દંડત્વ નામના ગુણધર્મથી અવચ્છિન્ન = નિયંત્રિત છે, તેમ જીવની અને પુદ્ગલની ગતિક્રિયાની અપેક્ષાકારણતા પણ કોઈક ધર્મથી અવચ્છિન્ન = નિયંત્રિત હોવી જોઈએ. તેથી પુદ્ગલની અને જીવદ્રવ્યની ગતિની અપેક્ષાકારણતાના અવચ્છેદક = નિયામક સાધારણ = અનુગત

धर्मत्वावच्छिन्नस्य साश्रयकत्वनियमेन तदाश्रयविधया धर्मास्तिकायद्रव्यसिद्धिः।

'सिद्धः पदार्थ एको नित्यश्चेत् तदा लाघवम्, असति बाधके' इति न्यायेन धर्मास्तिकाय एको नित्यश्चेति धर्मिग्राहकप्रमाणात् सिध्यति।

ગુણધર્મરૂપે ધર્માસ્તિકાયત્વની ઉપરોક્ત અનુમાનપ્રયોગથી સિદ્ધિ થાય છે. તથા જે જે ગુણધર્મો હોય તે તે સાશ્રયક (= કોઈક ને કોઈક આધારમાં રહેનાર) હોય - આ પ્રમાણે નિયમ = વ્યાપ્તિ છે. ધર્માસ્તિકાયત્વ એક જાતનો ગુણધર્મ છે. તેથી તેના આશ્રયરૂપે ધર્માસ્તિકાયની સિદ્ધિ થાય છે.

❋ કારણતા અવશ્ય સાવચ્છિન્ન હોય ❋

સ્પષ્ટતા :- 'या या कारणता सा सा किञ्चिद्धर्मावच्छिन्ना' આ વ્યાપ્તિ દ્વારા જેમ નૈયાયિક ગંધસમવાયિકારણતાઅવચ્છેદકધર્મ સ્વરૂપે પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ કરે છે. તેમ ઉપરોક્ત વ્યાપ્તિ દ્વારા જ ગતિનિમિત્તકારણતાઅવચ્છેદકધર્મ સ્વરૂપે અનુગત ધર્માસ્તિકાયત્વની સિદ્ધિ થાય છે. તથા કોઈ પણ ગુણધર્મ નિરાશ્રય હોતો નથી. દરેક ગુણધર્મ પોતાના આશ્રયમાં જ રહે છે. તેથી ગુણધર્મત્વઅવચ્છેદેન સાશ્રયકત્વવ્યાપ્તિ દ્વારા ધર્માસ્તિકાયત્વના આશ્રયરૂપે ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ થાય છે. આમ અનુમાન પ્રમાણથી પણ ધર્માસ્તિકાયની સિદ્ધિ થઈ શકે છે.

શંકા :- નૈયાયિકમત મુજબ, પૃથ્વીત્વ જાતિના આશ્રય તરીકે જેમ ઘટ-પટ-મઠ વગેરે અનેક પ્રકારની પૃથ્વી સિદ્ધ થાય છે તથા ઘટ-પટાદિ પૃથ્વી અનિત્ય સિદ્ધ થાય છે, તેમ ધર્માસ્તિકાયત્વ ગુણધર્મના આધાર તરીકે અનેક અનિત્ય ધર્માસ્તિકાય દ્રવ્યને માનવા કે એક નિત્ય ધર્માસ્તિકાયદ્રવ્યને માનવું ? તેનો નિર્ણય તો ઉપરોક્ત અનુમાન પ્રમાણથી નહિ જ થઈ શકે. તેથી ધર્માસ્તિકાય દ્રવ્યમાં એકત્વ છે કે અનેકત્વ ? નિત્યત્વ છે કે અનિત્યત્વ ? તે બાબત તો સંદિગ્ધ જ રહેશે.

❋ ધર્માસ્તિકાયમાં એકત્વ, નિત્યત્વ લાઘવન્યાયસિદ્ધ ❋

સમાધાન :- ('सिद्धः.) તમારી શંકા વ્યાજબી છે. ઉપરોક્ત અનુમાન પ્રમાણથી ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ થવા છતાં પણ એકત્વ-અનેકત્વ કે નિત્યત્વ-અનિત્યત્વ બાબતમાં ઉપરોક્ત અનુમાન પ્રમાણ મૌન જ રહે છે. તેમ છતાં ઉપરોક્ત શંકાનું નિરાકરણ અન્ય રીતે થઈ શકે છે. તે આ રીતે - એક નિયમ એવો છે કે 'કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થનાર પદાર્થ એક અને નિત્ય હોય તો લાઘવ છે, જો તેને એક તથા નિત્ય માનવામાં કોઈ બાધક પ્રમાણ ઉપસ્થિત થતું ન હોય તો.' આ નિયમ મુજબ ધર્માસ્તિકાય દ્રવ્ય એક અને અવિનશ્વર સિદ્ધ થાય છે. ધર્માસ્તિકાય દ્રવ્યને અનેક તથા અનિત્ય માનવામાં તેના કારણાદિની કલ્પનાનું ગૌરવ ઉપસ્થિત થાય છે. તથા તેને એક તથા નિત્ય માનવામાં કોઈ બાધક પ્રમાણ ઉપસ્થિત થતું નથી. તેથી ધર્માસ્તિકાયત્વ નામના ગુણધર્મના આધારભૂત ધર્માસ્તિકાય નામના ધર્મીને સિદ્ધ કરનાર અનુમાન પ્રમાણથી ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય એક અને નિત્ય સિદ્ધ થાય છે.

✡ ધર્માસ્તિકાયમાં નિત્યતા અબાધિત ✡

સ્પષ્ટતા :- જેમ ધર્મીગ્રાહક પ્રમાણથી ઈશ્વર, સમવાય, દ્રવ્યત્વ, પૃથ્વીત્વ વગેરે પદાર્થ એક અને નિત્ય છે - આવું નૈયાયિક સિદ્ધ કરે છે, તેમ ધર્મીગ્રાહક પ્રમાણથી જ ધર્માસ્તિકાય દ્રવ્ય એક અને નિત્ય સિદ્ધ થાય છે. જો ધર્માસ્તિકાય દ્રવ્યને અનિત્ય માનવામાં આવે તો તેના કારણની કલ્પનાનું

यद्वा जीव-पुद्गलगतिः स्वाश्रय-तदवयवेतरजन्या, गतित्वात्, मीनगतिवदित्यनुमानेन धर्मास्ति-कायसिद्धिः कार्या।

न चैतावता धर्मादिसिद्धावपि तेषां द्रव्यत्वसिद्धिः कुतः ? इति ***शङ्कनीयम्,***

तेषां गुणत्वे गुणस्य साश्रयकत्वव्याप्तत्वनियमेन अननुगताऽऽश्रयान्तरगवेषणे महागौरवात्,

---

એક નવું ગૌરવ ઊભું થાય. તથા અનિત્ય ધર્માસ્તિકાયનો નાશ થતાં જીવાદિ દ્રવ્યની પ્રસિદ્ધ ગતિમાં સહાયક અન્ય ધર્માસ્તિકાય દ્રવ્યની ઉત્પત્તિની કલ્પના કરવી પડશે. આમ અનેક અનિત્ય ધર્માસ્તિકાય દ્રવ્યની કલ્પનાનું ગૌરવ ઊભું થશે. આના કરતાં પહેલેથી જ એક અને નિત્ય એવા ધર્માસ્તિકાય દ્રવ્યની જ કલ્પના કરવી ઉચિત છે. કારણ કે તેમ માનવામાં લાઘવ છે. પૃથ્વીમાત્રને તો નિત્ય માનવામાં પ્રત્યક્ષ પ્રમાણથી બાધ ઉપસ્થિત થાય છે. કારણ કે ઘટ-પટ આદિ પૃથ્વીનો નાશ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. તથા પૃથ્વીને એક માનવામાં પણ પ્રત્યક્ષ પ્રમાણથી બાધ ઉપસ્થિત થાય છે. કારણ કે ઘટ -પટ-ઈંટ વગેરે સ્વરૂપે પૃથ્વીમાં અનેકતા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. આમ પૃથ્વીત્વજાતિના આશ્રય તરીકે સિદ્ધ થનાર દ્રવ્યને એક અને નિત્ય માનવામાં પ્રત્યક્ષ પ્રમાણ બાધક હોવાથી અનેક અનિત્ય પૃથ્વી દ્રવ્યો સ્વીકારવા જરૂરી બને છે. પરંતુ ધર્માસ્તિકાયને એક તથા નિત્ય માનવામાં કોઈ પ્રમાણ બાધક બનતું ન હોવાથી ઉપરોક્ત લાઘવ ન્યાયથી ધર્માસ્તિકાય દ્રવ્ય એક અને નિત્ય સિદ્ધ થાય છે.

❦ અન્ય અનુમાનથી ધર્માસ્તિકાયસિદ્ધિ ❦

(यद्वा.) અથવા ધર્માસ્તિકાયની સિદ્ધિ બીજા અનુમાનપ્રયોગથી પણ કરી શકાય. તે આ રીતે - જીવની અને પુદ્ગલની ગતિ (= પક્ષ) પોતાના આશ્રય અને તેના અવયવથી ભિન્ન કોઈક પદાર્થથી જન્ય છે (= સાધ્ય), કારણ કે તેમાં ગતિત્વ (= હેતુ) રહે છે. જેમાં-જેમાં ગતિત્વ હોય તે તે અવશ્ય પોતાના આશ્રયથી અને તેના અવયવથી ભિન્ન એવા કોઈક કારણથી જન્ય હોય છે. જેમ કે માછલીની ગતિ. મત્સ્યગતિ જેમ સ્વાશ્રયથી = માછલીથી અને માછલીના અવયવોથી ભિન્ન એવા પાણીથી ઉત્પન્ન થાય છે તેમ જીવ-પુદ્ગલગતિ સ્વાશ્રય = જીવ-પુદ્ગલ અને તેના અવયવોથી ભિન્ન એવા ધર્માસ્તિકાયથી ઉત્પન્ન થાય છે - આ રીતે પણ ધર્માસ્તિકાયની સિદ્ધિ થઈ શકે છે.

શંકા :- **(न चैता.)** ઉપરોક્ત અનુમાન પ્રમાણથી ધર્માસ્તિકાય વગેરેની સિદ્ધિ ભલે થાય. પરંતુ 'ધર્માસ્તિકાય પદાર્થ દ્રવ્યાત્મક જ છે, ગુણાદિસ્વરૂપ નથી' - આ બાબતની સિદ્ધિ કઈ રીતે કરશો ? કારણ કે ગુણ વગેરે પણ કોઈકને કોઈક કાર્યનું અપેક્ષાકારણ બને જ છે. તેથી ધર્માસ્તિકાય વગેરેમાં દ્રવ્યત્વની સિદ્ધિ તો ઉપરોક્ત પ્રમાણથી થઈ શકતી નથી જ.

❖ ધર્માસ્તિકાયાદિમાં લાઘવસહકારથી દ્રવ્યત્વસિદ્ધિ ❖

સમાધાન :- **(तेषां.)** ધર્માસ્તિકાય વગેરેને જો ગુણસ્વરૂપ માનવામાં આવે તો ગૌરવદોષ લાગુ પડશે. કારણ કે ગુણ અવશ્ય કોઈકને કોઈક દ્રવ્યને પોતાના આધાર બનાવીને રહે છે. તેથી ધર્માસ્તિકાય વગેરેને ગુણાત્મક માનો તો તેના આશ્રય તરીકે અનનુગત એવા ઘટ-પટાદિની કલ્પના કરવામાં તો મહાગૌરવ દોષ આવી પડશે. તેના નિવારણ માટે તે ગુણના આશ્રય તરીકે તમારે નવા દ્રવ્યની તો કલ્પના કરવી જ પડશે. તેથી તમારા મતમાં ગતિઆદિસહાયક ત્રણ ગુણ અને તેના આશ્રયભૂત ત્રણ

लाघवसहकारेण धर्मिग्राहकप्रमाणादेव तेषां द्रव्यत्वसिद्धेः।

एतेन निमित्तकारणताश्रयस्य द्रव्यत्वमेवेत्यनियमेन धर्मास्तिकायादीनां द्रव्यत्वं गुणत्वं वा ? इति शङ्काऽपि ***परिहता,***

तद्धेतोरस्तु किं तेन ? इति न्यायेन तादृशगुणहेतुना द्रव्येणैव गत्याद्युपपत्तौ लाघवेन तेषां द्रव्यत्वसिद्धेः।

न च गत्याद्यपेक्षाकारणस्य क्लृप्तजीव-पुद्गलसाधारणगुणरूपत्वकल्पने नास्ति गौरवमिति ***शङ्कनीयम्***,

एवं सति तन्नित्यत्वे अलोकेऽपि जीवादीनां गतिमत्त्वाद्यापत्तेः, तदनित्यत्वे च तत्कारणतादि-कल्पनापत्तेः।

द्रव्य - आम छ वस्तुनी कल्पनानुं गौरव आवशे. तेना करतां लाघव सहकारथी गतिआदिसहायक धर्मास्तिकाय वगेरेने द्रव्यात्मक मानवा એ જ ઉચિત છે. તેથી પ્રસ્તુતમાં લાઘવબળથી ધર્માસ્તિકાયआदिसाधक અનુમાન પ્રમાણના માધ્યમથી જ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યાત્મક સિદ્ધ થશે.

शंका :- (एतेन.) નિમિત્તકારણતાનો આશ્રય દ્રવ્ય જ હોય - તેવો કોઈ નિયમ નથી. તેથી ગતિ વગેરેની નિમિત્તકારણતાના આશ્રય તરીકે સિદ્ધ થનાર ધર્માસ્તિકાય વગેરેમાં દ્રવ્યત્વ હશે કે ગુણત્વ? આ શંકાનું સમાધાન થઈ શકતું નથી.

'तद्धेतोः' न्यायनी स्पष्टता

समाधान :- (तद्धे.) ઉપર જણાવી ગયા તેનાથી તમારી શંકાનું સમાધાન થઈ જાય છે. લાઘવસહકારથી જ ધર્માસ્તિકાય વગેરેમાં દ્રવ્યત્વની સિદ્ધિ થાય છે. દાર્શનિક જગતમાં એક નિયમ છે કે અમુક કાર્ય વગેરેની સંગતિ કરવા માટે જે **(A)** પદાર્થની કલ્પના કરવામાં આવે તેના હેતુ દ્વારા જ જો વિવક્ષિત કાર્ય વગેરેની સંગતિ થઈ જતી હોય તો વચ્ચે તે **(A)** પદાર્થની કલ્પના કરવાની જરૂર નથી રહેતી.તેથી ગતિ વગેરે કાર્યની સંગતિ કરવા માટે કલ્પ્યમાન એવા ધર્માસ્તિકાય વગેરેને જો ગુણાત્મક માનવામાં આવે તો પણ તેના આશ્રય (હેતુ) તરીકે દ્રવ્યની કલ્પના કરવી જ પડે છે. તેથી તાદેશ ગુણના હેતુભૂત દ્રવ્ય દ્વારા જ ગતિ આદિ કાર્યની સંગતિ થઈ શકવાથી વચ્ચે તે ગુણની કલ્પના કરવાની જરૂર નથી રહેતી. આમ લાઘવથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યસ્વરૂપ સિદ્ધ થાય છે.

शंका :- (न च.) ગતિ વગેરેના અપેક્ષાકારણ એવા ધર્માસ્તિકાય વગેરેને અમે જીવ-પુદ્ગલના સાધારણગુણસ્વરૂપે માનશું. તેથી ગૌરવ નહિ આવે. જીવ અને પુદ્ગલ તો અન્ય પ્રમાણથી સિદ્ધ જ છે.

समाधान :- (एवं.) જો ગતિ વગેરેના અપેક્ષાકારણ તરીકે સિદ્ધ થનારા ધર્માસ્તિકાય વગેરેને જીવ -પુદ્ગલ ઉભયના સાધારણ ગુણ તરીકે માનશો તો તે જો નિત્ય હોય તો તેના આશ્રયભૂત જીવ અને પુદ્ગલ અલોકમાં પણ ગતિ વગેરે કરે જ રાખશે. તથા જો તે સાધારણગુણને અનિત્ય માનવામાં આવે તો તેના અલગ-અલગ કારણ આદિની કલ્પના કરવાની આપત્તિ આવશે.

शंका :- ગતિ વગેરેના અપેક્ષાકારણ તરીકે ફક્ત એકલા જીવ વગેરેનો જ સ્વીકાર કરી શકાય

केवले परमाणौ जीवे वा गत्याद्युपलब्धेः प्रत्येकं जीवादौ गतित्वाद्यवच्छिन्नकारणताव्यभिचारात् क्लृप्तजीवाद्यतिरिक्तधर्मास्तिकायादिद्रव्यसिद्धेरिति भावनीयम्।

दिगम्बरसम्प्रदायेऽपि सम्मतमिदम्। तदुक्तं **पञ्चास्तिकाये कुन्दकुन्दस्वामिना**ऽपि [1]"उदयं जह मच्छाणं गमणाणुग्गहयरं हवदि लोए। तह जीव-पुग्गलाणं धम्मं दव्वं वियाणेहि।।" (पञ्चा.८५) इति।

ननु अत्रोदाहरणे झषगत्यपेक्षाकारणतायां जलत्वावच्छिन्नत्वस्यैवाऽद्याप्यसिद्धिः।

न च जलत्वस्य तदनवच्छेदकत्वे जल इव स्थलेऽपि मत्स्यस्य गतिः स्यादिति ***वाच्यम्,***

છે. તો શા માટે પ્રમાણસિદ્ધ એવા જીવાદિથી ભિન્ન ધર્માસ્તિકાય વગેરેનો ગતિ વગેરેના અપેક્ષાકારણ તરીકે સ્વીકાર કરવો ?

❋ જીવાદિથી અતિરિક્ત ધર્માસ્તિકાયાદિની સિદ્ધિ ❋

સમાધાન :- (**केवले.**) ગતિ વગેરેના અપેક્ષાકારણ તરીકે તમે કોને માનશો ? જો જીવને કારણ માનશો તો કેવલ પરમાણુ વિસ્રસાપરિણામથી ગતિ વગેરે કરે ત્યારે વ્યતિરેક વ્યભિચાર આવશે. કારણ કે જીવની સહાય વિના જ તે ગતિ કરે છે. જો તમે પુદ્ગલદ્રવ્યને ગતિ વગેરેનું અપેક્ષાકારણ માનશો તો પણ વ્યતિરેક વ્યભિચાર દુર્વાર બનશે. કેમ કે સર્વ કર્મ ખપાવીને એકલો જીવ સિદ્ધશિલા તરફ ગતિ કરે છે ત્યારે કોઈ પુદ્ગલ દ્રવ્યની સહાય તેને મળતી નથી. આમ એકલા જીવને કે એકલા પુદ્ગલને ગતિત્વ, સ્થિતિત્વ વગેરેથી અવચ્છિન્નનું = સર્વ ગતિ-સ્થિતિ વગેરેનું કારણ માનવામાં વ્યતિરેક વ્યભિચાર આવવાના લીધે પ્રમાણાન્તરસિદ્ધ જીવ વગેરેથી ભિન્ન એવા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની સિદ્ધિ થઈ જશે. ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો ૧૪ રાજલોકમાં સર્વત્ર વ્યાપીને રહેલા હોવાથી એકલા પરમાણુની કે એકલા જીવની ગતિ વગેરે થાય તો પણ ધર્માસ્તિકાય વગેરેમાં ગતિત્વાવચ્છિન્નની = ગતિ સામાન્યની અપેક્ષાકારણતા અબાધિત રહેશે. આ પ્રમાણે અહીં ઊંડાણથી વિચારવાની સૂચના કરવામાં આવેલ છે.

❖ ધર્માસ્તિકાય અંગે દિગંબર મત ❖

(**दिग.**) માત્ર શ્વેતાંબર સંપ્રદાયમાં જ નહિ પરંતુ દિગંબર સંપ્રદાયમાં પણ ધર્માસ્તિકાય દ્રવ્ય ઉપરોક્ત રીતે જ સ્વીકારવામાં આવે છે. **કુંદકુંદસ્વામી** નામના દિગંબર આચાર્યે પણ **પંચાસ્તિકાય** ગ્રંથમાં જણાવેલ છે કે 'જેમ માછલાને ગતિ કરવામાં પાણી ઉપકારી બને છે, તેમ ચૌદ રાજલોકમાં જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગતિ કરવામાં ધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય ઉપકારી બને છે - તેમ તમારે જાણવું.'

❋ મત્સ્યગતિ અંગે પ્રશ્નોત્તરી ❋

પૂર્વપક્ષ :- (**ननु.**) પાણીનું અને માછલાનું જે ઉદાહરણ તમે દર્શાવેલ છે તે અમને માન્ય નથી. કારણ કે 'જલત્વ એ મત્સ્યગતિની કારણતાનું અવચ્છેદક છે, મત્સ્યગતિકારણતા જલત્વથી અવચ્છિન્ન છે, અર્થાત્ પાણી માછલાની ગતિ પ્રત્યે અપેક્ષાકારણ છે' - એવું હજુ સુધી સિદ્ધ થયેલ નથી. તેથી જલની જેમ ધર્માસ્તિકાયને ગતિક્રિયાનું અપેક્ષાકારણ માનવું વ્યાજબી નથી.

આક્ષેપ :- (**न च.**) જો માછલાની ગતિક્રિયાસ્વરૂપ કાર્ય પ્રત્યે પાણીને અપેક્ષાકારણ તરીકે માનવામાં ન આવે (અર્થાત્ જલત્વને મત્સ્યગતિનિરૂપિત અપેક્ષાકારણતાનું અવચ્છેદક માનવામાં ન આવે) તો

---

1. उदकं यथा मत्स्यानां गमनानुग्रहकरं भवति लोके। तथा जीव-पुद्गलानां धर्म्मं द्रव्यं विजानीहि ।।

"स्थले झषक्रिया व्याकुलतया चेष्टाहेत्विच्छाऽभावादेव न भवति, न तु जलाभावादिति गत्यपेक्षाकारणे मानाभावः" इति चेत् ?

यतः स्थले झषगतिक्रिया झषस्य व्याकुलतया गतिहेत्विच्छाया अभावादेव न भवति, न तु जलाभावात्। इत्थञ्च गतिक्रियाया अपेक्षाकारणे प्रमाणाभावान्न धर्मास्तिकायसिद्धिरिति **चेत्** ?

न, जलाद् झषस्य बहिर्निष्काशनदशायां जिगमिषाविरहे मानाभावात्। न हि जलजीविनो मीनस्य स्थले मुमूर्षाऽस्ति जले चैव जिजीविषा, येन स्थले तस्य जिगमिषा न स्यात्। प्रत्युत स्थले मुक्तो मीनो जलचरतया जलं प्रति भृशं जिगमिषत्येव, तस्य जलजीवित्वात्। अत एव

જેમ પાણીમાં માછલું ગતિ કરે છે, તેમ જમીન ઉપર પણ માછલાએ ગતિ કરવી જોઈએ. જો પાણીને મત્સ્યગતિનું સહકારી કારણ ન માનવામાં આવે તો પાણી હોય કે ન હોય, માછલાની ગતિમાં કોઈ ફરક પડી નહિ શકે.

⚜ મીનગતિકારણ પાણી નથી : પૂર્વપક્ષ ⚜

સમાધાન :- (यतः.) તમારી દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે માછલાને ગતિ કરવાની ઈચ્છા હોય ત્યારે માછલું ગતિ કરે છે. માછલાને ગતિ કરવાની ઈચ્છા ન હોય ત્યારે માછલું ગતિ કરતું નથી. માછલું જલચર પ્રાણી હોવાથી પાણીમાં આકુળતા વિના રહી શકે છે. માછલાને પાણીની બહાર કાઢવામાં આવે ત્યારે માછલું આકુળ-વ્યાકુળ થઈ જાય છે. પાણીની બહાર પોતાના અસ્તિત્વને ટકાવવું પણ માછલા માટે મુશ્કેલ છે. તેથી જમીન ઉપર પોતાનું અસ્તિત્વ જોખમમાં મૂકાઈ જતાં આકુળ -વ્યાકુળ થવાથી માછલાને આમથી તેમ જવા-આવવાની ઈચ્છા જ થતી નથી. પોતાનું જીવન જોખમાતું હોય તેવી અવસ્થામાં તેવા મનોરથ કઈ રીતે જાગી શકે ? તેથી જમીન ઉપર માછલાની ગતિ કરવાની ઈચ્છા ન હોવાથી જ જમીન ઉપર માછલું આમથી તેમ દોડધામ કરતું નથી. પરંતુ 'પાણી ન હોવાના લીધે જમીન ઉપર માછલું આમથી તેમ ગતિ કરતું નથી' - આવું કહી શકાતું નથી. આમ માછલાની ગતિનું કારણ જલ નથી પરંતુ માછલાની ગતિ કરવાની કામના છે. આમ પાણીને ગતિક્રિયાનું અપેક્ષાકારણ = સહકારી કારણ માનવામાં કોઈ પ્રમાણ ન હોવાથી મત્સ્યગતિક્રિયાના ઉદાહરણથી જીવની અને પુદ્ગલની ગતિક્રિયા પ્રત્યે ધર્માસ્તિકાય દ્રવ્યને અપેક્ષાકારણ માનવામાં કોઈ પ્રમાણ હાજર રહેતું નથી. તેથી ગતિના સહકારી કારણ તરીકે ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ થઈ શકતી નથી.

⚜ મીનગતિ પ્રત્યે જલ અપેક્ષાકારણ ⚜

ઉત્તરપક્ષ :- (न, जला.) 'માછલાને પાણીની બહાર કાઢવાની અવસ્થામાં જમીન ઉપર માછલાને ગતિ કરવાની ઈચ્છા જ નથી હોતી' એવું માનવામાં કોઈ પ્રમાણ નથી. માછલું જલચર પ્રાણી હોવાથી જમીન ઉપર માછલાને મરવાની ઈચ્છા હોય અને પાણીમાં હોય ત્યારે જ જીવવાની ઈચ્છા હોય આવું કહી શકાતું નથી કે જેના લીધે જમીન ઉપર માછલાને ગતિ કરવાની ઈચ્છા જ ન થાય. ઊલટું, માછલું જલચર પ્રાણી હોવાથી નદીની બહાર કિનારા ઉપર માછલાને મૂકવામાં આવે તો માછલું નદીના જળ તરફ જવાની અત્યંત ઈચ્છા કરે છે જ. પાણી એ તો માછલાનું જીવન છે. તેથી નદીતટ પર

जलबहिर्निष्काशनाऽनन्तरं केनचित् तस्य नद्यां प्रक्षेपे कृते सति स द्रुतं तत्रेतस्ततो गच्छत्येव।

अथ जलं न मीनस्य गतिं प्रति कारणं किन्तु तस्य जीवनं प्रत्येवेति जलाद् बहिर्निष्काशने स जलं प्रति गन्तुं यतत एवेति न जलस्य तद्गतिकारणतेति ***चेत्*** ?

न, यतः वायोः जलयोनित्वेन तदीयश्वसनतन्त्रप्रक्रियया जलात् पृथक्कृतस्य प्राणवायोरेव मीनजीवनं प्रति कारणता, न तु जलस्य; प्राणवायुशोषणानन्तरं तेन जलस्य त्यागकरणात्, क्वचित् कार्पादिमत्स्यविशेषाणां जलं विनाऽपि श्वसनसम्भवाच्चेति आधुनिकजैविकविज्ञानप्रसिद्धमेव। स्थले च मीनः स्पन्दत एव, न तु निश्चयेन गच्छति, गमनव्यापारफलस्य अभीष्टोत्तरदेशसंयोगस्य तत्र

રહેલા માછલાને પાણી તરફ જવાની ઈચ્છા ન હોય તેવું કેમ બની શકે ? નદીતટ પર રહેલ માછલાને જલ તરફ ગતિ કરવાની ઈચ્છા હોવાના લીધે જ પાણીની બહાર તેને કાઢ્યા બાદ કોઈક વ્યક્તિ માછલાને તરત નદીમાં મૂકે તો તે માછલું ઝડપથી પાણીમાં આમથી તેમ ગતિ કરે જ છે.

પૂર્વપક્ષ :- (अथ.) પાણી માછલીની ગતિ પ્રત્યે કારણ નથી. પણ માછલીના જીવન પ્રત્યે જ તે કારણ છે. તેથી પાણીની બહાર માછલીને કાઢવામાં આવે તો તે પાણી તરફ જવા માટે પ્રયત્ન કરે જ છે. જો પાણી વિના તે ગતિ ન જ કરી શકતી હોય તો પાણી બહાર તે તરફડીયા શા માટે મારે ? માટે પાણીને મીનગતિનું કારણ માની ન શકાય.

✡ પ્રાણવાયુ જ મત્સ્યજીવનનું કારણ ✡

ઉત્તરપક્ષ :- (न.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે માછલીનું શ્વસનતંત્ર માણસના શ્વસનતંત્ર કરતાં થોડા જુદા પ્રકારનું હોય છે. માછલીના કંકાલતંત્રની ઝાલરકમાનો ઉપર ઝાલર હોય છે. તેમાંથી પાણી પસાર થવાથી પાણીમાં રહેલો પ્રાણવાયુ (ઓક્સિજન) છૂટો પડે તેવી પ્રક્રિયા થાય છે. હાઈડ્રોજન કરતાં અડધા પ્રમાણમાં પ્રાણવાયુ પાણીમાં હોય છે. H_2O આ પાણીનું રાસાયણિક બંધારણ છે. વાયુ પાણીની યોનિ = ઉપાદાનકારણ છે - તેવું જૈનાગમસંમત પણ છે. તેથી માછલીના શ્વસનતંત્રની વિશિષ્ટ પ્રક્રિયાના લીધે પાણીમાંથી જે પ્રાણવાયુ છૂટો પડે છે તે જ માછલીના જીવનનું કારણ છે, પાણી નહિ. પાણીમાં રહેલા પ્રાણવાયુનું શોષણ કર્યા પછી તે પાણીને માછલી ઝાલર દ્વારા બહાર કાઢી નાખે છે. તથા ક્યારેક **કાર્પ** વગેરે વિશેષ પ્રકારની માછલીઓ પાણીની ઉપરની સપાટીની બહાર મોઢું કાઢીને ખુલ્લા વાતાવરણમાંથી પણ પ્રાણવાયુ મેળવે છે. પાણીમાં રહેલ પ્રાણવાયુનું પ્રમાણ ઘટતાં બાહ્ય વાતાવરણમાંથી શ્વાસ લેવા માછલી પ્રેરાય છે. આ કારણસર ઘણી વાર માછલીઘરોમાં આવેલી માછલીઓ સપાટીએ આવી શ્વાસ લેતી જોવા મળે છે. આ બાબત આધુનિક જૈવિક વિજ્ઞાનના સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ જ છે. (જુઓ - **ગુજરાતી વિશ્વકોષ** ભાગ-૧૫ પૃ.૬૦૧) તેથી માછલીના જીવન પ્રત્યે પાણી અન્યથાસિદ્ધ બને છે. પાણી માછલીની ગતિ પ્રત્યે જ કારણ છે. પાણીની બહાર માછલીને રાખવામાં આવે તો માછલી નિશ્ચયથી ગતિ કરતી નથી પણ ફક્ત સ્પંદન કરે છે. ગતિક્રિયાનું ફળ છે ઈષ્ટઉત્તરદેશસંયોગ. તે ત્યાં ગેરહાજર છે. પાણીમાં માછલી જેમ પૂર્વ સ્થાનનો ત્યાગ કરીને નૂતન ઈષ્ટ સ્થળમાં પહોંચે છે, તેમ પાણીની બહાર જોવા મળતું નથી. તેથી માછલી પાણીની બહાર ગતિ

न, अन्वय-व्यतिरेकाभ्यां लोकसिद्धव्यवहारादेव तद्धेतुत्वसिद्धेः;
જલ વિના મછની ગતિ નહિ, તિમ ધર્મદ્રવ્ય મૂકી ચેતનની ગતિ નહીં.
अन्यथा अन्त्यकारणेनेतराखिलकारणान्यथासिद्धिप्रसङ्गाद् इति दिग् ॥૧૦/૪॥

बाधादिति न जले इव स्थले तद्गतिः। विग्रहगतिसमापन्नानाम् अपि नारकाणां **भगवतीसूत्रे** (भ.सू.१४/१/५०२/पृ.६३३) अनन्तर-परम्पराऽनिर्गतत्वोक्तिवदिदमवगन्तव्यम्। इत्थमन्वय-व्यतिरेकाभ्यां लोकसिद्धव्यवहाराद् एव जले मीनगत्यपेक्षाकारणत्वसिद्धिः। ततश्च जलं विना मीनगतिवद् धर्मास्तिकायं विना चेतनादिगतिः नास्तीति फलितम्।

न च गतिं प्रति जिगमिषाया एव हेतुत्वेन जलस्य तत्रान्यथासिद्धत्वमेवेति ***शङ्कनीयम्***, एवं सति अन्त्यकारणेन इतराखिलकारणाऽन्यथासिद्धिप्रसङ्गादिति दिक्।

નથી કરતી પણ ફક્ત સ્પંદન જ કરે છે, તરફડીયા મારે છે. 'નરકાયુષ્યને પૂર્ણ કરીને વિગ્રહગતિમાં હોવા છતાં પણ નરકના જીવો, નથી તો અનંતરસમયનિર્ગત કહેવાતા કે નથી પરંપરસમયનિર્ગત કહેવાતા' - આ પ્રમાણે **ભગવતીસૂત્ર**માં નિશ્ચયનયદષ્ટિથી જણાવેલ છે. તે મુજબ પાણીની બહાર માછલીની નિશ્ચયદષ્ટિથી ગતિ નથી કહેવાતી. આ રીતે અન્વય અને વ્યતિરેક દ્વારા લોકપ્રસિદ્ધ વ્યવહારના આધારે જ સિદ્ધ થાય છે કે પાણી માછલાની ગતિ પ્રત્યે અપેક્ષાકારણ = સહકારીકારણ છે. તેથી એવું ફલિત થાય છે કે પાણી વિના જેમ માછલીની ગતિ ન થાય, તેમ ધર્માસ્તિકાય વિના ચેતનાદિની ગતિ ન થાય.

શંકા :- (**न च गतिं.**) ગતિ પ્રત્યે માછલાની (ગતિ કરવાની) ઈચ્છા જ હેતુ હોવાથી માછલાની ગતિક્રિયા પ્રત્યે પાણી અન્યથાસિદ્ધ = અકારણ જ છે. કારણ કે પાણીમાં રહેલા માછલાને જ્યારે ગતિ કરવાની ઈચ્છા નથી હોતી ત્યારે તે પાણી હાજર હોવા છતાં ગતિ કરતું નથી. તેથી ગતિક્રિયા પ્રત્યે માછલાની ગતિ કરવાની ઈચ્છાને તો સહકારી કારણ માનવું જ પડે તેમ છે. તેટલું માનવાથી જ ઉપરોક્ત ઘટના સંગત થઈ શકે છે. પાણીને માછલાની ગતિનું સહકારી કારણ માન્યા પછી પણ અંતે તો માછલાની ગતિ કરવાની ઈચ્છાને માછલાની ગતિ પ્રત્યે સહકારી કારણ માનવું જ પડે છે ને ! તો શા માટે જલને મત્સ્યગતિનું સહકારી કારણ માનવાનું ગૌરવ કરવું ?

❯ ધર્માસ્તિકાય ગતિ પ્રત્યે અન્યથાસિદ્ધ નથી ❮

સમાધાન :- (**एवं.**) મત્સ્યગતિ પ્રત્યે મત્સ્યગતિકામના કારણ જરૂર છે. પરંતુ તેનો મતલબ એવો નથી કે મત્સ્યની ગતિમાં પાણી સહકારી કારણ નથી. અંતિમ કારણને (= મત્સ્યગતિકામનાને) કાર્ય પ્રત્યે આવશ્યક માની તે સિવાયના જલ વગેરે કારણોને મત્સ્યગતિ પ્રત્યે અન્યથાસિદ્ધ માની લેવામાં આવે તો આ રીતે સર્વસ્થળે અંત્ય કારણ દ્વારા પૂર્વવર્તિ તમામ કારણો અન્યથાસિદ્ધ બની જવાની આપત્તિ આવશે. જેમ કે ઘટના અંતિમ કારણ = કપાલદ્વયસંયોગ દ્વારા દંડ-ચક્ર-ચીવર વગેરે અન્યવિધ ઘટકારણો પણ ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ થવાની સમસ્યા સર્જાશે. અહીં જે કહેવામાં આવેલ છે તે દિશાસૂચન માત્ર છે. આ દિગ્દર્શન મુજબ હજુ ઘણું વિચારી શકાય. તેવું જણાવનાર 'दिक्' શબ્દ છે.

.... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

यावन्तः चलभावाः तान् प्रति धर्मास्तिकायस्य हेतुता **भगवत्यां** [1]"धम्मत्थिकाए णं भंते ! जीवाणं किं पवत्तति?, गोयमा ! धम्मत्थिकाए णं जीवाणं आगमण-गमण-भासुम्मेस-मणजोगा वइजोगा कायजोगा जे यावन्ने तहप्पगारा चला भावा सव्वे ते धम्मत्थिकाए पवत्तंति। गइलक्खणे णं धम्मत्थिकाए" (भ.सू.श.१३, उ.४, सूत्र-४८१) इत्थमावेदिता। "चलस्वभावाः पर्यायाः सर्वे ते धर्मास्तिकाये सति प्रवर्तन्ते" (भ.सू.१३ /४/४८१ वृ.) इति **तद्वृत्तौ** व्यक्तमुक्तम्। विचारपरिवर्तन-वाग्योगादिप्रवर्तन-पाकजरूपादिपरावृत्त्यादीनामपि चलस्वभावतया धर्मास्तिकायजन्यत्वमिति 'यावन्ने' इत्यादिपदेन ज्ञायते।

धर्मास्तिकायस्वरूपञ्च **भगवत्याम्** [2]"धम्मत्थिकाए णं भंते ! कतिवन्ने, कतिगंधे, कतिरसे, कतिफासे ? गोयमा ! अवण्णे, अगंधे, अरसे, अफासे, अरूवे, अजीवे, सासए, अवट्ठिए, लोगदव्वे। से समासओ पंचविहे पन्नत्ते, तं जहा - दव्वओ, खेत्तओ, कालओ, भावओ, गुणओ। दव्वओ णं धम्मत्थिकाए एगे दव्वे।

❁ सर्व चलभावो प्रत्ये धर्मद्रव्य कारण : भगवतीसूत्र ❁

(यावन्तः.) मात्र गतिक्रिया प्रत्ये ज नहि, परंतु जे जे भावो चलस्वभाववाळा छे ते ते तमाम प्रत्ये धर्मास्तिकाय हेतु छे. आ वात **भगवतीसूत्र**मां प्रश्नोत्तरीरूपे नीचे मुजब जणावेल छे.

प्रश्न :- "हे भगवंत ! धर्मास्तिकाय होय तो जीवोनी कई-कई प्रवृत्ति थाय छे ?

प्रत्युत्तर :- हे गौतम ! धर्मास्तिकाय होय तो जीवोनी गति-आगति-भाषा-आंखना पलकारा -मनोयोग-वचनयोग-काययोग वगेरे जे अने जेटला तथाविध चलायमान भावो = चंचल भावो = चलस्वभाववाळा पदार्थो छे ते बधा चलभावो धर्मास्तिकाय होय तो प्रवर्ते छे. धर्मास्तिकायनुं लक्षण गति छे." नवांगीटीकाकार श्री**अभयदेवसूरि** महाराजे उपरोक्त **भगवतीसूत्र**नी **व्याख्या**मां स्पष्टपणे जणावेल छे के "चलस्वभाववाळा जेटला पण पर्यायो छे ते तमामे तमाम पर्यायो धर्मास्तिकाय होय तो प्रवर्ते छे." जीवनी अने पुद्गलनी गति जेम चलस्वभाववाळी छे, तेम मनना विचारोनुं परिवर्तन, वचनयोगादिनुं प्रवर्तन पण चंचलस्वभाववाळुं होवाथी ते पण धर्मास्तिकायनी सहायथी ज उत्पन्न थाय छे. 'यावन्ने' वगेरे शब्दना प्रयोगथी घडाना श्यामवर्णनुं रक्तवर्णरूपे परिवर्तन वगेरे पण धर्मास्तिकायने आभारी छे - एवुं भगवतीसूत्रनुं तात्पर्य जणाय छे.

❁ पांच प्रकारे धर्मद्रव्यनी प्ररूपणा ❁

(धर्मास्ति.) धर्मास्तिकाय द्रव्यनुं स्वरूप **भगवतीसूत्र**मां प्रश्नोत्तरी स्वरूपे नीचे मुजब जणावेल छे.

प्रश्न :- 'हे भगवंत ! धर्मास्तिकाय केटला वर्ण-गंध-रस-स्पर्शवाळुं छे ?'

प्रत्युत्तर :- 'हे गौतम ! धर्मास्तिकाय द्रव्य वर्णशून्य, गंधशून्य, रसशून्य, स्पर्शशून्य, अरूपी (=अमूर्त), अजीव, शाश्वत, अवस्थित लोकप्रमाण द्रव्य छे. ते धर्मास्तिकाय द्रव्य संक्षेपथी पांच प्रकारे

1. धर्मास्तिकाये (सति) णं भदन्त ! जीवानां किं प्रवर्तते ? गौतम ! धर्मास्तिकाये (सति) णं जीवानाम् आगमन-गमन -भाषा-उन्मेष-मनोयोगाः, वचोयोगाः, काययोगाः ये चाप्यन्ये तथाप्रकाराः चलाः भावाः सर्वे ते धर्मास्तिकाये (सति) प्रवर्तन्ते। गतिलक्षणः णं धर्मास्तिकायः। 2. धर्मास्तिकायो णं भदन्त ! कतिवर्णः, कतिगन्धः, कतिरसः, कतिस्पर्शः ? गौतम ! अवर्णः, अगन्धः, अरसः, अस्पर्शः, अरूपः, अजीवः, शाश्वतः, अवस्थितः, लोकद्रव्यम्। स समासतः पञ्चविधः प्रज्ञप्तः, तद् यथा- द्रव्यतः, क्षेत्रतः, कालतः, भावतः, गुणतः। द्रव्यतः धर्मास्तिकायः एकं द्रव्यम्, क्षेत्रतः लोकप्रमाणमात्रः, कालतः न कदापि न आसीत्, न कदापि नास्ति... यावद् नित्यः, भावतः अवर्णः, अगन्धः, अरसः, अस्पर्शः। गुणतः गमनगुणः।

खेत्तओ णं लोगप्पमाणमेत्ते। कालओ न कयावि न आसि, न कयाइ नत्थि, जाव निच्चे। भावओ अवण्णे, अगंधे, अरसे, अफासे। गुणओ गमणगुणे।" (भ.सू., श.२, उ.१०, सू.११८) इत्थमुक्तम्।

इह **द्रव्यानुयोगतर्कणायां** मूलश्लोके तद्वृत्तौ च बहु स्खलितं तद् विमृश्यं विबुधैः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - अस्मदीयान्तःकरणाऽशुद्धाऽध्यवसायाः शुद्धतामापद्यन्ते, वाग्योगश्च प्रशस्ततया अस्खलिततया च प्रवर्तते, कायेन च जिनाज्ञानुसारेण सदनुष्ठान-यतनादिः परिपाल्यते तत्र **भगवतीसूत्र**ानुसारेण धर्मास्तिकाय उपष्टम्भको भवतीति न विस्मर्तव्यम्। इत्थं धर्मास्तिकायोपकारस्मरणतः कृतज्ञतागुणो विशुध्यति। ततश्च सप्तदशविधसंयमगतः मानसिकः अजीवसंयमोऽपि विशुध्यति। एतादृशः सूक्ष्म उपदेशोऽत्र लभ्यते। ततश्च "अशेषकर्मवियोगलक्षणो मोक्षः" (स.त.भाग-५/काण्ड-३/गा.६३/पृ.७३७) इति **सम्मतितर्कवृत्ति**दर्शितो मोक्षः प्रत्यासन्नः भवेत् ॥१०/४॥

બતાવાયેલ છે. તે આ રીતે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને ગુણથી. (૧) દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે. (૨) ક્ષેત્રથી ધર્માસ્તિકાય દ્રવ્ય કેવલ ચૌદ રાજલોક પ્રમાણ છે. (૩) કાળની અપેક્ષાએ ક્યારેય પણ ધર્માસ્તિકાય દ્રવ્ય ન હતું તેવું નથી. તથા ક્યારેય પણ ધર્માસ્તિકાય નહિ હોય તેવું નથી. યાવત્ ધર્માસ્તિકાય દ્રવ્ય કાળની અપેક્ષાએ નિત્ય છે. (૪) ભાવની અપેક્ષાએ ધર્માસ્તિકાય દ્રવ્ય વર્ણશૂન્ય, ગંધશૂન્ય, રસશૂન્ય અને સ્પર્શશૂન્ય છે. તથા (૫) ગુણની = કાર્યની અપેક્ષાએ ગમનકાર્યવાળું (= ગમન જેનું કાર્ય છે તેવું) ધર્માસ્તિકાય દ્રવ્ય છે.'

(ઇહ.) પ્રસ્તુત સ્થળે **દ્રવ્યાનુયોગ તર્કણા** ગ્રંથમાં મૂળ શ્લોકમાં અને તેની વ્યાખ્યામાં ઘણી સ્ખલના **ભોજકવિ** દ્વારા થયેલી છે. તેની વિચારણા પંડિતોએ સ્વયમેવ કરી લેવી.

❀ ધર્માસ્તિકાયનું ઋણ સ્વીકારીએ ❀

આધ્યાત્મિક ઉપનય :- આપણા મનના ભાવો અશુદ્ધમાંથી શુદ્ધ બને, સુંદર મજાના વચનયોગો અસ્ખલિતપણે પ્રવર્તે તથા કાયાથી જિનાજ્ઞા મુજબ સુંદર મજાનું આચારપાલન, જયણાનું પાલન વગેરે થાય તેમાં ધર્માસ્તિકાય દ્રવ્ય પણ સહાય કરે છે. **ભગવતીસૂત્ર**માં આ વાત જણાવી છે. આ વાત આપણા મગજની બહાર નીકળવી ન જોઈએ. આ રીતે ધર્માસ્તિકાય દ્રવ્યનું ઋણ સ્વીકારીને કૃતજ્ઞતા ગુણને આપણે વધુ વિશુદ્ધ બનાવીએ તો સત્તર પ્રકારના સંયમમાંથી અજીવસંબંધી માનસિક સંયમ વિશુદ્ધ બને. આવો સૂક્ષ્મબુદ્ધિગમ્ય આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત કરવા જેવો છે. તે વિશુદ્ધ સંયમના કારણે **સમ્મતિતર્કવ્યાખ્યા**માં દર્શાવેલ સર્વકર્મવિયોગસ્વરૂપ મોક્ષ નજીક આવે. (૧૦/૪)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ અતૃપ્ત તૃષ્ણાના શરણે જાય છે.**
  શ્રદ્ધા પરમ તૃપ્તિની શરણાગતિ સ્વીકારે છે.

ઈમ હિવઈ અધર્માસ્તિકાયનું લક્ષણ કહઈ છઈ -

થિતિપરિણામી રે પુદ્ગલ-જીવની, થિતિનો[ઙ] હેતુ અધર્મ;
સવિસાધારણ ગતિ-થિતિહેતુતા, દોઈ દ્રવ્યનો રે ધર્મ ॥૧૦/૫॥ (૧૬૬) સમ.

સ્થિતિપરિણામી જે [□]પુદ્ગલ-જીવ દ્રવ્ય, તેહોની **સ્થિતિનો હેતુ** કહિઈ [♦]અપેક્ષાકારણ જે દ્રવ્ય, તે (**અધર્મ**=) અધર્માસ્તિકાય જાણવો. *"[1]**अहम्मो ठाणलक्खणो**" (**उत्त.२८/९**) **इति वचनात्।***

साम्प्रतमधर्मास्तिकायलक्षणमाविष्करोति – '**अधर्मे**'ति।

अधर्मद्रव्यजन्येष्टा पुद्गल-जीवयोस्थितिः।
गतेः सामान्यहेतुत्वं धर्मेऽधर्मे स्थितेः तथा।।१०/५।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – पुद्गल-जीवयोः स्थितिः अधर्मद्रव्यजन्या इष्टा। (यथा) गतेः सामान्यहेतुत्वं धर्मे तथा स्थितेः (सामान्यहेतुत्वम्) अधर्मे (सिध्यति)।।१०/५।।

पुद्गल-जीवयोः द्वयोरेव द्रव्ययोः **स्थितिः** कार्यत्वाऽऽक्रान्ता भवति व्यवहारनयानुसारेण, न तु गगनादेः। सा च पुद्गल-जीवस्थितिः **अधर्मद्रव्यजन्या** = अधर्मास्तिकायद्रव्यजनिता शास्त्रकृताम् **इष्टा**। तदुक्तम् **उत्तराध्ययनसूत्रे** [1]"अहम्मो ठाणलक्खणो" (उत्त.२८/९) इति। **श्रीशान्तिसूरिकृततद्वृत्ति**-लेशस्त्वेवम् "अधर्मः = अधर्मास्तिकायः स्थितिः = स्थानं तल्लक्षणम् अस्येति स्थानलक्षणः। स हि स्थितिपरिणतानां जीव-पुद्गलानां स्थितिलक्षणकार्यं प्रति अपेक्षाकारणत्वेन व्याप्रियते इति तेनैव लक्ष्यते

अवतरणिका :- ધર્માસ્તિકાયના નિરૂપણ બાદ ગ્રંથકારશ્રી અધર્માસ્તિકાયના લક્ષણને દર્શાવે છે :-

❖ અધર્માસ્તિકાય દ્રવ્યની પ્રરૂપણા ❖

શ્લોકાર્થ :- અધર્માસ્તિકાય દ્રવ્યથી પુદ્ગલની અને જીવની સ્થિતિ = સ્થિરતા ઉત્પન્ન થાય છે - આ પ્રમાણે માન્ય છે. જે રીતે ગતિનું સામાન્ય કારણ ધર્માસ્તિકાય છે તે રીતે સ્થિતિનું સામાન્ય કારણ અધર્માસ્તિકાય છે. (૧૦/૫)

વ્યાખ્યાર્થ :- વ્યવહારનયના મંતવ્ય મુજબ પુદ્ગલ અને જીવ - આ બે જ દ્રવ્યની સ્થિતિ કાર્યસ્વરૂપ = જન્ય હોય છે. આકાશ વગેરે દ્રવ્યની સ્થિતિ તો અકાર્ય = નિત્ય છે. તેથી 'પુદ્ગલ અને જીવ દ્રવ્યની જે સ્થિતિ છે તે અધર્માસ્તિકાય દ્રવ્યથી ઉત્પન્ન થાય છે' - એવું શાસ્ત્રકારોને ઈષ્ટ છે. તેથી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે કે "અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થાન છે." પ્રસ્તુત બાબતની સ્પષ્ટતા કરતા **શ્રીશાંતિસૂરિજી** મહારાજાએ **ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિ**માં જે કહ્યું છે, તેનો ઉપયોગી અંશ આ મુજબ જાણવો. "સ્થિતિ = સ્થાન એ અધર્મનું = અધર્માસ્તિકાયનું લક્ષણ છે. સ્થિતિ પરિણામથી પરિણમેલા જીવની અને પુદ્ગલોની સ્થિતિસ્વરૂપ કાર્ય પ્રત્યે અપેક્ષાકારણરૂપે અધર્માસ્તિકાય પ્રવૃત્ત થાય છે. તેથી સ્થિતિસ્વરૂપ

ઙ મો.(૨)માં 'તિથિનો' પાઠ. □ મ.માં 'પુદ્ગ' અશુદ્ધ પાઠ. કો.(૮+૯+૧૧) + આ.(૧)નો પાઠ લીધો છે. ♦ આ.(૧)માં પાઠ છે - 'સ્થિતિ હેતુ અધર્માસ્તિકાય છે. સર્વ સાધારણ ૨ દ્રવ્યગતિ-સ્થિતિ ૫ દ્રવ્યનઈ કરઈ છઈ.' *....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે. 1. अधर्मः स्थानलक्षणः।

इत्युच्यते" (उत्त.२८/९ बृहद्वृत्तिः) इति।

प्रकृते 'जन्यस्थितित्वावच्छिन्नकार्यतानिरूपिता कारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात्, घटकारणतावदि'त्यनुमानतः जन्यस्थितिकारणतावच्छेदकतयाऽधर्मास्तिकायत्वस्य सिद्धिः। धर्मश्च क्वचिदाश्रितः धर्मत्वादित्यनुमानप्रयोगाद् जन्यस्थितिकारणतावच्छेदकधर्माश्रयविधयाऽधर्मास्तिकायसिद्धिः। 'सिद्धः पदार्थ एको नित्यश्चेत् तदा लाघवम्, असति बाधके' इति पूर्वोक्ताद् न्यायाद् धर्मिग्राहकप्रमाणादेव तस्यैकत्वं नित्यत्वञ्च सिध्यतः।

रत्नप्रभापृथिव्यादिस्थितेः नित्यत्वात् कार्यतावच्छेदकधर्मस्याऽतिरिक्तवृत्तित्वेनाऽन्वयव्यभिचारवा-

---

कार्यथी अधर्मास्तिकाय जणाय छे."

❋ अनुमान प्रमाणथी अधर्मद्रव्यनी सिद्धि ❋

(प्रकृते.) प्रस्तुतमां नव्यन्यायनी परिभाषा मुजब अनुमानप्रयोग एवो थई शके छे के - जन्यस्थितित्वअवच्छिन्न एवी कार्यताथी निरूपित कारणता (= पक्ष) कोईक गुणधर्मथी अवच्छिन्न = नियंत्रित छे (= साध्य). केम के ते कारणता छे (= हेतु). जेम के घटकारणता (= दृष्टांत). जे जे कारणता होय ते ते कोईक गुणधर्मथी अवच्छिन्न होय - आवी व्याप्ति छे. जेम घटकारणता दंडत्वथी अवच्छिन्न छे तेम जन्यस्थितिनिरूपित कारणता पण कोईक गुणधर्मथी अवच्छिन्न होवी जोईए. ते गुणधर्म बीजो कोई नहि पण अधर्मास्तिकायत्व छे. आम उपरोक्त अनुमान प्रमाणथी जन्यस्थितिनिरूपित कारणताना अवच्छेदक धर्म तरीके अधर्मास्तिकायत्वनी सिद्धि थाय छे. तथा गुणधर्म कोईकने कोईक आश्रयमां रहे छे - आवो नियम (= व्याप्ति) प्रमाणसिद्ध छे. तेथी तेना बळथी जन्य = कार्यभूत स्थितिना कारणताअवच्छेदक गुणधर्मना = अधर्मास्तिकायत्वना आश्रय तरीके अधर्मास्तिकाय द्रव्यनी सिद्धि थाय छे. तथा पूर्वे (१०/४) एक न्याय = नियम जणावी गया हता के 'सिद्ध थनार पदार्थ एक अने नित्य होय तो लाघव छे, जो तेने एक अने नित्य मानवामां कोई बाधक प्रमाण उपस्थित थतुं न होय तो.' आ नियम मुजब अधर्मास्तिकाय द्रव्य एक अने नित्य सिद्ध थाय छे. कारण के तेने एक तथा नित्य मानवामां कोई प्रमाण बाधक = विरोधी बनतुं नथी. आम धर्मीग्राहक प्रमाणथी ज अधर्मास्तिकायमां एकत्वनी अने नित्यत्वनी सिद्धि थाय छे.

शंका :- स्थितिकारणताअवच्छेदकरूपे अधर्मास्तिकायत्वनी सिद्धि करवाना बदले जन्यस्थितिकारणताअवच्छेदकरूपे शा माटे तेनी सिद्धि = अनुमिति करवामां आवे छे ? जन्यस्थितित्वने कार्यताअवच्छेदक मानवुं योग्य जणातुं नथी. कारण के तेम मानवामां 'स्थितित्व' ना बदले 'जन्यस्थितित्व' कार्यताअवच्छेदक बनशे. आथी कार्यताअवच्छेदक धर्ममां गौरव थशे.

❀ जन्यस्थितित्व ज अधर्मास्तिकायनुं कार्यताअवच्छेदक ❀

समाधान :- (रत्न.) तमारी वात व्याजबी छे के अमे जे रीते अधर्मास्तिकायनी सिद्धि करी छे ते रीते कार्यताअवच्छेदक धर्म 'स्थितित्व' ना बदले 'जन्यस्थितित्व' थवाथी गौरव जरूर थाय छे. परंतु तेवुं गौरव स्वीकार्या सिवाय छूटको ज नथी. कारण के स्थितित्वने कार्यताअवच्छेदक मानी शकाय तेम

रणाय स्थितिविशेषणविधया 'जन्ये'त्युपात्तम्।

अनेन जीव-पुद्गलान्यतरस्थितित्वस्याऽधर्मास्तिकायकार्यतावच्छेदकत्वमस्तु इत्यपि ***निराकृतम्,***

जीव-पुद्गलाऽन्यतरस्थितित्वस्य कार्यतावच्छेदकत्वे महागौरवाच्च, जीव-पुद्गलान्यतरत्वस्य जीवभिन्नत्वे सति पुद्गलभिन्नं यत् तद्भिन्नत्वरूपत्वादिति।

નથી. અહીં નિયમ એ છે કે જે ધર્મ કાર્યતાથી અતિરિક્તવૃત્તિ ન હોય તથા ન્યૂનવૃત્તિ ન હોય તે જ ગુણધર્મ કાર્યતાઅવચ્છેદક બની શકે. સ્થિતિત્વ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક ન બનવાનું કારણ એ છે કે તે અતિરિક્ત વૃત્તિ છે. મતલબ કે જે અધર્માસ્તિકાય દ્રવ્યનું કાર્ય નથી તેમાં પણ સ્થિતિત્વ ધર્મ રહે છે. તે આ રીતે - નિત્ય એવી રત્નપ્રભા, શર્કરાપ્રભા વગેરેની સ્થિતિમાં સ્થિતિત્વ નામનો ગુણધર્મ રહે છે. પરંતુ તે સ્થિતિ નિત્ય હોવાથી અધર્માસ્તિકાયની કાર્યતા તેમાં રહેતી નથી. કાર્યતાશૂન્યમાં રહેનાર ગુણધર્મ કાર્યતાઅવચ્છેદક બની ન શકે. કેમ કે અધર્માસ્તિકાય નામનું કારણ હાજર હોવા છતાં નિત્ય સ્થિતિ ઉત્પન્ન થતી નથી. તેથી અન્વયવ્યભિચાર આવે છે. તેથી સ્થિતિત્વ અધર્માસ્તિકાય દ્રવ્યનું કાર્યતાઅવચ્છેદક બની નહિ શકે. આ કારણસર અમે 'સ્થિતિત્વ' ના બદલે 'જન્યસ્થિતિત્વ' ને કાર્યતાઅવચ્છેદકધર્મ તરીકે બતાવેલ છે. જન્યસ્થિતિત્વ ગુણધર્મ નિત્ય એવી રત્નપ્રભા, શર્કરાપ્રભા વગેરેની નિત્યસ્થિતિમાં રહેતો નથી. ફક્ત જ્યાં અધર્માસ્તિકાયની કાર્યતા રહે છે ત્યાં જ જન્યસ્થિતિત્વ રહે છે. તથા જ્યાં અધર્માસ્તિકાયની કાર્યતા રહે છે ત્યાં તે જન્યસ્થિતિત્વ અવશ્ય રહે છે. આમ અન્યૂન-અનતિરિક્તવૃત્તિ હોવાથી જન્યસ્થિતિત્વ જ કાર્યતાઅવચ્છેદક બને, સ્થિતિત્વ નહિ. તેથી 'સ્થિતિ'ના વિશેષણરૂપે 'જન્ય' એવું પદ લગાડેલ છે. માટે ગૌરવ હોવા છતાં ફલમુખ હોવાથી નિર્દોષ છે.

શંકા :- (**अनेन.**) જન્યસ્થિતિ તો જીવની અને પુદ્ગલની જ છે. તેથી જીવ કે પુદ્ગલ - બેમાંથી એકની જ સ્થિતિ અધર્માસ્તિકાયનું કાર્ય બનશે. તેથી જન્યસ્થિતિત્વના બદલે જીવ-પુદ્ગલઅન્યતરસ્થિતિત્વનો જ અહીં કાર્યતાઅવચ્છેદક તરીકે સ્વીકાર કેમ ન કરવો ?

❀ अन्यतरत्वघटित कार्यता गौरवग्रस्त ❀

समाधान :- (**जीव.**) રત્નપ્રભા પૃથ્વી વગેરેની સ્થિતિ નિત્ય હોવાથી તે અધર્માસ્તિકાયનું કાર્ય નથી. તેમ છતાં પણ તેમાં જીવ-પુદ્ગલઅન્યતરસ્થિતિત્વ નામનો ગુણધર્મ રહે છે. તેથી તે કાર્યતાઅતિરિક્તવૃત્તિ ધર્મ છે. તેથી તે અધર્માસ્તિકાયનો કાર્યતાઅવચ્છેદક ધર્મ ન બની શકે. તેથી અતિરિક્તવૃત્તિત્વ નામના જે દોષના લીધે સ્થિતિત્વને કાર્યતાઅવચ્છેદક માની નથી શકાતું તે જ દોષના લીધે જીવ-પુદ્ગલ-અન્યતરસ્થિતિત્વને કાર્યતાઅવચ્છેદક નથી માની શકાતું. આથી સ્થિતિત્વ કે જીવ-પુદ્ગલઅન્યતર-સ્થિતિત્વના બદલે જન્યસ્થિતિત્વને જ અધર્માસ્તિકાયની કાર્યતાનો અવચ્છેદક માનવો જરૂરી છે. તદુપરાંત, જન્યસ્થિતિત્વની અપેક્ષાએ જીવ-પુદ્ગલઅન્યતરસ્થિતિત્વને કાર્યતાઅવચ્છેદક માનવામાં મહાગૌરવદોષ પણ આવે છે. માટે લાઘવના લીધે પણ જન્યસ્થિતિત્વગુણધર્મને જ અધર્માસ્તિકાયની કાર્યતાનો અવચ્છેદક ગુણધર્મ માનવો જરૂરી છે. ન્યાયની ભાષામાં અન્યતરત્વ એટલે તદ્ભિન્નત્વે સતિ તદ્ભિન્નભિન્નત્વ. પ્રસ્તુતમાં 'जीवभिन्नत्वे सति पुद्गलभिन्नं यद् अवशिष्टं जगत् तद्भिन्नत्वं = जीव-पुद्गलान्यतरत्वम्.'

एतेन जीव-पुद्गलोभयस्थितित्वस्य कार्यतावच्छेदकत्वमस्तु इति ***अपाकृतम्,***

उभयत्वस्य एकविशिष्टाऽपरत्वोपगमे जीवस्थितित्वविशिष्टपुद्गलस्थितित्वस्य पुद्गलस्थितित्व-विशिष्टजीवस्थितित्वस्य वा कार्यताऽवच्छेदकत्वे विनिगमकाऽभावात्, उभयोरेवाऽवच्छेदकत्वेऽति-गौरवात्, केवलस्य जीवस्थितित्वस्य पुद्गलस्थितित्वस्य वा न्यूनवृत्तित्वेन कार्यताऽनवच्छेदकत्वे तदुभयस्थितित्वस्याऽपि कार्यताऽवच्छेदकत्वाऽयोगाच्च। न हि प्रत्येकमसतः उभयसत्त्वं सम्भवति।

આવા અન્યતરત્વથી ઘટિત સ્થિતિત્વને કાર્યતાઅવચ્છેદક માનવામાં સ્પષ્ટપણે ગૌરવ આવે છે. તેથી જીવ-પુદ્ગલઅન્યતરસ્થિતિત્વ અધર્માસ્તિકાયકાર્યતાઅવચ્છેદક બની ન શકે. આથી તેની અપેક્ષાએ લઘુતર જન્યસ્થિતિત્વને જ કાર્યતાઅવચ્છેદક માની તદવચ્છિન્ન કાર્યતાથી નિરૂપિત કારણતાના અવચ્છેદક તરીકે અધર્માસ્તિકાયત્વની સિદ્ધિ કરવી વ્યાજબી છે. આમ તેના આશ્રય તરીકે એક નિત્ય અધર્માસ્તિકાય દ્રવ્યની ધર્મીગ્રાહક પ્રમાણથી સિદ્ધિ થાય છે.

શંકા :- (**एतेन.**) જો જીવ-પુદ્ગલઅન્યતરસ્થિતિત્વને કાર્યતાઅવચ્છેદક માનવામાં અન્યતરત્વના પ્રવેશના લીધે ગૌરવ આવતું હોય તો જીવ-પુદ્ગલઉભયસ્થિતિત્વને જ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક માનો. કારણ કે તેવું માનવામાં અન્યતરત્વનો કાર્યતાકોટિમાં પ્રવેશ ન થવાના લીધે તત્પ્રયુક્ત કાર્યતાઅવચ્છેદકધર્મગૌરવ દોષ રવાના થઈ જશે. જીવંત શરીર સ્થિર રહેતું હોય ત્યારે તેની સ્થિતિમાં જીવ-પુદ્ગલઉભયસ્થિતિત્વ નામનો ગુણધર્મ રહે જ છે ને !

✡ ન્યૂનવૃત્તિ ગુણધર્મ અવચ્છેદક ન બને ✡

સમાધાન :- (**उभय.**) અમે પૂર્વે જે બે દોષ દર્શાવેલ છે તેનાથી જ તમારી ઉપરોક્ત દલીલનું નિરાકરણ થઈ જાય છે. કારણ કે સચિત્ત એવી રત્નપ્રભા પૃથ્વી વગેરેની નિત્ય સ્થિતિમાં અધર્માસ્તિકાયની કાર્યતા ન હોવા છતાં પણ જીવ-પુદ્ગલઉભયસ્થિતિત્વ નામનો ગુણધર્મ રહેતો હોવાથી તે ધર્મ અધર્માસ્તિકાયની કાર્યતાથી અતિરિક્ત વૃત્તિ છે. કાર્યતાથી અતિરિક્તવૃત્તિ ગુણધર્મ કાર્યતાઅવચ્છેદક બની ન શકે. આ એક દોષ તેમજ, બીજો દોષ એ છે કે જન્યસ્થિતિત્વ કરતાં જીવ-પુદ્ગલઉભયસ્થિતિત્વ ગુરુભૂત ગુણધર્મ હોવાથી અધર્માસ્તિકાય દ્રવ્યની કાર્યતાના અવચ્છેદકમાં ગૌરવ દોષ તો ઉભો જ છે. તદુપરાંત ત્રીજો દોષ એ છે કે ઉભયત્વને જો એકવિશિષ્ટઅપરત્વ સ્વરૂપ માનવામાં આવે તો અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક જીવસ્થિતિત્વવિશિષ્ટપુદ્ગલસ્થિતિત્વ છે કે પુદ્ગલસ્થિતિત્વવિશિષ્ટજીવસ્થિતિત્વ છે ? આ બાબતમાં કોઈ એકતરપક્ષપાતી તર્ક = વિનિગમક મળતો નથી. તથા વિનિગમક ન હોવાથી જો બન્નેને અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક માનવામાં આવે તો અતિગૌરવ દોષ લાગુ પડશે. તેના કરતાં તો લાઘવસહકારથી જન્યસ્થિતિત્વને જ કાર્યતાઅવચ્છેદક માનવું વધારે યોગ્ય છે. વળી, બીજો એક દોષ એ છે કે માત્ર જીવસ્થિતિત્વ કે ફક્ત પુદ્ગલસ્થિતિત્વ તો અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક બનતા જ નથી. કેમ કે તે ન્યૂનવૃત્તિ છે. જો બન્ને સ્વતંત્રપણે અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક ન હોય તો બન્ને મિલિત થાય તો પણ તેને પ્રસ્તુતમાં કાર્યતાઅવચ્છેદક કઈ રીતે કહી શકાય ? કારણ કે પ્રત્યેકમાં જે ધર્મ વિદ્યમાન ન હોય તે ધર્મ સમુદાયમાં પણ ન આવી શકે. રેતીના એક કણમાં તેલ ન હોવાથી રેતીસમૂહમાંથી પણ તેલ નીકળી ન શકે.

एतावता जीवस्थितित्वं पुद्गलस्थितित्वञ्चोभयमधर्मास्तिकायकार्यतावच्छेदकमस्तु इत्यपि ***निराकृतम्***,
'एकसत्त्वेऽपि द्वयं नास्ति' इति न्यायेन प्रत्येकं व्यभिचारात्,
तृणारणिमणिन्यायेन विभिन्नकार्यताऽङ्गीकारेऽधर्मास्तिकायद्वितयकल्पनापत्तेश्च। तदपेक्षया

શંકા :- (एतावता.) જો એવું હોય તો જીવસ્થિતિત્વ અને પુદ્ગલસ્થિતિત્વ બન્નેને અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક માનો. સિદ્ધ ભગવંતની સ્થિતિમાં જીવસ્થિતિત્વ નામનો ધર્મ રહે છે તથા પરમાણુ, દ્વયણુક વગેરેની સ્થિતિમાં પુદ્ગલસ્થિતિત્વ નામનો ધર્મ રહે છે. તેથી તે બન્નેને અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક માનવામાં ન્યૂનવૃત્તિત્વ નામનો દોષ નહિ આવે. તથા જીવંત શરીરની સ્થિતિમાં પણ તે બન્ને ગુણધર્મો રહેલ છે. તેથી તે બન્નેને અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક માનવાથી વ્યભિચાર વગેરે દોષને પણ અવકાશ રહેતો નથી.

❖ ઉભયમાં કાર્યતાઅવચ્છેદકતાની કલ્પના અસંગત ❖

સમાધાન :- (एक.) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે જીવસ્થિતિત્વ અને પુદ્ગલસ્થિતિત્વ આ બન્ને ગુણધર્મોને જો અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક માનવામાં આવે તો સિદ્ધભગવંતની સ્થિતિમાં જીવસ્થિતિત્વ રહેવા છતાં પુદ્ગલસ્થિતિત્વ નામનો ગુણધર્મ ન રહેવાથી 'एकसत्त्वेऽपि द्वयं नास्ति' ન્યાયથી ઉભયાભાવ રહી જશે. તેથી તેમાં વ્યભિચાર આવે છે. તથા પરમાણુ, દ્વયણુક વગેરેની સ્થિતિમાં પુદ્ગલસ્થિતિત્વ નામનો ગુણધર્મ રહેવા છતાં જીવસ્થિતિત્વ નામનો ગુણધર્મ ન રહેવાથી ત્યાં પણ તે જ રીતે વ્યભિચાર આવે છે. આમ જ્યાં જ્યાં અધર્માસ્તિકાયની કાર્યતા રહે છે ત્યાં ત્યાં જીવસ્થિતિત્વ અને પુદ્ગલસ્થિતિત્વ ઉભય અવશ્ય રહે જ - તેવો નિયમ ન હોવાથી ઉભયધર્મ ન્યૂનવૃત્તિ થવાથી અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક બની શકે તેવી કોઈ સંભાવના રહેતી નથી. તેથી જીવસ્થિતિત્વ અને પુદ્ગલસ્થિતિત્વ આ બન્નેને અધર્માસ્તિકાયના કાર્યતાઅવચ્છેદક માની શકાતા નથી.

શંકા :- અધર્માસ્તિકાયના બે વિલક્ષણ કાર્ય સ્વીકારી શકાય છે. જીવસ્થિતિ અને પુદ્ગલસ્થિતિ. તૃણારણિમણિ ન્યાયથી બન્ને કાર્યમાં વિલક્ષણકાર્યતા માની જીવસ્થિતિત્વઅવચ્છિન્ન કાર્યતા અને પુદ્ગલસ્થિતિત્વઅવચ્છિન્ન કાર્યતા અમે અલગ અલગ માનીએ છીએ. તેથી અધર્માસ્તિકાયના કોઈક કાર્યમાં પુદ્ગલસ્થિતિત્વ અને કોઈક કાર્યમાં જીવસ્થિતિત્વ નામનો ધર્મ માની શકાય છે. આ રીતે તૃણારણિમણિન્યાયથી કારણતા માનવાથી ન્યૂનવૃત્તિતા દોષ રવાના થઈ જશે.

❋ તૃણારણિમણિન્યાયથી કારણતા અસંગત ❋

સમાધાન :- (तृणारणि.) તમે તર્કશાસ્ત્રના સિદ્ધાંતોનો વ્યવસ્થિત અભ્યાસ નથી કર્યો. તેથી આડેધડ દલીલ કરે રાખો છો. સૌ પ્રથમ તૃણારણિમણિન્યાયનો અર્થ તમે સમજો. તૃણજન્યઅગ્નિ 'તાર્ણ' કહેવાય. અરણિજન્ય અગ્નિ 'આરણેય' કહેવાય. તથા સૂર્યકાન્તમણિજન્ય અગ્નિ 'માણેય' કહેવાય. આ ત્રણેય અગ્નિ પરસ્પર વિલક્ષણ છે. તેથી ત્રણ પ્રકારના કાર્ય-કારણભાવ ત્યાં સિદ્ધ થાય છે. જેમ કે તાર્ણ અગ્નિ પ્રત્યે તૃણ કારણ છે. આરણેય અગ્નિ પ્રત્યે અરણિ કારણ છે. તથા માણેય અગ્નિ પ્રત્યે મણિ કારણ છે. તે રીતે જીવસ્થિતિ અને પુદ્ગલસ્થિતિ આ બન્ને કાર્યને વિલક્ષણ માનીને જીવસ્થિતિત્વઅવચ્છિન્ન કાર્યતા તથા પુદ્ગલસ્થિતિત્વઅવચ્છિન્ન કાર્યતા આ બન્નેને વિલક્ષણ માનવામાં આવે તો જીવસ્થિતિત્વ

जन्यस्थितित्वस्यैव तत्त्वे लाघवम्।

इदञ्च नित्यत्वग्राहकनयानुगृहीतव्यवहारनयापेक्षया बोध्यम्, द्रव्यार्थिकस्य ध्रौव्यग्राहितया रत्नप्रभादिस्थितीनां तन्मते नित्यत्वमेव। अत एव ताः प्रति अधर्मास्तिकायस्य कारणत्वं व्यवहर्तुं न युज्यते। नित्यस्थितीनामधर्मास्तिकायकार्यताऽतिक्रान्तत्वेनाऽतिरिक्तवृत्तित्वदोषनिवारणकृते जन्यस्थितित्वस्य कार्यतावच्छेदकत्वं द्रव्यार्थिकानुगृहीतव्यवहारनयानुसारेण सङ्गच्छते एव।

पर्यायार्थिकनयाऽपेक्षया तु स्थितित्वमेवाऽधर्मास्तिकायकार्यताऽवच्छेदकम्, तन्मते रत्नप्रभापृथिव्यादिस्थितेरपि तत्तत्समयवैशिष्ट्यरूपेण उत्पाद-व्ययशालितया अनित्यत्वादेव। जन्यस्थितित्वस्य कार्यताऽवच्छेदकत्वे तु तन्मते अवच्छेदकशरीरगौरवं व्यर्थविशेषणघटितत्वञ्च प्रसज्येयाताम्।

અવચ્છિન્ન કાર્યતાનિરૂપિત કારણતાના આશ્રય તરીકે એક અધર્માસ્તિકાય દ્રવ્ય તથા પુદ્ગલસ્થિતિત્વાવચ્છિન્ન કાર્યતાથી નિરૂપિત કારણતાના આશ્રય તરીકે અન્ય અધર્માસ્તિકાય દ્રવ્ય. આમ બે અધર્માસ્તિકાય દ્રવ્યની કલ્પના કરવાની આપત્તિ આવશે. તેમાં તો અત્યંત ગૌરવ છે. તેના કરતાં અમે બતાવેલ છે તે રીતે જન્યસ્થિતિત્વઅવચ્છિન્ન કાર્યતાથી નિરૂપિત કારણતાના અવચ્છેદક તરીકે અધર્માસ્તિકાયત્વની સિદ્ધિ કરી તેના આશ્રય તરીકે એક અને નિત્ય એવા અધર્માસ્તિકાયદ્રવ્યની સિદ્ધિ કરવી એ જ વ્યાજબી છે. કારણ કે તેવું માનવામાં લાઘવ છે.

✻ જન્યસ્થિતિત્વ અધર્મકાર્યતાઅવચ્છેદક : વ્યવહારવિશેષની દૃષ્ટિએ ✻

(इद.) આ વાત નિત્યત્વગ્રાહકનયથી અનુગૃહીત વ્યવહારનયની દૃષ્ટિએ સમજવી. કારણ કે ધ્રૌવ્યાંશને મુખ્ય કરનાર નય તો રત્નપ્રભા વગેરે સાત પૃથ્વી, સિદ્ધશિલા, વૈમાનિક દેવલોકના વિમાન વગેરેની સ્થિતિને નિત્ય જ માને છે. તેથી જ તેના પ્રત્યે અધર્માસ્તિકાયને કારણ માનવાનો વ્યવહાર કરવાની જરૂર રહેતી નથી. નિત્યસ્થિતિ અધર્માસ્તિકાયના કાર્યક્ષેત્રની બહાર નીકળી જાય છે. તેથી ફક્ત સ્થિતિત્વને અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક માનવામાં આવે તો કાર્યતાથી અતિરિક્ત વૃત્તિત્વ નામનો દોષ લાગુ પડે. તેના નિવારણ માટે અહીં જન્યસ્થિતિત્વનો અધર્મદ્રવ્યના જન્યતાઅવચ્છેદક તરીકે જે નિર્દેશ નિત્યત્વગ્રાહકનયાનુગૃહીત વ્યવહારનયની દૃષ્ટિએ કરવામાં આવેલ છે તે સંગત જ છે.

✻ સ્થિતિત્વ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક : પર્યાયાર્થિકદૃષ્ટિએ ✻

(पर्या.) જ્યારે પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ તો સ્થિતિત્વ એ જ અધર્માસ્તિકાયનું કાર્યતાવચ્છેદક છે. કારણ કે તેના મતે રત્નપ્રભા વગેરે સાતેય પૃથ્વી વગેરેની સ્થિતિઓ પણ અનિત્ય જ છે. આનું કારણ એ છે કે તત્ તત્ સમયવૈશિષ્ટ્યરૂપે રત્નપ્રભાદિસ્થિતિઓના પણ ઉત્પાદ-વ્યય થાય જ છે. વર્તમાનસમયવિશિષ્ટત્વસ્વરૂપે રત્નપ્રભાસ્થિતિ ઉત્પન્ન થાય છે, અતીતસમયવિશિષ્ટત્વરૂપે તે નષ્ટ થાય છે. તેથી જન્યસ્થિતિત્વના બદલે સ્થિતિત્વ જ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક બનશે. જન્યસ્થિતિત્વને કાર્યતાઅવચ્છેદક માનવામાં અવચ્છેદકશરીરમાં ગૌરવ થશે તથા 'જન્યત્વ' નામનું સ્થિતિનું વિશેષણ પણ વ્યર્થ બનશે. કેમ કે પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ દરેક સ્થિતિ જન્ય જ છે.

शंका :- ઘટ-પટાદિ અસ્થિર દ્રવ્યોની સ્થિતિ તો અનિત્ય છે જ. જો પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ રત્નપ્રભા

घटादिस्थितिरत्नप्रभापृथिव्यादिस्थित्योरयन्तु विशेषो यदुत घटादिस्थितिः सान्तरा, रत्नप्रभादिस्थितिस्तु निरन्तरा। तदुभयानुगतस्थितित्वस्यैव अधर्मास्तिकायकार्यताऽवच्छेदकत्वं लाघवादिति पर्यायार्थिकमतं सूक्ष्ममीक्षणीयम्।

एतावता स्वयमेव स्थितिपरिणामपरिणतजीव-पुद्गलद्रव्ययोः स्थितिं प्रति एकमधर्मास्तिकायद्रव्यमुपष्टम्भककारणमिति सिद्धम्। तदुक्तं **स्थानाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "स्थितिपरिणामपरिणतानां स्थित्युपष्टम्भकः अधर्मास्तिकायो मत्स्यानामिव मेदिनी विवक्षया जलं वा" (स्था.सू.१/८ वृ.) इति।

વગેરે સાતેય સ્થિર પૃથ્વી વગેરેની સ્થિતિ પણ અનિત્ય હોય તો સ્થિર દ્રવ્યની અને અસ્થિર દ્રવ્યની સ્થિતિમાં ફરક શું પડશે ?

❀ सान्तर-निरन्तर स्थितिनी विचारणा ❀

समाधान :- (घटा.) ઘટાદિસ્થિતિ અને રત્નપ્રભાદિસ્થિતિ - આ બન્ને સ્થિતિઓ પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ અનિત્ય હોવા છતાં પણ બન્ને વચ્ચે તફાવત એ છે કે ઘટાદિની સ્થિતિ સાન્તર = અન્તરવાળી છે. તથા રત્નપ્રભા પૃથ્વી વગેરેની સ્થિતિ નિરંતર છે. આશય એ છે કે ઘટાદિ દ્રવ્યો ક્યારેક સ્થિર હોય, ક્યારેક ગતિ કરે. તેથી ઘટાદિદ્રવ્યોમાં ગતિ-સ્થિતિ-ગતિ-સ્થિતિ આવી દશા આવતી હોય છે. બે સ્થિતિની વચ્ચે ગતિ પણ આવતી હોય છે. જ્યારે રત્નપ્રભાપૃથ્વી વગેરે ક્યારેય ગતિ કરતી નથી. સતત સ્થિર જ હોય છે. તેથી પર્યાયાર્થિક દૃષ્ટિએ પ્રતિસમય રત્નપ્રભાદિની સ્થિતિ ઉત્પાદ-વ્યયવાળી હોવા છતાં નવી-નવી જે સ્થિતિઓ ઉત્પન્ન થાય છે તેની વચ્ચે ક્યાંય ગતિ ઉત્પન્ન થતી નથી. તેથી નૂતન-નૂતન સ્થિતિઓ વચ્ચે કોઈ આંતરું (=કાલિક અંતર) પડતું નથી. સતત-નિરંતર અભિનવ સ્થિતિઓ પ્રતિસમય ઉત્પન્ન થયે જ રાખે છે. તેથી રત્નપ્રભા વગેરેની સ્થિતિને નિરંતર સ્થિતિ કહેવાય. આ સાંતરસ્થિતિ અને નિરંતરસ્થિતિ પ્રત્યે અધર્માસ્તિકાય કારણ છે. તથા તે બન્ને સ્થિતિમાં રહેનાર સ્થિતિત્વ નામનો અનુગત ગુણધર્મ એ જ અધર્માસ્તિકાયનો કાર્યતાઅવચ્છેદક ધર્મ છે. કારણ કે જન્યસ્થિતિત્વ, સાન્તરસ્થિતિત્વ, નિરન્તરસ્થિતિત્વ વગેરેને કાર્યતાઅવચ્છેદક માનવા કરતાં સ્થિતિત્વને જ અધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક માનવામાં લાઘવ છે. આ પર્યાયાર્થિકનયનો મત છે. આ મન્તવ્યને સૂક્ષ્મ દૃષ્ટિએ ઊંડાણથી વિચારવું.

❀ अधर्मद्रव्य स्थितिनुं उपष्टंभक ❀

(एतावता.) આમ ઉપરોક્ત ચર્ચા દ્વારા ફલિત થાય છે કે પોતાની જાતે સ્થિતિપરિણામથી પરિણત થયેલા જીવ દ્રવ્યની અને પુદ્ગલ દ્રવ્યની સ્થિતિ પ્રત્યે એક અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય એ જ ઉપષ્ટંભક કારણ = અપેક્ષાકારણ છે. **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'સ્થિતિપરિણામથી પરિણત થયેલા દ્રવ્યોની સ્થિતિમાં ઉપષ્ટંભક કારણ અધર્માસ્તિકાય દ્રવ્ય છે. જેમ માછલાની સ્થિતિ માટે પૃથ્વી ઉપષ્ટંભક કારણ છે તેમ આ વાત જાણવી. અથવા તો એમ પણ કહી શકાય કે અમુક વિવક્ષાથી માછલાની સ્થિતિ પ્રત્યે જેમ જલ દ્રવ્ય કારણ છે - તેમ ઉપરોક્ત વાત સમજવી.

यथोक्तं **नन्दीसूत्रवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** "यः स्थितिपरिणामपरिणतयोः जीव-पुद्गलयोः एव स्थित्युपष्टम्भहेतुः, विवक्षया क्षितिरिव झषस्य, स खलु असङ्ख्येयप्रदेशात्मकोऽमूर्त्त एवाऽधर्मास्तिकायः" (न.सू.हा.वृ.पृ.५८) इति।

तद्व्युत्पत्त्यर्थप्रदर्शनाशयेन तु **श्रीहरिभद्रसूरिभिः अनुयोगद्वारसूत्रवृत्तौ** "जीव-पुद्गलानां स्वाभाविके क्रियावत्त्वे तत्स्वभावाऽधारणादधर्मः" (अ.द्वा.सू.१३२वृ.पृ.१८२) इत्युक्तम्।

दिगम्बरसम्प्रदायेऽप्येवमधर्मास्तिकायद्रव्यमङ्गीक्रियते। तथाहि - **भावसङ्ग्रहे** [1]"ठिदिकारणं अधम्मो विसामठाणं च होइ जह छाया। पहियाणं रुक्खस्स व गच्छंतं णेव सो धरेइ।।" (भा.स.३०७) इत्युक्तम्। यथोक्तं **बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्रेण** अपि [2]"ठाणजुदाण अधम्मो पुग्गल-जीवाण ठाणसहयारी। छाया जह पहियाणं गच्छंता णेव सो धरेइ।।" (बृ.द्र.स.१८) इति।

❯ नंदीसूत्रवृत्तिसंवाद ❮

(**यथो.**) **नंदीसूत्र**नी वृत्तिमां श्रीहरिभद्रसूरिजी महाराजे पण जणावेल छे के 'जेम अमुक विवक्षाथी पृथ्वी माछलानी स्थिति = स्थिरता प्रत्ये उपष्टंभक = सहायक छे तेम स्थितिपरिणामथी परिणत थयेला जीव अने पुद्गल द्रव्यनी ज स्थिति प्रत्ये जे द्रव्य उपष्टंभक कारण = अपेक्षाकारण छे ते अधर्मास्तिकाय द्रव्य छे. ते अधर्मास्तिकाय असंख्यप्रदेशात्मक अमूर्त्त ज द्रव्य जाणवुं.'

❋ 'अधर्मास्तिकाय' शब्दनी व्युत्पत्ति ❋

(**तद्.**) अधर्मास्तिकाय शब्दनी व्युत्पत्तिनो अर्थ देखाडवाना आशयथी तो **श्रीहरिभद्रसूरि** महाराजे **अनुयोगद्वारसूत्र**नी **व्याख्या**मां जणावेल छे के 'जीव अने पुद्गल ज्यारे स्वाभाविक रीते क्रियावाळा थया होय त्यारे जीव-पुद्गलना आ स्वभावने धारण न करवाथी, सहाय न करवाथी बीजा द्रव्यनुं नाम अधर्मास्तिकाय छे.'

स्पष्टता :- अधर्मास्तिकाय द्रव्य स्थितिमां सहायक छे. तेथी गतिस्वभावने अनुकूळ अधर्मास्तिकाय न बने. जीव अने पुद्गल द्रव्यना गतिस्वभावने धारण = सहाय करे ते धर्म = धर्मास्तिकाय. तेनाथी विपरीत होय ते अधर्मास्तिकाय - आ प्रमाणे श्रीहरिभद्रसूरि महाराजनुं तात्पर्य छे.

❋ अधर्मास्तिकाय : दिगंबर संप्रदायमां ❋

(**दिगम्बर.**) दिगंबर संप्रदायमां पण आ ज रीते अधर्मास्तिकाय द्रव्य स्थितिसहायकारी तरीके स्वीकारवामां आवे छे. ते आ रीते - **भावसंग्रह** ग्रंथमां जणावेल छे के 'जे स्थितिकारण छे ते अधर्मास्तिकाय छे. ते विश्रामनुं पण स्थान थाय छे. जेम वृक्षनी छाया मुसाफरोने विश्रामनुं स्थान बने छे. तेम आ वात समजवी. जेम जता एवा मुसाफरने वृक्षनी छाया पकडी राखती नथी तेम जता एवा जीवादि द्रव्यने अधर्मास्तिकाय द्रव्य पकडी राखतुं नथी.' **नेमिचंद्र** नामना दिगंबर आचार्यए पण **बृहद्द्रव्यसंग्रह** ग्रंथमां जणावेल छे के "स्थिति नामना गुणधर्मथी युक्त एवा पुद्गल अने जीव द्रव्यने स्थिरता करवामां

1. स्थितिकारणम् अधर्मः विश्रामस्थानं च भवति यथा छाया। पथिकानां वृक्षस्य इव गच्छन्तं नैव सः धारयति।
2. स्थानयुक्तानाम् अधर्मः पुद्गल-जीवानां स्थानसहकारी। छाया यथा पथिकानां गच्छतो नैव सः धारयति।

उत्तराध्ययनबृहद्वृत्तौ शान्तिसूरिभिः तु "यद् यत् कार्यं तत् तद् अपेक्षाकारणवद्, यथा घटादि। कार्यं चाऽसौ स्थितिः। यच्च तदपेक्षाकारणं तद् अधर्मास्तिकायः" (उत्त.सू.२८/९ वृ.) इत्येवमत्रानुमानप्रमाणमावेदितम्।

एतेन [1]"अहम्मत्थिकाए णं जीवाण किं पवत्तति ? गोयमा ! अहम्मत्थिकाए णं ठाण-निसीयण-तुयट्टण मणस्स य एगत्तीभावकरणता जे यावन्ने० थिरा भावा सव्वे ते अहम्मत्थिकाये पवत्तंति, ठाणलक्खणे णं अहम्मत्थिकाए" (भ.सू.श.१३/उ.४/सू.४८१) इति **भगवतीसूत्र**वचनमपि ***व्याख्यातम्।*** "कायोत्सर्गाऽऽसन-शयनानि... तथा मनसश्चानेकत्वस्य एकत्वस्य भवनम् = एकीभावः, तस्य यत् करणं तत् तथा" (भ.सू.१३/४/४८१ वृ.) इति **तद्व्याख्यायां श्रीअभयदेवसूरयः**।

अधर्मास्तिकायस्वरूपज्ञ **भगवत्याम्** [2]"अहम्मत्थिकाए णं भंते ! कतिवन्ने, कतिगंधे, कतिरसे, कतिफासे ?

સહાય કરનાર અધર્માસ્તિકાય દ્રવ્ય છે. જેમ વૃક્ષની છાયા મુસાફરોને સ્થિરતા કરવામાં સહકારી છે તેમ આ વાત જાણવી. પરંતુ વૃક્ષની છાયા જતા એવા મુસાફરને પકડી પરાણે સ્થિતિ કરાવતી નથી. તેમ જતા એવા જીવાદિ દ્રવ્યોને અધર્માસ્તિકાય દ્રવ્ય બળાત્કારે પકડી રાખતું નથી."

❁ अधर्मास्तिकायसिद्धि : शांतिसूरिजीना मते ❁

(उत्तराध्ययन.) શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાય મુજબ આગમપ્રમાણથી અધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ અત્યાર સુધી કરવામાં આવી છે. યુક્તિથી પણ આગમિક ટીકાકારોએ અધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ કરી છે. તે આ રીતે - **उत्तराध्ययनसूत्र**ની **बृहद्वृत्ति**માં **श्रीशांतिसूरिजी** મહારાજે જણાવેલ છે કે 'જે જે કાર્ય હોય છે તે તે અપેક્ષાકારણને સાપેક્ષ હોય છે. જેમ કે ઘટ વગેરે કાર્ય દંડાદિ અપેક્ષાકારણને સાપેક્ષ છે. જીવની અને પુદ્ગલની સ્થિતિ પણ કાર્ય જ છે. તેથી તેનું પણ જરૂર કોઈક અપેક્ષાકારણ હોવું જોઈએ. જીવની અને પુદ્ગલની સ્થિતિનું જે અપેક્ષાકારણ છે તેનું નામ અધર્માસ્તિકાય છે.'

❁ मननी स्थिरतामां पण अधर्मास्तिकाय सहायक : भगवतीसूत्र ❁

(एतेन.) **भगवतीसूत्र**માં પ્રશ્નોત્તરી રૂપે અધર્માસ્તિકાયનું કાર્ય નીચે મુજબ બતાવેલ છે.

प्रश्न :- "હે ભગવંત ! અધર્માસ્તિકાય હોય તો જીવોની કઈ પ્રવૃત્તિ થાય છે ?"

उत्तर :- "હે ગૌતમ ! જીવોની ઉભા રહેવાની ક્રિયા, બેસવાની ક્રિયા, સૂવાની ક્રિયા અને મનની એકાગ્રતા - આમ જે જે સ્થિર ભાવો છે, તે તમામે તમામ અધર્માસ્તિકાય હોય તો પ્રવર્તે છે. અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિતિ છે." **भगवतीसूत्रव्याख्या**માં **श्रीअभयदेवसूरि** મહારાજે જણાવેલ છે કે 'કાયોત્સર્ગ, આસન, શયન તથા અનેકાગ્ર મનને એકાગ્ર કરવું તે અધર્માસ્તિકાયનું કાર્ય છે.'

✡ अधर्मास्तिकायनी पांच प्रकारे प्ररूपणा ✡

(अधर्मा.) **भगवतीसूत्र**માં અધર્માસ્તિકાયનું સ્વરૂપ પ્રશ્નોત્તરીરૂપે નીચે મુજબ જણાવેલ છે.

---

1. अधर्मास्तिकाये (सति) णं जीवानां किं प्रवर्तते ? गौतम ! अधर्मास्तिकाये (सति) णं जीवानां स्थान-निषीदन-त्वग्वर्तनानि मनसः च एकत्वीभावकरणता ये चाप्यन्ये... स्थिराः भावाः सर्वे ते अधर्मास्तिकाये(सति) प्रवर्तन्ते। स्थानलक्षणः अधर्मास्तिकायः।
2. अधर्मास्तिकायो णं भदन्त ! कतिवर्णः, कतिगन्धः, कतिरसः, कतिस्पर्शः ?

(**सविसाधारण गति-थितिहेतुता दोई द्रव्यनो धर्म** =) ▸गति-स्थितिपरिणत सकल द्रव्यनुं जे એક એક द्रव्य लाघवई कारण सिद्ध होई, तेह એ २ द्रव्य जाणवां. तेणई करी ऊर्ध्वादिगत्यपेक्षाकारण जलादि द्रव्यनई विषई धर्मास्तिकायादि द्रव्यलक्षणनी अतिव्याप्ति न होई.◂ ॥१०/५॥

[1]गोयमा ! अवण्णे, अगंधे, अरसे, अफासे, अरूवे, अजीवे, सासए, अवट्ठिए, लोगदव्वे। से समासओ पंचविहे पन्नत्ते, तं जहा – दव्वओ, खेत्तओ, कालओ, भावओ, गुणओ। (१) दव्वओ णं अहम्मत्थिकाए एगे दव्वे। (२) खेत्तओ णं लोगप्पमाणमेत्ते। (३) कालओ न कयावि न आसि, न कयाइ नत्थि जाव निच्चे। (४) भावओ अवण्णे, अगंधे, अरसे, अफासे। (५) गुणओ ठाणगुणे" (भ.सू.श.२-उ.१०-सू.११८, पृ.१४७) इत्थमुक्तम्। गुणपदमत्र कार्यपरं ज्ञेयम्।

यथा **गतेः** = गतित्वावच्छिन्नायाः **सामान्यहेतुत्वम्** = अनुगतनिमित्तकारणत्वं **धर्मे** = धर्मास्तिकायद्रव्ये **तथा स्थितेः** = जन्यस्थितित्वावच्छिन्नायाः पूर्वोक्तव्यवहारनयतः स्थितित्वावच्छिन्नायाः वा ऋजुसूत्रनयतः **सामान्यहेतुत्वं** = अनुगताऽपेक्षाकारणत्वम् **अधर्मे** = अधर्मास्तिकायद्रव्ये सिध्यति। ***एतेन*** मीनादि-गत्यपेक्षाकारणे जलादिद्रव्ये धर्मास्तिकायद्रव्यलक्षणाऽतिव्याप्तिः ***प्रत्यस्ता,*** जलादेः मीनादिगत्यपेक्षा-

प्रश्न :- 'हे भगवंत ! अधर्मास्तिकायने केटला वर्ण छे ? केटली गंध छे ? केटला रस छे ? तथा केटला स्पर्श छे ?'

उत्तर :- 'हे गौतम ! अधर्मास्तिकाय द्रव्य वर्णशून्य, गंधशून्य, रसशून्य, स्पर्शशून्य, अरूपी, अजीव, शाश्वत, अवस्थित लोकप्रमाण द्रव्य छे. संक्षेपथी अधर्मास्तिकाय द्रव्य पांच प्रकारे दर्शावायेल छे. ते आ रीते - द्रव्यथी, क्षेत्रथी, कालथी, भावथी अने गुणथी. (१) द्रव्यथी अधर्मास्तिकाय એક द्रव्य छे. (२) क्षेत्रथी अधर्मास्तिकाय चौद राजलोक प्रमाण छे. (३) काळनी अपेक्षाએ क्यारेय पण अधर्मास्तिकाय न हतुं तेवुं नथी. तथा अधर्मास्तिकाय वर्तमानमां नथी के भविष्यमां नहि होय तेवुं पण नथी. मतलब के अधर्मास्तिकाय काळनी अपेक्षाએ नित्य द्रव्य छे. (४) भावनी अपेक्षाએ अधर्मास्तिकाय वर्णशून्य, गंधशून्य, रसशून्य अने स्पर्शशून्य छे. (५) गुणनी = कार्यनी अपेक्षाએ अधर्मास्तिकायद्रव्य स्थितिकार्यवाळुं छे.'

❖ पाणी वगेरेमां धर्मास्तिकायलक्षणनी अतिव्याप्तिनुं निराकरण ❖

(यथा.) जेम धर्मास्तिकाय द्रव्यमां तमाम गति प्रत्ये अनुगत निमित्तकारणता रहे छे तेम अधर्मास्तिकाय द्रव्यमां नित्यत्वग्राहक नयथी अनुगृहीत એवा व्यवहारनयथी तमाम जन्यस्थिति प्रत्ये अथवा ऋजुसूत्रनयथी सर्व स्थिति प्रत्ये अनुगत निमित्तकारणता सिद्ध थाय छे. आथी कोईने એवी शंका थाय के 'माछली, मगर वगेरे जलचर प्राणीनी गतिमां अपेक्षा कारण बननार जलमां धर्मास्तिकायना लक्षणनी अतिव्याप्ति आवशे. कारण के तेमां पण गतिनी अपेक्षाकारणता रहेली छे ज' - तो आ शंकानुं निराकरण थई

1. गौतम ! अवर्णः, अगन्धः, अरसः, अस्पर्शः, अरूपः, अजीवः, शाश्वतः, अवस्थितः, लोकद्रव्यम्। अथ समासतः पञ्चविधः प्रज्ञप्तः, तद् यथा – द्रव्यतः, क्षेत्रतः, कालतः, भावतः, गुणतः। द्रव्यतः अधर्मास्तिकायः एकं द्रव्यम्। क्षेत्रतः लोकप्रमाणमात्रः। कालतः न कदापि न आसीत्, न कदापि नास्ति... यावद् नित्यः। भावतः अवर्णः, अगन्धः, अरसः, अस्पर्शः। गुणतः स्थानगुणः। ▸...◂ चिह्नद्वयमध्यवर्ती पाठ को.(१२)मां नथी.

कारणत्वेऽपि गतित्वाऽवच्छिन्नापेक्षाकारणत्वाऽभावात्, गतित्वावच्छिन्ननिरूपितापेक्षाकारणत्वस्य च धर्मास्तिकायद्रव्यलक्षणत्वात्।

एवमेव क्षित्यादौ अधर्मास्तिकायलक्षणाऽतिव्याप्तिः वारणीया, जन्यस्थितित्वाऽवच्छिन्नापेक्षाकारणत्वस्य तल्लक्षणस्य तत्राऽभावात्, क्षित्यादिकं विनैव सिद्धादिस्थितेरुपलम्भादिति।

प्रकृते "ये गति-स्थिती जीवानां पुद्गलानां च ते स्वतः परिणामाऽऽविर्भावात् परिणामि-कर्तृ-निमित्तकारणत्रयव्यतिरिक्तोदासीनकारणान्तरसापेक्षाऽऽत्मलाभे, अस्वाभाविकपर्यायत्वे सति कदाचिद् भावात्, उदासीनकारणपानीयाऽपेक्षात्मलाभझषगतिवद्" (त.सू.५/१७ सि.वृ.) इति **तत्त्वार्थसिद्धसेनीयवृत्ति**दर्शिता-

---

જાય છે. કારણ કે પાણી માછલાની ગતિ પ્રત્યે અપેક્ષાકારણ હોવા છતાં પણ ગતિત્વાવચ્છિન્ન = ગતિસામાન્ય = સર્વ ગતિ પ્રત્યે જળ વગેરે દ્રવ્ય અપેક્ષાકારણ બની શકતા નથી. જમીન ઉપર ચાલતા માણસ, વાહન વગેરેની ગતિ પ્રત્યે પાણી અપેક્ષાકારણ નથી જ બનતું ને ! તેથી ગતિત્વઅવચ્છિન્નથી = ગતિસામાન્યથી નિરૂપિત અપેક્ષાકારણતાના આશ્રય તરીકે તો ધર્માસ્તિકાયને જ માનવું પડશે. તેથી ધર્માસ્તિકાય દ્રવ્યનું લક્ષણ માત્ર ગતિઅપેક્ષાકારણતા નથી. પરંતુ સર્વગતિઅપેક્ષાકારણતા = ગતિસામાન્યનિરૂપિત અપેક્ષાકારણત્વ છે. તે તો પાણી વગેરેમાં નથી રહેતું. તેથી પાણી વગેરેમાં ધર્માસ્તિકાય દ્રવ્યના લક્ષણની અતિવ્યાપ્તિને અવકાશ રહેતો નથી.

❋ પૃથ્વી અધર્મદ્રવ્યાત્મક નથી ❋

(**एवमेव.**) આ જ રીતે પૃથ્વી વગેરેમાં અધર્માસ્તિકાયના લક્ષણની અતિવ્યાપ્તિનું પણ નિવારણ કરી દેવું. કારણ કે સ્થિતિ પ્રત્યે અપેક્ષાકારણતા એ અધર્માસ્તિકાયનું લક્ષણ નથી. પરંતુ જન્યસ્થિતિસામાન્ય પ્રત્યે અપેક્ષાકારણત્વ તેનું લક્ષણ છે. તથા જમીન વગેરે દ્રવ્ય તો તમામ જન્યસ્થિતિ પ્રત્યે તો અપેક્ષાકારણ બનતા નથી જ. સિદ્ધ ભગવંતો, આકાશમાં સ્થિર રહેલા પરમાણુ, દ્વ્યણુક આદિ દ્રવ્યોની સ્થિતિ પ્રત્યે જમીન અપેક્ષાકારણ બનતી નથી. તેથી તમામ જન્યસ્થિતિ પ્રત્યે અપેક્ષાકારણતા પૃથ્વી વગેરેમાં ન રહેવાથી તેમાં અધર્માસ્તિકાય દ્રવ્યના લક્ષણની અતિવ્યાપ્તિને કોઈ અવકાશ રહેતો નથી.

❋ ધર્માધર્મદ્રવ્યસાધક અન્ય અનુમાન ❋

(**प्रकृ.**) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ માટે **શ્રીસિદ્ધસેનગણિવરે તત્ત્વાર્થભાષ્યવૃત્તિ**માં એક નવો અનુમાનપ્રયોગ જણાવેલ છે. તે નીચે મુજબ છે. "જીવોની અને પુદ્ગલોની જે ગતિ અને સ્થિતિ છે તે સ્વતઃ પરિણામથી પ્રગટ થતી હોય છે. (૧) પરિણામિકારણ, (૨) કર્તૃકારણ અને (૩) સક્રિય નિમિત્તકારણ - આ ત્રણ કારણથી ભિન્ન ચોથા નંબરના ઉદાસીનકારણને સાપેક્ષ રહીને ઉપરોક્ત ગતિ-સ્થિતિની નિષ્પત્તિ થાય છે. કારણ કે તે ગતિ-સ્થિતિ સ્વાભાવિક પર્યાય નથી અને તે ક્યારેક જ હાજર હોય છે. જે-જે પર્યાય સ્વાભાવિક ન હોય અને કાદાચિત્ક હોય તેની નિષ્પત્તિ ઉદાસીનકારણને સાપેક્ષ રહીને જ થાય છે. જેમ કે માછલાની ગતિસ્વરૂપ પર્યાય અસ્વાભાવિક અને કાદાચિત્ક હોવાથી પાણીસ્વરૂપ ઉદાસીનકારણને સાપેક્ષ રહીને જ તેની ઉત્પત્તિ થાય છે. વિશ્વમાં જીવ-પુદ્ગલની જે ગતિ અને સ્થિતિ છે, તે પણ અસ્વાભાવિક અને કાદાચિત્ક પર્યાય છે. તેથી તે પણ કોઈક ઉદાસીનકારણને

नुमानप्रयोगाद् अपि धर्माऽधर्मद्रव्यसिद्धिः कार्या तर्करसिकैः।

एतेन [1]"गमणणिमित्तं धम्ममधम्मं ठिदि जीव-पुग्गलाणं च। अवगहणं आयासं जीवादिसव्वदव्वाणं।।" (नि.सा.३०) इति **नियमसार**वचनमपि ***व्याख्यातम्।***

अथाऽदृष्टस्य कार्यमात्रहेतुत्वाद् अदृष्टहेतुके गति-स्थिती इति ***चेत्*** ?

न, पुद्गलेषु अभावात्।

यस्योपकारस्तादर्थ्या क्रियाप्रवृत्तिरिति जीवाऽदृष्टद्वारा पुद्गलगत्याद्युपपत्तेरिति ***चेत्*** ?

सापेक्ष रहीने ज उत्पन्न थाय." आ रीते पण गतिसामान्यना उदासीनकारण तरीके धर्मास्तिकायनी अने स्थितिसामान्यना उदासीनकारण तरीके अधर्मास्तिकायनी सिद्धि तार्किक पुरुषोए करवी.

✹ 'नियमसार' ग्रन्थनुं स्पष्टीकरण ✹

(एतेन.) नियमसार ग्रंथमां **कुंदकुंदस्वामी**ए जे जणावेल छे के 'जीवनी अने पुद्गलोनी गतिनुं निमित्तकारण धर्मद्रव्य छे, स्थितिनुं निमित्तकारण अधर्मद्रव्य छे. तथा जीवादि सर्व द्रव्योना अवगाहनुं निमित्तकारण आकाश छे' - तेनुं पण स्पष्टीकरण उपरोक्त चर्चा द्वारा थई जाय छे. त्यां जे निमित्तकारण लखेल छे तेनो अर्थ 'निमित्तकारणसामान्य' करवानो. 'स्थिति' शब्दनो अर्थ 'जन्यस्थिति' करवानो. आथी पाणी वगेरेमां धर्मास्तिकाय वगेरेनी अतिव्याप्ति वगेरे दोषने अवकाश नहि रहे.

नैयायिक :- **(अथा.)** अदृष्ट = पुण्य-पाप कर्म तमाम कार्यनो हेतु छे. तेथी जीवादि द्रव्योनी गतिनुं अने स्थितिनुं पण कारण कर्म ज बनशे. तेना माटे धर्मास्तिकाय अने अधर्मास्तिकाय नामना बे द्रव्यनी कल्पना करवानी जरूर नथी. अदृष्ट द्वारा ज धर्मास्तिकाय आदि बन्ने द्रव्य अन्यथासिद्ध थई जाय छे.

❯ तमाम गति-स्थिति कर्मजन्य नथी ❮

जैन :- **(न.)** ना, तमारी आ दलील व्याजबी नथी. आनुं कारण ए छे के गति अने स्थिति - आ बे क्रिया मात्र जीवमां ज उपलब्ध थाय छे - तेवुं नथी. जीवनी जेम परमाणु, द्व्यणुक वगेरे पुद्गल द्रव्यो पण गति तथा स्थिति करे छे. तथा पुद्गलमां तो पुण्य कर्म के पाप कर्म = अदृष्ट गेरहाजर छे. तेथी पुद्गलनी गति अने स्थिति प्रत्ये अदृष्टमां अपेक्षाकारणता व्यतिरेक व्यभिचारथी दूषित बनशे. आम जीवनी अने पुद्गलनी गति अने स्थिति प्रत्ये धर्मास्तिकाय अने अधर्मास्तिकाय द्रव्यनी कल्पना करवी जरूरी छे.

नैयायिक :- **(यस्यो.)** तमारी वात साची छे के परमाणु आदि पुद्गल द्रव्यमां अदृष्ट होतुं नथी. परंतु परमाणु वगेरे पुद्गल द्रव्य पण कोईक जीव उपर उपकार करवा माटे ज गति के स्थिति करशे ने ! तेथी परमाणु वगेरे पुद्गलद्रव्यनी गति-स्थिति जे जीव उपर उपकार करशे ते जीवना अदृष्ट द्वारा परमाणु वगेरे पुद्गलमां गति-स्थिति उत्पन्न थशे. तेथी गति अने स्थिति प्रत्ये अदृष्टनी अपेक्षाकारणतासामान्य व्यतिरेकव्यभिचारग्रस्त बनती नथी. आथी जीवनी अने पुद्गलनी गति-स्थिति माटे धर्म-अधर्मद्रव्यद्वयनी कल्पना अनावश्यक छे.

---

1. गमननिमित्तो धर्मोऽधर्मः स्थितेः जीव-पुद्गलानां च। अवगाहनस्याऽऽकाशं जीवादिसर्वद्रव्याणाम्।।

न, "कर्तृत्वं परभावानामसौ नाऽभ्युपगच्छति। क्रियाद्वयं हि नैकस्य द्रव्यस्याऽभिमतं जिनैः।।" (अ.सा. १८/९८) इति **अध्यात्मसार**नुसारेण निश्चयतः अन्यधर्मस्य अन्यत्र क्रियारम्भे सामर्थ्याऽभावात्,

सिद्धगत्यादौ व्यभिचाराच्च। यदाह – "सिद्धानां पुण्याऽपुण्याऽत्ययेऽपि गति-स्थितिदर्शनाद्" (त.सू.५/१७/रा.वा.३७-४०) इति **तत्त्वार्थराजवार्तिके अकलङ्काचार्यः**।

पुण्यादिकर्मविरहेऽपि निःसङ्गतादिना सिद्धगतेः अभ्युपगमो नो मते, [1]"कहं णं भंते ! अकम्मस्स गती पन्नायति ? गोयमा ! (१) निस्संगयाए, (२) निरंगणाए, (३) गतिपरिणामेणं, (४)

❋ એક વસ્તુનો ગુણધર્મ અન્યત્ર કાર્યજનક ❋

જૈન :- (**न.**) ના, તમારી આ વાત બરાબર નથી. કારણ કે **અધ્યાત્મસાર**માં જણાવેલ છે કે "નિશ્ચયનય (ઋજુસૂત્રનય) પરભાવોનું કર્તૃત્વ માનતો નથી. કારણ કે એક દ્રવ્ય બે ઠેકાણે ક્રિયાને ન કરે - તેવું જિનેશ્વરોને માન્ય છે." તે મુજબ નિશ્ચયથી જે વ્યક્તિ પાસે અદૃષ્ટ વગેરે જે ગુણધર્મ રહેલ હોય તે ગુણધર્મ તે જ વ્યક્તિમાં કોઈક ક્રિયા વગેરે ઉત્પન્ન કરવા માટે સમર્થ છે. એક જીવમાં રહેલ પુણ્યાદિ કર્મ બીજી વ્યક્તિમાં ક્રિયાને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવતું નથી. બાકી તો 'એકના પાપથી બધા જીવો નરકમાં જાય અથવા એક જીવના પુણ્યથી બધા જીવ સ્વર્ગમાં જાય'.... ઈત્યાદિ કલ્પનાને પણ રોકી નહિ શકાય. તેથી 'આત્મામાં રહેલ પુણ્યાદિ અદૃષ્ટ દ્વારા પુદ્ગલમાં ગતિ-સ્થિતિ ઉત્પન્ન થાય છે' - આવી નૈયાયિકની કલ્પના વ્યાજબી નથી.

❋ सिद्धगति-स्थितिविचार ❋

(**सिद्ध.**) વળી, 'પુણ્ય-પાપસ્વરૂપ અદૃષ્ટ જ તમામ ગતિ-સ્થિતિ પ્રત્યે કારણ છે' - એવું માનવામાં આવે તો જે સાધક તમામ પુણ્ય-પાપ કર્મનો ક્ષય કરીને મોક્ષમાં જાય છે અને ત્યાં સાદિ-અનંત કાળ માટે સ્થિતિ કરે છે તે જીવની ગતિમાં અને સ્થિતિમાં અદૃષ્ટગત અપેક્ષાકારણતાસામાન્ય પુનઃ વ્યતિરેકવ્યભિચારગ્રસ્ત બનશે. કારણ કે "સિદ્ધ ભગવંત તો તમામ પુણ્ય કર્મથી અને પાપ કર્મથી રહિત છે. તેમ છતાં સિદ્ધગતિ-સ્થિતિસ્વરૂપ કાર્ય, તમે માનેલ કારણ વિના, ઉત્પન્ન થવાથી વ્યતિરેક વ્યભિચાર સ્પષ્ટ છે. 'સંસારી જીવના અદૃષ્ટથી સિદ્ધોની ગતિ-સ્થિતિ ઉત્પન્ન થાય છે' - તેવી કલ્પના તો કરી જ શકાતી નથી. બાકી તો સિદ્ધ ભગવંત સતત ગતિ કર્યા જ કરશે. આમ 'જીવની અને પુદ્ગલની ગતિ અને સ્થિતિ માટે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યની કલ્પના આવશ્યક જ છે' - તેવું સિદ્ધ થાય છે." આ પ્રમાણે **तत्त्वार्थराजवार्तिक** ગ્રંથમાં દિગંબરાચાર્ય **અકલંકસ્વામી**એ જણાવેલ છે.

❋ सिद्धगतिना छ कारणो ❋

(**पुण्यादि.**) સિદ્ધ ભગવંતોમાં પુણ્ય-પાપ કર્મ ન હોવા છતાં નિઃસંગતા વગેરેના નિમિત્તે સિદ્ધની ગતિ અમારા મતમાં સ્વીકારવામાં આવે છે. કારણ કે **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરરૂપે જણાવેલ છે કે :-

પ્રશ્ન :- 'હે ભગવંત ! કર્મશૂન્ય જીવની ગતિ કયા કારણે બતાવેલી છે ?'

1. कथं णं भदन्त ! अकर्म्मणः गतिः प्रज्ञायते ? गौतम ! [1]निःसङ्गतया, [2]निरङ्गनतया, [3]गतिपरिणामेन, [4]बन्धनछेदनतया, [5]निरिन्धनतया, [6]पूर्वप्रयोगेण अकर्म्मणः गतिः प्रज्ञायते।

बंधणछेयणयाए, (५) निरिंधणयाए, (६) पुव्वपओगेणं अकम्मस्स गती पन्नायति" (भ.सू.७/१/प्रश्न-११) इति **भगवतीसूत्र**वचनात्। तदुक्तं **तत्त्वार्थसूत्रे**ऽपि "पूर्वप्रयोगात्, असङ्गत्वात्, बन्धच्छेदात्, तथागतिपरिणामाच्च तद्गतिः" (त.सू.१०/६) इति।

न च ऊर्ध्वगतिपरिणाम एव कर्मरहितस्याऽसिद्ध इति ***शङ्कनीयम्***,

यतः "यथा हि समस्तकर्मक्षयाद् अपूर्वं सिद्धत्वपरिणामं जीवः समासादयति तथा ऊर्ध्वगतिपरिणाममपि" (वि.आ.भा.१८४४ म.वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** व्यक्तम्।

यथोक्तम् **आवश्यकनिर्युक्तौ** पूर्वप्रयोगादिहेतुकसिद्धगतिसमर्थनकृते सोदाहरणं [1]"लाउअ एरंडफले अग्गी धूमे उसू धणुविमुक्के। गइ पुव्वपओगेणं एवं सिद्धाणवि गईओ।।" (आ.नि.९५७) इति। स्थितिपरिणामाच्च तेषां स्थितिः। तत्र च तयोरेवापेक्षाकारणत्वमिति लाघवात्सिद्धम्।

न चोर्ध्वाऽधःप्रभृतिगतिषु तत्तद्गतिपरिणतद्रव्याणामेव अपेक्षाकारणतास्त्विति ***शङ्कनीयम्***,

---

उत्तर :- 'हे गौतम ! (१) निःसंगताना लीधे, (२) निरंजनपणाना (= नीरागताना) लीधे, (३) गतिपरिणामथी, (४) बंधननो छेद थवाथी, (५) निरिंधनपणाथी (= कर्मरूपी ईंधनथी छूटवाना लीधे) अने (६) पूर्वप्रयोगथी कर्मरहित जीवनी गति बतावेली छे.' तेथी ज **तत्त्वार्थसूत्र**मां श्रीउमास्वातिजी महाराजे पण जणावेल छे के '(१) पूर्व प्रयोगथी, (२) असंगपणाथी, (३) कर्मादि बंधनोनो विच्छेद थवाथी तेमज (४) तथाविध गतिपरिणामथी सिद्ध भगवंतोनी गति थाय छे.'

जिज्ञासा :- (न च.) कर्मरहित एवा सिद्ध भगवंतमां ऊर्ध्वगतिपरिणाम ज अमारी समजणमां आवतो नथी. अमारा मते सौप्रथम ते ज असिद्ध छे.

❋ कर्मक्षयनिमित्ते सिद्धमां ऊर्ध्वगतिपरिणाम ❋

समाधान :- (यतः.) तमारी जिज्ञासाना समाधान माटे **विशेषावश्यकभाष्यमलधारव्याख्या**मां जणावेल छे के 'जेम समस्त कर्मना क्षयथी अपूर्व सिद्धत्वपरिणामने जीव प्राप्त करे छे, तेम सर्वकर्मनाशथी ऊर्ध्वगतिपरिणामने पण मेळवे छे.'

✡ सिद्धगति माटे उदाहरणप्रदर्शन ✡

(यथो.) **आवश्यकनिर्युक्ति** ग्रंथमां श्रीभद्रबाहुस्वामीजीए 'पूर्वप्रयोग' नामना हेतुथी सिद्धगतिनुं समर्थन करवा माटे जणावेल छे के "(१) तुंबडुं, (२) एरंडियानुं फळ, (३) अग्नि, (४) धूमाडो, (५) धनुष्यमांथी छूटेल बाण - आ पांथेयनी गतिनी जेम सिद्ध भगवंतोनी पण पूर्वप्रयोगथी गति प्रवर्ते छे." पांचेय उदाहरण स्पष्ट ज छे. ते ज रीते स्थिति परिणामना लीधे सिद्ध भगवंतोनी सिद्धशिलानी उपर लोकाग्रभागे सादि-अनंत काळ सुधी स्थिरता रहे छे. तथा ते गति अने स्थिति प्रत्ये क्रमशः धर्मास्तिकाय अने अधर्मास्तिकाय द्रव्य कारण छे - आवुं लाघव प्रमाणथी सिद्ध थाय छे.

(न चो.) 'उपर-नीचे जुदी जुदी गति वगेरे प्रत्ये ते ते गतिपरिणत द्रव्यो ज फक्त अपेक्षाकारण छे' - एवुं मानवामां आवे तो तत् तत् गतिपरिणतत्वने कारणताअवच्छेदक धर्म तरीके मान्य करवाथी

---

1. अलाबुः एरण्डफलम् अग्निः धूम इषुः धनुर्विमुक्तः। गतिः पूर्वप्रयोगेण एवं सिद्धानामपि गतयः।।

तत्तद्गतिपरिणतत्वस्य कारणतावच्छेदकत्वे गौरवात्, तस्य सखण्डत्वात्।

घटत्व-पटत्वादिना तत्तद्गतिपरिणतद्रव्याणां कारणत्वे तु अननुगमेन महागौरवम्।

वस्तुतस्तु गतिपरिणतद्रव्याणां गतिं प्रति नाऽपेक्षाकारणत्वम्, अपि तूपादानकारणत्वमेवेति ध्येयम्।

तिर्यग्गतित्वोर्ध्वगतित्वादीनां नीलघटत्ववद् अर्थसमाजसिद्धत्वेन कार्यतानवच्छेदकत्वात्। धर्मास्तिकायकार्यतावच्छेदकता तु तिर्यगूर्ध्वादिगत्यनुगते गतित्वे समस्तीत्यवधेयम्।

अत्र च नैयायिकादिः वदेत् - 'नास्ति अधर्मास्तिकायः, अनुपलभ्यमानत्वात्, शशविषाणवत्'।

तदाऽसौ एवं प्रतिक्षेप्तव्यः - कथं भवतोऽपि दिगादयः सन्ति ?

अथ 'दिगादिप्रत्ययकार्यदर्शनात्। भवति हि कार्यात् कारणानुमानम्' इति ***चेत्*** ?

કારણતાઅવચ્છેદક ધર્મમાં ગૌરવ થશે. કેમ કે તત્તત્ગતિપરિણતત્વ એ સખંડ છે, અખંડ નથી. જ્યારે ધર્માસ્તિકાયને સર્વગતિનું અપેક્ષાકારણ માનવામાં લાઘવ છે. કેમ કે ધર્માસ્તિકાયત્વ અખંડ ધર્મ છે.

(**घट.**) જો તે તે ગતિપરિણત ઘટ-પટાદિ દ્રવ્યોને ઘટત્વ-પટત્વાદિરૂપે તે તે ગતિ પ્રત્યે અપેક્ષાકારણ માનવામાં આવે તો કારણતાઅવચ્છેદકમાં અનનુગમના લીધે મહાગૌરવ દોષ આવે.

❀ ગતિના ઉપાદાનકારણનો વિચાર ❀

(**वस्तु.**) વાસ્તવમાં તો ગતિપરિણત દ્રવ્યો ગતિ પ્રત્યે અપેક્ષાકારણ નથી પરંતુ ઉપાદાનકારણ જ છે. અહીં તો 'ગતિનું અપેક્ષાકારણ કોણ છે ?' તેની વિચારણા થઈ રહી છે. તેથી 'ગતિપરિણત દ્રવ્યમાં કયા સ્વરૂપે ગતિકારણતા રહેલી છે ?' - આવી પૂર્વપક્ષની વિચારણા પ્રસ્તુતમાં અસ્થાને છે. આ વાતને ખાસ ધ્યાનમાં રાખવી.

(**तिर्य.**) બીજી એક વાત એ ધ્યાનમાં રાખવા જેવી છે કે તિર્યગ્ગતિત્વ, ઊર્ધ્વગતિત્વ વગેરે ધર્મો તો નીલઘટત્વની જેમ અર્થસમાજસિદ્ધ છે, અનેકવિધ કારણસામગ્રીથી પ્રયુક્ત છે. તેથી તે પ્રસ્તુતમાં કાર્યતાના અવચ્છેદક = નિયામક ન બની શકે. તેથી લાઘવ સહકારથી ધર્માસ્તિકાયનું કાર્યતાઅવચ્છેદક ફક્ત ગતિત્વ જ બનશે. તિર્યગ્ ગતિ, ઊર્ધ્વ ગતિ વગેરેમાં ગતિત્વ અનુગત જ છે. તેથી ગતિત્વાવચ્છિન્ન પ્રત્યે ધર્માસ્તિકાય દ્રવ્યમાં અપેક્ષાકારણતા માનવી યુક્તિસંગત જ છે. સાદી ભાષામાં એમ કહી શકાય કે સર્વ ગતિ વગેરે પ્રત્યે લાઘવ સહકારથી અનુગત અપેક્ષાકારણ તરીકે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનો સ્વીકાર કરવો એ જ વ્યાજબી છે. વિજ્ઞ વાચકવર્ગે આ બાબતને સારી રીતે ખ્યાલમાં રાખવી.

❀ અધર્માસ્તિકાય અંગે નૈયાયિકમત નિરાસ ❀

(**अत्र.**) પ્રસ્તુતમાં નૈયાયિક વગેરે પ્રતિવાદી જૈનોની સામે એવી દલીલ કરે કે 'અધર્માસ્તિકાય નથી. કારણ કે સસલાના શિંગડાની જેમ તે દેખાતું નથી' - તો તેનું નિરાકરણ નીચે મુજબ કરવું.

જૈન :- (**तदा.**) જો અધર્માસ્તિકાય દેખાતું નથી માટે ન હોય તો તમારા મતે દિશા વગેરે દ્રવ્ય પણ કઈ રીતે સંભવશે ? કારણ કે તે પણ દેખાતા નથી.

નૈયાયિક :- (**अथ.**) દિશા વગેરે ન દેખાવા છતાં દિશા વગેરેના નિમિત્તે ઉત્પન્ન થનારા કાર્યો દેખાવાથી દિશા વગેરેનું અમે અનુમાન કરીએ છીએ. કાર્યથી કારણનું અનુમાન થઈ શકે છે.

एवं सति स्थितिलक्षणकार्यदर्शनादयमप्यस्तीति किं न गम्यते ?

अथ 'तत्र दूरत्वाऽन्तिकत्वादिबोधलक्षणस्य दिगादिप्रत्ययकार्यस्य अन्यतोऽसम्भवात् कारणभूतान् दिगादीन् अनुमिमीमह' ***इति मतिः*** ?

तर्हि इहापि 'आकाशादीनाम् अवगाहदानादिस्व-स्वकार्यव्यापृतत्वेन ततोऽसम्भवत् स्थितिलक्षणं कार्यमधर्मास्तिकायस्यैवे'ति किं नानुमीयते ?

अथ असौ न कदाचिद् दृष्टः, ***न***, एतद् दिगादिष्वपि समानम्।

यदि च सौत्रान्तिकाभिधानः सौगतोऽधर्मास्तिकायं प्रतिक्षिपेत्, ***तदा*** स एवं प्रतिक्षेप्तव्यः — भवतः कथं बाह्यार्थसिद्धिः ? न हि कदाचिदसौ प्रत्यक्षादिगोचरः, साकारज्ञानवादिनः सदा तदाकारस्यैव संवेदनात्। तथा च तस्याप्यनुपलभ्यमानत्वाद् अभाव एव भवेत्।

જૈન :- (एवं.) તો પછી સ્થિતિસ્વરૂપ કાર્ય દેખાવાથી અધર્માસ્તિકાય છે - એવું તમે અનુમાન પ્રમાણથી કેમ નથી જાણતા ?

નૈયાયિક :- (अथ.) દૂરત્વબુદ્ધિ, સમીપત્વબોધ વગેરે સ્વરૂપ દિશાદિનિમિત્તક કાર્ય બીજા કારણથી સંભવી શકતા નથી. માટે અમે દિશા વગેરેનું અનુમાન કરીએ છીએ.

જૈન :- (तर्हि.) આવું તો અધર્માસ્તિકાયમાં પણ સંભવે છે. તે આ રીતે - આકાશ વગેરે દ્રવ્યો અવગાહનાદાન વગેરે પોતપોતાનું કાર્ય કરવામાં પરોવાયેલા છે. તેથી તેમના દ્વારા સ્થિતિ કાર્યની ઉત્પત્તિનો સંભવ નથી. તેથી જીવ-પુદ્ગલની સ્થિતિ અધર્માસ્તિકાયનું જ કાર્ય છે - તેવી અનુમિતિ થઈ શકે છે. તો તમે શા માટે તેવી અનુમિતિ નથી કરતા ?

નૈયાયિક :- (अथ.) અધર્માસ્તિકાયની અનુમિતિ ન થાય. કેમ કે તે ક્યારેય દેખાતું નથી.

જૈન :- (न.) આ વાત તો દિશામાં પણ સમાન છે. દિશા વગેરે પણ ક્યારેય કોઈને દેખાતા નથી. તો પછી તેનો સ્વીકાર પણ તમે નહિ કરી શકો. તેથી તુલ્યન્યાયથી દિશા વગેરે દ્રવ્યોની જેમ અધર્માસ્તિકાયનો નૈયાયિકે સ્વીકાર કરવો જરૂરી છે. આ રીતે અધર્માસ્તિકાયનો અપલાપ કરતા નૈયાયિક, વૈશેષિકનું પ્રતિબંદીથી નિરાકરણ કરવું.

❋ અધર્માસ્તિકાય અંગે બૌદ્ધમતનિરાસ ❋

(**यदि.**) જો સૌત્રાન્તિક નામનો બૌદ્ધ અધર્માસ્તિકાયનો અપલાપ કરે તો તેનું નિરાકરણ નીચે મુજબ કરવું.

જૈન :- હે સૌત્રાન્તિક બૌદ્ધો ! તમે તો બાહ્યાર્થનું પ્રત્યક્ષ માનતા નથી. તો પછી તમારા મતે બાહ્યાર્થની સિદ્ધિ કઈ રીતે થશે ? સાકારજ્ઞાનવાદી = જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાનોના મત મુજબ તો બાહ્ય અર્થ પ્રત્યક્ષાદિ પ્રમાણનો વિષય જ નથી બનતો. તેઓના મતે કાયમ અર્થાકારવાળા જ્ઞાનનું જ સંવેદન થાય છે. તેથી ન દેખાવાથી જો તમે બાહ્યાર્થવાદી સૌત્રાન્તિકો અધર્માસ્તિકાયનો અપલાપ કરો છો તો યોગાચારના મત મુજબ અનુપલભ્યમાન હોવાથી બાહ્ય અર્થનો પણ તમારે (= સૌત્રાન્તિક બૌદ્ધોએ) અપલાપ જ કરવો પડશે. પરંતુ તમે તો બાહ્ય ક્ષણિક અર્થને માનો છો. તો તેની સિદ્ધિ જ્ઞાનાદ્વૈતવાદી યોગાચાર સમક્ષ કઈ રીતે કરશો ?

अथ आकारसंवेदनेऽपि तत्कारणमर्थः परिकल्प्यते धूमज्ञाने इव अग्निः इति ***चेत्*** ?

एवं सति स्थितिदर्शनेऽपि किं न तत्कारणस्य अधर्मास्तिकायस्य निश्चयः ? (उत्तरा. २८/९ बृ. वृ. पृ.५५९) इत्यादिकम् **उत्तराध्ययनबृहद्वृत्त्य**नुसारेण अत्र अनुसन्धेयम्।

इहापि स्थले **द्रव्यानुयोगतर्कणायाम्** अतीव स्खलितं **भोजकविना** तदपि पण्डितैः स्वयमेव विचारणीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ध्यानपरिपाककृते मनस एकाग्रता आत्मनश्च शुद्धिः आवश्यकी। प्राथमिकध्यानाभ्यासे च कायस्थैर्यस्याऽपि आवश्यकता समाम्नाता। मोहनीयादिकर्मविघटने सति अपेक्षिता आत्मशुद्धिः प्रादुर्भवति। कर्मविघटनकृते च धर्मास्तिकायः उपयुज्यते। दर्शित**भगवतीसूत्रा**नुसारेण मनः-काययोः एकाग्रता-स्थिरताकृते चाऽधर्मास्तिकाय उपयुज्यते। इत्थमपवर्गमार्गप्रगतये धर्माऽधर्मद्रव्ये

सौत्रान्तिक :- (अथ.) અમે સાકારજ્ઞાનવાદી બૌદ્ધની જેમ બાહ્ય અર્થનો અપલાપ નથી કરતા. પરંતુ યોગાચારસંમત સાકારજ્ઞાનને વિશે પણ તેના કારણ તરીકે અમે બાહ્ય જ્ઞાનભિન્ન ઘટ-પટાદિ પદાર્થની પરિકલ્પના = અનુમિતિ કરીએ છીએ. જેમ ધૂમજ્ઞાન થતાં કારણીભૂત અગ્નિની અનુમિતિ થાય છે, તેમ જ્ઞાનમાં ઘટ-પટાદિ આકાર થતાં તેના કારણ તરીકે ઘટાદિ બાહ્ય અર્થની અનુમિતિ થઈ શકે છે. તેથી અમારા મતે બાહ્યાર્થનું પ્રત્યક્ષ ન થવા છતાં તેની અનુમાન પ્રમાણથી સિદ્ધિ થવાથી તેના અપલાપની આપત્તિને અવકાશ નથી.

ચેત્ :- (एवं.) હે બાહ્યાર્થઅનુમિતિવાદી સૌત્રાન્તિક વિદ્વાનો ! તો પછી સાકારજ્ઞાનની ઉત્પત્તિ થતાં જ્ઞાનાકારકારણીભૂત બાહ્ય અર્થની જેમ સ્થિતિનું દર્શન થતાં સ્થિતિકારણીભૂત અધર્માસ્તિકાયનો અનુમાન પ્રમાણથી નિશ્ચય તમે લોકો કેમ નથી કરતા ?

આ અંગે હજુ વધુ ચર્ચા **ઉત્તરાધ્યયનસૂત્રબૃહદ્વૃત્તિ**માં **શ્રીશાંતિસૂરિજી** મહારાજે કરેલ છે. જિજ્ઞાસુવર્ગે તે મુજબ નવી-નવી યુક્તિઓનું અહીં અનુસંધાન કરવું.

❋ द्रव्यानुयोगतर्कणामां विचारणीयता ❋

(इहा.) આગલા શ્લોકની જેમ પ્રસ્તુત સ્થળે પણ **દ્રવ્યાનુયોગતર્કણા** ગ્રંથમાં **ભોજકવિ**એ ઘણી સ્ખલના કરી છે. તેના વિશે પણ વિચાર-વિમર્શ પંડિતોએ સ્વયમેવ કરવાની ભલામણ **દ્રવ્યાનુયોગ પરામર્શકર્ણિકા** વ્યાખ્યામાં કરેલ છે.

❋ अधर्मास्तिकाय अध्यात्ममार्गे पण उपकारी ❋

आध्यात्मिक उपनय :- ધ્યાનસાધનામાર્ગે આગળ વધવા મનની એકાગ્રતા અને આત્માની શુદ્ધિ અત્યંત આવશ્યક છે. પ્રારંભિક ધ્યાનસાધનામાં કાયાની સ્થિરતા પણ આવશ્યક છે - તેવું શાસ્ત્રકારોને માન્ય છે. મોહનીયાદિ કર્મદ્રવ્ય અમુક પ્રમાણમાં રવાના થાય તો અપેક્ષિત આત્મશુદ્ધિ પ્રગટે. કર્મદલિકને આત્મામાંથી રવાના કરવા માટે ધર્માસ્તિકાય દ્રવ્ય ઉપયોગી છે. તથા પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ **ભગવતીસૂત્ર**ના સંદર્ભ મુજબ મનની અને કાયાની એકાગ્રતા-સ્થિરતા માટે અધર્માસ્તિકાય ઉપયોગી છે. આમ મોક્ષમાર્ગે આગળ વધવામાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય આપણા ઉપર ઉપકાર કરી

अस्मान् उपकुरुतः इति न विस्मर्तव्यमात्मार्थिना। "सर्वकर्माऽपगमाऽऽविर्भूतचैतन्यसुखस्वभावात्मस्वरूपस्य मोक्षस्य" (स.त.३/६३/पृ.७३७) **सम्मतितर्कवृत्ति**दर्शितस्य लाभे सिद्धावस्थायामपि अनन्तस्थितिः अधर्मास्तिकायप्रयुक्तेति कृतज्ञैः चेतसि कर्तव्यम्।

प्रकृतार्थे [1]"कालमणंतमधम्मोपग्गहिदो ठादि गयणमोगाढो। सो उवकारो इट्ठो ठिदिसभावो ण जीवाणं।।" (भ.आ.२१३९/भाग-२/पृ.१८३८) इति **भगवती आराधना** न विस्मर्तव्या।।१०/५।।

રહેલ છે. આ વાત સાધકની નજર બહાર નીકળી જવી ન જોઈએ. આ રીતે આ બન્ને દ્રવ્યોનો આધ્યાત્મિક ઉપકાર ખ્યાલમાં રાખવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. 'સર્વ કર્મોનો નાશ થવાથી પ્રગટ થયેલ ચૈતન્યસ્વભાવમય અને સુખસ્વભાવમય આત્મા એ જ મોક્ષ છે' - આવું **સમ્મતિતર્કવ્યાખ્યા**માં દર્શાવેલ છે. તે મોક્ષ મળે ત્યારે સિદ્ધદશામાં પણ લોકાગ્રભાગે અનંતકાલીન સ્થિતિ અધર્માસ્તિકાયપ્રયુક્ત છે - આ વાત કૃતજ્ઞ સાધકોએ મનમાં રાખવા જેવી છે.

❀ મોક્ષમાં પણ અધર્માસ્તિકાય ઉપકારી ❀

(પ્રક્ર.) પ્રસ્તુત બાબતમાં **ભગવતીઆરાધના** ગ્રંથની એક ગાથા ભૂલવા જેવી નથી. ત્યાં દિગંબર **શિવાર્યજી**એ (= **શિવકોટિ** આચાર્યએ) જણાવેલ છે કે "લોકાગ્રઆકાશભાગમાં અનંત કાલ સુધી અધર્માસ્તિકાયથી ઉપકૃત થયેલ સિદ્ધ ભગવંત સ્થિર રહે છે. સિદ્ધદશામાં પણ અધર્માસ્તિકાયનો આ ઉપકાર શાસ્ત્રકારોને માન્ય છે. કારણ કે જીવનો સ્વતઃ સ્થિતિ સ્વભાવ નથી." જેમ આત્માનો ચૈતન્યસ્વભાવ કોઈની પણ સહાય વિના છે, તેમ કોઈની પણ સહાય વિના સ્થિતિ કરવાનો સ્વભાવ જીવનો નથી. આ અપેક્ષાએ 'જીવનો સ્વભાવ સ્થિતિ નથી' - એવું **શિવાર્ય**વચન ઘટાવવું. (૧૦/૫)

લખી રાખો ડાયરીમાં.....✍

- **શંકા અને સક્રિયતા સ્વરૂપ બે વિશાળ પાંખ હોવા છતાં બુદ્ધિ શાહમૃગની જેમ અધ્યાત્મ જગતમાં બહુ ઉડવા માટે અસમર્થ છે.**

  જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ બે પાંખ દ્વારા શ્રદ્ધા હંસની જેમ અધ્યાત્મ જગતમાં સરળતાથી ઉડે છે.

1. कालमनन्तमधर्मोपगृहीतः तिष्ठति गगनमवगाढः। स उपकार इष्टः स्थितिस्वभावो न जीवानाम्।।

ધર્માસ્તિકાય દ્રવ્યનઈ વિષઈ પ્રમાણ કહઇ છઈ -

સહજ ઊર્ધ્વગતિગામી મુક્તનઈ♦, *વિના ધર્મ પ્રતિબંધ;
ગગનિં અનંતઈ રે કહિઈ નવિ ટલઈ, ફિરવા રસનો રે ધંધ ॥૧૦/૬॥ (૧૬૭) સમ.

જો ગતિનઈ વિષઈ (**ધર્મ**=) ધર્માસ્તિકાય દ્રવ્યનો **પ્રતિબંધ** કહતાં નિયમ (**વિના**=) ન હોઈ, તો **સહજઈ ઊર્ધ્વગતિગામી** જે **મુક્ત** કહિઈ સિદ્ધ, તેહનઈ "એક સમયઈ ♦લોકાગ્રે જાઈ" એહવઈ સ્વભાવઈ **અનંતઈ** ગગનઈ જતાં હજી લગઈ **ફિરવાના રસનો ધંધ ન‡ ટલઈ**, જે માટઈ ▸ અનંતલોકાકાશપ્રમાણ અલોકાકાશ છઈ.

लक्षणनिरूपणाऽवसरे गतिकारणतावच्छेदकाश्रयविधया अनुमानादिप्रमाणेन प्रसाधितस्य धर्मास्तिकायस्याऽनभ्युपगमे बाधकं प्रमाणमुपदर्श्यते – '**स्वत**' इति ।

स्वत ऊर्ध्वगतौ मुक्ते धर्मकारणतां विना ।
ऊर्ध्वगत्यविरामः स्यात् खस्यानन्तत्वतो ध्रुवम् ।।१०/६।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – धर्मकारणतां विना मुक्ते स्वतः ऊर्ध्वगतौ (स्वीक्रियमाणायां) ध्रुवम् ऊर्ध्वगत्यविरामः स्यात्, खस्य अनन्तत्वतः ।।१०/६।।

अथ* धर्मकारणतां** = धर्मास्तिकायद्रव्यगतां गत्यपेक्षाकारणतां **विना** अखिलकर्ममुक्तो जीवः स्वतः एव एकेन समयेन अस्पृशद्गत्या गच्छति इति ***चेत् ? न, इत्थं **मुक्ते** = मुक्तात्मनि **स्वतः** = सहजतः **ऊर्ध्वगतौ** स्वीक्रियमाणायां सत्यां मुक्तात्मनो **ध्रुवं** = नियमेन **ऊर्ध्वगत्यविरामः** = अद्यापि ऊर्ध्वगमनाऽविश्रामः **स्यात्**, **खस्य** = अलोकाकाशस्य **अनन्तत्वतः** = अनन्तलोकाकाश-

---

અવતરણિકા :- ધર્માસ્તિકાયનું લક્ષણ બતાવવાના અવસરે ગતિકારણતાઅવચ્છેદકના આશ્રય તરીકે અનુમાન વગેરે પ્રમાણથી સિદ્ધ કરેલ ધર્માસ્તિકાયના અસ્વીકારમાં બાધક પ્રમાણ જણાવાય છે :-

ધર્માસ્તિકાયના અસ્વીકારમાં બાધ

શ્લોકાર્થ :- ધર્માસ્તિકાય દ્રવ્યની કારણતા સ્વીકારવામાં ન આવે અને મુક્તાત્મા પોતાની જાતે જ ઊર્ધ્વગતિ કરે છે - તેવું માનવામાં આવે તો ચોક્કસ ઊર્ધ્વગતિ ક્યારેય પણ અટકશે નહિ. કારણ કે આકાશ તો અનન્ત છે. (તેથી સિદ્ધગતિમાં અધર્માસ્તિકાય અપેક્ષાકારણ સિદ્ધ થાય છે.) (૧૦/૬)

વ્યાખ્યાર્થ :- "ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિ પ્રત્યે અપેક્ષાકારણ છે - એવું માન્યા વિના 'સર્વકર્મમુક્ત જીવ સ્વતઃ જ એક સમયમાં અસ્પૃશદ્ગતિથી સિદ્ધશિલાએ પહોંચે છે' - આવું માનવામાં શું વાંધો ?" આવી દલીલ કરવી વ્યાજબી નથી. કારણ કે આ રીતે 'મુક્તાત્મા પોતાની જાતે જ ઊર્ધ્વગતિ કરે છે' - તેવું સ્વીકારવામાં આવે તો નિયમા મુક્તાત્મા અવિરતપણે હજુ પણ ઊર્ધ્વગતિ કરે જ રાખશે. મુક્તાત્માની ઊર્ધ્વગતિ ક્યારેય અટકશે જ નહિ, મુક્તાત્મા ઉપર-ઉપર ફરવાના રસનો ધંધો બંધ કરશે જ નહિ. કારણ કે અલોકાકાશ તો અનંત લોકાકાશપ્રમાણ વિશાળ છે. પ્રસ્તુતમાં **ભગવતીસૂત્ર**નું વચન

♦ આ.(૧)માં 'મુક્ત જીવનૈ' પાઠ. * કો.(૧)માં 'નવિ વિના ધર્મ બંધ.. નવિ મલઈ.. ફિરવા તેહનો રે..' પાઠ. ♦ પુસ્તકોમાં 'લોકાગ્ર' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ‡ B(૨)માં '**ન**' નથી. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૪)માં નથી.

"લોકાકાશનઈં ગતિહેતુપણું છઈ, તે માટઈ અલોકઈં સિદ્ધની ગતિ ન હોઈ" - ઈમ તો ન કહિઉં જાઇ. જે •માટઈ‹ ધર્માસ્તિકાય વિના લોકાકાશવ્યવસ્થા જ ન હોઈ.

प्रमितत्वात्। प्रकृते [1]"खेत्तओ णं आगासत्थिकाए लोयालोयप्पमाणमेत्ते अणंते" (भ.सू.२/१०/११८) इति **भगवतीसूत्र**वचनमपि स्मर्तव्यम्। ***एतेन*** आकाशस्य गतिहेतुता ***निरस्ता,*** जीवादीनाम् अलोके गत्यापत्तेः।

अथ लोकाकाशस्यैव गतिहेतुत्वाऽभ्युपगमान्नाऽलोके सिद्धगतिसम्भवः, कुत ऊर्ध्वं तदविरामप्रसङ्ग इति ***चेत्*** ?

न, धर्मास्तिकायविरहे लोकाऽलोकव्यवस्थाया एवाऽनुपपत्तेः। न हि लोकाकाशान्ते लक्ष्मण-रेखादिकमस्ति, येन 'अयं लोकः, स त्वलोक' इति व्यवस्था सम्भवेत्। अस्ति च लोका-ऽलोकव्यवस्था, [2]"दुविहे आगासे पण्णत्ते - लोगागासे चेव अलोगागासे चेव" (स्था.२/९/ सूत्र ६४ + भ. सू.२/१०/१२१) इति **स्थानाङ्गसूत्र-भगवतीसूत्र**वचनात्। ततो यावति क्षेत्रे आकाशाऽपराऽभिधाने धर्मास्तिकायोऽवगाढः तावत्प्रमाणो लोकः शेषस्त्वलोक इति प्रतिपत्तव्यम्।

પણ યાદ રાખવું. તે આ પ્રમાણે છે. 'ક્ષેત્રથી આકાશાસ્તિકાય લોકાલોકપ્રમાણવ્યાપી અને અનંત છે' - આ કથનથી આકાશને ગતિનું કારણ માની ન શકાય. કારણ કે આકાશ તો અનંત હોવાથી લોકની જેમ અલોકમાં જીવાદિની ગતિ થવાની આપત્તિ આવે.

પૂર્વપક્ષ :- (अथ.) લોકાકાશને જ અમે ગતિનો હેતુ માનીએ છીએ. તેથી અલોકમાં સિદ્ધ ભગવંતની ગતિ થવાનો કોઈ સંભવ જ નથી તો સિદ્ધ ભગવંતની ઊર્ધ્વગતિનો અવિરામ = અવિશ્રામ થવાની આપત્તિને ક્યાંથી અવકાશ હોય ? એક સમયમાં સિદ્ધ ભગવંતો ચૌદ રાજલોકના છેડે જઈને અટકી જશે. તેથી અલોકાકાશમાં સિદ્ધ ભગવંત જવાના જ નથી. કારણ કે લોકાકાશ નામનું ગતિકારણ ત્યાં ગેરહાજર છે. તેથી સિદ્ધોની ઊર્ધ્વગતિના અવિરામને કોઈ અવકાશ ક્યાંથી હોય ?

❦ લોકાકાશ ગતિકારણ નથી ❦

સમાધાન :- (न, धर्मा.) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે ધર્માસ્તિકાય દ્રવ્યને તમે ન સ્વીકારો તો લોકની અને અલોકની વ્યવસ્થા જ અસંગત થઈ જશે. જે આકાશખંડમાં ધર્માસ્તિકાય હોય તેને લોકાકાશ કહેવાય છે. તેથી ધર્માસ્તિકાયને ન માનવામાં આવે તો લોક અને અલોક વચ્ચે કોઈ ભેદરેખા જ સંભવી નહિ શકે. કેમ કે ચૌદ રાજલોકના છેડે = લોકાકાશના અંતે કોઈ લક્ષ્મણરેખા વગેરે નથી કે જેના લીધે 'આ લોક છે અને તે અલોક છે' તેવી વ્યવસ્થા સંભવી શકે. પરંતુ લોકની અને અલોકની વ્યવસ્થા તો શાસ્ત્રપ્રસિદ્ધ જ છે. કારણ કે **સ્થાનાંગસૂત્ર**માં તથા **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'આકાશ બે પ્રકારે જણાવેલ છે. લોકાકાશ અને અલોકાકાશ.' તેથી આકાશ જેનું બીજું નામ છે એવા ક્ષેત્રમાં જેટલા ભાગમાં ધર્માસ્તિકાય અવગાહીને રહેલ છે તેટલો આકાશખંડ લોક = લોકાકાશ કહેવાય છે. તે સિવાયનો આકાશખંડ અલોક કહેવાય - આ પ્રમાણે સ્વીકારવું જરૂરી છે.

• લા.(२) + પુસ્તકોમાં 'તે' પાઠ. કો.(७+१२) + પા.નો પાઠ લીધો છે. ›...‹ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(१४)માં નથી.

1. क्षेत्रतः णं आकाशास्तिकायः लोकालोकप्रमाणमात्रः अनन्तः। 2. द्विविधः आकाशः प्रज्ञप्तः - लोकाकाशः चैव अलोकाकाशः चैव।

"धर्मास्तिकायविशिष्टाकाश एव हि लोकाकाशः,

अथ [1]उपजीवकस्य उपजीव्यविरोधित्वाऽसम्भवाद् अस्तु धर्मास्तिकायविशिष्टाऽऽकाशद्रव्यमेव हि लोकाकाशः। परं गतौ न धर्मास्तिकायस्य हेतुता किन्तु लोकाकाशस्यैवेति ***चेत्*** ?

न, "यत्र आकाशदेशे धर्मास्तिकायादिद्रव्याणां वृत्तिः अस्ति स एव आकाशः = लोकाकाशः" (स्था.२/१/७४ वृ.) इति **स्थानाङ्गसूत्रवृत्ति**वचनाद् लोकाकाशत्वस्य धर्मास्तिकायविशिष्टाकाशत्वपर्यवसितत्वेन धर्मास्तिकायत्वाऽपेक्षया लोकाकाशत्वेन गतिहेतुत्वकल्पने गौरवात्, सम्भवति लघौ अनावश्यकगुरु-धर्मस्य कारणतावच्छेदकत्वाऽयोगात्।

न च फलमुखत्वान्न दोष इति ***वाच्यम्,***

ॐ उपजीव्य-उपजीवकभावनी विचारणा ॐ

पूर्वपक्ष :- (**अथ.**) तमारी वात साची छे. धर्मास्तिकायविशिष्ट आकाशखंड ज लोकाकाश कहेवाय. आ वात अमने पण मान्य छे. तेनुं कारण ए छे के उपजीवक क्यारेय पण उपजीव्यनो विरोधी बनी न शके. जे प्रयोजक होय तेने उपजीव्य कहेवाय. तथा जे प्रयोज्य होय तेने उपजीवक कहेवाय. आ वात **भीमाचार्य**कृत **न्यायकोश**ग्रंथमां प्रसिद्ध छे. जेम के पिता उपजीव्य कहेवाय अने बाळक उपजीवक कहेवाय. बाळक उपजीवक होवाथी पोताना पितानो विरोध करी न शके. कारण के पिता उपजीव्य = जीवाडनार छे. तथा बाळक उपजीवक = जीवनार छे. प्रस्तुतमां लोकाकाश पोताना अस्तित्व माटे धर्मास्तिकायनी अपेक्षा राखे छे. तेथी धर्मास्तिकाय उपजीव्य छे. तथा लोकाकाश उपजीवक छे. लोकाकाशनुं अस्तित्व धर्मास्तिकायने सापेक्ष होवाथी लोकाकाशनो स्वीकार कर्या बाद धर्मास्तिकायनो अपलाप थई न शके. परंतु जीवनी अने पुद्गलनी गतिमां धर्मास्तिकाय हेतु नथी पण लोकाकाश ज हेतु छे. तेथी गति प्रत्ये धर्मास्तिकाय अन्यथासिद्ध साबित थाय छे.

ॐ लोकाकाशत्वरूपे गतिकारणताकल्पना गौरवग्रस्त ॐ

उत्तरपक्ष :- (**न,** "यत्र.) तमारी वात व्याजबी नथी, कारण के लोकाकाशने गतिनो हेतु मानवामां कारणताअवच्छेदक धर्म लोकाकाशत्व बनशे. तथा लोकाकाशत्व तो धर्मास्तिकायविशिष्ट आकाशत्व स्वरूप छे. कारण के **ठाणांगसूत्रवृत्ति**मां जणावेल छे के 'जे आकाशखंडमां धर्मास्तिकाय वगेरे द्रव्यो रहेला छे ते ज आकाश एटले लोकाकाश.' ज्यारे धर्मास्तिकायने गतिहेतु मानवामां कारणताअवच्छेदक धर्मास्तिकायत्व बने. धर्मास्तिकायत्वनी अपेक्षाए धर्मास्तिकायविशिष्टआकाशत्व गुरुभूत धर्म छे. अन्यूनअनतिरिक्त लघुधर्म हाजर होय त्यारे अनावश्यक गुरुधर्म कारणताअवच्छेदक बनी शकतो नथी. आ नियमथी धर्मास्तिकायत्वरूपे गतिहेतुता स्वीकारवी व्याजबी छे. परंतु लोकाकाशत्वरूपे गतिहेतुतानी कल्पना करवी व्याजबी नथी.

ॐ फलमुख गौरवनी विचारणा ॐ

शंका :- (**न च.**) तमारी वात साची छे के धर्मास्तिकायत्वना बदले धर्मास्तिकायविशिष्ट आकाशत्वने

1. 'उपजीवकत्वं = प्रयोज्यत्वम्। उपजीव्यत्वं = प्रयोजकत्वम्' **न्यायकोशः भीमाचार्यकृतः**।

तस्य* च गतिहेतुत्वे घटादावपि दण्डविशिष्टाकाशत्वेनैव हेतुता स्याद् इति न किञ्चिदेतत्।"

प्रकृतकारणतावच्छेदकधर्मगौरवे फलमुखत्वस्यैवाऽसिद्धेः, लोकाकाशत्वेन गतिहेतुत्वे धर्मास्तिकायद्रव्यस्यैवाऽसिद्धेः, तदसिद्धौ च लोकाकाशस्याऽप्यसिद्धिरेव, तस्य तदवच्छिन्नत्वात्।

न चाऽस्तु अधर्मास्तिकायविशिष्टाकाशस्यैव लोकाकाशत्वमिति धर्मास्तिकायाऽसिद्धौ अपि का नः क्षतिः ? प्रत्युत तदकल्पनाल्लाघवमिति ***वाच्यम्,***

एवमेकविशिष्टाऽपरत्वेन हेतुत्वस्वीकारे घटादावपि दण्डविशिष्टाकाशत्वेनैव हेतुतास्वीकारापत्तेः,

---

ગતિકારણતાઅવચ્છેદક માનવામાં ગૌરવ આવે. તેમ છતાં પણ 'લોકાકાશ ગતિનું કારણ છે' - આ પ્રમાણે અમે માનીએ છીએ. તેનું કારણ એ છે કે આવું માનવામાં કારણતાઅવચ્છેદકધર્મમાં જે ગૌરવ ઉપસ્થિત થાય છે કે ફલમુખ ગૌરવ છે. ફલમુખ ગૌરવ દાર્શનિક જગતમાં દૂષણરૂપ બનતું નથી. તેથી લોકાકાશમાં લોકાકાશત્વરૂપે = ધર્માસ્તિકાયવિશિષ્ટઆકાશત્વરૂપે કારણતાનો સ્વીકાર વ્યાજબી છે.

સમાધાન :- (પ્રકૃત.) લોકાકાશત્વને ગતિકારણતાઅવચ્છેદક માનવામાં ઉપસ્થિત થતા ગૌરવને તમે ફલમુખ ગૌરવ કહો છો તે વાત જ અસિદ્ધ છે. કારણ કે કાર્ય-કારણભાવનો નિશ્ચય પ્રમાણ દ્વારા થયા બાદ ઉપસ્થિત થતું ગૌરવ એ ફલમુખ ગૌરવ કહેવાય છે. કાર્ય-કારણભાવનો નિશ્ચય થયા પૂર્વે જ અથવા કાર્ય-કારણભાવનો નિશ્ચય કરતી વખતે જે ગૌરવ ઉપસ્થિત થાય તેને ફલમુખ ગૌરવ ન કહેવાય. પ્રસ્તુતમાં ગતિનું કારણ કોણ છે ? આ વિષયની વિચારણા ચાલી રહી છે. જો લોકાકાશ લોકાકાશત્વરૂપે = ધર્માસ્તિકાયવિશિષ્ટઆકાશત્વરૂપે ગતિકારણ હોય તો ધર્માસ્તિકાય દ્રવ્ય જ સિદ્ધ નહિ થઈ શકે. કારણ કે ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ જ ગતિની અન્યથા અનુપપત્તિ દ્વારા થાય છે. જો લોકાકાશ ગતિકારણ હોય તો ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ કરવાનું કોઈ પ્રયોજન જ રહેતું નથી. કેમ કે લોકાકાશ દ્વારા જ જીવાદિની ગતિ સંભવી શકશે. તથા ધર્માસ્તિકાય દ્રવ્ય જ જો અસિદ્ધ હોય તો લોકાકાશની પણ અસિદ્ધિ જ થશે. કારણ કે લોકાકાશ ધર્માસ્તિકાયથી અવચ્છિન્ન છે. ધર્માસ્તિકાય અસિદ્ધ હોય તો ધર્માસ્તિકાયઅવચ્છિન્ન આકાશખંડ સ્વરૂપ લોકાકાશની સિદ્ધિ કઈ રીતે થઈ શકે ? તેથી લોકાકાશત્વરૂપે ગતિકારણતા પ્રમાણ દ્વારા સિદ્ધ થઈ શકતી નથી. તેથી લોકાકાશત્વરૂપે ગતિકારણતાનો સ્વીકાર કરવામાં કારણતાઅવચ્છેદકધર્મકોટિમાં જ ગૌરવદોષ ઉપસ્થિત થાય છે તેને ફલમુખ ગૌરવ કહી શકાતું નથી.

તર્ક :- (ન चाऽस्तु.) તમે જણાવો છો તે રીતે ધર્માસ્તિકાયની અસિદ્ધિ થવાથી લોકાકાશની અસિદ્ધિ થવાનો કોઈ અનિષ્ટ પ્રસંગ આવવાની સંભાવના નથી. કેમ કે ધર્માસ્તિકાયવિશિષ્ટ આકાશને લોકાકાશ માનવાના બદલે અધર્માસ્તિકાયવિશિષ્ટ આકાશને જ લોકાકાશ માની શકાય છે. તેથી ધર્માસ્તિકાય દ્રવ્યની સિદ્ધિ ન થાય તો કોઈ પણ ક્ષતિ આવતી નથી. ઊલટું ધર્માસ્તિકાય દ્રવ્યની કલ્પના ન કરવાના કારણે અમારા મતમાં લાઘવ સિદ્ધ થાય છે. તેથી અધર્માસ્તિકાયવિશિષ્ટ આકાશત્વરૂપે ગતિહેતુતાનો સ્વીકાર કરવામાં કોઈ દોષ આવતો નથી.

❀ એકવિશિષ્ટઅપરત્વસ્વરૂપે કારણતાકલ્પના અસંગત ❀

તથ્ય :- (एवमेक.) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે આ રીતે એકવિશિષ્ટઅપરત્વરૂપે હેતુતાનો

---

* કો.(૧૩)માં 'तस्येव' પાઠ અશુદ્ધ છે.

બીજું, અન્યસ્વભાવપણઈ કલ્પિત આકાશનઈ સ્વાભાવાંતરકલ્પન - તે અયુક્ત છઈ;

उदासीनस्यापि वैशिष्ट्यघटकतया निवेशे आकाशविशिष्टदण्डत्वेनैव वा तथात्वापत्तेरिति न किञ्चिदेतत्।

यत्तु **स्थानाङ्गसूत्रे** [1]"तिविहे पोग्गलपडिघाते पन्नत्ते, तं जहा – (१) परमाणुपोग्गले परमाणुं पप्प पडिहम्मेज्जा, (२) लुक्खत्ताते वा पडिहम्मेज्जा, (३) लोगंते वा पडिहम्मेज्जा" (स्था.सू.३/४/२११,पृ.२८९) इत्येवं लोकान्ते पुद्गलप्रतिघातनम् उक्तम्, ***तत्तु*** परतो धर्मास्तिकायाभावादुक्तम्, न तु लोकाकाशस्य गतिकारणत्वादिति तु तद्वृत्तिविलोकनादवसीयते।

किञ्च, अवगाहाऽपेक्षाकारणत्वस्वभावेन क्लृप्तस्याऽऽकाशस्य गत्यपेक्षाकारणत्वस्वभावकल्पनमपि

સ્વીકાર કરવામાં આવે તો ઘટ વગેરે કાર્ય પ્રત્યે પણ દંડત્વરૂપે કારણતા માનવાના બદલે દંડવિશિષ્ટ આકાશત્વરૂપે જ કારણતાનો સ્વીકાર કરવાની આપત્તિ આવશે. પરંતુ આ વાત કોઈ પણ વિદ્વાનને માન્ય નથી. અથવા તો તમારા કુતર્કનું ખંડન કરવા માટે એમ પણ કહી શકાય છે કે ઉદાસીન વસ્તુનો વૈશિષ્ટ્યના ઘટક તરીકે નિવેશ કરવાનું જો માન્ય કરવામાં આવે તો ઘટાદિ કાર્ય પ્રત્યે આકાશવિશિષ્ટ દંડત્વાદિરૂપે જ કારણતાનો સ્વીકાર કરવાની આપત્તિ આવશે. કહેવાનો આશય એ છે કે ઘટાદિ કાર્ય પ્રત્યે આકાશ જેમ અન્યથાસિદ્ધ = ઉદાસીન છે તેમ ગતિકાર્ય પ્રત્યે અધર્માસ્તિકાય દ્રવ્ય પણ અન્યથાસિદ્ધ = ઉદાસીન છે. તેથી જેમ ઘટાદિ કાર્ય પ્રત્યે આકાશવિશિષ્ટદંડત્વરૂપે કારણતા માન્ય કરવામાં આવતી નથી. તેમ ગતિકાર્ય પ્રત્યે અધર્માસ્તિકાયવિશિષ્ટઆકાશત્વરૂપે નિમિત્તકારણતા પણ માન્ય કરી શકાતી નથી. તેથી તમારો તર્ક સાવ વાહિયાત છે, તથ્યથી પરાઙ્મુખ છે.

શંકા :- લોકાકાશ જો ગતિ પ્રત્યે કારણ ન હોય તો સ્થાનાંગસૂત્રમાં લોકાંતે પુદ્ગલપ્રતિઘાત શા માટે બતાવેલ છે ?

❀ स्थानांगसूत्रसमाधान ❀

સમાધાન :- (**यत्तु.**) **સ્થાનાંગસૂત્ર**ના ત્રીજા અધ્યયનમાં 'ત્રણ પ્રકારના પુદ્ગલપ્રતિઘાત કહેવાયેલ છે. (૧) પરમાણુ પુદ્ગલ અન્ય પરમાણુ પુદ્ગલને પામીને વ્યાઘાત પામે, અથવા (૨) રુક્ષપરિણામના કારણે પ્રતિઘાત પામે, અથવા (૩) લોકાંતે તેનો પ્રતિઘાત થાય' - આ પ્રમાણે જે ત્રિવિધ પુદ્ગલપ્રતિઘાત જણાવેલ છે તેમાં લોકાન્તે જે પુદ્ગલપ્રતિઘાત જણાવેલ છે તે લોકાન્ત પછી ધર્માસ્તિકાય ન હોવાના લીધે જણાવેલ છે. પરંતુ 'લોકાકાશ ગતિનું કારણ છે અને લોક પછી અલોકમાં લોકાકાશ ન હોવાથી પુદ્ગલપ્રતિઘાત થાય છે' - આવું જણાવવાના આશયથી ત્રીજો પુદ્ગલપ્રતિઘાત ત્યાં જણાવેલ નથી. આ વાત **સ્થાનાંગજી**ની **શ્રીઅભયદેવસૂરિકૃત વ્યાખ્યા**ને જોવાથી સમજાય છે.

❀ गति प्रत्ये आकाश अन्यथासिद्ध ❀

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે આકાશદ્રવ્યની સિદ્ધિ અવગાહકાર્યના નિમિત્તકારણ તરીકે થાય છે. અવગાહનિરૂપિત અપેક્ષાકારણતા સ્વભાવ દ્વારા જેની અવશ્ય કલ્પના કરવામાં આવે છે તેવા આકાશદ્રવ્યમાં ગતિ પ્રત્યે અપેક્ષાકારણતા સ્વભાવની કલ્પના કરવી એ પણ યુક્તિસંગત નથી.

1. त्रिविधः पुद्गलप्रतिघातः प्रज्ञप्तः। तद्यथा - (१) परमाणुपुद्गलः परमाणुं प्राप्य प्रतिहन्येत, (२) ऋक्षत्वाद् वा प्रतिहन्येत, (३) लोकान्ते वा प्रतिहन्येत।

તે માટઈ ગતિનિયામક♦ ધર્માસ્તિકાય દ્રવ્ય અવશ્ય ⁑કરીનઈ માનવું □જોઈઈ. ॥१०/६॥

न युक्तम्, अन्यथासिद्धत्वापत्तेः, अन्यं प्रति कारणत्वग्रहोत्तरमेव प्रकृतकार्यं प्रति पूर्ववृत्तित्वग्रहात्। तदुक्तं **गदाधरेण कारणतावादे** "अन्यं प्रति पूर्ववर्तित्वे ज्ञाते एव यद्रूपावच्छिन्नस्य प्रकृतकार्यं प्रति पूर्ववर्तिताग्रहः तद्रूपावच्छिन्नं तत्कार्यं प्रति अन्यथासिद्धम्, यथा ज्ञानादिकं प्रत्याकाशत्वाद्यवच्छिन्नम्" (**वादवारिधि**-का.वा.पृ. २०२) इति। यथा चैतत् तथा व्युत्पादितमस्माभिः **जयलताभिधानायां स्याद्वादरहस्यवृत्तौ** (म.स्या.रह. भाग-३/पृ.८४७)। ततश्च गतिनियामकतया धर्मास्तिकायद्रव्यम् अवश्यम् अभ्युपगन्तव्यम्।

કારણ કે અવગાહનિમિત્તકારણતારૂપે સિદ્ધ થનાર આકાશ ગતિકાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ બને. કારણ કે અન્ય (= અવગાહનાકાર્ય) પ્રત્યે કારણતાનો નિશ્ચય થયા બાદ જ પ્રસ્તુત ગતિકાર્ય પ્રત્યે આકાશમાં પૂર્વવૃત્તિતાનો = કારણતાનો = નિમિત્તકારણતાનો નિશ્ચય તમે કરી રહ્યા છો. તેથી પ્રસ્તુતમાં ગતિકાર્ય પ્રત્યે આકાશની અન્યથાસિદ્ધિ સ્પષ્ટ છે. **કારણતાવાદમાં ગદાધરે** જણાવેલ છે કે 'અન્ય કાર્ય પ્રત્યે પૂર્વવૃત્તિતાનું = કારણતાનું જ્ઞાન થાય પછી જ જે પદાર્થમાં = વિવક્ષિત પદાર્થતાઅવચ્છેદકવિશિષ્ટમાં = વિવક્ષિતકાર્યનિરૂપિતકારણતાવિશિષ્ટમાં અમુક કાર્ય પ્રત્યે પૂર્વવૃત્તિતાનું ભાન થાય તો વિવક્ષિતકાર્યનિરૂપિત-કારણતાવિશિષ્ટ તે પદાર્થ પ્રસ્તુત = અમુક કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ = અકારણ સાબિત થાય છે. જેમ કે જ્ઞાનાદિ કાર્ય પ્રત્યે આકાશત્વાદિઅવચ્છિન્ન પદાર્થ અન્યથાસિદ્ધ છે.' આ બાબત જે પ્રમાણે છે, તે પ્રમાણે અમે **મધ્યમપરિમાણ સ્યાદ્વાદરહસ્ય**ની **જયલતા** વ્યાખ્યામાં વિસ્તારથી સમજાવેલ છે. તેથી ગતિનિયામકરૂપે ધર્માસ્તિકાયદ્રવ્યને અવશ્ય માનવું જોઈએ - તેવું અહીં તાત્પર્ય છે.

⁂ અન્યથાસિદ્ધિની સ્પષ્ટતા ⁂

સ્પષ્ટતા :- **વાદવારિધિ** નામના ગ્રંથમાં અનેક વિદ્વાનોના અનેક વાદસ્થલો ઉપલબ્ધ થાય છે. તેમાં **ગદાધર** નામના નવ્યનૈયાયિકનો **કારણતાવાદ** પણ ઉપલબ્ધ થાય છે. તેમાં જ્ઞાન વગેરે કાર્ય પ્રત્યે આકાશને અન્યથાસિદ્ધ = અકારણ દર્શાવવા માટે ગદાધર વિદ્વાને જે વાત જણાવી છે તેનું તાત્પર્ય એ છે કે નૈયાયિકમત મુજબ શબ્દસમવાયિકારણત્વરૂપે આકાશની સિદ્ધિ થાય છે. 'આકાશ સર્વવ્યાપી હોવાથી જ્ઞાન પ્રત્યે પણ આકાશને કારણ કેમ માની ન શકાય ?' આવી શંકાનું સમાધાન કરવા માટે **ગદાધર** એવું જણાવે છે કે જ્ઞાન પ્રત્યે આકાશને આકાશત્વરૂપે = શબ્દસમવાયિકારણત્વરૂપે કારણ માનવામાં આવે તો 'જ્ઞાન પ્રત્યે આકાશ કારણ છે' - તેવું જ્ઞાન કરવા માટે શબ્દ પ્રત્યે આકાશમાં રહેલી કારણતાનું જ્ઞાન કરવું જરૂરી બની જાય છે. અર્થાત્ શબ્દ પ્રત્યે પૂર્વવૃત્તિતાનું = કારણતાનું જ્ઞાન થાય તો જ પ્રસ્તુત જ્ઞાનાત્મક કાર્ય પ્રત્યે આકાશત્વઅવચ્છિન્નમાં = શબ્દસમવાયિકારણત્વવિશિષ્ટમાં પૂર્વવૃત્તિતાનું ભાન થઈ શકતું હોવાથી આકાશત્વઅવચ્છિન્ન = આકાશ જ્ઞાન પ્રત્યે અન્યથાસિદ્ધ જાણવું. **ગદાધર** વિદ્વાને જે રીતે આકાશને જ્ઞાનાદિ કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ સાબિત કરેલ છે તેમ પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રી ગતિકાર્ય પ્રત્યે આકાશને = લોકાકાશને અન્યથાસિદ્ધ સાબિત કરવા માંગે છે. જૈનદર્શન મુજબ આકાશત્વ એ અવગાહનાનિમિત્તકારણતા સ્વરૂપ છે. તેથી જીવની અને પુદ્ગલની ગતિ સ્વરૂપ કાર્ય પ્રત્યે લોકાકાશને

♦ (૨)માં 'ગતિનિબંધપ્રમુખ' પાઠ. ⁑ પુસ્તકોમાં 'કરીનંઈ' પદ નથી. આ.(૧)માં 'કરી' છે. લા.(૨)નો પાઠ લીધો છે. □ પુસ્તકોમાં 'જોઈઈ' પદ નથી. કો.(૯)માં છે.

एतावता स्थितिलक्षणस्य अपि कार्यस्य गगनाद् असम्भव इति सिद्धम्। तदुक्तं वादिवेतालश्री-**शान्तिसूरिभिः** अपि **उत्तराध्ययनसूत्रबृहद्वृत्तौ** "आकाशादीनाम् अवगाहदानादिस्व-स्वकार्यव्यापृतत्वेन ततः (स्थितिलक्षणकार्यस्य) असम्भवाद् अधर्मास्तिकायस्यैव स्थितिलक्षणं कार्यम्" (उत्त.२८/९ शा.वृ.पृ.५५९) इति। तस्मात् स्थितिनियामकतयाऽवश्यमधर्मास्तिकायद्रव्यमभ्युपगन्तव्यम्।

यथोक्तं **कुन्दकुन्दस्वामि**नाऽपि **नियमसारे** [1]"जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी। धम्मत्थिकायाभावे तत्तो परदो ण गच्छंति।।" (नि.सा.१८४) इति।

तदुक्तं **पञ्चास्तिकायसङ्ग्रहे** अपि **कुन्दकुन्दस्वामिना** –

[2]"आगासं अवगासं गमण-ट्ठिदिकारणेहिं देदि जदि। उड्ढंगदिप्पधाणा सिद्धा चिट्ठंति किध तत्थ।।

કારણ તરીકે = અવશ્યકલ્પ્યપૂર્વવૃત્તિ તરીકે જાણવા માટે અવગાહનાકાર્ય પ્રત્યે આકાશની કારણતાનું ભાન થવું આવશ્યક છે. કારણ કે એવું થાય તો જ ગતિ કાર્ય પ્રત્યે લોકાકાશમાં પૂર્વવૃત્તિતાનું ભાન થઈ શકે. જેને અવગાહનિમિત્તકારણતાનું આકાશમાં ભાન થતું નથી તે વ્યક્તિને લોકાકાશમાં લોકાકાશત્વરૂપે = ધર્માસ્તિકાયવિશિષ્ટઆકાશત્વરૂપે = ધર્માસ્તિકાયવિશિષ્ટઅવગાહનિમિત્તકારણતારૂપે ગતિપૂર્વવૃત્તિતાનું ભાન થઈ શકતું નથી. તેથી લોકાકાશ = ધર્માસ્તિકાયવિશિષ્ટઆકાશ = ધર્માસ્તિકાયવિશિષ્ટઅવગાહન-કારણતાઆશ્રય પણ ગતિકાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ = અકારણ સાબિત થાય છે. તેથી ગતિઅપેક્ષાકારણરૂપે ધર્માસ્તિકાય દ્રવ્યનો અવશ્ય સ્વીકાર કરવો જોઈએ. આવું જણાવવાનું પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે.

❁ આકાશ સ્થિતિજનક નથી - શાંતિસૂરિજી ❁

(**एताव.**) ઉપરોક્ત ચર્ચા દ્વારા ફલિત થાય છે કે સ્થિતિ નામનું કાર્ય પણ આકાશ દ્વારા સંભવી શકે તેમ નથી. તેથી જ વાદિવેતાલ **શ્રીશાંતિસૂરિજી** મહારાજે **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **બૃહદ્વૃત્તિ**માં જણાવેલ છે કે 'આકાશ વગેરે દ્રવ્યો તો અવગાહના આપવી વગેરે પોતપોતાના કાર્યમાં પરોવાયેલા છે. તેથી સ્થિતિ નામનું કાર્ય તેનાથી ઉત્પન્ન થાય તેવી કશી જ શક્યતા રહેલી નથી. આ કારણે સ્થિતિ નામનું કાર્ય અધર્માસ્તિકાય દ્રવ્યનું જ છે - તેમ અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે.' તેથી સ્થિતિનિયામક સ્વરૂપે અવશ્ય અધર્માસ્તિકાય દ્રવ્યનો સ્વીકાર કરવો જોઈએ.

❁ ધર્માસ્તિકાય વિના ગતિનો અસંભવ ❁

(**यथो.**) ગતિ પ્રત્યે આકાશ કે લોકાકાશ અપેક્ષાકારણ બની શકતું નથી. આ વાત દિગંબર જૈન સંપ્રદાયમાં પણ પ્રસિદ્ધ છે. દિગંબર **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર** ગ્રંથમાં જણાવેલ છે કે **'જ્યાં સુધી ધર્માસ્તિકાય** છે ત્યાં સુધી જીવોનું અને પુદ્ગલોનું ગમન જાણો. ધર્માસ્તિકાયના અભાવે તેથી આગળ તેઓ જતાં નથી.'

❁ આકાશ ગતિ-સ્થિતિનું અકારણ : કુંદકુંદસ્વામી ❁

(**तदुक्तं.**) **કુંદકુંદસ્વામી પંચાસ્તિકાયસંગ્રહ** ગ્રંથમાં પણ ઉપરોક્ત વાતને જણાવવા માટે કહે છે કે "જો આકાશ ગતિકારણ અને સ્થિતિકારણ બનવાની સાથે અવકાશને = અવગાહનાને આપે (અર્થાત્

---

1. जीवानां पुद्गलानां गमनं जानीहि यावद्धर्मास्तिकः। धर्मास्तिकायाऽभावे तस्मात्परतो न गच्छन्ति।।

2. आकाशमवकाशं गमनस्थितिकारणाभ्यां ददाति यदि। ऊर्ध्वगतिप्रधानाः सिद्धाः तिष्ठन्ति कथं तत्र ?।। (पञ्चा.९२)

[1]जम्हा उवरिट्ठाणं सिद्धाणं जिणवरेहिं पण्णत्तं। तम्हा गमण-ट्ठाणं आयासे जाण णत्थित्ति।।
[2]जदि हवदि गमणहेदू आगासं ठाणकारणं तेसिं। पसजदि अलोगहाणी लोगस्स य अंतपरिवुड्ढी।।
[3]तम्हा धम्माधम्मा गमण-ट्ठिदिकारणाणि णागासं। इदि जिणवरेहिं भणिदं लोगसहावं सुणंताणं।।"

(पञ्चा.९२-९५) इति।

यथोक्तं **विशेषावश्यकभाष्ये**ऽपि [4]"किं सिद्धालयपरओ न गई ? धम्मत्थिकायविरहाओ।
सो गइउवग्गहकरो लोगम्मि, जम्मत्थि नाऽलोए।।" (वि.आ.भा.१८५०)
[5]"निरणुग्गहत्तणाओ न गई परओ जलादिव झसस्स।
जो गमणाणुग्गहिया सो धम्मो लोगपरिमाणो।।" (वि.आ.भा.१८५४) इत्यादिकम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'सिद्धोर्ध्वगतौ धर्मद्रव्यस्य अपेक्षाकारणता' इति कृत्वा यदा

જો આકાશ અવકાશહેતુ પણ હોય અને ગતિ-સ્થિતિહેતુ પણ હોય) તો ઊર્ધ્વગતિપ્રધાન એવા સિદ્ધ ભગવંતો કઈ રીતે આકાશમાં સ્થિર રહી શકે ? (અર્થાત્ સિદ્ધો આગળ ગતિ કેમ ન કરે ? કરે જ.) કારણ કે જિનેશ્વર ભગવંતોએ સિદ્ધ ભગવંતોનું સ્થાન સૌથી ઉપર જણાવેલું છે. તેથી આકાશમાં ગતિ કે સ્થિતિ(ની કારણતા) નથી રહેતી - તેમ તમારે જાણવું. જો સિદ્ધની ગતિનું કારણ તથા સ્થિતિનું કારણ આકાશ હોય તો અલોકનો ઉચ્છેદ થઈ જશે. તથા લોકનો છેડો આગળ વધી જશે. પરંતુ આવું તો થતું નથી. તેથી ગતિનું કારણ ધર્માસ્તિકાય છે અને સ્થિતિનું કારણ અધર્માસ્તિકાય છે. આકાશ ગતિનું કે સ્થિતિનું કારણ નથી - એ પ્રમાણે લોકસ્વભાવને સાંભળનારા શ્રોતાઓ સમક્ષ જિનેશ્વર ભગવંતોએ જણાવેલ છે."

❯ ધર્મદ્રવ્ય ન હોવાથી અલોકમાં અગતિ ❮

(यथो.) **विशेषावश्यकभाष्य** ગ્રંથમાં પણ **श्रीजिनभद्रगणिक्षमाश्रमणे** પ્રશ્નોત્તરપૂર્વક નીચે મુજબ જણાવેલ છે

प्रश्न :- 'સિદ્ધશિલાથી આગળ ઉપર સિદ્ધોની ગતિ કેમ થતી નથી ?'

प्रत्युत्तर :- 'ધર્માસ્તિકાય ન હોવાથી સિદ્ધશિલાથી આગળ અલોકમાં સિદ્ધોની ગતિ થતી નથી. લોકાકાશમાં થતી દ્રવ્યગતિ પ્રત્યે ઉપકાર કરનાર ધર્માસ્તિકાય છે. અલોકાકાશમાં ધર્માસ્તિકાય નથી. માટે સિદ્ધોની ત્યાં ગતિ નથી. જેમ પાણીની બહાર માછલાની ગતિ નથી તેમ ગતિસહાયક ન હોવાથી લોકની બહાર જીવાદિની ગતિ નથી. જે ગતિસહાયક છે તે ધર્માસ્તિકાય છે. તે લોકપ્રમાણ છે.'

❊ सूक्ष्म कृतज्ञतापरिणतिने प्रगटावीओ ❊

आध्यात्मिक उपनय :- 'સિદ્ધની ઊર્ધ્વગતિમાં ધર્માસ્તિકાય અપેક્ષાકારણ છે' - આનાથી એવું સિદ્ધ

---

1. यस्मादुपरिस्थानं सिद्धानां जिनवरैः प्रज्ञप्तम्। तस्माद् गमनस्थानमाकाशे जानीहि नास्तीति।। (पञ्चा.९३)
2. यदि भवति गमनहेतुराकाशं स्थानकारणं तेषाम्। प्रसजत्यलोकहानिर्लोकस्य चान्तपरिवृद्धिः।। (पञ्चा.९४)
3. तस्माद्धर्माधर्मौ गमनस्थितिकारणे नाऽऽकाशम्। इति जिनवरैः भणितं लोकस्वभावं शृण्वताम्।। (पञ्चा.९५)
4. किं सिद्धालयपरतो न गतिः ? धर्मास्तिकायविरहात्। स गत्युपग्रहकरो लोके यदस्ति नाऽलोके।।
5. निरनुग्रहत्वाद् न गतिः परतो जलादिव झषस्य। यो गमनानुग्रहीता स धर्मो लोकपरिमाणः।।

वयं कर्ममुक्ताः सम्भूय सिद्धशिलां गमिष्यामः तदाऽपि धर्मद्रव्यमस्मदनुग्राहकं भविष्यति। एनं धर्मद्रव्योपकारं चेतसिकृत्य सूक्ष्मा कृतज्ञतापरिणतिः नास्माभिः मोक्तव्या इत्युपदिश्यते आध्यात्मिक-दृष्ट्या।

इत्थञ्च क्रमेण "अयोगिकेवली निःशेषितमलकलङ्कोऽवाप्तशुद्धनिजस्वभाव ऊर्ध्वगतिपरिणामस्वाभाव्यात् निवातप्रदेशप्रदीपशिखावद् ऊर्ध्वं गच्छति एकसमयेन आलोकान्तात्। विनिर्मुक्ताऽशेषबन्धनस्य प्राप्तनिजस्वरूपस्य आत्मनो लोकान्ते अवस्थानं मोक्षः" (स.त.काण्ड-३/का.६३, पृ.७३६) इति **सम्मतितर्कवृत्तौ** दर्शितरीत्या मोक्षमात्मार्थी लभते।।१०/६।।

થાય છે કે કર્મમુક્ત થઈને ચૌદ રાજલોકના છેડે સિદ્ધશિલાની ઉપર પહોંચવા માટે પણ ધર્માસ્તિકાય દ્રવ્ય આપણું અનુગ્રાહક બનશે. ધર્માસ્તિકાય દ્રવ્યનું આ ઋણ નજર સમક્ષ રાખીને તેના પ્રત્યેની સૂક્ષ્મ કૃતજ્ઞતાપરિણતિ આપણે ચૂકી ન જઈએ તેવો આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે.

❖ મોક્ષસ્વરૂપની વિચારણા ❖

(इत्थ.) આ રીતે ક્રમશઃ મોક્ષ માર્ગે આગળ વધતાં **સમ્મતિતર્કવૃત્તિ**માં બતાવેલી પદ્ધતિએ આત્માર્થી સાધક મોક્ષને મેળવે છે. ત્યાં જણાવેલ છે કે 'તમામ કર્મમલકલંકને દૂર કરીને પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ મેળવીને અયોગી કેવલજ્ઞાની મહાત્મા ઊર્ધ્વગતિપરિણામના સ્વભાવથી પવનશૂન્ય સ્થાનમાં રહેલા દીવાની જ્યોતિની જેમ ઊર્ધ્વ ગમન કરે છે. તે એક સમયમાં ઊર્ધ્વલોકના છેડે પહોંચી જાય છે. તમામ બંધનમાંથી છૂટીને પોતાના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્મા ઊર્ધ્વલોકના છેડે રહે તે જ મોક્ષ છે.' (૧૦/૬)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ બીજાને ભૂલની સજા કરી પોતાની જાતને મલિન કરે છે.**

  શ્રદ્ધા બીજાની ભૂલ માફ કરી પોતાની જાતને સાફ કરે છે.

- **સાધના ઘણી વાર બીજાનું ગતાનુગતિક અનુકરણ કરે છે.**

  ઉપાસના નિત્ય નવી કેડી રચે છે, પ્રભુ પાસે પહોંચવાની.

હવઈ અધર્માસ્તિકાયનઈ વિષઈ પ્રમાણ દેખાડઈ છઈ -

જો થિતિહેતુ અધર્મ ન ભાખિઈ, તો નિત્ય થિતિ કોઈ ઠાણિ♦;
ગતિ વિન હોવઈ રે પુદ્ગલ-જંતુની, સંભાલો જિનવાણિ ॥૧૦/૭॥ (૧૬૮) સમ.

જો સર્વજીવ-પુદ્ગલસાધારણ **સ્થિતિહેતુ અધર્માસ્તિકાયદ્રવ્ય ન** કહિઈ(=ભાખિઈ), કિંતુ

नन्वस्तु दर्शितबाधकबलाद् गत्यपेक्षाकारणविधया धर्मास्तिकायद्रव्यम्। किन्त्वधर्मास्तिकायाऽनभ्युपगमे किं बाधकं प्रमाणम् ? इत्याशङ्कायामाह - '**स्थिती**'ति।

स्थितिहेतोरभावे स्याद् नित्या स्थितिरपि क्वचित्।
गतिं विना तयोरेव, जिनवाणीं निभालय।।१०/७।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् — स्थितिहेतोः अभावे गतिं विना एव क्वचित् तयोः नित्या अपि स्थितिः स्यात्। (अतः) जिनवाणीं निभालय।।१०/७।।

स्थितिहेतोः = सर्वजीव-पुद्गलसाधारणस्थित्यपेक्षाकारणस्य अधर्मास्तिकायद्रव्यस्य **अभावे** स्वीक्रियमाणे तु स्थितिः निर्निबन्धना स्यात्। तथा च नित्यं सती असती वा सा स्यात्। तदुक्तं **धर्मकीर्त्तिना प्रमाणवार्त्तिके** "नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात्। अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः।।" (प्र.वा.३/३) इति।

अथ जीवादीनां न स्वाभाविकी गतिः। ततश्च गतिकृते धर्मास्तिकायकल्पनाया आवश्यकता।

अवतरणिका :- 'ઉપર જણાવ્યું તે બાધક પ્રમાણના બળથી ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય ભલે સિદ્ધ થાય. પરંતુ અધર્માસ્તિકાય દ્રવ્યનો સ્વીકાર કરવામાં ન આવે તો શું બાધક છે ?' - આવી શંકાનું સમાધાન કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

❋ અધર્માસ્તિકાયનો અસ્વીકાર બાધગ્રસ્ત ❋

શ્લોકાર્થ :- સ્થિતિનો હેતુ ન હોય તો ગતિ વિના ક્યાંક જીવની અને પુદ્ગલની નિત્ય સ્થિતિ હોવાની પણ આપત્તિ આવે. તેથી જિનવાણીને તમે સંભાળો અને સાંભળો. (૧૦/૭)

વ્યાખ્યાર્થ :- સર્વ જીવની અને પુદ્ગલની સાધારણ એવી સ્થિતિ પ્રત્યે અધર્માસ્તિકાય દ્રવ્ય અપેક્ષાકારણ છે. પરંતુ આવા અધર્માસ્તિકાયનો સ્વીકાર કરવામાં ન આવે તો તમામ જીવની અને પુદ્ગલની સ્થિતિ નિર્નિબંધન = નિર્નિમિત્તક બનવાની આપત્તિ આવશે. આમ થવાથી તો જીવાદિ દ્રવ્યની સ્થિતિ કાં નિત્યસત્ હશે કાં નિત્યઅસત્ હશે. કારણ કે **ધર્મકીર્તિ** નામના બૌદ્ધાચાર્યએ **પ્રમાણવાર્તિક** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે વસ્તુ અહેતુક છે તે કાં નિત્યસત્ હોય કાં તો નિત્યઅસત્ હોય. કારણ કે જેને કોઈકની અપેક્ષા હોય છે તે જ કાદાચિત્ક સંભવી શકે છે.' આ આપત્તિના નિવારણ માટે અધર્માસ્તિકાય દ્રવ્યનો સ્વીકાર કરવો જરૂરી છે.

પૂર્વપક્ષ :- (*અથ.*) જીવ વગેરેનો સ્વભાવ ગતિ કરવાનો નથી. જીવની ગતિ સહજ-સ્વતઃ ન હોવાથી ગતિ માટે તેને સહાયક દ્રવ્યની જરૂર પડે. તેથી ગતિ માટે ધર્માસ્તિકાયની કલ્પના જરૂરી

♦ આ.(૧)માં 'જાણ' પાઠ.

"ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવઈ અલોકઈ સ્થિતિભાવ*" - ઇમ કહિઈ **તો** અલોકાકાશઈ **કોઈક સ્થાનઈ ગતિ વિના પુદ્ગલ-(જંતુની=)** જીવ દ્રવ્યની **નિત્ય સ્થિતિ** (હોવઈ=)પામી જોઈઈ.

બીજું, ગતિ-સ્થિતિ સ્વતંત્ર પર્યાયરૂપ છઈ, જિમ ગુરુત્વ-લઘુત્વ. એકનઈ એકાભાવરૂપ કહતાં,

---

परं गतिविरहे तेषां स्थितेः स्वाभाविकत्त्वम्। अतः न तदर्थं सहायकद्रव्यकल्पनाऽऽवश्यकी। इत्थं धर्मास्तिकायोपगृहीताया गतेरभाव एव स्थितिरिति स्थितिकृते नाऽधर्मकल्पनाऽऽवश्यकीति **चेत्** ?

न, एवं सति **क्वचिद्** = अलोकाकाशे **तयोः** = जीव-पुद्गलयोः **गतिं विना एव** = धर्मास्तिकायाभावप्रयुक्तगत्यभावादेव **नित्या अपि स्थितिः स्यात्** = प्रसज्येत।

किञ्च, गुरुत्व-लघुत्वयोरिव गति-स्थित्योः स्वतन्त्रपर्यायरूपतैव शास्त्रकृतां समाम्नाता, न तु गतेरभावः = स्थितिः, अन्यथा विनिगमनाविरहेण कस्मात् स्थित्यभावस्य गतिरूपता न स्यात् ? न हि 'गतेरेव भावरूपता न तु स्थितेः' इत्यत्र किञ्चित् प्रमाणमस्ति।

છે. પરંતુ ગતિ ન હોય ત્યારે સ્થિતિ સહજ હોય, સ્વતઃ હોય. તેથી તેના માટે સહાયક દ્રવ્યની આવશ્યકતા નથી. આમ ગતિ સ્વાભાવિક ન હોવાથી ધર્માસ્તિકાયદ્રવ્ય જીવ-અજીવની ગતિમાં સહાય કરે છે. તેથી ધર્માસ્તિકાયથી ઉપકૃત એવી ગતિનો અભાવ એ જ સ્થિતિ છે. તેથી ગતિના અભાવ સ્વરૂપ સ્થિતિની સંગતિ કરવા અધર્માસ્તિકાયની કલ્પના આવશ્યક નથી. જેમ નૈયાયિકમતે પ્રકાશનો અભાવ એ જ અંધકાર છે, તેમ અમારા મતે ગતિનો અભાવ એ જ સ્થિતિ છે. તેથી સ્થિતિના કારણની આવશ્યકતા રહેતી નથી.

❁ ગતિનો અભાવ સ્થિતિ નથી ❁

ઉત્તરપક્ષ :- (**न, एवं.**) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે ગતિના અભાવને સ્થિતિ માનવામાં આવે તો અલોકાકાશમાં ધર્માસ્તિકાય ન હોવાથી ધર્માસ્તિકાયઅભાવપ્રયુક્ત ગતિઅભાવ હોવાના કારણે જ ત્યાં જીવની અને પુદ્ગલની નિત્ય એવી પણ સ્થિતિ સિદ્ધ થવાની આપત્તિ આવશે. કારણ કે તમે ગતિઅભાવને જ સ્થિતિ માનો છો. જેમ નૈયાયિકમતે જ્યાં પ્રકાશ ન હોય ત્યાં પ્રકાશઅભાવાત્મક અંધકાર અવશ્ય હોય છે તેમ અલોકાકાશમાં જીવની અને પુદ્ગલની ગતિ ન હોવાથી ત્યાં જીવ અને પુદ્ગલની સ્થિતિ માનવાની આપત્તિ અનિવાર્ય બને છે. તથા અલોકાકાશમાં ક્યારેય પણ ધર્માસ્તિકાય ન હોવાથી ત્યાં કાયમ જીવની ગતિનો અભાવ હોય છે. તેથી જીવની અને પુદ્ગલની ગતિશૂન્યતાસ્વરૂપ સ્થિતિને કાયમ અલોકાકાશમાં માનવાની આપત્તિ દુર્વાર બનશે.

❁ ગતિ-સ્થિતિ સ્વતન્ત્ર પર્યાય છે ❁

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે 'જેમ ગુરુત્વ અને લઘુત્વ આ બન્ને સ્વતંત્ર પર્યાયો છે, તેમ ગતિ અને સ્થિતિ પણ સ્વતંત્ર પર્યાય જ છે' - આ પ્રમાણે જૈન શાસ્ત્રકારોને માન્ય છે. પરંતુ 'ગતિનો અભાવ = સ્થિતિ' - આવું જૈન શાસ્ત્રકારોને માન્ય નથી. બાકી તો વિનિગમક (અન્યતરપક્ષનિર્ણાયક તર્ક) ન હોવાથી જેમ ગતિનો અભાવ સ્થિતિ કહેવાય છે, તેમ સ્થિતિનો અભાવ ગતિ કેમ ન કહેવાય ? કારણ કે 'ગતિ જ ભાવસ્વરૂપ છે, પરંતુ સ્થિતિ ભાવસ્વરૂપ નથી' - આ બાબતમાં કોઈ પ્રમાણ વિદ્યમાન નથી.

---

* પુસ્તકોમાં 'સ્થિત્યભાવ' અશુદ્ધપાઠ.

વિશેષગ્રાહક પ્રમાણ નથી. તે માટઈ કાર્યભેદઈ અપેક્ષાકારણદ્રવ્યભેદ અવશ્ય માનવો.

♦ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવઈ સ્થિતિભાવ❑ કહી, *નિરંતર સ્થિતિહેતુ અધર્માસ્તિકાય ન કહીએ = * અધર્માસ્તિકાય અપલપિઈ; તો અધર્માસ્તિકાયાભાવપ્રયુક્તસ્થિત્યભાવઈ● ગતિભાવ♦ કહી ધર્માસ્તિકાયનો પણિ અપલાપ થાઈ.

एतेन तमसः तेजोऽभावरूपताऽपि ***प्रत्याख्याता,*** विनिगमनाविरहेण तेजसोऽन्धकाराभावरूपतापत्तेः। तस्मात् प्रकृते गति-स्थितिपदवाच्ययोः उभयोरपि भावरूपतैव स्वीकर्तव्या। इत्थं विशेषग्राहकप्रमाणतः गति-स्थितिलक्षणकार्यभेदेन तदपेक्षाकारणद्रव्यभेदसिद्धिरपि अनाविलैव।

यदि च स्थित्यपेक्षाकारणं धर्मास्तिकायाभावः धर्मास्तिकायद्रव्याभावप्रयुक्तगत्यभावात्मकश्च स्थितिभाव इत्युक्त्याऽधर्मास्तिकायद्रव्यमपलप्यते ***तर्हि*** गत्यपेक्षाकारणमधर्मास्तिकायाभावः अधर्मास्तिकायाभावप्रयुक्तस्थित्यभावात्मकश्च गतिभाव इत्युक्त्या धर्मास्तिकायद्रव्यमपलपतो मुखं पिधातुमशक्यमेव स्यात्, युक्तेरुभयत्रैव तुल्यत्वात्।

(एतेन.) આ રીતે વિનિગમનાવિરહને કહેવાથી 'અંધકાર પ્રકાશઅભાવ સ્વરૂપ છે' - આવી નૈયાયિકની માન્યતાનું પણ નિરાકરણ થઈ જાય છે. કારણ કે વિનિગમક તર્ક ન હોવાથી પ્રકાશને અંધકારઅભાવ સ્વરૂપ માનવાની આપત્તિ નૈયાયિકના પક્ષમાં મોઢું ફાડીને ઉભી જ રહે છે. તેથી પ્રસ્તુતમાં 'ગતિ' શબ્દનો વાચ્યાર્થ અને 'સ્થિતિ' શબ્દનો વાચ્યાર્થ - આ બન્નેય ને ભાવસ્વરૂપ જ માનવા જરૂરી છે. આમ ભેદગ્રાહક પ્રમાણની અપેક્ષાએ ગતિ અને સ્થિતિ સ્વરૂપ કાર્ય જુદા જુદા = સ્વતંત્ર હોવાથી તે બન્નેના અપેક્ષાકારણભૂત દ્રવ્ય પણ જુદા જુદા સિદ્ધ થાય છે. આમ ગતિનિમિત્તકારણ સ્વરૂપ ધર્માસ્તિકાય અને સ્થિતિનિમિત્તકારણ સ્વરૂપ અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યમાં ભેદની સિદ્ધિ પણ અવ્યાહત જ છે.

❖ ધર્મ-અધર્મદ્રવ્યના પરસ્પર અપલાપની આપત્તિ ❖

(यदि च.) *જો ધર્માસ્તિકાયના અભાવને સ્થિતિનું અપેક્ષાકારણ માનવામાં આવે અને ધર્માસ્તિકાય* દ્રવ્યના અભાવથી પ્રયુક્ત એવા ગતિઅભાવને જ જો સ્થિતિ કહેવામાં આવે તથા આ રીતે સ્થિતિની સંગતિ કરીને અધર્માસ્તિકાયદ્રવ્યનો અપલાપ કરવામાં આવે તો 'અધર્માસ્તિકાયનો અભાવ ગતિનું અપેક્ષાકારણ છે તથા અધર્માસ્તિકાયદ્રવ્યના અભાવથી પ્રયુક્ત તેવો સ્થિતિઅભાવ એ જ ગતિપર્યાય છે' - આવું કહેવા દ્વારા ગતિની સંગતિ કરીને ધર્માસ્તિકાય દ્રવ્યનો અપલાપ કરનાર માણસનું મોઢું બંધ કરવું તમારા માટે અશક્ય જ બની જશે. કારણ કે યુક્તિ તો બન્ને પક્ષમાં તુલ્ય જ છે. તેથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બન્નેને સ્વતન્ત્ર દ્રવ્ય તરીકે માનવા જરૂરી છે.

ઉપરોક્ત દોષનું નિરાકરણ કરવા માટે અધર્માસ્તિકાયને નહિ માનનારા નીચે મુજબ દલીલ કરે છે.

♦ પુસ્તકોમાં અહીં 'ધર્માસ્તિકાયાભાવરૂપ કહતાં' આટલો પાઠ વધુ છે જે અનાવશ્યક અને ભ્રામક છે. કો.(૯+૧૦+૧૧) + સિ. + લા.(૨) મુજબ પાઠ લીધેલ છે. ❑ લી.(૧+૨+૩)માં 'સ્થિત્યભાવ' અશુદ્ધ પાઠ. *....* ચિહ્નદ્વયમધ્યવર્તીપાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. ● પુસ્તકોમાં 'સ્થિતિભાવઈ' અશુદ્ધ પાઠ. કો.(૯+૧૦+૧૧+૧૩) + સિ.નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'ગત્યભાવ' અશુદ્ધ પાઠ.

નિરંતરગતિસ્વભાવઈ દ્રવ્ય ન કીધું જોઈઈ, તો નિરંતર સ્થિતિસ્વભાવ પણિ કિમ કીજઇ ?
▸**જો** નિરંતર **સ્થિતિહેતુ અધર્મ** દ્રવ્ય **ન ભાષીઈ** = ન કહીઈ તો સ્થિતિનો હેતુ કુણ કહીઈ ?◂

ननु अधर्मास्तिकायाऽभावप्रयुक्तस्थित्यभावात्मकश्चेदयं गतिभावः तर्हि सर्वदा अलोकेऽधर्मास्तिकायविरहाद् निरन्तरगतिस्वभावशालि द्रव्यं प्रसज्येत। न चागमे अलोके निरन्तरगतिमद्द्रव्यं प्रोक्तमिति ***चेत्*** ?

तर्हि धर्मास्तिकायविरहप्रयुक्तगत्यभावात्मकस्थितिभावाऽभ्युपगमपक्षोऽपि त्यज्यताम्, अलोके नित्यं धर्मास्तिकायविरहेण निरन्तरस्थितिस्वभावशालिद्रव्यापत्तेः। न चागमेऽलोके निरन्तरस्थितिस्वभावं द्रव्यं प्रोक्तम्, युक्तेरुभयत्र तुल्यत्वात्। ततश्च धर्मास्तिकायविरहप्रयुक्तगत्यभावलक्षणस्थितिस्वभावकल्पना नार्हति। अतः स्वतन्त्रस्थितिपर्यायप्रयुक्ता अधर्मास्तिकायद्रव्यगोचरा कल्पना आवश्यकी।

यदि च सिद्धादिनिरन्तरस्थितिहेतुरूपेण अधर्मास्तिकायद्रव्यं नाऽभ्युपगम्यते ***तर्हि*** कस्य स्थितिहेतुत्वम् ? ***न च*** धर्मास्तिकायविरहस्य स्थितिहेतुतेति ***वाच्यम्,*** धर्मास्तिकायस्य समग्रलोकव्यापितया

❋ ગતિ-સ્થિતિમાં પ્રતિબંદિ ❋

દલીલ :- (ननु.) અધર્માસ્તિકાયના અભાવથી પ્રયુક્ત સ્થિતિઅભાવસ્વરૂપ ગતિભાવને માનવાની જે કલ્પના તમે વિનિગમનાવિરહથી દેખાડી હતી તે માન્ય બની શકે તેમ નથી. કારણ કે જો તેવું માનવામાં આવે તો અલોકાકાશમાં સર્વદા અધર્માસ્તિકાયનો અભાવ હોવાથી નિરન્તર ગતિસ્વભાવવાળા દ્રવ્યને માનવાની આપત્તિ આવશે. પરંતુ આગમમાં તો અલોકાકાશમાં નિરન્તરગતિવાળું કોઈ પણ દ્રવ્ય જણાવેલ નથી. આગમમાં ન જણાવેલી બાબતને માનવી પડે તેવી કલ્પના કરવી વ્યાજબી નથી.

સમાધાન :- (तर्हि.) જો આગમવિરુદ્ધ નિરન્તરગતિશીલ દ્રવ્યની અલોકમાં કલ્પના કરવાની આપત્તિથી અધર્માસ્તિકાયવિરહપ્રયુક્ત સ્થિતિઅભાવને ગતિ માની ન શકાય તો ધર્માસ્તિકાયઅભાવપ્રયુક્ત ગતિઅભાવસ્વરૂપ સ્થિતિને પણ કેમ માની શકાય ? કારણ કે એવું માનવામાં અલોકમાં કાયમ ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી નિરન્તરસ્થિતિસ્વભાવવાળું દ્રવ્ય માનવાની આપત્તિ આવશે. પરંતુ અલોકાકાશમાં નિરન્તરસ્થિતિસ્વભાવવાળું દ્રવ્ય આગમમાં બતાવેલ નથી. તેથી ધર્માસ્તિકાયઅભાવપ્રયુક્ત ગતિઅભાવસ્વરૂપ સ્થિતિને માનવાનો પક્ષ છોડવો જ પડશે. યુક્તિ તો બન્ને પક્ષમાં સમાન છે. આમ ધર્માસ્તિકાયઅભાવપ્રયુક્ત ગતિવિરહસ્વરૂપ સ્થિતિ કે અધર્માસ્તિકાયઅભાવપ્રયુક્ત સ્થિતિવિરહસ્વરૂપ ગતિ - આમાંથી એક પણ પક્ષ માન્ય ન કરાય. તેથી ગતિની જેમ સ્થિતિને પણ સ્વતંત્ર પર્યાય માનવી ઉચિત છે. માટે સ્વતંત્રપર્યાયસ્વરૂપ સ્થિતિના નિમિત્તે અધર્માસ્તિકાય દ્રવ્યની કલ્પના જરૂરી છે.

❀ સાંતર-નિરંતર સ્થિતિનું કારણ અધર્માસ્તિકાય ❀

(यदि.) તથા જો સિદ્ધ ભગવંત વગેરેની નિરંતર સ્થિતિના હેતુ તરીકે અધર્માસ્તિકાય નામના દ્રવ્યને તમે માનતા ન હો તો સ્થિતિનું કારણ કોણ બનશે ? સ્થિતિ એ કાર્ય હોવાથી તેનું કોઈક કારણ તો માનવું જ પડશે. ધર્માસ્તિકાયના અભાવને તો સ્થિતિનો હેતુ કહી શકાતો જ નથી. કેમ કે ધર્માસ્તિકાય

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૩)માંથી લીધો છે.

તે માટઈ શ્રી **જિનવાણી**નો પરમાર્થ □**સાંભલી**નઈ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય એ ૨ દ્રવ્ય અસંકીર્ણસ્વભાવઈ માનવાં. ॥૧૦/૭॥

लोके तदभावस्य विरहाद् धर्मास्तिकायविरहस्य स्थितित्वावच्छिन्नेऽपेक्षाकारणत्वाऽयोगात्। ततश्च घट-पटादिसान्तरस्थितिं सिद्धादिनिरन्तरस्थितिं प्रति चाऽधर्मास्तिकायस्याऽपेक्षाकारणत्वमागमोक्तमुचितमेव। इत्थञ्च गति-स्थित्योः स्वतन्त्रपर्यायत्वेन तदपेक्षाकारणविधया यथाक्रमं मिथोऽसङ्कीर्णधर्माऽधर्मद्रव्यद्वयकल्पनैव श्रेयसी इति **जिनवाणीं निभालय**।

इह स्थले **द्रव्यानुयोगतर्कणायां भोजकविना** स्खलितं तत् प्राज्ञैः पर्यालोचनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् — मुक्तात्मन आनन्द इव गति-स्थितिपर्यायौ नान्यद्रव्यनिरपेक्षौ। ***यद्यपि*** निश्चयतः सिद्धगति-स्थितिपर्याययोः स्वकीयत्वेन स्वाधीनत्वमेव ***तथापि*** व्यवहारतः परापेक्षत्वमिति सिद्धदशायामप्यस्मासु धर्मादिद्रव्यानुग्राह्यत्वमिति न विस्मर्तव्यम्। इत्थं यथोचितरीत्या प्रत्येकं पदार्थेषु न्यायार्पणाद् आध्यात्मिकदशा परिपूर्णतया प्रादुर्भवति। ततश्च महामुनिः **द्वात्रिंशिकायां** दर्शितं "भवप्रपञ्चरहितं परमानन्दमेदुरं" (द्वा.प्र.२५/३२) सिद्धस्थानं लभते।।१०/७।।

તો સમગ્ર લોકાકાશમાં વ્યાપ્ત હોવાથી ૧૪ રાજલોકમાં તેનો અભાવ નથી હોતો. તેથી ધર્માસ્તિકાયના અભાવને સ્થિતિસામાન્ય પ્રત્યે = સર્વસ્થિતિ પ્રત્યે અપેક્ષાકારણ માની ન શકાય. વ્યતિરેક વ્યભિચારના લીધે ધર્માસ્તિકાયને સ્થિતિત્વઅવચ્છિન્નનું કારણ ન કહેવાય. તેથી ઘટ-પટ વગેરે પદાર્થની સાંતર સ્થિતિ પ્રત્યે તથા સિદ્ધ ભગવંત વગેરે પદાર્થની નિરંતર સ્થિતિ પ્રત્યે અધર્માસ્તિકાયને અપેક્ષાકારણ માનવાનો સિદ્ધાન્તપક્ષ વ્યાજબી જ છે. આ રીતે ગતિનો અભાવ સ્થિતિ નથી અને સ્થિતિનો અભાવ ગતિ નથી. પરંતુ ગતિ અને સ્થિતિ બન્ને સ્વતન્ત્ર પર્યાય જ છે. તેથી તેના અપેક્ષાકારણરૂપે યથાક્રમ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય - આ બે દ્રવ્યની કલ્પના કરવી એ જ હિતકારી છે. આમ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય નામના બે દ્રવ્યને સ્વીકારવા જરૂરી છે. આ પ્રમાણે શ્રીજિનવાણીને તમે આદરપૂર્વક સંભાળો, સાંભળો.

(इह.) આ સ્થળે **દ્રવ્યાનુયોગતર્કણા**માં **ભોજકવિ**એ સ્ખલના કરી છે. તે અંગે પ્રાજ્ઞ પુરુષોએ સ્વયં પરામર્શ કરવો.

❀ દરેકને યોગ્ય ન્યાય આપીએ ❀

આધ્યાત્મિક ઉપનય :- સિદ્ધ ભગવંતનો આનંદ પર્યાય જે રીતે અન્ય દ્રવ્યથી નિરપેક્ષ છે, તે રીતે ગતિ અને સ્થિતિ પર્યાય નિરપેક્ષ નથી_પરંતુ પરદ્રવ્યસાપેક્ષ છે. જો કે નિશ્ચયથી ગતિ-સ્થિતિ નામના પર્યાય સિદ્ધ ભગવંતના પોતાના જ હોવાથી તે પર્યાય સ્વસાપેક્ષ છે. પરંતુ વ્યવહારથી ગતિ-સ્થિતિ પર્યાય પરસાપેક્ષ છે. આમ સિદ્ધદશામાં પણ ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યના આપણા ઉપર થનાર ઉપકાર આપણી નજર બહાર નીકળી જવા ન જોઈએ. આ રીતે દરેક પદાર્થને યથોચિત રીતે ન્યાય આપવાથી જ આધ્યાત્મિક દશા પરિપૂર્ણપણે પાંગરે. તેના લીધે **દ્વાત્રિંશિકા**માં **મહોપાધ્યાયજી**એ દર્શાવેલ સંસારના પ્રપંચથી શૂન્ય અને પરમાનંદથી પુષ્ટ એવા સિદ્ધોની દુનિયાને મહામુનિ મેળવે છે.(૧૦/૭)

□ પુસ્તકોમાં 'સંભાલી...' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે.

હવઇ આકાશદ્રવ્યનું લક્ષણ કહઇ છઈ -

સર્વ દ્રવ્યનઈ રે જે ♦દિઈ સર્વદા, સાધારણ અવકાશ;
લોક-અલોક પ્રકારઈ ભાખિઉં, તેહ દ્રવ્ય આકાશ ॥૧૦/૮॥ (૧૬૯) સમ.

સર્વ દ્રવ્યનઈ જે સર્વદા = સદા✡ **સાધારણ અવકાશ દિઈ**, તે અનુગત એક **આકાશાસ્તિકાય** સર્વાધાર કહિયઈ.

अधुनाऽवसरसङ्गतिप्राप्तमाकाशास्तिकायद्रव्यं लक्षणद्वारा निरूपयति - '**सर्वे**'ति।

सर्वद्रव्येऽवकाशं यद् दत्ते साधारणं सदा।
द्रव्यं तद् गगनं ज्ञेयं लोकाऽलोकतया द्विधा।।१०/८।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् - सर्वद्रव्ये साधारणम् अवकाशं यत् सदा दत्ते तद् द्रव्यं गगनं ज्ञेयम्। (तच्च) लोकाऽलोकतया द्विधा (ज्ञेयम्)।।१०/८।।

सर्वद्रव्ये = द्रव्यत्वावच्छिन्ने **सदा** = सर्वदा **साधारणम्** = अनुगतम् **अवकाशम्** = अवगाहं **यद् द्रव्यं दत्ते तद्** एकं **गगनम्** = आकाशास्तिकायद्रव्यं **ज्ञेयम्**। तदुक्तं **भगवत्याम्** [1] "आगासत्थिकाए णं जीवदव्वाण य अजीवदव्वाण य भायणभूए। एगेणवि से पुन्ने दोहिवि पुन्ने सयंपि माएज्जा। कोडिसएणवि पुन्ने कोडिसहस्संपि माएज्जा। अवगाहणालक्खणे णं आगासत्थिकाए" (भ.सू.१३/४/४८१) इति। एतदनुसारेण **परमात्मप्रकाशवृत्तौ ब्रह्मदेवेन** "एकजीवावगाहप्रदेशे अनन्तजीवावगाहदानसामर्थ्यम् अवगाहनत्वं

अवतरणिका :- ધર્માસ્તિકાયદ્રવ્યનું અને અધર્માસ્તિકાયદ્રવ્યનું નિરૂપણ પૂર્ણ થયું. હવે આકાશાસ્તિકાય દ્રવ્યનું નિરૂપણ કરવાનો અવસર પ્રાપ્ત થયેલ છે. તેથી ગ્રંથકારશ્રી અવસરસંગતિપ્રાપ્ત આકાશાસ્તિકાય દ્રવ્યનું લક્ષણ દ્વારા નિરૂપણ કરે છે :-

✡ આકાશનું નિરૂપણ ✡

શ્લોકાર્ધ :- સર્વ દ્રવ્યમાં સાધારણ એવા અવગાહને જે દ્રવ્ય સર્વદા આપે છે, તે દ્રવ્યને આકાશ તરીકે જાણવું. લોક અને અલોક રૂપે તેના બે ભેદ જાણવા. (૧૦/૮)

વ્યાખ્યાર્થ :- દ્રવ્યત્વઅવચ્છિન્નમાં = સર્વ દ્રવ્યમાં સર્વદા સાધારણ = અનુગત એવા અવગાહને જે દ્રવ્ય આપે છે તેને આકાશાસ્તિકાય દ્રવ્ય તરીકે જાણવું. તેથી **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'આકાશાસ્તિકાય જીવદ્રવ્યના અને અજીવદ્રવ્યના આધારસ્વરૂપ છે. એક દ્રવ્યથી પણ તે આકાશ પૂર્ણ થાય છે. બે દ્રવ્યથી પણ તે પૂર્ણ થાય છે. આકાશમાં સેંકડો ચીજ પણ સમાઈ જાય છે. કોટિશત વસ્તુઓથી પણ આકાશ ભરાયેલું હોય છે. તથા તેમાં કોટિસહસ્ર વસ્તુઓ પણ સમાઈ જાય છે. (કારણ કે) આકાશાસ્તિકાયનું લક્ષણ અવગાહના છે.' આને અનુસરીને **પરમાત્મપ્રકાશવૃત્તિ**માં **બ્રહ્મદેવજી**એ 'એક જીવને રહેવાના આકાશપ્રદેશમાં અનંત જીવોને રહેવા માટે અવકાશ આપવાનું સામર્થ્ય એ અવગાહનત્વ

♦ સિ.માં 'દિં' પાઠ. ✡ ફક્ત લા.(૨)માં 'સદા' છે. 1. आकाशास्तिकायः णं जीवद्रव्याणां च अजीवद्रव्याणां च भाजनभूतः। एकेन अपि सः पूर्णः द्वाभ्याम् अपि पूर्णः शतम् अपि मायात्। कोटिशतेन अपि पूर्णः कोटिसहस्रम् अपि मायात्। अवगाहनालक्षणः णं आकाशास्तिकायः।

भण्यते" (प.प.६१/पृ.६७) इत्युक्तमिति सम्भाव्यते।

"अवगाहना हि न संयोगदानम् उपग्रहो वा, अन्यसाधारणत्वात्, किन्तु आधारत्वपर्यायः" (स्या.रह. का.११/खण्ड-३/पृ.६८६) इति मध्यमपरिमाण**स्याद्वादरहस्ये यशोविजय**वाचकेन्द्राः।

ततश्च सर्वद्रव्याधारतयाऽनुगतैकाकाशद्रव्यं सिध्यतीति प्रकृते तात्पर्यम्। तथाहि – 'पक्षि-पशु-पुष्प-पृथिवी-पुत्तलिका-पुरुष-पुरन्दराद्याधारतानिरूपितोपादानकारणता किञ्चिद्धर्मावच्छिन्ना, कारणतात्वात्, घटादिकारणतावदि'त्यनुमानप्रयोगाद् लाघवेन सर्वद्रव्यनिष्ठाधेयतानिरूपितसाधारणाऽऽधारताकारणतावच्छेदकधर्माश्रयविधयाऽनुगतैकाऽविनश्वराऽऽकाशद्रव्यसिद्धिरनाविला।

अथ 'इह पक्षी, नेह पक्षी' इत्यादिप्रत्ययविषयीभूते आलोकमण्डले आकाशलक्षणातिव्याप्तिः

કહેવાય છે' - આ પ્રમાણે જણાવેલ હોય તેમ સંભવે છે.

❖ અવગાહના એટલે આધારતાપર્યાય ❖

("**अवगा**.) પ્રસ્તુતમાં "અવગાહના એટલે અન્યદ્રવ્યને સંયોગનું દાન કરવું તેમ ન સમજવું અથવા તો સમીપ રહીને અન્ય દ્રવ્યનો સ્વીકાર કરવો તે પણ 'અવગાહના' શબ્દનો અર્થ નથી. આનું કારણ એ છે કે આકાશ સિવાયના ઘર, દુકાન, આશ્રમ, ઉપાશ્રય વગેરે દ્રવ્યો પણ પરદ્રવ્યને સંયોગ આપવાનું કામ કે નજીક રહીને પર દ્રવ્યને સ્વીકારવાનું કામ કરે જ છે. તેથી તેને અવગાહના કહી ન શકાય. બાકી તો આકાશના લક્ષણની ઘર, દુકાન, આશ્રમ વગેરેમાં પણ અતિવ્યાપ્તિ આવે. તેથી અવગાહના સંયોગદાન સ્વરૂપ કે ઉપગ્રહ સ્વરૂપ નથી. પરંતુ આધારતા નામનો પર્યાય એ જ અવગાહના છે. અને તે જ આકાશ દ્રવ્યનું લક્ષણ છે. આકાશ સિવાયના દ્રવ્યો, અન્ય દ્રવ્યોને સંયોગ આપવા છતાં કે અન્ય દ્રવ્યોનો સ્વીકાર કરવા છતાં પણ તેનો આધાર બનતા નથી. સર્વ દ્રવ્યોનો આધાર તો ફક્ત આકાશ દ્રવ્ય જ છે. તેથી આધારતા પર્યાય સ્વરૂપ અવગાહના એ જ આકાશનું લક્ષણ છે" - આ પ્રમાણે **મધ્યમપરિમાણ સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં મહામહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે.

❋ અનુમાન પ્રમાણથી આકાશની સિદ્ધિ ❋

(**ततश्च**.) તેથી 'સર્વ દ્રવ્યના આધારરૂપે એક અનુગત આકાશ દ્રવ્ય સિદ્ધ થાય છે' - તેવું પ્રસ્તુતમાં મહોપાધ્યાયજી મહારાજનું તાત્પર્ય ફલિત થાય છે. તેથી પ્રસ્તુતમાં અનુમાન પ્રમાણથી આકાશ દ્રવ્યની સિદ્ધિ સૂચિત થાય છે. તે અનુમાન પ્રયોગ આ પ્રમાણે જાણવો - પક્ષી, પશુ, પુષ્પ, પૃથ્વી, પૂતળી, પુરુષ, પુરંદર વગેરે પદાર્થોની આધારતાથી નિરૂપિત એવી ઉપાદાનકારણતા (= પક્ષ) કોઈક ગુણધર્મથી અવચ્છિન્ન છે. (= સાધ્ય) કારણ કે તે કારણતા સ્વરૂપ છે. (= હેતુ) જેમ કે ઘટાદિની કારણતા. (= દૃષ્ટાન્ત) આ અનુમાનપ્રયોગ દ્વારા પક્ષી, પશુ વગેરે સર્વ દ્રવ્યની આધારતાની અનુગત કારણતાના અવચ્છેદક ધર્મરૂપે આકાશત્વની સિદ્ધિ થશે. તથા સાધારણ આધારતાની કારણતાના અવચ્છેદક એવા આકાશત્વના આશ્રયરૂપે સિદ્ધ થનાર આકાશદ્રવ્ય લાઘવસહકારથી અનુગત એક નિત્યદ્રવ્ય સ્વરૂપે જાણવું. 'સિદ્ધ્યः પદાર્થ एको नित्यश्चेत् तदा लाघवम्, असति बाधके' આ પ્રમાણે પૂર્વે જણાવેલ ન્યાય દ્વારા પ્રાપ્ત થતા લાઘવના સહકારથી નિત્ય એક આકાશ દ્રવ્યની સિદ્ધિ અવ્યાહત રીતે થાય છે.

પૂર્વપક્ષ :- (**अथ**.) આધારતાપર્યાય સ્વરૂપ અવગાહનાને જો આકાશનું લક્ષણ માનવામાં આવે તો

दुर्वारेति *चेत्* ?

न, 'इह' इत्यादिप्रत्ययेन आलोकमण्डलानुल्लेखात्, तदालोकव्यक्तेरन्यत्र गतावपि तद्दर्शनात्। न चालोकान्तरं तद्विषयः,

'तत्रैव' इति प्रत्यभिज्ञानात्।

*न चा*लोकत्वेनैव तदाधारत्वान्न तदनुपपत्तिरिति *वाच्यम्*,

આલોકમંડલમાં આકાશના લક્ષણની અતિવ્યાપ્તિ દુર્વાર બનશે. કારણ કે આકાશમાં વ્યાપ્ત આલોકમંડલને = સૂર્યપ્રકાશમંડલને ઉદ્દેશીને 'અહીં પક્ષી છે, પેલા ભાગમાં પક્ષી નથી' - આ પ્રમાણે પ્રતીતિ થાય છે. પ્રસ્તુત પ્રતીતિમાં 'અહીં' શબ્દથી પ્રકાશમંડલનો જ ઉલ્લેખ થાય છે. તેથી 'इह' ઈત્યાદિ પ્રતીતિના વિષયભૂત આલોકમંડલમાં આકાશના લક્ષણની અતિવ્યાપ્તિ દુર્વાર બનશે. કારણ કે ઉપરોક્ત પ્રતીતિ આલોકમંડલમાં પક્ષીની આધારતાનું ભાન કરાવે છે.

● પંખીનો આધાર આલોકમંડલ નહિ પણ આકાશ ●

ઉત્તરપક્ષ :- (न, 'इह'.) તમારી દલીલ વ્યાજબી નથી. 'इह' ઈત્યાદિ પ્રતીતિ દ્વારા આલોકમંડલનો ઉલ્લેખ થતો નથી. કારણ કે તે આલોકમંડલ અન્યત્ર જવા છતાં પણ 'इह' ઈત્યાદિ પ્રતીતિ તો અનુભવાય જ છે. તેથી પક્ષીની આધારતારૂપે ઉપરોક્ત પ્રતીતિ આલોકમંડલનું અવગાહન કરતી નથી. તેથી આલોકમંડલમાં આકાશના લક્ષણની અતિવ્યાપ્તિને અવકાશ રહેતો નથી.

પૂર્વપક્ષ :- (न चा.) તે પ્રકાશમંડલ અન્યત્ર જવા છતાં પણ તે સ્થળે અન્ય પ્રકાશમંડલ આવી ચૂકેલ હોવાથી અન્ય પ્રકાશમંડળ 'इह' ઈત્યાદિ પ્રતીતિનો વિષય બને છે. મતલબ કે પ્રકાશ વ્યક્તિ બદલવા છતાં પ્રકાશત્વરૂપે પક્ષીના આધારનો ત્યાં અનુગત બોધ થાય જ છે. તેથી આલોકમંડલત્વરૂપે પક્ષીની આધારતાની કારણતાનો સ્વીકાર કરી શકાય છે. આમ આધારતાપર્યાયસ્વરૂપ અવગાહના આલોકમંડલમાં રહેવાથી આલોકમંડલમાં આકાશના લક્ષણની અતિવ્યાપ્તિ દુર્વાર બનશે.

❯ આલોકમંડલની આધારતા પ્રત્યભિજ્ઞાથી બાધિત ❮

સમાધાન :- ('तत्रै.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે આલોકવ્યક્તિ બદલાવા છતાં પણ 'પક્ષી ત્યાં જ છે' આવી પ્રતીતિ ઊર્ધ્વભાગમાં થાય જ છે. જો પ્રતીતિમાં પક્ષીના આધાર તરીકે આલોકમંડલનું જ ભાન થતું હોય તો આલોકવ્યક્તિ બદલાઈ જતાં 'પંખી હવે ત્યાં નથી, બીજે છે' - આવી પ્રતીતિ થવી જોઈએ. પરંતુ એવી પ્રતીતિ થતી નથી. આથી આલોકમંડલને પક્ષીનો આધાર માની શકાતો નથી. તેથી 'પૂર્વોત્તર કાલમાં પંખીના આધારરૂપે જે પદાર્થનું ભાન થાય છે તે એક જ છે, અન્ય નહિ' - આવું સિદ્ધ થાય છે. પ્રકાશમંડલ બદલાવાના લીધે પૂર્વોત્તરકાલીન પક્ષીઆધારભૂત પદાર્થમાં ઐક્યઅવગાહી પ્રત્યભિજ્ઞાનો તે પ્રકાશમંડલ વિષય બની શકતું નથી. તેથી આલોકમંડલમાં આધારતાપર્યાયસ્વરૂપ આકાશના લક્ષણની અતિવ્યાપ્તિને કોઈ અવકાશ રહેતો નથી.

શંકા :- (न चालोक.) વિભિન્ન આલોકવ્યક્તિને આલોકત્વસામાન્યરૂપે પક્ષીનો આધાર માનવામાં ઉપરોક્ત પ્રત્યભિજ્ઞાની અનુપપત્તિ આવવાનો અવકાશ રહેતો નથી. કારણ કે આલોક વ્યક્તિ બદલાવા

"इह पक्षी, नेह पक्षी" ઈત્યાદિ વ્યવહાર ✦જ યદ્દેશ ●ભેદઈ હુઈ, તદ્દેશી❖ અનુગત આકાશ ✦જ પર્યવસન્ન હોઈ.

आलोकाऽभावेऽपि रात्रौ 'तत्रैव' इति प्रत्यभिज्ञानात्।

वस्तुतो देशविशेषमेवाऽवच्छेदकतया प्रतीत्यैव 'इह पक्षी, नेह पक्षी' इत्यादिव्यवहारो भवति। यद्देशविशेषमपेक्ष्य 'इह पक्षी, नेह पक्षी' इत्यादिव्यवहारो भवति तद्देशि तु लाघवेन गगनमेकमेव द्रव्यमिति पर्यवस्यति, तस्याननुगतत्वे गौरवात्।

ननु 'इह पक्षी, नेह पक्षी' इत्यादिव्यवहारे मूर्त्तद्रव्याभावस्यैव तदाधारत्वेन प्रतीतिरिति

છતાં આલોકત્વસામાન્યરૂપે આલોકને પક્ષીના આધારસ્વરૂપે ઉપરોક્ત પ્રતીતિનો વિષય માનવામાં ઉપરોક્ત પ્રત્યભિજ્ઞા બાધિત થતી નથી. આનું કારણ એ છે કે તે સમયે થનારી પ્રત્યભિજ્ઞાનો અર્થ એટલો જ થશે કે "અત્યારે પણ આલોકમાં = પ્રકાશમાં જ પક્ષી છે." તથા આવો અર્થ સ્વીકારવામાં કોઈ અસંગતિ નથી. કેમ કે 'આલોક' પદાર્થ ત્યાં વિદ્યમાન છે.

❖ આલોકત્વ આધારતાઅવચ્છેદક નથી ❖

સમાધાન :- (आलोका.) તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે દિવસે જ્યાં પક્ષી દેખાયેલ હતું ત્યાં રાત્રે પ્રકાશનો અભાવ હોવા છતાં પણ જો પક્ષીના અવાજથી કે પાંખોના ફફડાટાદિ દ્વારા તે સ્થાનમાં પક્ષીનો ખ્યાલ આવે તો પક્ષીના આધારરૂપ દેશમાં આ રૂપે પ્રત્યભિજ્ઞા થાય છે કે "દિવસે જ્યાં પક્ષી હતું ત્યાં જ અત્યારે રાત્રે પણ પક્ષી હાજર છે." તેથી ઉપરોક્ત પ્રત્યભિજ્ઞાનો વિષય આલોકત્વ-અવચ્છિન્નને માનવામાં તે પ્રત્યભિજ્ઞાની જ સંગતિ થઈ નહિ શકે. કારણ કે, રાત્રિના સમયે પંખી આલોકસામાન્યમાં રહેતું નથી. ત્યારે કોઈ પણ પ્રકારનો પ્રકાશ જ હાજર નથી તો પ્રકાશ ત્યારે પક્ષીનો આધાર કઈ રીતે બની શકે ?

❀ લાઘવથી આકાશની સિદ્ધિ ❀

(वस्तु.) વાસ્તવમાં તો દેશવિશેષનું અવચ્છેદકરૂપે પ્રતીતિમાં અવગાહન કરીને જ "અહીં પક્ષી છે. ત્યાં પક્ષી નથી" - ઈત્યાદિ વ્યવહાર થાય છે. જે દેશવિશેષની અપેક્ષાએ "અહીં પક્ષી છે. ત્યાં પક્ષી નથી" - ઈત્યાદિ વ્યવહાર થાય છે તે દેશ-પ્રદેશયુક્ત દ્રવ્ય તો લાઘવથી એક ગગન જ છે - તેવું ફલિત થાય છે. કારણ કે આધારભૂત દ્રવ્યને અનનુગત-અનેક માનવામાં ગૌરવ છે. આમ "અહીં પક્ષી છે" - ઈત્યાદિ વાક્યપ્રયોગમાં નિમિત્ત બનનાર પ્રતીતિને પક્ષીઆધારતાના અવચ્છેદકરૂપે દેશવિશેષની ગ્રાહક માનવાથી દેશ-પ્રદેશયુક્ત એક અનુગત નિત્ય આકાશદ્રવ્યની લાઘવ સહકારથી સિદ્ધિ થાય છે.

પૂર્વપક્ષ :- (ननु.) "અહીં પક્ષી છે, અહીં પક્ષી નથી" - ઈત્યાદિ વ્યવહારમાં મૂર્ત્તદ્રવ્યનો અભાવ જ પક્ષીના આધાર તરીકે પ્રતીત થાય છે. તેથી મૂર્ત્તદ્રવ્યાભાવને જ પક્ષીના આધાર તરીકે ઉપરોક્ત

✦ કો.(૯+૧૦+૧૧)માં 'જ' નથી. ● પુસ્તકોમાં 'ભેદે' પાઠ. લી.(૧)માં 'નયદેશ' અશુદ્ધ પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ❖ પા.માં 'तद्देशानु....' પાઠ છે.

नाऽतिरिक्ताऽऽकाशद्रव्यसिद्धिरिति ***चेत्*** ?

न, आलोके सति तदभावेऽपि प्रोक्तप्रयोगोपलब्धेः।

न च निबिडमूर्त्तद्रव्याभावत्वेनैव तत्राऽऽधारत्वप्रत्ययोपगमान्नायं दोषः, आलोके सत्यपि निबिडमूर्ताभावाऽबाधादिति ***वाच्यम्,***

अभावस्याऽधिकरणभेदेऽप्यभिन्नतया तस्याऽन्यत्राऽपि सत्त्वेनाऽन्यत्र गतेऽपि पक्षिणि 'तत्रैव

પ્રતીતિનો વિષય માનવાથી અતિરિક્ત આકાશદ્રવ્યની સિદ્ધિ ન થઈ શકે. કારણ કે આકાશને પક્ષીનો આધાર ન માનવા છતાં પણ મૂર્ત્તદ્રવ્યાભાવ પક્ષીનો આધાર બનવા તૈયાર છે.

❋ मूर्त्तद्रव्याभाव पंखीनो आधार नथी ❋

ઉત્તરપક્ષ :- (**न, आलोके.**) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે દિવસે આલોકની હાજરીમાં ઊર્ધ્વભાગમાં મૂર્ત્તદ્રવ્યનો અભાવ નથી હોતો. કેમ કે આલોક સ્વયં મૂર્ત્તદ્રવ્ય છે. તેમ છતાં દિવસે ઉપરિતન ભાગમાં "અહીં પક્ષી છે" - ઈત્યાદિ વાક્યપ્રયોગ ઉપલબ્ધ થાય છે. આમ, મૂર્ત્તદ્રવ્યાભાવ ન હોવા છતાં પણ ઉપરોક્ત વ્યવહાર પ્રસિદ્ધ હોવાના લીધે મૂર્ત્તદ્રવ્યાભાવને પક્ષીનો આધાર માની શકાય તેમ નથી.

શંકા :- (**न च निबिड.**) "અહીં પક્ષી છે" - ઈત્યાદિ વ્યવહારમાં અમે પક્ષીના આધાર તરીકે કેવલ મૂર્ત્તદ્રવ્યાભાવને સ્વીકારતા નથી પણ નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવને જ પક્ષીના આધાર તરીકે માનીએ છીએ. દિવસે પ્રકાશ હોય ત્યારે ઉપરિભાગમાં આલોક હોવાથી મૂર્ત્તદ્રવ્ય હોવા છતાં નિબિડ મૂર્ત્તદ્રવ્ય તો નથી જ રહેતું. કારણ કે પ્રકાશ = આલોક મૂર્ત્તદ્રવ્ય હોવા છતાં નિબિડ મૂર્ત્તદ્રવ્ય સ્વરૂપ નથી. તેથી દિવસે ઉપરિતન ભાગમાં મૂર્ત્તદ્રવ્ય હોવા છતાં નિબિડ મૂર્ત્તદ્રવ્ય ન હોવાથી નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવને "અહીં પક્ષી છે" ઈત્યાદિ પ્રતીતિમાં આધારભૂત વિષય તરીકે માની શકાય છે. તેથી પક્ષીના આધારરૂપે અતિરિક્ત આકાશ દ્રવ્યને સ્વીકારવાની આવશ્યકતા રહેતી નથી.

❋ निबिडमूर्त्तद्रव्याभाव पण पंखीनो आधार नथी ❋

સમાધાન :- (**अभाव.**) તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે, નિબિડ (=નક્કર) મૂર્ત્તદ્રવ્યનો અભાવ તો અન્ય સ્થાનોમાં પણ હાજર હોવાથી પક્ષી બીજા સ્થાનમાં ચાલ્યું જશે ત્યારે પણ "ત્યાં જ પક્ષી છે" - ઈત્યાદિરૂપે પ્રત્યભિજ્ઞા થવાની આપત્તિ આવશે. મતલબ કે સવારના સમયે ઉપરિતન ભાગમાં જ્યાં પક્ષીનું દર્શન થયું હતું, ત્યાંથી બીજા સ્થાનમાં પંખી મધ્યાહ્ન સમયે ચાલી જવા છતાં પણ તે સમયે 'પ્રાતઃકાલમાં જ્યાં પક્ષીનું દર્શન થયું હતું ત્યાં જ અત્યારે (મધ્યાહ્ન સમયે) પણ પક્ષી છે.' આ પ્રમાણે પ્રત્યભિજ્ઞા થવાની આપત્તિ આવશે. કારણ કે નિબિડ (=નક્કર) મૂર્ત્તદ્રવ્યના અભાવને પંખીનો આધાર માનવામાં આવે તો ઉપરોક્ત પ્રત્યભિજ્ઞાનો અર્થ એવો ફલિત થશે કે 'પ્રાતઃકાળમાં જે નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવમાં પક્ષી હતું તે જ નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવમાં મધ્યાહ્નકાલે પણ પક્ષી છે.' તથા ઉપરોક્ત અર્થઘટનમાં કોઈ પણ પ્રકારની અસંગતિ રહેતી નથી. કારણ કે અધિકરણભેદથી અભાવમાં ભેદ પડતો નથી. તેથી જે ઉપરિતન ભાગમાં પ્રાતઃકાલમાં પંખીનું દર્શન થયું હતું તે સ્થળેથી મધ્યાહ્નસમયે પંખી હટી જવા છતાં પણ, તમારા મત મુજબ, પંખીના આધારરૂપે ભાસિત થનાર નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવ તો બન્ને સમયે, બન્ને સ્થળે, એક જ છે. મતલબ કે સવારે જે સ્થળે પંખી હતું ત્યાં રહેલ નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવ અને મધ્યાહ્નસમયે જ્યાં પંખી

"तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्त्ताभावादिना तद्व्यवहारोपपत्तिः" ( ) इति *वर्धमानाद्युक्तं* नानवद्यम्,

पक्षी'ति प्रत्यभिज्ञापत्तेः, अभावत्वेन भावपदार्थाऽऽधारत्वाऽसम्भवाच्च।

यत्तु पृथिवीभागविशेषादिलक्षणतत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्त्तद्रव्याभावत्वेन तदाधारताभ्युपगमाद् 'इह पतत्री' इत्यादिव्यवहारस्य 'तत्रैव पतत्री'त्यादिप्रत्यभिज्ञानस्य च उपपत्तिः, अन्यत्र गते तु पतत्रिणि 'तत्रैवे'ति प्रत्यभिज्ञाऽनापत्तिरिति **वर्धमानोपाध्यायादि**मतम्,

છે ત્યાં રહેલ નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવ એક જ છે. તેથી ઉપરોક્ત નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવને પંખીનો આધાર માનવામાં આવે તો ઉપરોક્ત પ્રત્યભિજ્ઞાનો અર્થ બાધિત થતો નથી. તેથી પંખી અન્યત્ર ચાલી જવા છતાં પણ 'મધ્યાહ્નસમયે પણ પંખી ત્યાં જ છે કે જ્યાં તે પંખી સવારે હતું' - આવી પ્રતીતિ થવાની આપત્તિ આવશે. કેમ કે ઉપરોક્ત બુદ્ધિમાં 'ત્યાં' શબ્દથી નિબિડમૂર્તદ્રવ્યાભાવ જ વિવક્ષિત છે, જે ત્યારે પંખીના આધાર બનેલા સ્થળે વિદ્યમાન જ છે. નિબિડમૂર્તદ્રવ્યાભાવ તો બન્ને સ્થળે એક જ છે. અધિકરણભેદે અભાવ બદલાતો નથી. ઉપરોક્ત આપત્તિના કારણે નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવને પંખીના આધાર તરીકે માનવાની વાત વ્યાજબી નથી. તેમ જ તે વાત અનુચિત હોવાનું બીજું કારણ એ છે કે અભાવત્વરૂપે ભાવપદાર્થની આધારતા ક્યાંય પણ સંભવતી નથી. 'ઘટાભાવમાં પટાદિ છે' - આવી પ્રતીતિ લોકવ્યવહારમાં કે દાર્શનિક જગતમાં કોઈને પણ માન્ય નથી.

॥ વર્ધમાન ઉપાધ્યાયનો મત ॥

(यत्तु.) નવ્યન્યાયના પ્રસ્થાપક ગંગેશ ઉપાધ્યાયના પુત્ર **વર્ધમાન ઉપાધ્યાય** વગેરે નવ્ય નૈયાયિકો પ્રસ્તુતમાં એવું જણાવે છે કે "પૃથ્વીના અમુક ભાગ વગેરે સ્વરૂપ તે તે સ્થાનના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવ એ પંખીનો આધાર બને છે. મતલબ કે પંખીની આધારતાનો અવચ્છેદક ધર્મ ફક્ત મૂર્ત્તદ્રવ્યાભાવત્વ કે નિબિડમૂર્ત્તદ્રવ્યાભાવત્વ નથી. પરંતુ ઊંચી-નીચી જમીન, પર્વત, ખાડા, ટેકરા વગેરે વિશેષભાગસ્વરૂપ તે તે સ્થાનના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવત્વ પંખીની આધારતાનું અવચ્છેદક છે - આવું અમે સ્વીકારીએ છીએ. તેથી 'અહીં પંખી છે. અહીં પંખી નથી' - ઈત્યાદિ વ્યવહારમાં પંખીની આધારતારૂપે આકાશનું ભાન થતું નથી. પરંતુ તે તે સ્થાનના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવનું જ પંખીના આધારરૂપે ભાન થાય છે. તથા સવારે જ્યાં પંખી હોય ત્યાં જ રાત્રે પંખી હશે તેવા સમયે 'પંખી ત્યાં જ છે કે જ્યાં તે સવારે દેખાયું હતું' - ઈત્યાદિ પ્રત્યભિજ્ઞા સંગત થઈ શકશે. કારણ કે ઉપરોક્ત પ્રત્યભિજ્ઞામાં પંખીના આધાર તરીકે આલોકનું ભાન થતું નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તે તે સ્થળના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવનું જ જ્ઞાન થાય છે. તથા પ્રાતઃકાલે જ્યાં પંખી હતું ત્યાંથી તે પંખી અન્યત્ર રવાના થતા 'પંખી ત્યાં જ છે કે જ્યાં તે પૂર્વે હતું' - આવી પ્રત્યભિજ્ઞા થવાની આપત્તિને પણ અવકાશ નહિ રહે. કારણ કે પ્રાતઃકાલમાં જે સ્થાનના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન એવા મૂર્ત્તદ્રવ્યાભાવમાં પંખી હતું તે જ સ્થાનના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવમાં પશ્ચાત્ કાલમાં પંખી રહેતું નથી. પરંતુ તે સ્થાનથી ભિન્ન સ્થળના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવમાં પંખી ઉત્તર કાળમાં રહે છે. આમ પૂર્વોત્તર કાળમાં અલગ અલગ ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવમાં પંખી રહેતું હોવાના લીધે અન્યત્ર પંખી રવાના

तस्याभावादिनिष्ठत्वेनानुभूयमानद्रव्याधारांशापलापप्रसङ्गात्, तावदनतिसन्धानेऽपि लोकव्यवहारेणाऽऽकाशदेशं प्रतिसन्धायोक्तव्यवहाराच्च।

तत्तु नाऽनवद्यम्, "इत्थं पतत्रिप्रभृतेः दर्शिताभावनिष्ठत्वाऽभ्युपगमेन 'इह गगने पतत्री' इत्येवमनुभूयमानद्रव्यात्मकाऽऽधारांशाऽपलापप्रसङ्गात्।

तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्त्तद्रव्याऽभावाद्यप्रतिसन्धानेऽपि 'गगने तत्रैव पतत्री' इत्येवं सार्वलौकिकस्वारसिकव्यवहारेण आकाशदेशविशेषमवच्छेदकविधया प्रतिसन्धाय उक्तव्यवहाराच्च।

न चाऽऽकाशदेशस्याऽतीन्द्रियत्वेनाऽवच्छेदकप्रतीत्यनुपपत्तिरिति ***वाच्यम्,***

इन्द्रियजन्यबुद्धौ तादृशस्याऽपि क्षयोपशमविशेषेण विशेष्याऽऽकृष्टतया भानात्, न्यायमते चन्दनचाक्षुषप्रत्यक्षे ज्ञानलक्षणया प्रत्यासत्त्या उपनीतस्य चक्षुरयोग्यस्याऽपि सौरभस्येव" (शा.वा.स.स्त.७/का.१/पृ.११)

થતાં 'સવારે પંખી જ્યાં હતું ત્યાં જ મધ્યાહ્ન સમયે છે' - આવી પ્રત્યભિજ્ઞાની આપત્તિ રહેતી નથી. આમ પંખીના આધાર તરીકે આકાશદ્રવ્યનો સ્વીકાર કરવાની આવશ્યકતા રહેતી નથી."

❀ વર્ધમાન ઉપાધ્યાયના મતનું નિરાકરણ ❀

(**तत्तु.**) વર્ધમાન ઉપાધ્યાયનો ઉપરોક્ત મત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે વર્ધમાન ઉપાધ્યાયે જણાવ્યું તે રીતે પંખી વગેરેને તે તે સ્થાનમાં ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવમાં રહેલા માનવામાં આવે તો 'અહીં આકાશમાં પંખી છે' - આ પ્રમાણે સર્વલોકપ્રસિદ્ધ પ્રતીતિમાં પંખીના આધાર તરીકે અનુભૂયમાન દ્રવ્યાત્મક ગગનનો અપલાપ થવાની આપત્તિ આવશે.

(**तत्त.**) વળી, તે તે દેશના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવ વગેરેનું અનુસંધાન ન થવા છતાં પણ સર્વ લોકો 'આકાશમાં અત્યારે ત્યાં જ પંખી છે કે જ્યાં તે સવારે હતું' - આ પ્રમાણે સ્વરસથી = સ્વેચ્છાથી વ્યવહાર = વાક્યપ્રયોગ કરે છે. તેનાથી ફલિત થાય છે કે આકાશના અમુક ચોક્કસ પ્રકારના ભાગને જ (આકાશદેશવિશેષને) અવચ્છેદક રૂપે ખ્યાલમાં રાખીને ઉપરોક્ત વ્યવહાર થાય છે. તેથી પંખીના આધારભૂત આકાશના અમુક ભાગનું અવચ્છેદકરૂપે અવગાહન કરીને 'આકાશમાં ત્યાં જ પંખી છે' - ઈત્યાદિ પ્રતીતિ-પ્રત્યભિજ્ઞા-વ્યવહાર થાય છે. તેથી તે તે સ્થાનના ઉપરિતન ભાગથી અવચ્છિન્ન મૂર્ત્તદ્રવ્યાભાવને પંખીનો આધાર માનવાની વર્ધમાન ઉપાધ્યાયની વાત વ્યાજબી નથી.

શંકા :- (**न चा.**) આકાશ અને આકાશનો ભાગ = દેશ અતીન્દ્રિય હોવાથી 'આકાશમાં ત્યાં જ પંખી છે' - આવી પ્રત્યક્ષાત્મક પ્રતીતિ વગેરેમાં અવચ્છેદક તરીકે તેનું ભાન થવું સંગત નથી. અર્થાત્ પંખીના અવચ્છેદકરૂપે આકાશના અમુક ભાગને પોતાનો વિષય બનાવનારી પ્રતીતિ પ્રત્યક્ષાત્મક બની નહિ શકે.

❀ ક્ષયોપશમવિશેષથી આકાશનું પ્રત્યક્ષ ❀

સમાધાન :- (**इन्द्रिय.**) તમારી વાત વ્યાજબી નથી. કેમ કે ઈન્દ્રિયજન્ય બુદ્ધિમાં અતીન્દ્રિય દેશનો પણ વિશેષ પ્રકારના ક્ષયોપશમથી વિશેષ્યના સંબંધી રૂપે ભાન થઈ શકે છે. સુગંધ ચક્ષુઈન્દ્રિય માટે અયોગ્ય = અગ્રાહ્ય હોવા છતાં પણ ન્યાયમતમાં જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિથી ઉપનીત સુગંધનું ચંદનના ચાક્ષુષ પ્રત્યક્ષમાં ભાન થઈ શકે છે તેમ જૈનમતમાં ચક્ષુઈન્દ્રિય માટે અયોગ્ય એવા આકાશદેશનું 'આકાશમાં ત્યાં જ પંખી

इत्यादिकं **स्याद्वादकल्पलतो**क्तदिशाऽवसेयम्।

तदुक्तम् **उत्तराध्ययनबृहद्वृत्तौ श्रीशान्तिसूरिभिः** अपि "आकाशान्वय-व्यतिरेकानुविधायी चाऽवगाहः। तथाहि - शुषिररूपमाकाशं, तत्रैव चाऽवगाहो, न तु तद्विपरीते पुद्गलादौ।

अथैवमलोकाकाशेऽपि कथं नाऽवगाहः ?, ***उच्यते,*** स्यादेवं यदि कश्चिदवगाहिता भवेत्, तत्र तु धर्मास्तिकायस्य जीवादीनां चाऽसत्त्वेन तस्यैवाऽभाव इति कस्याऽसौ समस्तु ?

छे' ઈત્યાદિ પ્રત્યક્ષાત્મક પ્રતીતિમાં ક્ષયોપશમવિશેષથી વિશેષ્યના સંબંધી રૂપે ભાન થઈ શકે છે.

ॐ 'गगने तत्रैव पतत्री' वाक्यार्थविचार ॐ

તે આ રીતે સમજવું - 'गगने तत्रैव पतत्री' આ વાક્યપ્રયોગમાં પ્રથમાવિભક્તિવાળું 'पतत्री' પદ છે. 'પ્રથમાન્તવિશેષ્યક શાબ્દબોધ થાય' આવો નિયમ હોવાથી પતત્રી વિશેષ્ય બનશે. તથા 'गगने' શબ્દમાં લાગેલી સાતમી વિભક્તિનો અર્થ છે વૃત્તિતા. 'तत्र' શબ્દમાં સમાયેલી સાતમી વિભક્તિનો અર્થ છે અવચ્છેદ્યતા. આકાશના અમુક ભાગમાં રહેલી અવચ્છેદ્યતાનું 'तत्र' શબ્દમાં સમાયેલી સાતમી વિભક્તિથી ભાન થાય છે. તેનાથી અવચ્છિન્ન પક્ષી થશે. 'एव' શબ્દ અવધારણ અર્થમાં છે. તેનાથી અન્યયોગવ્યવચ્છેદનું = અન્યભાગઅવૃત્તિતાનું ભાન થાય છે. તેથી શાબ્દબોધ એવો થશે કે 'अन्यभागाऽवृत्ति-तद्भागनिष्ठाऽवच्छेदकतानिरूपिताऽवच्छेद्यतावान् आकाशवृत्तिः पक्षी'. આ શાબ્દબોધમાં વિશેષ્યભૂત પક્ષીના વિશેષણ તરીકે આકાશનું અને આકાશભાગનું ભાન વિશેષ પ્રકારના ક્ષયોપશમથી વક્તાને થઈ શકે છે. તેમાં કોઈ બાધ નથી. તથા તે મુજબ અનુસંધાન કરીને તે વક્તા ઉપરોક્ત વ્યવહાર કરી શકે છે. હજુ આ દિશામાં આગળ ઘણું કહી શકાય તેમ છે. તે બધી બાબતો **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં કરેલ દિગ્દર્શન મુજબ જાણી લેવી. ઉપરોક્ત ચર્ચા દ્વારા ફલિત એ થાય છે કે સર્વ દ્રવ્યોની આધારતા આકાશમાં જ સંભવી શકે છે તથા આધારતાપર્યાયસ્વરૂપ અવગાહના લક્ષણથી આકાશ નામનું એક અતિરિક્ત નિત્ય દ્રવ્ય સિદ્ધ થાય છે.

ॐ અવગાહના-આકાશ વચ્ચે અન્વય-વ્યતિરેક ॐ

(तदुक्त.) **ઉત્તરાધ્યયન સૂત્ર**ની **બૃહદ્વૃત્તિ**માં વાદિવેતાલ **શાંતિસૂરીશ્વરજી** મહારાજે પણ જણાવેલ છે કે "અવગાહના આકાશના અન્વયને અને વ્યતિરેકને અનુસરે છે. તે આ રીતે - આકાશ પોલાણસ્વરૂપ છે અને તેમાં જ સર્વ દ્રવ્યની અવગાહના = આધારતા સંભવી શકે છે. જે પોલાણસ્વરૂપ ન હોય પણ નક્કરસ્વરૂપ હોય તેવા પુદ્ગલ વગેરે દ્રવ્યમાં સર્વદ્રવ્યની અવગાહના = આધારતા સંભવી શકતી નથી.

(अथै.) અહીં એવી શંકા થઈ શકે છે કે 'પોલાણસ્વરૂપ હોવાના લીધે આકાશ સર્વ દ્રવ્યનો આધાર બનતું હોય તો અલોકાકાશમાં પણ શા માટે સર્વ દ્રવ્યની અવગાહના હોતી નથી ?' પરંતુ આ શંકાનું સમાધાન બહુ સરળ છે અને તે આ પ્રમાણે છે કે તમે કહો છો તે પ્રમાણે થઈ શકે, જો અવગાહન કરનાર કોઈક આધેયભૂત પદાર્થ અલોકાકાશમાં રહેતો હોય તો. પરંતુ અલોકાકાશમાં તો ધર્માસ્તિકાય અને જીવાદિ પદાર્થ ન હોવાથી અવગાહક = આધેયભૂત પદાર્થનો જ અલોકાકાશમાં અભાવ છે. તો પછી અલોકાકાશ કોને પોતાનામાં રાખવાનું કામ કરે ? અર્થાત્ અલોકાકાશ દ્રવ્ય તો આધાર બનવા માટે તૈયાર છે પરંતુ કોઈ દ્રવ્ય ત્યાં રહેવા જાય તો તે તેને રાખે ને ! અલોકાકાશમાં તો કોઈ દ્રવ્ય

*नन्वेव*मपि न तत्सिद्धिः, हेतोरसिद्धत्वात्, तदसिद्धिश्चाऽन्वयाऽभावात्, सति हि तस्मिन् भवनम् = अन्वयः, न च तत्सत्त्वसिद्धिरस्ति, अन्वयाऽभावे च व्यतिरेकस्याऽप्यसिद्धि*रिति*।

ननु कथं न तत्सत्त्वसिद्धिः ?

अथ भित्त्याद्यभाव एवाकाशमिति।

જતું જ નથી. તો અલોકાકાશ કોને રાખવાનું કામ કરે ? ધર્માસ્તિકાયના અભાવના લીધે કોઈ દ્રવ્ય અલોકાકાશમાં જઈ શકતું ન હોવાના કારણે અલોકાકાશ કોઈ દ્રવ્યને અવગાહના ન આપે તેટલા માત્રથી 'અવગાહના આપવાનો સ્વભાવ અલોકાકાશમાં નથી' એમ કઈ રીતે કહી શકાય ? જંગલમાં રહેલ દંડ કુંભારના હાથમાં ન આવે અને ઘડો ન બને એટલા માત્રથી તેનામાં ઘટને બનાવવાની યોગ્યતા નથી - એવું કઈ રીતે કહી શકાય ? ન જ કહેવાય. આથી 'અવગાહના આકાશના અન્વય-વ્યતિરેકને અનુસરે છે' તેમ સ્વીકારવું વ્યાજબી છે.

❀ અન્વય-વ્યતિરેકસહચારદર્શન કાર્યકારણભાવગ્રાહક ❀

પૂર્વપક્ષ :- (**नन्वेव.**) અવગાહના = આધારતા સ્વરૂપ કાર્ય આકાશના અન્વય-વ્યતિરેકને અનુસરતું હોવાથી અવગાહના લક્ષણ દ્વારા આકાશ દ્રવ્યની સિદ્ધિ કરવી વ્યાજબી નથી. કારણ કે તમારો હેતુ જ અસિદ્ધ છે. પ્રસ્તુતમાં જૈનસંમત અનુમાનપ્રયોગ આ રીતે સમજવો - 'अवगाहना आकाशजन्या, आकाशाऽन्वय-व्यतिरेकाऽनुविधायित्वात्.' આ પ્રમાણે અનુમાનપ્રયોગમાં દર્શાવેલ હેતુ પક્ષમાં = અવગાહનામાં અસિદ્ધ છે. આકાશના અન્વયને અને વ્યતિરેકને અનુસરવાનું અવગાહનામાં અસિદ્ધ હોવાનું કારણ એ છે કે અવગાહના સ્વરૂપ કાર્યમાં આકાશનો અન્વયસહચાર જોવા મળતો નથી. 'तत्सत्त्वे तत्सत्त्वम्' અર્થાત્ પ્રસ્તુતમાં 'આકાશ હોય તો અવગાહના કાર્ય ઉત્પન્ન થાય' - તેવું જો પ્રમાણ દ્વારા સિદ્ધ થાય તો અન્વયસહચારનું દર્શન થયું કહેવાય. પરંતુ આકાશની હાજરી જ હજુ સુધી પ્રમાણ દ્વારા સિદ્ધ થયેલ નથી. તેથી આકાશ અને અવગાહના વચ્ચે અન્વયસહચાર અસિદ્ધ છે. અન્વયસહચાર અસિદ્ધ હોય તો વ્યતિરેકસહચારની પણ અસિદ્ધિ થાય. તથા કાર્ય-કારણભાવનો નિર્ણય તો અન્વય-વ્યતિરેકના સહચાર દ્વારા જ થઈ શકે, અન્યથા નહિ. 'આકાશ હોય તો અવગાહના સ્વરૂપ કાર્ય ઉત્પન્ન થાય અને આકાશ ન હોય તો અવગાહના સ્વરૂપ કાર્ય ઉત્પન્ન ન થાય' - આવો યથાર્થ નિર્ણય થાય તો અન્વય-વ્યતિરેકસહચારદર્શન થયું કહેવાય. પરંતુ આકાશની જ જ્યાં સુધી સિદ્ધિ થઈ ન હોય ત્યાં સુધી ઉપરોક્ત અન્વય-વ્યતિરેકનો નિર્ણય કઈ રીતે થઈ શકે ? તેથી અવગાહનાને આકાશનું કાર્ય કહેવું વ્યાજબી નથી. તેથી જ અવગાહનાને આકાશનું લક્ષણ પણ કહી ન શકાય.

✧ આકાશ લોકસિદ્ધ છે. ✧

ઉત્તરપક્ષ :- (**ननु.**) 'આકાશ હાજર નથી' - એવું તમે કઈ રીતે કહી શકો ? સર્વ લોકો આકાશનો વ્યવહાર કરે જ છે. તેથી 'આકાશના અન્વય-વ્યતિરેકને અવગાહના અનુસરે છે' - આ વાત પણ અસિદ્ધ નથી. તેથી ઉપરોક્ત અનુમાનપ્રયોગ દ્વારા અવગાહના આકાશનું કાર્ય સિદ્ધ થાય છે.

❋ દીવાલાદિનો અભાવ = આકાશ : પૂર્વપક્ષ ❋

પૂર્વપક્ષ :- (**अथ.**) 'લોકો આકાશનો વ્યવહાર કરે છે' - તે તમારી વાત સાચી છે. પરંતુ 'આકાશ

एवं सत्याकाशाभाव एव भित्त्यादय इत्यपि किं न भवति ?

अथ तेषां प्रमाणप्रतीतत्वात्।

इहाऽपि किं न प्रमाणप्रतीतिः ?, तथाहि - 'वियति विहग' इत्यादिप्रतीत्यन्यथाऽनुपपत्त्याऽनुमानतस्तत्सिद्धिः। न चेयं प्रतीतिरन्यथाऽपि सम्भवति" (उत्त.सू. २८/९ बृ.वृ.) इत्यादिकम्।

यदि गगनं कुड्याद्यभावात्मकं स्यात् *तर्हि* 'कुड्याभावे विहगो डयते', 'पर्वताभावे विहगो डयते' इत्यादिरूपा प्रतीतिः प्रसज्येत। न चैवं सा कस्याऽपि भवति, अभावत्वेन भावपदार्थाऽऽधारत्वाऽसम्भवात्। तस्मात् कुड्याद्यभावव्यतिरिक्तस्वतन्त्रद्रव्यात्मकमेव गगनमित्यभ्युपगन्तव्यमिति

જીવાદિ દ્રવ્યની જેમ સ્વતંત્ર દ્રવ્ય છે' - આ તમારી વાત અસિદ્ધ છે. દીવાલ, પર્વત વગેરેનો અભાવ એ જ આકાશ છે. આકાશ કાંઈ સ્વતંત્ર દ્રવ્ય નથી. તેથી જ દીવાલ, પર્વત વગેરેનો જ્યાં અભાવ હોય ત્યાં લોકો આકાશ તરીકેનો વ્યવહાર કરે છે.

❀ विनिगमनाविरह ❀

उत्तरपक्ष :- (एवं.) જો 'દીવાલ, પર્વત વગેરેનો અભાવ એ જ આકાશ છે' - આ પ્રમાણે તમે કહેતા હો તો 'આકાશનો અભાવ એ જ દીવાલ વગેરે છે' - આવું પણ કેમ બની ન શકે ? કારણ કે વિનિગમનાવિરહ તો બન્ને પક્ષમાં તુલ્ય જ છે.

पूर्वपक्ष :- (अथ तेषां.) દીવાલ, પર્વત વગેરે પદાર્થો તો પ્રમાણથી પ્રસિદ્ધ છે. તેથી તેનો સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્વીકાર કરવો જરૂરી છે. તેથી દીવાલ વગેરેને આકાશાભાવ સ્વરૂપ માની ન શકાય.

❀ आकाश स्वतंत्र द्रव्य : उत्तरपक्ष ❀

उत्तरपक्ष :- (इहाऽपि.) તો શું આકાશમાં પ્રમાણજન્ય પ્રતીતિ ઉપલબ્ધ નથી થતી ? કે જેના લીધે તમે આકાશને દીવાલાદિના અભાવસ્વરૂપ માનો છો. આકાશદ્રવ્યને વિશે પ્રમાણજન્ય પ્રતીતિ આ રીતે સમજવી. 'આકાશમાં પંખી ઉડે છે' - આ પ્રમાણે લોકોને સ્વરસતઃ પ્રતીતિ થાય છે. જો આકાશ નામનું દ્રવ્ય ન હોય તો ઉપરોક્ત પ્રતીતિ સંગત ન થઈ શકે. આમ ઉપરોક્ત પ્રતીતિની અન્યથા અનુપપત્તિ સ્વરૂપ હેતુ દ્વારા અનુમાન પ્રમાણથી આકાશની સિદ્ધિ થાય છે. પ્રસ્તુતમાં અનુમાન પ્રયોગ આ રીતે સમજવો - गगनाऽभिधानं स्वतन्त्रद्रव्यमस्ति, 'वियति विहग' इति प्रतीत्यन्यथाऽनुपपत्तेः. આ અનુમાન પ્રયોગ દ્વારા આકાશ નામના સ્વતંત્ર દ્રવ્યની સિદ્ધિ થાય છે. જો આકાશ નામનું સ્વતંત્ર દ્રવ્ય સ્વીકારવામાં ન આવે તો ઉપરોક્ત પ્રતીતિ સંભવી શકતી નથી." આ પ્રમાણે **उत्तराध्ययनसूत्र**ની **बृहद्वृत्ति**માં **श्रीशांतिसूरिजी** મહારાજે અવગાહના સ્વરૂપ કાર્ય દ્વારા સ્વતંત્ર આકાશદ્રવ્યની સિદ્ધિ કરેલી છે.

(यदि.) **श्रीशांतिसूरिजी** મહારાજે છેલ્લે જે વાત કરી છે તેનું તાત્પર્ય એ છે કે જો આકાશ સ્વતંત્ર દ્રવ્ય ન હોય અને દીવાલ, પર્વત આદિનો અભાવ એ જ આકાશ હોય તો 'આકાશમાં પંખી ઉડે છે' - આવી પ્રતીતિ થવાના બદલે 'દીવાલના અભાવમાં પંખી ઉડે છે', 'પર્વતના અભાવમાં પંખી ઉડે છે' - આવી પ્રતીતિ થવી જોઈએ. પરંતુ તેવી પ્રતીતિ તો કોઈને પણ થતી નથી. કારણ કે અભાવત્વરૂપે કોઈ પણ વસ્તુમાં ભાવ પદાર્થની આધારતા સંભવતી નથી. ભાવપદાર્થની આધારતાના અવચ્છેદક તરીકે અભાવત્વધર્મ કોઈને પણ માન્ય નથી બનતો. તેથી આકાશને દીવાલાદિના અભાવસ્વરૂપ માનવાના

तदाशयः।

वादिदेवसूरिभिस्तु **स्याद्वादरत्नाकरे** "युगपन्निखिलद्रव्यावगाहः साधारणकारणापेक्षः, युगपन्निखिलद्रव्यावगाहत्वात्। य एवं स एवम्, यथैकसरःसलिलाऽन्तःपातिमत्स्याद्यवगाहः। तथाऽवगाहश्चायम्। तस्मात् तथा। यच्चापेक्षणीयमत्र साधारणं कारणं तद् आकाशम्" (स्या.रत्ना.५/८/पृ.८९१) इत्येवमाकाशद्रव्यसिद्धिः कृतेत्यवधेयम्।

वादमहार्णवाभिधानायां **सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरि**भिः धर्मास्तिकायादित्रितयसाधनार्थं "गति-स्थित्यवगाहलक्षणं पुद्गलास्तिकायादिकार्यं विशिष्टकारणप्रभवम्, विशिष्टकार्यत्वात्, शाल्यङ्कुरादिकार्यवत्। यश्चासौ कारणविशेषः स धर्माऽधर्माऽऽकाशलक्षणो यथासङ्ख्यमवसेयः" (स.त.का.३/का.४५/पृ.६५४) इत्येवमनुमानप्रयोगोऽकारीति यत् पूर्वम् (१०/४) उपदर्शितं तदप्यत्रानुस्मर्तव्यम्, एकेनैव प्रयोगेण धर्मादित्रितयसाधनादिति।

બદલે તેનાથી ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય સ્વરૂપ માનવું જરૂરી છે.

❊ स्याद्वादरत्नाकर मुजब आकाशसिद्धि ❊

(वादि.) **श्रीवादिदेवसूरिजी** મહારાજે તો **स्याद्वादरत्नाकर** ગ્રંથમાં આકાશદ્રવ્યની સિદ્ધિ નીચે મુજબ કરેલી છે. "એકીસાથે સર્વ દ્રવ્યની અવગાહના (= પક્ષ) અનુગત કારણને સાપેક્ષ છે. અર્થાત્ અનુગત કારણથી જન્ય છે. કારણ કે તે એકીસાથે સર્વ દ્રવ્યની અવગાહના સ્વરૂપ છે. જે આ પ્રમાણે હોય તે અનુગતકારણજન્ય જ હોય. જેમ કે એક સરોવરના પાણીની અંદર રહેલ માછલી વગેરેની અવગાહના. એકીસાથે એક સરોવરની અંદર રહેલા તમામ માછલા વગેરેની અવગાહના સરોવરના પાણીથી ઉત્પન્ન થાય છે. તે જ રીતે યુગપત્ સર્વ દ્રવ્યની અવગાહના પણ તથાસ્વરૂપ છે. તેથી તે અવગાહના પણ એક અનુગત કારણની અપેક્ષા રાખનાર હોવી જોઈએ. યુગપત્ સર્વ દ્રવ્યની અવગાહના જેની અપેક્ષા રાખે છે તે અનુગત કારણ આકાશ દ્રવ્ય છે." આ વાતને પણ વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

❊ वादमहार्णव मुजब आकाशसिद्धि ❊

(वाद.) **सम्मतितर्क** ગ્રંથની **वादमहार्णव** નામની વ્યાખ્યામાં તર્કપંચાનન **શ્રીअभयदेवसूरिजी** મહારાજે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સ્વરૂપ ત્રણ દ્રવ્યની સિદ્ધિ કરવા માટે નીચે મુજબ અનુમાનપ્રયોગ કરેલ છે. "ગતિ, સ્થિતિ અને અવગાહના સ્વરૂપ પુદ્ગલાસ્તિકાયાદિનું કાર્ય (= પક્ષ) વિશિષ્ટકારણથી = અનુગતકારણથી ઉત્પન્ન થયેલ છે (= સાધ્ય). કારણ કે તે વિશિષ્ટકાર્ય સ્વરૂપ છે (= હેતુ). જેમ કે શાલિ-અંકુર વગેરે કાર્ય (= દૃષ્ટાંત). ઉપરોક્ત ત્રણ કાર્ય પ્રત્યે જે કારણવિશેષની અપેક્ષા રહે છે તે કારણ તરીકે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સ્વરૂપ ક્રમશઃ ત્રણ દ્રવ્ય જાણવા. અર્થાત્ ગતિનું કારણ ધર્માસ્તિકાય દ્રવ્ય છે. સ્થિતિનું કારણ અધર્માસ્તિકાય દ્રવ્ય છે. તથા અવગાહનું કારણ આકાશ દ્રવ્ય છે - તેમ સમજવું." **શ્રીअभयदेवसूरि** મહારાજની આ વાતને પૂર્વે આ જ શાખાના ચોથા શ્લોકની વ્યાખ્યામાં જણાવેલ હતી તેને વાચકવર્ગે અહીં યાદ કરવી. કારણ કે એક જ અનુમાનપ્રયોગ દ્વારા તેમણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય - એમ ત્રણ દ્રવ્યની સિદ્ધિ કરેલ છે. તેમાંથી અહીં આકાશ અંગેની વાત ઉપયોગી છે.

प्रकृते आकाशपदव्युत्पत्तिकृते (१) [1]"सव्वदव्वाण अवकासदाणत्तणतो आगासं" (अनु.द्वा.सू.१३२ चू.,पृ.१८०) इति **अनुयोगद्वारचूर्णि**वचनम्, (२) [2]"आगासत्थिकाओ अवगाहलक्खणो" (दशवै. चू.४) इति **दशवैकालिकचूर्णि**वचनम्, (३) [3]"ओगाहणलक्खणं आयासदव्वं" (ध.पुस्तक-१५/पृ.३३) इति **धवला**वचनम्, (४) [4]"सव्वेसिं दव्वाणं अवयासं देइ तं तु आयासं" (भा.स.३०८) इति **भावसङ्ग्रह**वचनम्, (५) "आकाशस्याऽवकाशदानलक्षणमेव विशेषगुणः" (नि.सा.वृत्ति.१/३०) इति **नियमसारवृत्ति**वचनम्, (६) "सर्वद्रव्यस्वभावाऽऽदीपनादाकाशम्। स्वभावेनाऽवस्थानादित्यर्थः" (अनु.द्वा.हारि. टीका. पृ.४१) इति **अनुयोगद्वारहारिभद्रीवृत्ति**वचनम्, (७) "आकाशन्ते = दीप्यन्ते स्वधर्मोपेता आत्मादयो यत्र तदाकाशम्"

❁ आकाश अने तेना गुण अंगे विविध शास्त्रसंदर्भ ❁

(**प्रकृते**.) प्रस्तुतमां 'आकाश' शब्दनी व्युत्पत्ति माटे श्वेतांबर अने दिगंबर संप्रदायना अनेक ग्रंथोना संदर्भो उपयोगी छे. ते आ मुजब जाणवा.

(१) 'सर्व द्रव्यने अवकाश आपवाना कारणे आकाश द्रव्य कहेवाय छे' - आ प्रमाणे **अनुयोगद्वार-सूत्र**नी **चूर्णि**मां जणावेल छे.

(२) 'आकाशास्तिकायनुं लक्षण अवगाहना छे' - आ प्रमाणे **दशवैकालिक**नी **चूर्णि**मां जणावेल छे.

(३) 'आकाश द्रव्यनुं लक्षण अवगाहना छे' - आ प्रमाणे **धवला** ग्रंथमां जणावेल छे.

(४) 'सर्व द्रव्यने जे अवकाश = अवगाह आपे छे ते तो आकाश द्रव्य छे' - आ प्रमाणे **भावसंग्रह** ग्रंथमां जणावेल छे.

(५) 'आकाशमां अवकाशदान स्वरूप ज विशेष गुण रहेलो छे' - आ प्रमाणे **नियमसार** ग्रंथनी व्याख्यामां जणावेल छे.

(६) 'काश्' धातु प्रकाश करवाना अर्थमां छे. सर्व द्रव्यना स्वभावनुं मर्यादा पूर्वक प्रकाशन करवाना लीधे आधारभूत द्रव्य आकाश कहेवाय छे. अहीं सर्व द्रव्यनुं प्रकाशन दरेक द्रव्यने पोताना स्वभावथी राखवा द्वारा समजवुं' - आ प्रमाणे **अनुयोगद्वार सूत्र**नी **व्याख्या**मां श्रीहरिभद्रसूरि महाराजे जणावेल छे.

❁ स्वभावना अतिक्रमण विना अवकाशदान ❁

स्पष्टता :- श्रीहरिभद्रसूरिजीनुं तात्पर्य एवं छे के घट-पट वगेरे तमाम द्रव्यने पोतपोताना स्वभावनुं अतिक्रमण कर्या विना आकाश द्रव्य राखे छे. दूधमां पाणीने नाखवामां आवे तो दूध पाणीने पोतानामां राखे छे खरुं. परंतु पाणीने पाणीना स्वभावमां रहेवा दईने पाणीने पोतानामां राखवानुं काम दूध करतुं नथी. ज्यारे आकाश द्रव्य तो दरेक द्रव्यने पोतपोताना स्वभावमां रहेवा दईने दरेक द्रव्यने पोतानामां राखवानुं काम करे छे. दरेक द्रव्यनी पोतपोताना स्वभावमां रहेवानी मर्यादानुं अतिक्रमण कर्या विना, दरेक द्रव्यने पोतानामां राखवानुं काम आकाश सिवाय अन्य कोई द्रव्य करतुं नथी.

(७) 'पोताना स्वभावथी युक्त एवा आत्मा वगेरे द्रव्यो ज्यां रहीने दीपी ऊठे, ते आकाश

1. सर्वद्रव्याणाम् अवकाशदानत्वत आकाशम्। 2. आकाशास्तिकायः अवगाहलक्षणः। 3. अवगाहनालक्षणम् आकाशद्रव्यम्। 4. सर्वेषां द्रव्याणाम् अवकाशं ददाति तत् तु आकाशम्।

(दशवै.हारि.टीका.१/११८) इति **दशवैकालिकहारिभद्रीवृत्तिवचनम्**, (८) "आ = समन्तात् सर्वाण्यपि द्रव्याणि काशन्ते = दीप्यन्तेऽत्र व्यवस्थितानि इत्याकाशम्" (जीवा.वृत्ति ४) इति **जीवाजीवाभिगमवृत्तौ श्रीमलयगिरिसूरिवचनम्**, (९) "आङिति मर्यादया स्वस्वभावाऽपरित्यागरूपया काशन्ते = स्वरूपेण प्रतिभान्त्यस्मिन् व्यवस्थिताः पदार्था इत्याकाशम्। यदा त्वभिविधावाङ् तदा आङिति सर्वभावाऽभिव्याप्त्या काशते इत्याकाशम्" (प्रज्ञा.वृत्ति.१/३) इति **प्रज्ञापनावृत्तौ श्रीमलयगिरिसूरिवचनम्**, (१०) "आकाशन्तेऽस्मिन् द्रव्याणि स्वयं चाऽऽकाशत इत्याकाशम्। जीवादीनि द्रव्याणि स्वैः स्वैः पर्यायैरव्यतिरेकेण यस्मिन्नाकाशन्ते = प्रकाशन्ते तदाकाशम्, स्वयं चात्मीयपर्यायमर्यादयाऽऽकाशत इति आकाशम्" (त.रा.वा.५/१/२१) इति **तत्त्वार्थराजवार्त्तिके अकलङ्काचार्यवचनम्**, (११) "जीवादीनां पदार्थानाम् अवगाहनलक्षणम्। यत् तदाकाशमस्पर्शममूर्त्तं व्यापि निष्क्रियम्।।" (महापु.३/३८) इति **महापुराणे गुणभद्रवचनम्**,

---

द्रव्य छे' - आ प्रमाणे **दशवैकालिकसूत्र**नी टीकामां **श्रीहरिभद्रसूरि** महाराजे जणावेल छे.

(८) 'आ = चारेबाजुथी, काश = प्रकाशवुं = दीपवुं. बधाय द्रव्यो जेमां रहीने चारे बाजुथी दीपी ऊठे ते आकाश' - आ प्रमाणे **जीवाजीवाभिगमसूत्रवृत्ति**मां **श्रीमलयगिरिसूरि**એ जणावेल छे.

❖ मर्यादा-अभिविधि બન्ने अर्थ मुજબ आકाशविચार ❖

(९) "आ = मर्यादाथी, काश = જણાવું = प्रतिभास थवो. पोत-पोताना स्वभावनो त्याग न કरवा स्वરૂप मर्यादाथी जेमां रहेला तमाम पदार्थो पोताना स्वરૂपथी જણાय छे तेने आकाश कहेवाय. 'आ' शब्दनो बीजो अर्थ 'अभिविधि' पण थाय. अभिविधि = अभिव्याप्ति. 'आ' शब्दनो बीजो अर्थ मान्य કरवामां आवे तो 'आकाश' पदनी व्युत्पत्ति आ प्रमाणे समજवी. सर्व भावोनी अभिव्याप्तिथी जे प्रકाशे, शोभे ते आकाश द्रव्य कहेवाय" - आ प्रमाणे **प्रज्ञापनासूत्र**नी **व्याख्या**मां **श्रीमलयगिरिसूरि** महाराजे जणावेल छे.

स्पष्टता :- अभिविधि = अभिव्याप्ति = सर्व द्रव्योना सर्व अवयवोनो संयोग. भूतल वगेरे घटादिने राખे छे खरा, परंतु सर्वात्मना नथी राખता. घटादिना सर्व अवयवोनो संयोग भूतलमां नथी होतो. घडाना अंदरना भागनो संयोग भूतलादिमां बाधित छे. ज्यारे आकाशमां तमाम द्रव्योना सघळा य अवयवोना संयोगो विद्यमान छे. आवी अभिव्याप्तिथी जे द्रव्य प्रકाशे, ઝળહળे तेने आકाश कहेवाय. आ बीजा अर्थनुं तात्पर्य छे.

(१०) **तत्त्वार्थराजवार्तिक** ग्रंथमां दिगंबर आचार्य **अकलंकस्वामी**એ 'आकाश' शब्दनी व्युत्पत्तिने જણાવता એवुं कहेल छे के 'जेमां रहेला सर्व द्रव्यो प्रકाशे अने स्वयं पण प्रકाशे ते आકाश द्रव्य જાણवुं. जीव वगेरे सर्व द्रव्य पोतपोताना पर्यायोथी युक्त बनीने जेमां रहीने प्रકाशे ते आકाश कहेवाय. तेमज पोताना पर्यायनी मर्यादाथी स्वयं पण जे प्रકाशे ते आकाश द्रव्य कहेवाय.'

(११) **महापुराण**मां दिगंबर **गुणभद्रस्वामी**એ आकाशने उद्देशीने એवुं જણાવેल छे के 'जीवादि पर्यायोनी अवगाहना = आधारता એ आકाशनुं लक्षण छे. ते आकाश स्पर्शशून्य अमूर्त्त व्यापी = विभु अने निष्क्रिय छे.'

(१२) "आकाशमनन्तप्रदेशाध्यासितं सर्वेषामवकाशदानसामर्थ्योपेतम्" (भग.आ.३६ वृ.) इति **भगवत्याराधनावृत्तौ अपराजितसूरि**वचनम्, (१३) "स्वभावाऽऽकाशनाद् आकाशम्, (१४) आ = मर्यादया = तत्संयोगेऽपि स्वकीय-स्वकीयस्वरूपेऽवस्थानतः सर्वथा तत्स्वरूपाऽप्राप्तिलक्षणया काशन्ते = स्वभावलाभेन अवस्थितिकरणेन च दीप्यन्ते पदार्थसार्थाः यत्र तद् आकाशम्, अथवा (१५) आ = अभिविधिना = सर्वात्मना तत्संयोगाऽनुभवलक्षणेन काशन्ते = तथैव दीप्यन्ते पदार्था यत्र तद् आकाशम्" (अनु.द्वा.सू.१३२ वृ.पृ.१००) इति **अनुयोगद्वारसूत्रवृत्तौ मलधारिहेमचन्द्रसूरि**वचनञ्चानुसन्धेयं नानाशास्त्रसन्दर्भान्वेषणरसिकान्तःकरणैः।

***यत्तु* कान्ट-हेगलादि**भिः स्वतन्त्रं गगनद्रव्यं नास्तीति गदितम्, ***तत्तु* रसेल-बुलर-जेकोबि**प्रभृतिभिरेव अतिरिक्ताकाशद्रव्यस्वीकर्तृभिः निराकृतमिति न नः तत्र यत्नः।

तच्च **गगनं** परमार्थत एकमप्यवच्छेदकभेदाद् **लोकालोकतया** = लोकाऽलोकभेदेन **द्विधा** =

---

(१२) દિગંબરીય **ભગવતી આરાધના** ગ્રંથની **વૃત્તિ**માં **અપરાજિત** નામના દિગંબરાચાર્ય આકાશને ઉદ્દેશીને એવું જણાવે છે કે 'આકાશ દ્રવ્ય અનંત પ્રદેશોથી = નિરવયવ અંશોથી યુક્ત છે તથા સર્વ દ્રવ્યોને અવગાહના = અવકાશ આપવાના સામર્થ્યથી યુક્ત છે.'

(૧૩) **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યા**માં શ્રીમલધારી **હેમચન્દ્રસૂરિજી** મહારાજે આકાશની નીચે મુજબ ત્રણ વ્યાખ્યા દર્શાવેલ છે કે 'સ્વભાવને દેખાડવાના લીધે આકાશ કહેવાય છે.'

(૧૪) 'આ = મર્યાદા. સર્વ પદાર્થો આકાશનો સંયોગ થવા છતાં પણ પોતપોતાના સ્વરૂપમાં રહેવાના લીધે તેઓ બિલકુલ આકાશસ્વરૂપ બની જતા નથી. આવા પ્રકારની મર્યાદાથી પદાર્થોનો સમૂહ સ્વભાવપ્રાપ્તિથી અને રહેવાથી જ્યાં (= આકાશમાં) પ્રકાશે છે, જણાય છે તેને આકાશ કહેવાય. અર્થાત્ પોતાનો સ્વભાવ ટકાવી રાખીને પદાર્થસમૂહ જ્યાં રહેલો જણાય તેને આકાશ કહેવાય.'

(૧૫) 'અથવા આ = અભિવિધિ = અભિવ્યાપ્તિ. સંપૂર્ણતયા આકાશના સંયોગથી વ્યાપ્ત થવું તે અહીં અભિવ્યાપ્તિ જાણવી. પોતાના સ્વભાવને ટકાવીને, જ્યાં રહીને પદાર્થસમૂહ પ્રસ્તુત અભિવ્યાપ્તિથી શોભે-પ્રકાશે તેને આકાશ કહેવાય.'

સ્પષ્ટતા :- ઉપર ૧૪ નંબરની વ્યાખ્યા કરતાં ૧૫ નંબરની વ્યાખ્યામાં એ વિશેષતા શ્રીહેમચન્દ્રસૂરિજીએ જણાવેલ છે કે સર્વ ઘટ, પટ વગેરે પદાર્થોમાં આકાશનો સંયોગ વ્યાપીને રહેલો છે. ઘટ, પટ વગેરેનો એક પણ અવયવ એવો નથી કે જ્યાં આકાશસંયોગ ન હોય.

આ પ્રમાણે અનેક શાસ્ત્રોના સંદર્ભને શોધવામાં પરાયણ અંતઃકરણવાળા જિજ્ઞાસુઓએ ઉપરોક્ત વિવિધ શાસ્ત્રવચનોનું અનુસંધાન કરવું.

(**यत्तु**.) જર્મનદેશીય **કાન્ટ, હેગલ** વગેરે આધુનિક ચિંતકોએ સ્વતન્ત્ર આકાશ દ્રવ્યનો અસ્વીકાર કર્યો છે. પરંતુ અતિરિક્ત = સ્વતંત્ર આકાશદ્રવ્યનો સ્વીકાર કરનારા **રસેલ, બુલર, જેકોબિ** વગેરે પશ્ચિમદેશીય વિદ્વાનોએ જ કાન્ટ વગેરેના મતનું નિરાકરણ કરેલ છે. તેથી કાન્ટ વગેરેના મતનું નિરાકરણ કરવામાં અમે પ્રયત્ન કરતા નથી.

❋ આકાશ એક છતાં બે ❋

(**तच्च**.) તે આકાશ દ્રવ્ય પરમાર્થથી એક છે. છતાં અવચ્છેદકભેદથી = ઉપાધિભેદથી તેના લોકાકાશ

તેહ આકાશ (દ્રવ્ય) લોક-અલોક ભેદઇ (=પ્રકારઈ) દ્વિવિધ ભાખિઉં. यत् सूत्रम् – [1]"दुविहे आगासे पण्णत्ते – तं जहा – लोयागासे य अलोयागासे य" (स्था.२/१/७४, भ.सू.२/१०/१२१ + २०/२/६६३) [▸]ઇતિ ૧૬૯ ગાથાર્થ इति तत्त्वम्.[◂] ॥१०/८॥

द्विविधं ज्ञेयम्। तदुक्तं **स्थानाङ्गसूत्रे भगवत्यां** च [1]"दुविहे आगासे पण्णत्ते, तं जहा – लोयागासे य अलोयागासे य" (स्था.२/१/७४, भ.सू.श.२/उ.१०/सू.१२१ + श.२०/उ.२/सू.६६३/प्रश्न-१) इति पूर्वम् (१०/६) उक्तम्।

यथा नैयायिकमते आकाशस्य एकत्वेऽपि घट-पटादिविभिन्नोपाधितो घटाकाश-पटाकाशादयो भेदाः तथा जैनमते एकमपि गगनं धर्मास्तिकायाद्युपाधिभेदतो द्विधा भिद्यते। धर्मास्तिकायाद्यवच्छिन्नाकाशं लोकाकाशतया तच्छून्यञ्चाऽलोकाकाशतया व्यवह्रियते इति भावः।

एतेन अलोक एव नास्तीति ***निराकृतम्,***

लोकपदस्य व्युत्पत्तिमच्छुद्धपदत्वेन तत्प्रतिपक्षपदार्थसिद्धेः, अजीवपदार्थसिद्धिवत्।

न च घटादेः लोकविपक्षता ***शङ्कनीया,***

અને અલોકાકાશ એમ બે ભેદ જાણવા. **સ્થાનાંગસૂત્ર**ના તથા **ભગવતીસૂત્ર**ના પૂર્વે (૧૦/૬) દર્શાવેલ સંદર્ભમાં કહેલ છે કે - 'આકાશના બે ભેદ કહેવાયેલ છે. તે આ રીતે - (૧) લોકાકાશ અને અલોકાકાશ.'

(यथा.) કહેવાનો આશય એ છે કે જેમ નૈયાયિકમતે વિભુ આકાશ દ્રવ્ય એક હોવા છતાં ઘટ, પટ, મઠ વગેરે વિભિન્ન ઉપાધિઓના લીધે ઘટાકાશ, પટાકાશ, મઠાકાશ વગેરે ભેદ પડે છે. તેમ જૈન મતમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય સ્વરૂપ ઉપાધિના લીધે આકાશના બે ભેદ પડે છે. જે આકાશદેશમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો હોય તે લોકાકાશ તથા જ્યાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો ન હોય તે અલોકાકાશ. આ પ્રમાણે આકાશના બે ભેદનો વ્યવહાર થાય છે.

શંકા :- (एते.) અલોક જ નથી. અલોકને માનવામાં પ્રમાણ શું છે ?

સમાધાન :- (लोक.) અમે ઉપર જે જણાવ્યું તેનાથી જ તમારા પ્રશ્નનું નિરાકરણ થઈ જાય છે તેમ છતાં અલોકની સિદ્ધિ અનુમાનપ્રમાણથી પણ થઈ શકે છે. તે આ રીતે સમજવું. 'લોક' આવો શબ્દ વ્યુત્પત્તિયુક્ત શુદ્ધ પદ હોવાથી તેના પ્રતિપક્ષભૂત પદના અર્થની સિદ્ધિ થશે. જે જે શબ્દ વ્યુત્પત્તિવિશિષ્ટ શુદ્ધ પદ હોય તે તે પ્રતિપક્ષભૂત પદના અર્થના સાધક જ હોય છે. જેમ કે 'જીવ' પદ. 'जीवतीति जीवः' આવી વ્યુત્પત્તિથી 'જીવ' શબ્દની નિષ્પત્તિ થાય છે. તથા 'જીવ' શબ્દ સમાસ કે તદ્ધિત વગેરે પદસ્વરૂપ નથી, પરંતુ શુદ્ધ પદ છે. તેથી જીવના વિરોધી અજીવપદાર્થનું અસ્તિત્વ દુનિયામાં સિદ્ધ થાય છે. તેમ 'लोक्यते इति लोकः' આવી વ્યુત્પત્તિથી 'લોક' શબ્દ નિષ્પન્ન થાય છે. તથા તે અસામાસિક = શુદ્ધ પદ છે. માટે લોકપ્રતિપક્ષી અલોકપદાર્થ સિદ્ધ થશે.

જિજ્ઞાસા :- (न च.) લોકપ્રતિપક્ષ તરીકે ઘટ-પટ વગેરેને જ અલોક તરીકે કેમ માની ન શકાય ?

[▸]...[◂] ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(११)+લા.(२)માં છે.

1. द्विविधः आकाशः प्रज्ञप्तः, तद् यथा – लोकाकाशः च अलोकाकाशः च।

पर्युदासप्रतिषेधबलेन लोकानुरूपतयैव अलोकस्य युज्यमानत्वात्। तथा च लोकस्य आकाश-विशेषरूपतया अलोकेनाऽपि तदानुरूप्येणैव भवितव्यम्। अन्यथा 'अब्राह्मणम् आनय' इत्युक्त्या कश्चिद् घटादिकमपि आनयेत्। तस्माद् धर्माऽधर्माऽवच्छिन्नाऽऽकाशस्य लोकपदार्थत्वम्, तदन-वच्छिन्नाऽऽकाशस्य चाऽलोकपदार्थत्वम् आस्थेयम्।

अन्यथा लोकालोकव्यवस्थाविरहेण जीव-पुद्गलादीनां सम्बन्धविरहेण मिथोऽनुग्रहोपघातादिव्यवहार एव न स्यात्, जीव-पुद्गलेभ्य आकाशप्रदेशानाम् अनन्तगुणत्वात्। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"लोगस्स त्थि विवक्खो सुद्धत्तणओ घडस्स अघडो व्व। स घडाइ च्चिय मई ?, न, निसेहाओ तदणुरूवो।। [2]तम्हा धम्माऽधम्मा लोयपरिच्छेयकारिणो जुत्ता। इहराऽऽगासे तुल्ले लोगोऽलोगो त्ति को भेओ ?।।

✧ ઘટાદિ અલોકપદાર્થ તરીકે અમાન્ય ✧

શમન :- (पर्यु.) 'अजीव' વગેરે શબ્દની જેમ 'અલોક' શબ્દમાં જે 'अ' છે તે પર્યુદાસપ્રતિષેધ અર્થમાં પ્રયોજાયેલ છે. 'अ' પદની પાછળ જે પદ લાગેલ હોય, તે પદના અર્થથી ભિન્ન અને તેના સમાન અર્થને 'अ' યુક્ત પદ જણાવે છે. દા.ત. અબ્રાહ્મણ એટલે બ્રાહ્મણભિન્ન અને મનુષ્યત્વરૂપે બ્રાહ્મણસદૃશ એવા ક્ષત્રિય વગેરે મનુષ્ય. તે રીતે 'અલોક' એટલે લોકભિન્ન તથા આકાશત્વરૂપે આકાશતુલ્ય એવું ધર્માસ્તિકાયાદિશૂન્ય શુદ્ધ આકાશ. આમ પર્યુદાસપ્રતિષેધના બળથી લોકને અનુરૂપ એવા જ અલોકને માનવો યોગ્ય કહેવાય. જો સાદૃશ્યને છોડી કેવલ ભેદનો જ પર્યુદાસપ્રતિષેધપદાર્થ તરીકે સ્વીકાર કરવામાં આવે તો 'અબ્રાહ્મણને લાવ' આવો આદેશ સાંભળીને બ્રાહ્મણભિન્ન ઘટ-પટ વગેરે પદાર્થને પણ લાવવાનું કોઈ માણસ કામ કરે તો તેવી પ્રવૃત્તિને માન્ય કરવી પડશે. તેથી ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયથી અવચ્છિન્ન આકાશ એ જ લોકપદાર્થ છે તથા ધર્મ-અધર્મદ્રવ્યથી અનવચ્છિન્ન = રહિત આકાશ એ જ અલોકપદાર્થ છે - તેમ સ્વીકારવું જોઈએ.

❀ ધર્માદિદ્રવ્ય ન હોય તો સુખ-દુઃખાદિવ્યવહારનો ઉચ્છેદ ❀

(अन्यथा.) જો ધર્મ-અધર્મદ્રવ્યથી અવચ્છિન્ન = વિશિષ્ટ આકાશને લોક માનવામાં ન આવે તો લોક અને અલોક અંગે કોઈ વ્યવસ્થા જ નહિ રહે. તેથી જીવ અને પુદ્ગલો અધિક હોવાથી વિરાટ અનંત આકાશમાં ગમે ત્યાં ભટકશે. જીવ અને પુદ્ગલ કરતાં આકાશપ્રદેશ અનંતગુણ અધિક હોવાથી વિરાટ અનંત આકાશમાં અતિઅલ્પસંખ્યક જીવ-પુદ્ગલનો સંબંધ જ થઈ નહીં શકે. તેથી પુદ્ગલસંબંધ દ્વારા જીવોને જે અનુગ્રહ અને ઉપઘાત વગેરેનો વ્યવહાર થાય છે, તે પણ સંભવી શકશે નહિ. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "લોકનો વિપક્ષ = અલોક છે. કારણ કે 'લોક' શબ્દ શુદ્ધપદ છે. જેમ કે ઘટનો વિપક્ષ અઘટ. 'તે લોકપ્રતિપક્ષ ઘટાદિ જ છે' - આવી બુદ્ધિ યોગ્ય નથી. કારણ કે 'અલોક' શબ્દમાં પર્યુદાસપ્રતિષેધ હોવાથી લોકને અનુરૂપ જ અલોક હોવો જોઈએ. તેથી લોકને = લોકાકાશને નિયંત્રિત કરનારા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય માનવા યોગ્ય છે. બાકી

1. लोकस्याऽस्ति विपक्षः शुद्धत्वतो घटस्याऽघट इव। स घटादिरेव मतिः ? न, निषेधात् तदनुरूपः।।
2. तस्माद् धर्माऽधर्मौ लोकपरिच्छेदकारिणौ युक्तौ। इतरथाऽऽकाशे तुल्ये लोकोऽलोक इति को भेदः ?।।

[1]लोगविभागाऽभावे पडिघायाऽभावओऽणवत्थाओ। संववहाराऽभावो संबंधाऽभावओ होज्जा।।" (वि.आ.भा.१८५१-५२-५३) इति भावनीयम्।

'तत्त्व-भेद-पर्यायैः व्याख्या' इति न्यायानुसारतः [2]"आगासेति वा, आगासत्थिकायेति वा, गगणेति वा, नभेति वा, समेति वा, विसमेति वा, खहेति वा, विहेति वा, वीयीति वा, विवरेति वा, अंबरेति वा, अंबरसेत्ति वा, छिड्डेति वा, झुसिरेति वा, मग्गेति वा, विमुहेति वा, अद्देति वा, वियद्देति वा, आधारेति वा, वोमेति वा, भायणेति वा, अंतरिक्खेत्ति वा, सामेति वा, उवासंतरेइ वा, फलिहेइ वा, अगमिइ वा, अणंतेति वा, जे यावन्ने तहप्पगारा सव्वे ते आगासत्थिकायस्स अभिवयणा" (भ.सू.२०/२/६६४ वृ.पृ.७७५) इति **भगवतीसूत्रे** आकाशपर्यायवाचकाः शब्दाः दर्शिताः ते इहानुसन्धेयाः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यथा निर्लेपं गगनं पक्षपातं विना सर्वद्रव्यावगाहप्रदातृ तथा

तो सर्वत्र आकाश तुल्य होवाना लीधे लोक अने अलोक वच्चे शुं भेद रहेशे ? जो धर्म-अधर्म द्रव्य द्वारा लोकनो विभाग पाडवामां न आवे तो गतिपरिणत जीव-पुद्गलोनो क्यांय प्रतिघात (= अटकायत) न थवाना लीधे १४ राजलोकमां ज ते टकी रहे - तेवो कोई नियम नहि रहे. तेथी १४ राजलोकनी बहार पण जीव-पुद्गल जवाथी अनंत आकाशमां जीव-पुद्गल द्रव्योनो परस्पर संबंध ज नहि थाय. तेथी औदारिकादि पुद्गलो द्वारा जीवमां सुख, दुःख वगेरेनो व्यवहार थई नहि शके." तेथी जैनागममां जणाव्या मुजब लोकालोकव्यवस्था मानवी जरूरी छे. आ अंगे विज्ञ वाचकवर्गे ऊंडाणथी विभावना करवी.

❖ आकाशना पर्यायवाची शब्दो ❖

('तत्त्व.) '(१) तत्त्व (स्वरूप), (२) भेद (= प्रकार) अने (३) पर्यायवाचक शब्द बतावता द्वारा व्याख्या थाय' - आ न्याय मुजब **भगवतीसूत्र**मां आकाशना पर्यायवाची = समानार्थक शब्दो जणावेल छे. तेनुं अहीं अनुसंधान करवुं. ते आ प्रमाणे - "(१) आकाश, (२) आकाशास्तिकाय, (३) गगन, (४) नभ, (५) सम, (६) विषम, (७) खह, (८) विहाय (विह), (९) वीचि, (१०) विवर, (११) अंबर, (१२) अंबरस, (१३) छिद्र, (१४) शुषिर, (१५) मार्ग, (१६) विमुख, (१७) अर्द, (१८) व्यर्द, (१९) आधार, (२०) व्योम, (२१) भाजन, (२२) अंतरीक्ष, (२३) श्याम, (२४) आकाशांतर, (२५) स्फटिक, (२६) अगम, (२७) अनंत - आ प्रमाणे तेवा प्रकारना बीजा शब्दो पण आकाशास्तिकायना पर्यायवाची शब्दो बने."

❖ आकाशवत् निर्लेप बनी निष्पक्षपातभावे बधाने समावीओ ❖

आध्यात्मिक उपनय :- जेम निर्लेप आकाश कोई पण जातना भेदभाव विना तमाम द्रव्योने

---

1. लोकविभागाऽभावे प्रतिघाताऽभावतोऽनवस्थातः। संव्यवहाराभावः सम्बन्धाऽभावतो भवेत्।।

2. आकाशम् इति वा, आकाशास्तिकायः इति वा, गगनम् इति वा, नभः इति वा, समम् इति वा, विषमम् इति वा, खहम् इति वा, विहायः (विहम्) इति वा, वीचिः इति वा, विवरम् इति वा, अम्बरम् इति वा, अम्बरसम् इति वा, छिद्रम् इति वा, शुषिरम् इति वा, मार्गः इति वा, विमुखम् इति वा, अर्दः इति वा, व्यर्दः इति वा, आधारः इति वा, व्योम इति वा, भाजनम् इति वा, अन्तरीक्षम् इति वा, श्यामम् इति वा, आकाशान्तरम् इति वा, स्फटिकम् इति वा, अगमम् इति वा, अनन्त इति वा, ये चान्ये तथाप्रकाराः सर्वे ते (शब्दाः) आकाशास्तिकायस्य अभिवचनानि।

पक्षपातं विमुच्याऽस्माभिरपि मैत्र्यादिभावितान्तःकरणेऽखिलजीवाः निष्कपटं समावेश्याः। यथा चाकाश-द्रव्यं स्वस्मिन् सर्वद्रव्यसमावेशेऽपि न लिप्यते तथाऽस्माभिः अपि हृदयस्थसर्वजीवगोचरकामराग -स्नेहराग-दृष्टिरागादिलक्षणलेपशून्यतया भाव्यमित्युपदेशः। तदनुसरणेन च "जीव-कर्मवियोगश्च मोक्षः" (स्था.सू.१/७ वृ./पृ.२६) **स्थानाङ्गवृत्ति**दर्शितः सुलभः स्यात्।।१०/८।।

પોતાનામાં સમાવે છે, તેમ આપણે પણ કોઈ જાતના પક્ષપાત વિના સર્વ જીવોને મૈત્રી આદિ ભાવોથી ભાવિત સ્વહૃદયમાં સમાવવાનો પ્રામાણિકપણે પ્રયાસ કરવો જોઈએ. તથા આકાશ બધાને પોતાનામાં રાખવા છતાં કોઈનાથી લેપાતું નથી. તે સર્વદા અસંગ અને અલિપ્ત રહે છે. તેમ બધા જીવોને આપણા હૈયામાં રાખવા છતાં કામરાગ, સ્નેહરાગ કે દૃષ્ટિરાગ વગેરેથી આપણે લેપાઈ ન જઈએ તેની જાગૃતિ રાખવી જોઈએ. આવો આધ્યાત્મિક બોધપાઠ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. તેને અનુસરવાથી **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં દર્શાવેલ જીવ-કર્મવિયોગસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૧૦/૮)

લખી રાખો ડાયરીમાં.....✍

- **બીજાનો ઉપયોગ કરવાનું વલણ જાગે તો સાધના નિમ્ન સ્તરે પહોંચે છે. દા.ત. કપિલગુરુ મરિચી. ઉપાસનામાં તો સદા બીજાના ઉપયોગમાં આવવાનું વલણ છે. દા.ત. વૈયાવચ્ચી નંદીષેણ.**
- **વાસના 'અહમ્' પ્રેરિત હોય છે.**
  ઉપાસના 'અર્હમ્' પ્રેરિત હોય છે;
  આગળ વધીને તે સ્વયંભૂ બને છે.
- **વિવેકના અભાવમાં સાધના અભિપ્રાયના સુખને મેળવી, અનુભૂતિના આનંદથી વંચિત રહે છે. દા.ત. કુંતલા દેવી.**
  ઉપાસના સદા નિજાનંદની અનુભૂતિમાં ગળાડૂબ રહે છે. દા.ત. ઈલાયચીકુમારપ્રતિબોધક મુનિ.

ધર્માદિકસ્યૂં રે સંયુત લોક છઈ, તાસ વિયોગ અલોક;
તે નિરવધિ છઈ રે અવધિ અભાવનઈ, □વલગી લાગઈ રે ફોક ॥૧૦/૯॥ (૧૭૦) સમ.

ધર્માસ્તિકાયાદિકસ્યૂં સંયુત જે આકાશ તે **લોક** = લોકાકાશ♦ છઈ. *પ દ્રવ્યસહિત તે લોક કહીઈ.*

આકાશદ્વૈવિધ્યમેવોક્તં વિશેષતો નિરૂપયતિ - '**धर्मादी**'ति।

धर्मादिसंयुतो लोकोऽलोकस्तु तद्वियोगतः।
सोऽनवधिरभावस्याऽवधित्वं फल्गु कुत्र वै ?॥१०/९॥

प्रकृते दण्डान्वयस्त्वेवम् - धर्मादिसंयुतः (आकाशखण्डः) लोकः (इति उच्यते)। तद्वियोगतस्तु अलोकः। सः (=अलोकः) अनवधिः। अभावस्य वै फल्गु अवधित्वं कुत्र ?॥१०/९॥

लोकः = लोकपदवाच्यो **धर्मादिसंयुतः** = धर्मास्तिकायाद्यवच्छिन्नः आकाशखण्डः। तदुक्तं **भगवतीसूत्रे** [1]"किमियं भंते ! लोएत्ति पवुच्चइ ? गोयमा ! पंचत्थिकाया। एस णं एवतिए लोए त्ति पवुच्चइ। तं जहा - धम्मत्थिकाए, अहम्मत्थिकाए जाव पोग्गलत्थिकाए" (भ.सू.१३/४/४८१) इति। तदुक्तं **ध्यानशतके** अपि [2]"पंचत्थिकायमइयं लोगमणाइ-णिहणं जिणक्खायं" (ध्या.श.५३) इति। प्रकृते [3]"धम्माऽधम्मणिबद्धा गदिरगदी जीव-पोग्गलाणं च। जेत्तियमेत्ताआसे लोयाआसो स णादव्वो।।" (त्रि.प्र.१/

अवतरणिका :- આગળના શ્લોકમાં જણાવેલ આકાશના બે ભેદને જ ગ્રંથકારશ્રી વિશેષસ્વરૂપે દર્શાવે છે :-

❋ લોક-અલોકની સમજણ ❋

શ્લોકાર્થ :- ધર્માસ્તિકાયાદિથી સંયુક્ત આકાશ લોકાકાશ કહેવાય છે. ધર્માસ્તિકાયાદિથી રહિત આકાશ અલોકાકાશ કહેવાય છે. અલોકાકાશ અનંત છે. કારણ કે અભાવનું નિરર્થક અવધિપણું (= મર્યાદા બનવાપણું) ક્યાં જોવા મળે છે ? (૧૦/૯)

વ્યાખ્યાર્થ :- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યથી અવચ્છિન્ન = વિશિષ્ટ આકાશખંડ 'લોક' શબ્દથી ઓળખાવાય છે. તેથી **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે નીચે મુજબ જણાવેલ છે કે

પ્રશ્ન :- "હે ભગવંત ! આ 'લોક' શબ્દથી કોનું પ્રતિપાદન થાય છે ?"

ઉત્તર :- "હે ગૌતમ ! પંચાસ્તિકાય 'લોક' છે. પાંચ અસ્તિકાયપ્રમાણ 'લોક' કહેવાય છે. તે આ પ્રમાણે - (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય અને (૫) પુદ્ગલાસ્તિકાય. આ પાંચ અસ્તિકાય એટલે જ લોક = લોકાકાશ." **ધ્યાનશતક**માં પણ જણાવેલ છે કે 'પંચાસ્તિકાયમય અનાદિ અનંત લોકને જિનેશ્વર ભગવંતોએ બતાવેલ છે.' 'જીવ-પુદ્ગલોની ધર્મ-અધર્મનિમિત્તક ગતિ અને સ્થિતિ જેટલા આકાશમાં હોય તે લોકાકાશ તરીકે જ્ઞાતવ્ય છે' - આ પ્રમાણે **ત્રિલોકપ્રજ્ઞપ્તિ**માં દિગંબરાચાર્ય **યતિવૃષભજી**એ જે જણાવેલ છે, તેને પણ અહીં યાદ કરવું. 'જ્યાં જીવ

□ M(૧)માં 'વલતી' પાઠ. ♦ પુસ્તકોમાં 'લોકાકાશ' નથી. આ.(૧)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. 1. कः अयं भदन्त ! लोकः इति प्रोच्यते ? गौतम ! पञ्चास्तिकायाः। एष णं एतावान् लोकः इति प्रोच्यते। तद् यथा- धर्मास्तिकायः, अधर्मास्तिकायः... यावत् पुद्गलास्तिकायः। 2. पञ्चास्तिकायमयिकं लोकम् अनादि-निधनं जिनाख्यातम् (चिन्तयेत्)। 3. धर्माधर्मनिबद्धे गत्यगती जीव-पुद्गलानां च। यावन्मात्राकाशे लोकाकाशः स ज्ञातव्यः।।

(तास=) તે ધર્માસ્તિકાયાદિકનો જિહાં **વિયોગ** છઈ, તે **અલોકાકાશ** કહિયઈ. તે [૪]અલોકાકાશ **નિરવધિ** છઈ. **એતાવતા** તેહનો છેહ નથી.

---

૧૩૪) इति **त्रिलोकप्रज्ञप्तौ यतिवृषभाचार्य**वचनमपि स्मर्तव्यम्। [1]"दीसंति जत्थ अत्था जीवादीया स भण्णदे लोओ" (का.अ.१२१) इति **कार्त्तिकेयानुप्रेक्षा**वचनमपि स्मर्तव्यमत्र। "धर्माधर्मादीनि द्रव्याणि यत्र लोक्यन्ते स लोकः" (त.स.सि.पृ.१७६) इति **तत्त्वार्थसर्वार्थसिद्धौ** द्रष्टव्यम्।

अलोकस्तु = अलोकपदवाच्यस्तु **तद्वियोगतः** = धर्मास्तिकायादिविरहात् तदनवच्छिन्न आकाश-खण्डो बोध्यः। तदुक्तं **सूत्रकृताङ्गसूत्रवृत्तौ श्रीशीलाङ्काचार्येण** "आकाशास्तिकायमात्रकः तु अलोकः" (सू.कृ.श्रु.स्क.२/अ.५, सू.१२ पृ.३७७) इति।

इदमेवाऽभिप्रेत्य **गोम्मटसारे** जीवकाण्डे **नेमिचन्द्राचार्येण** [2]"सव्वमलोगागासं अण्णेहिं विवज्जियं होदि" (गो.सा.जी.का.५८७) इत्युक्तम्। **सः** = अलोकाकाशः **अनवधिः** = अनन्तः।

बृहद्द्रव्यसङ्ग्रहे नेमिचन्द्राचार्येण [3]"धम्माऽधम्मा कालो पुग्गल-जीवा य संति जावदिये। आयासे सो लोगो, तत्तो परदो अलोगु त्ति।।" (बृ.द्र.स.२०) इत्येवं लोकालोकव्यवस्था दर्शिता।

વગેરે પદાર્થ દેખાય છે, તેને લોક કહેવાય છે.' - આ પ્રમાણે **કાર્ત્તિકેયાનુપ્રેક્ષા** ગ્રંથનું વચન યાદ કરવું. 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો જ્યાં દેખાય છે, તેને લોક કહેવાય છે' - આ પ્રમાણે **તત્ત્વાર્થસર્વાર્થસિદ્ધિ** ગ્રંથમાં લોકલક્ષણ જોવું.

❊ લોકવિપરીત અલોક ❊

(**अलोक.**) 'અલોક' શબ્દથી ઓળખાતો પદાર્થ તો આનાથી વિપરીત જાણવો. અર્થાત્ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો અભાવ હોવાના લીધે જે આકાશખંડ ધર્માસ્તિકાયાદિથી અનવચ્છિન્ન = અવિશિષ્ટ = **શૂન્ય** છે તે અલોક = અલોકાકાશ તરીકે જાણવો. **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં **શ્રીશીલાંકાચાર્યજી**એ જણાવેલ છે કે 'માત્ર આકાશાસ્તિકાયસ્વરૂપ અલોક છે.'

❊ અલોક અનંત ❊

(**इद.**) આ જ અભિપ્રાયથી દિગંબરાચાર્ય **શ્રીનેમિચન્દ્રજી**એ જીવકાંડમાં જણાવેલ છે કે 'સંપૂર્ણ અલોકાકાશ આકાશને છોડીને બીજા દ્રવ્યોથી શૂન્ય છે.' તે અલોકાકાશ નિરવધિ = અનંત છે. અલોકનો કોઈ અંત નથી.

❊ લોક-અલોકવ્યવસ્થાનો પરિચય ❊

(**बृह.**) **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં દિગંબર **નેમિચંદ્રાચાર્યજી**એ લોક-અલોક અંગે વ્યવસ્થા આ મુજબ દેખાડેલ છે કે 'ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય, કાળ, પુદ્ગલ અને જીવો જેટલા આકાશમાં રહે તે લોક તથા ત્યાર બાદ આગળ અલોક છે.'

---

૪ મ.માં 'आलोकाका...' અશુદ્ધ પાઠ. 1. दृश्यन्ते यत्र अर्थाः जीवादिकाः स भण्यते लोकः। 2. सर्वमलोकाकाशमन्यैर्विवर्जितं भवति। 3. धर्माधर्मौ कालः पुद्गल-जीवाः च सन्ति यावतिके। आकाशे सः लोकः ततः परतः अलोक उक्तः।।

કોઈક ઈમ ✲કહસ્યઇ જે "જિમ લોકનઈ પાસઈ અલોકનો□ છેહ છઈ, તિમ આગઇ પણિ ✝હુસ્યઈ." તેહનઈ કહિઈ જે "લોક તો ભાવરૂપ છઈ, તે અવધિ ઘટઈ, પણિ આગઈ કેવલ **અભાવનઈ** ●પણિ અલોકાવધિપણું કિમ ઘટઈ ? શશશૃંગ કુણનું અવધિ હોઈ ? (**અવધિ અભાવનઈ ફોક વલગી લાગઈ.**)

यस्तु यथा लोकान्तेऽलोकाकाशस्यारम्भः तथैवाऽग्रे तस्यान्तोऽपि भविष्यतीत्याचष्टे स एवं प्रज्ञापनीयः - लोकस्य पञ्चास्तिकायमयत्वेन भावस्वरूपत्वाद् अलोकावधित्वं सङ्गच्छते। किन्तु अलोकेऽग्रे किमपि अलोकातिरिक्तं नास्ति। स्वस्य तु स्वावधित्वं नैव सम्भवति। स्वातिरिक्तस्य तु तत्राऽभाव एव। अभावमात्रे तु कथमलोकस्य उत्तरावधित्वं सङ्गच्छेत ? **अभावस्य अवधित्वं फल्गु** = निरर्थकम्। **कुत्र वै** पदार्थे **अभावस्य अवधित्वम्** = अभावावधिकत्वं दृष्टम् ? अन्यथा क्वचिद् वस्तुनि शशशृङ्गावधिकत्वं अपि आपद्येत। न हि शशशृङ्गं कस्याऽप्यवधितया सम्पद्यते।

✡ अलोक सांत के अनंत ? तेनी मीमांसा ✡

(**यस्तु.**) જે વિદ્વાનો એવો કુતર્ક કરે છે કે 'જે રીતે લોકના અંતે = છેડે અલોકાકાશનો પ્રારંભ થાય છે તે જ રીતે આગળ અલોકાકાશનો પણ અંત = અવધિ આવશે. તેથી અલોકને અનંત = અનવધિ = નિરવધિ કહી ન શકાય' - તે વિદ્વાનોને એમ સમજાવવું કે લોક પંચાસ્તિકાયમય હોવાથી ભાવસ્વરૂપ છે. તેથી અલોકની અવધિ = મર્યાદા લોક બની શકે છે. તેથી 'અલોકની અવધિ લોક છે' - આ વાત સંગત છે. અલોકમાં આગળને આગળ વધે જ રાખો તો આગળ અલોકભિન્ન કશું જ નથી. વળી, પોતે તો પોતાની અવધિ ન જ બની શકે. તથા પોતાનાથી = અલોકથી ભિન્ન ભાવાત્મક ઘટાદિ વસ્તુનો તો ત્યાં અભાવ જ છે. તથા તેથી અભાવમાત્ર તો કઈ રીતે અલોકની ઉત્તર અવધિ (આગળનો છેડો) બની શકે ? અભાવમાં કોઈનું અવધિપણું માનવું વ્યર્થ છે. ક્યા પદાર્થમાં અભાવ અવધિ હોય તેવું જોવા મળે છે ? બાકી તો કોઈક વસ્તુની અવધિ = મર્યાદા શશશૃંગ પણ બનવાની આપત્તિ આવશે. પરંતુ શશશૃંગ કોઈ પણ પદાર્થની અવધિ = મર્યાદા બનતું નથી.

❖ सर्वथा असत् वस्तु अवधि न बने ❖

स्पष्टता :- 'ભારત દેશ ક્યાં જઈને અટકે છે ?' આ પ્રશ્નના જવાબમાં એમ કહી શકાય કે પાકિસ્તાન, નેપાળ વગેરે દેશ પાસે ભારત દેશ સમાપ્ત થાય છે. પાકિસ્તાન, નેપાળ વગેરે ભારતની સરહદ = અવધિ = મર્યાદા કહેવાય છે. અત્યારે પાકિસ્તાન, નેપાળ સુધી ભારત ફેલાયેલ છે. પાકિસ્તાન, નેપાળ વગેરે દેશો આવે એટલે 'ભારતનો અંત = છેડો આવી ગયો' એમ કહેવાય. કારણ કે પાકિસ્તાન વગેરે દેશો ભાવાત્મક પદાર્થ છે. પરંતુ 'શશશૃંગ સુધી ભારત ફેલાયેલ છે. શશશૃંગ આવે એટલે ભારતનો અંત આવી ગયો' - એવું કહી શકાતું નથી. કેમ કે શશશૃંગ તુચ્છ છે. તેમ 'લોકના અંતે જેનો પ્રારંભ થાય છે તેવો અલોક આગળ ક્યાં જઈને અટકે છે ?' આ પ્રશ્નના જવાબમાં એમ જ કહેવું પડે છે કે - અલોક આગળ વધીને ક્યાંય અટકતો નથી. અલોકનો કોઈ છેડો = અંત = અવધિ = મર્યાદા નથી. 'આગળ શશશૃંગ સુધી, અભાવ સુધી અલોક ફેલાયેલ છે. શશશૃંગ આવે, અભાવ આવે એટલે અલોકનો અંત આવી ગયો'

✲ આ.(૧)માં 'કહૈસે' પાઠ. □ લી.(૧)માં 'અલોક કેહવઉં' પાઠ. ✝ હુસ્યઈ = હુસિઈ = થશે. આધારગ્રંથ-**નેમિરંગરત્નાકર છંદ** (લાવણ્યસમયકૃત), પ્રકાશક. એલ.ડી.ઈન્ડોલોજી, અમદાવાદ. ● ફક્ત લા.(૨)માં 'પણિ' છે.

અનઈ જો ભાવરૂપેં ▸અવધિરૂપ २◂ અંત* માનિઈ, તો તે અન્યદ્રવ્યરૂપ નથી.

अथ भावस्य कस्यचिद् अलोकोत्तरावधित्वं स्यादिति ***चेत्*** ?

न, अग्रे कस्यचिद् भावस्य अलोकावधित्वे आकाशस्यैव तत्त्वं स्यात्, यतः तत्राकाशादन्यत् किमपि द्रव्यं नास्ति, यद् अलोकस्योत्तरावधित्वमास्कन्दितुं शक्नुयात्। तदुक्तं **भगवत्यां** [1]"भावओ णं अलोए नेवत्थि वन्नपज्जवा, गंधपज्जवा, रसपज्जवा, फासपज्जवा.... जाव नेवत्थि अगुरुलहुयपज्जवा, एगे अजीवदव्वदेसे" (भ.सू.११/१०/प्रश्न-१८) इति।

अत्र [2]"नेवत्थि अगुरुलहुयपज्जवत्ति अगुरुलघुपर्यवोपेतद्रव्याणां पुद्गलादीनां तत्राऽभावाद्" (भ.सू.११/१०/प्र.१८ वृ.) इति **भगवतीसूत्रव्याख्या** अवधातव्या। वस्तुतस्तु अगुरुलघुपर्यायाः प्रत्यलोकाकाशप्रदेशं प्रतिसमयं विपरिवर्त्तन्ते एवेति वक्ष्यते एकादशशाखायाम् (११/१)। तदुक्तं **भगवतीसूत्रे** एव द्वितीय-शतकदशमोद्देशके अलोकमुद्दिश्य [3]"एगे अजीवदव्वदेसे अगुरुलहुए अणंतेहिं अगुरुयलहुयगुणेहिं संजुत्ते"

- તેમ કહી શકાતું નથી.

तर्क :- (अथ.) શશશૃંગ ભલે અલોકની અવધિ = મર્યાદા ન બને. પરંતુ અલોકની આગળ રહેલો ભાવાત્મક પદાર્થ તો અલોકનો છેડો = અવધિ બની શકે ને ? તેથી અલોક અનંત નહિ કહેવાય.

* અલોકાકાશમાં કોઈ ભાવ પદાર્થ નથી *

तथ्य :- (न.) તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે જો અલોકને આગળ ભાવરૂપ અવધિ હોય તો તે આકાશ જ હોઈ શકે. કેમ કે લોકની બહાર આકાશ સિવાય અન્ય કોઈ દ્રવ્ય છે જ નહિ કે જે અલોકની ઉત્તર અવધિ (= આગલી મર્યાદા) બની શકે. **ભગવતીસૂત્ર**માં બતાવેલ છે કે 'ભાવથી અલોકમાં કોઈ વર્ણપર્યાય, ગંધપર્યાય, રસપર્યાય, સ્પર્શપર્યાય નથી. યાવત્ અગુરુલઘુપર્યાયો (= અગુરુલઘુપર્યાયવાળા પુદ્ગલાદિ) નથી. અલોક એક અજીવ દ્રવ્યનો દેશ છે.' એક અજીવ દ્રવ્ય એટલે આકાશ. તેનો એક ભાગ અલોકમાં છે. બીજું કશું જ ત્યાં નથી. તેથી અલોક અનંત જ છે.

* અલોકાકાશમાં ઉત્પાદાદિ વિચાર *

(अत्र.) પ્રસ્તુતમાં **શ્રીઅભયદેવસૂરિજી**એ **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં એક મહત્ત્વપૂર્ણ ખુલાસો કરેલો છે કે "ભગવતીસૂત્રમૂળમાં 'અલોકમાં અગુરુલઘુપર્યાય નથી' - આમ જે જણાવેલ છે તેનો અર્થ 'અલોકમાં અગુરુલઘુપર્યાયવાળા પુદ્ગલાદિ દ્રવ્યો નથી' - આ મુજબ સમજવો." આ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કારણ કે વાસ્તવમાં તો "પ્રત્યેક અલોકાકાશપ્રદેશમાં અગુરુલઘુપર્યાયો પ્રતિસમય બદલાય જ છે' - આવું અગિયારમી શાખાના પ્રથમ શ્લોકની વ્યાખ્યામાં જણાવવામાં આવશે. **ભગવતીસૂત્ર**ના બીજા શતકના દશમા ઉદ્દેશામાં જ અલોકાકાશને ઉદ્દેશીને જણાવેલ છે કે 'અલોકાકાશ એક છે,

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(१)માં છે. * B(२)+લા.(२)માં 'અંત માનિઈ' ના બદલે 'આત્માનિઈ' પાઠ. 1. भावतः णं अलोके न एव सन्ति वर्णपर्यवाः, गन्धपर्यवाः, रसपर्यवाः, स्पर्शपर्यवाः.... यावद् न एव सन्ति अगुरु-लघुपर्यवाः, एकः अजीवद्रव्यदेशः। 2. नैव सन्ति अगुरुलघुपर्यवाः।

3. एकः अजीवद्रव्यदेशः अगुरुलघुकः अनन्तैः अगुरुकलघुकगुणैः संयुक्तः।

આકાશદેશસ્વરૂપનઈ તો તદંતપણું કહતાં વદદ્વ્યાઘાત હોઈ." તે માટઈ અલોકાકાશ અનંત જાણવઉ. ॥१०/९॥

(भ.सू.२/१०/१२२/पृ.१५१) इति। ***एतेन*** अलोकाकाशोत्पाद-व्ययौ अपि ***समर्थितौ***, अगुरुलघु-पर्यायोत्पादादिद्वारा तदुपपत्तेः। इदमेवाऽभिप्रेत्य अलोकमुद्दिश्य **तत्त्वार्थसूत्रसिद्धसेनीयवृत्तौ** "यत्राऽपि अवगाहकं जीव-पुद्गलं नास्ति तत्राऽपि अगुरुलघ्वादिपर्यायवत्तया अवश्यन्तयैव अनित्यता अभ्युपेया। ते तु अन्ये चाऽन्ये च भवन्ति" (त.सू.५/३० वृ.) इति दर्शितम्। ततश्च त्रिलक्षणं सर्वव्यापि मन्तव्यम्।

न चाऽस्त्वाकाशदेशस्यैवाऽलोकाकाशोत्तराऽवधित्वमिति ***वाच्यम्,***

तथात्वे वदतो व्याघातापत्तेः। आकाशे आकाशावयवावधित्वं कथं भवेत् ? अयमाशयः - अलोकाकाशावधिरूपेण द्वौ देशौ स्यातां तर्हि स्यादेव स सावधिकः। न चैवमस्ति। तथाहि - तस्य पूर्वावधिविधया धर्मास्तिकायादिद्रव्याणि यथा सन्ति तथोत्तरावधिरूपेण किञ्चिद् अन्यद् द्रव्यं स्यात् तर्हि तस्य अलोकाकाशोत्तरावधित्वं सम्भवेत्। किन्तु अग्रे अलोकाकाशातिरिक्तं किञ्चिद् अपि

અજીવદ્રવ્યનો એક દેશ છે, અગુરુલઘુ છે, અનંતા અતીન્દ્રિય અગુરુલઘુ ગુણોથી યુક્ત છે.' આવું કહેવા દ્વારા અલોકાકાશમાં થનારા ઉત્પાદ-વ્યયનું પણ સમર્થન થઈ ગયું. કારણ કે અગુરુલઘુપર્યાયની ઉત્પત્તિ વગેરે દ્વારા તે તે સ્વરૂપે અલોકાકાશના ઉત્પાદાદિની સંગતિ થઈ શકે છે. આ જ અભિપ્રાયથી **તત્ત્વાર્થસૂત્ર-સિદ્ધસેનીયવ્યાખ્યા**માં અલોકને ઉદ્દેશીને જણાવેલ છે કે "જ્યાં પણ અવગાહક પુદ્ગલ-જીવદ્રવ્ય ન હોય ત્યાં અલોકાકાશમાં પણ અગુરુલઘુપર્યાયવિશિષ્ટરૂપે અવશ્ય અનિત્યતા સ્વીકારવી જ જોઈએ. અગુરુલઘુપર્યાયો તો અલગ-અલગ થયે જ રાખે છે, બદલાયે જ રાખે છે." મતલબ કે અગુરુલઘુપર્યાયના ઉત્પાદ-વ્યય દ્વારા અલોકાકાશના ઉત્પાદ-વ્યય **શ્રીસિદ્ધસેનગણિવર**ને પણ માન્ય છે. તેથી ઉત્પાદાદિ ત્રિલક્ષણને સર્વવ્યાપી સમજવું.

શંકા :- (न चा.) અલોકમાં આકાશના દેશ અને પ્રદેશ તો રહેલા જ છે. તેથી અલોકાકાશની આગલી મર્યાદા તરીકે આકાશદેશને કે આકાશપ્રદેશને માની લો. તેથી અલોકાકાશ સાંત જ હશે.

✹ પોતાના દેશ-પ્રદેશ પોતાની અવધિ ન બને ✹

સમાધાન :- (तथात्वे.) તમારી આ દલીલ પણ બરાબર નથી. કારણ કે 'અલોકને અવધિસ્વરૂપ દ્રવ્ય આકાશદેશરૂપ છે' - આવું તો બોલવા માત્રથી જ વ્યાઘાત = વિરોધ આવશે. કારણ કે આકાશને આકાશદેશથી = આકાશથી જ અવધિ શી રીતે આવે ? જેમ 'મારી માતા વાંઝણી છે' - આવું વચન વિરોધગ્રસ્ત છે, તેમ 'અલોકાકાશની ઉત્તર મર્યાદા = પાછલી અવધિ અલોકાકાશના અવયવો જ છે' - આવું વચન પણ વિરોધગ્રસ્ત છે. આશય એ છે કે અલોકાકાશના અવધિરૂપે બે ભાગ = બે છેડા = બે અંત હોય તો અલોકાકાશને જરૂર સાવધિ કહી શકાય. પરંતુ તેવું નથી. તે આ રીતે સમજી શકાય છે. એક પૂર્વ = આગલો છેડો અને એક ઉત્તર = પાછલો છેડો. લોક તરફનો છેડો તે આગલો છેડો. તથા તેનાથી વિપરીત તરફનો = સામી બાજુનો છેડો તે પાછલો છેડો. લોક તરફ તો ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો છે. તેથી તે અલોકની આગલી અવધિ બને છે. તે રીતે જો અલોકની પાછલી અવધિ માનીએ

द्रव्यं नास्ति।

अथालोकाकाशदेशस्य एव उत्तरावधिविधया अभ्युपगमे तस्य काल्पनिकतया अलोकाकाशस्यैव अलोकाकाशोत्तरावधित्वापत्त्या वदद्व्याघातापत्तिः। न हि स्वस्य जातु स्वावधित्वं सम्भवति। न खलु पटुरपि नटबटुः स्वस्कन्धम् आरोढुं शक्तः। तस्माद् लोकाकाशस्योत्तरावधिशून्यतयाऽलोकाकाशस्याऽनन्तत्वमागमाभिहितमेवाभ्युपगन्तव्यम्। इत्थञ्च पारमार्थिकं विभुत्वम् आकाशाऽस्तिकाये एवाऽस्तीति सिद्धम्।

अथ आकाशवदेव धर्माऽधर्मावपि विभू स्याताम् इति ***चेत्*** ?

न, "धर्माऽधर्मास्तिकायौ विभू न भवतः, तद्विभुत्वे तत्सामर्थ्यतो जीव-पुद्गलानाम् अस्खलितप्रचारप्रवृत्तौ लोकाऽलोकव्यवस्थाऽनुपपत्तेः। अस्ति च लोकालोकव्यवस्था, तत्र तत्र प्रदेशे सूत्रे साक्षाद् दर्शनात्। ततो यावति क्षेत्रे (धर्माऽधर्मौ) अवगाढौ तावत्प्रमाणो लोकः, शेषस्तु अलोक इति सिद्धम्" (प्र.सू.१/४/पृ.९) इति **प्रज्ञापनासूत्रवृत्तौ श्रीमलयगिरिसूरयः**।

तो त्यां कोઈક અન્ય ભાવાત્મક દ્રવ્ય હોવું જરૂરી છે. પરંતુ ત્યાં તો બીજું કોઈ દ્રવ્ય છે જ નહિ. કેવળ આકાશ જ છે.

(**अथा.**) હવે જો અલોકાકાશના જ એક દેશને ઉત્તર અવધિરૂપે માનીએ તો તે દેશ = ભાગ = વિભાગ તો કાલ્પનિક જ છે. તેથી અલોકાકાશને જ અલોકાકાશની પાછલી અવધિરૂપે માનવાથી વદતો વ્યાઘાત થશે. વાસ્તવમાં તો અલોકાકાશનો કોઈ દેશ અવધિરૂપ બની શકતો જ નથી. કેમ કે બીજા ભાવ પદાર્થના લીધે દેશાદિની કલ્પના થાય છે. તે તો અલોકમાં છે જ નહિ. માટે કાલ્પનિક જ દેશ કહેવાય. તેથી પોતાને જ પોતાની પાછલી અવધિ માનવાની વાત આવવાથી વદતો વ્યાઘાત આવે છે. પોતે ક્યારેય પોતાની અવધિ બની ન શકે. દોરડા ઉપર નાચવામાં અત્યંત કુશલ એવો પણ નટપુત્ર પોતાના ખભા ઉપર ચઢવા માટે શક્તિમાન નથી હોતો. આમ ફલિત એ થાય છે કે અલોકાકાશની પાછલી અવધિ તરીકે નહિ તો શશશૃંગ વગેરે બની શકે કે નહિ તો અન્ય કોઈ દ્રવ્ય બની શકે કે નહિ તો અલોકાકાશપ્રદેશાદિ બની શકે. આમ "આગળની કોઈ સરહદ = અવધિ ન હોવાથી 'અલોકાકાશ અનંત છે' - આ મુજબ જૈનાગમમાં દર્શાવેલ હકીકતને જ સ્વીકારવી જોઈએ" - તેમ સિદ્ધ થાય છે. આ રીતે સિદ્ધ થાય છે કે પારમાર્થિક વિભુત્વ આકાશાસ્તિકાયમાં જ છે, અન્યત્ર નહિ.

આક્ષેપ :- (**अथ.**) આકાશની જેમ જ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયને પણ વિભુ = સર્વવ્યાપી માનો.

❖ ધર્મ-અધર્મદ્રવ્ય પરમાર્થથી વિભુ નથી ❖

નિરાકરણ :- (**न.**) ના, "ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વિભુદ્રવ્ય નથી. કારણ કે જો તે બન્ને વિભુ = સર્વવ્યાપી હોય તો તે બન્ને દ્રવ્યની શક્તિથી જીવ અને પુદ્ગલ દ્રવ્યની સર્વત્ર અસ્ખલિતપણે ફેલાવાની પ્રવૃત્તિ થવાથી લોક-અલોકની વ્યવસ્થા જ અસંગત બની જશે. પરંતુ લોકાલોકની વ્યવસ્થા તો શાસ્ત્રસંમત છે. કારણ કે તે તે સ્થળે આગમમાં તે દેખાય જ છે. તેથી જેટલા ક્ષેત્રમાં ધર્મ-અધર્મ અવગાહીને રહેલા છે તેટલા પ્રમાણમાં લોકાકાશ છે. તે સિવાયનું ક્ષેત્ર તે અલોકાકાશ છે - તેમ સિદ્ધ થાય." આ પ્રમાણે **પન્નવણાવૃત્તિમાં શ્રીમલયગિરિસૂરિજીએ** જણાવેલ છે.

ननु एवम् अस्तिकायज्ञानेन किं प्रयोजनं सिध्यतीति ***चेत्*** ?

धर्मरुचिनामकं दशमं सम्यग्दर्शनमित्यवेहि। तदुक्तं **प्रज्ञापनासूत्रे, उत्तराध्ययनसूत्रे, प्रवचनसारोद्धारे** च [1]"जो अत्थिकायधम्मं सुयधम्मं खलु चरित्तधम्मं च। सद्दहइ जिणाभिहियं सो धम्मरुइ त्ति नायव्वो।।" (प्र.सू.१/३७-१२६ पृ.५६ + उत्त.२८/२७ + प्र.सारो.९६०) इति भावनीयमस्तिकायतत्त्वं श्रुतानुसारेण चारित्रधरैः धर्मरुचिसम्यक्त्वकाङ्क्षिभिः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यथा परमार्थत एकमपि गगनम् उपाधिभेदाद् द्विधा भिद्यते तथा एकोऽपि जीवः शरीरेन्द्रियाद्युपाधिभेदात् संसारि-मुक्तादिभेदेनाऽनेकधा भिद्यते। यथा धर्मास्तिकायादिविरहे अलोकाकाशस्वरूपं मौलरूपेण न भिद्यते तथा शरीरेन्द्रियान्तःकरण-पुण्यादिविरहे अस्मदीयचैतन्यरूपं मौलरूपेण नैव भिद्यते। ततश्च शारीरज्वरेन्द्रियवैकल्याऽन्तःकरणमूर्छा -पुण्योदयभ्रंशाद्यवसरे नैव विह्वलता कार्या। न हि व्याध्यादिभिः अस्मदीयमौलिकचैतन्यस्वरूपं निश्चयतो भिद्यते किञ्चिदपीति न विस्मर्तव्यम्। इत्थमेव [2]"सव्वकम्मावगमो मोक्खो" (नि.भा.१०/चू.पृ.७ - पीठिका) इति **निशीथचूर्णि**दर्शितो मोक्षः सुलभो भवेत्।।१०/९।।

જિજ્ઞાસા :- (**ननु.**) આ રીતે ધર્મ-અધર્મ વગેરે અસ્તિકાયનું જ્ઞાન કરવાથી શું પ્રયોજન સિદ્ધ થાય ? તે જ સમજાતું નથી.

❋ ધર્મરુચિ સમ્યગ્દર્શનને પામીએ ❋

શમન :- (**धर्म.**) ધર્માસ્તિકાય વગેરેની જાણકારીથી ધર્મરુચિ નામનું દશમા નંબરનું સમ્યગ્દર્શન સિદ્ધ = પ્રગટ કરવું એ જ પ્રયોજન છે. તેમ તમે જાણો. કુલ દશ ભેદ સમકિતનાં છે. તેમાંથી દશમો ભેદ ધર્મરુચિ સમકિત છે. તે અંગે **પન્નવણાસૂત્ર**માં, **ઉત્તરાધ્યયનસૂત્ર**માં તથા **પ્રવચનસારોદ્ધાર**માં જણાવેલ છે કે 'શ્રીજિનેશ્વર ભગવંતે બતાવેલા (૧) અસ્તિકાયધર્મની, (૨) શ્રુતધર્મની અને (૩) ચારિત્રધર્મની જે શ્રદ્ધા કરે છે તે સાધકને ધર્મરુચિસમ્યક્ત્વવાળો જાણવો.' આ રીતે ધર્મરુચિ સમકિતની કામના કરનારા સંયમીઓએ શ્રુતાનુસારે અસ્તિકાયતત્ત્વની વિભાવના કરવી.

❯ ઔપાધિકસ્વરૂપમાં અટવાઈએ નહિ ❮

આધ્યાત્મિક ઉપનય :- જેમ આકાશ પરમાર્થથી એક જ હોવા છતાં તેના બે ભેદ ઉપાધિભેદથી પડે છે, તેમ આપણો જીવ પણ એક હોવા છતાં શરીર, ઈન્દ્રિય વગેરે ઉપાધિના ભેદથી આપણા સંસારી-મુક્ત વગેરે ભેદો પડે છે. જેમ ધર્માસ્તિકાય ન હોવાથી અલોકાકાશના મૂળભૂત સ્વરૂપમાં કોઈ ફરક પડતો નથી, તેમ શરીર, ઈન્દ્રિય, મન, પુણ્ય વગેરે આપણા ન હોવાથી આપણા મૂળભૂત ચૈતન્યસ્વરૂપમાં કે મૂળસ્વરૂપે આપણામાં કોઈ જ ભેદ પડી શકતો નથી. માટે શરીર માંદુ પડે, ઈન્દ્રિયમાં ખોડખાંપણ આવે, મન મૂર્છિત - બેહોશ થાય, પુણ્ય પરવારે તેવા સંયોગમાં આપણે વિહ્વળ થવાની કશી જ જરૂર નથી. કેમ કે તેવી પરિસ્થિતિમાં પણ આપણા મૂળભૂત ચૈતન્ય સ્વરૂપમાં તો નિશ્ચયથી જરાય ફરક પડતો નથી. આ હકીકત આપણી નજરમાંથી ખસવી ન જોઈએ. આ રીતે જ **નિશીથચૂર્ણિ**માં બતાવેલ સર્વકર્મવિયોગસ્વરૂપ મોક્ષ સુલભ બને.(૧૦/૯)

---

1. यः अस्तिकायधर्मं श्रुतधर्मं खलु चरित्रधर्मं च। श्रद्दधाति जिनाभिहितं स धर्मरुचिरिति ज्ञातव्यः।। 2. सर्वकर्मापगमो मोक्षः।

♦**વર્ત્તનલક્ષણ સર્વ દ્રવ્યહ તણો પજ્જવ, દ્રવ્ય ન કાલ;**
દ્રવ્ય અનંતની રે દ્રવ્ય અભેદથી, ઉત્તરાધ્યયનઈ રે ભાલ ॥૧૦/૧૦॥ (૧૭૧) સમ.
કાલ તે પરમાર્થથી દ્રવ્ય નહીં. તો શું ? **સર્વદ્રવ્યનો** □**વર્તનાલક્ષણ પર્યાય** જ છઈ.

अधुनाऽवसराऽऽयातं कालं व्याख्यानयति – '**काल**' इति।

कालो द्रव्यं न, पर्यायो द्रव्यवर्त्तनलक्षणः।
तत्र द्रव्योपचारेण कालानन्त्योक्तिरुत्तरे।।१०/१०।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – कालः न द्रव्यं (किन्तु) द्रव्यवर्तनलक्षणः पर्यायः। तत्र द्रव्योपचारेण कालानन्त्योक्तिः उत्तरे (=उत्तराध्ययनसूत्रे)।।१०/१०।।

कालो हि परमार्थतो **न द्रव्यम्**, किन्तु **द्रव्यवर्त्तनलक्षणः** = सर्वद्रव्याणां वर्त्तनालक्षणः **पर्याय** एव। स्वयमेव वर्त्तमानाः भावाः वर्त्त्यन्ते यया सा वर्त्तना। तदुक्तम् **उत्तराध्ययनवृत्तौ शान्तिसूरिभिः, कमलसंयमोपाध्यायैः भावविजयवाचकैश्च** "वर्त्तन्ते = भवन्ति भावाः तेन तेन रूपेण, तान् प्रति प्रयोजकत्वं = वर्त्तना" (उत्त.सू.८/१० वृ.) इति। "वर्त्तते = अनवच्छिन्नत्वेन निरन्तरं भवति इति वर्त्तना" (उत्त.२८/१० दी.) इति **उत्तराध्ययनदीपिकावृत्तौ लक्ष्मीवल्लभगणी**। सा चोत्पत्त्यादिस्वरूपा। तदुक्तं **तत्त्वार्थसूत्रभाष्ये उमास्वातिवाचक**पुङ्गवैः "वर्त्तना = उत्पत्तिः स्थितिः अथ गतिः प्रथमसमयाश्रयेत्यर्थः" (त.सू.५/२२ भा.पृ.३४९)

अवतरणिका :- ધર્મ-અધર્મ-આકાશ સ્વરૂપ ત્રણ દ્રવ્યનું નિરૂપણ પૂર્ણ થયું. હવે કાળનું પ્રતિપાદન કરવાનો અવસર આવ્યો છે. તેથી ગ્રંથકારશ્રી અવસરસંગતિપ્રાપ્ત કાળની વ્યાખ્યા કરે છે :-

❋ કાળ તત્ત્વનું નિરૂપણ ❋

શ્લોકાર્થ :- કાળ દ્રવ્ય નથી પરંતુ પર્યાય છે. દ્રવ્યની વર્તના સ્વરૂપ પર્યાય એ જ કાળનું લક્ષણ છે. તે પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરીને 'કાળ અનંત છે' - એમ **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે.(૧૦/૧૦)

❋ કાળ દ્રવ્ય નહિ, પર્યાય છે ❋

વ્યાખ્યાર્થ :- કાળ ખરેખર પરમાર્થથી દ્રવ્યાત્મક નથી પરંતુ પર્યાયાત્મક છે. સર્વ દ્રવ્યોની વર્ત્તના સ્વરૂપ પર્યાય એ જ કાળ તત્ત્વ છે. સ્વયમેવ વર્તમાન = વર્તી રહેલા = વિદ્યમાનતાને ધારણ કરવા તત્પર થતા ભાવો જેના દ્વારા વર્તે છે = વિદ્યમાનતાને ધારણ કરે છે તે વર્તના પર્યાય કહેવાય. **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **વૃત્તિ**માં **શ્રીશાંતિસૂરિજી**એ, **કમલસંયમ** ઉપાધ્યાયજીએ તથા **ભાવવિજય** ઉપાધ્યાયજીએ 'વર્તના' પર્યાયની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે "તે તે સ્વરૂપે વર્તી રહેલા પદાર્થોને ભાવ કહેવાય. તે તે સ્વરૂપે ભાવો = પદાર્થો થઈ રહેલા છે, વર્તી રહેલા છે. તેના પ્રત્યે જે પ્રયોજક બને તે વર્ત્તના કહેવાય." **ઉત્તરાધ્યયનદીપિકાવૃત્તિ**માં **શ્રીલક્ષ્મીવલ્લભગણી**એ જણાવેલ છે કે 'વર્ત્તે = અનવચ્છિન્નરૂપે (અખંડરૂપે) નિરંતર હોય - આ પ્રમાણે વર્ત્તના સમજવી.' તે વર્તના ઉત્પત્તિ વગેરે સ્વરૂપ છે. તેથી જ **તત્ત્વાર્થસૂત્રભાષ્ય**માં વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે "વર્તના એટલે ઉત્પત્તિ,

♦ પુસ્તકોમાં 'વર્ત્તણ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. □ B(૨) + લી.(૧+૩)માં 'વર્તમાન લક્ષણ' પાઠ.

इति। अत्र 'प्रथमसमयाश्रया = एकसमयाश्रया' इत्यर्थः कार्यः। ततश्च द्रव्यत्वावच्छिन्नस्य सामयिकोत्पत्ति-स्थित्यादिलक्षणो यो वर्त्तनापर्यायः तत्स्वरूपः काल इति यावत् तात्पर्यमवसेयम्, अन्यथा मध्यावस्थायां द्रव्ये वर्त्तना न स्यादिति भावनीयम्।

नयचक्रसारविवरणे देवचन्द्रवाचकेन जीवाऽजीवयोः उत्पत्ति-व्ययरूपा या वर्त्तना (न.च.सा.पृ.८८) दर्शिता साऽपि एकसमयावच्छिन्ना बोध्या।

सुमङ्गलाऽभिधानायां नवतत्त्वप्रकरणवृत्तौ श्रीधर्मसूरिणा अपि "सादिसान्त-साद्यनन्ताऽनादिसान्ता-ऽनाद्यनन्तभेदभिन्नेषु चतुष्प्रकारेषु एकेनाऽपि केनचित् प्रकारेण द्रव्याणां वर्त्तनं सा वर्त्तना। इयं वर्त्तना प्रतिसमयं परिवर्त्तनात्मिका। अतः विवक्षितैकवर्त्तना द्विसमयं यावदपि स्थितिं न कुरुते। अतो या वर्त्तनायाः परावृत्तिः सा पर्यायत्वेन अभिधीयत इति वर्त्तनापर्यायः। उक्तञ्च "द्रव्याणां सादि-सान्तादिभेदैः स्थित्यां चतुर्भिदि। यत्केनचित्प्रकारेण वर्त्तनं वर्त्तना हि सा।।" ( ) इति" (न.त.प्र.गा.६/वृ.पृ.२७) इत्येवं सामयिका वर्त्तना न्यरूपि।

स्थिति तथा प्रथमसमयसापेक्ष गति." અહીં 'પ્રથમ સમય' શબ્દનો અર્થ 'એક સમય' એવો કરવો. એથી અહીં તાત્પર્યાર્થ એવો સમજવો કે - દ્રવ્યત્વાવચ્છિન્નમાં = સર્વ દ્રવ્યમાં એકસમયપ્રમાણ ઉત્પત્તિ, સ્થિતિ વગેરે સ્વરૂપ જે વર્ત્તના પર્યાય છે તે જ કાળતત્ત્વ છે. જો 'પ્રથમ સમય' શબ્દનો અર્થ 'એક સમય' કરવામાં ન આવે અને યથાશ્રુત અર્થ જ માન્ય કરવામાં આવે તો પ્રથમ સમય બાદ મધ્યમ અવસ્થામાં દ્રવ્યની અંદર વર્તના પર્યાય નહિ માની શકાય. કારણ કે ત્યારે પ્રથમસમયાશ્રિત ઉત્પત્તિ કે પ્રથમસમયાશ્રિત સ્થિતિ વગેરે હાજર નથી. આમ અહીં વિચારવું.

સ્પષ્ટતા :- કોઈ પણ દ્રવ્યમાં રહેલી એકસમયપ્રમાણ ઉત્પત્તિ, સ્થિતિ વગેરે સ્વરૂપ પર્યાય એ જ વર્તનાપર્યાય છે. તથા વર્ત્તનાપર્યાય એ જ 'કાળ' પદાર્થ છે.

ॐ वर्त्तना अंगे देवचन्द्रवाचक मत ॐ

(**नय.**) **नयचक्रसारविवरण**માં ખરતરગચ્છીય **દેવચન્દ્ર** ઉપાધ્યાયજીએ જીવ-અજીવ દ્રવ્યની ઉત્પત્તિ અને વ્યય સ્વરૂપ જે વર્ત્તના બતાવેલી છે તે પણ એકસમયાવચ્છિન્ન ઉત્પત્તિ વગેરેરૂપે જાણવી.

❋ वर्त्तना अंगे श्रीधर्मसूरिमत ❋

(**सु.**) **नवतत्त्वप्रकरण** ઉપર શ્રી**ધર્મસૂરિ**જીએ **સુમંગલા** વ્યાખ્યા રચેલી છે. તેમાં જણાવેલ છે કે "(૧) સાદિ-સાંત, (૨) સાદિ-અનંત, (૩) અનાદિ-સાંત, (૪) અનાદિ-અનંત - આ ચાર પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારે દ્રવ્યોની જે વિદ્યમાનતા હોય છે તેને વર્ત્તના કહેવાય છે. આ વર્ત્તના પ્રતિસમય પરિવર્તનાત્મક છે. તેથી કોઈ પણ એક ચોક્કસ પ્રકારની વર્ત્તના બે સમય સુધી ટકી શકતી નથી. તેથી વર્ત્તનાનું જે પરાવર્તન છે તે પર્યાય તરીકે કહેવાય છે. આ રીતે વર્ત્તનાપર્યાયને સમજવો. આ અંગે પ્રાચીન શાસ્ત્રોમાં જણાવેલ છે કે 'સાદિ-સાંત વગેરે ચાર ભેદથી દ્રવ્યોની ચાર પ્રકારની સ્થિતિમાં ગમે તે એક પ્રકારે દ્રવ્યોની જે વિદ્યમાનતા હોય તે વર્ત્તના કહેવાય' - આ પ્રમાણે વર્ત્તના સમજવી" - મતલબ કે યુગદિવાકર શ્રી**ધર્મસૂરિ**જીને પણ સામયિકી = એકસમયાવચ્છિન્ન વર્ત્તના જ માન્ય છે.

यच्च "तेन तेन द्व्यणुक-त्र्यणुकादिरूपेण परमाण्वादिद्रव्याणां वर्त्तनं = वर्तना" (वि.आ.भा.९२६ वृ.) इति, "विवक्षितेन नव-पुराणादिना तेन तेन रूपेण यत् पदार्थानां वर्त्तनं = शश्वद्भवनं स वर्त्तनापरिणामः, अभ्रादीनां सादिः, चन्द्रविमानादीनाम् अनादिः" (वि.आ.भा.२०२७ वृ.) इति च **विशेषावश्यकभाष्यमलधारवृत्तिं** चेतसिकृत्य **विनयविजयवाचकेन लोकप्रकाशे** "द्रव्यस्य परमाण्वादेर्या तद्रूपतया स्थितिः। नव-जीर्णतया वा सा वर्त्तना परिकीर्तिता।।" (काललो. प्र.२८/५८) इत्युक्तं तत्राऽपि एकसमयावच्छिन्ना स्थितिः वर्त्तनारूपेण बोध्येत्यवधेयम्।

तत्त्वार्थराजवार्तिके अकलङ्कार्यस्तु "प्रतिद्रव्यपर्यायमन्तर्नीतैकसमया स्वसत्तानुभूतिः = वर्त्तना" (त.रा.वा.५/२२/पृ.४७७) इत्याह। स्वकीयोत्पाद-व्यय-ध्रौव्यैक्यवृत्तिलक्षणा सामयिकी या सत्ता प्रतिद्रव्यपर्यायं वर्त्तते तस्या अनुभवो वर्त्तनेति तदाशयः। इदमेवाभिप्रेत्य **वादिदेवसूरिणा स्याद्वादरत्नाकरे विद्यानन्दस्वामिना** च **तत्त्वार्थश्लोकवार्तिके** "अन्तर्नीतैकसमयः स्वसत्तानुभवोऽभिधा। यः प्रतिद्रव्यपर्यायं वर्तना सेह कीर्त्यते।।"

वर्तना अंगे मलधारि हेमचंद्रसूरिजीनो मत

(यच्च.) **विशेषावश्यक महाभाष्य**नी मलधारी **हेमचंद्रसूरीश्वर**જી મહારાજે વ્યાખ્યા કરેલી છે. ત્યાં તેમણે (૧) "द्व्यणुक, त्र्यणुक વગેરે તે તે સ્વરૂપે પરમાણુ વગેરે દ્રવ્યોનું અવસ્થાન તે વર્ત્તના જાણવી" - આ પ્રમાણે ૯૨૬ મી ગાથાના વિવેચનમાં 'વર્તના'નું નિરૂપણ કરેલ છે. તેમજ ત્યાં ૨૦૨૭ મી ગાથાના વિવેચનમાં તેઓશ્રીએ જણાવેલ છે કે (૨) "વિવક્ષિત નવીનત્વ, પુરાણત્વ વગેરે તે તે સ્વરૂપે પદાર્થોનું જે શાશ્વત પરિવર્ત્તન થયા કરે છે તે વર્ત્તનાપરિણામ છે. વાદળ વગેરેમાં તે વર્ત્તનાપરિણામ આદિસહિત હોય છે. ચંદ્રનું વિમાન વગેરેમાં વર્ત્તનાપરિણામ અનાદિ હોય છે." તે બન્ને વાતને મનમાં રાખીને ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી** મહારાજે **કાળલોકપ્રકાશ** ગ્રંથમાં 'વર્તના' પદાર્થની બે પ્રકારે વ્યાખ્યા કરેલ છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે 'પરમાણુ, દ્વયણુક વગેરે દ્રવ્યની પરમાણુ, દ્વયણુક વગેરે રૂપે સ્થિતિ હોય તે વર્ત્તના કહેવાય. અથવા નવા-જૂના સ્વરૂપે દ્રવ્યની જે સ્થિતિ થાય તે વર્ત્તના કહેવાય.' આ પ્રમાણે શ્રીવિનયવિજયજી મહારાજે વર્તના પદાર્થની જે વ્યાખ્યા કરેલી છે ત્યાં પણ એકસમયવિશિષ્ટ સ્થિતિને વર્તના સ્વરૂપે સમજવી. અર્થાત્ પરમાણુ વગેરેની પરમાણુ વગેરે સ્વરૂપે એકસામયિકી સ્થિતિ તે વર્તના કહેવાય. અથવા ઘટ, પટ વગેરે દ્રવ્યની નવા, જૂના સ્વરૂપે એકસમયવિશિષ્ટ સ્થિતિ તે વર્તના કહેવાય. આવું તેનું તાત્પર્ય સમજવું.

'वर्त्तना' पर्याय अंगे दिगंबरमत

(तत्त्वार्थ.) **तत्त्वार्थराजवार्तिक** ગ્રંથમાં દિગંબરાચાર્ય **अकलंकस्वामी**એ 'વર્તના' ની ઓળખાણ આપતાં જણાવેલ છે કે "પ્રત્યેક દ્રવ્યમાં અને પર્યાયમાં એકસમયઅંતર્ગત (= એક સમયની અંદર રહેલી) જ સ્વસત્તાઅનુભૂતિ તે જ 'વર્ત્તના' પર્યાય કહેવાય છે." અહીં **अकलंकस्वामी**નો આશય એવો છે કે પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની સાથે ઐક્યવૃત્તિ સ્વરૂપ = એકતાપરિણતિસ્વરૂપ = અભેદ પરિણામસ્વરૂપ જે એકસમયપ્રમાણ સત્તા દરેક દ્રવ્યમાં અને પર્યાયમાં વર્તે છે તેનો અનુભવ એ જ 'વર્તના' પર્યાય છે. આ જ અભિપ્રાયથી **वादिदेवसूरि**જીએ **स्याद्वादरत्नाकर** ગ્રંથમાં અને અકલંકસ્વામીના ઉત્તરકાલીન

તે પર્યાયનઈ વિષઈ અનાદિકાલીન દ્રવ્યોપચાર અનુસરીનઈ કાલદ્રવ્ય કહીઈ.

(स्या.रत्ना.५/८/पृ.८९७, त.श्लो.वा.५/२२/१/पृ.४१३) इत्युक्तमित्यवधेयम् ।

नन्वेवं सति 'कालो हि द्रव्यमि'ति शास्त्रे कथमभिधीयते ? इति ***चेत्*** ?

अत्रोच्यते - **तत्र** = निरुक्तवर्तनापर्याये **द्रव्योपचारेण** = द्रव्यत्वोपचारेण = द्रव्यत्वस्य निरूढलक्षणया 'कालो द्रव्यमि'त्युच्यते। अनादिकालीनतात्पर्यवती लक्षणा हि निरूढलक्षणोच्यते। तदुक्तं **तर्कप्रकाशे** "अनादितात्पर्यविषयीभूतार्थनिष्ठा लक्षणा निरूढलक्षणा" (त.प्र.ख.१/पृ.४३) इति। "यथा 'कर्मणि कुशल' इत्यादौ 'कुशान् लाती'ति व्युत्पत्त्या कुशलपदं दर्भाऽऽदानकर्तरि यौगिकम्। परं विवेचकत्वसारूप्यात् प्रवीणे वर्त्तमानम् अनादिवृद्धव्यवहारपरम्पराऽनुपातित्वेनाऽभिधानवत् प्रयोजनमनपेक्ष्य प्रवर्तते" (सर्व.द.पात. पृ.१७२) इति **सर्वदर्शनसङ्ग्रहे** पातञ्जलदर्शननिरूपणे व्यक्तम् ।

विद्यानंदस्वामी નામના દિગંબરાચાર્યે **तत्त्वार्थश्लोकवार्तिक** ગ્રંથમાં જણાવેલ છે કે "પ્રત્યેક દ્રવ્યમાં અને પર્યાયમાં રહેલ એકસમયઅંતર્ગત = એકસમયપ્રમાણ સ્વસત્તાનો જે અનુભવ સ્વતંત્રરૂપે થાય તે અહીં 'વર્ત્તના' કહેવાય છે." આ વાતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

પ્રશ્ન :- (**नन्वे**वं.) તમે ઉપરોક્ત રીતે કાળને 'વર્ત્તના' પર્યાય સ્વરૂપ જણાવો છો તો 'કાળ દ્રવ્ય છે' - એવું શાસ્ત્રમાં શા માટે કહેવામાં આવે છે ?

✡ વર્ત્તનાપર્યાયમાં દ્રવ્યની નિરૂઢ લક્ષણા ✡

પ્રત્યુત્તર :- (**अत्रो**.) તમારા પ્રશ્નનો જવાબ અમે કહીએ છીએ, સાંભળો. ઉપરોક્ત વર્તનાપર્યાયમાં દ્રવ્યત્વનો ઉપચાર = નિરૂઢ લક્ષણા કરીને 'કાળ દ્રવ્ય છે' આવું શાસ્ત્રમાં કહેવાય છે. અનાદિકાલીન તાત્પર્યવાળી લક્ષણા એ જ 'નિરૂઢ લક્ષણા' કહેવાય છે. **તર્કપ્રકાશ** ગ્રંથમાં નિરૂઢ લક્ષણાનું લક્ષણ આ મુજબ દર્શાવેલ છે. "વક્તાના અનાદિકાલીન અભિપ્રાયનો વિષય બનનારી વસ્તુમાં રહેનારી લક્ષણા 'નિરૂઢ લક્ષણા' કહેવાય છે." "જેમ કે 'આ કામ કરવામાં તે કુશલ છે' - આ વાક્યમાં રહેલ 'કુશલ' પદનો અર્થ હોંશિયાર કરવામાં આવે છે તે નિરૂઢલક્ષણાપ્રાપ્ય અર્થ સમજવો. 'કુશલ' શબ્દનો યૌગિક અર્થ છે 'દર્ભ' નામના ઘાસને લાવનાર. 'कुशान् लाति = कुशलः' 'કુશ' એટલે 'દર્ભ' નામનું તૃણવિશેષ. ઉપરોક્ત વ્યુત્પત્તિ મુજબ 'કુશલ' પદનો યૌગિક = અવયવયોગલભ્ય અર્થ થશે દર્ભને લાવવાની ક્રિયા કરનાર. પરંતુ પ્રસ્તુતમાં તો વિવક્ષિત કાર્ય કરવામાં સાર-અસારનો વિવેક કરવાનું સાધર્મ્ય પુરોવર્તી વ્યક્તિમાં હોવાથી 'કુશલ' શબ્દ પ્રવીણ = હોંશિયાર અર્થમાં પ્રવર્તે છે. તેથી 'આ કામ કરવામાં તે કુશલ છે' આવા વાક્યનો અર્થ 'આ કામ કરવામાં તે હોંશિયાર છે' - આ મુજબ થશે. 'કુશલ' પદનો આ અર્થ વ્યુત્પત્તિલભ્ય નથી. પરંતુ અનાદિ કાળથી જ્ઞાનવૃદ્ધ પુરુષોની પરંપરામાં તે અર્થ રૂઢ છે, પ્રસિદ્ધ છે. અનાદિ કાળથી વક્તાનું તાત્પર્ય તે જ અર્થમાં 'કુશલ' પદનો પ્રયોગ કરવાનું છે. તેથી શક્ત શબ્દની જેમ કોઈ પણ પ્રયોજન વિના 'કુશલ' પદ 'હોંશિયાર' અર્થમાં પ્રવર્તે છે. તેથી તે નિરૂઢ લક્ષણા કહેવાય" - આ પ્રમાણે **सर्वदर्शनसंग्रह** ગ્રંથની અંદર પાતંજલદર્શનનું નિરૂપણ કરવાના અવસરે સ્પષ્ટપણે જણાવેલ છે.

अत एव पर्यायई द्रव्याभेदथी अनंत कालद्रव्यनी भाल♦ उत्तराध्ययनई छई. तथा च सूत्रम्-
[1]धम्मो अधम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं। अणंताणि य दव्वाणि, कालो पुग्गल-जंतवो।। (उत्त.सू.२८/८)

अयमाशयः – शैत्य-पावनत्वादिप्रत्यायनप्रयोजनवशतो 'गङ्गायां घोष' इत्युच्यते। तत्र प्रयोजनविशेषानुसारेण वक्तृतात्पर्यमनुसन्धाय लक्षणया गङ्गातीरबोधात् सा लक्षणा प्रयोजनवती कथ्यते। निरूढलक्षणायां तु प्रयोजनानुसृततात्पर्यप्रतिसन्धानं विनैव लक्ष्यार्थो बुध्यते, यथा सर्वत्र सर्वदा सर्वैरेव कुशलपदेन प्रवीणो बुध्यते, अनादिकालीनज्ञानवृद्धवक्तृतात्पर्यस्य तथैवाऽवस्थितत्वात्। अत एव इयं प्रयोजननिरपेक्षेत्यप्युच्यते। अग्रे त्रयोदश्यां शाखायां (१३/४) विस्तरत इयं वक्ष्यते।

अतः प्रकृते प्रयोजनमनपेक्ष्य वर्तनापर्याये एव अनादिकालीनतात्पर्यानुसृतद्रव्यत्वारोपात् **कालानन्त्योक्तिः** = कालस्याऽनन्तत्वप्रतिपादिका गाथा **उत्तरे** = पदे पदसमुदायोपचाराद् **उत्तराध्ययनसूत्रे** वर्तते। तथा च **उत्तराध्ययनसूत्रोक्तिः** [1]"धम्मो अधम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं। अणंताणि य

ॐ निरूढ लक्षणानी स्पष्टता ॐ

(अयमा.) कहेवानो आशय ए छे के श्रोताने घोषमां शैत्य-पावनत्वादिनो बोध करावववाना प्रयोजनथी वक्ता 'गंगायां घोषः' आ वाक्य बोले छे. तेथी गंगापदनी 'गंगातीर' अर्थमां लक्षणा वक्ताना तात्पर्यनुं अनुसंधान करीने थाय छे. तेथी ते प्रयोजनवती लक्षणा कहेवाय छे. 'गंगायां मत्स्यः' आ वाक्यमां वक्तानुं तेवुं तात्पर्य नथी. तेथी त्यां 'गंगा' पदनी लक्षणा करवामां आवती नथी. मतलब के प्रयोजनविशेष मुजब वक्ताना तात्पर्यनुं अनुसंधान करीने 'गंगा' पद क्यारेक जलप्रवाहविशेषस्वरूप शक्यार्थनो बोध करावे छे. तथा क्यारेक 'तीर' स्वरूप लक्ष्यार्थनो बोध करावे छे. आम प्रयोजनवती लक्षणामां तत्तत्कालीन प्रयोजनगर्भित तात्पर्यनुं अनुसंधान जरूरी छे. ज्यारे निरूढ लक्षणामां तो तेवा तात्पर्यनुं अनुसंधान करवानी आवश्यकता रहेती नथी. विशेषप्रकारनुं प्रयोजन होय के न होय, दरेक व्यक्ति सर्व संयोगमां, सर्व काळमां 'कुशल' पदनी 'होंशियार' अर्थमां = लक्ष्यार्थमां लक्षणा करे ज छे. कारण के अनादि काळथी ज्ञानवृद्ध पूर्वकालीन पुरुषोनुं तात्पर्य एवुं ज छे के 'कुशल शब्दनो अर्थ होंशियार समजवो.' तेथी आ निरूढ लक्षणा 'प्रयोजननिरपेक्ष लक्षणा' पण कहेवाय छे. आगळ तेरमी शाखाना चोथा श्लोकना विवरणमां आ प्रयोजननिरपेक्ष लक्षणा विस्तारथी समजावववामां आवशे.

ॐ काल आनन्त्यनो विचार ॐ

(अतः.) आथी प्रस्तुतमां कोई पण प्रकारना प्रयोजन विना वर्तनापर्यायमां ज, अनादिकालीन ज्ञानवृद्ध पुरुषोना तात्पर्य मुजब, द्रव्यत्वनो आरोप करीने 'काळ अनन्त छे' - आवुं प्रतिपादन करनारी गाथा **उत्तराध्ययनसूत्र**मां जणावेल छे. मतलब के उपचारथी = निरूढलक्षणाथी = प्रयोजननिरपेक्ष लक्षणाथी = अनादिकालीनतात्पर्यवती लक्षणाथी वर्तनापर्यायस्वरूप काळतत्त्वमां द्रव्यत्वनो बोध थाय छे. तथा **निरूढलक्षणाप्रयुक्त** द्रव्यत्वविशिष्ट = आरोपितद्रव्यत्वयुक्त वर्तनापर्यायात्मक काळतत्त्वमां अनन्तत्व उत्तराध्ययनसूत्रमां दर्शावेल छे. **उत्तराध्ययनसूत्र**नी ते गाथानो अर्थ नीचे मुजब छे.

♦ भाल = भाळ, खबर, अक्कल, समजण. (आधार- भगवद्गोमंडल- भाग-७/पृ.६६८२).

1. धर्म्मः अधर्म्मः आकाशं द्रव्यम् एकैकम् आख्यातम्। अनन्तानि च द्रव्याणि कालः पुद्गल-जन्तवः।।

एतदुपजीव्यान्यत्राऽप्युक्तम् - धर्माधर्माकाशाद्येकैकमतः परं त्रिकमनन्तम् ।।" (प्र.र.२१४) इति।

તે માટઈ જીવાજીવ દ્રવ્ય જે અનંત છઈ, તેહના વર્તના પર્યાય ભણી જ *કાલદ્રવ્ય સૂત્રઈ અનંત કહ્યાં જાણવાં. ॥१०/१०॥

दव्वाणि, कालो पुग्गल-जंतवो।।" (उत्त.सू.२८/८) इति। अत्र "कालस्य चाऽऽनन्त्यम् अतीताऽनागतापेक्षया" (उ.सू.२८/८ बृ.वृ.) इति **उत्तराध्ययनसूत्रबृहद्वृत्तिकारः**।

यदि हि कालस्य पारमार्थिकद्रव्यत्वं स्यात्, तदाऽतीताऽनागतयोर्विनष्टाऽनुत्पन्नतयाऽसत्त्वेनैकसङ्ख्याकत्वमेव स्यात्, न तु आनन्त्यम्। तस्याऽनन्तत्वे पारमार्थिकेऽभ्युपगम्यमाने आकाशादेरिव अस्तिकायत्वं स्यात्। तस्मात् तत्तद्वर्त्तनापरिणतजीवाजीवद्रव्याणामनन्तत्वेन तद्वर्तनापर्यायानेव आश्रित्य कालद्रव्यस्याऽऽनन्त्यम् उत्तराध्ययनसूत्रे दर्शितमिति मन्तव्यम्।

इदमेवाऽभिप्रेत्य **प्रशमरतौ** "धर्माऽधर्माऽऽकाशान्येकैकमतः परं त्रिकमनन्तम्" (प्र.र.२१४) इत्युक्तम् इति पूर्वोक्तं (१०/३) स्मर्तव्यमत्र।

अयमाशयः - वर्तमानसमयस्यैकत्वेन अतीतानागतकालयोश्चाऽसत्त्वेन तत्स्वरूपकालेऽनन्तत्वा-

---

"ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ દ્રવ્ય એક-એક બતાવેલ છે. તથા કાળ, પુદ્ગલ અને જીવ દ્રવ્ય અનંત કહેલ છે." 'દ્રવ્યાનુયોગપરામર્શ' ગ્રંથના મૂળ શ્લોકના ઉત્તરાર્ધમાં 'ઉત્તર' પદ છે તેમાં પદસમુદાયનો ઉપચાર કરીને '**ઉત્તરાધ્યયનસૂત્ર**' આવો અર્થ કરવો. અહીં **ઉત્તરાધ્યયનસૂત્રબૃહદ્વૃત્તિકાર શ્રીશાંતિસૂરિજી**એ કાળને અતીત-અનાગતની અપેક્ષાએ અનંત જણાવેલ છે.

❀ પારમાર્થિક કાળદ્રવ્ય અસ્તિકાય થવાની સમસ્યા ❀

(यदि.) જો કાળમાં આરોપિત = ઉપચરિત દ્રવ્યત્વ ન હોય અને પારમાર્થિક = વાસ્તવિક દ્રવ્યત્વ હોય તો અનિષ્ટ આપત્તિ આવશે. કેમ કે અતીત કાળ વિનષ્ટ હોવાથી તથા અનાગત કાળ અનુત્પન્ન હોવાથી અસત્ છે. માત્ર વર્તમાન કાળ જ સત્ = વિદ્યમાન છે. વર્તમાન સમય તો એક જ છે. તેથી કાળ જો પારમાર્થિક દ્રવ્ય હોય તો તેની સંખ્યા ઉત્તરાધ્યયનસૂત્રમાં એક જ બતાવી હોત, અનંત નહિ. તેથી કાળ તત્ત્વ દ્રવ્યાત્મક સંભવતું નથી. તથા 'કાળતત્ત્વ અનન્ત છે' - આ વાત પણ ઔપચારિક છે, પારમાર્થિક નહિ. જો કાળમાં પારમાર્થિક અનન્ત સંખ્યા હોય તો આકાશની જેમ કાળ પણ અસ્તિકાયસ્વરૂપ બની જાય. પરંતુ અસ્તિકાય પાંચ જ છે. તેથી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં કાળમાં દર્શાવેલ અનન્તત્વની સંગતિ કરવા માટે માનવું જોઈએ કે તે તે અલગ-અલગ વર્ત્તનાપર્યાયસ્વરૂપે પરિણમેલા જીવ અને અજીવ દ્રવ્ય અનન્ત હોવાથી જીવ-અજીવના વર્તનાપર્યાયને આશ્રયીને અનન્તપણું કાળમાં દેખાડેલ છે.

❀ કાળ આનન્ત્યનો વિચાર ❀

(इदमे.) આ જ અભિપ્રાયથી **પ્રશમરતિ**માં જણાવેલ છે કે 'ધર્મ, અધર્મ, આકાશ એક-એક છે. પછીના કાળાદિ ત્રણ તત્ત્વ અનન્ત છે.' પૂર્વે (१०/३) આ સંદર્ભ દર્શાવેલ. તેને અહીં યાદ કરવો.

(अयमा.) પ્રસ્તુતમાં કહેવાનો આશય એ છે કે વર્તમાન સમય એક છે. તથા અતીતકાળ અને

---

* લા.(२)માં 'જ કાલદ્રવ્ય'ના બદલે 'તત્કાલ' પાઠ.

ऽयोगाद् जीवाऽजीववर्तनापर्यायात्मके काले एव अनन्तत्वं सङ्गच्छते, जीवाऽजीवद्रव्याणाम् अनन्तत्वात्। इत्थमुत्तराध्ययनसूत्रादिदर्शितकालाऽऽनन्त्यसाङ्गत्यकृते कालो न स्वतन्त्रद्रव्यात्मकः किन्तु जीवादिवर्तनापर्यायस्वरूप एवेति सिध्यति।

"सर्वद्रव्यवर्त्तनालक्षणपर्याये एव अनादिकालिकद्रव्योपचारेण कालस्य द्रव्यत्वम्" (ष.न.प्र.पृ.४) इति मुख्यमतं **षड्द्रव्यस्वभाव-नयविचारप्रकरणे श्रीपार्श्वचन्द्रसूरिभिः** दर्शितम्।

श्रीहरिभद्रसूरीणामप्यत्रैव स्वरसः। तदुक्तं तैः **आवश्यकनिर्युक्तिवृत्तौ** "कालस्य वर्त्तनादिरूपत्वाद् द्रव्यपर्यायरूपत्वाद्" (आ.नि.७९ वृ.पृ.३७) इति। **महोपाध्याययशोविजयगणिवरैरपि** मध्यमपरिमाण**स्याद्वादरहस्ये** "कालश्च जीवाऽजीवयोः वर्त्तनापर्याय एवेति न तस्यापि आधिक्यमभिमतम्" (म.स्या.रह.भाग-३, पृ.६८६) इत्युक्तमित्यवधेयम्। "जीवादीनां वर्त्तना च परिणामोऽप्यनेकधा। क्रिया परत्वाऽपरत्वञ्च स्यात् कालव्यपदेशभाक्।।" (का.लो.प्र.२८/६) इति **काललोकप्रकाशे** वाचक**विनयविजयो**क्तिरपि पर्यायात्मक-कालसमर्थनपरा नेह विस्मर्तव्या।

અનાગતકાળ તો અસત્ છે. તેથી વર્તમાનસમયસ્વરૂપ કાળમાં અનન્તત્વ સંખ્યા સંભવી ન શકે. પરંતુ જીવાજીવગત વર્તનાપર્યાયસ્વરૂપ કાળતત્ત્વમાં જ અનન્તત્વ સંગત થઈ શકે. કારણ કે જીવ અને અજીવ દ્રવ્યો અનન્તા છે. તેથી તેના વર્તના પર્યાય પણ અનન્તા છે. આમ **ઉત્તરાધ્યયન સૂત્ર** વગેરેમાં દર્શાવેલ કાળગત અનન્તત્વની સંગતિ કરવા માટે 'કાળ તત્ત્વ સ્વતંત્ર દ્રવ્યાત્મક નહિ, પરંતુ જીવાદિવર્તનાપર્યાયસ્વરૂપ જ છે' - તેમ સિદ્ધ થાય છે.

❋ કાળ = સર્વદ્રવ્યવર્તનાપર્યાય : શ્રીપાર્શ્વચન્દ્રસૂરિ ❋

("सर्व.) 'સર્વ દ્રવ્યના વર્તનાસ્વરૂપ પર્યાયમાં જ અનાદિકાલિક દ્રવ્યોપચાર (અર્થાત્ નિરૂઢ લક્ષણા) કરીને કાળ એ દ્રવ્ય છે' - આ મુજબ મુખ્ય મતને **નાગપુરીય** બૃહત્તપાગચ્છાધિપતિ **શ્રીપાર્શ્વચન્દ્રસૂરિજી**એ **ષડ્દ્રવ્યસ્વભાવ-નયવિચારપ્રકરણ**માં દર્શાવેલ છે.

❋ કાળ વર્તનાપર્યાયસ્વરૂપ - શ્રીહરિભદ્રસૂરિ ❋

(શ્રીહરિ.) 'કાળ વર્તનાસ્વરૂપ જ છે' - આ મતમાં જ **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજને સ્વરસ હતો. તેથી જ તેઓશ્રીએ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે કે 'કાળ વર્તનાદિપર્યાયાત્મક છે. કાળ દ્રવ્યના પર્યાયસ્વરૂપ જ છે.' મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** ગણિવરશ્રીએ પણ મધ્યમપરિમાણ **સ્યાદ્વાદરહસ્ય**માં જણાવેલ છે કે 'જીવ અને અજીવ આ બન્ને દ્રવ્યોનો વર્તનાપર્યાય એ જ કાળ છે. તેથી કાળ પણ અતિરિક્ત દ્રવ્ય તરીકે માન્ય નથી.' આ વાતને પણ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. પર્યાયાત્મક કાલનું સમર્થન કરવામાં તત્પર એક શ્લોક **કાललोकप्रकाश**માં આવે છે. તે અહીં ભૂલવા યોગ્ય નથી. ત્યાં ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી**એ જણાવેલ છે કે "(૧) જીવાદિની વર્તના, (૨) જીવાદિનો અનેક પ્રકારનો નૂતનત્વ-જીર્ણત્વાદિ પરિણામ, (૩) અતીતાદિ ગતિ વગેરે ક્રિયા, (૪) પરત્વ (મોટાપણું) તથા (૫) અપરત્વ (નાનાપણું) - આ બધું 'કાળ' શબ્દથી કહી શકાય."

प्रकृते दिगम्बरमतं तु [1]"जीवा अणंतसंखाऽणंतगुणा पुग्गला हु तत्तो दु। धम्मतियं एक्केक्कं लोगपदेसप्पमो कालो।।" (गो.सा.जी.का.५८८) इति **गोम्मटसारानुसारेणाऽवसेयम्**। यथा चैतत् तथाऽग्रे व्यक्तीभविष्यति (१०/१४)।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कालस्य अस्मदीयवर्तनापर्यायरूपतां विज्ञाय 'मदीयः आराधनाकालः मोक्षकालश्च न परिपक्वः' इति दैन्यं न विधेयम्, अपितु 'अस्मदधीनं काल-स्वरूपम्' इति निर्णीय मुक्तिमार्गसाधनाप्रवणतया भाव्यमस्माभिः। अस्मत्पर्यायशोधनमस्मदधीनम्। तद्धि अस्मत्प्रणिधानमवलम्बते। ततश्च 'मदीयः कालपरिपाको न सञ्जात' इत्यादिरूपां पौरुषहीनतां परित्यज्य अपवर्गाराधनागोचर उत्साहः वर्धनीयः। तद्वर्धनमेव अस्मदीयं कर्तव्यमित्युपदेशः। तदनुसरणेन च "अशेषबन्धनाऽपगमस्वभावो मोक्षः" (सू.कृ.श्रु.स्क.२/अ.५/गा.१५/वृ.पृ.१०९७) **सूत्रकृताङ्गसूत्रवृत्तिदर्शितः** सुलभः स्यात् ॥१०/१०॥

દિગંબરસંમત છ દ્રવ્યનું પ્રમાણ

(**प्रकृते.**) પ્રસ્તુતમાં દિગંબરસંમત છ દ્રવ્યનું પ્રમાણ **ગોમ્મટસાર** ગ્રંથ મુજબ નિમ્નોક્ત રીતે સમજવું. ત્યાં જીવકાંડમાં **નેમિચન્દ્રાચાર્ય**એ જણાવેલ છે કે 'જીવો અનંત છે. તેનાથી અનંતગુણા અધિક પુદ્ગલો છે. ધર્મ-અધર્મ-આકાશ એક-એક દ્રવ્ય છે. તથા લોકાકાશના જેટલા પ્રદેશ છે તેટલા પ્રમાણમાં કાલદ્રવ્ય છે' - આ જ શાખામાં આગળ ચઉદમા શ્લોકમાં આ વાત જે મુજબ છે તે મુજબ સ્પષ્ટ થઈ જશે.

કાળપરિપાકની રાહ ન જુઓ

આધ્યાત્મિક ઉપનય :- 'કાળ આપણા વર્તનાપર્યાય સ્વરૂપ છે' - એવું જાણીને 'મારો સાધનાનો કાળ પાક્યો નથી, મારો મોક્ષનો કાળ પાકેલ નથી' - આવી ફરિયાદ કરવાના બદલે 'આપણા હાથમાં જ કાળ ઉપરનું વર્ચસ્વ છે' - એવો નિર્ણય આધ્યાત્મિક દૃષ્ટિથી કરી મુક્તિમાર્ગની સાધના માટે કટિબદ્ધ બનવું જોઈએ. આપણા પર્યાયને સુધારવા એ આપણા હાથની વાત છે. આપણા પ્રણિધાન ઉપર તેનો આધાર છે. માટે 'કાળપરિપાક નથી થયો' ઈત્યાદિ નામર્દાનગી છોડીને સાધનાનો ઉત્સાહ વધારવો એ જ આપણું અંગત કર્તવ્ય છે. આવો આધ્યાત્મિક બોધપાઠ આ શ્લોક દ્વારા મેળવવા યોગ્ય છે. આ બોધપાઠને અનુસરવાથી **સૂત્રકૃતાંગસૂત્રવ્યાખ્યા**માં શ્રીશીલાંકાચાર્યજીએ દર્શાવેલો સર્વ બંધનમાંથી છુટકારાના સ્વભાવવાળો મોક્ષ સુલભ બને. (૧૦/૧૦)

લખી રાખો ડાયરીમાં.....

- **તપ વગેરેની સાધના સમૂહમાં સરળ બને.**
  દેવ-ગુરુની ઉપાસના એકાકીને ય સરળ છે.

1. जीवा अनन्तसङ्ख्या अनन्तगुणाः पुद्गला हि ततस्तु। धर्मत्रिकमेकैकं लोकप्रदेशप्रमाः कालः।।

કંઠથી પણિ સૂત્રઈં જીવાજીવથી ‡અભિન્ન કાલ કહિઉં છઈ. તે દેખાડઈ છઈ -

જીવ-અજીવ જ સમયઈ તે કહિઉં,♦ ✲તેણિ કિમ જુદો રે તેહ ?;
એક વખાણઈ રે ✝આચારય ઇસ્યું, ધરતા ●શુભમતિરેહ ॥૧૦/૧૧॥ (૧૭૩) સમ.

સમયઈ કહતાં સૂત્રઈં, તે કાલ **જીવ-અજીવ** રૂપ જ કહિઉં છઈ. **તેણઈ** કારણઈ **જુદો** = ભિન્નદ્રવ્યરૂપ (**તેહ**) **કિમ** ❖કહિઈ ?

शब्दतोऽपि जीवाजीवाऽभिन्नत्वं कालस्य आगमे प्रोक्तमिति दर्शयति – '**जीवे**'ति।

जीवाजीवौ हि सिद्धान्ते काल इत्युदितं ततः।
कस्मान्नु पृथगुक्तः स ? प्रवदन्तीति सूत्रगाः।।१०/११।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सिद्धान्ते जीवाजीवौ हि कालः इति उदितम्। ततः कस्माद् नु सः पृथग् उक्तः ? इति सूत्रगाः प्रवदन्ति।।१०/११।।

सिद्धान्ते = आगमे **जीवाजीवौ हि** = एव **कालः**, न तु क्लृप्तद्रव्यपञ्चकातिरिक्तं कालद्रव्यम् **इति उदितं** = कण्ठत उक्तम्। **ततः** = तस्मात् **कस्मात्** कारणाद् **नु** इति आक्षेपे **सः** = कालः **पृथक्** = क्लृप्तजीवादिद्रव्यपञ्चकातिरिक्त **उक्तः** ?

अवतरणिका :- 'કાળતત્ત્વ જીવથી અને અજીવથી અભિન્ન છે' - આ વાત માત્ર અર્થાપત્તિથી કે અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે - તેવું નથી. શબ્દતઃ પણ આગમમાં આ વાત જણાવેલ છે. આ હકીકતને ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં જણાવે છે :-

❀ કાળ જીવાજીવસ્વરૂપ ❀

શ્લોકાર્થ :- "સિદ્ધાન્તમાં 'જીવ અને અજીવ જ કાળ છે' - આવું જણાવેલ છે. તેથી શા માટે તમે કાળને સ્વતન્ત્ર દ્રવ્ય કહો છો ?" - આ પ્રમાણે આગમસૂત્રને અનુસરનારા આચાર્ય ભગવંતો પ્રતિપાદન કરે છે. (૧૦/૧૧)

વ્યાખ્યાર્થ :- "જૈનસિદ્ધાન્તપ્રતિપાદક આગમસૂત્રમાં શબ્દતઃ સ્પષ્ટપણે જણાવેલ છે કે 'જીવ અને અજીવ જ કાળ તત્ત્વ છે.' પરંતુ પ્રમાણસિદ્ધ જીવ-પુદ્ગલાદિ પાંચ દ્રવ્યથી ભિન્ન = સ્વતન્ત્ર કાળ દ્રવ્ય નથી. મૂળ શ્લોકમાં રહેલ 'નુ' શબ્દ આક્ષેપના અર્થમાં છે. તેથી આગળનું અર્થઘટન એવું થશે કે 'જીવ -અજીવ જ કાળ છે' - એવું આગમમાં બતાવેલ છે તેથી શા કારણે તમે કાળને પ્રમાણસિદ્ધ જીવાદિ પાંચ દ્રવ્યથી અતિરિક્ત = ભિન્ન = સ્વતન્ત્ર દ્રવ્ય તરીકે કહો છો ?" - આ પ્રમાણે આગમસૂત્રાનુસારી આચાર્ય ભગવંતો કાળને સ્વતંત્ર દ્રવ્ય માનનાર વિદ્વાનોની સામે પોતાની હૈયાવરાળને ઠાલવે છે.

---

‡ B(૨)માં 'અન્યત્ર' પાઠ. ♦ પુસ્તકોમાં 'કહિઓ' પાઠ. સિ.+કો.(૯)માં 'કહ્યો' પાઠ. આ.(૧)+પા.નો પાઠ લીધો છે. ✲ લા.(૨) + મં. + શાં.માં 'તિણિ' પાઠ. કો.(૧+૬+૮)નો પાઠ લીધો છે. ✝ પુસ્તકોમાં 'ઈસ્યું આચરય' આમ પાઠ છે. કો.(૯+૧૨+૧૩) + P(૨+૩+૪) + સિ. + આ.(૧)નો પાઠ લીધો છે. ● પુસ્તકોમાં 'શ્રુતમતિ' પાઠ. આ.(૧) + સિ. + કો. (૫+૬+૭+૮+૧૨+૧૩)નો પાઠ લીધો છે. ❖ આ.(૧)માં 'માનીએ. તથોક્તં' પાઠ.

तथा चोक्तं *जीवाभिगमादिसूत्रे* - [1]"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव, अजीवा चेव"त्ति (जीवा.)।

अयं कालपर्यायवाद्याशयः - जीवाऽजीवद्रव्याणां वर्त्तनादयः पर्यायाः एव कालशब्देन व्यवहार्या इति। इदमेवाभिप्रेत्य **लोकप्रकाशे विनयविजयोपाध्यायेनोक्तं** - "एवं च द्रव्यपर्याया एवामी वर्त्तनादयः। सम्पन्नाः कालशब्देन व्यपदेश्या भवन्ति ये।। पर्यायाश्च कथञ्चित् स्युः द्रव्याऽभिन्नास्ततश्च ते। द्रव्यनाम्नाऽपि कथ्यन्ते जातु प्रोक्तं यदागमे।।" (काललोकप्रकाश - सर्ग २८/११-१२) इति।

तथा चोक्तं **जीवाजीवाभिगमसूत्रे** [1]"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव, अजीवा चेव" (जीवा.) इति। इदञ्च सूत्रं **तत्त्वार्थभाष्यसिद्धसेनीयवृत्तौ** (त.सू.५/३८ भा.सि.वृ.पृ.४३२), **धर्मसङ्ग्रहणिवृत्तौ** (ध.स.३२ मलयवृ.), **द्रव्यालङ्कारे** (प्र.३/पृ.२१६), **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** (वि.आ. भा.२०३३ वृ.), **काललोकप्रकाशे** (का.लो.प्र.२८/श्लोक ११ तः उत्तरं), **स्याद्वादकल्पलतायां** (शा.वा.स.६/३७/पृ.१५१ स्या.क.ल.), श्रीपार्श्वचन्द्रसूरिकृते **षड्द्रव्यस्वभाव-नयविचारप्रकरणे** (पृ.३), **द्रव्य-गुण-पर्यायरासस्तबके** (१०/११) चापि उद्धृतं वर्तत इत्यवधेयमनेकशास्त्रकृदभिप्रायान्वेषणपरायणैः।

☟ कालपर्यायवादीनो मत ☟

(अयं.) प्रस्तुतमां कालपर्यायवादीनो आशय એ छे के જીव અને અજીव द्रव्यना वर्तना, परिणाम વગેરે પર્યાયો જ 'કાળ' શબ્દથી વ્યવહાર કરવા યોગ્ય છે. આ જ આશયથી **काळलोकप्रकाश** ગ્રંથમાં **विनयविजयજી** ઉપાધ્યાય ભગવંતે જણાવેલ છે કે - "આ પ્રમાણે આ વર્તનાદિક પદાર્થો કહ્યા. તે દ્રવ્યના પર્યાયો જ સિદ્ધ થાય છે. તથા તેમને 'કાળ' શબ્દ વડે કહી શકાય છે. તથા પર્યાયો કોઈક પ્રકારે દ્રવ્યથી અભિન્ન પણ હોય છે. તેથી તે પર્યાયોને કોઈક વાર દ્રવ્યરૂપે પણ કહી શકાય છે. તે વિશે જીવાજીવાભિગમ નામના આગમમાં પણ કાળને જીવાદિરૂપે જણાવેલ છે." (જીવાજીવાભિગમનો પ્રસ્તુત સંવાદ હમણાં જ જણાવવામાં આવશે.)

(तथा.) द्रव्यानुयोगपरामर्शना श्लोकमां 'सिद्धान्तमां = आगममां जीवाजीवस्वरूप काळतत्त्व दर्शावेल छे' - आम જે જણાવેલ છે, તે આગમ **जीवाजीवाभिगमसूत्र** સમજવું. તેમાં પ્રશ્નોત્તરી નીચે મુજબ છે.

પ્રશ્ન :- 'હે ભગવંત ! આ કાળતત્ત્વ કોને કહેવાય છે ?'

ઉત્તર :- 'હે ગૌતમ ! જીવો જ કાળ કહેવાય છે અને અજીવ દ્રવ્યો જ કાળ કહેવાય છે.'

જીવાજીવાભિગમ સૂત્રનું ઉપરોક્ત વચન **तत्त्वार्थभाष्यसिद्धसेनीयवृत्ति, धर्म-संग्रहणिवृत्ति, द्रव्यालंकार, विशेषावश्यकभाष्यमलधारवृत्ति, काळलोकप्रकाश, स्याद्वादकल्पलता,** નાગપુરીયબૃહત્તપાગચ્છાધિપતિ **श्रीपार्श्वचंद्रसूरि**કૃત **षड्द्रव्यस्वभाव-नयविचारप्रकरण** અને **द्रव्य-गुण-पर्यायरासस्तबक** વગેરે ગ્રંથોમાં પણ ઉદ્ધૃત છે. આ વાત અહીં એટલા માટે જણાવીએ છીએ કે એક જ વિષયમાં જુદા-જુદા શાસ્ત્રકાર ભગવંતોનો અભિપ્રાય કેવા પ્રકારનો છે ? તેની તપાસ કરવામાં જે વિદ્વાનોનું અંતઃકરણ તત્પર છે, તેવા વિદ્વાનો તે તે શાસ્ત્રોનું અવલોકન કરી શકે. માટે તેવા વિદ્વાનોએ આ વાત ખ્યાલમાં રાખવી.

1. किम् अयं भदन्त ! कालः इति प्रोच्यते ? गौतम ! जीवाः चैव अजीवाः चैव।

"अत्र द्रव्याऽभेदवर्त्ति-वर्त्तनादिविवक्षया। कालोऽपि वर्त्तनाद्यात्मा जीवाऽजीवतयोदितः।।
वर्त्तनाद्याश्च पर्याया एवेति प्राग् विनिश्चितम्। तद्वर्त्तनादिसम्पन्नः कालो द्रव्यं भवेत्कथम् ?।।
पर्यायाणां हि द्रव्यत्वेऽनवस्थाऽपि प्रसज्यते। पर्यायरूपः तत्कालः पृथग् द्रव्यं न सम्भवेत्।।
इत्थं चैतदुररीकार्यं वर्त्तनाद्यात्मकोऽन्यथा। कालास्तिकायः स्वीकार्यो भवेद् व्योमेव सर्वगः।।
न चाऽर्हदिष्टादिष्टं तत्सिद्धान्ते यत्पुनः पुनः। पञ्चास्तिकाया एवोक्तः कालो द्रव्यं पृथग् न तद्।।"
(का.लो.प्र.सर्ग-२८/१३-१४-१५-१६-१७) इति व्यक्तमुक्तं **लोकप्रकाशे** पर्यायात्मककालपक्षरुचितया **विनयविजय**वाचकेन।

श्रीहरिभद्रसूरिभिरपि आवश्यकनिर्युक्तिवृत्तौ "वर्त्तनादयः तद्वतां कथञ्चिदभिन्ना एव" (आ.नि.वृ.१०१८ हा.वृ.पृ.३०९) इति यदुक्तं ततोऽपि कालो नाऽतिरिक्तद्रव्यं किन्तु वर्त्तनादिपरिणतजीवाऽजीवद्रव्यात्मक एवेति सिध्यति।

तदुक्तं **स्थानाङ्गसूत्रे**ऽपि [1]"समया ति वा आवलिया ति वा जीवा ति वा अजीवा ति वा पवुच्चति।

("अत्र.) **काळलोकप्रकाश** ग्रंथमां उपाध्याय **श्रीविनयविजयजी**એ કાલપર્યાયવાદી આચાર્ય ભગવંતના મતની પુષ્ટિ કરવા માટે ઉપરોક્ત **જીવાજીવાભિગમસૂત્ર**નો આધાર લઈને સ્વરસથી જણાવેલ છે કે "આ જીવાજીવાભિગમ સૂત્રમાં દ્રવ્યથી અભેદપણે રહેલા વર્તનાદિકને જ મુખ્યપણે વિવક્ષાએ કરીને વર્તનાદિક પર્યાયરૂપે કાળને પણ જીવરૂપે અને અજીવરૂપે જ કહ્યો છે. વળી આ વર્તનાદિક પર્યાયો જ છે - એમ આગળ સિદ્ધ કરી ગયા છીએ. તેથી વર્તનાદિક વડે પ્રાપ્ત થયેલો કાળ જુદું દ્રવ્ય શી રીતે થઈ શકે ? જો કદાચ પર્યાયોને જુદા દ્રવ્ય તરીકે માનવામાં આવે તો અનવસ્થા નામનો દોષ પ્રાપ્ત થાય છે. આશય એ છે કે દરેક પર્યાય જો સ્વતંત્ર દ્રવ્યાત્મક હોય તો સર્વ દ્રવ્ય પર્યાયવિશિષ્ટ હોવાથી તે દ્રવ્યાત્મક પર્યાયમાં પણ પર્યાય માનવા જ પડશે. તે પણ અલગ દ્રવ્યાત્મક હોય તો તેમાં પણ પર્યાય માનવા પડશે. તે પણ સ્વતંત્ર દ્રવ્યસ્વરૂપ હોય તો તેમાં પણ પાછા પર્યાય માનવાથી અનવસ્થા દોષ લાગુ પડશે. તેથી પર્યાયરૂપ કાળને જુદું દ્રવ્ય કહેવું તે અસંભવિત છે. આ રીતે જ આ વાત સ્વીકારવી યોગ્ય છે. નહિ તો આકાશની જેમ સર્વત્ર વ્યાપીને રહેલા વર્તનાદિસ્વરૂપવાળા કાળને પણ અસ્તિકાયપણે સ્વીકારવો જોઈએ. પરંતુ તે રીતે તો તીર્થંકરોને ઈષ્ટ પણ નથી. તથા તેમણે તે રીતે કહ્યું પણ નથી. કારણ કે સિદ્ધાંતમાં વારંવાર પાંચ જ અસ્તિકાય કહેલા છે. તેથી કાળ એ જુદું દ્રવ્ય નથી." પર્યાયાત્મક કાલને માનવાના પક્ષમાં રુચિ હોવાથી ઉપાધ્યાય **વિનયવિજયજી** મહારાજે ઉપર મુજબ જણાવેલ છે. આ વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવું.

❯ જીવાજીવસ્વરૂપ કાળ : શ્રીહરિભદ્રસૂરિ ❮

(**શ્રીહરિ.**) શ્રીહરિભદ્રસૂરિજીએ પણ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે કે 'વર્તના વગેરે પર્યાયો પોતાના આશ્રયથી કથંચિત્ અભિન્ન જ છે, ભિન્ન નથી.' આથી 'વર્ત્તનાપર્યાયાત્મક કાળ એ વર્ત્તનાદિપરિણત જીવાજીવસ્વરૂપ જ છે, અતિરિક્ત છઠ્ઠું દ્રવ્ય નથી' - તેવું સિદ્ધ થાય છે.

❯ જીવ અને અજીવ એ જ કાળ : ઠાણાંગ સૂત્ર ❮

(**तदुक्तं.**) માત્ર જીવાજીવાભિગમસૂત્રમાં જ નહિ, **સ્થાનાંગસૂત્ર**માં પણ જણાવેલ છે કે 'સમય અથવા આવલિકા જીવ અને અજીવ જ કહેવાય છે. આન-પ્રાણ અથવા સ્તોક પણ જીવ અને અજીવ જ

1. समयाः इति वा आवलिकाः इति वा जीवाः इति वा अजीवाः इति वा प्रोच्यन्ते।

[1]आणापाणू ति वा थोवा ति वा जीवा ति वा अजीवा ति वा पवुच्चति । खणा ति वा लवा ति वा जीवा ति वा अजीवा ति वा पवुच्चति। एवं मुहुत्ता ति वा अहोरत्ता ति वा" (स्था.२/४/१०६) इत्यादि। **तद्वृत्ति**लेशस्त्वेवम् "यत् कालवस्तु तद् अविगानेन जीवा इति च जीवपर्यायत्वात्, पर्याय-पर्यायिणोश्च कथञ्चिदभेदात्, तथा अजीवानां पुद्गलादीनां पर्यायत्वाद् अजीवा इति च प्रोच्यते = अभिधीयते। न जीवादिव्यतिरेकिणः समयादयः" (स्था.२/४/१०६ वृत्ति) इति।

द्वादशारनयचक्रे श्रीमल्लवादिसूरिभिः अपि कालवादिमतनिरूपणावसरे "काल एव हि भूतानि, कालः संहार-सम्भवौ। स्वपन्नपि स जागर्ति कालो हि दुरतिक्रमः।।" (द्वा.न.च.अर-२/भाग-१/पृ.२१९) इत्युक्त्या कालस्य जीवाद्यतिरिक्तत्वं विप्रतिषिद्धम्।

यथोक्तं **विशेषावश्यकभाष्ये** अपि [2]"कालो वि दव्वधम्मो निक्किरिओ" (वि.आ.भा.१५३९) इति,

---

કહેવાય છે. ક્ષણ અથવા લવ પણ જીવ અને અજીવ જ કહેવાય છે. આ જ રીતે મુહૂર્ત્ત અથવા અહોરાત્ર વગેરે પણ જીવાજીવસ્વરૂપ છે - તેમ સમજી લેવું.' શ્રીમદ્ **અભયદેવસૂરિજી** મહારાજે ઉપરોક્ત સૂત્રની વિસ્તારથી વ્યાખ્યા કરેલ છે. તેનો પ્રસ્તુતમાં ઉપયોગી કેટલોક અંશ નીચે મુજબ છે. 'જે કાલ નામની વસ્તુ છે તે નિર્વિવાદરૂપે જીવ અને અજીવ જ કહેવાય છે. કારણ કે તે જીવનો અને પુદ્ગલાદિ અજીવનો પર્યાય છે. પર્યાય અને પર્યાયી વચ્ચે તો કથંચિત્ અભેદ હોય છે. તેથી જીવ-અજીવથી ભિન્ન સમય-આવલિકા વગેરે નથી.'

સ્પષ્ટતા :- અસંખ્ય સમય = ૧ આવલિકા, ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા = ૧ મુહૂર્ત્ત...ઈત્યાદિ બાબત **નવતત્ત્વપ્રકરણ** વગેરે ગ્રંથોમાં વિસ્તારથી જણાવેલ છે. ત્યાંથી તે વિગત જાણી લેવી. ઉપરોક્ત સ્થાનાંગસૂત્ર પણ સ્પષ્ટપણે જણાવે છે કે સમય, આવલિકા, આન-પ્રાણ, સ્તોક વગેરે કાળ જીવ -અજીવસ્વરૂપ જ છે. જીવાદિ દ્રવ્યથી ભિન્ન કોઈ 'કાળ' નામનું દ્રવ્ય આગમસૂત્રકારોને અભિપ્રેત નથી.

❀ કાલવાદીના મતનો વિચાર ❀

(દ્વાદશા.) **દ્વાદશારનયચક્ર** ગ્રંથમાં **શ્રીમલ્લવાદિસૂરિજી** મહારાજે પણ કાલવાદિમતનું નિરૂપણ કરવાના અવસરે જણાવેલ છે કે "કાળ એ જ જીવો છે. કાળ એ જ સંહાર અને સૃષ્ટિ છે. (માણસ) ઊંઘતો હોવા છતાં પણ તે કાળ જાગે છે. કાળનું અતિક્રમણ કરવું મુશ્કેલ છે." આવું કહેવા દ્વારા 'કાળ તત્ત્વ જીવાદિ દ્રવ્યો કરતાં ભિન્ન છે' - આ બાબતનો નિષેધ કરેલ છે.

સ્પષ્ટતા :- 'કાળ એ જ જીવો છે' આવું કહેવાથી 'જે જીવો દેખાય છે તે કાળ તત્ત્વ છે. કાળ અને જીવ વચ્ચે કોઈ ભેદ નથી' - આવું આપમેળે સિદ્ધ થાય છે.

❀ કાળ પર્યાયસ્વરૂપ છે : વિશેષાવશ્યકભાષ્ય ❀

(**યથોક્તં**.) વિશેષાવશ્યકભાષ્યકારને પણ કાળ સ્વતંત્ર દ્રવ્ય સ્વરૂપે અભિમત નથી. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે (૧) 'કાળ પણ દ્રવ્યનો ધર્મ = પર્યાય છે. તે નિષ્ક્રિય છે.'

---

1. आनप्राणाः इति वा स्तोकाः इति वा जीवाः इति वा अजीवाः इति वा प्रोच्यन्ते। क्षणाः इति वा लवाः इति वा जीवाः इति वा अजीवाः इति वा प्रोच्यन्ते। एवं मुहूर्त्ताः इति वा अहोरात्राणि इति वा...।

2. कालः अपि द्रव्यधर्म्मः निष्क्रियः।

[1]"दव्वस्स वत्तणा जा स दव्वकालो तदेव वा दव्वं। न हि वत्तणाइरित्तं जम्हा दव्वं जओऽभिहिअं।।" (वि. आ.भा.२०३२) इति, [2]"जं वत्तणाइरूवो कालो दव्वस्स चेव पज्जाओ" (वि.आ.भा.३३४६) इति च। **अनुयोगद्वारसूत्रमलधारवृत्तौ** अपि "कालो द्रव्यपर्याय एव" (अनु.द्वा.सू.८६ व्या.) इत्युक्तम्।

किञ्च, आनन्त्योपेतस्य कालस्य स्वतन्त्रद्रव्यत्वे लोकस्य षडस्तिकायरूपता स्यात्, न तु पञ्चास्तिकायरूपता। सूत्रे च लोकस्य पञ्चास्तिकायात्मकतैवोपदर्शिता न तु षडस्तिकायरूपता।

यद्यपि कालद्रव्यवादिमते कालस्याऽस्तिकायता नाऽभिमता ***तथापि*** तन्मतेऽतिरिक्तकालस्य लोकवृत्तितया लोकस्य पञ्चाऽस्तिकायात्मकत्वोक्तौ लोकस्वरूपन्यूनताऽऽपद्येत। अतोऽपि न कालः स्वतन्त्रद्रव्यमिति पर्यवस्यति। तदुक्तं **भगवतीसूत्रे त्रयोदशशतके** [3]"किमियं भंते ! लोए त्ति पवुच्चइ ? गोयमा ! पंचत्थिकाया। एस णं एवतिए लोएत्ति पवुच्चइ, तं जहा – धम्मत्थिकाए, अहम्मत्थिकाए जाव

(२) 'द्रव्यनी जे वर्तना छे ते द्रव्यकाल छे. अथवा चेतन-अचेतन द्रव्य એ જ द्रव्यकाल छे. કારણ કે वर्तनापरिणामथी भिन्न कालद्रव्य नथी. આનું કારણ એ છે કે આગમમાં જીવ-અજીવને જ કાળ તરીકે દેખાડેલ છે.' (૩) 'वर्त्तनादि स्वરૂप કાળ એ द्रव्यनो જ पर्याय छे.' विशेषावश्यकभाष्यना ઉપરોક્ત ત્રણ ઉલ્લેખ પણ સિદ્ધ કરે છે કે કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી પણ જીવાદિ દ્રવ્યનો વર્તના પર્યાય એ જ કાળ છે. **अनुयोगद्वारसूत्रनी मलधारव्याख्या**માં પણ જણાવેલ છે કે 'काल द्रव्यपर्यायस्वરૂप જ છે.'

❀ કાળ ઔપચારિક દ્રવ્ય છે ❀

(**किञ्च.**) વળી, બીજી એક મહત્ત્વની વાત એ છે કે જો આનન્ત્યથી યુક્ત એવો કાળ સ્વતન્ત્ર દ્રવ્યસ્વરૂપ હોય તો લોક = લોકાકાશ ષડ્અસ્તિકાયસ્વરૂપ બને, પંચાસ્તિકાયાત્મક નહિ. પરંતુ આગમમાં તો ૧૪ રાજલોકને પંચાસ્તિકાયસ્વરૂપ જ બતાવેલ છે, ષડ્અસ્તિકાયાત્મક નહિ.

❀ પાંચ અસ્તિકાયનિરૂપણમાં ન્યૂનતા આપત્તિ ❀

(**यद्यपि.**) यद्यपि કાળને સ્વતંત્ર દ્રવ્ય માનનારા આચાર્યોના મતે કાળ અસ્તિકાય નથી. પરંતુ જો કાળ આગમદૃષ્ટિએ સ્વતંત્ર હોત તો આગમમાં 'લોક પંચાસ્તિકાયસ્વરૂપ છે' - આટલું કહેવા માત્રથી સંપૂર્ણ લોક આવી જતો નથી. કેમ કે લોકમાં કાળ દ્રવ્યનો પણ સમાવેશ થાય છે. 'પંચાસ્તિકાયમય લોક' કહેવામાં કાળદ્રવ્ય બાકાત રહી જાય છે. આથી તેવું કહેવામાં લોકસ્વરૂપપ્રતિપાદનમાં ન્યૂનતા દોષ આવી પડે. તેમ છતાંય આગમમાં તો લોકને પંચાસ્તિકાયસ્વરૂપ જ જણાવેલ છે. તેથી પણ કાળ સ્વતન્ત્ર દ્રવ્ય નથી. એમ ફલિત થાય છે. 'લોક પંચાસ્તિકાયસ્વરૂપ છે' - આ વાત **भगवतीसूत्र**માં નીચે મુજબ પ્રશ્નોત્તરીસ્વરૂપે જણાવેલ છે.

प्रश्न :- 'હે ભગવંત ! આ લોક શું કહેવાય છે ?'

1. द्रव्यस्य वर्तना या स द्रव्यकालः तदेव वा द्रव्यम्। न हि वर्तनातिरिक्तं यस्माद् द्रव्यं यतोऽभिहितम्।।
2. यद् वर्त्तनादिरूपः कालः द्रव्यस्य एव पर्यायः। 3. कः अयं भदन्त ! लोकः इति प्रोच्यते ? गौतम ! पञ्चास्तिकायाः। एष णं एतावान् लोकः इति प्रोच्यते, तद् यथा- धर्मास्तिकायः, अधर्मास्तिकायः.... यावत् पुद्गलास्तिकायः।

*એક આચાર્ય (ઈસ્યું=) ઈમ કાલદ્રવ્ય *વખાણઈ છઈ, સ્યું કરતા ? સિદ્ધાંતપાઠ અનુસારઇં ▸જિનોક્ત વાણી જાણીને◂ **શુભમતિની** (રેહ=) રેખા *= સુબુદ્ધિ લક્ષણને* **ધરતા.** ॥१०/११॥

पोग्गलत्थिकाए" (भ.सू.१३/४/४८१) इति पूर्वम् (१०/९) उपदर्शितमत्रानुसन्धेयम्।

आवश्यकनिर्युक्तिवृत्तौ श्रीहरिभद्रसूरयोऽपि "लोकं पञ्चास्तिकायात्मकम्" (आ.नि.१०७९) आहुः।

इत्थं प्रशस्तमतिमन्तः **सूत्रगाः** = उत्तराध्ययनसूत्राद्यनुगामिन एके आचार्याः आदिष्टद्रव्यतया कालं **प्रवदन्ति**।

एतन्मतं पुरस्कृत्य **तत्त्वार्थवृत्तौ सिद्धसेनगणिभिः** "एके मन्यन्ते – जीवाऽजीवद्रव्ययोरेव पर्यायः कश्चिद् विशिष्टो वर्तनापरिणामक्रियापरापरत्वलक्षणः काल इति व्यपदिश्यते, न पुनर्जीवाकाशधर्माधर्मपुद्गल-द्रव्यव्यतिरिक्तोऽतिस्पष्टलिङ्गः कश्चिद् द्रव्यविशेषः समस्ति, यमुररीकृत्येदमभिधानं प्रवर्तिष्यते – 'कालोऽयमि'ति। अपि च – पञ्चास्तिकाया उक्ताः प्रवचने। यदि कालोऽपि पृथक् स्यात् षडस्तिकायाः प्रसज्येरन्, अनिष्टं

ઉત્તર :- 'હે ગૌતમ ! પાંચ અસ્તિકાય એ જ લોક કહેવાય છે. પંચાસ્તિકાયપ્રમાણ જ લોક કહેવાય છે. તે આ રીતે (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય તથા (૫) પુદ્ગલાસ્તિકાય.' પૂર્વે (૧૦/૯) આ સંદર્ભ જણાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

(**आव.**) **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિજી** જણાવે છે કે 'લોક પંચાસ્તિકાયસ્વરૂપ છે.'

(**इत्थं.**) આ પ્રમાણે ઉત્તરાધ્યયનસૂત્ર, જીવાજીવાભિગમસૂત્ર વગેરે આગમોનું અનુસરણ કરનારા પ્રશસ્તબુદ્ધિના નિધાન અમુક આચાર્ય ભગવંતો કાળને ઔપચારિક દ્રવ્યસ્વરૂપે જણાવે છે. અર્થાત્ પરમાર્થથી કાળ તત્ત્વ વર્તનાપર્યાયસ્વરૂપ હોવા છતાં પણ તેમાં દ્રવ્યત્વનો ઉપચાર કરીને 'કાળ દ્રવ્ય છે' - આમ કહેવાય છે. આવી હકીકતને તે આચાર્ય ભગવંતો દર્શાવે છે.

❁ પર્યાયકાલવાદીના અભિપ્રાયની સ્પષ્ટતા ❁

(**एतन्मतं.**) કાળને અતિરિક્ત દ્રવ્યાત્મક માનવાના બદલે વર્તનાપર્યાયસ્વરૂપ કાળ તત્ત્વનો સ્વીકાર કરનારા ઉપરોક્ત આચાર્ય ભગવંતના મતને જ આગળ કરીને **તત્ત્વાર્થભાષ્યવૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** જણાવેલ છે કે "અમુક આચાર્ય ભગવંતો એવું માને છે કે - 'જીવ અને અજીવ દ્રવ્યનો જ વર્તનાપરિણામ - ક્રિયા-પરત્વ-અપરત્વસ્વરૂપ કોઈક વિશિષ્ટ પર્યાય એ કાળતત્ત્વ છે' - એવું કહેવાય છે. પરંતુ જીવ, આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન અત્યંત સ્પષ્ટ દ્રવ્યલક્ષણવાળું કોઈ વિશેષ દ્રવ્ય નથી કે જેને ઉદ્દેશીને આવો વ્યવહાર થઈ શકે કે 'આ કાળ છે.' વળી, જિનશાસનમાં પાંચ જ અસ્તિકાય જણાવેલા છે. જો કાળ પણ સ્વતંત્ર દ્રવ્ય હોય તો અસ્તિકાય છ બની જાય. પરંતુ આ તો ઈષ્ટ નથી. તેથી કાળ દ્રવ્યાત્મક નથી પરંતુ પર્યાયવિશેષાત્મક છે - તેમ સિદ્ધ થાય છે." **તત્ત્વાર્થસૂત્રભાષ્યવૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** પર્યાયસ્વરૂપકાલવાદી આચાર્ય ભગવંતનો મત ઉપર મુજબ

---

* આ.(૧)નો પાઠ "એક આચાર્ય એમ કહે છે. જૈનોક્ત વાણી જાણીનઈ તે શુભમતિ સિદ્ધાંતનેં અનુસારેં."

* પુસ્તકોમાં 'વખણાઈ' પાઠ. કો.(૧૦+૧૧)નો પાઠ લીધો છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત પાલિ.માં છે.

चैतद्" (त.सू.४/१५, सिद्ध.टीका) इत्याद्युक्तमित्यनुसन्धेयम्।

पञ्चकल्पभाष्यचूर्णौ (गा.७२२) अजीवद्रव्यकल्पनिरूपणे **बृहत्कल्पभाष्यवृत्तौ** (गा.६९) चाऽजीवद्रव्य-प्रतिपादने धर्मास्तिकायादीनां निर्देशेऽपि कालस्य अनिर्देशात् तन्मतेऽपि कालस्य स्वतन्त्रद्रव्यत्वं नास्तीति पर्यवस्यति।

"काल एव हि विश्वात्मा" (वा.प.३/९/१२ पृ.५३२) इति **वाक्यपदीये भर्तृहरिवचनमपि** प्रकारान्तरेण जीवाजीवात्मकं कालं सूचयति।

[1]"***जदि*** जीव-पोग्गलपरिणामो कालो होदि, तो सव्वेसु जीव-पोग्गलेसु संठिएण कालेण होदव्वं। तदो माणुसखेत्तेक्कसुज्जमंडलट्ठिदो कालो त्ति ण घडदे ? ***ण*** एस दोसो, णिरवज्जत्तादो। किंतु ण तहा लोगे समए वा संववहारो अत्थि। अणाइ-णिहणरूवेण सुज्जमंडलकिरियापरिणामेसु चेव कालसंववहारो पयट्टो। तम्हा एदस्सेव गहणं कायव्वं।" (ष.ख.भा-४/१-५-१/ध.पृ.३२१) इति **षट्खण्डागमधवला**वृत्तिप्रबन्धोऽप्यवश्यमत्र स्मर्तव्यः।

બતાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

❀ पंचकल्पभाष्यचूर्णि-बृहत्कल्पभाष्यवृत्ति मुजब कालद्रव्य स्वतंत्र नथी ❀

(पञ्च.) **पंचकल्पभाष्यचूर्णि**માં અજીવદ્રવ્યકલ્પનું વિસ્તારથી નિરૂપણ મળે છે. તેમાં અજીવદ્રવ્ય તરીકે ધર્માસ્તિકાય વગેરેનો નિર્દેશ મળે છે. પરંતુ કાળનો ત્યાં નિર્દેશ કરવામાં આવેલ નથી. તેથી પંચકલ્પભાષ્य-ચૂર્ણિકારના મતે પણ 'કાલ એ સ્વતંત્ર દ્રવ્ય નથી' - તેવું ફલિત થાય છે. તે જ રીતે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં અજીવદ્રવ્યના પ્રતિપાદનપ્રસંગે ધર્માસ્તિકાયાદિ ચાર જ દ્રવ્ય જણાવેલ છે. તેથી તેમના મતે પણ કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી - તેવું સિદ્ધ થાય છે.

❀ કાળ અંગે ભર્તૃહરિમત ❀

("काल.) 'કાળ જ વિશ્વસ્વરૂપ છે' - આ પ્રમાણે **વાક્યપદીય**માં ભર્તૃહરિએ જે જણાવેલ છે, તે પણ બીજી રીતે જીવાજીવસ્વરૂપ કાળને સૂચવે છે.

❀ અઢીદ્વીપની બહાર કાળવ્યવહાર અસંમત : દિગંબર ❀

("जदि.) પ્રસ્તુતમાં **ષટ્ખંડાગમ**ની **ધવલા** વ્યાખ્યામાં કાલાનુગમ પ્રકરણમાં દિગંબર **વીરસેના**ચાર્યએ શંકા-સમાધાનસ્વરૂપે એક પ્રબંધ દર્શાવેલ છે તે પણ અવશ્ય યાદ કરવા યોગ્ય છે. તે પ્રબંધ નિમ્નોક્ત છે.

શંકા :- "જો જીવ-પુદ્ગલનો પરિણામ એ જ કાળ હોય તો સર્વ જીવોમાં અને સર્વ પુદ્ગલોમાં કાળે રહેવું પડશે. તો પછી તેવી અવસ્થામાં 'એકમાત્ર મનુષ્યક્ષેત્રવર્તી સૂર્યમંડલમાં જ કાળ રહે છે' - આ વાત સંગત નહિ થઈ શકે. કેમ કે જીવ-પુદ્ગલ તો મનુષ્યક્ષેત્રની બહાર પણ રહે છે."

સમાધાન :- "આ દોષ નહિ આવે. કારણ કે 'જીવ-અજીવપરિણામસ્વરૂપ કાળ છે' - આ કથન

---

1. यदि जीव-पुद्गलपरिणामः कालो भवति तर्हि सर्वेषु जीव-पुद्गलेषु संस्थितेन कालेन भवितव्यम्। ततः मानुषक्षेत्रैकसूर्यमण्डलस्थितः काल इति न घटते ? नैष दोषः, निरवद्यत्वात्। किन्तु न तथा लोके समये वा संव्यवहारोऽस्ति। अनादि-निधनरूपेण सूर्यमण्डलक्रियापरिणामेषु चैव कालसंव्यवहारः प्रवृत्तः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कालस्य जीवाजीवपर्यायात्मकतां बुद्ध्वा स्वपर्यायात्मकं स्वकालं विशोधयितुम्, अनुकूलयितुं परिपक्तुञ्च ज्ञानदशा आविर्भावनीया, स्वकीयज्ञानादिपर्यायनिर्मलीकरणे सदा तत्परता विधेया, अन्यथा विनिपातो न नो दुर्लभः। 'त्वमेव तव स्रष्टा' इत्युक्तिरप्यत्राऽवधेया। ज्ञानदशापरिपाके एव **सम्मतितर्कवृत्ति**दर्शितः "आनन्दरूपात्मस्वरूप एव मोक्षः" (स.त.भाग.१/१/१/वृ.पृ.१६०) सुलभः स्यात्।।१०/११।।

निर्दोष छे. परंतु लोकोमां के शास्त्रमां तेवा प्रकारनो संव्यवहार नथी. अनादि-अनंतस्वरूपे सूर्यमंडलसंबंधी क्रियापरिणामोमां ज काळनो संव्यवहार प्रवर्त्ते छे. तेथी तेनुं ज अहीं ग्रहण करवुं."

❊ स्वकाळने सुधारीओ ❊

आध्यात्मिक उपनय :- जीवाजीवपर्यायविशेषात्मक काळतत्त्वने जाणी आपणे स्वपर्यायात्मक स्वकाळने सुधारवा, अनुकूळ बनावववा, परिपक्व करवा माटे ज्ञानदशाने प्रगटावी स्वकीयज्ञानादिपर्यायोने निर्मळ बनाववा सदा तत्पर रहेवुं जोईओ. अन्यथा आपणो विनाशकाळ दूर नथी. आथी ज 'मनवा ! तुं ज तारो सर्जनहार' आवी कहेवत पडी हशे ने ! ज्ञानदशा परिपक्व बने तो ज **सम्मतितर्कव्याख्या**मां श्री**अभयदेवसूरि**जीओ दर्शावेल आनन्दात्मक आत्मस्वरूप मोक्ष सुलभ बने. (१०/११)

लखी राखो डायरीमां.....✍

- धर्म करवो पडे तो पण बुद्धि सगवडने शोधे छे. श्रद्धा कोई पण क्षेत्रे अगवड वेठीने पण धर्मपरिणति टकावे छे.
- बुद्धि करवा पडता धर्मने आचरणना स्तरे करे छे, पापने अंतःकरणना स्तरे करे छे.
  श्रद्धा करवा पडता पापने मात्र आचरणना स्तरे ज गोठवे छे, धर्मने अंतःकरणना स्तरे सदा प्रतिष्ठित करे छे.
- वासना बहारमां भटके छे, अटके छे, लटके छे. उपासना बाह्य जगतथी छटके छे, पापने पटके छे.

બીજા ભાષઈ રે જોઈસચક્રનઈ, ચારઈ જે થિતિ[ક] તાસ;♦
કાલ અપેક્ષા રે કારણ દ્રવ્ય છઈ, ષટ્ની ભગવઈ ભાસ[□] ॥૧૦/૧૨॥ (૧૭૩) સમ.

उपचरितकालद्रव्यवादिसूरिमतमभिधायाऽधुना निरुपचरितद्रव्यत्वविशिष्टकालवादिसूरिमतमावेदयति – '**अन्य**' इति।

अन्य आचार्य आचष्टे ज्योतिश्चक्रगतिस्थितेः।
अपेक्षाकारणं कालः प्रज्ञप्तौ द्रव्यषट्कता।।१०/१२।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अन्यः आचार्यः आचष्टे ज्योतिश्चक्रगतिस्थितेः अपेक्षाकारणं कालः। (अतः एव) प्रज्ञप्तौ द्रव्यषट्कता (दर्शिता सङ्गच्छेत)।।१०/१२।।

अन्यः = निरुक्तोपचरितद्रव्यत्वविशिष्टकालवादिसूरिभिन्नः निरुपचरितकालद्रव्यवादी **आचार्यः आचष्टे** यदुत मनुष्यलोके ज्योतिष्कविमानानि लोकस्थित्यनुभावाद् आभियोगिकनामकर्मोदयाच्च नित्यगतिरतयो देवा वहन्ति। तद्यथा पुरस्तात् केशरिणः, दक्षिणतः कुञ्जराः, अपरतो वृषभाः, उत्तरतश्च जविनोऽश्वाः। सदा नियतगतीनि एतानि ज्योतिष्कविमानानि। तद्गत्यनुसारेण च नृलोके

अवतरणिका :- 'કાલતત્ત્વ ઉપચરિત દ્રવ્ય છે, વાસ્તવિક દ્રવ્ય નહિ' - આ પ્રમાણે અનતિરિક્તકાલવાદી આચાર્ય ભગવંતનો મત દેખાડીને હવે ગ્રંથકારશ્રી 'કાળ તત્ત્વ નિરુપચરિત દ્રવ્ય છે. કાળમાં દ્રવ્યત્વ પરમાર્થથી રહે છે. ઉપચારથી નહિ' - આ પ્રમાણે અતિરિક્તકાલવાદી આચાર્ય ભગવંતનો મત આગળના શ્લોકમાં જણાવેલ છે :-

❋ अतिरिक्तकालद्रव्यवादीनो मत ❋

શ્લોકાર્થ :- અન્ય આચાર્ય કહે છે કે 'જ્યોતિશ્ચક્રની ગતિ મુજબ જે પરત્વાદિ ભાવની સ્થિતિ છે તેનું અપેક્ષાકારણ કાળ છે. તેથી જ ભગવતીસૂત્રમાં છ દ્રવ્ય બતાવેલ છે તે સંગત થાય છે.'(૧૦/૧૨)

❋ सूर्यादिविमाननी गतिनो विचार ❋

વ્યાખ્યાર્થ :- ઉપચરિત દ્રવ્યત્વથી યુક્ત એવા કાળતત્ત્વને બતાવનારા જે આચાર્યનો મત આગળના શ્લોકમાં દર્શાવ્યો તેમનાથી જુદા આચાર્ય ભગવંત કાળને પારમાર્થિક દ્રવ્ય માને છે. તેઓ એમ કહે છે કે - મનુષ્યલોકમાં જ્યોતિશ્ચક્રના સૂર્ય, ચંદ્રાદિ વિમાનોને (૧) લોકસ્થિતિના પ્રભાવથી તથા (૨) આભિયોગિક નામ કર્મના ઉદયથી નિત્ય ગતિ કરવામાં જેમને મજા આવે છે તેવા આભિયોગિક દેવો (= સૂર્ય-ચન્દ્રાદિના નોકર દેવો) સતત વહન કરે છે. તે આ પ્રમાણે - આગળથી સિંહનું રૂપ ધારણ કરનારા નોકર દેવો, જમણી બાજુએ હાથીનું રૂપ ધારણ કરનારા નોકર દેવો, પશ્ચિમ (=પાછલા) ભાગમાં બળદનું રૂપ ધારણ કરનારા નોકર દેવો તથા ડાબી બાજુએ ગતિશીલ અશ્વનું રૂપ ધારણ કરનારા નોકર દેવો સૂર્ય વગેરેના વિમાનોને સતત ખેંચી રહેલા છે. તેથી સૂર્ય-ચંદ્રાદિ જ્યોતિષ્કઈન્દ્રોના વિમાનો સદા ગતિશીલ હોય છે. સૂર્ય વગેરેના વિમાનો મનુષ્યલોકમાં નિરંતર ગતિ કરતા હોય છે. તેથી

[ક] મો.(૨)માં 'તિથિ' પાઠ. ♦ લા.(૨)માં 'વાસ' પાઠ. □ મો.(૨)માં 'સાસ' પાઠ.

બીજા આચાર્ય ઇમ **ભાષઈ** છઇ જે **જ્યોતિશ્ચક્રનઈ ચારઈ** પરત્વ, અપરત્વ, નવ, પુરાણાદિ ભાવ**સ્થિતિ** છઇ, (**તાસ**=) તેહનું **અપેક્ષાકારણ** મનુષ્યલોકમાંહિ **કાલદ્રવ્ય** છઇ.

कला-लव-नालिका-मुहूर्त्त-दिवसादिरूपेण कालविभागः सम्पद्यते। इदमेवाभिप्रेत्य **तत्त्वार्थसूत्रे** "ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रह-नक्षत्र-प्रकीर्णतारकाश्च (त.सू.४/१३)। मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके (त.सू.४/१४)। तत्कृतः कालविभागः" (त.सू.४/१५) इत्युक्तम्।

न केवलं कालविभागः अपि तु साद्यनादिपरिणामाः, प्रयोग-विस्रसा-मिश्रगतिलक्षणाः क्रियाः परत्वाऽपरत्व-नव-पुराणादिभावाश्च ज्योतिष्कचक्रगत्यनुसारेणैव भवन्ति। कार्यञ्च नापेक्षाकारणशून्यं भवति। अतः **ज्योतिष्कचक्रगतिस्थितेः** = सूर्यादिज्योतिश्चक्रचारानुसारिणः परिणाम-क्रिया-परत्वाऽपरत्व -नव-पुराणादिभावकदम्बकस्य कार्यस्य स्थितेः अनुगतम् **अपेक्षाकारणं** किञ्चित् कल्पनीयम्। स च **कालः** एव सम्भवति। इदमेवाभिप्रेत्य **तत्त्वार्थसूत्रे** "वर्त्तना परिणामः क्रियाः परत्वापरत्वे च कालस्य" (त.सू.५/२२) इत्येवं कालद्रव्यकार्यप्रदर्शनमकारि।

મનુષ્યલોકમાં = અઢી દ્વીપમાં સૂર્ય વગેરેની ગતિ મુજબ કલા, લવ, નાલિકા, મુહૂર્ત્ત, દિવસ, રાત વગેરે સ્વરૂપે કાળવિભાગ સંપન્ન થાય છે. આ જ અભિપ્રાયથી **તત્ત્વાર્થસૂત્ર**માં વાચકપુંગવ **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે 'સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને છૂટા-છવાયા તારલાઓ (stars) જ્યોતિષ્ક દેવો કહેવાય છે. તેઓના વિમાનો મનુષ્યલોકમાં મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા કાયમ ગતિ કરે છે. તથા તેમની ગતિને આધારે કાળવિભાગ નિશ્ચિત કરાયેલ છે.'

❀ જ્યોતિશ્ચક્રગતિનો પ્રભાવ ❀

(**न केवलं**.) ફક્ત દિવસ-રાત, પ્રહર-ઘડી વગેરે સ્વરૂપ કાળવિભાગ જ્યોતિશ્ચક્રની ગતિ મુજબ થાય છે એવું નથી. પરંતુ સાદિ-અનાદિ પરિણામ, પ્રયોગ-વિસ્રસા-મિશ્રગતિ સ્વરૂપ ક્રિયા, પરત્વ -અપરત્વ-નૂતનત્વ-પુરાણત્વ આદિ ભાવો પણ જ્યોતિષ્કચક્રની ગતિ મુજબ જ થાય છે. કારણ કે કોઈ પણ કાર્ય અપેક્ષાકારણ = નિમિત્તકારણ વિના થતું નથી. કારણશૂન્ય કાર્ય કઈ રીતે સંભવી શકે? ઉપરોક્ત પરિણામ, ક્રિયા, પરત્વ, અપરત્વ, નૂતનત્વ, પ્રાચીનત્વ વગેરે ભાવોનો સમૂહ જ્યોતિષ્કચક્રની ગતિને અનુસરે છે. તથા તે ગતિ મુજબ પોતાની સ્થિતિને = અવસ્થિતિને = વિદ્યમાનતાને ધારણ કરે છે. તથા ઉપરોક્ત સાદિ-અનાદિ પરિણામ, પ્રયોગ-વિસ્રસાદિ, પરત્વાદિ ભાવોનો સમૂહ કાર્ય છે. તેથી ઉપરોક્ત કાર્યસમૂહની સ્થિતિ પ્રત્યે કોઈક અનુગત અપેક્ષાકારણની કલ્પના કરવી પડશે. તે અનુગત અપેક્ષાકારણ પ્રસ્તુતમાં કાળ જ સંભવે છે. આ જ અભિપ્રાયથી **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવેલ છે કે 'વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ કાળના કાર્ય છે.' **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે ઉપર મુજબ કાળના કાર્યનું પ્રદર્શન કરેલ છે. તેનાથી જ 'કાળ દ્રવ્યાત્મક છે' તેમ સિદ્ધ થાય છે.

❀ કાળદ્રવ્યના કાર્યો ❀

સ્પષ્ટતા :- પરત્વ-અપરત્વ ભાવ અહીં કાલિક સમજવા, દૈશિક નહિ. જે પૂર્વકાલીન હોય તે

तदुक्तं **विनयविजय**वाचकेनाऽपि **लोकप्रकाशे** – "सहैव स्यात् किसलय-कलिका-फलसम्भवः। एषां नियामके कालरूपे द्रव्येऽसति क्षितौ।। बालो मृदुतनुर्दीप्रदेहश्च तरुणः पुमान्। जीर्णाङ्गः स्थविरश्चेति विना कालं दशाः कथम्।। ऋतूनामपि षण्णां यः परिणामोऽस्ति अनेकधा। न सम्भवेत् सोऽपि कालं विनाऽतिविदितः क्षितौ।।" (लोकप्रकाश सर्ग २८/२३-२४-२५) इति।

"परम्, अपरम्, युगपत्, अयुगपत्, चिरम्, क्षिप्रमिति काललिङ्गानि" (वै.सू.२/२/६) इति **वैशेषिक-सूत्रोक्तिरपि** स्मर्तव्याऽत्र। यथोक्तं **भर्तृहरिणा** अपि **वाक्यपदीये** "उत्पत्तौ च स्थितौ चैव विनाशे चाऽपि तद्वताम्। निमित्तं कालमेवाहुर्विभक्तेनाऽऽत्मना स्थितम्।।" (वा.प. ३/९-३) इति। एतावता कालतत्त्वं स्वतन्त्रद्रव्यमिति फलितम्।

ततश्च वर्तनादिभावाः कालद्रव्यापेक्षा इति सिद्धम्। "अपेक्षाकारणं हि सः। न ह्यसावधिष्ठाय

પર કહેવાય. ઉત્તરકાલીન હોય તે અપર કહેવાય. આપણી અપેક્ષાએ મહાવીરસ્વામી ભગવાનમાં કાલિક પરત્વ છે તથા વજ્રસ્વામીમાં કાલિક અપરત્વ છે. જો કાળ દ્રવ્ય ન હોય તો કોને પર = મોટા કહેવા? કોને અપર = નાના કહેવા ? કોને જૂના કહેવા ? કોને નવા કહેવા ? એ જ નક્કી નહિ થઈ શકે. નવી વસ્તુને જૂની કરનાર કાળદ્રવ્ય જ છે. આકાશમાં વાદળા બંધાવા, વરસાદ પડવો... વગેરે વૈસ્રસિક ક્રિયા પ્રત્યે પણ કાળદ્રવ્ય જ અપેક્ષાકારણ છે.

(**तदुक्तं**.) શ્રી**વિનયવિજય**વાચક પણ **લોકપ્રકાશ**માં જણાવે છે કે - "જો પૃથ્વી ઉપર નિયામક કાળરૂપે જૂદું દ્રવ્ય ન હોય તો વૃક્ષોને એકી સાથે જ પત્ર, કળી, પુષ્પ અને ફળની ઉત્પત્તિ થવી જોઈએ. વળી બાળકનું શરીર કોમળ હોય છે. યુવાન પુરુષનું શરીર દેદીપ્યમાન હોય છે અને વૃદ્ધનું શરીર જીર્ણ હોય છે. તો આવી બાલ્યાદિ અવસ્થાઓ કાળ વિના શી રીતે ઘટી શકશે ? છ એ ઋતુઓનો અનેક પ્રકારનો પરિણામ કે જે પૃથ્વી પર અત્યંત પ્રસિદ્ધ છે તે પણ કાળ વિના સંભવતો નથી." તેથી કાળ એ સ્વતંત્ર દ્રવ્યરૂપે સિદ્ધ થાય છે.

અન્ય દર્શનમાં કાલ અતિરિક્ત દ્રવ્ય

("**परम्**.) ફક્ત જૈન દર્શનની જ નહિ પરંતુ અજૈન દર્શનની પણ ઉપરોક્ત બાબતમાં સંમતિ મળે છે. **વૈશેષિકસૂત્ર**માં જણાવેલ છે કે 'પર (મોટું), અપર (નાનું), યુગપત્, અયુગપત્ = ક્રમિક, વિલંબ, શીઘ્રતા આ પ્રમાણે કાલદ્રવ્યના ચિહ્નો છે.' આ વૈશેષિકસૂત્રની ઉક્તિ પણ અહીં યાદ કરવા જેવી છે. **ભર્તૃહરિ**એ પણ **વાક્યપદીય** ગ્રંથમાં જણાવેલ છે કે 'ઉત્પત્તિવાળા પદાર્થની ઉત્પત્તિમાં, સ્થિર પદાર્થની સ્થિતિમાં = સ્થિરતામાં તથા વિનશ્વર પદાર્થના વિનાશમાં કાળ એ જ નિમિત્તકારણ છે. તેમજ ઉત્પદ્યમાન, સ્થિર કે નશ્વર ભાવોથી કે ઉત્પાદ-ધ્રૌવ્ય-વ્યયથી વિભક્તરૂપે = અલગ સ્વરૂપે = સ્વતન્ત્રરૂપે કાળતત્ત્વ રહેલું છે. આ પ્રમાણે ઋષિ-મુનિઓ કહે છે.' **વૈશેષિક સૂત્ર** અને **વાક્યપદીય** - આ બન્ને ગ્રંથના ઉપરોક્ત વચનથી પણ 'કાળતત્ત્વ એ સ્વતંત્ર દ્રવ્ય છે' - આવું સિદ્ધ થાય છે.

કાળ સ્વતંત્ર કારણ નહિ, અપેક્ષા કારણ છે

(**ततश्च**.) તેથી વર્તના, પરત્વ, અપરત્વ વગેરે ભાવો કાલદ્રવ્યની અપેક્ષા રાખે છે - તેમ સિદ્ધ

અર્થનઈ વિષઈ સૂર્યક્રિયોપનાયક* દ્રવ્ય ચારક્ષેત્રપ્રમાણ જ કલ્પવું ઘટઈ.

स्वातन्त्र्येण कुलालवत् करोति। न च मृत्तिकावत् परिणामिकारणं किन्तु सम्भवतां स्वयमेवार्थानाम् 'अस्मिन् काले भवितव्यम्, नान्यदा' इति अपेक्षाकारणम् धर्मद्रव्यमिव गतौ" (त.सू.५/२२ सि.वृ.पृ.३४८) इति **तत्त्वार्थभाष्यवृत्तौ सिद्धसेनगणिवराः** स्वतन्त्रकालद्रव्यवादिमतपुरस्कारेण प्राहुः।

स चाऽर्धतृतीयद्वीप-समुद्रद्वयाक्रान्तक्षेत्रपरिमाणः तिर्यग्मानेन पञ्चचत्वारिंशद्योजनलक्षप्रमाणः ऊर्ध्वमधश्चाऽष्टादशशतयोजनप्रमाणः ज्योतिष्श्चक्रचाराऽभिव्यङ्ग्यो घटाद्यर्थे सूर्यगत्यादिक्रियोपनायको निरुपचरितद्रव्यत्वाऽऽलिङ्गितोऽभ्युपगम्यते। तदुक्तं **व्याख्याप्रज्ञप्तौ** [1]"किमिदं भंते ! समयखेत्तेत्ति पवुच्चति ? गोयमा ! अड्ढाइज्जा दीवा दो य समुद्दा - एस णं एवइए समयखेत्तेत्ति पवुच्चत्ति" (भ.सू.२/९/११७) इति।

થાય છે. તેથી 'કાળ વર્તનાદિ પરિણામો પ્રત્યે અપેક્ષાકારણ છે' - આ પ્રમાણે નિશ્ચિત થાય છે. **તત્ત્વાર્થસૂત્રભાષ્યવૃત્તિ**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** સ્વતન્ત્રકાલદ્રવ્યવાદીના મતને આગળ કરીને જણાવેલ છે કે "વર્તના પરિણામ વગેરે કાર્યો પ્રત્યે કાળ અપેક્ષાકારણ છે. જેમ કુલાલ જાતે જ સક્રિય થઈને પોતાની ઈચ્છા મુજબ ગમે ત્યાં, ગમે તેવો ઘડો ગમે તે રીતે બનાવે છે, તેમ વર્તના, પરત્વ, અપરત્વ વગેરે કાર્યને કાળતત્ત્વ સ્વતન્ત્રરૂપે કરતું નથી. કુંભાર ઘડા પ્રત્યે સ્વતન્ત્ર કર્તા છે તેમ વર્તનાદિ કાર્ય પ્રત્યે કાળતત્ત્વ સ્વતન્ત્ર કર્તા નથી. તથા માટી જેમ ઘડા પ્રત્યે પરિણામી કારણ છે તેમ કાળ વર્તનાદિ કાર્યો પ્રત્યે પરિણામી કારણ = ઉપાદાનકારણ નથી. માટી ઘડાસ્વરૂપે પરિણમે છે. તેમ કાળતત્ત્વ પોતે વર્તનાદિ કાર્યસ્વરૂપે પરિણમતું નથી. પરંતુ પોતાની જાતે જ ઉત્પન્ન થઈ રહેલા કાર્યો પ્રત્યે કાળ તત્ત્વ અપેક્ષાકારણ છે. 'આ સમયે આ કાર્યને ઉત્પન્ન થવાનું છે, તેની આગળ-પાછળના સમયે નહિ' - આ પ્રમાણે કાળ તત્ત્વ સ્વયં ઉત્પદ્યમાન કાર્ય પ્રત્યે અપેક્ષાકારણ છે. જેમ સ્વયં ગતિ કરતા દ્રવ્ય પ્રત્યે ધર્માસ્તિકાયદ્રવ્ય અપેક્ષાકારણ છે, તેમ સ્વયં ઉત્પન્ન થઈ રહેલા ભાવોની ઉત્પત્તિ = વર્તનાપરિણતિ પ્રત્યે કાળદ્રવ્ય પણ અપેક્ષાકારણ છે. ઉત્પન્ન ન થતા ભાવોને કાળદ્રવ્ય બળાત્કારે ઉત્પન્ન કરતું નથી."

॥ કાળ દ્રવ્ય મનુષ્યલોકમાં જ છે ॥

(स चा.) તે કાળ દ્રવ્ય જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ દ્વીપ, કાલોદધિ સમુદ્ર અને અર્ધ પુષ્કરવર દ્વીપ - આમ કુલ અઢી દ્વીપથી અને બે સમુદ્રથી આક્રાન્ત = વ્યાપ્ત ક્ષેત્રપ્રમાણ છે. કાળદ્રવ્યનું તિર્યક્ પ્રમાણ ૪૫ લાખ યોજન જેટલું છે. તથા ઉપર-નીચે કુલ ૧૮૦૦ યોજન પ્રમાણ કાળદ્રવ્ય વ્યાપેલ છે. જેમ આંખથી ઘટ-પટ વગેરે કાર્ય દેખાય છે, તેમ કાળ દ્રવ્યના ચર્મચક્ષુથી દર્શન થતા નથી. પરંતુ જ્યોતિશ્ચક્રની ગતિ દ્વારા કાળની અભિવ્યક્તિ = ઉપલબ્ધિ = પરોક્ષ બુદ્ધિ થાય છે. ઘટાદિ પદાર્થોમાં સૂર્યની ગતિ વગેરે ક્રિયાનું ઉપસ્થાપક કાળદ્રવ્ય છે. આમ કાળ તત્ત્વ નિરુપચરિત = વાસ્તવિક દ્રવ્યત્વથી યુક્ત છે. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ** જેનું બીજું નામ છે એવા **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે જણાવેલ છે કે 'હે ભગવંત ! આ સમયક્ષેત્ર શું કહેવાય છે ?' 'ગૌતમ ! અઢી દ્વીપ અને બે સમુદ્ર - આટલું ક્ષેત્ર સમયક્ષેત્ર કહેવાય છે.'

---

* આ.(૧)માં '....ક્રિયોપચારનાયક...' પાઠ. 1. किमिदं भदन्त ! समयक्षेत्रमिति प्रोच्यते ? गौतम ! अर्धतृतीया द्वीपाः द्वौ च समुद्रौ - एषः एतद् णं एतावत् समयक्षेत्रमिति प्रोच्यते।

તે માટઈ એહવું કાલદ્રવ્ય જ* કહિઈ. તો જ શ્રી *ભગવતીસૂત્ર*માંહિ- [1]"**कई णं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा ! छद्दव्वा पण्णत्ता – धम्मत्थिकाए जाव अद्धासमए**" (**भग.२५/४/७३४**) એ વચન છઈ. તેહનું નિરુપચરિત વ્યાખ્યાન ઘટઈ. (**षट्नी** = ષડ્દ્રવ્યને **भगवई** = ભગવતીસૂત્ર **भास** = ભાસઈ = ભાખઈ.)

अत्र **व्याख्याप्रज्ञप्तिवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "कालो हि दिन-मासादिरूपः सूर्यगतिसमभिव्यङ्ग्यो मनुष्यक्षेत्र एव, न परतः" (भ.सू. श.२, उ.९, सू.११७ व्याख्या पृ.१४६) इति व्याख्यातम्। तदुक्तं **प्रज्ञापनासूत्रवृत्तौ श्रीमलयगिरिसूरिभिः** अपि समयक्षेत्रनिरुक्तिप्रदर्शनावसरे "यस्मिन् अर्धतृतीयद्वीपप्रमाणे (क्षेत्रे) सूर्यादिक्रियाव्यङ्ग्यः समयो नाम कालद्रव्यमस्ति, तत् समयक्षेत्रं = मानुषक्षेत्रमिति भावः" (प्र.सू.२१/२७५ वृ.पृ.४२९) इति।

अत एव **प्रज्ञप्तौ** = व्याख्याप्रज्ञप्तौ भगवत्यपराभिधानायां **द्रव्यषट्कता** दर्शिता। कालस्या-ऽतिरिक्तद्रव्यत्वे एव [2]"कतिविहा णं भंते ! सव्वदव्वा पन्नत्ता ? गोयमा ! छव्विहा सव्वदव्वा पन्नत्ता। तं जहा – धम्मत्थिकाए, अधम्मत्थिकाए जाव अद्धासमए" (भ.सू.२५/४/सू.७३४ पृ.८७३) इति **भगवतीसूत्र**वचनं

(**अत्र.**) પ્રસ્તુત **ભગવતીજીસૂત્ર**ની **વ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'કાળ દ્રવ્ય દિવસ, માસ આદિ સ્વરૂપ છે. સૂર્યની ગતિક્રિયા દ્વારા કાળની ઉપલબ્ધિ = અભિવ્યક્તિ = પરોક્ષબુદ્ધિ થાય છે. આવું કાળદ્રવ્ય મનુષ્યક્ષેત્રમાં (= અઢી દ્વીપ + બે સમુદ્ર પ્રમાણ ક્ષેત્રમાં) જ રહેલ છે. તેનાથી આગળના ક્ષેત્રમાં (કેન્દ્રવર્તી ૪૫ લાખ યોજનની બહારના દ્વીપ-સાગરોમાં) કાળ દ્રવ્ય રહેતું નથી.' **પ્રજ્ઞાપનાસૂત્રવ્યાખ્યા**માં **શ્રીમલયગિરિસૂરિજી**એ પણ સમયક્ષેત્રની વ્યુત્પત્તિને દર્શાવતા કહેલ છે કે "અઢી દ્વીપ પ્રમાણ જે ક્ષેત્રમાં સૂર્ય વગેરેની ક્રિયાથી અભિવ્યંગ્ય સમય નામનું કાલદ્રવ્ય છે તે સમયક્ષેત્ર = માનુષક્ષેત્ર = મનુષ્યક્ષેત્ર કહેવાય."

❀ કાળ દ્રવ્ય છે : ભગવતીસૂત્ર ❀

(**अत एव.**) આથી જ **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર**માં = ભગવતીસૂત્રમાં છ દ્રવ્યોનું પ્રતિપાદન કરેલ છે. કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવામાં આવે તો જ ષડ્દ્રવ્યનું પ્રતિપાદક **ભગવતીસૂત્ર**વચન કોઈ પણ જાતના ઉપચાર વિના અર્થસંગત થઈ શકે. તે વચન પ્રશ્નોત્તરીરૂપે નીચે મુજબ છે.

[redacted]:- 'હે ભગવંત ! કુલ કેટલા દ્રવ્ય બતાવાયેલા છે ?'

[redacted]:- 'હે ગૌતમ ! કુલ છ દ્રવ્યો બતાવાયેલ છે. તે આ રીતે (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) અદ્ધાસમય = કાળ.' કોઈ પણ જાતની લક્ષણા = ઉપચાર કર્યા વિના ષડ્દ્રવ્યપ્રતિપાદક ઉપરોક્ત ભગવતીસૂત્રવચનની વ્યાખ્યા તો

---

* પુસ્તકોમાં 'જ' નથી. કો.(૯)+સિં.માં છે. 1. कतिविधानि णं भदन्त ! द्रव्याणि प्रज्ञप्तानि? गौतम ! षड् द्रव्याणि प्रज्ञप्तानि-धर्मास्तिकायः... यावद् अद्धासयमः। 2. कतिविधानि णं भदन्त ! सर्वद्रव्याणि प्रज्ञप्तानि ? गौतम ! षड्विधानि सर्वद्रव्याणि प्रज्ञप्तानि। तद् यथा – धर्मास्तिकायः, अधर्मास्तिकायः यावद्... अद्धासमयः।

षड्द्रव्यप्रतिपादकं निरुपचरितव्याख्यया सङ्गच्छेत। **अनुयोगद्वारसूत्रे**ऽपि [1]"दव्वणामे छव्विहे पण्णत्ते। तं जहा - (१) धम्मत्थिकाए, (२) अधम्मत्थिकाए, (३) आगासत्थिकाए, (४) जीवत्थिकाए, (५) पोग्गलत्थिकाए, (६) अद्धासमए अ" (अनु.द्वा.सू.२१८ पृ.१५१) इत्युक्त्या द्रव्यषट्कता प्रतिपादिता।

प्रकृते "सोऽयं ज्ञेयः पुरुषो लोकनामा, षड्द्रव्यात्माऽकृत्रिमोऽनाद्यनन्तः। धर्माऽधर्माऽऽकाश-काला-ऽऽत्मसंज्ञैर्द्रव्यैः पूर्णः सर्वतः पुद्गलैश्च।।" (शा.सु.११/१/५) इति **शान्तसुधारसो**क्तिरप्यत्राऽनुसन्धेया।

"धर्माऽधर्माऽऽकाश-पुद्गल-जीव-कालात्मकं च द्रव्यम्" (सू.कृ.श्रु.स्क.२/अ.५/सू.१/पृ.३७२) इति **सूत्रकृताङ्गसूत्रव्याख्यायां** अनाचारश्रुताध्ययनविवरणे **श्रीशीलाङ्काचार्य**वचनमप्यत्र स्मर्तव्यम्। आर्द्रकाध्ययनव्याख्यायामपि "लोकं षड्द्रव्यात्मकम्" (सू.कृ.२/६/४ पृ.३९०) इति आह **श्रीशीलाङ्काचार्यः**।

***यद्यपि* भगवत्याम्** [2]"कइविहे णं भंते ! काले पन्नत्ते ?, सुदंसणा ! चउव्विहे काले पन्नत्ते, तं जहा -

---

જ સંગત થઈ શકે કે જો કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવામાં આવે. **અનુયોગદ્વારસૂત્ર**માં પણ "દ્રવ્યનાં નામો ૬ પ્રકારનાં જણાવાયેલા છે. તે આ રીતે (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) અદ્ધાસમય" - આવું કહેવા દ્વારા ૬ દ્રવ્યો જ બતાવેલા છે. આમ 'કાળ પર્યાયાત્મક નહિ પણ દ્રવ્યાત્મક = નિરુપચરિતદ્રવ્યત્વવિશિષ્ટ છે' - એવું સિદ્ધ થાય છે.

❋ લોક ષડ્દ્રવ્યાત્મક : શાંતસુધારસ ❋

(**પ્રકૃતે.**) પ્રસ્તુતમાં **શાંતસુધારસ** ગ્રન્થનું વચન પણ યાદ કરવા યોગ્ય છે. કારણ કે તેનાથી પણ 'કાળ એ છઠ્ઠું દ્રવ્ય છે' - એવું સિદ્ધ થાય છે. ત્યાં ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'સર્વ બાજુએથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, આત્મા અને પુદ્ગલ નામના દ્રવ્યોથી પરિપૂર્ણ ષડ્દ્રવ્યાત્મક અકૃત્રિમ-અનાદિ-અનન્ત લોક નામનો તે આ પુરુષ (= લોકપુરુષ) જાણવો.' કમર ઉપર બે હાથ ટેકવી, બે પગ પહોળા કરીને ઉભો રહેનાર પુરુષ જે આકારે જણાય તેવો ૧૪ રાજલોકનો આકાર હોવાથી તેને 'લોકપુરુષ' તરીકે અહીં જણાવેલ છે. અહીં સ્પષ્ટપણે છ દ્રવ્યનો ઉલ્લેખ કરીને કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે જ દર્શાવેલ છે.

❋ છ દ્રવ્ય : શીલાંકાચાર્ય ❋

("**ધર્મા.**) **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં અનાચારશ્રુત અધ્યયનનું વિવરણ કરવાના અવસરે શ્રીશીલાંકાચાર્યજીએ પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્ગલ, જીવ અને કાલ - આમ છ દ્રવ્ય બતાવેલ છે તે વાત પણ પ્રસ્તુતમાં યાદ કરવા યોગ્ય છે. ત્યાં જ આર્દ્રક અધ્યયનનું વિવરણ કરતા **શ્રીશીલાંકાચાર્યજી**એ ષડ્દ્રવ્યાત્મક લોકને જણાવવા દ્વારા કાલનો દ્રવ્ય તરીકે સ્વીકાર કરેલ છે.

❋ ચાર પ્રકારના કાળની વિચારણા ❋

(**યદ્યપિ.**) જો કે **ભગવતીસૂત્ર**માં **સુદર્શન** સાથે પ્રશ્નોત્તરીમાં ચાર પ્રકારના કાળ બતાવેલ છે.

---

1. द्रव्यनाम षड्विधं प्रज्ञप्तम्। तद् यथा - (१) धर्मास्तिकायः, (२) अधर्मास्तिकायः, (३) आकाशास्तिकायः, (४) जीवास्तिकायः, (५) पुद्गलास्तिकायः (६) अद्धासमयश्च। 2. कतिविधः णं भदन्त ! कालः प्रज्ञप्तः ? सुदर्शन ! चतुर्विधः कालः प्रज्ञप्तः। तद् यथा- [१]प्रमाणकालः, [२]यथायुःनिवर्त्तनकालः, [३]मरणकालः, [४]अद्धाकालः।

पमाणकाले १, अहाउनिव्वत्ते काले २, मरणकाले ३, अद्धाकाले ४" (भ.सू.श.११, उ.११, सूत्र-४२४) इत्येवं चतुर्विधः कालः प्रदर्शितः ***तथापि*** प्रकृतेऽद्धाकाल एव कालद्रव्यतयाऽभिप्रेतः, तत्त एव नृलोके वर्त्तनादिसम्भवात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** अपि [1]"सूरकिरियाविसिट्ठो गोदोहाइकिरियासु निरवेक्खो। अद्धाकालो भण्णइ समयखेत्तम्मि समयाई।।" (वि.आ.भा.२०३५) इति। छद्मस्थानां सूर्यपरिस्पन्दक्रियाया एवाऽद्धाकालगोचराऽव्यभिचारिपरिज्ञानोपायत्वसम्भवात् सूर्यक्रियावच्छिन्नत्वमद्धाकाले दर्शितम्। इदमेवाभिप्रेत्य **दशवैकालिकनिर्युक्तिहारिभद्रीवृत्तौ** "चन्द्र-सूर्यादिक्रियाविशिष्टः अर्धतृतीय-द्वीपसमुद्रान्तर्वर्त्ती अद्धाकालः समयादिलक्षणः" (द.वै.१/१/नि.११ हा.वृ.) इत्युक्तम्।

प्रज्ञापनासूत्रेऽपि अरूप्यजीवद्रव्यरूपेणाद्धाकालनिर्देशः [2]"से किं तं अरूवीअजीवपन्नवणा ? अरूवि-अजीवपन्नवणा दसविहा पण्णत्ता, तं जहा - (१) धम्मत्थिकाए, (२) धम्मत्थिकायस्स देसा, (३) धम्मत्थिकायस्स

[redacted] :- 'હે ભગવંત ! કાળ કેટલા પ્રકારે બતાવાયેલ છે ?'

[redacted] :- 'હે સુદર્શન ! કાળ ચાર પ્રકારે દર્શાવાયેલ છે. તે આ રીતે - (૧) પ્રમાણકાળ, (૨) યથાયુષ્કનિવર્ત્તનકાળ, (૩) મરણકાળ અને (૪) અદ્ધાકાળ.' તથા મરણકાળ વગેરે તો માત્ર અઢીદ્વીપમાં જ નહિ પરંતુ ૧૪ રાજલોકમાં સંભવે છે. તો પણ પ્રસ્તુતમાં જે કાળતત્ત્વની ચર્ચા ચાલી રહેલ છે, તે અદ્ધાકાળ જ કાળદ્રવ્ય તરીકે અભિપ્રેત છે - તેમ સમજવું. અદ્ધાકાળ દ્વારા જ મનુષ્યલોકમાં = અઢી દ્વીપમાં વર્તનાદિ પરિણામ સંભવી શકે છે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'સૂર્યની પરિસ્પન્દાદિ ક્રિયાથી વિશિષ્ટ = અભિવ્યંગ્ય એવો અદ્ધાકાળ કહેવાય છે. ગાયને દોહવાની ક્રિયા વગેરે પ્રત્યે તે અદ્ધાકાળ નિરપેક્ષ છે. (કેમ કે ગોદોહનાદિ થાય તો જ પ્રાતઃકાળ કે સંધ્યાસમય ઉત્પન્ન થાય - તેવો કોઈ નિયમ નથી. આમ અદ્ધાસમય દોહનાદિનિરપેક્ષ છે.) તે સમયક્ષેત્રમાં = મનુષ્યક્ષેત્રમાં જ હોય છે. તે અદ્ધાકાળ સમય, આવલિક આદિ સ્વરૂપ છે.' અદ્ધાકાળસંબંધી યથાર્થજ્ઞાન મેળવવાનો ઉપાય છદ્મસ્થ = અસર્વજ્ઞ જીવો માટે કેવળ સૂર્યની પરિસ્પંદ ક્રિયા જ છે. તેથી **વિશેષાવશ્યકભાષ્ય**માં અદ્ધાકાળને સૂર્યક્રિયાથી અવચ્છિન્ન = વિશિષ્ટ તરીકે જણાવેલ છે. આ જ અભિપ્રાયથી **દશવૈકાલિક-નિર્યુક્તિહારિભદ્રી વ્યાખ્યા**માં જણાવેલ છે કે 'ચન્દ્ર-સૂર્ય વગેરેની ક્રિયાથી વિશિષ્ટ (= અભિવ્યક્ત થતો) અદ્ધાકાળ અઢી દ્વીપ-સમુદ્રની અંદર રહે છે. તે અદ્ધાકાળ સમયાદિસ્વરૂપ છે.'

ॐ કાળ અરૂપી અજીવદ્રવ્ય છે : પ્રજ્ઞાપનાસૂત્ર ॐ

(**પ્રજ્ઞાપના.**) **પ્રજ્ઞાપનાસૂત્ર**માં પણ પૂર્વધર મહર્ષિ શ્રીશ્યામાચાર્યજીએ અરૂપી અજીવદ્રવ્ય તરીકે અદ્ધાકાળનો જ નિર્દેશ કરેલ છે. તે નિર્દેશ પ્રશ્નોત્તરી સ્વરૂપે નીચે મુજબ છે.'

[redacted] :- 'હે ભગવંત ! અરૂપી અજીવ દ્રવ્યની પ્રરૂપણા કેટલા પ્રકારે છે ?'

[redacted] :- 'અરૂપી અજીવ દ્રવ્યની પ્રરૂપણા દશ પ્રકારે દર્શાવાયેલી છે. તે આ રીતે - (૧)

1. सूरक्रियाविशिष्टो गोदोहादिक्रियासु निरपेक्षः। अद्धाकालो भण्यते समयक्षेत्रे समयादयः।। 2. अथ का सा अरूपि-अजीवप्ररूपणा ? अरूपि-अजीवप्ररूपणा दशविधा प्रज्ञप्ता, तद् यथा- धर्म्मास्तिकायः, धर्म्मास्तिकायस्य देशाः, धर्म्मास्तिकायस्य प्रदेशाः, अधर्म्मास्तिकायः, अधर्म्मास्तिकायस्य देशाः, अधर्म्मास्तिकायस्य प्रदेशाः, आकाशास्तिकायः, आकाशास्तिकायस्य देशाः, आकाशास्तिकायस्य प्रदेशाः, अद्धासमयः।

पएसा, (४) अधम्मत्थिकाए, (५) अधम्मत्थिकायस्स देसा, (६) अधम्मत्थिकायस्स पएसा, (७) आगासत्थिकाए, (८) आगासत्थिकायस्स देसा, (९) आगासत्थिकायस्स पएसे, (१०) अद्धासमए" (प्रज्ञा.सू.१/३) इत्येवं वर्तते।

अत्र हि **श्यामाचार्येण** दशमाऽरूप्यजीवद्रव्यतया प्रमाणादिकालो न दर्शितः किन्तु अद्धाकाल एव। अतः समयक्षेत्रव्यापी अद्धाकालो द्रव्यात्मक एव, अरूप्यजीवद्रव्यप्रकारतया निर्दिष्टत्वात्। तस्य पर्यायात्मकत्वेऽरूप्यजीवद्रव्यभेदविधया निर्दिष्टत्वं न स्यादित्यतिरिक्तकालद्रव्यवादितात्पर्यमत्राऽवधेयम्।

द्रव्यार्थिकनयानुसारेण अल्प-बहुत्वप्रदर्शनावसरे **प्रज्ञापनायां श्यामाचार्येण** [1]"धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए - एए णं तिन्नि वि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा, जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, अद्धासमए दव्वट्ठयाए अणंतगुणे" (प्रज्ञा.३/७९) इत्येवं यदुक्तं ततोऽपि अद्धासमयस्य द्रव्यरूपतैव सिध्यति, प्रकृते "द्रव्यार्थतया = द्रव्यरूपतया" (प्रज्ञा.३/७९/

धर्मास्तिकाय, (२) धर्मास्तिकायनो देश, (३) धर्मास्तिकायनो प्रदेश, (४) अधर्मास्तिकाय, (५) अधर्मास्तिकायनो देश, (६) अधर्मास्तिकायनो प्रदेश, (७) आकाशास्तिकाय, (८) आकाशास्तिकायनो देश, (९) आकाशास्तिकायनो प्रदेश अने (१०) अद्धा समय.'

❖ अद्धाकाल द्रव्यात्मकः श्यामाचार्यजी ❖

(अत्र.) ઉપર જે અરૂપી (पुद्गलભિન્ન) અજીव द्रव्यना दश ભેદ **श्यामाचार्यજી**એ દર્શાવેલ છે તેમાં પ્રમાણકાલ વગેરે કાળને બતાવવાના બદલે અદ્ધાકાલને જ બતાવેલ છે. તેનાથી સૂચિત થાય છે કે સમયક્ષેત્રव्यापक = મનુષ્યક્ષેત્રव्यापी = અઢીદ્વીપव्यापी કાળ એટલે અદ્ધાકાલ. તથા અદ્ધાકાળ દ્રવ્યાત્મક જ છે. તેથી તો અરૂપી અજીव द्रव्यना એક ભેદ તરીકે **श्यामाचार्यજી**એ તેનો નિર્દેશ કરેલ છે. જો અદ્ધાકાળ પર્યાયાત્મક હોત તો અરૂપી અજીव द्रव्यना વિભાગમાં તેનો નિર્દેશ પૂર્વધર મહર્ષિએ **पन्नवणासूत्र**માં કરેલ ના હોત. આમ 'સમયક્ષેત્રव्यापी અદ્ધાકાલ દ્રવ્યાત્મક છે' - તેમ ફલિત થાય છે. આ મુજબ અતિરિક્તકાલદ્રવ્યવાદીનું તાત્પર્ય અહીં ખ્યાલમાં રાખવું.

❁ द्रव्यરૂપે કાળ અનંત : श्यामाचार्यजी ❁

(**द्रव्यार्थिक**.) દ્રવ્યાર્થિકનય મુજબ અલ્પ-બહુત્વનું પ્રદર્શન કરવાના અવસરે **पन्नवणासूत्र**માં શ્રી**श्यामाचार्यજી**એ જે જણાવેલ છે તેનાથી પણ 'અદ્ધાકાળ દ્રવ્યાત્મક છે, પર્યાયાત્મક નહિ' - એવું સિદ્ધ થાય છે. તે અલ્પ-બહુત્વનિર્દેશ નીચે મુજબ છે. "ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય - આ ત્રણેય દ્રવ્યો ફક્ત એક-એક હોવાથી દ્રવ્યાર્થથી પરસ્પર તુલ્ય છે તથા સર્વથી થોડા છે. તેના કરતાં દ્રવ્યાર્થથી જીવો અનંત ગુણા છે. તેનાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યાર્થથી અનંતગુણા છે. તથા તેના કરતાં અદ્ધાસમય દ્રવ્યાર્થથી અનંતગુણ છે." 'દ્રવ્યાર્થથી = દ્રવ્યરૂપે' - આમ **पन्नवणासूत्रव्याख्या**માં

1. धर्मास्तिकायः, अधर्मास्तिकायः, आकाशास्तिकायः एते णं त्रयः अपि तुल्याः द्रव्यार्थतया सर्वस्तोकाः, जीवास्तिकायः द्रव्यार्थतया अनन्तगुणः, पुद्गलास्तिकायः द्रव्यार्थतया अनन्तगुणः, अद्धासमयः द्रव्यार्थतया अनन्तगुणः।

पृ.१४१) इत्येवं **वृत्तौ श्रीमलयगिरिसूरिभिः** व्याख्यानात्। 'अतीतानागतवर्तमानाद्धाकालद्रव्यसङ्ख्याः पुद्गलास्तिकायाद् अनन्तगुणा' इति तदाशयः प्रतिभाति।

"कालेनोदेति सूर्यः, काले निविशते पुनः" (अ.वे.१९/५४/१) इति **अथर्ववेदवचनतात्पर्यमपि** मनुष्यलोक-व्यापिकालद्रव्ये एव पर्यवस्यतीति प्रतिभाति, सूर्योदयाऽस्तयोः नृलोके एव भावात्।

ननु केवलमाज्ञाग्राह्यमिति ***चेत्*** ?

न, अनुमानप्रमाणमप्यस्ति। तथाहि "कटक-मुकुटादिवस्तूनां वर्त्तना बहिरङ्गकारणापेक्षा, कार्यत्वात्, तन्दुलपाकवत्। यत् तद् बहिरङ्गं कारणं स कालः" (स्या.रत्ना. ५/८/पृ.८९७) इति **स्याद्वादरत्नाकरे वादिदेवसूरिभिः** अनुमानप्रमाणमपि दर्शितम्।

"विशिष्टमर्यादावच्छिन्नोर्ध्वाऽधोऽर्धतृतीयद्वीपाभ्यन्तरवर्तिजीवादिद्रव्यैः परिणमद्भिः स्वत एव कल्यते

श्रीमलयगिरिसूरिजीએ જણાવેલ છે. તેથી 'કાળ = અદ્ધાસમય દ્રવ્યાત્મક છે' - તેમ સિદ્ધ થાય છે. 'અતીત-અનાગત-વર્તમાન કાળ સ્વરૂપ દ્રવ્યાત્મક અદ્ધાસમયની કુલ સંખ્યા પુદ્ગલાસ્તિકાય કરતાં અનંતગુણી છે' - તેવો તેમનો અભિપ્રાય જણાય છે. આમ અદ્ધાસમય મુખ્ય દ્રવ્યાત્મક ફલિત થાય છે.

❀ કાળ અંગે અથર્વવેદનો અભિપ્રાય ❀

("**कालेनो.**) 'સૂર્ય કાળથી ઉગે છે. તથા કાળમાં સૂર્ય સમાઈ જાય છે = અસ્ત પામે છે' - આ પ્રમાણે **અથર્વવેદ**ના વચનનું તાત્પર્ય પણ મનુષ્યલોકવ્યાપી કાલદ્રવ્યમાં જ ફલિત થાય - તેવું લાગે છે. કારણ કે સૂર્યનો ઉદય-અસ્ત મનુષ્યક્ષેત્રમાં જ થાય છે.

સવાલ :- (**ननु.**) 'વર્તના પરિણામનું અપેક્ષાકારણ કાલદ્રવ્ય છે' - આ વાત ફક્ત આજ્ઞાગમ્ય જ બનશે, તર્કગમ્ય નહિ. કારણ કે તમે અહીં કોઈ યુક્તિ-વ્યાપ્તિ તો દર્શાવેલ જ નથી.

❀ અનુમાન પ્રમાણથી કાલસિદ્ધિ ❀

જવાબ :- (**न, अनु.**) ના, આ વાત માત્ર આજ્ઞાગમ્ય = આગમગમ્ય નથી. પરંતુ અમારી ઉપરોક્ત વાતમાં અનુમાન નામનું પ્રમાણ પણ હાજર છે. તે આ મુજબ - "બાજુબંધ, મુગટ વગેરે આભૂષણોની વર્તના (= પક્ષ) બહિરંગકારણને સાપેક્ષ છે. કેમ કે તે વર્તના કાર્યસ્વરૂપ છે. ચોખાના પાકની જેમ. અગ્નિસ્વરૂપ બહિરંગ કારણની અપેક્ષા રાખીને ચોખા પાકે છે, રંધાય છે. તેથી ચોખાનો પાક (=રંધાઈજવાપણું) જેમ અગ્નિસાપેક્ષ છે. તેમ વર્તના પણ કાર્ય હોવાથી બહિરંગ કારણની અપેક્ષા રાખશે. જે તેનું બહિરંગ કારણ હશે, તેનું નામ કાળ છે" - આમ **સ્યાદ્વાદરત્નાકર**માં **શ્રીવાદિદેવસૂરિજી** વર્તના-પરિણામસ્વરૂપ કાર્યના બહિરંગ કારણ તરીકે અનુગત કાળદ્રવ્યની સિદ્ધિ કરવા અનુમાન પ્રમાણ પણ બતાવે છે.

❀ વર્તનાપર્યાયનું અપેક્ષાકારણ કાળ : સિદ્ધસેનગણી ❀

("**विशि.**) **तत्त्वार्थसूत्रवृत्ति**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** કાળ દ્રવ્યની સિદ્ધિ કરવા માટે એવી યુક્તિ જણાવેલ છે કે 'વિશિષ્ટ મર્યાદાવાળું = ઉપર-નીચે કુલ ૧૮૦૦ યોજન પ્રમાણ અઢી દ્વીપ સ્વરૂપ ક્ષેત્ર મનુષ્યક્ષેત્ર કહેવાય છે. તેમાં રહેલા જીવાદિ દ્રવ્યો પ્રતિસમય જુદા-જુદા પર્યાયસ્વરૂપે સ્વતઃ જ પરિણમી રહેલા છે. મનુષ્યક્ષેત્રવર્તી સ્વયં પરિણમતા (= પરિણમન ક્રિયામાં વર્તતા) જીવાદિ દ્રવ્યોને કારણ તરીકે જેની

गम्यते प्रथ्यते अपेक्ष्यते कारणतयाऽसौ इति कालः अपेक्षाकारणम्, बलाकाप्रसवे गर्जितध्वनिवत्, पापविरतौ वा प्रबोधकवद्" (त.सू.५/३८ वृ.पृ.४२९) इति युक्तिः **तत्त्वार्थवृत्तौ सिद्धसेनगणिभिरुपदर्शिता**। नियतगर्भ-कालमानर्तुविभाग-नियतपुष्प-फलाद्युद्गमादिलक्षणर्तुप्रभावादिनाऽपि कालः सिध्यति।

अथ वर्त्तना-परिणाम-क्रियादिकं प्रति कालस्य अपेक्षाकारणत्वे नृलोकाद् बहिः वर्तनादिकं नैव स्यात्, तत्र कालानभ्युपगमादिति ***चेत्*** ?

नैवम्, तत्र कालनिरपेक्षवर्तनादिकाभ्युपगमात्।

न च एवं नृलोकेऽपि वर्तनादिकं कालनिरपेक्षमेवाऽस्तु इति ***वाच्यम्,***

इह एव तस्य तत्सापेक्षत्वात्। इदमेवाऽभिप्रेत्य **काललोकप्रकाशे विनयविजयो**पाध्यायेनोक्तं – "भूपसत्त्वाद् यथेह स्यात् सौस्थ्यादि तदपेक्षितम्। भूपाऽभावात् सदपि तत्तदपेक्षं न युग्मिषु।। तथेह

આવશ્યકતા રહે છે, તે અપેક્ષાકારણ કાળ છે. જેમ બગલી પ્રસૂતિ કરે તેમાં વાદળાની ગર્જના અપેક્ષાકારણ છે. અથવા તો પાપની વિરતિમાં (= ત્યાગમાં) ઉપદેશક ગુરુ જેમ અપેક્ષાકારણ છે, તેમ ઉપરોક્ત વર્તનાપરિણામ પ્રત્યે કાળ અપેક્ષાકારણ છે.' આમ કાળ યુક્તિગમ્ય પણ છે. માનવભવમાં ગર્ભનો કાળ ૯ માસ, ઋતુનો વિભાગ, અમુક ઋતુમાં અમુક જ ફળ-ફૂલ વગેરે આવવા વગેરે ઋતુનો પ્રભાવ, શિયાળામાં ઠંડી પડવી, ઉનાળામાં ગરમી પડવી.. આવા કાર્યો દ્વારા પણ કાળતત્ત્વની સિદ્ધિ થાય છે.

શંકા :- (**अथ.**) જો વર્તના, પરિણામ, ક્રિયા વગેરે પ્રત્યે કાળને અપેક્ષાકારણ માનવામાં આવે તો મનુષ્યલોકની બહાર વર્તનાદિ સંભવી નહિ શકે. કારણ કે અતિરિક્તકાલદ્રવ્યવાદી લોકો મનુષ્યક્ષેત્રની બહાર કાળદ્રવ્યનો સ્વીકાર કરતા નથી. કારણ વિના કાર્ય તો ન જ સંભવે.

❀ કાળનિરપેક્ષ વર્તના ❀

સમાધાન :- (**नैवम्.**) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે અઢીદ્વીપ સ્વરૂપ મનુષ્યક્ષેત્રની બહાર જે વર્તના વગેરે ઉત્પન્ન થાય, તે કાળથી નિરપેક્ષ હોય - એવું અમે સ્વીકારીએ છીએ. તેથી મનુષ્યક્ષેત્રની બહાર કાળસાપેક્ષ એવી વર્તના વગેરે ન હોવા છતાં કાળનિરપેક્ષ વર્તના વગેરે સંભવી શકે છે.

શંકા :- (**न च.**) જો મનુષ્યક્ષેત્રની બહાર કાળનિરપેક્ષ વર્તના વગેરે હોય તો મનુષ્યલોકમાં પણ વર્તના વગેરેને કાલનિરપેક્ષ જ માનો. કારણ કે યુક્તિ તો બન્ને પક્ષે સમાન જ છે.

❀ મનુષ્યક્ષેત્રવર્તના કાળસાપેક્ષ ❀

સમાધાન :- (**इह.**) તમારી દલીલ ઉચિત નથી. કારણ કે મનુષ્યલોકમાં જ ઉત્પન્ન થતી વર્તના, પરિણામ વગેરે કાળને સાપેક્ષ છે. આ જ આશયથી ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી** મહારાજે **કાળલોકપ્રકાશ**માં જણાવેલ છે કે - 'જેમ હાલના વખતમાં આ દેશમાં રાજા હોવાથી લોકોને તે રાજાની અપેક્ષાવાળું સુખાદિક થાય છે. તથા યુગલિયાના વખતમાં રાજા નહોતા અને લોકોને સુખ હતું. તેથી તે સુખ રાજાની અપેક્ષાવાળું હોતું નથી. મતલબ કે રાજકાલીન સ્વસ્થતા, શાંતિ, ઉપદ્રવાભાવ વગેરે પ્રત્યે રાજા કારણ કહેવાય. તથા યુગલિકકાળમાં રાજાની ગેરહાજરીમાં ઉત્પન્ન થતી સ્વસ્થતા, શાંતિ, ઉપદ્રવાભાવ વગેરેને રાજાથી નિરપેક્ષ કહેવાય. તે જ પ્રમાણે અઢી દ્વીપમાં કાળ છે. તેથી ત્યાં વર્તનાદિક કાળસાપેક્ષ કહેવાય

कालसत्त्वात् तत्सापेक्षं वर्त्तनादिकम्। कालाऽभावात् तदपेक्षं नरक्षेत्राद् बहिर्न तत्।। तद् वर्षादिऋतु-द्रुम-सुमनादिनैयत्यकारणं कालः। तपनादिगतिव्यङ्ग्यः समयादिर्ननु नृलोक एव स्याद्।।" (का.लो.प्र. सर्ग २८/९०-९१-९२) इति।

देवलोकादौ कालविरहेऽपि इहत्येनैव कालेन तत्र व्यवहारो भवति। इदमेवाभिप्रेत्य **तत्त्वार्थहारिभद्रीवृत्तौ** "इह प्रसिद्धेन (कालेन) अन्यत्राऽपि वर्त्तमाना देवादयो व्यवहरन्ति" (त.सि.वृ.४/१५) इत्युक्तम्। यथोक्तं **षट्खण्डागमस्य धवलावृत्तौ वीरसेनाचार्येण**ऽपि कालानुगमे [1]"देवलोगे कालाभावे तत्थ कधं कालववहारो ? ण, इहत्थेणेव कालेण तेसिं ववहारादो" (ष.ख.भाग-४/१-५-२ ध.पृ.३२१) इति।

प्रकृते "आकाश-कालयोश्चाऽस्माभिरपि द्रव्यत्वमभ्युपगतमेव" (सू.कृ.१२/गा.२१ पृ.२२७) इति **सूत्रकृताङ्गसूत्रवृत्ति**कृदुक्तिरपि स्मर्तव्या। कालस्यौपचारिकद्रव्यत्वे आकाशस्यापि आदिष्टद्रव्यत्वमापद्येत,

छे. तथा मनुष्यक्षेत्रनी बहार काळनो अभाव छे. तेथी त्यां वर्तनादिक काळसापेक्ष कहेवाता नथी. तेथी वर्षादि छएे ऋतुओ अने वृक्षना पुष्पादिने नियमित उत्पन्न करवानुं कारण काळ ज छे. सूर्यादिकनी गतिथी जाणी शकाय एवो काळ आ मनुष्यक्षेत्रमां ज छे.

देवलोकादिमां कालव्यवहारनी संगति

(देव.) देवलोक, नरक वगेरेमां काळ न होवा छतां पण अढीद्वीपवर्ती काळ द्वारा ज त्यां काळनो व्यवहार संगत थाय छे. आ ज अभिप्रायथी **तत्त्वार्थसूत्रवृत्ति**मां श्रीहरिभद्रसूरिजीए जणावेल छे के 'अहीं मनुष्यक्षेत्रमां प्रसिद्ध एवा काल वडे देवलोकादिमां पण वर्तता देव वगेरे काळसंबंधी व्यवहार करे छे.' आ वात फक्त अमने श्वेतांबरोने ज मान्य छे - तेवुं नथी. दिगंबरोने पण आ वात मान्य छे. तेथी तो दिगंबराचार्य **वीरसेन**जीए पण **षट्खंडागम** ग्रंथनी **धवला** व्याख्यामां कालानुगमनुं निरूपण करती वखते शंका-समाधानरूपे नीचे मुजब जणावेल छे के :-

[redacted] :- "देवलोकमां काळ न होय तो त्यां कालव्यवहार कई रीते थाय ?"

[redacted] :- "तमारी शंका बराबर नथी. केम के अढीद्वीपवर्ती काळ द्वारा ज देवलोकनी अंदर देवोमां काळनो व्यवहार थई शके छे."

मनुष्यलोककाळसापेक्ष स्वर्गादिकाळ

[redacted] :- सूर्यनी अमुक स्थळथी अमुक स्थान सुधी पहोंचवानी क्रिया मुजब काळविभाग नक्की थाय छे. 'सूर्यनी अमुक प्रमाणमां गति थई होय तो आटलो समय पसार थयो' - इत्यादि व्यवहार थाय. आम मनुष्यलोकमां सूर्यादिनी गति मुजब घडी, प्रहर वगेरे काळव्यवहार थाय छे. तथा मनुष्यलोकमां थता काळव्यवहारना आधारे देवलोक वगेरेमां पल्योपम वगेरेनुं माप नक्की थाय.

काळ द्रव्य छे : श्रीशीलांकाचार्य

(प्रकृ.) 'काळ द्रव्य छे' - आ बाबतमां **सूयगडांगसूत्रव्याख्या**मां श्रीशीलांकाचार्यजीए जे वात कही छे, ते पण याद करवा योग्य छे. त्यां तेओश्रीए जणावेल छे के "आकाशने अने काळने अमे अनेकान्तवादी

1. देवलोके कालाभावे तत्र कथं कालव्यवहारः ? न, इहस्थेनैव कालेन तेषां व्यवहारात्।

અનઈ વર્તનાપર્યાયનું સાધારણાપેક્ષ● દ્રવ્ય ન કહીઈ, તો ગતિ-સ્થિત્યવગાહનાસાધારણાપેક્ષાકારણપણઇ ધર્માધર્માકાશાસ્તિકાય સિદ્ધ થયા, તિહાં પણિ અનાશ્વાસ આવઈ.

युक्तेरुभयत्र तुल्यत्वात्, अन्यथा वाक्यभेदापत्तेरित्यवधेयम्।

अथाऽस्तु कालसिद्धिः, परं तस्य निरुपचरितद्रव्यत्वाऽनभ्युपगमे किं बाधकम् इति ***चेत्*** ?

न, यतः वर्त्तनापर्यायसामान्यं प्रति अपेक्षाकारणं यदि द्रव्यं न स्यात् तर्हि गति-जन्यस्थित्यवगाहना-पर्यायसामान्यं प्रति अपेक्षाकारणविधया सिध्यतां धर्माऽधर्माऽऽकाशास्तिकायानामपि द्रव्यत्वमश्रद्धेयं स्यात्।

एतेन वर्तनापर्यायः स्वयमेव कालः। अतः तदपेक्षाकारणविधया कालद्रव्यकल्पना नाऽऽवश्यकीति ***निरस्तम्,***

गति-स्थित्याद्यपेक्षाकारणविधया धर्माऽधर्मादिद्रव्यसिद्ध्ययोगात्।

પણ દ્રવ્ય માનીએ જ છીએ." જો ત્યાં કાળને ઔપચારિક દ્રવ્ય માનીએ તો આકાશને પણ ઔપચારિક દ્રવ્ય માનવાની આપત્તિ આવે. કારણ કે એક જ વાક્યમાં બન્નેનો ઉલ્લેખ હોવાથી કાં તો બન્નેને ઔપચારિક દ્રવ્ય માનવા જોઈએ કાં તો બન્નેને પારમાર્થિક દ્રવ્ય માનવા જોઈએ. આ રીતે જ અર્થઘટન યુક્તિસંગત બની શકે. 'કાળમાં દ્રવ્યત્વ ઉપચરિત છે અને આકાશમાં દ્રવ્યત્વ વાસ્તવિક છે' - આવું માનવામાં આવે તો વાક્યભેદ દોષ લાગુ પડે. આ વાત ખ્યાલમાં રાખવી.

પૂર્વપક્ષ :- (अथा.) ભલે કાલની સિદ્ધિ થાય. પરંતુ તેને વાસ્તવિક દ્રવ્ય ન માનીએ તો શું વાંધો?

❁ કાળને પારમાર્થિક દ્રવ્ય ન માનવામાં બાધ ❁

ઉત્તરપક્ષ :- (न, यतः.) તમારા સવાલનો જવાબ બહુ સરળ છે. તે જવાબ એ છે કે વર્તનાપર્યાય સામાન્ય પ્રત્યે = તમામ વર્તનાપર્યાય પ્રત્યે અપેક્ષાકારણીભૂત કાલ પદાર્થ જો દ્રવ્યાત્મક ન હોય તો ગતિસામાન્ય પ્રત્યે અપેક્ષાકારણ તરીકે સિદ્ધ થતા ધર્માસ્તિકાય પદાર્થમાં પણ દ્રવ્યત્વની કોઈને શ્રદ્ધા નહિ થઈ શકે, જન્યસ્થિતિસામાન્ય પ્રત્યે અપેક્ષાકારણ તરીકે સિદ્ધ થતા અધર્માસ્તિકાય પદાર્થમાં પણ દ્રવ્યત્વની શ્રદ્ધા થઈ નહિ શકે તથા અવગાહના પર્યાયસામાન્ય પ્રત્યે અપેક્ષાકારણ તરીકે સિદ્ધ થનાર આકાશાસ્તિકાયમાં પણ દ્રવ્યત્વની શ્રદ્ધા થઈ નહિ શકે. પરંતુ ગતિ વગેરે કાર્ય પ્રત્યે અપેક્ષાકારણ તરીકે સિદ્ધ થતા ધર્માસ્તિકાય વગેરે પદાર્થમાં દ્રવ્યત્વ તો પ્રસિદ્ધ જ છે. તે જ રીતે વર્તનાપર્યાયસામાન્ય પ્રત્યે અપેક્ષાકારણ તરીકે સિદ્ધ થનાર કાળમાં પણ નિરુપચરિત = પારમાર્થિક દ્રવ્યત્વ માનવું જ પડશે.

પૂર્વપક્ષ :- (एतेन.) વર્તનાપર્યાય સ્વયં જ કાળસ્વરૂપ છે. તેથી તેના અપેક્ષાકારણરૂપે અતિરિક્ત દ્રવ્યાત્મક કાળને માનવાની આવશ્યકતા નથી.

❁ કાળદ્રવ્યપક્ષમાં અનુકૂળ તર્ક ❁

ઉત્તરપક્ષ :- (गति.) જો વર્તનાપર્યાયના અપેક્ષાકારણ તરીકે અતિરિક્ત કાળદ્રવ્યનો સ્વીકાર તમે ના કરો તો ગતિ, સ્થિતિ વગેરે કાર્યના અપેક્ષાકારણરૂપે સ્વતંત્ર ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની

● કો.(૧૩)માં 'सापेक्षगतिद्रव्यः' પાઠ.

અનઈ એ અર્થ યુક્તિગ્રાહ્ય છઈ. તે માટઈ કેવલ *આજ્ઞાગ્રાહ્ય કહી, પણિ કિમ સંતોષ ધરાઈ ?॥૧૦/૧૨॥

अथ धर्माऽधर्मादिद्रव्याणामाज्ञाग्राह्यतया आगमसिद्धत्वमिति ***चेत्*** ?

तर्हि प्रागुक्तषड्द्रव्यप्रतिपादक**भगवतीसूत्राद्या**गमसिद्धं निरुपचरितद्रव्यत्वं काले केन कवलितम् ?

किञ्च, युक्तिग्राह्याणां धर्माऽधर्मादिद्रव्याणां केवलाऽऽज्ञाग्राह्यत्वप्रतिपादनस्य अनर्हत्वात्, धर्माऽधर्मादिद्रव्याणामिव कालद्रव्यस्याऽपि युक्तिग्राह्यत्वाऽनपायात्। युक्तिश्चाऽत्राऽर्थे दर्शितैव।

तथापि किञ्चिदुच्यते। यदुक्तं **द्रव्यालङ्कारवृत्तौ** तृतीयप्रकाशेऽतिरिक्तकालद्रव्यवादिमतनिरूपणाऽवसरे "जीवादिद्रव्यैः परिणमद्भिः स्वत एव कल्प्यते = कारणतयाऽपेक्ष्यते इति कालोऽपेक्षाकारणम्, बलाकाप्रसवे गर्जितध्वनिवत्। द्रव्यत्वं चाऽस्य गुण-पर्यायवत्त्वात्। संयोग-विभाग-सङ्ख्या-परिमाणाऽमूर्त्तत्वा-

---

પણ સિદ્ધિ નહિ થઈ શકે. તેથી કાળદ્રવ્યનો અપલાપ કરવામાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો અપલાપ થવાની આપત્તિ આવશે. કારણ કે તે દ્રવ્યોની સિદ્ધિ ગતિ-સ્થિતિ વગેરેના અપેક્ષાકારણરૂપે જ થાય છે.

[redacted]:- (**अथ.**) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો તો આજ્ઞાગ્રાહ્ય છે. તેથી તે તો આગમપ્રમાણથી સિદ્ધ થઈ શકે છે. તેથી તેની અસિદ્ધિ થવાની આપત્તિ નહિ આવે.

॥ કાળદ્રવ્ય આગમગ્રાહ્ય ॥

[redacted]:- (**तर्हि.**) ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો જો આગમ પ્રમાણથી સિદ્ધ છે, તો કાળમાં પારમાર્થિક દ્રવ્યત્વ શું આગમપ્રમાણથી સિદ્ધ નથી ? આ જ શ્લોકના વિવરણમાં પૂર્વે **ભગવતીસૂત્ર** વગેરે આગમનો સંદર્ભ દેખાડેલ જ છે કે 'છ દ્રવ્ય તીર્થંકરોએ જણાવેલ છે.' આ આગમ પ્રમાણથી સિદ્ધ પારમાર્થિક દ્રવ્યત્વ કાળમાં રહે છે તેને કોણ કોળીયો કરી શકે ? તેથી આજ્ઞાગ્રાહ્યત્વ-આગમપ્રમાણસિદ્ધત્વ તો ધર્માદિદ્રવ્યની જેમ કાળદ્રવ્યમાં પણ તુલ્ય જ છે.

❃ કાળદ્રવ્ય યુક્તિગ્રાહ્ય પણ છે ❃

[redacted]:- (**किञ्च.**) વળી, યુક્તિગ્રાહ્ય = હેતુગ્રાહ્ય એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોને તમે ફક્ત આજ્ઞાગ્રાહ્ય તરીકે બતાવો તે કઈ રીતે વ્યાજબી કહેવાય ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરેની જેમ કાલદ્રવ્ય પણ નિરાબાધપણે યુક્તિગ્રાહ્ય છે. પ્રસ્તુતમાં યુક્તિ તો પૂર્વે બતાવેલ જ છે. મતલબ કે ગતિ-સ્થિતિ વગેરેના અપેક્ષાકારણ તરીકે જેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યની સિદ્ધિ થાય છે તેમ વર્તનાપર્યાયના અપેક્ષાકારણ તરીકે કાલદ્રવ્યની સિદ્ધિ થઈ શકે છે.

❃ કાળ-દ્રવ્ય છે : દ્રવ્યાલંકારવૃત્તિ ❃

(**तथा.**) તેમ છતાં પણ અહીં યુક્તિ બાબતમાં કાંઈક કહેવાય છે. **દ્રવ્યાલંકારવૃત્તિ**માં અતિરિક્તકાલદ્રવ્યવાદીના મતનું નિરૂપણ કરવાના અવસરે **રામચંદ્રસૂરિ**એ અને **ગુણચંદ્રસૂરિ**એ યુક્તિ આ પ્રમાણે જણાવેલ છે કે "જીવાદિ દ્રવ્યો સ્વતઃ જ જુદા-જુદા પરિણામથી પરિણમે છે. તથા આ પરિણમન માટે કાળની કારણરૂપે અપેક્ષા રાખે છે. તેથી કાળ તેનું અપેક્ષાકારણ છે. જેમ બગલી પ્રસવ માટે મેઘગર્જનાની અપેક્ષા રાખે છે, તેમ જીવાદિ દ્રવ્યો વિવિધ પરિણમન માટે કાળની અપેક્ષા રાખે

---

* આ.(૧)માં 'આજ્ઞા જ કબૂલ છે કહી...' પાઠ.

ऽगुरुलघुत्व-सूक्ष्मत्वादयो गुणाः। जीवादिपर्यायाणां परिणामहेतुत्व-परत्वाऽपरत्वादिप्रत्ययहेतुत्वादयस्तु पर्यायाः" (द्रव्या.प्र.३/पृ.२१४) इत्यादि। ततश्च 'कालः स्वतन्त्रद्रव्यमि'त्यत्राऽर्थे युक्तिग्राह्यताऽप्यस्ति।

इदमेवाभिप्रेत्योक्तं **नियमसारे कुन्दकुन्दस्वामिना** [1]"जीवादिदव्वाणं परियट्टणकारणं हवे कालो" (नि. सा.३३) इति। **गोम्मटसारे**ऽपि जीवकाण्डे [2]"वत्तणहेदू कालो, वत्तणगुणमविय दव्वणिचयेसु। कालाधारेणेव य वट्टति हु सव्वदव्वाणि।।" (गो.सा.जी.का. ५६८) इत्युक्तम्। आधाराऽऽधेयभावयुक्त्या अपि सर्वद्रव्यानुगताऽऽधारविधयाऽत्र स्वतन्त्रकालद्रव्यसिद्धिरभिप्रेतेति भावः।

अतः कालस्य निरुपचरितद्रव्यत्वे युक्तिग्राह्ये केवलाज्ञाग्राह्यत्वोक्त्या मीमांसामांसलमतिमता न स्वाभ्युपगमे सन्तोषो विधेयः, अपितु आगमानुसारिदृढनवीनतर्कान्वेषणे यत्नः कर्तव्यः एव। इत्थमेव सम्यग्दर्शन-योग-क्षेम-शुद्धि-वृद्धिप्रकर्षोपपत्तेः इत्यवधेयम्।

છે. આ કાળપદાર્થ દ્રવ્ય છે. કારણ કે તે ગુણ-પર્યાયનો આશ્રય છે. સંયોગ, વિભાગ, સંખ્યા, પરિમાણ (=આકૃતિ), અમૂર્ત્તત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ વગેરે ગુણો કાળમાં રહે છે. તે જ રીતે જીવાદિગત પર્યાયોના પરિણમનની અપેક્ષાકારણતા, કાલિક પરત્વ-અપરત્વની પ્રતીતિની કારણતા વગેરે પર્યાયો પણ કાળમાં રહે છે. ગુણોનો અને પર્યાયોનો આશ્રય હોવાથી કાળપદાર્થ દ્રવ્ય છે." આમ **દ્રવ્યાલંકારવૃત્તિ**માં જણાવેલ છે. આથી 'કાળ સ્વતંત્ર દ્રવ્ય છે' - આ બાબત યુક્તિગ્રાહ્ય પણ છે.

❁ વર્તનાકારણ કાળ : દિગંબરમત ❁

(**इदमे.**) કાર્ય-કારણભાવસ્વરૂપ યુક્તિથી કાળદ્રવ્યની સિદ્ધિ થઈ શકે છે. આવું જણાવવાના જ અભિપ્રાયથી દિગંબરાચાર્ય **કુંદકુંદસ્વામી**એ **નિયમસાર**માં જણાવેલ છે કે 'જીવાદિ દ્રવ્યોની પરિવર્તનાનું = વર્તનાનું કારણ કાળ બને છે.' **ગોમ્મટસાર**ના જીવકાંડમાં **નેમિચંદ્રાચાર્ય**એ પણ જણાવેલ છે કે 'વર્ત્તનાનો હેતુ કાળ છે. સર્વ દ્રવ્યોમાં એવો ગુણ છે કે તે પોતપોતાના સ્વભાવમાં વર્ત્તે - તેમ તું જાણ. કાળના આધારે જ સર્વ દ્રવ્યો નિજસ્વભાવમાં વર્તી રહેલા છે.' અહીં સર્વ દ્રવ્યોની નિજસ્વભાવમાં જે વર્ત્તના છે, તેના બાહ્ય સહકારીકારણસ્વરૂપે સ્વતન્ત્ર કાલદ્રવ્યની સિદ્ધિ કરવાનો આશય રહેલો છે. સર્વ દ્રવ્યો કાળમાં આધેય છે. તેથી પણ તે સર્વના અનુગત આધાર તરીકે સ્વતંત્ર કાળ દ્રવ્યને **ગોમ્મટસાર** ગ્રંથમાં સિદ્ધ કરેલ છે.

❁ યુક્તિસંશોધન કર્તવ્ય ❁

(**अतः.**) આથી 'કાળ નિરુપચરિત દ્રવ્ય છે' - આ બાબત યુક્તિગ્રાહ્ય છે. તેથી આ બાબત કેવળ આજ્ઞાગમ્ય છે' - એવું કહીને મીમાંસાથી પરિપુષ્ટ પ્રજ્ઞાથી સંપન્ન વ્યક્તિએ કાળગત પારમાર્થિકદ્રવ્યત્વસંબંધી પોતાના મતમાં સંતોષ ન કરવો. પરંતુ આગમાનુસારી મજબૂત નવા તર્કને શોધવા માટે પ્રયત્ન કરવો જ જોઈએ. આ રીતે કરવામાં આવે તો જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સ્થિરતા, શુદ્ધિ, વૃદ્ધિમાં પ્રકર્ષ સંભવી શકે - આ વાત પ્રાજ્ઞ પુરુષોએ ખ્યાલમાં રાખવી.

---

1. जीवादिद्रव्याणां परिवर्त्तनकारणं भवेत् कालः।

2. वर्त्तनाहेतुः कालो वर्त्तनागुणमवेहि द्रव्यनिचयेषु। कालाधारेण एव च वर्त्तन्ते हि सर्वद्रव्याणि।।

सप्तपदार्थ्यां "कालस्तु उत्पत्ति-स्थिति-विनाशलक्षणः त्रिविधः" (स.प.१५/पृ.२१) इति **शिवादित्य**वचनं तु प्रकारान्तरेण अनेकान्तवादमनुपततीति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'युक्तिग्राह्येऽर्थे आज्ञाग्राह्यतापादनेन सन्तोषः न कार्यः' इत्यनेनेदं सूच्यते यदुत यौक्तिकशास्त्रोक्तपदार्थचिन्तने यो यावान् क्षयोपशमः प्रत्यलः तद्द्वारा आगमानुसारेण ऊहापोहः कर्तव्य एव। इत्थमेव आगमिकः पदार्थः स्थिरो भवति, परमार्थः सम्प्राप्यते, तीर्थङ्करगोचरश्रद्धा अभग्ना सम्पद्यते, अन्तरङ्गापवर्गमार्गाभिसर्पणञ्चोपजायते। ततश्च "कर्मपाशवियोजनम् = आत्मनो मोक्षः" (स्था.१/७ वृ.पृ.२५) इति **स्थानाङ्गवृत्ति**दर्शितो मोक्षः सुलभो भवति।।१०/१२।।

❀ उत्पाद-व्यय-ध्रौव्यलक्षण काळ - शिवादित्य ❀

(सप्त.) वैशेषिकतन्त्रने अनुसरनार **शिवादित्यमिश्र सप्तपदार्थी** ग्रंथमां 'काळ तत्त्व तो उत्पाद, ध्रौव्य, विनाश लक्षणवाळुं छे' - आ प्रमाणे जे जणावे छे ते बीजी रीते अनेकान्तवादने ज अनुसरे छे. आ बाबतने ऊंडाणथी विचारवी.

❀ युक्ति पण श्रद्धापोषक ❀

[redacted] :- 'युक्तिग्राह्य पदार्थने आज्ञाग्राह्य बनावीने संतोष न धरवो' - आ प्रमाणे स्वोपज्ञ टबामां जणावेल वातथी एवुं फलित थाय छे के युक्तिग्राह्य शास्त्रोक्त जे जे बाबतोमां पोतानो क्षयोपशम पहोंचे, त्यां सुधी आगमानुसारे ऊहापोह करवो ज जोईअे. तो ज शास्त्रोक्त पदार्थ स्थिर थाय, परमार्थ प्राप्त थाय, तीर्थंकर भगवंत प्रत्येनी श्रद्धा अकाट्य अने विशुद्ध बने. तथा आंतरिक मोक्षमार्गे आपणी आगेकूच थाय. तेनाथी **स्थानांगसूत्रव्याख्या**मां जणावेल, कर्मना पाशमांथी आत्माने छोडाववा स्वरूप मोक्ष सुलभ बने. (१०/१२)

लखी राखो डायरीमां.....✍

- साधनानुं सौंदर्य भपकादार होय छे.
  दा.त. कमठ तप.
  उपासनानुं सौंदर्य सादगीपूर्ण छतां दिव्य होय छे.
  दा.त. पुणीयो श्रावक.
- अणसमजुनी साधना भीखमंगी बनी जाय.
  बिनशरती शरणागति स्वरूप उपासना महादानेश्वरी छे.
- विकृत वासना बाह्य आडंबरमां गळाडूब छे.
  सौंदर्यपूर्ण उपासना आडंबरशून्य छे.

ધર્મસંગ્રહણિ રે ♦એ દોઈ મત કહિયાં, તત્ત્વારથમાં રે જાણિ;
અનપેક્ષિતદ્રવ્યાર્થિકનય✲નઈ મતિં, બીજૂં તાસ વખાણિ♦ ॥૧૦/૧૩॥ (૧૭૩) સમ.

એ (દોઈ=) બે મત ધર્મસંગ્રહણિ ગ્રંથમાંહિ ❑*શ્રીહરિભદ્રસૂરિજી*ઈ કહિયા છઈ. **तथा च तद्गाथा●** -

'दर्शितरीत्या उपचरिताऽनुपचरितद्रव्यत्वोपेतकालप्रतिपादक-प्रकृतमतद्वयोत्थानबीजं कुत्र प्रदर्शितम् ?' इत्याशङ्कायामाह – '**तत्त्वार्थ**' इति।

तत्त्वार्थे द्वे मते धर्मसङ्ग्रहण्याञ्च दर्शिते।
तं द्रव्यं निरपेक्षो हि, द्रव्यार्थिकनयो वदेत्।।१०/१३।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तत्त्वार्थे धर्मसङ्ग्रहण्याञ्च द्वे मते दर्शिते। निरपेक्षः द्रव्यार्थिकनयः हि तं द्रव्यं वदेत्।।१०/१३।।

तत्त्वार्थे = तत्त्वार्थाधिगमसूत्रे **उमास्वातिवाचक**कुलोत्तमैः आदिष्ट-निरुपचरितद्रव्यत्वान्वित-कालप्रतिपादके निरुक्ते **द्वे मते दर्शिते**। तथाहि – "अजीवकाया धर्माधर्माकाश-पुद्गलाः" (त.सू.५/१), "द्रव्याणि जीवाश्च" (त.सू.५/२) इत्यादिना कालस्य निरुपचरितद्रव्यत्वव्यवच्छेदः, "कालश्चेत्येके" (त.सू.५/३८) इत्यादिना च मतान्तरतया निरुपचरितद्रव्यत्वविधानम् अकारि।

અવતરણિકા :- 'ઉપર જણાવેલી પદ્ધતિ મુજબ, ઔપચારિક દ્રવ્યત્વયુક્ત કાળ તત્ત્વ અને પારમાર્થિક દ્રવ્યત્વયુક્ત કાળ તત્ત્વનું પ્રતિપાદન કરનાર પ્રસ્તુત મતદ્વયનું ઉત્થાનબીજ ક્યા ગ્રંથમાં દેખાડેલ છે ?' - આવી શંકાનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

✲ મતદ્વયઉત્થાનબીજનું ઉપદર્શન ✲

શ્લોકાર્ધ :- **તત્ત્વાર્થસૂત્ર** અને **ધર્મસંગ્રહણિ** ગ્રંથમાં ઉપરોક્ત બન્ને મત જણાવેલ છે. નિરપેક્ષ દ્રવ્યાર્થિકનય કાળને દ્રવ્ય કહે છે. (૧૦/૧૩)

વ્યાખ્યા :- વાચકકુલશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં ઉપચરિતદ્રવ્યત્વવાળા અને વાસ્તવિકદ્રવ્યત્વવાળા કાળનું પ્રતિપાદન કરનાર ઉપરોક્ત બન્ને મત દર્શાવેલ છે. તે આ મુજબ - 'અજીવકાય ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ છે. તથા તે ચાર અને જીવ દ્રવ્ય છે' - આવું કહીને કાળમાં પારમાર્થિક દ્રવ્યત્વનો વ્યવચ્છેદ = બાદબાકી કરેલ છે. જો કાળમાં વાસ્તવિક દ્રવ્યત્વ હોત તો ત્યાં કાળનો દ્રવ્ય તરીકે ઉલ્લેખ તેઓશ્રીએ કરેલ હોત. પરંતુ તેમ કરેલ નથી. તેનાથી સિદ્ધ થાય છે કે તેમને કાળમાં તાત્ત્વિક દ્રવ્યત્વ અભિપ્રેત નથી. તેમ જ "અમુક આચાર્યો 'કાળ પણ દ્રવ્ય છે'

♦ પા.માં 'ઈમ' પાઠ છે. ✲ પુસ્તકોમાં 'નય' નથી. સિ.માં છે. ♦ વખાણિ = વિવરણ કરેલ, વર્ણવેલ, વિસ્તારથી કહેલ. આધારગ્રંથ- **આરામશોભા રાસમાળા, પંદરમા શતકના ચાર ફાગુકાવ્યો** પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, **ષડાવશ્યકબાલાવબોધ, બાલાવબોધ ટુ ઉપદેશમાલા, ગુર્જર રાસાવલી, અખાની કાવ્ય કૃતિઓ ખંડ-૨, ઉક્તિરત્નાકર, પ્રેમાનંદની કાવ્યકૃતિઓ.** ❑ પુસ્તકોમાં '**हरिभद्रसूरिं**' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ● શાં.માં '**तद्भथा**' અશુદ્ધ પાઠ. કો.(૯)+સિ.+લા.(૨)નો પાઠ લીધો છે.

[1]**जं वत्तणाइरूवो, कालो दव्वस्स चेव पज्जाओ।**
सो चेव ततो धम्मो, कालस्स व जस्स जो लोए ।। (ध.स.३२) इति ।

तदनुसारेण च **श्रीहरिभद्रसूरिभिः धर्मसङ्ग्रहण्यां** प्रकृते **द्वे मते दर्शिते**। तथा च तद्गाथा – [1]"जं वत्तणाइरूवो कालो दव्वस्स चेव पज्जाओ।
सो चेव ततो धम्मो कालस्स व जस्स जो लोए।।" (ध.स.३२) इति।

श्रीमलयगिरिसूरिकृता तद्व्याख्या सोपयोगित्वाद् लेशतो दर्श्यते। तथाहि – "यद् = यस्मात् द्रव्यस्यैव = धर्मास्तिकायादेः पर्यायो वर्त्तनादिरूपः। वर्तते पदार्थः स्वयमेव। तं च वर्त्तमानं या क्रिया तथापरिणत्याऽभिमुखस्वभावा प्रयोजयति – 'वर्त्तस्व, मा निवर्त्तिष्ठा' इति सा वर्त्तना। आदिशब्दात्साद्यनादिपरिणामपरिग्रहः, तद् रूपं = स्वभावो यस्य पर्यायस्य स इत्थम्भूतः काल इत्युच्यते। न हि जीवादिवस्तुव्यतिरिक्तः कश्चित् कालो नाम पदार्थविशेषः परपरिकल्पित एकः प्रत्यक्षेणोपलभ्यते।

– આમ કહે છે" – આવું કહેવા દ્વારા તેઓશ્રીએ અમુક આચાર્યના મત મુજબ, મતાંતર તરીકે, કાળમાં પારમાર્થિક દ્રવ્યત્વનું સંક્ષેપમાં વિધાન કરેલ છે.

❀ धर्मसंग्रहणि मुजब काल अंगे मतद्वयविचारणा ❀

(तदनु.) તથા તે મુજબ શ્રીહરિભદ્રસૂરિજી **ધર્મસંગ્રહણિ**માં પ્રસ્તુત બે મત દર્શાવે છે. તે ગાથાનો અર્થ આ મુજબ છે. 'જે વર્તનાદિસ્વરૂપ કાળ છે તે દ્રવ્યનો પર્યાય છે. તેથી દ્રવ્યનો જ પર્યાય = ગુણધર્મ તે કાળ જ છે. અથવા લોકમાં પ્રસિદ્ધ કાળનો જે ગુણધર્મ છે તે જ કાળધર્મ છે.'

❀ पर्यायकालवादीनुं मंतव्य ❀

(**श्रीमलय.**) સમર્થવૃત્તિકાર **શ્રીમલયગિરિસૂરિજી** મહારાજે **ધર્મસંગ્રહણિ** ગ્રંથની વિસ્તૃત **વ્યાખ્યા** રચેલ છે. તેમાં ઉપરોક્ત ગાથાનું સ્પષ્ટીકરણ તેઓશ્રીએ અત્યંત વિસ્તારથી કરેલ છે. તેનો ઉપયોગી અંશ અહીં અનુવાદરૂપે જણાવાય છે. તે આ મુજબ સમજવો. "ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યનો વર્તનાદિસ્વરૂપ પર્યાય છે. પદાર્થ સ્વયં જ વર્તે છે, વિદ્યમાનતાને ધારણ કરે છે. સ્વયમેવ વર્તતા ધર્માસ્તિકાય આદિ પદાર્થને વર્તવામાં/વિદ્યમાનતાને ધારણ કરવામાં જે ક્રિયા પ્રેરણા કરે તે ક્રિયા એટલે વર્તના. અહીં ધર્માસ્તિકાય આદિ પદાર્થ પ્રયોજ્ય કર્તા છે. તથા વર્તના ક્રિયા પ્રયોજક કર્તા છે. વર્તના ક્રિયા તથાપ્રકારની પરિણતિના લીધે સ્વયમેવ વર્તતા પદાર્થને તેના સ્વભાવમાં વર્તાવવામાં અભિમુખ સ્વભાવવાળી થાય છે. તથા આવા સ્વભાવના કારણે તે વર્તના ક્રિયા સ્વયમેવ વર્તમાન પદાર્થને વર્તવામાં પ્રયોજે છે, પ્રેરે છે કે 'તું વર્તજે, નિવર્તમાન થતો નહિ.' આવી પ્રેરણા કરનારી ક્રિયા એટલે વર્તના. ધર્મસંગ્રહણિની ઉપરોક્ત ગાથામાં 'વર્તના' શબ્દ પછી જે 'આદિ' શબ્દ રહેલ છે તેનાથી સાદિપરિણામનું અને અનાદિ પરિણામનું ગ્રહણ કરવું. તેથી વર્તના, સાદિપરિણામ અને અનાદિપરિણામ જે પર્યાયનો સ્વભાવ છે તેવા પ્રકારનો કાળ કહેવાય છે. મતલબ કે કાળ વર્તનાદિપર્યાયસ્વરૂપ છે. જીવાદિ વસ્તુથી ભિન્ન, અન્ય વિદ્વાનોએ કલ્પેલો, 'કાળ' નામનો એક પદાર્થ પ્રત્યક્ષ પ્રમાણથી ઉપલબ્ધ થતો નથી.

1. यद् वर्त्तनादिरूपः कालः द्रव्यस्य एव पर्यायः। सः एव ततः, धर्म्मः कालस्य वा यस्य यः लोके।।

अथ मा भूत्प्रत्यक्षेणोपलम्भः, अनुमानतो भविष्यति। तथाहि – दृश्यते पूर्वाऽपरव्यवहारः। स च न वस्तुस्वरूपमात्रनिमित्तो, वर्त्तमानेऽपि तत्प्रसङ्गात्। ततोऽसौ यन्निमित्तः, स कालः। तस्य च कालस्य पूर्वत्वमपरत्वं च स्वयमेव प्रतिपत्तव्यम्, अन्यथाऽनवस्थाऽनुषङ्गात्, ततः पूर्वकालयोगी पूर्वोऽपरकालयोगी चापरः। उक्तं च – "पूर्वकालादियोगी यः, स पूर्वादिव्यपदेशभाक्। पूर्वाऽपरत्वं तस्याऽपि स्वरूपादेव नाऽन्यतः।।" ( )

तदयुक्तम् एकान्तैकत्वाऽभ्युपगमे पूर्वादित्वाऽसम्भवात्। तथाहि – यद्यैकान्तेनैकत्वम्, कथं तस्य पूर्वत्वमपरत्वं

✡ અતિરિક્ત કાળ દ્રવ્યને સિદ્ધ કરવાનો પ્રયાસ ✡

પૂર્વપક્ષ :- (अथ.) પ્રત્યક્ષ પ્રમાણથી ભલે કાળ તત્ત્વનું ભાન ન થાય. પરંતુ અનુમાન પ્રમાણથી કાળદ્રવ્યની સિદ્ધિ થઈ શકશે. તે આ રીતે - 'ઘટ પૂર્વે ઉત્પન્ન થયો. પટ પછી ઉત્પન્ન થયો' - આ પ્રમાણે ઘટ-પટાદિ પદાર્થમાં પૂર્વાપરવ્યવહાર જોવા મળે છે. તે વ્યવહાર માત્ર ઘટ-પટાદિ વસ્તુના સ્વરૂપના નિમિત્તે ન થઈ શકે. પરંતુ ઘટાદિ પદાર્થથી અતિરિક્ત પદાર્થના નિમિત્તે થવો જોઈએ. જો કેવલ વસ્તુના સ્વરૂપના નિમિત્તે જ પૂર્વાપરવ્યવહાર થતો હોય તો વર્તમાન વસ્તુનું પણ સ્વરૂપ હાજર હોવાથી તેમાં પણ પરત્વનો = અતીતત્વનો (પૂર્વવર્ત્તિત્વનો) અને અપરત્વનો = અનાગતત્વનો (ઉત્તરવર્તિત્વનો) વ્યવહાર થવાની આપત્તિ આવશે. તેથી તેવું માની ન શકાય. તેથી પૂર્વાપરવ્યવહારવિષયીભૂત ઘટ -પટાદિ વસ્તુથી અતિરિક્ત પદાર્થના નિમિત્તે તે વ્યવહાર થવો જોઈએ. જે તેનું નિમિત્ત છે તે જ કાળ દ્રવ્ય. તથા કાળમાં પણ પરત્વનો અને અપરત્વનો વ્યવહાર થાય છે. તે માટે અન્ય કાળની કલ્પના કરવાની જરૂર નથી. કારણ કે તેવું કરવામાં નવા-નવા કાળની કલ્પના કરવા સ્વરૂપ અનવસ્થા દોષ આવશે. તેથી કાળ સ્વયં જ પોતાનામાં પરત્વની અને અપરત્વની બુદ્ધિ કરાવશે. તેથી પૂર્વકાળનો સંયોગાદિ સંબંધ જે ઘટ-પટાદિ પદાર્થમાં હશે તે પૂર્વ = પર કહેવાશે. તથા જેમાં ઉત્તરકાળદ્રવ્યનો સંયોગાદિ સંબંધ હશે તે પશ્ચાત્ = અપર કહેવાશે. આમ ઘટ-પટાદિ પદાર્થમાં થતા પરત્વ-અપરત્વના વ્યવહાર દ્વારા એક અનુગત સ્વતંત્ર કાળદ્રવ્યની સિદ્ધિ થાય છે. અન્યત્ર પણ જણાવેલ છે કે "પૂર્વકાલ વગેરેનો સંયોગ આદિ સંબંધ હોય તેમાં 'પૂર્વ' = 'પર' વગેરેનો વ્યવહાર થશે. તથા કાળમાં પણ પરત્વનો અને અપરત્વનો જે વ્યવહાર થાય છે, તે પોતાના સ્વરૂપથી જ થશે. અર્થાત્ કાળમાં સ્વાત્મક કાળ દ્વારા જ પરત્વ-અપરત્વનો વ્યવહાર થશે. સ્વભિન્ન કાળના માધ્યમથી નહિ."

❖ અતિરિક્ત કાળદ્રવ્યનું નિરાકરણ ❖

ઉત્તરપક્ષ :- (तदयुक्तम्.) અતિરિક્ત કાળ દ્રવ્યની સિદ્ધિ કરવાનો તમારો આ પ્રયાસ યુક્તિસંગત નથી. આનું કારણ એ છે કે 'કાળ દ્રવ્ય સર્વથા એક જ છે' - આ પ્રમાણે જો માનવામાં આવે તો કાળમાં પરત્વ-અપરત્વનો અસંભવ જ થઈ જશે. તે આ રીતે - કાળ દ્રવ્ય એકાન્તે = સર્વથા = સર્વ પ્રકારે જો એક = અભિન્ન જ હોય તો કાં તેમાં સ્વતઃ પરત્વ હશે કાં સ્વતઃ અપરત્વ હશે. પરત્વ હોય તો અપરત્વ ન હોય. તથા અપરત્વ હોય તો પરત્વ ન હોય. કેમ કે તે બન્ને પરસ્પર વિરોધી ગુણધર્મ છે. તેથી એક કાળ દ્રવ્યમાં ઉભયની કલ્પના થઈ શકતી નથી. પરંતુ કાળમાં પરત્વનો અને અપરત્વનો વ્યવહાર થાય જ છે.તેથી કાળ દ્રવ્યને સર્વથા એક માની ન શકાય. આમ નૈયાયિક

चेति कल्पना। ततः परपरिकल्पितस्य कालस्य युक्त्याऽनुपपद्यमानत्वाद्वर्तनालक्षण एव कालः प्रतिपत्तव्यः, तत्राऽक्लेशेन पूर्वादित्वसम्भवात्। तथाहि - यस्यातीता वर्त्तना स पूर्व उच्यते, यस्य च भाविनी सोऽपरः, यस्य च तत्काले सती स वर्तमानः।

तस्य च वर्तनालक्षणस्य कालस्य प्रतिद्रव्यं भिन्नत्वादानन्त्यम्, ततः स एव कालो धर्म्म इति विशेषणसमासः। पर्यायस्य च द्रव्यात्कथञ्चिदभिन्नत्वात्। जीवादिवस्त्वपि तत्पर्यायविशिष्टं कदाचित्कालशब्देनोच्यते। तथा चाऽऽगमः [1]"किमयं भंते ! कालोत्ति पवुच्चइ ?, गोयमा ! जीवा चेव अजीवा चेवत्ति।" (**जीवाजीवाभिगम**)

अन्ये त्वाचार्याः सङ्गिरन्ते - अस्ति धर्मास्तिकायादिद्रव्यपञ्चकव्यतिरिक्तमर्द्धतृतीयद्वीपसमुद्रान्तर्वर्ति षष्ठं

આદિ એકાન્તવાદી પરદર્શનીઓએ કલ્પેલ અતિરિક્ત એક કાળ દ્રવ્યની સિદ્ધિ યુક્તિથી અસંગત હોવાના લીધે વર્તનાસ્વરૂપ જ કાળતત્ત્વને માનવું જોઈએ. વર્તનાસ્વરૂપ કાળ તત્ત્વમાં કોઈ પણ જાતની મુશ્કેલી વિના પરત્વ - અપરત્વનો વ્યવહાર સંભવી શકે છે. તે આ રીતે - જે પદાર્થમાં અતીત વર્તના હશે તે પદાર્થ પૂર્વ = પર કહેવાશે. તથા જે પદાર્થમાં અનાગત વર્તના હોય તે પદાર્થ ઉત્તર = પશ્ચાત્ = અપર કહેવાશે. તેમજ જે પદાર્થમાં તે અવસરે વર્તના વિદ્યમાન હોય તે પદાર્થ વર્તમાન કહેવાશે. અથવા જેમાં વધુ વર્ત્તનાપર્યાયો ઉત્પન્ન થયા હશે તે પર = પૂર્વ કહેવાશે. તથા જેમાં ઓછા વર્તનાપર્યાયો ઉત્પન્ન થતા હશે તે અપર = પશ્ચાત્ = ઉત્તરવર્તી કહેવાશે. આમ વર્તનાસ્વરૂપ કાળ તત્ત્વનો સ્વીકાર કરવાથી સર્વ પદાર્થમાં પરત્વાદિનો વ્યવહાર સરળતાથી સંગત થઈ જશે.

❋ જીવાદિ દ્રવ્યના પર્યાય એ જ કાળ ❋

(**तस्य च.**) તે વર્તનાસ્વરૂપ કાળતત્ત્વ દરેક દ્રવ્યમાં અલગ-અલગ હોવાથી તથા કુલ દ્રવ્ય અનંત હોવાથી કાળ સંખ્યાત કે અસંખ્યાત નહિ પરંતુ અનન્ત છે. તેથી તે કાળ જ ધર્મ = ગુણધર્મ = પર્યાય છે. આ પ્રમાણે વિશેષણસમાસ = કર્મધારય સમાસ અહીં અભિપ્રેત છે. તે પ્રમાણે લક્ષ્યમાં રાખીને ધર્મસંગ્રહણિ ગાથાના ઉત્તરાર્ધના પ્રારંભમાં 'सो चेव ततो धम्मो' આવો વિગ્રહ (= વિભક્ત સમાસ) દર્શાવેલ છે. તથા પર્યાય તો દ્રવ્યથી કથંચિત્ અભિન્ન છે. તેથી જીવાદિ વસ્તુ પણ વર્તનાપર્યાયવિશિષ્ટ હોવાની અપેક્ષાએ ક્યારેક 'કાળ' શબ્દથી દર્શાવાય છે. અર્થાત્ જીવાદિ વસ્તુને પણ કાળ કહેવાય છે. તેથી તો **જીવાજીવાભિગમ** આગમમાં પણ પ્રશ્નોત્તરરૂપે જણાવેલ છે કે "હે ભગવંત ! આ 'કાળ' શું કહેવાય છે ?" "હે ગૌતમ ! જીવો જ કાળ કહેવાય અને અજીવો જ કાળ કહેવાય છે."

[redacted] :- આનાથી ફલિત થાય છે કે કાળ જીવાદિ દ્રવ્યો કરતાં ભિન્ન દ્રવ્ય નથી. જીવાદિ દ્રવ્યો એ જ કાળ છે. વાસ્તવમાં કાળ એ તો જીવાદિ દ્રવ્યોનો વર્તનાપર્યાય છે. પણ પર્યાય-પર્યાયીમાં કથંચિત્ અભેદ હોવાથી જીવાદિ દ્રવ્યોનો કાળ તરીકે વ્યવહાર આગમમાં જોવા મળે છે. આ પ્રમાણે અનતિરિક્તકાળવાદી = પર્યાયકાળવાદી જૈનાચાર્યોનું મંતવ્ય **ધર્મસંગ્રહણિવ્યાખ્યા**માં દર્શાવેલ છે. હવે અતિરિક્તકાળવાદી = સ્વતંત્રકાળદ્રવ્યવાદી જૈનાચાર્યોનો મત **શ્રીમલયગિરિસૂરિજી** જણાવે છે.

❋ અતિરિક્તકાળદ્રવ્યવાદીનો અભિપ્રાય ❋

(**अन्ये.**) અન્ય જૈનાચાર્યો કાળને અતિરિક્ત દ્રવ્ય તરીકે માને છે. તેઓ એવું જણાવે છે કે -

---

1. किमयं भदन्त ! काल इति प्रोच्यते ? गौतम ! जीवाश्चैवाऽजीवाश्चैवेति।

कालद्रव्यम्, यन्निबन्धना एते 'ह्यः, श्व' इत्यादयः प्रत्ययाः शब्दाश्च प्रादुष्यन्ति। तथा च प्रयोगः - 'ह्यः, श्व' इत्यादीनि वचनानि यथार्थानि, आप्तेनाऽभिहितत्वात्, यथा प्रमाणाऽवगम्यः प्रमेयोऽर्थ इति।

साक्षादपि चाभिहितमागमे षष्ठं कालद्रव्यम्, यथा [1]"कइ णं भंते ! दव्वा पण्णत्ता ?, गोयमा ! छ दव्वा पण्णत्ता, तं जहा - धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, पोग्गलत्थिकाए, जीवत्थिकाए, अद्धासमए" (**भगवतीसूत्र** - २५/४/७३४) इति।

एष चाऽद्धासमयो न समुच्छिन्नपूर्वापरकोटिरेक एव, अत्यन्तासत उत्पादाऽयोगात्, सतश्च सर्वथा विनाशाऽसम्भवात्, अपि त्वन्वयी। तेन तस्याऽन्वयि रूपं ध्रौव्यम्, पूर्वापरनाशोत्पादौ तु व्ययोत्पादौ,

---

ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યથી ભિન્ન અઢી દ્વીપ અને બે સમુદ્ર સુધી ફેલાયેલું કાળ નામનું છઠ્ઠું દ્રવ્ય છે. અતિરિક્ત કાળદ્રવ્યના નિમિત્તે જ 'ગઈકાલે હું ગયો હતો. આવતીકાલે તે આવશે' ઈત્યાદિ પ્રતીતિ અને પદપ્રયોગો = વ્યવહારો સંગત થઈ શકશે. આથી કાળ દ્રવ્યની સિદ્ધિ કરવા માટે અનુમાનપ્રયોગ આ મુજબ કરી શકાય કે 'ગઈકાલ, આવતીકાલ વગેરે શબ્દો (= પક્ષ) યથાર્થ છે. કારણ કે આપ્ત પુરુષે = પ્રબુદ્ધ વિશ્વસનીય વ્યક્તિએ તેનો પ્રયોગ કરેલ છે. જેમ કે પ્રમાણબોધ્ય પ્રમેયાત્મક અર્થ. આપ્ત વ્યક્તિએ બોલેલા, ઘટ-પટાદિ પ્રમેયાર્થના બોધક શબ્દો જેમ યથાર્થ છે તેમ 'ગઈકાલ, આવતીકાલ' વગેરે શબ્દો પણ યથાર્થ સિદ્ધ થાય છે. મતલબ કે કાળ નામનું કોઈક સ્વતંત્ર દ્રવ્ય છે કે જેને ઉદ્દેશીને આપ્ત પુરુષો 'ગઈકાલ', 'આવતીકાલ' વગેરે શબ્દોનો પ્રયોગ નિઃસંકોચ રીતે કરે છે. જો 'કાલ' નામનું કોઈ સ્વતંત્ર દ્રવ્ય ન હોય તો કોને ઉદ્દેશીને 'ગઈકાલ', 'આવતીકાલ' વગેરે શબ્દોનો પ્રયોગ પ્રબુદ્ધ વિશ્વસનીય વ્યક્તિ કરે ? આમ અનુમાન પ્રમાણથી અતિરિક્ત કાળ દ્રવ્યની સિદ્ધિ થાય છે.

❯ કાળ અતિરિક્ત દ્રવ્ય : આગમદૃષ્ટિએ ❮

(**साक्षाद्.**) ફક્ત અનુમાન પ્રમાણ જ નહિ, આગમપ્રમાણ પણ સ્વતંત્ર કાળ દ્રવ્યને દર્શાવે છે. સાક્ષાત્ = સ્પષ્ટ શબ્દોમાં પણ આગમમાં ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યોથી ભિન્ન છઠ્ઠું દ્રવ્ય બતાવેલ છે જેમ કે **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે જણાવેલ છે કે 'હે ભગવંત ! દ્રવ્યો કેટલા બતાવાયેલા છે ?' 'હે ગૌતમ ! છ દ્રવ્યો બતાવાયેલા છે. તે આ રીતે - (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય, (૫) જીવાસ્તિકાય અને (૬) અદ્ધાસમય = કાળ.'

❋ કાળમાં સદ્ દ્રવ્યલક્ષણનો સમન્વય ❋

(**एष.**) જેની આગળની કે પાછળની કોટિ (= અંશ) નાશ પામી ચૂકેલ હોય તેવો ફક્ત વર્તમાન એક સમય માત્ર સ્વરૂપ અદ્ધાસમય = કાલદ્રવ્ય નથી. કારણ કે જેની પૂર્વ-અપરકોટી ન હોય તે વસ્તુ વંધ્યાપુત્રની જેમ અત્યન્ત અસત્ હોય. તથા જે સર્વથા અસત્ = અત્યંત તુચ્છ હોય તેની ઉત્પત્તિ ક્યારેય થઈ ન શકે. જો 'કાલ' દ્રવ્યની પૂર્વ-અપરકોટિ અત્યંત અવિદ્યમાન હોય તો તેની ક્યારેય ઉત્પત્તિ થઈ ન શકે. માટે તેની પૂર્વ-અપરકોટિ અસત્ માની શકાતી નથી. તથા એક વાર જેની ઉત્પત્તિ થઈ ગઈ તે વસ્તુ સત્ કહેવાય. સત્ પદાર્થનો ક્યારેય પણ સર્વથા = સર્વ પ્રકારે ઉચ્છેદ થઈ ન

---

1. कति खलु भदन्त ! द्रव्याणि प्रज्ञप्तानि ? गौतम ! षड्द्रव्याणि प्रज्ञप्तानि तद्यथा- धर्मास्तिकायोऽधर्मास्तिकायः, आकाशास्तिकायः, पुद्गलास्तिकायः, जीवास्तिकायः, अद्धासमयः।

ततश्च "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सदिति" (त.सू.५/२९) सल्लक्षणयोगात् सत् कालद्रव्यम्, "गुण-पर्यायवद् द्रव्यम्" - (त.सू.५/३७) इति द्रव्यलक्षणयोगाच्च द्रव्यम्। एष च कालो हेमन्ताद्यृतुविभागेन परिणममानः शीतोष्णादिपरिणामानाम् अपेक्षाकारणम्, बलाकाप्रसवस्येव गर्जितध्वनिरिति। तन्मतमाश्रित्याह - "कालस्स व जस्स जो लोए" इति, 'वा' शब्दो मतान्तरसूचकः, यस्य कालस्य हेमन्तादेर्यो धर्म्मः शीतकारित्वादिलक्षणो लोके प्रसिद्धः स कालस्य सम्बन्धी धर्म्मः कालधर्म इत्युच्यते" (ध.स.३२ वृ.) इति।

तर्करहस्यदीपिकाभिधानायां **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ** अपि **श्रीगुणरत्नसूरि**भिः कालगोचरमतद्वयमुपदर्शितम्। तदुक्तं तत्र "ये केचनाचार्याः कालं द्रव्यं नाभ्युपयन्ति किन्तु धर्मादिद्रव्याणां पर्यायमेव, तन्मते धर्माधर्माकाशपुद्गलजीवाख्यपञ्चास्तिकायात्मको लोकः। ये तु कालं द्रव्यमिच्छन्ति, तन्मते षड्द्रव्यात्मको लोकः, पञ्चानां धर्मादिद्रव्याणां कालद्रव्यस्य च तत्र सद्भावाद्" (ष.स.बृ.वृ.४९/पृष्ठ २५०) इति।

शके. परंतु कोईकने कोईक स्वरूपे तेनो अन्वय = हाजरी उत्तर अवस्थामां पण होय छे ज. अद्धासमय ए मनुष्यक्षेत्रव्यापी एक अन्वयी द्रव्य छे. तेथी ते स्वरूपे ते काळ द्रव्यनुं जे अन्वयी स्वरूप छे ते ज ध्रौव्य छे. पूर्व अवस्थानो नाश अने उत्तर अवस्थानी उत्पत्ति होवाथी काळ तत्त्वमां उत्पाद-व्यय पण हाजर छे. आम काळ द्रव्यमां उत्पाद-व्यय-ध्रौव्यस्वरूप सत्पदार्थनुं लक्षण विद्यमान होवाथी काळ तत्त्व सत् छे. **श्रीउमास्वातिजी** महाराजे **तत्त्वार्थसूत्र**मां 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्त होय ते सत् कहेवाय' आवुं जणावेल छे. तथा 'गुण-पर्यायथी युक्त होय तेने द्रव्य कहेवाय' - आ प्रमाणे द्रव्यनुं लक्षण काळतत्त्वमां होवाना कारणे ते द्रव्य छे. आ काळ हेमंत-शिशिर वगेरे ऋतुना विभागथी परिणमतो होवाथी शीत-उष्ण वगेरे परिणाम स्वरूप कार्य प्रत्ये अपेक्षाकारण छे. जेम वादळानी गर्जनानो अवाज बगलीने प्रसूतिमां अपेक्षाकारण छे तेम आ वात समजवी. आ रीते स्वतंत्रद्रव्यात्मक काळद्रव्यने माननारा आचार्य भगवंतोना मतने आश्रयीने **श्रीहरिभद्रसूरि**ए **धर्मसंग्रहणि**गाथाना उत्तरार्धमां 'कालस्स व....' इत्यादि जणावेल छे. 'वा' शब्द मतांतरनो सूचक छे. मतलब के हेमंत, शिशिर वगेरे जे काळ छे तेनो शीतकारित्व वगेरे स्वरूप धर्म लोकमां प्रसिद्ध छे. काळनो संबंधी धर्म ते कालगुणधर्म तरीके कहेवाय छे. आम काल द्रव्य छे अने शीतकारित्व वगेरे तेना गुणधर्मो छे." आ प्रमाणे **धर्मसंग्रहणिव्याख्या**मां पर्यायकालवादी अने द्रव्यकालवादी बन्ने आचार्योना बन्ने मतो समजावेल छे.

✡ કાળ અંગે બે મત - ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ ✡

(तर्क.) **श्रीहरिभद्रसूरिजी** महाराजे **षड्दर्शनसमुच्चय** नामनो ग्रंथ रचेल छे. तेना उपर पूर्वाचार्य **श्रीगुणरत्नसूरि** महाराजे **तर्करहस्यदीपिका** नामनी बृहत् टीका बनावेल छे. तेमां पण काल अंगे बे मत बतावेल छे. तेओओ त्यां बतावेल छे के "अमुक आचार्यो काळने स्वतंत्र द्रव्य नथी मानता. तेमना मते धर्मास्तिकाय वगेरे जड तेमज चेतन द्रव्योना पर्याय स्वरूप काल छे. तेमना मते धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश, पुद्गल अने जीव - आ पांच अस्तिकाय स्वरूप लोक छे. जे आचार्य काळने स्वतंत्र छठ्ठं द्रव्य माने छे. तेमना मते आ लोकमां छ द्रव्यो मळे छे. आथी लोक षड्द्रव्यात्मक छे. धर्मास्तिकाय वगेरे पांच अने काळ - आ छ द्रव्यो छे."

तत्त्वार्थसूत्रई पणि એ ૨ મત કહિયાં છઈ. "**कालश्चेत्येके**" (त.सू.५/३८) **इति वचनात्**. બીજું મત (तास=) તે ***तत्त्वार्थनई*** (वखाणि=) વ્યાખ્યાનઈ ❖**अनपेक्षितद्रव्यार्थिकनयनई मतई** કહિયાં છઈ.

निरपेक्षः हि = વર્તનપર્યાયાપેક્ષાકારણતાऽનપેક્ષિત એવ **द्रव्यार्थिकनयः** = દ્રવ્યાસ્તિકનયઃ **तं** = લોકસિદ્ધં કાલં **द्रव्यं** = પञ્ચાસ્તિકાયાતિરિક્તદ્રવ્યં **वदेत्**, યતઃ **तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ सिद्धसेनगणिभिः** સ્વતન્ત્રકાલદ્રવ્યવાદિમતમ્ અનર્પિતદ્રવ્યાર્થિકનયમતાનુસારેણોપદર્શિતમ્।

તદુક્તં "કાલશ્ચેત્યેકે"(त.सू.५/३८) ઇતિ **तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ सिद्धसेनगणिभिः** "માનુષલોક એવ કાલઃ। સ ચ પરિણામી, ન પુનરેક એવ વિચ્છિન્નમુક્તાવલીમણિવદવિદ્યમાનપૂર્વાऽપરકોટિર્વર્તમાનઃ સમયોऽભ્યુપેયતે, નિરન્વયસમયોત્પાદ-વિનાશપ્રસક્તેઃ। એકનયાऽવલમ્બિત્વં ચૈવં સ્યાત્। અતોऽનર્પિતદ્રવ્યનયમતાનુસારિભિઃ સન્તતિપક્ષપ્રતિજ્ઞાનાદ્ વિદ્યમાનતૈવ પૂર્વોત્તરસમયયોઃ, વર્ત્તમાનસમય એવોત્તરસમયરૂપેણોત્પદ્યતે તથાપરિણામાત્। નાऽપૂર્વમુત્પદ્યતે ખપુષ્પાદિ। નાऽપિ નિરન્વયમેવ કિઞ્ચિદ્ વિનશ્યતિ, કાર્યત્વાત્ તત્સન્તાનપતિતત્વાદુ-

❁ કાળ સ્વતંત્ર દ્રવ્ય : નિરપેક્ષ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ ❁

(निरपेक्षः.) કાળદ્રવ્યની સિદ્ધિ માટે વર્તનાપર્યાયના અપેક્ષાકારણત્વની અપેક્ષા નહિ રાખનાર = નિરપેક્ષ એવો જ દ્રવ્યાસ્તિકનય તે લોકપ્રસિદ્ધ કાળને પંચાસ્તિકાયથી ભિન્ન દ્રવ્ય તરીકે જણાવે છે. કારણ કે **तत्त्वार्थसूत्रभाष्य**ની **वृत्ति**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** સ્વતંત્ર કાલદ્રવ્યને જણાવનાર આચાર્ય ભગવંતના મતને અનર્પિતદ્રવ્યાર્થિકનયના મત અનુસારે દર્શાવેલ છે.

❁ अनर्पितद्रव्यार्थिक मतनी विचारणा ❁

(तदुक्तं.) 'कालश्चेत्येके' - આ પ્રમાણે **तत्त्वार्थसूत्र** 'અમુક આચાર્યના મતે કાળ એક દ્રવ્ય છે' - તેવું જણાવે છે. આ સૂત્રના **ભાષ્ય**ની **વ્યાખ્યા**માં **સિદ્ધસેનગણિવરે** કાલવાદી આચાર્યનો મત બતાવતા જણાવેલ છે કે "મનુષ્ય લોકમાં જ કાળતત્ત્વ છે. તે કાળ પરિણામી તત્ત્વ છે. તૂટેલી મોતીની માળાના છૂટા છવાયા મોતીની જેમ જેની કોઈ પૂર્વકોટી કે અપરકોટી ન હોય તેવું ફક્ત એક સમય સ્વરૂપ કાળતત્ત્વ સ્વીકારવામાં આવતું નથી. કેમ કે કાળતત્ત્વને ફક્ત એક સમય સ્વરૂપે સ્વીકારવામાં આવે તો આગળ અને પાછળ તે સમયનો લેશ પણ અન્વય (= હાજરી) ન હોવાથી નિરન્વય એવા સમયનો ઉત્પાદ અને વિનાશ સ્વીકારવાની આપત્તિ આવે. કોઈ પણ પદાર્થનો નિરન્વય ઉત્પાદ કે નિરન્વય નાશ સર્વ નયોને માન્ય નથી. તે ફક્ત ઋજુસૂત્રનયને માન્ય છે. તેથી એક સમય માત્ર સ્વરૂપ નિરન્વય-ઉત્પાદશાલી કાળતત્ત્વનો સ્વીકાર ફક્ત એક નયનું અવલંબન કરનારો થશે. આથી અનર્પિતદ્રવ્યાર્થિકનયના મતને અનુસરનારા કાળવાદી આચાર્ય ભગવંતો કાળતત્ત્વને સંતતિરૂપે માને છે. કાળદ્રવ્યને સંતતિ સ્વરૂપ માનવાનો પોતાનો પક્ષ જણાવવાને લીધે તેઓના મત મુજબ પૂર્વોત્તર સમયમાં પણ કાળ વિદ્યમાન જ છે. વર્તમાન સમય જ નવા-નવા ઉત્તરસમયરૂપે (= અતીતસમયરૂપે) ઉત્પન્ન થાય છે. (અનાગત સમય પણ વર્તમાન સમય રૂપે ઉત્પન્ન થાય છે.) તે તે પ્રકારના પરિણામથી કાલદ્રવ્ય આ રીતે (અતીત -અનાગત-વર્તમાન સમય) ઉત્તરસમયરૂપે ઉત્પાદાદિને ધારણ કરે છે. અનાગત સમય પણ આકાશપુષ્પ

❖ લી.(૨) + લા.(૨) + કો.(૭)માં 'अपेक्षित...' પાઠ.

पान्त्यसन्तानिरूपत्वात्। न पुनः सर्वथैवोद्भव-विनाशौ निराधारावेव। ध्रौव्यं तयोराधारस्तस्मिन् सति तयोर्भावाद्" (त.सू.५/३८, सि.वृ.पृ.४३२) इति। इत्थमुत्पाद-व्यय-ध्रौव्यशाली वर्त्तनापर्यायाधारः कालः वर्त्तनाकारणता-निरपेक्षद्रव्यार्थिकनयतो द्रव्यात्मको दर्शितः।

एतेन [1]"तिविधे काले पन्नत्ते। तं जहा - (१) तीते, (२) पडुप्पन्ने, (३) अणागते। तिविधे समए पन्नत्ते। तं जहा - (१) तीते, (२) पडुप्पन्ने, (३) अणागते " (स्था.सू. ३/४/१९७ / पृ.२६७) इत्यादिः **स्थानाङ्गसूत्र**प्रबन्धोऽपि ***व्याख्यातः***, एकस्मिन्नेव ध्रुवकालद्रव्ये अनागतत्वत्यागेन वर्त्तमानत्वस्य वर्त्तमानत्वत्यागेन चाऽतीतत्वस्य उपपत्तेः। **स्थानाङ्गवृत्तौ भगवतीसूत्रवृत्तौ** च उद्धरणरूपेण **श्रीअभयदेवसूरिभिः** "भवति स नामाऽतीतः प्राप्तो यो नाम वर्त्तमानत्वम्। एष्यंश्च नाम स भवति यः

વગેરેની જેમ સર્વથા અપૂર્વ = સર્વથા અસત્ નથી. સર્વથા અસત્ વસ્તુ ક્યારેય ઉત્પન્ન થઈ ન શકે. તેથી અનાગત સમય પણ સર્વથા અસત્ નથી. કથંચિત્ સત્ છે. તેથી જ તે વર્તમાનત્વરૂપે ઉત્પન્ન થાય છે. તથા કોઈ પણ કાર્યનો નિરન્વય નાશ થતો નથી. કેમ કે તે કાર્ય છે. વર્તમાન સમય કાલસંતતિમાં અંતઃપાતી હોવાથી પણ તેનો સર્વથા નાશ થતો નથી. જો વર્તમાનાદિ સમય અંત્યસંતાનીસ્વરૂપ = અત્યંક્ષણરૂપ હોય તો તેનો નાશ થઈ શકે. પરંતુ તેવું તો નથી.વર્તમાનાદિ સમયની પરંપરા તો આગળ ચાલે જ છે. આમ વર્તમાનાદિ સમય અંત્યક્ષણરૂપ ન હોવાના કારણે પણ સ્વોત્તરસમયે સર્વથા નાશ પામતો નથી. તેથી વર્તમાનકાલત્વ રૂપે નાશ પામવા છતાં કાલત્વ રૂપે તેનો નાશ થતો નથી. વર્તમાન ક્ષણ જ અતીત ક્ષણ રૂપે પરિણમે છે. તથા અનાગત ક્ષણ વર્તમાન સમય રૂપે પરિણમે છે. પરંતુ ઉત્પાદ અને વિનાશ સર્વથા નિરાધાર જ હોય તેવું નથી. ઉત્પાદનો અને વિનાશનો આધાર ધ્રૌવ્ય છે. કારણ કે પદાર્થમાં ધ્રૌવ્ય હોય તો જ ઉત્પાદ અને વ્યય સંભવી શકે." આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને ધારણ કરનાર તથા વર્તનાપર્યાયનો આધાર બનનાર કાળ તત્ત્વ દ્રવ્યસ્વરૂપ છે - તેવું અનર્પિત = વર્તનાકારણતાનિરપેક્ષ દ્રવ્યાર્થિકનય મુજબ **તત્ત્વાર્થવૃત્તિ**માં **સિદ્ધસેનગણિવરે** જણાવેલ છે.

❋ ત્રિવિધ કાળદ્રવ્યનો પરામર્શ ❋

(**एतेन.**) **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે "કાળ ત્રણ પ્રકારનો બતાવેલ છે. તે આ પ્રમાણે - (૧) અતીત, (૨) પ્રત્યુત્પન્ન (= વર્તમાન) તથા (૩) અનાગત. સમય ત્રણ પ્રકારનો બતાવેલ છે. તે આ પ્રમાણે - (૧) અતીત, (૨) પ્રત્યુત્પન્ન તથા (૩) અનાગત." ઉપર જણાવ્યા મુજબ પ્રસ્તુત **સ્થાનાંગસૂત્ર**ના પ્રબંધની પણ સ્પષ્ટતા થઈ જાય છે. કારણ કે એક જ ધ્રુવ કાળ દ્રવ્યમાં અનાગતત્વનો ત્યાગ કરવા દ્વારા વર્તમાનત્વની સંગતિ થઈ શકે છે તથા વર્તમાનત્વનો ત્યાગ કરવા દ્વારા અતીતત્વની સંગતિ થઈ શકે છે. આ અંગે **શ્રીઅભયદેવસૂરિ** મહારાજે **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં તથા **ભગવતીસૂત્રવૃત્તિ**માં ઉદ્ધૃત કરેલ કારિકા અહીં સ્મરણ કરવા જેવી છે. ત્યાં જણાવેલ છે કે "તે અતીત બને છે કે જે પૂર્વે વર્તમાનત્વને પ્રાપ્ત કરી ચૂકેલ છે. તથા જે વર્તમાનત્વને પ્રાપ્ત કરશે તેનું નામ ભવિષ્ય છે."

---

1. त्रिविधः कालः प्रज्ञप्तः। तद् यथा - (१) अतीतः, (२) प्रत्युत्पन्नः, (३) अनागतः। त्रिविधः समयः प्रज्ञप्तः। तद् यथा - (१) अतीतः, (२) प्रत्युत्पन्नः, (३) अनागतः।

સ્થૂલલોકવ્યવહારસિદ્ધ એ કાલદ્રવ્ય અપેક્ષાઈ રહિત જાણવું.

प्राप्स्यति वर्त्तमानत्वम्।।" (स्था.सू.३/४/१९७/वृ.पृ.२६७ उद्धृ. + भ.सू.१२/२/४४३/वृ.पृ.५५९ उद्धृ.) इति यदुक्तं तदत्राऽनुस्मर्त्तव्यम्।

एतावता कालद्रव्यसिद्धिकृते यः वर्त्तनापर्यायनिरूपितापेक्षाकारणतां नाऽपेक्षते, तस्य अनपेक्षित-द्रव्यार्थिकनयस्य मते 'यथा अतिरिक्तं धर्मास्तिकायादिद्रव्यं गत्याद्यपेक्षाकारणरूपेण सिध्यति तथा अतिरिक्तं कालद्रव्यं वर्तनापर्यायाऽपेक्षाकारणविधया न सिध्यति किन्तु स्थूललोकव्यवहारतः सिध्य-ती'ति फलितम्। सर्वनयमते तु स्वतन्त्रद्रव्यरूपेण नास्ति किञ्चिदपि वस्तु, सूक्ष्मर्जुसूत्रनयमते त्रैकालिकसत्त्वलक्षणध्रौव्यविरहेण पारमार्थिकद्रव्यविरहात्। ततश्चाऽत्र वर्तनापर्यायापेक्षाकारणतानिरपेक्ष-तयैव द्रव्यार्थिकनयमतानुसारेण स्थूललोकव्यवहारतः कालः स्वतन्त्रद्रव्यविधया दर्शित इत्यवधेयम्।

इदमेवाभिप्रेत्य **षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ** "युगपदयुगपत्क्षिप्रं चिरं चिरेण परमपरमिदमिति च। वर्त्स्यति नैतद्वर्त्स्यति वृत्तं तत्तन्न वृत्तमपि।। वर्त्तत इदं न वर्तत इति कालापेक्षमेवाप्ता यत्। सर्वे ब्रुवन्ति तस्मान्ननु सर्वेषां मतः कालः।। ह्यः श्वोऽद्य संप्रति परुत्परारि नक्तं दिवैषमः प्रातः। सायमिति कालवचनानि कथं

❖ લોકવ્યવહારસિદ્ધ સ્વતંત્ર કાળદ્રવ્ય ❖

(**एताव.**) આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે 'કાળ એ દ્રવ્ય છે' - આ વાતની સિદ્ધિ માટે જે નય વર્તનાપર્યાયનિરૂપિત અપેક્ષાકારણતાની અપેક્ષા નથી રાખતો તે અનપેક્ષિતદ્રવ્યાર્થિક નય કહેવાય છે. જેમ ગતિ વગેરેના અપેક્ષાકારણરૂપે અતિરિક્ત ધર્માસ્તિકાય વગેરેની સિદ્ધિ થાય છે તેમ અનપેક્ષિત-દ્રવ્યાર્થિક નયના મત મુજબ વર્તના પર્યાયના અપેક્ષાકારણ રૂપે કાલ દ્રવ્ય અતિરિક્ત સિદ્ધ થતું નથી. પરંતુ સ્થૂલ લોકવ્યવહારથી કાળ છઠ્ઠા સ્વતંત્ર દ્રવ્ય રૂપે સિદ્ધ થાય છે. મતલબ કે 'જીવના અને અજીવના પર્યાય સ્વરૂપ કાલ નથી પણ છઠ્ઠું સ્વતંત્ર દ્રવ્ય કાળ છે' - આવું સ્થૂલલોકવ્યવહારથી સિદ્ધ થાય છે. સર્વ નયના મતે તો સ્વતંત્ર દ્રવ્ય રૂપે કોઈ પણ વસ્તુ હોતી જ નથી. કેમ કે સૂક્ષ્મઋજુસૂત્રનય ધ્રૌવ્યને = ત્રૈકાલિકસત્તાને માનતો ન હોવાથી તેના મતે કશું પણ પારમાર્થિક દ્રવ્યાત્મક નથી. સ્થૂલ લોકવ્યવહારથી જ દ્રવ્ય તરીકે કાલતત્ત્વ સિદ્ધ થાય છે. પરંતુ કાળને વર્તનાપર્યાયનું અપેક્ષાકારણ માનવાની જરૂર નથી. તેથી પ્રસ્તુતમાં વર્તના પર્યાયની અપેક્ષાકારણતાથી નિરપેક્ષપણે જ દ્રવ્યાર્થિકનયના મત મુજબ સ્થૂલ લોકવ્યવહારને આશ્રયીને સ્વતંત્ર દ્રવ્ય રૂપે કાળતત્ત્વ જણાવવામાં આવેલ છે. આ વાત ખ્યાલમાં રાખવી.

(**इद.**) સ્થૂલ લોકવ્યવહારને અનુલક્ષીને જ **ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિ**માં ઉદ્ધરણરૂપે જણાવેલ છે કે - "બધા આપ્ત = પ્રામાણિક પુરુષો 'યુગપત્, અયુગપત્ = ક્રમથી, ક્ષિપ્રં = શીઘ્ર, ચિરં = લાંબા સમયે, ચિરેણ = ઘણા લાંબા સમયે, પરં = મોટું કે જુનું, અપરં = નાનું કે નવું, આ થશે, આ નહિ થાય, આ થયું હતું, આ નથી થયું, આ થઈ રહ્યું છે, આ થઈ રહ્યું નથી' - વગેરે વ્યવહાર કાળની અપેક્ષાએ જ કરતા દેખાય છે. માટે આવું માનવું જ રહ્યું કે બધા લોકો કાળના અસ્તિત્વને સ્વીકારે છે. જો કાળદ્રવ્ય ન હોય તો ગઈ કાલ, આવતી કાલ, આજ, અત્યારે, પરુત્ =ગયું વરસ, પરારિ = છેલ્લા વરસનું આગલું વરસ, રાત, દિવસ, હમણા, સવારે, સાંજે વગેરે કાળ-આધારિત

અન્યથા વર્ત્તનાપેક્ષાકારણપણઇં જો કાલદ્રવ્ય સાધિઇ. તો પૂર્વાપરાદિવ્યવહારાદિલક્ષણપરત્વા-પરત્વાદિનિયામકપણઇં દિગ્દ્રવ્ય પણિ સિદ્ધ થાઈ.

युक्तान्यसति काले।।" (ष.द.स.का. ४९, पृष्ठ-२६४) इति समुद्धरणरूपेणोक्तम्। इत्थञ्च स्थूललोक-व्यवहारेण हि जीवाजीवद्रव्यानन्तवर्त्तनापर्यायानवबद्धवृत्तिरेव द्रव्यात्मकः कालः अनाद्यनन्तपर्याय-प्रवाहव्यापिनमेकमात्मानमातनोति, अतीतानागतवर्तमानावस्थास्वपि ध्रौव्यांशावलम्बनादित्याशयः।

यदि वर्त्तनापेक्षाकारणविधयाऽतिरिक्तं कालद्रव्यं साध्यते तर्हि कालिकपरत्वाऽपरत्वादि-विलक्षणपरत्वाऽपरत्वादिसाधारणगुणापेक्षाकारणविधयाऽतिरिक्तं दिग्द्रव्यमपि सिध्येत्।

एतेन दैशिकपरत्वाऽपरत्वादिकं पूर्वापरादिव्यवहारादिलक्षणमेवाऽस्तु इत्यपि ***पराकृतम्***,

एवमपि पूर्वापरादिव्यवहारादिलक्षणस्य परत्वाऽपरत्वादेः नियामकतया स्वतन्त्रदिग्द्रव्यसिद्धेः। दृश्यते हि 'पाटलिपुत्रात् प्रयागः काशीमपेक्ष्य परः, पाटलिपुत्रात् जयपुरमपेक्ष्य च प्रयागोऽपर' इत्यादिः लौकिकः व्यवहारः, "सर्वेषाम्... उत्तरतो मेरुः" (त.सू.३/१० भा.) इति **तत्त्वार्थसूत्रस्वोपज्ञभाष्य-**

વ્યવહાર કેવી રીતે થાય ? આ વ્યવહારો કાળદ્રવ્યને માન્યા વિના સિદ્ધ થઈ ન શકે." (**षड्दर्शनसमुच्चयबृहद्वृत्ति**. કારિકા ૪૯, Para. ૨૦૦, પૃ.૨૬૪-૨૬૫) પ્રસ્તુતમાં આશય એ છે કે સ્થૂલ લોકવ્યવહારથી તો જીવ અને અજીવ દ્રવ્યના અનંત વર્તનાપર્યાયને આધીન જેનું અસ્તિત્વ નથી એવું જ કાળતત્ત્વ 'અનાદિ-અનંતપર્યાયપ્રવાહમાં ફેલાયેલ હું એક તત્ત્વ છું' - આ પ્રમાણે પોતાની જાતને જગતના મેદાનમાં જાહેર કરે છે. કારણ કે અતીત-અનાગત-વર્તમાન અવસ્થામાં પણ ધ્રૌવ્યાંશનું = અનુગત સ્વરૂપનું અવલંબન લઈને 'કાળ એક છે' - આમ સ્થૂલ લોકવ્યવહાર અહીં સિદ્ધ કરે છે.

❋ अतिरिक्त दिशा द्रव्यनी आपत्ति ❋

(यदि.) જો વર્ત્તનાપર્યાયના અપેક્ષાકારણરૂપે અતિરિક્ત કાલદ્રવ્યને અતિરિક્તકાલવાદી સિદ્ધ કરતા હોય તો કાલિક પરત્વ-અપરત્વ વગેરેથી વિલક્ષણ એવા (દૈશિક) પરત્વ-અપરત્વાદિ સાધારણગુણસ્વરૂપ કાર્ય પ્રત્યે અનુગત અપેક્ષાકારણરૂપે અતિરિક્ત દિશાદ્રવ્યની પણ સિદ્ધિ થવાની આપત્તિ આવશે.

[redacted] :- (एतेन.) દૈશિક પરત્વ-અપરત્વને ઘટ-પટાદિનો સાધારણ ગુણ માનવાના બદલે પૂર્વાપરવ્યવહારને જ દૈશિક પરત્વ-અપરત્વ માનો. તેથી સ્વતંત્ર દિશાદ્રવ્યની આપત્તિ નહિ આવે.

❋ लौकिक-शास्त्रीय व्यवहारथी दिशासिद्धि ❋

[redacted] :- (एव.) ભલે તમે દૈશિક પરત્વાપરત્વ વગેરેને સાધારણગુણાત્મક માનવાના બદલે પૂર્વાપરાદિવ્યવહારસ્વરૂપ માનો. તો પણ તેવા પરત્વ-અપરત્વ વગેરેનું નિયામક કોણ ? આ સમસ્યાના સમાધાન માટે તો દિગ્ દ્રવ્યને માનવું જ પડશે. દિશા વગર ગામ-નગર વગેરેમાં પ્રસિદ્ધ પૂર્વાપરાદિવ્યવહાર જ અસંગત થઈ જશે. પરત્વ-અપરત્વ આદિના વ્યવહાર લોકોમાં આ પ્રમાણે દેખાય છે કે 'પાટલિપુત્રથી (પટણાથી) પ્રયાગ (અલાહાબાદ) કાશીની અપેક્ષાએ દૂર છે. તથા પાટલિપુત્રથી જયપુરની અપેક્ષાએ પ્રયાગ નજીક છે.' આ લૌકિક વ્યવહારના નિયામક તરીકે સ્વતંત્ર દિશાદ્રવ્યનો સ્વીકાર કરવો જરૂરી

ક્ષ પુસ્તકાદિમાં '...हारविलक्षण....' પાઠ. ફક્ત લી.(૩)માં '...हारादिलक्षण....' પાઠ.

અનઈ જો -

"आकाशमवगाहाय, तदनन्या दिगन्यथा। तावप्येवमनुच्छेदात्ताभ्यां [*]वान्यदुदाहृतम्।। (सि.द्वा.द्वा.१९/२५)"

वचनाच्च शास्त्रीयः व्यवहारः। तन्नियामकतयाऽप्यतिरिक्तदिग्द्रव्यं सिध्येदेव।

अनेन अस्तु पृथक् कालद्रव्यम्, परं स्वतन्त्रदिग्द्रव्याभ्युपगमे आगमबाध इति ***अपहस्तितम्,***

कालवद् दिशोऽपि आगमे दर्शितत्वात्। तदुक्तं **भगवत्यां**[1] "कति णं भंते ! दिसाओ पन्नत्ताओ ? गोयमा ! दस दिसाओ पन्नत्ताओ। तं जहा - (१) पुरत्थिमा, (२) पुरत्थिम-दाहिणा, (३) दाहिणा, (४) दाहिण-पच्चत्थिमा, (५) पच्चत्थिमा, (६) पच्चत्थिमुत्तरा, (७) उत्तरा, (८) उत्तर-पुरत्थिमा, (९) उड्ढा, (१०) अहो" (भ.सू.१०/१/३९४) इति।

ननु दिशः नाऽऽकाशादतिरिक्तत्वम्, आकाशादेव दिग्द्रव्यकार्यसिद्धेः। अत एव **सिद्धसेनदिवाकरसूरि**वरेण "आकाशमवगाहाय तदनन्या दिगन्यथा। तावप्येवमनुच्छेदात् ताभ्यां वाऽन्यदुदाहृतम्।।"

છે. તે જ રીતે 'ભરતાદિ સર્વ ક્ષેત્રોની ઉત્તર બાજુ મેરુ પર્વત છે' - આ શાસ્ત્રીય વ્યવહાર છે. જૈનોના **ઉમાસ્વાતિજી**રચિત **तत्त्वार्थसूत्रभाष्य** તથા અજૈનોના **पातंजलयोगसूत्रभाष्य** વગેરે ગ્રંથોમાં ઉપરોક્ત વાક્ય આવે છે. તેના આધારે થતા આ શાસ્ત્રીય વ્યવહારના નિયામક તરીકે અતિરિક્ત દિશાનો સ્વીકાર કરવો જરૂરી જ બની જશે.

શંકા :- (**अनेन.**) કાળ ભલે સ્વતંત્ર દ્રવ્ય હોય. કારણ કે તેના સ્વીકારમાં કોઈ શાસ્ત્રબાધ વગેરે દોષ નથી આવતો. પરંતુ દિશાને તો સ્વતંત્ર દ્રવ્ય તરીકે માનવામાં આગમ વિરોધ પણ આવશે. માટે ઉપરોક્ત વ્યવહારના નિયામક તરીકે અતિરિક્ત દિગ્દ્રવ્યની કલ્પના કરવી વ્યાજબી નથી.

❋ ભગવતીસૂત્રમાં દશ દિશાનો ઉલ્લેખ ❋

સમાધાન :- (**काल.**) ના, તમારી વાત વ્યાજબી નથી. કારણ કે કાળની જેમ દિશા પણ આગમમાં દર્શાવેલ છે. **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે દશ દિશા જણાવેલ છે. તે આ પ્રમાણે :-

પ્રશ્ન :- 'હે ભગવંત ! દિશાઓ કેટલી બતાવેલી છે ?'

ઉત્તર :- 'હે ગૌતમ ! દશ દિશા બતાવેલી છે. તે આ રીતે (૧) પૂર્વ, (૨) પૂર્વ-દક્ષિણ (= અગ્નિદિશા), (૩) દક્ષિણ દિશા, (૪) દક્ષિણ-પશ્ચિમ (= નૈઋત્ય દિશા), (૫) પશ્ચિમ, (૬) પશ્ચિમ -ઉત્તર (= વાયવ્ય દિશા),(૭) ઉત્તરદિશા, (૮) ઉત્તર-પૂર્વ (= ઈશાન દિશા), (૯) ઊર્ધ્વ દિશા, (૧૦) અધોદિશા.' તેથી આગમના આધારે કાળની જેમ દિશાને પણ અતિરિક્ત દ્રવ્ય માનવાની આપત્તિ આવશે. આ આપત્તિના આધારે કાળને અતિરિક્ત એક દ્રવ્ય સ્વરૂપ માની શકાય તેમ નથી.

❋ દિશા સ્વતંત્ર દ્રવ્ય છે કે નહિ ? મીમાંસા ❋

પૂર્વપક્ષ :- (**ननु.**) આકાશ કરતાં દિશા અતિરિક્ત દ્રવ્ય નથી. કારણ કે દિશાદ્રવ્યનું કાર્ય આકાશથી જ સિદ્ધ થઈ જાય છે. આ જ કારણસર **સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી** મહારાજે **દ્વાત્રિંશિકા** પ્રકરણમાં

---

[*] કો.(૧૨+૧૩)માં 'चान्य....' પાઠ. 1. कतिविधाः णं भदन्त ! दिशः प्रज्ञप्ताः ? गौतम ! दश दिशः प्रज्ञप्ताः। तद् यथा - [१]पूर्वा, [२]पूर्व-दक्षिणा, [३]दक्षिणा, [४]दक्षिण-पश्चिमा, [५]पश्चिमा, [६]पश्चिमोत्तरा, [७]उत्तरा, [८]उत्तर-पूर्वा, [९]ऊर्ध्वा, [१०]अधः।

એ *सिद्धसेनदिवाकर*કૃત *निश्चयद्वात्रिंशिका*ર્થ વિચારી, "આકાશથી જ દિક્કાર્ય સિદ્ધ હોઈ" ઇમ માનિયઇ*, તો કાલદ્રવ્યકાર્ય પણિ કથંચિત્ તેહથી જ ઉપપન્ન હોઇ.

(सि.द्वा.द्वा.१९/२५) इत्येवं **द्वात्रिंशिकाप्रकरणे** निश्चयद्वात्रिंशिकायामुक्तम्। तदर्थस्त्वेवम् — आकाशमवगाहाय क्लृप्तं भवति। तत एव दूरत्वाऽन्तिकत्वादिव्यवहारोपपत्तेः नैयायिकादिकल्पिता दिक् परमार्थतः तदनन्या = आकाशाऽनतिरिक्ता एव। अन्यथा = दिशः आकाशव्यतिरिक्तत्वाऽभ्युपगमे तौ = लोकाऽलोकौ अपि एवं = दिग्वद् गगनातिरिक्तौ स्याताम् अनुच्छेदात् = नित्यत्वात्। ताभ्यां = लोकालोकाभ्यां वा अन्यद् = अतिरिक्तं गगनं शास्त्रे उदाहृतं स्यात्। न चैवं लोकाऽलोक-गगन-दिग्लक्षणं द्रव्यचतुष्टयं सम्मतम्। ततश्च दिग्द्रव्यं नाऽऽकाशाऽतिरिक्तमिति सिद्धसेनदिवाकरकृतनिश्चयद्वात्रिंशिकार्थं विमृश्य 'दिक्कार्यस्य गगनादेव सम्भवे कुतोऽतिरिक्तदिग्द्रव्यकल्पना ?' इत्युच्यते ***चेत्*** ?

तर्हि कालद्रव्यकार्यमपि परत्वाऽपरत्वादिकं गगनादेव कथञ्चित् स्यादिति कालस्याऽपि दिश

निश्चयद्वात्रिंशिकाમાં જણાવેલ છે કે 'અવગાહનાસ્વરૂપ કાર્ય માટે આકાશ દ્રવ્ય માનવું જરૂરી છે. દિશા તો આકાશથી અભિન્ન છે. અન્યથા લોક અને અલોક પણ દિશાની જેમ આકાશ કરતાં અતિરિક્ત સિદ્ધ થઈ જશે. કારણ કે તેનો ઉચ્છેદ થતો નથી. અથવા તો લોકથી અને અલોકથી ભિન્ન આકાશ દ્રવ્ય દર્શાવેલ થશે.' થોડા વિસ્તારથી સમજવું હોય તો એમ કહી શકાય કે - "સર્વ દ્રવ્યની અવગાહના માટે આકાશ દ્રવ્ય આવશ્યક છે. અવગાહનાકાર્ય માટે જેની કલ્પના અનિવાર્ય છે તેવા આકાશ દ્વારા જ 'ઘટ પટથી દૂર છે', 'મઠ પર્વતની નજીક છે' - આ પ્રમાણે દૂરત્વ, સમીપત્વ વગેરેનો વ્યવહાર સંગત થઈ શકે છે. તેથી દૂરત્વ, સમીપત્વ વગેરે વ્યવહાર માટે નૈયાયિક વગેરે અન્યદર્શનીઓ દ્વારા જે દિશાદ્રવ્યની કલ્પના થાય છે, તે દિશા વાસ્તવમાં આકાશથી અભિન્ન જ છે. જો દિશાને આકાશથી જુદી માનવામાં આવે તો લોક અને અલોક પણ દિશાની જેમ ગગનથી અતિરિક્ત તરીકે સિદ્ધ થવાની આપત્તિ આવશે. કારણ કે દિશાની જેમ લોકનો અને અલોકનો ઉચ્છેદ થતો નથી. અર્થાત્ તે નિત્ય છે. પરંતુ લોક અને અલોક તો આકાશથી અતિરિક્ત નથી. તેથી દિશાને પણ આકાશથી ભિન્ન દ્રવ્ય તરીકે માનવાની આવશ્યકતા નથી. અથવા લોક અને અલોકથી ગગનને અતિરિક્ત દ્રવ્ય તરીકે આગમમાં દર્શાવેલ છે - તેવું માનવું પડશે. અર્થાત્ આમ થવાથી તો લોક, અલોક, આકાશ અને દિશા - આમ ચાર સ્વતંત્ર દ્રવ્યની કલ્પના કરવાની આપત્તિ આવશે. પરંતુ તેવું તો માન્ય જ નથી. આમ દિશાદ્રવ્ય આકાશથી ભિન્ન નથી." આ પ્રમાણે **નિશ્ચયદ્વાત્રિંશિકા**નો અર્થ વિચારીને એમ કહી શકાય છે કે - દૈશિક પરત્વ-અપરત્વ વગેરે કાર્ય આકાશ દ્વારા જ સંભવી શકે છે. તો પછી શા માટે ગગનભિન્ન દિશા દ્રવ્યની કલ્પના કરવી ?

❀ સ્થૂલ લોકવ્યવહારથી કાળદ્રવ્યની સિદ્ધિ ❀

ઉત્તરપક્ષ :- (तर्हि.) આવું જો તમે કહેતા હો તો તુલ્ય યુક્તિથી અમારે તમને કહેવું છે કે કાળદ્રવ્યના

* પુસ્તકોમાં 'માંનિઈ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

तस्मात् "कालश्चेत्येके" (त.सू.५/३८) इति सूत्रम् अनपेक्षितद्रव्यार्थिकनयेनैव। इति सूक्ष्मदृष्ट्या विभावनीयम् ॥१०/१३॥

इवाऽऽकाशादतिरिक्तत्वकल्पना अनुत्थानपराहता। तस्मात् "कालश्चेत्येके" (त.सू.५/३८) इति **तत्त्वार्थसूत्रं** वर्तनापर्यायनिरूपितापेक्षाकारणतासामान्यनिरपेक्षद्रव्यार्थिकनयेनैव सङ्गच्छत इति उपचारबहुलस्थूललोकव्यवहारमात्रसिद्धं दिग्द्रव्यमिव कालद्रव्यम्, न तु परमार्थत इति सूक्ष्मदृष्ट्या विभावनीयम्।

स्याद्वादकल्पलतायां शास्त्रवार्त्तासमुच्चयवृत्तौ यशोविजयवाचकोत्तमैः "वस्तुतः क्षणानाम् 'इदानीमि'ति धी-व्यपदेशनियामकः सम्बन्धविशेषः क्षणेषु क्षणपरिणतेषु च द्वेधा परेण वक्तव्यः, स्वस्मिन्नपि तथाधी

કાર્ય તરીકે સંમત કાલિક પરત્વ-અપરત્વ વગેરે પણ આકાશ દ્વારા જ કોઈ પણ રીતે સંગત થઈ જશે. તેથી દિશાની જેમ કાળમાં પણ ગગન કરતાં અતિરિક્ત પારમાર્થિક દ્રવ્યત્વની કલ્પના અનુત્થાનપરાહત થશે. અર્થાત્ અતિરિક્ત દિશાદ્રવ્યની કલ્પનાના ભયથી અતિરિક્ત કાલદ્રવ્યની કલ્પના ઉત્પન્ન થતાં પહેલા જ સમાપ્ત થઈ જશે. આમ કાળ પણ આકાશથી અભિન્ન સિદ્ધ થઈ જશે. પરંતુ કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે સિદ્ધ કરવું છે, તે તમારી યુક્તિ મુજબ સિદ્ધ નહિ થાય. તેથી 'कालश्चेत्येके' આ **तत्त्वार्थसूत्र**નું વચન અનપેક્ષિતદ્રવ્યાર્થિકનયથી (= વર્ત્તના પર્યાયની અનુગત અપેક્ષાકારણતાથી નિરપેક્ષ દ્રવ્યાર્થિકનયથી) જ સંગત થાય છે. એટલે કે વર્ત્તના પર્યાયના કારણ તરીકે સ્વતંત્ર કાળદ્રવ્ય સિદ્ધ કરી શકાતું નથી. પરંતુ ઉપચારબહુલ સ્થૂલલોકવ્યવહારથી જ દિશાદ્રવ્યની જેમ કાળ દ્રવ્ય તરીકે સિદ્ધ થાય છે. પરંતુ પરમાર્થથી કાળ દ્રવ્ય નથી. આ પ્રમાણે સૂક્ષ્મદૃષ્ટિથી વિચારણા કરવી.

કાળ બહિરંગ નહિ, અંતરંગ તત્ત્વ છે : સ્યાદ્વાદકલ્પલતા

(સ્યાદ્વાદ.) મહોપાધ્યાય શ્રી**યશોવિજયજી** મહારાજે પણ **શાસ્ત્રવાર્તાસમુચ્ચયવ્યાખ્યાસ્વરૂપ સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં અતિરિક્ત કાલ દ્રવ્યનો નિષેધ કરવાના આશયથી બહુ સુંદર મજાની વાત કરી છે. તે એ છે કે "વાસ્તવમાં તો અતિરિક્ત કાલવાદીએ ક્ષણોને વિશે 'इदानीं' = 'હમણાં' આ પ્રમાણે જે બુદ્ધિ અને વ્યવહાર થાય છે, તેનો વિશેષ પ્રકારનો સંબંધ ક્ષણોમાં અને તત્-તત્ ક્ષણથી પરિણત એવી વસ્તુમાં - આમ બે પ્રકારે જણાવવો પડશે. કેમ કે જેમ ક્ષણપરિણત = તત્-તત્ સમયવર્તી ઘટાદિ પદાર્થમાં 'इदानीं घटः, इदानीं पटः' આ પ્રમાણે બુદ્ધિ અને વ્યવહાર થાય છે તેમ ક્ષણમાં = કાળમાં પણ 'इदानीं रात्रिः, इदानीं दिनः, इदानीं प्रातःकालः' - ઈત્યાદિ પ્રતીતિ અને વ્યવહાર પ્રવર્તે જ છે. 'इदानीं' = 'एतत्क्षणवर्ती' અર્થાત્ ઘટ-પટાદિ પદાર્થમાં જેમ એતત્કાલવર્તિતાની પ્રતીતિ અને વ્યવહાર થાય છે તેમ રાત-દિવસ આદિ સ્વરૂપ કાળમાં પણ એતત્કાલવૃત્તિતાની પ્રતીતિ તથા વ્યવહાર થાય જ છે. તેથી અતિરિક્તકાલદ્રવ્યવાદી વિદ્વાનોએ 'एतत्क्षणवर्ती दिनः' - આવી પ્રતીતિનો અને વ્યવહારનો નિયામક સંબંધ તાદાત્મ્ય માનવો પડશે. કેમ કે ક્ષણ પણ કાળ છે અને દિવસ પણ કાળવિશેષ જ છે. પોતાની સાથે પોતાનો તાદાત્મ્યસંબંધ જ હોય. તથા તેમણે 'एतत्क्षणवर्ती घटः' - આવી પ્રતીતિનો અને વ્યવહારનો નિયામક સંબંધ તાદાત્મ્યભિન્ન જ માનવો પડશે. કેમ કે 'ક્ષણ = કાળ એ તો ઘટ, પટાદિ કરતાં ભિન્ન = અતિરિક્ત દ્રવ્ય છે' - એવું તેઓ માને છે. આમ અતિરિક્તકાલદ્રવ્યવાદી વિદ્વાનોએ ઉપરોક્ત પ્રતીતિ અને વ્યવહારના નિયામક તરીકે બે

-व्यपदेशप्रवृत्तेः। तथा चाऽन्तरङ्गत्वात् तादात्म्यनियत एव स उचितः इति सिद्धं क्षणरूपतया जगतः पर्यायतया क्षणभङ्गुरत्वम्।

तदुक्तं ग्रन्थकृतैव **धर्मसङ्ग्रहण्याम्** - [1]"जं वत्तणादिरूवो कालो दव्वस्स चेव पज्जाओ" (ध.स.३२) इति। [2]"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव अजीवा चेव" (**जीवाभिगम**) इति पारमर्षमप्येतदर्थानुपाति।

સંબંધવિશેષની કલ્પના કાળમાં અને તત્તત્કાલવર્તી વસ્તુમાં કરવી પડશે. 'इदानीं' એવી પ્રતીતિ 'एतत्क्षणवृत्तित्व'નું અવગાહન કરનારી છે. આમ તે પ્રતીતિનો વિષય કાળ બનતો હોવાથી આધેય તરીકે ઘટાદિને અને દિવસાદિને પોતાનો વિષય બનાવનારી તેવી બન્ને પ્રતીતિનો નિયામક સંબંધ એક માનવાથી અનતિરિક્તકાલવાદીના મતમાં સ્પષ્ટ લાઘવ છે. તે આ રીતે - અતિરિક્તકાલદ્રવ્યવાદીના મતે 'इदानीं दिनः' - આ પ્રતીતિનો નિયામક સંબંધ તો અંતરંગ જ છે. તેથી લાઘવને અનુસરીને પર્યાયકાલવાદી એમ કહે છે કે - 'इदानीं घटः' ઈત્યાદિ પ્રતીતિમાં પણ તે જ અંતરંગ સંબંધને નિયામક માનવો ઉચિત છે. 'एतत्क्षणवृत्तितानुं' નું અવગાહન કરનારી બે પ્રતીતિના જુદા-જુદા બે સંબંધને નિયામક માનવા તે ગૌરવગ્રસ્ત હોવાથી અનુચિત છે. તથા તે અંતરંગ સંબંધ તાદાત્મ્ય જ માનવો પડશે. બીજા બધા સંબંધો બહિરંગ છે. જ્યારે તાદાત્મ્યસંબંધ અંતરંગ છે. તેથી તાદાત્મ્યનિયત એવો અપૃથગ્ભાવ સંબંધ જ પ્રસ્તુતમાં સ્વીકારવો વ્યાજબી છે. મતલબ કે 'इदानीं दिनः' આ સ્થળે એતત્ક્ષણવૃત્તિતા = એતત્ક્ષણનિરૂપિતવૃત્તિતા જેમ તાદાત્મ્યવ્યાપ્ય અપૃથગ્ભાવસંબંધથી અવચ્છિન્ન બનીને દિવસમાં જણાય છે, તેમ 'इदानीं घटः' આ સ્થળે પણ ઘટમાં તાદાત્મ્યનિયતઅપૃથગ્ભાવસંબંધાવચ્છિન્ન એતત્ક્ષણનિરૂપિતવૃત્તિતા ભાસે છે - તેવું ઉપરોક્ત વિચારવિમર્શથી નક્કી થાય છે. અર્થાત્ અપૃથગ્ભાવસંબંધથી નિયંત્રિત એવી વર્તમાનક્ષણવૃત્તિતા દિવસ વગેરેની જેમ ઘટાદિમાં ભાસે છે - તેટલું નિશ્ચિત થયું. તથા આ અપૃથગ્ભાવસંબંધ તાદાત્મ્યનો વ્યાપ્ય હોવાથી ઘટાદિમાં એતત્ક્ષણના અપૃથગ્ભાવ દ્વારા એતત્ક્ષણનું તાદાત્મ્ય સિદ્ધ થશે. આ રીતે ઘટ-પટ વગેરે પદાર્થમાં કાળનું અપૃથક્ત્વ = તાદાત્મ્ય સિદ્ધ થવાથી ઘટ-પટાદિસ્વરૂપ જ કાળ તત્ત્વ સ્વીકારવું પડશે. આમ પર્યાયરૂપે સમગ્ર જગત ક્ષણાત્મક હોવાથી જગતમાં ક્ષણભંગુરતા સિદ્ધ થાય છે.

(**तदु.**) તેથી જ શાસ્ત્રવાર્તાસમુચ્ચયકાર **શ્રીહરિભદ્રસૂરિજી**એ જ **ધર્મસંગ્રહણિ**માં જણાવેલ છે કે 'વર્તનાદિસ્વરૂપ કાળ એ દ્રવ્યનો જ પર્યાય છે' તથા 'હે ભગવંત ! કાળ શું કહેવાય છે ?' 'હે ગૌતમ ! જીવો જ કાળ છે. તથા અજીવો જ કાળ છે' આ **જીવાજીવાભિગમ**વચન પણ પર્યાયકાલવાદને જ અનુસરે છે.

[redacted] :- 'જે ક્ષણે ઘટ છે તે જ ક્ષણે પટ છે' - આ પ્રમાણે વ્યવહાર થાય છે. આ વ્યવહારમાં ઘટ-પટની આધારભૂત ક્ષણ એક જ જણાય છે. તેથી જો ઘટ-પટસ્વરૂપ કાળનો સ્વીકાર કરવામાં આવે તો ઘટ-પટ પરસ્પર ભિન્ન હોવાથી ઉપરોક્ત વ્યવહાર સંગત નહિ થઈ શકે. તે વ્યવહાર સિદ્ધ કરે છે કે ઘટ, પટ વગેરે આધેય દ્રવ્ય કરતાં આધારભૂત ક્ષણાત્મક કાલ અતિરિક્ત દ્રવ્ય છે. તો જ અનુગત એક અતિરિક્ત ક્ષણમાં ઘટ, પટ વગેરે અનનુગત-વિભિન્ન પદાર્થો રહી શકે.

---

1. यद् वर्तनादिरूपः कालो द्रव्यस्यैव पर्यायः। 2. किम् अयं भदन्त ! काल इति प्रोच्यते ? गौतम ! जीवाश्चैव, अजीवाश्चैव।

'यस्मिन्नेव क्षणे घटस्तस्मिन्नेव पटः' - इति तु शब्दमात्रम् इति न साधारणाऽतिरिक्तक्षणसाधकम्" (शा.स.६/३७) इति यदुक्तं तदप्यत्राऽनतिरिक्तकालवादोपबृंहकतयाऽनुसन्धेयम्।

अथ कालपर्यायपक्षे 'इदानीं घट' इत्यत्र घटे भासमानम् एतत्कालवृत्तित्वं व्याहन्येत, द्रव्ये पर्यायनिरूपितवृत्तिताया असम्भवादिति ***चेत्*** ?

न, तत्र घटे एतत्कालवैशिष्ट्यस्यैव पूर्वोक्तरीत्या (९/१०) अभ्युपगमादिति दिक्।

श्रीहरिभद्रसूरिवराणामपि कालद्रव्यपक्षे स्वरसो नासीत्, अन्यथा तैः **आवश्यकनिर्युक्तिवृत्तौ ध्यानशतकव्याख्या**ऽवसरे [1]"जिणदेसियाइं लक्खण-संठाणाऽऽसण-विहाण-माणाइं" (ध्या.श.५२) इत्यादिगाथा-विवरणे जीवादिपञ्चद्रव्याणां यथा स्वतन्त्रं संस्थानं दर्शितं तथा कालस्यापि स्वतन्त्रं संस्थानं दर्शितं

ॐ शब्दमात्र वस्तुसाधक नथी ॐ

समाधान :- (**'यस्मिन्नेव.**) 'જે ક્ષણે ઘટ છે તે જ ક્ષણે પટ છે' - ઈત્યાદિ વ્યવહાર તો શબ્દમાત્રસ્વરૂપ છે. તેનાથી કાંઈ ઘટ, પટ આદિ પદાર્થથી ભિન્ન અનુગત ક્ષણની = કાળની સિદ્ધિ થઈ શકતી નથી." આ પ્રમાણે **शास्त्रवार्तासमुच्चय** ગ્રંથની **स्याद्वादकल्पलता** નામની વ્યાખ્યામાં **महोपाध्यायजी** મહારાજે જે વાત જણાવેલી છે તેનું પણ પ્રસ્તુતમાં અનતિરિક્ત કાલવાદનું સમર્થન કરનાર યુક્તિસ્વરૂપે અનુસંધાન કરવું.

સ્પષ્ટતા :- 'બગાસું ખાધું, તમાચો ખાધો, હીંચકો ખાધો, પૈસા ખાધા, માર ખાધો, છીંક ખાધી, ઉધરસ ખાધી...' ઈત્યાદિ વ્યવહારમાં 'ખાધું', 'ખાધો', 'ખાધી' આ શબ્દનો ભોજન સ્વરૂપ કોઈ તાત્ત્વિક અનુગત અર્થ નથી. તે જ રીતે 'જે ક્ષણમાં પટ છે, તે જ ક્ષણમાં ઘટ છે' - ઈત્યાદિ વ્યવહારમાં ક્ષણ શબ્દનો કોઈ તાત્ત્વિક અનુગત એક અર્થ નથી.

દલીલ :- (**अथ.**) કાલપર્યાયપક્ષમાં 'इदानीं घटः' - આવો વાક્યપ્રયોગ અસંગત થશે. કારણ કે ત્યાં ઘટમાં જે એતત્કાલવૃત્તિતા જણાય છે તે બાધિત છે. કાળ જો પર્યાય હોય તો તેનાથી નિરૂપિત વૃત્તિતા ઘટદ્રવ્યમાં કઈ રીતે સંભવે ? દ્રવ્યમાં પર્યાય રહે. પણ પર્યાયમાં તો દ્રવ્ય ન જ રહે ને !

નિરાકરણ :- (**न.**) નવમી શાખાના દશમા શ્લોકમાં જણાવ્યા મુજબ, 'इदानीं' નો અર્થ એતત્કાલવિશિષ્ટતા જ માન્ય છે. એતત્કાલવૃત્તિતા નહિ. પર્યાયાત્મક વર્તમાન ક્ષણમાં ઘટ રહેતો ન હોવા છતાં તે વર્તમાન ક્ષણથી વિશિષ્ટ તો જરૂર બને છે. તેથી કાલપર્યાયપક્ષમાં ઉપરોક્ત વાક્યપ્રયોગ અબાધિત જ રહે છે. અહીં જે કહેવાયેલ છે, તે એક દિગ્દર્શનમાત્ર છે. તે મુજબ આગળ ઊંડાણથી વિચારવું.

ॐ કાળ અંગે શ્રીહરિભદ્રસૂરિનો અભિપ્રાય ॐ

(**श्रीहरि.**) શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજને પણ 'કાળ એ દ્રવ્ય છે' - આ મતમાં સ્વરસ નહિ હોય. બાકી તો **आवश्यकनिर्युक्तिव्याख्या**માં **ध्यानशतक**ના વિવરણના અવસરે 'શ્રીજિનેશ્વર ભગવંતે દ્રવ્યોના લક્ષણ, સંસ્થાન, આસન, વિધાન, માન વગેરે જણાવેલા છે....' ઈત્યાદિ બાબતનું નિરૂપણ કરનારી ગાથાના વિવેચનમાં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે જીવ વગેરે પાંચ દ્રવ્યના જેમ સ્વતંત્ર સંસ્થાન જણાવ્યા તેમ કાળનું પણ સ્વતંત્ર સંસ્થાન જણાવેલ હોત. પરંતુ તેઓશ્રીએ કાળનું પરિમાણ = સંસ્થાન = આકાર

1. जिनदेशितानि लक्षण-संस्थानाऽऽसन-विधान-मानानि।

स्यात्। न च तैः दर्शितमिति तेषां कालद्रव्यपक्षे स्वरसो नासीदित्यवसीयते। पूर्वं तत्रैव तैः "काल -भावौ हि तत्पर्यायौ" (आ.नि.१२७ वृ.) इति कण्ठतः कालस्य पर्यायरूपतोक्ता। 'तदि'ति द्रव्यं ज्ञेयम्। [1]"जिणदेसियाइं लक्खण-संठाण..." (ध्या.५२) इत्यादि**ध्यानशतकगाथा**विवरणे **हरिभद्रीयावश्यक-टिप्पणके मलधारिहेमचन्द्रसूरि**भिरपि यः एव मनुजक्षेत्राकारः स एव कालस्यापि उपचारतो दर्शितः, न तु परमार्थवृत्त्या। **धर्मरत्नप्रकरणवृत्तौ जयन्ती**श्राविकाकथायां श्रीदे**वेन्द्रसूरि**भिरपि [2]"कालो उ वत्तणारूवो। नियसंठाणविमुक्को, उवयारा, दव्वपज्जाओ।।" (ध.र.४६/ज.२३) इत्युक्त्या वर्त्तनारूपतया द्रव्यपर्यायात्मकस्य कालस्य परमार्थतः स्वसंस्थानरहितत्वेऽपि उपचारतः संस्थानं दर्शितम्।

आवश्यकसूत्रावचूर्ण्यां ध्यानशतकव्याख्याऽवसरे [3]"जिणदेसियाइं लक्खण-संठाणे"(ध्या.श.५२)त्यादि-गाथाविवरणे कालसंस्थानप्रतिपादनाऽवसरे "कालस्य मनुष्यक्षेत्राकृतिः। सूर्यादिक्रियाऽभिव्यङ्ग्यो हि कालः किल मनुष्यक्षेत्र एव वर्तते। अतो य एवाऽस्याऽऽकारः स एव कालस्य उपचारतो विज्ञेयः" (आ.सू.अव.ध्या.श.५२ पृ.४८१) इत्युक्त्या **ज्ञानसागरसूरी**णामपि कालस्य स्वतन्त्रद्रव्यत्वम् अनभिमतम्, अन्यथा कालस्य निरुपचरितं संस्थानं तैः दर्शितं स्यादित्यवधेयम्।

દર્શાવેલ નથી. તેથી જણાય છે કે 'કાળ એ દ્રવ્ય છે' - આ પક્ષમાં તેઓશ્રીને સ્વરસ નહિ હોય. તેમજ તેઓશ્રીએ **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં જ પૂર્વે 'કાળ અને ભાવ એ દ્રવ્યના પર્યાય જ છે' - આમ સ્પષ્ટપણે કહેવા દ્વારા કાળને પર્યાયાત્મક જણાવેલ છે. 'જિણદેસિયાઇં...' ઈત્યાદિ **ધ્યાનશતક**ની ગાથાના વિવરણ પ્રસંગે **હારિભદ્રીઆવશ્યકવૃત્તિ**ના **ટિપ્પણ**માં મલધારી **હેમચંદ્રસૂરિ**જીએ પણ જે મનુષ્યક્ષેત્રનો આકાર છે, તે જ આકાર કાળમાં પણ ઉપચારથી જણાવેલ છે. પરંતુ કાળનો અનુપચરિત આકાર ત્યાં જણાવેલ નથી. 'કાળ તો વર્ત્તનારૂપ છે, દ્રવ્યપર્યાયાત્મક છે. તે પોતાના સંસ્થાનથી રહિત છે. ઉપચારથી કાળ સંસ્થાનયુક્ત દ્રવ્ય છે' - આ મુજબ **ધર્મરત્નપ્રકરણવૃત્તિ**માં **જયંતી**શ્રાવિકાની કથામાં કહીને શ્રી**દેવેન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'વર્ત્તનાસ્વરૂપ હોવાથી કાળ દ્રવ્યના પર્યાયસ્વરૂપ છે. તેથી કાળ પરમાર્થથી સંસ્થાનશૂન્ય છે. તેમ છતાં ઉપચારથી કાળમાં સંસ્થાન છે.' મતલબ કે તેમના મતે પણ કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી.

ॐ કાળ અંગે જ્ઞાનસાગરસૂરિજીનો અભિપ્રાય ॐ

(**आव.**) શ્રી **જ્ઞાનસાગરસૂરિજી** મહારાજે **આવશ્યકસૂત્ર**ની **અવચૂર્ણિ** રચેલી છે. ત્યાં **ધ્યાનશતક**ની વ્યાખ્યા કરવાના અવસરે 'જિણદેસિયાઇં' આ પ્રમાણે જે ઉપરોક્ત ગાથા આવે છે તેનું સ્પષ્ટીકરણ કરતાં કાલસંસ્થાન આ પ્રમાણે જણાવેલ છે કે "કાળ એ મનુષ્યક્ષેત્રની આકૃતિવાળો છે. કાળની અભિવ્યક્તિ સૂર્ય વગેરેની ક્રિયા દ્વારા થાય છે. આ કાળ મનુષ્યક્ષેત્રમાં જ રહે છે. તેથી જે મનુષ્યક્ષેત્રનો આકાર છે તે જ આકાર ઉપચારથી કાળનો જાણવો." મતલબ કે તેઓશ્રીએ પણ કાળનું સંસ્થાન ઔપચારિક = આરોપિત જ જણાવેલ છે. તેથી તેમને પણ કાળ એ સ્વતંત્ર દ્રવ્ય તરીકે માન્ય નથી. જો કાળ એ સ્વતંત્ર દ્રવ્ય હોત તો કાળનું અનુપચરિત = સ્વાભાવિક = વાસ્તવિક સંસ્થાન ત્યાં બતાવેલું હોત. કારણ કે દરેક સ્વતંત્ર દ્રવ્યને પોતાનું મૌલિક = અનુપચરિત = નિરુપાધિક એવું સંસ્થાન = આકાર

1+3. जिनदेशितानि लक्षण-संस्थान...। 2. कालस्तु वर्त्तनारूपः। निजसंस्थानविमुक्तः, उपचारात्, द्रव्यपर्यायः।।

"कालस्य उपचारेण भिन्नद्रव्यता उक्ता। सा च व्यवहारनयाऽपेक्षया। आदित्यगतिपरिच्छेदपरिमाणः कालः समयक्षेत्रे एव। एष व्यवहारकालः समयावलिकादिरूपः" (न.च.सा.पृ.१२७) इति **नयचक्रसारे देवचन्द्र**वाचकाः। तत्रैवाऽग्रे तैः "कालस्य पञ्चास्तिकायपर्यायत्वेनैव आगमे उक्तत्वाद्" (न.च.सा. पृ.१५६) इत्युक्तम्।

किञ्च, केवलिनम् अधिकृत्य **आवश्यकनिर्युक्तौ** [1]"संभिन्नं पासंतो लोगमलोगं च सव्वओ सव्वं। तं नत्थि जं न पासइ भूयं भव्वं भविस्सं च।।" (आ.नि.१२७) इति यदुक्तं तत्र सम्भिन्नपदव्याख्यानावसरे **श्रीहरिभद्रसूरिभिः** "सम्भिन्नमिति द्रव्यं गृह्यते। कथम् ? काल-भावौ हि तत्पर्यायौ। ताभ्यां समस्ताभ्यां समन्ताद् वा भिन्नं = सम्भिन्नम्" (आ.नि.१२७ हा.वृ.) इत्युक्तम्। **विशेषावश्यकभाष्यवृत्तौ** (वि.आ.भा.१३४२) **श्रीहेमचन्द्रसूरीणामपि** अयमेवाऽभिप्रायः। ततश्च कालः पर्यायात्मक एव सङ्गच्छते।

अथ कालशब्दबलादेव अतिरिक्तकालद्रव्यमभ्युपगम्यते । यथोक्तं स्वतन्त्रकालवादिमतनिरूपणावसरे **लोकप्रकाशे विनयविजयवाचकेन** "यत् शुद्धपदवाच्यं तत् सदित्यनुमितेरपि। षष्ठं द्रव्यं दधत् सिद्धिं कालाख्यं

હોય છે. તેથી 'કાળ ઔપચારિક દ્રવ્ય છે' - એવું સિદ્ધ થાય છે. આ વાત ખ્યાલમાં રાખવી.

❀ કાળ પંચાસ્તિકાયપર્યાય : શ્રીદેવચન્દ્રજી વાચક ❀

("काल.) **नयचक्रसार**માં ઉપાધ્યાય શ્રીદેવચન્દ્રજીએ આ અંગે જણાવેલ છે કે 'કાલતત્ત્વ ઉપચારથી ભિન્ન દ્રવ્ય તરીકે જણાવેલ છે. કાળમાં સ્વતંત્રદ્રવ્યતા વ્યવહારનયની અપેક્ષાએ સમજવી. મનુષ્યક્ષેત્રમાં સૂર્યની ગતિના જ્ઞાનથી જેનું માપ નક્કી થાય છે, તે વ્યવહારકાળ = વ્યવહારનયસંમત કાળ સમય, આવલિકા વગેરે સ્વરૂપ છે. તે વ્યવહારકાળ મુખ્યવૃત્તિથી મનુષ્યક્ષેત્રમાં જ છે.' **નયચક્રસાર**માં જ તેઓશ્રીએ આગળ ઉપર જણાવેલ છે કે 'પંચાસ્તિકાયના પર્યાય સ્વરૂપે જ કાળ આગમમાં દર્શાવેલ છે.'

❀ શ્રીહરિભદ્રસૂરિ વગેરેના મતે કાળ પર્યાયાત્મક ❀

(किञ्च.) વળી, **આવશ્યકનિર્યુક્તિ**માં કેવલી ભગવંતને આશ્રયીને **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ જણાવેલ છે કે "ચોતરફ સંભિન્ન-સંપૂર્ણ લોકને અને અલોકને જોતા એવા કેવલજ્ઞાની માટે તેવું કશું પણ નથી, ન હતું અને નહિ હોય કે જેને કેવલજ્ઞાની જોતા ન હોય." પ્રસ્તુત ગાથાની વ્યાખ્યામાં 'संभिन्न' પદનું વિવરણ કરવાના અવસરે **શ્રીહરિભદ્રસૂરિજી**એ કહેલ છે કે "અહીં 'संभिन्न' શબ્દથી દ્રવ્યને ગ્રહણ કરવું. કારણ કે કાલ અને ભાવ તો વાસ્તવમાં દ્રવ્યના પર્યાય જ છે. સમસ્ત કાલથી અને તમામ ભાવથી ભેદાયેલું દ્રવ્ય એ જ 'संभिन्न' પદાર્થ છે. અથવા તો ચોતરફ ભેદાયેલું દ્રવ્ય એ 'संभिन्न' પદાર્થ છે." આના દ્વારા 'કાળ સ્વતન્ત્ર દ્રવ્યાત્મક નથી પરંતુ પર્યાયાત્મક છે' - તેમ ફલિત થાય છે. મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિ**વરે પણ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં ઉપરોક્ત ગાથાના વિવરણમાં આવા પ્રકારનો જ પોતાનો અભિપ્રાય જણાવેલ છે. તેથી કાલતત્ત્વ પર્યાયાત્મક જ સંગત થાય છે.

શંકા :- **(अथ.)** 'काल'શબ્દ કાળદ્રવ્યને સિદ્ધ કરી આપશે. તેથી 'काल' શબ્દના બળથી જ અમે સ્વતંત્ર કાલદ્રવ્યને માનીએ છીએ. ઉપાધ્યાય **શ્રીવિનયવિજયજી** સ્વતંત્રકાલવાદીના મતને બતાવતા **લોકપ્રકાશ**માં જણાવે છે કે "જે વસ્તુ શુદ્ધ = અસામાસિક એક જ પદ વડે કહેવાતી હોય તે सत्

---

1. सम्भिन्नं पश्यन् लोकमलोकं च सर्वतः सर्वम्। तद् नास्ति यद् न पश्यति भूतं भव्यं भविष्यच्च ।।

को निवारयेत् ?।।" (काललोकप्रकाश २८/२०) इति ***चेत्*** ?

तर्हि लोकशब्देन सोऽप्यतिरिच्येत। न चैतदस्ति, जीवाऽजीवयोरेव लोकत्वात्। यथोक्तं **स्थानाङ्गसूत्रे** [1]"के अयं लोगे ? जीवच्चेव, अजीवच्चेव" (स्था.सू.२/४/११४) इति। तदुक्तं **सूत्रकृताङ्गसूत्रे**ऽपि [2]"दुहओ लोगं जाणेज्जा। तं जहा - जीवा चेव, अजीवा चेव" (सू.कृ.२/१/१३/पृ.२९२) इति। ***एतेन*** [3]"किमियं भंते ! लोए त्ति पवुच्चइ ? गोयमा ! पंचत्थिकाया" (भ.सू.१३/४/४८१) इति पूर्वोक्तं (१०/९ + ११) **भगवतीसूत्र**वचनम्, [4]"पंचत्थिकायमइयं लोगमणाइणिहणं जिणक्खायं" (ध्या.श.५३) इति च पूर्वोक्तं (१०/९) **ध्यानशतक**वचनं ***व्याख्यातम्,*** पञ्चास्तिकायमयत्वाद् लोकस्य, तेषाञ्च जीवाजीवरूपत्वात्। कालस्य स्वतन्त्रद्रव्यत्वे षड् अस्तिकायाः प्रसज्येरन्निति पूर्वोक्तरीत्या (१०/११) भावनीयम्।

किञ्च, ज्ञेयं पञ्चास्तिकायपर्यायराशिप्रमाणमेव आगमेऽभिहितम्। यदि कालः षष्ठं द्रव्यं

= વિદ્યમાન જ હોય - આ પ્રમાણે અનુમાન પ્રમાણથી પણ કાળ નામનું છઠ્ઠું દ્રવ્ય સિદ્ધ થાય છે. તેને કોણ નિવારી શકે ? અર્થાત્ શુદ્ધપદની વાચ્યતા દ્વારા સ્વતંત્ર કાલદ્રવ્ય સિદ્ધ થાય છે."

❀ કાળ અને લોક જીવ-અજીવસ્વરૂપ છે ❀

[redacted]:- (**तर्हि**.) જો માત્ર શબ્દના બળથી જ અતિરિક્ત પદાર્થની સિદ્ધિ થઈ શકતી હોય તો 'લોક' શબ્દના બળથી અતિરિક્ત = સ્વતંત્ર લોકદ્રવ્યની પણ સિદ્ધિ થવાની આપત્તિ આવશે. મતલબ કે તમારે કાળની જેમ લોકને પણ સ્વતંત્ર દ્રવ્ય માનવું પડશે. પરંતુ તેવું તો આગમસંમત નથી. આગમમાં તો જીવ અને અજીવ સ્વરૂપ જ લોક બતાવેલ છે. **ઠાણાંગસૂત્ર**માં જણાવેલ છે કે "આ 'લોક' શબ્દથી શું કહેવાય છે ? જીવ એ જ લોક કહેવાય છે અને અજીવ એ જ લોક કહેવાય છે." તેમજ **સૂયગડાંગસૂત્ર**માં પણ પુંડરીક અધ્યયનમાં જણાવેલ છે કે 'લોકને બે પ્રકારે સમજવો. તે આ પ્રમાણે - (૧) જીવો એ જ લોક છે તથા (૨) અજીવો એ જ લોક છે.' આથી જેમ સ્થાનાંગસૂત્ર તથા સૂત્રકૃતાંગસૂત્ર મુજબ લોક જીવ-અજીવસ્વરૂપ છે, તેમ **જીવાજીવાભિગમસૂત્ર** મુજબ, કાલ પણ જીવ-અજીવસ્વરૂપ જ છે - તેવું સ્વીકારવું જોઈએ. **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે જણાવેલ છે કે 'હે ભગવંત ! આ લોક શું કહેવાય છે ?' 'ગૌતમ ! પાંચ અસ્તિકાયો એ જ લોક કહેવાય છે.' પૂર્વે (૧૦/૯ + ૧૧) આ સંદર્ભ દર્શાવેલ છે. તેમજ પૂર્વોક્ત (૧૦/૯) **ધ્યાનશતક** સંદર્ભમાં જણાવેલ છે કે 'જિનેશ્વર ભગવંતે કહેલ છે કે - લોક અનાદિ-અનંત અને પંચાસ્તિકાયમય છે.' આ બાબતની પણ ઉપરોક્ત કથનથી છણાવટ થઈ જાય છે. કેમ કે લોક પંચાસ્તિકાયમય છે અને પાંચ અસ્તિકાય જીવ-અજીવસ્વરૂપ છે. જો કાળ સ્વતંત્ર દ્રવ્ય હોત તો આગમમાં છ અસ્તિકાય બતાવેલ હોત. પરંતુ તેમ જણાવેલ નથી. આ શાખાના અગિયારમા શ્લોકની વ્યાખ્યામાં આ બાબત જણાવેલ જ છે. તે મુજબ આ બાબત વિચારવી. તેથી કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી.

❀ પંચાસ્તિકાયપર્યાયસમૂહ જ્ઞેય હોવાથી કાળ દ્રવ્ય નથી ❀

(**किञ्च**.) વળી, પાંચ અસ્તિકાય અને તેના પર્યાયો - આ બન્નેનો સમૂહ આટલું જ ફક્ત જ્ઞેય

1. कः अयं लोकः ? जीवः चैव अजीवः चैव। 2. द्विधा लोकं जानीयात्। तद् यथा - जीवाः चैव अजीवाः चैव।
3. पञ्चास्तिकायमयं लोकम् अनादिनिधनं जिनाऽऽख्यातम्। 4. कोऽयं भदन्त ! लोक इति प्रोच्यते ? गौतम ! पञ्चास्तिकायाः।

स्यात् तर्हि षड्द्रव्यपर्यायराशिमानं ज्ञेयं आगमोक्तं भवेत्। न चैवमस्ति। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"पंचत्थिकायपज्जयमाणं नेयं जओऽभिहियं" (वि.आ.भा.१३४५) इति। अतः कालस्य नाऽतिरिक्तद्रव्यत्वम् आगमसम्मतमिति ज्ञायते। [2]"कालो वि दव्वधम्मो निक्किरिओ" (वि.आ.भा.१५३९) इत्यत्र **विशेषावश्यकभाष्य**-वचने पूर्वोक्ते (१०/११) स्पष्टतया क्लृप्तद्रव्यपर्यायरूपतैव वर्त्तनारूपस्य कालस्य अभिहिता।

इदमेवाऽभिप्रेत्य श्रुतविषयनिरूपणे "श्रुतज्ञानी द्रव्यतः पञ्चास्तिकायद्रव्याणि जानाति" (वि.आ.भा.५५३ वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** उक्तम्। **कोट्याचार्यैरपि विशेषावश्यकभाष्यवृत्तौ** "श्रुतज्ञानी द्रव्यतः पञ्चास्तिकायान् जानाति" (वि.आ.भा.५५६ वृ.) इत्युक्तम्। प्रकृते "नास्ति पञ्चास्तिकायात्मको लोकः - इति मृषावादस्य सर्वद्रव्यविषयत्वाद्" (वि.आ.भा.२६३७ मल.वृ.) इति **विशेषावश्यकभाष्यमलधार-वृत्ति**वचनमपि अर्थापत्त्या षष्ठं स्वतन्त्रं कालद्रव्यं निराकरोतीति द्रष्टव्यम्।

[3]"जेसिं अत्थि सहाओ गुणेहिं सह पज्जएहिं विविहेहिं। ते होंति अत्थिकाया णिप्पण्णं जेहिं तेल्लोक्कं।।" (प.स.५) इति **पञ्चास्तिकायसङ्ग्रहे कुन्दकुन्दस्वामि**वचनमपि अर्थापत्त्या त्रैलोक्यघटकाऽतिरिक्तषष्ठकाल-

---

तरीके आगममां जणावेल छे. जो काळ छट्ठुं द्रव्य होत तो छ द्रव्य अने तेना पर्याय - आ बन्नेना समूहने ज्ञेयपदार्थ तरीके आगममां जणावेल होत. परंतु आवुं जणावेल नथी. **विशेषावश्यकभाष्य**मां जणावेल छे के 'पांच अस्तिकाय अने तेना पर्यायो - आ बन्नेनो समूह ए ज ज्ञेयपदार्थनुं माप छे. आवुं शास्त्रमां कह्युं छे.' तेथी 'काळ स्वतंत्र द्रव्य छे' - आ वात आगमसंमत नथी - तेम जणाय छे. तथा आगळ उपर 'काळ पण द्रव्यधर्म छे, निष्क्रिय छे' - आवुं कहीने पूर्वोक्त (१०/११) **विशेषावश्यकभाष्य** संदर्भमां स्पष्टपणे वर्त्तनारूप काळने प्रमाणसिद्ध द्रव्यना पर्यायस्वरूपे ज जणावेल छे.

✵ अर्थापत्तिथी स्वतंत्र कालद्रव्यनो निषेध ✵

(इद.) पांच द्रव्य करतां अतिरिक्त = स्वतंत्र द्रव्य न होवाना अभिप्रायथी ज **विशेषावश्यकभाष्य**नी व्याख्यामां मलधारी श्रीहेमचन्द्रसूरिजीए श्रुतज्ञानना विषयनुं निरूपण करवाना अवसरे जणावेल छे के 'श्रुतज्ञानी द्रव्यथी पंचास्तिकाय द्रव्योने जाणे छे.' **कोट्याचार्य**जीए पण **विशेषावश्यकभाष्यवृत्ति**मां पण आ ज वात करेल छे. जो काळ स्वतंत्र द्रव्य होय तो 'द्रव्यथी छ द्रव्योने जाणे छे' - आवुं तेमणे जणाव्युं होत. ते ज रीते प्रस्तुतमां **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**नुं एक निरूपण पण स्वतंत्र छट्ठा काळद्रव्यनुं निराकरण करे छे. त्यां जणावेल छे के 'पंचास्तिकायात्मक लोक नथी' - आवो मृषावाद सर्वद्रव्यविषयक छे. जो काळ छट्ठुं द्रव्य होत तो 'षड्द्रव्यात्मक लोक नथी' - आवा मृषावादने सर्वद्रव्यविषयक जणावेल होत. परंतु तेवुं तेमणे नथी जणाव्युं. तेथी काळ स्वतंत्र छट्ठुं द्रव्य नथी - तेम अर्थापत्तिथी सिद्ध थाय छे.

✵ दिगंबरमते (!) पण अतिरिक्त कालद्रव्यनो निषेध सूचित ✵

("जेसिं.) 'विविध गुणो अने पर्यायो साथे जेमनुं निजस्वरूप (वणायेल) छे ते अस्तिकायो छे के जेमनाथी त्रण लोक निष्पन्न छे' - ए प्रमाणे **पंचास्तिकायसंग्रह**मां **कुंदकुंदस्वामी**नुं विधान पण

---

1. पञ्चास्तिकायपर्यायमानं ज्ञेयं यतोऽभिहितम्। 2. कालोऽपि द्रव्यधर्मः निष्क्रियः। 3. येषाम् अस्ति स्वभावः गुणैः सह पर्ययैः विविधैः। ते भवन्ति अस्तिकायाः निष्पन्नं यैः त्रैलोक्यम्।।

द्रव्यं प्रतिषेधयति, अन्यथा न्यूनता आपद्येत इति विभावनीयम्।

परैरपि कैश्चित् कालस्याऽतिरिक्तनित्यद्रव्यता नाऽङ्गीक्रियते। तथाहि – **न्यायभूषणे भासर्वज्ञेन** "न द्रव्यं कालः" (न्या.भू.परि.३/पृ.५९३) इत्यादिना, **रघुनाथशिरोमणिना** च नव्यनैयायिकमुख्येन **पदार्थ-तत्त्वनिरूपणे** "दिक्कालौ नेश्वरादतिरिच्येते, मानाभावाद्" (प.त.नि.पृ.१) इत्यादिना कालस्य स्वतन्त्रद्रव्यत्वं निराकृतम्।

वेदान्तिना **चित्सुखाचार्येण** तु **तत्त्वप्रदीपिकायां** "प्रत्यक्षाऽगोचरत्वेन परत्वादेरलिङ्गतः। स्वरूपतो-ऽनिमित्तत्वादुपाधौ निष्फलत्वतः।। दिवाकरपरिस्पन्द-पिण्डसंयोगसम्भवात्। व्यापिनश्चेतनादेव कथं कालः प्रसिध्यति।।" (त.प्र.पृ.५१०) इत्यादिना कालस्याऽतिरिक्तद्रव्यता प्रतिक्षिप्ता।

"सूर्यो योनिः कालस्य" (मै.उप.५/२) इति **मैत्रायण्युपनिषदुक्तिरपि** कालस्य नित्यद्रव्यत्वे बाधिका वर्तते। सूर्ययोनिकत्वोक्त्या पर्यायात्मकस्य कालस्य सार्धद्वितयद्वीपवर्तिता ध्वन्यते।

ત્રૈલોક્યઘટક એવું અતિરિક્ત કાલ નામનું છઠ્ઠું દ્રવ્ય નથી - તેવું અર્થાપત્તિથી સૂચિત કરે છે. કાળ સ્વતંત્ર દ્રવ્ય હોય તો ત્રૈલોક્યને અસ્તિકાયનિષ્પન્ન કહેવામાં ન્યૂનતા દોષ લાગુ પડે. કેમ કે કાળ અસ્તિકાય તરીકે કોઈને પણ માન્ય નથી. આ પ્રમાણે ઊંડાણથી વિભાવના કરવી.

卐 अन्य दर्शनकारोनी दृष्टिए अतिरिक्त काळ द्रव्यनुं निराकरण 卐

(**परैरपि.**) અન્ય પણ કેટલાક દર્શનકારો કાળને અતિરિક્ત નિત્યદ્રવ્ય માનતા નથી. તે આ મુજબ.

(૧) **ન્યાયભૂષણ** ગ્રંથમાં **ભાસર્વજ્ઞ** નામના વિદ્વાને જણાવેલ છે કે 'કાળ એ દ્રવ્ય નથી.'

(૨) નવ્યનૈયાયિકશિરોમણિ **રઘુનાથ શિરોમણિએ પદાર્થતત્ત્વનિરૂપણ** નામના ગ્રંથમાં 'દિશા અને કાળ ઈશ્વર કરતાં અતિરિક્ત નથી. કારણ કે તેવું માનવામાં કોઈ પ્રમાણ નથી' - ઈત્યાદિ નિરૂપણ કરવા દ્વારા 'કાળ એ સ્વતંત્ર દ્રવ્ય નથી' - તેવું પ્રતિપાદન કરેલ છે.

(૩) (**वेदा.**) **चित्सुख** નામના વેદાંતી આચાર્યે તો 'કાળ એ અતિરિક્ત દ્રવ્ય નથી' - એવું સિદ્ધ કરવા માટે **તત્ત્વપ્રદીપિકા** ગ્રંથમાં જણાવેલ છે કે 'કાળ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી. પરત્વ વગેરે કાળના લિંગ નથી. સ્વરૂપથી કોઈ પણ કાર્યનું નિમિત્ત કાળતત્ત્વ નથી. ઉપાધિને સ્વીકારવામાં આવે તો કાળતત્ત્વનો સ્વીકાર નિષ્ફળ જાય છે. અર્થાત્ કાળતત્ત્વ પોતાના સ્વરૂપથી કોઈ પણ કાર્ય કરતું ન હોય અને ઉપાધિથી = કાલિકઉપાધિથી = અનિત્યપદાર્થથી તે સ્વકાર્યને કરતું હોય તો તેવા ઉપાધિસાપેક્ષ કાળતત્ત્વનો સ્વીકાર નિષ્ફળ છે. તેવા કાળતત્ત્વનો સ્વીકાર કરવાનું કોઈ પ્રયોજન નથી. તથા સર્વવ્યાપી ચેતનાથી = બ્રહ્મતત્ત્વથી જ સૂર્યની પરિસ્પંદક્રિયા અને દેહાદિ પિંડનો સંયોગ સંભવી શકે છે અને તેના દ્વારા જ પરત્વ-અપરત્વાદિનો વ્યવહાર સંભવી શકે. તેથી સ્વતંત્ર કાળદ્રવ્ય કઈ રીતે પ્રમાણ દ્વારા સિદ્ધ થાય?'

(૪) ("**सूर्यो.**) 'સૂર્ય કાળની યોનિ છે' - આ **મૈત્રાયણી ઉપનિષદ્**નું વચન પણ કાળને નિત્ય દ્રવ્ય માનવામાં બાધક છે. 'સૂર્ય કાળની યોનિ છે' - આ ઉક્તિથી 'પર્યાયાત્મક કાળ અઢી દ્વીપમાં રહે છે' - તેવું ધ્વનિત થાય છે. કારણ કે હરતા-ફરતા સૂર્ય તો અઢી દ્વીપમાં જ રહે છે.

"द्वे वाव ब्रह्मणो रूपे कालश्चाऽकालश्च। अथ यः प्राग् आदित्यात् सोऽकालोऽकलः। अथ च आदित्यात् यः स कालः सकलः" (मै.उप.६/१५) इति **मैत्रायण्युपनिषदुक्तितात्पर्यमपि** कलायुक्तत्वाऽऽदित्यसापेक्षत्वाद्यन्यथानुपपत्त्या कालगतैकत्व-नित्यत्व-विभुत्वाऽतिरिक्तद्रव्यत्वबाधोपदर्शनतः कालस्य पर्यायरूपतायामेव प्रकारान्तरेण पर्यवस्यति। ब्रह्मस्वरूपविशेषात्मकत्वोक्त्या कालो ब्रह्मतत्त्वपर्यायतयाऽत्र विधीयते स्वतन्त्रद्रव्यतया च निषिध्यते। ततश्च कालो नातिरिक्तद्रव्यमिति फलितम्।

एतेन "कालो मूर्त्तिरमूर्त्तिमान्" (मैत्रा.उप.६/१४) इति **मैत्रायण्युपनिषदुक्तिरपि *व्याख्याता,*** कालस्य मूर्त्तपुद्गलाऽमूर्त्तजीवप्रभृतिद्रव्यपर्यायरूपत्वप्रतिपादनपरतयाऽपि तस्या उपपत्तेः।

❀ કાળ બ્રહ્મતત્ત્વનું એક સ્વરૂપ : મૈત્રાયણી ઉપનિષદ્ ❀

(૫) ("द्वे.) **મૈત્રાયણી ઉપનિષદ્**માં એવું પણ જણાવેલ છે કે 'બ્રહ્મતત્ત્વના બે સ્વરૂપ છે - કાલ અને અકાલ. સૂર્યની પૂર્વે જે બ્રહ્મ તત્ત્વ છે તે અકાલ છે. તે અકલ (= કલાશૂન્ય) છે. તથા સૂર્યની પછી બ્રહ્મનું જે સ્વરૂપ છે, તે સકલ (= કલાયુક્ત) કાળ છે.' **મૈત્રાયણી ઉપનિષદ્**ના ઉપરોક્ત વચનનું તાત્પર્ય પણ કાળમાં એકત્વ, નિત્યત્વ, વિભુત્વ અને અતિરિક્તદ્રવ્યત્વનો બાધ સૂચિત કરવા દ્વારા બીજી રીતે કાળ તત્ત્વને પર્યાયસ્વરૂપે માનવામાં જ ફલિત થાય છે. કારણ કે સર્વથા નિત્ય, એક, અખંડ, અતિરિક્ત કાળદ્રવ્યમાં સકલત્વ (કલાયુક્તત્વ) સંભવી શકતું નથી. આથી **મૈત્રાયણી ઉપનિષદ્** પણ એક, નિત્ય, સર્વવ્યાપી, અતિરિક્ત કાલ દ્રવ્યનું નિરાકરણ કરે છે. મતલબ એ છે કે સકલત્વસ્વરૂપે કાળનું પ્રતિપાદન કરવાથી કાળગત 'એકત્વ' નું નિરાકરણ થાય છે. તથા સૂર્યની પૂર્વે અને પછી કાલ-અકાલાત્મક બ્રહ્મતત્ત્વનું સ્વરૂપ બદલાય છે. તેથી કાળમાં એકાંતનિત્યત્વનો બાધ થાય છે. બ્રહ્મસ્વરૂપ કાળ જો વિભુ દ્રવ્ય હોય તો સૂર્ય આવે કે ન આવે, તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. પરંતુ મૈત્રાયણી ઉપનિષત્કારે તેવો ફેરફાર બતાવેલ છે. માટે 'કાળ વિભુતત્ત્વ નથી' - એવું સિદ્ધ થાય છે. કાળ તત્ત્વ બ્રહ્મ તત્ત્વથી ભિન્ન નથી. પરંતુ તેનું જ એક વિશેષ પ્રકારનું સ્વરૂપ છે. આ પ્રમાણે મૈત્રાયણી ઉપનિષદ્ જે જણાવે છે, તેનાથી બ્રહ્મતત્ત્વનો = શુદ્ધાત્મતત્ત્વનો પર્યાય કાળ છે - એવું સિદ્ધ થાય છે. કાળને બ્રહ્મનું એક વિશેષપ્રકારનું સ્વરૂપ જણાવવા દ્વારા 'કાળ એ સ્વતંત્ર દ્રવ્ય નથી' - એવું પણ સૂચિત થાય છે. આમ પ્રકારાંતરથી 'કાળ દ્રવ્યાત્મક નથી પણ પર્યાયાત્મક છે' - તેવું ફલિત થાય છે.

❀ મૂર્ત્ત-અમૂર્ત્ત કાળ : મૈત્રાયણી ઉપનિષદ્ ❀

(૬) (एतेन.) 'કાળ મૂર્ત્ત પણ છે અને અમૂર્ત્ત પણ છે' - આ પ્રમાણે **મૈત્રાયણી ઉપનિષદ્**માં જે જણાવેલ છે તેનું પણ સ્પષ્ટીકરણ ઉપરોક્ત વિવેચન દ્વારા થઈ જાય છે. પુદ્ગલ દ્રવ્ય મૂર્ત્ત છે તથા જીવાદિ ચાર દ્રવ્ય અમૂર્ત્ત છે. જૈન દર્શન મુજબ જીવ અને અજીવ તરીકે માન્ય કુલ પાંચ દ્રવ્યોને મૂર્ત્ત અને અમૂર્ત્ત એમ બે વિભાગમાં ગોઠવી શકાય છે. અર્થાત્ ધર્માસ્તિકાય આદિ પાંચેય દ્રવ્યનો સંગ્રહ જેમ 'જીવ-અજીવ' પદ દ્વારા થઈ શકે છે તેમ 'મૂર્ત્ત-અમૂર્ત્ત' પદ દ્વારા પણ તે પાંચેયનો સમાવેશ થઈ શકે છે. તેથી પુદ્ગલ આદિ પાંચેય દ્રવ્યના પર્યાય સ્વરૂપ કાળને મૂર્ત્ત અને અમૂર્ત્ત કહેવા દ્વારા 'કાળ તત્ત્વ મૂર્ત-અમૂર્ત્ત દ્રવ્યના પર્યાય સ્વરૂપ છે' - તેવું પ્રતિપાદન કરવામાં ઉપરોક્ત **મૈત્રાયણી ઉપનિષદ્**નું વચન તત્પર છે. એવું અર્થઘટન કરીને સ્યાદ્વાદી વિદ્વાનો તેની સંગતિ કરી શકે છે.

"कालश्च नारायणः" (त्रि.म.ना.उप.२/८) इति **त्रिपादविभूतिमहानारायणोपनिषदुक्तिः**, "कालो ब्रह्म" (ते.बि.उप.६/३५) इति **तेजोबिन्दूपनिषदुक्तिः**, "कालसंज्ञमादित्यमुपासीत" (मैत्रा.६/१६) इति **मैत्रायण्युपनिषदुक्तिः**, "कालः कलयतामहम्" (भ.गी.१०/३०) इति **भगवद्गीतोक्तिः**, "काल आत्माऽऽगमो लोकः स्वभावो धर्मः एव च। इति मां बहुधा प्राहुर्गुणव्यतिकरे सति।।" (श्री.भा. ११/१०/३४) इति **श्रीमद्भागवतोक्तिः**, "स्वतन्त्रस्य चिदात्मन एव जीवात्मगता इयं शक्तिः कालाख्या युक्ता" (वा.प.काण्ड-३/९/६२/पृ.५८५) इति **भर्तृहरिमतप्रदर्शनपरा वाक्यपदीयप्रकाशे हेलाराजोक्तिः**, "भावावभासोपाधिकः क्रमावभासोपाधिको वा जीवात्मा कालः" ( ) इति **केचित्**। "महती देवता विग्रहवती कालः" ( ) इति केषाञ्चिन्मतम्। "अहोरात्र-सन्ध्यादिरूपः

(७) ("**कालश्च.**) **त्रिपादविभूतिमहानारायण उपनिषद्**માં જણાવેલ છે કે 'કાળ એ નારાયણ સ્વરૂપ છે' - આ વચન કાળને પ્રકારાંતરથી આત્મપર્યાય સ્વરૂપે સૂચવે છે.

(८) **तेजोबिंदु उपनिषद्**માં જણાવેલ છે કે 'કાળ તત્ત્વ એ બ્રહ્મ સ્વરૂપ છે' - આ વચન પણ પ્રકારાંતરથી કાળને આત્મપર્યાય સ્વરૂપે જ ફલિત કરે છે.

❀ કાળ એટલે સૂર્યદેવતા : મૈત્રાયણી ઉપનિષદ્ ❀

(९) **મૈત્રાયણી ઉપનિષદ્** જણાવે છે કે 'કાળસંજ્ઞક સૂર્યની ઉપાસના કરવી', 'સૂર્યનું બીજું નામ કાળ છે.' તેનાથી 'સૂર્યદેવતા સ્વરૂપ આત્માનો એક પર્યાય કાળ છે' - એવું નિશ્ચિત થાય છે. આમ તે વચન પણ કાળને આત્માના પર્યાયસ્વરૂપે જ જણાવે છે. મતલબ કે કાળ અતિરિક્ત દ્રવ્ય નથી.

(१०) અર્જુનને ઉપદેશ આપતા દ્વારકાધીશ **કૃષ્ણમહારાજે** એવું જણાવેલ છે કે 'જોનારા એવા જીવો માટે હું કાળ છું.' આ બાબત **ભગવદ્ગીતા** ગ્રંથમાં જણાવેલ છે. કૃષ્ણ મહારાજ તો આત્મા છે. તેથી ભગવદ્ ગીતાનું ઉપરોક્ત વચન પણ બીજી રીતે કાળને આત્મપર્યાય સ્વરૂપે જ સિદ્ધ કરે છે.

✡ કાળશબ્દ પરમેશ્વરવાચક : શ્રીમદ્ ભાગવત ✡

(११) **શ્રીમદ્ ભાગવત**માં જણાવેલ છે કે 'ત્રિગુણનું વ્યામિશ્રણ થતાં સૃષ્ટિકાલમાં મને = પરમેશ્વરને **(A)** કાળ, **(B)** આત્મા, **(C)** આગમ, **(D)** લોક, **(E)** સ્વભાવ તથા **(F)** ધર્મ - આ પ્રમાણે અનેક પ્રકારે લોકો બોલાવે છે.' મતલબ કે કાળશબ્દ પરમેશ્વરવાચક છે. પરમાત્માથી અતિરિક્ત કાળ તત્ત્વ નથી. આમ **શ્રીમદ્ ભાગવત**નું તાત્પર્ય જણાય છે.

❀ કાળ અંગે વૈયાકરણમત ❀

(१२) **વાક્યપદીય** ગ્રંથની **પ્રકાશ** વ્યાખ્યામાં **હેલારાજે** વૈયાકરણાગ્રણી **ભર્તૃહરિ**નો મત જણાવતા કહેલ છે કે "સ્વતન્ત્ર એવા ચિદાત્માની જીવાત્મગત શક્તિને જ 'કાલ' નામથી સ્વીકારવી યોગ્ય છે." મતલબ કે ભર્તૃહરિમતે પણ કાળ સ્વતન્ત્ર દ્રવ્ય નથી.

(१३) **વાક્યપદીય** ગ્રંથની **અંબાકર્ત્રી** નામની ઉપટીકામાં **રઘુનાથ શર્મા** નામના વૈયાકરણે કાળ તત્ત્વ વિશે અનેક મતો જણાવ્યા છે. જેમ કે 'ભાવ-અવભાસ ઉપાધિવાળો જીવાત્મા કે ક્રમઅવભાસ ઉપાધિવાળો જીવાત્મા કાળ છે - એમ કેટલાક વિદ્વાનો કહે છે.'

(१४) 'વિગ્રહયુક્ત મહાન દેવતા એ જ કાળ છે - એમ કેટલાકનો મત છે.'

खण्डकालोऽपि तत्तद्देवतारूपः" ( ) इत्यपि **केचित्**" (वा.प.३/९/६२ अ.क.पृ.५८४) इति **वाक्यपदीया-ऽम्बाकर्त्रीवृत्तौ** च **रघुनाथशर्मो**क्तिः प्रकारान्तरेण कालस्य आत्मपर्यायरूपतायामेव पर्यवस्यन्ति। ततश्च न कालस्याऽतिरिक्तद्रव्यत्वमित्यत्र तात्पर्यमनुसन्धेयम्।

साङ्ख्यानामपि स्वतन्त्रद्रव्यतया कालोऽनभिमतः। "दिक्-कालौ आकाशादिभ्यः" (सा.सू.२/१२) इति **साङ्ख्यसूत्रस्य साङ्ख्यप्रवचनभाष्ये विज्ञानभिक्षुणा** "नित्यौ दिक्कालौ तौ आकाशप्रकृतिभूतौ प्रकृतेः गुणविशेषौ एव।.... तत्तदुपाधिविशिष्टाकाशमेव खण्डदिक्-कालौ" (सा.प्र.भा.२/१२) इत्युक्त्या कालस्य स्वतन्त्रद्रव्यता निराकृता।

तदुक्तं **साङ्ख्यकारिकायुक्तिदीपिकायाम्** अपि "न हि नः कालो नाम कश्चिदस्ति। किं तर्हि ? क्रियमाणक्रियाणामेवादित्यगति-गोदोह-घनस्तनितादीनां विशिष्टावधिसरूपप्रत्ययनिमित्तत्वम्। परापरादिलिङ्ग-सद्भावात् प्रतिपत्तिरिति चेन्न, अकृतकेषु तदनुपपत्तेः" (सा.का.यु.दी.१५) इति। 'आकाशादिः घटापेक्षया

(१५) 'दिवस-रात-संध्या वगेरे स्वरूप खंडकाळ पण ते ते देवतास्वरूप छे - आवो पण केटलाकनो मत छे.' **रघुनाथ शर्मा**એ छेल्ला त्रणेय मते जीवस्वरूप काळने दर्शावेल छे.

उपरोक्त छेल्ला नव मत 'काळ એ स्वतंत्र द्रव्य नथी' - એवुं सिद्ध करवाना आशयथी अहीं संवादरूपे उद्धृत करेल छे. आवुं व्याख्याकारनुं तात्पर्य वाचकवर्गे ध्यालमां राखवुं.

❖ काळ स्वतंत्र तत्त्व नथी : सांख्यदर्शन ❖

(१६) (**साङ्ख्या.**) सांख्यदर्शनीओने पण काळ स्वतंत्र द्रव्य तरीके मान्य नथी. तेथी ज 'दिशा अने काळ आकाशादिमांथी प्रगटे छे' - आ मुजब **सांख्यसूत्र**मां जणावेल छे. तेना विशे **सांख्यप्रवचनभाष्य** ग्रंथमां **विज्ञानभिक्षु** नामना सांख्य विद्वाने जणावेल छे के 'दिशा अने काळ नित्य छे. ते बन्ने आकाशप्रकृति स्वरूप छे. सत्त्व-रजस्-तमोगुणनी साम्यअवस्था स्वरूप नित्यप्रकृतिना गुणविशेष स्वरूप ज दिशा अने काळ तत्त्व छे. ते ते उपाधिथी विशिष्ट आकाश એ ज खंडदिशा अने खंडकाळ छे.' आवुं कहेवा द्वारा 'काळ એ स्वतंत्र द्रव्य नथी' - आवुं **विज्ञानभिक्षु**ने पण मान्य छे - आटलुं अहीं बतावq अभिप्रेत छे.

(१७) (**तदु.**) **ईश्वरकृष्ण** नामना सांख्यविद्वाने बनावेल **सांख्यकारिका** नामना ग्रंथनी **युक्तिदीपिका** नामनी व्याख्यामां पण स्वतंत्र द्रव्य तरीके काळनो निषेध करवामां आवेल छे. त्यां आ प्रमाणे जणावेल छे के "काळ नामनुं कोई तत्त्व अमारा दर्शनमां नथी. 'तो तमे शुं कहेवा मागो छो ?' आ प्रश्ननो जवाब એ छे के सूर्यनी गति, गायने दोहवानी क्रिया, वादळानी गर्जना वगेरे थई रहेली क्रियाओ विशिष्टअवधिस्वरूप प्रत्ययना निमित्ते ज थाय छे. ते क्रियाओ माटे अतिरिक्त काळ तत्त्वनी आवश्यकता नथी. तेथी सूर्यनी गतिक्रिया वगेरेना अपेक्षाकारण तरीके काळ तत्त्वनी सिद्धि थई शकती नथी. 'परत्व अपरत्व वगेरे चिह्नो हाजर होवाथी तेना द्वारा काळनी प्रतिपत्ति = अनुमिति थई शकशे. कारण के काळ न होय तो परत्व-अपरत्व वगेरे गुणधर्मो घट-पटादि पदार्थमां कई रीते संभवी शके ?' - आवी दलील अतिरिक्त काळ तत्त्वनी सिद्धि माटे न करवी. कारण के ते रीते तो अकृतक = अकृत्रिम

परः' इत्यादिप्रतीत्या नित्ये प्रतीयमानं परत्वादिकं प्रति कालस्याऽकारणत्वसिद्धौ अनित्यवृत्तिपरत्वादावपि अन्यथासिद्धेः परत्वादिलिङ्गकानुमितितोऽतिरिक्तकालाऽसिद्धिरेवेत्यत्र तात्पर्यमनुसन्धेयम्।

"साङ्ख्यमते नित्यकालस्य तत्त्वाऽन्तराऽस्वीकारात्, यतः वर्ष-मास-दिनादिव्यवहारः तावत् यदुपाधिभिः सूर्यगमनादिभिः वा भवेत्, सन्तु ते एव उपाधयः, तत्रैव कालस्य अन्तर्भूतत्वाद्" (सा.का.२, भा.पृ.२०) इति **साङ्ख्यकारिकाभाष्ये कृष्णवल्लभाचार्यः**।

"कालश्च वैशेषिकाभिमतः एकः न अनागतादिव्यवहारभेदं प्रवर्त्तयितुमर्हति। तस्माद् अयं(कालः) यैः उपाधिभेदैः अनागतादिभेदं प्रतिपद्यते, सन्तु ते एव उपाधयः, ये अनागतादिव्यवहारहेतवः, कृतम् अत्र अन्तर्गडुना कालेन इति साङ्ख्याऽऽचार्याः। तस्माद् न कालरूपतत्त्वान्तराऽभ्युपगमः" (सा.त.कौ.३३) इति **साङ्ख्यतत्त्वकौमुद्यां वाचस्पतिमिश्रः**।

= નિત્ય પદાર્થોમાં પરત્વ, અપરત્વ વગેરે ગુણધર્મની અસંગતિ થઈ જશે. કારણ કે નિત્ય પદાર્થની સાથે તો કાળને કોઈ લેવા-દેવા જ નથી." અહીં તાત્પર્ય એ છે કે 'આકાશ વગેરે ઘટ કરતાં પર = પૂર્વવર્તી છે' - ઈત્યાદિ રૂપે નિત્ય પદાર્થમાં પરત્વાદિ વ્યવહાર તો થાય જ છે. પરંતુ નિત્ય પદાર્થમાં રહેનાર પરત્વાદિ ગુણધર્મો પ્રત્યે તો કાળ અપેક્ષાકારણ બની શકતું નથી. તેથી ઘટ-પટાદિ અનિત્ય પદાર્થમાં ઉત્પન્ન થનારા પરત્વ-અપરત્વાદિ ગુણધર્મો પ્રત્યે પણ કાળને અપેક્ષાકારણ માની શકાતું નથી. તેથી પરત્વ-અપરત્વાદિ લિંગ દ્વારા અતિરિક્ત કાળ તત્ત્વની અનુમિતિ કરવી વ્યાજબી નથી. આમ 'કાળ નામનું અતિરિક્ત તત્ત્વ અસિદ્ધ જ છે' એવું નિશ્ચિત થાય છે.

❖ કાળનો ઉપાધિમાં અંતર્ભાવ : કૃષ્ણવલ્લભાચાર્ય ❖

(૧૮) ("**साङ्ख्य.**) **सांख्यकारिकाभाष्य**માં **કૃષ્ણવલ્લભાચાર્યજી**એ જણાવેલ છે કે 'સાંખ્ય મતમાં નિત્ય કાલ નામનું સ્વતંત્ર તત્ત્વ સ્વીકારવામાં નથી આવતું. કારણ કે જે ઉપાધિઓ દ્વારા અથવા તો સૂર્યગમનાદિ જે ક્રિયાઓ દ્વારા વરસ, માસ, દિવસ વગેરે વ્યવહાર સંભવે છે, તે ઉપાધિઓ કે ક્રિયા વગેરે જ સ્વીકારવા યોગ્ય છે. કારણ કે કાલનો તેમાં જ અંતર્ભાવ થાય છે.'

❀ કાળ સ્વતંત્ર નથી : વાચસ્પતિમિશ્ર ❀

(૧૯) ("**काल.**) "વૈશેષિકસંમત એક કાળ અનાગત-વર્તમાન વગેરે જુદા-જુદા વ્યવહારને પ્રવર્તાવવા માટે સમર્થ નથી. તેથી 'જુદી-જુદી ઉપાધિઓ દ્વારા અનાગત-વર્તમાન વગેરે ભેદને કાળ પ્રાપ્ત કરે છે' - આમ વૈશેષિક માને છે. પરંતુ તેના નિરાકરણ માટે સાંખ્યાચાર્યો એમ કહે છે કે 'અનાગત-વર્તમાનાદિ વ્યવહારમાં કારણ બનનાર જે ઉપાધિઓનો વૈશેષિક સ્વીકાર કરે છે. તે ઉપાધિ જ સ્વીકારવા યોગ્ય છે. વચ્ચે આડખીલી કરનાર કાળતત્ત્વની જરૂરત નથી.' તેથી કાલરૂપ સ્વતંત્ર તત્ત્વનો સ્વીકાર કરવામાં આવતો નથી" - આમ **सांख्यतत्त्वकौमुदी**માં **वाचस्पतिमिश्रजी**એ જણાવેલ છે.

[redacted]:- અતિરિક્ત નિત્ય કાળતત્ત્વને માનીને પણ જો ભવિષ્ય-વર્તમાનાદિ વ્યવહાર માટે કર્મ, વિભાગ, પ્રાગભાવ, કાર્યારંભ, કાર્યસ્થિતિ, કાર્યતિરોભાવ વગેરે ઉપાધિઓનો સ્વીકાર કરવો જ પડે તેમ હોય તો પછી પચીસ તત્ત્વોથી અતિરિક્ત કાળતત્ત્વને માનવાની શી જરૂર ? તે ઉપાધિઓ દ્વારા

"न कालात्मकस्य पञ्चविंशतितत्त्वातिरिक्तस्य तत्त्वस्य स्वीकारः" (सा.का.३३) इति **साङ्ख्यकारिका-किरणावल्यां कृष्णवल्लभाचार्यः**।

पातञ्जलयोगदर्शनेऽपि स्वतन्त्रकालद्रव्यं न सम्मतम्। तथाहि – "स खलु अयं कालो वस्तुशून्यो बुद्धिनिर्माणः शब्दज्ञानानुपाती लौकिकानां व्युत्थितदर्शनानां वस्तुस्वरूप इव अवभासते" (पा.यो.भा.३/५२ पृ.४१६) इति **पातञ्जलयोगसूत्रभाष्ये** वदन् **व्यासः** प्रकृत्याद्यतिरिक्तं कालद्रव्यं प्रतिक्षिपति।

"सर्वं वस्तु प्रतिक्षणं परिणमते इति विकारितया क्षणरूपमेव" (पा.यो.सू.३/५२ वृ.) **योगसिद्धान्तचन्द्रिका**-ऽख्यायां **पातञ्जलयोगसूत्रवृत्तौ** वदन् **नारायणोऽपि** प्रकारान्तरेण जीवाजीवपर्यायात्मककालपक्षपाती।

पूर्वापरीभावेनोत्पन्नेषु अर्थेषु पूर्वापरादिसङ्केतेन जनिताद् आभोगादेव पूर्वापरादिज्ञानसम्भवान्न अतिरिक्तं कालादिद्रव्यं बौद्धसम्मतम्। इदमेवाऽभिप्रेत्य **तत्त्वसङ्ग्रहे** "विशिष्टसमयोद्भूतमनस्कारनिबन्धनम्। पराऽपरादिविज्ञानं न कालाद् न दिशश्च तद्।।" (त.स.६२८) इति **शान्तरक्षितेन** उक्तम्।

જ ભૂત-ભવિષ્ય-વર્તમાન વગેરે વ્યવહાર સંગત થઈ શકશે. આવો આશય **વાચસ્પતિમિશ્ર**નો છે.

❖ સાંખ્યદર્શનમાં સ્વતંત્ર કાળ અમાન્ય ❖

(૨૦) ("न.) **સાંખ્યકારિકા**ની **કિરણાવલી** વ્યાખ્યામાં **કૃષ્ણવલ્લભાચાર્ય**એ જણાવેલ છે કે 'પચીસ તત્ત્વોથી અતિરિક્ત કાળસ્વરૂપ તત્ત્વનો સાંખ્યદર્શનમાં સ્વીકાર કરવામાં આવતો નથી.'

❁ કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી : વ્યાસ ❁

(૨૧) (**पात.**) પાતંજલયોગદર્શનમાં પણ પ્રકૃતિ આદિથી સ્વતંત્ર કાલદ્રવ્ય માન્ય નથી. તે આ પ્રમાણે - **પાતંજલયોગસૂત્રભાષ્ય**માં **વ્યાસ** ઋષિએ સ્વતંત્ર પારમાર્થિક કાળદ્રવ્યનો નિષેધ કરતાં જણાવેલ છે કે 'તે આ કાળ વસ્તુશૂન્ય તથા કલ્પિત છે. તેમ છતાં પણ શબ્દ-જ્ઞાનાનુપાતી હોવાથી ચંચલબુદ્ધિવાળા લૌકિક (સ્થૂલ વ્યાવહારિક) માણસોને તે કાળ વાસ્તવિક જેવો લાગે છે.' મતલબ કે ઉપચારપ્રધાન એવા લોકોને કાલ્પનિક-ઔપચારિક એવો પણ કાળ વાસ્તવિક લાગે છે. પરંતુ કાળ વાસ્તવમાં કોઈ સ્વતંત્ર દ્રવ્ય નથી. આ પ્રમાણે પાતંજલ યોગદર્શનમાં પણ વાસ્તવિક = નિરુપચરિત સ્વતંત્ર કાળદ્રવ્ય માન્ય નથી.

❋ સર્વ વસ્તુ સ્વરૂપ ક્ષણ : નારાયણતીર્થ ❋

(૨૨) ("सर्वं.) **પાતંજલયોગસૂત્ર**ની **યોગસિદ્ધાંતચંદ્રિકા** નામની વ્યાખ્યામાં **શ્રીનારાયણતીર્થ** જણાવે છે કે 'સર્વ વસ્તુ પ્રતિક્ષણ પરિણમે છે. તેથી સર્વ વસ્તુ વિકારી છે. તેથી સર્વ વસ્તુ ક્ષણસ્વરૂપ જ છે.' આ પ્રમાણે ક્ષણને = કાલતત્ત્વને જણાવતાં નારાયણતીર્થ પણ જીવાજીવપર્યાયાત્મક કાલતત્ત્વનો જ બીજી રીતે પક્ષપાત કરે છે. મતલબ કે પાતંજલયોગદર્શનમાં અતિરિક્ત કાલદ્રવ્ય માન્ય નથી.

(૨૩) (**पूर्वा.**) પહેલા ઉત્પન્ન થયેલ પદાર્થમાં 'પૂર્વ' એવો સંકેત થાય છે. પાછળથી ઉત્પન્ન થયેલ પદાર્થમાં 'અપર' એવો સંકેત કરવામાં આવે છે. તે વિશિષ્ટ સંકેતથી ઉત્પન્ન થનાર જ્ઞાન દ્વારા જ પૂર્વાપરજ્ઞાન (મોટા-નાના તરીકેનો બોધ) સંભવિત હોવાથી અતિરિક્ત કાલદ્રવ્ય બૌદ્ધમતે પણ સંભવતું નથી. આ જ અભિપ્રાયથી **તત્ત્વસંગ્રહ**માં બૌદ્ધાચાર્ય **શાંતરક્ષિતે** જણાવેલ છે કે "વિશિષ્ટ સંકેતથી ઉત્પન્ન થયેલ આભોગના

"कालः पुनः परिणामः" (च.सं.विमानस्थान - अ.८/७७/पृ.३१३) इत्युक्त्या **चरकसंहितायाम्** अपि अतिरिक्तकालद्रव्यं न समाम्नातम्।

गोटफ्रीड-कान्टप्रमुखाऽऽधुनिकतत्त्वचिन्तकानामपि कालस्य स्वतन्त्रद्रव्यरूपता नाभिमतेत्यवधेयमनेकदर्शनाऽभिप्रायावधारणकुशलैः जिनाज्ञानुसारेण, इत्थं नानादर्शनशास्त्राऽभिप्रायान्वेषणादित एव साम्प्रतं यथावस्थिततत्त्वप्रकाशसम्भवात्।

प्रकृते "मनःप्रसत्तिः प्रतिभा प्रातःकालोऽभियोगिता। अनेकशास्त्रदर्शित्वमित्यर्थाऽऽलोकहेतवः।।" (वा.

= ઉપયોગના કારણે જ પર-અપર (મોટા-નાના) વગેરેનો બોધ થાય છે. કાળથી કે દિશાથી તેવો બોધ થતો નથી." આ રીતે બૌદ્ધદર્શનમાં પણ સ્વતંત્ર કાળદ્રવ્ય કે દિશાદ્રવ્ય માન્ય નથી - તેમ સિદ્ધ થાય છે.

ॐ કાળ પરિણામસ્વરૂપ છે : ચરકસંહિતા ॐ

(૨૪) ("का.) 'વળી, કાળ પરિણામરૂપ છે' - આવું કહેવા દ્વારા **ચરકસંહિતા**માં પણ કાળ સ્વતન્ત્ર દ્રવ્યસ્વરૂપે માન્ય નથી.

ॐ કાન્ટ મતે કાળ અતિરિક્તદ્રવ્ય નથી ॐ

(૨૫) (गोट.) આધુનિક તત્ત્વચિંતકો પણ કાળ અંગે કહે છે કે :- "Time may be defined as a chosen change of any object as a standard of change, by means of which we can measure other changes." (The New Book Of Knowledge - Volume 18, Pub : Scholastic Library Publishing Inc., Danbury, U.S.) મતલબ કે કોઈ એક વસ્તુના વિવક્ષિત ફેરફારનું અવલંબન લેવામાં આવે, કે જેના દ્વારા અન્ય વસ્તુઓના ફેરફારને માપી શકાય, તો તે વિવક્ષિત ફેરફારની કાલ તરીકે વ્યાખ્યા કરી શકાય.

.... Gottfried Liebniz and Immanuel Kant holds that time is neither an event nor a thing... it is instead part of a fundamental intellectual structure... (http://www.whatis.com//) મતલબ કે **ગોટફ્રીડ લીબ્નીસ** અને **ઈમાન્યુઅલ કાન્ટ** નામના આધુનિક તત્ત્વચિંતકોના મતાનુસાર કાળ તે કોઈ ઘટના કે કોઈ વસ્તુ નથી.. એ તો મૂળભૂત બૌદ્ધિક નિર્માણનો એક ભાગ છે. આ રીતે આધુનિક તત્ત્વચિંતકોને પણ સ્વતંત્ર દ્રવ્યરૂપે કાળ દ્રવ્ય માન્ય નથી. આ વાત તેમના લેખ દ્વારા જાણી લેવી. આ રીતે સ્વસંપ્રદાય, પરસંપ્રદાય, સ્વદર્શન, પરદર્શન, પ્રાચીન દર્શન, અર્વાચીન દર્શન વગેરે અનેક દર્શનોના અભિપ્રાયનું અવધારણ કરવામાં કુશળ એવા વિદ્વાનોએ ઉપરોક્ત સંદર્ભોને ધ્યાનમાં રાખવા અને તેના ઉપર સમ્યક્ રીતે ઊહાપોહ કરવા દ્વારા પ્રસ્તુતમાં કાળ તત્ત્વના સ્વરૂપનો યથાર્થ નિર્ણય જિનાજ્ઞા મુજબ કરવો. આ રીતે અનેક તન્ત્રોના શાસ્ત્રોના અભિપ્રાયનું સંશોધન વગેરે કરવા દ્વારા જ વર્તમાનકાળે યથાવસ્થિત તત્ત્વનો પ્રકાશ સંભવી શકે.

ॐ અનેક શાસ્ત્રના અવગાહનથી પરમાર્થપ્રકાશ ॐ

(प्रकृ.) પ્રસ્તુતમાં પરમાર્હત **કુમારપાળ** મહારાજના મહામંત્રી **વાગ્ભટે** રચેલ **વાગ્ભટાલંકાર** ગ્રંથનો શ્લોક યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેમણે જણાવેલ છે કે '(૧) મનની પ્રસન્નતા, (૨) પ્રતિભા, (૩)

अ.१/१४/पृ.१०) इति **वाग्भटाऽलङ्कारोक्तिरपि** स्मर्तव्या। अभियोगिता = "अभियोगः = श्रुतस्य पुनरावृत्तिपूर्वकम् अभ्यासः" (का.द.१/१०३ वृ.) इति **काव्यादर्शवृत्तौ जमुनापाठकः** इत्यलं प्रसङ्गेन।

अनुमानप्रमाणमप्यत्राऽस्ति। तदुक्तं श्रीहरिभद्रसूरिभिः **आवश्यकनिर्युक्तिवृत्तौ** "कालो द्रव्यधर्म एव, तस्य द्रव्यादेव निर्गमः, तत्प्रभवत्वाद्" (आ.नि.१४५ वृ.पृ.७२) इति भावनीयम्।

इदञ्चात्राऽवधेयम् – दिशो गगनाऽऽत्मकत्वमत्र यदुक्तं तत् तार्किकमतानुसारेणाऽवसेयम्। **स्याद्वादरत्नाकरे** (५/८/वृ.८९८), **तत्त्वार्थसिद्धसेनीयवृत्तौ** (५/३/पृ.३२१), **द्रव्यालङ्कारे** (प्रकाश.३/पृ.१४९), **स्याद्वादरहस्ये** (का.११/पृ.६८६), **तत्त्वार्थराजवार्तिके** (५/३/८), **तत्त्वार्थश्लोकवार्तिके** (७/२१) चाकाशस्यैव दिक्त्वं यथोपपादितं तथा बुभुत्सुभिः अस्मत्कृता **जयलता** (मध्यमपरिमाण-**स्याद्वादरहस्यग्रन्थवृत्तिः** का.११, खण्ड-३/पृ.६८५) विलोकनीया।

सूत्रकृताङ्गवृत्तिकृतां श्रीशीलाङ्काचार्याणामपि दिशो गगनात्मकत्वे एव स्वरसः। तदुक्तं तैः तत्र "दिशस्त्वाकाशावयवभूताया अनुपपन्नं पृथग्द्रव्यत्वम्, अतिप्रसङ्गदोषादेव" (सू.कृ.१२/२१, पृ.२२७) इति।

સવારનો સમય, (४) ઉદ્યમિતા અને (५) અનેક શાસ્ત્રોનું અવલોકન-અવગાહન - આ પાંચ તત્ત્વો અર્થબોધના = પરમાર્થપ્રકાશના કારણ છે.' અભિયોગિતા = 'અભિયોગ = પુનરાવર્તન કરવાપૂર્વક શ્રુતનો અભ્યાસ' - આમ **કાવ્યાદર્શવૃત્તિ**માં **જમુનાપાઠક**જીએ જણાવેલ છે. પ્રાસંગિક વાતનો વિસ્તાર કરવાથી સર્યું.

❀ અનુમાનથી કાળમાં પર્યાયરૂપતાની સિદ્ધિ ❀

(અનુ.) કાળને પર્યાયસ્વરૂપ સિદ્ધ કરવા માટે અનુમાનપ્રમાણ પણ વિદ્યમાન છે. તેથી જ શ્રીહરિભદ્રસૂરિજીએ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે કે "કાળ એ દ્રવ્યનો ગુણધર્મ જ છે (દ્રવ્ય નહિ). કારણ કે દ્રવ્યમાંથી જ કાળનો ઉદ્ભવ થાય છે. આમ દ્રવ્યજન્યત્વ હેતુથી કાળમાં દ્રવ્યપર્યાયતા સિદ્ધ થશે.' આશય એ છે કે પૃથ્વીજન્ય હોવાથી જેમ ગંધ પૃથ્વીનો ગુણધર્મ છે, તેમ જીવાજીવદ્રવ્યજન્ય હોવાથી કાળ એ પણ જીવ-અજીવ દ્રવ્યનો ગુણધર્મ = પર્યાય જ છે.

❀ તાર્કિક જૈનપરંપરા મુજબ દિશા આકાશાત્મક છે ❀

(इदञ्चा.) પ્રસ્તુતમાં એક વાત ધ્યાનમાં રાખવી કે આ શ્લોકની વ્યાખ્યામાં પૂર્વે 'દિશા આકાશસ્વરૂપ છે' - આ પ્રમાણે જે કહેલું હતું તે તાર્કિકમત મુજબ જાણવું. **સ્યાદ્વાદરત્નાકર, તત્ત્વાર્થસિદ્ધસેનીય વૃત્તિ, દ્રવ્યાલંકાર, સ્યાદ્વાદ રહસ્ય** વગેરે શ્વેતાંબર સંપ્રદાયમાન્ય ગ્રંથોમાં તથા **તત્ત્વાર્થ રાજવાર્તિક, તત્ત્વાર્થ શ્લોકવાર્તિક** વગેરે દિગંબર સંપ્રદાયના ગ્રંથોમાં 'આકાશ એ જ દિશા છે આ બાબતનું તાર્કિક રીતે નિરૂપણ કરેલ છે. જે પ્રકારે તે ગ્રંથમાં દિશાને આકાશસ્વરૂપે બતાવેલ છે તે પ્રકારે જાણવાની અભિલાષાવાળા વાચકોએ અમે બનાવેલી **'જયલતા'** નામની **'મધ્યમ સ્યાદ્વાદરહસ્યવૃત્તિ'**નું અવલોકન કરવું.

❀ દિશા સ્વતંત્ર દ્રવ્ય નથી - શ્રીશીલાંકાચાર્ય ❀

(सूत्र.) **સૂયગડાંગસૂત્ર**ની **વ્યાખ્યા** કરનારા શ્રીશીલાંકાચાર્યજીને પણ 'દિશા ગગનસ્વરૂપ જ છે, સ્વતંત્ર દ્રવ્ય નથી' - આ મતમાં જ સ્વરસ હતો. તેથી જ ત્યાં જણાવેલ છે કે "અતિપ્રસંગદોષના

आकाशस्तिकायावयवात्मकत्वेऽपि दिशः आकाशास्तिकायाऽतिरिक्तद्रव्यत्वाऽभ्युपगमे पुद्गलास्तिकाया-ऽवयवरूपाणां द्व्यणुक-त्र्यणुकादीनामपि पुद्गलास्तिकायाऽतिरिक्तद्रव्यत्वाऽऽपत्त्या अनन्तस्वतन्त्रद्रव्य-कक्षीकाराऽऽपत्तेः। न च एतदिष्टम्। अतः द्व्यणुकादीनां पुद्गलास्तिकायस्वरूपत्वमिव दिशः आकाशास्तिकायस्वरूपत्वमेव, न तु आकाशाऽतिरिक्तद्रव्यत्वम् इति श्रीशीलाङ्काचार्यतात्पर्यमत्र ज्ञायते। तदुक्तं **युक्तिप्रकाशे पद्मसागरगणि**नाऽपि "नभःप्रदेशश्रेणिष्वादित्योदयवशाद् दिशाम्। पूर्वादिको व्यवहारो व्योम्नो भिन्ना न दिक् ततः।।" (यु.प्र.२४) इति।

पातञ्जलानामपि दिग्गगनैक्यमभिमतम्, पूर्वादिव्यवहारस्य नैयायिकाभिमतदिगुपाधिभिरेव सम्भवात्। इदमेवाभिप्रेत्योक्तं **विज्ञानभिक्षुणा योगसूत्रवार्तिके** "दिगाकाशयोः एकत्वाद्" (पा.यो.सू.३/५२ वा.)।

आगमानुसारेण तु कालस्येव दिशोऽपि जीवाजीवात्मकतैवाऽवसेया। तदुक्तं **भगवतीसूत्रे** [1]"किमियं

લીધે જ આકાશના અવયવસ્વરૂપ દિશાપદાર્થને સ્વતંત્ર દ્રવ્ય માની ન શકાય." દિશા એ આકાશાસ્તિકાયના અવયવસ્વરૂપ હોવા છતાં જો દિશાને સ્વતંત્ર = આકાશથી અતિરિક્ત દ્રવ્ય માનવામાં આવે તો પુદ્ગલાસ્તિકાયના અવયવસ્વરૂપ એવા દ્વ્યણુક, ત્ર્યણુક વગેરેને પણ પુદ્ગલાસ્તિકાય કરતાં ભિન્ન દ્રવ્ય માનવાની આપત્તિ દુર્વાર બનશે. તથા તેવું માનવામાં આવે તો પાંચ (કે છ) દ્રવ્યના બદલે અનંત સ્વતંત્રદ્રવ્યનો સ્વીકાર કરવાની આપત્તિ આવે. પરંતુ આ તો જૈનાગમ મુજબ ઈષ્ટ નથી. તેથી દ્વ્યણુક વગેરે જેમ પુદ્ગલાસ્તિકાયસ્વરૂપ છે તેમ દિશા આકાશાસ્તિકાયસ્વરૂપ જ છે. આકાશથી અતિરિક્તદ્રવ્ય નથી - આમ અહીં **શ્રીશીલાંકાચાર્યજી**નું તાત્પર્ય જણાય છે. **યુક્તિપ્રકાશ**માં **પદ્મસાગરગણી**એ પણ જણાવેલ છે કે 'આકાશપ્રદેશશ્રેણિઓમાં જ, સૂર્યોદયના આધારે પૂર્વ વગેરે દિશાસંબંધી વ્યવહાર પ્રવર્ત્તે છે. તેથી દિશા આકાશથી ભિન્ન નથી.'

❀ આકાશ એ જ દિશા - વિજ્ઞાનભિક્ષુ ❀

(પાત.) પાતંજલ વિદ્વાનોના મતે પણ આકાશ અને દિશા એક છે. ગગનથી અતિરિક્ત દિશા નથી. 'દિશા ન હોય તો પૂર્વ, પશ્ચિમ વગેરે વ્યવહાર કઈ રીતે થઈ શકે ?' આ શંકા ન કરવી. કારણ કે નૈયાયિકમતાનુસાર દિશાદ્રવ્ય એક, નિત્ય, નિરવયવ છે. છતાં દિશાની ઉપાધિઓ દ્વારા જેમ નૈયાયિકમતે પૂર્વ, પશ્ચિમ વગેરે વ્યવહાર સંભવે છે, તેમ પાતંજલયોગદર્શન મતે પણ નૈયાયિકસંમત દૈશિક ઉપાધિઓ દ્વારા પૂર્વ, પશ્ચિમ વગેરેનો વ્યવહાર સંભવી શકે છે. આ જ અભિપ્રાયથી **યોગસૂત્રભાષ્ય** ઉપર **યોગવાર્તિક** વ્યાખ્યામાં **વિજ્ઞાનભિક્ષુ**એ જણાવેલ છે કે 'દિશા અને આકાશ એક છે.'

❀ જૈનાગમાનુસારે દિશા જીવ-અજીવાત્મક છે ❀

(આગમા.) 'દિશા અંગે જૈન દર્શનમાં તાર્કિક મત શું છે ?' તે વાત જણાવી. પરંતુ જૈનાગમ અનુસારે સૈદ્ધાંતિક મતનો વિચાર કરીએ તો કાળની જેમ દિશા પણ જીવ-અજીવ સ્વરૂપ છે - તેમ જાણવું. **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરી રૂપે ઉપરોક્ત બાબતની છણાવટ કરેલ છે. તે નીચે મુજબ છે.

---

1. किम् इयं भदन्त ! प्राचीना इति प्रोच्यते ? गौतम ! जीवाः चैव अजीवाः चैव। किम् इयं भदन्त ! प्रतीचीना इति प्रोच्यते ? गौतम ! एवं चैव। एवं दक्षिणा, एवम् उदीचीना, एवम् उर्ध्वा, एवम् अधः अपि।

भंते ! पाईणत्ति पवुच्चई ? गोयमा ! जीवा चेव अजीवा चेव। किमियं भंते ! पडीणाति पवुच्चई ? गोयमा! एवं चेव। एवं दाहिणा, एवं उदीणा, एवं उड्ढा, एवं अहोवि" (भ.सू.१०/१/३९४) इति। उदयाचलावच्छिन्नाकाशश्रेणिषु वर्त्तमाना एकेन्द्रियादिजीवाः अजीवाश्च धर्मास्तिकायादिदेशादयः पूर्वदिक्त्वेन व्यवहर्तव्या इति भावः। एवमग्रेऽपि बोध्यम्।

वस्तुतः वर्तनादिरूपः कालः जीवाऽजीवद्रव्यपर्याय एव। इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्ये**[1] "जं वत्तणाइरूवो कालो दव्वाण चेव पज्जाओ" (वि.आ.भा.९२६) इत्युक्तम्। **तद्वृत्तौ श्रीहेमचन्द्रसूरिभिरपि** "तेन तेन द्व्यणुक-त्र्यणुकादिरूपेण परमाण्वादिद्रव्याणां वर्त्तनं = वर्त्तना। आदिशब्दात् परिणाम-क्रियादिपरिग्रहः। नव-पुराणादिभावेन वस्तूनां परिणमनं = परिणामः। अतीतानागत-वर्त्तमानलक्षणा तु क्रिया। तदेष वर्त्तना-परिणाम-क्रियादिरूपः कालः द्रव्याणामेव पर्यायः, नान्यः" (वि.आ.भा.९२६ मल.वृ) इत्युक्तम्।

प्रश्न :- "हे भगवंत ! 'आ पूर्व दिशा छे' - आ प्रमाणे शुं कहेवाय छे ?

उत्तर :- हे गौतम ! जीव ए ज पूर्व दिशा छे. अने अजीव ए ज पूर्व दिशा छे.

प्रश्न :- हे भगवंत ! 'आ पश्चिम दिशा छे' - आ प्रमाणे शुं कहेवाय छे ?

उत्तर :- हे गौतम ! जीव ए ज पश्चिम दिशा छे. अने अजीव ए ज पश्चिम दिशा छे.

आ ज प्रमाणे दक्षिण दिशा, उत्तर दिशा, ऊर्ध्व दिशा अने अधो दिशा पण जीव अने अजीव ज छे - तेम समजवुं." आम **भगवतीसूत्र** दिशाने जीव-अजीवस्वरूपे जणावे छे. उदयाचलथी अवच्छिन्न आकाशप्रदेशश्रेणिओमां रहेला एकेन्द्रियादि जीवो अने धर्मास्तिकायादिना देश वगेरे स्वरूप अजीवो ए ज पूर्वदिशा तरीके व्यवहार करवा योग्य छे. आवो भगवतीसूत्रकारनो आशय छे. आ ज रीते अन्य दिशाओमां समजवुं. तेथी दिशा जीवाजीवस्वरूप छे, स्वतंत्र द्रव्य नथी.

❀ वर्त्तनादि स्वरूप काळ जीवाजीवात्मक ❀

(वस्तु.) वास्तवमां तो वर्त्तनादि स्वरूप काळ ए जीव-अजीव द्रव्यनो पर्याय ज छे. आ ज अभिप्रायथी **विशेषावश्यकभाष्यमां श्रीजिनभद्रगणी** क्षमाश्रमणे जणावेल छे के 'जे वर्त्तनादिस्वरूप काळ छे ते द्रव्योनो ज पर्याय छे.' तेनी **व्याख्यामां** मलधारी **श्रीहेमचन्द्रसूरिजी**ए पण जणावेल छे के "द्व्यणुक, त्र्यणुक वगेरे ते ते स्वरूपे परमाणु वगेरे द्रव्योनी विद्यमानता ए ज वर्त्तना छे. विशेषावश्यकभाष्यमां 'वत्तणाइरूवो' (= वर्त्तनादिरूपः) आ प्रमाणे जे कहेल छे तेमां 'आदि' शब्दथी परिणाम, क्रिया वगेरेनुं पण ग्रहण करी लेवुं. वस्तु नवी होय तो पाछळथी जूनी थाय छे. आ नवीनत्व-जीर्णत्वस्वरूपे वस्तुओनुं जे परिणमन थाय छे ते परिणाम कहेवाय. अतीत-अनागत-वर्त्तमानस्वरूप क्रिया समजवी. तेथी आ वर्त्तना, परिणाम, क्रिया वगेरे स्वरूप जे काळ छे ते द्रव्योनो ज पर्याय छे. पर्यायथी भिन्न कोई काळ नथी." अहीं स्पष्टपणे 'काळ स्वतंत्र छट्ठुं द्रव्य नथी, पण पांच द्रव्योनो पर्याय ए ज काळ छे' - एम जणावेल छे.

---

1. यद् वर्त्तनादिरूपः कालो द्रव्याणाञ्चैव पर्यायः।

एतेन "वर्तना, परिणामः, क्रिया, परत्वाऽपरत्वे च कालस्य" (त.सू.५/२२) इति पूर्वोक्ता (१०/१२) **तत्त्वार्थसूत्रोक्तिरपि *व्याख्याता***, पर्यायात्मककालपक्षे तदुपपत्तेः, वर्त्तनादेः स्वाश्रयाऽभिन्नत्वात्। इदमेवाऽभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जं वत्तणाइरूवो वत्तुरणत्थंतरं मओ कालो" (वि.आ.भा.२०२७) इति। "वर्त्तनादिरूपः कालो यद् = यस्माद् वर्तितुः द्रव्याद् अनर्थान्तरम् = अभिन्नस्वरूप एव वर्त्तते" (वि.आ.भा.२०२७ मल.वृ.) इति **तद्वृत्तौ श्रीहेमचन्द्रसूरयः**।

समयाऽऽवलिकादिरूपस्य अद्धाकालस्य अपि क्लृप्तजीवाऽजीवरूपतैव सम्मता। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"सुत्ते जीवाजीवा समयावलियादओ पवुच्चंति।" (वि.आ.भा.२०३३) इति।

द्रव्यकालोऽपि क्लृप्तजीवाऽजीवद्रव्यात्मक एवाऽभिमतः। तदुक्तम् **आवश्यकनिर्युक्तिहारिभद्रीवृत्तौ** "द्रव्यस्य कालः = द्रव्यकालः, तत्पर्यायत्वात्। अथवा 'द्रव्यं तु तदेव = द्रव्यमेव कालो द्रव्यकालः" (आ.नि.६६१ हा.वृ.) इति। तदुक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** अपि "तदेव सचेतनाऽचेतनरूपं द्रव्यं कालः = द्रव्यकालः प्रोच्यते, पर्याय-पर्यायिणोः अभेदोपचाराद्" (वि.आ.भा.२०३१ मल.वृ.) इति। पर्यायिणि

❀ तत्त्वार्थसूत्रनी संगति ❀

(**एतेन.**) पूर्वे (१०/१२) दर्शावेल **तत्त्वार्थसूत्र** संदर्भमां **उमास्वातिजी** महाराजे "वर्त्तना, परिणाम, क्रिया, परत्व अने अपरत्व आ कालनो उपकार छे" - आ प्रमाणे जे जणावेल छे तेनी संगति कालने पर्याय मानवाना पक्षमां थई शके छे. कारण के वर्त्तना, परिणाम वगेरे पोताना आश्रयथी अभिन्न छे. आ ज अभिप्रायथी **विशेषाश्यकभाष्य**मां जणावेल छे के 'वर्त्तनादिस्वरूप काळ वर्त्तनाआश्रयभूत द्रव्यथी अभिन्न ज छे.' **विशेषावश्यकभाष्य**नी **वृत्ति**मां मलधारी **श्रीहेमचन्द्रसूरिजी**ए आ ज बाबत जणावेल छे. तेथी वर्त्तनादिस्वरूप काळ पर्यायात्मक ज छे, स्वतंत्र छठ्ठा द्रव्यस्वरूप नहि.

❀ समयादिस्वरूप अद्धाकाळ पण जीवाजीवस्वरूप ❀

(**समया.**) समय, आवलिका, मुहूर्त्त वगेरे स्वरूप अद्धाकाळ पण प्रमाणसिद्ध जीवाजीवस्वरूपे ज आगममां मान्य छे. आ अंगे **विशेषावश्यकभाष्य**मां जणावेल छे के 'समय, आवलिका वगेरे पण आगमसूत्रमां जीवाजीव ज कहेवाय छे.

❀ द्रव्यकाळ पण जीवाजीवस्वरूप ❀

(**द्रव्य.**) आगममां वर्त्तनादिस्वरूप काळ तथा अद्धाकाळनी जेम द्रव्यकाळनी पण वात आवे छे. परंतु द्रव्यकाळ पण कल्पम = प्रमाणसिद्ध जीव-अजीवद्रव्यस्वरूपे ज मान्य छे. आ अंगे **आवश्यकनिर्युक्ति**नी **हारिभद्रीय व्याख्या**मां जणावेल छे के 'द्रव्यनो पर्याय काळ होवाना लीधे द्रव्यनो जे काळ = स्थिति छे ते ज द्रव्यकाळ छे. स्थिति स्वाश्रयीभूत द्रव्यथी अभिन्न होवाना लीधे काळ पर्यायात्मक छे. अथवा तो द्रव्य ए ज काळ छे. आ रीते द्रव्यकाळ समजवो.' **विशेषावश्यकभाष्य**नी **मलधारवृत्ति**मां पण जणावेल छे के "ते सजीव-निर्जीव द्रव्यस्वरूप जे काळ छे, ते ज द्रव्यकाळ कहेवाय छे. स्थितिपर्यायविशिष्ट द्रव्यमां स्थितिपर्यायस्वरूप काळनो उपचार करीने ते द्रव्यनो ज काळ तरीकेनो व्यवहार थाय छे."

1. यद् वर्त्तनादिरूपो वर्तितुरनर्थान्तरं मतः कालः। 2. सूत्रे जीवाऽजीवाः समयावलिकादयः प्रोच्यन्ते।

जीवाजीवद्रव्ये स्थितिपर्यायात्मकस्य कालस्य अभेदोपचाराद् जीवाजीवौ द्रव्यकाल उच्यत इत्यर्थः। [1]"दव्वस्स वत्तणा जा स दव्वकालो" (वि.आ.भा.२०३२) इति पूर्वोक्तं (१०/११) **विशेषावश्यकभाष्य**वचनं तु स्पष्टमेव द्रव्यकालस्य पर्यायरूपतां दर्शयति। [2]"धम्माधम्मागासा पुग्गल चउहा अजीवा मो एए। गइ-ठिइ-अवगाहेहिं फासाईहिं च गम्मंति।।" (श्रा.प्र.७८) इति **श्रावकप्रज्ञप्ति**वचनतात्पर्यमपि स्वतन्त्रकालद्रव्यप्रतिपक्षे पर्यवस्यति।

खरतरगच्छीय**देवचन्द्र**वाचकैः अपि **नयचक्रसारे** नैगमनयनिरूपणावसरे "गुणे द्रव्यारोपः = पञ्चास्तिकायवर्त्तनागुणस्य कालस्य द्रव्यत्वकथनम्" (न.च.सा.पृ.१५०) इत्युक्त्या कालस्य अतिरिक्तद्रव्यत्वं प्रतिषिद्धमेव। पूर्वमपि **नयचक्रसारे** "काल उपचारत एव द्रव्यम्, न वस्तुवृत्त्या" (न.च.सा.पृ.८७) इति, "पञ्चास्तिकायोत्पाद-व्ययलक्षणवर्त्तनापर्याय उपचारेण कालद्रव्यम्" (न.च.सा.पृ.८८) इति च कण्ठतः कालस्य निरुपचरितद्रव्यत्वं विप्रतिषिद्धम्।

नागपुरीयबृहत्तपागच्छीय**श्रीपार्श्वचन्द्रसूरिभिः** अपि **षड्द्रव्यस्वभाव-नयविचारप्रकरणे** "जीवाजीवद्रव्यस्वरूप

मतलब કે સ્થિતિપર્યાયવાળા જીવ-અજીવ દ્રવ્યમાં સ્થિતિપર્યાયસ્વરૂપ કાળનો અભેદ ઉપચાર કરીને વિવક્ષિત જીવ-અજીવ દ્રવ્ય એ જ દ્રવ્યકાળ કહેવાય છે - આવું મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી**નું તાત્પર્ય છે. **વિશેષાવશ્યકભાષ્ય**ની પૂર્વોક્ત (૧૦/૧૧) ગાથામાં શ્રી**જિનભદ્રગણિક્ષમાશ્રમણજી**એ "દ્રવ્યની જે વર્ત્તના છે તે દ્રવ્યકાળ છે" - આ પ્રમાણે જે જણાવેલ છે તે તો સ્પષ્ટપણે જ દ્રવ્યકાળને પર્યાયસ્વરૂપે સિદ્ધ કરે છે. **ઉમાસ્વાતિજી** મહારાજે **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં 'ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ - આ ચાર પ્રકારે અજીવદ્રવ્ય ગતિ, સ્થિતિ, અવગાહના અને સ્પર્શાદિ દ્વારા જણાય છે' - આમ જણાવેલ છે. તેથી 'પરમાર્થથી સ્વતંત્ર અજીવદ્રવ્યસ્વરૂપે કોઈ પણ કાળતત્ત્વ સંભવી શકતું નથી. નિરુપચરિત કાળ એ પર્યાયાત્મક જ છે' - આમ શ્રાવકપ્રજ્ઞપ્તિવચનનું તાત્પર્ય ફલિત થાય છે.

❖ કાળ ઔપચારિક દ્રવ્ય છે - દેવચન્દ્રવાચક ❖

(**ખર.**) ખરતરગચ્છના ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી** મહારાજે પણ **નયચક્રસાર**માં નૈગમનયનું નિરૂપણ કરવાના અવસરે (૧) "પંચાસ્તિકાયનો વર્ત્તનાગુણ એ જ કાળ છે. તેમ છતાં કાળને દ્રવ્ય તરીકે જણાવવો તે ગુણમાં દ્રવ્યનો આરોપ કહેવાય" - આવું કહેવા દ્વારા 'પરમાર્થથી કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી' - આમ જ જણાવેલ છે. તેની પૂર્વે પણ **નયચક્રસાર**માં (૨) 'કાળ ઉપચારથી જ દ્રવ્ય છે. વસ્તુસ્થિતિથી કાળ દ્રવ્ય નથી' તથા (૩) 'પંચાસ્તિકાયના ઉત્પાદ-વ્યય સ્વરૂપ વર્તના પર્યાય એ ઉપચારથી કાળદ્રવ્ય છે' - આમ સ્પષ્ટપણે કહીને કાળને પારમાર્થિક દ્રવ્ય માનવાનો તેઓશ્રીએ નિષેધ કર્યો છે.

✡ કાળ પર્યાયસ્વરૂપ છે - શ્રીપાર્શ્વચન્દ્રસૂરિ ✡

(**નાગ.**) **નાગપુરીય** બૃહત્તપાગચ્છાધિપતિ શ્રી**પાર્શ્વચન્દ્રસૂરિજી**એ **ષડ્દ્રવ્યસ્વભાવ-નયવિચારપ્રકરણ**માં કાળ અંગે બે મતનું નિરૂપણ કરીને ઉપસંહાર કરતાં જણાવેલ છે કે 'જીવ-અજીવદ્રવ્યસ્વરૂપ જ કાળ

---

1. द्रव्यस्य वर्त्तना या स द्रव्यकालः।

2. धर्माऽधर्माऽऽकाशाः पुद्गलाः चतुर्धा अजीवा मो (=एव) एते। गति-स्थित्यवगाहैः स्पर्शादिभिश्च गम्यन्ते।।

एव कालः - इति प्रथममतं **जीवाभिगमादिसूत्रसम्मतम्**। आगमे कालः पर्यायात्मक एवोक्तः, उपचारेण द्रव्यात्मकोऽपि कथित इति तत्त्वम्" (ष.न.प्र.पृ.४) इत्युक्त्या काले स्वतन्त्रषष्ठद्रव्यरूपता विप्रतिषिद्धा। अधिकञ्चाऽग्रे (१०/१९) वक्ष्यते।

न चैवं किमर्थं विभिन्नप्ररूपणा पूर्वाचार्यैः क्रियते ? इति ***शङ्कनीयम्,***

यतो न हि जैने प्रवचने कश्चिदेको नयः समस्तं वस्तुस्वरूपं प्रतिपादयितुं प्रत्यलः, वस्तुत्वावच्छिन्नस्य अनन्तधर्मात्मकताऽभ्युपगमात्, नयस्य च वस्त्वंशग्राहकत्वात्। प्रतिद्वन्द्विनयानुसारिमतमीमांसायामेव कृत्स्नपदार्थस्वरूपावगमसम्भवादिति यावत् तात्पर्यमत्रावसेयमित्यलं प्रसक्तानुप्रसक्तेन।

इह स्थले **द्रव्यानुयोगतर्कणायां** किञ्चित् स्खलितं तद् विपश्चिद्वृन्देन परिचिन्तनीयम् अवहितचेतसा।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - नानाविधशास्त्रीयमतानि विज्ञाय न मूढतया भाव्यं किन्तु मध्यस्थरीत्या आगम-तर्क-मार्गस्थक्षयोपशमानुसारेण यावती मीमांसा सम्यक् शक्यते कर्तुं तावती

છે - આ પ્રથમ મત **જીવાભિગમ** વગેરે સૂત્રમાં સંમત છે. આગમમાં કાળ પર્યાયાત્મક જ દર્શાવેલ છે. ઉપચારથી તેને દ્રવ્ય પણ કહેલ છે. આમ તત્ત્વ છે.' મતલબ કે તેમને પણ એમ જ માન્ય છે કે 'કાળ છઠ્ઠું સ્વતંત્ર દ્રવ્ય નથી.' આ બાબતમાં અધિક નિરૂપણ આગળ (૧૦/૧૯) થશે.

[redacted] :- (**न चैवं.**) આ રીતે પૂર્વાચાર્યો વિભિન્ન પ્રરૂપણા શા માટે કરે છે ? તાર્કિક આચાર્ય ભગવંતો જુદું જણાવે અને સિદ્ધાંતમત જુદું જણાવે - આવું શા માટે ? એક જ પદાર્થને વિશે વિભિન્ન પ્રરૂપણા કરવાનું પ્રયોજન શું ?

❊ तत्त्वनिर्णय सर्वनयविचारणा सापेक्ष ❊

[redacted] :- (**यतो.**) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે જૈન દર્શન મુજબ પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ અનંતધર્માત્મક છે. તથા નય તો વસ્તુના એક અંશનું જ ગ્રાહક છે. તેથી કોઈ પણ એક નય વસ્તુના સમગ્ર સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે સમર્થ નથી. સૈદ્ધાંન્તિક નય અને તાર્કિક નય આમ બે પ્રતિસ્પર્ધી નયને અનુસરનારા અભિપ્રાયની વિચારણા કરવામાં આવે તો પદાર્થના સંપૂર્ણ સ્વરૂપનો બોધ સંભવી શકે છે. તેથી જ એક પદાર્થને વિશે અલગ અલગ નયના અભિપ્રાયથી વિભિન્ન વિચારણાઓ કાળ, દિશા વગેરે તત્ત્વના નિરૂપણમાં ઉપલબ્ધ થાય છે - આવું તાત્પર્ય પ્રસ્તુતમાં જાણવું. પ્રાસંગિક અને અનુપ્રાસંગિક પ્રસ્તુત ચર્ચાનો વધુ વિસ્તાર કરવાથી સર્યું.

❊ द्रव्यानुयोगतर्कणामां स्खलना ❊

(**इह.**) પ્રસ્તુત સ્થળે **દ્રવ્યાનુયોગતર્કણા** ગ્રંથમાં **ભોજકવિ** દ્વારા કાંઈક સ્ખલના થઈ છે. તે અંગે વિદ્વાનોના વૃન્દે સાવધાન મનથી ચોતરફ ચિંતન કરવું.

❊ तत्त्वनी मीमांसा करो, मूंझवणने छोडो ❊

[redacted] :- શાસ્ત્રોમાં આવતા અલગ અલગ મતો અને મતાંતરોને જાણીને ક્યારેય પણ મૂંઝાવું નહિ. પરંતુ મધ્યસ્થ રીતે, આગમાનુસારે, તર્કાનુસારે અને માર્ગસ્થ ક્ષયોપશમના આધારે જેટલો ઊંડો ઊહાપોહ સમ્યક્ રીતે થઈ શકે તેટલો ઊહાપોહ પ્રત્યેક શાસ્ત્રીય પદાર્થોની બાબતમાં

मीमांसा प्रत्येकं शास्त्रोक्तपदार्थेषु कर्तव्यैव। ततश्च आगमिकपदार्थाऽऽध्यात्मिकपरमार्थयोः उपलब्धिः, स्थिरता विशदता च सम्पद्यन्ते। ततश्च जिनोक्ततत्त्वश्रद्धादार्ढ्येन पारमार्थिकं सम्यग्दर्शनमुपलभ्यते यथाशक्ति च स्वभूमिकोचिताऽर्हदाज्ञापरिपालनपरायणता प्राप्यते। इत्थमात्मार्थी मोक्षमार्गमभिसर्पत्येवाऽक्षेपेण, [1]"जाइ-जर-मरणरहियं परमं कम्मट्ठवज्जियं सुद्धं। णाणाइचउसहावं अक्खयमविणासमच्छेयं।। [2]अव्वाबाहमणिंदियमणोवमं पुण्ण-पावणिम्मुक्कं। पुणरागमणविरहियं णिच्चं अचलं अणालंबं।।" (नि.सा. १७७/१७८) इति **नियमसार**प्रदर्शितस्वरूपं चापवर्गमाप्नोत्यविलम्बेनेत्यवधेयम्।**।१०/१३।।**

કરવો જોઈએ. તેના દ્વારા આગમિક પદાર્થો અને આધ્યાત્મિક પરમાર્થોની ઉપલબ્ધિ, સ્થિરતા, વિશદતા થાય છે. તેના દ્વારા જિનમતમાં શ્રદ્ધા વધુ દૃઢ બનવાથી પારમાર્થિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તથા જીવ યથાશક્તિ સ્વભૂમિકાયોગ્ય જિનાજ્ઞાપાલનમાં ચુસ્ત બને છે. આ રીતે મોક્ષમાર્ગે આત્માર્થી જીવ ઝડપથી આગળ વધે છે. તેમજ 'મોક્ષ (૧) જન્મ-જરા-મરણરહિત, (૨) પરમ, (૩) આઠ કર્મથી શૂન્ય, (૪) શુદ્ધ, (૫) જ્ઞાનાદિચતુષ્ટયસ્વભાવયુક્ત, (૬) અક્ષય, (૭) અવિનાશી, (૮) અચ્છેદ્ય છે. મોક્ષ (૯) વ્યાબાધાશૂન્ય = પીડારહિત, (૧૦) અતીન્દ્રિય, (૧૧) અનુપમ, (૧૨) પુણ્ય-પાપશૂન્ય, (૧૩) પુનરાગમનરહિત, (૧૪) નિત્ય, (૧૫) અચલ અને (૧૬) નિરાલંબન છે' - આ પ્રમાણે **નિયમસાર**માં જણાવેલ મોક્ષને શીઘ્રતાથી મેળવે છે. આ વાત ખ્યાલમાં રાખવી. (૧૦/૧૩)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના એક જાતની આદત છે, લત છે, લપ છે, તલપ છે, તરસ છે.**
  ઉપાસના એ વ્રત છે, તપ છે, જપ છે.
- **વસમી વાસના વાચાળ છે.**
  ઉપાસનામાં સઘન અર્થસભર મૌન છે.
- **બુદ્ધિના શરણે જનાર કદાચ વૈજ્ઞાનિક બની શકે, ધર્મી નહિ.**
  શ્રદ્ધાને શરણે જનાર તો સ્વયં પરમાત્મા બને છે.

---

1. जाति-जरा-मरणरहितं परमं कर्माऽष्टवर्जितं शुद्धम्। ज्ञानादिचतुःस्वभावम् अक्षयमविनाशमच्छेद्यम्।।
2. अव्याबाधमतीन्द्रियमनुपमं पुण्य-पापनिर्मुक्तम्। पुनरागमनविरहितं नित्यमचलमनालम्बम्।।

હવઈ કાલદ્રવ્યાધિકારઈ દિગંબરપ્રક્રિયા ઉપન્યસઈ♦ છઈ -

"મંદગતિં અણુ યાવત્ સંચરઈ, નહપદેશ ઈક ઠોર;
તેહ સમયનો રે ભાજન કાલાણું" ઈમ ભાખઈ કોઈ ઓર ॥૧૦/૧૪॥ (૧૭૫) (સમ.)

"એક નભપ્રદેશનઈ ઠોર[ક] **મંદગતિ, અણુ** કહિઈ પરમાણુ, (**યાવત્**=) જેતલઈ ✡કાલઈ **સંચરઈ,** તે પર્યાય સમય કહિયઈ.

साम्प्रतं कालद्रव्याधिकारे दिगम्बरप्रक्रियामुपन्यस्यति – '**मन्दे**'ति।

मन्दगत्या नभोंऽशेऽणुः यावता चरति, क्षणः।
तावान्, तद्भाजनं द्रव्यं कालाणुं कोऽपि भाषते।।१०/१४।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – मन्दगत्या नभोंऽशे अणुः यावता चरति तावान् क्षणः (कथ्यते)। तद्भाजनं द्रव्यं कालाणुं कोऽपि भाषते।।१०/१४।।

एकाकाशप्रदेशाऽवगाहः **अणुः** = परमाणुः **नभोंऽशे** = अन्यस्मिन् आकाशप्रदेशे **मन्दगत्या** = अत्यन्तमन्दगत्या **यावता** कालेन **चरति** = सञ्चरति **तावान्** स्वावगाहनक्षेत्रव्यतिक्रमकालः **क्षणः** = समयः = पर्यायसमयः कथ्यते। इदमुक्तं भवति – परमाणोः स्वावगाहक्षेत्रात् तदनन्तरवर्तिख-प्रदेशसङ्क्रान्तिक्रियोपलक्षितः कालः पर्यायसमयः उच्यते। स च व्यवहारकालः। तदुक्तं **यतिवृषभाचार्येण त्रिलोकप्रज्ञप्तौ** [1]"परमाणुस्स णियट्ठिदगयणपदेसस्सदिक्कमणमेत्तो। जो कालो अविभागी होदि पुढं समयणामा

અવતરણિકા :- શ્વેતાંબર દર્શન મુજબ કાળ તત્ત્વને વિશે બે મતનું નિરૂપણ કર્યા બાદ ગ્રંથકારશ્રી હવે કાલ દ્રવ્યના અધિકારમાં દિગંબરમતની પ્રક્રિયાને રજૂ કરે છે :-

✡ દિગંબર સંપ્રદાયમાં નિશ્ચય-વ્યવહાર કાળ ✡

શ્લોકાર્ધ :- મંદ ગતિથી આકાશપ્રદેશમાં પરમાણુ જેટલા કાળમાં સંચરે તેટલો કાળ 'ક્ષણ' કહેવાય છે. તે સમયનું ભાજન કાલાણુ દ્રવ્ય છે. આ પ્રમાણે કોઈક = દિગંબર કહે છે. (૧૦/૧૪)

વ્યાખ્યાર્થ :- એક આકાશપ્રદેશમાં અવગાહીને રહેલ પરમાણુ બાજુના બીજા આકાશપ્રદેશમાં અત્યંત મંદ ગતિથી જેટલા કાળમાં સંચરે તેટલો સ્વઅવગાહન ક્ષેત્રના અતિક્રમણનો કાળ તે સમય = પર્યાયસમય કહેવાય છે. કહેવાનો મતલબ એ છે કે જે આકાશપ્રદેશમાં પરમાણુ અવગાહીને રહેલ હોય તેની તદ્દન બાજુમાં રહેલ આકાશપ્રદેશમાં તે પરમાણુ જેટલા કાળમાં સંક્રમણ કરે તે સંક્રમણ ક્રિયાથી ઉપલક્ષિત = ઓળખાવેલ કાળ પર્યાય સમય કહેવાય છે. તે વ્યવહાર કાળ છે. આ અંગે દિગંબરાચાર્ય **યતિવૃષભજી**એ **ત્રિલોકપ્રજ્ઞપ્તિ**માં જણાવેલ છે કે "પુદ્ગલ પરમાણુનો નિકટવર્તી આકાશપ્રદેશનો અતિક્રમણપ્રમાણ જે

♦ આ.(૧)માં 'ઉપન્યાસજીમાં જો રીતેં છેં તે કહે છે' પાઠ. લા.(૨)માં 'જઘન્યમઈ છઈ.' પાઠ.

[ક] ઠોર = ઠેકાણે (સ્થાને)-ભગવદ્ગોમંડલ-ભાગ-૪/પૃ.૩૮૨૮

✡ પુસ્તકોમાં 'કાલઈ' પદ નથી. કો.(૭)+કો.(૧૦+૧૧+૧૨)+ P(૩+૪)+પા.માં છે.

1. परमाणोः निकटस्थितगगनप्रदेशस्याऽतिक्रमणमात्रः। यः कालोऽविभागी भवति पृथक् समयनामा सः।।

तदनुरूप ते(ह) पर्याय* काल = पर्याय **समयनो भाजन कालाणु** કહિયઈ. તે એકેક આકાશપ્રદેશઈ એકેક*અણુ ઈમ કરતાં લોકાકાશપ્રદેશપ્રમાણ કાલાણુ હોઈ." **ઈમ કોઈ ઓર** કહતા જૈનાભાસ દિગંબર ભાખઈ છઈ.

सो।।" (त्रि.प्र.४/२८५) इति। यथोक्तं **नेमिचन्द्राचार्येणाऽपि गोम्मटसारे** [1]"णभएयपयेसत्थो परमाणु मंदगइ-पवट्टंतो। बीयमणंतरखेत्तं जावदियं जादि तं समयकालो।।" (गो.सा.जीवकाण्ड.५७४) इति। अयमेवार्थः सङ्क्षेपेण **प्रवचनसारे कुन्दकुन्दस्वामिना** [2]"वदिवददो तं देसं तस्सम समओ" (प्र.सा.१३९) इत्येवमावेदितः। **नियमसारवृत्तौ** "एकस्मिन् नभःप्रदेशे यः परमाणुः तिष्ठति तम् अन्यः परमाणुः मन्दचलनाद् लङ्घयति स समयः व्यवहारकालः" (नि.सा.३१/वृ.पृ.६४) इति **पद्मप्रभः**।

तद्भाजनं = दर्शितपर्यायसमयात्मकव्यवहारकालानुरूपोपादानकारणभूतं **द्रव्यं** = निरुपचरित-द्रव्यत्वाऽऽक्रान्तं **कालाणुं भाषते कोऽपि** जैनाभासो दिगम्बरः। स च परमाणुपुद्गलमन्दगतिक्रियो-पलक्षितसमयपर्यायोपादानकारणीभूतः कालाणुः द्रव्यात्मकः नैश्चयिककालः। लोकाकाशे प्रत्याकाश-प्रदेशम् एकैकः कालाणुः भवतीति कृत्वा लोकाकाशप्रदेशप्रमिताः कालाणवः ज्ञेयाः।

तदुक्तं **वर्धमानपुराणे** "लोकाकाशप्रदेशे ये ह्येकैका अणवः स्थिताः। भिन्नभिन्नप्रदेशस्था रत्नानामिव

અવિભાગી કાળ છે તે જ 'સમય' નામથી પ્રસિદ્ધ છે." દિગંબરાચાર્ય **નેમિચન્દ્રજી**એ પણ **ગોમ્મટસાર**માં જણાવેલ છે કે "આકાશના એક પ્રદેશમાં રહેલ એક પરમાણુ મંદ ગતિથી ગમન કરીને બીજા અનંતર આકાશપ્રદેશમાં જેટલા કાળમાં પહોંચે તેટલા કાળને 'સમય' કહેવાય છે." **પ્રવચનસાર**માં **કુંદકુંદસ્વામી**એ પણ આ જ વાત સંક્ષેપમાં જણાવેલ છે કે "પરમાણુ એક આકાશપ્રદેશને (મંદગતિથી) ઓળંગે ત્યારે તેના બરાબર જે વખત તે 'સમય' છે." **નિયમસારવ્યાખ્યા**માં દિગંબર **પદ્મપ્રભજી** જણાવે છે કે 'એક આકાશપ્રદેશમાં જે પરમાણુ રહે છે તેને બીજો પરમાણુ મંદગતિથી ઓળંગે તે સમય વ્યવહારકાળ કહેવાય.'

❋ દિગંબર સંપ્રદાયમાં નિશ્ચયકાળ ❋

(**तद्भा.**) આ પર્યાયસમયાત્મક વ્યવહાર કાળને અનુરૂપ તેવું ઉપાદાનકારણીભૂત દ્રવ્ય કાલાણુ છે. આ કાલાણુમાં રહેલ દ્રવ્યત્વ ઔપચારિક નથી, પરંતુ વાસ્તવિક છે. આ પ્રમાણે કોઈક જૈનાભાસ દિગંબર કહે છે. પરમાણુ પુદ્ગલની મંદગતિ ક્રિયાથી ઓળખાયેલ સમયપર્યાય સ્વરૂપ વ્યવહારકાળનું ઉપાદાનકારણ બનનાર કાલાણુ દ્રવ્ય એ નૈશ્ચયિક કાળ છે. લોકાકાશના પ્રત્યેક આકાશપ્રદેશમાં એક એક કાલાણુ રહેલ છે. તેથી લોકાકાશના પ્રદેશની જેટલી સંખ્યા છે, તેટલી સંખ્યામાં કાલાણુઓને જાણવા.

❀ असंख्य कालाणु द्रव्य : दिगंबरमत ❀

(**तदुक्तं.**) તેથી **वर्धमानपुराण** નામના દિગંબરગ્રંથમાં જણાવેલ છે કે 'લોકાકાશના પ્રદેશમાં જે એક

---

* ધ.+શાં.+મ.માં '૫(?)કાલ, પાંચ (૫) કાલ' અશુદ્ધ પાઠ છે. * પુસ્તકોમાં 'અણુ' પદ નથી. આ.(૧)માં છે.

1. नभएकप्रदेशस्थः परमाणुर्मन्दगतिप्रवर्त्तमानः। द्वितीयमनन्तरक्षेत्रं यावद् याति स समयकालः।।

2. व्यतिपततः तं देशं तत्समः समयः।

उक्तं च *द्रव्यसङ्ग्रहे* – [1]"रयणाणं रासी इव, ते कालाणू असंखदव्वाणि" (बृ.द्र.स.२२) ॥१०/१४॥

राशयः।।" (व.पु.१६/३५) इति। **तत्त्वार्थश्लोकवार्तिके विद्यानन्दस्वामिना** अपि "लोकाकाशप्रभेदेषु कृत्स्नेष्वेकैक-वृत्तितः। प्रतिप्रदेशमन्योऽन्यमबद्धाः परमाणवः।।" (त.श्लो.वा.५/२२/४४/पृ.४१८) इति।

अन्योऽन्यानुविद्धाऽसङ्ख्यातप्रदेशसमारब्धस्कन्धात्मकधर्मास्तिकायादिवत् कालाणुसमारब्ध-स्कन्धात्मकमेकं लोकव्यापि कालद्रव्यं दिगम्बरा नाभ्युपगच्छन्ति किन्तु रत्नराशिवत् परस्परसंलग्ना एव मिथोऽबद्धाश्च कालाणव इति तन्मतम्।

यथोक्तं **नेमिचन्द्राचार्येण** अपि **बृहद्द्रव्यसङ्ग्रहे** द्विविधकालनिरूपणावसरे [2]"दव्वपरियट्टरूवो जो सो कालो हवेइ ववहारो। परिणामादिलक्खो वट्टणलक्खो य परमट्ठो।। लोयायासपदेसे इक्किक्के जे ठिया हु इक्किक्का। रयणाणं रासी इव ते कालाणू असंखदव्वाणि।।" (बृ.द्र.स.२१-२२) इति।

એક કાલાણુઓ રહેલા છે, તે જુદા જુદા આકાશપ્રદેશમાં રહેલા છે. જેમ રત્નના ઢગલામાં દરેક રત્નો જુદા જુદા આકાશપ્રદેશમાં રહેલ છે તેમ વિભિન્ન લોકાકાશપ્રદેશમાં તે કાલાણુઓ રહેલા છે.' **तत्त्वार्थश्लोकवार्तिक** નામના ગ્રંથમાં **विद्यानंदस्वामी** નામના દિગંબર આચાર્ય પણ જણાવે છે કે 'લોકાકાશનો પ્રકૃષ્ટ રીતે ભેદ પાડનારા તમામ આકાશપ્રદેશમાં એક એક કાલપરમાણુઓ રહેલા છે. લોકાકાશના એક એક આકાશપ્રદેશમાં રહેલા એક-એક કાલપરમાણુઓ એક-બીજાથી બંધાયેલા નથી.'

❋ કાલાણુ દ્રવ્યો રત્નોના ઢગલા સમાન ❋

(**अन्यो.**) પ્રસ્તુતમાં દિગંબરોનું તાત્પર્ય એ છે કે - ધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશો એકબીજા સાથે સંકળાઈને રહેલા છે. તથા અન્યોન્ય અનુવેધ સંબંધના કારણે એક સ્કંધપરિણામને ધારણ કરીને તે પ્રદેશો દ્વારા ધર્માસ્તિકાય નામનું એક સ્કંધાત્મક દ્રવ્ય તૈયાર થાય છે. પરંતુ કાલાણુની બાબતમાં આવું નથી. જેમ રત્નના ઢગલામાં રહેલા છૂટા છવાયા રત્નો એકબીજાની સમીપમાં હોવા છતાં, સાથે હોવા છતાં, સંલગ્ન હોવા છતાં તેઓ એકબીજાથી બંધાયેલા નથી તેમ લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં રહેલા એક એક કાલાણુ દ્રવ્યો એકબીજાની સમીપ હોવા છતાં, સંલગ્ન હોવા છતાં એકબીજાથી બંધાયેલા નથી. તેથી તે અસંખ્ય કાલાણુદ્રવ્ય દ્વારા ધર્માસ્તિકાયસ્વરૂપ સ્કંધ દ્રવ્યની જેમ એક સ્કંધાત્મક કાલ દ્રવ્યનું નિર્માણ થતું નથી.

❋ કાળ અંગે નેમિચન્દ્રાચાર્યનું વક્તવ્ય ❋

(**यथोक्तं.**) **બૃહદ્દ્રવ્યસંગ્રહ** નામના ગ્રંથમાં **નેમિચંદ્રજી** નામના દિગંબર આચાર્યએ પણ વ્યવહારકાળ અને નિશ્ચયકાળ આમ બે પ્રકારના કાળ તત્ત્વનું નિરૂપણ કરવાના અવસરે નીચે મુજબની વાત જણાવેલી છે. 'દ્રવ્યપરિવર્ત સ્વરૂપ જે કાળ છે તે વ્યવહારકાળ થાય છે. પરિણામાદિ દ્વારા તે ઓળખાય છે. તથા વર્તનાપરિણામ સ્વરૂપ પરમાર્થકાળ છે. લોકાકાશના એક એક આકાશપ્રદેશમાં એક એક કાલાણુ દ્રવ્ય રહેલા છે. રત્નોના ઢગલાની જેમ તે સ્કંધપરિણામને ધારણ કરતા નથી. તે કાલાણુદ્રવ્ય અસંખ્ય છે.'

---

1. रत्नानां राशिरिव, ते कालाणवः असङ्ख्यद्रव्याणि। 2. द्रव्यपरिवर्त्तरूपः यः सः कालः भवति व्यवहारः। परिणामादिलक्ष्यः वर्त्तनालक्षणः च परमार्थः।। लोकाकाशप्रदेशेषु एकैकेषु ये स्थिताः हु एकैकाः। रत्नानां राशिः इव ते कालाणवः असङ्ख्यद्रव्याणि।।

ब्रह्मदेवकृतव्याख्यालेशस्त्वेवम् "द्रव्यपरिवर्तरूपो यः स कालो भवति व्यवहाररूपः । स च परिणाम -क्रिया-परत्वापरत्वेन लक्ष्यत इति परिणामादिलक्ष्यः। तद्यथा – जीव-पुद्गलयोः परिवर्तो नव-जीर्णपर्यायः। तस्य या समयघटिकादिरूपा स्थितिः स्वरूपं यस्य स भवति द्रव्यपर्यायरूपो व्यवहारकालः।

इदानीं निश्चयकालः कथ्यते – वर्तनालक्षणश्च परमार्थकाल इति। स्वकीयोपादानरूपेण स्वयमेव परिणममानानां पदार्थानाम्, शीतकालाध्ययनेऽग्निवत्, पदार्थपरिणतेः यत् सहकारिकारणत्वं सा वर्तना भण्यते। सैव लक्षणं यस्य स वर्तनालक्षणः कालाणुद्रव्यरूपो निश्चयकालः। इति व्यवहारकालस्वरूपं निश्चय-कालस्वरूपं च विज्ञेयम्। योऽसौ अनाद्यनिधनः तथैवाऽमूर्त्तः नित्यः समयाद्युपादानकारणभूतोऽपि समयादि-विकल्परहितः कालाणुद्रव्यरूपः स निश्चयकालः। यस्तु सादि-सान्त-समय-घटिका-प्रहरादिविवक्षितव्यवहार-

❋ व्यवहार કાળ : દિગંબર મત ❋

(ब्रह्म.) **बृहद्द्रव्यसंग्रहनी** व्याख्या **ब्रह्मदेव** नामना दिगंबर विद्वाने बनावेली छे. ते विस्तृत व्याख्यानो उपरोक्त गाथा संबंधी उपयोगी अंश नीचे मुजब छे. "द्रव्यपरिवर्त स्वरूप जे काळ छे ते व्यवहाररूप छे. परिणाम, क्रिया, परत्व अने अपरत्व द्वारा ते व्यवहारकाळ ओळखाय छे. ते आ मुजब - जीव अने पुद्गलना नवा-जूना पर्याय ए परिवर्त कहेवाय छे. तेनी समय, आवलिका, घडी वगेरे स्वरूप स्थिति (= अवस्थान काळ) ए ज जेनुं स्वरूप छे ते व्यवहारकाळ द्रव्यना पर्याय स्वरूप छे. मतलब के जीवादिना नवा-जूना पर्याय वगेरेनी समयादिप्रमाण स्थिति ए व्यवहारकाळ छे.

❋ निश्चय કાળ : દિગંબર દૃષ્ટિએ ❋

(इदानीं.) हवे निश्चयकाळ कहेवामां आवे छे. वर्तनालक्षणवाळो काळ ए परमार्थ काळ = निश्चय काळ कहेवाय छे. पोतपोताना उपादानरूपे पदार्थो जाते ज परिणमता होय छे. आ रीते जाते ज परिणमता एवा पदार्थोनी परिणति प्रत्ये जे सहकारीकारणता छे ते वर्तना कहेवाय छे. अत्यंत ठंडी शियाळानी मध्य रात्रे पडती होय त्यारे भणवा ईच्छता विद्यार्थीने भणवानी क्रियामां जेम अग्नि सहकारी कारण बने छे, तेम वर्तना पण स्वयं परिणमता पदार्थनी परिणति प्रत्ये उपकारी बने छे. आवी वर्तना ए ज जेनुं लक्षण छे ते निश्चयकाळ छे. आ निश्चयकाळ कालाणुद्रव्यस्वरूप छे. अर्थात् पदार्थपरिणति प्रत्ये सहकारीकारणता स्वरूप वर्तना कालाणुद्रव्यमां रहे छे. तेथी कालाणुद्रव्य पदार्थनी परिणति प्रत्ये सहकारी कारण छे. तथा तेमां रहेनारी सहकारीकारणता एटले वर्तना परिणाम. आम व्यवहारकाळनुं स्वरूप द्रव्यपरिवर्त छे. तथा निश्चयकाळनुं स्वरूप कालाणुद्रव्यात्मक छे - तेम जाणवुं. कालाणु द्रव्य अनादि अनंत छे. ते ज रीते कालाणु द्रव्य अमूर्त्त छे. नित्य एवा कालाणु द्रव्य ए समय, आवलिका, मुहूर्त्त वगेरे स्वरूप व्यवहारकाळनुं उपादानकारण छे. तेम छतां पण कालाणु द्रव्यमां समय, आवलिका, मुहूर्त्त वगेरे कोई विकल्प = भेद नथी. आवा प्रकारना जे कालाणु द्रव्य छे, ते निश्चयकाळ छे. 'आ पदार्थ सादि (= आदियुक्त) छे, ते पदार्थ सान्त (= अन्तयुक्त) छे, एक समयमां कर्ममुक्त जीव लोकाग्रे पहोंच्यो, एक घडीमां बे माळा गणाई, एक प्रहर सुधी ते चाल्यो' - इत्यादि चोक्कस प्रकारना व्यवहारमां काळ अंगे जे विकल्प उभा थाय छे ते व्यवहारकाळ जाणवो. कालाणुस्वरूप (= द्रव्यकालस्वरूप) पूर्वोक्त निश्चयकाळनो ज ते व्यवहारकाळ पर्याय छे. आम व्यवहारकाळ

विकल्परूपः तस्यैव द्रव्यकालस्य पर्यायभूतो व्यवहारकालः" (बृ.द्र.स.२१ वृत्तिः)।

"अथ निश्चयकालस्यावस्थानक्षेत्रं गणनां च प्रतिपादयति – लोकाकाशप्रदेशेषु एकैकेषु ये स्थिता एकैकसङ्ख्योपेताः 'हु' = स्फुटम्, 'कः इव ?' परस्परतादात्म्यपरिहारेण रत्नानां राशिरिव ते कालाणवः। कतिसङ्ख्योपेताः ? लोकाकाशप्रमिताऽसङ्ख्येयद्रव्याणि । कालाणोः मन्दगतिपरिणतपुद्गलपरमाणुना व्यक्तीकृतस्य कालाणूपादानकारणोत्पन्नस्य य एव वर्तमानसमयस्य उत्पादः स एवाऽतीतसमयापेक्षया विनाशः तदुभयाधारकालाणुद्रव्यत्वेन (च) ध्रौव्यमिति उत्पाद-व्यय-ध्रौव्यात्मककालद्रव्यसिद्धिः" (बृ.द्र.स.२२ वृ.) इति।

यथोक्तं **गोम्मटसारे**ऽपि जीवकाण्डे [1]"लोगागासपदेसे एक्केक्के जे ट्ठिया हु एक्केक्का। रयणाणं रासी इव ते कालाणू मुणेयव्वा।।" (गो.सा.जी.का.५८९) इति। इदमेवाऽभिप्रेत्य **यतिवृषभाचार्येण त्रिलोकप्रज्ञप्तौ** [2]"कालस्स भिण्ण-भिण्णा अण्णुण्णप्पवेसेण परिहीणा। पुह पुह लोयायासे चेट्ठंते संचएण विणा।।" (त्रि.प्र.४/

પર્યાયસ્વરૂપ છે. અને નિશ્ચયકાળ દ્રવ્યસ્વરૂપ = કાલાણુદ્રવ્યસ્વરૂપ છે.

દિગંબરમતે નિશ્ચયકાલનું ક્ષેત્ર અને સંખ્યા

("अथ.) **બૃહદ્દ્રવ્યસંગ્રહકાર** નિશ્ચયકાલને = કાલાણુદ્રવ્યને રહેવાના ક્ષેત્રનું અને નિશ્ચયકાલની = કાલાણુદ્રવ્યની સંખ્યાનું હવે નવી ગાથામાં પ્રતિપાદન કરે છે કે લોકાકાશના એક-એક આકાશપ્રદેશમાં એક-એક કાલાણુઓ રહે છે. જેમ રત્નના ઢગલામાં રહેલા રત્નો એક-બીજાની સાથે તાદાત્મ્યપરિણામ = એકરૂપતાપરિણામ = સ્કંધપરિણામ ધારણ કરતા નથી. તેમ કાલાણુઓ પણ પરસ્પર જોડાઈને સ્કંધ પરિણામને ધારણ કરતા નથી. આ હકીકત એકદમ સ્પષ્ટ છે. 'કાલાણુ દ્રવ્યની કેટલી સંખ્યા છે ?' આ પ્રશ્નનો જવાબ એ છે કે લોકાકાશના પ્રદેશની જેટલી સંખ્યા છે એટલા પ્રમાણમાં અસંખ્યાત કાલાણુ દ્રવ્યો છે. જો કે કાલાણુ દ્રવ્ય અતીન્દ્રિય છે. તેથી તેનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકતું નથી. પરંતુ અત્યંત મંદ ગતિથી પરિણત થયેલ પુદ્ગલ પરમાણુ દ્વારા કાલાણુની અભિવ્યક્તિ (= પરોક્ષજ્ઞાન) થાય છે. કારણ કે કાલાણુસ્વરૂપ ઉપાદાનકારણથી ઉત્પન્ન થયેલ એક સમય સ્વરૂપ કાર્ય મંદ ગતિથી પ્રદેશાંતરમાં જતા પરમાણુની સંક્રમણક્રિયામાં નિયામક બને છે. આમ પરમાણુની સંક્રમણક્રિયાથી ઓળખાયેલ પર્યાયસમયસ્વરૂપ કાર્ય દ્વારા તેના ઉપાદાનકારણ સ્વરૂપ કાલાણુદ્રવ્યનું આપણને પરોક્ષ જ્ઞાન થઈ શકે છે. કાલાણુસ્વરૂપ ઉપાદાનકારણથી ઉત્પન્ન થયેલ વર્તમાન સમયની જે ઉત્પત્તિ છે, તે જ અતીત સમયની અપેક્ષાએ વિનાશ છે. આ ઉત્પાદ અને વિનાશ, બન્ને પર્યાયનો આધાર બનનાર કાલાણુ દ્રવ્યરૂપે ધ્રુવ છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક કાલાણુ દ્રવ્યની સિદ્ધિ થાય છે." આ પ્રમાણે **બ્રહ્મદેવ** નામના દિગંબર વિદ્વાને **બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યા**માં દિગંબરમત મુજબ વ્યવહારકાલનું અને નિશ્ચયકાલનું નિરૂપણ કરેલ છે.

કાળ અંગે ગોમ્મટસાર-ત્રિલોકપ્રજ્ઞપ્તિમત

(**यथो.**) **ગોમ્મટસાર**ના જીવકાંડમાં પણ જણાવેલ છે કે "લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર એક-એક કાલાણુ રહેલા છે. રત્નોના ઢગલાની જેમ તેને સ્કંધપરિણામશૂન્ય જાણવા." **યતિવૃષભાચાર્યએ ત્રિલોકપ્રજ્ઞપ્તિ**માં આ જ અભિપ્રાયથી જણાવેલ છે કે "અન્યોન્યપ્રવેશથી રહિત કાલના ભિન્ન-ભિન્ન અણુઓ,

---

1. लोकाकाशप्रदेशे एकैकस्मिन् ये स्थिता हि एकैके। रत्नानां राशिरिव ते कालाणवो मन्तव्याः ।।
2. कालस्य भिन्न-भिन्ना अन्योऽन्यप्रवेशेन परिहीणाः। पृथक् पृथग् लोकाकाशे चेष्टन्ते सञ्चयेन विना।।

२८३) इत्युक्तम्।

षट्खण्डागमस्य धवलावृत्तौ वीरसेनाचार्येणऽपि कालमधिकृत्यैवमुक्तम् – [1]"स-परपरिणामहेऊ अपदेसियं लोगपदेसपरिमाणं" (ष.ख.पुस्तक-३/१-२-१/ध.पृ.३) इति।

अधिकं स्पष्टतरं तेनैव तत्रैवाऽग्रे कालानुगमाधिकारे [2]"ववगददोगंध-पंचरसट्ठपास-पंचवण्णो कुंभार-चक्कहेट्ठिमसिलव्व वत्तणालक्खणो लोगागासपमाणो अत्थो तव्वदिरित्तणोआगमदव्वकालो णाम" (ष.ख.पुस्तक ४/१-५-१/ध.पृ.३१४) इत्युक्तम्।

परमात्मप्रकाशवृत्तौ ब्रह्मदेवेन "अविभागिव्यवहारकालसमयोत्पत्तौ। मन्दगतिपरिणतपुद्गलपरमाणुः घटोत्पत्तौ कुम्भकारवद्बहिरङ्गनिमित्तेन व्यञ्जको व्यक्तिकारको भवति। कालद्रव्यं तु मृत्पिण्डवद् उपादानकारणं भवति। तस्य तु पुद्गलपरमाणोः मन्दगतिगमनकाले यद्यपि धर्मद्रव्यं सहकारिकारणमस्ति तथापि कालाणुरूपं निश्चय-कालद्रव्यं च सहकारिकारणं भवति। सहकारिकारणानि तु बहून्यपि भवन्ति मत्स्यानां धर्म्मद्रव्ये विद्यमानेऽपि

સંચય વિના, લોકાકાશમાં પૃથક્ પૃથક્ રહેલા છે.'

ॐ કાળ અંગે ધવલાકારમતપ્રદર્શન ॐ

(ષટ્.) **ષટ્ખંડાગમની ધવલા** વ્યાખ્યામાં દિગંબરાચાર્ય **વીરસેનજી**એ કાળદ્રવ્યને ઉદ્દેશીને જણાવેલ છે કે "કાળ સ્વ-પરદ્રવ્યના પરિણમન પ્રત્યે કારણ છે. કાળદ્રવ્ય અપ્રદેશી છે. અર્થાત્ સ્વયં પ્રદેશાત્મક હોવા છતાં પણ પ્રદેશશૂન્ય છે. તથા લોકાકાશના જેટલા પ્રદેશ છે તેટલી જ સંખ્યામાં કાલાણુદ્રવ્ય રહેલા છે."

❀ કાલાણુ તદ્વ્યતિરિક્ત દ્રવ્યકાળ : ધવલા ❀

(अधिकं.) **ધવલા** વ્યાખ્યામાં જ આગળ કાલાનુગમ અધિકારમાં **વીરસેનાચાર્ય**એ અધિક સ્પષ્ટપણે જણાવેલ છે કે "બે ગંધથી રહિત, પાંચ રસથી શૂન્ય, આઠ સ્પર્શથી રહિત, પાંચવર્ણરહિત, કુંભારના ચક્રની અધસ્તન શિલા સમાન (સ્થિર), વર્ત્તનાલિંગયુક્ત, લોકાકાશ (પ્રદેશ) પ્રમાણ એવો પદાર્થ એટલે નોઆગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્ય કાળ."

❀ ગતિ પ્રત્યે અનેક સહકારીકારણ ❀

(पर.) દિગંબરાચાર્ય **યોગીન્દ્રદેવ**રચિત **પરમાત્મપ્રકાશ** ગ્રંથની **વ્યાખ્યા**માં **બ્રહ્મદેવે** વધુ સ્પષ્ટ બાબત જણાવેલ છે કે "નિશ્ચયકાલનો પર્યાય એ નિરંશ સમયસ્વરૂપ વ્યવહારકાળ છે. તેની ઉત્પત્તિ પ્રત્યે મંદગતિપરિણામપરિણત પુદ્ગલપરમાણુ કારણ હોય છે. સમયરૂપ વ્યવહારકાળનું ઉપાદાનકારણ નિશ્ચયકાલદ્રવ્ય છે. પુદ્ગલપરમાણુની મંદગતિ તેના પ્રત્યે બહિરંગ નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નથી. જેમ ઘટ પર્યાયની ઉત્પત્તિ પ્રત્યે ઉપાદાનકારણ માટીદ્રવ્ય છે તથા બહિરંગ કારણ કુંભાર છે. તેમ ઉપરોક્ત વાત સમજવી. જો કે તે પુદ્ગલપરમાણુની મંદગતિ સ્વરૂપ ગમનદશા પ્રત્યે ધર્માસ્તિકાય સહકારીકારણ છે જ. તો પણ કાલાણુ = નિશ્ચયકાળ દ્રવ્ય પણ પુદ્ગલપરમાણુની મંદતમ ગતિ પ્રત્યે સહકારીકારણ

---

1. स्व-परपरिणामहेतुः अप्रदेशिकं लोकप्रदेशपरिमाणम्। 2. व्यपगतद्विगन्ध-पञ्चरसाऽष्टस्पर्श-पञ्चवर्णः कुम्भकारचक्राऽधस्तनशिलेव वर्त्तनालक्षणो लोकाकाशप्रमाणः अर्थः तद्व्यतिरिक्तनोआगमद्रव्यकालो नाम।

जलवद्" (प.प्र२/२३ वृ.पृ.१३९) इत्यादि यदुक्तं तदप्यत्र स्मर्तव्यम्।

तदुक्तं कालाणुमधिकृत्य **स्वामिकुमारेण** अपि **कार्त्तिकेयानुप्रेक्षायां** लोकानुप्रेक्षायां [1]"सव्वाणं दव्वाणं परिणामं जो करेदि सो कालो। एक्केक्काकासपएसे सो वट्टदि एक्कको चेव।।" (का.अनु.२१६) इति।

पञ्चास्तिकायवृत्तौ "निश्चयकालो नित्यः, द्रव्यरूपत्वात्। व्यवहारकालः क्षणिकः, पर्यायरूपत्वाद्" (पञ्चा.१०१ वृ.) इति **अमृतचन्द्राख्य** आशाम्बराचार्य आचष्टे। तत्सिद्ध्यर्थं तत्रैव तेनैव पूर्वम् "प्रतिक्षणमुत्पाद-व्यय-ध्रौव्यैकवृत्तिरूपः परिणामः। स खलु सहकारिकारणसद्भावे दृष्टः, गतिस्थित्यवगाहपरिणामवत्। यस्तु सहकारिकारणं स कालः। तत्परिणामाऽन्यथाऽनुपपत्तिगम्यमानत्वादनुक्तोऽपि निश्चयकालोऽस्तीति निश्चीयते। यस्तु निश्चयकालपर्यायरूपो व्यवहारकालः स जीव-पुद्गलपरिणामेनाऽभिव्यज्यमानत्वात् तदायत्त एव" (पञ्चा.

બને છે. પુદ્ગલપરમાણુના નિમિત્તે નિશ્ચયકાળનો સમયપર્યાય પ્રગટ થાય છે. તથા કાળની સહાયથી પરમાણુદ્રવ્ય મંદતમગતિ કરે છે. જેમ ગતિનું સહકારી કારણ ધર્માસ્તિકાય છે, તેમ કાલાણુ દ્રવ્ય પણ તેનું સહકારી કારણ બની શકે છે. કારણ કે કોઈ પણ કાર્યનું ઉપાદાનકારણ એક (સજાતીયદ્રવ્ય) હોય છે પરંતુ સહકારીકારણો તો અનેક (વિજાતીયદ્રવ્યો) હોઈ શકે છે. તેમાં કોઈ દોષ નથી. જેમ ધર્માસ્તિકાયદ્રવ્ય સર્વ દ્રવ્યગતિ પ્રત્યે સહકારીકારણ હોવા છતાં પણ પાણી મત્સ્યગતિ પ્રત્યે અન્ય સહકારીકારણ તરીકે માન્ય જ છે. તેમ ઉપરોક્ત વાત સમજવી." **બ્રહ્મદેવ**ના પ્રસ્તુત વક્તવ્યને પણ અહીં વાચકવર્ગે યાદ કરવું.

⚜ કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા સંવાદ ⚜

(तदु.) કાલાણુને ઉદ્દેશીને **સ્વામીકુમારે** પણ **કાર્ત્તિકેયઅનુપ્રેક્ષા**માં લોકાનુપ્રેક્ષાવિભાગમાં જણાવેલ છે કે 'સર્વ દ્રવ્યોના નવીનત્વાદિ-ઉત્પાદાદિ પરિણામને જે કરે છે તે કાલ છે. એક-એક આકાશપ્રદેશમાં તે એક-એક વર્ત્તે છે.'

⚜ નિશ્ચયકાળ દ્રવ્યાત્મક, વ્યવહારકાળ પર્યાયસ્વરૂપ : દિગંબર ⚜

(पञ्चास्ति.) **પંચાસ્તિકાયવૃત્તિમાં અમૃતચંદ્ર** નામના દિગંબરાચાર્ય કાલ અંગે એવું નિરૂપણ કરે છે કે 'નિશ્ચયકાલ દ્રવ્યસ્વરૂપ હોવાના કારણે નિત્ય છે. તથા વ્યવહારકાલ ક્ષણિક છે. કારણ કે તે પર્યાયસ્વરૂપ છે.' આ બાબતની સિદ્ધિ માટે તેમણે જ ત્યાં પૂર્વે જણાવેલ છે કે 'પરિણામ પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સાથે એકવૃત્તિસ્વરૂપ = તાદાત્મ્યવૃત્તિસ્વરૂપ છે. તે પરિણામ સહકારીકારણ હાજર હોય તો જોવા મળે છે. જેમ કે ગતિપરિણામ ધર્માસ્તિકાયસ્વરૂપ સહકારી કારણ હોય તો ઉપલબ્ધ થાય છે. તથા સ્થિતિપરિણામ અધર્માસ્તિકાયાત્મક સહકારી કારણ હોય તો દેખાય છે. તે જ રીતે અવગાહનાપરિણામ આકાશના સહકારથી ઉત્પન્ન થાય છે. તેથી પ્રતિક્ષણ ઉત્પાદાદિની સાથે તાદાત્મ્યવૃત્તિસ્વરૂપ પરિણામ પ્રત્યે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પ્રત્યે) પણ કોઈક સહકારી કારણ હોવું જોઈએ. જે તેનું સહકારી કારણ છે તેનું નામ કાળ છે. તે પરિણામની અન્યથા અનુપપત્તિ (= નિશ્ચય કાલ વિના અસંગતિ) દ્વારા જણાય છે કે નિશ્ચયકાળ છે, ભલે તેનો સ્પષ્ટ રીતે નિર્દેશ આગમમાં જોવા મળતો ન હોય. આમ નિશ્ચયકાળનો અનુમાન પ્રમાણથી નિશ્ચય થાય છે. તથા નિશ્ચયકાળના પર્યાયસ્વરૂપ જે કાળ છે, તે વ્યવહારકાળ છે.

---

1. सर्वेषां द्रव्याणां परिणामं यः करोति स कालः। एकैकाशप्रदेशे स वर्त्तते एकैकः चैव ।।

२३, त.प्र.) इत्युक्तम्।

अयमाशयः – दिगम्बरमतानुसारेण समयाख्यः क्रमिकपर्यायो व्यवहारकालः, तदाधारभूताः कालाणवश्च निश्चयकालः। व्यवहारकालो हि निश्चयकालपर्यायात्मकः। स च परमार्थतः स्वद्रव्य-जन्योऽपि जीवादिपरिणामाद् ज्ञायमानतया तज्जन्यतया व्यवह्रियते। व्यवहारकालसिद्धिकृते इयं शास्त्रपद्धतिः प्रसिद्धा। कालाणुतः सर्वद्रव्याणि विपरिवर्तन्ते। नवत्व-जीर्णत्वादीनां जीवादिपरिणामानां बहिरङ्गकालाणुद्रव्यसन्निधौ उत्पद्यमानतया कालाणुजन्यत्वम् उच्यते। निश्चयकालसिद्धिकृते हीयं शास्त्रपद्धतिः प्रसिद्धा। वस्तुतः तदुपादानकारणत्वं जीवादीनामेव, न तु कालाणूनामिति ध्येयम्।

इदञ्चात्रावधेयम् – दर्शितपरमाणुमन्दतमगतेः कालस्वरूपपरिज्ञानोपायत्वन्तु अस्माकं श्वेताम्बराणामपि सम्मतम्। तदुक्तं श्वेताम्बरशिरोमणिभिः **उमास्वाति**वाचकवर्यैः **तत्त्वार्थसूत्रभाष्ये** "परमसूक्ष्मक्रियस्य सर्वजघन्यगतिपरिणतस्य परमाणोः स्वावगाहक्षेत्रव्यतिक्रमणकालः समय इत्युच्यते परमदुरधिगमोऽनिर्देश्यः।

જીવના અને પુદ્ગલના પરિણામથી તેની અભિવ્યક્તિ = બુદ્ધિ થવાથી વ્યવહારકાળ તેને આધીન જ છે.'

✡ निश्चयकालपर्याय = व्यवहारकाळ : दिगंबर ✡

(**अयमा.**) અહીં આશય એ છે કે દિગંબર મત મુજબ, સમય નામનો જે ક્રમિક પર્યાય તે વ્યવહારકાળ છે. તેના આધારભૂત કાલાણુદ્રવ્યો તે નિશ્ચયકાળ છે. વ્યવહારકાળ નિશ્ચયકાળનો પર્યાય છે. તે ખરેખર તો પોતાના દ્રવ્યથી = કાલાણુથી જ ઉત્પન્ન થાય છે. તેમ છતાં તે જીવ-પુદ્ગલના પરિણામથી મપાતો -જણાતો હોવાથી, ઔપચારિક રીતે, જીવ-પુદ્ગલોના પરિણામથી ઉત્પન્ન થતો કહેવાય છે. વ્યવહારકાળને સિદ્ધ કરવા માટે જ તેમ કહેવાની શાસ્ત્રપદ્ધતિ છે. તથા કાલાણુઓના નિમિત્તે બધાં દ્રવ્યોની અવસ્થા પલટાય છે. તેથી જૂની-નવી અવસ્થા વગેરે સ્વરૂપ જીવાદિપરિણામ બહિરંગદ્રવ્યભૂત દ્રવ્યકાળના સદ્ભાવમાં ઉત્પન્ન થતા હોવાના લીધે દ્રવ્યકાળથી = કાલાણુદ્રવ્યથી ઉત્પન્ન થતા કહેવાય છે. નિશ્ચયકાળની સિદ્ધિ કરવા માટે જ તેમ કહેવાની શાસ્ત્રપદ્ધતિ છે. ખરેખર તો તે પરિણામોનું ઉપાદાનકારણ જીવાદિ સ્વદ્રવ્ય જ છે, કાલાણુ દ્રવ્ય નહિ. આ વાત ધ્યાનમાં રાખવી.

✡ परमाणुमंदगति समयपरिज्ञाननो उपाय : श्रीउमास्वातिजी ✡

(**इदञ्चा.**) પ્રસ્તુતમાં એક વાત ધ્યાનમાં રાખવી કે ઉપર પરમાણુની અત્યંત મંદ ગતિને કાળના સ્વરૂપની જાણકારીના ઉપાય તરીકે જે જણાવેલ છે તે વાત અમને શ્વેતાંબરોને પણ માન્ય જ છે. તેથી જ શ્વેતાંબરશિરોમણિ વાચકવર્ય **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થભાષ્ય** ગ્રન્થમાં જણાવેલ છે કે "જ્યારે અત્યંત સૂક્ષ્મ ક્રિયા પરમાણુમાં ઉત્પન્ન થાય છે ત્યારે તે પરમાણુ સર્વજઘન્ય = અત્યંત મંદ એવી ગતિથી પરિણત થાય છે. સર્વથા મંદગતિવાળા પરમાણુને પોતાના અવગાહના ક્ષેત્રમાંથી અત્યંતનિકટવર્તી આકાશપ્રદેશમાં જવા માટે જેટલો કાળ લાગે તે 'સમય' કહેવાય છે. તેનું જ્ઞાન અત્યન્ત મુશ્કેલ છે. તેનો 'આ સમય છે' આવો નિર્દેશ = ઉલ્લેખ પણ થઈ શકતો નથી. તે સમયને પરમર્ષિ એવા કેવલજ્ઞાની ભગવાન જ જાણે છે. તેમ છતાં 'આ સમય છે' - આ પ્રમાણે તેનો નિર્દેશ કરી શકતા નથી. કારણ કે સમય તો અત્યંત સૂક્ષ્મ છે તથા 'આ સમય છે' - આવું બોલવામાં અસંખ્ય

तं हि भगवन्तः परमर्षयः केवलिनो विदन्ति, न तु निर्दिशन्ति, परमनिरुद्धत्वात् (= सूक्ष्मत्वात्)" (त.सू. ४/१५ भा.पृ.२९१) इति।

नवरं प्रतिलोकाकाशप्रदेशमेकैकं कालाणुद्रव्यं दिगम्बरा निश्चयकालविधया अभ्युपगच्छन्ति, वयं श्वेताम्बरास्तु नेति विशेषः, परं मन्दतमगतिपरिणतपुद्गलपरमाणुसङ्क्रमणकालस्य समयपरिज्ञानोपायत्वं तूभयमतसम्मतमेव।

समयस्याऽविभाज्यत्वमभिप्रेत्य **ज्योतिष्करण्डके तन्दुलवैचारिकप्रकीर्णके** च [1]"कालो परमनिरुद्धो अविभज्जो तं तु जाण समयं तु" (ज्यो.क.१४, त.वै.८२) इत्युक्तम्। तदनुसारेण **जीवसमासे चक्रेश्वरसूरिकृते** च **सिद्धान्तसारोद्धारे** [2]"कालो परमनिरुद्धो अविभागी तं तु जाण समओ त्ति" (जी.स.१०६ + सि.सा.८६) इत्युक्तम्।

एतेन "यावता समयेन विचलितः परमाणुः पूर्वदेशं जह्याद् उत्तरदेशमभिसम्पद्येत स कालः क्षणः" (यो.सू.भा.३/५२) इति **योगसूत्रभाष्ये व्यासवचनमपि *व्याख्यातम्,*** परमाणुविचलनस्य मन्दतमगत्या

समय પસાર થઈ જાય છે. તેથી 'આ ઘડો છે' આ પ્રમાણે ઘડાનો નિર્દેશ જેમ થઈ શકે છે તેમ 'આ સમય છે' આ મુજબ સમયનો ઉલ્લેખ કરી શકાતો નથી." આ રીતે મંદતમગતિપરિણત પરમાણુના સંક્રમણકાળ દ્વારા સૂક્ષ્મ સમયની જાણકારી ઉમાસ્વાતિજી મહારાજે દર્શાવેલ છે. તેનાથી કાળ અત્યંત સૂક્ષ્મ તત્ત્વ છે - તેમ શ્વેતાંબર મત મુજબ સિદ્ધ થાય છે.

❀ દિગંબર-શ્વેતાંબર મતમાં તફાવત ❀

(नवरं.) અહીં ફક્ત એટલો જ ફરક છે કે દિગંબર જૈનો લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં એક-એક કાલાણુ દ્રવ્ય માને છે. તથા તેને નિશ્ચયકાળ તરીકે તેઓ દર્શાવે છે. પરંતુ શ્વેતાંબર જૈનોના આગમ મુજબ આ વાત માન્ય નથી. આટલો તફાવત સમજવો. બાકી દિગંબરમત અને શ્વેતાંબરમત મુજબ 'મન્દતમગતિપરિણત પુદ્ગલપરમાણુનો સંક્રમણ કાળ સમયની જાણકારીનો ઉપાય છે' - આ વાત તો સમાન રીતે માન્ય છે.

❀ સમયની ઓળખાણ ❀

(समय.) સમય અવિભાજ્ય છે. આ જ અભિપ્રાયથી **જ્યોતિષ્કરંડક** અને **તંદુલવૈચારિક પ્રકીર્ણક** (= તંદુલવેયાલિય પયન્ના) ગ્રંથમાં જણાવેલ છે કે "કાળ (= સમય) અત્યંતનિરુદ્ધ = અતિસૂક્ષ્મ છે. તેથી જ તેનો વિભાગ થઈ શકતો નથી. તેવા અત્યંત સૂક્ષ્મ અવિભાજ્ય કાળતત્ત્વને તમે 'સમય' તરીકે જાણો." **જીવસમાસમાં** તથા **ચક્રેશ્વરસૂરિકૃત સિદ્ધાન્તસારોદ્ધારમાં** પણ તે મુજબ જ જણાવેલ છે.

❀ યોગસૂત્રભાષ્યની દૃષ્ટિએ કાળનો પરિચય ❀

(एतेन.) **યોગસૂત્રભાષ્ય** ગ્રંથમાં **વ્યાસ** ઋષિએ પણ જણાવેલ છે કે 'ચલિત = ગતિશીલ થયેલ પરમાણુ જેટલા કાળમાં પોતાના પૂર્વ સ્થળને છોડે અને અવ્યવહિત ઉત્તરવર્તી સ્થાનમાં જાય તેટલો કાળ ક્ષણ કહેવાય છે.' અમે ઉપર જે વાત કરેલી છે તેના દ્વારા વ્યાસવચનની પણ સંગતિ થઈ જાય છે. કારણ કે પરમાણુની ચલન ક્રિયા મંદતમ ગતિથી વિવક્ષિત કરવાથી જૈન દર્શન મુજબ વ્યાસવચન

---

1. कालः परमनिरुद्धः अविभाज्यः तं तु जानीहि समयः तु। 2. कालः परमनिरुद्धः अविभागी तं तु जानीहि समय इति।

विवक्षणेन तदुपपत्तेरिति भावनीयम्।

ऐदम्युगीनसर्वराष्ट्रमान्यः कालस्य व्यावहारिकः सूक्ष्मो घटकः 'सेकन्ड' इति आङ्ग्लभाषायाम् उच्यते। आधुनिकवैज्ञानिकाः तस्य प्रमाणम् एवम् आचक्षते यदुत- "सिज्ञियम-१३३नामकस्य परमाणोः धरास्थितेः द्वयोः अतिसूक्ष्मोर्जास्तरयोः मध्ये इलेक्ट्रोनसङ्क्रान्तेः उत्सर्जितविकिरणानां ९,१९२,६३१, ७७० आन्दोलनानि यावता कालेन पूर्णीभवन्ति तावान् कालः 'एकः सेकन्डः' इति कथ्यते"। इत्थं व्यावहारिकपरमाणुस्थानीयेलेक्ट्रोनसत्कनिरुक्ताऽऽन्दोलनानां सेकन्डाऽभिधानसूक्ष्मव्यावहारिककाल-परिज्ञानोपायत्वं सम्मतम् आधुनिकवैज्ञानिकानामित्यवधेयम्।

अन्यरूपेणाऽपरिणमद् वर्त्तनाकारणीभूतं कालद्रव्यमाश्रित्य सर्वद्रव्याणि स्वयोग्यतानुसारतो निजपर्यायरूपेण परिणमन्ति। तदुक्तं **नेमिचन्द्राचार्येण गोम्मटसारे** जीवकाण्डे [1]"ण य परिणमदि सयं सो, ण य परिणामेइ अण्णमण्णेहिं। विविहपरिणामियाणं हवदि हु कालो सयं हेदु।। [2]कालं अस्सिय दव्वं सग-सगपज्जायपरिणदं होदि।" (गो.सा.जी.का.५७०/५७१) इत्यादि।

સંગત બની શકે છે. આ બાબતની અહીં શાંતિથી વિચારણા કરવી.

❀ सेकंडना माप अंगे वैज्ञानिकोनो मत ❀

(ऐद.) વર્તમાનકાલીન સર્વ રાષ્ટ્રોને કાળનો જે વ્યાવહારિક સૂક્ષ્મ ઘટક માન્ય છે, તે અંગ્રેજી ભાષામાં 'સેકંડ' કહેવાય છે. આધુનિક વૈજ્ઞાનિકો સેકંડનું માપ આ મુજબ જણાવે છે કે "The second is the Standard International Unit of time. One second is the time that elapses during 9,192,631,770 (= 9.192631770 X 10^9) cycles of the radiation produced by the transition between two levels of the cesium 133 atom." (http://what is tech target.com/definition/second-s-or-sec). ઉપરોક્ત વૈજ્ઞાનિક સિદ્ધાંતને ગુજરાતી ભાષામાં આ રીતે જણાવી શકાય કે "સેકન્ડ એ કાલનો આંતરરાષ્ટ્રીય (= સર્વરાષ્ટ્રમાન્ય) ઘટક છે. સિઝિયમ-૧૩૩ પરમાણુની ધરાસ્થિતિના બે અતિસૂક્ષ્મ ઉર્જાના સ્તરો વચ્ચેની ઈલેક્ટ્રોનની સંક્રાંતિને અનુલક્ષીને ઉત્સર્જિત વિકિરણોના ૯,૧૯૨,૬૩૧,૭૭૦ આંદોલનો માટેના સમયગાળાને 'એક સેકન્ડ' કહે છે." આમ વ્યાવહારિક પરમાણુ સ્થાનીય ઈલેક્ટ્રોનના ઉપરોક્ત આંદોલનો (ગતિવિશેષ) 'સેકંડ' નામના વ્યાવહારિક સૂક્ષ્મ કાળને જાણવાનો ઉપાય છે. આ વાત આધુનિક વૈજ્ઞાનિકોને સંમત છે. આ વાતને ખ્યાલમાં રાખવી.

❀ प्रत्येक द्रव्यना योग्य परिणमनमां काळ सहकारी कारण ❀

(अन्य.) અન્યદ્રવ્યસ્વરૂપે ન પરિણમે તેવા પ્રકારનું કાલદ્રવ્ય વર્ત્તનાનું કારણ છે. તેવા કાળદ્રવ્યને આશ્રયીને સર્વ દ્રવ્યો પોતાની યોગ્યતા અનુસાર સ્વપર્યાયરૂપે પરિણમે છે. આ અંગે **નેમિચન્દ્રાચાર્ય**જીએ **ગોમ્મટસાર**માં જીવકાંડમાં જણાવેલ છે કે "કાળ સ્વયં અન્ય દ્રવ્યસ્વરૂપે પરિણમતું નથી. તથા બીજા પદાર્થને પણ તે પરપરિણામે પરિણમાવતું નથી. પરંતુ પોતાના સ્વભાવથી જ સ્વયોગ્ય પર્યાયોથી પરિણત થવાવાળા દ્રવ્યોના પરિણમનમાં કાળદ્રવ્ય ઉદાસીનતાથી સ્વયં બાહ્ય સહકારીકારણ બની જાય છે. કાળદ્રવ્યને

---

1. न च परिणमति स्वयं स न च परिणामयति अन्यदन्यैः। विविधपरिणामिकानां भवति हि कालः स्वयं हेतुः।।

2. कालम् आश्रित्य द्रव्यं स्वक-स्वकपर्यायपरिणतं भवति।

यथोक्तं **त्रिलोकप्रज्ञप्तौ यतिवृषभाचार्येणाऽपि** [1]"जीवाण पुग्गलाणं हुवंति परियट्टणाइ विविहाइं। एदाणं पज्जाया वट्टंते मुक्खकालआधारे।। [2]सव्वाण पयत्थाणं णियमा परिणामपहुदिवित्तीओ। बहिरंतरंगहेदुहि सव्वब्भेदेसु वट्टंति।। [3]बाहिरहेदू कहिदो णिच्छयकालो त्ति सव्वदरिसीहिं। अब्भंतरं णिमित्तं णिय-णियदव्वेसु चेट्ठेदि।।" (त्रि.प.४/२८०-८१-८२) इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'अयं समयः' इति केवलज्ञानिनाऽपि निर्देष्टुं न शक्यते, तावदुच्चारणेऽसङ्ख्येयसमयातिक्रमाणादिति ज्ञात्वा आत्मार्थिना अयमत्र हितोपदेशो ग्राह्यो यदुत 'निरर्थकवार्त्तालाप-क्षुल्लकप्रवृत्ति-परचिन्ताऽनिष्टभाविकल्पना-दुःखदातीतस्मृति-निद्राऽऽलस्य-प्रमादादिषु महार्घो मानवभवो मा मुष्यताम्' इति कृत्वा शीघ्रगतिककालाऽकलगतिमाकलय्य अप्रमत्ततया सदा तपः-स्वाध्याय-भगवद्भक्ति-वैराग्य-समतादेः आत्मसात्करणे उल्लसितव्यम्। ततश्च [4]"जम्म-जरा-मरण-रोग-सोगाइउवद्दवरहियं सिवपुरं" (स.क.भव ५/पृ.४४४) इति **समरादित्यकथायां हरिभद्रसूरिवर्णितं** शिवपुरं प्रत्यासन्नतरं स्यात्।।१०/१४।।

આશ્રયીને પ્રત્યેક દ્રવ્ય પોત-પોતાને યોગ્ય એવા પર્યાયોથી પરિણત થાય છે."

❖ બાહ્ય-આંતરહેતુથી પદાર્થનું પરિણમન ❖

(यथो.) यतिवृषभ નામના દિગંબરાચાર્યએ **त्रिलोकप्रज्ञप्ति** નામે ગ્રંથ રચેલ છે. ત્યાં તેઓશ્રીએ આ અંગે જણાવેલ છે કે "જીવોનું અને પુદ્ગલોનું વિવિધ પ્રકારે પરિવર્ત્તન થયા કરે છે. તેના પર્યાયો મુખ્ય કાળને આશ્રયીને પ્રવર્ત્તે છે. સર્વ પદાર્થોના સમસ્ત ભેદોમાં નિયમા બાહ્ય અને અભ્યંતર હેતુઓ દ્વારા પરિણામ-ક્રિયા વગેરે વૃત્તિઓ પ્રવર્ત્તે છે. સર્વ પદાર્થોના પ્રવર્ત્તનનું બાહ્ય કારણ સર્વજ્ઞ-સર્વદર્શી ભગવંતોએ નિશ્ચયકાળ કહેલ છે. અભ્યંતર નિમિત્ત તો પોત-પોતાના દ્રવ્યોમાં રહેલ છે."

❖ કાળ તત્ત્વનો ઉપદેશ સાંભળીએ ❖

આધ્યાત્મિક ઉપનય :- "કેવલજ્ઞાની 'આને સમય કહેવાય' આવો નિર્દેશ કરી શકતા નથી. કારણ કે તેવું બોલવામાં અસંખ્ય સમયો પસાર થઈ જાય છે" - આ હકીકત પરામર્શકર્ણિકા વ્યાખ્યા દ્વારા જાણીને પ્રત્યેક આત્માર્થી જીવે એટલો બોધપાઠ લેવા જેવો છે કે 'વ્યર્થ વાતો, પરચૂરણ પ્રવૃત્તિઓ, ફોગટની પારકી પંચાત, ભવિષ્યની અનિષ્ટ કલ્પના, ભૂતકાળની દુઃખદ સ્મૃતિ, નિદ્રા, આળસ, પ્રમાદ વગેરેમાં પોતાનો કિંમતી માનવભવ લૂંટાઈ ન જાય' - તેનો ખ્યાલ રાખી અત્યંત ઝડપથી પસાર થઈ રહેલ કાળની અકળ ગતિને વિચારી તપ-સ્વાધ્યાયાદિ સાધના, ભગવદ્ભક્તિ, વૈરાગ્ય-સમતા આદિ ભાવોને આત્મસાત્ કરવાની આરાધના વગેરેમાં આપણે અપ્રમત્તપણે સદા ઉલ્લસિત બનવાનું છે. તેનાથી **સમરાદિત્યકથા**માં વર્ણવેલ શિવપુર નજીક આવે. ત્યાં શ્રીહરિભદ્રસૂરિજીએ જણાવેલ છે કે 'શિવપુર ખરેખર જન્મ-જરા-મરણ-રોગ-શોકાદિ ઉપદ્રવોથી રહિત છે.' (૧૦/૧૪)

---

1. जीवानां पुद्गलानां भवन्ति परिवर्त्तनानि विविधानि। एतेषां पर्याया वर्त्तन्ते मुख्यकालाधारे।। 2. सर्वेषां पदार्थानां नियमात् परिणामप्रभृतिवृत्तयः। बहिरन्तरङ्गहेतुभिः सर्वभेदेषु वर्त्तन्ते।। 3. बाह्यहेतुः कथितो निश्चयकाल इति सर्वदर्शिभिः। अभ्यन्तरं निमित्तं निज-निजद्रव्येषु तिष्ठति।। 4. जन्म-जरा-मरण-रोग-शोकाद्युपद्रवरहितं शिवपुरम्।

યોગશાસ્ત્રના રે અંતરશ્લોકમાં, એ પણિ મત છઈ રે ઈટ્ઠ;
લોકપ્રદેશે રે અણુઆ જુજુઆ♦, મુખ્ય§ કાલ તિહાં દિટ્ઠ ॥૧૦/૧૫॥ (૧૭૬) સમ.

એ = દિગંબરમત પણિ ✲શ્રી*હેમાચાર્ય*કૃત યોગશાસ્ત્રના અંતરશ્લોકમાંહિ ♦દૃષ્ટ ઈટ્ઠ છઈ, જે માટઈ તેહ શ્લોકમધ્યે **લોકાકાશ●પ્રદેશઈ જુજુઆ કાલઅણુઆ❖** તે **મુખ્ય કાલ** (તિહાં) કહિઓ છઈ. **तथा च**

तत्ककुप्पटमतं किं शुक्लाम्बराणां सर्वथा नैवाभिमतम्–? इत्याशङ्कायामाह – '**तदपी**'ति।

तदपि योगशास्त्रस्य वृत्ताविष्टतया श्रुतम्।
लोकखांशेऽणवो भिन्ना मुख्यकालतया मताः।।१०/१५।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तदपि इष्टतया योगशास्त्रस्य वृत्तौ श्रुतम्। (तत्र) लोकखांशे भिन्नाः अणवः मुख्यकालतया मताः।।१०/१५।।

तद् = असङ्ख्येयकालाणुद्रव्यगोचरदिगम्बरमतम् **अपि योगशास्त्रस्य** श्रीकलिकालसर्वज्ञ-**हेमचन्द्राचार्य**विरचितस्य प्रथमप्रकाशे षोडशकारिकायाः **वृत्तौ** = स्वोपज्ञवृत्तौ आन्तरश्लोके **त्रिषष्टिशलाकापुरुषचरित्रे** च **इष्टतया** = अभीष्टतया **श्रुतम्**, यतः तत्र **लोकखांशे** = लोकाकाशप्रदेशेषु प्रत्येकं **भिन्नाः** = पृथक् पृथग् **अणवः** = कालाणवः **मुख्यकालतया** = पारमार्थिककालरूपेण **मताः** = अभिमताः।

अवतरणिका :- તો શું દિગંબર જૈનોને માન્ય એવો કાલાણુવાદ શ્વેતાંબર જૈનોને સર્વથા માન્ય નથી? આવી શંકા ઉપસ્થિત થતાં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં તેનું સમાધાન આપે છે :-

⚜ લોકાકાશમાં અસંખ્ય કાલાણુદ્રવ્યો : યોગશાસ્ત્રવૃત્તિ ⚜

શ્લોકાર્થ :- તે દિગંબરમત પણ શ્વેતાંબરોને માન્ય હોય તેવું યોગશાસ્ત્રની વ્યાખ્યામાં સંભળાય છે. કારણ કે ત્યાં 'લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જુદા-જુદા અણુઓ મુખ્ય = નૈશ્ચયિક કાળ તરીકે માન્ય છે' - એમ કહેલ છે. (૧૦/૧૫)

વ્યાખ્યાર્થ :- અસંખ્ય કાલાણુ દ્રવ્યસંબંધી દિગંબરજૈનમત પણ શ્રીકલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિજી** મહારાજે રચેલ **યોગશાસ્ત્ર**ના પ્રથમ પ્રકાશના સોળમા શ્લોકની **સ્વોપજ્ઞવૃત્તિ**માં આંતરશ્લોકમાં તથા તેમણે જ રચેલ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** ગ્રંથમાં શ્વેતાંબરોને માન્ય હોવા રૂપે સંભળાય છે. કારણ કે ત્યાં 'લોકાકાશના પ્રત્યેક પ્રદેશોમાં જુદા-જુદા કાલાણુઓ રહેલા છે. તથા તે જ મુખ્ય = પારમાર્થિક કાળ તરીકે માન્ય છે' - એવું સંભળાય છે.

♦ જુજુઆ = જુદા-જુદા. આધારભૂત ગ્રંથ - **'चंद्र-चंद्रावती वार्ता'** (પ્રકા.ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ), **ચિત્તવિચારસંવાદ**(અખાજીકૃત), **નરસૈં મહેતાનાં પદ** (પ્રકા. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ), **સિંહાસનબત્રીસી.** § લી.(૧)માં 'દ્વ્યકાલ' પાઠ. ✲ પુસ્તકોમાં 'શ્રીહેમાચાર્યકૃત' પાઠ નથી. આ.(૧)માં છે. ♦ પુસ્તકોમાં ફક્ત 'ઈષ્ટ' પાઠ. કો.(૭+૧૨)નો પાઠ લીધો છે. ● પુસ્તકોમાં 'લોકપ્રદેશઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ❖ પુસ્તકોમાં 'અણુઅ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

तत्पाठः – लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये।
भावानां परिवर्त्ताय मुख्यः कालः स उच्यते ।। (यो.शा.१/१६/अजीव.५२) इति ॥१०/१५॥

तदुक्तं **योगशास्त्र**प्रथमप्रकाश**स्वोपज्ञवृत्तौ त्रिषष्टिशलाकापुरुषचरित्रे** च चतुर्थे पर्वणि चतुर्थे सर्गे "लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये। भावानां परिवर्त्ताय मुख्यः कालः स उच्यते ।। ज्योतिःशास्त्रे यस्य मानमुच्यते समयादिकम्। स व्यावहारिकः कालः कालवेदिभिरामतः।।" (यो.शा.१/१६/अजीवतत्त्व-५२/५३ पृष्ठ-३७, त्रि.श.पु.४/४/२७४-२७५) इति।

एतदनुसारेणैव नागेन्द्रगच्छीय**देवेन्द्रसूरि**भिः **चन्द्रप्रभचरित्रे** "लोकाकाशप्रदेशस्था भिन्नाः कालांशकास्तु ये। भावानां परिवर्त्ताय मुख्यः कालः स उच्यते।।" (च.च. परिच्छेद-२/ श्लो.३८/पृ.१६१) इत्युक्तमित्यवधेयम्। अकब्बरसभाऽलङ्कारेण **पद्मसुन्दरसूरिणा पार्श्वनाथचरितमहाकाव्ये** "वर्त्तनालक्षणः कालः सा तु स्व-परसंश्रयैः। पर्यायैर्नव-जीर्णत्वकरणं वर्त्तना मता।। स मुख्यो व्यवहारात्मा, द्वेधा कालः प्रकीर्त्तितः। मुख्योऽसङ्ख्यैः प्रदेशैः स्वैः चितो मणिगणैरिव।। प्रदेशप्रचयाऽभावादस्य नैवाऽस्तिकायता। समयावलिकाद्यात्मा व्यवहारात्मकः स च।।" (पा.च.म.५/११४-१५-१६) इत्युक्तं तदप्यत्र स्मर्तव्यम्।

इमानि कालाणुद्रव्याणि निरूढलक्षणया लोकाकाशप्रदेशस्थपुद्गलाणुद्रव्याणि कालविधया बोध-

(तदुक्तं.) **योगशास्त्र**ना प्रथम प्रकाशनी **स्वोपज्ञवृत्ति**માં તથા **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** ગ્રંથના ચોથા પર્વના ચોથા સર્ગમાં જણાવેલ છે કે "જીવાદિ ભાવોમાં જીર્ણતા-નૂતનતા વગેરે સ્વરૂપે પરિવર્તન કરવા માટે લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જુદા-જુદા જે કાલાણુઓ રહેલા છે, તે મુખ્યકાળ = નૈશ્ચયિકકાળ કહેવાય છે. જ્યોતિષશાસ્ત્રમાં સમય, આવલિકા, મુહૂર્ત્ત વગેરે સ્વરૂપે જેનું પ્રમાણ = માપ કહેવાય છે, તે વ્યાવહારિક કાળ છે - આ પ્રમાણે કાલવેત્તાઓને માન્ય છે" - આમ કાલાણુદ્રવ્યોને પણ કલિકાલસર્વજ્ઞ ભગવંતે શ્વેતાંબર મતમાં દર્શાવેલ છે.

❋ પ્રદેશાત્મક કાળ અંગે અન્ય બે મત ❋

(एत.) આ જ અભિપ્રાયથી **નાગેન્દ્રગચ્છીય દેવેન્દ્રસૂરિજી**એ (વિક્રમસંવત ૧૨૯૪માં રચેલ) **ચન્દ્રપ્રભચરિત્ર**માં જણાવેલ છે કે 'લોકાકાશના પ્રદેશો ઉપર રહેલા કાલના ભિન્ન-ભિન્ન અંશો કે જેનાથી ભાવોમાં પરિવર્ત્તન થાય છે તે મુખ્ય કાલ કહેવાય છે.' **અકબરબાદશાહ**ની શાહીસભાના અલંકાર એવા **પદ્મસુંદરસૂરિજી**એ **પાર્શ્વનાથચરિતમહાકાવ્ય**માં છઠ્ઠા સર્ગમાં પાર્શ્વપ્રભુદેશનામાં અજીવતત્ત્વનિરૂપણ અવસરે જણાવેલ છે કે 'કાળનું લક્ષણ વર્ત્તના પર્યાય છે. સ્વાશ્રિત પર્યાયો દ્વારા અને પરાશ્રિત પર્યાયો દ્વારા નવીનત્વ-પુરાણત્વ કરવું એ જ વર્ત્તના મનાયેલ છે. તે કાળ બે પ્રકારે કહેવાયેલ છે - મુખ્યકાળ તથા વ્યવહારકાળ. જે મુખ્યકાળ છે, તે મણિઓના ઢગલા જેવા પોતાના અસંખ્યપ્રદેશોથી યુક્ત છે. આ મુખ્યકાળમાં પ્રદેશપ્રચય ન હોવાથી તે અસ્તિકાયસ્વરૂપ નથી. તથા વ્યવહારાત્મક કાળ તો સમય, આવલિકા વગેરે સ્વરૂપ છે' - આ કથન પણ પ્રસ્તુતમાં સ્મરણ કરવા યોગ્ય છે.

(इमा.) આ કાલાણુ દ્રવ્યો નિરૂઢલક્ષણાથી લોકાકાશના પ્રદેશોમાં રહેલા પુદ્ગલપરમાણુદ્રવ્યોને કાલ તરીકે જણાવે છે. આ વાત આગળ (૧૦/૧૭+૧૯) જણાવવામાં આવશે. વિજ્ઞ વાચકવર્ગે આ બાબતને

यन्तीति वक्ष्यते अग्रे (१०/१७+१९) इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – नैश्चयिक-व्यावहारिककालयोः कोऽपि गत्यवरोधकः (Speed -Breaker), गतिबाधकः (Break), गतिप्रत्याकर्षकः च (Reverse Gear) नास्तीति ज्ञात्वा अप्रमत्ततया जिनाज्ञा पालनीयेत्युपदेशः। तत्पालनतश्च [1]"नीसेसकम्मविगमो मुक्खो जीवस्स सुद्धरूवस्स। साइ -अपज्जवसाणं अव्वाबाहं अवत्थाणं।।" (श्रा.प्र.८३) इति **श्रावकप्रज्ञप्ति**दर्शितं सिद्धस्वरूपं प्रत्यासन्नतरं स्यात्।।१०/१५।।

ખ્યાલમાં રાખવી.

❋ અપ્રમત્તતાને કેળવીએ ❋

આધ્યાત્મિક ઉપનય :- (૧) નૈશ્ચયિક અને વ્યાવહારિક કાળને કોઈ સ્પીડબ્રેકર નડતું નથી. (૨) કાળને કોઈ બ્રેક લાગતી નથી. (૩) કાળને કોઈ રિવર્સ ગિયર (Reverse Gear) પણ નથી. આ ત્રણ વાતને જાણીને જિનાજ્ઞાપાલનમાં અપ્રમત્તતા કેળવવાની હિતશિક્ષા આ શ્લોક દ્વારા મેળવવા જેવી છે. જિનાજ્ઞાપાલનથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ અત્યંત નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સર્વકર્મવિયોગ = મોક્ષ. શુદ્ધસ્વરૂપવાળા જીવનું સાદિ-અનંત કાળ પીડારહિત અવસ્થાન = મોક્ષ.' (૧૦/૧૫)

લખી રાખો ડાયરીમાં.....✍

- સાધનાનું સ્વરૂપ બુદ્ધિગમ્ય છે.
  દા.ત. અભિનવ શેઠ.
  ઉપાસનાનું સ્વરૂપ માત્ર અનુભવગમ્ય છે.
  દા.ત. જીરણ શેઠ.
- વાસના માત્ર બાહ્ય પરિવર્તન ઝંખે છે.
  ઉપાસના અપરિવર્તનશીલ તત્ત્વને પકડે છે.
- વાસનામાં કેવળ વિચારવાયુના તોફાન છે.
  ઉપાસના નિર્વિચાર-નિર્વિકલ્પ
  દશા તરફની યાત્રા છે.
- બુદ્ધિ બહારથી પોતાને સાફ કરવામાં રાજી છે.
  શ્રદ્ધા અંતઃકરણથી બીજાને માફ કરવામાં ખુશ છે.

---

1. निःशेषकर्मविगमः मोक्षः जीवस्य शुद्धस्वरूपस्य। सादि-अपर्यवसानम् अव्याबाधम् अवस्थानम्।।

પ્રચયઊર્ધ્વતા રે એહનો સંભવઈ, પૂર્વ અપર પર્યાય;
તિર્યક્ પ્રચય ઘટઈ નહી ખંધનો, વિણ પ્રદેશસમુદાય ॥૧૦/૧૬॥ (૧૭૭) સમ.

▸એ દિગંબરપ્રક્રિયાઈ લોકાકાશને એકેક પ્રદેશે એકેક અણુવા દીઠા = કહ્યા *યોગેન્દ્રદેવજીઈ*◂ એહ કાલાણુ દ્રવ્યનો **ઊર્ધ્વતાપ્રચય સંભવઈ**, જે માટઈ જિમ મૃદ્દ્રવ્યનઈ સ્થાસ, કોશ, કુશૂલાદિ પૂર્વાપરપર્યાય છઈ, તિમ એહનઈ સમય, આવલિ પ્રમુખ **પૂર્વાપરપર્યાય** છઈ.

कालाणोः द्रव्यत्वे किम् ऊर्ध्वताप्रचयरूपता तिर्यक्प्रचयरूपता ? इत्याशङ्कायां दिगम्बरमतानुसारेणाह – '**ऊर्ध्वते**'ति।

ऊर्ध्वताप्रचयः तस्य स्यात् पूर्वाऽपरपर्ययात्।
न तिर्यक्प्रचयः स्कन्ध-प्रदेशौघं विना भवेत्।।१०/१६।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तस्य (कालाणुद्रव्यस्य) ऊर्ध्वताप्रचयः स्यात्, पूर्वापरपर्ययात्। (परं) तिर्यक्प्रचयः न स्यात्। (यतः) न स्कन्धप्रदेशौघं विना तिर्यक्प्रचयः भवेत्।।१०/१६।।

[1]"कालु मुणिज्जहि दव्वु तुहुँ वट्टणलक्खणु एउ। रयणहं रासि विभिण्ण जिम तसु अणुयहँ तह भेउ।।" (प.प्र.२/२१) इति **परमात्मप्रकाशे योगीन्द्रदेवो**क्त्या **तस्य** = नैश्चयिककालत्वेनाऽऽशाम्बराऽभिमतस्य प्रतिलोकाकाशप्रदेशस्थस्य कालाणुद्रव्यस्य **ऊर्ध्वताप्रचयः स्यात्** = सम्भवेत्, **पूर्वापरपर्यायात्** = पूर्वोत्तरपर्यायसद्भावात्। यथा मृद्द्रव्यस्य स्थास-कोश-कुशूलादिपूर्वाऽपरपर्यायाः सन्ति तथा कालाणु-

---

[illegible] :- 'કાલાણુ દ્રવ્ય છે' - આ વાત જાણ્યા પછી શંકા થાય કે 'કાલાણુ શું ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ છે કે તિર્યક્પ્રચયસ્વરૂપ ?' તો તેવી શંકાનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી દિગંબરમત મુજબ આગળના શ્લોકમાં જણાવે છે કે :-

❋ કાલાણુ દ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ : દિગંબર ❋

[illegible] :- દિગંબરસંમત કાલાણુ દ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ છે. કારણ કે તેમાં પૂર્વાપરપર્યાયો છે. તે તિર્યક્પ્રચય નથી. કેમ કે સ્કંધના પ્રદેશસમૂહ (=સ્કંધાદિપરિણામપરિણત પ્રદેશસમુદાય) વિના તિર્યક્પ્રચય સંભવે નહિ. (૧૦/૧૬)

[illegible] :- **યોગીન્દ્રદેવ** નામના દિગંબરાચાર્યે **પરમાત્મપ્રકાશ** ગ્રન્થમાં જણાવેલ છે કે "હે ભવ્ય જીવ ! તું આ વર્ત્તનાલક્ષણવાળા કાળ દ્રવ્યને જાણ. રત્નોના ઢગલા જેવા કાલદ્રવ્યો છે. જેમ રત્નરાશિમાં રહેલા રત્નો પરસ્પર જુદા છે, એકબીજામાં ભળી જતા નથી તેમ કાલાણુદ્રવ્યો પરસ્પર જુદા છે, એકબીજામાં તેઓ ભળી જતા નથી." આ કાલાણુઓ નૈશ્ચયિક કાળ તરીકે દિગંબરસંમત છે. લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં રહેલા, કાલાણુ દ્રવ્યો ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ બની શકે છે. કારણ કે તેમાં પૂર્વાપરપર્યાય રહેલા છે. જેમ માટીદ્રવ્યમાં સ્થાસ, કોશ, કુશૂલ વગેરે પૂર્વાપર પર્યાયો રહેલા છે, તેમ કાલાણુદ્રવ્યમાં સમય, આવલિકા,

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

1. कालं मन्यस्व द्रव्यं त्वं वर्त्तनलक्षणम् एतत्। रत्नानां राशिः विभिन्नः यथा तस्य अणूनां तथा भेदः।।

પણિ **ખંધનો પ્રદેશસમુદાય** એહનઈં નથી. તે ભણી (=તે વિણ) ધર્માસ્તિકાયાદિકની પરિં ***તિર્યક્ પ્રચય ન(ઘટઈ=)** સંભવઈ* તિર્યક્ પ્રચય નથી. તે માટઈં જ કાલદ્રવ્ય અસ્તિકાય ન કહિઈં.

द्रव्यस्य समयाऽऽवलिका-मुहूर्त्तादिपूर्वापरपर्यायाः सन्ति। स्थास-कोश-कुशूलादिपूर्वापरपर्यायसमुदाया-ऽनुयायित्वाद् मृद्द्रव्यस्येव समयाऽऽवलिका-मुहूर्त्तादिपूर्वापरपर्यायसमूहाऽनुगामित्वात् कालाणुद्रव्यस्य ऊर्ध्वताप्रचयः सम्भवतीति भावः।

परं कालाणुद्रव्यस्य **तिर्यक्प्रचयः न स्यात्**, स्कन्धत्वेन देशत्वेन वा अनुविद्धानां प्रदेशानां समूहस्य विरहात्। **न** हि **स्कन्धप्रदेशौघं** = स्कन्ध-देशाऽन्यतरानुस्यूतनिरवयवद्रव्यांशसमुदायं **विना तिर्यक्प्रचयः भवेत्** = सम्भवेद् इति भावार्थः। कालाणूनां निरवयवत्वेऽपि मिथोऽननुविद्धत्वेन स्कन्धादिपरिणामपरिणतत्वं नास्ति। अतो धर्मास्तिकायाऽधर्मास्तिकायादिद्रव्यपञ्चकवत् कालाणुद्रव्यस्य तिर्यक्प्रचयो नास्ति। तत एव कालाणुद्रव्यस्य अस्तिकायत्वेन नास्ति व्यवहारः। अत एवाद्धासमय-स्याऽप्रदेशत्वमपि सङ्गच्छते। न हि निरवयवत्वमेव प्रदेशत्वं भण्यते किन्तु स्कन्धादिसंलग्ननिरव-यवांशत्वमेव तत्। अत एव कालाणुद्रव्ये सप्रदेशत्वमपि व्यवच्छिन्नम्। न हि निरवयवावयवोपेतत्वमेव सप्रदेशत्वम् उच्यते किन्तु स्कन्धादिसंलग्ननिरवयवावयवान्वितत्वमेव तत्।

મુહૂર્ત્ત વગેરે પૂર્વાપર પર્યાયો રહેલા છે. તેથી જેમ સ્થાસ, કોશ, કુશૂલ વગેરે પૂર્વાપર પર્યાયોના સમૂહમાં અનુગત હોવાથી મૃત્તિકાદ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપ છે તેમ સમય, આવલિકા, મુહૂર્ત્ત વગેરે પૂર્વાપરપર્યાયોના સમૂહમાં અનુગત હોવાથી કાલાણુદ્રવ્ય ઊર્ધ્વતાપ્રચયસ્વરૂપે સંભવે છે. આ પ્રમાણે અહીં આશય છે.

❁ કાલાણુમાં તિર્યક્પ્રચયની વિચારણા ❁

(**પરં.**) પરંતુ કાલાણુ દ્રવ્યમાં તિર્યક્પ્રચય સંભવતો નથી. કારણ કે સ્કંધ તરીકે કે દેશ તરીકે પરસ્પર સંકળાયેલા પ્રદેશોનો = નિરંશ અવયવોનો સમૂહ કાલાણુદ્રવ્યમાં નથી. સ્કંધ કે દેશ - બેમાંથી એક સ્વરૂપે પરસ્પર અનુવિદ્ધ = સંકળાયેલા = જોડાયેલા = બંધાયેલા નિરવયવ દ્રવ્યાંશોનો = પ્રદેશોનો સમૂહ ન હોય તો તિર્યક્પ્રચય સંભવતો નથી. યદ્યપિ કાલાણુ દ્રવ્યો નિરવયવ છે. પરંતુ તેઓ પરસ્પર અનુવિદ્ધ નથી. આથી જ કાલાણુઓ સ્કંધાદિપરિણામથી પરિણત નથી. આથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યની જેમ કાલાણુદ્રવ્યમાં તિર્યક્પ્રચય નથી. તેથી જ કાલાણુ દ્રવ્યમાં અસ્તિકાય તરીકેનો વ્યવહાર થતો નથી. આ જ કારણસર 'અદ્ધાસમય અપ્રદેશ = પ્રદેશાનાત્મક છે' - આ વાત પણ સંગત થઈ શકે છે. જો કે કાલાણુઓ નિરવયવ છે જ. પણ ફક્ત નિરવયવપણું એ જ પ્રદેશત્વ કહેવાતું નથી. પરંતુ સ્કંધાદિસંલગ્ન નિરવયવઅંશરૂપતા એ જ પ્રદેશત્વ કહેવાય છે. કાલાણુઓ સ્કંધાદિસંલગ્ન નથી. તેથી 'કાલાણુઓ પ્રદેશાત્મક નથી' - તેવું સિદ્ધ થાય છે. આથી જ કાલાણુ દ્રવ્યમાં સપ્રદેશપણાની પણ બાદબાકી થઈ જાય છે. જો કે નિરવયવ એવા અવયવો તાદાત્મ્યસંબંધથી કાલાણુમાં રહેલા છે. પરંતુ નિરવયવ અવયવોથી યુક્ત હોવાપણું એ જ સપ્રદેશત્વ નથી. પણ સ્કંધાદિસંલગ્ન એવા નિરંશ અંશોથી યુક્ત હોવાપણું એ જ સપ્રદેશત્વ છે. આવું સપ્રદેશત્વ તો કાલાણુ દ્રવ્યોમાં નથી જ. તેથી

... ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. સિ.+કો.(૯+૧૦+૧૧)માં છે.

एतेन यथाऽनन्तानां परमाणूनां समुदायः स्कन्धो भण्यते। स च अस्तिकायद्रव्यं तदवयवाश्च प्रदेशाः। तथेहाऽपि असङ्ख्येयानां कालाणूनां समुदायः स्कन्ध उच्यताम्, सकलः कालोऽस्तिकायद्रव्यं तदवयवाश्च समयाः प्रदेशा इति ***निरस्तम्,***

दृष्टान्त-दार्ष्टान्तिकवैषम्यात्। तथाहि – परमाणूनां समुदायः तदा स्कन्धो भवति यदा ते परस्परसापेक्षतया अनुविद्धत्वेन परिणमन्ति, परस्परनिरपेक्षाणां त्वननुविद्धानां तेषां केवलपरमाणूनामिव स्कन्धत्वाऽयोगात्। कालाणवस्तु सदैव परस्परनिरपेक्षा एव। न हि ते मिथोऽनुवेधेन परिणमन्ति। ततो न स्कन्धत्वपरिणामः। अत एव अस्तिकायत्वलक्षणा तिर्यक्प्रचयात्मकता न तत्रोररीक्रियते दिगम्बरैः।

प्रकृते "कोऽनस्तिकायः ? कालः, तस्य प्रदेशप्रचयाऽभावाद्" (धव.९/४/१,४५/१६८/४) इति पूर्व-निर्दिष्टं (१०/३) **धवला**वचनमप्यनुसन्धेयम्।

કાલાણુદ્રવ્ય કે અદ્ધાસમય નિષ્પ્રદેશ કહેવાય છે.

❖ કાલને સ્કંધ માનવાનો આક્ષેપ ❖

શંકા :- (**एतेन.**) જે રીતે અનન્તા પરમાણુઓનો સમૂહ સ્કંધ કહેવાય છે. તેમ જ તે સ્કંધ અસ્તિકાય દ્રવ્ય કહેવાય છે અને તેના અવયવો પ્રદેશ કહેવાય છે. તે જ રીતે કાલાણુદ્રવ્યને વિશે પણ એમ કહો કે 'અસંખ્યાતા કાલાણુઓનો સમૂહ એ સ્કંધ છે. સંપૂર્ણ કાળ એ અસ્તિકાય દ્રવ્ય છે. તથા સ્કંધાત્મક કાલદ્રવ્યના નિરંશ અવયવો એ પ્રદેશ છે.' આવું કહેવામાં શું વાંધો છે ? કારણ કે યુક્તિ તો દૃષ્ટાંતભૂત પરમાણુસમૂહમાં અને દાર્ષ્ટાન્તિક એવા કાલાણુસમુદાયમાં સમાન જ છે.

❖ કાલાણુમાં સ્કંધપરિણામ નથી ❖

સમાધાન :- (**दृष्टान्त.**) તમારી શંકાનું નિરાકરણ તો અમે પૂર્વે કાલમાં અપ્રદેશત્વની અને નિષ્પ્રદેશત્વની સિદ્ધિ કરવા માટે જે જણાવેલ છે તેના દ્વારા થઈ જાય છે. વળી, તમે દૃષ્ટાંતમાં અને દાર્ષ્ટાન્તિકમાં જે સમાનતાને દર્શાવવાનો પ્રયાસ કરેલ છે તે પણ વ્યાજબી નથી. કારણ કે હકીકત એ છે કે પરમાણુસમૂહસ્વરૂપ દૃષ્ટાંત અને કાલાણુસમૂહાત્મક દાર્ષ્ટાન્તિક - આ બન્ને વચ્ચે વિષમતા રહેલી છે. તે આ રીતે - પરમાણુઓનો સમુદાય ત્યારે જ સ્કંધસ્વરૂપ બને છે કે જ્યારે તે પરમાણુઓ એકબીજાને સાપેક્ષ રહીને પરસ્પર અનુવિદ્ધ થઈને પરિણમે છે. દ્વગલાબંધ પરમાણુઓ પરસ્પર નિરપેક્ષ હોય, પરસ્પર જોડાયેલા ન હોય તો છૂટા-છવાયા પરમાણુઓની જેમ સમૂહાત્મક તે પરમાણુઓ પણ સ્કંધસ્વરૂપ બની શકતા નથી. પરસ્પર અનુવિદ્ધ બને તો જ તે પરમાણુસમૂહ સ્કંધરૂપે પરિણમી શકે. જ્યારે કાલાણુઓ તો કાયમ પરસ્પર નિરપેક્ષ જ હોય છે. પરસ્પર અનુવિદ્ધસ્વરૂપે તેઓ પરિણમતા નથી. તેથી કાલાણુદ્રવ્યમાં સ્કંધપરિણામ ઉત્પન્ન થતો નથી. આ જ કારણસર અસ્તિકાયત્વસ્વરૂપ તિર્યક્પ્રચયાત્મકતાને કાલાણુદ્રવ્યમાં દિગંબરો સ્વીકારતા નથી.

❖ કાલ અનસ્તિકાય : ધવલા ❖

(**प्रकृ.**) અહીં પૂર્વે (૧૦/૩) જણાવેલ **ધવલા** ગ્રંથના સંવાદનું અનુસંધાન કરવું. ત્યાં જણાવેલ છે કે 'કોણ અનસ્તિકાય છે ? - કાળ. કેમ કે તેમાં પ્રદેશપ્રચય નથી.'

પરમાણુપુદ્ગલની પરિં તિર્યક્પ્રચયયોગ્યતા પણિ નથી, તે માટઈં ઉપચારઈં પણિ કાલ દ્રવ્યનઈ અસ્તિકાયપણું ન ♦કહવાએ. ॥૧૦/૧૬॥

पञ्चास्तिकायतात्पर्यवृत्तौ जयसेनाचार्येण "स्निग्ध-रूक्षत्वशक्तेरभावादुपचारेणापि कायत्वं नास्ति कालाणूनाम्" (पञ्चा.४/१३/१२ ता.वृ.) इत्येवं कालस्याऽनस्तिकायत्वं हेतुप्रदर्शनपुरस्सरमुक्तम्।

यदा पुद्गलाणवः स्निग्धत्व-रूक्षत्वशक्तिभ्यां मिथोऽनुविद्धतया परिणमन्ति, स्कन्धरूपताञ्चापद्यन्ते तदा मुख्यतया अस्तिकायविधया व्यवह्रियन्ते, स्वतन्त्राश्च पुद्गलाणवः उपचारेण अस्तिकायतयोच्यन्ते स्निग्धत्वादिशक्तिसत्त्वात्। कालाणुषु स्निग्धत्वादिशक्तिविरहेण न मुख्यतया नाप्युपचारेणाऽस्तिकायत्वव्यवहार इति **जयसेनाचार्याभि**प्रायः।

अत एवाऽस्तु तिर्यक्प्रचयात्मकत्वविरहेऽपि तिर्यक्प्रचययोग्यता परमाणुपुद्गलद्रव्यस्येव कालाणुद्रव्यस्येति ***निरस्तम्,***

સવાલ :- પુદ્ગલ પરમાણુઓ અસ્તિકાયસ્વરૂપે પરિણમે છે અને કાલાણુઓ અસ્તિકાયરૂપે પરિણમતા નથી. આનું કારણ શું છે ?

❁ કાલાણુમાં સ્નિગ્ધતા કે રૂક્ષતા નથી ❁

જવાબ :- (पञ्चा.) તમારા સવાલનો જવાબ **પંચાસ્તિકાય** ગ્રંથની **તાત્પર્યવૃત્તિમાં જયસેન** નામના દિગંબરાચાર્યએ આપેલ છે. ત્યાં તેમણે જણાવેલ છે કે 'સ્નિગ્ધ-રૂક્ષત્વશક્તિ ન હોવાથી ઉપચારથી પણ કાલાણુ દ્રવ્યમાં કાયત્વ = અસ્તિકાયત્વ = તિર્યક્પ્રચયાત્મકત્વ રહેતું નથી.' આમ હેતુપ્રદર્શનપૂર્વક કાલાણુ દ્રવ્યમાં અસ્તિકાયત્વના અભાવનું **જયસેનાચાર્ય**એ સમર્થન કરેલ છે.

❁ બે શક્તિ દ્વારા સ્કંધપરિણામ ❁

(यदा.) પુદ્ગલ પરમાણુઓમાં સ્નિગ્ધત્વશક્તિ અને રૂક્ષત્વશક્તિ હોય છે. તેથી પુદ્ગલ પરમાણુઓ એક-બીજા સાથે જોડાઈ શકે છે, બંધાઈ શકે છે, સ્કંધસ્વરૂપે પરિણમી શકે છે. જ્યારે પુદ્ગલાણુઓ સ્કંધરૂપે પરિણમે ત્યારે તેને મુખ્યતયા અસ્તિકાય = પુદ્ગલાસ્તિકાય કહેવાય. કાલાણુદ્રવ્યમાં તેવી શક્તિ નથી. તેથી કાલાણુમાં મુખ્ય સ્કંધપરિણામ = અસ્તિકાયત્વ નથી. છૂટા-છવાયા પરમાણુઓ યદ્યપિ સ્કંધરૂપે પરિણમેલા નથી. પરંતુ સ્નિગ્ધ-રૂક્ષપરિણામ તેમાં વિદ્યમાન છે. તેથી ભવિષ્યમાં ગમે ત્યારે તે સ્કંધરૂપે પરિણમવાના છે. તેથી છૂટા છવાયા પુદ્ગલોને ઉપચારથી સ્કંધ = અસ્તિકાય કહી શકાય. પરંતુ કાલાણુઓ તો સ્વયં એકબીજા સાથે જોડાયેલા પણ નથી. તથા એકબીજા સાથે જોડાવા માટે જરૂરી એવા સ્નિગ્ધ -રૂક્ષ પરિણામને પણ ધારણ નથી કરતા. તેથી કાલાણુઓનો ઉપચારથી પણ સ્કંધ-અસ્તિકાય-તિર્યક્પ્રચયસ્વરૂપે વ્યવહાર કરી ન શકાય. આ પ્રમાણે **જયસેનાચાર્ય**નું તાત્પર્ય સમજાય છે.

શંકા :- (अत एवा.) કાલાણુદ્રવ્યમાં છૂટા-છવાયા પુદ્ગલાણુની જેમ તિર્યક્પ્રચયાત્મકતા નથી. એ વાત બરાબર છે. તેમ છતાં જેમ સ્વતંત્ર પુદ્ગલપરમાણુઓમાં તિર્યક્પ્રચયયોગ્યતા રહેલી છે, તેમ કાલાણુમાં તિર્યક્પ્રચયયોગ્યતાનો સ્વીકાર કરવામાં શું વાંધો ?

♦ પુસ્તકોમાં 'કહવોઈં' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

परमाणुपुद्गलद्रव्यस्येव कालाणुद्रव्यस्य द्व्यणुकत्व-त्र्यणुकत्वादिना जातुचिदपि अपरिणमनात्, स्निग्ध-रूक्षत्वशक्तिविरहात्।

एतेन परमाणोः पुद्गलास्तिकायत्वोपचारवत् कालाणोरस्तूपचारादस्तिकायत्वमिति ***प्रत्याख्यातम्,***

तिर्यक्प्रचययोग्यताविरहेण कालाणुद्रव्यस्य औपचारिकास्तिकायत्वस्याऽप्ययोगात्। ततो न कालाणोः धर्माधर्माकाशादिद्रव्याणामिव परमार्थतोऽस्तिकायत्वं पुद्गलपरमाणोरिव वा उपचारतोऽस्तिकायत्वमिति सिद्धम्। इदमेवाऽभिप्रेत्य **गोम्मटसारे** जीवकाण्डे **नेमिचन्द्राचार्येण**[1] "दव्वं छक्कमकालं पंचत्थीकायसण्णिदं होदि। काले पदेसपचयो जम्हा णत्थि त्ति णिद्दिट्ठं।।" (गो.सा.जी.का.६२०) इत्युक्तम्।

तदुक्तं **तत्त्वार्थराजवार्तिके अकलङ्काचार्येण** "यावन्तो लोकाकाशे प्रदेशास्तावन्तः कालाणवः परस्परं

❀ कालाणुमां तिर्यक्प्रचयनी योग्यता नथी ❀

પ્રભાકર :- (पर.) तमारी दलील व्याजबी नथी. आनुं कारण એ छे के स्निग्ध-रूक्षत्वशक्तिना योगथी स्वतंत्र पुद्गल परमाणु द्रव्यो तो क्यारेक ने क्यारेक द्व्यणुक, त्र्यणुक वगेरे स्वरूपे परिणमवाना ज छे. तेथी स्वतंत्र पुद्गल परमाणुओमां तिर्यक्प्रचयनी योग्यता मानी शकाय छे. परंतु छूटा-छवाया पुद्गलाणुओनी जेम कालाणुओ क्यारेय पण द्व्यणुक-त्र्यणुकादि स्वरूपे परिणमवाना ज नथी. केम के कालाणुद्रव्योमां स्निग्धत्वशक्ति के रूक्षत्वशक्ति ज नथी रहेली. तेथी कालाणु द्रव्योमां तिर्यक्प्रचयनी योग्यता पण मानी शकाय तेम नथी.

तर्क :- (एतेन.) स्वतंत्र पुद्गल परमाणुमां जेम पुद्गलास्तिकायत्वनो उपचार करवामां आवे छे तेम कालाणु द्रव्योमां उपचारथी ज अस्तिकायत्वने तमे मानो ने !

❉ कालाणु उपचारथी पण अस्तिकाय नथी ❉

तथ्य :- (तिर्यक्.) तमारा तर्कनुं निराकरण तो अमारा उपरोक्त कथनथी थई ज जाय छे. कालाणुद्रव्योमां तिर्यक्प्रचयनी योग्यता ज नथी. तेथी कालाणुमां औपचारिक पण अस्तिकायत्व मानी न शकाय. तद्दन अयोग्य वस्तुमां उपचार पण कई रीते प्रवर्ती शके ? वांदाथी अने वांदराथी डरनार माणसमां सिंह तरीकेनो उपचार कई रीते थई शके ? तेथी फलित थाय छे के धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश वगेरे द्रव्योमां जेम पारमार्थिक अस्तिकायत्व रहे छे तेवुं पारमार्थिक अस्तिकायत्व कालाणु द्रव्योमां नथी रहेतुं. तथा स्वतंत्र पुद्गल परमाणुमां जेम उपचारथी अस्तिकायत्व रहे छे तेवुं औपचारिक अस्तिकायत्व पण कालाणुद्रव्योमां नथी रहेतुं. आ ज अभिप्रायथी दिगंबराचार्य **नेमिचन्द्रजी**એ **गोम्मटसार** ग्रंथना जीवकांडमां जणावेल छे के "द्रव्य छ छे. काळ सिवाय पांच द्रव्यनी संज्ञा 'अस्तिकाय' छे. कारण के काळद्रव्यमां प्रदेशप्रचय नथी - तेम जणावेल छे."

❋ कालाणुमां मुख्य-गौण प्रदेशात्मकता नथी ❋

(तदुक्तं.) **तत्त्वार्थराजवार्तिक** ग्रंथमां **अकलंकस्वामी**એ ज कालाणु द्रव्यो अंगे नीचे मुजब वात करेल छे. "लोकाकाशमां जेटला प्रदेशो छे तेटला कालाणु द्रव्यो छे. ते कालाणु द्रव्यो परस्पर बंधायेला नथी,

1. द्रव्यं षट्कमकालं पञ्चाऽस्तिकायसंज्ञितं भवति। काले प्रदेशप्रचयो यस्माद् नास्तीति निर्दिष्टम्।।

प्रत्यबन्धाः एकैकस्मिन्नाकाशप्रदेशे एकैकवृत्त्या लोकव्यापिनः, मुख्योपचारप्रदेशकल्पनाऽभावान्निरवयवाः। मुख्यप्रदेशकल्पना हि धर्माधर्मजीवाकाशेषु पुद्गलेषु च द्व्यणुकादिषु स्कन्धेषु। परमाणुषूपचारप्रदेशकल्पना, प्रचयशक्तियोगात्। उभयथा च कालाणूनां प्रदेशकल्पनाऽभावाद् धर्मास्तिकायादिवत् कायत्वाभावः" (त.रा.वा. ५/२२) इति।

प्रवचनसारवृत्तौ तत्त्वप्रदीपिकाभिधानायाम् अमृतचन्द्राचार्येण अपि "प्रदेशप्रचयो हि तिर्यक्प्रचयः समयविशिष्टवृत्तिप्रचयस्तदूर्ध्वप्रचयः। तत्राऽऽकाशस्याऽवस्थिताऽनन्तप्रदेशत्वाद्धर्माधर्मयोरवस्थिताऽसङ्ख्येयप्रदेशत्वाज्जीवस्याऽनवस्थितासंख्येयप्रदेशत्वात् पुद्गलस्य द्रव्येणाऽनेकप्रदेशत्वशक्तियुक्तैकप्रदेशत्वात् पर्यायेण द्वि-बहुप्रदेशत्वाच्च अस्ति तिर्यक्प्रचयः। न पुनः कालस्य, शक्त्या व्यक्त्या चैकप्रदेशत्वात्। ऊर्ध्वप्रचयस्तु त्रिकोटिस्पर्शित्वेन

જોડાયેલા નથી, સ્કંધપરિણામથી પરિણમેલા નથી. એક-એક લોકાકાશપ્રદેશમાં એક-એક કાલાણુદ્રવ્ય રહેલ છે. આ રીતે કાલાણુદ્રવ્યો ૧૪ રાજલોકમાં વ્યાપીને રહેલા છે. કાલાણુ દ્રવ્યો મુખ્ય રીતે કે ઉપચારથી કોઈ સ્કંધના કે દેશના પ્રદેશ બનતા નથી. આમ પારમાર્થિક કે ઔપચારિક પ્રદેશત્વની કલ્પના કાલાણુ દ્રવ્યોમાં થઈ શકતી નથી. તેથી કાલાણુઓ નિરવયવ, સ્વતંત્ર = છૂટાછવાયા દ્રવ્યો છે. મુખ્ય = પારમાર્થિક પ્રદેશત્વની કલ્પના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ અને આકાશ દ્રવ્યમાં કરવામાં આવે છે. તેમ જ દ્વ્યણુક, ત્ર્યણુક વગેરે સ્કંધાત્મક પુદ્ગલ દ્રવ્યોમાં મુખ્ય પ્રદેશનો સ્વીકાર કરવામાં આવે છે. કારણ કે તે સ્કંધ દ્રવ્યોમાં નિરવયવ અંશો વિદ્યમાન છે. સ્વતંત્ર પુદ્ગલ પરમાણુ દ્રવ્યોમાં અન્ય નિરવયવ અંશો ન હોવાથી તેમાં મુખ્ય પ્રદેશત્વ રહેતું નથી. પરંતુ સ્વતંત્ર પુદ્ગલ પરમાણુ દ્રવ્યોમાં ઉપચારથી પ્રદેશત્વની કલ્પના કરવામાં આવે છે. કારણ કે તેમાં તિર્યક્પ્રચયશક્તિ (= સ્નિગ્ધ-રૂક્ષત્વશક્તિ) વિદ્યમાન છે. કાલાણુ દ્રવ્યોમાં તો મુખ્ય કે ગૌણ બેમાંથી એક પણ પ્રકારના પ્રદેશત્વની કલ્પના થઈ શકતી નથી. તેથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની જેમ કાલાણુ દ્રવ્યોમાં અસ્તિકાયત્વ રહેતું નથી. તેથી કાલાણુ દ્રવ્યમાં 'અસ્તિકાય' તરીકેનો વ્યવહાર શાસ્ત્રકારોને માન્ય નથી" - આ પ્રમાણે **અકલંકસ્વામી**નું વચન પણ 'કાલાણુ દ્રવ્ય અસ્તિકાય નથી' તેમ જણાવે છે.

❀ તિર્યક્પ્રચય અને ઊર્ધ્વપ્રચય : દિગંબરદૃષ્ટિએ ❀

(**પ્રવચન.**) દિગંબર **કુંદકુંદસ્વામી**એ બનાવેલ **પ્રવચનસાર** ગ્રંથની **તત્ત્વપ્રદીપિકા** નામની વ્યાખ્યામાં **અમૃતચન્દ્રાચાર્ય** પણ કાલાણુમાં તિર્યક્પ્રચયનો નિષેધ કરે છે. તેમનું કથન એવું છે કે "પ્રચય એટલે સમૂહ. પ્રદેશપ્રચય એટલે તિર્યક્પ્રચય. તેથી નિરવયવ અવયવોનો સમૂહ એટલે તિર્યક્પ્રચય તથા સમયવિશિષ્ટવૃત્તિપ્રચય તે ઊર્ધ્વપ્રચય. આકાશ દ્રવ્ય તો અવસ્થિત = સ્થિર અનંતપ્રદેશાત્મક છે. તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય અવસ્થિત એવા અસંખ્યપ્રદેશસ્વરૂપ છે. જીવ દ્રવ્યો અનવસ્થિત = અસ્થિર અસંખ્યપ્રદેશવાળા છે.'પુદ્ગલ' પદાર્થ તો અનેકપ્રદેશત્વશક્તિથી યુક્ત હોવા છતાં દ્રવ્યથી (= પરમાણુની અપેક્ષાએ) એકપ્રદેશાત્મક છે. તથા પર્યાયથી (= દ્વ્યણુકાદિની અપેક્ષાએ) તે પુદ્ગલ દ્વિપ્રદેશ-ત્રિપ્રદેશ-બહુપ્રદેશાત્મક છે. તેથી સર્વ પુદ્ગલમાં પરમાણુ-દ્વ્યણુકાદિની અપેક્ષાએ શક્તિ-વ્યક્તિથી અનેકપ્રદેશ = તિર્યક્પ્રચય છે. પરંતુ કાળદ્રવ્યમાં તિર્યક્પ્રચય નથી. કારણ કે શક્તિથી (= સત્તાથી કે યોગ્યતારૂપે) અને વ્યક્તિથી = અભિવ્યક્તિથી કાળદ્રવ્ય એકપ્રદેશાત્મક છે. ઊર્ધ્વપ્રચય તો સર્વ દ્રવ્યોમાં

सांशत्वाद् द्रव्यवृत्तेः सर्वद्रव्याणाम् अनिवारित एव। अयं तु विशेषः - समयविशिष्टवृत्तिप्रचयः शेषद्रव्याणाम् ऊर्ध्वप्रचयः समयप्रचयः एव कालस्योर्ध्वप्रचयः। शेषद्रव्याणां वृत्तेर्हि समयाद् अर्थान्तरभूतत्वाद् अस्ति समयविशिष्टत्वम्। कालवृत्तेस्तु स्वतः समयभूतत्वात् तन्नाऽस्ति" (प्र.सा.२/४९, वृ.) इति निरूपितम् इति पूर्वोक्तम् (२/५) इहानुसन्धेयम्।

प्रवचनसारस्य तात्पर्यवृत्तौ जयसेनाचार्येण तु "तिर्यक्प्रचयः इति तिर्यक्सामान्यमिति विस्तारसामान्यमिति अक्रमानेकान्त इति च भण्यते। ऊर्ध्वप्रचय इत्यूर्ध्वसामान्यम् इत्यायतसामान्यमिति क्रमानेकान्त इति च भण्यते" (प्र.सा.२/५० ता.वृ.पृ.१८२) इति तत्पर्यायनामानि दिगम्बरमतानुसारेण दर्शितानि इति पूर्वोक्तम् (२/५) अत्राऽनुसन्धेयम्।

दिगम्बर**हरिचन्द्रेण** तु **धर्मशर्माऽभ्युदये** पारमार्थिकौपचारिककालतत्त्वनिरूपणाऽवसरे "जीवादीनां पदार्थानां परिणामोपयोगतः। वर्त्तनालक्षणः कालोऽनंशो नित्यश्च निश्चयात्।। कालो दीनकरादीनामुद-

---

निवारी शकाय तेम छे ज नहि. कारण के ऊर्ध्वप्रचय तो अतीत-अनागत-वर्तमान त्रण काळकोटिने स्पर्शे छे. तेथी काळनी अपेक्षाओ ते अंशयुक्त छे. तेथी ध्रुव तत्त्वमां = द्रव्यमां ते रहे छे. माटे ऊर्ध्वप्रचय सर्वद्रव्यवृत्ति छे. तेम छतां विशेषता एटली छे के काळ सिवायना पांच द्रव्योमां जे ऊर्ध्वताप्रचय छे ते समयविशिष्टवृत्तिप्रचयात्मक छे. तथा काळ द्रव्यमां तो समयप्रचय ए ज ऊर्ध्वताप्रचय छे. काळ सिवायना धर्मास्तिकाय वगेरे पांच द्रव्योनी वर्तना समय करतां जुदी छे. तेथी काळभिन्न पांच द्रव्यनी वृत्ति समयविशिष्ट छे. ज्यारे काळवृत्ति = काळद्रव्यवर्तना तो स्वतः समयात्मक छे. तेथी काळवृत्ति समयविशिष्ट नथी पण समय-प्रचयात्मक छे." पूर्वे (२/५) जणावेल आ संदर्भनुं अहीं अनुसंधान करवुं.

[redacted] :- दिगंबरमते नैश्चयिक काळद्रव्यमां फक्त ऊर्ध्वताप्रचय छे. ते समयप्रचयात्मक = पर्याय-समयसमुदायस्वरूप = व्यावहारिक-पर्यायसमयसमूहस्वरूप छे. काळ सिवायना पांच द्रव्यमां ऊर्ध्वप्रचय अने तिर्यक्प्रचय बन्ने विद्यमान छे. पंचास्तिकायमां रहेनार ऊर्ध्वप्रचय समयविशिष्टवृत्तिसमूह स्वरूप छे.

❀ ऊर्ध्व-तिर्यक् प्रचयना पर्यायशब्दोनो परिचय ❀

(**प्रवचन.**) **प्रवचनसार** ग्रंथनी **तात्पर्यवृत्ति**मां **जयसेन** आचार्य तिर्यक्प्रचयना अने ऊर्ध्वप्रचयना पर्यायवाची शब्दो दिगंबरमत मुजब आ प्रमाणे जणावे छे के 'तिर्यक्प्रचय, तिर्यक् सामान्य, विस्तारसामान्य अने अक्रमानेकांत - आ पर्यायवाची शब्दो कहेवाय छे. तथा ऊर्ध्वप्रचयने ऊर्ध्वसामान्य, आयतसामान्य अने क्रम-अनेकांत पण कहेवाय छे.' आ संदर्भ पूर्वे (२/५) दर्शावेल. तेथी आ अंगे विशेष विचारणानुं अनुसंधान त्यांथी करी लेवुं.

❖ हरिचन्द्रमतप्रदर्शन ❖

(**दिग.**) दिगंबर विद्वान **हरिचन्द्रजी**ए **धर्मशर्माभ्युदय** ग्रंथमां धर्मनाथ स्वामीनी देशनामां पारमार्थिक कालद्रव्य अने औपचारिक कालतत्त्व - आ बन्नेनुं निरूपण करवाना अवसरे जणावेल छे के "जीवादि पदार्थोमां रहेल (नवा-जूना वगेरे) परिणाममां उपयोगी बनवाना कारणे कालद्रव्य वर्त्तनालक्षणवाळुं छे. ते निश्चयथी निरंश अने नित्य छे. तथा सूर्य वगेरेनी उदय-अस्तक्रियास्वरूप जे काळ छे, ते

यास्तक्रियात्मकः। औपचारिक एवासौ मुख्यकालस्य सूचकः।।" (ध.श.सर्ग-२१/श्लो.८८/८९) इत्युक्तम्, न तु लोकाकाशप्रदेशप्रमितनित्यकालाणुद्रव्याणि निश्चयाभिप्रायेण तत्र दर्शितानि इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - दिगम्बरमतानुसारेण प्रतिलोकाकाशप्रदेशस्थत्वेऽपि कालाणवः न परस्परं बध्यन्ते बध्नन्ति वा। मिथोऽत्यन्तसमीपवृत्तीनां कालाणूनामेतादृशाऽसङ्गतामवबुध्य आत्मार्थिनाऽयमाध्यात्मिक उपदेशो ग्राह्यो यदुत कुत्राऽपि कदापि कस्याऽपि अतिपरिचयेऽपि नाऽस्माभिः ममत्वादिभावतः केनाऽपि साकं बद्धतया भाव्यं न वा कोऽपि ममत्वादिना बन्धनीयः। कर्म-धर्मसंयोगेन सर्वैः सह संवासेऽपि यदा स्व-परनिमित्तं स्व-परेषां ममत्वादिबन्धनं नोपजायेत तदैव मोक्षमार्गप्रगतिसम्भवः। तत एव "निर्वाणं सर्वद्वन्द्वोपरतिस्वभावं" (सू.सू.श्रु.स्क.१/अ.१/उ.२७/वृ.पृ.१२२) **सूत्रकृताङ्गसूत्रवृत्ति**दर्शितं तरसा अभिगच्छति आत्मार्थी।।१०/१६।।

औपचारिक જ છે. તે મુખ્ય કાળનો (= નિશ્ચયકાળદ્રવ્યનો) સૂચક છે." હરિચન્દ્ર સ્વયં દિગંબર હોવા છતાં તેમણે નિશ્ચયના અભિપ્રાયથી નિત્યકાલદ્રવ્યને જણાવવા લોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્ય નિત્ય કાલાણુ દ્રવ્યોને જણાવેલ નથી. આ એક નોંધપાત્ર વાત અહીં ધ્યાનમાં રાખવી.

✡ કાલાણુ અપ્રતિબદ્ધતાનો ઉપદેશ આપે છે ✡

[redacted] :- દિગંબરમત મુજબ લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં કાલાણુ દ્રવ્ય રહેવા છતાં એકબીજાથી તે બંધાતા નથી કે એકબીજાને બાંધતા નથી. પરસ્પર અત્યંત સમીપ રહેવા છતાં પણ કાલાણુદ્રવ્યોમાં રહેનારી આ અસંગતા ઉપરથી આત્માર્થી જીવે એવો આધ્યાત્મિક બોધપાઠ લેવા જેવો છે કે 'કોઈ પણ સ્થળે, કોઈ પણ કાળે, કોઈ પણ વ્યક્તિનો અત્યંત પરિચય થવા છતાં પણ આપણો આત્મા મમત્વ આદિ ભાવોથી કોઈ પણ વ્યક્તિ સાથે બંધાઈ ન જાય. અથવા કોઈ પણ વ્યક્તિને મમત્વાદિ ભાવોથી બાંધવાનો પ્રયત્ન થઈ ન જાય - તે બાબતમાં જાગૃતિ રાખવાની છે. તથા કર્મ-ધર્મસંયોગે બધાની સાથે રહેવા છતાં પણ સ્વ-પર નિમિત્તે સ્વ-પરને મમત્વાદિ ભાવોનું બંધન ઉભું ન થાય તો જ મોક્ષમાર્ગે આગળ વધી શકાય.' તેનાથી જ આત્માર્થી સાધક **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં દર્શાવેલ સર્વદ્વન્દ્વવિરામસ્વરૂપ નિર્વાણને ઝડપથી પામે છે. (૧૦/૧૬)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ મોટા નિમિત્તથી પણ માંડ માંડ ચેતે. શ્રદ્ધા નાનકડા નિમિત્તથી પણ ચેત્યા વિના ન રહે.**
- **વાસના બહારથી કોઈની નજીક આવવા છતાં અંદરથી દૂર રહે છે. ઉપાસના બહારમાં કોઈથી દૂર રહેવા છતાં અંદરથી નજીક રહે છે.**

એ *દિગંબર*પક્ષ પ્રતિબંદીઈ દૂષઈ છઈ -

ઈમ અણુગતિની રે લેઈ હેતુતા, ધર્મદ્રવ્યઅણુ થાઈ♦;
સાધારણતા રે લેઈ એકની, સમય ખંધ પણિ થાઈ♦ ॥૧૦/૧૭॥ (૧૭૮) સમ.

ઈમ જો મંદાણુગતિકાર્યહેતુપર્યાય✦સમયભાજનદ્રવ્ય સમયઅણુ કલ્પિઈ, તો (**અણુગતિની હેતુતા લેઈ**) મંદાણુગતિહેતુતારૂપ ગુણભાજનઈ● ❖**ધર્માસ્તિકાયાણુ** પણિ સિદ્ધ (**થાઈ** =) હોઈ.

પ્રકૃતદિગમ્બરમતં પ્રતિબન્ધા દૂષયતિ – '**इत्थमि**'તિ।

इत्थं धर्माणुसिद्धिः स्याद् यतोऽणुगतिहेतुता।
गतिसामान्यहेतुत्वे धर्मैक्यवत् क्षणैकता।।१०/१७।।

પ્રકૃતે દણ્ડાન્વયસ્ત્વેવમ્ – इत्थं धर्माणुसिद्धिः स्यात्, यतः अणुगतिहेतुता। गतिसामान्यहेतुत्वे धर्मैक्यवत् क्षणैकता प्रसज्येत।।१०/१७।।

इत्थं = परमाणुपुद्गलमन्दतमगतिकार्यलक्षणज्ञापकहेतुकस्य पर्यायसमयस्योपादानकारणविधया कालाणुद्रव्यकल्पने तु **धर्माणुसिद्धिः** = धर्माणुद्रव्यसिद्धिः **स्यात्, यतः** = यस्मात् कारणात् तत्सिद्धौ **अणुगतिहेतुता** = परमाणुपुद्गलमन्दतमगतिहेतुतात्मको गुणः समर्थ एव। ततश्च परमाणुपुद्गलमन्दतमगतिहेतुतालक्षणगुणोपादानकारणीभूतद्रव्यविधया धर्माणुरपि सिध्येत्। एवं

[redacted] :- પ્રસ્તુત દિગંબરમતને પ્રતિબંદીથી ગ્રંથકારશ્રી દૂષિત કરે છે :-

❖ પ્રતિબંદીથી દિગંબરમતનું નિરાકરણ ❖

[redacted] :- આ રીતે તો ધર્માણુની પણ સિદ્ધિ થઈ જશે. કારણ કે અણુગતિહેતુતા સ્વરૂપ ગુણ તેની સિદ્ધિ માટે સમર્થ છે. ગતિસામાન્યનો હેતુ હોવાથી ધર્માસ્તિકાય એક હોય તો કાલદ્રવ્ય પણ એક જ હોવું જોઈએ. (મતલબ કે દિગંબરસંમત અસંખ્ય કાલાણુદ્રવ્યની કલ્પના યોગ્ય નથી.) (૧૦/૧૭)

❋ અસંખ્ય ધર્માણુ દ્રવ્યની આપત્તિ ❋

[redacted] :- પરમાણુ પુદ્ગલની અત્યંત મંદ ગતિ સ્વરૂપ કાર્ય એ પર્યાયસમયનો જ્ઞાપક હેતુ છે. ધૂમ વહ્નિનો જ્ઞાપક હેતુ છે તેમ આ વાત સમજવી. ધૂમથી વહ્નિ ઉત્પન્ન નથી થતો પણ ધૂમથી વહ્નિ જણાય છે. તેમ પુદ્ગલાણુમંદગતિથી પર્યાયસમય ફક્ત જણાય છે. વહ્નિના જ્ઞાનનું સાધન ધૂમ છે તેમ પર્યાયાત્મક સમયના જ્ઞાનનું સાધન પ્રસ્તુત ગતિક્રિયા છે. તેનાથી જણાતા એવા પર્યાયસમયના ઉપાદાનકારણ તરીકે કાલાણુ દ્રવ્યની કલ્પના દિગંબરો જે રીતે કરે છે, તે રીતે તો ધર્મ દ્રવ્યના અણુની પણ સિદ્ધિ થવાની આપત્તિ આવશે. કારણ કે ધર્માણુની સિદ્ધિ પ્રત્યે પરમાણુ પુદ્ગલની અત્યંત મંદ ગતિની હેતુતા સ્વરૂપ ગુણ સમર્થ જ છે. તેથી પરમાણુ પુદ્ગલની અત્યંત મંદ ગતિની હેતુતા સ્વરૂપ

♦ આ.(૧)માં 'થાય' પાઠ. ✦ લા.(૨)માં 'સમયપર્યાય' પાઠ. ● પુસ્તકોમાં 'ભાજન' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. ❖ **મ.** + **ધ.** માં 'ધર્માસ્તિકાય' **इति त्रुटितः पाठः**। કો.(૯+૧૨+૧૩)+સિ.+P(૪)+લી.(૨+૩)+આ.(૧)નો પાઠ લીધો છે.

ઈમ અધર્માસ્તિકાયાદ્યણુનો પણિ પ્રસંગ થાઈ.

અનઈ જો (**એકની સાધારણતા**=) સર્વસાધારણગતિહેતુતાદિક લેઈ, ‡ધર્માસ્તિકાયાદિ *એક સ્કંધરૂપ જ દ્રવ્ય કલ્પિઈ.

परमाणुपुद्गलस्थितिकार्यहेतुतास्वरूपगुणोपादानकारणीभूतद्रव्यविधया अधर्माणुः, परमाणुपुद्गलाऽवगाहस्वरूपकार्यनिरूपितहेतुतात्मकगुणोपादानकारणीभूतद्रव्यविधया चाकाशाणुः सिध्येताम्, युक्तेरुभयत्र तुल्यत्वात्।

अथ लाघवात् सर्वजीव-पुद्गलद्रव्यसाधारणायाः गतिक्रियायाः हेतुतामुपादाय धर्मास्तिकायः स्कन्धात्मक एव एको द्रव्यत्वाश्रयः कल्प्यते। एवं सर्वजीव-पुद्गलानुगतस्थितिहेतुतातोऽधर्मास्तिकायः, सर्वजीवादिद्रव्यावगाहनासामान्यस्य च हेतुताया आश्रयविधयाऽऽकाशास्तिकायोऽपि लाघवात् स्कन्धात्मक एव एकः कल्प्यते, न तु परमाणुगत्याद्यनुगतकार्यहेतुतातो नाना धर्माद्यणुद्रव्याणि कल्प्यन्ते, गौरवात्।

ગુણના ઉપાદાનકારણભૂત દ્રવ્ય તરીકે ધર્માણુની પણ સિદ્ધિ થઈ જશે. તે જ રીતે પરમાણુ પુદ્ગલની સ્થિતિ સ્વરૂપ કાર્યની હેતુતા સ્વરૂપ ગુણના ઉપાદાનકારણીભૂત દ્રવ્ય તરીકે અધર્માણુની પણ સિદ્ધિ થશે. તથા પરમાણુ પુદ્ગલની અવગાહના સ્વરૂપ કાર્યની હેતુતા સ્વરૂપ ગુણના ઉપાદાનકારણીભૂત દ્રવ્ય તરીકે આકાશાણુની પણ સિદ્ધિ થવાની આપત્તિ આવશે. કેમ કે યુક્તિ તો સર્વત્ર તુલ્ય જ છે.

❀ આકાશાણુની આપત્તિ ❀

સ્પષ્ટતા :- દિગંબર વિદ્વાનો કાલ દ્રવ્યને એક માનવાને બદલે અસંખ્ય કાલાણુ દ્રવ્યનો જે રીતે સ્વીકાર કરે છે તે રીતે ધર્મદ્રવ્યના અસંખ્ય અણુ, અધર્મદ્રવ્યના અસંખ્ય અણુ અને અસંખ્ય આકાશાણુ દ્રવ્ય માનવાની આપત્તિ દિગંબર મતમાં આવશે. પુદ્ગલ પરમાણુની મંદ ગતિ સ્વરૂપ કાર્ય દ્વારા જણાવાયેલ સમયના (= પર્યાયના) ઉપાદાનકારણ તરીકે કાલાણુ દ્રવ્યની સિદ્ધિની જેમ પુદ્ગલની ગતિ, પુદ્ગલની સ્થિતિ અને પુદ્ગલની અવગાહના સ્વરૂપ કાર્ય દ્વારા ક્રમશઃ ધર્માણુ, અધર્માણુ અને આકાશાણુ દ્રવ્યની સિદ્ધિ થવાની આપત્તિ દિગંબર મતમાં આવશે.

❀ स्वतंत्र धर्माणुद्रव्यो अंगे मीमांसा ❀

પૂર્વપક્ષ :- (**अथ.**) સર્વ જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં અનુગત એવી ગતિક્રિયા પ્રત્યે લાઘવથી સ્કંધાત્મક જ એક ધર્માસ્તિકાય દ્રવ્ય સ્વીકારવામાં આવે છે. ચૌદ રાજલોક વ્યાપી એક ધર્માસ્તિકાય દ્રવ્ય દ્વારા જ ગતિ સ્વરૂપ કાર્ય સંગત થઈ શકે છે. તો અસંખ્ય ધર્માણુ દ્રવ્યની કલ્પના કરવાનું ગૌરવ શા માટે કરવું ? તે જ રીતે સર્વ જીવની અને પુદ્ગલની અનુગત સ્થિતિ સ્વરૂપ કાર્યની હેતુતાથી અધર્માસ્તિકાય પણ સ્કંધાત્મક એક જ દ્રવ્ય લાઘવસહકારથી સ્વીકારવામાં આવે છે. તથા સર્વ જીવાદિ દ્રવ્યની સામાન્ય અવગાહના સ્વરૂપ કાર્યની હેતુતાના આશ્રય રૂપે આકાશાસ્તિકાય પણ લાઘવસહકારથી સ્કંધાત્મક જ એક દ્રવ્ય છે - તેવું સ્વીકારવામાં આવે છે. પરમાણુની ગતિ, સ્થિતિ આદિ અનુગત કાર્યની હેતુતાથી અસંખ્ય ધર્માણુ દ્રવ્ય, અધર્માણુ દ્રવ્ય વગેરેની કલ્પના કરવામાં આવતી નથી. કારણ કે તેવી કલ્પના

---

‡ P(४)માં 'અધર્મા...' અશુદ્ધ પાઠ. * પુસ્તકોમાં 'એક જ સ્કંધરૂપ દ્રવ્ય...' પાઠ છે. સિ.+પા.નો પાઠ અહીં લીધેલ છે.

દેશ-પ્રદેશકલ્પના તેહની વ્યવહારાનુરોધઈ પછઈ કરી,

न चैवं धर्मास्तिकायादीनां देश-प्रदेशकल्पना अनुत्थानपराहता स्यादिति ***वाच्यम्,***

लाघवसहकृतप्रमाणतो धर्मास्तिकायादिस्कन्धात्मकद्रव्यसिद्ध्युत्तरकालम् 'इह मनुष्यादिगतिः, न तु तत्र', 'इह घटादिस्थितिः न तु तत्र', 'इह चक्रादयोऽवगाढाः न तु तत्रे'त्यादिव्यवहारानुरोधाद् अवच्छेदकविधया धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकायानां देश-प्रदेशकल्पनात्। धर्मादिद्रव्याणामेव सावच्छिन्नगत्यादिव्यवहारोपधायकबुद्धिविकल्पितो द्विप्रदेशाद्यात्मको विभागः 'देशः' इत्युच्यते, निर्विभागभागात्मकः प्रकृष्टो देशः 'प्रदेश' इत्युच्यते इति धर्मादिषु स्कन्ध-देश-प्रदेशत्वसिद्धावपि लोकव्यवहारमूलकदेश-प्रदेशकल्पनं न धर्मादिद्रव्याणाम् अणुरूपत्वसाधनाय अलम् इति ***चेत्*** ?

કરવામાં ગૌરવ દોષ આવે છે. તેથી અસંખ્ય કાલાણુ દ્રવ્યની જેમ અસંખ્ય ધર્માણુ દ્રવ્ય વગેરેની વ્યર્થ ગૌરવગ્રસ્ત કલ્પના કરવી વ્યાજબી નથી.

[redacted] :- **(न चैवं.)** જો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સ્વરૂપ પ્રત્યેક દ્રવ્ય સ્કંધાત્મક હોય અને અણુસ્વરૂપ ન હોય તો ધર્માસ્તિકાય વગેરે ત્રણેય દ્રવ્યમાં દેશ-પ્રદેશકલ્પના તો અનુત્થાન પરાહત બની જશે. ધર્માસ્તિકાય વગેરે ત્રણે દ્રવ્યમાં રહેલ સ્કંધાત્મકતાનું જ્ઞાન જ દેશ-પ્રદેશાત્મકતાની કલ્પનાને ઉભી થવા નહિ દે.

❀ સ્કંધ દ્રવ્યમાં વ્યવહારબળથી દેશ-પ્રદેશકલ્પના : દિગંબર ❀

[redacted] :- **(लाघ.)** તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે ધર્માસ્તિકાય વગેરે ત્રણેય દ્રવ્યો સ્કંધાત્મક છે - એવું લાઘવસહકૃત પ્રમાણ દ્વારા નિશ્ચિત થયા બાદ પ્રસિદ્ધ લોકવ્યવહારના આધારે તે ત્રણેયમાં દેશની અને પ્રદેશની કલ્પના કરવામાં આવે છે. તે પ્રસિદ્ધ લોકવ્યવહાર આ પ્રમાણે છે - 'અહીં મનુષ્યાદિની ગતિ છે, ત્યાં નહિ', 'અહીં ઘટાદિ રહેલા છે, ત્યાં નહિ', 'અહીં ચક્ર વગેરે અવગાહીને રહેલા છે, ત્યાં નહિ' - આ પ્રમાણે સાવચ્છિન્ન ગતિ, સ્થિતિ અને અવગાહના સંબંધી ઉપરોક્ત સર્વ લોકપ્રસિદ્ધ વ્યવહાર ધર્માદિ ત્રણેય દ્રવ્યોમાં ગતિ, સ્થિતિ આદિના અવચ્છેદક રૂપે દેશાદિની કલ્પના કરાવે છે. સાવચ્છિન્ન ગતિ, સ્થિતિ વગેરે સંબંધી વ્યવહારને કરાવનારી બુદ્ધિના નિમિત્તે બે, ત્રણ, ચાર આદિ પ્રદેશાત્મક વિભાગની ધર્માસ્તિકાય વગેરે ત્રણેય દ્રવ્યોમાં જ કલ્પના કરવામાં આવે છે. આ બે, ત્રણ આદિ પ્રદેશાત્મક વિભાગ એ જ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યનો દેશ કહેવાય છે. તથા ધર્માસ્તિકાય આદિ ત્રણેય દ્રવ્યોનો જ નિર્વિભાગ અંશાત્મક પ્રકૃષ્ટ દેશ એ જ તેનો પ્રદેશ કહેવાય છે. આ રીતે ધર્માસ્તિકાય આદિ ત્રણેય દ્રવ્યોમાં સ્કંધાત્મકતા, દેશરૂપતા અને પ્રદેશરૂપતા સિદ્ધ થઈ શકે છે. પરંતુ લોકવ્યવહારના આધારે થતી દેશ-પ્રદેશની કલ્પના ધર્માસ્તિકાય આદિને અણુસ્વરૂપે સિદ્ધ કરવા માટે સમર્થ નથી.

❋ ધર્માણુ વગેરેની કલ્પનાનું નિરાકરણ ❋

[redacted] :- અમે દિગંબરો પહેલેથી ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યને અણુસ્વરૂપ નથી માનતા. પરંતુ સ્કંધાત્મક જ માનીએ છીએ. તેમાં દેશ-પ્રદેશની કલ્પના લોકવ્યવહારના આધારે પાછળથી કરવામાં આવે છે. તથા ધર્માસ્તિકાયાદિ પરમાર્થથી સ્કંધાત્મક હોવા છતાં દેશાદિની કલ્પના દ્વારા ઉપરોક્ત વ્યવહારની

તો સર્વજીવાજીવદ્રવ્યસાધારણવર્તનાહેતુતાગુણ લેઈનઈ (**समय**=) કાલદ્રવ્ય **પણિ** લોકપ્રમાણ એક (**ખંધ**) કલ્પિઉં જોઈઈ (=**થાઈ**).

"ધર્માસ્તિકાયાદિકનઈ અધિકારઈ સાધારણગતિહેતુતાદ્યુપસ્થિતિ જ કલ્પક છઈ અનઈ કાલદ્રવ્યકલ્પક તે મંદાણુવર્તનાહેતુત્વોપસ્થિતિ જ છઈ" -

---

न, एवं **गतिसामान्यहेतुत्वे** = जीवादिद्रव्यगतित्वावच्छिन्ननिरूपितकारणत्वे धर्मास्तिकायद्रव्यैक्य-साधकतया उच्यमाने **धर्मैक्यवद्** = धर्मास्तिकायैकत्वसिद्धिवत् **क्षणैकता** = कालद्रव्यैकतासिद्धिरपि प्रसज्येत। ततश्च सर्वजीवाऽजीवद्रव्यसाधारणवर्त्तनाहेतुतागुणमुपादाय कालद्रव्यमप्येकं स्कन्धात्मकं लोकाकाशप्रमाणं कल्पनीयं स्यात्। ततश्च धर्माणुद्रव्यादिवत् कालाणुद्रव्यकल्पनाऽप्यसङ्गतैव प्रसज्येत।

ननु धर्मास्तिकायाद्यधिकारे साधारणगतिहेतुताद्युपस्थितेरेव तत्कल्पकत्वम्। कालद्रव्यकल्पिका तु मन्दाणुवर्त्तनाहेतुत्वोपस्थितिरेव, न तु सर्वजीवाऽजीवद्रव्यसाधारणवर्त्तनाहेतुतात्मकगुणविषयिणी उप-स्थितिरिति लोकाकाशप्रदेशप्रमितकालाणुद्रव्यकल्पनमिति ***चेत्*** ?

સંગતિ થઈ શકે છે. તેથી અસંખ્યાત ધર્માણુ, અધર્માણુ દ્રવ્ય વગેરેની કલ્પના જરૂરી નથી.

❖ દિગંબરમતમાં લોકાકાશવ્યાપી એક કાલ દ્રવ્યની આપત્તિ ❖

ઉત્તરપક્ષ :- (ન.) તમારી વાત વ્યાજબી નથી. કેમ કે જીવાદિ દ્રવ્યની ગતિસામાન્યસ્વરૂપ અનુગત કાર્યની હેતુતા (= જીવાદિદ્રવ્યગતિત્વાવચ્છિન્નનિરૂપિત કારણતા) એક ધર્માસ્તિકાય દ્રવ્યની સાધક છે. તેથી તેના દ્વારા જો સ્કંધાત્મક ચૌદ રાજલોક વ્યાપી એક ધર્માસ્તિકાય દ્રવ્યની તમે કલ્પના કરતા હો તો લોકવ્યાપી એક કાળ દ્રવ્યની પણ સિદ્ધિ થવાની આપત્તિ દિગંબરમતમાં આવશે. તેથી તુલ્ય ન્યાયથી સર્વ જીવ અને અજીવ દ્રવ્યમાં અનુગત એવી વર્ત્તના નામનું જે કાર્ય છે, તે કાર્યની હેતુતા સ્વરૂપ ગુણના આધારે લોકાકાશપ્રમાણ વ્યાપક સ્કંધાત્મક એક કાલ દ્રવ્યની પણ તમારે દિગંબરોએ કલ્પના કરવી પડશે. તેથી ધર્માણુ દ્રવ્ય વગેરેની જેમ કાલાણુ દ્રવ્યની કલ્પના પણ અસંગત જ થશે.

❋ અસંખ્ય કાલાણુદ્રવ્યની અનુમિતિ : દિગંબર ❋

પૂર્વપક્ષ :- (નનુ.) ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના અધિકારમાં તો જીવાદિ દ્રવ્યોની સાધારણ ગતિ -સ્થિતિ આદિની હેતુતાનું જ્ઞાન એ જ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની કલ્પના કરાવે છે. તેથી અસંખ્ય ધર્માણુ-અધર્માણુ વગેરે દ્રવ્યોની સિદ્ધિ થવાના બદલે એક-એક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય આદિની જ કલ્પના = અનુમિતિ = સિદ્ધિ થાય છે. જ્યારે કાલદ્રવ્યની કલ્પના તો મંદગતિવાળા પરમાણુની વર્ત્તના પ્રત્યેની હેતુતાનું જ્ઞાન જ કરાવે છે. સર્વ જીવ-અજીવ દ્રવ્યની સાધારણ = અનુગત વર્ત્તના પ્રત્યેની હેતુતા સ્વરૂપ ગુણધર્મનું જ્ઞાન કાંઈ કાલદ્રવ્યની કલ્પના કરવાનું નિમિત્ત બનતું નથી. તેથી ૧૪ રાજલોકવ્યાપી એક કાલદ્રવ્યની કલ્પના = અનુમિતિ થવાના બદલે લોકાકાશના પ્રદેશોની કુલ સંખ્યા જેટલી સંખ્યામાં કાલાણુદ્રવ્યોની કલ્પના = અનુમિતિ અમે દિગંબરો કરીએ છીએ.

એ કલ્પનાઈ તો અભિનિવેશ વિના બીજું કોઈ કારણ નથી. ॥१०/१७॥

न, एवं कल्पनायां किं कारणम् ? अन्यत्राऽभिनिवेशादिति विचारय।

अन्यथाऽसङ्ख्यधर्माण्वादिकल्पनापत्तेः दुर्वारत्वमेव प्रसज्येत। न हि 'सर्वजीव-पुद्गलसाधारण-गत्यादिहेतुत्वोपस्थितेरेव धर्मास्तिकायादित्रितयकल्पकत्वम्, न तु परमाणुमन्दगतिप्रभृतिहेतुत्वलक्षण-गुणोपस्थितेः तथात्वम्; एवं मन्दाणुवर्त्तनाहेतुत्वस्वरूपगुणोपस्थितेरेव कालद्रव्यकल्पकत्वं न तु सर्व-जीवाजीवद्रव्यसाधारणवर्त्तनाहेतुतालक्षणगुणोपस्थितेः तथात्वम्' इत्यत्र किञ्चिद् विनिगमकं प्रमाणमस्ति।

तथा च 'परमाणुमन्दगत्यादिहेतुत्वलक्षणगुणोपस्थितेः धर्माणुप्रभृतिकल्पकत्वम्, न तु सर्वजीवा-ऽजीवगत्यादिहेतुत्वज्ञानस्य धर्मास्तिकायादित्रितयकल्पकत्वम्, एवं सर्वद्रव्यवर्तनाहेतुत्वज्ञानस्य काल-

❀ मंदपुद्गलाणुवर्तनानो आग्रह એ दुराग्रह छे : श्वेतांबर ❀

[redacted] :- (न.) સર્વ જીવ-અજીવ દ્રવ્યમાં સાધારણ = અનુગત વર્ત્તના પ્રત્યે કાલદ્રવ્યને હેતુ માનવાના બદલે અત્યંત મંદગતિથી પરિણત પુદ્ગલપરમાણુની વર્ત્તના (= પ્રદેશાન્તરસંક્રમણ પરિણામ) પ્રત્યે કાલદ્રવ્યને હેતુ માનવાનું શું કારણ છે ? જીવાદિસાધારણ વર્તના પ્રત્યે કાલદ્રવ્યને અપેક્ષાકારણ માનવામાં એક કાલદ્રવ્યની સિદ્ધિ થવાથી લાઘવ છે. છતાં મંદપરમાણુપુદ્ગલની વર્ત્તના પ્રત્યે કાલદ્રવ્યમાં કારણતાની કલ્પના કરવી એ કદાગ્રહ નથી તો શું છે ? અસંખ્ય કાલાણુદ્રવ્યનું ગૌરવ લાવનારી કલ્પના કરવામાં કદાગ્રહ સિવાય બીજું શું કારણ હોઈ શકે ? આ વાતને તમે શાંતિથી વિચારો.

❀ दिगंबरनो हठाग्रह धर्माणुद्रव्यनो आपादक ❀

(**अन्यथा.**) જો ગૌરવાપાદક તેવી કલ્પનાને કદાગ્રહપ્રયુક્ત નહિ માનો તો ગૌરવાપાદક અસંખ્ય ધર્માણુ-અધર્માણુ વગેરે દ્રવ્યોની કલ્પનાની આપત્તિ દુર્વાર જ બનશે. કારણ કે - "સર્વ જીવમાં અને પુદ્ગલમાં અનુગત એવી ગતિ વગેરેની હેતુતાનું જ્ઞાન જ ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યની કલ્પના = અનુમિતિ કરવામાં કારણ (= વ્યાપ્તિજ્ઞાનાત્મક કારણ) બને છે. પરંતુ પરમાણુની અત્યંત મંદ ગતિ આદિની હેતુતાનું જ્ઞાન અસંખ્ય ધર્માણુ આદિ દ્રવ્યની કલ્પના કરવામાં કારણ બનતું નથી. જ્યારે મંદગતિપરિણત પુદ્ગલપરમાણુ દ્રવ્યની વર્ત્તનાની હેતુતાસ્વરૂપ ગુણધર્મનું જ્ઞાન (= વ્યાપ્તિપ્રકારક જ્ઞાન) જ કાલાણુદ્રવ્યની કલ્પના કરવામાં નિમિત્ત બને છે. સર્વ જીવ-અજીવ દ્રવ્યોમાં અનુગત એવી વર્ત્તના સ્વરૂપ કાર્ય પ્રત્યેની હેતુતા = અપેક્ષાકારણતા સ્વરૂપ ગુણધર્મનું જ્ઞાન (= વ્યાપ્તિજ્ઞાન) કાલદ્રવ્યની કલ્પના (= અનુમિતિ) કરવામાં કારણ બનતું નથી" - આવી કલ્પના કરવામાં કોઈ વિનિગમક = એકતરપક્ષનિર્ણાયક પ્રમાણભૂત = આધારભૂત તર્ક મળતો નથી.

(**तथा.**) વિનિગમક પ્રમાણ ન હોવાના કારણે એવી કલ્પના પણ કરી શકાય છે કે "પરમાણુની મંદગતિ આદિની હેતુતાનું જ્ઞાન (= વ્યાપ્તિજ્ઞાન) ધર્માણુ-અધર્માણુ વગેરે દ્રવ્યોની કલ્પના (= અનુમિતિ) કરવામાં કારણ બને છે. સર્વ જીવની અને પુદ્ગલની સાધારણ એવી ગતિ-સ્થિતિ આદિની હેતુતાનું જ્ઞાન ધર્મ-અધર્મ આદિ ત્રણ સ્કંધ દ્રવ્યની કલ્પના કરવાનું નિમિત્ત નથી. તથા સર્વ જીવ-અજીવ આદિ દ્રવ્યોમાં અનુગત એવી વર્ત્તના સ્વરૂપ કાર્ય પ્રત્યેની હેતુતાનું જ્ઞાન (= વ્યાપ્તિપ્રકારક જ્ઞાન) કાલદ્રવ્યની

द्रव्यकल्पकत्वम्, न तु मन्दाणुवर्त्तनाहेतुत्वज्ञानस्य कालाणुकल्पकत्वमि'त्यस्यापि सुवचत्वात्। तथा चाऽसङ्ख्यधर्माणुप्रभृतीनां लोकव्यापकैककालद्रव्यस्य वा कल्पनापत्तेः। ततश्चाऽसङ्ख्यकालाणुद्रव्यात्मकनैश्चयिककालतत्त्वकल्पना नार्हतीत्याशयः।

इदञ्चात्रावधेयम् - दिगम्बरैः मन्दाणुगतिक्रियोपलक्षितव्यावहारिककालात्मकपर्यायसमयोपादानकारणविधया असङ्ख्येयानि नैश्चयिककालाणुद्रव्याणि कल्प्यन्ते। श्वेताम्बरैस्तु निरुक्तपरमाणुमन्दगतिक्रियायाः परमनिरुद्धनैश्चयिकसमयस्वरूपपरिज्ञानोपायत्वमुररीक्रियते। न हि दिगम्बरैरिव श्वेताम्बरैः मन्दतमगतिपरिणतपुद्गलाणुवर्त्तनाहेतुत्वज्ञानं कालाणुद्रव्यानुमितौ व्याप्तिप्रकारकज्ञानविधया कारणमित्यङ्गीक्रियते इति पूर्वोक्तम् (१०/१४) अत्र स्मर्तव्यम्।

અનુમિતિનું = સિદ્ધિનું કારણ છે. મંદતમગતિપરિણત પુદ્ગલપરમાણુ દ્રવ્યની વર્ત્તના પ્રત્યેની હેતુતાનું જ્ઞાન કાલદ્રવ્યની કલ્પનાનું કારણ નથી." આવી કલ્પના કરવામાં આવે તો અસંખ્ય ધર્માણુ દ્રવ્ય, અસંખ્ય અધર્માણુ દ્રવ્ય વગેરેની સિદ્ધિ થવાની પૂર્વે કહેલી આપત્તિ દુર્વાર બનશે. અથવા અસંખ્ય કાલાણુદ્રવ્યના બદલે લોકવ્યાપી એક કાલદ્રવ્યની સિદ્ધિ થવાની આપત્તિ દિગંબરોના મતમાં આવી પડશે. તેથી દિગંબરોની અસંખ્ય કાલાણુદ્રવ્યસ્વરૂપ નૈશ્ચયિક કાલતત્ત્વની કલ્પના વ્યાજબી જણાતી નથી.

શંકા :- **तत्त्वार्थभाष्य**માં મંદતમગતિપરિણત પરમાણુ પુદ્ગલ દ્રવ્યની વર્ત્તનાની વાત પણ કાલતત્ત્વના નિરૂપણ વખતે કરેલી જ છે ને ? તેથી દિગંબરકૃત તેવી કલ્પનાને કેમ અસંગત કહી શકાય ? મારી વાડીમાં ઉગે તે ગુલાબ, બીજાની વાડીમાં ઉગે તે ધતૂરો - આવી નાદિરશાહી ઉચિત તો ન જ કહેવાય ને ?

✡ દિગંબર-શ્વેતાંબર સંપ્રદાયનો તફાવત ✡

સમાધાન :- (इदञ्चा.) ના, તમારી આ વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે દિગંબરમતમાં અને શ્વેતાંબરમતમાં ઘણો તફાવત છે. દિગંબરો એવી કલ્પના કરે છે કે પુદ્ગલ પરમાણુ દ્રવ્યની અત્યંત મંદ ગતિ ક્રિયાથી ઉપલક્ષિત વ્યાવહારિક કાલસ્વરૂપ પર્યાયસમયનું ઉપાદાનકારણ નૈશ્ચયિક અસંખ્ય કાલાણુ દ્રવ્યો છે. શ્વેતાંબરો આવી કલ્પના કરતા નથી. શ્વેતાંબર જૈનો તો પુદ્ગલપરમાણુની અત્યન્ત મંદ ગતિ ક્રિયાને પરમસૂક્ષ્મ નૈશ્ચયિક સમયના સ્વરૂપની જાણકારીના ઉપાય તરીકે સ્વીકારે છે. દિગંબરોની જેમ શ્વેતાંબરો મંદગતિ ક્રિયાપરિણત પુદ્ગલાણુની વર્ત્તનાની હેતુતાના જ્ઞાનને કાલાણુદ્રવ્યની અનુમિતિ = સિદ્ધિ કરવામાં વ્યાપ્તિ જ્ઞાનરૂપે કારણ માનતા નથી. શ્વેતાંબરોની અને દિગંબરોની માન્યતામાં આટલો તફાવત છે.

આ પ્રમાણે પૂર્વે સંક્ષેપથી આ જ શાખાના ૧૪ મા શ્લોકના વિવેચનમાં જે જણાવેલ છે તેને અહીં વાચકવર્ગે યાદ કરવું.

શંકા :- પૂર્વે આ જ શાખાના ૧૪મા શ્લોકમાં **तत्त्वार्थवृत्ति**નો જે સંદર્ભ તમે દર્શાવેલ છે તેની સાથે તમારી પ્રસ્તુત વાતનો સંવાદ મળે છે. તેથી તમારી આ વાત બરાબર છે. પરંતુ પૂર્વે આ જ શાખાના ૧૫મા શ્લોકમાં **योगशास्त्रवृत्ति** અને **त्रिषष्टिशलाकापुरुषचरित्र**ના શ્લોકનો જે સંદર્ભ આપ્યો છે તેની સાથે તો તમારી પ્રસ્તુત વાતનો વિરોધ જ આવશે ને ?! કારણ કે ત્યાં તો સ્પષ્ટપણે લોકાકાશના

पूर्वम् (१०/१५) उपदर्शितं "मुख्यः काल" (यो.शा.१/१६/अजीव.५२, त्रि.श.पु.४/४/२७४) इत्यादिकं **योगशास्त्रवृत्त्यादि**वाक्यं तु निरूढलक्षणया लोकाकाशप्रदेशस्थपुद्गलपरमाणुद्रव्याणि बोधयतीति वक्ष्यतेऽत्रैवाऽग्रे (१०/१९) इति न कश्चिद् विरोधः इति भावनीयं सूक्ष्मेक्षिकया।

किञ्च, मन्दाणुगतिक्रियाया एव नैश्चयिकसमयज्ञानोपायत्वमिति एकान्तोऽपि नास्त्यनेकान्तवादिनाम्, प्रकारान्तरेणाऽपि तत्सिद्धेः। तथाहि - लोष्टस्य हि प्रविभज्यमानस्य यस्मिन्नवयवे परिमाणापकर्षकाष्ठा सोऽपकर्षावधिः यथा परमाणुः तथा परमापकर्षपर्यन्तः कालः समयः पूर्वापरभागविकलकालकलालक्षण इति व्यवस्थायाः सम्भवात्, परमाणौ अपकृष्टद्रव्यतारतम्यविश्रान्तिवत् समयेऽपकृष्टकालतारतम्यविश्रान्त्या न्याय्यत्वात्। सम्मतञ्चेदमन्येषामपि। तदुक्तं **व्यासेन पातञ्ज-**

પ્રત્યેક પ્રદેશમાં રહેલા કાલાણુદ્રવ્યોને જ મુખ્ય કાલ તરીકે જણાવેલ છે. જ્યારે તમે તો અહીં તેનો અસ્વીકાર કરી રહ્યા છો.

❋ કાલાણુદ્રવ્યો ઉપચરિત - શ્વેતાંબર ❋

[redacted] :- (**पूर्वम्**.) ના. તમારી આ શંકા વ્યાજબી નથી. કારણ કે પૂર્વે ૧૫મા શ્લોકમાં અહીં **योगशास्त्रवृत्ति** વગેરેના સાક્ષી પાઠમાં મુખ્ય કાળ તરીકે જે કાલાણુ દ્રવ્યનો ઉલ્લેખ કરેલ છે તેની નિરૂઢ લક્ષણા કરવાની છે. મતલબ કે કાલાણુદ્રવ્યો નિરૂઢ લક્ષણાથી લોકાકાશના પ્રદેશોમાં રહેનારા પુદ્ગલ પરમાણુ દ્રવ્યોનો બોધ કરાવે છે. મતલબ કે કાલાણુદ્રવ્ય પરમાર્થથી સ્વતંત્ર નથી પણ ઉપચરિત છે. આ વાત આગળ ૧૯મા શ્લોકમાં વિસ્તારથી જણાવવામાં આવશે. તેનાથી સ્પષ્ટ થઈ જશે. તેથી અહીં અમારી વાતમાં વિરોધને કોઈ અવકાશ નથી. આ વાત સૂક્ષ્મ બુદ્ધિથી અહીં ઊંડાણપૂર્વક વિચારવી.

❋ અન્ય રીતે નૈશ્ચયિક સમયની સિદ્ધિ ❋

(**किञ्च**.) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે અણુની અત્યન્ત મંદક્રિયા એ જ નૈશ્ચયિક સમયની જાણકારી મેળવવાનો ઉપાય છે - એવો એકાન્ત પણ અનેકાન્તવાદી એવા જૈનોને માન્ય નથી. કારણ કે બીજી રીતે પણ નૈશ્ચયિક સૂક્ષ્મતમ સમયની સિદ્ધિ શક્ય છે. તે આ રીતે - માટીનું ઢેફું ભાંગવામાં આવે તો તેના નાના-નાના અનેક અવયવો ઉત્પન્ન થાય છે. આ રીતે ભાંગી રહેલા માટીના ઢેફાનો નાનામાં નાનો જે અવયવ હશે તેનું પરિમાણ = કદ સૌથી નાનું હશે. આ રીતે પરિમાણના અપકર્ષની પરાકાષ્ઠા જે અવયવમાં હોય છે તે અપકર્ષની અવધિ (Limit) બનનાર દ્રવ્યને જેમ પરમાણુ કહેવામાં આવે છે તેમ પરમ અપકર્ષનો જ્યાં છેડો = અંત આવે તેવા કાળને સમય કહેવામાં આવે છે. જેમ પરમાણુમાં પૂર્વાપરવિભાગ નથી હોતો તેમ સમયમાં પૂર્વાપરવિભાગ નથી હોતો. મતલબ કે દ્રવ્યનો નિરંશ અંશ જેમ પરમાણુ કહેવાય તેમ કાળની નિરંશ = નિર્વિભાજ્ય એવી કલા સમય કહેવાય. આ પ્રમાણે નૈશ્ચયિક સમયની સિદ્ધિ કરવાની વ્યવસ્થા સંભવે જ છે. કેમ કે જેમ પરમાણુમાં અપકૃષ્ટદ્રવ્યતરતમતાની વિશ્રાન્તિ થાય છે તેમ સમયમાં અપકૃષ્ટકાળતરતમતાની વિશ્રાન્તિ માનવી એ ન્યાયોચિત છે. માત્ર આ બાબત અમને જૈનોને જ માન્ય છે - એવું નથી. અન્ય દર્શનકારોને પણ આ વાત માન્ય છે. તેથી જ **વ્યાસ** મહર્ષિએ **पातंजलयोगसूत्रभाष्य**માં નિખાલસપણે સૂક્ષ્મબુદ્ધિથી જણાવેલ છે કે 'જેમ પરમ અપકર્ષનું સીમાભૂત દ્રવ્ય

लयोगसूत्रभाष्ये "यथाऽपकर्षपर्यन्तं द्रव्यं परमाणुः एवं परमापकर्षपर्यन्तः कालः क्षणः" (पा.यो.सू.३/५२-पृ.३८३) इति विभावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – काल एको भवतु अनेको वा परं स सर्वेषां साधारण इति तु सुनिश्चितम्। न हि कस्याऽपि श्रीमतो युगपत् समयद्वितयं सम्पद्यते, न वा कस्याऽपि दरिद्रस्य एकोऽपि समयो नोपसन्तिष्ठते, कालस्य सर्वान् प्रति निष्पक्षपातत्वात्। अद्यावधि अनन्ता आत्मार्थिन आत्महितं प्रसाध्य मोक्षं गताः। वयं तु अद्यापि अत्रैव स्थिताः। न ह्यत्र कालः किञ्चिदपि अपराध्यते। कालापराधमवगण्य स्वप्रमादमपराधतयाऽभ्युपगम्य अप्रमत्ततया जिनाज्ञापालनप्रवृत्तौ आत्मश्रेयोलाभोऽविलम्बेनोपसम्पद्यते। जिनशासन-सद्गुरुप्रभृतिलाभेन साम्प्रतं कालः अस्माकमनुकूल एव। अप्रमत्ततामादाय वयं यथा कालानुकूलाः स्यामः तथा कार्यम्। कालाणुवद् निष्पक्षपातिता सर्वान् प्रति अस्माभिः अवलम्बनीयेत्युपदेशः। ततश्च "कल्मषक्षयतो मुक्तिः" (यो.सा.प्रा.८/२३) इति **योगसारप्राभृते अमितगति**दर्शिता सङ्गता स्यात्।।१०/१७।।

પરમાણુ કહેવાય છે, તેમ પરમ અપકર્ષનો જ્યાં છેડો આવે છે તે કાળ એ સમય કહેવાય.' આ બાબતની પણ અહીં ઊંડાણથી વિચારણા કરવી.

❖ અપ્રમત્ત અને નિષ્પક્ષ બનો : કાલ ❖

સારાંશ દોહન :- કાળ તત્ત્વ એક હોય કે અનેક પરંતુ એટલું તો સુનિશ્ચિત છે કે કાળ બધા માટે સાધારણ (common) છે. કોઈ પણ શ્રીમંતને જીવવા માટે એકીસાથે બે સમય મળતા નથી. તથા કોઈ પણ ગરીબને ત્યારે જીવવા માટે એક પણ સમય ન મળે તેવું બનતું નથી. કોઈ પણ જીવ પ્રત્યે કાળ પક્ષપાત કરતો નથી. અત્યાર સુધીના દીર્ઘ ભૂતકાળમાં અનંતા જીવો આત્મકલ્યાણ સાધીને મોક્ષમાં પહોંચી ગયા. આપણે હજુ અહીં જ રહેલા છીએ. આમાં કાળનો કશોય વાંક નથી. કાળનો વાંક કાઢવાના બદલે આપણા પ્રમાદને ગુનેગાર ઠરાવી, અપ્રમત્તપણે જિનાજ્ઞાપાલનમાં પ્રવૃત્ત થઈએ તો આત્મકલ્યાણ બહુ નજીકના કાળમાં પ્રાપ્ત થયા વિના ન રહે. જિનશાસન, સદ્ગુરુ વગેરેની પ્રાપ્તિ થવાથી હમણાં કાળ તો આપણને અનુકૂળ જ છે. આપણે અપ્રમત્ત બનવા દ્વારા કાળને અનુકૂળ બનીએ તે જરૂરી છે. તથા કાલાણુની જેમ આપણે સર્વ પ્રત્યે નિષ્પક્ષ બનીએ તે જરૂરી છે. આટલો બોધપાઠ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. તેના લીધે સંક્લેશ ક્ષીણ થવાથી જે મુક્તિ **યોગસારપ્રાભૃત**માં દિગંબરાચાર્ય **અમિતગતિ**એ દર્શાવેલી છે, તે સંગત થાય છે. (૧૦/૧૭)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના બીજાની આળપંપાળમાં અને બીજાને સંભળાવવામાં અટવાય છે.**
  ઉપાસના પોતાને સંભાળવામાં અને પરમાત્માને સાંભળવામાં સાવધાન છે.

અપ્રદેશતા રે સૂત્રિં અનુસરી, જો અણુ કહિઈ રે તેહ;
તો પર્યાયવચનથી જોડીઈ, ઉપચારઈ સવિ એહ ॥૧૦/૧૮॥ (૧૭૯) સમ.

હવઈ **જો** ઈમ કહસ્યો જે "**સૂત્રિં** કાલ **અપ્રદેશ** કહિઉ છી.

परकीययुक्त्यन्तरमुपदर्श्य निराकरोति – '**अप्रदेशत्वे**'ति।

अप्रदेशत्वसूत्राद्धि कालाणुः कथ्यते यदि।
तर्हि पर्यायसूत्राद्धि सर्वमेवौपचारिकम्॥१०/१८॥

प्रकृते दण्डान्वयस्त्त्वेवम् – यदि अप्रदेशत्वसूत्राद् हि कालाणुः कथ्यते तर्हि पर्यायसूत्रात् सर्वमेव औपचारिकं हि॥१०/१८॥

प्रज्ञापनायां तृतीये अल्प-बहुत्वपदे धर्मास्तिकायादिगोचरायां द्रव्यार्थप्रदेशार्थतयाऽल्पबहुत्वपृच्छायाम् [1]"अद्धासमए न पुच्छिज्जइ, पएसाऽभावा" (प्रज्ञा.३/७९/पृ.१४०) इति कालस्य अप्रदेशत्वमावेदितं **श्यामाचार्येण**। **तद्वृत्तौ श्रीमलयगिरिसूरि**भिः "परमाणूनां समुदायः तदा स्कन्धो भवति यदा ते परस्परसापेक्षतया परिणमन्ति, परस्परनिरपेक्षाणां केवलपरमाणूनामिव स्कन्धत्वाऽयोगात्। अद्धासमयास्तु परस्परं निरपेक्षा एव, वर्तमानसमयभावे पूर्वापरसमययोरभावात्। ततो न स्कन्धत्वपरिणामः। तदभावाच्च नाऽद्धासमयाः प्रदेशाः किन्तु पृथग् द्रव्याण्येव" (प्र.३/७९ पृ.१४०) इत्युक्तम्। अत्र हि स्कन्धपरिणामाभावेन प्रदेशानात्मकत्वाद्

[redacted]:- દિગંબર વિદ્વાનો કાલાણુદ્રવ્યની સિદ્ધિ માટે નવી દલીલ કરે છે. તે યુક્તિને દેખાડીને તેનું નિરાકરણ ગ્રંથકારશ્રી આગળના શ્લોક દ્વારા કરે છે :-

[redacted]:- જો અપ્રદેશત્વદર્શક આગમસૂત્રના આધારે તમે કાલાણુનું નિરૂપણ કરતા હો તો પર્યાયસૂત્રથી કાલદ્રવ્યત્વપ્રતિપાદક સર્વ શાસ્ત્રવચન ઔપચારિક જ જાણવા. (૧૦/૧૮)

卐 अप्रदेशसूत्र विचार 卐

[redacted]:- "**પ્રજ્ઞાપના**સૂત્રના ત્રીજા અલ્પ-બહુત્વપદમાં અસ્તિકાયદ્વારમાં દ્રવ્યાર્થતાની અને પ્રદેશાર્થતાની અપેક્ષાએ ધર્માસ્તિકાયાદિ સંબંધી અલ્પ-બહુત્વનો પ્રશ્ન ઉપસ્થિત થતાં **પન્નવણા**સૂત્રકાર **શ્રીશ્યામાચાર્ય** નામના પૂર્વધર મહર્ષિએ એવું જણાવેલ છે કે 'અદ્ધાસમય (= કાળ) અલ્પ-બહુત્વપૃચ્છામાં પૂછવામાં નથી આવતો. કારણ કે તેમાં પ્રદેશ = નિરવયવ અંશ જ નથી.' **પન્નવણાવૃત્તિ**માં ઉપરોક્ત સૂત્રની સ્પષ્ટતા કરતાં **શ્રીમલયગિરિસૂરિજી**એ જણાવેલ છે કે 'પરમાણુઓનો સમૂહ ત્યારે સ્કંધ બને છે કે જ્યારે તેઓ પરસ્પર સાપેક્ષરૂપે પરિણમે. કેવલ પરમાણુઓની જેમ પરસ્પર નિરપેક્ષ એવા પુદ્ગલદ્રવ્યોમાં સ્કંધપરિણામ હોતો નથી. અદ્ધાસમયો તો પરસ્પર નિરપેક્ષ જ હોય છે. કારણ કે વર્તમાનસમય હોય ત્યારે અતીત-અનાગત સમયો હાજર જ નથી હોતા. તેથી અદ્ધાસમયોમાં સ્કંધપરિણામ હોતો નથી. સ્કંધપરિણામ ન હોવાથી અદ્ધાસમયો પ્રદેશાત્મક નથી, પરંતુ સ્વતંત્રદ્રવ્યો જ છે.' અહીં **શ્રીમલયગિરિસૂરિજી**એ સ્કંધપરિણામના અભાવથી અદ્ધાસમયો પ્રદેશાત્મક બની શકતા ન હોવાથી સ્વતંત્ર

---

1. अद्धासमयः न पृच्छ्यते, प्रदेशाभावात्।

તેહનઈ **અનુસારઈ** (**તેહ**=) કાલ **અણુ કહિઈ**", **તો** (**પર્યાયવચનથી જોડીઈ**) સર્વઈ જીવાજીવપર્યાયરૂપ જ કાલ કહિઉ છઈ, ♦તેહમાંહઈ વિરોધ ✡ભયથી દ્રવ્યકાલ પણિ કિમ કહો છો ?

अद्धासमयानां स्वतन्त्रद्रव्यत्वं कण्ठत उक्तमेव।

उत्तराध्ययनबृहद्वृत्तौ शान्तिसूरिभिः "अद्धा = कालः, तद्रूपः समयः = अद्धासमयः, निर्विभागत्वाच्चाऽस्य न देश-प्रदेशसम्भवः" (उ.सू.३६/६) इत्येवम् अद्धासमयाऽप्रदेशत्वं समर्थितम्। अतः **अप्रदेशत्वसूत्रात्** = कालाऽप्रदेशत्वप्रतिपादक-**प्रज्ञापनासूत्र**प्रभृतिवचनाद् **हि** = एव **कालाणुः** 'कालः लोकाकाशप्रमिताऽणुद्रव्यात्मकः अभ्युपगन्तव्य एव' इति **यदि कथ्यते** दिगम्बरैः,

तर्हि [1]"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव अजीवा चेव" (जीवा.) इति **पर्यायसूत्राद्** = जीवाऽजीवपर्यायात्मककालप्रतिपादक**जीवाजीवाभिगम**सूत्रात् 'कालः जीवाजीवपर्यायात्मकः' इत्यपि कथं नोररीक्रियते ? कालस्याऽतिरिक्तद्रव्यत्वाभ्युपगमे किं जीवाजीवपर्यायात्मककालप्रतिपादकसूत्रविलोपभीतिः तव नास्ति ? तस्मात् **सर्वमेव** कालगतद्रव्यत्वप्रतिपादकं (१)

દ્રવ્યસ્વરૂપ જ છે - એમ સ્પષ્ટપણે જણાવેલ જ છે.

(ઉત્ત.) **ઉત્તરાધ્યયનબૃહદ્વૃત્તિ**માં **શ્રીશાંતિસૂરિ**જીએ 'અદ્ધા = કાળ. કાળસ્વરૂપ સમય = અદ્ધાસમય. તે નિર્વિભાગ = નિરંશ હોવાથી તેમાં દેશ-પ્રદેશનો સંભવ નથી' - આ પ્રમાણે અદ્ધાસમયમાં અપ્રદેશત્વનું સમર્થન કરેલ છે. આમ **પ્રજ્ઞાપનાસૂત્ર** વગેરેમાં કાળ તત્ત્વને અપ્રદેશ તરીકે જણાવેલ હોવાના લીધે જ તેના આધારે લોકાકાશપ્રદેશપ્રમાણ અણુદ્રવ્યાત્મક કાલ તત્ત્વનો સ્વીકાર અવશ્ય શ્વેતાંબરોએ કરવો પડશે" - આમ દિગંબરો કહે છે.

(**તર્હિ**.) ઉપર પ્રમાણે જો દિગંબરો કહેતા હોય તો દિગંબર વિદ્વાનોએ કાળને પર્યાય તરીકે દર્શાવનાર આગમસૂત્રનો પણ સ્વીકાર કરવો જોઈએ. **જીવાજીવાભિગમસૂત્ર**માં પ્રશ્નોત્તરીસ્વરૂપે જણાવેલ છે કે :-

પ્રશ્ન :- 'હે ભગવંત ! આ કાળ તરીકે શું કહેવાય છે ?'

ઉત્તર :- 'હે ગૌતમ ! જીવો એ જ કાળ કહેવાય છે તથા અજીવો જ કાળ કહેવાય છે.'

પર્યાય દ્રવ્યથી કથંચિત્ અભિન્ન હોવાના કારણે જીવાજીવપર્યાયાત્મક કાળને જીવાજીવસ્વરૂપે ઉપરોક્ત આગમસૂત્રમાં દર્શાવેલ છે. આ સૂત્ર જીવના અને અજીવના પર્યાયસ્વરૂપ કાળનું પ્રતિપાદન કરે છે. તેથી જો દિગંબરો **પન્નવણાસૂત્ર**ના આધારે અણુસ્વરૂપ કાલદ્રવ્યનો સ્વીકાર કરતા હોય તો **જીવાજીવાભિગમસૂત્ર**ના આધારે 'કાળ જીવ-અજીવના પર્યાયસ્વરૂપ છે' - આવો સ્વીકાર કેમ નથી કરતા ? કાળને અતિરિક્ત દ્રવ્ય તરીકે સ્વીકારવામાં હે દિગંબરો ! જીવ-અજીવના પર્યાયસ્વરૂપ કાળ તત્ત્વને દર્શાવનાર **જીવાજીવાભિગમસૂત્ર**ના વચનનો ઉચ્છેદ થવાનો ભય શું તમને નથી લાગતો ? તેવો ભય તમને દિગંબરોને લાગવો જ જોઈએ. તેથી કાળમાં રહેલ દ્રવ્યત્વનું પ્રતિપાદન કરનારા બધા જ શાસ્ત્રવચનોને તમારે ઔપચારિક જ માનવા જોઈએ.

♦ કો.(૯)+સિ.માં 'તેહનો' પાઠ. ✡ લા.૨માં 'નયથી' પાઠ.

1. किम् अयं भदन्त ! कालः इति प्रोच्यते ? गौतम ! जीवाः चैव अजीवाः चैव।

તેહ માટઈ કાલનઈ દ્રવ્યત્વવચન તથા લોકાકાશપ્રદેશપ્રમાણ[ક] અણુવચન **એ સર્વ ઉપચારઈ જોડીઈ.**[ખ] મુખ્ય વૃત્તિ તે પર્યાયરૂપ કાલ જ સૂત્રસંમત છઈ. **અત એવ "कालश्चेत्येके" (त.सू.५/३८)** ઈહાં **'एके'** વચનઈ સર્વસમ્મતત્વાભાવ સૂચિઉં. ॥૧૦/૧૮॥

"कालश्चेत्येके" (त.सू.५/३८) इति पूर्वोक्तं (१०/१३) **तत्त्वार्थसूत्र**वचनम्, (२) "लोकाकाशप्रदेशस्थाः भिन्नाः कालाणवः" (यो.शा.१/१६/वृ.५२/पृ.३७, त्रि.श.पु.४/४/२७४) इति पूर्वोक्तं (१०/१५) **योगशास्त्रवृत्ति-त्रिषष्टिशलाकापुरुषचरित्र**वचनम्, (३) [1]"छव्विहा सव्वदव्वा पन्नत्ता" (भ.सू.२५/४/७३४) इति पूर्वोक्तं (१०/१२) **भगवतीसूत्र**वचनम्, (४) [2]"लोयायासपदेसे इक्किक्के जे ठिया हु इक्किक्का" (बृ.द्र.स.२२) इति पूर्वोक्तं (१०/१४) **बृहद्द्रव्यसङ्ग्रहप्रभृति**वचनञ्च **औपचारिकम्** = आरोपितद्रव्यत्वप्रतिपादकं **हि** = एव विज्ञेयम्।

मुख्यवृत्त्या तु **जीवाजीवाभिगमा**द्यनुसारेण जीवाजीवपर्यायात्मक एव काल आगमसम्मतः। अत एव "कालश्चेत्येके" (त.सू.५/३८) इति पूर्वोक्ते (१०/१३) **तत्त्वार्थसूत्रे उमास्वाति**वाचकशिरोमणिभिः

❀ કાળદ્રવ્યત્વપ્રતિપાદક સૂત્રો ઔપચારિક ❀

કાળમાં દ્રવ્યત્વનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રવચનો નીચે મુજબ જાણવા.

(૧) "અમુક આચાર્ય ભગવંતો 'કાળ દ્રવ્ય છે' - આ પ્રમાણે કહે છે" - આવું **તત્ત્વાર્થસૂત્ર**માં **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે. પૂર્વે (૧૦/૧૩) આ સંદર્ભ દર્શાવેલ હતો.

(૨) 'લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જુદા-જુદા કાલાણુદ્રવ્યો રહેલા છે' - આ પ્રમાણે પૂર્વોક્ત (૧૦/૧૫) **યોગશાસ્ત્રવૃત્તિ** અને **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** સંદર્ભમાં જણાવેલ છે.

(૩) 'છ પ્રકારના સર્વ દ્રવ્યો બતાવેલા છે' - આ પૂર્વોક્ત (૧૦/૧૨) **ભગવતીસૂત્રવચન**.

(૪) 'લોકાકાશના એક-એક પ્રદેશમાં જે એક-એક અણુઓ રહેલા છે તે કાલાણુ દ્રવ્યો છે' - આવું પૂર્વોક્ત (૧૦/૧૪) **બૃહદ્દ્રવ્યસંગ્રહ**ગાથામાં (દિગંબર ગ્રંથમાં) જણાવેલ છે.

આ શાસ્ત્રવચનો કાળમાં જે દ્રવ્યત્વનું પ્રતિપાદન કરે છે, તે દ્રવ્યત્વ ઔપચારિક = આરોપિત છે. તેથી કાળગતદ્રવ્યત્વપ્રતિપાદક તે બધા જ શાસ્ત્રવચનો ઔપચારિક = આરોપિતદ્રવ્યત્વપ્રતિપાદક છે - તેમ જાણવું.

❀ મુખ્યતયા કાલ પર્યાયાત્મક છે ❀

(**મુખ્ય.**) મુખ્યવૃત્તિથી = પરમાર્થથી તો, **જીવાજીવાભિગમસૂત્ર** વગેરે મુજબ, જીવ અને અજીવ દ્રવ્યના પર્યાયસ્વરૂપ જ કાળ છે. આ જ વાત જૈનાગમસંમત છે. આ જ કારણથી 'कालश्चेत्येके' આ પ્રમાણે પૂર્વોક્ત (૧૦/૧૩) **તત્ત્વાર્થસૂત્ર**માં વાચકશિરોમણિ **શ્રીઉમાસ્વાતિજી** મહારાજે 'एके' શબ્દ દ્વારા 'અમુક આચાર્ય ભગવંતો કાળને દ્રવ્ય માને છે' - આમ જણાવેલ છે. તેનાથી પણ સૂચિત થાય છે કે 'કાળ નિરુપચરિત-દ્રવ્ય છે' - આ વાત સર્વ જૈનાચાર્યોને માન્ય નથી જ. જો સર્વ પૂર્વાચાર્યોને કાળ દ્રવ્ય તરીકે માન્ય હોય તો 'एके' શબ્દનો પ્રયોગ **ઉમાસ્વાતિજી** મહારાજ શા માટે કરે ? તેથી મોટા ભાગના પૂર્વાચાર્યોને 'કાળ એ પર્યાય છે' - આવું જ માન્ય છે. આમ યુક્તિથી પણ ફલિત થાય છે. 'एके' શબ્દથી **ઉમાસ્વાતિજી**

ક લી.(૩)માં 'પ્રદેશપરમાણુવચન' પાઠ. ખ લા.(૨)માં 'જોડીનઈ' પાઠ.

1. षड्विधानि सर्वद्रव्याणि प्रज्ञप्तानि। 2. लोकाकाशप्रदेशेषु एकैकेषु ये स्थिताः हि एकैके।

'एके' इत्युक्त्या कालस्य निरुपचरितद्रव्यत्वे सर्वसम्मतत्वाभावः स्वकीयाऽस्वरसश्च सूचितः।

प्रकृते [1]"जं वत्तणाइरूवो कालो दव्वाण चेव पज्जाओ" (वि.आ.भा.९२६) इति पूर्वोक्तायाः (१०/१३) **विशेषावश्यकभाष्य**गाथाया **व्याख्यायां** श्रीहेमचन्द्रसूरीणां "यद् = यस्मात् कारणात् "कालश्चेत्येके" (त.सू.५/३८) इति वचनाद् वर्त्तनादिरूपः कालो द्रव्याणामेव पर्यायः, न पुनरन्यः कश्चिद् समयावलिकादिरूपः" (वि.आ.भा.९२६ व्या.) इत्युक्तिरपि ऊहनीया मनीषिभिः।

ननु प्रतिद्रव्यं वर्त्तनाव्यतिरिक्तानन्तपर्यायाणां सत्त्वेऽपि कुतः तान् विमुच्य केवलं वर्त्तनापरिणामे एव द्रव्यत्वमुपचर्यते इति ***चेत्*** ?

अत्रोच्यते, वर्त्तनापरिणामस्य सकलपर्यायसहकारित्वेन सर्वद्रव्यानुगतत्वेन च मुख्यपर्यायत्वात् तत्रैव निरूढलक्षणया द्रव्यत्वोपचारेण कालव्यवहारः (न.च.सा.वि.पृ.१२९) इति **नयचक्रसारविवरणे** देवचन्द्रवाचकाः प्राहुः।

મહારાજે 'કાળ સ્વતંત્ર દ્રવ્ય છે' - આ બાબતમાં પોતાનો અસ્વરસ પણ સૂચિત કરેલ છે. તેથી 'મુખ્યવૃત્તિથી કાળ સ્વતંત્ર છઠ્ઠું દ્રવ્ય છે' - આ બાબત જૈનાગમસંમત નથી. આ પ્રમાણે નિશ્ચિત થાય છે.

🕉 'कालश्चेत्येके' सूत्रथी पर्यायात्मक कालनी सिद्धि 🕉

(प्रक्र.) પૂર્વે (૧૦/૧૩) દર્શાવેલ **विशेषावश्यकभाष्य**गाथामां જણાવેલ છે કે 'વર્ત્તનાદિસ્વરૂપ કાળ દ્રવ્યોનો જ પર્યાય છે.' તેની **व्याख्या**માં મલધારી **श्रीहेमचंद्रसूरिજી** મહારાજે સ્પષ્ટપણે જણાવેલ છે કે "**तत्त्वार्थसूत्र**માં 'कालश्चेत्येके' - આ મુજબ **श्रीउमास्वातिજી** મહારાજના વચનથી સિદ્ધ થાય છે કે વર્ત્તનાદિસ્વરૂપ જ કાળ છે. તથા એ દ્રવ્યોનો જ પર્યાય છે. પરંતુ પર્યાયભિન્ન સમય-આવલિકાઆદિ સ્વરૂપ બીજો કોઈ સ્વતંત્ર કાળ નથી." **श्रीहेमचन्द्रसूरि**જીની આ વાત પણ પંડિતોએ પ્રસ્તુતમાં ખાસ યાદ કરવા યોગ્ય છે. કેમ કે વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યાકારશ્રીએ તો 'कालश्चेत्येके' - આ તત્ત્વાર્થસૂત્રથી જ કાળને પર્યાયાત્મક જણાવેલ છે. આ એક વિલક્ષણ પણ નોંધપાત્ર બાબત છે. પંડિત જીવોએ તેના ઉપર ઊંડો ઊહાપોહ કરવા જેવો છે. આ વચન કાળને સ્પષ્ટપણે પર્યાયરૂપે જ જણાવે છે.

शंका :- (ननु.) પ્રત્યેક દ્રવ્યમાં વર્ત્તના સિવાયના પણ અનન્તા પર્યાયો વિદ્યમાન છે જ. તો તેમાંથી બીજા કોઈ પણ પર્યાયને દ્રવ્યસ્વરૂપે શાસ્ત્રકારે કેમ જણાવ્યા નથી ? તથા તે તમામ પર્યાયોને છોડીને ફક્ત એક વર્ત્તના પર્યાયમાં જ દ્રવ્યત્વનો આરોપ શા માટે કર્યો છે ?

🕉 मुख्य पर्याय होवाथी वर्त्तनामां कालद्रव्यउपचार 🕉

समाधान :- (अत्रो.) અહીં જવાબ એ અપાય છે કે વર્ત્તનાપરિણામ દ્રવ્યવર્તી સર્વપર્યાયો પ્રત્યે સહકારી છે તેમજ સર્વદ્રવ્યમાં અનુગત છે. તેથી વર્ત્તના મુખ્ય પર્યાય છે. તે કારણે વર્ત્તનાપર્યાયમાં જ નિરૂઢલક્ષણાથી દ્રવ્યત્વનો આરોપ કરીને કાલ તરીકે વ્યવહાર થાય છે - આ મુજબ ખરતરગચ્છીય ઉપાધ્યાય **श्रीदेवचन्द्रજી**એ **नयचक्रसारविवरण**માં જણાવેલ છે.

---

1. यद् वर्त्तनादिरूपः कालो द्रव्याणां चैव पर्यायः।

स्वसमयनिरूपणावसरे **श्रीशीलाङ्काचार्येण आचाराङ्गवृत्तौ** "अचित्तद्रव्यं द्विधा - अरूपि रूपि च। अरूपिद्रव्यं त्रिधा - धर्माऽधर्माऽऽकाशभेदभिन्नम्" (आ.श्रु.स्क.१/अ.२/उ.१/सू.६३/नि.गा.१७९/पृ.१८१) इति यदुक्तं ततः तन्मतेऽपि कालः परमार्थतः पर्यायात्मक एव सिध्यति।

"अजीवाः तु अरूपिणः धर्माऽधर्माऽऽकाशास्तिकायाः" (आ.नि.१०५७ गाथायाः भाष्यस्य १९५ गाथायाः हा.वृ.) इत्येवम् **आवश्यकनिर्युक्तिलघुभाष्यहारिभद्रीवृत्ति**वचनम्, "अजीवाः धर्मादयः चत्वारोऽस्तिकायाः" (अ.व्य.पृ.१) इति **अनेकान्तव्यवस्था**वचनं च कालस्य स्वतन्त्रद्रव्यत्वं प्रतिक्षिपतीत्यवधेयम्।

परमार्थतः कालस्य वर्तनादिपर्यायरूपत्वादेव अन्तरङ्गत्वम् आम्नातम्, न तु क्षेत्रवद् बहिरङ्गत्वम्। अत एव **आवश्यकनिर्युक्तिवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** "कालस्य च द्रव्यपर्यायत्वात्, अन्तरङ्गत्वाद्" (आ.नि.६५९ वृ.पृ.१७१) इत्युक्तम्।

✡ शीलांकाचार्यमते काळ स्वतंत्रद्रव्य नथी ✡

(स्व.) જૈનદર્શનના સિદ્ધાંતને જણાવવાના અવસરે **શ્રીશીલાંકાચાર્યજી**એ **આચારાંગવ્યાખ્યા**માં ૧૭૯ મી નિર્યુક્તિગાથાનું વિવરણ કરતી વખતે જણાવેલ છે કે 'અચિત્ત = અજીવ દ્રવ્ય બે પ્રકારે છે - (૧) અરૂપી અને (૨) રૂપી. તથા અરૂપી દ્રવ્ય ત્રણ પ્રકારે છે. (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય અને (૩) આકાશ. આ ત્રણ ભેદે અરૂપી દ્રવ્ય છે.' આનો અર્થ એ થયો કે તેમના મતે પણ કાળ પરમાર્થથી દ્રવ્યાત્મક નહિ પણ પર્યાયાત્મક જ છે. જો કાળ તેમને પારમાર્થિક દ્રવ્ય તરીકે માન્ય હોત તો તેમણે અરૂપી દ્રવ્ય ત્રણના બદલે ચાર બતાવ્યા હોત. માટે આગમિક વ્યાખ્યાકારોના મતે પણ કાળ પરમાર્થથી પર્યાયાત્મક જ સિદ્ધ થાય છે.

✡ अरूपी अजीवद्रव्य तरीके काळ असंमत ✡

("अजी.) **आवश्यकनिर्युक्ति**માં ચતુર્વિંશતિસ્તવના વિવરણ અવસરે **લઘુભાષ્ય**ની **વ્યાખ્યા**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ 'અજીવ અરૂપી દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય છે' - આવું જે જણાવેલ છે તે પણ કાળને સ્વતંત્ર દ્રવ્ય માનવાનો નિષેધ કરે છે. જો સ્વતંત્ર દ્રવ્ય તરીકે તેઓશ્રીને માન્ય હોત તો ચોથા અરૂપી અજીવ દ્રવ્યસ્વરૂપે કાળનો ઉલ્લેખ તેમણે ત્યાં અવશ્ય કર્યો હોત.પરંતુ તેઓશ્રીએ તેવો નિર્દેશ કર્યો નથી. તેથી કાળ પરમાર્થથી પર્યાય તરીકે જ સિદ્ધ થાય છે. આ વાતને પણ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. તથા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ **અનેકાન્તવ્યવસ્થા** ગ્રંથના પ્રારંભમાં જ ધર્માસ્તિકાય વગેરે ચાર અસ્તિકાયને જ અજીવ તરીકે જણાવેલ છે. જો તેમની દૃષ્ટિમાં કાળ સ્વતંત્ર દ્રવ્ય હોત તો તેમણે ચાર અસ્તિકાય અને કાળ - એમ પાંચ અજીવ દ્રવ્યનો ઉલ્લેખ કર્યો હોત. પરંતુ તેઓશ્રીએ તે મુજબ ઉલ્લેખ કરેલ નથી. તેથી પણ કાળ પરમાર્થથી પર્યાય તરીકે જ સિદ્ધ થાય છે.

✡ काळ अंतरंग तत्त्व ✡

(परमा.) પરમાર્થથી કાળ દ્રવ્યાત્મક નહિ પણ વર્તનાદિ પર્યાયસ્વરૂપ જ છે. તેથી જ કાળ અંતરંગ તત્ત્વ તરીકે માન્ય છે. ક્ષેત્રની જેમ કાળ જીવાદિ દ્રવ્યથી બહિરંગ નથી. આ જ કારણસર **શ્રીહરિભદ્રસૂરિજી**એ **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં જણાવેલ છે કે 'કાળ દ્રવ્યનો પર્યાય છે. તેથી તે દ્રવ્યનું અંતરંગસ્વરૂપ છે.'

येऽपि **आवश्यकनिर्युक्तौ दशवैकालिकनिर्युक्तौ** च [1]"दव्वे, अद्ध, अहाउय उवक्कमे देस-कालकाले य। तह य पमाणे वण्णे भावे" (आ.नि.६६० + द.वै.१/१/नि.११) इत्यादिना कालस्यैकादश भेदा दर्शिताः, ततोऽपि नाऽतिरिक्तकालद्रव्यसिद्धिरिति तद्व्याख्याविलोकनादवसीयते। **श्रीहरिभद्रसूरिभिः** "द्रव्यकालः वर्त्तनादिलक्षण" (आ.नि.६६० हारि.वृ. + द.वै.१/१/नि.११ वृ.) इत्यादिकं **तदुभयवृत्तौ** व्यक्तीकृतम्। पर्यायरूपतया तत्त्वत एकरूपस्यापि कालस्य किञ्चिन्मात्रविशेषविवक्षया 'द्रव्यकालः, अद्धाकालः' इत्यादिरूपेण एकादशधा कालव्यपदेशः प्रवर्तते। इदमेवाभिप्रेत्य पूर्वोक्त(१०/१३)रीत्या **विशेषावश्यकभाष्ये** [2]"जं वत्तणाइरूवो वत्तुरणत्थंतरं मओ कालो। आहारमित्तमेव उ खेत्तं तेणंतरंगं सो।।" (वि.आ.भा.२०२७), [3]"सो वत्तणाइरूवो कालो दव्वस्स चेव पज्जओ। किंचिम्मेत्तविसेसेण दव्वकालाइववएसो।।" (वि.आ.भा.२०२९) इत्युक्तम्। इत्थञ्च, [4]"सूरकिरियाविसिट्ठो...." (वि.आ.भा.२०३५) इत्यादि**विशेषावश्यकभाष्य**संवादेन पूर्वं (१०/१२) यः अद्धाकालः दर्शितः सोऽपि परमार्थतः पर्यायरूपतयैव द्रष्टव्यः।

नवतत्त्वप्रकरणवृत्तौ सुमङ्गलाभिधानायां श्रीधर्मसूरिणा "कालः निश्चय-व्यवहारभेदाभ्यां द्विविधः। तत्र

❋ भद्रबाहुस्वामीने स्वतंत्र काळद्रव्य मान्य नथी ❋

(येऽपि.) श्रीभद्रबाहुस्वामीजीએ **आवश्यकनिर्युक्ति**માં तथा **दशवैकालिकनिर्युक्ति**માં "(१) नामકાળ, (२) क्षेत्रકાળ, (૩) द्रव्यકાળ, (४) अद्धाકાળ, (५) यथाआयुष्क કાળ, (६) ઉપક્રમકાળ, (७) देशકાળ, (८) કાલકાળ, (९) प्रમાણકાળ, (१०) वर्णકાળ અને (११) ભાવકાળ" - આ પ્રમાણે કાળતત્ત્વના જે ૧૧ ભેદ (= નિક્ષેપ) દેખાડેલા છે તેનાથી પણ જીવ-અજીવભિન્ન સ્વતંત્ર કાળદ્રવ્યની સિદ્ધિ થઈ શકતી નથી. તેની વિવિધ વ્યાખ્યાઓ જોવાથી આ બાબત સ્પષ્ટતયા જણાય છે. 'द्रव्यકાલ વર્તનાદિપર્યાયસ્વરૂપ છે' - ઈત્યાદિ બાબત **શ્રીહરિભદ્રસૂરિજી**એ તે બન્ને **નિર્યુક્તિ**ની **વ્યાખ્યા**માં જણાવેલ છે. મતલબ કે આવશ્યકનિર્યુક્તિમાં જણાવેલ દ્રવ્યકાલ પણ દ્રવ્યાત્મક નથી તો કાળના અન્ય પ્રકારો તો કઈ રીતે સ્વતંત્ર દ્રવ્યાત્મક સંભવે ? આમ કાળ પર્યાયસ્વરૂપ હોવાના લીધે પરમાર્થથી એકસ્વરૂપ છે. છતાં પણ થોડીક વિશેષતાની દૃષ્ટિએ દ્રવ્યકાળ, અદ્ધાકાળ વગેરે ૧૧ પ્રકારે કાળના ભેદને દર્શાવનારો વ્યવહાર પ્રવર્તે છે. આ જ અભિપ્રાયથી પૂર્વે (૧૦/૧૩) દર્શાવ્યા મુજબ **विशेषावश्यकभाष्य**માં જણાવેલ છે કે "જે કારણે 'વર્ત્તનાદિરૂપ કાળ નવીન -પ્રાચીનસ્વરૂપે વર્તનાર દ્રવ્યથી અભિન્ન છે' - આવું આગમસંમત છે, તે કારણે કાળ અંતરંગ તત્ત્વ છે. ક્ષેત્ર તો દ્રવ્યનો આધારમાત્ર છે. (તેથી આધેય દ્રવ્યથી ક્ષેત્ર અભિન્ન નથી.) તે વર્તનાદિસ્વરૂપ કાળ એ દ્રવ્યનો જ પર્યાય છે. લેશમાત્ર તફાવતની વિવક્ષાથી દ્રવ્યકાળ, અદ્ધાકાળ વગેરે વ્યવહાર પ્રવર્તે છે." આ રીતે કાળના ૧૧ ભેદો પર્યાયાત્મક કાળને જ દર્શાવનારા હોવાથી પૂર્વે (૧૦/૧૨) **विशेषावश्यकभाष्य**ના સંવાદથી સૂર્યક્રિયાવિશિષ્ટ જે અદ્ધાકાળ જણાવેલ હતો, તે પણ પરમાર્થથી પર્યાયસ્વરૂપ જ જાણવો, દ્રવ્યાત્મક નહિ.

❋ કાળના બે ભેદ : શ્રીધર્મસૂરિજી ❋

(नव.) **नवतत्त्वप्रकरण**ની **सुमंगला** વ્યાખ્યામાં શ્રીમદ્ વિજય **धर्मसूरि**જીએ જણાવેલ છે કે "કાળ

1. द्रव्यमद्धा यथाऽऽयुश्चोपक्रमो देश-कालकालौ च। तथा च प्रमाणं वर्णो भावः। 2. यद् वर्तनादिरूपो वर्तितुरनर्थान्तरं मतः कालः। आधारमात्रमेव तु क्षेत्रं तेनान्तरङ्गं सः ।। 3. स वर्त्तनादिरूपः कालो द्रव्यस्यैव पर्यायः। किञ्चित्मात्रविशेषेण द्रव्य-कालादिव्यपदेशः।। 4. सूरक्रियाविशिष्टः.....।

(१) वर्त्तनादिपर्यायस्वरूपो नैश्चयिकः। (२) ज्योतिश्चक्रस्य भ्रमणजन्यो यः समयाऽऽवलिका-मुहूर्त्तादिलक्षणः कालः स च व्यावहारिकः। वस्तुतस्तु अयं कालो न परमाणुसमुदायात्मकः किन्तु सर्वद्रव्येषु वर्त्तनादिपर्यायाणां सर्वदा सद्भावाद् उपचारेण कालो द्रव्यत्वेन उच्यते" (न.त.गा.६/वृ.पृ.२६) इति यदुक्तं तदप्यत्र समाकलितसमयरहस्यैः समनुसन्धेयम्। ततश्च कालस्य न क्लृप्तद्रव्यातिरिक्तद्रव्यत्वं पारमार्थिकमिति आगमयुक्त्यनुसारेण दृढतरमवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – विरुद्धत्वेनावभासमानानां द्रव्य-पर्यायान्यतरात्मककालप्रतिपादकशास्त्रवचनानां गौण-मुख्यभावेन सङ्गतिः ग्रन्थकृता कृता, न तु एकमपि शास्त्रवचनमप्रमाणतया निष्टङ्कितम्। एतावताऽयमत्रोपदेशो ग्राह्यः यदुत विरुद्धत्वेन अवभासमाना कस्यापि उक्तिः यावद् अर्थसाङ्गत्यमियर्ति तावद् विवेकपूर्वं तदुक्तिसमन्वयकृते औदार्यं माध्यस्थ्यञ्च अस्माभिः व्यवहारे धार्यम्। इत्थमेव नः शुद्धभावस्याद्वादपरिणतिनिष्पत्तिः स्यात्। अन्यथा स्याद्वादः शास्त्रे एव जीवेत्, न त्वस्मासु। परकीयाशयमविज्ञाय, तदन्यायपरिहारप्रयत्नं विमुच्य, केवलं द्वेषभावेन तदुक्तिखण्डनपरिणतिः यावद् न विलीयेत तावन्न शुद्धभावस्याद्वादलभ्यः "मोक्षः = कर्मविमुक्त आत्मा" (त.सू.१/१ वृ.पृ.१५) इति **तत्त्वार्थहारिभद्रीवृत्तौ** दर्शितो मोक्षः सुलभः।।१०/१८।।

નિશ્ચય-વ્યવહારના ભેદથી બે પ્રકારે છે. તેમાં (૧) નૈશ્ચયિક કાળ વર્ત્તનાદિ પર્યાયસ્વરૂપ છે. (૨) તથા જ્યોતિશ્ચક્રના ભ્રમણથી ઉત્પન્ન થનાર જે સમય, આવલિકા, મુહૂર્ત્તાદિસ્વરૂપ કાળ છે તે વ્યવહારિક કાળ છે. વાસ્તવમાં તો કાળતત્ત્વ પરમાણુસમુદાયસ્વરૂપ નથી. પરંતુ સર્વ દ્રવ્યોમાં વર્ત્તનાદિ પર્યાયો સર્વદા વિદ્યમાન હોવાથી ઉપચારથી કાળ દ્રવ્ય કહેવાય છે." જૈનાગમસિદ્ધાન્તના રહસ્યોના જાણકાર સમયવેત્તા વિદ્વાનોએ આ બાબતનું પ્રસ્તુતમાં સમ્યક્ અનુસંધાન કરવું. તેથી આગમ અને યુક્તિ અનુસારે, 'પ્રમાણસિદ્ધ જીવાદિ પાંચ દ્રવ્યથી અતિરિક્ત કાળ દ્રવ્ય નથી' - આમ દૃઢપણે અવધારણ કરવું.

❀ વિવેકપૂર્વક સમન્વય કરવાની ઉદારતા કેળવીએ ❀

[redacted]:- કાળમાં દ્રવ્યાત્મકતાનું અને પર્યાયાત્મકતાનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રવચનો પરસ્પર વિરોધી લાગે. તેમ છતાં ગ્રંથકારશ્રીએ બન્ને પ્રકારના શાસ્ત્રવચનોની સંગતિ ગૌણ-મુખ્યભાવ દ્વારા કરેલ છે. પરંતુ કોઈ પણ શાસ્ત્રવચનને ખોટું ઠરાવેલ નથી. આના ઉપરથી આપણે એટલો બોધપાઠ લેવા જેવો છે કે 'કોઈ પણ વ્યક્તિની વિરોધી લાગતી વાતની જ્યાં સુધી જે પ્રમાણે અર્થસંગતિ સારી રીતે થઈ શકતી હોય ત્યાં સુધી તેની વાતનો તે પ્રમાણે વિવેકપૂર્વક સમન્વય કરવાની ઉદારતા તથા મધ્યસ્થતા આપણે વ્યવહારમાં પણ ધારણ કરવી જ જોઈએ.' આવું બને તો જ શુદ્ધ ભાવસ્યાદ્વાદની પરિણતિ આપણામાં પાંગરી શકે. બાકી સ્યાદ્વાદ ફક્ત શાસ્ત્રમાં જીવતો રહે, આપણા આત્મામાં નહિ. સામેની વ્યક્તિનાં આશયને સમજ્યા વિના, તેની સાથે અન્યાય થઈ ન જાય તેની કાળજી રાખ્યા વિના, માત્ર દ્વેષભાવથી તેની વાતનું આડેધડ ખંડન કરવાનું વલણ જ્યાં સુધી રવાના થાય નહિ, ત્યાં સુધી કોઈને પણ શુદ્ધ ભાવઅનેકાન્તમય પરિણતિથી મળી શકે તેવો મોક્ષ સુલભ નથી. **તત્ત્વાર્થસૂત્રહારિભદ્રી વૃત્તિ**માં કર્મમુક્ત આત્માને જ મોક્ષરૂપે જણાવેલ છે. (૧૦/૧૮)

ઉપચાર પ્રકાર તેહ□ જ દેખાડઈ છઈ -

પર્યાયયિં જિમ ભાખિઉ દ્રવ્યનો, સંખ્યારથ ઉપચાર;
અપ્રદેશતા રે યોજનકારણઈ, તિમ અણુતાનો* રે સાર ॥૧૦/૧૯॥ (૧૮૦) સમ.

"**षडेव द्रव्याणि**" એ **સંખ્યા** પૂરણનઈ **અર્થઈ, જિમ** (પર્યાયયિં=) **પર્યાય**રૂપ કાલનઈ વિષઈ *દ્રવ્યનો = દ્રવ્ય**પણા**નો **ઉપચાર** (ભાખિઉ=) *भगवत्यादि*કનઈ વિષઈ કરીઈ છઈ,

---

उपचारप्रकारमेवोपदर्शयति – '**द्रव्यारोप**' इति।

द्रव्यारोपो हि पर्याये सङ्ख्यापूर्त्तिकृते यथा।
अप्रदेशत्वसाङ्गत्यकृतेऽणुतावचः तथा।।१०/१९।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा सङ्ख्यापूर्त्तिकृते पर्याये हि द्रव्यारोपः तथा अप्रदेशत्वसाङ्गत्यकृते अणुतावचः।।१०/१९।।

यथा = येन प्रकारेण 'हस्ते पञ्च अङ्गुल्यः सन्ति' इति प्रतिज्ञायां कृतायां सत्यां प्रतिज्ञातसङ्ख्यापरिपूर्त्तिकृते अङ्गुष्ठेऽङ्गुलीत्वोपचारः क्रियते तथा **सङ्ख्यापूर्त्तिकृते** = 'षडेव द्रव्याणि' इति प्रतिज्ञातसङ्ख्यापरिपूरणार्थं **पर्याये** = सर्वजीवाऽजीवपर्यायात्मके मुख्यकाले **हि** = एव **द्रव्यारोपः** = द्रव्यत्वोपचारः **भगवत्यां** [1]"छव्विहा सव्वदव्वा पन्नत्ता। तं जहा – धम्मत्थिकाए, अधम्मत्थिकाए

અવતરણિકા :- 'કાળ દ્રવ્ય છે' - આવું પ્રતિપાદન કરનાર શાસ્ત્રવચન ઉપચારગર્ભિત છે. આ પ્રમાણે આગલા શ્લોકમાં જણાવેલ હતું. હવે ગ્રંથકારશ્રી ઉપચાર કરવાના પ્રકારને જ જણાવે છે :-

ટીકાર્થ :- જે રીતે સંખ્યાપૂર્તિ માટે (**ભગવતીસૂત્ર**માં) પર્યાયમાં જ દ્રવ્યત્વનો આરોપ કરેલ છે, તે રીતે અપ્રદેશત્વની સંગતિ માટે 'કાલ અણુ છે' - આવું પ્રતિપાદન શાસ્ત્રવચન કરે છે. (૧૦/૧૯)

☼ સંખ્યાપૂર્તિ માટે કાળની દ્રવ્ય તરીકે ગણના ☼

ભાવાર્થ :- વાસ્તવમાં હાથમાં ચાર આંગળી અને એક અંગુઠો રહેલો છે. તેમ છતાં પણ 'હાથમાં પાંચ આંગળી છે' - આ પ્રમાણે કોઈ માણસ બોલે, ત્યારે પોતે બતાવેલ પાંચ સંખ્યાની પરિપૂર્તિ કરવા માટે અંગુઠામાં અંગુલીપણાનો ઉપચાર કરીને તે માણસ સામેની વ્યક્તિને પાંચ આંગળી ગણાવે છે. જે રીતે પ્રતિજ્ઞાત પાંચ સંખ્યાની પરિપૂર્તિ માટે અંગુઠાને ઔપચારિક રીતે પાંચમી આંગળી કહેવાય છે. તે જ રીતે 'દ્રવ્યો છ જ છે' - આ પ્રમાણે જણાવ્યા બાદ હકીકતમાં પાંચ જ દ્રવ્યો હોવાથી પ્રતિજ્ઞાત છ સંખ્યાની પરિપૂર્તિ માટે પર્યાયમાં = સર્વ જીવના અને અજીવના પર્યાયાત્મક મુખ્ય કાળ તત્ત્વમાં જ દ્રવ્યત્વનો ઉપચાર કરીને **ભગવતીસૂત્ર**માં કાળને છઠ્ઠા દ્રવ્ય તરીકે નીચે મુજબ જણાવેલ છે.

⚜ કાળદ્રવ્ય અંગે ભગવતીસૂત્રનો સંદર્ભ ⚜

"સર્વ દ્રવ્યો કુલ છ પ્રકારે બતાવેલા છે. તે આ રીતે - (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય,

---

□ 'તેહ' પદ ફક્ત કો.(૧૩)માં છે. પુસ્તકાદિમાં નથી. * ફક્ત લી.(૧)માં 'અણુતા' પાઠ. * ફક્ત કો.(૧૪)માં જ 'દ્રવ્યનો' પાઠ છે. 1. षड्विधानि सर्वद्रव्याणि प्रज्ञप्तानि। तद् यथा - धर्मास्तिकायः, अधर्मास्तिकायः... यावद् अद्धासमयः।

તિમ સૂત્રઈ કાલ દ્રવ્યનઈં **અપ્રદેશતા** કહી છઈ,

जाव अद्धासमए" (भ.सू.२५/४/सू.७३४) इत्येवं कृतः इति पूर्वोक्तः (१०/१२ + १८) प्रबन्धः स्मर्तव्योऽत्र। प्रतिज्ञातसङ्ख्यादृष्ट्या रिक्तस्थानपूरणाभिप्रायतो **भगवत्यां** कालद्रव्यत्वोक्तिमात्रेण कालतत्त्वं द्रव्यविधया न किञ्चिदपि कार्यं करोति, न वा पर्यायविधया स्वास्तित्वतो भ्रश्यति। न हि गोत्वेन उपचरितः षण्ढः पयसा पात्रीं प्रपूरयति, न वा षण्ढत्वभ्रष्टो भवतीत्यत्राऽऽकूतम्।

तथा = तेनैव प्रकारेण [1]"अद्धासमए न पुच्छिज्जइ, पएसाऽभावा" (प्रज्ञा.३/७९/पृ.१४०) इत्येवं पूर्वोक्ते (१०/१८) **प्रज्ञापनासूत्रे** आरोपितद्रव्यत्वाऽऽलिङ्गिते काले तात्त्विकम् अप्रदेशत्वमुक्तम्। न हि अनन्तप्रदेशिकादिषु पौद्गलिकस्कन्धेषु इव अद्धासमयेऽवयवलक्षणाः स्वतन्त्रप्रदेशाः सन्ति। अतः अद्धासमये द्रव्यार्थतया प्रदेशार्थतया वाऽल्पबहुत्वं पृच्छाऽनर्हमेव, तत्र द्रव्यार्थता-प्रदेशार्थतयोः ऐक्यात्, औपचारिकत्वाच्च। अयमाशयः - सप्रदेशत्वमप्रदेशत्वं वा द्रव्ये प्रसक्तं न तु पर्याये इति प्रज्ञापनासूत्रोक्ता कालगता अप्रदेशता काले यां द्रव्यात्मकतां दर्शयति साऽपि औपचारिकी एवेति **श्रीश्यामाचार्यो** जीवाऽजीववर्त्तनापर्यायात्मके काले द्रव्यत्वमुपचर्य एवाऽप्रदेशतामुक्तवानिति फलितम्।

(૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) અદ્ધાસમય = કાળ." સંખ્યાપૂર્તિ એટલે ખાલી જગ્યા ભરવી. ફક્ત સંખ્યાની દૃષ્ટિએ ખાલી રહેલી જગ્યા ભરવાના આશયથી છઠ્ઠા દ્રવ્ય તરીકે પૂર્વોક્ત (૧૦/૧૨+૧૮) પ્રસ્તુત **ભગવતીસૂત્ર**સંદર્ભમાં કાળને દ્રવ્ય તરીકે ગણાવેલ છે. પરંતુ તેટલા માત્રથી તે કાળતત્ત્વ દ્રવ્ય તરીકેનું કોઈ પણ કામ કરતું નથી કે ઉપચરિત દ્રવ્યભૂત કાલ વાસ્તવમાં પર્યાય તરીકેનું પોતાનું અસ્તિત્વ ગુમાવતો નથી. સાંઢમાં ગાયનો ઉપચાર કરવા માત્રથી સાંઢ કાંઈ દૂધથી વાસણને ભરી દેતો નથી કે સાંઢપણાથી તે ભ્રષ્ટ થતો નથી. તેમ કાળ પર્યાયાત્મક જ રહે છે - આ પ્રમાણે અહીં આશય છે.

❖ अप्रदेशत्वदर्शक सूत्रनो आशय ❖

(तथा.) જેમ **ભગવતીસૂત્ર**માં સંખ્યાપૂર્તિ માટે કાળમાં દ્રવ્યત્વનો ઉપચાર કરેલ છે, તેમ આરોપિત-દ્રવ્યત્વવાળા કાળમાં પારમાર્થિક અપ્રદેશત્વ **પન્નવણાસૂત્ર**માં દર્શાવેલ છે. તે પૂર્વોક્ત (૧૦/૧૮) સૂત્રસંદર્ભનો અર્થ આ છે - 'અદ્ધાસમયમાં અલ્પ-બહુત્વની પૃચ્છા કરવામાં નથી આવતી. કારણ કે તેમાં પ્રદેશ જ નથી.' જેમ અનંતપ્રદેશિક વગેરે પૌદ્ગલિક સ્કંધોમાં અવયવસ્વરૂપ સ્વતંત્ર પ્રદેશો હોય છે તેમ અદ્ધાસમયમાં સ્વતંત્ર પ્રદેશો હોતા નથી. તેથી અદ્ધાસમયમાં દ્રવ્યરૂપે કે પ્રદેશરૂપે અલ્પ-બહુત્વના પ્રશ્નને કોઈ અવકાશ નથી. કેમ કે અદ્ધાસમયમાં દ્રવ્યરૂપતા કહો કે પ્રદેશરૂપતા કહો, તે બન્ને એક જ છે તથા ઔપચારિક જ છે. તેથી 'અદ્ધાસમયના દ્રવ્યો કરતાં તેના પ્રદેશો કેટલા ગણા વધુ કે ઓછા ?' તે પ્રશ્નને અવકાશ જ કેવી રીતે મળે ? આશય એ છે કે સપ્રદેશપણું કે અપ્રદેશપણું દ્રવ્યમાં પ્રસક્ત છે, પર્યાયમાં નહિ. **પન્નવણાસૂત્ર**માં કાળમાં દર્શાવેલ અપ્રદેશાત્મકતા કાલની જે દ્રવ્યાત્મકતાને સૂચવે છે તે દ્રવ્યાત્મકતા પણ ઉપચરિત છે, પારમાર્થિક નહિ. જીવાજીવવર્તનાપર્યાયાત્મક કાળમાં દ્રવ્યત્વનો ઉપચાર કરીને જ

1. अद्धासमयो न पृच्छ्यते, प्रदेशाभावात्।

अत एव [1]"अरूवीअजीवपन्नवणा दसविहा पन्नत्ता" (प्रज्ञा.१/३) इत्यादिरूपेण यः **प्रज्ञापनासूत्र**सन्दर्भः पूर्वं (१०/१२) दर्शितः तत्राऽपि **श्यामाचार्येण** [2]'अरूवीअजीवदव्वपन्नवणा' इत्येवं न निर्दिष्टम्, पर्यायात्मकस्य अद्धासमयस्य अपि तत्र प्रविष्टत्वेन अरूप्यजीवद्रव्यप्रज्ञापनाया नवविधत्वेन दशविधत्वस्य बाधात्, 'अद्धासमए' इत्येकवचनान्तपदेन एकस्यैव वर्तमानकालसमयलक्षणस्य अद्धासमयस्याभिप्रेतत्वेन पर्यायात्मककालस्य सिद्धेरिति तत्तात्पर्यं चेतसि धर्तव्यम्।

एतेन "अद्धासमयास्तु परस्परनिरपेक्षा एव, वर्त्तमानसमयभावे पूर्वापरसमययोरभावात्। ततो न स्कन्धत्वपरिणामः। तदभावाच्च नाऽद्धासमयाः प्रदेशाः किन्तु पृथग् द्रव्याण्येव" (प्रज्ञा.३/७९/पृ.१४३) इति **प्रज्ञापनावृत्तौ मलयगिरिसूरि**वचनमपि ***व्याख्यातम्,*** कालस्य परमार्थतः जीवाजीववर्त्तनापर्यायतया आदिष्ट-

---

પન્નવણાસૂત્રકાર ઉપરોક્ત સૂત્રમાં કાળમાં પ્રદેશાભાવને જણાવે છે - તેમ ફલિત થાય છે.

❀ કાળ અજીવદ્રવ્ય નથી : શ્યામાચાર્યનું તાત્પર્ય ❀

(अत.) કાળ પરમાર્થથી દ્રવ્યપર્યાયાત્મક હોવાથી જ "અરૂપી અજીવપ્રરૂપણા દશ પ્રકારની કહેવાયેલી છે" - આ પ્રમાણે **પ્રજ્ઞાપનાસૂત્ર**નો જે સંદર્ભ પૂર્વે (૧૦/૧૨) જણાવેલ હતો ત્યાં પણ શ્રીશ્યામાચાર્યજીએ 'અરૂપીઅજીવદ્રવ્યપ્રરૂપણા' આવો નિર્દેશ નથી કર્યો પરંતુ 'દ્રવ્ય' પદના પ્રવેશ વિના 'અરૂપીઅજીવપ્રરૂપણા' આ પ્રમાણે જ નિર્દેશ કર્યો છે. જો 'અરૂપી અજીવદ્રવ્યની પ્રરૂપણા દશ પ્રકારની છે' - આ પ્રમાણે **શ્યામાચાર્યજી** જણાવે તો દશવિધત્વ તેમાં બાધિત થઈ જાય. કેમ કે અરૂપી અજીવદ્રવ્ય પ્રરૂપણામાં પ્રવિષ્ટ અદ્ધાસમય = કાળ તો પર્યાયાત્મક જ છે. પર્યાયાત્મક અદ્ધાસમયનો પણ તેમાં પ્રવેશ થઈ જવાથી અરૂપી-અજીવદ્રવ્ય તો નવ જ થશે, દશ નહિ. **શ્રીશ્યામાચાર્યજી**ને આ હકીકત ખ્યાલમાં હોવાથી જ તેઓશ્રીએ પન્નવણામાં 'અરૂપીઅજીવદ્રવ્યપ્રરૂપણા' ના બદલે 'અરૂપીઅજીવપ્રરૂપણા'ને દશવિધ જણાવેલ છે. કાળ ભલે દ્રવ્ય ન હોય પણ અરૂપીઅજીવ તત્ત્વ તો છે જ. વળી, તે **પન્નવણા** સૂત્રમાં 'અદ્ધાસમએ' - આવું જે એકવચનાન્ત પદ છે, તેનાથી વર્તમાનકાલસમયાત્મક એક જ અદ્ધાસમય વિવક્ષિત હોવાથી 'પર્યાયાત્મક જ કાળ સિદ્ધ થશે' - આવું **શ્રીશ્યામાચાર્ય**નું તાત્પર્ય મનમાં ધારવું.

❀ શ્રીમલયગિરિસૂરિજી વચનવિમર્શ ❀

(एतेन.) **પન્નવણાસૂત્ર**ની **વ્યાખ્યા**માં **મલયગિરિસૂરિજી** જણાવે છે કે "અદ્ધાસમયો તો પરસ્પરનિરપેક્ષ જ છે. કારણ કે જ્યારે વર્તમાન સમય હાજર હોય છે ત્યારે અતીત સમય અને અનાગત સમય ગેરહાજર હોય છે. તેથી અદ્ધાસમયમાં સ્કંધપણાનો પરિણામ હોતો નથી. સ્કંધપણાનો પરિણામ ન હોવાથી અદ્ધાસમયો પ્રદેશ નથી. પરંતુ પૃથગ્ દ્રવ્યો જ છે." **શ્રીમલયગિરિસૂરિજી**ના પ્રસ્તુત વચનની સંગતિ પણ અમારા ઉપરોક્ત ખુલાસા દ્વારા થઈ જાય છે. કારણ કે પરમાર્થથી કાળ તો જીવના અને અજીવના વર્ત્તનાપર્યાય સ્વરૂપ જ છે. ફક્ત તેમાં દ્રવ્યત્વનો ઉપચાર કરીને કાળને દ્રવ્ય કહેવામાં આવેલ છે. તેથી જો પ્રશ્ન થાય કે 'ઉપચરિતદ્રવ્યત્વવાળા કાળ તત્ત્વમાં પ્રદેશત્વ છે કે નહિ?' તો આનો જવાબ એ છે કે કાળ ઉપચરિતદ્રવ્ય હોવા છતાં પણ તેમાં પ્રદેશત્વ સંભવતું નથી. કારણ કે પર્યાયમાં પરમાર્થથી સપ્રદેશતા

---

1. अरूप्यजीवप्रज्ञापना दशविधा प्रज्ञप्ता। 2. अरूप्यजीवद्रव्यप्रज्ञापना।

द्रव्यत्वेऽपि सप्रदेशत्वाऽसम्भवात्। न हि पर्याये परमार्थतः सप्रदेशत्वं प्रदेशात्मकत्वं वा सम्भवति।

वस्तुतस्तु श्रीमलयगिरिसूरीणामपि कालपर्यायपक्ष एव स्वरसः ज्ञायते, यतः पुद्गलास्तिकायाद् अद्धासमये द्रव्यार्थिकतयाऽनन्तगुणत्वोक्तेः सङ्गतिकृते **प्रज्ञापनाव्याख्यायाम्** "एकस्यैव परमाणोः अनागते काले तत्र द्विप्रदेशिक-त्रिप्रदेशिकयावद्दशप्रदेशिक-सङ्ख्यातप्रदेशिकाऽसङ्ख्यातप्रदेशिकाऽनन्तप्रदेशिकस्कन्धान्तः-परिणामितया अनन्ता भाविनः संयोगाः पृथक्पृथक्कालाः केवलवेदसा उपलब्धाः। यथा चैकस्य परमाणोः तथा सर्वेषां प्रत्येकं द्विप्रदेशादिस्कन्धानां चाऽनन्ताः संयोगाः पुरस्कृताः पृथक्पृथक्काला उपलब्धाः, सर्वेषामपि मनुष्यक्षेत्रान्तर्वर्त्तितया परिणामसम्भवाद्" (प्रज्ञा.३/७९ पृ.१४१) इत्यादिप्रतिपादनेन **मलयगिरिसूरिभिः** प्रत्येकं पुद्गलपरमाण्वादिषु अनागतादिकालावच्छेदेन भिद्यमानानाम् अनन्तानां संयोगानां पृथक्काल-द्रव्यत्वमुपदर्शितम्। इत्थञ्च तत्तत्संयोगलक्षणपर्यायाणामेव स्वतन्त्रकालद्रव्यत्वोक्तिः औपचारिककाल-द्रव्यपक्षपातिन्येवेत्यवसीयते।

ननु **भगवती**पञ्चविंशतितमशतकचतुर्थोद्देशसूत्रे प्रदेशार्थचिन्तायां **श्रीअभयदेवसूरिभिः तद्व्याख्यायां**

કે પ્રદેશાત્મકતા સંભવતી નથી. આ રીતે **શ્રીમલયગિરિસૂરિજી**ના વચનની સંગતિ કરી શકાય છે.

❀ કાળ સંયોગાત્મક છે : મલયગિરિસૂરિજી ❀

(वस्तु.) વાસ્તવમાં તો **શ્રીમલયગિરિસૂરિજી** મહારાજનો પણ સ્વરસ તો 'કાળતત્ત્વ પર્યાયાત્મક છે' - આ પક્ષમાં જ હતો તેમ જણાય છે. કારણ કે 'પુદ્ગલાસ્તિકાય કરતાં અદ્ધાસમય દ્રવ્યાર્થથી અનંતગુણ અધિક છે' - આ **પન્નવણાસૂત્રોક્તિ**ની સંગતિ કરવા માટે તેઓશ્રીએ **પન્નવણાવ્યાખ્યા**માં જણાવેલ છે કે "ફક્ત એક પરમાણુના ભવિષ્યકાળની અપેક્ષાએ પરમાણુમાં અનંત તત્-તત્દ્રવ્યસંયોગ મળી શકશે. તે આ રીતે - દ્વિપ્રદેશિક સ્કંધ, ત્રિપ્રદેશિક સ્કંધ.. યાવત્ દશપ્રદેશિક સ્કંધ, સંખ્યાતપ્રદેશિક સ્કંધ, અસંખ્યાતપ્રદેશિક સ્કંધ, અનન્તપ્રદેશિક સ્કંધ સ્વરૂપે એક-એક પરમાણુ ભાવીમાં પરિણમવાના હોવાથી પ્રત્યેક પરમાણુદ્રવ્યમાં ભવિષ્યકાલીન અનંતા તત્-તત્દ્વયણુકાદિદ્રવ્યસંયોગો પ્રાપ્ત થશે. પુદ્ગલપરમાણુનિષ્ઠ તે તે સંયોગો જ પૃથક્ પૃથક્ કાલસ્વરૂપે કેવલજ્ઞાન દ્વારા જણાયેલ છે. જેમ એક પરમાણુમાં રહેલા અનંત સંયોગોને આગળ કરીને અલગ-અલગ કાલ ઉપલબ્ધ થાય છે તેમ દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક વગેરે તમામ સ્કંધોને લક્ષમાં રાખીને તે પ્રત્યેકમાં રહેલા અનંતા સંયોગોને મુખ્ય કરવામાં આવે તો બીજા અલગ-અલગ કાલ ઉપલબ્ધ થાય છે, જણાય છે. કારણ કે તે બધા ય દ્રવ્યોમાં મનુષ્યક્ષેત્રમાં અંતવર્તી થવા સ્વરૂપે તેવા પરિણામ સંભવે છે." **શ્રીમલયગિરિસૂરિજી** મહારાજે **પન્નવણાવૃત્તિ**માં આવું પ્રતિપાદન કરવા દ્વારા પુદ્ગલપરમાણુ વગેરે પ્રત્યેક દ્રવ્યમાં અનાગત આદિ કાળની અપેક્ષાએ જુદા-જુદા જે અનંતા સંયોગો મળે છે તે તમામ સંયોગોને જ તેમણે પૃથક્ કાલદ્રવ્ય તરીકે જણાવેલ છે. આ રીતે તે તે સંયોગ સ્વરૂપ પર્યાયોને જ સ્વતન્ત્ર કાલદ્રવ્યસ્વરૂપે જણાવનારી મલયગિરિસૂરિવાણી પણ 'કાળ ઔપચારિક દ્રવ્ય છે' - આ મતમાં જ પ્રવેશ પામે છે - તેવું અમને જણાય છે.

❀ કાળ સપ્રદેશ છે - ભગવતીસૂત્રવૃત્તિકાર ❀

[redacted] :- **(ननु.)** તમે અદ્ધાસમયમાં **પન્નવણાસૂત્ર**ના આધારે અપ્રદેશતાની વાત કરો છો. પણ **ભગવતીસૂત્ર**ના ૨૫ મા શતકના ચોથા ઉદ્દેશાના સૂત્રની **વ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે તો અલ્પ

"जीव-पुद्गलाऽद्धासमयाऽऽकाशाऽऽस्तिकायास्तु क्रमेण अनन्तगुणाः" (भ.सू.२५/४/७३४ वृ. पृ.८७४) इत्युक्त्या अद्धासमयानां सप्रदेशता दर्शितैवेति ***चेत्*** ?

न, अभिप्रायाऽपरिज्ञानात्। तत्र तैः **प्रज्ञापना**संवादेनैव प्रदेशार्थतया षड्द्रव्याल्प-बहुत्वचिन्ता कृता। **प्रज्ञापनायां** तु [1]"अद्धासमए न पुच्छिज्जइ, पएसाऽभावा" (प्रज्ञा.३/७९, पृ.१४०) इत्युक्त्याऽद्धासमये प्रदेशार्थता निषिद्धैव। 'द्रव्यरूपाद् अद्धासमयात् प्रदेशात्मकः अद्धासमयः अल्पो वा बहुः वा तुल्यो वा विशेषाधिको वा ?' इति प्रश्नो नाऽर्हति, अद्धासमये पारमार्थिकप्रदेशाभावादिति प्रज्ञापनासूत्राशयः। अतो **भगवतीसूत्रे** (भ.सू.२५/४/७३४, पृ.८७४) प्रदेशार्थतया जीव-पुद्गलाऽद्धा-समयाद्यल्पबहुत्वचिन्तायाम् अद्धासमयस्य या प्रदेशरूपता सूचिता सा औपचारिकी एव विज्ञेया।

प्रज्ञापनासूत्रोपदर्शितायाः द्रव्यार्थ-प्रदेशार्थतया षड्द्रव्याऽल्पबहुत्वचिन्ताया आशयस्त्वस्माकमेवं प्रतिभाति यदुत धर्माऽधर्म-जीव-पुद्गलपरमाण्वाद्यनन्तप्रदेशिकस्कन्धपर्यन्तेषु द्रव्येषु अवयवाऽवयविनोः प्रत्येकं सतीनाम् अनन्तानन्तवर्त्तनानां द्रव्यार्थिकनयाभिप्रायेण तत्तद्धर्माधर्मादिद्रव्याऽभिन्नतया तत्तद्वर्तनापर्याय-

-બહુત્વપૃચ્છામાં છ દ્રવ્યની પ્રદેશાર્થદૃષ્ટિથી વિચારણા કરતાં જણાવેલ છે કે "જીવ, પુદ્ગલ, અદ્ધાસમય અને આકાશાસ્તિકાય ક્રમશઃ અનંતગુણ અધિક છે.' મતલબ કે સમગ્ર જીવરાશિના પ્રદેશો કરતાં પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અનંતગુણા અધિક છે. તેના કરતાં અદ્ધાસમયોના પ્રદેશો અનંતગુણ વધુ છે. તેના કરતાં આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતગુણા વધારે છે." આ કથન દ્વારા 'અદ્ધાસમયો સપ્રદેશ હોય છે' - આ બાબત દેખાડેલી જ છે. તેથી કાળને અપ્રદેશ = અપ્રદેશાત્મક કે પ્રદેશશૂન્ય કહી ન શકાય.

❁ ભગવતીસૂત્રવ્યાખ્યા સંદર્ભની સ્પષ્ટતા ❁

સમાધાન :- (न.) ના તમારી વાત વ્યાજબી નથી. કેમ કે તમને ભગવતીસૂત્રવ્યાખ્યાકારના અભિપ્રાયનું જ્ઞાન નથી. વ્યાખ્યાકારશ્રીએ ત્યાં **પન્નવણાસૂત્ર**ના સંવાદથી જ પ્રદેશાર્થની દૃષ્ટિએ ષડ્દ્રવ્યના અલ્પ-બહુત્વની વિચારણા કરી છે. તથા પન્નવણામાં તો અદ્ધાસમયને અપ્રદેશ જ જણાવેલ છે, સપ્રદેશ નહિ. **પન્નવણાસૂત્ર**માં જણાવેલ છે કે 'અદ્ધાસમયમાં દ્રવ્યાર્થ-પ્રદેશાર્થથી પૃચ્છા ન કરી શકાય. કેમ કે તેમાં પ્રદેશ જ નથી.' **પ્રજ્ઞાપનાસૂત્ર**નો ત્યાં અભિપ્રાય એ છે કે 'દ્રવ્યાત્મક અદ્ધાસમયથી પ્રદેશાત્મક અદ્ધાસમય અલ્પ છે કે અધિક છે કે તુલ્ય છે કે વિશેષાધિક છે ? - આવો પ્રશ્ન કરી ન શકાય. કારણ કે અદ્ધાસમયમાં પારમાર્થિક પ્રદેશો = અવયવો છે જ નહિ.' તેથી **ભગવતીસૂત્ર**ના ૨૫ મા શતકમાં પ્રદેશાર્થથી જીવ-પુદ્ગલ-અદ્ધાસમય વગેરેના અલ્પ-બહુત્વની વિચારણામાં અદ્ધાસમયની જે પ્રદેશાર્થતા = પ્રદેશરૂપતા સૂચિત કરેલી છે, તે ઔપચારિક જ જાણવી.

❁ કાળ અંગે પ્રજ્ઞાપનાસૂત્રનું તાત્પર્ય ❁

(**પ્રજ્ઞા.**) દ્રવ્યાર્થ-પ્રદેશાર્થથી ષડ્દ્રવ્યના અલ્પ-બહુત્વની જે વિચારણા **પન્નવણાસૂત્ર**માં જણાવેલ છે તેનું તાત્પર્ય અમને એવું જણાય છે કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલપરમાણુથી માંડીને દ્વિપ્રદેશિક-ત્રિપ્રદેશિક સ્કંધ... યાવત્ અનન્તપ્રદેશિક સ્કંધ સુધીના દ્રવ્યોમાં જે-જે અવયવો અને અવયવી

1. अद्धासमये न पृच्छ्यते, प्रदेशाऽभावात्।

परिणतधर्मादिद्रव्याणामेव पृथक्पृथक्कालद्रव्यत्वाऽभ्युपगमे पुद्गलास्तिकायाद् अद्धासमयानां द्रव्यार्थतयाऽनन्तगुणाऽधिकत्वं सिध्येत, धर्माऽधर्म-जीव-पुद्गलास्तिकायेभ्यः तत्तद्वर्तनापरिणामपरिणतधर्मादिद्रव्याणाम् अनन्तगुणाधिकत्वात्।

तादृशवर्त्तनानां प्रदेशार्थिकनयाभिप्रायेण तत्तद्धर्माऽधर्मादिप्रदेशाऽभिन्नतया तत्तद्वर्तनापर्यायपरिणतधर्मादिप्रदेशाणामेव पृथक्पृथक्कालप्रदेशताऽभ्युपगमे तु पुद्गलास्तिकायाद् अद्धासमयानां प्रदेशार्थतया अनन्तगुणाधिकत्वमनाविलम्, धर्माऽधर्म-जीव-पुद्गलास्तिकायप्रदेशेभ्यः तत्तद्वर्त्तनापर्यायपरिणतधर्मादिद्रव्यप्रदेशाणाम् अनन्तगुणाधिकत्वात्। किन्तु तादृशवर्तनानां तथाविधद्रव्यरूपता तथाविधप्रदेशरूपता वौपचारिकी एव ज्ञेया, परमार्थतः तासां पर्यायरूपत्वात् कालस्य च तत्स्वरूपत्वात्।

यत्तु **जीवाजीवाभिगमसूत्रे** [1]"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव, अजीवा चेव"

છે, તે તે દરેકની અંદર અનંતાનંત વર્તના પર્યાયો છે. તે પર્યાયો દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ તે-તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોથી અભિન્ન છે. તથા તે તે અનંત વર્તનાપર્યાયથી પરિણત ધર્મ-અધર્માદિ દ્રવ્યો જ અલગ-અલગ કાલદ્રવ્ય છે - આ પ્રમાણે જો સ્વીકાર કરવામાં આવે તો પુદ્ગલાસ્તિકાય કરતાં અદ્ધાસમયો દ્રવ્યાર્થથી અનંતગુણ અધિક સિદ્ધ થઈ શકશે. કારણ કે ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો કરતાં જુદી-જુદી વર્તનાથી પરિણત (=વિશિષ્ટ) તે તે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અનંતગુણ અધિક છે.

❀ वर्त्तनापरिणत धर्मादिप्रदेश = कालप्रदेश ❀

(तादृ.) તથા તે જ તમામ વર્તનાઓ પ્રદેશાર્થિકનયના અભિપ્રાયથી તે તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરેના પ્રદેશોથી = અવયવોથી અભિન્ન છે. તથા 'અલગ-અલગ વર્તનાપર્યાયરૂપે પરિણત ધર્માસ્તિકાયાદિપ્રદેશો એ જ અલગ-અલગ કાલપ્રદેશ છે' - આવું માનવામાં આવે તો 'પ્રદેશાર્થથી પુદ્ગલાસ્તિકાય કરતાં અદ્ધાસમયો અનંતગુણ અધિક છે' - આવું નિરાબાધ રીતે સિદ્ધ થઈ જશે. કેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય - આ ચારના પ્રદેશો કરતાં તે તે વર્તનાપર્યાયરૂપે પરિણમેલા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના પ્રદેશો અનંતગુણ અધિક છે. દા.ત. ધર્માસ્તિકાયના કુલ પ્રદેશ અસંખ્ય છે. જ્યારે અલગ-અલગ વર્તનાપર્યાયથી પરિણત એવા ધર્મદ્રવ્યના પ્રદેશો અનંત છે. અરે ! ફક્ત એક પરમાણુદ્રવ્યમાં પણ અનંત વર્તનાપર્યાયો હોવાથી તે તે વર્તનાપર્યાયરૂપે પરિણત તે જ પરમાણુ ભેદનયથી અનંતસંખ્યાવાળો બની જાય. આથી સમસ્ત પુદ્ગલાસ્તિકાય કરતાં અદ્ધાસમયોમાં પ્રદેશાર્થથી અનંતગુણાધિકતા નિરાબાધપણે સિદ્ધ થાય છે. પરંતુ આ રીતે જુદી-જુદી વર્તનાઓમાં જે તથાવિધ દ્રવ્યરૂપતા કે તથાવિધ પ્રદેશરૂપતા જણાવેલ છે, તે ઔપચારિક જ સમજવી. કેમ કે પરમાર્થથી તો તે વર્તનાઓ પર્યાયસ્વરૂપ જ છે. તથા કાળ પણ પરમાર્થથી તે વર્તનાસ્વરૂપ જ છે.

❀ કાળમાં દ્રવ્યરૂપતાની શંકા ❀

શંકા :- (**यत्तु.**) જો કાળ પરમાર્થથી પર્યાયસ્વરૂપ જ હોય તો **જીવાજીવાભિગમસૂત્ર** નામના આગમમાં જીવાજીવદ્રવ્યને કાળ તરીકે કેમ જણાવેલ છે ? ત્યાં પ્રશ્નોત્તરી નીચે મુજબ છે.

પ્રશ્ન :- 'હે ભગવંત ! આ કાળ કોને કહેવામાં આવે છે ?

1. किमयं भदन्त ! काल इति प्रोच्यते ? गौतम ! जीवाश्चैव अजीवाश्चैव।

(जीवा.) इत्युक्तम्,

तत्तु तत्तद्वर्तनापर्यायपरिणतेषु क्लृप्तजीवाऽजीवद्रव्येष्वेव द्रव्यार्थिकनयाभिप्रायतः तादात्म्यसम्बन्धेन कालोपचाराद् बोध्यम्। इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "जीवाऽजीवेभ्यः अव्यतिरिक्तः समयाऽऽवलिकादिरूपः कालः। ते च जीवाऽजीवाः द्रव्यार्थतामात्ररूपसामान्यतो द्रव्यमुच्यते। ततो द्रव्यमेव कालः = द्रव्यकाल इति सिद्धम्" (वि.आ.भा.२०३३ मल.वृ.पृ.७१७) -इत्युक्तम्। 'द्रव्यार्थतामात्ररूपसामान्यतः = द्रव्यार्थिकनयसम्मतद्रव्यत्वसामान्याभिप्रायत' इत्यर्थः। ततश्च जीवाजीवानुगतद्रव्यत्वसामान्यादेशाद् जीवाजीवद्रव्यं काल इति तदाशयः।

परमार्थतस्तु कालस्य जीवाऽजीवद्रव्य-प्रदेशोभयनिष्ठवर्तनापर्यायरूपतैव।

अत एव केवलम् अद्धासमये द्रव्यार्थ-प्रदेशार्थतयाऽल्प-बहुत्वचिन्तायां पृच्छाऽनर्हत्वोक्तिः

उत्तर :- 'हे गौतम ! જીव અને અજીव द्रव्य જ કાળ तरीકे કहेवाय छे.'

❋ जीवाजीवाभिगमसूत्र तात्पर्य प्रदर्शन ❋

समाधान :- (**तत्तु.**) **जीवाजीवाभिगमसूत्र**માં क्लृप्त = પ્રમાણસિદ્ધ એવા જીव અને અજીव द्रव्यने કાल तरीકे જे दर्शावेल छे, ते જુદી-જુદી वर्तनास्वरूप पर्यायोરૂपे परिણमेला जीवाजीवद्रव्यમાં द्रव्यार्थिकनयना અभिप्रायथी तादात्म्यसंબંधथी કાળनो ઉपचार करीने જणावेल छे - तेम समજवुं. आशय એ छे કे द्रव्यार्थिकनय द्रव्यने જ मुખ્य माने छे. तेथी જो કાળ એ જીवनी જેम स्वतंत्र द्रव्य होय तो જીवनी જેम तेनो પण स्वंतत्र रीते ઉल्लेख द्रव्यार्थिकनय करे. परंतु કાળ जीवादिथी भिन्न स्वतंत्रद्रव्य तो नथी. ते तो જીव-અજીवनी वर्तनापर्यायस्वरूप જ छे. तेथी द्रव्यार्थिकनय अलग-अलग वर्तनापर्यायथी विशिष्ट એवा જીव અને અજીव द्रव्यમાં કાળनो ઉपचार करीने तेने જ કાળ तरीકे જणावे छे. आम **जीवाजीवाभिगमसूत्र**नुं ઉपरोक्त वचन द्रव्यार्थिकनयना અभिप्रायथी औपचारिक कालद्रव्यने જणावनारुं જ समજवुं. प्रमाणसिद्ध જીव-અજીवद्रव्यात्मक કાળ द्रव्यार्थसामान्यथी = द्रव्यार्थिकसंमत ઉपचारथी कहेवाय छे. आ જ અभिप्रायथी **विशेषावश्यकभाष्यनी मलधारवृत्ति**માં જणावेल छे કे "समय, आवलिका વगेरे स्वरूप કાળ જીव-અજીवथी स्वतंत्र नथी. ते જીव અને અજીव द्रव्य જ द्रव्यार्थतामात्रस्वरूप सामान्यथी द्रव्य कहेवाय छे. तेथी जीवाजीव द्रव्य એ જ કાળ = द्रव्यકાળ - आम सिद्ध थाय छे." अहीं 'द्रव्यार्थतामात्र स्वरूप सामान्यथी = द्रव्यार्थिकनयसंमत द्रव्यत्वसामान्यना अभिप्रायथी' - आवो अर्थ समજवो. तेथी 'जीवाजीवमां अनुगत द्रव्यत्वसामान्यनी विवक्षाथी जीवाजीवद्रव्यात्मक કાળ એ द्रव्यકાળ तरीકे જणावेल छे' - आ मुજब त्यां आशय समજवो.

✡ કાળ परमार्थथी जीवाजीववर्त्तनापर्यायस्वरूप ✡

(**परमा.**) वास्तवमां तो જીव અને અજીव - आ બन्ने द्रव्यમાં तथा तेना अवयवोमां = प्रदेशोमां જे अनंत वर्तना पर्याय रहेल छे, ते જ કાળ छे. परमार्थथी કાળ तथाविध वर्तनापर्यायस्वरूप જ छे.

❋ श्यामाचार्यमते पण કાળ पर्यायस्वरूप ❋

(**अत.**) કાળतत्त्व पर्यायस्वरूप होवाथी જ 'केवल अद्धासमयमां द्रव्यार्थ-प्रदेशार्थनी अपेक्षाએ अल्प

प्रदेशाऽभावहेतुना समर्थिता **प्रज्ञापनासूत्रे** (प्र.३/७९)। वर्तनापर्यायलक्षणानाम् अद्धासमयानाम् अवयव-लक्षणप्रदेशविरहे अवयविद्रव्यलक्षणप्रदेशी कथं सम्भवेत् ? स्कन्ध-देश-प्रदेशाऽतिरिक्तपरमाणुलक्षणः कालस्तु नैव श्वेताम्बरजैनाऽऽगमसम्मतः। अतः कालतत्त्वे द्रव्यत्व-प्रदेशत्वव्यवहार औपचारिक एवेति **श्यामाचार्य**तात्पर्यम् अवसीयते।

जेसलमेरदुर्गस्थ-खरतरगच्छीय**श्रीजिनभद्रसूरिज्ञानभाण्डागार**सत्क-विक्रमार्कचतुर्दशशतककालीन-ताडपत्रीयहस्तप्रतौ तु द्रव्यार्थ-प्रदेशार्थतया षड्द्रव्याल्पबहुत्वचिन्तायां [1]"अद्धासमए दव्वट्ठ-अपएसट्ठयाए अणंतगुणे" (प्रज्ञा.३/७९) इत्येवं **प्रज्ञापना**पाठः समुपलभ्यते। अत्र हि सकलपुद्गलास्तिकायप्रदेशेभ्यः अद्धासमये द्रव्यार्थाऽप्रदेशार्थतया अनन्तगुणाधिकत्वोक्त्या स्पष्टमेव काले परमार्थतः प्रदेशाऽभाव एव दर्शितः। युक्तञ्चैतत्। न ह्यादिष्टद्रव्यत्वे प्रदेशसम्भवः। अतः काले प्रदेशरूपता यत्र क्वचिदुक्ता सा औपचारिक्येवाऽवसेया।

एतेन "जीवास्तिकायात् पुद्गलास्तिकायः प्रदेशार्थतया अनन्तगुणः। तस्मादपि अद्धासमयः प्रदेशार्थतयाऽनन्तगुणः" (प्रज्ञा.३/७९ पृ.१४२) इति **प्रज्ञापनावृत्तौ मलयगिरिसूरि**वचनमपि ***व्याख्यातम्,***

-બહુત્વની વિચારણા પ્રશ્ન કરવા યોગ્ય નથી' - આ ઉક્તિનું સમર્થન 'પ્રદેશાભાવ' નામના હેતુ દ્વારા **પન્નવણાસૂત્ર**માં કર્યું છે. ત્યાં પ્રજ્ઞાપનાસૂત્રકાર **શ્યામાચાર્ય**જીનું તાત્પર્ય એવું જણાય છે કે 'કાળતત્ત્વ = અદ્ધાસમયો તો વર્તનાપર્યાયસ્વરૂપ છે. તેથી તેમાં પ્રદેશો = અવયવો જ ન સંભવે. જો અદ્ધાસમયોમાં પ્રદેશ જ ન હોય તો પ્રદેશી = અવયવી કાળદ્રવ્ય તો કઈ રીતે સંભવે ? તથા સ્કંધ, દેશ અને પ્રદેશ - આ ત્રણેયથી ભિન્ન સ્વતંત્ર પરમાણુસ્વરૂપ મુખ્ય કાળતત્ત્વ તો શ્વેતાંબર જૈનાગમમાં બિલકુલ માન્ય જ નથી. તેથી કાળતત્ત્વમાં જે દ્રવ્યત્વનો કે પ્રદેશત્વનો વ્યવહાર થાય છે, તે ઔપચારિક જ છે.'

❀ પ્રાચીન હસ્તપ્રતના આધારે પણ કાલ પ્રદેશશૂન્ય છે ❀

(जेस.) જેસલમેરના કિલ્લામાં રહેલ ખરતરગચ્છીય આચાર્ય **શ્રીજિનભદ્રસૂરિજ્ઞાનભંડાર**ની **પન્નવણાસૂત્ર**ની ૧૪ મા સૈકાની (વિ.સં. ૧૩૮૯) અતિપ્રાચીન તાડપત્રીય હસ્તપ્રત છે. સૂચિમાં તેનો ક્રમાંક ૨૭ છે. તેમાં પત્ર સંખ્યા - ૧૭૦ છે. તેમાં તો દ્રવ્યાર્થ-પ્રદેશાર્થ ઉભયથી ષડ્દ્રવ્યના અલ્પ-બહુત્વની વિચારણા કરતી વખતે જણાવેલ છે કે "સમસ્ત પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો કરતાં અદ્ધાસમય દ્રવ્યાર્થની અને અપ્રદેશાર્થની અપેક્ષાએ અનંતગુણ અધિક છે." અહીં સ્પષ્ટપણે જ કાળમાં પરમાર્થથી પ્રદેશાભાવ જણાવેલ છે. આ વાત યુક્તિસંગત પણ છે. કેમ કે જેમાં દ્રવ્યત્વ આરોપિત હોય તેમાં પ્રદેશ ન જ સંભવે. તેથી કાલમાં પ્રદેશરૂપતા જ્યાં ક્યાંય પણ જણાવેલી હોય તેને ઔપચારિક જ જાણવી.

❉ પન્નવણાવૃત્તિનું સ્પષ્ટીકરણ ❉

(एतेन.) **શ્રીમલયગિરિસૂરિજીએ પન્નવણાવ્યાખ્યા**માં જે જણાવેલ છે કે "જીવાસ્તિકાય કરતાં પુદ્ગલાસ્તિકાય પ્રદેશાર્થથી અનન્તગુણ છે તથા પુદ્ગલાસ્તિકાયથી પણ અદ્ધાસમય પ્રદેશાર્થથી અનન્તગુણ અધિક છે" - તેનું પણ સ્પષ્ટીકરણ ઉપરોક્ત રીતે થઈ જાય છે. કેમ કે કાળગત પ્રદેશરૂપતાને ઔપચારિક માનીને તેની

1. अद्धासमयः द्रव्यार्थाऽप्रदेशार्थतया अनन्तगुणः।

अद्धासमये औपचारिकप्रदेशरूपताऽभ्युपगमेन तदुपपत्तेः, अग्रे च तत्रैव तैरेव "नाऽद्धासमयाः प्रदेशाः" (प्रज्ञा.३/७९/पृ.१४३) इत्येवमुक्तत्वात्।

ननु अद्धासमये पारमार्थिक्याः द्रव्यरूपतायाः प्रदेशरूपतायाः चाभ्युपगमे किं बाधकम् ? येन तस्या औपचारिकत्वं भवता उच्यते इति ***चेत्*** ?

अत्रोच्यते – निरुपचरितकालद्रव्याऽभ्युपगमे तु सकलपुद्गलप्रदेशेभ्यः अद्धासमयानाम् अनन्तगुणाधिक्यं **प्रज्ञापनाद्युक्तं** नैव सङ्गच्छेत, दिगम्बरमते कालाणुद्रव्याणाम् असङ्ख्येयत्वात्, श्वेताम्बरमते च कालद्रव्यवाद्यभिप्रायेण मनुष्यक्षेत्रमात्रवृत्तिकालद्रव्यस्य एकत्वात्। ततश्च वर्त्तनादिपर्यायाश्रयतया पुद्गलपरमाण्वादिष्वेव कालद्रव्यत्वम् औपचारिकं बोध्यम्, प्रत्येकं तेषु अतीताद्यनन्तवर्तनापर्यायवशेन पृथक्पृथक्कालद्रव्यत्वोपचारतः सकलजीव-पुद्गलप्रदेशेभ्यः अद्धासमयानाम् अनन्तगुणाऽऽधिक्योपपत्तेः। इत्थञ्च कालस्य जीवाजीवपर्यायरूपता पारमार्थिकी द्रव्यरूपता चौपचारिकीति सिद्धम्।

नवतत्त्वप्रकरणे देवेन्द्रसूरिभिः [1]"कालो एगविहो चिय भावपरावत्तिहेउ निच्छइओ। ववहारिओ उ

સંગતિ કરી શકાય છે. વળી તેઓશ્રીએ જ ત્યાં જ આગળ ઉપર (પૃ.૧૪૩) જણાવેલ છે કે 'અદ્ધાસમયો પ્રદેશવિશિષ્ટ કે પ્રદેશાત્મક નથી.' તેથી કાળમાં પૂર્વે જણાવેલ પ્રદેશરૂપતા ઔપચારિક જ સિદ્ધ થાય છે.

શંકા :- (**ननु.**) કાલમાં પારમાર્થિક દ્રવ્યરૂપતાને કે પ્રદેશરૂપતાને માનવામાં વાંધો શું આવે છે કે જેથી તમે તેને ઔપચારિક કહી રહ્યા છો ?

● કાળમાં પર્યાયત્વ પારમાર્થિક, દ્રવ્યત્વ ઔપચારિક ●

સમાધાન :- (**अत्रोच्यते.**) જો નિરુપચરિત કાળદ્રવ્યનો સ્વીકાર કરવામાં આવે તો દિગંબરમત મુજબ કે શ્વેતાંબરમત મુજબ 'સમસ્ત પુદ્ગલપ્રદેશો કરતાં અદ્ધાસમયો અનંતગુણ અધિક છે' - આ બાબતની સિદ્ધિ ન જ સંભવી શકે. કારણ કે દિગંબરમતે નિરુપચરિત કાલાણુદ્રવ્ય અસંખ્ય જ છે, અનંત નહિ. તથા શ્વેતાંબરમતે કાલદ્રવ્યવાદી આચાર્યના મતે અઢી દ્વીપમાં વ્યાપીને રહેલ કાલદ્રવ્ય એક જ છે. તેથી વર્તનાદિ પર્યાયના આશ્રય હોવાના લીધે પુદ્ગલપરમાણુ વગેરે દ્રવ્યોમાં જ ઔપચારિક કાલદ્રવ્યત્વ માનવું વ્યાજબી જણાય છે. આવું માનવામાં આવે તો 'સર્વ જીવ-પુદ્ગલના પ્રદેશો કરતાં અદ્ધાસમયો અનંતગુણ અધિક છે' - આ બાબતની સંગતિ થઈ જશે. કારણ કે પ્રત્યેક પુદ્ગલ પરમાણુ વગેરેમાં અતીત-અનાગતાદિ અનંત વર્તનાપર્યાયના નિમિત્તે અલગ-અલગ કાલદ્રવ્ય તરીકેનો ઉપચાર કરવાથી એક-એક પરમાણુ અનંત કાલદ્રવ્યરૂપે બની શકશે. આથી આ ઔપચારિક કાલદ્રવ્યો = અદ્ધાસમયો સમસ્તપુદ્ગલપ્રદેશોથી અનંતગુણ અધિક નિર્વિવાદપણે સિદ્ધ થશે. આ રીતે પન્નવણાસૂત્રની ષડ્દ્રવ્યપ્રદેશાર્થવિચારણા સુસંગત થશે. આમ સિદ્ધ થાય છે કે કાળમાં જીવાજીવપર્યાયરૂપતા છે, તે પારમાર્થિકી છે તથા દ્રવ્યરૂપતા છે, તે ઔપચારિકી જ છે.

❀ નિશ્ચય-વ્યવહારસંમત કાલ પરમાર્થથી પર્યાયસ્વરૂપ ❀

(**नव.**) **નવતત્ત્વપ્રકરણ**માં શ્રીદેવેન્દ્રસૂરિજીએ જણાવેલ છે કે 'ભાવોની = પદાર્થોની જૂના-નવાપણા સ્વરૂપ પરાવૃત્તિનો હેતુ કાલ છે. નૈશ્ચયિક કાળ એક પ્રકારનો જ છે. તથા સૂર્યની ગતિથી જણાતો

---

1. काल एकविध एव भावपरावृत्तिहेतुः नैश्चयिकः। व्यावहारिकः तु रविगतिगम्यः समयादिः अनेकविधः।।

તથા કાલ પરમાણુપણિ કહિયા છઈ, ▸अत एव◂ તે ♦યોજનકારણઈ = જોડવાનઈ ✲કાજિં (अणुतानो रविगइगम्मो समयाइ णेगविहो।।" (न.त.प्र.१०) इत्येवं निश्चय-व्यवहारभेदेन यो द्विविधः कालो दर्शितः, सोऽपि परमार्थतः पर्यायरूप एव बोध्यः।

लब्धिसूरिभिः तत्त्वन्यायविभाकरे "वर्त्तनालक्षणः कालः। स च वर्त्तमानरूप एक एव। सोऽपि निश्चय -व्यवहाराभ्यां द्विविधः। वर्त्तनादिपर्यायस्वरूपो नैश्चयिकः। ज्योतिष्चक्रभ्रमणजन्यः समयाऽऽवलिकादिलक्षणः कालो व्यावहारिकः। वस्तुतस्तु कालोऽयं न द्रव्यात्मकः किन्तु सर्वद्रव्येषु वर्त्तनादिपर्यायाणां सर्वदा सद्भावाद् उपचारेण कालो द्रव्यत्वेन उच्यते" (त.न्या.वि.पृ.६) इति यदुक्तं तदप्यत्रानुसन्धेयम्।

ननु एवं वर्त्तनापर्यायाश्रयीभूतजीवाऽजीवेषु एव कालद्रव्यत्वोपचारेऽद्धाकालस्य अप्रदेशत्वं **प्रज्ञापनासूत्रोक्तं** व्याहन्येत, कालद्रव्यतया उपचरितानां जीव-पुद्गलस्कन्ध-धर्माऽधर्माऽऽकाशानां सप्रदेशत्वादिति एकं सीव्यतोऽपरप्रच्यूतिरिति न्यायापात इति ***चेत्*** ?

व्यावहारिक કાળ તો સમય, આવલિકા વગેરે અનેક પ્રકારનો છે.' અહીં નિશ્ચય-વ્યવહારના ભેદથી **દેવેન્દ્રસૂરિજી**એ જે દ્વિવિધ કાળ જણાવેલ છે, તે પણ પરમાર્થથી તો પર્યાયસ્વરૂપ જ જાણવો.

❀ કાલ ઉપચારથી દ્રવ્ય, પરમાર્થથી પર્યાય : શ્રીલબ્ધિસૂરિજી ❀

(**लब्धि.**) કવિકુલકિરીટ **શ્રીલબ્ધિસૂરિજી**એ **तत्त्वन्यायविभाकर**માં જણાવેલ છે કે "કાલતત્ત્વ વર્ત્તનાસ્વરૂપ છે. તે કાલ વર્ત્તમાનસ્વરૂપ એક જ છે. તે વર્ત્તમાનરૂપ કાળ પણ નિશ્ચય-વ્યવહારથી બે પ્રકારે છે. વર્ત્તનાદિપર્યાયસ્વરૂપ કાળ નૈશ્ચયિક = પારમાર્થિક છે. જ્યોતિશ્ચક્રભ્રમણજન્ય સમય-આવલિકાદિરૂપ કાળ એ વ્યાવહારિક = લોકવ્યવહારસંમત કાળ છે. વાસ્તવમાં તો આ કાળ દ્રવ્યાત્મક નથી, પરંતુ સર્વ દ્રવ્યોમાં વર્ત્તનાદિપર્યાયો સર્વદા હાજર હોવાના લીધે ઉપચારથી કાળ દ્રવ્ય તરીકે કહેવાય છે." પરમાર્થથી કાલ વર્ત્તનાદિપર્યાયાત્મક હોવા છતાં પણ વર્ત્તનાદિપર્યાયાશ્રયીભૂત દ્રવ્યમાં કાળનો ઉપચાર કરીને 'કાલ દ્રવ્યાત્મક છે' - આ મુજબ કહેવાય છે. આમ હકીકતને અહીં સ્પષ્ટપણે જણાવી છે.

⚜ કાલમાં અપ્રદેશત્વની મીમાંસા ⚜

[redacted] :- (**ननु.**) આ રીતે કાળતત્ત્વને પરમાર્થથી વર્તનાપર્યાયાત્મક માનવા છતાં તે તે વર્તનાપર્યાયના આશ્રયીભૂત જીવ-અજીવ પદાર્થોમાં જ જો કાલદ્રવ્યનો ઉપચાર કરવામાં આવે તો **પન્નવણાસૂત્ર**માં 'અદ્ધાકાલ અપ્રદેશ છે' - આવું જે જણાવેલ છે તે સિદ્ધાન્ત ભાંગી પડશે. કારણ કે જે જે જીવોમાં અને પુદ્ગલસ્કંધોમાં કાળદ્રવ્યત્વનો ઉપચાર કરવામાં આવે છે, તે તે નિયમા સપ્રદેશ જ છે, અપ્રદેશાત્મક નહિ. જીવાદિસ્વરૂપ અદ્ધાસમયોને અપ્રદેશ કઈ રીતે કહી શકાય ? કાલદ્રવ્ય તરીકે વિવક્ષિત જીવાદિદ્રવ્યોમાં તો અપ્રદેશત્વ આગમબાધિત છે. મતલબ કે અદ્ધાસમયોને સર્વપુદ્ગલપ્રદેશોથી અનંતગુણ અધિક સિદ્ધ કરવા માટે જીવાદિમાં કાલદ્રવ્યત્વનો ઉપચાર કરવા જતાં 'અદ્ધાસમયો અપ્રદેશ છે' - આ સિદ્ધાંત તૂટી જશે. 'એક સાંધતા બીજું તૂટે' તેવી હાલત થશે.

▸...◂ ચિહ્નમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં જ છે. ♦ પુસ્તકોમાં 'योजननई काजिं' પાઠ. કો.(૧૦)માં 'भाजननई' પાઠ. સિ.+કો.(૯)નો પાઠ લીધો છે. ✲ કાજિં = માટે (કાજઈ) આધારગ્રંથ - **આનંદઘનબાવીસીસ્તબક, ગુર્જરરાસાવલી, પ્રબોધ પ્રકાશ** (ભીમકૃત).

સાર =) લોકાકાશપ્રદેશસ્થપુદ્ગલાણુનઈ વિષઈ જ યોગશાસ્ત્રના અંતર શ્લોકમાં કાલાણુનો ઉપચાર કરિઓ જાણવો.

न, **अप्रदेशत्वसाङ्गत्यकृते** = प्रज्ञापनासूत्रोक्तकालगताऽप्रदेशत्वोपपत्तये पर्यायात्मकसमय-विशिष्टपरमाणुषु कालद्रव्यत्वोपचारेण **अणुतावचः** = कालगताणुत्वप्रतिपादकमपि वचनम् उपलभ्यते एव। तद्योजनाय हि "लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये। भावानां परिवर्त्ताय मुख्यः कालः स उच्यते।।" (यो.शा.१/१६/५२ पृ.३७ + त्रि.श.पु.४/४/२७४) इति **योगशास्त्रवृत्त्यान्तरश्लोक-त्रिषष्टिशलाका-पुरुषचरित्रादौ** लोकाकाशप्रदेशस्थपुद्गलाणुद्रव्येषु एव कालाणुत्वोपचारः कृतः।

अथ एवं भवतां दिगम्बरमतप्रवेश आपद्येतेति ***चेत्*** ?

न, दिगम्बरैः लोकाकाशप्रदेशप्रमिताः असङ्ख्येया एव निष्क्रियाः स्वतन्त्राश्च कालाणवः स्वीकृताः, प्रत्याकाशप्रदेशम् एकैकस्वतन्त्रकालाणुस्वीकारात्। अस्माभिस्तु प्रकृते लोकाकाशप्रदेशस्था

❋ अप्रदेशत्वसंगति माटे कालाणुप्रतिपादन ❋

(न.) ना. तमारी वात बराबर नथी. केम के **पन्नवणासूत्र**मां बतावेल कालगत अप्रदेशत्वनी संगति माटे पर्यायात्मक समयथी विशिष्ट एवा परमाणुओमां कालद्रव्यत्वनो उपचार करीने कालतत्त्वमां रहेनार अणुत्वनुं = अणुद्रव्यत्वनुं प्रतिपादक एवुं पण शास्त्रवचन उपलब्ध थाय ज छे. कालतत्त्वमां रहेनार अप्रदेशत्वनी योजना = संकलना करवा माटे ज **श्रीहेमचन्द्राचार्यजी**ए **योगशास्त्रवृत्ति**ना आंतर श्लोकमां तथा **त्रिषष्टिशलाकापुरुषचरित्र** ग्रन्थमां उपचरित कालाणु द्रव्यनुं प्रतिपादन करेल छे. कहेवानो मतलब ए छे के श्रीहेमचन्द्रसूरिजी महाराजे ते बन्ने ग्रंथोमां जणावेल छे के 'जीवादि भावोना जूना-नवा पर्याय स्वरूप परावृत्ति माटे लोकाकाशना प्रत्येक प्रदेशमां जुदा-जुदा जे कालाणु द्रव्यो रहेला छे ते मुख्य काल कहेवाय छे.' अहीं तेओश्रीए जे 'कालाणुत्व' नामनो गुणधर्म निर्दिष्ट करेल छे ते उपचरित छे. वास्तवमां कालतत्त्व तो पर्यायात्मक होवाथी तेमां अणुत्व संभवतुं नथी. परंतु लोकाकाशना प्रदेशमां जे स्वतंत्र पुद्गल परमाणुओ रहेला छे तेमां ज कालाणुत्वनो उपचार तेओश्रीए करेल छे. आ रीते कालाणु द्रव्य बीजुं कोई स्वतंत्र द्रव्य नथी. परंतु लोकाकाशप्रदेशवृत्ति पुद्गल परमाणुद्रव्यो ए ज कालाणु द्रव्यो समजवा. आ रीते **योगशास्त्र** वगेरे ग्रंथो पण 'कालाणु स्वतंत्र द्रव्य छे' - एवुं प्रतिपादन नथी करता. परंतु 'कालाणु उपचरित द्रव्य छे' - एवुं ज प्रतिपादन करवानुं तात्पर्य त्यां जणाय छे.

शंका :- (अथ.) जो आ रीते तमे प्रत्येक लोकाकाशप्रदेशमां कालाणु द्रव्यनो स्वीकार करशो तो तमारो दिगंबरमतमां प्रवेश थवानी आपत्ति आवशे. आ रीते तो अपसिद्धान्त दोष तमने लागु पडशे.

❋ दिगंबरमतप्रवेशनी आपत्ति अस्थाने ❋

समाधान :- (न.) ना, तमारी आ शंका अस्थाने छे. आनुं कारण ए छे के दिगंबरो जेटला लोकाकाशप्रदेश छे तेटला ज कालाणुद्रव्यो माने छे. लोकाकाशप्रदेश तो असंख्य ज छे. प्रत्येक लोकाकाशप्रदेशमां एक-एक कालाणु द्रव्यने तेओ माने छे. तेथी दिगंबरमते कालाणुद्रव्यो असंख्य ज छे, अनंत नहि. तथा ते कालाणुद्रव्यो पुद्गलपरमाणुथी भिन्न छे, स्वतंत्र छे, उपचरित नहि. तथा निष्क्रिय छे. ज्यारे अमे श्वेतांबरो कालाणुने स्वतंत्र = पुद्गलपरमाणुभिन्न द्रव्य नथी मानता परंतु लोकाकाशना प्रदेशमां

अनन्ता एव सक्रियाः पुद्गलपरमाणवः कालाणुविधया अङ्गीकृताः, प्रत्याकाशप्रदेशम् अनन्तपुद्गलपरमाणुसम्भवात्। न ह्येकैकलोकाकाशप्रदेशाऽवगाढाऽनन्तपरमाणुषु 'अयमेव पुद्गलाणुः कालाणुतया व्यवहर्तव्यः, नेतरे' इति विनिगन्तुं शक्यते। अतो विनिगमनाविरहाद् लोकाकाशप्रदेशस्थाः सर्वे एव पुद्गलपरमाणवः कालाणुतया उपचरितव्या इति प्रतिपत्तव्यम्।

इत्थमेव प्रागुक्तरीत्या समस्तपुद्गलप्रदेशाऽपेक्षया अद्धासमयानाम् अनन्तगुणाऽऽधिक्यं **प्रज्ञापनासूत्रोक्तं** सङ्गच्छेत, अद्धासमयतया उपचरितानां समस्तपुद्गलप्रदेशानां तत्तद्वर्त्तनाभेदेन भिन्नतया प्रत्येकम् अनन्तत्वात्, अन्यथा उपचारस्य अनतिप्रयोजनत्वाऽऽपत्तेः। अतो लोकाकाशप्रदेशस्थेषु सर्वेषु एव पुद्गलाणुषु कालत्वोपचारस्य न्याय्यत्वम्। एवं हि अद्धासमयानां प्रदेशशून्यत्वं समस्तपुद्गलप्रदेशेभ्यश्चाऽनन्तगुणाधिकत्वमिति प्रयोजनद्वयं सिध्यतीति उपचारसाफल्यम् आगमानुसारेण

રહેલા અનંત સક્રિય = ગતિશીલ પુદ્ગલપરમાણુઓને જ કાલાણુ તરીકે સ્વીકારીએ છીએ. કારણ કે લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં અનંતા પરમાણુઓ સંભવે છે. જો લોકાકાશના એક-એક પ્રદેશમાં અનંત પુદ્ગલાણુઓ હોય તો તેના સર્વ પ્રદેશોમાં રહેલા પુદ્ગલાણુઓ તો અનંતા જ હોય ને ! તે તમામ પુદ્ગલાણુઓમાં અમે કાલાણુદ્રવ્યત્વનો ઉપચાર કરીએ છીએ. કેમ કે એક-એક લોકાકાશપ્રદેશમાં રહેલા અનંતા પુદ્ગલપરમાણુઓની અંદર 'આ જ પુદ્ગલાણુમાં કાલાણુ તરીકે વ્યવહાર કરવો, બીજામાં નહિ' - આ પ્રમાણે નક્કી કરવામાં કોઈ નિર્ણાયક તર્ક મળતો નથી. આથી વિનિગમનાવિરહના લીધે લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં રહેલા બધા જ પુદ્ગલપરમાણુઓમાં કાલાણુ તરીકેનો ઉપચાર સ્વીકારવો જરૂરી છે. આથી અસંખ્યકાલાણુવાદી દિગંબરના મતમાં પ્રવેશ થવાની આપત્તિ નહિ આવે.

❀ सर्व पुद्गलाणुमां कालाणुत्वनो उपचार ❀

(इत्थ.) તથા આમ સર્વ પુદ્ગલાણુમાં કાલાણુત્વનો ઉપચાર કરવામાં આવે તો જ પૂર્વે જણાવ્યા મુજબ અતીતાદિ અનંત વર્તનાપર્યાયના નિમિત્તે એક એક વર્ત્તનાથી વિશિષ્ટ પુદ્ગલાણુદ્રવ્યમાં જુદા જુદા કાલાણુદ્રવ્ય તરીકેનો ઉપચાર કરવાથી 'સમસ્ત પુદ્ગલપ્રદેશરાશિ કરતાં અદ્ધાસમયો અનંતગુણ અધિક છે' - આવું **પન્નવણાસૂત્ર**માં જણાવેલ છે તે સંગત થઈ શકશે. કેમ કે અદ્ધાસમય તરીકે ઉપચરિત એવા બધા જ પુદ્ગલપ્રદેશો તે તે વર્તના બદલાવાથી બદલાઈ જશે. તેથી તે પ્રત્યેક પુદ્ગલપ્રદેશ અનંતભેદવાળા = અનંતસંખ્યાવાળા થઈ જશે. આથી સમસ્ત પુદ્ગલપ્રદેશો કરતાં અદ્ધાસમય (તરીકે વિવક્ષિત પુદ્ગલપ્રદેશસમૂહ) અનંતગુણ અધિક સિદ્ધ થઈ જશે. બાકી પ્રત્યેક લોકાકાશપ્રદેશમાં રહેલા અનંતા પુદ્ગલાણુઓમાંથી ફક્ત એક એક પુદ્ગલાણુમાં જ જો કાલાણુ તરીકેનો ઉપચાર કરવામાં આવે તો (અર્થાત્ લોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્ય ઉપચરિત કાલાણુદ્રવ્યનો સ્વીકાર કરવામાં આવે તો) તેવો ઉપચાર કરવાથી કોઈ વિશેષ પ્રકારનું પ્રયોજન સિદ્ધ ન થવાથી તે ઉપચાર નિષ્પ્રયોજન બનવાની આપત્તિ આવશે. અસંખ્ય ઉપચરિત કાલાણુદ્રવ્યનો સ્વીકાર કરવાથી સર્વ પુદ્ગલપ્રદેશરાશિ કરતાં અદ્ધાસમયોને અનંતગુણ અધિક સિદ્ધ કરવાનું પ્રયોજન હાંસલ થઈ શકતું નથી. તેથી લોકાકાશપ્રદેશવર્તી બધા જ પુદ્ગલાણુમાં કાલાણુદ્રવ્યત્વનો ઉપચાર કરવો એ જ વ્યાજબી છે. કેમ કે તેમ કરવાથી '(૧) અદ્ધાસમયો અપ્રદેશાત્મક છે અને (૨) સર્વ પુદ્ગલપ્રદેશોથી તે અનંતગુણ અધિક છે' - આ બન્ને

'मुख्यः कालः' इत्यस्य चानादिकालीनाप्रदेशत्वव्यवहारनियामकोपचारविषयः इत्यर्थः।

विभावनीयम्।

ननु **योगशास्त्रवृत्त्यादौ** "मुख्यः कालः स उच्यते" (यो.शा.१/१६/५२ वृ.) इत्युक्त्या निरुपचरितत्वमुक्तम्। भवद्भिस्तु कालस्य आदिष्टद्रव्यत्वमुच्यते इति कथमुभयाऽर्थसङ्गतिः ? मिथोविरोधादिति ***चेत्*** ?

अत्रोच्यते, तत्र 'मुख्यः कालः' इत्यस्य च 'अनादिकालीनाऽप्रदेशत्वव्यवहारनियामकोपचारविषयः कालपदप्रतिपाद्यः' इत्यर्थः कार्यः। इदमत्राऽऽकूतम् - मुख्यकालस्य परमार्थतः पर्यायरूपत्वेऽपि **प्रज्ञापनासूत्र**प्रसिद्धस्य 'अद्धासमया अप्रदेशा' इति अनादिव्यवहारस्य सङ्गतिकृते कालपदार्थे उपचाराद् द्रव्यत्वप्रतिपादनस्य आवश्यकतया निरूढलक्षणाया अत्र न्याय्यत्वम्। निरूढलक्षणाऽभ्युपगमाद्

પ્રયોજન સિદ્ધ થઈ જાય છે. આ પ્રમાણે અહીં શ્વેતાંબરમતની, આગમ મુજબ, ઊંડાણથી વિભાવના કરવી.

❖ કાલાણુમાં દિગંબર-શ્વેતાંબરમતભેદ ❖

સ્પષ્ટતા :- કાલાણુ અંગે દિગંબર અને શ્વેતાંબર વચ્ચે જે તફાવત છે તેનો નિર્દેશ નીચે છે.

	શ્વેતાંબર જૈન	દિગંબર જૈન
૧.	કાલાણુ ઉપચરિત દ્રવ્ય છે.	કાલાણુ સ્વતંત્ર પારમાર્થિક દ્રવ્ય છે.
૨.	કાલાણુ અનંત છે.	કાલાણુ અસંખ્ય છે.
૩.	કાલાણુ સક્રિય છે.	કાલાણુ નિષ્ક્રિય છે.
૪.	કાલાણુ પરિવર્તનશીલ છે.	કાલાણુ અપરિવર્તનશીલ છે.
૫.	કાલાણુ નિશ્ચયથી વર્ણાદિયુક્ત છે.	કાલાણુ વર્ણાદિશૂન્ય છે.

❀ યોગશાસ્ત્રવચનવિરોધની શંકા ❀

શંકા :- (ननु.) **કલિકાલસર્વજ્ઞ** ભગવંતે તો **યોગશાસ્ત્રવૃત્તિ** વગેરેમાં કાલાણુને મુખ્ય કાલ તરીકે જણાવેલ છે. મુખ્ય = નિરુપચરિત. ઉપચાર વિના, આરોપ વિના શબ્દ પોતાની શક્તિવૃત્તિથી જે અર્થને જણાવે તે અર્થ મુખ્ય કહેવાય. **શ્રીહેમચન્દ્રસૂરિજી** લોકાકાશપ્રદેશગત કાલાણુને 'મુખ્ય કાલ' કહે છે. જ્યારે તમે તો કાલાણુને ઉપચરિત દ્રવ્ય કહો છો. તેથી તમારી વાત અને શ્રીહેમચન્દ્રસૂરિજીની વાત વચ્ચે અર્થસંગતિ કઈ રીતે કરવી ? કેમ કે બન્ને વચનમાં પરસ્પર વિરોધ જણાય છે.

❀ નિરૂઢલક્ષણાવિષય પણ મુખ્યાર્થ : સમાધાન ❀

સમાધાન :- (अत्रो.) **યોગશાસ્ત્રવૃત્તિ** વગેરે ગ્રંથોમાં 'કાલાણુ મુખ્ય કાલતત્ત્વ છે' - આવું જે પ્રતિપાદન કરેલ છે તેનો અર્થ એવો સમજવો કે "અનાદિકાલીન અપ્રદેશત્વવ્યવહારનો નિયામક બને તેવા ઉપચારનો વિષય 'કાલ' શબ્દથી પ્રતિપાદ્ય છે." મતલબ એ છે કે પન્નવણાસૂત્રના પૂર્વોક્ત વચનના આધારે 'કાલ અપ્રદેશ છે' - આવો અનાદિકાલીન વ્યવહાર પ્રસિદ્ધ છે. તેવા વ્યવહારની સંગતિ કરવા માટે મુખ્યતયા કાલ પર્યાયાત્મક હોવા છતાં 'કાલ દ્રવ્ય છે' - એવું ઉપચારથી પણ જણાવવું જરૂરી છે. તેથી તથાવિધ વ્યવહારનો નિયામક બને તેવો તે ઉપચાર બનશે. તેથી "કાલાણુ દ્રવ્ય એ મુખ્યકાલ છે" - આવા **યોગશાસ્ત્રવૃત્તિ**વચનમાં 'મુખ્ય કાલ' આ પ્રમાણે જે જણાવેલ છે, તેનો વિષય ઉપરોક્ત ઉપચાર બને

मुख्यत्वोक्तिः सङ्गच्छते, यतो निरूढलक्षणाविषयीभूतोऽप्यर्थो मुख्यार्थ एवोच्यते। तदुक्तं **वेदान्तकल्पतरुपरिमले अप्पयदीक्षितेन** "निरूढलक्षणया अन्यत्र प्रयुक्तस्य पदस्य मुख्येऽर्थे प्रयोगस्याऽपि दर्शनाद्" (वे.क.प.२/२/१७ पृ.५१९) इति। ततश्च प्रकृते "मुख्यः कालः" (यो.शा.१/१६/५२) इति **योगशास्त्रवृत्ति**वाक्यं निरूढलक्षणया अनन्तानि लोकाकाशप्रदेशस्थपुद्गलपरमाणुद्रव्याणि बोधयति। निरूढलक्षणाप्रापित-कालत्वाऽऽलिङ्गितेषु लोकाकाशप्रदेशस्थस्वतन्त्रपुद्गलपरमाणुद्रव्येषु अप्रदेशत्वाऽबाधाद् 'अद्धासमया अप्रदेशा' इति अनादिव्यवहारोऽपि सङ्गच्छते एव। एतेन अद्धासमयानां सकलपुद्गलप्रदेशेभ्यो-ऽनन्तगुणाधिक्यमपि समर्थितम् इति तात्पर्यम्।

ननु* योगशास्त्रवृत्तौ** "मुख्यः कालः" (यो.शा.१/१६/५२ वृ.) इत्यत्र **श्रीहेमचन्द्रसूरी**णां निरूढलक्षणा-ऽभिप्रेता, न तु शक्तिरित्यत्र किं विनिगमकमिति ***चेत् ?

***शृणु,* श्रीहेमचन्द्रसूरी**णामेव प्रवरशिष्याभ्यां **रामचन्द्र-गुणचन्द्रसूरिभ्यां द्रव्यालङ्कारे** प्रथमप्रकाशे

છે. તે અનાદિકાલીન કાલગત-અપ્રદેશત્વવ્યવહારનો નિયામક છે. તેથી તે ઉપચાર = લક્ષણા અનાદિકાલીનતાત્પર્યવિષયીભૂત અર્થનિષ્ઠ છે. તેથી તે ઉપચાર નિરૂઢલક્ષણાસ્વરૂપ બને છે. નિરૂઢ લક્ષણાનો વિષય હોય તેને મુખ્ય અર્થ કહેવામાં કોઈ બાધ નથી. કેમ કે નિરૂઢ લક્ષણાનો વિષયભૂત અર્થ પણ મુખ્યાર્થ જ કહેવાય છે. **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય** ઉપર **વાચસ્પતિમિશ્રકૃત ભામતી** ટીકાની **અમલાનંદસરસ્વતી**-પ્રણીત **વેદાન્તકલ્પતરુ** વ્યાખ્યાની **વેદાન્તકલ્પતરુપરિમલ** નામની વૃત્તિમાં **અપ્પયદીક્ષિતે** જણાવેલ છે કે 'નિરૂઢ લક્ષણાથી અન્ય અર્થમાં પ્રયુક્ત પદનો મુખ્ય અર્થમાં પણ પ્રયોગ દેખાય છે.' તેથી પ્રસ્તુતમાં **યોગશાસ્ત્રવૃત્તિ**નો 'મુખ્ય કાલ' શબ્દપ્રયોગ નિરૂઢ લક્ષણાથી લોકાકાશપ્રદેશસ્થ અનંતા પુદ્ગલપરમાણુદ્રવ્યોને જણાવે છે. નિરૂઢ લક્ષણા દ્વારા પ્રસ્તુતમાં પ્રાપ્ત થનાર = ઉપચરિત એવા કાલત્વનો આશ્રય બનનાર તે લોકાકાશપ્રદેશસ્થ પુદ્ગલપરમાણુદ્રવ્યોમાં અપ્રદેશત્વ તો અબાધિત જ છે. તેથી 'અદ્ધાસમયો અપ્રદેશ છે' - આવો અનાદિકાલીન વ્યવહાર પણ સંગત જ થાય છે. તથા તે ઉપચારથી 'સકલ પુદ્ગલપ્રદેશો કરતાં અદ્ધાસમયો અનન્તગુણ અધિક છે' - આ બાબતનું પણ પૂર્વોક્ત રીતે સમર્થન થાય છે. તેથી નિરૂઢલક્ષણાવિષયભૂત અર્થને મુખ્ય કાલપદાર્થ તરીકે જણાવવાનું તાત્પર્ય શ્રીહેમચન્દ્રસૂરિજીનું છે - આમ ફલિત થાય છે.

❖ નિરૂઢ લક્ષણા મીમાંસા ❖

[illegible] :- (ननु.) **યોગશાસ્ત્રવૃત્તિ**માં "मुख्यः कालः" આ પ્રમાણે કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરીશ્વર**જીએ જે જણાવેલ છે ત્યાં તેઓશ્રીને નિરૂઢ લક્ષણા અભિપ્રેત છે, પરંતુ શક્તિ અભિપ્રેત નથી - આ મુજબ તમે જે જણાવ્યું, તેમાં નિર્ણાયક તર્ક તમારી પાસે કયો છે ? હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તો પ્રસ્તુત ગ્રંથકારશ્રી કરતાં ઘણા વર્ષો પૂર્વે થઈ ગયા છે. તેથી 'તેમનું તાત્પર્ય નિરૂઢ લક્ષણા કરવાનું છે પણ શક્તિથી શાબ્દબોધ કરાવવાનું નથી' - એની જાણ ગ્રંથકારને કે આપણને કઈ રીતે થાય ?

❖ નિરૂઢ લક્ષણાનું સમર્થન ❖

સમાધાન :- (शृणु.) સાંભળો, 'હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજને ઉપરોક્ત સ્થળે શક્તિ નહિ પણ

"जीव-पुद्गल-धर्माऽधर्माऽऽकाशकाया द्रव्याणि" (द्रव्या.प्रकाश-१/पृ.२) इत्येवं पञ्चधा द्रव्याणि विभज्य "कालादिपर्यायाणां सर्वेषु" (द्रव्या.प्र.१/पृ.२) जीवादिद्रव्येषु अन्तर्भावो द्योतितः। ततो **हेमचन्द्रसूरी**णामपि लोकाकाशप्रदेशस्थेषु पुद्गलपरमाणुषु कालोपचार एवाऽभिप्रेत इति निश्चीयते। अत एव "मुख्यः कालः" (यो.शा.वृ.१/१६/५२) इति **योगशास्त्रवृत्तौ** निरूढलक्षणैव तेषामभिप्रेता, न तु शक्तिरिति भावनीयम्।

अथ एवमपि अनादित्वसङ्गतिः प्रकृतोपचारे कथं स्यात् ? आगमे तादृशोपचारस्य अनुपदर्शनादिति ***चेत्*** ?

श्रुणु, पुद्गलपरमाणुषु अद्धासमयानाम् अनादिकालीनोपचारात्मिकायाः निरूढलक्षणाया अङ्गीकारे एव [1]"एगे भंते ! अद्धासमए केवतिएहिं अद्धासमएहिं पुट्ठे ? (नियमं) अणंतेहिं" (भ.सू.१३/४/४८३/

નિરૂઢ લક્ષણા જ માન્ય છે' - એવું આપણને સમજાય તેના પુરાવાઓ આપણી પાસે મોજૂદ છે. તે આ રીતે - કલિકાલસર્વજ્ઞ **હેમચંદ્રસૂરીશ્વર**જી મહારાજના મુખ્યશિષ્ય શ્રી**રામચંદ્રસૂરિ**જી તથા **ગુણચંદ્રસૂરિ**જી - આ બન્નેએ સંયુક્ત રીતે **દ્રવ્યાલંકાર** ગ્રંથની રચના કરી છે. તેમાં દ્રવ્યનો વિભાગ કરતાં જણાવેલ છે કે 'જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ - આ પાંચ અસ્તિકાય દ્રવ્ય છે.' આમ પાંચ દ્રવ્યોના વિભાગને જીવપ્રકાશમાં જણાવીને કાલાદિપર્યાયોનો જીવાદિ સર્વદ્રવ્યોમાં અંતર્ભાવ કરવાનો ત્યાં જ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જો હેમચંદ્રસૂરિ મહારાજને કાળ સ્વતંત્ર દ્રવ્ય તરીકે અભિપ્રેત હોત તો તેમના પટ્ટધર શિષ્યોએ કાલપર્યાયનો જીવાદિ દ્રવ્યોમાં અંતર્ભાવ સૂચિત કરેલ ન જ હોય. તેથી નિશ્ચિત થાય છે કે હેમચન્દ્રસૂરિજીને પણ લોકાકાશપ્રદેશવર્તી પુદ્ગલપરમાણુઓમાં કાલનો ઉપચાર જ અભિપ્રેત હતો. તે જ કારણથી **યોગશાસ્ત્રવૃત્તિ**માં 'લોકાકાશવૃત્તિ પરમાણુઓ મુખ્ય કાળ છે' - આમ જે જણાવેલ છે ત્યાં તેઓને નિરૂઢ લક્ષણા જ અભિપ્રેત છે, શક્તિ નહિ - આ મુજબ ભાવના કરવી.

✡ ઉપચારમાં આગમમાન્યતા વિશે આક્ષેપ ✡

આક્ષેપ :- (**अथ.**) આ રીતે ઉપચાર કરવાથી લક્ષણા સિદ્ધ થવા છતાં પણ એ ઉપચારમાં અનાદિકાલીનત્વ કઈ રીતે સંગત થઈ શકશે ? કેમ કે તમે 'આગમમાં તેવો ઉપચાર માન્ય છે' - તેવું તો જણાવેલ છે જ નહિ. પુદ્ગલપરમાણુઓમાં અદ્ધાસમય તરીકેનો ઉપચાર આગમસંમત હોય તો એ ઉપચાર = લક્ષણા અનાદિકાલીન સિદ્ધ થવાથી તેને નિરૂઢ લક્ષણા કહી શકાય. પરંતુ આગમસંમત તેવો ઉપચાર તો તમે જણાવતા જ નથી.

✡ પુદ્ગલપરમાણુમાં કાળની નિરૂઢ લક્ષણા આગમસંમત ✡

સમાધાન :- (**श्रुणु.**) ભાગ્યશાળી ! સાંભળો. **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે જણાવેલ છે કે 'હે ભગવંત ! એક અદ્ધાસમય કેટલા અદ્ધાસમયોથી સ્પર્શાયેલ છે ?' આ પ્રશ્નનો જવાબ એ છે કે 'અવશ્ય અનંતા અદ્ધાસમયોથી એક અદ્ધાસમય સ્પર્શાયેલ છે.' પુદ્ગલ પરમાણુઓમાં પર્યાયસ્વરૂપ અદ્ધાસમયનો અનાદિકાલીન ઉપચાર કરવા સ્વરૂપ નિરૂઢ લક્ષણાને માન્ય કરવામાં આવે તો જ ભગવતીસૂત્રનું ઉપરોક્ત વચન સંગત

---

1. एकः णं भदन्त ! अद्धासमयः कियद्भिः अद्धासमयैः स्पृष्टः ? (नियमेन) अनन्तैः।

पृ.६१०) इति **भगवतीसूत्रोक्तेः** उपपत्तेः। उपचरितकालद्रव्याऽनङ्गीकारे एकस्य अद्धासमयस्य अनन्ताऽद्धासमयस्पृष्टत्वं नैव सङ्गच्छेत, अतीताऽनागतयोः विनष्टाऽनुत्पन्नत्वेन एकदा एकस्यैव वर्त्तमानक्षणलक्षणस्य अद्धासमयस्य सत्त्वात्। इदमेवाऽभिप्रेत्योक्तं **तद्वृत्तौ श्रीअभयदेवसूरिभिः** अपि "एकोऽद्धासमयोऽनन्तैः पुद्गलास्तिकायप्रदेशैः अद्धासमयैश्च स्पृष्ट इति। भावना चाऽस्यैवम् - अद्धासमयविशिष्टम् अणुद्रव्यम् = अद्धासमयः। स चैकः पुद्गलास्तिकायप्रदेशैः अनन्तैः स्पृश्यते, एकद्रव्यस्य स्थाने पार्श्वतश्च अनन्तानां पुद्गलानां सद्भावात्। तथा अद्धासमयैः अनन्तैः असौ स्पृश्यते, अद्धासमयविशिष्टानाम् अनन्तानामपि अणुद्रव्याणाम् अद्धासमयत्वेन विवक्षितत्वात् तेषां च तस्य स्थाने तत्पार्श्वतश्च सद्भावाद्" (भ.सू.१३/४/४८३/वृ.६१२) इति।

तत्रैव पूर्वं [1]"एगे भंते ! अद्धासमए केवतिएहिं धम्मत्थिकायपएसेहिं पुट्ठे ? सत्तहिं" (भ.सू.१३/४/४८३/पृ.६१०) इति **भगवतीसूत्रस्य वृत्तौ श्रीअभयदेवसूरीणाम्** "इह वर्त्तमानसमयविशिष्टः समयक्षेत्रमध्यवर्ती परमाणुः अद्धासमयो ग्राह्यः, अन्यथा तस्य धर्मास्तिकायादिप्रदेशैः सप्तभिः स्पर्शना न स्याद्" (भ.सू.१३/४/

थई शके. पुद्गलाणु द्रव्यमां अद्धासमयनो उपचार करीने औपचारिक कालद्रव्यनो स्वीकार करवामां न आवे तो एक अद्धासमयने अनंता अद्धासमयो स्पर्शी ज न शके. कारण के अतीत समय विनष्ट छे. तथा अनागत समय अनुत्पन्न छे. तेथी एकीसाथे तो वर्त्तमानक्षणस्वरूप एक ज अद्धासमय विद्यमान छे. तेथी पारमार्थिक एक अद्धासमय तो अनंता अद्धासमयोने स्पर्शी ज न शके. आ ज अभिप्रायथी **भगवतीसूत्रव्याख्या**मां **श्रीअभयदेवसूरिजी**ए पण जणावेल छे के "एक अद्धासमय अनंता पुद्गलास्तिकायप्रदेशोथी अने अद्धासमयोथी स्पर्शायेल छे. आ सूत्रनी भावना आ मुजब छे के - अद्धासमयविशिष्ट (वर्त्तमानक्षणयुक्त) अणुद्रव्य ए ज अद्धासमय छे. ते एक अद्धासमय अनंता पुद्गलास्तिकायप्रदेशो वडे स्पर्शाय छे. कारण के एक अणुद्रव्य ज्यां छे, त्यां अने तेनी आजु-बाजु, उपर-नीचे अनंता पुद्गलो हाजर छे. तथा ते एक अद्धासमय अनंता अद्धासमयोथी स्पर्शाय छे. कारण के अद्धासमयथी (वर्त्तमानक्षणथी) विशिष्ट एवा अनंता अणुद्रव्यो = पुद्गलपरमाणुओ अद्धासमय तरीके विवक्षित छे. तथा ते विवक्षित = उपचरित अद्धासमयो तो एक उपचरित अद्धासमय ज्यां छे, त्यां तथा तेनी आजु-बाजु, उपर-नीचे अनंता रहेला छे."

(तत्रै.) तथा ते ज **भगवतीसूत्र**मां पूर्वे प्रश्नोत्तरीस्वरूपे जणावेल छे के 'हे भगवंत ! एक अद्धासमय केटला धर्मास्तिकायप्रदेशोथी स्पृष्ट छे ?' - आ प्रश्ननो जवाब ए छे के 'एक (= प्रत्येक) अद्धासमय सात धर्मास्तिकायप्रदेशोथी स्पर्शायेल छे.' आ वचननी स्पष्टता करतां **भगवतीसूत्रव्याख्या**मां **श्रीअभयदेवसूरिजी**ए जणावेल छे के -'अस्तुतमां वर्त्तमानसमयविशिष्ट मनुष्यक्षेत्रवर्त्ती पुद्गलपरमाणु ए ज अद्धासमय तरीके लेवो. बाकी (पर्यायात्मक मुख्य) अद्धासमयने तो धर्मास्तिकाय वगेरेना सात प्रदेशोनी साथे स्पर्शना संभवी ज न शके.' **अभयदेवसूरिजी**नी आ वात पण पुद्गलपरमाणुमां अद्धासमयनी निरूढ लक्षणाने स्वीकारवाना पक्षनुं ज समर्थन करे छे. तेथी 'श्री**हेमचंद्रसूरिजी**ए **योगशास्त्र**ना आंतरश्लोकमां जे मुख्य कालाणुनी वात करी छे, ते निरूढ लक्षणाथी लोकाकाशप्रदेशवृत्ति पुद्गलपरमाणुओने ज कालद्रव्य तरीके दर्शाववाना अभिप्रायथी बतावेल छे' - आ मुजब अमे अहीं जे कह्युं, तेमां

1. एकः णं भदन्त ! अद्धासमयः कियद्भिः धर्मास्तिकायप्रदेशैः स्पृष्टः ? सप्तभिः।

अत एव *मनुष्यक्षेत्रमात्रवृत्ति कालद्रव्यं ये वर्णयन्ति, तेषामपि* मनुष्यक्षेत्रावच्छिन्नाकाशादौ कालद्रव्योपचार एव शरणम् इति दिग्मात्रमेतत् ॥१०/१९॥

४८३ वृ.पृ.६१२) इत्युक्तिरपि निरूढलक्षणापक्षमेव समर्थयति।

अत एव "तस्मान्मानुषलोकव्यापी कालोऽस्ति समय एक इह। एकत्वाच्च स कायो न भवति, कायो हि समुदायः।।" (त.सू.५/२२ **सिद्धसेनीयवृत्ति**समुद्धृतः पृ.३४८) इत्यादिना ये हि एकम् अर्धतृतीयद्वीप-समुद्रद्वितयाक्रान्तमनुष्यक्षेत्रमात्रवृत्ति कालद्रव्यं वर्णयन्ति तेषामपि मनुष्यक्षेत्रावच्छिन्नाऽऽकाशदेशादौ कालद्रव्योपचार एव शरणम्, मनुष्यक्षेत्राऽवच्छिन्नाकाशदेशादिभिन्नैकपारमार्थिककालद्रव्यविरहात्।

एतेन "अद्धासमयो हि अर्धतृतीयद्वीपसमुद्रान्तर्वर्ती, न बहिः" (प्र.सू.१५/१/१९८ वृ.पृ.३०७) इति **प्रज्ञापनावृत्त्युक्तिः**, "अद्धासमयस्य चाऽवस्थिताऽसङ्ख्येयप्रदेशात्मकमनुष्यक्षेत्रावगाहित्वाद्" (भ.सू.२५/४/७३४ वृ.पृ.८७४) इति च **भगवतीसूत्रवृत्तौ** श्रीअभयदेवसूरीणां पञ्चविंशतितमशतकविवरणोक्तिरपि ***व्याख्याता***, मनुष्यक्षेत्रावच्छिन्नाकाशदेशे स्वप्रदेशावगाहिनि अद्धासमयद्रव्यत्वोपचारेण तदुपपत्तेः। अत एव

भगवतीसूत्रनी पण संमति मळे छे. माटे निरूढलक्षणापक्ष ज व्याजबी छे. ते पक्ष व्याजबी ज छे.

✡ मनुष्यलोकविशिष्ट आकाशमां कालद्रव्यउपचार ✡

(अत एव.) **तत्त्वार्थसूत्र**नी **सिद्धसेनीयवृत्ति**मां स्वतंत्र कालतत्त्वनुं निरूपण करवाना अवसरे एक वात एवी जणावेवामां आवेल छे के 'तेथी अहीं मनुष्यलोकव्यापी काळ छे. ते एक समयस्वरूप छे. ते एक होवाथी कायस्वरूप नथी. कारण के काय तो समुदाय कहेवाय छे. एक समयने समूहात्मक 'काय' तरीके कई रीते बतावी शकाय ?' **सिद्धसेनगणिवर**ना उपरोक्त वचन द्वारा जे विद्वानो फक्त अढी द्वीप अने बे समुद्र प्रमाण मनुष्यलोकमां रहेनार एक कालद्रव्यनुं वर्णन करे छे, ते विद्वानोने पण उपरोक्त कारणसर ज मनुष्यक्षेत्रअवच्छिन्न आकाशदेश वगेरेमां कालद्रव्यनो उपचार (= लक्षणा) ज शरणभूत = आधारभूत बनशे. कारण के मनुष्यलोकव्यापी आकाशदेशादिभिन्न कोई एक पारमार्थिक स्वतंत्र 'काल' नामनुं द्रव्य छे ज नहि.

✡ प्रज्ञापना-भगवतीसूत्रव्याख्यानी संगति ✡

(एतेन.) **प्रज्ञापनासूत्रव्याख्या**मां ईन्द्रियपदना प्रथम उद्देशानी व्याख्यामां **श्रीमलयगिरिसूरिजी**ओ 'अद्धासमय खरेखर अढी द्वीप-समुद्रनी अंदर ज छे, बहार नहि' - आ प्रमाणे जे जणावेल छे तथा **भगवतीसूत्रव्याख्या**मां २५ मा शतकना चोथा उद्देशानुं विवरण करतां **श्रीअभयदेवसूरिजी**ओ जे जणावेल छे के 'नियत असंख्यप्रदेशात्मक मनुष्यक्षेत्रमां अद्धासमय अवगाहीने रहेल छे' - तेनी पण संगति मनुष्यक्षेत्रावच्छिन्न आकाशदेशमां अद्धासमयद्रव्यत्वनो उपचार करवा द्वारा थई शके छे. केम के ते आकाशखंड पोताना आकाशप्रदेशोमां अवगाहीने रहेल छे. तेथी 'मनुष्यक्षेत्रविशिष्ट आकाशखंड स्वरूप एक औपचारिक कालद्रव्य मनुष्यक्षेत्रावच्छिन्न असंख्य आकाशप्रदेशोमां अवगाहीने रहे छे' - आ मुजब तेमना वचननुं अर्थघटन करी शकाय छे. प्रस्तुत औपचारिक कालद्रव्य मनुष्यक्षेत्रमां ज

... चिह्नद्वयमध्यवर्ती पाठ ला.(२)मां नथी.

सूर्यादिगतिक्रियया समयावलिकादिलक्षणः कालः अनुमीयते इति समाम्नातम्। इदमेवाभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"कालो सूरकिरियाणुमेओ" (वि.आ.भा.२५३५) इति, **विभक्तिविचारे** च [2]"कालो नरखेत्ते च्चिय, दिणकरकिरियाभिवंगु त्ति" (वि.वि.५६) इति दर्शितम्।

वस्तुतस्तु [3]"सो वत्तणाइरूवो कालो दव्वस्स चेव पज्जाओ" (वि.आ.भा.२०२९) इति, [4]"अद्धाकालो भण्णइ समयक्खेत्तम्मि समयाई" (वि.आ.भा.२०३५) इति च **विशेषावश्यकभाष्यवचनाभ्यां** सूर्यादिक्रिया-व्यक्तीकृतः समयावलिकादिलक्षणः मनुष्यक्षेत्रवर्ती वर्त्तनापर्यायात्मकः एव अद्धाकालः प्रत्येतव्यः।

विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः अपि "सचेतनाऽचेतनं द्रव्यं कालः = द्रव्यकालः प्रोच्यते, पर्याय-पर्यायिणोः अभेदोपचाराद्" (वि.आ.भा.२०३१) इत्युक्त्या कालः परमार्थतः पर्यायरूपः उपचारतश्च द्रव्यरूपो दर्शित इत्यवधेयम्।

अथ द्रव्यान्तरे कालारोपकरणम् अनागमिकमिति ***चेत्*** ?

न, कालानुपूर्वीनिरूपणावसरे त्रि-चतुः-पञ्चादिसमयलक्षणकालपर्यायविशिष्टपरमाण्वादिद्रव्यमेव

संभवतुं होवाथी समयावलिकादि स्वरूप कालनुं सूर्य वगेरेनी गतिक्रियाथी अनुमान थाय - तेवुं शास्त्रकारोने मान्य छे. आ ज अभिप्रायथी **विशेषावश्यकभाष्यमां** दर्शावेलुं छे के "सूर्यक्रियाथी कालनुं अनुमान थई शके छे." तथा **विभक्तिविचार** ग्रंथमां जणावेल छे के 'सूर्यक्रियाथी अभिव्यंग्य काळ मनुष्यक्षेत्रमां ज छे.'

✡ काळ परमार्थथी पर्यायात्मक, उपचारथी द्रव्यात्मक ✡

(**वस्तु.**) वास्तवमां तो अद्धाकाल पर्यायस्वरूप ज छे. कारण के **विशेषावश्यकभाष्यमां** कह्युं छे के "ते वर्त्तनादिस्वरूप काळ द्रव्यनो ज पर्याय छे." तथा "समयक्षेत्रमां = मनुष्यक्षेत्रमां समयादि स्वरूप अद्धाकाळ कहेवाय छे." आना आधारे जाणी शकाय छे के सूर्य वगेरेनी परिस्पंदन क्रियाथी जेनी अभिव्यक्ति थाय छे, ते अद्धाकाल समय-आवलिकादि स्वरूप छे. मात्र मनुष्यक्षेत्रमां ज ते रहे छे. तथा ते वर्त्तनापर्यायात्मक ज छे.

❋ द्रव्यकाळ स्वतंत्र द्रव्य नथी ❋

(**विशे.**) वळी, अहीं बीजी ध्यानमां राखवा योग्य बाबत ए छे के **विशेषावश्यकभाष्यव्याख्यामां श्रीहेमचन्द्रसूरिजी** महाराजे पण जणावेल छे के "पर्यायनो पर्यायीमां अभेद उपचार करीने सचेतन अने अचेतन द्रव्य ए ज काळ छे. ते ज द्रव्यकाळ कहेवाय छे. अर्थात् वर्तनादिपर्यायस्वरूप काळथी विशिष्ट जीवादि द्रव्य ए ज उपचारथी द्रव्यकाळ तरीके कहेवाय छे." आवुं कथन करवा द्वारा तेमणे स्पष्टपणे जणावेल छे के काळ परमार्थथी पर्यायस्वरूप छे तथा उपचारथी द्रव्यस्वरूप छे.

[redacted] :- (**अथ.**) कालभिन्न द्रव्यमां कालनो आरोप करवो ए आगमबाह्य वात लागे छे.

❋ अन्यद्रव्यमां काळनो उपचार आगमसंमत ❋

[redacted] :- (**न.**) ना, अमारी वात अनागमिक नथी. आनुं कारण ए छे के कालानुपूर्वीनुं निरूपण करवाना अवसरे स्वतन्त्र कालद्रव्यने कालानुपूर्वी तरीके जणाववाना बदले **अनुयोगद्वारसूत्रकारे** त्रण-चार

---

1. कालः सूरक्रियाऽनुमेयः। 2. कालो नरक्षेत्रे चैव दिनकरक्रियाऽभिव्यङ्ग्यः। 3. स वर्त्तनादिरूपः कालः द्रव्यस्य चैव पर्यायः। 4. अद्धाकालो भण्यते समयक्षेत्रे समयादिः।

कालानुपूर्वीतया दर्शयताम् **अनुयोगद्वारसूत्रकृतां** क्लृप्तद्रव्यान्तरे कालोपचारोऽभिमत एव। तदुक्तं **तद्वृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "पर्याय-पर्यायिणोः कथञ्चिदभेदात् कालपर्यायस्य चेह प्राधान्येन विवक्षितत्वाद् द्रव्यस्यापि विशिष्टस्य कालानुपूर्वीत्वं न दुष्यति। मुख्यं समयत्रयस्यैवाऽत्राऽऽनुपूर्वीत्वम्, किन्तु तद्विशिष्ट-द्रव्यस्याऽपि तदभेदोपचारात् तदुच्यत इति भावः" (अनु.सू.१८१ वृ.पृ.१३०) इति भावनीयम् आगमानुसारिभिः।

यदि तिर्यग्मानेन पञ्चचत्वारिंशद्योजनलक्षप्रमाणः ऊर्ध्वमधश्चाऽष्टादशयोजनशतप्रमाणः मनुष्यक्षेत्र-परिमाणः कालो नाम पृथग् द्रव्यमिति निरूप्यते, वर्तनादिलिङ्गसद्भावात् ***तर्हि*** किमिति मनुष्यलोकादपि परतो नाऽभ्युपेयते? वर्तना-प्राणाऽपान-निमेषोन्मेषाऽऽयुःप्रमाण-परत्वापरत्वादितल्लिङ्गोपलब्धेः।

ननु नृलोकाद् बहिः वर्त्तनादयः सन्त्येव किन्तु ते तत्र कालनिरपेक्षाः स्वत एव प्रवर्तन्ते।

-पांच वगेरे समयस्वरूप कालपर्यायथी विशिष्ट परमाणु, द्व्यणुक वगेरे द्रव्यने ज कालानुपूर्वी तरीके जणावेल छे. एनो मतलब ए थाय छे के अन्य प्रमाणथी जेनी सिद्धि थई चूकेली छे तेवा (= क्लृप्त) अन्य द्रव्यमां कालनो उपचार अनुयोगद्वारसूत्रकारने मान्य ज छे. अनुयोगद्वारसूत्रमां द्रव्यानुपूर्वी, क्षेत्रानुपूर्वी पछी कालानुपूर्वीनुं निरूपण करती वखते त्रणसमयविशिष्ट परमाणु वगेरेने ज कालानुपूर्वी तरीके जणावेल होवाथी त्यां शंका उठाववामां आवेल छे के 'आ तो द्रव्यानुपूर्वी ज छे, कालानुपूर्वी कई रीते ?' - तेनुं समाधान आपतां मलधारी **हेमचन्द्रसूरिजीए अनुयोगद्वारसूत्रव्याख्या**मां जणावेल छे के "पर्याय अने पर्यायी वच्चे अभेद होवाथी तथा कालपर्यायनी अहीं मुख्यता विवक्षित होवाथी त्रणसमयस्वरूप कालपर्यायथी विशिष्ट एवा परमाणु वगेरे द्रव्यने पण कालानुपूर्वी कहेवामां कोई दोष आवतो नथी. प्रस्तुतमां मुख्यतया तो त्रण समय ज कालानुपूर्वी छे. परंतु ते त्रणसमयस्वरूप कालपर्यायथी विशिष्ट परमाणु वगेरे द्रव्यने पण पर्यायीमां पर्यायनो अभेद उपचार करवाथी कालानुपूर्वी कहेवाय छे. - आ प्रमाणे अहीं सूत्रकारनुं तात्पर्य छे." आथी सिद्ध थाय छे के (१) काळ परमार्थथी पर्यायस्वरूप ज छे. तथा (२) अन्य द्रव्यमां पर्यायात्मक काळनो उपचार आगममान्य ज छे. आ बाबतने आगमानुसारी विद्वानोए ऊंडाणथी विचारवी.

❖ कालसापेक्ष-निरपेक्ष वर्तना अंगे मीमांसा ❖

(**यदि.**) "तिर्च्छालोकमां ४५ लाख योजन प्रमाणे अने उपर-नीचे कुल १८०० योजन प्रमाण मनुष्यक्षेत्रमां 'काल' नामनुं निरुपचरित द्रव्य रहेलुं छे. कारण के मनुष्यलोकमां वर्तनादि काळलिंग विद्यमान छे" - आ प्रमाणे जो तमे मनुष्यक्षेत्रव्यापी एक पारमार्थिक काल द्रव्यनुं निरूपण करता हो तो अमारो तमने एक प्रश्न छे के 'मनुष्यलोकनी बहार पण तमे शा माटे स्वतंत्र काल द्रव्यनो स्वीकार नथी करता ? कारण के मनुष्यलोकनी बहार पण वर्तना, श्वास, उच्छ्वास, आंखना निमेष -उन्मेष, आयुष्यनुं माप, परत्व (= मोटापणुं), अपरत्व (= नानापणुं) वगेरे काळना लिंगो जोवा मळे ज छे. तेथी अढी द्वीपनी बहार पण स्वतंत्र कालद्रव्यनो स्वीकार तमारे करवो ज जोईए.

❋ काळनिरपेक्ष वर्तनादिनी मीमांसा ❋

शंका :- (**ननु.**) मनुष्यलोकनी बहार वर्तना वगेरे तो होय ज छे. पण ते त्यां काळनिरपेक्ष बनीने

ततः तत्र कालो नाभ्युपगम्यतेऽस्माभिः। प्रकृते श्रीगुणरत्नसूरिवचनं स्मर्तव्यम्। तथाहि – "तदेवं वर्त्तनाद्युपकारानुमेयः कालो द्रव्यं मानुषक्षेत्रे। मनुष्यलोकाद् बहिः कालद्रव्यं नास्ति। सन्तो हि भावास्तत्र स्वयमेवोत्पद्यन्ते व्ययन्त्यवतिष्ठन्ते च। अस्तित्वं च भावानां स्वत एव, न तु कालापेक्षम्। न च तत्रत्याः प्राणापाननिमेषोन्मेषायुःप्रमाणादिवृत्तयः कालापेक्षाः, तुल्यजातीयानां सर्वेषां युगपदभवनात्। कालापेक्षा ह्यर्थास्तुल्यजातीयानामेकस्मिन् काले भवन्ति, न विजातीयानाम्। ताश्च प्राणादिवृत्तयस्तद्वतां नैकस्मिन्काले भवन्त्युपरमन्ति चेति। तस्मान्न कालापेक्षास्ताः। परापरत्वे अपि तत्र चिराचिरस्थित्यपेक्षे, स्थितिश्चास्तित्वापेक्षा, अस्तित्वं च स्वत एवेति" (ष.द.स. का.४९, Para.१७७, पृ.२५३) इति व्यक्तमुक्तं तैः **तर्करहस्यदीपिकाभिधानायां षड्दर्शनसमुच्चयबृहद्वृत्तौ**। अत एव मनुष्यक्षेत्राद् बहिः वर्त्तनादीनां काललिङ्गत्वं नेष्यते। तदुक्तं **तत्त्वार्थसिद्धसेनीयवृत्तौ** "सत्याम् अपि भावानां वृत्तौ तस्याः तु अविशेषेण काललिङ्गत्वं नेष्यते" (त.सू.५/२२ सि.वृ.) इत्यादिकं विस्तरेण इति ***चेत्*** ?

न, इत्थं नृलोकाद् बहिः कालद्रव्यनिरपेक्षवर्त्तनादिसद्भावे नृलोकेऽपि कालनिरपेक्षा एव

સ્વતઃ પ્રવર્તે છે. માટે અઢી દ્વીપની બહાર કાળ દ્રવ્યનો અમે સ્વીકાર કરતા નથી. પ્રસ્તુતમાં **ગુણરત્નસૂરીશ્વરજી**નું વચન યાદ કરવા યોગ્ય છે. આ રહ્યું તેમનું વચન - "આ રીતે આ મનુષ્યલોકમાં વર્ત્તનાપરિણામ વગેરે ચિહ્નો ઉપરથી કાલદ્રવ્ય વિશે અનુમાન કરી શકાય છે. મનુષ્યલોકની બહાર કાલદ્રવ્ય નથી. મનુષ્યલોકની બહાર રહેલા પદાર્થો જાતે જ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે તથા સ્થિર રહે છે. ત્યાં પદાર્થોનું અસ્તિત્વ પણ સ્વાભાવિક જ છે. મનુષ્યલોકની બહારના પદાર્થોના પરિણમનમાં (= રૂપાંતરમાં) કે અસ્તિત્વમાં (= હાજરીમાં) કાલદ્રવ્યની કોઈ અપેક્ષા નથી. ત્યાંના જીવોના શ્વાસોશ્વાસ, પલકારા થવા, આંખો ખુલવી વગેરે પ્રવૃત્તિ કાળના આધારે થતી નથી. કારણ કે સજાતીય પદાર્થોમાં ઉપરની પ્રવૃત્તિ એક સાથે થતી નથી. સજાતીય વસ્તુની એક સાથે થતી પ્રવૃત્તિ જ કાળની અપેક્ષા રાખે છે, નહિ કે વિજાતીય વસ્તુની પ્રવૃત્તિ. (દા.ત. મનુષ્યલોકમાં સ્વાભાવિક રીતે કેરી વગેરે ફળ જ્યારે જીવંત = વિદ્યમાન હોય ત્યારે સ્વાભાવિક રીતે પીચ, પ્લમ, પેર, લીલી ખારેક વગેરે વિજાતીય ફળો જીવંત હોતા નથી. જ્યારે અઢી દ્વીપની બહાર ફૂલ-ફળ વગેરે ઋતુબદ્ધ હોતા નથી પરંતુ કાયમી હોય છે.) ત્યાંના જીવોની શ્વાસોશ્વાસ વગેરે પ્રવૃત્તિ એક સમયે (= એક સાથે) ઉત્પન્ન પણ નથી થતી અને નાશ પણ નથી પામતી કે જેથી તેમને કાલની આવશ્યકતા પડે. ત્યાંના પદાર્થોમાં પણ જૂનું-નવું, મોટું-નાનું વગેરે પ્રવૃત્તિ પણ લાંબો સમય, ટૂંકો સમય વગેરેને આધારે જ થાય છે. સ્થિતિ અસ્તિત્વની અપેક્ષા રાખે છે. તથા પદાર્થોનું અસ્તિત્વ તો સ્વતઃ જ રહેલું હોય છે. માટે ત્યાં અસ્તિત્વના આધારે બધી પ્રવૃત્તિ થાય છે." (ષ.દ.સ.કા.૪૯) આ પ્રમાણે પૂર્વાચાર્ય શ્રીગુણરત્નસૂરિજીએ **ષડ્દર્શનસમુચ્ચય**ની **તર્કરહસ્યદીપિકા બૃહદ્વૃત્તિ**માં જણાવેલ છે. તેથી જ મનુષ્યક્ષેત્રની બહાર જે વર્ત્તનાદિ છે, તે કાલલિંગ તરીકે માન્ય નથી. **તત્ત્વાર્થસૂત્રસિદ્ધસેનીયવૃત્તિ**માં જણાવેલ છે કે 'મનુષ્યક્ષેત્રની બહાર ભાવોની વર્ત્તના હોવા છતાં મનુષ્યક્ષેત્રગત ભાવવર્ત્તનાની સમાન રીતે તે વર્ત્તના કાળના લિંગ તરીકે માન્ય નથી.' આ અંગે વિસ્તૃત વિવેચન ત્યાં ઉપલબ્ધ છે. તે મુજબ સિદ્ધ થાય છે કે મનુષ્યક્ષેત્રની બહાર કાળ દ્રવ્ય નથી.

[redacted] :- (न, इत्थं.) જો મનુષ્યલોકની બહાર કાળદ્રવ્યથી નિરપેક્ષ વર્તના, પ્રાણાપાન,

वर्त्तनादयो भविष्यन्ति। ततश्च मनुष्यलोकाद् बहिः यथा कालद्रव्यकल्पना नास्ति तथा नृक्षेत्रेऽपि निरुपचरितकालद्रव्यकल्पना नैवाऽर्हति।

नृलोकमात्रे वर्त्तनादीनां कालापेक्षत्वेऽयं पर्यनुयोगो यदुत अधोलोकान्तात् समयक्षेत्रमतिक्रम्य ऊर्ध्वलोकान्तं यावद् एकेनैव समयेन परमाणुः यदा गच्छति तदा परमाणुवर्त्तना कालापेक्षा तन्निरपेक्षा वा ? नाऽऽद्यो विकल्पोऽनवद्यः, समयक्षेत्राद् बहिः अतिरिक्तकालवादिना कालस्य अनभ्युपगमेन समयक्षेत्रबहिर्देशावच्छेदेन तस्याः कालजन्यत्वबाधात्। नाऽपि द्वितीयः क्षोदक्षमः, नृलोकावच्छेदेनाऽपि तस्याः कालनिरपेक्षत्वापत्तेः। ततश्च समयक्षेत्रवर्तिसर्वद्रव्यवर्त्तनाया तन्निरपेक्षत्वमभ्युपगन्तव्यं स्यात्, युक्तेरुभयत्र तुल्यत्वात्।

परमाणोः निरंशत्वेन, लोकान्तद्वयव्यापिन्याः तद्गतेः एकसामयिकत्वेन तदीयवर्त्तनायाश्चैकत्वेन 'यदा परमाणुः मनुष्यक्षेत्रे तदा तदीयवर्त्तनायाः कालसापेक्षत्वं यदा तु स ततो बहिः तदा

પરત્વાપરત્વ આદિ રહેતા હોય તો મનુષ્યલોકમાં પણ કાળથી નિરપેક્ષ એવા જ વર્તના, પરત્વ-અપરત્વ વગેરે પ્રવર્તશે. તેથી મનુષ્યલોકની બહાર જેમ તમે કાલદ્રવ્યની કલ્પના કરતા નથી તેમ મનુષ્યલોકમાં પણ નિરુપચરિત કાલદ્રવ્યની કલ્પના કરવાની કોઈ જરૂર નહિ રહે.

❋ परमाणुवर्त्तना मीमांसा ❋

(नृलो.) જો ફક્ત મનુષ્યક્ષેત્રમાં વર્તના વગેરે કાર્યો કાલસાપેક્ષ = કાળજન્ય હોય તો અતિરિક્તકાલવાદી એવા તમને અમારો પ્રશ્ન છે કે જ્યારે અધોલોકના છેડેથી નીકળીને, મનુષ્યલોકમાંથી થઈને, ઊર્ધ્વલોકના છેડા સુધી પરમાણુ એક જ સમયમાં પહોંચે ત્યારે તે પરમાણુની વર્તના કાળસાપેક્ષ છે કે કાળનિરપેક્ષ? (૧) તેને કાળસાપેક્ષ માનવાનો પ્રથમ વિકલ્પ તો નિર્દોષ નથી જ. કારણ કે અતિરિક્તકાલદ્રવ્યવાદી એવા તમે મનુષ્યક્ષેત્રની બહાર તો કાળદ્રવ્યને માનતા જ નથી. તેથી મનુષ્યલોકની બહારના ભાગની અપેક્ષાએ તે પરમાણુવર્ત્તનામાં કાળજન્યત્વનો બાધ = અભાવ છે. મનુષ્યલોકબહિર્ભાગઅવચ્છેદેન તેમાં કાલસાપેક્ષત્વ બાધિત હોવાથી તેને કાલસાપેક્ષ ન માની શકાય. (૨) તેને કાળનિરપેક્ષ માનવાનો બીજો વિકલ્પ પણ તમારા મનોરથને સાધવા માટે સમર્થ નથી. કેમ કે તેવું સ્વીકારવાથી તો મનુષ્યલોકઅવચ્છેદેન પણ તે વર્તના કાળનિરપેક્ષ બનવાની આપત્તિ આવશે. તેથી તો તમારે એવું માનવું પડશે કે તે પરમાણુવર્ત્તના જેમ મનુષ્યક્ષેત્રઅવચ્છેદેન કાળનિરપેક્ષ છે તેમ મનુષ્યક્ષેત્રવર્તી તમામ દ્રવ્યોની વર્તના પણ કાળનિરપેક્ષ છે. કેમ કે યુક્તિ તો બન્ને સ્થળે સમાન જ છે. અઢી દ્વીપમાં પરમાણુવર્ત્તના કાળનિરપેક્ષ છે અને ઘટ-પટાદિ અન્ય દ્રવ્યોની વર્તના કાળસાપેક્ષ છે - એવું માનવામાં તો કોઈ યુક્તિ છે જ નહિ.

❋ परमाणुवर्त्तना अर्धजरतीयन्यायग्रस्त ❋

(परमा.) 'જ્યારે તે પરમાણુ મનુષ્યલોકમાં હોય છે ત્યારે તેની વર્તના કાળસાપેક્ષ છે તથા જ્યારે તે અઢી દ્વીપની બહાર હોય ત્યારે તેની વર્તના કાળથી નિરપેક્ષ = અજન્ય છે' - આવું તો માની શકાતું નથી. કારણ કે (૧) પરમાણુ સ્વયં નિરંશ = અવયવશૂન્ય છે (૨) લોકાન્તદ્વયવ્યાપી પરમાણુગતિ માત્ર એક સમયની જ છે. તથા (૩) ફક્ત એક સમય પૂરતી જ ગતિ કરનારા તે ગતિવિશિષ્ટરૂપે વિવક્ષિત

तदीयवर्त्तनायाः कालनिरपेक्षत्वमि'ति वक्तुं नैव युज्यते, असम्भवात्।

एतेन विवक्षितवर्त्तनायाः नरलोकावच्छेदेन कालापेक्षत्वं तद्बहिर्भागावच्छेदेन च कालनिरपेक्षत्वमित्यपि ***अपाकृतम्,*** परमाणु-तद्गति-तद्वर्त्तनानां निरंशत्वेन तथात्वाऽसम्भवात्, सिद्धान्ते तथाऽनभ्युपगमाच्च।

किञ्च, मनुष्यलोकव्यापकनिरंशैकातिरिक्तकालद्रव्याभ्युपगमे वदतो व्याघात आपद्येत। नृलोकव्यापी चेत् कालः, निरंशः कथम् ? निरंशश्चेत्, नरलोकव्यापी कथम् ? ततश्च समयक्षेत्रावच्छिन्नाति-रिक्तैककालद्रव्यस्य अस्तिकायत्वापत्तिः सुदुर्निवारैव, अन्यथा गगनादीनां विभुद्रव्याणां निरवयवत्वं

એવા પરમાણુની વર્ત્તના એક જ છે, એક સમય પૂરતી જ છે. તેથી આવી પરિસ્થિતિમાં ઉપરોક્ત રીતે બનવું અસંભવ છે. એક સમયની ગતિમાં 'પરમાણુ જ્યારે મનુષ્યલોકમાં હોય ત્યારે તેની વર્ત્તના કાળસાપેક્ષ અને જ્યારે અઢી દ્વીપની બહાર હોય ત્યારે તેની વર્ત્તના કાળનિરપેક્ષ' - એવું કઈ રીતે સંભવે ? એક સમયની ગતિમાં 'જ્યારે' અને 'ત્યારે' - આવી બે વાર કલ્પના અસંભવિત જ છે.

❋ निरंश એકસામાયિક પરમાણુવર્ત્તના સાપેક્ષ-નિરપેક્ષ ન બને ❋

(एतेन.) 'જ્યારે-ત્યારે શબ્દનો પ્રયોગ કર્યા વગર, પ્રસ્તુત વર્ત્તના મનુષ્યલોકાવચ્છેદેન કાળસાપેક્ષ છે તથા બહિર્ભાગઅવચ્છેદેન કાળનિરપેક્ષ છે' - એવું પણ માની શકાતું નથી. કારણ કે ઉપર જણાવી ગયા તે મુજબ પરમાણુ નિરંશ છે, તેની ઉપરોક્ત ગતિમાં પણ જુદા-જુદા સમયસ્વરૂપ અંશ નથી તથા તેની વિવક્ષિત વર્ત્તના પણ એકસમયવાળી નિરંશ છે. કોઈ અતિસ્થૂલ એક જ વસ્તુ અઢી દ્વીપમાં અને અઢી દ્વીપની બહાર વ્યાપીને રહી હોય તો કદાચ તેને ઉદ્દેશીને એવું કહી શકાય કે 'વિવક્ષિત વસ્તુના મનુષ્યલોકાવચ્છિન્ન અવયવોમાં કાલસાપેક્ષ વર્ત્તના છે અને મનુષ્યલોકબહિર્ભાગાવચ્છિન્ન અવયવોમાં કાળનિરપેક્ષ વર્ત્તના છે.' આવી સ્થિતિમાં હજુ કદાચ અવયવભેદથી એક જ સ્થૂલતમ અવયવીમાં એકીસાથે કાલસાપેક્ષ-કાલનિરપેક્ષ બન્ને પ્રકારની વર્ત્તના માની શકાય. પરંતુ આપણે જે પરમાણુવર્ત્તનાની વિચારણા કરી રહ્યા છીએ, ત્યાં તો તેવું શક્ય જ નથી. વળી, જૈનાગમમાં પણ 'પ્રસ્તુત પરમાણુવર્ત્તના મનુષ્યલોકઅવચ્છેદેન કાળસાપેક્ષ તથા બહિર્ભાગઅવચ્છેદેન કાળનિરપેક્ષ' - આવું માનવામાં આવેલ નથી. તેથી અઢીદ્વીપમાં વર્ત્તનાદિપર્યાયોને અતિરિક્તકાળદ્રવ્યજન્ય માનવામાં ઉપરોક્ત પરમાણુવર્ત્તનાની સમસ્યાનું સમાધાન મેળવવું ખૂબ દુર્લભ છે.

❋ मनुष्यक्षेत्रव्यापी निरंश એક કાલદ્રવ્યનો અસંભવ ❋

(किञ्च.) વળી, મનુષ્યલોકમાં નિરંશ = નિરવયવ એક સ્વતંત્ર કાલદ્રવ્યનો સ્વીકાર કરવામાં તો 'મારી માતા વંધ્યા છે' એવું બોલતાં જેવો વ્યાઘાત આવે તેવું થશે. કેમ કે જો કાળ મનુષ્યક્ષેત્રવ્યાપી હોય તો નિરવયવ કઈ રીતે હોય ? તથા જો કાળદ્રવ્ય નિરવયવ હોય તો મનુષ્યલોકવ્યાપી કઈ રીતે સંભવે ? જો મનુષ્યલોકવ્યાપી એક અતિરિક્ત કાળદ્રવ્યને માનવામાં આવે તો કાળને અસ્તિકાય = સ્કંધ માનવાની આપત્તિનું આંશિક પણ નિવારણ નહિ થઈ શકે. આ રીતે કાળદ્રવ્યમાં સ્કંધ-દેશ-પ્રદેશની કલ્પના તો આગમસંમત છે જ નહિ. તેથી અતિરિક્તકાલદ્રવ્યવાદીને અપસિદ્ધાંત દોષ લાગુ પડશે. તથા જો મનુષ્યક્ષેત્રવ્યાપી એક અતિરિક્ત કાલદ્રવ્યને નિરવયવ જ માનવામાં આવે તો 'આકાશ વગેરે

वदतो नैयायिकस्य मुखं पिधातुमशक्यमेव मनुष्यक्षेत्रव्यापि-स्वतन्त्र-निष्प्रदेशैककालद्रव्यवादिना। अतो न तादृशी कल्पना युक्तिमती।

इत्थञ्च कालाऽऽनन्त्योपगमे तत्तद्वर्त्तनापरिणतजीवाऽजीवद्रव्येषु एव कालोपचारकरणं समस्त-पुद्गलास्तिकायानन्तगुणाधिककालसिद्धिकृते शरणम्, कालाऽप्रदेशत्वाऽङ्गीकारे लोकाकाशप्रदेशस्था-ऽखिलपुद्गलपरमाणुषु एव कालोपचारकरणं प्रज्ञापनासूत्रोक्तकालाऽप्रदेशत्वसिद्धिकृते शरणम्, समयक्षेत्रव्यापिकालैक्याऽभ्युपगमे च मनुष्यक्षेत्राऽवच्छिन्नाऽऽकाशखण्डे कालोपचारकरणं शरणमिति।

एतेन "अद्धासमयस्य च मनुष्यक्षेत्रमात्रभावाद्" (प्रज्ञा.३/७९ मल.वृ.पृ.१४३) इति **प्रज्ञापनावृत्ति**-कृद्वचनमपि ***व्याख्यातम्,*** 'मनुष्यक्षेत्रमात्रभावाद् = मनुष्यक्षेत्रावच्छिन्नाऽऽकाशखण्डादौ एव उपचार-करणादि'त्यर्थाभ्युपगमात्। नृलोकव्यापिनिरुपचरितैककालद्रव्यकक्षीकारानौचित्याद् नरलोकावच्छिन्ना-ऽऽकाशादौ कालद्रव्योपचारो न्याय्य इति भावः।

किञ्च, पदार्थेषु इव कालेऽपि पूर्वापरत्वबुद्धिः प्रसिद्धा एव। तत्राऽयं पर्यनुयोगः उपतिष्ठते

विभुद्रव्यो निरवयव छे' - आवुं बोलता नैयायिकना मोढाने तमारे बंध करवुं अशक्य ज थई जशे. तेथी मनुष्यलोकव्यापी एक स्वतंत्र कालद्रव्यनी कल्पना युक्तिसंगत नथी.

❋ काळ अंगे त्रण विकल्प ❋

(इत्थ.) आ रीते उपरोक्त विस्तृत विचारविमर्श करवाथी त्रण बाबत फलित थाय छे के (१) जो काळने अनंत मानो तो ते-ते वर्त्तनापरिणामथी परिणत थयेला जीव-अजीवद्रव्योमां ज कालनो उपचार करवो, ए ज प्रज्ञापनासूत्रानुसार पुद्गलास्तिकाय करतां अनंतगुण अधिक कालनी सिद्धि माटे आधारभूत बनशे. (२) अद्धासमयोने जो अप्रदेश मानवा होय तो लोकाकाशना प्रदेशोमां रहेला तमाम पुद्गलपरमाणुओमां कालनो उपचार करवो, ए ज प्रज्ञापनासूत्रोक्त कालगत अप्रदेशत्वनी सिद्धि माटे आधारभूत बनशे. तथा (३) काळने जो मनुष्यलोकव्यापी एक मानवो होय तो मनुष्यक्षेत्रविशिष्ट आकाशभागमां ज काळनो उपचार करवो, ए ज तेनी सिद्धि माटे आधार बनशे.

❋ पन्नवणासूत्रव्याख्यानी संगति ❋

(एतेन.) **पन्नवणासूत्रव्याख्या**मां श्रीमलयगिरिसूरिजीओ 'अद्धासमय मात्र मनुष्यक्षेत्रमां ज छे' - आ प्रमाणे जे जणावेल छे तेनुं पण स्पष्टीकरण उपरोक्त रीते थई जाय छे. केम के 'मनुष्यक्षेत्रमां ज अद्धासमय छे' - आनुं अर्थघटन एवी रीते करी शकाय छे के 'मनुष्यक्षेत्रथी नियंत्रित आकाशखंड वगेरेमां ज अद्धासमयनो उपचार करवामां आवे छे.' तेथी मात्रमनुष्यलोकव्यापी एक निरुपचरित कालद्रव्यनो स्वीकार करवो व्याजबी नथी. परंतु मनुष्यक्षेत्रअवच्छिन्न आकाश वगेरेमां ज काळद्रव्यनो उपचार करवा स्वरूप त्रीजो विकल्प ज व्याजबी छे. आना करतां वधु सारो विकल्प जणातो नथी.

✡ काळमां परापरत्वमीमांसा ✡

(किञ्च.) वळी, बीजी महत्त्वपूर्ण वात एे छे के जेम पदार्थोमां पूर्वापरत्वगोचर बुद्धि थाय छे तेम काळमां पण तेवी बुद्धि थाय ज छे. 'दिवस मोटो, प्रहर नानो' - इत्यादि स्वरूपे परापरत्वबुद्धि

यदुत पूर्वापरभेदः उभयत्र परत उत स्वतः ? "अथ पदार्थेषु पूर्वाऽपरभेदः कालनिमित्तः। ननु काले अपि असौ न स्वतः इति अपरकालनिमित्तः यदि अभ्युपगम्यते तदा अनवस्था।

अथ पदार्थभेदनिमित्तः तदा इतरेतराऽऽश्रयत्वप्रसङ्गः।

अथ तत्र स्वतः एव अयं भेदः, पदार्थेषु अपि स्वतः एव अयं किं नाऽभ्युपगम्यते ?" (स.त. भाग-५/काण्ड-३/का.४९ वृ.पृ.६७१) इत्यादिरूपेण तृतीयकाण्डे **सम्मतितर्कवृत्तौ** यद् अतिरिक्तकालद्रव्य-निराकरणम् अकारि **अभयदेवसूरिभिः** तदपीहाऽनुसन्धेयम्।

प्रथमकाण्डेऽपि **सम्मतितर्कवृत्तौ** "विशिष्टपदार्थपरिणामस्यैव अतीतादिकालत्वेन इष्टेः, "परिणाम-वर्त्तना

કાળમાં પ્રસિદ્ધ જ છે. તેથી હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે પૂર્વાપર તરીકેનો ભેદ ઘટાદિ બાહ્ય પદાર્થોમાં અને કાળમાં થાય છે તે પરતઃ થાય છે કે સ્વતઃ થાય છે ? "જો ઘટ-પટાદિ પદાર્થોમાં પૂર્વાપરભેદ તેનાથી ભિન્ન એવા કાળના નિમિત્તે થતો હોય (અર્થાત્ પરતઃ થતો હોય) તો કાળમાં પણ પૂર્વાપરભેદ સ્વતઃ નહિ થઈ શકે. તેથી વિવક્ષિત કાલમાં રહેલા પૂર્વાપરભેદની સિદ્ધિ માટે જો અન્ય કાળદ્રવ્યની અપેક્ષા રાખવામાં આવે તો અનવસ્થા દોષ લાગુ પડશે. તે આ રીતે - **A** કાળમાં રહેલા પૂર્વાપરભેદનો સાધક **B** કાળ, **B** કાળમાં રહેલા પૂર્વાપરભેદનો સાધક **C** કાળ, **C** કાળમાં પૂર્વાપરભેદનો સાધક **D** કાળ - આ રીતે અનંત કાળદ્રવ્યકલ્પનાનો વિશ્રામ જ નહિ થાય. આ જ અહીં અનવસ્થા દોષ છે.

❁ અતિરિક્ત કાલવાદમાં અન્યોન્યાશ્રય ❁

(**अथ पदा.**) જો કાળમાં રહેનાર પૂર્વાપરભેદની સિદ્ધિ પદાર્થગત પૂર્વાપરભેદના નિમિત્તે હોય તો અન્યોન્યાશ્રયદોષ લાગુ પડશે. પદાર્થગત પૂર્વાપરભેદની સિદ્ધિ કાળગત પૂર્વાપરભેદના કારણે થાય અને કાળમાં રહેનાર પૂર્વાપરભેદની સિદ્ધિ પદાર્થગત પૂર્વાપરભેદના નિમિત્તે થવાથી અન્યોન્યાશ્રય સ્પષ્ટ છે. તેથી જ્યાં સુધી પદાર્થમાં પૂર્વાપરભેદ સિદ્ધ નહિ થાય ત્યાં સુધી કાળમાં પૂર્વાપરભેદની સિદ્ધિ નહિ થાય. તથા જ્યાં સુધી કાળવર્તી પૂર્વાપરભેદ સિદ્ધ નહિ થાય ત્યાં સુધી ઘટ-પટાદિગત પૂર્વાપરભેદ સિદ્ધ નહિ થાય. આમ ઈતરેતરાશ્રય દોષના લીધે ઘટાદિ પદાર્થમાં કે કાળમાં પૂર્વાપરભેદની સિદ્ધિ થઈ શકશે નહિ. અતિરિક્તકાલવાદીના મતમાં આ દોષ દુર્વાર છે.

❁ ઘટાદિ પદાર્થોમાં પૂર્વાપરભેદ સ્વતઃ ❁

(**अथ तत्र.**) કાળમાં પૂર્વાપરભેદ જો અન્યકાળસાપેક્ષ કે ઘટાદિસાપેક્ષ ન હોય પણ સ્વતઃ જ હોય તો ઘટાદિમાં પણ પૂર્વાપરભેદ સ્વતઃ = કાળનિરપેક્ષ કેમ નથી સ્વીકારતા ? અનવસ્થા અને અન્યોન્યાશ્રય દોષથી બચવા કાળમાં રહેનાર પૂર્વાપરભેદને જો અન્યનિરપેક્ષ જ માનવાનો હોય તો અતિરિક્ત કાલદ્રવ્યની કલ્પના કર્યા વિના ઘટાદિ પદાર્થમાં રહેનાર પૂર્વાપરભેદને સ્વતઃ જ માની લો. આમ કરવાથી અતિરિક્ત કાલદ્રવ્યની સિદ્ધિ થશે નહિ." આમ **સમ્મતિતર્કવ્યાખ્યા**માં ત્રીજા કાંડમાં **શ્રીઅભયદેવસૂરિજી**એ અતિરિક્ત કાલદ્રવ્યનું નિરાકરણ કરેલ છે. તેનું પણ અહીં અનુસંધાન કરવું.

❁ પર્યાયસ્વરૂપ કાળ : સંમતિતર્કવૃત્તિકાર ❁

(**प्रथम.**) **સંમતિતર્ક**ના પ્રથમ કાંડમાં પણ **વ્યાખ્યાકાર** મહર્ષિએ જણાવેલ છે કે "પદાર્થનો વિશિષ્ટ

-विधि-परत्वाऽपरत्व" (**प्रशमरति**-२१८) इत्याद्यागमाद्" (स.त.काण्ड-१/का.१/पृ.६४) इत्युक्त्या जीवादिपरिणामात्मककालो व्यवस्थापितः। अत्र स्थले पुण्यपत्तनस्थ***भाण्डारकरप्राच्यविद्यासंशोधन-मन्दिरीयायां माण्डलग्रामस्थभाण्डागारीयायां*** च **सम्मतितर्कवृत्तिहस्तप्रतौ टिप्पनके** "परिणाम-वर्त्तना -परत्वाऽपरत्वादयो वस्तुधर्माः। स एव च कालः" (स.त.१/१/बृ.टिप्पनक) इत्येवं निर्दिष्टं न विस्मर्तव्यम्।

किञ्च, पर्यायात्मककाले द्रव्यत्वोपचारेण **भगवतीसूत्रोक्त**द्रव्यषट्कस्य उपपादनं यदत्र कृतं तद् भगवतीसूत्रव्याख्यातॄणां श्री**अभयदेवसूरी**णामपि सम्मतमेव। अत एव तत्रैव पूर्वं पञ्चमशतक -नवमोद्देशकविवरणे "समयादिकालः तेषु (= जीवेषु) साधारणशरीरावस्थायाम् अनन्तेषु प्रत्येकशरीराव-वस्थायाञ्च परीत्तेषु प्रत्येकं वर्त्तते, तत्स्थितिलक्षणपर्यायरूपत्वात् तस्य" (भ.सू.५/९/सू.२२६/पृ.२४८) इत्युक्त्या स्पष्टमेव कालस्य पर्यायरूपता उपदर्शिता। **विभक्तिविचारे** [1]"जो वत्तणासरूवो माणुसखेत्ता बहिं पि किल कालो। सो तग्गयवत्थूणं पज्जाओ न उ पुढो दव्वं।।" (वि.वि.५७) इति **अमरचन्द्राचार्यो**क्तिरप्यत्राऽनुसन्धेया।

वस्तुतस्तु कालस्य कृत्स्नलोकव्यापित्वमेव, वर्त्तनादिपरिणतद्रव्याणां समग्रलोकव्याप्तत्वात्।

પરિણામ એ જ અતીત આદિ કાલ તરીકે માન્ય છે. કારણ કે 'પરિણામ, વર્ત્તના, વિધિ, પરત્વ, અપરત્વ સ્વરૂપ કાળ છે' - આવું આગમમાં (**પ્રશમરતિ**માં) જણાવેલ છે." આ રીતે જીવાદિ દ્રવ્યોના પરિણામ સ્વરૂપ કાળતત્ત્વનું **શ્રીઅભયદેવસૂરિજી**એ **સમ્મતિતર્કવ્યાખ્યા**માં વર્ણન કરેલ છે. પૂનામાં (પુન્યપત્તનમાં) આવેલ **ભાંડારકરપ્રાચ્યવિદ્યાસંશોધનમંદિર**માં તથા **માંડલ ગામ**ના જ્ઞાનભંડારમાં રહેલ **સંમતિતર્કવ્યાખ્યા**ની હસ્તપ્રતમાં ટિપ્પણમાં આ સ્થળે નોંધેલ છે કે 'પરિણામ, વર્ત્તના, પરત્વ, અપરત્વ વગેરે વસ્તુગત ગુણધર્મો છે. તથા તે જ કાળ છે.' આ ટિપ્પણને પણ અહીં ભૂલવા જેવું નથી.

❖ કાળ પર્યાયસ્વરૂપ : ભગવતીસૂત્રવ્યાખ્યા ❖

(**किञ्च.**) વળી, **ભગવતીસૂત્ર**માં ૨૫ મા શતકમાં છ દ્રવ્યનું નિરૂપણ કરેલ છે. તેની સંગતિ અહીં પર્યાયાત્મક કાળમાં દ્રવ્યત્વનો ઉપચાર કરીને કરવામાં આવેલ છે. તે ભગવતીસૂત્રની વ્યાખ્યા કરનાર **શ્રીઅભયદેવસૂરિજી**ને પણ માન્ય જ છે. તેથી જ તેઓશ્રીએ સ્વયમેવ ભગવતીસૂત્રમાં પૂર્વે પાંચમા શતકના નવમા ઉદ્દેશાના વિવરણમાં કાળને સ્પષ્ટપણે પર્યાયસ્વરૂપે જણાવેલ છે. આ રહ્યા તેઓશ્રીના શબ્દો... "અનંતકાયદશામાં રહેલા અનંતા જીવોની અંદર પ્રત્યેકમાં સમયાદિ કાળ રહેલ છે. તથા પ્રત્યેકકાયદશામાં વર્તતા દરેક પ્રત્યેકકાય જીવોમાં સમયાદિ કાળ રહેલ છે. કારણ કે કાળ એ તો જીવોની સ્થિતિસ્વરૂપ પર્યાયાત્મક છે." અહીં **ભગવતીસૂત્રવ્યાખ્યાકાર શ્રીઅભયદેવસૂરિજી**એ કાળને સ્પષ્ટપણે પર્યાય તરીકે દર્શાવેલ છે. **વિભક્તિવિચાર** પ્રકરણમાં **અમરચંદ્રસૂરિજી** પણ જણાવે છે કે 'મનુષ્યક્ષેત્રની બહાર પણ જે ખરેખર વર્ત્તનાસ્વરૂપ કાળ છે તે ત્યાં રહેલ વસ્તુનો પર્યાય છે. તે સ્વતંત્ર દ્રવ્ય નથી.' આ વાતનું અહીં અનુસંધાન કરવું.

❋ કાળ સમગ્રલોકવ્યાપક ❋

(**वस्तु.**) વાસ્તવમાં તો કાળ સમગ્ર લોકમાં ફેલાઈને રહેલો છે. કારણ કે વર્તના વગેરે પર્યાયથી પરિણત થયેલા જીવ-અજીવ દ્રવ્યો ૧૪ રાજલોકમાં વ્યાપ્ત છે. તથા જો 'કાળ' શબ્દથી સમય, આવલિકા

---

1. यो वर्त्तनास्वरूपो मानुषक्षेत्राद् बहिरपि किल कालः। स तद्गतवस्तूनां पर्यायः, न तु पृथग् द्रव्यम्।।

समयाऽऽवलिकादिलक्षणाऽद्धाकालविवक्षायामपि तदुपादानकारणीभूतजीवाऽजीवद्रव्येभ्योऽभिन्नतया कालस्य अतिरिक्तद्रव्यत्वं नैव घटामञ्चति। एतदर्थदिग्दर्शकः "तस्य वर्त्तनादिरूपत्वात्, वर्त्तनादीनाञ्च स्वयमेव भावात्, समयाद्यपेक्षायां च परोपादानत्वादिति भावना।.... वर्त्तनादयः तद्वतां कथञ्चिदभिन्ना एव" (आ.नि.१०१८ हा.वृ.पृ.३०९) इति **हरिभद्रीयावश्यकवृत्ति**सन्दर्भोऽपि प्रकृतेऽनुसन्धेयः। 'तस्य = कालस्य'। 'तद्वतां = वर्त्तनादिविशिष्टेभ्यः', षष्ठ्याः पञ्चम्यर्थत्वात्।

यच्च **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "अवधेश्च मूर्त्तविषयत्वाद् वर्त्तनारूपं तु कालं पश्येत्, द्रव्यपर्यायत्वात् तस्य" (वि.आ.भा.५८५ वृ.) इत्युक्तम्, ततोऽपि कालस्य पर्यायरूपता कृत्स्नलोकव्याप्तिश्च सिध्यतः। तस्य समयक्षेत्रमात्रवृत्तित्वे लोकावधिज्ञानिनां कृत्स्नलोकवर्त्तिद्रव्यस्थितिपरिज्ञानाऽसम्भवापत्तेरिति भावनीयम्।

"लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये" (यो.शा.१/१६/५२ वृ. + त्रि.श.पु.४/४/२७४) इति पूर्वोक्त-

---

वगेरे स्वरूप अद्धाकाळनी विवक्षा करवामां आवे तो पण काळने छट्ठुं द्रव्य मानवुं व्याजबी नथी. कारण के समय, आवलिका वगेरे स्वरूप अद्धाकाळनुं उपादानकारण तो जीवाजीव द्रव्यो ज छे. तथा काळ तेनाथी अभिन्न ज छे. आ ज अर्थनुं दिग्दर्शन करावनार **हरिभद्रीय आवश्यकवृत्ति**नो प्रबंध पण प्रस्तुतमां अनुसन्धान करवा योग्य छे. त्यां जणावेल छे के "काळ वर्त्तनादिस्वरूप छे. तथा वर्त्तना वगेरे तो आपमेळे ज उत्पन्न थाय छे. वर्त्तनादि परिणामो अतिरिक्तकाळद्रव्यजन्य नथी. तथा समय वगेरेनी विवक्षा कालशब्दवाच्य तरीके करवामां आवे तो पण तेनुं उपादानकारण काळथी भिन्न जीवादि द्रव्यो ज छे. आ प्रमाणे भावना करवी... तथा वर्त्तनादि परिणामो तो पोताना आश्रयभूत जीवाजीव द्रव्योथी कथंचित् अभिन्न ज छे." श्रीहरिभद्रसूरिजीना आ वचनो 'काळ तत्त्व खरेखर वर्त्तनादिस्वरूप के अद्धासमयात्मक होवाथी अतिरिक्त छट्ठुं द्रव्य नथी' - तेम स्पष्टपणे सूचित करे छे.

❋ वर्त्तनाकाळ लोकव्यापी : मलधारवृत्तितात्पर्यार्थ ❋

(**यच्च.**) तथा **विशेषावश्यकभाष्यव्याख्या**मां श्रीहेमचन्द्रसूरिजीए "अवधिज्ञान मूर्त्तविषयक होवाथी वर्त्तनास्वरूप काळने ते जुए छे. कारण के वर्त्तनाकाळ ते (जीवाजीव) द्रव्यनो पर्याय छे" - आ प्रमाणे जे कह्युं छे, तेनाथी ए वात सिद्ध थाय छे के (१) काळ पर्यायस्वरूप छे तथा (२) काळ संपूर्ण लोकमां फेलायेल छे. जो 'काळ मात्र मनुष्यक्षेत्रमां ज विद्यमान छे' - एवुं मानवामां आवे तो लोकावधिज्ञानवाळा जीवो संपूर्ण १४-राजलोकमां जे जे द्रव्योने लोकावधिज्ञान द्वारा जाणे छे, तेनी स्थितिनुं तेओने ज्ञान थई नहि शके. कारण के स्वीकारेला विकल्प मुजब, अढी द्वीपनी बहार काळनुं अस्तित्व मानवामां नथी आवेल. परंतु लोकावधि द्वारा संपूर्णलोकवर्ती द्रव्योनी स्थिति जणाय तो छे ज. तेथी काळने समग्रलोकव्यापी मानवो जरूरी छे. आ रीते प्रस्तुत विषयनी विभावना करवी.

❋ मुख्य काळ समग्रलोकव्यापी ❋

("**लोका.**) **योगशास्त्रवृत्ति, त्रिषष्टिशलाकापुरुषचरित्र** वगेरे ग्रंथमां लोकाकाशना प्रत्येक प्रदेशमां रहेला जुदा-जुदा कालाणुने मुख्य काल तरीके जणावेल छे. अहीं पूर्वे (१०/१५) आ बाबत दर्शावेल ज

(१०/१५)**योगशास्त्रवृत्ति-त्रिषष्टिशलाकापुरुषचरित्रा**दिवचनानुसारेण अपि कृत्स्नलोके उपचरितद्रव्यत्वा-ऽऽलिङ्गितः कालः **काललोकप्रकाश**दर्शितदिशा (२८/२००) मुख्यतया सिध्यतीति ध्येयम्।

पातञ्जलास्तु एकेनैव क्षणेन सम्पूर्णः लोकः तथाविधपरिणामं प्राप्नोति, सर्वधर्माणामेकैकक्ष-णारूढत्वादित्याहुः। तदुक्तं **पातञ्जलयोगसूत्रभाष्ये व्यासेन** "एकेन क्षणेन कृत्स्नो लोकः परिणाममनुभवति। तत्क्षणोपारूढाः खल्वमी सर्वे धर्माः" (यो.सू.भा.३/५२) इति। कालस्य कृत्स्नलोकव्यापित्वमते तत्त्वरसः।

ननु* अनुयोगद्वारसूत्रचूर्णि-वृत्त्या**द्यनुसारतः (अ.द्वा.सू.४०१) ***यथा सङ्ग्रहनयाभिप्रायतो धर्मास्तिकाय एक एव, व्यवहारनयाभिप्रायात् तु तस्यैव बुद्धिपरिकल्पिताः द्विभाग-त्रिभागादिका देशा अपि जीवादिगत्युपष्टम्भकत्वात् पृथगेव द्रव्याणि, ऋजुसूत्रनयाभिप्रायात्तु 'प्रत्येकं यन्नास्ति तत् समुदायेऽपि नास्ती'ति न्यायात् स्वकीय-स्वकीयसामर्थ्येन जीवादिगत्युपष्टम्भे व्याप्रियमाणाः तस्यैव प्रदेशाः बुद्धिपरिकल्पिता निर्विभागा भागाः पृथगेव द्रव्याणि ***तथा*** प्रकृते ऋजुसूत्रनयाभिप्रायात् स्वकीय

છે. તે મુજબ પણ સમગ્ર લોકમાં આરોપિતદ્રવ્યત્વયુક્ત જ કાળ તત્ત્વ મુખ્યરૂપે સિદ્ધ થાય છે. ઉપાધ્યાય શ્રીવિનયવિજયજીએ **કાળલોકપ્રકાશ**માં કરેલ દિગ્દર્શન અનુસારે આ બાબતને ધ્યાનમાં લેવી.

❯ કાળ અંગે વ્યાસમત ❮

(પાત.) પાતંજલ વિદ્વાનો એમ કહે છે કે 'એક જ ક્ષણ દ્વારા સંપૂર્ણ વિશ્વ તે તે પ્રકારના પરિણામને પ્રાપ્ત કરે છે. કેમ કે દરેક ગુણધર્મો એક - એક ક્ષણમાં આરૂઢ હોય છે.' **વ્યાસ** મહર્ષિએ **પાતંજલયોગસૂત્ર ભાષ્ય**માં કહેલ છે કે 'એક ક્ષણ દ્વારા સંપૂર્ણ લોક પરિણામને અનુભવે છે. ખરેખર સર્વ ગુણધર્મો તે ક્ષણમાં ઉપારૂઢ છે.' તેથી એક જ વર્તમાન ક્ષણ દ્વારા વિશ્વવર્તી સર્વ પદાર્થોમાં વિદ્યમાનત્વનો વ્યવહાર સિદ્ધ થાય છે. વ્યાસજીનો સ્વરસ 'કાળ સંપૂર્ણલોકવ્યાપક છે' - આ મતમાં જાણવો.

● ત્રણ નયથી ત્રણ પ્રકારે ધર્માસ્તિકાયાદિ વિચાર ●

પૂર્વપક્ષ :- **(ननु.) अनुयोगद्वारसूत्र**ની **चूर्णि**-વ્યાખ્યા વગેરે મુજબ સંગ્રહનયના અભિપ્રાયથી ધર્માસ્તિકાય દ્રવ્ય એક જ છે. વ્યવહારનયના અભિપ્રાયથી તો તે જ ધર્માસ્તિકાયના બુદ્ધિકલ્પિત બે ભાગ, ત્રણ ભાગ વગેરે દેશો પણ સ્વતંત્ર એવા જ દ્રવ્યો છે. કારણ કે ધર્માસ્તિકાયના દેશો = ભાગો પણ જીવાદિ દ્રવ્યોની ગતિમાં સહાયક બને જ છે. તથા ઋજુસૂત્રનયના અભિપ્રાયથી તો ધર્માસ્તિકાયના જ પ્રત્યેક પ્રદેશો એ સ્વતંત્ર દ્રવ્યો છે. કારણ કે ૧૪ રાજલોકપ્રમાણવ્યાપક એવા ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશો પોત-પોતાના સામર્થ્યથી જીવાદિ દ્રવ્યોની ગતિ પ્રત્યે સહાયક બને જ છે. જો લોકવ્યાપી ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશો જીવાદિની ગતિમાં સહાય કરવા માટે પ્રવૃત્ત થતા ન હોય તો લોકવ્યાપક એક સ્કંધાત્મક ધર્માસ્તિકાય દ્રવ્ય પણ જીવાદિ દ્રવ્યોની ગતિમાં સહાયક બની ન શકે. રેતીના એક કણમાં તેલ ન હોય તો રેતીના સમુદાયમાંથી કઈ રીતે તેલ નીકળી શકે ? 'પ્રત્યેકમાં જે ન હોય તે તેના સમુદાયમાં પણ ન હોય' - આવો ન્યાય = નિયમ અહીં કામ કરી રહેલ છે. તેથી ધર્માસ્તિકાય સ્કંધના ગતિસહાયતાસામર્થ્યવાળા પ્રત્યેક પ્રદેશો પણ અલગ-અલગ ધર્માસ્તિકાય દ્રવ્યસ્વરૂપ જ છે. આ પ્રદેશો બુદ્ધિકલ્પિત નિર્વિભાજ્ય અંશાત્મક = ધર્માણુસ્વરૂપ છે. આ વાત જેમ શ્વેતાંબરજૈનાગમમાં માન્ય છે,

-स्वकीयसामर्थ्येन जीवाजीवद्रव्यवर्त्तनाद्युपष्टम्भे व्याप्रियमाणाः निर्विभागाः कालाणवः पृथगेव द्रव्याणि लोकाकाशप्रदेशप्रमितानीति ***चेत्*** ?

नैवम्, एवं सति सङ्ग्रहनयेनैक एव लोकव्यापी स्कन्धात्मकः कालः, व्यवहारनयेन द्व्यादिकाः तस्यैव सांशाः भागाः पृथगेव द्रव्याणि, ऋजुसूत्रतश्च तस्यैव निर्विभागा भागा लोकाकाशप्रदेशप्रमिता कालाणवः पृथगेव कालद्रव्याणीत्यापत्तेः।

न चेष्टापत्तिः,

एवं सति द्वादशविधाऽरूप्यजीवद्रव्यप्ररूपणायाः कर्तव्यताऽऽपत्तेः। न च साऽऽगमे दृष्टा, दशविधाया एव तादृशप्रज्ञापनाया उपलब्धेः।

तदुक्तम् **अनुयोगद्वारसूत्रे** [1]"अरूविअजीवदव्वा णं भंते ! कतिविहा पण्णत्ता ? गोयमा ! दसविहा

તેમ પ્રસ્તુતમાં ઋજુસૂત્રનયના અભિપ્રાય મુજબ, જીવ અને અજીવ દ્રવ્યની વર્તના પ્રત્યે સહાય કરવામાં પોત-પોતાના સામર્થ્યથી પ્રવૃત્ત થતા નિર્વિભાજ્ય કાલાણુ દ્રવ્યો પણ અલગ-અલગ સ્વતંત્ર જ દ્રવ્યો છે. આ સ્વતંત્ર કાલાણુ દ્રવ્યોની કુલ સંખ્યા લોકાકાશના કુલ આકાશપ્રદેશ જેટલી જ છે. તેટલા પ્રમાણમાં સ્વતંત્ર કાલાણુ દ્રવ્યોની, ઋજુસૂત્રના અભિપ્રાય મુજબ, સિદ્ધિ થઈ શકે છે.

❋ સ્કંધ-દેશ-પ્રદેશાત્મક કાલદ્રવ્યની આપત્તિ ❋

[redacted] :- (**नैवम्**.) ના, તમારી ઉપરોક્ત દલીલ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે જો તમે ઋજુસૂત્રનયના અભિપ્રાય મુજબ અસંખ્ય કાલાણુ દ્રવ્યની સિદ્ધિ કરશો તો ધર્માસ્તિકાયની જેમ કાલદ્રવ્ય પણ સંગ્રહનયના અભિપ્રાયથી ૧૪ રાજલોકવ્યાપી સ્કંધાત્મક ફક્ત એક સ્વતંત્ર દ્રવ્ય સિદ્ધ થશે. વ્યવહારનયના અભિપ્રાયથી તે જ સ્કંધાત્મક લોકવ્યાપી કાલદ્રવ્યના બે-ત્રણ વગેરે સાંશ ભાગો = દેશો સ્વતંત્ર કાલદ્રવ્યાત્મક જ બનશે. તથા ઋજુસૂત્રના અભિપ્રાય મુજબ તે જ લોકવ્યાપી સ્કંધાત્મક કાલદ્રવ્યના નિરંશ અસંખ્ય કાલાણુઓ સ્વતંત્ર કાલદ્રવ્યસ્વરૂપ બનશે. આવું માનવાની આપત્તિ આવશે.

[redacted] :- (**न चे.**) કાંઈ વાંધો નહિ. આ રીતે ત્રણ નયના અભિપ્રાયથી ત્રણ પ્રકારે કાલદ્રવ્યની સિદ્ધિ થાય તો અમને શું વાંધો હોઈ શકે ? આ રીતે પણ લોકાકાશપ્રદેશવૃત્તિ અસંખ્ય સ્વતંત્ર કાલાણુ દ્રવ્યની સિદ્ધિ થવાથી અમને દિગંબરોને તો ઈષ્ટાપત્તિ જ છે.

❋ અરૂપી અજીવદ્રવ્યના બાર પ્રકારની આપત્તિ ❋

[redacted] :- (**एवं**.) આ રીતે ઈષ્ટાપત્તિ કરવી વ્યાજબી નથી. કારણ કે ત્રણ નયથી ત્રણ પ્રકારે કાળદ્રવ્યની સિદ્ધિ થાય તો અરૂપી અજીવ દ્રવ્યની બાર પ્રકારે પ્રરૂપણા કરવાની આપત્તિ આવશે. પરંતુ આગમમાં તો બાર નહિ પણ દશ પ્રકારે જ અરૂપી-અજીવદ્રવ્યસંબંધી પ્રરૂપણા જોવા મળે છે.

❋ દશવિધ અરૂપી અજીવદ્રવ્યની પ્રરૂપણા ❋

(**तदुक्तं**.) અરૂપી અજીવ દ્રવ્યની દશ પ્રકારની પ્રરૂપણા **અનુયોગદ્વારસૂત્ર**માં નીચે મુજબ છે.

[redacted] :- 'હે ભગવંત ! અરૂપી અજીવ દ્રવ્યો કેટલા પ્રકારે બતાવેલા છે ?'

---

1. अरूपि-अजीवद्रव्याणि णं भदन्त ! कतिविधानि प्रज्ञप्तानि ? गौतम ! दशविधानि

[1]पण्णत्ता। तं जहा - (१) धम्मत्थिकाए, (२) धम्मत्थिकायस्स देसा, (३) धम्मत्थिकायस्स पदेसा, (४) अधम्मत्थिकाए, (५) अधम्मत्थिकायस्स देसा, (६) अधम्मत्थिकायस्स पदेसा, (७) आगासत्थिकाए, (८) आगासत्थिकायस्स देसा, (९) आगासत्थिकायस्स पदेसा, (१०) अद्धासमए" (अनु.द्वा.४०१) इति।

प्रकृते "अद्धासमय - इत्येकवचनम्, वर्तमानकालसमयस्यैव एकस्य सत्त्वात्, अतीताऽनागतयोस्तु निश्चयनयमतेन विनष्टाऽनुत्पन्नत्वाभ्यामसत्त्वात्। अत एवेह देश-प्रदेशचिन्ता न कृता, एकस्मिन् समये निरंशत्वेन तदसम्भवाद्" (अनु.द्वा.४०१ हेम.वृ.पृ.४४३) इति **तद्वृत्तौ** दर्शयतां **श्रीमलधारिहेमचन्द्रसूरीणामपि** तात्पर्यम् अद्धासमयस्य औपचारिकद्रव्यत्वे एव पर्यवस्यति, द्रव्यलक्षणत्वेनाऽभिमतस्य ध्रौव्यस्य वर्त्तमानकालसमयात्मके एकस्मिन् अद्धासमये विरहात्। **अनुयोगद्वारसूत्रवृत्तिकृन्मतानुसारेण** तु लोकाकाशप्रदेशप्रमितानि अनन्तानि वा पृथग्द्रव्याणि अद्धासमयविधया व्यवहर्तुं नैव शक्यन्ते,

---

ઉત્તર :- 'હે ગૌતમ ! અરૂપી અજીવ દ્રવ્યો દશ પ્રકારે બતાવેલા છે. તે આ રીતે (૧) ધર્માસ્તિકાય, (૨) ધર્માસ્તિકાયના દેશો, (૩) ધર્માસ્તિકાયના પ્રદેશો, (૪) અધર્માસ્તિકાય, (૫) અધર્માસ્તિકાયના દેશો, (૬) અધર્માસ્તિકાયના પ્રદેશો, (૭) આકાશાસ્તિકાય, (૮) આકાશાસ્તિકાયના દેશો, (૯) આકાશાસ્તિકાયના પ્રદેશો અને (૧૦) અદ્ધા સમય.'

જો સંગ્રહાદિ નય મુજબ ધર્માસ્તિકાયની જેમ કાળદ્રવ્ય પણ ત્રિવિધસ્વરૂપે માન્ય હોય તો (૧) અદ્ધાસમય, (૨) અદ્ધાસમયના દેશો અને (૩) અદ્ધાસમયના પ્રદેશો - આમ પણ કહેવું પડે. તેથી અરૂપી અજીવ દ્રવ્યોની પ્રરૂપણા બાર પ્રકારની થવી જોઈએ. પરંતુ તેમ બતાવેલ નથી. તેથી નયસાપેક્ષ ત્રિવિધ કાલદ્રવ્યકલ્પના વ્યાજબી નથી, આગમસંમત નથી. આ પ્રમાણે નિશ્ચિત થાય છે.

❀ अद्धासमयमां देश-प्रदेशादिनो असंभव : अनुयोगद्वारवृत्ति ❀

(प्रकृते.) **अनुयोगद्वारसूत्र**ना ઉપરોક્ત વચનની **व्याख्या**માં **मलधारी** श्रीहेमचन्द्रसूरिજી મહારાજે જણાવેલ છે કે "અદ્ધાસમય-આ પ્રમાણે એકવચનાંત ઉલ્લેખ કરવાની પાછળ કારણ એ છે કે વર્તમાનકાળે સમય એક જ હોય છે. નિશ્ચયનયના મતથી અતીત સમય વિનષ્ટ છે અને અનાગત સમય તો અનુત્પન્ન છે. તે અતીત-અનાગત સમય તો असत् = અવિદ્યમાન જ છે. તેથી જ એક વર્તમાનસમયસ્વરૂપ કાળતત્ત્વમાં દેશની અને પ્રદેશની ચિંતા = વિચારણા શાસ્ત્રકાર ભગવંતોએ કરી નથી. એક સમય તો નિરંશ છે. તેથી તેમાં દેશ-પ્રદેશની કલ્પના થઈ શકતી જ નથી." આ મુજબ બોલનારા મલધારી **श्रीहेमचंद्रसूरीश्वर**જી મહારાજનું પણ તાત્પર્ય અદ્ધાસમયને ઔપચારિક દ્રવ્ય માનવાના પક્ષમાં જ રહેલું છે. કેમ કે દ્રવ્યના લક્ષણ તરીકે અભિમત ધ્રૌવ્ય તો વર્ત્તમાનકાલસમયાત્મક એક અદ્ધાસમયમાં રહેતું જ નથી. દ્રવ્યલક્ષણ જ્યાં ન હોય તેને પરમાર્થથી દ્રવ્ય કઈ રીતે કહી શકાય ? વળી, તેમના મતે તો લોકાકાશપ્રદેશપ્રમાણ અસંખ્ય પૃથગ્ દ્રવ્યોનો કે અનંત સ્વતંત્ર દ્રવ્યોનો અદ્ધાસમય તરીકે વ્યવહાર કરવો શક્ય જ નથી. કારણ કે તેમણે અદ્ધાસમયને એક જ જણાવેલ છે. તેથી (ननु વાળા) પૂર્વપક્ષે

---

1. प्रज्ञप्तानि। तद् यथा - [१]धर्म्मास्तिकायः, [२]धर्म्मास्तिकायस्य देशाः, [३]धर्म्मास्तिकायस्य प्रदेशाः, [४]अधर्म्मास्तिकायः, [५]अधर्म्मास्तिकायस्य देशाः, [६]अधर्म्मास्तिकायस्य प्रदेशाः, [७]आकाशास्तिकायः, [८]आकाशास्तिकायस्य देशाः, [९]आकाशास्तिकायस्य प्रदेशाः, [१०]अद्धासमयः।

अद्धासमयस्य एकत्वोक्तेः। अतः पूर्वपक्षिणा 'ऋजुसूत्राऽभिप्रायेण कालाणवः पृथगेव द्रव्याणि लोकाकाशप्रदेशप्रमितानी'त्ययुक्तमेवोक्तम्।

अथ* आवश्यकनिर्युक्तौ** [1]"समयावलिय-मुहुत्ता दिवसमहोरत्त-पक्ख-मासा य। संवच्छर-युग-पलिया सागर -ओसप्पि-परियट्टा।।" (आ.नि.६६३) इत्येवम् अद्धाकालस्य ये भेदा दर्शिताः ततः स्कन्ध-देश-प्रदेशात्मका-ऽद्धाकालसिद्धिरनाविलैवेति ***चेत् ?

न, घटादौ इव आवलिका-मुहूर्त्तादौ अवयवसमुदायस्य असत्त्वात्, समयस्य समयान्तराऽव्यापित्वेन बुद्धिकृतस्यैव समयसमाहारस्य तत्र विवक्षितत्वात्, लोकव्यवहारार्थमेव तेषां कल्पितत्वात्। इदमेवा-ऽभिप्रेत्य **अर्हद्गीतायां मेघविजयोपाध्यायेन** "मानसान्येव वर्षाणि अयनं वर्तवस्तथा" (अ.गी.१२/२) इत्याद्युक्तम्।

तदुक्तं **प्रवचनसारोद्धारवृत्तौ सिद्धसेनसूरिभिः** "स्थिर-स्थूल-कालत्रयवर्तिवस्त्वभ्युपगमपरव्यवहारनयमतम्

'ऋजुसूत्रनयथी लोकाकाशप्रदेशप्रमाण पृथग् द्रव्यो એ જ કાલાણુ તરીકે संमत छे' - ઈત્યાદિ જે નિરૂપણ કરેલ છે, તે અનુચિત છે - તેમ સિદ્ધ થાય છે.

❋ अद्धाकाळना भेदोने समजीओ ❋

शंका :- (अथ.) આપ જણાવો છો કે 'કાળપદાર્થમાં સ્કંધ-દેશાદિની કલ્પના શક્ય નથી.' પરંતુ **आवश्यकनिर्युक्ति**માં **श्रीभद्रबाहुस्वामी**જીએ જે જણાવેલ છે, તેનાથી કાળમાં સ્કંધાદિની સિદ્ધિ થઈ શકે છે. ત્યાં તેઓએ 'સમય, આવલિકા, મુહૂર્ત્ત, દિવસ, અહોરાત્ર, પખવાડિયું, મહિનો, વર્ષ, યુગ, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, પુદ્ગલપરાવર્ત' - આ પ્રમાણે અદ્ધાકાલના ભેદો જણાવેલા છે. સમય એ પ્રદેશ, આવલિકા વગેરે દેશ, દિવસ વગેરે સ્કંધ. આમ ત્રિવિધ અદ્ધાકાલની સિદ્ધિ થઈ શકે છે.

❋ अद्धाकाळमां स्कंधादिकल्पना असंगत ❋

समाधान :- (न.) ના, તમારી વાત વ્યાજબી નથી. કારણ કે ઘટ-પટ વગેરેમાં જેમ અવયવસમૂહ વિદ્યમાન હોય છે તેમ આવલિકા, મુહૂર્ત્ત આદિમાં અવયવસમુદાય હોતો નથી. સમય તો નિરંશ છે. એક સમય બીજા સમયને સ્પર્શતો જ નથી. બીજો સમય ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમય હાજર નથી હોતો. તેથી આવલિકા, મુહૂર્ત્ત વગેરેમાં જે સમયસમુદાયની વિવક્ષા છે તે બૌદ્ધિક છે, કાલ્પનિક છે. અમુક પ્રમાણમાં સમયો પસાર થાય ત્યારે આવલિકા કહેવાય. આવી ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા = એક મુહૂર્ત્ત કહેવાય. આ રીતે બુદ્ધિકૃત સમયસમૂહની દૃષ્ટિએ આવલિકા, મુહૂર્ત્ત વગેરે વ્યવહાર થાય છે. પરંતુ વસ્ત્રમાં જેમ એકીસાથે અનેક તંતુઓ હાજર હોય છે, તેમ આવલિકા વગેરેમાં યુગપત્ અનેક સમયો હાજર નથી હોતા. તેથી અદ્ધાકાલમાં સ્કંધ, દેશ વગેરેની વિચારણા શાસ્ત્રકારોએ કરી નથી. ફક્ત લોકવ્યવહાર માટે આવલિકા વગેરેની કલ્પના કરવામાં આવેલ છે. આ જ આશયથી **मेघविजय** ઉપાધ્યાયે **अर्हद्गीता**માં જણાવેલ છે કે 'વર્ષ, અયન કે ઋતુ વગેરે કાલ્પનિક જ છે.'

❋ आवलिका वगेरे काल्पनिक समयसमूहात्मक ❋

(तदुक्तं.) તેથી જ **प्रवचनसारोद्धारवृत्ति**માં **सिद्धसेनसूरि**જીએ જણાવેલ છે કે 'સ્થિર, સ્થૂલ અને

---

1. समयाऽऽवलिका-मूहूर्त्ता दिवसमहोरात्र-पक्ष-मासाश्च। संवत्सर-युग-पल्यानि सागरोत्सर्पिणी-परावर्त्ताः।।

अवलम्ब्य आवलिकादिकालप्ररूपणा, निश्चयमतेन तु तदभाव एव" (प्र.सारो.९७६/ पृ.११९) इति। **जीवसमासवृत्तौ** (गा.८५ वृ.) **मलधारिहेमचन्द्रसूरी**णामपि समान एवाऽभिप्रायोऽत्र। यथोक्तम् **उत्तराध्ययनबृहद्वृत्तौ शान्तिसूरि**भिः **प्रज्ञापनासूत्रवृत्तौ मलयगिरिसूरि**भिश्च "आवलिकादयस्तु पूर्वसमयनिरोधेनैवोत्तरसमयसद्भाव इति तत्त्वतः समुदायसमित्याद्यसम्भवेन व्यवहारार्थमेव कल्पिताः" (उ.सू. ३६/६/बृ.वृ.पृ.६७२ + प्रज्ञा.१/सू.३, पृ.९) इति।

यथोक्तं **पिण्डनिर्युक्तिवृत्तौ** अपि **मलयगिरिसूरि**भिः "अस्ति वार्त्तमानिकस्यापि समयस्य पूर्वाऽपरसमयाभ्यामनुवेधः, केवलं तौ पूर्वाऽपरसमयौ असन्तौ अपि बुद्ध्या सन्तौ इव विवक्षितौ। ततः सङ्ख्याबाहुल्यमपि तत्राऽस्ति" (पि.नि.५६ वृ.पृ.५६) इति।

यद्यपि श्री**मलयगिरिसूरि**भिः **पिण्डनिर्युक्तिवृत्तौ** "कालोऽपि परमार्थतः सन् द्रव्यञ्च। ततः सोऽपि परिणामी, सतः सर्वस्य परिणामित्वाऽभ्युपगमात्, अन्यथा सत्त्वाऽयोगाद्" (पि.नि.५६ वृ.पृ.२३) इत्युक्तम्,

કાલત્રયવર્ત્તી એવી વસ્તુનો સ્વીકાર કરવામાં તત્પર એવા વ્યવહારનયના મતને આશ્રયીને આવલિકા વગેરે કાલની પ્રરૂપણા કરાય છે. નિશ્ચયનયના મતથી તો આવલિકા વગેરેનો અભાવ જ છે.' **જીવસમાસવૃત્તિ**માં મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજી**નો પણ આ અંગે આ જ અભિપ્રાય છે. **ઉત્તરાધ્યયનબૃહદ્વૃત્તિ**માં **શ્રીશાંતિસૂરિજી**એ તથા **શ્રીપ્રજ્ઞાપનાસૂત્રવ્યાખ્યા**માં **શ્રીમલયગિરિસૂરિજી**એ પણ જણાવેલ છે કે "આવલિકા, ઘડી, મુહૂર્ત્ત વગેરે સમયવિશેષસમૂહાત્મક કોઈ વાસ્તવિક કાળદ્રવ્ય નથી. કારણ કે પૂર્વસમયનો નાશ થયા બાદ જ ઉત્તરસમય હાજર થાય છે. તેથી પરમાર્થથી સમયના સમુદાયનો પરસ્પર સંબંધ થવો તો અસંભવ જ છે. આથી ફક્ત લોકવ્યવહાર માટે જ આવલિકા, ઘડી, મુહૂર્ત્ત વગેરે કાળવિશેષની કલ્પના કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં અમુક ચોક્કસ સમયના સમૂહસ્વરૂપ આવલિકા, મુહૂર્ત્ત વગેરે વર્તમાનકાળે હાજર નથી હોતા. વર્તમાનમાં તો માત્ર એક સમય જ હોય છે."

❦ વર્તમાનમાં અતીતાદિનો ઉપચરિત સંબંધ : મલયગિરિસૂરિ ❦

(यद्यपि.) શ્રી**મલયગિરિસૂરિજી**એ **પિંડનિર્યુક્તિવ્યાખ્યા**માં પણ જણાવેલ છે કે "વર્તમાન સમય એક હોવા છતાં અતીત-અનાગત સમયની સાથે તેનો અનુવેધ = સંબંધ છે. ફક્ત અહીં વિશેષતા એટલી છે કે અતીત-અનાગત સમય અસત્ હોવા છતાં જાણે કે સત્ = હાજર હોય તેવી અહીં વિવક્ષા કરવામાં આવે છે. સત્સ્વરૂપે વિવક્ષિત અતીત-અનાગત સમયોનો વર્ત્તમાન એક સમયમાં બુદ્ધિકૃત સંબંધ સંભવતો હોવાના કારણે પરમાર્થથી કાળ એક હોવા છતાં કાળમાં અનેકત્વ પણ રહેલું છે."

❦ વર્તમાનસમય પારમાર્થિક : મલયગિરિસૂરિ ❦

(यद्यपि.) જો કે શ્રી**મલયગિરિસૂરિજી**એ **પિંડનિર્યુક્તિવ્યાખ્યા**માં "કાળ પણ પરમાર્થથી સત્ = વાસ્તવિક છે તથા દ્રવ્ય છે. તેથી કાળ પણ પરિણામી છે. કારણ કે જૈનદર્શનમાં તમામ સત્ પદાર્થને પરિણામી માનવામાં આવેલ છે. જો કાળ પરિણામી ન હોય તો સત્ પણ બની ન શકે" - આ પ્રમાણે કહેલ છે. **પિંડનિર્યુક્તિ**ની ૫૬ મી ગાથાની વ્યાખ્યામાં આ મુજબ કહીને કાળને પરિણામી દ્રવ્ય તરીકે તેઓશ્રીએ દર્શાવેલ છે. તો પણ તેઓશ્રીને 'કાળ પરમાર્થથી પર્યાય જ છે' - આ જ પક્ષ સંમત હોય તેવું જણાય છે. કારણ કે ઉપરોક્ત નિરૂપણ કર્યા પછી તરત જ ૫૮ મી ગાથાની વ્યાખ્યામાં તેઓશ્રીએ

तथापि तत्रैवाऽनुपदमेव "समयो वर्त्तमान एव सन्, नाऽतीतोऽनागतो वा, तयोः विनष्टाऽनुत्पन्नत्वेन अविद्यमानत्वाद् " (पि.नि.५८, वृ.पृ.२४) इति तदीयोक्त्या तेषामपि कालपर्यायपक्षे एव स्वरसो ज्ञायते, पारमार्थिकद्रव्यस्य ध्रुवत्वात्। अत एवाशाम्बराणामपि कालत्रैविध्यं व्यवहारत एवाऽभिप्रेतम्। तदुक्तं **गोम्मटसारे** [1]"ववहारो पुण तिविहो तीदो वट्टंतगो भविस्सो दु" (गो.सा.जी.का.५७६) इति।

एतेन [2]"तिविधे काले पन्नत्ते। तं जहा (१) तीते, (२) पडुप्पन्ने, (३) अणागते" (स्था.३/४/१९७, पृ.२६७) इत्यादिः पूर्वोक्तः (१०/१३) **स्थानाङ्गसूत्र**प्रबन्धोऽपि ***व्याख्यातः***, लोकव्यवहारतः कालस्य त्रिविधत्वेऽपि दर्शितरीत्या ऊर्ध्वतासामान्यरूपताबाधेन वर्त्तनापर्यायलक्षणस्य एकस्य एव तस्य परमार्थतो यौक्तिकत्वात्। यथोक्तं **जम्बूद्वीपप्रज्ञप्तिवृत्ति**मुपजीव्य **काललोकप्रकाशे** "वर्त्तमानः पुनर्वर्त्तमानैकसमयात्मकः। असौ नैश्चयिकः सर्वो-ऽप्यन्यस्तु व्यावहारिकः।।" (का.लो.प्र.२८/१९८) इति।

अत एव "अद्धासमय इति वर्त्तमानकालः, अतीताऽनागतयोः विनष्टाऽनुत्पन्नत्वाद्" (अनु.द्वा.सू.

જણાવેલ છે કે "વર્તમાન સમય જ સત્ = પારમાર્થિક છે. અતીત સમય અને અનાગત સમય પારમાર્થિક નથી. કારણ કે અતીત સમય નષ્ટ હોવાથી અવિદ્યમાન છે તથા અનાગત સમય અનુત્પન્ન હોવાથી ગેરહાજર છે." આ કથનથી તેમને તાત્ત્વિક રીતે કાલ પર્યાય તરીકે જ માન્ય છે - તેમ સિદ્ધ થાય છે. કારણ કે પારમાર્થિક દ્રવ્ય તો ધ્રુવ જ હોય છે. તેથી જ દિગંબરોને પણ અતીતાદિ ત્રણ કાળ વ્યવહારથી જ માન્ય છે, નિશ્ચયથી નહિ. આથી **ગોમ્મટસાર**માં જણાવેલ છે કે 'વળી, વ્યવહારકાળ ત્રણ પ્રકારે છે. (૧) અતીત, (૨) વર્ત્તમાન, (૩) ભવિષ્ય.'

☟ વ્યવહારથી ત્રિવિધ કાલ, નિશ્ચયથી એકવિધ ☟

(एतेन.) **સ્થાનાંગસૂત્ર**માં જે જણાવેલ છે કે "કાળ ત્રણ પ્રકારે કહેવાયેલ છે. તે આ પ્રમાણે - (૧) અતીત, (૨) વર્તમાન અને (૩) અનાગત." - તે પૂર્વોક્ત (૧૦/૧૩) પ્રબંધનું પણ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટીકરણ સમજી લેવું. ઉપરોક્ત પ્રબંધમાં કાળને ત્રણ પ્રકારે જે બતાવેલ છે, તે લોકવ્યવહારથી સંગત થવા છતાં પણ ઉપર જણાવ્યા મુજબ અતીત કાળ વિનષ્ટ હોવાથી તથા અનાગત કાળ અનુત્પન્ન હોવાથી કાળ ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ બની શકે નહિ. તેથી વર્તનાપર્યાય સ્વરૂપ એક જ કાળ તત્ત્વ માનવું એ જ પરમાર્થથી યુક્તિસંગત છે. તેથી નિશ્ચયથી કાળ પર્યાયસ્વરૂપ જ સિદ્ધ થાય છે. **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિવૃત્તિ**ને આશ્રયીને **કાલલોકપ્રકાશ**માં જણાવેલ છે કે 'વર્ત્તી રહેલ એક સમયરૂપ જે કાળ, તે નિશ્ચયથી વર્તમાન કાળ છે. બીજો બધો વ્યાવહારિક કાળ છે.'

☟ કાલપર્યાયપક્ષમાં હરિભદ્રસૂરિજી-અભયદેવસૂરિજીનો સ્વરસ ☟

(अत.) તેથી જ 'અતીત કાળ વિનષ્ટ છે. તથા અનાગત કાળ અનુત્પન્ન છે. તેથી અદ્ધાસમય વર્તમાનકાળસ્વરૂપ એક છે' - આ મુજબ **અનુયોગદ્વારવૃત્તિ**માં જણાવનાર શ્રીહરિભદ્રસૂરિજીનો સ્વરસ કાળપર્યાયપક્ષમાં જણાય છે. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવ્યાખ્યાકાર** શ્રીઅભયદેવસૂરિજીનો સ્વરસ પણ કાળને પર્યાય

---

1. व्यवहारः पुनः त्रिविधः – (१) अतीतः, (२) वर्त्तमानः, (३) भविष्यस्तु।

2. त्रिविधः कालः प्रज्ञप्तः तद् यथा – (१) अतीतः, (२) प्रत्युत्पन्नः, (३) अनागतः।

૪૦૧ हा.वृ.पृ.૪૩૭) इति **अनुयोगद्वारसूत्रहारिभद्रीवृत्ति**वचनम्, "अद्धा = कालः। तल्लक्षणाः समयः = क्षणः = अद्धासमयः। स चैक एव वर्त्तमानक्षणलक्षणः, अतीताऽनागतयोः असत्त्वाद्" (भ.सू.२/१०/१२३/पृ.१५१) इति **भगवतीसूत्रवृत्ति**वचनञ्च कालपर्यायपक्षपातीति भावनीयम्।

पूर्वानुपूर्वीनिरूपणावसाने अद्धासमयनिर्देशबीजं **अनुयोगद्वारसूत्रचूर्णौ** [1] "जीवाऽजीवपज्जायत्तणतो कालस्स णियमा आधेयत्तणतो य अंते अद्धासमय" (अ.सू.१३१, चू.पृ.१८१) इत्युक्तम्, **अनुयोगद्वारसूत्रहारिभद्रीवृत्तौ** "जीवाऽजीवपर्यायत्वादद्धासमयस्य" (अ.सू.१३१, हा.वृ.पृ.१८३) इत्येवमुक्तम्, **अनुयोगद्वारसूत्रमलधारवृत्तौ** च "जीवाजीवपर्यायत्वात् तदनन्तरम् अद्धासमयस्य उपन्यासः" (अ.सू.१३१, हे.वृ.पृ.१८५) इत्युक्तमिति आगमिकचूर्णिकार-टीकाकाराणामपि कालपर्यायपक्षे एव आधिक्येन स्वरसो ज्ञायते।

युक्तञ्चैतत्। कालस्य निरुपचरिताऽतिरिक्तद्रव्यत्वाऽभ्युपगमे पूर्वाऽपरसमयविविक्तवार्त्तमानिकै-

---

માનવામાં જ હતો - તેમ જણાય છે. તેઓશ્રીએ **ભગવતીસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે કે "અદ્ધા = કાળ. કાળસ્વરૂપ સમય = ક્ષણ એટલે જ અદ્ધાસમય. તે એક જ છે. કારણ કે તે માત્ર વર્ત્તમાનક્ષણસ્વરૂપ જ છે. વર્ત્તમાનક્ષણ તો કાયમ એક જ હોય છે. માટે અદ્ધાસમય એક જ છે. અતીતક્ષણ અને અનાગતક્ષણ તો અસત્ = અવિદ્યમાન છે." જો બન્ને વ્યાખ્યાકારના મનમાં કાળ સ્વતંત્ર દ્રવ્ય તરીકે માન્ય હોત તો અદ્ધાસમયને માત્ર વર્ત્તમાનક્ષણસ્વરૂપે તેઓ જણાવી ન શકે. પરંતુ જીવાદિ દ્રવ્યોની જેમ કાળને પણ શાશ્વતદ્રવ્ય તરીકે જ જણાવવું પડે. પરંતુ તે મુજબ જણાવેલ નથી. માટે તેઓશ્રીનું ઉપરોક્ત વચન પણ કાલપર્યાયપક્ષમાં જ ઢળે છે તેમ જણાય છે. આ અંગે વિદ્વાનોએ ઊંડાણથી વિભાવના કરવી.

❀ આગમિક ચૂર્ણિ-વ્યાખ્યાદર્પણમાં કાળ પર્યાયાત્મક ❀

(**पूर्वा.**) પૂર્વાનુપૂર્વીનું નિરૂપણ કરવાના અવસરે "અદ્ધાસમયનો નિર્દેશ શા માટે ધર્માસ્તિકાયાદિની પરિપાટીમાં સૌથી છેલ્લે કર્યો ?" - આ પ્રશ્નનો જવાબ આપતાં **અનુયોગદ્વારસૂત્રચૂર્ણિ**માં **શ્રીજિનદાસગણિમહત્તરે** જણાવેલ છે કે "કાળતત્ત્વ જીવ-અજીવ દ્રવ્યનો પર્યાય છે. તથા કાળ નિયમા આધેય છે. આ બે કારણના લીધે આધારભૂત ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોનું નિરૂપણ કર્યા બાદ અંતે પર્યાયાત્મક આધેયસ્વરૂપ 'અદ્ધાસમય' નામના છઠ્ઠા તત્ત્વનું નિરૂપણ કરેલ છે." **શ્રીહરિભદ્રસૂરિજી**એ પણ **અનુયોગદ્વારસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે કે 'અદ્ધાસમય જીવ-અજીવ દ્રવ્યનો પર્યાય છે.' તથા મલધારી **શ્રીહેમચંદ્રસૂરિજી**એ પણ **અનુયોગદ્વારસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે કે 'જીવ-અજીવ દ્રવ્યનો પર્યાય હોવાથી તેનો નિર્દેશ કર્યા બાદ અદ્ધાસમયનો ઉપન્યાસ મૂળસૂત્રમાં કરેલ છે.' આમ આગમિક ચૂર્ણિકારને અને ટીકાકારોને પણ 'કાળ એ પરમાર્થથી પર્યાય છે' - આ જ પક્ષમાં વધારે સ્વરસ જણાય છે.

❀ કાળમાં પારમાર્થિક દ્રવ્યત્વ બાધિત ❀

(**युक्त.**) તથા કાળને પર્યાયાત્મક માનવાની વાત યુક્તિસંગત પણ છે. આનું કારણ એ છે કે કાળને જો નિરુપચરિત = પારમાર્થિક સ્વતંત્ર દ્રવ્ય માનવામાં આવે તો 'કાળ પૂર્વાપરસમયવ્યાવૃત્ત = અતીત -અનાગતસમયરહિત માત્ર એક વર્ત્તમાનસમયસ્વરૂપ છે' - આ સિદ્ધાન્તનો ઉચ્છેદ થઈ જશે. કેમ કે

---

1. जीवाऽजीवपर्यायत्वतः कालस्य नियमाद् आधेयत्वतश्च अन्ते अद्धासमयः।

कसमयरूपता उच्छिद्येत, पारमार्थिकद्रव्यस्य अतीताऽनागत-वर्त्तमानकालत्रयव्यापित्वात्, बुद्धिकृतातीतानागतसमयानुवेधस्य च वार्त्तमानिकसमये पारमार्थिकद्रव्यत्वाऽसाधकत्वादिति दिक्।

यच्च पूर्वं(१०/१३) 'चिरम्, क्षिप्रम्' इत्यादिव्यवहारकारणतयाऽतिरिक्तकालद्रव्यं साधितम्, ***तदपि*** न समीचीनम्, 'तद्धेतोरस्तु किं तेन ?' इति न्यायेन पुद्गलद्रव्यपरिणामविशेषेणैव तादृशव्यवहारोपपत्तेः। कालस्य परिणामविशेषशालिपुद्गलद्रव्याऽऽयत्ततया गौरवाद् नाऽतिरिक्तद्रव्यात्मककालसिद्धिः सम्भवति।

प्रकृते [1]"णत्थि चिरं वा खिप्पं मत्तारहिदं तु सा वि खलु मत्ता। पोग्गलदव्वेण विणा तम्हा कालो पडुच्चभावो।।" (प.स.२६) इति **पञ्चास्तिकायसङ्ग्रह**गाथाऽपि स्मर्तव्या। यद्यपि तादृशव्यवहारं प्रति

પારમાર્થિક દ્રવ્ય તો અતીતકાળ, અનાગતકાળ અને વર્ત્તમાનકાળ - આ ત્રણેયમાં વ્યાપીને = ફેલાઈને રહે છે. તેથી કાળને પારમાર્થિક દ્રવ્ય માનો તો તે ત્રિકાળવ્યાપી થઈ જશે, માત્ર વર્તમાનસમયસ્વરૂપ નહિ બને. બુદ્ધિકૃત અતીત-અનાગતસમયનો અનુવેધ વર્ત્તમાનસમયાત્મક કાળમાં પારમાર્થિકદ્રવ્યત્વની સિદ્ધિ કરવા માટે સમર્થ નથી. કાળને પારમાર્થિક દ્રવ્ય માનવામાં જે જે સમસ્યાઓ અહીં જણાવેલી છે, તે તો એક દિગ્દર્શનમાત્ર છે. તે મુજબ હજુ એ દિશામાં આગળ ઘણું વિચારી શકાય તેમ છે.

❀ લાંબા-ટૂંકા કાળનો વ્યવહાર સ્વતન્ત્રકાળદ્રવ્યસાધક નથી ❀

(यच्च.) આ જ દશમી શાખાના તેરમા શ્લોકની વ્યાખ્યામાં ષડ્દર્શનસમુચ્ચયબૃહદ્વૃત્તિગત ઉદ્ધૃત ત્રણ શ્લોકનો સંદર્ભ આપીને 'લાંબો કાળ, ટૂંકો કાળ...' વગેરે લોકપ્રસિદ્ધ વ્યવહારના કારણ તરીકે અતિરિક્ત અનુગત કાળદ્રવ્યની સિદ્ધિ કરવામાં આવેલી હતી. પરંતુ તે વાત બરાબર નથી. કારણ કે 'આ કામ કરવામાં ઘણો સમય લાગ્યો. તે કામ કરવામાં ઓછો સમય લાગ્યો' - ઈત્યાદિ વ્યવહાર તો પુદ્ગલદ્રવ્યના વિશેષ પ્રકારના પરિણામથી જ સંભવી શકે છે. નવીનત્વ, જીર્ણત્વ, શરીરપરિશ્રમ, દેહસ્ફૂર્તિ વગેરે પુદ્ગલપરિણામથી જ ઉપરોક્ત વ્યવહાર સંભવતો હોવાથી તથાવિધપરિણામયુક્ત પુદ્ગલદ્રવ્યને આધીન કાળદ્રવ્યની સિદ્ધિ સંભવતી નથી. કેમ કે અહીં 'तद्धेतोः अस्तु, किं तेन ?' આ ન્યાય કામ કરી રહેલ છે. મતલબ કે (૧) લાંબો કાળ, ટૂંકો કાળ વગેરે સંબંધી વ્યવહાર = કાર્ય. તથા (૨) તથાવિધ કાળ તેનું કારણ. તથા (૩) તે કાળનું કારણ પુદ્ગલદ્રવ્યપરિણામ. આ રીતે દ્વિવિધ કાર્ય-કારણભાવ માનવાના બદલે ઉપરોક્ત વ્યવહારના જ કારણ તરીકે પુદ્ગલદ્રવ્યપરિણામનો સ્વીકાર કરવામાં લાઘવ છે. (૧) નું કારણ (૨), તથા (૨) નું કારણ (૩) - આવો ગૌરવગ્રસ્ત કાર્યકારણભાવ માનવાના બદલે લાઘવસહકારથી (૧) નું કારણ (૩) આવું માનવું એ જ ઉચિત છે. આમ 'ધીમેથી, ઝડપથી, લાંબા સમયગાળા બાદ, ટૂંકા ગાળામાં' વગેરે વ્યવહારો પોતાના કારણરૂપે સ્વતંત્ર દ્રવ્યાત્મક કાળની સિદ્ધિને નથી કરતા, પણ પુદ્ગલના વિશેષ પ્રકારના પરિણામને જ સિદ્ધ કરે છે.

(प्रकृ.) પ્રસ્તુતમાં **પંચાસ્તિકાયસંગ્રહ** ગ્રંથની એક ગાથા યાદ કરવા યોગ્ય છે. ત્યાં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'બહુ કાળ (चिर) અથવા થોડો કાળ (क्षिप्र) આવો વ્યવહાર કે જ્ઞાન ચોક્કસ પ્રકારની માત્રા = માપ (= કાળપરિમાણ) વિના ન હોય. તથા તે માત્રા પણ ખરેખર પુદ્ગલ દ્રવ્ય વગર ન સંભવે.

1. नास्ति चिरं वा क्षिप्रं मात्रारहितं तु सापि खलु मात्रा। पुद्गलद्रव्येण विना तस्मात्कालः प्रतीत्यभावः।।

पुद्गलपरिणामवत् जीवादिपरिणामोऽप्युपयुज्यते तथापि मूर्त्तत्वेन पुद्गलद्रव्यपरिणामस्य सुज्ञेयत्वात् तन्निर्देशः अकारि **कुन्दकुन्दस्वामिनेत्यवधेयम्**।

किञ्च, नृलोकव्यापकातिरिक्तैककालद्रव्यवादिमते नृलोकाद् बहिः 'युगपत्, अयुगपत्, चिरम्, क्षिप्रम्' इत्यादिव्यवहारः दुर्घटः। न हि तत्र प्रतिव्यवहारं नरक्षेत्रीयसूर्यचारादिनिरीक्षणं सम्भवति, येन तादृशव्यवहारा उपपद्येरन्।

वस्तुतः समयाऽऽवलिकादीनां पर्यायरूपतया जीवाऽजीवेभ्योऽव्यतिरिक्तत्वमेव। इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"सुत्ते जीवाऽजीवा समयाऽऽवलियादओ पवुच्चंति" (वि.आ.भा.२०३३) इत्युक्तम् इति पूर्वोक्तम् (१०/१३) अत्राऽनुसन्धेयम्। इत्थञ्च कालस्य परमार्थतः पर्यायरूपत्वात् स्कन्ध-देश-प्रदेशात्मकाद्धासमयकल्पना स्वतन्त्राऽसङ्ख्य-कालाणुकल्पना वा न श्वेताम्बरपरम्परासम्मता। न वा नृलोकव्यापकैकाऽतिरिक्तकालद्रव्यकल्पना सङ्गततया ज्ञायते।

अत्रेदमस्माकमाभाति – (१) दशमैकादश-त्रयोदशादिश्लोकव्याख्योपदर्शितनानाशास्त्रसन्दर्भाऽनुसारेण

तेथी काળ પરદ્રવ્યનો આશ્રય કરીને ઉત્પન્ન થનારો છે.' જો કે ક્ષિપ્ર, ચિર,... વગેરે વ્યવહારો પ્રત્યે જેમ પુદ્ગલદ્રવ્યના પરિણામ ઉપયોગી છે, તેમ જીવાદિ દ્રવ્યના પરિણામ પણ ઉપયોગી બની શકે છે. તો પણ પુદ્ગલ દ્રવ્ય મૂર્ત્ત હોવાથી તેના પરિણામો જાણવા સરળ છે. તેથી **પંચાસ્તિકાયસંગ્રહ**ની ગાથામાં કાળમાપ પ્રત્યે પુદ્ગલદ્રવ્યને કારણ તરીકે **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે. આ વાત ખાસ ખ્યાલમાં રાખવી.

(**किञ्च.**) વળી, મનુષ્યક્ષેત્રવ્યાપક એક અતિરિક્ત કાલદ્રવ્યને માનનારા વિદ્વાનોના મતે મનુષ્યક્ષેત્રની બહાર 'એકીસાથે, ક્રમિક, લાંબા ગાળે, ઝડપથી...' વગેરે વ્યવહારની સંગતિ ખૂબ મુશ્કેલ બનશે. કેમ કે દેવલોક, નરક વગેરેમાં તો અતિરિક્ત કાળદ્રવ્ય તેમના મતે છે જ નહિ. તથા ઉપરોક્ત દરેક વ્યવહાર કરતી વખતે મનુષ્યક્ષેત્રના સૂર્યની ગતિનું નિરીક્ષણ તો સંભવતું જ નથી કે જેના માધ્યમથી ત્યાં પ્રસ્તુત સર્વ વ્યવહારોની સંગતિ થઈ શકે.

⚜ અદ્ધાકાલ સ્વતંત્ર દ્રવ્ય નથી : શ્રીજિનભદ્રગણીજી ⚜

(**वस्तु.**) વાસ્તવિકતા તો એ છે કે સમય, આવલિકા, મુહૂર્ત્ત વગેરે સ્વરૂપ અદ્ધાકાલ જીવ-અજીવ કરતાં ભિન્ન નથી જ. કેમ કે અદ્ધાકાલ જીવાજીવનો પર્યાય જ છે. આ જ આશયથી **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'જીવ અને અજીવ દ્રવ્યો જ શાસ્ત્રમાં સમય, આવલિકા, મુહૂર્ત્ત વગેરે સ્વરૂપે કહેવાય છે.' આ સંદર્ભ પૂર્વે (૧૦/૧૩) દર્શાવેલ. તેનું અનુસંધાન કરવું. આમ કાળ પરમાર્થથી પર્યાયસ્વરૂપ હોવાથી (૧) 'સ્કંધ-દેશ-પ્રદેશાત્મક ત્રિવિધ કાળની કલ્પના કે (૨) સ્વતંત્ર અસંખ્ય કાલાણુ દ્રવ્યની કલ્પના શ્વેતાંબર આગમપરંપરા મુજબ માન્ય નથી.' (૩) તથા 'મનુષ્યક્ષેત્રવ્યાપક એક સ્વતંત્ર છઠ્ઠા કાલદ્રવ્યની કલ્પના પણ યુક્તિસંગતરૂપે જણાતી નથી' - તેમ નિશ્ચિત થાય છે.

⚜ વિવિધ પ્રકારના કાળ અંગે નિષ્કર્ષસ્વરૂપ વિચારણા ⚜

(**अत्रे.**) આ અંગે અમને (મુનિ યશોવિજય ગણીને) એવું લાગે છે કે (૧) અહીં અત્યાર સુધી

---

1. सूत्रे जीवाऽजीवाः समयाऽऽवलिकादयः प्रोच्यन्ते।

अतिरिक्तषष्ठद्रव्यात्मकः कालो नास्ति। (२) [1]"दव्वे नियमा भावो, न विणा ते यावि खेत्त-कालेहिं" (वि.आ.भा.१४०८) इति **विशेषावश्यकभाष्यस्य मलधारवृत्त्य**नुसारेण वर्त्तनादिपर्यायलक्षणस्तु कालः अलोकाकाशेऽपि अस्त्येव। तादात्म्यसम्बन्धेन स्वात्मकं क्षेत्रमिव अपृथग्भावसम्बन्धेन वर्त्तनापर्यायलक्षणं कालं विना अलोकाकाशद्रव्यस्य असम्भवाद् वर्त्तनालक्षणः कालः लोकालोकव्यापक इत्याशयः।

(३) "द्रव्यस्य या सादि-सपर्यवसानादिलक्षणा तेन तेन रूपेण वृत्तिः = वर्त्तना स द्रव्यस्य कालः = द्रव्यकालः समुत्कीर्त्यते" (वि.आ.भा.२०३२ मल.वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**दर्शितरीत्या वर्त्तनापर्यायात्मकस्य द्रव्यकालस्य अपि लोकालोकव्यापकता, अलोकाकाशद्रव्येऽपि अनाद्यनन्त-स्थितिलक्षणवर्त्तनापर्यायसद्भावात्। प्रकृते "यत्र च द्रव्यं तत्र तत्स्थितिलक्षणः कालोऽपि अस्त्येव" (वि.आ.भा.२०८७) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**प्रदर्शिता व्याप्तिः स्मर्तव्या। व्याप्यतावच्छेदक-सम्बन्धश्चाऽत्र तादात्म्यलक्षणो ज्ञेयः।

દશમી શાખાના દશમા, અગિયારમા, તેરમા વગેરે શ્લોકની વ્યાખ્યામાં જણાવેલા અનેક શાસ્ત્રસંદર્ભો મુજબ પાંચ દ્રવ્યોથી અતિરિક્ત છઠ્ઠા દ્રવ્ય સ્વરૂપ કાળ નામનું કોઈ તત્ત્વ નથી.

❀ वर्त्तनादिपर्यायात्मक काळ लोकालोकव्यापक ❀

(२) ("**दव्वे**.) 'દ્રવ્યમાં અવશ્ય ભાવ = પર્યાય હોય છે. તથા દ્રવ્ય અને ભાવ ક્યારેય ક્ષેત્ર -કાળ વિના નથી હોતા' - આ પ્રમાણે **विशेषावश्यकभाष्य**માં **श्रीजिनभद्रगणी** ક્ષમાશ્રમણે જે જણાવેલ છે, તેની વ્યાખ્યામાં મલધારી **श्रीहेमचन्द्रसूरि**જીએ જે ચર્ચા કરેલી છે, તે મુજબ વર્ત્તનાદિપર્યાયસ્વરૂપ કાળ સમગ્ર લોકાકાશમાં તો છે જ પરંતુ અલોકાકાશમાં પણ છે. અલોકાકાશ દ્રવ્ય છે. તેથી ઉપર જણાવેલ નિયમ મુજબ ક્ષેત્ર-કાળ વિના તે રહી ન જ શકે. તાદાત્મ્યસંબંધથી જેમ ત્યાં સ્વાત્મક ક્ષેત્ર છે, તેમ અપૃથગ્ભાવસંબંધથી વર્ત્તનાપર્યાયાત્મક કાળને પણ અવશ્ય ત્યાં માનવો જ પડે. આમ વર્ત્તનાસ્વરૂપ કાળ લોકાલોકવ્યાપક છે - તેમ ફલિત થાય છે.

❀ द्रव्यकाळ लोकालोकव्यापक ❀

(३) ("**द्रव्यस्य**.) મલધારી **श्रीहेमचंद्रसूरि**જીએ **विशेषावश्यकभाष्यव्याख्या**માં "દ્રવ્યની સાદિ-સાંત વગેરે સ્વરૂપે જે સ્થિતિ છે, તે તે સ્વરૂપે દ્રવ્યની વિદ્યમાનતા = વર્ત્તના એ જ દ્રવ્યનો કાળ = દ્રવ્યકાળ કહેવાય છે" - આ મુજબ જણાવેલ છે. તે વર્ત્તનાપર્યાયાત્મક દ્રવ્યકાળ પણ લોકાલોકવ્યાપી સમજવો. કારણ કે અલોકાકાશ દ્રવ્યમાં પણ અનાદિ - અનંત સ્થિતિસ્વરૂપ વર્ત્તનાપર્યાય તો છે જ. અહીં મલધારી **श्रीहेमचन्द्र-सूरि**જીએ **विशेषावश्यकभाष्यव्याख्या**માં જણાવેલી વ્યાપ્તિ યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેઓશ્રીએ 'જ્યાં દ્રવ્ય હોય ત્યાં તેની સ્થિતિસ્વરૂપ કાળ હોય' - આવી દ્રવ્ય અને કાળ વચ્ચે વ્યાપ્તિ જણાવેલ છે. અહીં વ્યાપ્ય દ્રવ્ય છે. તથા વ્યાપ્યતાઅવચ્છેદક સંબંધ તાદાત્મ્ય સમજવો. તેથી વ્યાપ્તિનો આકાર એવો થશે કે જે જે દ્રવ્ય હોય ત્યાં ત્યાં તેની સ્થિતિસ્વરૂપ કાળ હોય જ. અલોકાકાશ દ્રવ્ય હોવાથી ત્યાં સ્થિતિ = અવસ્થાન સ્વરૂપ કાળ હોય જ. આમ અલોકાકાશમાં પણ અનાદિ-અનંત સ્થિતિસ્વરૂપ દ્રવ્યકાળને માનવો જ પડશે.

---

1. द्रव्ये नियमाद् भावः, न विना तौ चाऽपि क्षेत्र-कालाभ्याम्।

व्याख्याप्रज्ञप्तौ द्वितीयशतकस्य चतुर्थोद्देशके तु अलोके सूर्यादिगतिक्रियाऽवच्छिन्नसमयादिलक्षणः अद्धाकाल एव निषिद्धः, न तु वर्त्तनादिपर्यायस्वरूपो द्रव्यकालः।

एतेन अलोके सूर्यादिविरहेण नैव कालसम्भव इति ***अपहस्तितम्***,

समयाऽऽवलिकादिलक्षणस्य अद्धाकालस्य ज्ञानार्थं व्यवहारार्थमेव च सूर्यादिगति-प्रकाशादीनाम् अपेक्षणात्, न तु अद्धाकालार्थम्। तदुक्तं **व्याख्याप्रज्ञप्तिवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "कालो हि दिन-मासादिरूपः सूर्यगतिसमभिव्यङ्ग्यः" (भ.सू.२/९/११७ वृ.पृ.१४६) इति, "समयव्यवहारः हि सञ्चरिष्णु-सूर्यादिप्रकाशकृतः" (भ.सू.१०/१/३९४, वृ.पृ.४९४) इति च। तदुक्तं **प्रज्ञापनासूत्रवृत्तौ श्रीमलयगिरिसूरिभिः** अपि "सूर्यादिक्रियाव्यङ्ग्यः समयः" (प्र.सू.२१/२७५ वृ.पृ.४२९) इति। अभिव्यञ्जकविरहे अभिव्यङ्ग्या-ऽभावस्य व्यवहार-व्यवहर्तृविरहे च व्यवहार्याऽभावस्य आपादानाऽनर्हत्वात्। ततश्च समया-ऽऽवलिकादिलक्षणस्यापि कालस्य लोकालोकव्यापकत्वे नास्ति बाधकप्रमाणं किञ्चिदपि।

(व्या.) જો કે **व्याख्याप्रज्ञप्तिसूत्र**ના બીજા શતકના ચોથા ઉદ્દેશામાં અલોકાકાશમાં કાળનો નિષેધ કર્યો છે. પરંતુ ત્યાં સૂર્યાદિની ગતિક્રિયાને સાપેક્ષ સમયાદિરૂપ અદ્ધાકાલનો નિષેધ કરેલો છે. અલોકમાં વર્તનાદિ પર્યાયસ્વરૂપ દ્રવ્યકાલનો નિષેધ ત્યાં કર્યો નથી. આ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે.

[redacted] :- (एते.) અલોકમાં તો સૂર્ય વગેરે હોતા જ નથી. તેથી અલોકમાં કાળ ન જ સંભવે.

❖ અલોકમાં પણ અદ્ધાકાળ અનિવાર્ય ❖

[redacted] :- (सम.) ઉપર જે જણાવ્યું, તેનાથી જ તમારા આક્ષેપનું નિરાકરણ થઈ જાય છે. વળી, બીજી મહત્વની વાત એ છે કે સમય, આવલિકા વગેરે સ્વરૂપ અદ્ધાકાળના જ્ઞાન માટે અને વ્યવહાર માટે જ સૂર્ય વગેરેની ગતિ, પ્રકાશ આદિ અપેક્ષિત છે. પરંતુ સમયાદિ સ્વરૂપ અદ્ધાકાળ ખાતર તો તેની પણ જરૂર નથી. આ અંગે **भगवतीसूत्रव्याख्या**માં **શ્રીअभयदेवसूरि**જીએ કરેલી બે વાત ખ્યાલમાં રાખવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે '(१) દિવસ, માસ વગેરે સ્વરૂપ કાળની સૂર્યગતિથી સમ્યક્ અભિવ્યક્તિ થાય છે. (२) (સમય નહિ પણ) સમયવ્યવહાર જ ફરતા સૂર્ય વગેરેના પ્રકાશથી નિષ્પન્ન થાય છે.' **પ્રજ્ઞાપનાસૂત્રવૃત્તિ**માં **શ્રીમલયગિરિસૂરિજી**એ પણ જણાવેલ છે કે 'સમયની અભિવ્યક્તિ સૂર્યાદિની ગતિક્રિયાથી થાય છે.' મતલબ કે સૂર્યક્રિયા વગેરેથી કાળ ઉત્પન્ન થતો નથી પણ અભિવ્યક્ત થાય છે, વ્યવહાર્ય બને છે. તેથી 'અઢી દ્વીપની બહાર લોકમાં કે અલોકમાં સૂર્યક્રિયા વગેરે સ્વરૂપ અભિવ્યંજક ન હોવાથી ત્યાં અભિવ્યંગ્ય એવો કાળ ન રહી શકે' - આવી આપત્તિ આપી ન શકાય. પાણી સ્વરૂપ અભિવ્યંજકની ગેરહાજરીમાં માટીની ગંધની અભિવ્યક્તિ ન થવા છતાં ત્યારે પણ ત્યાં જેમ ગંધ હાજર જ હોય છે, તેમ અઢી દ્વીપની બહાર લોકમાં અને અલોકમાં સૂર્યગતિ વગેરે સ્વરૂપ અભિવ્યંજક ન હોવા છતાં ત્યાં સમય હોવામાં કોઈ વાંધો નથી. તે જ રીતે 'જ્યાં કાળનો વ્યવહાર કે કાળનો વ્યવહર્તા ન હોય ત્યાં વ્યવહાર્ય એવો કાળ ન હોય' - આવી આપત્તિ પણ આપી ન શકાય. કારણ કે વ્યવહાર કે વ્યવહર્તા ન હોવા છતાં વ્યવહાર્ય હોવામાં કોઈ બાધ નથી. તેથી સમય-આવલિકાદિ સ્વરૂપ કાળને લોકાલોકવ્યાપક માનવામાં કોઈ પણ બાધક પ્રમાણ નથી.

यद्वाऽस्तु अलोके समयाऽऽवलिकादिलक्षणस्य व्यवहारकालस्य पूर्वोक्तस्य (१०/१८) विरहः, किन्तु अनाद्यनन्तस्थित्याद्यात्मकवर्त्तनादिपर्यायस्वरूपो नैश्चयिकस्तु कालः तत्राऽपि अव्याहत एव, तदीयास्तित्व-ज्ञान-व्यवहाराणाम् अत्यन्तं सूर्यक्रियादिनिरपेक्षत्वादिति सूक्ष्ममीक्षणीयम्।

[1]"कालाधारेण य वट्टंति हु सव्वदव्वाणि" (गो.सा.जी.का.५६८) इति **गोम्मटसारोक्तिबलेन** लोकाकाश-प्रदेशस्थैकैककालाणुद्रव्यवादिभिः आशाम्बरैरपि कालं विना अलोकाकाशद्रव्यवर्त्तनाऽनुपपत्तिः चिन्त्या।

(४) समयावलिकादिरूपः अद्धाकालः (५) अहोरात्रलक्षणश्च प्रमाणकालः अद्धाकालविशेषः नृक्षेत्रे एव स्तः, तयोः कथञ्चित् सूर्यादिपरिस्पन्दनक्रियाऽपेक्षत्वात्। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये**

[2]"सूरकिरियाविसिट्ठो गोदोहाइकिरियासु निरवेक्खो। अद्धाकालो भण्णइ समयखेत्तम्मि समयाई।।" (वि.आ.

❀ अलोकमां निश्चयकाळ निराबाध ❀

(**यद्वा.**) अथवा अढारमा श्लोकमां **नवतत्त्वप्रकरण**नी **सुमंगला** व्याख्यानो जे संदर्भ दर्शाव्यो हतो, ते मुजब समय-आवलिकादिस्वरूप व्यवहारकाळनो भले अलोकमां अभाव होय. परंतु अनादि-अनंत स्थिति वगेरे स्वरूप वर्त्तनादि पर्यायात्मक नैश्चयिक काळ तो खरेखर अलोकमां पण अव्याहत ज छे. केम के ते नैश्चयिक काळ तो सूर्यक्रिया वगेरेथी अत्यंत निरपेक्ष छे. वर्त्तनापर्यायात्मक काळ पोताना (**A**) अस्तित्व माटे, (**B**) ज्ञान माटे के (**C**) व्यवहार माटे सूर्यगति वगेरेथी तद्दन निरपेक्ष होवाथी अलोकमां पण वर्त्तनापर्यायात्मक काळनी हाजरीने स्वीकारवामां कोई दोष नथी. आम सूक्ष्म विचारणा करवी.

❀ दिगंबरो माटे विचारणीय बाबत ❀

("**काला.**) दिगंबरो भले लोकाकाशना प्रत्येक प्रदेशमां एक-एक कालाणु द्रव्योनो स्वीकार करता होय. परंतु तेओए पण **गोम्मटसार**नी एक पंक्तिने गंभीरताथी विचारवी ज पडशे. त्यां जणावेल छे के 'काळना आधारथी ज सर्व द्रव्यो वर्ती रह्या छे.' मतलब के सर्वद्रव्यवर्त्तना प्रत्ये काळ प्रयोजक छे. तथा अलोकाकाश पण एक प्रकारनुं द्रव्य ज छे. तेथी जो अलोकमां काळने दिगंबरो न माने तो अलोकाकाशनी वर्त्तना - अनादि अनंत स्थिति - शाश्वत विद्यमानता असंगत बनी जशे.

❀ अद्धाकाळ-प्रमाणकाळ मनुष्यक्षेत्रवर्ती ❀

(४) समय, आवलिका, मुहूर्त्त विगेरे स्वरूप अद्धाकाळ अढीद्वीपमां ज रहे छे. तेम ज (५) रात-दिवस स्वरूप प्रमाणकाळ तो एक प्रकारनो अद्धाकाळ ज छे. तेथी ते पण फक्त मनुष्यक्षेत्रमां = अढी द्वीपमां रहे छे. आ बन्ने प्रकारना काळने मात्र अढी द्वीपमां रहेवानुं कारण ए छे के ते बन्ने काळ कोईकने कोईक रीते सूर्य वगेरेनी परिस्पंद क्रियाने सापेक्ष छे. तथा सूर्य-चंद्र वगेरेनी परिस्पंद क्रिया = भ्रमणक्रिया तो मात्र मनुष्यक्षेत्रमां ज छे. तेथी अढी द्वीपनी बहार अद्धाकाळ के प्रमाणकाळ न संभवे. आ ज अभिप्रायथी श्रीजिनभद्रगणी क्षमाश्रमणे **विशेषावश्यकभाष्य**मां जणावेल छे के "समय वगेरे स्वरूप अद्धाकाळ समयक्षेत्रमां = मनुष्यक्षेत्रमां ज कहेवाय छे. कारण के ते सूर्यनी परिस्पन्दक्रियाथी

1. कालाधारेणैव च वर्त्तन्ते हि सर्वद्रव्याणि।

2. सूरक्रियाविशिष्टः गोदोहादिक्रियासु निरपेक्षः। अद्धाकालो भण्यते समयक्षेत्रे समयादयः।।

भा.२०३५) इति, [2]"अद्धाकालविसेसो पत्थयमाणं व माणुसे खित्ते। सो संववहारत्थं पमाणकालो अहोरत्तं।।" (वि.आ.भा.२०६८) इति च। "सूर्यक्रियैव परिणामवती अद्धाकालः, नान्यः" (वि.आ.भा.२०३५ मल वृ.) इति **तद्वृत्तौ श्रीहेमचन्द्रसूर्यभिप्रायः**। नृक्षेत्राद् बहिः सूर्यक्रियालक्षणपर्यायात्मकस्य अद्धाकालस्यैव विरहे तद्विशेषरूपस्य प्रमाणकालस्याऽपि अभावः निराबाध एव, व्यापकाऽभावस्य व्याप्याऽभावसाधकत्वात्। ततश्च पूर्वोक्तरीत्या (१०/१८) तयोः अपि पर्यायरूपतैव।

किञ्चैवं सूर्यक्रियाया एवाऽद्धाकालत्वे जीवाजीवपर्यायरूपता काले निराबाधा, सूर्यस्य जीवाऽजीवोभयरूपत्वादिति (न.च.सा.पृ.९४) **नयचक्र**सारानुसारेण भावनीयम्।

दिगम्बराणामपि समयाऽऽवलिकादिरूपो व्यवहारकालः अद्धाकालस्थानीयः मनुष्यक्षेत्रमात्रे सम्मतः। तदुक्तं **नेमिचन्द्राचार्येण गोम्मटसारे** [2]"ववहारो पुण कालो माणुसखेत्तम्हि जाणिदव्वो दु। जोइसियाणं चारे

विशिष्ट (= अभिव्यक्त) छे, सूर्यगतिने सापेक्ष बनीने जणाय छे. गायने दोहवानी क्रिया वगेरेथी अद्धाकाल निरपेक्ष छे." तथा त्यां ज आगळ उपर प्रमाणकाळने उद्देशीने एम जणावेल छे के "प्रस्थक जेम अनाज वगेरेनुं प्रमाण नक्की करवानुं साधन छे, तेम मनुष्यक्षेत्रमां जुदी-जुदी ऋतुमां प्रहर वगेरेना प्रमाणने नक्की करवानुं = सम्यक् व्यवहारनुं साधन प्रमाणकाळ छे. ते रात-दिवस स्वरूप छे. एक विशेष प्रकारनो ते अद्धाकाल ज छे." अद्धाकाळनुं विवेचन करती वखते उपरोक्त प्रथम गाथानी व्याख्यामां मलधारी श्रीहेमचन्द्रसूरिजीએ पोतानो अभिप्राय एवो जणावेल छे के "सूर्यनी परिणमनशील विविध गतिक्रिया ए ज अद्धाकाळ छे, बीजुं कोई स्वतंत्र द्रव्य वगेरे अद्धाकाळ नथी." जो मनुष्यक्षेत्रनी बहार सूर्यगतिक्रियास्वरूप पर्यायात्मक अद्धाकाळ ज न होय तो विशिष्ट अद्धाकाळस्वरूप प्रमाणकाळनो पण अभाव निराबाधपणे सिद्ध थई जशे. केम के अद्धाकालसामान्य ए प्रमाणकाळनो व्यापक छे. तथा व्यापकनो अभाव व्याप्याभावनो साधक छे. तेथी मनुष्यक्षेत्रनी बहार अद्धाकालसामान्याभाव प्रमाणकाळना अभावने सिद्ध करी आपशे. आम उपरोक्त विचार-विमर्शथी फलित थाय छे के पूर्वे आ ज शाखाना अढारमा श्लोकनी व्याख्यामां **विशेषावश्यकभाष्य**ना संवाद द्वारा जणावेली पद्धति मुजब अद्धाकाळ अने प्रमाणकाळ खरेखर अढी द्वीपमां ज छे तथा ते बन्ने पण पर्यायात्मक ज छे.

(कि.) वळी, श्रीहेमचंद्रसूरिजीना उपरोक्त वचन मुजब, सूर्यक्रिया ए ज अद्धाकाळ होय तो पण काळ निराबाधपणे जीवाजीवपर्यायस्वरूप बनशे. केम के सूर्य ए जीव-अजीवउभयस्वरूप छे. आ प्रमाणे उपाध्याय श्रीदेवचन्द्रजीकृत **नयचक्रसार** मुजब भावना करवी.

❀ व्यवहारकाळ मनुष्यक्षेत्रवर्ती : दिगंबर ❀

(दिग.) 'समय, आवलिका वगेरे स्वरूप व्यवहारकाळ मनुष्यक्षेत्रमां ज विद्यमान छे' - आवुं दिगंबरोने पण मान्य छे. तेथी ज दिगंबराचार्य **नेमिचन्द्रजी**ए **गोम्मटसार**मां जीवकांडमां जणावेल छे के "व्यवहारकाळ तो मनुष्यक्षेत्रमां ज समजवो. कारण के मनुष्यक्षेत्रमां ज ज्योतिषदेवोना विमान गति करे छे. तेमनो गतिकाळ

---

1. अद्धाकालविशेषः प्रस्थकमानमिव मानुषे क्षेत्रे। स संव्यवहारार्थं प्रमाणकालोऽहोरात्रम्।।

2. व्यवहारः पुनः कालः मानुषक्षेत्रे ज्ञातव्यस्तु। ज्योतिष्काणां चारे व्यवहारः खलु समान इति ।।

ववहारो खलु समाणोत्ति।।" (गो.सा.जी.का.५७७) इत्यवधेयम्।

यद्यपि [1]"समया ति वा आवलिया ति वा, जीवा ति वा अजीवा ति वा पवुच्चति" (स्था.सू.२/४/१०६) इति पूर्वोक्त(१०/११)**स्थानाङ्गसूत्रा**नुसारेण समयाऽऽवलिकादिरूपस्याऽपि अद्धाकालस्य लोकालोकव्यापकता, लोकस्य जीवाऽजीवोभयात्मकत्वात्, अलोकस्य चाऽजीवरूपत्वात् ***तथापि*** अलोके नृक्षेत्राद् बहिश्च समयाऽऽवलिका-क्षण-लव-मुहूर्त्ताऽहोरात्रादिव्यवहारविरहेण तत्र सतोऽपि जीवाऽजीवाऽभिन्नस्य समयाऽऽवलिकादिलक्षणस्य अद्धाकालस्य अविवक्षणेन अद्धाकालस्य अद्धाकालविशेषात्मकस्य च प्रमाणकालस्य नृक्षेत्रमात्रव्यापकत्वोक्तिः अवसेया।

यद्वा सूर्यक्रियाऽवच्छिन्नसमयाऽऽवलिकादिरूपः यः अद्धाकालः, तस्यैवाऽभावोऽलोके [2]"अलोए... नो अद्धासमएणं फुडे" (प्र.सू.१५/१/१९८) इत्यादिना **प्रज्ञापनासूत्रे** दर्शितः। परं तत्राऽपि निरवच्छिन्नसमयादिलक्षणो **विशेषावश्यकभाष्या**नुसारेण (वि.आ.भा.२०३३) अलोकाकाशाऽभिन्नोऽद्धाकालो यद्वा वर्त्तनादिस्वरूपो **विशेषावश्यकभाष्या**नुसारेण(९२६) अलोकाकाशद्रव्यपर्यायलक्षणो द्रव्यकालोऽलोके नैव निषिद्ध इत्यवधेयम्।

અને વ્યવહારકાળ બન્ને સમાન જ છે." શ્વેતાંબરમતે જે અદ્ધાકાળ છે, તે જ દિગંબરમતે વ્યવહારકાળ છે. તેથી તેને મનુષ્યક્ષેત્રવર્તી માનવાની બાબત પણ શ્વેતાંબરની અને દિગંબરની સમાન છે.

❖ समयादि लोकालोकव्यापक छतां मनुष्यक्षेत्रवर्ती ❖

(यद्य.) જો કે 'સમય કે આવલિકા જીવ કે અજીવ જ કહેવાય છે...' ઇત્યાદિરૂપે પૂર્વોક્ત (૧૦/૧૧) **સ્થાનાંગસૂત્ર**માં જે જણાવેલ છે, તે મુજબ તો સમય, આવલિકા વગેરે સ્વરૂપ પણ કાળને લોકાલોકવ્યાપક જ જાણવો. કારણ કે લોક જીવ-અજીવઉભયસ્વરૂપ છે તથા અલોક અજીવાત્મક છે. તો પણ અલોકમાં અને મનુષ્યક્ષેત્રની બહાર સમય, આવલિકા, ક્ષણ, લવ, મુહૂર્ત્ત, દિવસ, રાત વગેરેનો વ્યવહાર થતો ન હોવાથી અલોકમાં અને મનુષ્યક્ષેત્રબાહ્ય લોકમાં જીવ-અજીવથી અભિન્ન સમય-આવલિકાદિ સ્વરૂપ અદ્ધાકાળની વિવક્ષા કરવામાં નથી આવતી. આથી 'અદ્ધાકાલ અને અદ્ધાકાલવિશેષાત્મક પ્રમાણકાળ માત્ર મનુષ્યક્ષેત્રમાં વ્યાપીને રહેલ છે' - આ પ્રમાણે શાસ્ત્રોક્તિ પ્રસિદ્ધ થઈ તેમ જાણવું.

❋ अलोकमां अद्धासमय छे अने नथी ❋

(यद्वा.) અથવા એમ કહી શકાય કે સૂર્ય વગેરેની ગતિક્રિયાથી વિશિષ્ટ સમયાદિસ્વરૂપ જે અદ્ધાકાળ છે, તે જ અદ્ધાકાળનો અભાવ અલોકમાં **પ્રજ્ઞાપનાસૂત્ર**માં જણાવેલ છે. આ આશયથી **શ્યામાચાર્ય**જીએ ત્યાં દર્શાવેલ છે કે 'અલોક અદ્ધાસમયથી સ્પૃષ્ટ નથી.' મતલબ કે સૂર્યગતિસાપેક્ષ સમયાદિસ્વરૂપ અદ્ધાસમયનો અલોકાકાશમાં અભાવ છે. પરંતુ 'સૂર્યાદિની ક્રિયાથી અનવચ્છિન્ન = નિરપેક્ષ સમયાદિસ્વરૂપ અને **વિશેષાવશ્યકભાષ્ય** (૨૦૩૩) મુજબ અલોકાકાશથી અભિન્ન સ્વરૂપે સિદ્ધ થતો એવો અદ્ધાકાળ અલોકમાં નથી' - એવું અથવા 'વર્ત્તનાદિસ્વરૂપ અને **વિશેષાવશ્યકભાષ્ય** (૯૨૬) મુજબ અલોકમાં અલોકાકાશદ્રવ્યના પર્યાય તરીકે સિદ્ધ થતો એવો દ્રવ્યકાળ અલોકમાં નથી' - એવું તો **પ્રજ્ઞાપનાસૂત્ર**માં

---

1. समया इति वा आवलिका इति वा, जीवा इति वा अजीवा इति वा प्रोच्यते। 2. अलोकः ... न अद्धासमयेन स्पृष्टः।

यच्च **ज्योतिष्करण्डके** [1]"लोगाणुभावजणियं जोइसचक्कं भणंति अरिहंता। सव्वे कालविसेसा जस्स गइविसेसनिप्फन्ना।।" (ज्यो.क.६) इत्येवं लोकानुभावजनिताद् ज्योतिश्चक्राद् निष्पन्नाः ये सावच्छिन्नाः चन्द्रमास-सूर्यमासादिकाः कालविशेषा उक्ताः ते सर्वेऽद्धाकालतया व्यवहारनयतो ज्ञेयाः।

(६) सादि-सान्तादिभङ्गचतुष्कभावनाविषयीभूतानां जीवाऽजीवौदयिकादिभावानाम् अवस्थान-लक्षणः भावकालोऽपि पर्यायाऽनतिरिक्त एव। तदुक्तं भावकालमुद्दिश्य **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "यदैव जीवाऽजीवादिभावानाम् अवस्थानम्, अयमेव कालः, नान्यः इति। अतः तद्भणने अभिहित एव भावकालः" (वि.आ.भा.२०८१ मल.वृ.) इति। पूर्वोक्तप्रमाणकालोऽपि भावकाल एव। तदुक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "अद्धाकालपर्यायत्वात् प्रमाणकालोऽपि भावकाल एव" (वि.आ.भा.२०८२ वृ.) इति। एतेन अद्धाकाल-प्रमाणकाल-भावकालाना पर्यायरूपता समर्थिता।

(७) नाम-स्थापना-यथायुष्कोपक्रम-देश-काल-वर्णसम्बन्धिशेषकालभेदा अपि पर्यायात्मकतां

પણ જણાવેલ નથી. આ વાતને વિજ્ઞ વાચકવર્ગે ખાસ ખ્યાલમાં રાખવી.

☼ ज्योतिष्करंडकमां अद्धाकालनो निर्देश ☼

(यच्च.) **ज्योतिष्करंडक**માં કહ્યું છે કે 'લોકપ્રભાવથી જ્યોતિશ્ચક્ર ઉત્પન્ન થયેલ છે. તેની વિવિધ ગતિથી તમામ કાલવિશેષો ઉત્પન્ન થાય છે - આમ શ્રીઅરિહંતો કહે છે.' આ રીતે ચન્દ્ર-સૂર્યાદિની ગતિ દ્વારા નિષ્પન્ન થયેલા જે ચંદ્રાદિક્રિયાઅવચ્છિન્ન ચન્દ્રમાસ, સૂર્યમાસ વગેરે જણાવેલ છે, તે બધા જ કાલ વ્યવહારનયથી અદ્ધાકાલ તરીકે સમજવા. મતલબ કે તે કાલ પણ પર્યાયાત્મક જ છે, સ્વતંત્ર દ્રવ્યાત્મક નહિ.

☼ भावकाळ पर्यायात्मक ☼

(६) તેમજ ભાવકાળ પણ પર્યાયસ્વરૂપ જ છે. તે આ રીતે - (ક) સાદિ-સાંત, (ખ) સાદિ-અનંત, (ગ) અનાદિ-સાંત, (ઘ) અનાદિ-અનંત - આ પ્રમાણે ચાર પ્રકારના ભાંગાઓ પ્રસિદ્ધ છે. જીવ-અજીવના ઔદયિક વગેરે ભાવોને વિશે ઉપરોક્ત ચતુર્ભંગીની વિભાવના કરવામાં આવે છે. આવા ઔદયિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિક અને પારિણામિક ભાવોની ચતુર્ભંગી મુજબ જે સ્થિતિ = હાજરી છે તે જ ભાવકાળ છે. આ ભાવકાળ પણ પર્યાયથી ભિન્ન નથી. આથી **શ્રીહેમચંદ્રસૂરિજી**એ ભાવકાળને ઉદ્દેશીને **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે "જીવ અને અજીવ વગેરેના (ઔદયિકાદિ) ભાવોની જે સ્થિતિ = હાજરી છે તે જ કાળ (= ભાવકાળ) છે. તેનાથી ભિન્ન કોઈ કાળ નથી. તેથી ઔદાયિકાદિ ભાવોની સ્થિતિનું વર્ણન કરવામાં આવે તો ભાવકાળનું વર્ણન થઈ જ ગયું." આના આધારે સિદ્ધ થાય છે કે ભાવકાળ પણ પર્યાયસ્વરૂપ જ છે. પૂર્વોક્ત પ્રમાણકાળ પણ ભાવકાળ જ છે. **વિશેષાવશ્યક-મલધારવૃત્તિ**માં જણાવેલ છે કે 'અદ્ધાકાળનો જ એક પ્રકાર હોવાથી પ્રમાણકાળ પણ ભાવકાળ જ છે.' આવું કહેવાથી 'અદ્ધાકાલ, પ્રમાણકાલ તથા ભાવકાલ પર્યાયાત્મક છે' - આનું સમર્થન થાય છે.

(७) નામકાળ, સ્થાપનાકાળ, યથાયુષ્કકાળ, ઉપક્રમકાળ, દેશકાળ, કાલકાળ, વર્ણકાલ (= કાળો વર્ણ) સ્વરૂપ બાકીના કાળના વિવિધ પ્રકારો પણ પર્યાયપણાનું અતિક્રમણ કરતા નથી. તેથી તમામ

---

1. लोकानुभावजनितं ज्योतिश्चक्रं भणन्ति अर्हन्तः। सर्वे कालविशेषाः यस्य गतिविशेषनिष्पन्नाः।।

नाऽतिशेरते। तस्मात् सर्वोऽपि कालः पर्यायात्मक एव, न द्रव्यात्मक इति पूर्वोक्तरीत्या (१०/१२, १०/१८) भावनीयम्।

किञ्च, [1]"कालो नियमाउ आहेओ" (बृ.क.भा.१७० + वि.आ.भा.१४०९) इति **बृहत्कल्पभाष्य-विशेषावश्यकभाष्य**वचनात् कालस्य केवलाऽऽधेयत्वादपि पर्यायरूपता सिध्यति। कालस्य निरुपचरितद्रव्यत्वे आधारत्वाऽऽधेयत्वोभयरूपता आपद्येत, [2]"आहारो आहेयं च होइ दव्वं" (बृ.क.भा.१७० + वि.आ.भा.१४०९) इति **बृहत्कल्पभाष्य-विशेषावश्यकभाष्य**वचनादेव। ततश्च किञ्चिन्मात्रविशेषेऽपि सर्वोऽपि कालः पर्यायात्मक एवेति स्थितम्। तदिदमभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [3]"पमाणकालो वि भावकालो त्ति जं च सेसा वि। किंचिम्मेत्तविसिट्ठा सव्वे च्चिय भावकाल त्ति।।" (वि.आ.भा.२०८६) इति।

"***ननु*** यदि पर्यायकालोऽपि कश्चिद् अस्ति, तर्हि [4]"दव्वे अद्ध अहाउ य" (**आवश्यकनिर्युक्ति** - ६६० + **दशवैकालिकनिर्युक्ति** - ११) इत्यादौ किमयं नोपन्यस्तः ?

सत्यम्, किन्तु द्रव्यात् पर्यायाणां कथञ्चिद् अभिन्नत्वाद् द्रव्यकालभणनद्वारेणैव (पर्यायकालस्य) उक्तत्वाद् न पृथग् अत्र अयम् उक्तः" (वि.आ.भा.२०७४) इत्यादिकं **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**तो विज्ञेयम्।

પ્રકારના કાળ પર્યાયાત્મક જ છે, દ્રવ્યાત્મક નથી. આમ પૂર્વે (૧૦/૧૨-૧૮) જણાવ્યા મુજબ વિચારવું.

(किञ्च.) વળી, બીજી મહત્ત્વપૂર્ણ એક બાબત એ છે કે "કાળ નિયમા = અવશ્ય આધેય છે" - આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્ય**માં તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે. તે વચન મુજબ, કાળ ફક્ત આધેય જ છે, આધાર નહિ. કાળ દ્રવ્યાદિમાં રહે છે. પણ કાળમાં કોઈ રહેતું નથી. માટે પણ કાળ પર્યાયાત્મક સિદ્ધ થાય છે. જો કાળને નિરુપચરિત = વાસ્તવિક દ્રવ્ય માનવામાં આવે તો તે આધેયાત્મક અને આધારાત્મક બનવાની આપત્તિ ટપકી પડે. કારણ કે **બૃહત્કલ્પભાષ્ય**માં તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં જ જણાવેલ છે કે 'દ્રવ્ય તો આધાર અને આધેય ઉભયસ્વરૂપ છે.' તેથી થોડીક વિશેષતા હોવા છતાં બધાય પ્રકારના કાળ પર્યાયાત્મક જ છે - તેમ નક્કી થાય છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "પ્રમાણકાળ પણ ભાવકાળ જ છે, તથા કાળના બાકીના બીજા બધા ભેદો પણ થોડી ઘણી પરસ્પર વિશેષતા ધરાવવા છતાં પણ તે તમામ ભાવકાળ જ છે."

[redacted]:- **("ननु.)** "ભાગ્યશાળી ! જો પર્યાય નામનો પણ કોઈક કાળ હોય તો **આવશ્યકનિર્યુક્તિ**માં તથા **દશવૈકાલિકનિર્યુક્તિ**માં **શ્રીભદ્રબાહુસ્વામીજી**એ 'દ્રવ્યકાળ, અદ્ધાકાળ, યથાયુષ્કકાળ...' ઈત્યાદિ સ્વરૂપે જે કાળના પ્રકારો જણાવેલ છે, તેમાં પર્યાયકાળની રજૂઆત કેમ ન કરી ?

[redacted]:- **(सत्य.)** પુણ્યાત્મા ! આપની વાત સાચી છે. ઉપલક દૃષ્ટિએ **આવશ્યકનિર્યુક્તિ**ની ઉપરોક્ત ગાથામાં 'પર્યાયકાળ' આવું નામ શોધવાનો પ્રયત્ન કરીએ તો 'પર્યાયકાળ' આવું નામ તેમાં ન જ મળે. પરંતુ દ્રવ્ય કરતાં પર્યાયો કથંચિત્ અભિન્ન છે. તેથી 'દ્રવ્યકાળ' નામનો ભેદ જણાવવા દ્વારા જ પર્યાયકાળને **ભદ્રબાહુસ્વામી**જીએ ત્યાં જણાવેલ છે. તેથી 'પર્યાયકાળ' આવો નામોલ્લેખ કરવા

---

1. कालो नियमाद् आधेयः। 2. आधार आधेयं च भवति द्रव्यम्। 3. प्रमाणकालोऽपि भावकाल इति यच्च शेषा अपि। किञ्चिन्मात्रविशिष्टाः सर्वे एव भावकाला इति।। 4. द्रव्ये अद्धा यथायुश्च।

द्रव्यकालस्तु वर्त्तनापर्यायलक्षणः तत्रैव (वि.आ.भा.२०३२ मल.वृ.) दर्शितः इति इहैव पूर्वमुक्तम्। ततश्च नैव काले पारमार्थिकद्रव्यत्वम्।

किञ्च, यदि काले पारमार्थिकं द्रव्यत्वं स्यात्, तर्हि तत्र अगुरुलघुपर्याया अपि आपद्येरन्, अमूर्त्तद्रव्यत्वात्। तदुक्तं **बृहत्कल्पभाष्यवृत्तौ** "यद् अमूर्त्तद्रव्यम्, तद् भवति प्रत्येकम् अनन्तैः अगुरुलघुपर्यायैः संयुक्तम्" (बृ.क.भा.उ.१/गा.७० वृ.) इति। न चास्तिकायचतुष्टयव्यतिरेकेणाऽन्यत्राऽगुरुलघुपर्यायः श्वेताम्बरागमसम्मतः। तदिदमभिप्रेत्योक्तं **बृहत्कल्पभाष्ये** अगुरुलघुद्रव्यनिरूपणाऽधिकारे [1]"एवं तु अणंतेहिं अगुरुलहुपज्जएहिं संजुत्तं। होतु अमुत्तं दव्वं अरूविकायाणं तु चउण्हं।।" (बृ.क.भा.७०) इति। ***यद्यपि*** अमूर्त्तत्वेन सूक्ष्मानन्तप्रदेशिकादिषु स्कन्धेषु परमाणुषु चाऽगुरुलघुपर्यायाः **नन्दीसूत्र** (न.सू.१३६) - **बृहत्कल्पभाष्यपीठिका**(गा.६५ तः ७०) - **विशेषावश्यकभाष्य**(गा.६५३ तः ६६२)प्रभृतौ दर्शिताः ***तथापि*** कालेऽगुरुलघुपर्ययाः तत्र नोपदर्शिताः।

एवं व्यापकाऽभावेन व्याप्याभावसिद्ध्या अमूर्त्तद्रव्यत्वं तत्र न सम्भवति, तत्र मूर्तद्रव्यत्वस्य

पूर्वक स्वतंत्रपणे तेने त्यां जणावेल नथी." ईत्यादि बाबत मलधारी श्रीहेमचंद्रसूरिजीએ **विशेषावश्यकभाष्य-व्याख्या**માં शंका-समाधानस्वરૂपे जणावेल छे. विशेष जिज्ञासुએ त्यांथी अधिक जाणवुं. तथा द्रव्यकाल तो वर्त्तनापर्यायस्वરૂप **विशेषावश्यकभाष्य**-२०३२ गाथानी **मलधारव्याख्या**માં જ જણાવેલ છે. परामर्शकर्णिकामां आ श्लोकनी व्याख्यामां જ पूर्वे (पृष्ठ-१६१८) ते संदर्भ जणावेल छे. तेथी सिद्ध थाय छे के काळ पारमार्थिक स्वतंत्र द्रव्य नथी જ.

❋ काळ अगुरुलघु न होवाथी अमूर्त्तद्रव्य नथी ❋

(**किञ्च.**) वळी, अन्य એક महत्त्वपूर्ण वात એ छे के जो काळ पारमार्थिक द्रव्य होय तो काळमां अगुरुलघुपर्यायोने मानवा पडशे. कारण के काळ निरुपचरित द्रव्य होय तो अરૂपीद्रव्य જ होई शके. तथा जे जे अमूर्त्त द्रव्य होय, तेमां अवश्य अगुरुलघुपर्याय होय જ - आवो नियम छे. आ नियमने = व्याप्तिने जणावता **बृहत्कल्पभाष्यव्याख्या**માં कहेल छे के "जे जे अमूर्त्तद्रव्य होय, ते तमाम अनंता अगुरुलघुपर्यायोथी संयुक्त होय." परंतु चार अस्तिकायने छोडीने बीजे क्यांय पण अगुरुलघुपर्याय मान्य नथी. आ જ अभिप्रायथी अगुरुलघुद्रव्यनिरूपण अधिकारमां **बृहत्कल्पभाष्य**માં दर्शावेल छे के 'आ रीते अनंता अगुरुलघुपर्यायोथी युक्त अमूर्त्तद्रव्य होय छे. धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय अने जीवास्तिकाय - आ चार द्रव्यमां अगुरुलघुपर्यायो होय छे.' जो के सूक्ष्म अनंतप्रदेशिक वगेरे पुद्गलस्कंधोमां तथा परमाणुओमां अगुरुलघुपर्यायो **नंदीसूत्र** (सू.१३६), **बृहत्कल्पभाष्य पीठिका** (गा.६५ थी ७०), **विशेषावश्यकभाष्य** (गा.६५३ थी ६६२) वगेरेमां बतावेल छे. कारण के ते तमाम पण अमूर्त्तद्रव्य छे. छतां काळमां अगुरुलघुपर्यायो तो त्यां पण जणावेल नथी.

(**एवं.**) आम अगुरुलघुपर्याय = व्यापक न होवाथी अमूर्त्तद्रव्यत्व = व्याप्य पण काळमांथी रवाना थशे. तथा मूर्त्तद्रव्य तरीके तो काळतत्त्व कालद्रव्यवादीओने पण मान्य नथी. तथा काळमां मूर्त्तद्रव्यत्व प्रत्यक्षादि

---

1. एवं तु अनन्तैः अगुरुलघुपर्यायैः संयुक्तम्। भवतु अमूर्त्तं द्रव्यम् अरूपिकायानां तु चतुर्णाम्।।

तु कालद्रव्यवादिभिरपि अनङ्गीकारात्, बाधाच्च काले न पारमार्थिकं द्रव्यत्वमिति पारिशेषन्यायेन सिध्यति।

वस्तुतस्तु अगुरुलघुपर्यायाणामपि न द्रव्यत्वसाधकत्वम् अमूर्त्तद्रव्यत्वसाधकत्वं वा, पर्यायात्मकेषु भावलेश्या-दृष्टि-दर्शन-ज्ञानादिष्वपि अगुरुलघुपर्यायाणां सत्त्वात्। यथोक्तं **भगवतीसूत्रे** प्रथमशतक -नवमोद्देशके [1]"भावलेसं पडुच्च चउत्थपदेणं। एवं जाव सुक्कलेसा। दिट्ठी-दंसण-नाण-अन्नाण-सन्ना चउत्थपदेणं णेयव्वाओ।... सागारोवओगो अणागारोवओगो चउत्थपदेणं" (भ.सू.१/९/७३) इति। 'चउत्थपदेणं = अगुरुलघुपदेने'त्यर्थः। ततश्च [2]"तीतद्धा अणागयद्धा सव्वद्धा चउत्थएणं पदेणं" (भ.सू.१/९/७३) इति **भगवतीसूत्र**वचनात् कालेऽगुरुलघुपर्यायोपदर्शनेऽपि न काचित् क्षतिः अस्माकं पर्यायलक्षणकालवादिनाम्, अगुरुलघुपदार्थविभागे दर्शितस्याऽपि कालस्य भावलेश्यादेरिव पर्यायरूपताऽनतिक्रमात्।

अथ जीवस्याऽरूपित्वेन अगुरुलघुत्वात् तत्पर्यायरूपाणां भावलेश्या-दृष्टिप्रभृतीनाम् अगुरुलघुत्वम्

પ્રમાણથી બાધિત પણ છે. તેથી પારિશેષન્યાયથી 'કાળ પારમાર્થિક દ્રવ્ય નથી' - તેમ સિદ્ધ થાય છે.

✡ अगुरुलघुपदार्थ पर्यायात्मक पण मान्य ✡

(वस्तु.) વાસ્તવમાં તો અગુરુલઘુપર્યાયો પણ દ્રવ્યત્વના કે અમૂર્ત્તદ્રવ્યત્વના વ્યાપ્ય કે સાધક નથી. કારણ કે પર્યાયસ્વરૂપ એવી ભાવલેશ્યા, દૃષ્ટિ (સમ્યગ્ - મિથ્યા), દર્શન (સામાન્ય ઉપયોગ), જ્ઞાન, અજ્ઞાન વગેરે આત્મપરિણતિઓમાં પણ અગુરુલઘુપર્યાયો વિદ્યમાન છે. આ અંગે **ભગવતીસૂત્ર**ના પ્રથમ શતકના નવમા ઉદ્દેશામાં જણાવેલ છે કે "ભાવલેશ્યાને આશ્રયીને ચોથાપદથી = અગુરુલઘુપદથી સમજવું. આ રીતે ભાવશુક્લલેશ્યા યાવત્ સમજવું. દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, સંજ્ઞા ચોથાપદથી જાણવા યોગ્ય છે..... સાકાર ઉપયોગ, અનાકાર ઉપયોગ ચોથાપદથી જ્ઞાતવ્ય છે." (૧) ગુરુ, (૨) લઘુ, (૩) ગુરુલઘુ અને (૪) અગુરુલઘુ - આ ચાર પદો છે. ઉપરોક્ત ભાવલેશ્યા વગેરે આત્મપરિણતિસ્વરૂપ હોવાથી તેને ચોથા અગુરુલઘુપદથી દર્શાવેલ છે. મતલબ કે જે અગુરુલઘુ હોય તે દ્રવ્ય કે અમૂર્ત્તદ્રવ્ય હોય તેવો નિયમ નથી. તેથી 'અતીત અદ્ધાસમયો, અનાગત અદ્ધાસમયો, સર્વ અદ્ધાસમયો ચોથા પદથી જાણવા' - આવા **ભગવતીસૂત્ર**ના વચનથી કાલમાં અગુરુલઘુપર્યાયોને કોઈ જણાવે તો પણ પર્યાયાત્મક કાલને સ્વીકારવામાં અમને કોઈ તકલીફ નથી. કારણ કે અગુરુલઘુ પદાર્થના વિભાગમાં જણાવેલ હોવા છતાં ભાવલેશ્યા જેમ પર્યાયાત્મક છે તેમ કાળ પણ પર્યાયાત્મક બની શકે છે. અગુરુલઘુપદાર્થવિભાગમાં નિર્દેશ થવા માત્રથી કાળ પર્યાયરૂપતાનું અતિક્રમણ કરીને સ્વતંત્રદ્રવ્યરૂપતાને કે અમૂર્ત્તદ્રવ્યાત્મકતાને પામી જાય - તેવું કહી શકાતું નથી. બાકી તો ભાવલેશ્યા, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન વગેરેને પણ પર્યાયાત્મક માની નહિ શકાય.

❖ वर्त्तनालक्षण कालमां गुरुलघुतानो आक्षेप ❖

[illegible] :- **(अथ.)** જીવદ્રવ્ય અરૂપી હોવાથી અગુરુલઘુ છે. તેથી તેના પર્યાયસ્વરૂપ ભાવલેશ્યા,

---

1. भावलेश्यां प्रतीत्य चतुर्थपदेन। एवं यावत् शुक्ललेश्या। दृष्टि-दर्शन-ज्ञानाऽज्ञान-संज्ञाः चतुर्थपदेन ज्ञातव्याः।... साकारोपयोगः अनाकारोपयोगः चतुर्थपदेन। 2. अतीताऽद्धा अनागताद्धा सर्वाद्धा चतुर्थेन पदेन।

उपपद्यते, स्वतन्त्रकालद्रव्यानभ्युपगमे तु कालस्य जीवाऽजीवपर्यायात्मकतया गुरुलघुत्वमपि अप्रत्याख्येयम्, वर्त्तनापर्यायाश्रयीभूतस्थूलपुद्गलद्रव्याणां निश्चयतो गुरुलघुत्वादिति ***चेत्*** ?

सत्यम्, तथापि गुरुलघुपुद्गलवर्त्तनातोऽगुरुलघुगगनादिद्रव्यवर्त्तनानामनन्तगुणाऽधिकत्वेन बाहुल्याऽपेक्षया जीवाऽजीवोभयगतवर्त्तनादिपर्यायलक्षणस्य कालस्य तत्राऽगुरुलघुतया निर्देशादिति तावद् वयं जानीमहे।

अनेन कालस्य जीवाऽजीववर्त्तनापर्यायात्मकत्वे **अनुयोगद्वारसूत्रे** (अनु.द्वा.सू.४०१) **प्रज्ञापनासूत्रे**

दृष्टि वगेरेमां अगुरुलघुपणुं संगत थई शके छे. परंतु तमारा मते तो काळ स्वतंत्र द्रव्यात्मक नथी पण जीव-अजीवना पर्यायस्वरूप छे. तेथी काळमां गुरुलघुत्वनो निषेध करी नहि शकाय. कारण के जीव अमूर्त्त-अगुरुलघु होवाथी जीववर्त्तनास्वरूप काळ भले अगुरुलघु होय. परंतु स्थूल पुद्गलस्कंधो (पत्थर वगेरे) तो निश्चयथी गुरुलघु होवाथी तेमां रहेनारा वर्त्तनापर्यायोने तमारे अवश्यपणे निश्चयथी गुरुलघु मानवा ज पडशे. तेने अगुरुलघु कहेवामां कोई तर्क तमारी पासे नथी. तेथी काळने जीवाजीववर्त्तनास्वरूप मानवा जतां **भगवतीसूत्र**मां काळने अगुरुलघुविभागमां जणावेल छे ते बाबत असंगत बनी जशे. तेथी उपरोक्त भगवतीसूत्रवचननी संगति करवा माटे काळने अतिरिक्त अमूर्त्त द्रव्य मानवुं ए ज व्याजबी छे.

❋ बाहुल्य दृष्टिએ पर्यायात्मक काळ अगुरुलघु ❋

निराकरण :- (सत्य.) भाग्यशाळी ! 'स्थूल पुद्गलस्कंधो निश्चयथी गुरुलघु होवाथी तेमां रहेनार वर्त्तनापर्याय गुरुलघु बने' - आ तमारी वात साची छे. तो पण अगुरुलघुपदार्थविभागनी अंदर भगवतीसूत्रमां जे काळनो निर्देश करेलो छे तेने जीवाजीववर्त्तनास्वरूप मानवो व्याजबी छे. तेनुं कारण एे छे के गुरुलघुभूत स्थूलपुद्गलनी वर्त्तना करतां अगुरुलघु आकाश वगेरे द्रव्यनी वर्त्तना अनंतगुण अधिक छे. कुल गुरुलघु पुद्गलो करतां आकाशप्रदेश अनंतगुण वधु छे. अलोकाकाशना प्रदेशो समस्तपुद्गलास्तिकायप्रदेश करतां पण अनंतगुण वधारे छे - आवुं **पन्नवणासूत्र**मां जणावेल छे. जीवादि सर्व द्रव्योमांथी फक्त पुद्गलमां गुरुलघुता संभवे छे. तेमां पण समस्त पुद्गलराशिनो अनंतमो भाग ज गुरुलघु छे. बाकीना सूक्ष्म पुद्गलस्कंधो तो अगुरुलघु ज छे. लोकाकाश-अलोकाकाशना प्रत्येक प्रदेश उपर अनंतानंत अगुरुलघुपर्यायो रहेला छे. जेम अगुरुलघु जीवना ज्ञानादि पर्यायो अगुरुलघु छे. तेम अगुरुलघु द्रव्यना वर्त्तनापर्यायो अगुरुलघु बनशे अने गुरुलघु द्रव्यना वर्तनापर्यायो गुरुलघु बनशे. आ रीते शास्त्रदृष्टिએ विचारतां गुरुलघु पुद्गलोनी तमाम वर्त्तना करतां अगुरुलघु गगनादिद्रव्योनी तमाम वर्त्तना अनंतगुण अधिक बनशे. तेथी अधिकांश वर्त्तनापर्यायो तो अगुरुलघु ज थाय छे. तेथी बाहुल्यनी अपेक्षाએ जीव-अजीवउभयगत वर्त्तनादिपर्यायस्वरूप काळ **भगवतीसूत्र**मां अगुरुलघु तरीके जणावेल छे. आ प्रमाणे अमने निःशंकपणे जणाय छे.

जिज्ञासा :- (अनेन.) जो काल उपरोक्त शास्त्रसंदर्भोना आधारे जीव-अजीव उभयनी वर्त्तना पर्यायस्वरूप ज होय तो **अनुयोगद्वारसूत्र**मां तथा **प्रज्ञापनासूत्र**मां दशविध अरूपी अजीवद्रव्यनी जे प्ररूपणा करी छे, तेमां शा माटे काळनी गणना करवामां आवी छे ? कारण के अजीववर्त्तनापर्यायस्वरूप

(प्र.सू.१/३) चाऽजीवद्रव्यतया प्ररूपणा कथमुपलभ्यते ? इत्यपि ***समाहितम्,***

जीववर्त्तनातोऽजीववर्त्तनानामनन्तगुणाधिकत्वेन बाहुल्याऽपेक्षया कालस्याऽजीवद्रव्यतया तत्र निर्देशादिति (न.च.सा.पृ.१२३) इति **नयचक्रसारविवरणे देवचन्द्र**वाचकाः प्राहुः।

वस्तुतस्तु **अनुयोगद्वारे**ऽपि पर्यायकाल एव सम्मतः, [1]"जीवाजीवपज्जायत्तणतो कालस्स" (अ.द्वा.सू.१३१/चू.पृ.१८१) इति **अनुयोगद्वारसूत्रचूर्णि**वचनात्। यथोक्तम् **अनुयोगद्वारहारिभद्रीवृत्तौ** अपि "कालस्य वर्त्तनादिरूपत्वाद्" (अनु.द्वा.८६ हा.वृ.पृ.१२१) इति। **अनुयोगद्वारमलधारवृत्तौ** तु "कालो द्रव्यपर्याय एव" (अनु.द्वा.८६/म.वृ.पृ.१२२) इत्येवं सावधारणमुक्तम् इहानुसन्धेयं पूर्वोक्तम् (१०/११)। पूर्वोक्तात् (१०/११ + १३ + १८) [2]"किमयं भंते ! कालोत्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव, अजीवा चेव" (जीवा.) इति **जीवाजीवाभिगमसूत्र**वचनादपि कालः परमार्थतः जीवाजीववर्त्तनापर्यायरूप एव स्वीकर्तव्यः।

कालिकपरत्वाऽपरत्व-नवत्व-पुराणत्व-तरुणत्व-वृद्धत्वादयः भावा अपि न्यूनाधिकवर्त्तनादि-

---

કાળ ભલે અજીવદ્રવ્યાત્મક હોય. પરંતુ જીવવર્ત્તનાપર્યાયાત્મક જે કાળ છે, તે તો જીવદ્રવ્યરૂપ જ હોય ને ? પર્યાય-પર્યાયી વચ્ચે અભેદ જ હોય ને ! તો પછી શા માટે અજીવદ્રવ્ય તરીકે કાળનો ઉલ્લેખ ઉપરોક્ત આગમસૂત્રમાં મળે છે ?

❯ જીવાજીવપર્યાયિસ્વરૂપ કાળનો અજીવદ્રવ્યમાં સમાવેશ સહેતુક ❮

[illegible]:- (**जीव.**) તમારી વાત સાચી છે. પરંતુ અમે ઉપર જે જણાવ્યું, તેનાથી જ તમારી જિજ્ઞાસાનું શમન થઈ જાય છે. કેમ કે જીવવર્ત્તનાપર્યાય કરતાં અજીવવર્ત્તનાપર્યાય અનંતગુણ અધિક છે. તેથી બાહુલ્યની અપેક્ષાએ કાળને અજીવદ્રવ્ય તરીકે **અનુયોગદ્વારસૂત્ર** વગેરેમાં જણાવેલ છે. આ મુજબ ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જી મહારાજે **નયચક્રસારવિવરણ**માં કહ્યું છે.

(**वस्तु.**) વાસ્તવમાં તો **અનુયોગદ્વારસૂત્ર**માં પણ પર્યાયાત્મક જ કાળ માન્ય છે. કેમ કે **અનુયોગદ્વારસૂત્રચૂર્ણિ**માં કહેલ છે કે 'કાલ જીવાજીવનો પર્યાય છે.' ખુદ શ્રી**હરિભદ્રસૂરિ**જીએ પણ **અનુયોગદ્વારસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે કે 'કાળ વર્ત્તનાદિસ્વરૂપ છે.' મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ તો 'કાળ એ દ્રવ્યનો પર્યાય જ છે' - આમ જકારપૂર્વક જણાવેલ છે. આ સંદર્ભ પૂર્વે (૧૦/૧૧) દર્શાવેલ હતો. તેનું અહીં અનુસંધાન કરવું. તેથી **અનુયોગદ્વાર** મૂળસૂત્રમાં કાળને અજીવદ્રવ્ય તરીકે જણાવવા છતાં તેનું તાત્પર્ય તો **વ્યાખ્યાકારમહર્ષિ**ના સ્પષ્ટ કથન મુજબ કાળપર્યાયપક્ષમાં જ ફલિત થાય છે. તેમજ પૂર્વે આ જ શાખાના ૧૧+૧૩+૧૮ મા શ્લોકમાં **જીવાજીવાભિગમસૂત્ર**નો જે સંદર્ભ જણાવેલ કે 'હે ભગવંત ! આ કાળ શું કહેવાય છે ? ગૌતમ ! જીવ અને અજીવ જ કાળ કહેવાય છે' - તે મુજબ પણ કાળતત્ત્વને પરમાર્થથી જીવવર્ત્તનાપર્યાય અને અજીવવર્ત્તનાપર્યાય - એમ ઉભયસ્વરૂપ જ સ્વીકારવું યોગ્ય છે.

❋ પર્યાયિકાલથી પણ પરત્વાપરત્વાદિની સંગતિ ❋

(**कालि.**) પૂર્વે આ જ શાખાના બારમા શ્લોકની વ્યાખ્યામાં કાલિક પરત્વ-અપરત્વ વગેરેના અપેક્ષાકારણરૂપે અતિરિક્તકાલદ્રવ્યની સિદ્ધિ કરવામાં આવેલ હતી. પરંતુ હકીકત એ છે કે કાલિકપરત્વ

---

1. जीवाजीवपर्यायत्वतः कालस्य। 2. कोऽयं भदन्त ! काल इति प्रोच्यते ? गौतम ! जीवाश्चैव, अजीवाश्चैव।

पर्यायात्मककालापेक्षया उपपद्यन्ते एव।

वर्त्तनादिपर्यायाणामपि स्वाश्रयत एव उत्पत्तिसम्भवेन तत्राऽपि अतिरिक्तकालानपेक्षैव। ***एतेन*** "वर्त्तना परिणामः क्रिया परत्वाऽपरत्वे च कालस्य" (त.सू.५/२२) इति पूर्वोक्ता (१०/१२) **तत्त्वार्थसूत्रोक्तिः** अपि ***व्याख्याता,*** वैस्रसिकतत्तद्वर्त्तनादिपर्यायपरिणतजीवाऽजीवात्मककालोपग्रहविधया तदुपपत्तेः।

एवं समयक्षेत्रे कटक-मुकुटादिवर्त्तनां प्रति बहिरङ्गापेक्षाकारणं सूर्यादिपरिस्पन्दक्रिया अन्तरङ्गकारणञ्च स्वद्रव्यमेवेति न वर्त्तनाबहिरङ्गकारणविधयाऽतिरिक्तकालद्रव्यापेक्षा, न वा

= મોટાપણું, કાલિકઅપરત્વ = નાનાપણું, નવીનત્વ, પુરાણત્વ, તરુણત્વ, વૃદ્ધત્વ વગેરે ભાવો પણ ન્યૂન-અધિક વર્ત્તનાદિ પર્યાયસ્વરૂપ કાળની અપેક્ષાએ સંગત થઈ શકે જ છે. જેમાં વર્ત્તનાદિ પર્યાયો વધુ ઉત્પન્ન થયેલ હોય તેમાં મોટાપણું, પુરાણત્વ, વૃદ્ધત્વ વગેરે ભાવો રહે. તથા જેમાં વર્ત્તનાદિ પર્યાયો ઓછા ઉત્પન્ન થયેલા હોય તેમાં નાનાપણું, નવીનત્વ, તરુણત્વ વગેરે ભાવો રહે - આવું માની શકાય છે. તેના દ્વારા જ નાના-મોટા વગેરેનો વ્યવહાર સંગત થઈ શકે છે. તો શા માટે અતિરિક્ત કાલદ્રવ્યનો સ્વીકાર કરવો ?

પ્રશ્ન :- નાના-મોટાનો વ્યવહાર અતિરિક્ત કાલદ્રવ્યને માન્યા વિના ભલે ન્યૂનાધિક વર્ત્તનાદિ પર્યાયો દ્વારા તમે સંગત કરી દીધો. પરંતુ વર્ત્તના વગેરે પર્યાયનું કારણ કોણ ? અતિરિક્ત કાળદ્રવ્યને માન્યા વગર તેની સંગતિ તો નહિ જ થઈ શકે ને ?

૪ વર્ત્તનાદિ પર્યાયો સ્વાશ્રયજન્ય ૪

ઉત્તર :- (वर्त्त.) ના, વર્ત્તનાદિ પર્યાયોની પણ ઉત્પત્તિ પોતાના આશ્રયથી જ સંભવિત હોવાથી તેના પ્રત્યે પણ અતિરિક્ત કાલદ્રવ્યની અપેક્ષા નહિ જ રહે. તેથી પૂર્વે (૧૦/૧૨) દર્શાવેલ **तत्त्वार्थसूत्र**માં 'વર્ત્તના, પરિણામ ક્રિયા, પરત્વ અને અપરત્વ આ પાંચેય કાળનો ઉપકાર છે' - આમ જે જણાવેલ છે, તેનું પણ સ્પષ્ટીકરણ અમારા ઉપરોક્ત કથનથી થઈ જાય છે. કેમ કે વર્ત્તના વગેરે પર્યાયો વિસ્રસાપરિણામથી ઉત્પન્ન થાય છે. તથા તાદૃશ વર્ત્તનાદિ પર્યાયો પ્રત્યે જીવાજીવદ્રવ્ય ઉપાદાનકારણ છે. તેથી વૈસ્રસિક વિવિધ વર્ત્તનાદિ પર્યાયોથી પરિણત એવા જીવાજીવાત્મક કાલતત્ત્વના ઉપગ્રહ સ્વરૂપે **तत्त्वार्थसूत्र**દર્શિત વર્ત્તના-પરિણામાદિની સંગતિ થઈ શકે છે. તથાવિધજીવાદિસ્વરૂપ કાલતત્ત્વ દ્વારા જ જો વર્ત્તનાપરિણામાદિની સંગતિ થઈ શકતી હોય તો અતિરિક્ત કાલદ્રવ્યની કલ્પના કરવાની જરૂરત રહેતી નથી.

શંકા :- બાજુબંધ, મુગટ વગેરે આભૂષણોની વર્ત્તનાના બાહ્ય કારણ તરીકે પૂર્વે બારમા શ્લોકના વિવરણમાં સ્વતંત્ર કાલદ્રવ્યની સિદ્ધિ કરી હતી તેનું શું ? જો ત્યાં વર્ત્તનાના બહિરંગકારણ તરીકે સ્વતંત્ર કાલદ્રવ્યનો સ્વીકાર ન કરો તો ગતિ વગેરેના બાહ્ય કારણ તરીકે ધર્માસ્તિકાય વગેરેની પણ અસિદ્ધિ થવાની આપત્તિ આવશે.

૪ વર્ત્તનાબહિરંગકારણ સ્વતંત્રકાલદ્રવ્ય નથી ૪

નિરાકરણ :- (एवं.) આ શંકા વ્યાજબી નથી. કારણ કે મનુષ્યક્ષેત્રમાં રહેલ બાજુબંધ, મુગટ વગેરે વસ્તુની વર્ત્તના પ્રત્યે બહિરંગકારણ સૂર્ય વગેરેની પરિસ્પંદ ક્રિયા છે તથા અંતરંગકારણ સ્વદ્રવ્ય = વર્ત્તનાઆશ્રયીભૂત સુવર્ણાદિદ્રવ્ય જ છે. તેથી સોનાના બાજુબંધ વગેરે આભૂષણોના બહિરંગકારણસ્વરૂપે

गत्याद्यपेक्षाकारणविधया धर्मादिद्रव्याणाम् असिद्ध्यापत्तिः। एवमेव ऋतुविभाग-नियतपुष्प-फलाद्युद्गमस्याऽपि सूर्यपरिस्पन्दक्रियात्मकाऽद्धाकालवशादेवोपपत्तेः। अलोकादिवर्त्तना तु सूर्यादिक्रियानिरपेक्षैव।

पूर्वं (१०/१२) **द्रव्यालङ्कारवृत्ति**सन्दर्भेण दर्शिता गुण-पर्याया अपि वस्तुतो जीवाजीवगताः तदभिन्न-वर्त्तनापर्यायात्मके काले उपचर्यन्ते। "कालस्य उपचारतो द्रव्यत्वात् तत्र नित्याऽनित्यगुण-पर्यायादिकं सर्वम् उपचारत एव बोध्यम्" (आ.सा.पृ.३६ + ष.द्र.वि.पृ.३७) इति **आगमसारे देवचन्द्रवाचकाः षड्द्रव्यविचारे** च **बुद्धिसागरसूरयः** प्राहुः।

उत्पाद-व्ययशालिनः पर्यायात्मकस्य कालस्य स्वाश्रयजीवाऽजीवद्रव्याऽभिन्नतया ध्रौव्यम् उपपद्यते स्वतन्त्रद्रव्यत्वञ्च व्यवच्छिद्यते।

અતિરિક્ત કાલદ્રવ્યની અપેક્ષા નહિ રહે. તથા તમારા જણાવ્યા મુજબ ગતિ વગેરેના બાહ્યકારણ તરીકે ધર્માસ્તિકાય વગેરેની અસિદ્ધિ થવાની આપત્તિને અવકાશ નહિ રહે. કારણ કે મનુષ્યક્ષેત્રમાં વર્ત્તનાના બહિરંગ કારણ તરીકે સૂર્યાદિની પરિસ્પંદ ક્રિયાને અમે માનીએ છીએ. તે જ રીતે શિયાળો, ઉનાળો વગેરે ઋતુઓનો વિભાગ, પ્રતિનિયત ફૂલ-ફળ વગેરેની ચોક્કસ ઋતુમાં ઉત્પત્તિ વગેરે પણ સૂર્યપરિસ્પંદક્રિયાસ્વરૂપ અદ્ધાકાળના આધારે જ સંગત થઈ શકે છે. તે માટે સ્વતંત્ર કાળદ્રવ્યની આવશ્યકતા નથી. તથા અલોક વગેરેની વર્તના તો સૂર્યાદિની ક્રિયાથી નિરપેક્ષ જ છે.

પ્રશ્ન :- ગુણ-પર્યાયયુક્ત હોવાથી કાળ દ્રવ્ય છે - આવું **દ્રવ્યાલંકારવૃત્તિ**માં જણાવેલ છે. તેનું સમાધાન શું આપશો ? પૂર્વે (૧૦/૧૨) દ્રવ્યાલંકારવૃત્તિનો સંદર્ભ દર્શાવેલ જ છે ને ?

જીવાદિગત ગુણ-પર્યાયનો કાળમાં ઉપચાર

ઉત્તર :- (પૂર્વ.) ભાગ્યશાળી ! પૂર્વે (૧૦/૧૨) **દ્રવ્યાલંકારવૃત્તિ**ના સંદર્ભથી દેખાડેલા ગુણ અને પર્યાયો પણ વાસ્તવમાં તો જીવ અને અજીવ દ્રવ્યમાં જ રહેલા છે. પરંતુ વર્ત્તનાપર્યાયસ્વરૂપ કાળ તે બન્નેથી અભિન્ન હોવાના લીધે તેમાં જીવાજીવવૃત્તિ ગુણ-પર્યાયોનો ઉપચાર કરવામાં આવે છે. તેથી કાળને સ્વતંત્ર દ્રવ્યાત્મક માનવાની જરૂર રહેતી નથી. આ અંગે ઉપાધ્યાય શ્રીદેવચન્દ્રજીએ **આગમસાર** પ્રકરણમાં તથા **બુદ્ધિસાગરસૂરિજીએ ષડ્દ્રવ્યવિચાર** પ્રકરણમાં જણાવેલ છે કે 'કાળ ઉપચારથી દ્રવ્ય છે. તેથી કાળમાં નિત્ય ગુણ, અનિત્ય પર્યાય વગેરે જે જણાવેલ છે, તે બધું ઉપચારથી જ જાણવું.'

પ્રશ્ન :- માત્ર ઉત્પાદ-વ્યયયુક્ત હોવાથી કાળમાં ધ્રૌવ્ય નહિ આવે. તો કાલ ત્રિલક્ષણાત્મક કઈ રીતે બનશે ?

પર્યાયાત્મક કાળમાં ત્રૈલક્ષણ્યની સંગતિ

ઉત્તર :- (ઉત્પાદ.) વાસ્તવમાં તો કાળમાં ઉત્પાદ-વ્યય જ રહે છે. કારણ કે કાળ પર્યાયસ્વરૂપ છે. પરંતુ વર્ત્તનાપર્યાયાત્મક કાલતત્ત્વ પોતાના આશ્રયીભૂત જીવ-અજીવ દ્રવ્યથી અભિન્ન છે. તથા જીવાદિ દ્રવ્યોમાં ધ્રૌવ્ય રહેલું હોવાથી તેનાથી અપૃથગ્ભૂત વર્ત્તનાપર્યાયમાં પણ ધ્રૌવ્ય સંગત થાય છે. તથા વર્ત્તનાપર્યાયાત્મક કાળને સ્વતંત્રદ્રવ્ય માનવાની બાબતની બાદબાકી થઈ જાય છે. મતલબ કે પર્યાયાત્મક કાળમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સંભવી શકે છે.

न चोत्पाद-व्यय-ध्रौव्यशालितया कालस्य निरुपचरितद्रव्यत्वापत्तिः, अन्यथा पूर्वोक्तरीत्या (९/१४-१५) उत्पाद-व्यय-ध्रौव्यशालितया केवलज्ञानादिगुणानामपि स्वतन्त्रद्रव्यत्वम् आपद्येत। ततो कालस्य नातिरिक्तद्रव्यत्वम् आपद्यते।

अत एव **अनुयोगद्वारसूत्र-प्रज्ञापनासूत्रादौ** (अनु.द्वा.सू.४०१, प्रज्ञा.सू.३/७९) दशविधाऽरूप्य-जीवद्रव्यप्रज्ञापनायाम् उपदर्शितस्य अद्धाकालस्य द्रव्यत्वम् उपचरितमेव बोध्यम्।

"समयक्षेत्रे ये केचन द्रव्यपर्यायाः सन्ति, तेषाम् एकैकस्मिन् साम्प्रतसमयः वर्त्तते। एवं च साम्प्रतः समयः यस्मात् समयक्षेत्रद्रव्यपर्यवगुणो भवति, तस्माद् अनन्ताः समयाः एकैकस्मिन् समये भवन्ति" (भ.सू.२५/३/७३३ वृ.पृ.८७०) इति **भगवतीसूत्रवृत्ति**प्रबन्धोऽपि प्रकारान्तरेण कालपर्यायपक्षमेव समर्थयति। न हि पर्यायवृत्तेः निरुपचरितद्रव्यत्वं सम्भवति। एवं कालपर्यायपक्षः सङ्गच्छतेतराम्।

इत्थं पूर्वाऽपरसूत्र-तद्वृत्ति-परम्परा-युक्त्याद्यनुसन्धानेन अधिकम् अनया दिशा ऊहनीयम्, न तु

शंका :- જો કાળમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય તો કાળને નિરુપચરિત દ્રવ્ય જ માનો ને ?

✡ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વતંત્રદ્રવ્યત્વના અનાપાદક ✡

સમાધાન :- (**न चो.**) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જેમાં હોય તે સ્વતંત્ર દ્રવ્ય જ હોય - તેવો કોઈ નિયમ નથી. બાકી તો પૂર્વે નવમી શાખાના ૧૪-૧૫ શ્લોકમાં જણાવ્યા મુજબ કેવલજ્ઞાન વગેરે ગુણોમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોવાથી તેને પણ અતિરિક્ત દ્રવ્ય સ્વરૂપે માનવાની આપત્તિ દુર્વાર બનશે. ઉત્પાદાદિ-ત્રિતય હોવા છતાં જેમ કેવલજ્ઞાનાદિ સ્વંતત્રદ્રવ્યાત્મક નથી પણ ગુણાત્મક જ છે, તેમ ઉત્પાદાદિત્રિતય હોવા છતાં કાળ સ્વતંત્ર દ્રવ્ય નથી પણ પર્યાયાત્મક છે - તેવું માનવામાં દોષ નથી. તેથી કાળમાં ઉત્પાદાદિ ત્રિતય હોવા માત્રથી અતિરિક્ત દ્રવ્યત્વની આપત્તિ નહિ આવે.

✡ કાળપર્યાયપક્ષમાં દશવિધ અજીવઅરૂપીદ્રવ્યપ્રરૂપણાની સંગતિ ✡

(**अत.**) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કે આરોપિત ગુણાદિ સ્વંતત્રદ્રવ્યત્વના સાધક બની શકતા નથી. આ જ કારણસર **અનુયોગદ્વારસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર** વગેરેમાં અરૂપી અજીવ દ્રવ્યની દશ પ્રકારે પ્રરૂપણા કરવાના અવસરે દશમા નંબરે અદ્ધાકાળમાં જે દ્રવ્યત્વ જણાવેલ છે, તે પણ ઔપચારિક જ જાણવું.

✡ કાળ પર્યાય છે - ભગવતીસૂત્રવૃત્તિ ✡

("**सम.**) 'મનુષ્યક્ષેત્રમાં જે કોઈ પણ દ્રવ્યપર્યાય છે, તે પ્રત્યેકમાં વર્તમાનસમય રહે છે. આમ જે કારણે વર્તમાન સમય એ મનુષ્યક્ષેત્રવર્તી દ્રવ્યના પર્યાયોનો ગુણધર્મ બને છે, તે કારણે એક-એક સમયમાં અનન્તા સમયો રહે છે' - આ મુજબ **ભગવતીસૂત્રવૃત્તિ**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ પ્રબંધ જણાવેલ છે. તે પણ એક યા બીજી રીતે 'કાળ એ પર્યાય છે' - આ પક્ષનું જ સમર્થન કરે છે. કારણ કે પર્યાયમાં જે રહે, તે નિરુપચરિતદ્રવ્ય ન જ સંભવી શકે. આમ કાળપર્યાયપક્ષ અત્યંત સંગત થાય છે.

(**इत्थं.**) હજુ આ બાબતમાં ઉપરોક્ત દિગ્દર્શન મુજબ આગળ-પાછળના આગમસૂત્રો, તેની વ્યાખ્યા, સંપ્રદાય, યુક્તિ વગેરેને અનુસરીને સ્વયં અધિક ઊહાપોહ કરવાની વિજ્ઞ વાચકવર્ગને ભલામણ 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં કરવામાં આવેલ છે. પરંતુ 'અમુક આગમસૂત્ર કાળને દ્રવ્ય માને છે. અન્ય

पूर्वापरविरुद्धसूत्रमूढतया भाव्यम्, सूत्रस्य प्रसुप्तसमत्वात्। तदिदमभिप्रेत्य **बृहत्कल्पभाष्ये सङ्घदासगणिना** [1]"पासुत्तसमं सुत्तं, अत्थेणाऽबोहियं न तं जाणे" (बृ.क.भा.३१२) इति, **पाक्षिकसप्ततिकायां मुनिसुन्दरसूरिणा** [2]"पुव्वावरेण भाविऊण सुत्तं पयासियव्वं" (पा.स.६५) इति, **दानादिप्रकरणे** च **सूराचार्येण** "उत्सर्गेणाऽपवादेन निश्चयाद् व्यवहारतः। क्षेत्र-पात्राद्यपेक्षञ्च सूत्रं योज्यं जिनागमे।।" (दा.प्र. ७/१२०) इत्युक्तमित्यवधेयम्।

यच्चेह क्वचित् किञ्चित् पुनरुक्तं तत् प्रपञ्चप्रियविनेयाऽनुग्रहार्थत्वात्, वस्तुविशेषोपलम्भप्रयोजनत्वात्, तथाविधशास्त्रपाठाऽऽदरादिभावात्, निजस्वाध्याय-संस्कारोद्दीपनादिनिमित्तभावाच्च निर्दोषमिति मन्तव्यम्। तदुक्तम् उद्धरणरूपेण **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** [3]"पुव्वभणियं पि जं वत्थु भण्णए तत्थ कारणं अत्थि। पडिसेहो य अणुन्ना वत्थुविसेसोवलंभो वा।।" (वि.आ.भा.गा.१४६६ वृत्तौ उद्धृतम्) इति, **स्थानाङ्गसूत्रवृत्तौ**

શાસ્ત્રવચનો કાળને પર્યાય માને છે. આ બન્નેમાં તો વિરોધ છે. આમાં સાચું તત્ત્વ શું છે ? તે સમજાતું નથી'- આ પ્રમાણે મૂંઝાવું નહિ. કારણ કે સૂત્ર = શાસ્ત્રવચન તો સૂતેલા માણસ જેવું છે. તેને નય -પ્રમાણ-નિક્ષેપવિચારણા દ્વારા જગાડવામાં આવે તો જ તે તાત્ત્વિક અર્થને જણાવે. આ જ અભિપ્રાયથી **બૃહત્કલ્પભાષ્યમાં શ્રીસંઘદાસગણી**એ જણાવેલ છે કે 'ગાઢ સૂતેલા માણસ જેવું સૂત્ર અર્થથી = નયાદિવિચારણાથી જગાડવામાં ન આવે તો તે પરમાર્થને જાણી (જણાવી) શકે નહિ.' **પાક્ષિકસપ્તતિકા**માં શ્રી**મુનિસુંદરસૂરિજી**એ પણ કહેલ છે કે 'પૂર્વાપરની વિભાવના કરીને સૂત્ર દર્શાવવું જોઈએ.' **દાનાદિપ્રકરણ**માં **સૂરાચાર્યજી**એ પણ દર્શાવેલ છે કે 'ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહાર, ક્ષેત્ર, પાત્ર વગેરેની અપેક્ષાએ જિનાગમમાં સૂત્રયોજના કરવી જોઈએ.' આ બાબત ખાસ ખ્યાલમાં રાખવી.

❀ કાળવાદમાં પુનરુક્તિ સપ્રયોજન ❀

(यच्चेह.) અહીં **द्रव्यानुयोगपरामर्शकर्णिका**માં કાલવાદમાં ક્યાંક દ્રવ્યકાળ વગેરેની વાત ફરીથી જણાવેલ છે. તે (૧) વિસ્તારરુચિવાળા શિષ્ય-શ્રોતા-વાચક ઉપર અનુગ્રહ કરવા માટે જણાવેલ છે. (૨) શિષ્યાદિવર્ગને કાળવસ્તુની વિશેષતા જણાવવા માટે દર્શાવેલ છે. (૩) તથાવિધ શાસ્ત્રપાઠ પ્રત્યેના આદર વગેરેના લીધે અમુક શાસ્ત્રપાઠ અનેક વાર જણાવેલ છે. તેમજ (૪) આ સંદર્ભો પોતાના સ્વાધ્યાય, શાસ્ત્રસંસ્કારોના ઉદ્દીપન વગેરે પરિણામો પ્રત્યે નિમિત્ત પણ બને છે. તેથી આવી પુનરુક્તિને અહીં નિર્દોષરૂપે સમજવી. આ અંગે **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં ઉદ્ધૃત કરેલ એક પદ્ય બહુ માર્મિક વાત કરી જાય છે. તેમાં જણાવેલ છે કે "શાસ્ત્રમાં પૂર્વે જણાવેલી પણ જે બાબત ફરીથી કહેવામાં આવે ત્યાં કોઈક કારણ અવશ્ય હોય છે. (૧) ક્યાંક તો પૂર્વે (પૂર્વપક્ષરૂપે) જણાવેલી બાબતનો નિષેધ કરવો હોય તો પણ આગળ (ઉત્તરપક્ષમાં) પૂર્વોક્ત વિષયને ફરીથી જણાવવો પડે. (૨) ક્યાંક પૂર્વે પૂછેલી બાબતની અનુજ્ઞા આપવા માટે ફરીથી જણાવવું પડે. (૩) અથવા તો વિશેષ બાબતની શિષ્યને જાણકારી આપવી એ પણ પ્રયોજન હોઈ શકે." **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં, **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં તથા **હરિભદ્રીય આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં **ધ્યાનશતક**ના વિવરણમાં એક શ્લોક ઉદ્ધૃત કરવામાં આવેલ છે

---

1. प्रसुप्तसमं सूत्रम्, अर्थेन अबोधितं न तद् जानाति। 2. पूर्वापरेण भावयित्वा सूत्रं प्रकाशितव्यम्।
3. पूर्वभणितमपि यद् वस्तु भण्यते तत्र कारणमस्ति। प्रतिषेधश्चानुज्ञा वस्तुविशेषोपलम्भो वा।।

बृहत्कल्पभाष्यवृत्तौ, हरिभद्रीयावश्यकवृत्तौ च ध्यानशतकविवरणे "अनुवादादर-वीप्सा-भृशार्थविनियोग-हेत्वसूयासु। ईषत्सम्भ्रम-विस्मय-गणना-स्मरणेष्वपुनरुक्तम्।।" (स्था.सू.वृ.उद्धृ. २/३/८६, बृ.क.भा.१३०३ वृ., ध्या.श.५३ वृ.) इति।

यथोक्तम् **आवश्यकनिर्युक्तौ** अपि [1]"सज्झाय-झाण-तव-ओसहेसु उवएस-थुइ-पयाणेसु। संतगुणाकित्तणेसु अ न हुंति पुणरुत्तदोसा उ।।" (आ.नि.१५०४) इति। तदुक्तं **यजुर्वेदोव्वटभाष्ये** अपि "संस्कारोज्ज्वलनार्थं हितञ्च पथ्यञ्च पुनः पुनरुपदिश्यमानं न दोषाय भवति" (य.वे.उ.भा.१/२१) इति। स्थूणानिखननन्याये-नाप्यत्र इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - **भगवत्यां** यथा सङ्ख्यापूर्त्तये कालस्य द्रव्यता अभिहिता तथा अस्मदीयमस्तित्वं मनुष्य-त्रसकाय-व्यवहारराशिसङ्ख्यापरिपूर्त्तये न स्यादित्यनवरतमवलोकनीयम्, अन्यथा महार्घमनुष्यभवः व्यर्थतां भजेत्। यथा चैवं न स्यात् तथा जागरितव्यम्। इत्थमेव "मोक्षः = कृत्स्नकर्मक्षयः" (स्या.म.२७/पृ.१७३) **स्याद्वादमञ्जरी**दर्शितः सुलभः स्यात्।।१०/१९।।

તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે. તેનો અર્થ એવો છે કે "(૧) અનુવાદ, (૨) આદર, (૩) વીપ્સા, (૪) પુષ્કળ, (૫) અર્થવિનિયોગ, (૬) હેતુ, (૭) અસૂયા-ઈર્ષ્યા, (૮) કાંઈક સંભ્રમ, (૯) વિસ્મય, (૧૦) ગણતરી તથા (૧૧) સ્મરણ - આ અગિયાર બાબતમાં પુનરુક્તિ દોષરૂપ નથી."

(**यथो.**) **आवश्यकनिर्युक्ति**માં પણ દર્શાવેલ છે કે "(૧) સ્વાધ્યાય, (૨) ધ્યાન, (૩) તપ, (૪) ઔષધ, (૫) ઉપદેશ, (૬) સ્તુતિ, (૭) પ્રદાન, (૮) સદ્‌ભૂત ગુણોનું કીર્ત્તન - આ આઠેય બાબતમાં પુનરુક્તિ દોષરૂપ બનતી નથી." **यजुर्वेदउव्वटभाष्य**માં પણ આ અંગે સરસ વાત કરી છે કે '(શ્રોતાઓના અને વક્તાના) સંસ્કારોને ઝળહળતા કરવા માટે હિતકારી અને પથ્ય વચનો વારંવાર બોલાતા હોય તો પણ તે દોષ માટે બનતા નથી.' અહીં **'स्थूणानिखनन'** ન્યાયથી પણ વિભાવના કરવી. 'સ્થૂણા' એટલે યજ્ઞ માટેનો સ્તૂપ. તેને જેમ જેમ ખોદવામાં આવે તેમ તેમ તે જેમ મજબૂત થાય છે, તેમ પ્રસ્તુતમાં જેમ જેમ કાલપર્યાયપક્ષના વચનો જણાવવામાં આવે છે તેમ તેમ કાલપર્યાયપક્ષ વધુ ને વધુ દૃઢ થાય છે - તેમ સમજવું. મતલબ કે (૧) શાસ્ત્રવચનો પ્રત્યે આદર વગેરે ભાવોને પ્રગટાવવાના પ્રયોજનથી કે (૨) પોતાના સ્વાધ્યાયાદિના પ્રયોજનથી કે (૩) સ્મૃતિબીજભૂત સંસ્કારોને વધુ પ્રગાઢ બનાવવાના પ્રયોજનથી થતી પુનરુક્તિ નિર્દોષ છે. આ રીતે અહીં વિભાવના કરવી.

આપણે સંખ્યાપૂરક ન બની જઈએ

આધ્યાત્મિક ઉપનય :- સંખ્યાપૂર્ત્તિ માટે કાળને દ્રવ્ય તરીકે **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે. તેમ અહીં આપણું અસ્તિત્વ માનવલોકની કે ત્રસકાયની કે વ્યવહારરાશિની સંખ્યાની પરિપૂર્ત્તિ માટે બની ન જાય તે માટે આપણે આપણી જાત માટે સતત તપાસ કરવાની જરૂર છે. તેવું જ જો બની જાય તો મહામૂલો માનવભવ વ્યર્થ જાય. આવું ન બને તેવી જાગૃતિ રાખવાનો આધ્યાત્મિક સંદેશ આ શ્લોક દ્વારા મેળવવા જેવો છે. આ રીતે જ **स्याद्वादमंजरी**માં દર્શાવેલ સર્વકર્મક્ષયરૂપ મોક્ષ સુલભ બને. (૧૦/૧૯)

---

1. स्वाध्याय-ध्यान-तप-औषधेषु उपदेश-स्तुति-प्रदानेषु। सद्‌गुणकीर्त्तनेषु च न भवन्ति पुनरुक्तदोषाः तु।।

હવઈ પુદ્ગલ-જીવ દ્રવ્ય સંક્ષેપઈ કહઈ છઈ -

વર્ણ-ગંધ-રસ-ફાસાદિક ગુણે, ♦લખિઈ પુદ્ગલભેદ;
સહજ ચેતના રે ગુણ વલી જાણીઈ, જીવ અરૂપ, અવેદ ॥૧૦/૨૦॥ (૧૮૧) સમ.

☼૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શાદિક ગુણે ♦કરીનઈ પુદ્ગલ દ્રવ્યનો અન્ય દ્રવ્યથી ભેદ લખિઈ,

साम्प्रतं पुद्गल-जीवद्रव्ये अवसरसङ्गत्या सङ्क्षेपतोऽभिधत्ते – '**वर्णे**'ति।

वर्ण-गन्ध-रस-स्पर्शयोगात् पुद्गलभिन्नता।
सहजचेतनाऽरूपाऽवेदाश्च जीवलक्षणम्॥१०/२०॥

प्रकृते दण्डान्वयस्त्वेवम् – वर्ण-गन्ध-रस-स्पर्शयोगात् पुद्गलभिन्नता। सहजचेतनाऽरूपाऽवेदाश्च जीवलक्षणम्॥१०/२०॥

वर्ण-गन्ध-रस-स्पर्शयोगात् = पञ्चविधवर्ण-द्विविधगन्ध-पञ्चविधरसाऽष्टविधस्पर्शगुणसम्बन्धाद् धर्मास्तिकायादिद्रव्येभ्यः **पुद्गलभिन्नता** = पुद्गलास्तिकायद्रव्ये भेदः सिध्यति। इदन्तु भावमाश्रित्योक्तम्। उपलक्षणाद् द्रव्य-क्षेत्रादितोऽपि पुद्गलद्रव्येऽन्यद्रव्येभ्यो भेदः सिध्यति। इदमेवाऽभिप्रेत्योक्तं **भगवतीसूत्रे** [1]"पोग्गलत्थिकाए णं भंते ! कतिवण्णे, कतिगंधे, कतिरसे, कतिफासे ? गोयमा ! पंचवण्णे, पंचरसे, दुगंधे,

अवतरणिका :- ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યોની પ્રરૂપણા પૂર્ણ થઈ. હવે ગ્રંથકારશ્રી અવસરસંગતિ પ્રાપ્ત જીવ અને પુદ્ગલ દ્રવ્યની સંક્ષેપથી પ્રરૂપણા કરે છે :-

શ્લોકાર્ધ :- વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના યોગથી પુદ્ગલદ્રવ્યમાં અન્ય દ્રવ્યનો ભેદ રહે છે. તથા સહજ ચેતના, અરૂપીપણું અને અવેદીપણું જીવનું લક્ષણ છે. (૧૦/૨૦)

☼ પુદ્ગલાસ્તિકાયની પ્રરૂપણા ☼

વ્યાખ્યાર્થ :- પાંચ પ્રકારના વર્ણ, બે પ્રકારની ગંધ, પાંચ પ્રકારના રસ અને આઠ પ્રકારના સ્પર્શ - આ ગુણોના સંબંધથી પુદ્ગલાસ્તિકાયમાં ધર્માસ્તિકાયાદિ કરતાં ભિન્નતા સિદ્ધ થાય છે. આ વાત 'ભાવની અપેક્ષાએ કઈ રીતે પુદ્ગલાસ્તિકાયમાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનો ભેદ રહે છે ?' તે જણાવવા માટે બતાવી. આ ઉપલક્ષણ છે. તેથી દ્રવ્ય, ક્ષેત્ર વગેરેની અપેક્ષાએ પણ પુદ્ગલમાં અન્ય દ્રવ્યો કરતાં ભેદ સિદ્ધ થાય છે. આ જ અભિપ્રાયથી **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરીરૂપે નીચે મુજબ જણાવેલ છે.

☼ પાંચ પ્રકારે પુદ્ગલની પ્રજ્ઞાપના ☼

પ્રશ્ન :- 'હે ભગવંત ! પુદ્ગલાસ્તિકાયમાં કેટલા વર્ણ છે ? કેટલી ગંધ છે ? કેટલા રસ છે ?

♦ લખિઈ = ઓળખો, પારખો, સમજો. આધારગ્રંથ- **અખાની કાવ્યકૃતિઓ ખંડ-૨, અખાના છપ્પા, આસમશોભા, ઉક્તિરત્નાકર.** ☼ પુસ્તકોમાં 'वर्णः गंधः रसः स्पर्शादिक' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'કરીનઈ' પાઠ નથી. લા.(૨)માં છે. 1. पुद्गलास्तिकायः णं भदन्त ! कतिवर्णः, कतिगन्धः, कतिरसः, कतिस्पर्शः ? गौतम ! पञ्चवर्णः, पञ्चरसः, द्विगन्धः, अष्टस्पर्शः, रूपी, अजीवः, शाश्वतः, अवस्थितः, लोकद्रव्यम्। सः समासतः पञ्चविधः प्रज्ञप्तः, तद् यथा- द्रव्यतः, क्षेत्रतः, कालतः, भावतः, गुणतः। द्रव्यतः णं पुद्गलास्तिकायः अनन्तानि द्रव्याणि, क्षेत्रतः लोकप्रमाणमात्रः, कालतः न कदाचिद् न आसीत्... यावद् नित्यः, भावतः वर्णवान् गन्धवान् रसवान् स्पर्शवान्, गुणतः ग्रहणगुणः।

(वली=) અનઈ **જીવ** દ્રવ્ય **સહજ ચેતના ગુણ** છઈ. તે લક્ષણઈ જ સર્વ અચેતન દ્રવ્યથી ભિન્ન છઈ.

अट्ठफासे, रूवी, अजीवे, सासए, अवट्ठिए, लोगदव्वे। से समासओ पंचविहे पण्णत्ते। तं जहा - दव्वओ, खेत्तओ, कालओ, भावओ, गुणओ। दव्वओ णं पोग्गलत्थिकाए अणंताइं दव्वाइं, खेत्तओ लोयप्पमाणमेत्ते, कालओ न कयाइ न आसि जाव निच्चे, भावओ वण्णमंते गंधमंते रसमंते फासमंते, गुणओ गहणगुणे" (भ.सू.श.२, उ.१०, सू.११८, पृ.१४८) इति। अत्र "गहणगुणेत्ति ग्रहणं = परस्परेण सम्बन्धनम्, जीवेन वा औदारिकादिभिः प्रकारैः" (भ.सू.२/१०/११८ वृ.) इति तद्वृत्तौ श्रीअभयदेवसूरयो व्याचक्षते। ग्रहणगुणपदरहस्यार्थोऽग्रे (११/४) वक्ष्यते।

जीवलक्षणञ्च सहजचेतनाऽरूपाऽवेदाः। सहजा = स्वाभाविकी चेतना, अनादिकालीनेति यावत्। तत एव जीव इतराऽखिलद्रव्येभ्यो भिद्यते। तदुक्तं **तत्त्वार्थराजवार्तिके** "चैतन्यम् आत्मनः स्वभावो अनादिः" (त.रा.वा.२/८/१) इति। अत एव **भगवतीसूत्रवृत्तौ** "जीवत्वं = चैतन्यम्" (भ.सू.२/१०/१२०) इत्युक्तम्। ***एतेन*** "पुरुषस्तु चेतनावान्" (भा.प्र.पूर्वखण्ड/प्रकरण-२/घ पृ.९) इति **भावप्रकाशे भावमिश्रोक्तिः *व्याख्याता***।

કેટલા સ્પર્શ છે ?'

[redacted] :- 'હે ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ હોય છે. પુદ્ગલાસ્તિકાય રૂપી છે, અજીવ છે, શાશ્વત છે, અવસ્થિત છે, લોકમાં સર્વત્ર ફેલાયેલ દ્રવ્ય છે. સંક્ષેપથી પુદ્ગલાસ્તિકાય પાંચ પ્રકારે બતાવાયેલ છે. તે આ રીતે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને ગુણથી. (૧) દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાય અનંતા દ્રવ્યો છે. (૨) ક્ષેત્રથી પુદ્ગલાસ્તિકાય ફક્ત લોકમાં ફેલાયેલા છે. (૩) કાળથી પુદ્ગલાસ્તિકાય ક્યારેય ન હતા તેવું નથી. યાવત્ તે નિત્ય છે. (૪) ભાવથી તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા છે. (૫) ગુણથી તે ગ્રહણગુણવાળા છે. અર્થાત્ છ દ્રવ્યમાંથી ફક્ત પુદ્ગલદ્રવ્યને જ પકડી શકાય છે.' પ્રસ્તુતમાં 'ગ્રહણગુણ' પદની છણાવટ **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે બે રીતે કરી છે. '(૧) પરસ્પર પુદ્ગલો એકબીજા સાથે જોડાય તેવા પરિણામવાળા હોવાથી ગ્રહણગુણવાળા કહેવાય. અથવા (૨) પુદ્ગલદ્રવ્યો જીવની સાથે ઔદારિક-વૈક્રિય વગેરે પ્રકારે શરીરરૂપે જોડાય તેવા પરિણામવાળા હોવાથી ગ્રહણગુણવાળા કહેવાય છે.' 'ગ્રહણગુણ' પદનો ગૂઢાર્થ/રહસ્યાર્થ તો આગળ (૧૧/૪) કહેવાશે. બાકીની વાત તો ઉપર સ્પષ્ટ જ છે.

❀ જીવલક્ષણની વિચારણા ❀

(**जीव.**) તથા જીવનું લક્ષણ સહજ ચેતના, રૂપાભાવ અને વેદાભાવ છે. સહજ એટલે સ્વાભાવિક. મતલબ કે અનાદિકાલીન ચેતના એ જીવનું લક્ષણ છે. તેવી ચેતનાના લીધે જ જીવ બીજા દ્રવ્યોથી જુદો પડે છે. તેથી જ **તત્ત્વાર્થરાજવાર્તિક**માં **અકલંકસ્વામી**એ જણાવેલ છે કે 'ચૈતન્ય એ આત્માનો સ્વભાવ છે. તે અનાદિકાલીન છે.' તેથી જ **ભગવતીસૂત્રવ્યાખ્યા**માં 'જીવત્વ = ચેતનત્વ' - આમ જણાવેલ છે. જીવ શાશ્વત હોવાથી જીવત્વસ્વરૂપ ચૈતન્ય પણ અનાદિકાલીન જ છે. **ભાવપ્રકાશ**માં **ભાવમિશ્રજી** જે કહે છે કે 'પુરુષ તો ચેતનાવિશિષ્ટ છે' - તેની પણ સ્પષ્ટતા ઉપર મુજબ થઈ જાય છે.

"द्विविधा चेतना - संविज्ञानलक्षणा अनुभवनलक्षणा च। तत्र (१) घटाद्युपलब्धिः संविज्ञानलक्षणा। (२) सुख-दुःखादिसंवेदना अनुभवलक्षणा" (त.सू.२/१९ सि.वृ.) इति **तत्त्वार्थसूत्रवृत्तौ सिद्धसेनगणिवराः**। यद्वा ज्ञान-दर्शनाऽन्यतरोपयोगलक्षणा चेतना जीवलक्षणविधया विज्ञातव्या। तदुक्तं **व्याख्याप्रज्ञप्तिवृत्तौ** श्री**अभयदेवसूरिभिः** "उपयोगः = चैतन्यं साकाराऽनाकारभेदम्" (भ.सू.२/१०/११९/पृ.१४८) इति।

प्रकृते [1]"उवओगलक्खणे णं जीवे" (भ.सू.२/१०/१२०/पृ.१४९) इति **भगवतीसूत्र**वचनम्, पूर्वोक्तं (५/१३) [2]"उवओगमओ जीवो" (वि.आ.भा.२४३१) इति **विशेषावश्यकभाष्य**वचनञ्च प्रमाणतया स्मर्तव्यम्।

अनेन मुक्तौ अपि ज्ञानं प्रसाधितम्। इदमेवाऽभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [3]"नाणरहिओ न जीवो सरूवओऽणुव्व मुत्तिभावेणं" (वि.आ.भा.१९९७) इति। युक्तञ्चैतत्, मुक्तौ तादृशोपयोगविरहे जीवत्वाऽसम्भवात्। इदमेवाऽभिप्रेत्य **प्रज्ञापनावृत्तौ** श्री**मलयगिरिसूरिभिः** "ज्ञानं दर्शनं च जीवस्य स्वतत्त्वभूतम्, तदभावे जीवत्वस्यैव अभावात्। चेतनालक्षणो हि जीवः। ततः स कथं ज्ञान-दर्शनाऽभावे भवेद् ?" (प्र.सू.२३/२८९/वृ.पृ.४५४) इत्युक्तम्।

❀ चेतना द्विविध : तत्त्वार्थवृत्ति ❀

("द्वि.) **तत्त्वार्थसूत्रसिद्धसेनीयवृत्ति**માં ચેતનાની વધુ સ્પષ્ટ સમજણ આપેલી છે. ત્યાં જણાવેલ છે કે "ચેતના બે પ્રકારની છે. (૧) સંવિજ્ઞાનસ્વરૂપ અને (૨) અનુભવસ્વરૂપ. તેમાં ઘટાદિ બાહ્ય પદાર્થોની જાણકારી સંવિજ્ઞાનસ્વરૂપ પ્રથમ ચેતના જાણવી. તથા સુખ-દુઃખ વગેરેનું સંવેદન એ અનુભવાત્મક દ્વિતીય ચેતના સમજવી." અથવા તો એમ કહી શકાય કે જ્ઞાન કે દર્શન - બેમાંથી એક ઉપયોગસ્વરૂપ ચેતનાને જીવના લક્ષણ તરીકે સમજવી. તેથી **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ વ્યાખ્યા**માં શ્રી**અભયદેવસૂરિ**જીએ જણાવેલ છે કે 'સાકાર-અનાકારરૂપે દ્વિવિધ ચેતના એ જ ઉપયોગ છે.'

❀ ઉપયોગ જીવલક્ષણ ❀

(**પ્રક્ર.**) **ભગવતીસૂત્ર**માં 'ઉપયોગ જીવનું લક્ષણ છે' - આમ દર્શાવેલ છે તથા પૂર્વોક્ત (૫/૧૩) **વિશેષાવશ્યકભાષ્ય**ગાથામાં 'જીવ ઉપયોગમય છે' - આમ કહેલ છે, તેને પ્રસ્તુતમાં પ્રમાણરૂપે યાદ કરવું.

❀ મોક્ષમાં પણ જીવ જ્ઞાનયુક્ત ❀

(**અને.**) 'ઉપયોગ જીવનું લક્ષણ છે' - આવું કહેવા દ્વારા 'મોક્ષમાં પણ જીવની અંદર જ્ઞાન રહે છે' - તેવું જણાવી દીધું. વાસ્તવમાં મોક્ષદશામાં પણ જ્ઞાન વિદ્યમાન હોય છે જ. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં ગણધરવાદમાં જણાવેલ છે કે 'જીવ જ્ઞાનરહિત હોતો નથી. કારણ કે જ્ઞાન જીવનું સ્વરૂપ છે. જેમ અણુ મૂર્ત્તત્વશૂન્ય ન હોય, તેમ જીવ જ્ઞાનશૂન્ય ન હોય.' આ વાત યુક્તિસંગત પણ છે. કારણ કે મોક્ષમાં જ્ઞાનાદિસ્વરૂપ ઉપયોગ ન હોય તો જીવત્વ જ સંભવતું નથી. જ્ઞાન-દર્શનમાંથી એક પણ ઉપયોગ જ્યાં ન હોય તે પદાર્થ જડ જ હોય. આ જ અભિપ્રાયથી શ્રી**મલયગિરિસૂરિ**જીએ **પ્રજ્ઞાપનાવ્યાખ્યા**માં જણાવેલ છે કે "જ્ઞાન અને દર્શન જીવનું સ્વતત્ત્વભૂત છે, સર્વસ્વ છે, મૌલિક સ્વરૂપ છે. કેમ કે તે ન હોય તો જીવમાં જીવપણું જ ન સંભવે. ચેતના જ જીવનું લક્ષણ છે. તેથી જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ સ્વરૂપ એક પણ ચેતના ન હોય તો જીવ જ કઈ રીતે સંભવી શકે ?"

1. उपयोगलक्षणः जीवः। 2. उपयोगमयो जीवः। 3. ज्ञानरहितो न जीवः स्वरूपतः अणुः इव मूर्त्तिभावेन।

વ્યવહારઈ રૂપ-વેદસહિત છઈ●, પણિ નિશ્ચયથી (**અરૂપ**=) રૂપરહિત (**અવેદ**=) વેદરહિત છઈ. (-ઈમ જાણીઈ). **उक्तं च** - [1]"**अरसमरूवमगंधं, अव्वत्तं चेअणागुणमसद्दं। जाण अलिंगग्गहणं, जीवमणिदिट्ठसंठाणं ।।**"

तत्त्वार्थसूत्रेऽपि "उपयोगो लक्षणम्" (त.सू.२/८) इत्येवं निश्चयतो जीवलक्षणमुक्तम्। तत्स्वरूपञ्च **गोम्मटसारे** जीवकाण्डे [2]"वत्थुणिमित्तं भावो जादो जीवस्स जो दु उवओगो" (गो.सा.जी.का.६७२) इत्येवमुपदर्शितम्। "सुख-दुःख-ज्ञानोपयोगलक्षणो जीवः" (आ.नि.१०५७ गाथायाः भाष्ये - १९५ गाथा वृ.) इति **आवश्यकनिर्युक्तिलघुभाष्यहारिभद्रीवृत्ति**वचनमपीह स्मर्तव्यम्। ज्ञान-भावाऽध्यवसायोपयोगशब्दानाम् एकार्थत्वं **बृहत्कल्पभाष्यवृत्तौ** (गा.१६) दर्शितमिह स्मर्तव्यम्। पूर्वोक्तः (५/१९) **जयधवला-तत्त्वार्थ-राजवार्त्तिक-सिद्धिविनिश्चय-स्याद्वादमञ्जरी-शिवसूत्रादि**सन्दर्भोऽपीह न विस्मर्तव्यः।

यद्यपि व्यवहारतो जीवस्य सदेहतया सघातिकर्मतया च रूप-वेदान्वितत्वम् ***तथापि*** निश्चयतः रूप-वेदरहितत्वमेवाऽवसेयम्। तदुक्तं **समयसारे, प्रवचनसारे, नियमसारे, भावप्राभृते, पञ्चास्तिकायसङ्ग्रहे** च **कुन्दकुन्दाचार्येण** [1]"अरसमरूवमगंधं अव्वत्तं चेअणागुणमसद्दं। जाण अलिंगग्गहणं जीवमणिदिट्ठसंठाणं।।"

✡ જીવલક્ષણભૂત ઉપયોગને ઓળખીએ ✡

(**तत्त्वा.**) **तत्त्वार्थसूत्र**માં પણ જીવનું લક્ષણ નિશ્ચયનયની દૃષ્ટિથી જણાવેલ છે. ત્યાં શ્રીઉમાસ્વાતિજી મહારાજે જણાવેલ છે કે 'ઉપયોગ જ જીવનું લક્ષણ છે.' ઉપયોગનું સ્વરૂપ દિગંબરીય **ગોમ્મટસાર** ગ્રંથમાં જીવકાંડમાં આ મુજબ દર્શાવેલ છે કે "વસ્તુના નિમિત્તે જીવને જે ભાવ ઉત્પન્ન થાય તે ઉપયોગ કહેવાય." **આવશ્યકનિર્યુક્તિ**ની ૧૦૫૭ મી ગાથા ઉપર **લઘુભાષ્ય**ની ૧૯૫ નંબરની જે ગાથા છે, તેની **વ્યાખ્યા**માં શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે 'જીવનું લક્ષણ સુખ-દુઃખ-જ્ઞાનોપયોગ છે.' **આવશ્યકનિર્યુક્તિ-લઘુભાષ્ય-હારિભદ્રીવ્યાખ્યા**નું પ્રસ્તુત વચન પણ અહીં યાદ કરવા યોગ્ય છે. જ્ઞાન, ભાવ, અધ્યવસાય અને ઉપયોગ - આ શબ્દો સમાનાર્થક તરીકે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં દર્શાવેલ છે. તે અહીં યાદ કરવું. તથા ઉપયોગ અંગે પૂર્વે (૫/૧૯) દર્શાવેલ **જયધવલા, તત્ત્વાર્થરાજવાર્ત્તિક, સિદ્ધિવિનિશ્ચય, સ્યાદ્વાદમંજરી, શિવસૂત્ર** વગેરે ગ્રંથોના સંદર્ભને પણ અહીં ભૂલવા નહિ.

❀ જીવ વ્યવહારથી રૂપી-વેદી, નિશ્ચયથી અરૂપી-અવેદી ❀

(**यद्य.**) યદ્યપિ વ્યવહારથી સંસારદશામાં જીવ દેહયુક્ત હોવાથી તથા ઘાતિકર્મયુક્ત હોવાથી રૂપી અને સવેદી છે અર્થાત્ પુરુષવેદ-સ્ત્રીવેદ વગેરેથી યુક્ત છે. તેમ છતાં 'નિશ્ચયથી અરૂપીપણું અને અવેદીપણું એ જીવનું લક્ષણ છે' - તેમ જાણવું. તેથી **સમયસાર**માં, **પ્રવચનસાર** ગ્રંથના બીજા અધ્યાયમાં, **નિયમસાર**માં, **અષ્ટપ્રાભૃત** અંતર્ગત **ભાવપ્રાભૃત** ગ્રંથમાં તથા **પંચાસ્તિકાયસંગ્રહ**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે 'રસશૂન્ય, રૂપશૂન્ય, ગંધશૂન્ય, અવ્યક્ત, ચેતનાગુણયુક્ત, શબ્દશૂન્ય, બાહ્ય લિંગથી જેનું સ્પષ્ટ જ્ઞાન થઈ શકતું નથી તથા જેના આકારનો ચોક્કસ પ્રકારે નિર્દેશ થઈ શકતો નથી તે જીવ દ્રવ્ય છે.'

● પુસ્તકોમાં 'છઈ' નથી. આ.(૧)માં છે. 1. अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दं। जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्।। 2. वस्तुनिमित्तं भावो जातो जीवस्य तूपयोगः।

(स.सा.४९ + प्र.सा.१७२ + नि.सा.४६ + भा.प्रा.६४ + प.का.स.१२७) ॥१०/२०॥

(स.सा.४९, प्र.सा.१७२, नि.सा.४६, भा.प्रा.६४, प.का.स.१२७) इति।

अत्र **अमृतचन्द्राचार्यकृतपञ्चास्तिकायसङ्ग्रहवृत्तिलेशस्त्वेवम्** – "यत्पुनरस्पर्श-रस-गन्ध-वर्णगुणत्वात्, अशब्दत्वात्, अनिर्दिष्टसंस्थानत्वात्, अव्यक्तत्वादिपर्यायैः परिणतत्वाच्च नेन्द्रियग्रहणयोग्यम्, तत् चेतना-गुणत्वाद् रूपिभ्योऽरूपिभ्यश्चाऽजीवेभ्यो विशिष्टं जीवद्रव्यम्" (पञ्चा.१२७ वृ.) इति।

प्रकृतनिश्चयनयाभिप्रायेणैव **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "द्रव्यत्वम् अमूर्त्तत्वञ्च जीवस्य तावत् स्वभावभूता जातिः। तस्याश्च यद् दूरविपरीतं जात्यन्तरम् अद्रव्यत्वं मूर्त्तत्वञ्च तत्र गमनं तस्य कस्यामपि अवस्थायां न भवति" (वि.आ.भा.१९९४ वृ.पृ.७०३) इत्याद्युक्तम्। यथा चाऽमूर्त्तत्वं न मूर्त्तत्वाऽभावात्मकं तथा वक्ष्यते एकादशशाखायाम् (११/२) इत्यवधेयम्।

परमात्मप्रकाशे योगीन्द्रदेवेन शुद्धात्मलक्षणम् [1]"अमणु अणिंदिउ णाणमउ मुत्तिविरहिउ चिमित्तु। अप्पा इंदियविसउ णवि लक्खणु एहु णिरुत्तु।।" (प.प्र.३१) इत्येवमुक्तम्।

आचाराङ्गसूत्रेऽपि निश्चयतः आत्मस्वरूपवर्णनं व्यतिरेकमुखेन [2]"से ण दीहे, ण हस्से, ण वट्टे,

❖ निश्चयथी आत्मा रूपादिशून्य ❖

(अत्र.) प्रस्तुत **पंचास्तिकायसंग्रह**गाथानी **अमृतचंद्राचार्य**એ બનાવેલી **व्याख्या**નો થોડોક ઉપયોગી અંશ અહીં જણાવવામાં આવે છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "જે દ્રવ્ય (१) સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણથી શૂન્ય હોવાના લીધે, (२) શબ્દાત્મક ન હોવાના લીધે, (३) અનિર્દિષ્ટસંસ્થાનવાળું હોવાના લીધે તથા (४) અવ્યક્તત્વાદિપર્યાયોથી પરિણત હોવાના લીધે ઈન્દ્રિયગ્રાહ્ય નથી, તે જીવદ્રવ્ય ચેતનાગુણયુક્ત હોવાથી રૂપી દ્રવ્યોથી અને અરૂપી અજીવદ્રવ્યોથી ભિન્ન છે." મતલબ કે ચૈતન્યમય જીવ પરમાર્થથી મૂર્ત્તત્વને ધારણ કરતો નથી.

❖ आत्मा निश्चयथी अमूर्त्त ❖

(प्रकृ.) પ્રસ્તુત નિશ્ચયનયના અભિપ્રાયથી જ **विशेषावश्यकभाष्यमलधारव्याख्या**માં જણાવેલ છે કે 'દ્રવ્યત્વ અને અમૂર્ત્તત્વ - આ બન્ને સૌપ્રથમ તો જીવની સ્વભાવભૂત જાતિ છે. તથા અદ્રવ્યત્વ અને મૂર્ત્તત્વ - આ બન્ને તો તેનાથી અત્યન્ત દૂર રહેનારી વિપરીત વિલક્ષણ જાતિ છે. તેથી જીવ કોઈ પણ અવસ્થામાં અદ્રવ્યત્વને કે મૂર્ત્તત્વને પ્રાપ્ત કરતો નથી.' 'અમૂર્ત્તત્વ મૂર્ત્તત્વાભાવસ્વરૂપ નથી' - આ બાબત આગળ અગિયારમી શાખામાં બીજા શ્લોકની વ્યાખ્યામાં વિસ્તારથી કહેવાશે. આ બાબતને વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

✡ शुद्धात्मानुं लक्षण ✡

(परमा.) **परमात्मप्रकाश**માં દિગંબર **योगीन्द्रदेवे** શુદ્ધ આત્માનું લક્ષણ જણાવતા કહેલ છે કે 'આત્મા મનશૂન્ય, ઈન્દ્રિયરહિત, જ્ઞાનમય, મૂર્ત્તિવિરહિત = સ્પર્શાદિવિકલ, ચિન્માત્ર = જ્ઞાનમાત્રસ્વરૂપ છે. આવો આત્મા ઈન્દ્રિયનો વિષય નથી જ બનતો. આ મુજબ આત્માનું લક્ષણ નિશ્ચિતપણે કહેવાયેલ છે.'

❖ सिद्धना एकत्रीश गुणनुं वर्णन ❖

(आचा.) **આચારાંગસૂત્ર**માં પણ નિશ્ચયથી આત્મસ્વરૂપનું વર્ણન વ્યતિરેકમુખે આ પ્રમાણે કહેલ છે

1. अमनाः अनिन्द्रियो ज्ञानमयः मूर्त्तिविरहितश्चिन्मात्रः। आत्मा इन्द्रियविषयो नैव लक्षणमेतन्निरुक्तम्।।
2. स न दीर्घः, न ह्रस्वः, न वृत्तः,.....

[1]न तंसे, न चउरंसे, न परिमंडले, न किण्हे, न नीले, न लोहिए, न हालिद्दे, न सुक्किल्ले, न सुरभिगंधे, न दुरभिगंधे, न तित्ते, न कडुए, न कसाए, न अंबिले, न महुरे, न कक्खडे, न मउए, न गरुए, न लुहए, न सीए, न उण्हे, न निद्धे, न लुक्खे, न काऊ, न रुहे, न संगे, न इत्थी, न पुरिसे, न अन्नहा" (आ. ५/६/१७१-१७२) इत्येवमुपलभ्यते। एकत्रिंशत्सिद्धगुणा एवं ज्ञेया।

यथोक्तं **कुन्दकुन्दस्वामि**नाऽपि **समयसारे** [2]"जीवस्य णत्थि वण्णो, णवि गंधो, णवि रसो, णवि य फासो। णवि रूवं, ण सरीरं, णवि संठाणं, णवि संहणणं।।" (स.सा.५०) इत्यादि। **आत्मषट्के** "न मे द्वेष-रागौ न मे लोभ-मोहौ मदो नैव मे नैव मात्सर्यभावः। न धर्मो न चार्थो न कामो न मोक्षश्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्।।" (आ.ष.३) इति शुद्धात्मस्वरूपोपदर्शकं **शङ्कराचार्य**वचनमपि स्मर्तव्यमत्र। अधिकं तु अस्मत्कृताऽ**ध्यात्मवैशारद्याम्** **अध्यात्मोपनिषद्वृत्तौ** (अ.उप.२/२८ वृ.) परिशीलनीयम्।

'तत्त्व-भेद-पर्यायैः व्याख्या' इति न्यायेन द्रव्यतत्त्व-भेदनिरूपणानन्तरम् अवसरसङ्गत्या तत्पर्याया

કે "તે જીવ (૧) દીર્ઘ નથી, (૨) હ્રસ્વ નથી, (૩) વર્તુલાકાર નથી, (૪) ત્રિકોણ નથી, (૫) ચોરસ નથી, (૬) પરિમંડલ નથી, (૭) શ્યામ નથી, (૮) નીલ નથી, (૯) લાલ નથી, (૧૦) પીળો નથી, (૧૧) શ્વેત નથી, (૧૨) સુગંધી નથી, (૧૩) દુર્ગંધી નથી, (૧૪) કડવો નથી, (૧૫) તીખો નથી, (૧૬) તુરો નથી, (૧૭) ખાટો નથી, (૧૮) મીઠો નથી, (૧૯) કર્કશ નથી, (૨૦) મૃદુ નથી, (૨૧) ભારે નથી, (૨૨) હલકો નથી, (૨૩) ઠંડો નથી, (૨૪) ગરમ નથી, (૨૫) સ્નિગ્ધ નથી, (૨૬) રૂક્ષ નથી, (૨૭) કાયાવાળો નથી, (૨૮) ઉગતો નથી, (૨૯) સંગવાળો નથી, (૩૦) સ્ત્રી નથી, (૩૧) પુરુષ નથી. જીવ અન્યથા = અન્યસ્વરૂપે બનતો નથી." આ રીતે સિદ્ધના એકત્રીશ ગુણ સમજવા.

✡ શુદ્ધાત્મસ્વરૂપવર્ણન ✡

(**યથો.**) **કુંદકુંદસ્વામી**એ પણ **સમયસાર** ગ્રંથમાં જણાવેલ છે કે "જીવને વર્ણ નથી, ગંધ પણ નથી, રસ પણ નથી, સ્પર્શ પણ નથી, રૂપ પણ નથી, શરીર નથી, સંસ્થાન પણ નથી, સંઘયણ પણ નથી." અહીં શુદ્ધાત્માનું સ્વરૂપ જણાવનાર **શંકરાચાર્ય**વચન પણ યાદ કરવું. **શંકરાચાર્યે આત્મષટ્ક**માં જણાવેલ છે કે "રાગ, દ્વેષ, લોભ, મોહ, મદ, માત્સર્યભાવ, ધર્મ, અર્થ, કામ, મોક્ષ (વગેરે પર્યાયો) મારા નથી. હું તો ચિદાનંદસ્વરૂપ શિવ (= શુદ્ધ આત્મા) છું, શિવ છું." આ બાબતમાં અધિક પરિશીલન કરવા માટે **અધ્યાત્મોપનિષત્** ગ્રંથ ઉપર અમે રચેલી **અધ્યાત્મવૈશારદી** વ્યાખ્યાનું વિલોકન કરવું.

✡ તત્ત્વ-ભેદ-પર્યાયથી દ્રવ્યની વ્યાખ્યા ✡

(**'તત્ત્વ.**) 'કોઈ પણ પદાર્થની વ્યાખ્યા (૧) તત્ત્વ = સ્વરૂપ (અથવા લક્ષણ), (૨) ભેદ = પ્રકાર અને (૩) પર્યાય = સમાનાર્થક શબ્દો દ્વારા થાય' - આ પ્રમાણે નિયમ છે. દ્રવ્યતત્ત્વ = દ્રવ્યસ્વરૂપ

---

1. न त्र्यस्रः, न चतुरस्रः, न परिमण्डलः, न कृष्णः, न नीलः, न लोहितः, न हारिद्रः, न शुक्लः, न सुरभिगन्धः, न दुर्गन्धः, न तिक्तः, न कटुकः, न कषायः, न अम्लः, न मधुरः, न कर्कशः, न मृदुः, न गुरुः, न लघुः, न शीतः, न उष्णः, न स्निग्धः, न रूक्षः, न कायवान्, न रुहः, न सङ्गवान्, न स्त्री, न पुरुषः, नाऽन्यथा।

2. जीवस्य नास्ति वर्णः, नाऽपि गन्धः, नाऽपि रसः, नाऽपि च स्पर्शः। नाऽपि रूपम्, न शरीरम्, नाऽपि संस्थानम्, नाऽपि संहननम्।।

उपदर्श्यन्ते। तदुक्तं **पञ्चाध्यायीप्रकरणे राजमल्लेन** "सत्ता सत्त्वं सद् वा सामान्यं द्रव्यमन्वयो वस्तु। अर्थो विधिरविशेषादेकार्थवाचका अमी शब्दाः।।" (पञ्चा.१/१४३) इति पूर्वोक्तं (२/१) स्मर्तव्यमत्र।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – जीवे रूप-वेदोदययोः न स्वाभाविकत्वं किन्तु औपाधिकत्वम्, कर्मोपाधिजन्यत्वात्। अत एव कर्मविगमेन तौ अपि विलीयेते। (१) ततश्चाऽस्मदीयदेहरूपपरिवर्तन-श्यामत्वक्-कुष्ठादिना नोद्वेजितव्यम्। प्रकृते "यज्जीवस्योपकाराय तद्देहस्याऽपकारकम्। यद्देहस्योपकाराय तज्जीवस्याऽपकारकम्।।" (इष्ट.१९) इति **इष्टोपदेशकारिका** अवधातव्या।

(२) वेदोदये न निमज्जनीयम् किन्तु भोगेषु भोगसाधनेषु च यथायोगं [A]क्षणिकत्व-[B]परकीयत्व-[C]व्रणोपमत्व-[D]शल्यतुल्यत्व-[E]रोगत्व-[F]मृगजलसमतुच्छत्व-[G]किम्पाकफलत्व-[H]महान्धतमसत्व-[I]महामृत्युरूपता-[J]रिक्तमुष्ठित्व-[K]प्रातिभासिकत्व-[L]रागाध्यासरूपता-[M]महामोहनिद्रा-[N]स्वात्मवञ्चन-[O]श्वापदभक्ष्यत्व-[P]भस्मराशित्वाऽ[Q]मेध्यकर्दमलेपत्वाऽ[R]रज्जुकपाश-[S]दावानलत्व-[T]कदलीस्तम्भसमाऽसारत्व-[U]सङ्कलेशान्वितत्व

पूर्वे बीजी शाखामां दर्शावेल छे. द्रव्यलक्षण आ दशमी शाखाना प्रथम श्लोकनी व्याख्यामां दर्शावेल छे. तथा द्रव्यना भेदो आ शाखामां अत्यार सुधीमां जणावेल छे. तेथी अवसरसंगतिथी प्राप्त थयेल द्रव्यपर्यायो = द्रव्यसमानार्थक शब्दो जणाववामां आवे छे. आ अंगे **पंचाध्यायी प्रकरण**मां **राजमल्ल**जीए दर्शावेल छे के '(१) सत्ता, (२) सत्त्व, (३) सत्, (४) सामान्य, (५) द्रव्य, (६) अन्वय, (७) वस्तु, (८) अर्थ, (९) विधि - आ शब्दो समान रीते एक ज पदार्थना वाचक छे.' पूर्वे (२/१) आ श्लोक जणावेल छे. तेने अहीं याद करवो.

औपाधिक स्वरूप छोडो, निरुपाधिक स्वरूप पकडो

आध्यात्मिक उपनय :- जीवमां रूप अने वेदोदय स्वाभाविक नथी पण औपाधिक छे. कारण के कर्मनी उपाधिथी ते जीवमां उत्पन्न थाय छे. कर्म रवाना थतां ते पण रवाना थाय छे.

(१) तेथी आपणा शरीरना रूपमां थता फेरफार, काणी चामडी के कोढ वगेरेना कारणे उद्विग्न थवानी जरूर नथी. ते माटे **देवनंदीकृत ईष्टोपदेश**नी कारिका ध्यानमां राखवी. त्यां जणावेल छे के 'जे जीवने उपकारी छे, ते देहने अपकारी छे. तथा जे देहने उपकारक छे, ते जीवने अपकारक छे.'

वासनाना वमळमांथी बचीए

(२) तथा वेदोदयमां अटवाई जवाना बदले 'भोगसुखो तथा भोगसाधनो **(A)** क्षणभंगुर छे, **(B)** पारका छे, **(C)** शरीरना गुमडा जेवा छे, **(D)** बावळीयाना झेरी कांटा जेवा छे, (E) रोगस्वरूप छे, **(F)** मृगजळतुल्य तुच्छ छे, **(G)** मधुरा पण झेरी किंपाकफळ जेवा छे, **(H)** अत्यंत गाढ अंधकारनी जेम मूंझवनारा छे, आत्माने अकळावनारा छे, **(I)** महामृत्युस्वरूप छे, **(J)** खाली छतां बंध मुठी जेवा लोभावनारा छे, **(K)** सुखनो मात्र आभास करावनारा छे, **(L)** रागाध्यासात्मक छे, **(M)** आत्माने बेहोश करनारी महामोहनी गाढ निद्रा छे, **(N)** मारा आत्माने ठगनारा छे, नितांत आत्मवंचना स्वरूप छे, **(O)** स्त्रीदेहादिस्वरूप भोगसाधनो शिकारी पशुओनुं भक्ष्य छे, **(P)** राखना ढगला स्वरूप छे, **(Q)** अत्यंत गंदा कादवना लेपस्वरूप छे, **(R)** दोरडा वगरनुं बंधन छे, **(S)** आत्माना पुण्यने

V W X Y Z
-स्वात्मविडम्बकत्व-नरकराजमार्गत्व-काष्ठमोदकत्व-महाऽऽशीविषसर्पत्व-मोक्षबाधकत्वादिविभावनातः अपेक्षिताऽसङ्गभावेन शान्तचित्ततया तन्मध्येन प्रयातव्यम्।

वेदोदयाधीनतया नैव भाव्यं जातुचित्। वेदोदयकालेऽपि स्वकीयपरमनिर्विकारिपवित्रचैतन्यस्वरूपे आदरतो निजा दृष्टिः स्थाप्या। इत्थञ्च कान्ताभिधाना षष्ठी योगदृष्टिः सम्पद्येत। प्रकृते "भोगान् स्वरूपतः पश्यन् तथा मायोदकोपमान्। भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम्।।" (यो.दृ.स.१६६) इति **योगदृष्टिसमुच्चय**कारिका स्मर्तव्या।

(३) कात्स्न्र्येन सहज-चैतन्यरूपमनावृतं यथा स्यात् तथा दृढं प्रणिधातव्यम्। एतत्त्रितयावधानवतां लोकाग्रं नैव दूरे वर्तते। एतदर्थं "जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसङ्ग्रहः। यदन्यदुच्यते किञ्चित्सोऽस्तु तस्यैव विस्तरः" (इष्ट.५०) इति **इष्टोपदेशकारिका** भावनीया। तादृशाऽऽध्यात्मिकबोधबलेन "वीर्य-दृष्टि-सुख-ज्ञान-सम्यक्त्वाऽनन्तपञ्चकम्। बिभ्रतां सर्वसिद्धानां नमस्कारं करोम्यहम्।।" (अ.च.१२/६७३) इत्येवं **श्रीचन्द्रतिलकोपाध्यायेन श्रीअभयकुमारचरित्रे** व्यावर्णितं सिद्धस्वरूपं मङ्क्षु प्रादुर्भवेत् ।।१०/२०।।

અને શુદ્ધિવૈભવને બાળનાર દાવાનળ છે, **(T)** કેળના થડમાંથી બનેલા થાંભલાની જેમ અસાર છે, **(U)** સંક્લેશયુક્ત છે, સંક્લેશજનક છે, **(V)** મારા આત્માની ઘોર વિડંબના કરનાર છે, **(W)** નરકનો રાજમાર્ગ છે, **(X)** લાકડાના લાડુની જેમ દાંતને (આત્મશુદ્ધિ-પુષ્ટિને) ખતમ કરનાર છે, **(Y)** મોટા આશીવિષ સર્પની જેમ તાત્કાલિક (આત્મશુદ્ધિને) ખલાસ કરનાર છે, **(Z)** મોક્ષપ્રાપ્તિમાં મોટો અવરોધ અને અંતરાય કરનાર છે' - ઈત્યાદિ વિભાવના યથાયોગ્યપણે હાર્દિક રીતે કરીને તેમાંથી ઉચિત રીતે અસંગભાવે શાંતિથી પસાર થઈ જવું.

(**वेदो.**) વેદોદયને પરવશ થવાની ભૂલ ન કરવી. વેદોદય વખતે પણ પોતાના પરમનિર્વિકારી પવિત્ર આત્મસ્વરૂપ ઉપર આપણી દૃષ્ટિને રુચિપૂર્વક સ્થિર કરવી. આ રીતે કાન્તા નામની છઠ્ઠી યોગદૃષ્ટિ આત્માર્થી સાધકને મળે. પ્રસ્તુતમાં **યોગદૃષ્ટિસમુચ્ચય**ની કારિકા પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'મૃગજળ સમાન ભોગોને તુચ્છસ્વરૂપે જોતો જીવ તે ભોગોને ભોગવવા છતાં પણ તેમાં અસંગ બનીને પરમ પદ તરફ આગળ વધે જ છે.'

(૩) તેમજ સહજ ચેતના સંપૂર્ણતયા જે રીતે અનાવૃત થાય, પ્રગટ થાય તે રીતે તેનું પ્રણિધાન દૃઢ કરવું. આ ત્રણ સાવધાની રાખવામાં આવે તો તેવા જીવોનો મોક્ષ બહુ દૂર નથી જ. તે માટે **ઈષ્ટોપદેશ**ની એક કારિકા યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'જીવ જુદો છે અને પુદ્ગલ ભિન્ન છે. આટલો જ તત્ત્વકથનનો સાર છે. તે સિવાય જે કાંઈ કહેવાય છે તે તેનો જ વિસ્તાર છે.' આવા આધ્યાત્મિક બોધપાઠના બળથી **શ્રીચન્દ્રતિલક** ઉપાધ્યાયજીએ **શ્રીઅભયકુમારચરિત્ર**માં વર્ણવેલું સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. ત્યાં (૧) અનંત શક્તિ, (૨) અનંત દર્શન, (૩) અનંત સુખ, (૪) અનંત જ્ઞાન અને (૫) અનંત = ક્ષાયિક સમ્યક્ત્વ - આ પાંચને ધારણ કરનારા સર્વ સિદ્ધોને નમસ્કાર કરવામાં આવેલ છે. (૧૦/૨૦)

ઈમ એ ભાખ્યા રે સંખેપઈ કરી, દ્રવ્યતણા ષટ્ ભેદ;
વિસ્તારઈ તે રે જાણી ♦શ્રુત થકી, સુજસ લહો ગતખેદ ॥૧૦/૨૧॥ (૧૮૨) સમ.

ઈમ એ દ્રવ્યતણા સંક્ષેપઈ (કરી) ષટ્ ભેદ ભાખ્યા છઈ. વિસ્તારઈ, શ્રુત કહિઈ સિદ્ધાંત, તેહ થકી (તે) જાણીનઈ (ગતખેદ=), ખેદરહિત થકા પ્રવચનદક્ષપણાનો સુયશ કહતાં સુબોલ, તે✲ (લહો=) પામો. *એણી પેરે શુદ્ધ દ્રવ્યાદિક પરખી નિર્મલ સમકિત આદરો.* ॥૧૦/૨૧॥

द्रव्यभेदनिरूपणमुपसंहरति – '**इत्थमि**'ति।

इत्थमुक्ता समासेन द्रव्यप्रकारषट्कता।
श्रुताद् विस्तरतो ज्ञात्वा लभतां सुयशोऽमलम्।।१०/२१।।

प्रकृते दण्डान्वयस्त्वेवम् – इत्थं द्रव्यप्रकारषट्कता समासेन उक्ता। श्रुताद् विस्तरतः ज्ञात्वा अमलं सुयशः लभताम्।।१०/२१।।

इत्थं = दर्शितरीत्या **समासेन** = अर्थबाहुल्येऽपि शब्दसङ्क्षेपेण इह **द्रव्यप्रकारषट्कता** = उपचारानुपचारतो द्रव्यभेदषड्विधता **उक्ता**। खेदोद्वेगादिकं विमुच्य **श्रुतात्** = सिद्धान्ताद् **विस्तरतः** = शब्दार्थविस्तरमाश्रित्य द्रव्यभेदान् **ज्ञात्वा** विस्तररुचिसम्यक्त्वादिबलेन **अमलं** = महत्त्वाकाङ्क्षादिमलशून्यं **सुयशः** = प्रवचनकुशलता-जिनशासनप्रभावना-प्ररूपणकुशलता-वादकुशलतादिप्रसूतं यशो **लभताम्**। रे भव्य ! इत्थं शुद्धद्रव्यादिकम् आगमदर्पणे प्रेक्ष्य आगमानुसारितर्कैश्च परीक्ष्य विस्ताररुचिनामकं

अवतरणिका :- હવે ગ્રંથકારશ્રી દશમી શાખામાં દ્રવ્યભેદના નિરૂપણનો ઉપસંહાર કરે છે :-

❀ વિસ્તારરુચિ સમકિતને પામીએ ❀

શ્લોકાર્થ :- આ રીતે દ્રવ્યના છ પ્રકાર સંક્ષેપથી કહ્યા. આગમ દ્વારા વિસ્તારથી તેને જાણીને (વિસ્તારરુચિ સમ્યગ્દર્શન વગેરેના બળથી) નિર્મળ સુયશને પ્રાપ્ત કરો. (૧૦/૨૧)

વ્યાખ્યાર્થ :- ઉપર જણાવેલી પદ્ધતિ મુજબ ઉપચારથી અને અનુપચારથી દ્રવ્યના છ ભેદનું = પ્રકારનું સંક્ષેપમાં નિરૂપણ કર્યું. યદ્યપિ અર્થથી તો આ નિરૂપણ ઘણું વિસ્તૃત છે. પરંતુ શબ્દથી આ નિરૂપણ સંક્ષિપ્ત છે. તેથી જે જિજ્ઞાસુઓને વિસ્તારથી જાણવું છે તેમણે ખેદ, ઉદ્વેગ વગેરે છોડીને આગમથી શબ્દવિસ્તારપૂર્વક અને અર્થવિસ્તારપૂર્વક દ્રવ્યના ભેદોને જાણવા તથા તેવું જાણીને 'વિસ્તારરુચિ' નામના સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવું, નિર્મળ કરવું તથા તેવા નિર્મળ વિસ્તારરુચિ સમકિત વગેરેના બળથી મહત્ત્વાકાંક્ષા વગેરે મળથી શૂન્ય = નિર્મળ એવા સુયશને મેળવવો. 'યશ' ને 'સુ' એવું વિશેષણ લગાડવાનું પ્રયોજન એ છે કે તેવો યશ પ્રવચનકુશળતા, જિનશાસનપ્રભાવના, પ્રરૂપણકુશળતા, વાદકુશળતા વગેરેથી ઉત્પન્ન થયેલો હોય છે. હે ભવ્યજીવો ! આ રીતે શુદ્ધ દ્રવ્ય વગેરેને શાસ્ત્રદર્પણમાં

♦ લા.(૨) + પુસ્તકોમાં 'શ્રુતથી' પાઠ છે. આ.(૧) + કો.(૬+૮+૧૨) + પા.નો અહીં લીધેલ છે. ✲ લા.(૨)માં 'એહવા સુપરાપણાનઉ = શુભયશનઉ વિસ્તાર કહઈતાં ઘણી કીરતિ પ્રતઈ પામ્યઉ. ઈતિ ૧૮૨ ગાથાર્થ સંપૂર્ણ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)+કો.(૧૩)માં છે.

निर्मलसम्यक्त्वं समाचर। तल्लक्षणञ्च **धर्मसङ्ग्रहवृत्तौ मानविजयवाचकेन** "सर्वप्रमाण-सर्वनयजन्यसर्वद्रव्य-सर्वभावविषयिणी रुचिः = विस्ताररुचिः" (ध.स.श्लो.२२/वृ.पृ.६६) इत्युक्तम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – विस्तररुचिसम्यक्त्ववन्त एव साधकाः परमार्थतः सानुबन्धतया प्रवचनप्रभावनां कर्तुं शक्नुवन्ति, तत्त्वनिरूपणे प्रवीणा भवितुमर्हन्ति, राजसभादौ च जिनशासनप्रत्यनीकान् विजेतुं प्रत्यला भवन्ति। इत्थं यशः-कीर्त्यादिलाभेऽपि महत्त्वाकाङ्क्षादिदोषैः नैव ते ग्रस्यन्ते। पारमेश्वरप्रवचनप्रभावनाद्युपार्जितं यशः देव-गुर्वादिकं समर्प्य, कर्तृत्वभावभारं समुत्तार्य, कर्मत आत्मानं विमोच्य ये द्रव्य-भावमोक्षमार्गम् अभिसर्पन्ति, त एव तात्त्विकाः प्रवचनप्रभावकाः। एतादृश-प्रवचनप्रभावनया "आत्मनः तादात्म्याऽवस्थानं = मोक्षः" (ज्ञा.सा.२७/७ वृ.) इति **ज्ञानमञ्जर्यां** दर्शितो मोक्षः सुलभः स्यात्।।१०/२१।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**-ऽभिधानायां स्वरचितवृत्तौ दशमशाखायां **द्रव्यभेदनिरूपणनामकः** दशमः अधिकारः।।१०।।

જોઈને તથા આગમાનુસારી તર્કથી તેની પરીક્ષા કરીને વિસ્તારરુચિ નામના નિર્મળ સમકિતને તમે આદરો-આચરો. ઉપાધ્યાય **માનવિજયજી**એ **ધર્મસંગ્રહવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'સર્વ પ્રમાણો અને સર્વ નયો દ્વારા ઉત્પન્ન થનારી સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો વિશે જે રુચિ, તે જ વિસ્તારરુચિ સમકિત છે.'

.... તો સાચા શાસનપ્રભાવક બનીએ

આધ્યાત્મિક ઉપનય :- વિસ્તારરુચિ સમકિતવાળા આત્માર્થી જીવો જ ખરા અર્થમાં જિનશાસનની સાનુબંધ રીતે પ્રભાવના કરી શકે છે. તેઓ જ તત્ત્વના નિરૂપણમાં હોંશિયાર બની શકે છે. તેમજ રાજસભા વગેરે સ્થળે જાહેરમાં જિનશાસનપ્રત્યનીક સામે વાદમાં તેઓ જ વિજય પ્રાપ્ત કરી શકે છે. તથા આ રીતે યશ-પ્રસિદ્ધિ-કીર્તિ મેળવવા છતાં પણ તેઓ મહત્ત્વાકાંક્ષા વગેરે દોષોથી દૂષિત બનતા નથી. જિનશાસનપ્રભાવના વગેરે દ્વારા મળેલો યશ દેવ-ગુરુને સોંપી, કર્તૃત્વભાવના ભારબોજથી રહિત બની, કર્મથી હળવાફૂલ બની જે દ્રવ્ય-ભાવ મોક્ષમાર્ગે ઝડપથી આગેકૂચ કરે છે તે જ સાચા શાસનપ્રભાવક છે. આવી શાસનપ્રભાવના (જાતપ્રભાવના નહિ) કરવાથી **જ્ઞાનસાર**ની **જ્ઞાનમંજરી** વ્યાખ્યામાં દર્શાવેલ આત્માનું તાદાત્મ્યઅવસ્થાન = મોક્ષ સુલભ થાય. (૧૦/૨૧)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (*દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ* અનુસારી) ગ્રંથની ***'પરામર્શ કર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિની દસમી શાખાના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં ***'દ્રવ્યભેદનિરૂપણ'*** નામનો દસમો અધિકાર પૂર્ણ થયો.

● દસમી શાખા સમાપ્ત ●

❁ શાખા - ૧૦ અનુપ્રેક્ષા ❁

પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

૧. અનુમાનપ્રમાણ અને આગમપ્રમાણ દ્વારા આકાશદ્રવ્યની સિદ્ધિ કરો.
૨. કાળ દ્રવ્યસ્વરૂપ છે - આ વિશે શાસ્ત્રના સંદર્ભ આપો અને આનું કારણ જણાવો.
૩. કાલ અતિરિક્ત દ્રવ્ય છે અને અનતિરિક્ત દ્રવ્ય પણ છે - સમજાવો.
૪. ધર્માસ્તિકાયનો અને અધર્માસ્તિકાયનો અસ્વીકાર થઈ શકે તેમ નથી - શા માટે ?
૫. 'અસ્તિકાય'નું સ્વરૂપ દર્શાવતા વિવિધ દિગંબર અને શ્વેતાંબર મતો જણાવો.
૬. વર્તનાસ્વરૂપ, જીવાજીવસ્વરૂપ તથા ઔપચારિક દ્રવ્ય સ્વરૂપ કાળની સમજણ આપો.
૭. નયની દૃષ્ટિએ ધર્માસ્તિકાયની વિચારણા રજૂ કરો.
૮. દૃષ્ટાંત દ્વારા અને અનુમાન દ્વારા ધર્માસ્તિકાયની સિદ્ધિ કરો.
૯. દિગંબરોના મતે કાળનું સ્વરૂપ નિશ્ચયથી અને વ્યવહારથી જણાવો.

પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.

૧. ધર્માસ્તિકાયમાં એકત્વની અને નિત્યત્વની સિદ્ધિ કરો.
૨. કાલાણુમાં ઔપચારિક અસ્તિકાય માની શકાય ખરું ? શા માટે ?
૩. લોક અને અલોક વિશે સમજાવો.
૪. યોગસૂત્રભાષ્યની દૃષ્ટિએ કાળને ઓળખાવો.
૫. કાલાણુ વિશે દિગંબરમાં અને શ્વેતાંબરમાં શું મતભેદ છે ?
૬. દ્રવ્યાનુયોગનું પરિશીલન ક્રિયાને શુદ્ધ અને સફળ શી રીતે કરે છે ?
૭. વ્યુત્પત્તિઅર્થ અને નિરૂઢ લક્ષણા વચ્ચે તફાવત 'કુશલ' શબ્દના આધારે સમજાવો.
૮. અરૂપી અજીવતત્ત્વના દશ પ્રકાર જણાવો.
૯. 'અસ્તિકાય'નો વ્યુત્પત્તિઅર્થ જણાવો.

પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.

૧. કાલાણુમાં સ્નિગ્ધતા કે રૂક્ષતા નથી.
૨. માછલાની સ્થિતિ માટે પૃથ્વી ઉપષ્ટંભકકારણ છે.
૩. ધર્માસ્તિકાય જીવને ગતિ કરાવે છે.
૪. સ્થિતિનો અભાવ એટલે ગતિ - એવું કહી શકાય.
૫. દિશા એક સ્વતંત્ર દ્રવ્ય છે.
૬. અધર્માસ્તિકાય ન હોય તો મન સ્થિર રહી ન શકે.
૭. કાલાણુદ્રવ્ય તિર્યક્પ્રચય સ્વરૂપ નથી.

૮. ઉપર-નીચે '૪૫' લાખ યોજન પ્રમાણ કાળદ્રવ્ય વ્યાપેલ છે.

૯. તીવ્રધારણાશક્તિશૂન્ય જીવો દ્રવ્યાનુયોગના જ્ઞાતા પ્રત્યે બહુમાનભાવથી ભાવસમકિતના ધારક બની શકે.

૧૦. તમામ ગતિ-સ્થિતિ કર્મજન્ય હોય.

પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.

૧. તત્ત્વપ્રદીપિકા	(૧) સ્કંધ
૨. બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યા	(૨) કાળ ઈશ્વર કરતા અતિરિક્ત નથી.
૩. પંચાસ્તિકાયવૃત્તિ	(૩) કારણતાવાદ
૪. સિદ્ધસેનગણિવર	(૪) કાળ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી.
૫. મૈત્રાયણી ઉપનિષદ્	(૫) પુદ્ગલાસ્તિકાય
૬. ઉમાસ્વાતિજી મહારાજ	(૬) કાળ અનંત છે
૭. કાય	(૭) કાળ એક છે
૮. પુદ્ગલ	(૮) અમૃતચંદ્રાચાર્ય
૯. પદાર્થતત્ત્વનિરૂપણ	(૯) કાળ સૂર્યનું બીજું નામ છે
૧૦. વાદવારિધિ	(૧૦) બ્રહ્મદેવ

પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.

૧. ----- ના લીધે જીવ બીજા તમામ દ્રવ્યોથી છૂટો પડી જાય છે. (ગતિ, સ્થિતિ, ચેતના)

૨. ----- સૂત્રના મત પ્રમાણે લોક ષડ્દ્રવ્યાત્મક છે. (નંદી, ઉત્તરાધ્યયન, આચારાંગ)

૩. અનર્પિત દ્રવ્યાર્થિકનય કાળને ---- સ્વરૂપ માને છે. (દ્રવ્ય, પર્યાય, ઉભય)

૪. ધર્માસ્તિકાયમાં દેશ-પ્રદેશની કલ્પના ----- ને આધારે કરાયેલ છે. (શાસ્ત્ર, તર્ક, લોકવ્યવહાર)

૫. અધર્માસ્તિકાય ----- ગુણવાળું છે. (ગમન, સ્થિતિને અનુકૂળ, અવગાહના)

૬. ----- માં અસ્તિકાયને વ્યતિરેકમુખે જણાવેલ છે. (પંચાસ્તિકાય, ધવલા, તત્ત્વાર્થસૂત્ર)

૭. ભગવતીસૂત્રમાં કાળ ----- પ્રકારે દર્શાવેલ છે. (બે, ચાર, છ)

૮. ભગવતીસૂત્રમાં ------ દિશાઓનો ઉલ્લેખ છે. (ચાર, આઠ, દસ)

૯. 'જે જિનભાખ્યું તે નવિ અન્યથા' - આવી જે બુદ્ધિ મળે તે ----- સમકિત કહેવાય. (દ્રવ્ય, ભાવ, મુખ્ય)

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.

❀ कालतत्त्व : प्राचीन संदर्भ ❀

'काल' के सम्बन्ध में जैन और वैदिक, दोनों दर्शनो में करीब ढाई हज़ार वर्ष पहले से दो पक्ष चले आते हैं। श्वेताम्बर ग्रन्थों में दोनों पक्ष वर्णित हैं। दिगम्बर ग्रन्थों में एक ही पक्ष नज़र आता है।

(१) पहला पक्ष, काल को स्वतन्त्र द्रव्य नहीं मानता। वह मानता है कि जीव और अजीव द्रव्य का पर्यायप्रवाह ही 'काल' है। इस पक्ष के अनुसार जीवाजीवद्रव्य का पर्यायपरिणमन ही उपचार से काल माना जाता है। इसलिये वस्तुतः जीव और अजीव को ही कालद्रव्य समझना चाहिये। वह उनसे अलग तत्त्व नहीं है। यह पक्ष '**जीवाभिगम**' आदि आगमों में है।

(२) दूसरा पक्ष काल को स्वतन्त्र द्रव्य मानता है। वह कहता है कि जैसे जीव-पुद्गल आदि स्वतन्त्र द्रव्य हैं, वैसे ही काल भी। इसलिये इस पक्ष के अनुसार काल को जीवादि के पर्यायप्रवाहरूप न समझ कर जीवादि से भिन्न तत्त्व ही समझना चाहिये। यह पक्ष '**भगवती**' आदि आगमों में है।

आगम के बाद के ग्रन्थो में, जैसे :- **तत्त्वार्थसूत्र** में वाचक उमास्वाति ने, **द्वात्रिंशिका** में श्रीसिद्धसेन दिवाकर ने **विशेषावश्यकभाष्य** में श्रीजिनभद्रगणिक्षमाश्रमण ने, **धर्मसंग्रहणि** में श्रीहरिभद्रसूरि ने, **योगशास्त्र** में श्रीहेमचन्द्रसूरि ने, **द्रव्य-गुण-पर्याय** के **रास** में श्रीउपाध्याय यशोविजयजी ने, **लोकप्रकाश** में श्रीविनयविजयजी ने और **नयचक्रसार** तथा **आगमसार** में श्रीदेवचन्द्रजी ने आगमगत उक्त दोनों पक्षों का उल्लेख किया है। दिगम्बर संप्रदाय में सिर्फ दूसरे पक्ष का स्वीकार है, जो सबसे पहिले श्रीकुन्दकुन्दाचार्य के ग्रन्थों में मिलता है। इसके बाद पूज्यपादस्वामी, भट्टारक श्रीअकलंकदेव, विद्यानन्दस्वामी, नेमिचन्द्र सिद्धान्तचक्रवर्ती और बनारसीदास आदि ने भी उस एक ही पक्ष का उल्लेख किया है।

पहले पक्ष का तात्पर्य :- पहला पक्ष कहता है कि समय, आवलिका, मुहूर्त्त, दिन-रात आदि जो व्यवहार, कालसाध्य बतलाये जाते हैं, या नवीनता-पुराणता, ज्येष्ठता-कनिष्ठता आदि जो अवस्थाएँ, कालसाध्य बतलायी जाती हैं, वे सब क्रियाविशेष (पर्यायविशेष) के ही संकेत हैं। जैसे :- जीव या अजीव का जो पर्याय अविभाज्य है, अर्थात् बुद्धि से भी जिसका दूसरा हिस्सा नहीं हो सकता, उस आखिरी अतिसूक्ष्म पर्याय को 'समय' कहते हैं। ऐसे असंख्यात पर्यायों के पुञ्ज को 'आवलिका' कहते हैं। अनेक आवलिकाओं को 'मुहूर्त्त' और तीस मुहूर्त्त को 'दिन-रात' कहते हैं। दो पर्यायो में से जो पहले हुआ हो वह 'पुराण' और जो पीछे से हुआ हो वह 'नवीन' कहलाता है। दो जीवधारियो में से जो पीछे से जनमा हो वह 'कनिष्ठ' और जो पहिले जनमा हो, वह 'ज्येष्ठ' कहलाता है। इस प्रकार विचार करने से यही जान पड़ता है कि समय, आवलिका आदि सब व्यवहार और नवीनता आदि सब अवस्थाएँ, विशेष-विशेष प्रकार के पर्यायों के ही अर्थात् निर्विभाग पर्याय और उनके छोटे -बड़े बुद्धिकल्पित समूहों के ही संकेत हैं। पर्याय, यह जीव-अजीव की क्रिया है, जो किसी तत्त्वान्तर की प्रेरणा के सिवाय ही हुआ करती है। अर्थात् जीव-अजीव दोनों अपने-अपने पर्यायरूप में आप ही

परिणत हुआ करते हैं। इसलिये वस्तुतः जीव-अजीव के पर्यायपुञ्ज को ही काल कहना चाहिये। काल कोई स्वतन्त्र द्रव्य नहीं है।

दूसरे पक्ष का तात्पर्य :- जिस प्रकार जीव-पुद्गल में गति-स्थिति करने का स्वभाव होने पर भी उस कार्य के लिये निमित्तकारणरूप से 'धर्म-अस्तिकाय' और 'अधर्म-अस्तिकाय' तत्त्व माने जाते हैं। इसी प्रकार जीव-अजीव में पर्यायपरिणमन का स्वभाव होने पर भी उसके लिये निमित्तकारणरूप से कालद्रव्य मानना चाहिये। यदि निमित्तकारणरूप से काल न माना जाय तो धर्म-अस्तिकाय और अधर्म -अस्तिकाय मानने में कोई युक्ति नहीं।

दूसरे पक्ष में मतभेद :- काल को स्वतन्त्र द्रव्य माननेवालों में भी उसके स्वरूप के सम्बन्ध में दो मत हैं।

(१) कालद्रव्य, मनुष्यक्षेत्रमात्र में = ज्योतिष्चक्र के गतिक्षेत्र में वर्त्तमान है। वह मनुष्यक्षेत्रप्रमाण हो कर भी संपूर्ण लोक के परिवर्तनों का निमित्त बनता है। काल, अपना कार्य ज्योतिष्चक्र की गति की मदद से करता है। इसलिये मनुष्यक्षेत्र से बाहर कालद्रव्य न मान कर उसे मनुष्यक्षेत्रप्रमाण ही मानना युक्त है। यह मत **धर्मसंग्रहणि** आदि श्वेताम्बर ग्रन्थों में है।

(२) कालद्रव्य, मनुष्यक्षेत्रमात्रवर्ती नहीं है, किन्तु लोकव्यापी है। वह लोकव्यापी हो कर भी धर्म -अस्तिकाय की तरह स्कन्ध नहीं है, किन्तु अणुरूप है। इसके अणुओं की संख्या लोकाकाश के प्रदेशों के बराबर है। वे अणु, गतिहीन होने से जहाँ के तहाँ अर्थात् लोकाकाश के प्रत्येक प्रदेश पर स्थित रहते हैं। इनका कोई स्कन्ध नहीं बनता। इस कारण इनमें तिर्यक्प्रचय (स्कन्ध) होने की शक्ति नहीं है। इसी सबब से कालद्रव्य को अस्तिकाय में नहीं गिना है। तिर्यक्प्रचय न होने पर भी ऊर्ध्वप्रचय है। इससे प्रत्येक काल-अणु में लगातार पर्याय हुआ करते हैं। ये ही पर्याय, 'समय' कहलाते हैं। एक-एक काल – अणु के अनन्त समयपर्याय समझने चाहिये। समयपर्याय ही अन्य द्रव्यों के पर्यायों का निमित्तकारण है। नवीनता-पुराणता, ज्येष्ठता-कनिष्ठता आदि सब अवस्थाएँ, काल-अणु के समय-प्रवाह की बदौलत ही समझनी चाहिये। पुद्गलपरमाणु को लोकआकाश के एक प्रदेश से दूसरे प्रदेश तक मन्दगति से जाने में जितनी देर होती है, उतनी देर में काल-अणु का एक समयपर्याय व्यक्त होता है। अर्थात् समयपर्याय और एक प्रदेश से दूसरे प्रदेश तक की परमाणु की मन्द गति, इन दोनों का परिमाण बराबर है। यह मन्तव्य दिगम्बर ग्रन्थों में है [श्वेतांबरीय **तत्त्वार्थस्वोपज्ञभाष्य** में भी है]।

वस्तुस्थिति क्या है ? :- निश्चयदृष्टि से देखा जाय तो काल को अलग द्रव्य मानने की कोई ज़रूरत नहीं है। उसे जीवाजीव के पर्यायरूप मानने से ही सब कार्य व सब व्यवहार उपपन्न हो जाते हैं। इसलिये यही पक्ष तात्त्विक है। अन्य पक्ष, व्यावहारिक व औपचारिक है। 'काल को मनुष्यक्षेत्र-प्रमाण मानने का पक्ष स्थूल लोकव्यवहार पर निर्भर है। और उसे अणुरूप मानने का पक्ष, औपचारिक है', ऐसा स्वीकार न किया जाय तो यह प्रश्न होता है कि जब मनुष्यक्षेत्र से बाहर भी नवत्व, पुराणत्व

आदि भाव होते हैं, तब फिर काल को मनुष्यक्षेत्र में ही कैसे माना जा सकता है ? दूसरे यह मानने में क्या युक्ति है कि काल, ज्योतिष्चक्र के संचार की अपेक्षा रखता है ? यदि अपेक्षा रखता भी हो तो क्या वह लोकव्यापी हो कर ज्योतिष्चक्र के संचार की मदद नहीं ले सकता ? इसलिये उसको मनुष्यक्षेत्रप्रमाण मानने की कल्पना स्थूल लोकव्यवहार पर निर्भर है। काल को अणुरूप मानने की कल्पना औपचारिक है। प्रत्येक पुद्गलपरमाणु को ही उपचार से कालाणु समझना चाहिये और कालाणु के अप्रदेशत्व के कथन की सङ्गति इसी तरह कर लेनी चाहिये।

ऐसा न मान कर कालाणु को स्वतन्त्र मानने में प्रश्न यह होता है कि यदि काल स्वतन्त्र द्रव्य माना जाता है तो फिर वह धर्मअस्तिकाय की तरह स्कन्धरूप क्यों नहीं माना जाता है ? इसके सिवाय एक यह भी प्रश्न है कि जीवअजीव के पर्याय में तो निमित्तकारण समयपर्याय है। पर समय-पर्याय में निमित्तकारण क्या है ? यदि वह स्वाभाविक होने से अन्य निमित्त की अपेक्षा नही रखता तो फिर जीव-अजीव के पर्याय भी स्वाभाविक क्यों न माने जायें ? यदि समयपर्याय के वास्ते अन्य निमित्त की कल्पना की जाय तो अनवस्था आती है। इसलिये अणुपक्ष को औपचारिक मानना ही ठीक है।

वैदिकदर्शन में काल का स्वरूप :- वैदिकदर्शनो में भी काल के सम्बन्ध में मुख्य दो पक्ष हैं। वैशेषिकदर्शन - अ. २, आ. २, सूत्र ६-१० तथा न्यायदर्शन, काल को सर्वव्यापी स्वतन्त्र द्रव्य मानते हैं। सांख्य-अ.२, सूत्र १२, योग तथा वेदान्त आदि दर्शन काल को स्वतन्त्र द्रव्य न मान कर उसे प्रकृति-पुरुष (जड-चेतन) का ही रूप मानते हैं। यह दूसरा पक्ष, निश्चयदृष्टिमूलक है और पहला पक्ष, व्यवहारमूलक।

जैनदर्शन में जिसको 'समय' और दर्शनान्तरों में जिसको 'क्षण' कहा है, उसका स्वरूप जानने के लिये तथा 'काल' नामक कोई स्वतन्त्र वस्तु नहीं है, वह केवल लौकिक दृष्टिवालों की व्यवहार-निर्वाह के लिये क्षणानुक्रम के विषय में की हुई कल्पनामात्र है। उस बात को स्पष्ट समझने के लिये योगदर्शन, पाठ ३, सू.५२ का भाष्य देखना चाहिये। उक्त भाष्य में कालसंबन्धी जो विचार है, वही निश्चयदृष्टिमूलक, अत एव तात्त्विक जान पड़ता है।

विज्ञान की सम्मति :- आज-कल विज्ञान की गति सत्य दिशा की ओर है। इसलिये काल-सम्बन्धी विचारों को उस दृष्टि के अनुसार भी देखना चाहिये। वैज्ञानिक लोग भी काल को दिशा की तरह काल्पनिक मानते हैं, वास्तविक नहीं।

अतः सब तरह से विचार करने पर यही निश्चय होता है कि काल को अलग स्वतन्त्र द्रव्य मानने में दृढतर प्रमाण नहीं है।

(**चौथा कर्मग्रन्थ** हिन्दी पुस्तक, द्वितीय अधिकार में मार्गणास्थान अधिकार, **परिशिष्ट-घ**, पृष्ठ १५७ से १६०, साभार उद्धृत)

• 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - ભાગ ૧ થી ૭ ની પૃષ્ઠસૂચિ •

ભાગ	ઢાળ/શાખા	પૃષ્ઠ
(૧)	૧ + ૨	૧-૨૪૨
	૧. દ્રવ્યાનુયોગ માહાત્મ્ય	૧-૮૬
	૨. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદસિદ્ધિ	૮૭-૨૪૨
(૨)	૩ + ૪ + ૫	૨૪૩-૬૭૪
	૩. દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ	૨૪૩-૩૫૮
	૪. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદાભેદસિદ્ધિ + સપ્તભંગી સ્થાપન	૩૫૯-૫૬૨
	૫. નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિકનયનિરૂપણ	૫૬૩-૬૭૪
(૩)	૬ + ૭ + ૮	૬૭૫-૧૧૦૪
	૬. દિગંબરસંમત નયનું નિરૂપણ	૬૭૫-૮૧૪
	૭. ઉપનય પરામર્શ	૮૧૫-૯૦૪
	૮. આધ્યાત્મિકનય નિરૂપણ + દેવસેનમત સમીક્ષા	૯૦૫-૧૧૦૪
(૪)	૯ + ૧૦	૧૧૦૫-૧૬૪૬
	૯. ઉત્પાદાદિ વિચાર	૧૧૦૫-૧૩૮૪
	૧૦. દ્રવ્યભેદ નિરૂપણ	૧૩૮૫-૧૬૪૬
(૫)	૧૧ + ૧૨	૧૬૪૭-૧૯૬૦
	૧૧. ગુણ + સામાન્યસ્વભાવ નિરૂપણ	૧૬૪૭-૧૮૪૪
	૧૨. વિશેષસ્વભાવ નિરૂપણ	૧૮૪૫-૧૯૬૦
(૬)	૧૩ + ૧૪ + ૧૫	૧૯૬૧-૨૩૫૨
	૧૩. સ્વભાવમાં નયયોજના	૧૯૬૧-૨૧૧૦
	૧૪. વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ	૨૧૧૧-૨૨૪૪
	૧૫. જ્ઞાન માહાત્મ્ય	૨૨૪૫-૨૩૫૨
(૭)	૧૬ + ૧૭	૨૩૫૩-૨૮૩૪
	૧૬. દ્રવ્યાનુયોગપરિજ્ઞાન પ્રાધાન્ય	૨૩૫૩-૨૫૮૪
	૧૭. ગુરુપરંપરા પ્રશસ્તિ	૨૫૮૫-૨૬૨૯
	• ૧ થી ૧૮ પરિશિષ્ટ	૨૬૩૦-૨૮૩૪

★ સંપૂર્ણ ★

નોંધ :- 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - આ પુસ્તકના કુલ સાત ભાગના પ્રકાશન સાથે જ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મ અનુયોગ'** ભાગ ૧-૨ પણ પ્રકાશિત થયેલ છે. તે બન્ને ભાગમાં રાસ+ટબો+પરામર્શ+શ્લોકાર્થ+આધ્યાત્મિક ઉપનય+પાઠાંતરાદિની ટિપ્પણી + દરેક શાખાનો ટૂંકસાર સમાવિષ્ટ છે.

जिनपतिप्रथिताऽखिलवाङ्मयी,
गणधराऽऽननमण्डपनर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका,
विजयते जगति श्रुतदेवता।।

ऐँ नमः

શ્રુતઅધિષ્ઠાયિકા મા સરસ્વતી

'मदीयः कालपरिपाको न सञ्जात' इत्यादिरूपां
पौरुषहीनतां परित्यज्य अपवर्गाराधनागोचर उत्साहः वर्धनीयः।

(कर्णिका-पृ.१४९०)

'કાળપરિપાક નથી થયો'- ઇત્યાદિ નામદૈન્યગી છોડીને
સાધનાનો ઉત્સાહ વધારવો એ જ આપણું અંગત કર્તવ્ય છે.

(કર્ણિકા સુવાસ)

દ્રવ્ય
ગુણ
પર્યાય

પ્રકાશક

શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઇર્લા

ISBN - 978-81-925532-3-8